Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૭ ● અંક : ૧ ● ● ૧૬ જાન્યુઆરી, ૨૦૦૬ ● ● Regd. No. MH / MR / SOUTH-146 / 2006-08

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : ધનવંત તિ. શાહ

## ડૉ. રમણલાલ ચી. શાહ સ્મરણાંજલિ સંપુટ

## સાહેબ, સુગંધનો ફુવારો

ક્ષમા કરજો.

આપના કરકમળમાં આ અંક તા. ૧૬ ડિસેમ્બર, ૨૦૦૫ના બદલે, આજે ૧૬ જાન્યુ. ૨૦૦૬ના અર્પણ કરીએ છીએ.આ અંકને સંયુક્ત અંક સમજવા વિનંતિ.

નવેમ્બર ૧૬ ના અંકમાં અમોએ જણાવ્યું હતું કે ડિસેમ્બર-૧૬ નો અંક 'ડૉ. રમણલાલ શાહ સ્મરણાંજલિ' અંક તરીકે પ્રગટ થશે અને સાથો સાથ સર્વ પૂજ્ય મુનિ ભગવંતો, વિદ્વાન મહાનુભાવો અને સ્વજનોને વિનંતિ કરેલ કે તા. ૩૦-૧૧-૨૦૦૫ પહેલાં અમને પોતાના સ્મરણો અને ભાવો લખી મોકલે.

પરંતુ ૧૫ દિવસમાં એ શક્ય કઈ રીતે બને ? તારીખ લંબાવવાના વિનંતી પત્રો મળતા ગયા અને સાથો સાથ પ્રત્યેક દિવસે લેખો મળતા રહ્યાં, સતત, અવિરત.

દેશ-પરદેશથી સતત આવતા ૧૩૫ લેખો અને અનેક પત્રોએ આ અંકને દળદાર બનાવી દીધો, સાહેબના આંતરિક જીવન જેવો, સાહેબના અક્ષર જીવન જેવો.

જે વ્યક્તિ ગુણભક્તિ કરે છે, એને સર્વ પ્રથમ તો પોતાને જ લાભ થાય છે, પોતાનો આંતર-બાહ્ય વિકાસ થાય છે જ, પરંતુ જે વ્યક્તિ આવી ગુણભક્તિ શબ્દો દ્વારા અન્યો સમક્ષ પ્રસ્તુત કરે છે ત્યારે એ અન્યને પોતાના જીવન વિકાસ માટે પ્રેરક બને છે. આમ, પોતાના વિકાસ સાથે અન્યની સેવાનો પણ એને લાભ મળે છે.

આવી ગુણભક્તિ કરતી વખતે વ્યક્તિ ભક્તિ ભલે કેન્દ્રસ્થાને હોય, પણ એ તો નિમિત્ત માત્ર છે, ઉજાગર તો થાય છે પ્રેરક ભાવ. એ પ્રેરકભાવ વ્યક્તિથી સમષ્ટિ સુધી અને આગળ વધતા વિશ્વ કલ્યાણ તરફ વિસ્તરે છે.

પૂ. રમણભાઈ વિશે જેમ જેમ લેખો પ્રાપ્ત થતાં ગયાં તેમ તેમ એઓશ્રીના ગુણોનું આકાશ ઊઘડતું ગયું અને વિસ્તરતું ગયું. એટલે તો હું સાહેબને સુગંધનો ફુવારો કહું.

સાહેબ બડે કંજૂસ થે, અંતરના ખજાનામાંથી પોતે જાતે ગુણો કાઢીને આપણને ક્યારેય બતાવ્યાં નથી.

સાહેબ સાથેનો મારો પરિચય લગભગ ત્રીશેક વર્ષથી. અને એઓશ્રીના જીવનસંગિની પૂ તારાબેન સાથે એઓશ્રીનો સહવાસ ત્રેપન વર્ષથી. પ્રાપ્ત લેખો જેમ જેમ હું અને પૂ. તારાબેન વાંચતા ગયા, એમ અમે બન્ને આશ્ચર્યમાં ગરકાવ થતા ગયા, સાહેબના આટલા બધાં સદ્‌ગુણો ! અમને ખબરે ય ન પડવા દીધી! એટલે જ તો તારાબહેન કહે, 'ત્વમેવ ભર્તા ન ચ વિપ્રયોગઃ । ભવોભવ તમે જ મારા પતિ હો ।' અને તારાબેનના બા પણ કહે કે એમને પણ ભવોભવ સાહેબ જેવા જ જમાઈ મળો ।

પિતા તરીકેની પૂરી ફરજો બજાવીને માત્ર પિતા જ ન બની રહેતા, પણ સાહેબ સર્વદા એમના પરમ મિત્ર બની રહેતા એટલે પૂ. સાહેબના સંતાનો પણ જન્મજન્માંતર આવા પિતા પ્રાપ્ત થાય એવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરે.

પ. પૂ. શ્રી વિજય યશોદેવ સૂરિશ્વરજી રમણભાઇને 'મોબાઇલ' જ્ઞાન ભંડાર કહી નવાજે, તો પ. પૂ. વિજય ચંદ્રોદય સુરિજીને સાહેબ જ્ઞાનના મર્મોદ્ધારક લાગે, અને પૂ. મુનિશ્રી જંબુવિજયજી સાહેબને સમન્વયવાદી કહે, પ. પૂ. આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિજીને સાહેબ સર્વત્ર શુભદર્શી જણાય. પૂ. આચાર્ય વિજય મુનિચંદ્રસૂરિને ર. ચી. શાહના જવાથી એક શ્રદ્ધાળુ અને જ્ઞાની પુરુષની ખોટ સાલે છે. ઉપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી સાહેબને જ્ઞાનારાધક સુશ્રાવક શ્રાવકરત્ન કહે, પંન્યાસ પૂ. નંદીઘોષ વિજયજી સાહેબના જ્ઞાન સભર વક્તવ્યના શબ્દોને અંતરમાં વાગોળે, પૂ. મુનિશ્રી જયભદ્ર વિજયજી અને એઓશ્રી સાથેના અન્ય મુનિ ભગવંતો રમણભાઈને પાલીતાણામાં ઓછા સમય માટે, મળ્યા એનો અફસોસ વ્યક્ત કરે, પૂ. મુનિ હિતવિજયજી રમણભાઈને ક્યારેય ન મળ્યા હતા. માત્ર અક્ષરદેહથી પ્રભાવિત થઇને રમણભાઈને જ્ઞાનાચારના આરાધક કહે. પૂ. ડૉ. તરુલતા મહાસતીજી અને અન્ય પૂ. મહાસતીજીઓ એઓ સર્વેને પીએચ.ડી. માટે રમણભાઈ દ્વારા પ્રાપ્ત થયેલ માર્ગદર્શન માટે પોતાના હૃદયના ઋણ ભાવો અહોભાવ સાથે વ્યક્ત કરી અને અનેકોને વંદનિય એવા પૂ. શ્રી રાકેશભાઈ ઝવેરી તો હૈયાના ઉમળકાથી રમણભાઈને 'મારા સર' કહી પોતાને પ્રાપ્ત થયેલ પીએચ.ડી.ની પદવી માટે રમણભાઈના માર્ગદર્શનને યશ ભાવે સ્મરે। તો સ્વામી નારાયણ સાધુ પ્રિતમદાસ રમણભાઈ અને પૂ. પ્રમુખ સ્વામી મળ્યા એ પ્રસંગને ભાવભેર યાદ કરે.

પોતાના ક્ષેત્રમાં આજે શિખર સ્થાને બિરાજતા ડૉ. સરયુબેન મહેતા સાહેબના માર્ગદર્શન હેઠળ પોતે પીએચ.ડી.ની ઉપાધિ માટે અધ્યયન કરતા હતા ત્યારે પોતાના અતિ નાજુક આર્થિક સંકટમાં સાહેબ એમને કેવી અને કેટલી રીતે આર્થિક રીતે ઉપયોગી થયા એ ઋણભાવ નિખાલસ ભાવે વ્યક્ત કરે અને એ જ રીતે પ્રા. બકુલ રાવળને કૉલેજકાળ દરમિયાન પોતાને કૉલેજ ફી માટે સાહેબ જે રીતે ઉપયોગી થયા એ ચિત્ર તાદૃશ્ય કરે ત્યારે તો એ પ્રસંગો વાંચતા આપણું હૈયું ગદ્‌ગદ્ થઈ જાય અને અમારા આવા પરગજુ અને વિદ્યાપ્રેમી સાહેબ માટે મસ્તક નમી પડે.

આ ૧૩૫ લેખોમાંથી કયા કયા સ્મરણોને અહીં ઉતારવા ? પ્રત્યેક સ્મરણો ચિત્તને પ્રસન્ન કરે એવા અને પ્રેરક। પૂ. મુનિ ભગવંતો, કુટુંબીજનો, મિત્રો, પ્રાધ્યાપકો, સામાજિક કાર્યકરો, શિક્ષણવિદો, પ્રકાંડ પંડિતો અને વિદ્વાન સાહિત્યકારોએ રમણભાઈને જે રીતે અનુભવ્યા છે, માણ્યા છે,

અવલોક્યા છે, જે રીતે અહીં અહોભાવથી, ગદ્‌ગદ્ થઇને સ્પર્યા છે, એમાં ક્યાંય અતિશયોક્તિ નથી. નર્યા અનુભવ સત્યનું અહીં કથન છે, પરિણામે આપણને અચરજ થાય એવા આનંદી, સાત્વિક, પાંડિત્યથી ભરપુર પણ જ્ઞાનના ભાર વિનાના એવા સુશ્રાવક, ઋષિ તુલ્ય રમણભાઇનું દર્શન થાય છે. જે આપણા હૃદય અને ચિત્તને એક સચ્ચિદાનંદની ભોમકામાં દોરી જાય છે.

જેમ જેમ લેખો વાંચતા જઇએ, એમ એમ વિચાર આવે કે રમણભાઈ કેટલાં બધાં શબ્દો કમાયા !!

પ્રેરક અને પ્રબુદ્ધ વ્યક્તિત્વ, સૌના સ્વજન, વાત્સલ્ય મૂર્તિ, આરૂઢ વિદ્વાન, શીલભદ્ર સારસ્વત, પ્રજ્ઞાના ચૈતન્ય પુંજ, નિસ્પૃહી વિદ્વાન, સેવામૂર્તિ, વિરલ વેવાઈ, અપ્રમત્ત યાત્રિક, પિતાતુલ્ય, પ્રાધ્યાપકોના પ્રાધ્યાપક, જ્ઞાનાત્મ પરમાનંદ, પરમ મિત્ર, રમણભાઈ એક વટવૃક્ષ, જ્ઞાન પારખુ, શ્રુત ઉપાસક, શ્રેયાર્થી, જ્ઞાનદાની, ઉત્કૃષ્ટ કલ્યાણ મિત્ર, ગૃહસ્થી સંત, કર્મયોગી, પારદર્શક વ્યક્તિત્વ, કરુણામૂર્તિ, ...આ અને અનેક, કેટલા શિર્ષકો યાદ કરું ? એક જ જીવનમાં આટલા બધાં શબ્દો અને એ શબ્દોની સાર્થકતા સાથે કમાઈ શકાય ? પણ સાહેબ એ પામ્યા અને એવું જીવ્યા !

ભારતના એક ખૂણે બેઠેલો એક મુસલમાન વાચક, શકિલ એમના 'પાસપોર્ટની પાંખે' વાંચે, પત્ર મૈત્રી બંધાય, અને એ જૈન ધર્મના પુસ્તકો વાંચે, એક અપંગને સાહેબ મળવા જાય અને એ અપંગ ભાવ વિભોર બને ! આવા તો ઘણાં હૃદયંગમ અને આશ્ચર્ય ચકિત સ્મરણો અહીં આલેખાયા છે !

વિશેષ તો પૂ. ડૉ. આરતીબાઈ મહાસતીજીએ ડૉ. રમણભાઈ પાસે પીએચ.ડી. માટે માર્ગદર્શન માગ્યું ત્યારે રમણભાઈએ કેવો ઊર્ધ્વગામી મહાબોધ તેમને આપ્યો ! પૂ. રમણભાઈ મહાસતીને કહે છે, 'પૂ. મહાસતીજી ! પીએચ.ડી.નો અભ્યાસ લક્ષ્યપૂર્વકના સ્વાધ્યાય માટે જ છે. લક્ષ સિદ્ધ થઈ જાય પછી પીએચ.ડી. રૂપ ઉપાધિને ભૂલી જજો.'

જ્ઞાની અને સાધકને કેટલી ઊંચી શીખ ! જ્ઞાન જ્યારે પૂર્ણતાને પામે ત્યારે જ સર્વજ્ઞતા અને જીવનમુક્ત અવસ્થા પ્રાપ્ત થાય.

સાહેબે 'જૈન ફાગુ' ઉપર ઉત્તમ ગ્રંથની રચના કરી છે, એ વાંચીને મેં સાહેબને કહ્યું, 'સાહેબ આ તો ડીલીટની કક્ષાનો ગ્રંથ છે.'–ઉત્તરમાં સાહેબનું માત્ર આદરપૂર્વકનું સ્મિત !

સાહેબ પાસે બેસીએ તો જાણે સુગંધ અને શીતળતાના ફુવારાનો અનુભવ થાય. પ્રત્યેક બાજુથી સુગંધ વહે અને મ્હેંકે !

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની સ્થાપના ઈ. સ. ૧૯૨૯ માં, એટલે આજે ૭૭ વર્ષની યાત્રામાં અનેક મહાનુભાવો આ સંઘ, આ પત્ર અને વ્યાખ્યાનમાળાના સુકાની બન્યાં, પણ એમાં સંઘ સાથેનો રમણભાઇનો સક્રિય સંબંધ અને સેવા ૧૯૫૨ થી તે જીવનના અંતિમ શ્વાસ, ૨૪ ઑક્ટો. ૨૦૦૫ સુધી, એટલે સતત ૪૩ વર્ષ, ૩૩ વર્ષ સુધી પર્યુષણ વ્યાખ્યાન માળાનું પ્રમુખ સ્થાન શોભાવ્યું, સતત ૨૩ વર્ષ સુધી 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી સ્થાને બિરાજ્યા અને ૧૪ વર્ષ સુધી સંઘના પ્રમુખ સ્થાને રહી સંઘને અનેરી ઊંચાઈએ દોરી જઈ પ્રમુખ સ્થાનેથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી, પણ સેવા અને માર્ગદર્શન તો જીવનના અંતિમ શ્વાસ સુધી ! પૂ. રમણભાઈની આવી અમૂલ્ય સેવાનું ઋણ તો સંઘ ક્યારેય ચૂકવી કે ભૂલવી નહિ શકે.

એઓશ્રી પ્રત્યે આ 'પ્રબુદ્ધ જીવન'ના શ્રદ્ધાંજલિ અને સ્મરણાંજલિ અંકો તો માત્ર એક બુંદ અંજલિ જ સમજીએ !

આ અંકના લેખોનો પ્રારંભ પૂ. સાહેબના લેખથી જ કરીએ છીએ, જે એઓશ્રી અહીં વિદ્યમાન હતા ત્યારે જ 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયો હતો. એમાં પોતાની આત્મકથા નથી, પણ શબ્દોનો આત્મા એમાંથી ઝળહળે છે ! લેખ પૂરો વાંચતા મનમાંથી શબ્દો નીકળે, 'સાહેબે આત્મકથા કેમ ન લખી ?' પણ જેમણે 'સ્વ'ને જ ઓગાળી દીધો હોય એ શબ્દ પાસે શું કામ જાય ?

ત્યાર પછીનો પૂ. તારાબેનનો લેખ તો અદ્વિતીય છે ! એક વિદૂષી પત્ની વિયોગની પળ પછી કેવા સ્વસ્થ ભાવે કલમ ચલાવે છે ! જીવન યાત્રાના પ્રત્યેક શિખરોને સ્પર્શે છે, વંદે છે અને આ ઋજુ ભાવોમાં એક અનોખું સંગીત આંદોલિત થાય છે, જે આપણને કોઈ અનેરા દિવ્ય ભાવ પાસે લઈ જાય છે !

આ અંક તૈયાર કરવાનું કાર્ય કપરું તો ખૂબ જ લાગ્યું, પરંતુ બધાંનો સાથ અને સ્નેહ એવા કે ચઢાણમાં શ્વાસ ન ચઢ્યો.

પૂ. રમણભાઈની વિદાયથી પૂ. તારાબેનના જીવનમાં કેટલો બધો શૂન્યાવકાશ અને વિષાદ વ્યાપ્યો હશે એની તો આપણે કલ્પના પણ ન કરી શકીએ. પણ રમણભાઈ જેવા ઋતંભરા પ્રજ્ઞાવાન વિદ્યાપુરુષનો જેમણે સંગ સેવ્યો હોય એટલે એમના જીવનમાં એ પ્રાજ્ઞપુરુષનું જ્ઞાન અને સમજ એકરસ અને એકરૂપ થયાં હોય જ. જેમ જેમ લેખો આવતા ગયા, એમ હું મુંઝાતો ગયો અને આ બધાં લેખો પોતે પણ જોઈ તપાસી જાય એવી એક અવઢવ અવસ્થામાં મેં પૂ. તારાબેનને વિનંતી કરી. આવી પરિસ્થિતિ હોવા છતાં, ઉપરાંત આંખની શારીરિક તકલીફ છતાંય એઓ મારો વિશ્રામ સ્થાન બન્યા. એઓશ્રીને આ સહકાર માટે હું અંતરથી વંદન કરું છું.

આટલો વિશાળ સંપુટ તૈયાર કરવા માટે મને મોકળે મને સાથ સહકાર આપનારા અમારા સંઘના વડિલ પ્રમુખ શ્રી રસિકભાઈ લહેરચંદ શાહ, ઉપપ્રમુખ મુરબ્બી શ્રી ચંદ્રકાંત શાહ, આદરણીય મંત્રીશ્રી નિરુબેન સુબોધભાઈ શાહ અને કોષાધ્યક્ષ પરમ મિત્ર શ્રી ભૂપેન્દ્રભાઈ શાહ અને કારોબારીના અન્ય સર્વે આદરણીય સ્નેહીજનોની શુભ ભાવના મારા હૃદયમાં ગુણ સ્થાને બિરાજે છે.

માત્ર એક મહિનામાં આ દીર્ઘ સંપુટ તૈયાર કરવો એટલે કેટલી બધી દોડાદોડી થાય ? અને અમારા મેનેજર શ્રી મથુરાદાસ ટાંક, કર્મચારી ભાઈ અશોક પલસમકર, અને હરિચંદ્ર નવાલે એ બધાં થાક્યા વગર દોડ્યા. અને મુદ્રક શ્રી જવાહરભાઈ શુક્લને માથે તો પહાડ જેવી જવાબદારી, પણ આ પહાડને એમણે હળવાશથી ઊંચક્યો અને હરિયાળો બનાવ્યો. આ સર્વેને કયા શબ્દોમાં નવાજું ? આપણે સર્વે આ સર્વેને નવાજીએ !

ઉતાવળને કારણે ક્યાંક મુદ્રણદોષો રહી ગયા હોય તો ક્ષમા કરશો, ઉપરાંત તા. ૩૦ ડિસેંબર પછી જે લેખો પ્રાપ્ત થયા એ લેખોને અહીં સમાવી શકાયા નથી, ક્ષમા કરશો, પણ 'પ્ર. જી.'નો નવેંબરનો 'શ્રદ્ધાંજલિ' અને આ 'સ્મરણાંજલિ' અંકના બધાં લેખો અને અહીં જે લેખોને સ્થાન નથી આપી શકાયું એ સર્વે લેખો હવે પછી પ્રગટ થનાર ગ્રંથ 'મંગલમૂર્તિ રમણભાઈ'માં પ્રગટ કરીશું. જે જે મહાનુભાવોએ જે ઉત્તમ ભાવોથી અહીં લેખો મોકલ્યા છે, એ સર્વ મહાનુભાવોનો આભાર માની, ધન્યતા અનુભવી હૃદય નમન કરું છું.

અમેરિકા વસતા પૂ. રમણભાઈના તેર વરસના પૌત્ર અર્ચિતને એના શિક્ષકે પૂછ્યું તારો રોલ મોડલ કોણ ? અર્ચિતે તરત જ કહ્યું, 'મારા ગ્રાન્ડ ફાધર રમણભાઈ, કારણ કે એઓ ૧૦૦ થી વધુ પુસ્તકોના લેખક છે, આખી દુનિયા ફર્યા છે, બધાંને મદદ કરવા હંમેશા તૈયાર રહે છે અને એમનામાં ગ્રેટ સેન્સ ઓફ હ્યુમર છે.'

પૂ. રમણભાઈ આપણા બધાંના રોલ મોડલ બની રહો...!

આ અંકના એક એક સ્મરણો આપણને રમણભાઈના અનેક ગુણો પાસે લઈ જશે, આપણા જીવનને ભર્યું ભર્યું બનાવશે. આ ફુવારો આપણને સુગંધ અને શીતળતા આપશે.

ગુણભક્તિનો આ સંપુટ આપણા હૃદયમાં અનેક શુભ ગુણોને ગુણાકારે આંદોલિત કરશે જ એવી શ્રદ્ધા છે.

અફસોસ એ થાય કે આપણે સાહેબના આ કે પેલા ગુણને કેમ ન મ્હાણ્યા ? સાહેબે પોતાની સંદૂક આપણી પાસે કેમ ન ખોલી ? કેટ કેટલી સરવાણીથી આપણે વંચિત રહ્યા ?

અમને પણ જન્મ જન્માંતરે સાહેબ જેવા ગુરુ મળજો, મિત્ર મળજો અને એ મેળવવા અમે તપ કરીશું જ.

મિત્ર ગુલાબ દેઢિયાના સુરમાં સુર પરોવીએ, આપણા હૃદયમાંથી પણ શબ્દો વહેશે

ત્વમેવ ચ...

☐ ધનવંત શાહ

# ડૉ. રમણલાલ શાહ સ્મરણાંજલિ સંપુટ: અનુક્રમણિકા


| અનુક્રમ | લેખ | લેખક | પાનું નં. |
|---|---|---|---|
| ૧. | સાહેબ સુંગધનો ફુવારો | ડૉ. ધનવંત શાહ | ૧ |
| ૨. | મારી જીવનયાત્રાનું શબ્દ-સંબલ | ડૉ. રમણલાલ ચી. શાહ | ૫ |
| ૩. | त्वमेव भर्ता न च विप्रयोग | પ્રો. તારાબેન રમણલાલ શાહ | ૭ |
| ૪. | પંડિત વર્ય 'મોબાઈલ' જ્ઞાનભંડાર - ડૉ. રમણભાઈ | પ.પૂ. સાહિત્ય કલારત્ન આ. શ્રી વિજય યશોદેવસૂરિશ્વરજી મ.સા. | ૧૬ |
| ૫. | જ્ઞાનના મર્મોદ્ધારક ..... ડૉ. રમણભાઈ | પ.પૂ. આ. ચંદ્રોદય સૂરિશ્વરજી મ.સા. | ૧૬ |
| ૬. | જયન્તુ: વિતરાગા: | પૂ. આ. જનકચંદ્રસૂરિ મ. સા. | ૧૭ |
| ૭. | સુશ્રાવક પ્રોફેસર ડૉ. રમણભાઈ શાહ | પૂ. મુનિશ્રી જંબુવિજયજી મ.સા. | ૧૭ |
| ૮. | રમણભાઈ એટલે સર્વત્ર શુભ દર્શિતા | પૂ. આ. પ્રદ્યુમ્નસૂરિશ્વરજી મ.સા. | ૧૭ |
| ૯. | ગુણગ્રાહી દૃષ્ટા: ડૉ. રમણભાઈ | પૂ. આ. વિજયશીલચંદ્રસૂરિ મ.સા. | ૧૮ |
| ૧૦. | શ્રી ૨. ચી. શાહ : એક પરિચય | પૂ. આ. વિજય મુનિચન્દ્રસૂરિ મ.સા. | ૧૮ |
| ૧૧. | જ્ઞાનારાધક સુશ્રાવક સ્વ. રમણભાઈ | પૂ. ઉપાધ્યાયશ્રી ભુવનચંદ્ર મ.સા. | ૧૯ |
| ૧૨. | વર્તમાન કાળના અનુપમ સાક્ષર ડૉ. રમણભાઈ ચી. શાહ | પૂ. પન્યાસ નંદીઘોષ વિજયગણિ મ.સા. | ૧૯ |
| ૧૩. | વિપુલ સાહિત્યસર્જક: ડૉ. રમણભાઈ | પૂ. મુનિશ્રી જયભદ્રવિજયજી મ.સા. | ૨૦ |
| ૧૪. | જ્ઞાનાચારની આરાધના | પૂ. મુનિશ્રી હિત વિજયજી મ.સા. | ૨૦ |
| ૧૫. | जैन जगत के प्रकांड विद्वान | પૂ. સાધ્વીજી નિપુણાશ્રીજી | ૨૧ |
| ૧૬. | એક અનોખું વ્યક્તિત્વ | પૂ. ડૉ. તરુલતાબાઈ મહાસતીજી | ૨૨ |
| ૧૭. | ધન્ય હતું જેનું જીવન, ધન્ય હતું કવન... મારા માર્ગદર્શક ડૉ. રમણભાઈ શાહ | પૂ. ડૉ. મોક્ષગુણાશ્રીજી | ૨૨ |
| ૧૮. | ભાવાંજલી | પૂ. ડૉ. આરતીબાઈ મહાસતીજી | ૨૩ |
| ૧૯. | બહુમુખી પ્રતિભાસંપન્ન આત્મા એટલે રમભાઈ શાહ | પૂ. ડૉ. ડોલરબાઈ મહાસતીજી | ૨૩ |
| ૨૦. | સહાયક આનંદે લહેરાય | પૂ. ડૉ. સુબોધિકાબાઈ મહાસતીજી | ૨૪ |
| ૨૧. | મારા સર: ડૉ. રમણભાઈ શાહ | ડૉ. રાકેશભાઈ ઝવેરી | ૨૫ |
| ૨૨. | સદા સ્મરણીય ડૉ. રમણભાઈ ચી. શાહ | ડૉ. સરયુબહેન ૨. મહેતા | ૨૫ |
| ૨૩. | શ્રી રમણભાઈ-પ્રેરક અને પ્રબુદ્ધ વ્યક્તિત્વ | પૂ. યોગેશભાઈ | ૨૯ |
| ૨૪. | આવા સ્નેહી રમણભાઈ હંમેશા યાદ રહેશે | પૂ. સાધુ પ્રીતમપ્રસાદ દાસ | ૨૯ |
| ૨૫. | ''પ્રબુદ્ધ જીવન''ના પ્રબુદ્ધ શ્રાવક ડૉ. રમણભાઈ | શ્રી શશિકાંત કે. મહેતા | ૨૯ |
| ૨૬. | સૌના સ્વજન રમણભાઈ | શ્રીમતી લલિતાબહેન મહેતા | ૩૦ |
| ૨૭. | શુભ મનોવૃત્તિનું અંગરખુ..... ડૉ. રમણભાઈ | શ્રી વિક્રમભાઈ શાહ | ૩૧ |
| ૨૮. | સદ્‌ગુણોથી છલોછલ વ્યક્તિત્વ-ડૉ. રમણભાઈ | શ્રી મહેશભાઈ ખોખાણી | ૩૧ |
| ૨૯. | શ્રદ્ધાપ્રેરક પૂ. રમણભાઈ | શ્રીમતી જ્યોતિ પ્રમોદ શાહ | ૩૨ |
| ૩૦. | વાત્સલ્યમૂર્તિ રમણભાઈ સર | શ્રી મેઘલ દેસાઈ | ૩૩ |
| ૩૧. | ડૉ. રમણલાલ ચી. શાહને એક સ્નેહસભર સ્મરણાંજલિ | શ્રી બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા | ૩૪ |
| ૩૨. | આરૂઢ વિદ્વાન ડૉ. રમણભાઈ | પૂ. શ્રી કેશવરામ કા. શાસ્ત્રી | ૩૫ |
| ૩૩. | અવિસ્મરણીય રમણભાઈ | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૩૫ |
| ૩૪. | કાળને તે શું કહીએ ? | ડૉ. નરેશ વેદ | ૩૬ |
| ૩૫. | એક અભિજાત વ્યક્તિત્વનો વિલય | ડૉ. રણજિત એમ. પટેલ-અનામી | ૩૮ |
| ૩૬. | વિદ્યાપુરુષની વિદાય | ડૉ. ગુણવંત શાહ | ૩૯ |
| ૩૭. | સન્નિષ્ઠ સ્વાધ્યાયી | શ્રી હરિભાઈ કોઠારી | ૪૦ |
| ૩૮. | સ્વ. ડૉ. રમણલાલ શાહ : થોડાંક સંસ્મરણ | પ્રો. જશવંત શેખડીવાળા | ૪૦ |
| ૩૯. | શીલભદ્ર સારસ્વત : રમણલાલ શાહ | ડૉ. બળવંત જાની | ૪૨ |
| ૪૦. | શાતાદાયી હૃદયસ્પર્શ | શ્રી કાન્તિભાઈ બી. શાહ | ૪૪ |
| ૪૧. | રમણભાઈ ચી. શાહ | ડૉ. રમણલાલ જોષી | ૪૫ |
| ૪૨. | નવોન્મેષશાલિની પ્રજ્ઞાના ચૈતન્ય પૂંજ બ્રહ્મર્ષી | પ્રા. ચંદાબેન પંચાલી | ૪૬ |
| ૪૩. | નિસ્પૃહી વિદ્વાન... ડૉ. રમણભાઈ શાહ | ડૉ. બિપીન દોશી | ૪૭ |
| ૪૪. | વાત્સલ્યમૂર્તિ પ્રબુદ્ધ આત્મા : રમણભાઈ | ડૉ. ગૌતમ પટેલ | ૪૮ |
| ૪૫. | રમણભાઈના વિચારપ્રધાન નિબંધો | ડૉ. નૂતન જાની | ૪૮ |
| ૪૬. | અમારા વેવાઈ તેમ જ પરમ મિત્ર ડૉ. રમણભાઈ ચી. શાહ | શ્રી રમણીકભાઈ ઝવેરભાઈ શાહ | ૫૦ |
| ૪૭. | અમારા વિરલ વેવાઈ | શ્રીમતી ઉર્મિલાબેન નગીનદાસ શેઠ | ૫૧ |
| ૪૮. | મહામના ડૉ. રમણભાઈ ચી. શાહ | શ્રી નગીન જી. શાહ | ૫૧ |
| ૪૯. | સેવામૂર્તિ..... ડૉ. રમણભાઈ | ડૉ. રમણીકલાલ દોશી | ૫૨ |
| ૫૦. | સ્વ. ડૉ. રમણભાઈ ચી. શાહ મારા ગુરુ, મિત્ર અને માર્ગદર્શક | ડૉ. શેખરચન્દ્ર જૈન | ૫૨ |
| ૫૧. | ભરેલો ઘડો કેવો શાંત અને સ્વસ્થ હોય એનું ઉત્તમ ઉદાહરણ ડૉ. રમણભાઈ ચી. શાહ હતા | શ્રી રોહીત શાહ | ૫૩ |
| ૫૨. | ડૉ. રમણભાઈ ચી. શાહની અણધારી વિદાય | શ્રી વસંત નાનજી ભેદા | ૫૪ |
| ૫૩. | ડૉ. રમણભાઈ એટલે સાદગી, સરળતા અને સમતાનો સનમ્વય | ડૉ. કલા શાહ | ૫૫ |
| ૫૪. | 'કમાલ છે, આ તારા સર, રમણ.....લા.....લ..... | પ્રો. ડૉ. દિનેશ હ. ભટ્ટ | ૫૬ |
| ૫૫. | સૌજન્યમૂર્તિ સાહેબ | પ્રો. ડૉ. દેવબાળા સંઘવી | ૫૯ |
| ૫૬. | અપ્રમત્ત યાત્રિક | ડૉ. ગુલાબ દેઢિયા | ૫૯ |
| ૫૭. | પ્રો. ડૉ. રમણલાલ ચી. શાહ સાહેબને શ્રદ્ધા-સુમન | શ્રી તપસ્વી એસ. નાંદી | ૬૧ |
| ૫૮. | મોક્ષમાર્ગના મુમુક્ષુ યાત્રી : શ્રી રમણભાઈ શાહ | ડૉ. પૂર્ણિમા મહેતા | ૬૧ |
| ૫૮. | મરા જ્ઞાન પથદર્શક રમણભાઈ | ડૉ. કીર્તિદા રમેશ મહેતા | ૬૨ |
| ૬૦. | ચમત્કારો હજી આજે પણ બને છે ! | પ્રો. કાન્તા ભટ્ટ | ૬૨ |
| ૬૧. | શ્રી રમણભાઈના સાન્નિધ્યના સંભારણા | ડૉ. છાયાબેન શાહ | ૬૩ |
| ૬૨. | મારા સ્નેહસભર વડીલ રમણભાઈ | ડૉ. ઉત્પલા મોદી | ૬૪ |
| ૬૩. | 'સર' (રમણભાઈ) સાથે જૈન સાહિત્ય સમારોહના સંભારણા | ડૉ. હંસા શાહ | ૬૫ |
| ૬૪. | વિદ્યાર્થીવત્સલ, પ્રાધ્યાપકોના પ્રાધ્યાપક : શ્રી રમણભાઈ ચી. શાહ | પ્રા. અશ્વિન હ. મહેતા | ૬૬ |
| ૬૫. | સ્મૃતિ સુમન..... ભાવવંદન | હેમાંગિની જાઈ | ૬૬ |
| ૬૬. | મારા પરમ વંદનીય પિતા | શ્રી શૈલજા ચેતનભાઈ શાહ | ૬૭ |
| ૬૭. | તસ્મૈ શ્રી ગુરવે નમ: | પ્રા. બકુલ રાવલ | ૬૮ |
| ૬૮. | જ્ઞાનાત્મા પરમાનંદ | ડૉ. કવિન શાહ | ૭૦ |
| ૬૯. | ૨. ચી. શાહ-શીલ અને સાત્ત્વિકની મહેક | ડૉ. પ્રવીણ દરજી | ૭૦ |

| અનુક્રમ | લેખ | લેખક | પાનું નં. |
|---|---|---|---|
| ૭૦. | આદરણીય શ્રી રમણભાઈને સ્મરણાંજલિ | શ્રી પ્રવીણભાઈ સી. શાહ | ૭૨ |
| ૭૧. | પરમમિત્રનો જાણે પામ્યા યોગ જો.... | શ્રી ગુલાબચંદ શાહ | ૭૨ |
| ૭૨. | ઋષિતુલ્ય સુશ્રાવક પૂ. રમણભાઈ | શ્રી બિપીન કે. જૈન | ૭૪ |
| ૭૩. | ડૉ. રમણભાઈ - એક વટવૃક્ષ | ડૉ. નટુભાઈ (લંડન) | ૭૫ |
| ૭૪. | રમણભાઈ અને હું | શ્રી ઓલિવર દેસાઈ | ૭૫ |
| ૭૫. | આદરણીય ડૉ. રમણભાઈ | શ્રી રશ્મિભાઈ ઝવેરી | ૭૬ |
| ૭૬. | જ્ઞાની પારખુ પૂ. રમણકાકા | શ્રી સૂર્યવદન જવેરી | ૭૬ |
| ૭૭. | શ્રી રમણલાલ ચી. શાહ - અનંતની યાત્રાએ | પ્રા. અરુણ જોષી | ૭૭ |
| ૭૮. | શ્રુત ઉપાસક જનઋષિ રમણભાઈ | શ્રી ગુણવંત બરવાળિયા | ૭૮ |
| ૭૯. | સર્વ સુકૃતોના અનુમોદક મનીષી મુરબ્બીશ્રી રમણભાઈ જેમના ત્રણેય ઠામ-ઠેકાણાં હાલ જ બદલાયા છે! | પ્રા. પ્રતાપકુમાર જ. ટોલિયા | ૭૮ |
| ૮૦. | સૌમ્ય મૂર્તિ ડૉ. રમણલાલ ચી. શાહ | ડૉ. કનુભાઈ વ્રજલાલ શેઠ | ૭૯ |
| ૮૧. | ગુરુનું ધ્યાન કરતાં | ડૉ. રેણુકા પોરવાલ | ૮૦ |
| ૮૨. | સ્મરણાંજલી | શ્રી સુદર્શના પ્રબોધ કોઠારી | ૮૧ |
| ૮૩. | શ્રી રમણભાઈના તપની ત્રિજ્યામાં આવનાર પ્રભાવિત થયા વગર રહે નહિ ! | શ્રી ચંદુલાલ સેલારકા | ૮૨ |
| ૮૪. | પૂ. રમણભાઈ | શ્રી ઘેલુભાઈ નાયક | ૮૩ |
| ૮૫. | શ્રેયાર્થી આત્મીય રમણભાઈ | શ્રી મનુ પંડિત | ૮૪ |
| ૮૬. | જ્ઞાનદાની ડૉ. રમણભાઈ | શ્રી મહેન્દ્ર શાહ - દાદાજી | ૮૫ |
| ૮૭. | રમણભાઈ ઊર્ધ્વગતિએ | શ્રી પ્રફુલ્લ રાવલ | ૮૫ |
| ૮૮. | ડૉ. રમણભાઈ એટલે વિદ્વતા અને સાદગીનો સુંદર સમન્વય | ડૉ. વીરેન્દ્ર પી. શાહ | ૮૬ |
| ૮૯. | 'પ્રબુદ્ધ જીવન'ના ઉપાસક- 'પ્રબુદ્ધ મૃત્યુ'ના હામી એવા 'પ્રબુદ્ધ પુરુષ' રમણભાઈને ભાવાંજલી | શ્રી સુધા ઝવેરી | ૮૬ |
| ૯૦. | અધ્યાત્મ ઓજસથી ઓપતા જ્ઞાનની સૌમ્ય છાયા સ્વરૂપ પ.પૂ. રમણકાકા | શ્રીમતી જયશ્રી દિનેશ દોશી | ૮૮ |
| ૯૧. | મારા વિદ્વાન સન્મિત્ર પ્રિય રમણભાઈ | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ) | ૮૯ |
| ૯૨. | અમારા રમણભાઈ | શ્રી પૌલોમી પ્રકાશ શાહ | ૯૦ |
| ૯૩. | ડૉ. રમણભાઈનું વક્તવ્ય : જીવનનો એક લ્હાવો | શ્રીમતી ભારતીબહેન શાહ | ૯૦ |
| ૯૪. | અદનો આદમી - શ્રી રમણભાઈ | શ્રીમતી નીરુબેન રાવળ અને શ્રી ગિરીશભાઈ પટેલ | ૯૧ |
| ૯૫. | પૂ. રમણભાઈ-પ્રેરક, વંદનીય વ્યક્તિત્વ | શ્રીમતી મંગલા અભયકાંત મહેતા (U.K.) | ૯૨ |
| ૯૬. | જૈન સાહિત્યના આત્માનુભવી સાક્ષર | શ્રી નરેશ શાહ, મીના શાહ (U.S.A.) | ૯૨ |
| ૯૭. | ઉત્કૃષ્ટ કલ્યાણ મિત્ર | શ્રી વિજય દોશી (U.S.A.) | ૯૩ |
| ૯૮. | સૌજન્યશીલ સાક્ષર | ડૉ. બેહચરભાઈ પટેલ | ૯૩ |
| ૯૯. | ગૃહસ્થી સંત રમણભાઈ | શ્રી નટવરભાઈ દેસાઈ | ૯૪ |
| ૧૦૦. | એક કર્મયોગીનું 'જીનતત્ત્વ' | ડૉ. હસમુખ દોશી | ૯૪ |
| ૧૦૧. | અન્તર મમ વિકસિત કરો.... | શ્રીમતી ગીતા જૈન | ૯૬ |
| ૧૦૨. | ક્યારેય નકરમાય એવી સ્મૃતિની સુગંધ આપનાર ડૉ. રમણભાઈ | ડૉ. મનહરભાઈ સી. શાહ | ૯૭ |
| ૧૦૩. | સર : આંખ અને અંતરનો વિસામો | શ્રી પન્નાલાલ કે. છેડા | ૯૭ |
| ૧૦૪. | કર્તવ્યો ધર્મ સંગ્રહ : વડીલ રમણભાઈ | શ્રી પ્રકાશ ડી. શાહ | ૯૮ |
| ૧૦૫. | જૈન શાસનના કીર્તિ કળશ - રમણભાઈ ચી. શાહ સાથેના સુખદ સ્મરણોની ઝલક | શ્રી મનુભાઈ શેઠ | ૯૯ |
| ૧૦૬. | બાબુ પન્નાલાલ સ્કુલના અમે મિત્રો | શ્રી કાંતિલાલ લ. વોરા | ૧૦૦ |
| ૧૦૭. | અખંડ જ્ઞાનયોગી રમણભાઈ | શ્રીમતી ગીતા પરીખ | ૧૦૦ |
| ૧૦૮. | રચનાત્મક વિકાસ સાથેનો સ્વ. રમણભાઈનો સંબંધ | શ્રી સૂર્યકાન્ત પરીખ | ૧૦૦ |
| ૧૦૯. | અપ્રમત્ત જે. નિત્ય રે | શ્રી પન્નાલાલ ર. શાહ | ૧૦૧ |
| ૧૧૦. | મારા આજીવન વિદ્યાગુરુ | શ્રી રમેશ સંઘવી | ૧૦૨ |
| ૧૧૧. | રમણલાલ : મારા સહાધ્યાયી | શ્રી નગીનદાસ શેઠ | ૧૦૩ |
| ૧૧૨. | પ્રિય મિત્ર રમણભાઈ | શ્રી રતનચંદ પી. ઝવેરી | ૧૦૪ |
| ૧૧૩. | 'પાસપોર્ટની પાંખે'ના સર્જક.... | શ્રી શકિલ ઠાસરિયા | ૧૦૪ |
| ૧૧૪. | દુનિયાસે જાને વાલે, જાને ચલે જાતે હૈ કહા ! | શ્રી જવાહર ના. શુક્લ | ૧૦૪ |
| ૧૧૫. | પ.પૂ. ડૉ. શ્રી રમણભાઈ | પ્રા. ડૉ. કોકિલા હેમચંદ શાહ | ૧૦૫ |
| ૧૧૬. | જ્ઞાનની પાંખે ઉડનારા વિહંગ | શ્રી કિશોર સી. પારેખ | ૧૦૬ |
| ૧૧૭. | મારા પ્રાતઃ સ્મરણીય કાકાજી | શ્રીમતી ભારતી મનીષ શાહ | ૧૦૭ |
| ૧૧૮. | પારદર્શક વ્યક્તિત્વ | શ્રી ખુશ્મા શાહ | ૧૦૭ |
| ૧૧૯. | એ જીવન : અન્યો માટે જીવન સંદેશ | શ્રી પુરુષોત્તમભાઈ અને મલયભાઈ બાવીશી | ૧૦૭ |
| ૧૨૦. | શ્રદ્ધા સુમન પૂ. રમણભાઈ સરને | શ્રીમતી નીના ઉમેશ ગાલા | ૧૦૮ |
| ૧૨૧. | કરુણામૂર્તિ : અમારા રમણભાઈ | શ્રી ચંદ્રકાંત ડી. શાહ | ૧૦૮ |
| ૧૨૨. | સ્વજનની ચિરવિદાય | શ્રીમતી નીરુબહેન શાહ | ૧૦૮ |
| ૧૨૩. | ડૉ. રમણભાઈ | શ્રીમતી પુષ્પાબહેન પરીખ | ૧૦૯ |
| ૧૨૪. | સંસારી સંત | શ્રીમતી વસુબહેન ભણસાલી | ૧૦૯ |
| ૧૨૫. | પિતા તુલ્ય અમારા રમણભાઈ | શ્રીમતી મીના શાહ | ૧૦૯ |
| ૧૨૬. | વિનમ્રતાની મૂર્તિ રમણભાઈ | શ્રી શૈલેષ કોઠારી (શૈલ પાલનપુરી) | ૧૧૦ |
| ૧૨૭. | સ્વ. રમણભાઈનો કર્મચારીઓ સાથેનો સંબંધ | શ્રી એલ. એમ. મહેતા | ૧૧૧ |
| ૧૨૮. | સાહેબંના યાદગીરીના શબ્દ | શ્રી અશોક પલસમકર | ૧૧૩ |
| ૧૨૯. | MY PAPA... LET US CELEBRATE HIS LIFE | Dr. Amitabh R. Shah (U.S.A.) | ૧૧૩ |
| ૧૩૦. | RESPECTED PUJYA RAMANBHAI | Smt. Minalbahen R. Shah | ૧૧૪ |
| ૧૩૧. | TRIBUTE TO PROFESSOR RAMANLAL C. SHAH | Dr. Atul K. Shah (U.K.) | ૧૧૪ |
| ૧૩૨. | A TRIBUTE TO LATE RAMANLAL C. SHAH | Shree Dilip V. Shah (U.S.A.) | ૧૧૫ |
| ૧૩૩. | THIS REPORTS DEDICATED TO MY GRANDPA | Archit Sheth-Shah (U.S.A.) | ૧૧૫ |
| ૧૩૪. | A NEIGHBOUR'S TRIBUTE | Mrs. Gomathi Shridhar | ૧૧૬ |
| ૧૩૫. | A GREAT TEACHER | Dr. V. Balachandran | ૧૧૬ |
| ૧૩૬. | સ્મરણ-પુષ્પો | વિવિધ પત્રો | ૧૧૬ |
| ૧૩૭. | યાદગાર સંભારણું | શ્રી મહેશભાઈ શાહ | ૧૨૨ |
| ૧૩૮. | ડૉ. રમણભાઈના પ્રવચનોની સી.ડી. | | ૧૨૨ |
| ૧૩૯. | ડૉ. રમણભાઈના પુસ્તકો અને પ્રવચનોની યાદી | | ૧૨૩ |
| ૧૪૦. | ડૉ. રમણભાઈ શાહ સાહિત્ય સૌરભ | ગ્રંથ પ્રકાશન | ૧૨૪ |

# મારી જીવનયાત્રાનું શબ્દ-સંબલ

☐ રમણલાલ ચી. શાહ

સંબલ એટલે ભાતું. યાત્રા સારી રીતે કરવી હોય તો માણસે સુપથ્ય, સુરૂચિપૂર્ણ સંબલ પણ પૂરતા પ્રમાણમાં સાથે રાખવું જોઈએ. કેટલાક ગ્રંથો જીવનયાત્રામાં સંબલરૂપ નીવડે છે.

આજે શબ્દનો ઉપયોગ કેટલો બધો વધી ગયો છે ! માનવજીવનના વિકાસમાં શબ્દનું યોગદાન અનન્ય છે. આરંભમાં સંકેત રૂપ રહેલા ધ્વનિઓ કાળક્રમે બોલાતા અને શ્રવણગોચર બનતા શબ્દોમાં રૂપાંતરિત થતા ગયા. લિપિનો વિકાસ થયા પછી તો સ્થળ અને કાળને અતિક્રમવાની શબ્દની શક્તિ અનહદ વધી ગઈ.

શબ્દસમૂહ દ્વારા ગ્રંથરચનાની પ્રવૃત્તિ ઠેઠ પ્રાગૈતિહાસિક કાળથી ચાલતી આવી છે. ભવિષ્યમાં પણ તે સતત ચાલતી રહેશે. પ્રત્યેક યુગમાં કેટલીયે અનોખી તેજસ્વી પ્રતિભા શબ્દ દ્વારા, કૃતિ દ્વારા અભિવ્યક્ત થતી આવી છે. એવી કેટલીયે કૃતિઓએ કેટલાયનાં જીવનમાં ઘણું મોટું પરિવર્તન આણ્યું છે.

મેં વાંચવાનું ક્યારે શરૂ કર્યું એનું પાકુ સ્મરણ નથી, કારણકે શાળાના આરંભનાં વર્ષોમાં રમતગમત અને ચિત્રકલાનો જેટલો શોખ હતો તેટલો વાંચનનો નહોતો. અમારા દિવસોમાં અને એમાં પણ અમારી શાળામાં હોમવર્ક જેવું ખાસ નહોતું. શીખવવાની પદ્ધતિ પણ ત્યારે એવી હતી કે વિદ્યાર્થી વર્ગમાં જ બધી તૈયારી કરી લે. વિદ્યાર્થીઓ કેટલું જાણે છે કે શીખ્યા છે તે શિક્ષકો પ્રશ્નોત્તરી દ્વારા ચકાસી લેતા. કેટલુંક કંઠસ્થ કરવાની પદ્ધતિ પણ ત્યારે પ્રચલિત હતી. શાળામાંથી છૂટ્યા પછી રમવાનું જ હોય એવો ખ્યાલ બાલપણમાં ત્યારે અમારો હતો.

૧૯૪૨ માં Quit india ની ચળવળ શરૂ થઈ એ વખતે મારી ઉંમર ૧૪-૧૫ વર્ષની હતી. સભા-સરઘસમાં ભાગ લેવાનો ઉત્સાહ કુદરતી રીતે જ ત્યારે બધા વિદ્યાર્થીઓમાં હતો. એ દિવસોમાં મુંબઈમાં હાથે લખેલી અને સાઇક્લોસ્ટાઇલ કરેલી પત્રિકાઓ ઘેર ઘેર પહોંચાડવા માટે ઘણુંખરું નાનાં નાનાં છોકરાઓને પસંદ કરવામાં આવતાં. તેવું કામ કેટલોક વખત મેં પણ કરેલું. બીજા મિત્રો સાથે અમારા વિસ્તારમાં અમે રાતને વખતે પત્રિકાઓ પહોંચાડી આવતા. એ વખતે પત્રિકાઓનું બંડલ અમારા મકાનમાં આવતું. કોઇક એક ગુપ્ત સ્થળે તે મૂકી જતું. ત્યારે એ બંડલ ખોલીને સૌથી પહેલું કામ પત્રિકા વાંચવાનું હું કરતો. રોજેરોજના સમાચાર એની અંદર આપવામાં આવતા હતા. સામાન્ય રીતે જે સમાચાર છાપવા ઉપર પ્રતિબંધ હોય એવા સમાચાર એમાં છપાતા, કોઇકની ધરપકડ, ક્યાંક સભા-સરઘસ હોય કે ક્યાંક ધ્વજવંદન થયું હોય એવા સમાચાર એમાં આપવામાં આવતા. એ વાંચીને વાચકો ઘણો રોમાંચ અનુભવતા. સાથે સાથે કોઇકનું લખાણ પણ હોય. તે ઘણું ઉદ્બોધક અને શૌર્ય પ્રેરક હોય. આ બધું રોજેરોજ વાંચવાથી અમારા જેવા છોકરાઓમાં પણ રાષ્ટ્રીય ભાવનાની જાગૃતિ આવી હતી.

પત્રિકાઓના વાંચન પછી કેટલેક સમયે હું પુસ્તકોના વાંચન તરફ વળ્યો. પુસ્તક ખરીદીને ઘરમાં વસાવી શકાય એટલી ત્યારે મારી શક્તિ નહોતી. પુસ્તકો રાખવા માટે નાનકડાં ઘરમાં એટલી જગ્યા પણ નહોતી. વળી એવી ત્યારે પ્રથા પણ નહોતી. પુસ્તક તો ગ્રંથાલયમાંથી લાવીને વાંચવાનું હોય એવો ખ્યાલ ત્યારે પ્રવર્તતો. મારા મોટાભાઈ સ્વ. વીરચંદભાઈને પુસ્તકો વાંચવાનો શોખ હતો. તેઓ ગ્રંથાલયમાંથી પુસ્તકો લાવે. તેના ઉપર હું નજર નાખતો. આઝાદીની લડતના દિવસો હતા. એટલે મોટાભાઈ ગાંધીજીની આત્મકથા, તથા કાકા કાલેલકર, મહાદેવભાઈ દેસાઈ વગેરેનાં, ગુજરાત વિદ્યાપીઠ અને નવજીવનના પ્રકાશનો ઘરે લઈ આવતા. એ દિવસોમાં ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' ઠેર ઠેર વંચાતી. ગાંધીજી તો સમગ્ર ભારત માટે આદર્શરૂપ નેતા હતા. હું ગાંધીજીની પ્રાર્થનાસભાઓમાં જતો. એમની આત્મકથાએ મારા ચિત્ત ઉપર ઘણાં ઊંડા સંસ્કાર પાડ્યા હતા.

શાળામાં અભ્યાસ દરમિયાન ચિત્રકલા મારો પ્રિય વિષય રહ્યો હતો. વર્ગમાં ચિત્રકલાના વિષયમાં સૌથી વધુ માર્ક્સ મને મળતા અને તે વિષયમાં મારો પહેલો નંબર રહેતો. રોજ સાંજે પાંચ વાગે શાળા છૂટ્યા પછી ચિત્રકલાના અમારા શિક્ષક શ્રી રાહલકર મને કેટલાક વિદ્યાર્થીઓને બે કલાક ચિત્રકલાની વિશેષ તાલીમ આપતા. એ વખતે મુંબઈ ઇલાકામાં સરકાર તરફથી શાળાના વિદ્યાર્થીઓ માટે ચિત્રકલાની પરીક્ષા લેવાતી. એ પરીક્ષા માટે અમને કેટલાક વિદ્યાર્થીઓને રાહલકર સર સારી રીતે તૈયાર કરતા. સરકાર દ્વારા ચિત્રકલા માટે લેવાતી એલિમેન્ટરી અને ઇન્ટરમિડિયેટ એ બંને પરીક્ષાઓમાં પ્રથમ નંબરે આવી પારિતોષિકો મેં મેળવેલાં. અમારા રાહલકર સરની પણ ઇચ્છા એવી હતી કે મેટ્રિક પાસ કરીને મારે જે. જે. સ્કૂલ ઑફ આર્ટમાં દાખલ થવું અને ચિત્રકલાનો ડિગ્રી કક્ષાનો વિશેષ અભ્યાસ કરવો. પરંતુ ૧૯૪૨ની ચળવળ દરમિયાન ગાંધીજી, કાકાસાહેબ કાલેલકર અને કિશોરલાલ મશરૂવાળાનાં પુસ્તકો મેં વાંચ્યાં. મારી ઉંમર નાની હતી અને વાંચેલું બધું સમજાતું ન હતું. તોપણ કાકાસાહેબ કાલેલકરના પુસ્તકો-'જીવનનો આનંદ', 'જીવન સંસ્કૃતિ' 'જીવન વિકાસ' અને 'જીવન ભારતી'ની મારા જીવન ઉપર ઘણી મોટી અસર થઈ. કાકાસાહેબ કાલેકરની શૈલી રોચક અને પ્રેરક હતી. વળી એમનું ધ્યેય જીવનલક્ષી હતું. એને કારણે આઝાદીની ચળવળના એ દિવસોમાં એવું સાહિત્ય વાંચવું ગમી જાય એ સ્વાભાવિક હતું. વાતાવરણમાં એવી જ હવા પ્રસરેલી હતી. ૧૯૪૨ ની ચળવળ દરમિયાન શાળાઓ ચારેક મહિના સુધી બંધ રહેલી. એ દિવસોમાં ફાજલ સમયમાં શું કરવું એ મોટો પ્રશ્ન વિદ્યાર્થીઓ માટે હતો. હું મારો ઘણો સમય નવાં નવાં ચિત્રો દોરવામાં વિતાવતો. પરંતુ તે ઉપરાંત મારો કેટલોક સમય વાંચન માટે પણ વપરાતો. કાકાસાહેબનાં પુસ્તકો વાંચવાની શક્તિ શાળાના વિદ્યાર્થીઓમાં એટલી બધી ખીલેલી ન હોય, તોપણ મારા સદ્ભાગ્યે પુસ્તકો હું યથાશક્તિ સમજણપૂર્વક વાંચી ગયો હતો. કદાચ શાળાઓ નિયમિત ચાલતી હોત તો કાકાસાહેબનાં પુસ્તકો વાંચવાનો અવકાશ જ મળ્યો ન હોત. આ પુસ્તકોએ મારા ચિત્ત ઉપર ઘણી મોટી અસર કરી અને બીજે વર્ષે મેટ્રિકના વર્ગમાં હું આવ્યો ત્યારે મારા નિર્ણયમાં પરિવર્તન આવ્યું. જે. જે. સ્કૂલ ઑફ આર્ટમાં જઇને ચિત્રકલાનો અભ્યાસ મારે નથી કરવો, પણ આર્ટસ કૉલેજમાં જઇને બી. એ. થવું છે એવો

નિર્ણય થયો.

મેટ્રિકના વર્ષ દરમિયાન અમારા વર્ગશિક્ષક શ્રી અમીદાસ કાણકિયા અમારો ગુજરાતીનો વિષય લેતા. એમણે વર્ગની છ માસિક પરીક્ષામાં ગુજરાતી વિષયમાં મને સૌથી વધુ માર્ક્સ આપ્યા અને ઉત્તરપત્રમાં છેલ્લે એવી નોંધ કરી કે 'સાહિત્યમાં તમે રસ લેશો તો આગળ જતાં જરૂર લેખક થઈ શકશો.' એમના એ અભિપ્રાયથી હું હર્ષવિભોર થી ગયો. મેટ્રિક પછી ચિત્રકલાને બદલે આટ્‌ર્સ કૉલેજમાં જઈ સાહિત્યનો વિષય લેવો એવો મારો સંકલ્પ દૃઢ બની ગયો. આમ કાકાસાહેબ કાલેલકરના 'જીવન વિકાસ' અને 'જીવન સંસ્કૃતિ' એ ગ્રંથોએ મારા કિશોર જીવનમાં દિશા પરિવર્તન કરાવ્યું.

**મારી વાંચવાની પ્રવૃત્તિનો આરંભ કાકાસાહેબના ચિંતનાત્મક સાહિત્યથી થયો હતો.** પરંતુ મેટ્રિકના વર્ષ દરમિયાન રમણલાલ દેસાઇની બે નવલકથાઓ 'દિવ્યચક્ષુ' અને ગ્રામલક્ષ્મી વાંચવામાં આવી. ગાંધીજીના વિચારોનું એમાં ઘણું મોટું પ્રતિબિંબ પડેલું હતું. એટલે એ નવલકથાઓ એ જમાનામાં ઘેર ઘેર વંચાતી હતી. રમણલાલ દેસાઇની કથાશૈલી પણ એવી આકર્ષક હતી કે વાચકને છેવટ સુધી જકડી રાખે. આ બે નવલકથાઓના વાંચન પછી કૉલેજના વર્ષો દરમિયાન રમણલાલ દેસાઇની બધી જ નવલકથાઓ મેં વાંચી લીધી હતી. એની સાથે સાથે કનૈયાલાલ મુનશી, ઝવેરચંદ મેઘાણી અને ધૂમકેતુની પણ બધી જ નવલકથાઓ અને ટૂંકી વાર્તાઓનું વાંચન રસપૂર્વક થવા લાગ્યું હતું. આથી કૉલેજમાં પણ મેં એવો નિર્ણય કર્યો કે બી.એ.માં અર્થશાસ્ત્રનો વિષય ન લેતાં ગુજરાતી ભાષા અને સાહિત્યનો વિષય લેવો. એ પ્રમાણે બી.એ. અને એમ.એ.માં મેં મુખ્ય વિષય ગુજરાતી સાહિત્યનો રાખ્યો હતો.

બી. એ. થયા પછી **મેં બે વર્ષ 'સાંજ વર્તમાન' નામના દૈનિકમાં અને એક જ વર્ષ 'જનશક્તિ' નામના દૈનિકમાં પત્રકાર તરીકે કામ કર્યું. સાથે સાથે એમ.એ.નો અભ્યાસ પણ કર્યો. એમ.એ.માં મુંબઈ યુનિવર્સિટીમાં** (આખા મુંબઈ ઇલાકામાં ત્યારે માત્ર એક જ યુનિવર્સિટી હતી) ગુજરાતી વિષયમાં પ્રથમ નંબરે આવ્યો અને **બળવંતરાય ઠાકોર સુવર્ણચંદ્રક મને મળ્યો. એને પરિણામે મુંબઇની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે મારી નિમણૂક થઈ.** પત્રકારત્વનું ક્ષેત્ર છોડીને અધ્યાપનના ક્ષેત્રમાં હું આવ્યો. કાકાસાહેબ કાલેલકરે કોઇક સ્થળે લખેલું હજુ યાદ છે કે માણસે જીવનમાં તક મળે તો થોડોક વખત પણ અધ્યાપનકાર્ય કરવું જોઇએ, કારણકે એથી એના જીવનનો અભિગમ વિકાસશીલ રહે છે. અધ્યાપક થવાના મારા સ્વપ્નમાં એ રીતે કાકાસાહેબ કાલેલકરનું પ્રેરક બળ રહ્યું હતું. અધ્યાપનક્ષેત્ર મળતાં લેખન અને વાંચન માટે ઘણો અવકાશ મળ્યો, જેણે મારા જીવનઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

ઇ. સ. ૧૯૫૫માં હું પૂ. પુણ્યવિજયજી મહારાજના સંપર્કમાં આવ્યો. **એમની પ્રેરણાથી મધ્યકાલીન જૈન રાસાકૃતિઓનો મેં અભ્યાસ** પણ કર્યો. એમ.એ.માં મુંબઇ યુનિવર્સિટીમાં તથા 'નળ દમયંતીની કથાનો વિકાસ' એ વિષય પર શોધ નિબંધ લખી **મેં મુંબઈ યુનિવર્સિટીની પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી.** ત્યાર પછી ૧૯૬૩ માં ડૉ. હરિવલ્લભ ભાયાણીની ભલામણથી આચાર્ય હેમસાગરસૂરિજીએ 'કુવલયમાળા' નામના પ્રાકૃત ગ્રંથના અનુવાદનું કામ મને સોંપ્યું. બે વર્ષ એ કાર્ય ચાલ્યું. મહાન આચાર્ય ઉદ્યોતનસૂરિ કૃત 'કુવલયમાળા' નામનો ગ્રંથ પ્રાકૃત ભાષાનો એક અદ્‌ભુતગ્રંથ છે. એ પ્રાકૃતમાં વાંચતાં અનેરો આહ્‌લાદ અનુભવ્યો. એની સાથે સાથે એ ગ્રંથે જૈન ધર્મના સૂક્ષ્મ સિદ્ધાંતો સમજવા માટેની પ્રેરણા મને આપી એથી કવિતા, નવલકથા, નાટકાદિ લલિત સાહિત્ય તરફથી હું જૈન સૈદ્ધાંતિક સાહિત્યના અધ્યયન તરફ વળ્યો. ત્યાગ, વૈરાગ્ય અને ઉપશમનાં વચનોથી મહેંકતા **'કુવલયમાળા' ગ્રંથ દ્વારા મારા જીવનમાં એક નવો ઉઘાડ થયો. એ ગ્રંથનું ઋણ મારે માથે ઘણું મોટું છે.** છેલ્લા ત્રણેક દાયકામાં જૈનદર્શન ઉપરાંત અન્ય દર્શનોના શાસ્ત્રીય ગ્રંથો વાંચવાની અભિરુચિ મને જે થઈ છે તેમાં 'કુવલયમાળા'નું પ્રેરકબળ ઘણું મોટું રહ્યું છે. અલબત્ત શ્રી હરિભદ્રસૂરિ, શ્રી હેમચંદ્રાચાર્ય, શ્રી યશોવિજયજી, શ્રી સમયસુંદર, શ્રી આનંદઘનજી, શ્રી દેવચંદ્રજી વગેરેની કૃતિઓએ પણ મારા જીવનમાં આ રસનું પોષણ કરવામાં મહત્ત્વનું કાર્ય કર્યું છે.

આમ, ગાંધીજીની આત્મકથા, કાકાસાહેબના જીવનલક્ષી ગ્રંથો, રમણલાલ દેસાઇની નવલકથાઓ અને ઉદ્યોતનસૂરિ કૃત 'કુવલયમાળા' વગેરેનું મારા જીવનને ઘડવામાં ઘણું મોટું યોગદાન રહ્યું છે. એવું નથી કે માત્ર આ કૃતિઓથી જ જીવન ઘડાય. સામાજિક, કૌટુંબિક, વ્યાવસાયિક, આર્થિક ઇત્યાદિ સંજોગોનુસાર દરેકના જીવનને ઘડનાર જુદી જુદી કૃતિઓ હોઈ શકે. મનુષ્યનાં જીવનધ્યેય ને જીવનપથ ઉપર તેનો ઘણો આધાર રહે છે.

હું વ્યવસાયે આરંભમાં પત્રકાર હતો. પછી કૉલેજમાં અને યુનિવર્સિટીમાં અધ્યાપક થયો એટલે વાંચનની પ્રવૃત્તિ મારા જીવનમાં અનિવાર્યપણે જોડાયેલી રહી છે. વ્યવસાયકાળના ચાર દાયકા અને નિવૃત્તિકાળનો લગભગ એક દાયકો એમ પાંચ દાયકામાં લાખો પૃષ્ઠનું વાંચન થયું હશે. (વિદ્યાર્થીઓના ઉત્તરપત્રોનું, કે પીએચ.ડી.ના શોધનિબંધોનું વાંચન તે જુદુ) આટલા બધા વાંચન પછી ભૂતકાળ ઉપર દૃષ્ટિ કરતાં લાગે છે કે જેટલું કામનું અને ઉપયોગી વંચાયું છે તેના કરતાં બિનજરૂરી પ્રાસંગિક વાંચન ઘણું વધુ થયું છે. અને તેમાં કેટલુંક તો ફરજિયાત કરવું પડ્યું છે.

શબ્દમાં અચિંત્યશક્તિ છે. વાંચન જીવનને ઘડે છે એ નિર્વિવાદ હકીકત છે. ખરાબ વાંચન માણસને બગાડે છે એ પણ એટલું જ સાચું છે. પોતાના જીવનઘડતર માટે વ્યક્તિઓએ અને એમના વડીલોએ આરંભથી જ યોગ્ય પસંદગી કરતા રહેવું જોઇએ. જે ગ્રંથ પ્રથમ વાંચને પણ પૂરા કરવાનું મન ન થાય એવા નિસ્તેજ ગ્રંથનો જીવન ઉપર બહુ પ્રભાવ પડે નહિ. જે ગ્રંથનો પોતાના જીવન ઉપર ઘણો બધો પ્રભાવ પડ્યો હોય તે ગ્રંથ ફક્ત એક જ વાર વાંચીને માણસ સંતોષ માની ન શકે.

જે ગ્રંથ પ્રથમ વાંચને જ પોતાનું તમામ રહસ્ય પ્રગટ કરી દે અને પછી એને ક્યારેય કશું નવું કહેવાનું રહે નહિ તે ગ્રંથનું મૂલ્ય બહુ આંકી શકાય નહિ. જે ગ્રંથ વારંવાર વાંચવાનું ગમે અને પ્રત્યેક વાંચને કશોક નવો અર્થ સંદર્ભ પ્રકાશે અને એની જૂની વાત પણ પ્રત્યેક નવા વાંચને તાજગીસભર લાગે તે ગ્રંથની મૂલ્યવત્તા ઘણી વધારે હોય છે. આવા જીવનસ્પર્શી ગ્રંથો જ વ્યક્તિત્વના ઘડતરમાં ઘણું મોટું યોગદાન આપી શકે.

(ડૉ. પ્રીતિબહેન શાહ-સંપાદિત ગ્રંથ 'પીધો અમીરસ અનુભવનો' માટે લખેલો લેખ.)

# त्वमेव भर्ता न च विप्रयोग:

☐ તારાબેન રમણલાલ શાહ

સંસ્કૃતના સમર્થ નાટકકાર ભવભૂતિના 'ઉત્તરરામચરિત' નાટકમાં આલેખાયેલું છે કે સંપૂર્ણપણે નિર્દોષ અને સગર્ભા સીતાને રામની આજ્ઞાથી લક્ષ્મણે જંગલમાં ત્યજી દીધાં. એ દારુણ દુઃખના સમયે પણ સીતાએ રામ માટે આ શબ્દો ઉચ્ચાર્યા :

भूयो यथा मे जन्मान्तरेषु

त्वमेव भर्ता न च विप्रयोग:

'જન્મજન્માન્તરમાં તમે જ મારા પતિ હો, આપણો કદીયે વિયોગ ન થાવ.' રામ પ્રત્યે સીતાનું કેટલું ઉદાર વલણ ! ત્યારે મને અઢળક સ્નેહ, સુખ અને શાંતિ આપનાર મારા પતિ ડૉ. રમણભાઇને આ શબ્દો હું કહી ન શકું ? બાહ્ય દૃષ્ટિએ એ સત્ય હકીકત છે કે ખરેખર વિયોગ છે. છતાં અદશ્યપણે તેમના તરફથી હામ, હૂંફ અને અનન્ય આધારનો અનુભવ મને થઈ રહ્યો છે.

ત્રેપન વર્ષનું અમારું લગ્નજીવન-લીલીછમ હરિયાળી સમું હર્યુંભર્યું, કોઈ ગૂંચ કે ગ્રંથિ વિનાનું, સમથળ પ્રવાહે વહેતું હતું. વિદ્યાર્થીપ્રિય અધ્યાપક તરીકે, એન.સી.સી.ના ઑફિસર તરીકે, સમાજસેવક તરીકે, લેખક તરીકે, ભક્ત તરીકે, સાધક તરીકે કે બાળકોથી વીંટળાયેલા દાદાજી તરીકે, મને તેમનાં દરેક સ્વરૂપ ગમ્યાં છે. સૂઝપૂર્વક અને ત્વરાથી કામ કરવાની તેમની શક્તિ, આર્ત રૌદ્ર ધ્યાન કર્યા વિના ગૂંચ ઉકેલવાની તેમની શક્તિને હું ભક્તિભાવથી બિરદાવતી રહી છું.

ગુજરાતી સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠ મહાન લેખક કનૈયાલાલ મુનશીની નવલકથા 'ગુજરાતનો નાથ'નું અત્યંત જાણીતું અને માનીતું સ્ત્રીપાત્ર મંજરી–તેણે શસ્ત્ર અને શાસ્ત્ર બન્નેમાં નિપુણ પતિને ઇચ્છયો. શસ્ત્રમાં નિપુણ એવા વિશિષ્ટ પાત્ર કાકે શાસ્ત્રનો અભ્યાસ કર્યો પછી જ મંજરીએ તેની સાથે લગ્ન કર્યાં. ત્યારે હું તો ભાગ્યશાળી છું કે મને શસ્ત્ર અને શાસ્ત્ર બન્નેમાં નિપુણ એવા પતિ મળ્યા. અધ્યાપનકાળની શરૂઆતમાં એન.સી.સી.ની ટ્રેઈનિંગમાં રમણભાઈ બધાં શસ્ત્રો ચલાવતા શીખ્યા અને લેફ્ટેનન્ટથી કૅપ્ટન અને મેજરની પદવી સુધી પહોંચ્યા. એન.સી.સી.ની તાલીમ લેવા જાય ત્યારે બધા ઑફિસરમાં એ એક જ એવા હતા કે જેમણે કદી મદ્યપાન કર્યું નહિ. વળી જૈન ધર્મનો ઊંડાણથી અભ્યાસ કરી, વિપુલ લેખનકાર્ય કરી શાસ્ત્રના જાણકાર બન્યા. 'બેરરથી બ્રિગેડિયર' નામના તેમના પુસ્તકમાં તેમણે પોતાના લશ્કરી તાલીમના અનુભવો લખ્યા છે. એ પુસ્તકનું અર્પણ અમારાં પૌત્ર, દોહિત્ર, દોહિત્રીને કરતાં એમણે લખ્યું છે :-

અમારા દાદાજી<br>
બનીને સેનાની<br>
ભરેલી બંદૂકે<br>
કૂચ–કવાયત કેવી કરતા !<br>
મશીનગન ને બોમ્બ ધરતા !<br>
વળી દાદાજી તો<br>
નીત પ્રહ ઊઠી સ્તોત્ર પઢતા;<br>
પૂજાભક્તિ સાથે<br>
અહિંસાની વાતો<br>
જિનકથિત સિદ્ધાંતો<br>
તથા એવા એવા<br>
વિવિધ વિષયે લેખ લખતા,<br>
અહો આ તે કેવું<br>
ઉખાણા કો જેવું<br>
છતાં સમજ્યા તેવું<br>
જીવન હળવું જીવી શકતા.<br>
તમે આવી રીતે<br>
કથી મારી વાતો<br>
સ્મિતસહિત સૌ વિસ્મિત થશો ?

શસ્ત્રની જાણકારી હોય અને સાથે અહિંસાના સૂક્ષ્મ તત્ત્વોની છણાવટ પણ કરી શકે ! એવી તેમની બહુમુખી પ્રતિભા હતી.

સદ્ભાગ્યે આ બન્નેના જ્ઞાનથી તેમને ખૂબ લાભ થયો. લશ્કરી તાલીમને લીધે કડક શિસ્તપાલન, પોતાની કે પારકાની આપત્તિના સમયે સ્વસ્થ રહીને, ઝડપથી વિચારીને જોખમ ખેડીને માર્ગ કાઢવાની સૂઝ તેમનામાં પ્રગટી.. સમયસર અને કેટલીકવાર તો સમય પહેલાં ઝડપથી કામ કરવાની શક્તિ ખીલી. જૈન ધર્મના અભ્યાસથી વડીલો પ્રત્યેનો આદર, અવિચલિત પણે, પ્રસન્નચિત્તે પરિષહ સહન કરવાની શક્તિ, જરૂરિયાતમંદને મદદ કરવાની તત્પરતા, માનવસ્વભાવ કે સંયોગોની ઊજળી બાજુ જોવાની અને ખાસ કરીને જિનતત્ત્વનેસમજવાની અને પામવાની તેમની દૃષ્ટિ વીકસી. આમ બન્નેની જાણકારીથી, તાલીમથી તેમનું વ્યક્તિત્વ ઘડાયું.

છેલ્લા કેટલાંક વર્ષોથી અમે વિચાર્યું કે આપણે બન્નેએ સંસારમાં રહ્યાં છતાં ગૃહસ્થ કરતાં યાત્રિકની જેમ જીવવું. બાહ્ય દૃષ્ટિએ કંઈ ખાસ ફરક ન દેખાય પરંતુ આંતરિક દૃષ્ટિએ ઘણો મોટો ફરક પડે. સ્થૂલ વસ્તુ છોડીને સૂક્ષ્મ તરફ જવાની, તેને પામવાની અભીપ્સા જાગે. અમારી એ ભાવના ઉત્તરોત્તર દૃઢ થતી ગઈ. અમે આંતર બાહ્ય પરિગ્રહ ઓછો કરતા ગયાં. અનન્ય શ્રદ્ધા સાથે અમારી પચાસમી લગ્નતિથિએ નાગેશ્વર ભગવાનના પવિત્ર તીર્થમાં પૂજા કરતાં અમે અપૂર્વ આનંદ અનુભવ્યો. અમારા લગ્ન સમયે અમે યજ્ઞવેદીની આસપાસ ફેરા ફર્યા હતા. ૫૦ મા વર્ષે ભગવાનની ફરતી પ્રદક્ષિણા કરી કૃતાર્થતા અનુભવી. મારા પગની તકલીફને લીધે એ મને પૂજા કરવામાં ખૂબ મદદ કરતા, પૂજાનો મહિમા સમજાવતા અને મારી ધર્મભાવના દૃઢ કરતા. અમારા ૫૦ વર્ષના લગ્ન નિમિત્તે ખુશાલી વ્યક્ત કરવા મારા ભાઈ મહેન્દ્રભાઈ મહેતા અને ભાભી આશાબહેને શંખેશ્વર તીર્થમાં વિકલાંગોને ખાસ કરીને પગે અપંગ લોકોને જુદા જુદા સાંધનો આપવાનો કેમ્પ કર્યો. એમનાં એ કાર્યને હું અમારું પરમ સૌભાગ્ય ગણું છું.

અમારા બન્ને વચ્ચે વિશિષ્ટ પ્રકારનો મૈત્રીભાવ હતો. એ પતિ છે માટે તેમની આજ્ઞા પ્રમાણે મારે ચાલવું એવું ભાન કદી તેમણે મને કરાવ્યું નથી. સહજપણે સહર્ષ હું એમની ઇચ્છા પ્રમાણે વર્તવા ટેવાયેલી, વિના બોજે પ્રવૃત્તિ કરતી રહી. ઘણી મહત્ત્વની બાબતોમાં તો અમે એક બીજાને પૂછીને જ કામ કરીએ પણ નાની નાની બાબતોમાં પણ અમે એકબીજાની મરજી જાણતાં, એકબીજાને અનુકૂળ થતાં, નાની મોટી ભૂલોને હસીને માણતાં. એમની હાજરીથી વાતાવરણ હંમેશા પ્રસન્ન રહેતું. હું બધી રીતે તેમના આધારે જીવવા ટેવાઈ ગયેલી. પુસ્તકોનાં નામ, શબ્દોના અર્થ અને જોડણી, વિવિધ વિષયોની વિગત વગેરે માટે એમને પૂછપરછ કરતી. હું તેમને કહેતી કે તમારી પાસેથી બધું તૈયાર મળે છે તેથી મને શબ્દકોષ જોવાની ટેવ છૂટી ગઈ છે. હું તો સાવ ઠોઠ રહીશ. ત્યારે એ કહેતા કે સંયોગો બધું શીખવે છે.

શાળા અને કૉલેજમાં વિદ્યાર્થી તરીકે રમણભાઈ તેજસ્વી કારકિર્દી ધરાવતા હતા. એ દિવસોમાં ફર્સ્ટ ક્લાસ મેળવવો બહુ મુશ્કેલ, પરંતુ

મેટ્રિકની પરીક્ષામાં ૧૯૪૪ માં તેમણે ફર્સ્ટ કલાસ મેળવ્યો. ૧૯૫૦ માં ગુજરાતી અને સંસ્કૃતના વિષય સાથે એમ.એ.માં પ્રથમ આવવા માટે તેમને બળવંતરાય ઠાકોર સુવર્ણચંદ્રક તથા કેશવલાલ હ. ધ્રુવ પારિતોષિક પ્રાપ્ત થયા, ઝેવિયર્સ કૉલેજમાં એમ. એ. અને એમ.એસસી.ના વિદ્યાર્થીઓમાં પ્રથમ આવવા માટે 'સંત ફ્રાન્સિસ ચંદ્રક' મળ્યો. એમ.એ.ની પરીક્ષામાં એમના ભાષા વિજ્ઞાનના પેપરમાં એક પણ ભૂલ નહોતી. તેમના અક્ષર સુંદર અને લખાણ સ્વચ્છ. તેથી એ પેપરના કડક પરીક્ષક પ્રકાંડ વિદ્વાન વિષ્ણુભાઈ ત્રિવેદીએ ૯૪ માર્ક્સ આપ્યા. પછીથી જ્યારે એમની સાથે મુલાકાત થઈ ત્યારે પોતાનો આનંદ અને સંતોષ વ્યક્ત કરતાં તેમણે કહ્યું, 'મારી જિંદગીમાં મેં આવું, એક પણ ભૂલ વિનાનું પેપર જોયું નથી! માર્ક્સ ક્યાં કાપવા એ મૂંઝવણ હતી તેથી એક પ્રશ્નનો એક એક ઓછો કરી ૯૪ માર્ક્સ મેં આપ્યા.' રમણભાઈને જીવનમાં પણ સફળતા મળે એવા આશીર્વાદ પણ એમણે આપ્યા. પછીના વર્ષોમાં રમણભાઇએ પોતાનું એક પુસ્તક વિષ્ણુભાઈ અને તેમનાં પત્નીને અર્પણ કર્યું ત્યારે ખુશી વ્યક્ત કરતાં વિષ્ણુભાઈએ લખ્યું કે અમે તો આજનો દિવસ ઉત્સવની જેમ મનાવ્યો.

આવેશ કે ઉશ્કેરાટ તેમના સ્વભાવમાં નહોતા. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં સ્વસ્થતા જાળવી શકે એ ગુણ અભ્યાસકાળ દરમિયાન તેમણે કેળવ્યો. એમ.એ. ભણતા હતા ત્યારે તેમણે બહુ મહેનત કરી ભાષાશાસ્ત્રની ફાઇલ બનાવી. એક વિદ્યાર્થી એક બે દિવસમાં જોઇને આપી દઇશ એમ કહી લઈ ગયો. પરીક્ષા પતી ત્યાં સુધી તેણે પાછી આપી નહિ. તેમાંથી તૈયાર થઈને તેણે પરીક્ષા આપી. રમણભાઈએ ચિંતા કર્યા વિના સ્વસ્થતાથી પરીક્ષા આપી. અને પેલા વિદ્યાર્થી કરતાં વધારે માર્ક્સ લઈ આવ્યા. પછીના જીવનમાં પણ કપરી કસોટીના પ્રસંગે સમતાભાવ રાખતા અને કુનેહપૂર્વક પરિસ્થિતિ સંભાળી લેતા.

એમ.એ.ની પરીક્ષામાં પ્રથમ આવવાને કારણે રમણભાઈ પત્રકારની નોકરી છોડી ૧૯૫૧ માં સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં અધ્યાપક તરીકે જોડાયા. કોલેજે ૧૯૫૪-૫૫માં અમદાવાદમાં સેન્ટ ઝેવિયર્સ કૉલેજ શરૂ કરવા અધ્યાપક તરીકે તેમને લોન સર્વિસ માટે મોકલ્યા. અમદાવાદમાં પંડિત સુખલાલજી અને મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજના પવિત્ર સંપર્કને કારણે પ્રાકૃત, અપભ્રંશ, જૂની ગુજરાતીનો તેમણે અભ્યાસ કર્યો. અને પીએચ.ડી. માટે 'નળદમયંતીની કથાનો વિકાસ' વિષય પસંદ કર્યો. એક વર્ષ ત્યાં રહી પાછા મુંબઈ આવ્યા. લખવાનું કામ શરૂ કર્યું પરંતુ કોલેજના વર્ગો, N.C.C. ની પરેડ, એમ.એ.ના વર્ગો, ઇતર લેખનપ્રવૃત્તિ વગેરેને કારણે એ જલ્દી લખી શક્યા નહિ. સારા નસીબે ૧૯૬૦ના જૂનમાં શત્રુંજયની જાત્રાએ ગયા. આદીશ્વર ભગવાનને તેમણે પ્રાર્થના કરી, બાર મહિનામાં મહા નિબંધ લખાઈ જાય એવા આશીર્વાદ માગ્યા. મુંબઈ આવ્યા ત્યારે આશ્ચર્યજનક ઘટના બની. કૉલેજના પ્રિન્સિપાલ ફાધર ડીકુઝને તેમણે પોતાની વાંચવાની અગવડની વાત કરી. ફાધરે તેમને રાત્રે મોડે સુધી સ્ટાફરૂમમાં બેસીને વાંચવાની સગવડ કરી આપી. રાત્રે આખી કૉલેજમાં અંધારું હોય. નીચે માત્ર ચોકીદાર હોય. સ્ટાફરૂમમાં સાંજે આઠથી રાત્રે બે વાગ્યા સુધી એકલા બેસીને લખે. સડસડાટ એમની પેન ચાલે, એક શબ્દનો ફેરફાર કરવો ન પડે. એ ખૂબ ઉત્સાહભેર કહેતા કે કોઈ અદૃશ્યપણે લખાવી ન રહ્યું હોય ? તેવું લાગે. કોઈ દૈવી સહાય મળી. લખવાનું કામ બે મહિનામાં પૂરું થયું. યુનિવર્સિટીમાં ચાર કોપી આપવી પડે. એ સમયે ઝેરોક્ષની સગવડ શરૂ નહોતી થઈ. કાર્બન પેપર મૂકી ભાર દઇને લખવું પડતું. પરંતુ તેમણે અદમ્ય ઉત્સાહથી અને પુરુષાર્થથી એ કામ પણ કર્યું. તેમના ગાઇડ પ્રો. મનસુખલાલ ઝવેરી પોરબંદરમાં રહેતા. તેમને રમણભાઈના કામમાં પૂરી શ્રદ્ધા હતી તેથી તેમણે શોધ નિબંધ પર સહી કરી આપી. અને ૧૯૬૧માં તેમને પીએચ.ડી.ની ડિગ્રી મળી ગઈ. આ પ્રસંગને લીધે એમની ધર્મશ્રદ્ધા અનેકગણી વધી ગઈ. ૧૯૬૩ માં પીએચ.ડી.ના માર્ગદર્શક તરીકે તેમની નિમણૂંક થઈ. ફાગુ, ખંડકાવ્ય જેવા ગુજરાતી સાહિત્યના જુદા જુદા વિષયો, ગીતા, રામાયણ, મહાભારત, સ્વામીનારાયણ સંપ્રદાય અને જૈન ધર્મના જુદા જુદા વિષયો, ચંદરાજાનો રાસ, જયશેખરસૂરિ વગેરે વિવિધ વિષયો, પરના શોધનિબંધો તેમણે તૈયાર કરાવ્યા. દરેક થિસિસની વિગતો ઝીણવટપૂર્વક વાંચીને સુધારતા. ખૂબ ભાવથી, ચીવટથી દરેક વિદ્યાર્થીને માર્ગદર્શન આપતા. તેમણે પહેલી થિસિસ શ્રીમતી સરયૂબેન મહેતાને 'શ્રીમદની જીવનસિદ્ધિ' પર કરાવી. ઘણાં કપરા સંજોગો વચ્ચે પણ શ્રદ્ધાથી અને અદમ્ય ઉત્સાહથી કરાવી. તેમણે અઢાર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું. જુદા જુદા વિષયોને કારણે તેમને પોતાને પણ ઘણો લાભ થયો. જરૂરિયાત પ્રમાણે દરેક વિષયનું પહેલેથી વાંચી લેતા જેથી માર્ગદર્શન આપવામાં સરળ રહે. પીએચ.ડી. માટે દિવસ નક્કી રાખતા. વારાફરતી એક પછી એક વિદ્યાર્થીઓ આવતા ઘરે જાણે પીએચ.ડી.ના કલાસ ચાલતા હોય તેવું લાગે. યુનિવર્સિટીના નિયમ પ્રમાણે નિવૃત્ત થયા પછી કોઇપણ વિદ્યાર્થીને માર્ગદર્શન આપી ન શકાય. નિવૃત્ત થયા પહેલાં કોઇએ રજિસ્ટર કરાવ્યું હોય તો તે પૂરું કરી શકે. કેટલાકે એ રીતે રજિસ્ટર કરાવ્યું.

એક સુખદ અને યશ અપાવનારી ઘટના બની. શ્રી રાકેશભાઈ ઝવેરીને શ્રીમદ્ રાજચંદ્ર લિખિત 'શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર' પર શોધનિબંધ લખવો હતો. તેમની ઇચ્છા રમણભાઇના માર્ગદર્શન સાથે લખવાની હતી. પરંતુ રમણભાઈ નિવૃત્ત હોવાના કારણે કરાવી ન શકે. ઘણા વિચારને અંતે, મહેનતને અંતે તેમને માર્ગ મળ્યો. યુનિવર્સિટીને અરજી કરી, રમણભાઇ જ આ વિષય પર કરાવી શકે છે એ વાત તેમાં તેમણે રજૂ કરી. અને રજા આપવા વિનંતી કરી. આ બધી કાર્યવાહીમાં લગભગ દોઢ બે વર્ષ નીકળી ગયા. પરંતુ રાકેશભાઇએ શ્રદ્ધાપૂર્વક મહેનત ચાલુ રાખી. સદ્ભાગ્યે યુનિવર્સિટીએ રજા આપી. રમણભાઈએ રાકેશભાઈને માર્ગદર્શન આપ્યું. ખૂબ વિગતે ચાર ભાગમાં શોધનિબંધ લખાયો. શ્રી રાકેશભાઇને ડિગ્રી મળી. કામ સુંદર, સંપૂર્ણ રીતે અને સંતોષપૂર્વક પાર પડ્યું. શ્રી રાકેશભાઈ જેવી વિશિષ્ટ વ્યક્તિ સાથે કામ કરવાનું થયું તેને રમણભાઈ પોતાનું સદ્ભાગ્ય સમજતા હતા. આ શોધનિબંધને કારણે પૂ. રાકેશભાઇના વિશાળ અનુયાયી વર્ગ સાથે-વિશાળ પરિવાર સાથે ઘનિષ્ઠ સંબંધ બંધાયો. 'શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ' ધરમપુરમાં રમણભાઈ 'સર'નું લાડીલું અને માનભર્યું સંબોધન પામ્યા.

છેલ્લા કેટલાક વર્ષોમાં પીએચ.ડી. માટે જૈન ધર્મના વિષયો લેવાનું વલણ વિદ્યાર્થીઓમાં વધ્યું છે. એક હવા ઊભી થઈ છે. રમણભાઇના હાથ નીચે પીએચ.ડી. થયેલા વિદ્યાર્થીઓ પોતે પીએચ.ડી.ના ગાઈડ બન્યા છે. ગહન અભ્યાસ કરીને બને તેટલું ઉત્તમ લખવાના પ્રયત્નો થઈ રહ્યા છે.

રમણભાઈ વિદ્યાર્થીપ્રિય અધ્યાપક હતા. મુંબઈની ઝેવિયર્સ કોલેજમાં વિદ્યાર્થીઓની અધ્યાપક તરીકે ચાહના તેમણે ખૂબ મેળવી. અધ્યાપનના વ્યવસાયને વફાદાર રહ્યા. પ્રસન્નચિત્ત, પુરુષાર્થી, પ્રેમાળ અને મદદ કરવામાં તત્પર એવી વિશેષતાને કારણે મુંબઇની ઝેવિયર્સ કૉલેજે ૧૯૫૪-૫૫ માં અમદાવાદની ઝેવિયર્સ કૉલેજ શરૂ કરવા તેમને મોકલ્યા ત્યાં પણ તેમણે અધ્યાપકો અને વિદ્યાર્થીઓની સારી ચાહના મેળવી. ત્યાં એક વિચિત્ર ઘટના બની. થોડા દિવસ માટે રમણભાઈ મુંબઇ આવ્યા ત્યારે એક વિદ્યાર્થીએ ટીખળ કરવાના હેતુથી અમદાવાદના વર્તમાનપત્રમાં મૃત્યુનોંધમાં રમણભાઇના અવસાનના અને શોકસભાના સમાચાર છપાવ્યા. એ વાંચીને કૉલેજમાં ઊંડા શોકનું વાતાવરણ છવાઈ ગયું. નિયત સમયે લોકો સભામાં આવવા લાગ્યા. અમદાવાદની

ઝેવિયર્સમાં તે વખતના ઇકોનોમિક્સના પ્રોફેસર અને પછીના વર્ષોમાં ગુજરાતના ચીફ મિનિસ્ટર તે પ્રો. ચીમનભાઈ પટેલને રમણભાઈ પ્રત્યે બહુ સદ્‌ભાવ હતો. બન્ને સારા મિત્રો હતા. તેમને આ ઘટના વિશે શંકા ગઈ. તેમણે પોતાના મિત્રને મુંબઇમાં તાબડતોબ ફોન કરી રમણભાઈના ક્ષેમકુશળતાના સમાચાર મેળવ્યા, અને એ શુભ હકીકત શોકસભામાં જાહેર કરી. શોકસભા આનંદસભામાં ફેરવાઈ ગઈ. એ પછી બધાંનું ધ્યાન ગયું કે એ દિવસ પહેલી એપ્રિલનો હતો. પ્રિન્સિપાલે આવી ક્રૂર મશ્કરી કરવા બદલ વિદ્યાર્થીને ઠપકો આપ્યો. વિદ્યાર્થીએ કહ્યું કે મારે મોટી સંખ્યામાં લોકોને મૂર્ખ બનાવવા હતા. અત્યંત લોકપ્રિય હોય, વિદ્યાર્થીપ્રિય હોય એવી વ્યક્તિ પસંદ કરું તો લોકો આવે. એ માટે મેં રમણભાઈને પસંદ કર્યા.

માત્ર ગુજરાતી જ નહિ અન્ય ધર્મ અને જાતિના કે દેશના વિદ્યાર્થીઓને પણ તેમના પ્રત્યે માન હતું. ૧૯૭૯માં બ્રાઝિલમાં રીઓડી જાનેરોમાં P.E.N. કોન્ફરન્સમાં ભારતના પ્રતિનિધિ તરીકે અમે ગયાં ત્યારે લીસ્ટમાં પ્રો. શાહનું નામ વાંચી સાવપાઉલોથી એક વિદ્યાર્થીનો ફોન આવ્યો. ફોનમાં અવાજ સાંભળીને કહ્યું તમે પ્રો. શાહ છો ? મેં મુંબઇની સેન્ટ ઝેવિયર્સમાં તમારા હાથ નીચે N. C. C. ની તાલીમ લીધી છે. હું તમને મળવા માગું છું. આ સાંભળી અમને બહુ આનંદ થયો. અમે ખૂબ ભાવથી તેને મળ્યાં. સાવપાઉલોમાં હોટેલ હિલ્ટનમાં અમને ઉતાર્યા. સાવપાઉલો તથા આજુબાજુ વિસ્તારમા ફેરવ્યા. અમને ઘરે લઈ જઈ કુટુંબીજનો સાથે જમાડ્યાં. અને અમારી ખૂબ મહેમાનગતિ કરી.

૧૯૭૪ માં ઇસ્ટ આફ્રિકામાં કેનિયામાં નકુરુ શહેરમાં દેરાસરના ખાત મૂહૂર્ત માટે જૈન સંઘે રમણભાઈને આમંત્ર્યા હતા. કાર્યક્રમ પૂરો થયા પછી મંચ પરથી રમણભાઈ ઊતરે એ પહેલાં જ એક હબસી વિદ્યાર્થી ખૂબ પ્રેમથી તેમને ભેટી પડ્યો. રમણભાઇએ એ સમારંભમાં પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે ચામડીનો રંગ કાળો કે ગોરો હોઈ શકે પણ ચામડી નીચે બધાના લોહીનો રંગ લાલ છે. માટે રંગભેદ નાબૂદ કરવો જોઇએ. એ વિદ્યાર્થીને આખું વક્તવ્ય ખૂબ ગમી ગયેલું. સદ્‌નસીબે એ વખતે ત્યાં આવેલા ત્યાંના ગવર્નરે પણ રમણભાઇનો ઉલ્લેખ કરી આ વાતને સમર્થન આપ્યું. આ વક્તવ્યને કારણે પોતાનો ઉમળકો દર્શાવવા તે રમણભાઇને ભાવથી ભેટી પડ્યો અને કહ્યું, હું મુંબઇની ઝેવિયર્સ કૉલેજમાં N.C.C. માં તમારો વિદ્યાર્થી હતો. આવા પ્રસંગો ઘણા બનતા. ભારતમાં અને ભારતની બહાર તેમને વિદ્યાર્થીઓનો પ્રેમ બહુ મળ્યો છે.

તેમનાં કેટલાંક વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ મુંબઈ અને મુંબઇની બહારની કૉલેજોમાં ગુજરાતીના અધ્યાપક છે. રમણભાઈ મુંબઈ યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ હતા ત્યારે વર્ષમાં બે વાર અધ્યાપક મિલન ગોઠવતા. તેઓ નિવૃત્ત થનાર અધ્યાપકને વિદાયમાન અને નવા અધ્યાપકને આવકાર આપતા. તેમાં અધ્યયન અધ્યાપનના પ્રશ્નોની અથવા સાહિત્યને લગતા કોઈ વિષય પર ચર્ચા ગોઠવતા. કોલેજમાં નવા જોડાનાર તેમાં ભાગ લે તેનું ખાસ ધ્યાન રાખતા. અધ્યાપકોમાં રમણભાઇના વિદ્યાર્થીઓની ત્રણ પેઢી હોય. એક પરિવારની જેમ આખોય સમારંભ ઉત્સાહ અને આનંદથી છલકાતો અને સંપન્ન થતો. ફરી મળવાની ઉત્સુકતા સાથે પ્રસન્નવદને બધાં છૂટા પડતા.

કોઈ શુભ ઘડીએ પચ્ચીસ વર્ષની ઉંમરે રમણભાઈ મુંબઈ જૈન યુવક સંઘના સભ્ય બન્યા અને થોડા વર્ષોમાં કારોબારીના સભ્ય પણ બન્યા. તેમાં જિંદગીના અંત પર્યંત કોઈ ને કોઈ પદે ચાલુ રહ્યા. પૂ. પરમાનંદભાઈની નજર કોઈ તરવરાટવાળી અને સિદ્ધાંતવાદી વ્યક્તિની શોધમાં રહે અને મળે ત્યારે તેને સંઘમાં જોડી દે. અમારી સગાઈ પછી રમણભાઈને તેમણે યુવક સંઘમાં જોડી દીધા. એ વખતની કારોબારી સમિતિ એટલે ગાંધી ટોપીનું સામ્રાજ્ય. મોટા ભાગના સભ્યો એ ટોપીવાળા અને સિદ્ધાંતવાદી હતા. મણિલાલ મોકમચંદ શાહ, રતિભાઈ કોઠારી, પરમાનંદભાઈ કાપડિયા, દીપચંદભાઈ સંઘવી, ટી. જી. શાહ અને ચંચળબહેન, ધીરજલાલ ધનજીભાઈ શાહ, મારા પિતાશ્રી દીપચંદભાઈ શાહ, લીલાવતીબેન દેવીદાસ, વેણીબેન કાપડિયા, જશુમતીબેન કાપડિયા, મેનાબેન, ચીમનલાલ જે. શાહ, ડૉ. વ્રજલાલ ધરમચંદ મેઘાણી વગેરે. યાદી લાંબી છે તેથી ટૂંકાવું છું. ચીમનલાલ ચકુભાઈ થોડા મોડેથી જોડાયા. એ વખતની કારોબારીમાં પરસ્પર કુટુંબીજનો હોય તેવી લાગણી હતી. અત્યારે છે તેવી ઇતર પ્રવૃત્તિ બહુ થોડા પ્રમાણમાં હતી. છતાં પોતાપણાનો એક અનોખો માહોલ હતો. એકબીજાના સારા નરસા પ્રસંગે મદદ કરતા. અમારા લગ્ન વખતે પૂ. પરમાનંદભાઈ અને વિજયાબહેને, પૂ. ટી. જી. શાહ અને ચંચળબહેને પોતાની દીકરી પરણતી હોય તેવા ભાવથી ભાગ લીધો. દરેક જણ સુખ કે દુ:ખના પ્રસંગે પરસ્પર ખૂબ મદદ કરતા. દરેકને ધરપત રહેતી કે આપણે એકલા નથી.

પૂ. ચીમનલાલ ચકુભાઈ અને પૂ. પરમાનંદભાઈ કોઈ પણ લખાણ તૈયાર કરે ત્યારે રમણભાઈને વંચાવે, નવી પ્રવૃત્તિ શરૂ કરવાની હોય ત્યારે પણ તેમની સાથે ચર્ચા કરે. નામાંકિત, કોઈ વિશિષ્ટ કે વિદ્વાન વ્યક્તિને મળવા જવાનું હોય ત્યારે તેમને સાથે લઈ જાય. આમ, આવા વડીલોનો સ્નેહ રમણભાઈ સહજપણે સંપાદન કરી શક્યા. ૧૯૭૨માં પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રમુખ તરીકે સર્વાનુમતે તે પસંદ થયા. વ્યાખ્યાનમાળા વધુ ને વધુ લોકપ્રિય થતી ગઈ. આ વ્યાખ્યાનમાળામાં સ્થાન મળે તેને વક્તાઓ પોતાનું ગૌરવ સમજતા.

સંસ્થા અને વ્યક્તિ બન્ને એકબીજાને ઉપકારક છે. સંસ્થામાં કામ કરીને વ્યક્તિ ઘડાય છે તેને સંસ્થાનું પીઠબળ મળે છે. સંસ્થાના મોટા નામનો એને લાભ મળે છે. સંસ્થાના વડીલોનું માર્ગદર્શન મળે છે. સંસ્થાનાં વિચારપૂર્વક અને સહીયારી રીતે ઘડાયેલા નીતિનિયમોનો સહારો મળે છે. તો બીજી બાજુ વ્યક્તિના સારાં કામથી સંસ્થા વધુ ઉજ્જવળ બને છે. તેની નામના ચારેબાજુ પ્રસરે છે. રમણભાઈને અહીં વડીલોનું વાત્સલ્ય અને પીઠબળ મળ્યું. ૧૯૮૨ માં પૂ. ચીમનભાઈના સ્વર્ગવાસ પછી સર્વાનુમતે સંઘના પ્રમુખ તરીકે તેમની વરણી થઈ. પ્રમુખસ્થાને આવ્યા પછી જુદા જુદા પ્રકારે માનવસેવાની અને ખાસ કરીને કેટલીક સંસ્કારલક્ષી પ્રવૃત્તિઓ શરૂ થઈ. અમારું ઘર જાણે યુવક સંઘની નાની ઑફિસ બની ગયું. રમણભાઈના માર્ગદર્શનથી આ પ્રવૃત્તિઓ સારી રીતે થતી કારણ સમિતિના સભ્યોનો ઉત્સાહપૂર્વકનો પૂરો સહકાર, કામની સંપૂર્ણ જવાબદારી લેવાની તેમની તત્પરતા અને એ પ્રવૃત્તિ માટે ફંડ એકઠું કરવાની તકેદારી હતી. દરેક વ્યક્તિ પોતાને ફાળે આવેલી પ્રવૃત્તિ ખંતથી કરે. ચીવટથી કરે. આ કારણે સંસ્થાની છબી વધુ ઉજ્જવળ થતી ગઈ. વર્ષો પહેલાં રમણભાઈએ એક નવી પ્રવૃત્તિ શરૂ કરી. જેમણે વિદેશ પ્રવાસ ન કર્યો હોય અને કરવાની શક્યતા ઓછી હોય તેવી વ્યક્તિઓમાં પ્રોફેસર, પત્રકાર, સમાજસેવક, સંગીતકાર વગેરેને પસંદ કરી પંદર પંદર વ્યક્તિઓના બે ગ્રુપને તેમને માટે દાતાઓ શોધી પરદેશના પ્રવાસે મોકલ્યા હતા. એ જ રીતે વૃદ્ધોને યાત્રા પ્રવાસે મોકલવાની યોજના પણ વિચારી. કેટલાક સભ્યો એ જ વખતે નાણા આપવા તૈયાર થયા. પરંતુ સર્વાનુમતે ઠરાવ પસાર થાય તો જ આગળ વધવું તેવો પ્રમુખ તરીકે તેમનો આગ્રહ હતો. જો એકાદ વ્યક્તિનો વિરોધી સૂર હોય તો પ્રવૃત્તિ આગળ વધારતા નહિ. તેથી તે પ્રવૃત્તિ થઈ નહિ. તેમણે શરૂ કરેલી ખૂબ મહત્ત્વની પ્રવૃત્તિ તે પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમ્યાન ગુજરાતના પછાત ગ્રામ વિસ્તારમાંની કોઈને

કોઈ સંસ્થા માટે ફંડ એકઠું કરી તેને મદદ કરવાની હતી. આ પ્રવૃત્તિમાં ઉત્તરોત્તર સફળતા મળી. અત્યાર સુધીમાં લગભગ અઢી કરોડ જેટલી રકમનું દાન લોકોએ કર્યું.

વિવિધ લોકોપયોગી અને ઉત્તમ પ્રવૃત્તિઓને કારણે સંસ્થાની સુવાસ પ્રસરવા લાગી. યુવક સંઘને કારણે રમણભાઈનો, પોતાનો વિકાસ ઘણો થયો. 'પ્રબુદ્ધ જીવન'ના અગ્રલેખો નિમિત્તે સાહિત્ય અને ધર્મનો ઊંડો અભ્યાસ થયો જે તેમના ચારિત્ર્ય વિકાસમાં બહુ ઉપકારક થયો. તેમના લેખો 'દીપચંદ ત્રિભોવનદાસ શાહ પુસ્તક પ્રકાશન ટ્રસ્ટ'માંથી પુસ્તક રૂપે છપાયા. પુસ્તકો અને કેસેટો પરદેશ પહોંચી. તેમનું મિત્ર વર્તુળ વિકસતું ગયું. સંઘના પ્રમુખપદથી મુખ્ય લાભ એ થયો કે સંઘની દરેક વ્યક્તિ તેમને પ્રેમથી, સદ્ભાવથી, સન્માનથી અવિરોધીપણે જુએ અને મૂલવે છે. વડીલોના આશીર્વાદ અને સમવયસ્કનો પ્રેમ તે તેમનું મોટું સદ્ભાગ્ય છે, મોટી ઉપલબ્ધિ છે.

સંઘના મેનેજર શ્રી મથુરાદાસ ટાંક અને કર્મચારીગણ પણ તેમના પ્રત્યે ખૂબ લાગણી રાખે છે. કર્મચારીઓના હિતને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવાનું તેમનું વલણ હતું. યુવક સંઘમાં કાર્યવાહક સમિતિ એકમતથી કામ કરે છે. બને તેટલું સારું થાય તેને માટે પ્રયત્નો કરે છે. પ્રભુને પ્રાર્થના કરીએ કે આ રીતે તેનો ઉત્તરોત્તર વિકાસ થતો રહે.

અમારા વડીલો પ્રત્યે તો આદરમાન હોય જ પરંતુ કોઇપણ વૃદ્ધજનો પ્રત્યે રમણભાઈ માનની લાગણીથી જુએ. મારા સાસુ પૂ. રેવાબા અને પૂ. સસરા સ્વ. ચીમનલાલ અમૃતલાલ શાહ માટે તેમણે લખેલા અંજલિ લેખો ઘણાને પ્રેરણારૂપ બન્યા છે. રમણભાઈ મારાં દાદા, મારાં નાની, અને મારાં માતા-પિતા પ્રત્યે ખૂબ આદર ધરાવતા. મારાં માતા-પિતાની માંદગીમાં તેમની ખૂબ સંભાળ લીધી તેથી મારા બા ખૂબ પ્રસન્ન થઇને કહેતા કે ભગવાનને પ્રાર્થના કરું છું કે ભવોભવ મને આ જમાઈ મળે. ત્યારે હું હસતાં હસતાં કહેતી કે 'સાથે મને નહિ માગો ?'

રમણભાઇ પુણ્યશાળી હતા. અમારા બન્નેના કુટુંબીજનોનો સ્નેહાદર પામ્યા. અમારા બન્ને વેવાઈઓ તેમને પરમ મિત્ર અને સ્નેહી-સ્વજન માને છે. અમેરિકામાં વસતા, ઘણે દૂરથી પણ અમારી અત્યંત પ્રેમપૂર્વક સંભાળ રાખતા અમારાં પુત્ર અને પુત્રવધૂ ચિ. અમિતાભ અને સૌ. સુરભિ અને અહીં અમારી નજીક રહેતાં દીકરી અને જમાઈ સૌ. શૈલજા અને ચિ. ચેતનભાઈ અમારા આ ચારે સંતાનો અમારા માટે ઈશ્વરના આશીર્વાદરૂપ છે. અમારી નજીક રહેતાં હોવાથી શૈલજા અને ચેતનભાઈએ અમારી ઘણી જ સંભાળ લીધી. માંદગી દરમિયાન નાનાથી મોટામાં મોટી જરૂરિયાતનું ધ્યાન રાખ્યું. રમણભાઈના જીવનના અંતિમ સમયે શૈલજા તેમની પાસે હોવાથી તેમને થયેલા વિશિષ્ટ દર્શનના શબ્દોને સાંભળી શકી-તે તેનું મોટું સદ્ભાગ્ય.

રમણભાઇમાં વેપારી કુનેહ અને વહીવટી કુશળતા હતી. ધાર્યું હોત તો એક સફળ વેપારી બની શકત. પરંતુ જીવનવહેણ કંઈક વધુ શુભ અને સાત્ત્વિક કાર્ય અર્થે જુદી દિશામાં વળ્યું. શાળાના અભ્યાસ દરમિયાન આઝાદીની ચળવળને કારણે તેમનામાં દેશભક્તિ જાગી. સમય મળતાં પૂ. ગાંધીજી, કાકા સાહેબ વગેરેના જીવનલક્ષી સાહિત્ય અને ક. મા. મુનશી, ર. વ. દેસાઈ વગેરેની નવલકથાના વાંચનથી તેમની જીવનદૃષ્ટિ ઘડાઈ. મેટ્રિકની પરીક્ષામાં ગણિત અને વિજ્ઞાન પરીક્ષામાં અતિ ઉજ્જવળ પરિણામ છતાં કૉલેજમાં આર્ટ્સમાં ઍડમિશન લઈ B.A. અને M.A. માં ગુજરાતી અને સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ કરી સફળ અધ્યાપક બન્યા. એ સમય દરમિયાન આચાર્ય ઉદ્યોતનસૂરિ લિખિત 'કુવલયમાળા'નો અનુવાદ કરતાં જૈનધર્મનાં રહસ્યો જાણવાની તાલાવેલી લાગી. અને તે માટે પુરુષાર્થ આદર્યો. અધ્યાપન છોડી વેપાર કરી ઘણી વધારે કમાણી કરવાની ઘણી મોટી તક છતાં તેમણે તે કર્યું નહિ. તેમને વડીલોનો પણ આશીર્વાદ સાથે સહકાર મળ્યો. તેમની ધર્મશ્રદ્ધા, સિદ્ધાંતનિષ્ઠા અને લેખનશક્તિ જોઈને મારા સસરા અને મારા પિતા બન્નેએ તેમને વેપાર કરવાનું ઉત્તેજન ન આપ્યું-પરંતુ અધ્યાપન અને ધર્મસાહિત્યના લેખન માટે પ્રોત્સાહન આપ્યું. મારા પિતાશ્રીની પ્રબળ ઇચ્છા હતી કે તેમનાં લખાણો દ્વારા પરદેશમાં જૈન ધર્મનો પ્રચાર થાય. આજે એ ઇચ્છા ઘણે અંશે ફળી છે. મારા પિતાશ્રી દીપચંદભાઈ મુંબઈ જૈન યુવક સંઘના સક્રિય કાર્યકર્તા હતા અને સાત વર્ષ સુધી સંઘના મંત્રીપદે રહ્યા હતા. તેમના સ્વર્ગવાસ પછી મારા માતુશ્રી ધીરજબેને મોટી રકમ યુવક સંઘમાં આપી. સંઘે તે રકમમાંથી 'સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ શાહ પુસ્તક પ્રકાશન ટ્રસ્ટ' સ્થાપ્યું. આજે તેમાંથી લગભગ ૨૩ પુસ્તકો છપાયાં છે. પરદેશમાં રમણભાઇનાં પુસ્તકો સારી સંખ્યામાં વંચાય છે. મારા પિતાશ્રીનું સ્વપ્ન આ રીતે ફળ્યું છે. પ્રબુદ્ધ જીવનના લેખો અને તેનું સંપાદન, બીજા માસિકો, વર્તમાનપત્રો માટે જૈન ધર્મના લેખો અને પુસ્તકો લખવાનું કામ તેમણે માનાર્હ રીતે કર્યું છે. કદી તેમાંથી ધન ઉપજાવ્યું નથી. પોતાના પુસ્તકોની છૂટે હાથે લહાણી કરી છે. સંપ્રદાય કે ગચ્છ ભેદ જોયા વિના, કોઇ પણ ફીરકાના, અન્ય ધર્મના પણ સાધુ-સાધ્વીઓને, પંડિતોને, લેખકોને ધર્મમાં રસ લેતી કોઈપણ વ્યક્તિને તેમણે હોંશથી પુસ્તકો આપ્યાં છે. ઉપાધ્યાય યશોવિજયજી કૃત અધ્યાત્મસાર અને જ્ઞાનસાર, જિનતત્ત્વ, પ્રભાવક સ્થવિરો, તિવિહેણ વંદામિ, ભગવાન મહાવીરનાં વચનો, જિનવચન વગેરે પુસ્તકોની સાધુ-સાધ્વીઓમાં ખૂબ માગ છે, અને તેમણે ભાવપૂર્વક આ પુસ્તકો મોકલ્યાં છે. રમણભાઇના આ કાર્યને હું અમારું ઘણું મોટું સદ્ભાગ્ય સમજું છું. કોઇપણ વ્યક્તિ ધર્મની બાબતમાં અને પોતાના સુખદુ:ખ બાબત કંઈપણ પૂછે તો તે પૂછનાર વ્યક્તિને સંતોષ થાય તે રીતે શાંતિથી તેને સમજાવે, થાકે નહિ. રમણભાઈ કહેતા કે જ્ઞાનના ક્ષેત્રે ઉદાર રહેવું, આવડતું હોય તો કંઈ ગોપવવું નહિ. ઉદાર રહીએ તો જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય થાય.

ગુજરાતના ગામડાના એક અપંગ છોકરાએ ગુજરાતી પાઠ્ય પુસ્તકમાં 'પગરખાંનો ગોઠવનાર' વાંચીને આનંદ દર્શાવતો પત્ર રમણભાઇને લખ્યો. તેને રાજી કરવા 'પાસપોર્ટની પાંખે'ના ત્રણે ભાગ મોકલ્યા. એના ગામ બાજુ જવાની તક મળી ત્યારે પોતાની સાથેના મિત્રોને લઈ તેને ગામ જઈ તેને બને તેટલી સહાય કરી. આ પ્રસંગ તેના નાના ગામમાં ઉત્સવરૂપ બની રહ્યો. તાજેતરમાં વાંકાનેરથી શકીલ નામના વિદ્યાર્થીનો રમણભાઇના પાસપોર્ટની પાંખેના લેખના વખાણ કરતો પત્ર આવ્યો. તેને પણ ત્રણે ભાગ મોકલી આપ્યા. આ વિદ્યાર્થીએ તો પોતાના મિત્રોમાં આ પુસ્તકોને વંચાવ્યા. રમણભાઇના સ્વર્ગવાસની ખબર વર્તમાન પત્રમાં વાંચતા તેને ખૂબ દુ:ખ થયું અને તેણે પોતાનો શોક વ્યક્ત કરતો અને રમણભાઇને ભાવભરી અંજલિ અર્પતો પત્ર લખ્યો.

અત્યંત ગહન અને ગંભીર વિષય પર લખનાર અને શિસ્તપાલન આગ્રહી રમણભાઈ બાળકો સાથે પણ મુક્તમને રમી શકે. જાત જાતના જાદુની, પત્તાની, દોરીની, પથ્થરની રમતો બાળકોને શીખવે. બાળમાનસને બરાબર પારખે.

દસ વર્ષ પહેલાં અમારા નવ વર્ષના દોહિત્ર કૈવલ્યના જન્મદિનની પાર્ટીમાં અમે બન્ને અમારા ચાર વર્ષના પૌત્ર અર્ચિતને લઇને અમારી દીકરી શૈલજાને ત્યાં ગયાં. જુદી જુદી રમતો રમવા નવ વર્ષના કૈવલ્યના મિત્રો જોડીમાં ગોઠવાઈ ગયા. અર્ચિત એકલો પડી ગયો. રમણભાઈ તેની મૂંઝવણ સમજી ગયા. ઊભા થઈ તેની પાસે જઈ તેના જોડીદાર બની ગયા. અર્ચિત ખૂબ ખુશ થયો. રમત ઠીક ઠીક સમય સુધી ચાલી જાતજાતની રમત-દોડવાની, ખો દેવાની, ગાવાની, ડાન્સ કરવાની,

સ્ટેચ્યુ થવાની વગેરે રમતોમાં ચાર વર્ષનો પૌત્ર અને ૬૭ વર્ષના દાદાજી ઉત્સાહથી રમ્યા. ત્યાં બેઠેલા બધાંને જોવાની બહુ મજા પડી. અમારે સહુને મન આંખનો ઉત્સવ બની રહ્યો. અર્ચિતના આનંદનો તો કોઈ પાર નહિ. બાળક ગમે તેટલું નાનું હોય તોપણ રમણભાઈ તેને સાચવી શકે. અમેરિકામાં માત્ર પાંચ દિવસના અર્ચિતને પોતાના ખોળામાં સુવાડી સામાયિક કરે, નાની ગાર્ગીને, હીંચકે બેસી ખોળામાં સુવાડી ભક્તામર ગાય. બાળકોને ગીતો ગાઈ નવરાવે, ખવરાવે, સૂવરાવે. પૂજા કરવા લઈ જાય. આ બધી ક્રિયાઓએ તેમના જીવનને ઉત્સાહ અને આનંદથી ભરી દીધું હતું. બાળકો તેમની પાસે ન હોય ત્યારે તેમનું સ્મરણ કરીને આનંદને વાગોળે.

તેમનામાં રમૂજવૃત્તિ ભારોભાર હતી. તેમની રમૂજમાં ક્યાંય દ્વેષ કે ડંખ ન હોય, માત્ર નિર્દોષ આનંદ હોય. પૂનામાં ભરાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદમાં તેના પ્રમુખ પૂ. કે. કા. શાસ્ત્રીનો પરિચય તેમણે એટલો રમૂજી રીતે આપ્યો કે પૂ. કે. કા. શાસ્ત્રી વિશે કરેલાં દરેક વિધાનને તાળીઓના ગડગડાટ સાથે આખી પરિષદે માણ્યો. મીઠી રમૂજ દ્વારા શાસ્ત્રીજીના વિવિધ ઉત્તમ પાસાને તેમણે ઉચિત રીતે બિરદાવ્યા. એ પરિચય સાંભળીને ત્યાં હાજર રહેલા શ્રી ઉમાશંકરભાઇએ રમણભાઇને કહ્યું કે આજે તમારી સર્જનશક્તિનું દર્શન સહુને થયું. ત્યાં બેઠેલા પ્રસિદ્ધ હાસ્યલેખકોએ પણ તેમને અભિનંદન આપ્યા. ઓલ ઇંડિયા રેડિયો મુંબઇએ રમણભાઈનું આખુંય વક્તવ્ય ગુજરાતી કાર્યક્રમમાં પ્રસારિત કર્યું.

કોઈ પણ સભામાં જ્યારે જ્યારે તક મળે ત્યારે કોઈ ભારેખમ વિષય વિશે બોલતા વખતે તેઓ શરૂઆતમાં જ કોઈ રમૂજ કરી વાતાવરણને જાગૃત અને હળવું બનાવી દેતા. રમૂજવૃત્તિને લીધે ભારેખમ લખ્યાનો ભાર તેમને વર્તાતો નહિ અને તે શાંતિથી વાંચી, વિચારી ઝડપથી લખી શકતા.

રમણભાઈને તેમના બાળપણથી ધર્મના સંસ્કાર મળ્યા તે તેમણે જીવનના દરેક ક્ષેત્રે સાચવ્યા. અધ્યાપનકાળ દરમિયાન અને જીવનના પછીનાં વર્ષોમાં પણ અધ્યયન અને લેખન માટે તેમણે સમયનો સદુપયોગ કર્યો. તેઓ સંપૂર્ણપણે સ્વાવલંબી હતા. લખાણ માટે પુસ્તકો શોધવાનું, સંદર્ભો જોવાનું, લખવાનું બધું કામ જાતે કરતા. ઘરની વિશાળ લાયબ્રેરીમાં પુસ્તકોનાં નામ, લેખકોનાં નામ અને વિષયોની તેમને જાણકારી અનન્ય હતી. તેમની સમજશક્તિ, ગ્રહણશક્તિ અને સ્મરણશક્તિ પ્રશસ્ય હતી. તેમની વ્યવસ્થાશક્તિ પણ અનોખી હતી. એકલા હાથે એક સાથે ચાર-પાંચ કામ કરી શકતા. રાઇટિંગ ટેબલ પર પ્રબુદ્ધ જીવનના લેખની તૈયારી, એક હીંચકા પર જ્ઞાનસારના જેવા પુસ્તકોના અનુવાદના પાના પડ્યા હોય, સોફા પર નિશાનીની ચબરખી સાથે ખુલ્લાં પુસ્તકો હોય, બીજા હીંચકા પર ટપાલના જવાબો, પલંગ પર પ્રૂફના કાગળો, ડાઇનિંગ ટેબલ પર અન્યત્ર મોકલવા માટેના લેખ કે કોઈ પુસ્તકની પ્રસ્તાવનાના કાગળો પડેલા હોય. પુસ્તકો તો લગભગ બધાં જ રૂમમાં હોય. અમારું આખુંય ઘર અભ્યાસખંડ બની જાય. અઘરા તાત્ત્વિક વિષયના લેખો પણ બહુ ઝડપથી પૂરા કરી શકતા. ૭૮ વર્ષની ઉંમરમાં આટલો બધો પ્રવાસ કરવા છતાં તેઓ આવું વિપુલ, સત્ત્વશીલ, મૂલ્યનિષ્ઠ સાહિત્ય સર્જી શક્યા. તે મારે મન અત્યંત ગૌરવ લેવા જેવી હકીકત છે.

રમણભાઈ જીવનમાં ભૌતિક સિદ્ધિઓ કરતાં આધ્યાત્મિક સિદ્ધિ માટે વધુ પ્રયત્નશીલ રહ્યા તે તેમનું વિશાળ વાંચન અને તેને કારણે સર્જાયેલું સાહિત્ય તેની સાક્ષી પૂરે છે. સંયમ, સ્વસ્થતા, સમતા, નિસ્પૃહતા અને પ્રસન્નતાને કારણે તેમનું ચિત્ત નિર્મળ રહેતું. વિષયને ઝડપથી વિચારીને લખી શકતા. જૈન ધર્મ અને તત્ત્વજ્ઞાન વિષયક લેખો લખતાં પહેલાં, ગચ્છ કે ફીરકાના ભેદભાવ રાખ્યા વિના, પૂર્વ તૈયારી રૂપે જેટલાં બને તેટલાં વધુ પુસ્તકો વાંચે, અને બને તેટલા બધા જ મુદ્દાને આવરી લે તે રીતે શાસ્ત્રીય અવતરણો આપીને વિગતે લેખ લખે. સમન્વય એ તેમના લખાણોનું મહત્ત્વનું લક્ષણ છે. વિરોધી વિધાનોમાં પણ અવિરોધ પ્રગટે તેવી રીતે સમન્વય કરતા. કેટલા બધા અને કેટલા મહત્ત્વના વિષયો પર તેમણે લખ્યું છે તે 'જિનતત્ત્વ'ના આઠ ભાગની વિષય સૂચિ અને સાંપ્રત સહચિંતનના ૧૪ ભાગની વિષય સૂચિ જોઈએ ત્યારે જ ખ્યાલ આવે. એટલા માટે જ પરદેશમાં પણ અભ્યાસીઓ નાના નાના જૂથમાં મળે ત્યારે સ્વાધ્યાય અર્થે આ પુસ્તકો વાંચે છે. આ લખાણો જૈન ધર્મના અભ્યાસીઓ, ધર્મપ્રેમીઓ, વિદ્વાનો તેમ જ સાધુ સમુદાયમાં ખૂબ વંચાય છે. કેટલાક સાધુ મહારાજો આવા લેખોની ફાઈલ કરે છે. જો કે હવે બધાં લખાણો પુસ્તક રૂપે છપાયાં છે.

'પુદ્ગલ પરાવર્ત' અને 'નિગોદ' જેવા સમજવા બહુ અઘરા એવા વિષયો પર તેમણે લેખ લખ્યા. મેં તેમને કહ્યું કે બહુ ઓછા લોકો આ વાંચશે, સમજશે. પરંતુ અમે બન્નેએ વિચાર કર્યો કે બધા જ સમજી શકે તેવો આગ્રહ રાખીએ તો આવા વિષયો પર લખાય જ નહિ. માટે અઘરા અને ઓછા ખેડાયેલા વિષયો પર પણ લખવું. તેને અધિકારી વર્ગ કે જ્ઞાનપિપાસુ વર્ગ તો વાંચશે. વળી લખનારને તો જરૂર લાભ થાય. વારંવાર મનન કરવાથી વિચારની સ્પષ્ટતા થાય અને અન્ય વાંચનાર તરફથી વિશેષ માર્ગદર્શન મળે એ ઘણો મોટો લાભ છે. અમારા આશ્ચર્ય વચ્ચે કેટલાય લોકોના ફોન આવ્યા કે ઘણા વખતથી નિગોદ જેવા વિષય માટે જાણવાની જિજ્ઞાસા હતી તે સંતોષાઈ છે. પ્રકાશભાઈ શાહે ફોન કરી કહ્યું કે મેં એ લેખ છવાર વાંચ્યો. કેટલાક પોતાના પત્રમાં લખે છે કે પ્રબુદ્ધ જીવનનો અગ્રલેખ તેઓ નિયમિત વાંચે છે. આ લખાણોને કારણે પરદેશમાં પણ 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકની સંખ્યા વધતી જાય છે.

જૈન ધર્મના લેખો માટે ૧૯૮૪ માં તેમને વિજયધર્મસૂરિ સુવર્ણચંદ્રક અને ૨૦૦૨ માં 'સમદર્શી આચાર્ય હરિભદ્રસૂરિ સુવર્ણચંદ્રક' મળ્યો.

રમણભાઈ મહાન લેખકની કૃતિનો અનુવાદ કરે ત્યારે એ શરૂ કરતાં પહેલાં લેખકને પ્રણામ કરે, તેમની સ્તુતિ કરે પછી લખવાનું ચાલુ કરે. ઉપાધ્યાય યશોવિજયજીની કૃતિનો અનુવાદ કરતાં પહેલાં ઉપાધ્યાયજીને પ્રણામ કરે. ઘણીવાર રમણભાઈ કહેતા કે હું જાણે ઉપાધ્યાયજીના સાન્નિધ્યમાં હોઉં, તેમની છત્રછાયામાં હોઉં અને તે મને પ્રેરણા આપતા હોય તેવો અનુભવ મને થાય છે. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ સાયલાના પ્રણેતા પૂ. લાડકચંદભાઈ વોરા-બાપુજીના કહેવાથી ઉપાધ્યાય યશોવિજયજીની બે મહાન કૃતિઓ 'અધ્યાત્મસાર' અને 'જ્ઞાનસાર' બન્નેના સંસ્કૃત શ્લોકોના ગુજરાતી અનુવાદ અને વિશેષાર્થ તેમણે અત્યંત સરળ ભાષામાં લખ્યા. બન્ને પુસ્તકો સાયલા આશ્રમમાં, અન્યત્ર અને વિદેશોમાં બહુ વંચાય છે. સાધુ-સાધ્વીઓ તરફથી તેની ઘણી માગ છે. આ બે કૃતિઓ રમણભાઈએ લખેલા જૈન સાહિત્યમાં શિરમોર સમાન છે. બન્ને ગ્રંથોના લેખનને કારણે તેમનું દર્શન વધુ સ્પષ્ટ થતું ગયું, વિકસતું ગયું. જ્ઞાનસાર લખતાં છેલ્લે છેલ્લે તેમની તબિયત થોડી કથળી. પરંતુ તબિયતને કેટલેક અંશે અવગણીને પણ કામ નિશ્ચયપૂર્વક પૂરું કરવા તેમણે પુરુષાર્થ કર્યો. સદ્‌ભાગ્યે 'જ્ઞાનસાર' સમયસર પૂરું થયું, છપાયું અને તેમની હાજરીમાં જ તેનું વિમોચન થયું અને આશ્રમમાં વંચાવું પણ શરૂ થઈ ગયું. સારું અને ઉત્કૃષ્ટ લેખન થાય તેને માટે બહુ સભાન હતા. પોતાના લખાણનું પ્રુફ જાતે તપાસ્યા પછી પહેલાં પૂરા લખાણની થોડી કોપી કરાવી આ વિષયના જાણકાર ત્રણચાર વિદ્વાનોને, સાધુ મહારાજોને અને સંસ્કૃત ભાષાના વિદ્વાનને વાંચીને જરૂરી સુધારા માટે મોકલી આપતા. દરેકની સુધારેલી કોપી મંગાવી તેમાંથી પોતાને અનુકૂળ સુધારા સ્વીકારી, મૂળ લખાણને અંતિમ સ્વરૂપ આપીને

છપાવતા. તેમના આ કાર્યમાં પૂ. ઉપાધ્યાય યશોવિજયજી પ્રત્યે આદર, બને તેટલું ઉત્તમ કામ કરવા માટેની તેમની ચીવટ અને સાથે સાથે તેમનાં નિરાભિમાનપણાના દર્શન પણ થાય છે. તેઓ પોતાના પુસ્તકના વિમોચન કદી કરાવતા નહિ. પરંતુ આશ્રમ તરફથી પ્રગટ થયું હોવાથી તેમણે તે થવા દીધું. આ ગ્રંથો મારા માટે મૂલ્યવાન આભૂષણો છે. સોનાના આભૂષણો તો પહેરીએ ત્યારે ઘસાય, ઝાંખા થાય, તૂટી જાય પરંતુ આ પુસ્તકો જે વાંચશે, સમજશે તે પોતાના અંતરથી ઊજળા થશે.

રમણભાઈ સાધુ–સાધ્વીજી પ્રત્યે ખૂબ માન ધરાવતા. તેમણે નવકારમંત્રનાં પદો પર અભ્યાસપૂર્ણ લેખો લખ્યા છે તેથી સાધુ–સાધ્વીના ત્યાગ અને તપનું મહત્ત્વ તે જાણતા. જ્યાં જાય ત્યાં શક્ય હોય તો એ સ્થળે સાધુ–સાધ્વીના દર્શન કરવા જાય. 'પ્રભાવક સ્થવિરો' નામના તેમના પુસ્તકમાં ઓગણીસમા અને વીસમા શતકના બધા ફિરકાના મહાન તેજસ્વી સાધુ–સાધ્વીનાં, ગચ્છભેદ કે પંથભેદ રાખ્યા વિના, તેમના વિશે મળતું સાહિત્ય કે માહિતીનો અભ્યાસ કરીને ચરિત્રો લખ્યાં. તેમની શક્તિ, સાધના અને વિશેષતાઓને સમજવા તેને અનુરૂપ પ્રસંગોનું આલેખન કર્યું. આ ચરિત્રો વાંચીને આનંદ વ્યક્ત કરતા સાધુ મહારાજના શિષ્યોના પત્રો પણ આવતા. તેઓ લખતા કે અમારા ગુરુ વિશેની ઘટના તમારા લખાણમાંથી વાંચી આનંદ થયો. મહાન આચાર્ય પ્રેમસૂરિમહારાજ એક જ ચોલપટ્ટો રાખતા, ફાટે ત્યાં સુધી વાપરે. પણ પહેલેથી બીજાની સગવડ કરે નહિ. એકવાર જ્યારે ફાટી ગયો ત્યારે કેવી અદ્‌ભુત રીતે બીજો મળ્યો વગેરે હકીકત વાંચીને તેમના શિષ્ય પૂ. ચંદ્રશેખરજી મહારાજનું હૈયું ગદ્‌ગદ્ થઈ ગયું. ગુરુની આવી મહત્તા માટે અને સંયમ પાલન માટે હર્ષ વ્યક્ત કરતો તેમનો પત્ર આવ્યો.

વર્તમાન સમયના સાધુ મહાત્માઓનું તેમને ખૂબ વાત્સલ્ય મળ્યું છે. જ્યારે તેમનાં દર્શને જાય ત્યારે માથા પર, વાંસા પર હાથ ફેરવી પૂ. વિજયરામચંદ્રસૂરિ મહારાજ આશીર્વાદ આપતા. તેમનાં નવાં લખાણની પૃચ્છા કરતા. નવા ઘરમાં દર્શનાર્થે મૂકવા માટે ભગવાન મહાવીર સ્વામી અને ગૌતમસ્વામીની પ્રતિમા અત્યંત પ્રસન્ન મુખમુદ્રા સાથે આપનાર પૂ. વિજયધર્મસૂરિ મહારાજને કેમ ભૂલાય ? અત્યંત ભાવભર્યા સ્વરે અને આશીર્વાદ આપતા હોય તેવી મુદ્રામાં 'આવો રમણભાઈ' કહી પૂ. વિજયચંદ્રોદયસૂરિ મહારાજ અને અશોકચંદ્રસૂરિ મહારાજ તેમને આવકારતા અને તેમના જૈન ધર્મના લેખોને બિરદાવતા. પૂ. વિજય યશોદેવસૂરિ મહારાજ લંબાણથી મંત્ર ભણતા ભણતા તેમના મસ્તક પર હાથ ફેરવી વાસક્ષેપ નાંખતા, તેમને પોતાના ધર્મમિત્ર ગણાવતા, તેમની તબિયત માટે પણ ચિંતા વ્યક્ત કરતા. જોરથી પીઠ થાબડી વાસક્ષેપ નાંખનાર જંબૂ વિજયજી મહારાજના મુખ પરનો આનંદ જોવો એ અમારા જીવનનો અનુપમ લહાવો હતો. તેમની સાથે પણ શાસ્ત્રોની અને શબ્દોની ગહન ચર્ચા થતી. ઇડરમાં પૂ. જનકસૂરિ મહારાજ પાસે જ્યારે જઇએ ત્યારે ધ્યાનનો મહિમા સમજાવે. રમણભાઇનાં અંતિમ દિવસોમાં આરાધનાનો અને સમાધિમરણનો મહિમા સમજાવતો અને આશીર્વાદ આપતો પત્ર તેમણે મોકલ્યો હતો. આચાર્ય પ્રદ્યુમ્નવિજયજી મહારાજ અને આચાર્ય શીલચંદ્રસૂરિ મહારાજ જેમની પાસે અમે ધર્મગ્રંથોની વાચના માટે જતા. તેમની સાથે નવા કયા વિષય પર લખી શકાય-તેની શક્યતાઓ વિચારતા. તેઓ બન્ને સાથેનું મિલન અમારા માટે ખૂબ પ્રેરક બન્યું.

અહીં લખ્યા છે તેટલાં જ નામો નહિ, નામાવલિ ઘણી લાંબી છે. લખાણના લંબાણ ભયે અહીંથી જ અટકું છું.

કચ્છમાં સ્થાનકવાસી સંપ્રદાયના અત્યંત ચૂસ્ત રીતે સંયમપાલન કરનાર પૂ. રાઘવજીસ્વામી અને પૂ. મૂળચંદજી સ્વામી શાસ્ત્રના પ્રખર અભ્યાસી છે. તેઓ પણ રમણભાઇના લખાણો, પુસ્તકો ધ્યાનથી વાંચી જતા. તેમના કેટલાક પ્રશ્નોનું નિરાકરણ તેમાંથી તેમને મળી રહેતું. રમણભાઇને મળવા પત્ર લખતા. અને રમણભાઈ પણ કચ્છ જાય ત્યારે તેમના દર્શને અચૂક જતા. વિનયથી તેમની સાથે શાસ્ત્રની વાતો કરે, શંકાનું સમાધાન કરે. અને ધન્યતાની લાગણી અનુભવે. એ જ રીતે કચ્છમાં બીજા સ્થાનકવાસી સાધુઓને પણ ભાવપૂર્વક મળે. લાયજાના સાહિત્ય સમારોહ પછી પૂ. વિનોદચંદ્રજી મહારાજ ને મળવા ગયા હતા.

દિગંબર સાધુમહાત્માઓના પણ દર્શને જાય. લગભગ વર્ષમાં એકવાર જગદીશભાઈ ખોખાણી અને બિપીનભાઈ ગોડા સાથે દિગંબર સાધુઓ અને ખાસ કરીને પૂ. વિદ્યાસાગરજી મહારાજના દર્શને જાય. દિગંબર સાધુઓની દિનચર્યા અને ખાસ કરીને ગોચરી વહોરવાની ક્રિયાને નજરે નિહાળે અને સારા નસીબે તક મળે તો વહોરાવે. દિગંબર સાધુઓને જોઇને ભગવાન મહાવીર આ રીતે વિચરતા હશે એમ વિચારી અત્યંત માનની લાગણી તેમના પ્રત્યે પ્રદર્શિત કરે. તેરાપંથી સાધુના પણ તક મળે દર્શન કરવાનું ચૂકતા નહિ. તીર્થયાત્રાએ જવું તેમને બહુ ગમતું. અન્ય કોઈ કારણે બહારગામ જાય ત્યારે નજીકના તીર્થે અચૂક જઈ આવે. નેત્રયજ્ઞમાં પૂ ડૉ. દોશીકાકા સાથે જાય ત્યારે તીર્થયાત્રા તો ગોઠવાઈ જ જાય. મોટા ભાગના શ્વેતાંબર તીર્થો તેમણે જોયાં છે. સાથે સાથે મહત્ત્વના બધા જ દિગંબર તીર્થોની પણ યાત્રા કરી છે. અને કેટલાંક તીર્થો પર માહિતીપૂર્ણ લેખ લખ્યા છે જે દિગંબરો પણ ભાવથી વાંચે છે. સાધ્વીજી મહારાજો, ખાસ કરીને પીએચ.ડી. કે કોઈ અન્ય લખાણ માટે તેમનું માર્ગદર્શન મેળવવા આવનાર સાધ્વીજી મહારાજો અને મહાસતીજીઓ રમણભાઇની શાસ્ત્રજ્ઞાનની જાણકારીથી, કડક ચારિત્ર્યપાલનથી અને હૃદયપૂર્વક મદદ કરવાની ભાવનાથી પ્રેરાઇને રમણભાઇને માનની નજરે જુએ. કોઇક વાર રમણભાઈ માટે પિતાતુલ્ય શબ્દ પણ વાપરે. રાજકોટથી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન તરફથી ગોંડલ સંપ્રદાયના મહાસતીજીઓએ તૈયાર કરેલાં આગમગ્રંથોના અનુવાદ કરેલા બધાં જ પુસ્તકો સ્થાનકવાસી સંઘે અમને મોકલ્યાં છે. એ અમારો કીમતી ખજાનો છે. નજરે પડે, વંચાય અને રોજ દર્શન થાય એ રીતે અમે અમારા ઘરમાં ગોઠવ્યા છે.

સાધુઓ તો ખરા જ પણ સાધુતુલ્ય જીવન ગાળનાર વ્યક્તિઓ પ્રત્યે પણ તેમને ખૂબ આદર હતો. સાધુસમું જીવન વિતાવતા જહોરીમલજી પારખના જ્ઞાન, દિનચર્યા અને આશ્ચર્યજનક ત્યાગ અને તપશ્ચર્યાથી પ્રભાવિત થઈ તેમના વિશે લેખ લખ્યો જે વાંચીને કેટલાય વાંચકોએ આશ્ચર્ય અનુભવ્યું છે.

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, સાયલાના પ્રણેતા પૂ. લાડકચંદભાઈ વોરા જેમને અમે બાપુજી કહેતા, તેમના જીવનના વિશિષ્ટ પાસાને આવરી લેતો અંજલિ લેખ તેમણે લખ્યો. સાયલા આશ્રમમાં વારંવાર જવાને કારણે ત્યાંના સમગ્ર આરાધક પરિવાર સાથે અમારે લાગણી અને પ્રેમનો નાતો બંધાયો. પૂ. બાપુજી, પૂ સદગુણા બહેન–ગુરુમૈયા, પૂ. ભાઇશ્રી, ટ્રસ્ટીગણથી માંડી નાનામાં નાના માણસ સુધી સહુએ અમને પ્રેમતી સાચવ્યા છે, અમને એટલો પ્રેમ આપ્યો છે જે અમે જિંદગીભર ભૂલીએ નહિ.

યોગીસમ આરાધક, અતિ ઉગ્ર અને આશ્ચર્યજનક સંયમનું પાલન કરનાર, યુવાન યોગેશભાઈને રમણભાઈ જ્યારે મળે ત્યારે બન્ને વચ્ચેના વાર્તાલાપમાં માહિતી અને જ્ઞાનનો ખજાનો ખૂલતો લાગે. ત્યાગ અને ધ્યાન વિશે ઘણું જાણવા મળે. બન્ને એકબીજાને ખૂબ માન આપે. રમણભાઇના આયુષ્યનાં અંતિમ દિવસોમાં યોગેશભાઈએ કૃપાળુદેવના વચનો અને શાસ્ત્રવચનો લખી મોકલ્યા હતા.

શ્રી રાકેશભાઈ સાથે એમને વિશિષ્ટ કોટિનો સંબંધ હતો. નાની ઉંમરમાં રાકેશભાઇએ જે સાધના કરી સિદ્ધિ પ્રાપ્ત કરી વિશાળ સમુદાયને

અને ખાસ કરીને યુવા વર્ગને ધર્મ માર્ગે વાળ્યા તેનું એમને ઘણું મૂલ્ય હતું. બન્ને પરસ્પર માન અને લાગણીથી એકબીજાને જુએ. બંન્ને એકબીજાનાં ઉત્તમ તત્ત્વોને ઓળખે અને બીરદાવે. સાચા અર્થમાં બન્ને એકબીજાનાં આત્મીયજન બન્યાં. શ્રી રાકેશભાઇએ પીએચ.ડી.ની ડિગ્રી માટે માર્ગદર્શન લેવાનું શરૂ કર્યું. ત્યારથી રમણભાઇના જીવનના અંતિમ દિવસ સુધી એમણે અને એમના આશ્રમ પરિવારે અમારી નાનામાં નાની જરૂરિયાતની ખૂબ કાળજી લીધી છે. અમને આશ્ચર્યજનક માન અને પ્રેમ આપ્યા છે. અમે મુલુંડ રહેવા આવ્યા પછી રમણભાઇની માંદગી દરમ્યાન રાકેશભાઈ વારંવાર ઘરે આવી ખબર પૂછતા અને કોઇને મોકલતા. તેમણે અંતિમ દિવસોમાં આરાધના માટે મને મંત્રો આપ્યા. આંતરબાહ્ય કલ્યાણની શુભભાવના સેવી. આ સહુ મહાનુભાવોએ રમણભાઈ પ્રત્યે જે મંગળભાવના સેવી તે રમણભાઇના મોટા પુણ્યનું ફળ છે.

અન્ય ધર્મના સાધુ સંતોમાં પૂ. મોરારીબાપુ, સ્વામીનારાયણ સંપ્રદાયના કેટલાક સાધુમહાત્માઓ, હિમાલયના નારાયણ આશ્રમના સ્વામી તદ્રુપાનંદજી, ઝેવિયર્સ કૉલેજ સાથેના સંબંધોને કારણે ખ્રિસ્તી સાધુ સંત અને ખાસ કરીને ફાધર વાલેસ વગેરેની સાથે અંતરંગ સંબંધ બંધાયો અને તેમના આશીર્વાદ તે પામ્યા. સમગ્રપણે જોઈએ તો ધર્મ તરફ વળેલા, આત્મકલ્યાણને વરેલા વર્ગ તરફ રમણભાઇને આદરની લાગણી અંત પર્યંત રહી. એ વર્ગે પણ તેમને ખૂબ માન અને પ્રેમ આપ્યા.

લોકોમાં ધર્મનો અભ્યાસ થાય, ધર્મભાવના વધે અને સમગ્રપણે જીવન કલ્યાણકારી બને એ લક્ષ્યને ધ્યાનમાં લઇને મહાવીર જૈન વિદ્યાલયના નેજા હેઠળ વિવિધ સ્થળે, મોટે ભાગે યાત્રાના સ્થળે જૈન સાહિત્ય સમારોહનું આયોજન તેમણે કર્યું. જૈન ધર્મના વિવિધ વિષયોનું ઊંડાણથી વાંચન, ચિંતન, મનન કરી ખ્યાતનામ લેખકો, ચિંતકો તેમાં ભાગ લઈ પોતાનું વક્તવ્ય રજૂ કરે. તેમાંથી નવોદિત લેખકોને પ્રેરણા અને પ્રોત્સાહન મળે. તેઓ પણ ધર્મના જુદા જુદા પાસાનો અભ્યાસ કરી નિબંધો લખતા–વાંચતા થાય અને એ રીતે વિદ્વાનોની ભાવિ પેઢી તૈયાર થાય. ધર્મનો અભ્યાસ થાય તો જ તેના અજવાળે જીવન જીવવા જેવું બને એ હેતુ સમારોહ પાછળનો હેતુ હતો રમણભાઈએ સત્તર જૈન સાહિત્ય સમારોહ યોજ્યા અને ઉત્તરોત્તર તેમાં યુવાનવર્ગ ઉત્સાહથી ભાગ લેતો રહ્યો.

રમણભાઈએ મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં કેટલાક ખ્યાતનામ વ્યાખ્યાતાઓને તો વારંવાર આમંત્રણ આપતા પરંતુ કેટલાક નવા વ્યાખ્યાતાઓને પણ તક આપતા. બની શકે તે રીતે જૈન ધર્મના વિષયો પર વક્તવ્ય વધુ અપાય તે માટે પ્રયત્નશીલ રહેતા. પહેલા વ્યાખ્યાનને અંતે વ્યાખ્યાનની માર્મિક અને સંક્ષિપ્તમાં આલોચના કરતા. વ્યાખ્યાનનો સાર આવી જાય એવી સુંદર છણાવટ કરતા. કોઇવાર વ્યાખ્યાતાની ક્ષતિને પણ કુનેહપૂર્વક સુધારી લેતા.

પૂ. તત્ત્વાનંદજી મહારાજે અમને બહુ કીમતી સલાહ આપી હતી કે જ્યારે કોઇને કંઇક આપો ત્યારે તેની અપેક્ષા કરતાં કંઈક વધુ આપો. જેથી લેનારને ઘણો આનંદ થાય. રમણભાઇને આ સલાહ ગમી ગઈ: રોજ તેમણે દસ દસ રૂપિયાની નોટ ગડી વાળીને ગરીબોને આપવાનું ચાલુ કર્યું. મોટી વસ્તુ કોઇકવાર અપાય. પરંતુ આવાં નાનાં કાર્યનો અમલ તરત થઈ શકે. મોટા દાનની જાહેરાત કરવાનું તેમને ગમતું નહિ. રૂપિયા બે રૂપિયાની આશા રાખનારને જ્યારે દસ રૂપિયા મળે ત્યારે તેને અપાર આનંદ થાય. દસ રૂપિયા મળતાં જ કેટલાક ગરીબ–ખાસ કરીને રેલવે સ્ટેશન પરના ગરીબ લોકો તરત જ નજીકની રેકડી કે હોટેલ પર ચા પીવા કે ખાવા જાય. ઉત્તર ભારતનાં એક સ્ટેશન પર એક ફકીરે કહ્યું 'આજ તક કીસીને દો રૂપિયા ભી નહિ દીયા. આપને દસ દીયા. આપકા મુખકા દર્શન કરને કો તો દો.' પૈસા આપ્યા પછી તે ઊભા રહેતા નહિ. તેથી ફકીરને મળવા ઊભા રહ્યા નહિ.

એક વાર સારા દેખાતા પણ મૂંઝવણમાં ઊભેલા ભાઇને, રખે ને તેને ખરાબ લાગે એવી ગડમથલ અનુભવીને પણ ૨૦ રૂા. આપ્યા. પરંતુ પેલા ભાઇએ આભાર માની લઈ લીધા. અને કહ્યું કે આજે જ વતનથી આવ્યો છું. પૈસા વપરાઈ ગયા છે. દીકરા પાસે માંગતા સંકોચ થયો. બસભાડાના પૈસા પણ મારી પાસે નથી. સારું થયું કે તમે સમયસર મદદ કરી. આવા પ્રસંગો તો વારંવાર બનતા. રોજ અમારે વસ્ત્ર, અનાજ, પુસ્તક કે પૈસા વગેરે કોઇને કંઈક આપવું જ એવો એમનો આગ્રહ રહેતો. રમણભાઈ મુંબઈ યુનિવર્સિટીમાંથી નિવૃત્ત થયા ત્યારે યુનિવર્સિટીના કર્મચારીઓના ફંડમાં ઘણી મોટી રકમ આપી. આજે પણ કર્મચારીઓ ખૂબ ભાવથી અને પ્રેમથી તેમને યાદ કરે છે.

નોકરોને અને જરૂરિયાતમંદને લગ્ન કે માંદગીમાં, ઘર લેવામાં કે એડમિશન ફી તરીકે છૂટથી મદદ કરે. આખો વખત તેમનું ચિત્ત કયું સારું કામ થઈ શકે તેના વિચારોમાં મગ્ન હોય. જેને મદદ કરે તેની સાથે માનથી, સદ્ભાવથી વર્તે. તેમના સંપર્કમાં આવેલા કેટલાક વિદ્યાર્થીઓને તેમણે શાળા કે કૉલેજની ફી ની રકમ આપી છે.

ડૉ. દોશીકાકા સાથે નેત્રયજ્ઞમાં જાય ત્યારે દરદીને ધાબળા કે ચાદર આપે અને દરદી અને તેને સાચવનાર બન્નેને પૈસા આપે. કપડાં, સ્વેટર વગેરે સાથે રાખે. અનુકૂળતા પ્રમાણે આપતા જાય.

આ પ્રવૃત્તિ માત્ર માનવપૂરતી જ સીમિત ન રહેતા વૃક્ષોથી, પશુ, પંખી સુધી વિસ્તરી. અમારા ઘરની ગેલેરીમાં આવતા સૌથી વધારે કાગડાને રોજ ગાંઠિયા ખવરાવે, કોઈ વાર મોડા પડેલા કાગડા તેમને હીંચકા પર બેસી લખતા જુએ ત્યારે અવાજ કરે. મોડા આવનાર માટે ડબ્બામાં ગાંઠિયા રાખી મૂકે. તેમના હાથમાંથી, તેમને ઇજા ન પહોંચે એ રીતે ગાંઠિયા લઇને કાગડા ઊડી જાય. પરદેશમાં હોય ત્યારે પણ ફોન પર પૂછે. મારા મિત્રો આવે છે ? ભૂખ્યા તો નથી રહેતા ને ? હું તેમના ભાવને જાણું તેથી ભૂલ્યા વિના કાગડાને ખવરાઉં. બહારથી અતિ સામાન્ય દેખાતી આ ક્રિયા જુદા ભાવથી જોઈએ ત્યારે ખૂબ આનંદ થાય.

લેખકો માટે કોપીરાઈટ એ નામના, હક અને આવક એમ અનેક દૃષ્ટિએ અતિ મહત્ત્વનું તત્ત્વ છે. પરંતુ રમણભાઇએ પોતાના ભૂતકાળના અને વર્તમાનકાળના લખાણોના કોપીરાઇટનું વિસર્જન કર્યું. કલકત્તાના એક વર્તમાનપત્રે આની નોંધ ગૌરવભેર લીધી છે. કોપીરાઇટના વિસર્જનથી ઊભા થતા ભય સામે તેમને કેટલાકે ચેતવ્યા હતા કે તમારું લખાણ થોડા ફેરફાર સાથે લખીને કોઈ છાપશે અને નામ પોતાનું મૂકશે ત્યારે રમણભાઇએ જવાબ આપ્યો કે હું તો મહાપુરુષની વાત કે ભગવાનની વાણી વિશે લખીશ, ભલે તેનો પ્રચાર બીજા પણ કરે. ભય જે રીતે વ્યક્ત થયો તે પ્રમાણે કેટલાક લખાણોમાં એવું થયું પણ છે. પરંતુ રમણભાઇએ પૈસા કે પ્રતિષ્ઠા માટે લખ્યું નહોતું તેથી તેમણે ચિંતા કરી નહિ. ખુદ લખનારને પણ કશું કહ્યું નહિ.

કોપીરાઇટના વિસર્જનનો સારો પડઘો પડ્યો. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુર તરફથી પ્રકાશન થતાં પુસ્તકોના એ સંસ્થાએ શરૂઆતથી જ કોપીરાઈટ ન રાખ્યા. મુનિશ્રી સંતબાલજીની મહાવીર સાહિત્ય પ્રકાશન સંસ્થાએ પણ ન રાખ્યા. અમેરિકાની પ્રસિદ્ધ જૈન સંસ્થા Jaina એ પણ પોતાના કોપીરાઇટ છોડ્યા છે.

તેમના ગ્રંથો–જ્ઞાનસાર, અધ્યાત્મસાર, ફાગુકાવ્યો, જૈનધર્મ વિષયક લેખો વગેરે માટે તેમને D. lit. ની પદવી મળે તેવી તે ક્ષમતા ધરાવે છે એવું મંતવ્ય કેટલાક વિદ્વાનોનું છે. પણ રમણભાઈએ તે માટે કદી પ્રયત્નો કર્યા નહિ. આધ્યાત્મિક સાહિત્ય લેખનનો તેમનો હેતુ લૌકિક ન હતો.

આયુષ્યના ૭૦ મા વર્ષે જાહેરજીવનના બધા પદ છોડવા એવો નિશ્ચય તેમણે કર્યો. એ અનુસાર મુંબઈ જૈન યુવક સંઘનું પ્રમુખપદ

છોડ્યું. સાથે સાથે ફાર્બસ ગુજરાતી સભા અને અધ્યાત્મ પ્રસારક મંડળનું પ્રમુખપદ, મહાવીર જૈન વિદ્યાલયનું મંત્રીપદ છોડ્યું. આ પદ મોભાવાળા અને માન વધારનાર હતા. પરંતુ નક્કી કર્યું હતું તેથી છોડ્યા. તેમના વિદ્યાર્થીઓએ તેમનો અમૃત મહોત્સવ ઊજવવા આગ્રહપૂર્વક સંમતિ માંગી પણ તેમણે સ્પષ્ટ રીતે ના કહી. કેટલીક નાની નાની બાબતોનો પણ ઝીણવટપૂર્વક વિચાર કરે. પર્યુષણ વ્યાખ્યાનમાળાની પૂર્ણાહુતિ પછી તેના પ્રમુખનું સન્માન કરવા સંગીત અને ભોજન સહિતના મિલનનું આયોજન થતું. ખૂબ આનંદ ઉત્સાહથી ઉજવાતું. પરંતુ પ્રમુખ તરીકેનું પોતાનું સન્માન તેમણે બંધ કરાવીને માત્ર પર્યુષણની ઊજવણી તરીકે જ તે ચાલુ રાખ્યું.

ચંદ્રક-એવૉર્ડ કે પુસ્તક માટેના પારિતોષિકો મેળવવા માટે પોતાની યોગ્યતા દર્શાવવા અરજી કરવી પડે તે કરતા નહિ. તેઓ માનતા કે સ્વાભાવિક ક્રમમાં મળે તે જ લેવું-સ્વીકારવું. એક મોટી સંસ્થાએ લખ્યું કે એવોર્ડ માટે તમારું નામ અમે નક્કી કર્યું છે. માત્ર તમારે અમારું ફોર્મ ભરવું પડશે ! રમણભાઈએ આભાર માની ફોર્મ ભરવાની વિનયપૂર્વક ના પાડી દીધી. આ વલણની પાછળ અભિમાન નહિ પરંતુ સિદ્ધાંત-નિષ્ઠા હતી. માગીને કે લાગવગ લગાડીને કશું મેળવવું નહિ.

તેમની સંશોધક દૃષ્ટિ ચારેબાજુ ઝીણવટથી ફરે. રાણકપુરના જૈન દેરાસરમાં ભીંત પરના કેટલાંક શિલ્પોમાં આલેખેલાં પાત્રોની ઓળખ માટે મહેનત કરે. તો ઓરિસ્સામાં ખંડગિરિ-ઉદયગિરિની ગુફાઓમાં બે હજાર વર્ષ પહેલાં લખાયેલા નવકાર મંત્રની લિપિ વાંચવામાં તેમને અખૂટ રસ પડે. અને આ બધું માત્ર જોઇને અટકે નહિ. તેના પર લેખ લખી માહિતી અનેક સુધી પહોંચાડે. કોઈ પણ પુસ્તક વાંચતાં વાંચતાં નવો વિચાર, નવી વિગત, કોઈ નવો અલંકાર, કંઈ પણ નવું જાણવા જેવું આવે ત્યારે મને બોલાવીને કહે, કારણ રખે ને હું એ નવું જાણવાથી વંચિત રહી જાઉં. હું પણ નવું કંઈક જાણું તો તેમને કહું અને તેમને કહેવાથી કેટલીક વાર મારી સમજમાં નવો પ્રકાશ પડતો અને કંઈક નવું ઉમેરાતું. આમ, અમે એકબીજાને કંઇક નવું આપતા રહીએ અને આનંદ અનુભવીએ.

રમણભાઇએ જીવનના દરેક ક્ષેત્રમાં પોતાનું ઉત્તમોત્તમ આપ્યું છે.

તેમણે વિવિધ પ્રકારનું વિપુલ સાહિત્ય સર્જ્યું છે. કોઇ પણ વિદ્યાર્થી તેનો અભ્યાસ કરી પીએચ.ડી.ની ડિગ્રી મેળવી શકે એવી ક્ષમતાવાળું એ સાહિત્ય છે. તેમણે જિનતત્ત્વના આઠ ભાગમાં જૈન ધર્મના વિવિધ વિષયોની તલસ્પર્શી છણાવટ શાસ્ત્ર વચનોના આધારે કરી છે. 'જિનવચન'માં આગમોના વચનોનું હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી એ ત્રણ ભાષામાં ભાષાંતર છે. કોઇપણ ધર્મ કે સંપ્રદાયની વ્યક્તિ વિના વિરોધે વાંચી શકે તેવું પુસ્તક છે, 'જિનવચન'નું આકર્ષક-મુખપૃષ્ઠ-ભગવાન પાર્શ્વનાથનું સાધના માટેના ચક્રોવાળું પ્રાચીન ચિત્ર તેની વિશેષતા છે. 'ભગવાન મહાવીરનાં વચનો'માં આગમગ્રંથોમાંથી ભગવાનના વચનો વીણી સાદી સરળ ભાષામાં તે અનુરૂપ આધુનિક દૃષ્ટાંતો સાથે સમજાવ્યા છે.

જૈન ધર્મ-પરિચય પુસ્તિકામાં અત્યંત સંક્ષિપ્તમાં જૈનની ધર્મ સમજણ આપી છે. એ પરિચય પુસ્તિકા એટલી લોકપ્રિય થઈ કે એની છ આવૃત્તિ થઈ. ઉપરાંત હિંદી અને મરાઠી ભાષામાં એનું ભાષાંતર પણ થયું. 'જૈન ધર્મ અને ભગવાન મહાવીર' પર અંગ્રેજીમાં લખેલી તેમની પુસ્તિકાનો ખૂબ પ્રચાર થયો છે.

'પ્રભાવક સ્થવિરો'માં અને 'તિવિહેણ વંદામિ'માં સમસ્ત યુગ પર પ્રભાવ પાડનાર સાધુ-સાધ્વી મહારાજોના અને 'શેઠ મોતીશા'માં મોતીશાના જીવનની ગૌરવપ્રદ ઘટનાઓનું ખૂબ સંશોધન કરી ચરિત્રો લખ્યાં છે.

'વંદનીય હૃદયસ્પર્શ'માં પોતાના સંપર્કમાં આવેલી વિવિધ ક્ષેત્રની વંદનીય વ્યક્તિઓનાં ચિત્રો છે. આ વ્યક્તિઓની વિશેષતા, તેમના ઉમદા વાણી, વિચાર, વર્તન, તેમની આસપાસ વીંટળાયેલી આશ્ચર્યજનક ઘટનાઓ, કસોટીએ ચડેલા તેમના આદર્શો વગેરેનું આલેખન વાંચતા વિવિધ અનુભવોનો એક ખજાનો આપણી સમક્ષ ખૂલે છે. આ પુસ્તકના અનુક્રમમાં આ વિશિષ્ટ વ્યક્તિઓનાં નામો વાંચતાં આનંદ થાય. કેવી કેવી ઉત્તમ વ્યક્તિઓ સાથે તેમને સંબંધ બંધાયો હતો ! પુસ્તકનું શિર્ષક યથાર્થ લાગે.

જૈન ધર્મના વિષયો અને વ્યક્તિઓ ઉપરાંત તેમણે અન્ય વિષયોનું અને સાહિત્યના વિવિધ સ્વરૂપોનું ખેડાણ પણ કર્યું છે. 'બેરરથી બ્રિગેડિયર' માં લશ્કરી ટ્રેઇનિંગના તેમના અંગત અનુભવો છે. સત્ય ઘટનાત્મક આત્મલક્ષી પ્રકારના અંગત અનુભવો સાથે રેખાચિત્ર અને ટૂંકી વાર્તા એ બે સાહિત્યસ્વરૂપોનો સમન્વય કરવાનો પ્રયોગ તેમણે કર્યો છે. સત્ય ઘટનાત્મક વસ્તુ સાથે સર્જનાત્મક સાહિત્ય-સ્વરૂપનો વિનિયોગ કરવામાં સર્જકતાના ઘણા અંશો અહીં જોવા મળે છે. આ પુસ્તકના રેખાચિત્રો યુવાન વર્ગને ખાસ કરીને સાહસપ્રિય યુવાન વર્ગને ગમે તેવાં છે.

'પાસપોર્ટની પાંખે'ના ત્રણ ભાગમાં તેમાં પ્રવાસવર્ણન અને ટૂંકી વાર્તાના સાહિત્ય સ્વરૂપોનો સમન્વય કર્યો છે. 'પાસપોર્ટની પાંખે' પોતે કરેલા લગભગ ૭૦ દેશોના પ્રવાસના સ્વાનુભવને અત્યંત રસિક ભાષામાં આલેખન કર્યું છે. 'પ્રદેશે જયવિજય'માં અને 'ઑસ્ટ્રેલિયા'માં સીડનીમાં P.E.N. કૉન્ફરન્સમાં ભારતના પ્રતિનિધિ તરીકે ગયા હતાં તેનું તથા ઑસ્ટ્રેલિયાના વિવિધ પ્રદેશોનું વર્ણન છે.

તેમણે આલેખેલા વ્યક્તિચિત્રોમાં કેટલું વૈવિધ્ય છે ! 'બેરરથી બ્રિગેડિયર'માં બેરર-નોકરથી માંડી સર્વોચ્ચ પદે બેઠેલા લશ્કરી ગણવેશધારી ઑફિસરનું ચિત્રાલેખન છે. 'કુમાર' માસિકમાં આ પ્રવાસ વર્ણન છપાયું હતું. 'વંદનીય હૃદયસ્પર્શ'માં વિવિધ ક્ષેત્રની વંદનીય વ્યક્તિઓથી માંડી 'પ્રભાવક સ્થવિરો'ના સાધુ મહાત્મા છે. 'પાસપોર્ટની પાંખે' માં ત્રણે ભાગમાં ૭૦ દેશોની જુદા જુદા વર્ણ અને વેશની જુદી જુદી ભાષા બોલતી માનવસૃષ્ટિ છે. ટૂંકમાં બેરરથી માંડી દેશની સલામતી માટે જાન કૂરબાન કરનાર લશ્કરી ઑફિસરથી માંડી મુક્તિની આરાધના કરનાર દિગંબર સાધુ મહાત્મા આ સૃષ્ટિનાં સાચાં પાત્રો છે. આમ એમના સાહિત્યમાં વિવિધ વિષય અને વ્યક્તિનો વ્યાપ ઘણો મોટો છે.

વર્ષો પહેલાં લખેલાં 'કુમાર' માસિકમાં છપાયેલાં એકાંકી 'શ્યામ રંગ સમીપે'માં આધુનિક જીવનના પ્રશ્નોને ગૂંથી લીધા છે. 'જૈન ધર્મ' ઉપરાંત 'તાઓ દર્શન' 'કન્ફ્યુશિયસનો નીતિ ધર્મ, બૌદ્ધ ધર્મ' પર પણ પુસ્તકો લખ્યા છે. બૌદ્ધ ધર્મ પર ઇંગ્લીશમાં લખેલી 'Buddhism An Introduction' પુસ્તિકા ખૂબ પ્રશંસા પામી છે.

'સાંપ્રત સહચિંતન'ના ૧૪ ભાગમાં વિવિધ પ્રકારના સાંપ્રત પ્રશ્નોનું ચિંતન છે. પ્રવાસ, શોધ-સફર, સાહિત્ય-વિવેચન, સંશોધન-સંપાદન, ધર્મ અને તત્ત્વજ્ઞાન વગેરેમાં વિવિધ વિષયો યથાશક્તિ એમણે ખેડ્યા છે.

જૈન લગ્નવિધિનો પ્રચાર થાય તે માટે બધા ફિરકાને માન્ય એવી જૈન લગ્નવિધિની પુસ્તિકા પણ લખી છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની અનેક પ્રવૃત્તિમાંથી મહત્ત્વની બે પ્રવૃત્તિ છે. એક તે સંઘનું મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે તેનું લેખન અને સંપાદન. બીજી તે પર્યુષણ વ્યાખ્યાનમાળાની વ્યવસ્થા અને તેનું સંચાલન. આ બન્ને પ્રવૃત્તિઓ શક્તિ, સૂઝ, સમય અને સમર્પણ માંગી લે છે.

'પ્રબુદ્ધ જીવન' માટે આવેલા લેખો વાંચવા, તેમાંથી પસંદ કરવા, કેટલાકને મઠારવા, ન વંચાય તેવા અક્ષરો ઉકેલવા, છપાયા પછી તેના

બે થી ત્રણ વાર પ્રૂફ તપાસવા, સમયસર અંક પ્રગટ કરવો. આ બધાં સાથે સૌથી મહત્ત્વનું કામ તેનો અગ્રલેખ લખવો એ છે. આ બધું કામ, ઉપરાંત તેમાં ફોટા કે કવિતા ન છપાય, જાહેર ખબર ન લેવી, બીજે છપાયેલો લેખ ન લેવો વગેરે સંઘે દોરેલી આ મર્યાદામાં રહીને કામ કરવું. રમણભાઈએ ૧૯૮૨ થી નિષ્ઠાપૂર્વક તે કર્યું. આજે 'પ્રબુદ્ધ જીવન'ની શિષ્ટ માસિકોમાં ગણના થાય છે અને દેશ અને વિદેશમાં તેનો અધિકારી વર્ગ તે રસપૂર્વક વાંચે છે. વિદેશમાં ઉત્તરોત્તર તેની માંગ વધતી રહી છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા માટે સોળ કે અઢાર વ્યાખ્યાતાઓ શોધી તેમને પ્રસંગોચિત વિષયો આપવા, વ્યાખ્યાનના વિષયો નક્કી કરવા, સંક્ષિપ્તમાં વ્યાખ્યાતાની ઓળખ આપવી અને વ્યાખ્યાનને અંતે ઉચિત ઉપસંહાર કરવો, દર વર્ષે થોડા નવા વક્તા શોધવા, વ્યાખ્યાનો સમયસર પૂરા કરવા વગેરે. આ બધી પ્રક્રિયા મહેનત માંગી લે છે. રમણભાઈએ ૧૯૭૨ થી વ્યાખ્યાનમાળાનું પ્રમુખપદ સંભાળ્યું. બધાં વર્ષો એક પણ દિવસ ગેરહાજર રહ્યા વિના સંભાળ્યું. પરદેશથી આમંત્રણો મળતાં છતાં આ કાર્યને તેમણે છોડ્યું નહિ. આ પર્યુષણ નિમિત્તે વ્યાખ્યાનો થતાં હોવાથી જૈન ધર્મના વિષયો આવે એવો પ્રયત્ન સતત કરતા રહ્યા.

છેલ્લા બાર મહિનાથી તેમની શારીરિક નબળાઈ વધતી જતી હતી. ૨૦૦૫ના ઓક્ટોબરના 'પ્રબુદ્ધ જીવન'માં છેલ્લો લેખ એમણે લખ્યો.

આ બન્ને પ્રવૃત્તિ સફળ રીતે પાર ઉતારી શકે એવી શક્તિ તેમણે ડૉ. ધનવંતભાઈ શાહમાં જોઈ. તેઓ બન્ને વચ્ચે સંબંધ ગુરુ શિષ્યનો, સાથે સમર્પણ કરી શકે તેવા સ્નેહી સ્વજનનો છે. રમણભાઈ તેમને પોતાના નાનાભાઈ સમજતા હતા.

ધનવંતભાઈ કુશળ ઉદ્યોગપતિ છે પરંતુ મૂળ તો ગુજરાતી વિષયના અધ્યાપક અને સાહિત્યના આરાધક છે. તેમણે કવિ ન્હાનાલાલ પર શોધ નિબંધ લખી પીએચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી છે અને કવિ કલાપી વિશે નાટ્ય ગ્રંથ પણ લખ્યો છે. સાહિત્યનું વાંચન, લેખન, મનન એ એમના રસનો વિષય છે. વિશેષતઃ આ પ્રકારના માસિક ચલાવવા અને વ્યાખ્યાનમાળા માટે જે ધગશ, હોંશ, સૂઝ, અભ્યાસનિષ્ઠા, સમય અને શક્તિનો ભોગ આપવાની તત્પરતા અને વફાદારી જોઇએ તે તેમનામાં જોવા મળે છે. તેમના સારા સ્વભાવને લીધે તેમની સાથે બંધાતા ઉમદા સંબંધો પણ તેમને સહાયક નીવડે છે.

૨૦૦૪ની વ્યાખ્યાનમાળામાં રમણભાઈ પ્રમુખસ્થાને હતા ત્યારે તેમણે કેટલીક જવાબદારી ધનવંતભાઈને સોંપી. ૨૦૦૫ની વ્યાખ્યાનમાળાની સંપૂર્ણ જવાબદારી તેમને સોંપી તે તેમણે સફળતાપૂર્વક પાર ઉતારી.

ઑક્ટોબરના 'પ્રબુદ્ધ જીવન'ના અંકમાં ધનવંતભાઈએ મદદ કરી અને નવેમ્બરનો શ્રદ્ધાંજલિ અંક પૂરી ચીવટ સાથે તેમણે તૈયાર કર્યો. હવે રમણભાઈનો 'સ્મરણાંજલિ' અંક પૂરી લગન સાથે સમયનો, શક્તિનો ભોગ આપીને તૈયાર કરી રહ્યા છે. તેમાં રમણભાઈ પ્રત્યે તેમનો પ્રેમ અને આદરનું દર્શન થાય છે. રમણભાઈએ બહુ ઉચિત રીતે, વેળાસર તેમને પસંદ કર્યા. ધનવંતભાઈ યુવક સંઘના મંત્રી પણ છે. આ જવાબદારી સફળતાપૂર્વક પાર ઉતારશે જ એવી મને દૃઢ શ્રદ્ધા છે.

રમણભાઈ સાધક હતા. તેઓ માનતા કે લેખન, વાંચનથી જીવન સમૃદ્ધ થાય છે. સન્માર્ગની સમજણ પણ પડે છે. પરંતુ જીવનમાં ખરેખર ઊર્ધ્વગમન કરાવનાર તત્ત્વ તે પરમ તત્ત્વની સાધના છે તેથી તેઓ ઘણીવાર અર્ધી રાતે કે વહેલી સવારે ઊઠી આસન પર સ્થિર બેસીને સાધનામાં મગ્ન થતા દિવસ દરમ્યાન પણ પોતાનું કામ કરતાં કરતાં સમય મળે સાધના કરી લેતા. જીવનના અંતિમ દિવસોમાં શારીરિક નબળાઈ વધતી જતી હતી. પરંતુ ચિત્ત ચિંતનમગ્ન રહેતું. ત્રણ દિવસ પહેલા વહેલી સવારે મને કહ્યું કે આજે આપણે ત્યાં ભગવાન મહાવીરનો જન્મ થયો. એમનું એ દર્શન એટલું પ્રબળ હશે કે મોઢા પર અવર્ણનીય આનંદ સાથે અમને બધાંને એ વાત કરી. અમારા સહુના હૈયામાં પણ આનંદ પ્રગટ્યો. મેં તેમને કહ્યું જલ્દી સારા સાજા થઈ જાવ તો આપણે જન્મોત્સવ કરીએ. તા. ૨૧ મી શુક્રવારે રાતે તેમને હૉસ્પિટલમાં દાખલ કર્યા. ૨૨ મી શનિવારનો દિવસ સારો ગયો. ૨૩ મીએ રવિવારે સવારે પૂ. ડૉ. દોશીકાકાને લઈ હું હૉસ્પિટલ ગઈ. તેમના હાથ પર હાથ મૂકી દોશીકાકા માંગલિક બોલ્યા. સાધુચરિત પુરુષ દોશીકાકાના મુખે માંગલિક અને આશીર્વાદ સાંભળી તેમને અનહદ આનંદ થયો. રવિવારે અમારા કુટુંબનાં સભ્યોને મોટા અવાજે તેમણે નવકાર મંત્ર સંભળાવી ખૂબ આશીર્વાદ આપ્યા. તબિયત સુધરી હતી તેથી બીજે દિવસે સવારે ઘરે જવાની ડૉક્ટરે રજા આપી હતી. રાત્રે પણ એમનું ચિત્ત પ્રસન્ન હતું. પરોઢિયે પોણા ચાર વાગે બ્રાહ્મ મુહૂર્તે તેમણે વિશિષ્ટ દિવ્ય દર્શન કર્યું, દૈવી અનુભવ કર્યો અને સમાધિપૂર્વક દેહ છોડ્યો.

કેવું સાદું, સરળ અને સાર્થક જીવન જીવ્યા ! પ્રસિદ્ધિ કે નામનાની કોઈ ખેવના નહિ. આત્મશ્લાઘા નહિ, અભિમાનના કોઈ વચનો કદિ બોલે નહિ, કોઇનું અહિત ઇચ્છે નહિ, નિસ્પૃહ અને સંતોષી હતા. સદાય પ્રસન્ન રહેતા અને સહુને પ્રસન્ન રાખવા મથતા. તેમના સંપર્કમાં આવનાર સહુ તેમનાં ચારિત્ર્યની સુવાસથી આકર્ષાતા.

ખાવું-પીવું, વાંચવું, લખવું વગેરે રોજની મારી ક્રિયાઓ રાબેતા મુજબ થાય છે. પરંતુ પળેપળ હું તેમને યાદ કરું છું. સ્વજનોની સ્નેહભરી સંભાળ છતાં હું એકલતા અનુભવું છું. ત્રેપન વર્ષનો અમારો દીર્ઘ સહવાસ, અમને એકબીજાના આધારે જીવવાની ટેવ એટલે હવે ખૂબ અઘરું લાગે. પરંતુ તેમનાં વચનો, લખાણો, કાર્યો મને હિંમત આપે છે. લખાણ રૂપે કેટલો મોટો કીમતી વારસો મારા માટે મૂકતા ગયા છે, જેનું વારંવાર ચિંતન મનન કરું તોપણ જીવન સમૃદ્ધ બને, કંઈક માર્ગ મળે. એ જાણે મને પ્રેરણા આપે છે કે જીવનનો રહ્યોસહ્યો વખત વેડફવાને બદલે જે સાધનો છે તેનો ઉપયોગ કરી આગળ વધવાનું છે.

હું જ્યારે સમગ્રપણે તેમના વ્યક્તિત્વને, વિચારોને, કાર્યને અવલોકું છું ત્યારે મને ખયાલ આવે છે કે કેવી પવિત્ર, પ્રબુદ્ધ, પરમાર્થી, પુરુષાર્થી, સત્શીલ વ્યક્તિ સાથે આટલાં વર્ષો મને જીવવા મળ્યું ! મારું એ પરમ સદ્ભાગ્ય ગણું છું. ઈશ્વરની કૃપા સમજું છું.

પોતાના લખાણોમાં, વક્તવ્યોમાં મુક્તિનો મહિમા તેમણે ગાયો છે, મુક્તિ માર્ગે જનારાને એમણે બિરદાવ્યા છે. એમના હૃદયમાં રહેલી મોક્ષની અભીપ્સાનો મને અણસાર છે. છતાં પણ મારાથી એમને કહેવાઈ જાય છે કે 'ભવે ભવ તમે જ મારા પતિ હો ! અને સાથે સાથે તેમના માટે પ્રાર્થના કરું છું કે મુક્તિને પંથે તેમની ત્વરિત ગતિ હો !'

અદશ્યપણે મને એમનો ઘણો મોટો આધાર છે. હું વર્ણવી ન શકું એટલો મોટો આધાર !

કવિવર સુંદરમ્‌ની આધ્યાત્મિક કવિતાને હું મારા જીવનના સંદર્ભમાં ટાંકું છું.

મેરે પિયા, તુમ અમર સુહાગી,
તુમ પાયો મૈં બહુ બડભાગી.
મૈં તો પલ પલ બ્યાહ રહી,
મૈં તો પલ પલ બ્યાહ રહી..

બ્યાહ રહી, ઐક્ય અનુભવી રહી છું. આ ઐક્ય મને પણ પરમ તત્ત્વ સમીપે પહોંચવા પ્રેરક બનશે.

❖ ❖ ❖

# પંડિતવર્ય 'મોબાઈલ' જ્ઞાનભંડાર : ડૉ. રમણભાઈ

☐ પ. પૂ. સાહિત્ય કલારત્ન આ. શ્રી વિજય યશોદેવસૂરિશ્વરજી મ. સા.

ગુજરાત એ રાજકર્તાઓની ધરતી હતી એટલે આ ધરતી ઉપર રાજકર્તાઓનું પરિબળ ઠીક ઠીક જામેલું હતું. તેમાં વચગાળે વચગાળે સારા વિદ્યાપ્રેમી રાજકર્તાઓ પણ ગાદી ઉપર આવ્યા. એટલે ગુજરાતમાં વિદ્યાનો વ્યવસાય એકદમ વધી ગયો. આ સમય દરમ્યાન વડોદરા રાજ્યની ગાદી ઉપર શ્રીમન્ સરકાર સયાજીરાવ ગાયકવાડ આવ્યા. તેઓ એક વિદ્યાપ્રેમી અને ગુજરાતની ધરતીના વિદ્યાવ્યવસાય માટે જાણીતા પુરુષ થયા.

એ જ અરસામાં ગુજરાતમાં ઘણાં વ્યવસાયિક શિક્ષકો પણ પેદા થયા. સૌના પુરુષાર્થથી ગુજરાત શિક્ષણ ક્ષેત્રમાં વધુ પડતું અગ્રણી થવા પામ્યું. એ જ અરસામાં મારો પણ શિક્ષક સાથેનો પરિચય થોડો વધી ગયો. ઘણાં શિક્ષકો મારા પરિચયમાં આવ્યા. આ દરમ્યાન ખૂબ શાંત, શીતલ પ્રકૃતિના વિદ્યાપ્રેમી પાદરાના રહેવાસી જૈન શિક્ષક તરીકે શ્રી રમણભાઈ સી. શાહ ગુજરાતની ધરતી ઉપર આગળ પડતું સ્થાન પામ્યા.

અમદાવાદના એક ભાગમાં થોડો શૈક્ષણિક વ્યવસાય પણ ચાલતો હતો. રમણભાઈ આ જગ્યાએ મારા પરિચયમાં આવ્યા. એટલું જ નહીં પણ જૈન સમાજનાં જાણીતા વિદ્વાન પૂજ્ય મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી એ ધરતી ઉપર બીરાજતા હતા. તેથી રમણભાઈ અવારનવાર ત્યાં આવતાં અને મળવાનું થતું.

પંડિતવર્ય શ્રી રમણલાલ સી. શાહ એક વિદ્વાન સમતોલ સ્વભાવના શિક્ષક હતા. મારી સાથેનો પરિચય વધ્યાં પછી તેઓ મારા જેવા સ્વભાવના વહેણમાં આવી જવા પામ્યા હતા. મારો અંગત પરિચય રમણભાઈ જોડે વધ્યો હતો. એટલે એક દિવસ અમે બન્ને બેઠા હતા. મેં એમને વાત કરી સુજશવેલી ભાસ એ ગ્રન્થ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા.નો છે એ પુસ્તકનું ભાષાંતર હતું નહીં એટલે સુજશવેલી ભાસનું સંપાદન કાર્ય રમણભાઈને ચીંધ્યું અને તે માટેની હસ્તપ્રત સુરતના જ્ઞાનભંડારમાંથી મેળવી આપી. તેનું તેઓએ સુંદર સંપાદન કર્યું તે જોઈ સંતોષ થયો અને રમણભાઈમાં રહેલ સુરૂચીપૂર્ણ કાર્યશૈલીનો ખ્યાલ આવ્યો.

પ્રસંગે પ્રસંગે શ્રી રમણભાઈને મળવાનું થતું રહ્યું અને જ્ઞાનગોષ્ઠિનો એક અનોખો યજ્ઞ મંડાતો. તેઓ મારા એક ધર્મમિત્ર જેવા હતા. એટલે જ્યારે જ્યારે મળતાં ત્યારે ત્યારે એક અનોખા આનંદની અનુભૂતિ થતી.

મુંબઈ, વાલકેશ્વર, વડોદરા, અમદાવાદ વગેરે સ્થળોએ કાર્ય પ્રસંગે તેઓ મળતા. જ્ઞાનગોષ્ઠિ થતી અને કાંઈ નવું કરવાની, સમાજને ઉપયોગી કાર્ય કરવાની ધગશ કેળવતા તેઓએ પાલિતાણા જૈન સાહિત્ય મંદિરમાં સાહિત્ય સમારોહનું સુંદર આયોજન કર્યું હતું. તે વખતે શ્રી રમણભાઈ અને તેમનાં સહધર્મચારિણી, ધર્મપત્ની શ્રી તારાબહેનનો નીકટતાથી પરિચય થયો. શ્રવણના માતા– પિતાની જેમ બન્નેની ઠરેલ પ્રકૃતિ, શાંત સ્વભાવ, જ્ઞાનની રૂચી, સમાજ માટે કાંઈ કરી છૂટવાની ભાવના એ બધું જોઈ ઘણો આનંદ થયો. હું પાલિતાણામાં અને તેઓ મુંબઈ એટલે રમણભાઇને પાલીતાણા વારંવાર આવવું ફાવે તેવું નહોતું. નહીંતર તેમને વધુ રોકી રાખવાની પ્રબળ ઇચ્છા હતી.

હાલના જમાના મુજબ મોબાઇલ શબ્દનો વધુ ઉપયોગ થાય છે. અમારા રમણભાઈ એ મોબાઇલ જ્ઞાનભંડાર હતા. તેમની પાસેથી કાંઈ ને કાંઈ નાવિન્યસભર વાતો જાણવા મળતી.

તેમનું વાંચન વિશાળ અને ઊંડું હતું. જૈનધર્મ વિષયક ઘણા સવાલોના જવાબ એ ત્વરિત અને સહજ રીતે આપી શકતા.

મુંબઈ વાલકેશ્વરમાં જ્યારે મળવા આવતાં ત્યારે વિવિધ વિષયોની વાતો દરમ્યાન પોતાના અનુભવો જણાવે. અનુભવોની કિતાબ ખુલ્લી મૂકી દે.

તેમની ઉંમરને કારણે તેમને વિશેષ કામ ન ચીંધતા. મારા પ્રસ્તાવના સંગ્રહમાં બે બોલ લખી આપવાનું કહેતાં તેમને મારી આજ્ઞા શિરસાવધ કરી તે વાતનો અમલ કર્યો. છેલ્લા બે–ત્રણ વખત મળવા આવ્યા. તબિયતની સાનુકૂળતા નહોતી જણાતી છતાં પણ તેમણે જણાવા દીધું ન હતું. તેમના કાર્યથી વાકેફ રાખતાં તેમને છેલ્લે બે પુસ્તકનું કાર્ય કર્યુ તે ઘણું ઉત્તમ કર્યુ છે. ઉપાધ્યાય ભગવંતના ગ્રન્થોને સુંદર રીતે રજૂ કરી જ્ઞાનસેવાનું સુંદર કાર્ય કર્યુ છે.

ઘણા કામો તેમની પાસે કરાવવાની ઈચ્છા હતી પરંતુ કુદરતની ઇચ્છા નહીં હોય તેથી જ તેઓ મારાથી દૂર મુલુન્ડ જતાં રહ્યા એટલે મળવાનો એટલો યોગ બન્યો નહીં. છેલ્લે છેલ્લે મળ્યા હોત તો મને ઘણો આનંદ થાત. ભાવિભાવ.

તેઓ આટલા જલ્દી ચાલ્યા જશે તેવી કલ્પના ન હતી. તેમના જવાથી એક વિશિષ્ટ જ્ઞાનયજ્ઞનો અંત આવ્યો છે. તેમણે તેમના જીવનમાં સુંદર એવી જ્ઞાનસેવા કરી અને એ જ્ઞાનસેવા વિસ્તરે તેવાં બીજારોપણ પણ કરતાં ગયા. તેમના જ્ઞાનપથ ઉપર તમો સૌ ચાલી તેમના જ્ઞાનયજ્ઞના અનુભવોને જીવનમાં ઉતારી નવા જ્ઞાનયજ્ઞોને પ્રગટાવી જીવન ઉર્ધ્વગામી બનાવો તેવી શુભકામના સાથે.

તેમણે જ્ઞાનવારસાને જાળવી રાખવા જે ભાવના કરી છે તે યોગ્ય છે અને શ્રી રમણભાઈ શાહના સાહિત્ય સૌરભ ગ્રન્થો જલ્દી પ્રગટ થાય તેવી શુભેચ્છા.

❖ ❖ ❖

# જ્ઞાનના મર્મોદ્ધારક...ડૉ. રમણભાઈ

☐ પ. પૂ. મુનિ વિજય ચંદ્રોદયસૂરિ મહારાજ

મું. સાંતાક્રુઝ વેસ્ટથી લી. ચંદ્રોદય વિ. વિ.

વિ. સુશ્રાવક, રમણભાઈના દેવગત થયાના સમાચાર અંગત પત્રો તથા સમાચાર પત્રોથી જાણ્યા. એક વાર ઓહ ! થઈ ગયું.

'જન્મે છે તે નક્કી જવાનો' એ વાત ઘણીવાર સાંભળી/વાંચી પણ નજીકના–નીકટના જનાર પાકટ જ્ઞાનદૃષ્ટિ લઈને જનારા પોતાના દ્રવ્ય મરણનો શોક કે દુ:ખનો રંજ લઈને નથી જતાં, પરંતુ એક જ્ઞાનશિખર સર કરીને નવજીવન પામ્યાનો સંતોષ લઈને જતાં હોય છે.

ડૉ. રમણભાઈએ વર્ષોની જ્ઞાનદૃષ્ટિ, જ્ઞાનવૃત્તિ, જ્ઞાનકૃતિ દ્વારા જે કંઈ મેળવ્યું છે તેને દેશ–વિદેશમાં વ્યાખ્યાનમાળામાં પીરસ્યું છે, જે જે વિષયો હાથમાં લીધા તેના ઊંડાણ સુધી પહોંચી મર્મોદ્‌ઘાટન કર્યા છે, તેથી જે અભિનવ પ્રકાશ સાંપડતો તેનો હું, તમે અને લોકો સાક્ષી છે.

પ્રો. રમણભાઈ હકીકતે ગયા નથી, તેમની જ્ઞાનભૂખ, જ્ઞાનપ્રીતિ, જ્ઞાનરમણતા આજે પણ ઉપસ્થિત છે, તેઓના જ્ઞાનયજ્ઞમાં તારાબહેન પણ જે રીતે તેઓના પડછાયા બની જ્ઞાનસમિધ રૂપે સમર્પિત થયાં છે, તે તેઓને આપેલું જ્ઞાનતર્પણ જ ગણાય ને...?

તેઓ બંને જ્ઞાનસાધકોએ આજ દિન સુધીમાં જે પણ ભિન્નભિન્ન વિષયોનો ખ્યાલ આપવા પુરુષાર્થ કરી શ્રુતજ્ઞાનનું પાન, તત્ત્વજિજ્ઞાસુઓને કરાવ્યું છે તે ચિરસ્મરણીય રહેશે.

❖ ❖ ❖

# જયન્તુ : વીતરાગા :

### □ પૂજ્ય આચાર્ય જનકચંદ્રસૂરિ મહારાજસાહેબ

આતમ ભાવના ભાવતા જીવલહે કેવળજ્ઞાન રે,

મને શ્રી રમણભાઈ સી. શાહના કાળધર્મના સમાચાર સ્વાધ્યાયપ્રેમી શ્રી બિપીનચંદ્રભાઈએ આપ્યા.

બિપીનચંદ્રભાઈ અહીં મારી પાસે રોકાયા હતા ત્યારે મેં એમને શ્રી રમણભાઈનું મૃત્યુ આત્મલક્ષ્યપૂર્વક એવું સમાધિમરણ થાય તે માટે વાસક્ષેપ અને શ્રીમદ્જીના કેટલાક પત્રોના ઉતારાવાળા કાગળો મોકલ્યા તે તેમણે બિપીનચંદ્રભાઈ પાસેથી જાગૃતિપૂર્વક સાંભળ્યા હતા તે સંતોષની વાત છે. વસ્તુતઃ આત્મા તો અજર અમર અવિનાશી શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે. તેથી તે તો મરતો જ નથી. શરીર બદલાયા કરે છે.

આવા પ્રસંગે આપણે તો એમના ગુણોનું સ્મરણ કરીને એમનાં વિવિધ ક્ષેત્રમાં કરેલાં કાર્યોની અનુમોદના પ્રશંસા કરીને લાભાન્વિત થતા રહેવાનું છે.

અમારા સમુદાયના સાધ્વીશ્રી કિરણ યશાશ્રી મ. સાહેબશ્રીને એમણે પૂ. પ. આત્મારામજી મહારાજ સાહેબના જીવનચરિત્ર આદિ કાર્યોને લક્ષમાં લઈને પીએચ.ડી. કરવામાં મદદ કરી હતી. એઓ સુચિંતક, સુલેખક અને જૈન શાસ્ત્રના સારા અભ્યાસી હતા. એમણે જૈન સાહિત્ય ક્ષેત્રના નિર્માણકાર્યમાં નિ:સ્વાર્થ ભાવે અનુપમ સહયોગ આપ્યો છે તે અવર્ણનીય છે. ❖ ❖ ❖

# સુશ્રાવક પ્રોફેસર ડૉ. રમણભાઈ શાહ

### □ પૂજ્ય મુનિશ્રી જંબુવિજયજી મહારાજ સાહેબ

રમણભાઈ સાથે મારે લગભગ ૨૫ વર્ષથી નિકટનો પરિચય રહ્યો છે. ચારૂપ તીર્થમાં સાહિત્ય સમારોહની ઉજવણી તેમણે અમારા સાંનિધ્યમાં લગભગ ૧૮ વર્ષ પૂર્વે કરી હતી. આગમની વાચના માટે પણ એ ખાસ આવતા હતા. એમના વિદુષી ધર્મપત્ની તારાબહેન પણ ઘણીવાર સાથે હોય.

રમણભાઈની વિશેષતા એ હતી કે એ વિવિધ વિષયોના તલસ્પર્શી અભ્યાસી, જાણકાર તથા વિદ્વાન હોવા ઉપરાંત ખૂબ ખૂબ સમન્વયવાદી હતા. જૂના અને નવા વિચારના વર્ગમાં એ સેતુરૂપ હતા. શ્રદ્ધા-જ્ઞાન અને સમ્યક્ આચરણ એમના જીવનમાં વણાઈ ગયાં હતાં. એમના નિધનથી ગંભીર ચિંતક, બહુશ્રુત, વિશાળ અનુભવી, સમન્વયવાદી, વિદ્વાનની જૈન સંઘમાં મોટી ખોટ પડી છે. પ્રભુ તેમના આત્માને પરમ શાંતિ આપો. ❖ ❖ ❖

# રમણભાઈ એટલે સર્વત્ર શુભ દર્શિતા

### □ પૂજ્ય આચાર્ય પ્રદ્યુમ્નસૂરિશ્વરજી મહારાજ સાહેબ

શ્રી અર્હત્ શાસનની પ્રીતિ જીવને સરળતા શીખવે છે. આવી સરળતા વિદ્યાની સાથે કેવી શોભે છે. તે (અહંકારને બદલે તે આવી હતી) શ્રી રમણભાઈમાં દેખાતું હતું.

શ્રી રમણભાઈ ગયા.

આ સંસારે આવવાનું કે જવાનું નવું નથી પણ આવવાના અને જવાની વચ્ચે તેઓ કશુંક વિનશ્વર કોઈકની પાસેથી મેળવે છે તેમાં પોતાનું ઉમેરે છે અને પછીનાને માટે તે કેટલું મૂકી જાય છે તે વિત્તનું મૂલ્ય છે. કો'ક તો એવું મૂકી જાય છે કે ચલ શબ્દ સંપૂર્ણપણે પોતાના અર્થને સાર્થક કરે તેવા યુગમાં પણ તે બળ પ્રેર્યા જ કરે. આત્માના અવાજને અનુસરીને જીભથી કે કલમથી જે સ્રવે, ઝરે, બોલાય કે લખાય તે અનેકને તમસ્-તિમિરમાંથી ઉગારી લે છે. આજુબાજુનો પ્રદેશ ઝળાંહળાં થઈ રહે તેવા અજવાળાં તે પાથરી જાય છે. યુગો સુધી તે અજવાળું આથમતું નથી. આવા અજવાળાંનો મહિમા છે.

ગુણ પક્ષપાત-ગુણ ગ્રાહકતા-ગુણાનુરાગિતા આવા શબ્દો કે શબ્દગુચ્છો શબ્દકોશમાં સચવાયેલાં મળે છે. તે તો જડ રૂપે ભાસે છે પણ જ્યારે એક જીવંત વ્યક્તિમાં તે શબ્દ સાકાર થયેલો દીસે છે ત્યારે તે દીવામાંથી બીજા દીવાને પેટાવવાનું સામર્થ્ય જણાય છે અને તેનાથી દીવો પ્રગટે પણ છે, એમ એક ઉત્તમ પરંપરા પ્રસ્થાપિત થાય છે અને તે અનામી હોય છે.

રમણભાઈમાં આવા 'સ્પાર્ક' દેખાયા હતા. કસરત-વ્યાયામથી ખૂબ કસાયેલું ખડતલ શરીર, ધરતી ઉપર જ ચાલવાનો સ્વભાવ એટલે કે વાસ્તવને માનવા-પ્રમાણવાની ટેવ. જ્યાં કાંઈપણ સારું દેખે તે સારાપણાને આવકાર્યા વિના ચેન ન પડે તેવી સૂચિ શુભ દર્શિતા તેમનામાં હતી.

તેઓમાં વિદ્યાજનિત શાણપણ પણ ભરપુર હતું. વક્તવ્ય પણ મુદ્દાસર અને ટુ ધ પોઈન્ટ આપતાં.

તો 'પ્રબુદ્ધ જીવન'માં પહેલા પાને કયારેક કોઈક સુયોગ્ય વ્યક્તિની જીવનરેખા, તો ક્યારેક સાંપ્રત ઘટનાની સમાલોચના, બધા જ મુદ્દાને આવરી લેતું એ લખાણ તટસ્થ ગણાતું હતું. ક્યાંય અતિશયોક્તિમાં ન સરી પડાય, ક્યાંય ન્યાય ન ચૂકી જવાય તેની તકેદારી પૂર્વકનું એ લખાણ વારે વારે વાંચવું ગમે તેવું હોય છે.

આ તો બધી વાત બહિરંગ પ્રવૃત્તિમાં જણાતા સમજ-વ્યક્તિત્વની થઈ તે સાથે જ સ્વભાવ-વ્યક્તિત્વ પણ એવું જ મુલાયમ હતું. તેમને કોઈ બાહ્ય ઘટાટોપથી અંજાતા કદિ જોયા નથી.

અમારે અમદાવાદમાં એક ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના વ્યક્તિત્વ અને કૃતિત્વ વિષયક પરિસંવાદ (સેમિનાર) યોજવાની વાત ચાલતી હતી. તેઓ મહાવીર વિદ્યાલય તરફથી એ યોજવાના હતા.

તેમાં મારે ઉપસ્થિત રહેવું તેવો તેમનો આગ્રહ હતો. વાતચીતમાંથી જ મારી અંગત મુશ્કેલીઓનો તેઓ અણસાર પામી ગયા. મને એક-બે વાક્યથી જ બોજા વિનાનો/હળવો કરી દીધો. બુદ્ધિમાનના લક્ષણમાં આવે છે કે તે નિરાગ્રહી હોય છે.

बुद्धेः फलमनाग्रहः

બુદ્ધિનું ફલ અનાગ્રહપણું છે. તે તેમનામાં હતું.

પછી અમારે તો લગભગ દર વર્ષે ભાવનગર, જેસર, જામનગર એમ સાતેક વર્ષ એકાદ ગ્રન્થને અનુસરીને વાચના રાખવાનો ક્રમ જારી રહ્યો. સાથે મિત્રોને લાવે. તેમાં ગુલાબચંદ કરમચંદ કરીને તેઓના મિત્ર હતા, તે ગ્રન્થ ગત શ્લોકના હાર્દને-મર્મને તુર્ત પામી જતાં એવી બુદ્ધિની સાથે તેમની સંવેદનશીલતા પણ તીવ્ર હતી.

પ્રસંગ એવો બન્યો કે જેસરમાં ભાદરવા મહિનામાં બપોરે વાચના ચાલતી હતી તેમાં સાધ્વીજી મહારાજનું ગ્રુપ પણ શ્રવણ માટે આવતું. એ સાધ્વીવૃન્દમાં અમારા બા મહારાજ પણ હાજર હોય.

એકવાર બપોરના ત્રણેક વાગ્યાના સુમારે બારણામાંથી સૂર્યનો તડકો મારા ઉપર આવતો જોયો અને બા મહારાજ બોલ્યા–આવો તાપ આવે છે તો બારણું બંધ કરો ને !

આ વાક્યનું ઉચ્ચારણ અને બારણું આડું કરવાની ક્રિયાની વચ્ચે ગુલાબચંદભાઇની આંખમાં અશ્રુબિંદુ સરી પડ્યું. મારી નજરમાં એ આવ્યું ! માતાના હૃદયમાં છલકાતાં વાત્સલ્યના દર્શનથી એ આંસુ ધસી આવ્યા એવું મને લાગ્યું. આવા મિત્રોનું વૃન્દ તેઓને વિંટળાઈને રહેતું. મિત્રો નભાવવાની કળા તેમને સહજ હતી. જૈન યુવક સંઘ જેવી સંસ્થાને સફળ રીતે ચલાવવાનો તો આ કીમિયો હતો.

તેઓ ચોક્કસ નક્કર કાંઈક મૂકી ગયા છે. શું શું મૂકી ગયા છે તેઓ પ્રચ્છન્ન ગુપ્ત ધનમૂડીની જેમ ધીરે–ધીરે પ્રકાશમાં આવશે.

તારાબહેન પણ તેઓની સાથે मणिकांचन संयोग ની જેમ શોભતા હતા. દંપતી તે જ સાચા છે જે પરસ્પરના પૂરક બની રહે છે, તે વાક્ય અહીં ચરિતાર્થ થયેલું જોવા મળે છે.

તેઓ પાસે એક માગણી કરવાનું મન રહ્યા કરતું હતું કે રમણભાઈ ! તમે માત્ર પાદરાના સંસ્મરણો આપીને તમારી સાદી છતાં સુંદર લેખનશૈલીનો સ્વાદ ચખાડીને બંધ થઈ જાવ તે કેમ ગમે ! સંપૂર્ણ આત્મકથા આપો ને ! તમે કરેલી અભિવ્યક્તિ કેવી તો રસાળ હોય છે કે વાચક તેમાં તણાતો જ જાય અને બધું ચિત્રાત્મક રીતે ચક્ષુગોચર થયાં જ કરે ! वर्णिका दर्शन (એક દાણો ભાતનો જોવાથી સમગ્ર તપેલીના બધા દાણાની સમજ પડે છે તેમ) ન્યાયે તમારા પિતાજીની વાત કરતાં કરતાં તે સમયના પાદરાને તમે તાજું કરી આપ્યું. તમે એ બધું લખતાં–લખતાં પાછા પાદરાના પાદરમાં જીવતાં થઈ ગયા હશો એ ક્ષણોએ તમારામાં કેટલો આનંદ ભર્યો હશે એ કલ્પનાથી પણ રોમાંચ થાય છે. હાલની નવી પેઢીને તો આ બધી ગયા જનમની વાત લાગે તેવું એ બધું વર્ણન હતું.

ઘણું બધું લખ્યું, ઘણું છપાવ્યું પણ બધો તેના ઉપર હક્ક, હિસ્સો ન રાખ્યો. વિશ્વના ચોગાનમાં ખુલ્લું મૂકી દીધું.

રમણભાઈ ! તમારી અક્ષરસંપદા જ્યાં સુધી છે ત્યાં સુધી તમે જીવતાં છો અને અમારી વચ્ચે જ છો.

❖ ❖ ❖

# ગુણગ્રાહી દૃષ્ટા : ડૉ. રમણભાઈ

### □ પૂ. આચાર્ય વિજયશીલચન્દ્રસૂરી મહારાજ સાહેબ

વિ. સુશ્રાવક ડૉ. રમણભાઈ શાહનું અવસાન થવાથી સાહિત્યજગતમાં તથા જૈન સમાજને બહુ મોટી ખોટ પડી છે. મૂળે જૈન સમાજમાં વિદ્વાનો બહુ જૂજ, તેમાં પણ પોતાના વિષયના નિષ્ણાંત હોવા ઉપરાંત અનેકવિધ વિષયોનો ઊંડો–ગાઢ પરિચય રાખી જાણે તેવા વિદ્વાન તો રમણભાઈ જેવા ગણ્યાગાંઠ્યા જ. ખરું કહું તો રમણભાઈ એ આ પ્રકારના છેલ્લા જૈન વિદ્વાન છે. એમના જવા સાથે એમના પ્રકારના વિદ્વાનોનો યુગ સમાપ્ત થયો છે, એમ કહીએ તો તેમાં અત્યુક્તિ નથી જણાતી.

વિદેશ જનારા જૈન વ્યાખ્યાતાઓ તથા વિદ્વાનો ઘણા હશે/છે. પણ એક નિસ્પૃહ, શ્રદ્ધાસંપન્ન અને સમતોલ માનસ ધરાવનારા જૈન પ્રવકતા તરીકે વિદેશોમાં (તેમ જ દેશમાં પણ) શ્રી રમણભાઈની પ્રતિભા જેવી ઉપસેલી, તેવી ભાગ્યે જ કોઈની હશે.

રમણભાઈનો મોટો ગુણ તે તેમની ધર્મશ્રદ્ધા તથા ધર્મનિષ્ઠા છે. દુનિયા અને દુનિયાદારી સાથે તેમ જ દુનિયાના વિવિધ ધર્મપંથો તેમ જ ધાર્મિક માન્યતાવાળા વર્ગ સાથે જીવંત સંપર્ક હોવા છતાં જૈન ધર્મશાસન પ્રત્યેની તેમની નિષ્ઠા તથા ધર્મપરાયણતા અવિચલ અને નિરંતર જળવાઈ હોવાનું જાણવા મળે છે, જે ખૂબ આનંદ તથા અચંબો જન્માવે છે.

તેમના ધર્મ અને શાસ્ત્રીય વિષયોના લેખો તથા ગ્રંથોનું પ્રમાણ તો વિપુલ છે જ. પણ તે સિવાયના તેમના પ્રવાસવર્ણન વગેરે સાહિત્યિક વિષયોના લખાણોમાં પણ તેમનો હકારાત્મક અભિગમ તથા મધ્યસ્થ કે સમતોલ વલણ સર્વત્ર જોવા મળે છે. ગુણાગ્રાહક દૃષ્ટિ, સદાચાર અને સુસંસ્કારને પોષે તેવી પ્રસ્તુતિ–એ તેમનાં લખાણોનો વિશેષ ગણાય.

અમે તો આ ચાતુર્માસ પછી તેમને અમદાવાદ બોલાવવા અને તેમનું ગૌરવ કરવું–એવો કાર્યક્રમ ગંભીરતાપૂર્વક વિચારી રહ્યા હતા. પણ એટલામાં જ તેમના અવસાનના સમાચાર મળ્યા ! કાળસત્તા જ બળવતી છે એ વધુ એકવાર સમજાયું.

એમના સદ્ગત આત્માને શાંતિ મળો તેવી પ્રાર્થના.

❖ ❖ ❖

# શ્રી ર. ચી. શાહ : એક પરિચય

### □ પૂ. આચાર્ય વિજય મુનિચન્દ્રસૂરિ મહારાજ સાહેબ

શ્રી રમણલાલ ચી. શાહના લેખો–પુસ્તકો અને સાહિત્યિક પ્રવૃત્તિથી તો વર્ષોથી વાકેફ હતો. તેઓ સારા વક્તા છે એવું પણ સાંભળેલું.

મારી ગણિપદવી પ્રસંગે એમને પધારવા મેં લખેલું. પત્રનો ઉત્તર આપવા માટે તેઓ હંમેશાં અપ્રમત્ત રહેતા. સમયસર એમનો ઉત્તર મળી જ જાય.

તેઓનો જવાબ આવ્યો કે આપ વાવ ચાતુર્માસ છો અને અમે એ તરફ જાત્રા કરવા આવીએ છીએ.

વિ. સં. ૨૦૪૮ માં વાવમાં સર્વ પ્રથમ એમની રૂબરૂ મુલાકાત થઈ, સાથે તારાબહેન અને બીજા પરિચિતો હતા.

ગણિપદવી પ્રસંગે પણ તેઓનું પ્રવચન સાંભળવા મળ્યું.

આ પછી તો લાંબો સમય પત્રની આવન–જાવન ચાલતી રહી.

મુંબઈ ચાતુર્માસ વખતે ફરી રૂબરૂ મળવાનું થયું. આ વખતે મારે શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા દ્વારા લખાયેલા 'જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ' ભાગ–૧–૨–૩નું પુનઃ સંપાદન કાર્ય ચાલુ હતું. મેં કાપડિયાના પુત્રો વગેરે બાબત માહિતી માગી. એમણે કહ્યું: એમના પુત્રો જોડે મારે ઘનિષ્ઠ સંબંધ છે. ઇતિહાસના ભાગોના પુનઃ પ્રકાશન માટેની શ્રી કાપડિયાના પુત્રોની લેખિત સંમતિ પણ શ્રી શાહે મેળવી મોકલી આપી.

બીજાને સહાયરૂપ બનવાનું વલણ મૂળથી જ એમના સ્વભાવમાં જોડાયું લાગે છે.

એમના પ્રવાસવર્ણન અને જીવનચરિત્રના પુસ્તકોમાંથી ઘણું જાણવા મળતું. રૂબરૂ અને પત્રથી પણ એમના આગામી પુસ્તક વિષે પૂછપરછ

થતી. શ્રી ર. ચી. શાહ એમનાં પુસ્તકો અમને મોકલતા રહેતા. જ્યારે જે પણ પુછાવીએ તે માટે ઉત્તર પણ યથાયોગ્ય મોકલતા રહેતા.

ગયા વર્ષે શ્રી કાપડિયાના 'જૈન સંસ્કૃત ઇતિહાસ' ભાગ-૧-૨-૩ ના વિમોચન પ્રસંગે આવવા મેં જણાવેલું. સ્વાસ્થ્યના કારણસર તેઓ આવી ન શક્યા. જો કે એમનો પત્ર આવ્યો કે-સ્વાસ્થ્ય સારું નથી રહેતું એટલે વાલકેશ્વરથી મુલુંડ (દીકરીનું ઘર નજીક હોવાથી) રહેવા આવ્યો છું.

'પ્રબુદ્ધ જીવન'ના અંકમાં પણ વાંચવામાં આવ્યું કે સંસ્થા માટેના પ્રવાસમાં પહેલી જ વાર શ્રી શાહ સ્વાસ્થ્યના કારણસર જોડાઈ ન શક્યા.

આ પછી ગુજરાત સમાચાર-'ઈંટ અને ઈમારત' કોલમમાં એમના અવસાન અને જીવન-કવન વિષે વાંચ્યું.

શ્રી ર. ચી. શાહના જવાથી એક શ્રદ્ધાળુ અને જ્ઞાની પુરુષની ખોટ પડી ગઈ.

❖ ❖ ❖

# જ્ઞાનારાધક સુશ્રાવક સ્વ. રમણભાઈ

### ☐ પૂ. ઉપાધ્યાયશ્રી ભુવનચંદ્ર મહારાજ સાહેબ

સુશ્રાવક શાસનસેવી શ્રી રમણલાલભાઈના અવસાનના ખબર પેપરમાં વાંચતાં જ એક અફસોસની લાગણી મનમાં જાગેલી. બાળ સંસ્કાર શિબિર વગેરેમાં વ્યસ્ત હોવાથી હું તરત પત્ર ન લખી શક્યો, પણ તે પછી દરરોજ તેમનું સ્મરણ રહ્યા કર્યું છે.

વર્તમાન કાળે જે શ્રાવકરત્નો જિનશાસનમાં ચમકી રહ્યા છે તેમાંના એક એવા રમણભાઈના અનેક સદ્‌ગુણો ક્યારેય વિસ્મૃત નહિ થાય. ભરપૂર સ્વાધ્યાય, દીર્ઘ જ્ઞાનોપાસના, ઊંડી શ્રદ્ધા, સુંદર મધ્યસ્થ દૃષ્ટિ, વૈચારિક ઉદારતા વગેરે તેમની વિશિષ્ટ લાક્ષણિકતાઓ હતી.

પાછલા થોડા વર્ષોમાં 'અધ્યાત્મસાર' અને 'જ્ઞાનસાર' જેવા ગ્રંથોનું પરિશીલન ચાલ્યું એ તેમની જ્ઞાનસાધનાનું સુયોગ્ય અંતિમ ચરણ જાણે બની રહ્યું. 'પ્રબુદ્ધ જીવન'ને નવો ઘાટ આપીને એક અદ્‌ભુત કાર્ય કર્યું.

તારાબેન પણ રમણભાઈના જ્ઞાનોપાસનાના ક્ષેત્રે અને શ્રાવક જીવનના ધર્મપાલનના ક્ષેત્રે તેમના સાથી-સહયોગી બની રહ્યાં એ વાત તેમના વિયોગ કાળે તેમને ખૂબ જ શાતાદાયક નીવડશે.

દિવંગતની વિકાસયાત્રા આગળ વધતી રહો એ જ પ્રાર્થના.

❖ ❖ ❖

# વર્તમાન કાળના અનુપમ સાક્ષર ડૉ. રમણભાઈ ચી. શાહ

### ☐ પૂ. પંન્યાસ નંદીઘોષવિજયગણિ મહારાજ સાહેબ

શ્રી રમણભાઈ સાથે મારો પરિચય બહુ જ થોડા સમયનો છે. તેમનું નામ 'નવનીત-સમર્પણ' (ગુજરાતી) તથા હિન્દી 'નવનીત' (ડાઈજેસ્ટ)માં ઘણી વખત વાંચેલ. ખાસ તો તેમનો પ્રવાસ અનુભવ 'પાસપોર્ટની પાંખે' લેખમાળા દ્વારા બહુ જ સહજ અને સ્વાભાવિક રીતે આલેખાયેલ છે તેના દ્વારા તેમનો શબ્દ પરિચય મળેલ. આમ તેમનો પરોક્ષ પરિચય હતો પરંતુ પ્રત્યક્ષ પરિચય તો શ્રી મહાવીર જૈન વિદ્યાલય મુંબઈ દ્વારા પ્રકાશિત થનાર મારા 'જૈનદર્શન વૈજ્ઞાનિક દૃષ્ટિએ' 'Jainism : Through Science' ને પ્રમાણિત કરતી વખતે અમદાવાદથી પાલિતાણાના અમારા વિહાર દરમ્યાન કોઠ ગામે આવેલ ત્યારે થયેલ. ત્યાર પછી ક્યારેક પત્ર દ્વારા મળવાનું થતું પણ તેમની તબિયતના કારણે તેઓ બહાર બહુ જતા ન હોવાથી રૂબરૂ મળવાનું થયું નહોતું. શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ તરફથી ઘણા જૈન સાહિત્ય સમારોહનું આયોજન કર્યું હતું અને ઘણા લોકોનો પ્રેમ સંપાદન કર્યો હતો.

'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકેની તેમની કામગીરી બહુ જ પ્રશંસનીય અને તટસ્થતાપૂર્ણ રહી હતી. સામાન્ય રીતે શરૂઆતમાં પ્રબુદ્ધ જીવનનો ઈતિહાસ જૈન સાધુ પરંપરાથી વિરુદ્ધ રહ્યો હતો તેથી પ્રબુદ્ધ જીવન સાથે સંકળાવવાનું કોઈ પણ સાધુ માટે જોખમકારક ગણાતું તેવા સમયમાં તેમણે પ્રબુદ્ધ જીવનનું તંત્રીપદ સ્વીકારી સાધુઓ પ્રત્યેના સદ્‌ભાવ દ્વારા પ્રબુદ્ધ જીવનને સાધુઓમાં પણ લોકપ્રિય બનાવ્યું. એ તેમની બહુ મોટી સિદ્ધિ હતી.

મારા જૈનદર્શન અને વિજ્ઞાનના લેખોથી તેઓ બહુ પ્રભાવિત થયેલ એટલે તેમણે કોઈ પણ જાતની બહુ લાંબી ઝંઝટ કર્યા વિના જ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ટ્રસ્ટીમંડળને મારા લેખ સંગ્રહને પ્રકાશિત કરવાની ભલામણ કરી. જે મારા માટે પાશેરામાં પહેલી પૂણી જેવું હતું. ત્યાર પછી ફરીવાર અમદાવાદ-પારુલનગર ખાતે અમારી 'ભારતીય પ્રાચીન સાહિત્ય વૈજ્ઞાનિક રહસ્ય શોધ સંસ્થા' (Research Institute of Scientific secrets from Indian Oriental Scriptures-RISSIONS) ના તત્કાલીન કાર્યાલયના ઉદ્‌ઘાટન સમારોહમાં પધારવા માટે મેં તેઓને નિમંત્રણ મોકલ્યું ત્યારે તેઓની તબિયત નાદુરસ્ત હોવા છતાં આવવાની હા પાડી અને આવ્યા. અને તેમની તબિયતને અનુકૂળ આવે તે માટે પારુલનગર સંઘના કાર્યકર્તા શ્રી સુધીરભાઈ પી. શાહને ત્યાં રહ્યા અને તેમની સાથેનો શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુરનો પરિચય તાજો કર્યો. એટલું જ નહિ ઉદ્‌ઘાટન સમારોહ બાદ બપોરના પરિસંવાદમાં અધ્યક્ષતા પણ સ્વીકારી અને પરિસંવાદનું સફળતાપૂર્વક સંચાલન પણ કર્યું. જે મારા માટે ખરેખર અવિસ્મરણીય પ્રસંગ છે.

તે પરિસંવાદમાં ડૉ. જિતેન્દ્રભાઈ બી. શાહે આપણી સામાયિક પ્રક્રિયા ઉપર પોતાનું સંશોધન પત્ર રજૂ કર્યું ત્યારે એક રમૂજભરી કથા પણ કહેલી. તો સાથે સાથે અમદાવાદની સુપ્રસિદ્ધ વિજ્ઞાન સંસ્થા ભૌતિકશાસ્ત્ર સંશોધન પ્રયોગશાળા (Physical Research Laboratory) ના વિજ્ઞાની ડૉ. નરેન્દ્રભાઈ ભંડારીએ રજૂ કરેલ આધુનિક વિજ્ઞાન અને જૈન દર્શન અંગેના સંશોધનપત્રની ચર્ચામાં ક્રમબદ્ધપર્યાય, જમાલિના નિયતિવાદ અને પુરુષાર્થની નિષ્ફળતા અંગે સ્પષ્ટીકરણ કરતાં તેઓએ જણાવેલ કે છદ્મસ્થ જીવોની અપેક્ષાએ પુરુષાર્થ જરૂરી છે, જ્યારે કેવળજ્ઞાની અપેક્ષાએ ક્રમબદ્ધ પર્યાય નિયત છે; પરંતુ તેટલાં માત્રથી પુરુષાર્થનું મહત્ત્વ ઓછું થતું નથી.

છેલ્લે ગઈ સાલ મારા આભામંડળ અંગેના પુસ્તકની પ્રસ્તાવના લખવાનું કહ્યું તો કશી જ આનાકાની વગર તેમણે તે સ્વીકાર્યું. એટલું જ નહિ સમયસર તે લખી મોકલી. સાથે એમને એ પુસ્તક એટલું ગમી ગયું કે તેમાંથી એક પ્રકરણ તેમણે પ્રબુદ્ધ જીવનમાં પણ પ્રકાશિત કર્યું અને મને લખ્યું કે આપની રજા મેળવ્યા વગર મેં આપના પુસ્તકમાંથી એક પ્રકરણ પ્રબુદ્ધ જીવનમાં પ્રકાશિત કર્યું છે. આજના જમાનામાં જ્યારે સાહિત્યિક ચોરી (Plagiarism) સર્વ સામાન્ય ઘટના બની ગઈ છે ત્યારે આ રીતે નિખાલસ અને સરળતાપૂર્વક આવો સ્વીકાર કરવો દુર્લભ લાગે છે.

શ્રી રમણભાઈ વિદ્વાન હોવાની સાથે સાથે એક સાધક આત્મા પણ હતા. અને સાધક આત્માનું એક મહત્ત્વનું લક્ષણ એ હોય છે કે તેઓ

હંમેશાં સરળ હોય છે. શ્રી રમણભાઈ પણ આવા સરળ અને નિર્દંભ પ્રકૃતિના મહામાનવ હતા. અને તે જ તેમની વિશેષતા હતી. આવા વિદ્વાન સમાજસેવી નિર્દંભ પ્રકૃતિના સાધુચરિત જ્યારે વિદાય લે છે ત્યારે સંસ્કૃત સુભાષિતમાં જણાવ્યા પ્રમાણે માનસરોવરમાંથી રાજહંસ વિદાય લે ત્યારે હંસને કોઈ હાનિ થતી નથી પરંતુ માનસરોવરને જ હાનિ થાય છે તેમ એ જીવ જ્યાં જશે ત્યાં તે સ્થાનની શોભા જ બનશે પરંતુ આપણા આ વર્તમાન સમાજને તેમની ખોટ જલ્દી પૂરાય તેમ લાગતું નથી.

અંતમાં આવા સાધુચરિત સજ્જન આત્મા જ્યાં હોય ત્યાં સૌનું કલ્યાણ કરનાર થાય એ જ એક શુભભાવના. ❖ ❖ ❖

# વિપુલ સાહિત્યસર્જક : ડૉ. રમણભાઈ

**□ પૂજ્ય મુનિશ્રી જયભદ્રવિજયજી મ. સા.**

થોડાં વરસો પહેલા અમારા સમુદાયના સાધુઓ પાલિતાણા આવ્યા. દશેક દિવસ રોકાયા. આ દશ દિવસ દરમ્યાન તેઓએ પાલિતાણાની જાત્રા નવટૂંક ઘેટી પાગ, હસ્તગિરિ વગેરે ગયા. દશમાં દિવસે રાતના સમયે પૂ. પન્યાસશ્રી વાચસ્પતિવિજયજી મ. સાહેબ પાસે બેસવા આવ્યા, પરંતુ પૂ. પન્યાસજી મહારાજ સાહેબનું પ્રતિક્રમણ બાકી હતું તેથી તેમને મારી પાસે બેસવા જણાવ્યું. એ બે સાધુઓ મારી પાસે એકાદ કલાક બેઠા. ઘણી ઘણી વાતો થઈ, ખૂબ આનંદ થયો. ઊઠતા ઊઠતા એ સાધુઓ બોલ્યા કે આપણે નવ દિવસ ફોગટ ગુમાવ્યા. જો આપણે નવેનવ દિવસ બેઠા હોત તો કેવું સારું અને રમણભાઈના પુસ્તકની વિગતો જાણી હોતત તો! કેટલી માહિતી જાણવા મળત! આ સાંભળી મને મનમાં વિચાર આવ્યો કે શ્રી રમણભાઈના પુસ્તકો કેટલા ઉપયોગી છે. નજીકનાં સમયમાં જ મેં તેમનાં પ્રભાવક સ્થવિરો પુસ્તક વાંચ્યા હતા. પૂ. વડીલો પાસેથી સાંભળેલી અને શ્રી રમણભાઈનાં પુસ્તકમાંથી વાંચેલી વિગતોએ મને તે પૂજ્ય પુરુષોની માહિતીથી સભર કર્યો.

ત્યારથી મેં શ્રી રમણભાઈના પુસ્તકોને સારી રીતે વાંચવાનું રાખ્યું અને જે પણ પુસ્તક વાંચુ તે પુસ્તકમાંથી ધારવા જેવી બાબતો ધારી લઉં, યાદ રાખી લઉં.

તેમનાં પુસ્તકો વાંચવાની ખૂબ મજા આવતી. ક્યારેય કંટાળો નથી લાગ્યો. તેમની લખવાની સરળ શૈલી, રસલાલિત્ય તથા વિષયને નિરૂપવાની અનોખી રીતને કારણે દરેક પ્રસંગો જીવંત લાગતા. જ્યાં જે વસ્તુનો–વિષયનો રસનું નિર્દેશન કરવું હોય ત્યાં કરતાં. તેથી તેમનાં પુસ્તકોમાં રસરૂચી જળવાઈ રહેતી.

તેમને લખેલા લગભગ તમામે તમામ પુસ્તકો હું જોઈ ગયો છું. યાત્રા પ્રવાસનું પુસ્તક હોય. સ્વદેશ–પરદેશ પ્રવાસનું પુસ્તક હોય તો તે વાંચતાં પણ ઘણી નવી વિગતો જાણવા મળે, ત્યાંની વિશેષતાઓ જાણવા મળે અને વાંચન દ્વારા આપણને એમ જ લાગે કે આપણે પણ તે જગ્યાએ જઈ આવ્યા છીએ.

આવા જૈન સમાજની બહુમુખી પ્રતિભા ધરાવતી વ્યક્તિ ચાલી જવાથી જૈન સમાજને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. તેમની નિખાલસતા, નિરભિમાનીપણું, પ્રકાંડ વિદ્વાન હોવા છતાં લેશ પણ વિદ્વતાના ભાર વગરનાં, પૂ. સાધુ–સાધ્વીજી પ્રત્યે અથાગ ભક્તિભાવ રાખનાર અને તેમનો આદર કરનાર, લેખનકાર્યો અને અન્ય પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેવા છતાં જૈન આચારોનું યથાશક્ય પાલન કરનારા, જિનપૂજા કરનાર જેવા રમણભાઈને જોતાં જ એક સાત્ત્વિક આત્માને જોતા હોઈએ તેવો ભાવ થાય.

વાલકેશ્વરમાં હું એસ. પી. એપાર્ટમેન્ટમાં અને તેઓ રેખા બિલ્ડિંગમાં રહે. એટલે ક્યારેક ક્યારેક રસ્તામાં અમારે મળવાનું થતું ત્યારે ખૂબ આનંદ થતો.

તેમના એક પુસ્તક 'પાસપોર્ટની પાંખે-ભાગ ૩'માં છેલ્લે ભારતના 'ખજૂરાહો' પ્રકરણમાં બ્રેક, લાઈટ, હોર્ન, વિનાની ચાવીથી નહિ પણ બે વાયર અડાડીને ચાલતી જીપનું વર્ણન અને તેને ચલાવનાર ઠીંગુજી ડ્રાયવરનું વર્ણન અતિશય સુંદર છે. એક બાજુ રમૂજ ઉત્પન્ન થાય, બીજી બાજુ ગરીબ માણસ પ્રત્યે કરુણા જન્મે. તે વાંચતા વાંચતા ન હસવાની ટેવવાળાને હસવું આવ્યા સિવાય રહે નહીં.

મારી તેમની સાથે અવારનવાર મુલાકાત થતી તેમાં પ્રભાવક સ્થવિરોના પુસ્તકના લખાણથી–વાંચનથી પ્રેરાઇને તેમને જૈનેત્તર જૈન સાધુ ઉપર લખવા માટે કહેલું. મેં તેમને કહેલું કે તમે આવા સુંદર પુસ્તકો લખ્યા છે તો જૈનેતરોને પણ ખ્યાલ આવે કે જૈન ન હોવા છતાં પણ જૈનેતર વ્યક્તિએ સાધુપણું સ્વીકારી કેવાં ધર્મનાં સુંદર કામો કર્યા છે તે સૌને ખ્યાલ આવે અને શાસનના જૈન ધર્મની વિશાળતાનો અનુભવ થાય.

તેમણે લખેલ પુસ્તકોમાં તેમનાં છેલ્લા બે પુસ્તકો 'અધ્યાત્મસાર' અને 'જ્ઞાનસાર' પુસ્તકો ખૂબ જ સુંદર બન્યા છે. તેમણે જે શૈલી અપનાવી છે તે સુંદર છે. શ્લોક અને તેની નીચે જ ગુજરાતી ભાષાંતર અને શબ્દોની સમજ. જેથી શ્લોકનો મર્મ તરત સમજાય. ઉપાધ્યાયજી મહારાજ સાહેબનાં ગ્રન્થોને આવી સુંદર રીતે રજૂ કરીને શ્રી રમણભાઈએ શ્રેષ્ઠતમ કાર્ય કર્યું છે તે તેમના જીવન ચિરંજીવી કાર્ય બની રહેશે.

તેઓ હજુ હોત તો વધુ સુંદર પ્રકાશનો સમાજને આપતા રહ્યા હોત. અસ્તુ

તેમનો આત્મા જ્યાં ગયો હોય ત્યાં જ્ઞાન–દર્શનને પામે તેવી શુભ ભાવના સાથે.

❖ ❖ ❖

# જ્ઞાનાચારની આરાધના

**□ પૂ. મુનિશ્રી હિતવિજયજી મ.સા.**

આધુનિક તમામ સુખ–સગવડોથી ભરપૂર, સ્વર્ગ સમાન સુંદર બંગલામાં જો પ્રકાશનું એક કિરણ પણ પ્રવેશ પામી શકતું ન હોય, તેથી આખો બંગલો ઘોર અંધકારમય હોય તો એવા અંધારિયા બંગલાની કિંમત કોડીની થઈ જાય તેમ જ એમાં રહેવા જનાર અથડાય, કુટાય અને ખૂબ દુઃખી થાય.

માણસ યુવાન હોય અને દેવ જેવો રૂપાળો હોય, પણ જો એ આંધળો હોય તો એનું રૂપ નિરર્થક બની જાય તેમ જ દૃષ્ટિના અભાવે એ જીવનભર સર્વત્ર અથડાય, કુટાય અને ખૂબ દુઃખી થાય.

બંગલામાં જે સ્થાન પ્રકાશનું છે, શરીરમાં જે સ્થાન આંખનું છે, માનવ–જીવનમાં એ સ્થાન જ્ઞાનનું છે.

અજ્ઞાન માણસ પુણ્ય–પાપ, હેય–ઉપાદેય, કર્તવ્ય–અકર્તવ્ય આદિ કાંઈ જાણી શકતો નથી, તેથી આ લોક–પરલોકમાં દુઃખી થાય છે અને

આત્મહિત સાધી શકતો નથી.

જ્ઞાની માણસ જ પુણ્ય-પાપ આદિ જાણી શકે છે અને આ લોક-પરલોક સુધારવા સાથે રત્નત્રયીની આરાધના દ્વારા શિવસુખ પામી શકે છે.

સ્વર્ગસ્થ ડૉ. રમણલાલ ચી. શાહે પોતાના સમગ્ર જીવનકાળ દરમિયાન શ્રદ્ધાપૂર્વક જ્ઞાનાચારની સુંદર આરાધના કરવા દ્વારા જૈન કૂળને અને પોતાના સમસ્ત જીવનને ઉજ્જવળ બનાવ્યું છે, શોભાવ્યું છે.

સમ્યગ્દર્શન વધુ ને વધુ નિર્મલ બનવા સાથે ભવાંતરમાં પણ એમની જ્ઞાનાચારની આરાધના વણથંભી ચાલુ રહે અને તેઓ શીઘ્ર આત્મહિત સાધે એ જ શુભાભિલાષા.

એમની સાથેનો મારો પરિચય ૧૦/૧૨ વરસથી પત્ર દ્વારા જ થયેલો છે. અમે પ્રત્યક્ષ ક્યારેય મળ્યા નથી. તેઓશ્રીએ મારા પ્રકાશનો 'જોડાક્ષર વિચાર' અને 'ગુજરાતી લિપિ'ની પ્રસ્તાવના લખી આપી હતી અને મારા ૨-૪ લેખો 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કર્યા હતા.

મારા પ્રત્યે તેમ જ મારાં પ્રકાશનો પ્રત્યે સંપૂર્ણ સદ્ભાવ ધરાવતા હતા, એથી મારાં ઉપર્યુક્ત બે પ્રકાશનોની એમણે સુંદર પ્રસ્તાવના લખી આપી હતી. તેઓશ્રીની લેખનશૈલી ખૂબ રસાળ હતી. પુસ્તક હાથમાં લીધા પછી મૂકવાનું મન ન થાય. એક વાર મેં પત્ર દ્વારા એમને પૂછેલું કે તમારા નામના અક્ષરો રમણલાલ 'સી' શાહ લખવા કે રમણલાલ 'ચી' શાહ લખવા ? જવાબમાં એમણે મને લખેલું કે અંગ્રેજીની રોમન લિપિ અનુસાર 'સી' શાહ લખી શકાય. પણ મને 'ચી' શાહ જ પસંદ છે.

તેઓશ્રી 'ચી' શાહ (દીર્ઘ ઈ) લખતા હતા. પણ 'ચિમનલાલ'ના ચિ - ચી અંગે મારે એક વિદ્વાન સાથે થયેલી ચર્ચા દ્વારા 'ચિ' (ચિમનલાલ) સાચું હોવાનું જાણવા મળ્યું હતું. ❖ ❖ ❖

# 'जैन जगत के प्रकांड विद्वान साहित्य दिवाकर डॉ. रमणलाल शाह'

□ पू. साध्वी निपुणाश्रीजी महाराज–रायपुर

भाईश्री डॉ. रमणभाई ने हमारे बीच से पार्थिव देह से चिर बिदाई ले ली । परिवार में व्यक्ति वियोग की व्यथा सहज है ही किन्तु जिनशासन में एक प्रकांड विद्वान तथा आगमपाठों के साथ गहन तत्त्वज्ञान के तलस्पर्शी विवेचक की अपूरणिय क्षति हुई है । जिसकी पूर्ति वर्तमान में संभव नहीं !

सांसारिक संबंध में भाई होने के कारण मुझे दीक्षा की आज्ञा दिलाने में भी आपका पूर्ण सहयोग रहा । अद्यपर्यन्त आप द्वारा लिखित लगभग सभी ग्रंथ पोस्ट से प्राप्त होता रहा एवं उन ग्रंथों का स्वाध्याय अनवरत सामूहिक रुप से चल रहा है । सहज सरल भाषा में अध्यात्म को आगम पाठ से प्रमाणित करते हुए इतना विशद विवेचन किया है जिसका वांचन करते करते हृदय बडा गद्‌गद् होता है एवं मस्तिष्क अहोभाव से झुक जाता है ।

आपके द्वारा लिखित और संपादित 'जिनतत्त्व', 'अध्यात्मसार', 'वीर प्रभु ना वचनो', 'प्रभावक स्थविरो', 'ज्ञानसार', के 'जैन धर्मना पुष्पगुच्छ', 'सांप्रत सहचिंतन' आदि ग्रंथ आध्यात्मिक जीवन शैली प्रदान करने में पूर्ण सक्षम है साथ ही रास आदि में महापुरुषों के जीवन का सजीव वर्णन बहुत ही रसप्रद सधी हुई शैली में किया है । 'पासपोर्ट नी पांखें' पुस्तक में वैदशिक जीवन शैली का आबेहूब चित्रण हुआ है जिसमें बाली द्विप में मनाये जाने वाले पर्व की पद्धति में प्राय: जैनों की उत्कृष्ट आराधना संवत्सरी के समकक्ष की अनुभूति कराता है । 'प्रबुद्ध जीवन' में तथा साहित्य सर्जन के क्षेत्र में आपकी बहुमुखी प्रतिभा का दिग्दर्शन होता है । निष्कर्ष की भाषा में आप जीवन पर्यन्त आध्यात्मिकता में निमग्न रहे ।

दो–तीन माह पूर्व आपने लिखा था कि अभी ज्ञानसार का अनुवाद चल रहा है पश्चात् जैन पारिभाषिक शब्दकोष तैयार करना है, शायद प्रारंभ किया ही होगा।

बम्बई के हमारे पांच चातुर्मास में भी पुन: पुन: आपका आगमिक मार्गदर्शन मिलता रहा । महाकौशल प्रदेश बालाघाट में भूतकालिन शिबिर छात्र सम्मेलन में आपका प्रेरक प्रभाविक उद्‌बोधन रहा । महाकौशल जैन श्वे. मूर्तिपूजक संघ के आमंत्रित अतिथि रहे । दूसरी बार रायपुर में छात्राओं की शिबिर में संघ के आमंत्रण से आप सपत्नी पधारे थे । सहज सरल उद्‌बोधन में प्रभाविकता थी । तीसरी बार चार दिन का प्रवास रहा । चित्रकूट आदि स्थान पर्यटन साथी भाई राजेन्द्र घीया थे तब भी घंटों तक कितनी अनुभव वार्ता का रसपान कराया जो आज भी स्मृतिपट में चिरस्थायी है । सांसारिक बडे भ्राता के रुप में अवश्य सहज हितचिंतक के रुप में हमारे संयमी जीवन के बहुमान साथ औचित्यपूर्ण व्यवहार रहा । बृहद् भगिनी परम पूज्या कुसुमश्रीजी म. सा. से आपने काफी ज्ञानचर्चा से जीवन को भावित किया था ।

पादरा निवासी अमृतलाल वनमालीदास कुटुम्ब के गौरवपुत्र पिता चीमनभाई शाह के कुलदीपक चि. रमणभाई पार्थिव-शरीर से हमारे मध्य नही रहे किन्तु आपके सत्साहित्य रुप विरासत हमारे साथ है ।

उक्तं च–

परिवर्तिनी संसारे, मृत: को वा न जायते ।

स जातो येन जातेन, याति वंश समुन्नतिम् ।।

परिवर्तनशील संसार में जन्म साथ मृत्यु अविनाभावि है किन्तु जन्म उनका ही सार्थक है जिनके द्वारा कुटुम्ब संघ समाज गौरवान्वित है ।

'ज्ञान क्रियाभ्याम् मोक्ष:' तत्त्वार्थ का सूत्र आपके जीवन में चरितार्थ था । आप कहते थे विदेश प्रवास से पूर्व सिद्धगिरि की यात्रा का भाव रहता है । तथा वहां विशिष्ट व्यक्ति को प्रदान करने हेतु प्राय: परमात्मा की प्रतिमा साथ ले आते थे । हम पालीताणा थे तब पुत्र अमिताभ का अध्ययन हेतु शायद प्रवास होगा, तब प्लेन से भावनगर होकर पालीताणा तीर्थयात्रा तथा हमारे दर्शन लाभ का भी खास निर्देश आपका रहा ।

जैन इतिहास के प्रखर विद्वान अगरचंदजी नाहटा आपसे मिलने बंबई आते ऐवं पृच्छा करते तो आप कहते सुबह सामायिक, पूजा पश्चात ही समागम हो सकेगा ।

मैने एक वक्त पर्युषण व्याख्यानमाला के विषय में बातचीत की तो कहा कि जैनत्व से अपरिचित कौ जैतत्व की पहचान हेतु संगठित करने में विविधता जरुरी है . जो अनेक विषयों के विद्वान शासन के प्रमाणित वक्तव्य से सुप्त चेतना को जागृत करने का प्रयास है, किन्तु वास्तविक तो जो परंपरा है वही है ! एवं मैं भी समय मिलते उसी स्थान पहुंचता हूं यानि संस्कृति का भी कितना गौरव था ।

आपकी एक विशिष्ट प्रकृति थी कि कभी भी पत्र सामान्य हो या विषयगत प्रश्न वाले हो प्रत्युत्तर अविलंब प्राप्त होता था । वीर प्रभु के वचन भाग-1 का यहां हिन्दी भाषा का विमोचन कुमारपालभाई वि. शाह के हाथों हुआ था । जिनतत्त्व भाग-1 का हिन्दी भाषा में प्रकाशन होने जा रहा है । आगे सभी भाग प्रकाशित हो यह पुरुषार्थ है । भावि भाव ज्ञानीगम्य है । आप की संस्था से प्रकाशित जिनवचन ग्रंथ हमें भी बहुत उपयोगी रहा तथा विशिष्ट व्यक्ति बहुमान भाव से स्वीकृत करते हैं ।

एक आध्यात्मिक साहित्य क्षेत्र का द्वार अवरुद्ध हो गया । उपलब्धि का ऐक स्रोत रुक गया । अन्त में आप की आत्मा जहां भी पहुंची हो वहां आपकी साधना अविराम प्रगतिशील रहे ! इसी सद्भावों के साथ. ❖

# એક અનોખું વ્યક્તિત્વ

□ પૂ. ડૉ. તરુલતાબાઈ મહાસતીજી

શ્રી રમણભાઈનું નામ કાન પર પડતાં જ એક ધીરોદાત્ત, ગંભીર, સાંપ્રદાયિકતાની છાંટ વિહોણું સરળ-સાલસ વ્યક્તિત્વ માનસ-પટ પર ઊભરી આવે...!

તેઓ મૂર્ધન્ય સાહિત્યકાર તો હતાં જ. પરંતુ સાહિત્ય-સેવીમાંથી, સાહિત્યના સ્વામી ક્યારે બની ગયાં એની જાણ પણ આપણને થઈ નહીં. સાહિત્યની કઈ વિદ્યાને તેઓ નથી સ્પર્શ્યા ? એ જ પ્રશ્ન છે. ધર્મ-તત્ત્વજ્ઞાન હોય કે પ્રવાસ-સફર હોય રેખાચિત્ર-જીવનચરિત્ર હોય કે નિબંધ હોય, એકાંકી હોય કે પાઠ્યસંક્ષેપ હોય, સાહિત્ય વિવેચન હોય કે સંશોધન-સંપાદન હોય; તેઓની લેખિની પ્રત્યેક વિદ્યાઓમાં અવિરત ચાલતી રહી.

જૈન દર્શનના સમર્થ અભ્યાસી જ નહીં જૈન તત્ત્વ-રહસ્યોના ઊંડા મર્મજ્ઞ હતાં. જૈન વિષયોની છણાવટ ગહનતાથી તેઓ કરતાં. એટલું જ નહીં, ભારતનાં અન્ય દર્શનો તેમ જ વિશ્વ દર્શનોના પણ ઊંડા અભ્યાસી તથા વિવેચક રહ્યા.

સન ૨૦૦૪ના જાન્યુઆરીમાં પ્રથમ જ્ઞાનસત્રનું આયોજન કલ્પતરું અધ્યાત્મ કેન્દ્ર-મિયાગામ મધ્યે થયું. તે વખતે જૈન દર્શનનો ગહન અને કઠીન વિષય 'પુદ્ગલ પરાવર્તન'ની છણાવટ એવી તો રસાળ શૈલીમાં કરી કે એ વખતે શ્રોતાઓ સાથે વિદ્વાનો પણ આફરીન પોકારી ઉઠ્યા. ગંભીર વિષયને સરળતાથી દૃષ્ટાંતો સહિત સમજાવવાની સૂઝ તો તેઓની જ...!

તેમની સાથેના મારા પરિચયની વાત કહું તો-દેવલાલી (મહારાષ્ટ્ર)માં તેઓ અવાર-નવાર આવતાં. પૂ. બાપજી અધ્યાત્મ યોગિની શ્રી લલીતાબાઈ મહાસતીજીનાં સ્વાસ્થ્ય અર્થે ૯૦ થી લગભગ ૯૮ સુધી અમે દેવલાલી હતાં. તે વખતે કેટલાક સહૃદયી ભાવિકોની મારા પર ભાવભરી વિનંતી સાથ આગ્રહ રહ્યો કે, થિસિસ લખ્યાને ૨૦-૨૨ વર્ષ થઈ ગયા છે. હવે ફરી સંવારી-સજાવીને લખવી તથા છપાવવી. અનિચ્છાએ પણ મેં લખાણ હાથ ધર્યું. આટલા વર્ષ પછી ફરી સુ-પ્રતિષ્ઠિત ગાઈડની મને જરૂર પડી અને મેં શ્રી રમણભાઈ સમક્ષ વાત મૂકી. એમણે સહર્ષ વાત સ્વીકારી અને કામ શરૂ થયું. હું ૫૦-૬૦ પાના લખું. તેઓ આવે. સાથે બેસી જોઈએ તેઓ ઘટતી સૂચના આપે. સુધારા-વધારા કરાવે. ફરી હું આગળ લખું. ફરી તેઓ દોઢ-બે મહિને આવે. ફરી ફરી એ જ દોર ચાલે. આમ કેટલોક વખત ચાલ્યું. પણ એક યા બીજા કારણે કામ અટકી ગયું...! પરંતુ આ સમય દરમ્યાન તેઓનો વિશેષ પરિચય થયો અને એક અનોખા વ્યક્તિ તરીકે મારા માનસ પર છાપ પડી.

આ પછી પણ અવારનવાર મળવાનું થયું. અહીં કલ્પતરું અધ્યાત્મ કેન્દ્રમાં પૂ. બાપજીના દર્શને શ્રીમતી તારાબેન સાથે બે-ત્રણ વાર આવી ગયાં. અહીંના પાવન પરમાણુ તેમ જ શાંતિભર્યા વાતાવરણથી તેઓ ખૂબ જ પ્રભાવિત હતા.

જ્ઞાનસત્રના સમાપન અધ્યક્ષ તરીકેની સુંદર કાર્યવાહી અહીં જ બજાવી, કાયમી યાદ અહીં મૂકતા ગયા.

આવા બહુમુખી પ્રતિભાના ધારક શ્રી રમણભાઈ અક્ષરદેહે આપણી વચ્ચે અનેક વર્ષો સુધી રહો...

❖ ❖ ❖

# ધન્ય હતું જેનું જીવન, ધન્ય હતું કવન...
# મારા માર્ગદર્શક ડૉ. રમણભાઈ શાહ

□ પૂ. ડૉ. મોક્ષગુણાશ્રીજી

પીએચ.ડી.ની થિસિસ લખવા માટે મારા માર્ગદર્શક તરીકે ડૉ. રમણભાઈ શાહ હતા. કેટલાયે વર્ષોથી અડીખમ ઊભેલું તાડવૃક્ષ પડી જાય તો યે કોઈ એને યાદ કરતું નથી, પણ સરોવરમાં એક દિવસ ઊગીને બીજે દિવસે કરમાઈ જતા કમળને લોકો યાદ કરે છે કારણ ? તાડવૃક્ષ ગમે તેટલું ઊંચું હોય પણ તે પથિકને છાયા નથી આપતું. જ્યારે કમળ, સૌંદર્ય, સુકોમળતા અને સુવાસિતતાના ત્રિવેણી સંગમ દ્વારા આકર્ષી લે છે જેથી તેને લેવા સહુ ઉત્સુક બને છે. આ સંસારના ઉપવનમાં કેટલાય જીવો જન્મ લે છે અને આયુષ્ય પૂર્ણ થતાં વિદાય થાય છે, પણ તે આત્માઓના જીવન, કમળની માફક પ્રશંસનીય અને અભિનંદનીય બને છે કે જેઓએ સ્વ સાધના સાથે પરમાર્થ કાજે તન, મન, જીવન શાસનને ચરણે સમર્પિત કર્યા છે. જેમના જીવનમાં અરિહંતની આજ્ઞાનું ગુંજન ને મહાવીરના માર્ગનું મંથન છે. અને ગુરુ આજ્ઞામાં અજબ સમર્પણભાવ છે. આવા આત્માંઓ જગતમાં વંદનીય, પૂજનીય, સ્મરણીય બને છે. આવા એક મહાપ્રતિભાશાળી મહાન, વિદ્વાન, પ્રખર વ્યાખ્યાતા, જ્ઞાનદાતા, સાહિત્યોપાસક સુશ્રાવક ડૉ. રમણલાલ ચી. શાહ હતા.

જેમણે મુંબઈની મોહમયી નગરીમાં પણ અધ્યાત્મરસનું પાન કરી દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત કરી અનેકોના જીવન સુધી જ્ઞાન પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યું. ઉત્તરોત્તર જ્ઞાનમાં સદા ઉદ્યમવંત બની અંતિમ સમય સુધી સાહિત્યની અજોડ સેવા બજાવી...

મહાપુરુષોનું જીવન એટલે ગુણોની ખાણ...

ગુણોથી છલકતા તેમના જીવનનું વર્ણન અલ્પમતિથી કેવી રીતે કરી શકાય ?

વીરતા, ધીરતા, સરળતા, નીડરતા, નિખાલસતા, સૌમ્યતા, શીતલતા, પ્રવચન પ્રભાવકતા આદિ ગુણોથી એમણે જીવન વિભૂષિત કર્યું હતું.

સૂક્ષ્મપ્રજ્ઞા, પ્રચંડમેધા, ને અખંડ પુરુષાર્થના પ્રભાવે સંસ્કૃત, પ્રાકૃત અપભ્રંશ વગેરે ભાષાંના જ્ઞાતા હતા.

મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે ઘણાં વરસ સુધી સેવા બજાવી હતી.

'પ્રબુદ્ધ જીવન' માસિક દ્વારા પણ જન જનના હૃદય સુધી ધર્મજ્ઞાન પહોંચાડવાનું કાર્ય કર્યું...

અવારનવાર યોજાતા જૈન સાહિત્ય સમારોહના વિદ્વદ્ સંમેલનમાં એમનો સક્રિય ફાળો રહેતો.

વીસ તીર્થંકરોની કલ્યાણક ભૂમિ સમેતશિખરમાં યોજાયેલ સંમેલનમાં ડૉ. રમણભાઈ શાહ પણ પધાર્યા હતા અને તે સમયે આચાર્ય ભગવંત પ. પૂ. કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. સાથે મારી પીએચ.ડી. સંબંધી ચર્ચા-વિચારણા થઈ અને ડૉ. રમણભાઈએ તેમાં ઉત્સાહસહ સંમતિ દર્શાવી.

શિખરજીથી શત્રુંજય મહાતીર્થની યાત્રા કરી મુંબઈ આવીને મેં મારા

માર્ગદર્શક ડૉ. રમણભાઈ શાહના માર્ગદર્શન હેઠળ શોધ નિબંધનું કાર્ય શરૂ કર્યું. એ માટે જરૂરી અને ઉપયોગી એવા ગ્રંથો શ્રી મહાવીર જૈન વિદ્યાલય તથા અન્ય ગ્રંથાલયોમાંથી એકત્ર કરવામાં એમની ઘણી સહાયતા મળી.

મારા આ શોધનિબંધમાં સતત ચાર વર્ષ સુધી મને માર્ગદર્શન આપ્યું. મારા પરમ સદ્ભાગ્ય કે વિદ્વદ્વર્ય સાહિત્યપ્રેમી જ્ઞાતા ડૉ. રમણભાઈ શાહ પાસે અભ્યાસ કરવાનો મને સરસ અવસર સાંપડ્યો. તેઓ કેટકેટલી પ્રવૃત્તિઓની વચ્ચે ઘેરાયેલા હોવા છતાં મને અભ્યાસ માટે નિ:સ્પૃહભાવે અમૂલ્ય સમય તેઓ આપતા રહ્યા હતા. એમના સતત મળતાં રહેલાં પ્રેરણા અને પ્રોત્સાહન વગર આવું કઠીન કાર્ય જલ્દી પૂર્ણ થાત નહીં.

તદુપરાંત ડૉ. રમણભાઈ શાહનાં ધર્મપત્ની પ્રો. તારાબહેન શાહ તથા એમના માતુશ્રી ધીરજબહેનનો પણ સારો સહકાર સાંપડ્યો હતો. ડૉ. રમણભાઈનો તથા એમના પરિવારનું ઋણ કેમ ભૂલાય ?

વિદ્વદવર્ય સુશ્રાવક રમણભાઈ શાહની વિદાયથી સંઘમાં જબરી ખોટ અનુભવાશે. એમનો દિવ્ય આત્મા જ્યાં પણ હોય ત્યાં પરમ શાંતિને પામે એ જ પ્રભુ પ્રાર્થના.

❖ ❖ ❖

# ભાવાંજલિ

## ☐ પૂ. ડૉ. આરતીબાઈ મહાસતીજી

હતું રમ્યકારી 'રમણ' એવું આપનું મધૂરું નામ,
આત્મભાવમાં રમણ કરવા કર્યા શ્રુતસેવાના અનોખા કામ,
'તારા' સંગાથે રહી આરોહણ કર્યા અનેક ગુણસોપાન,
પ્રબુદ્ધપણે જીવી ગયા, જીતી લીધા આપે ઇન્દ્રિયગ્રામ,
જૈન સાહિત્ય લેખને જાગૃત રહ્યો સદા તવ આતમરામ,
ભાવાંજલિ અર્પીએ ભાવે સદા શીઘ્ર પામો શાશ્વતધામ...

'પૂ. મહાસતીજી ! Ph.D. નો અભ્યાસ લક્ષ્યપૂર્વકના સ્વાધ્યાય માટે જ છે. લક્ષ્ય સિદ્ધ થઈ જાય પછી Ph.D. રૂપ ઉપાધિને ભૂલી જજો.'

એક સાધ્વીને આ પ્રકારની હિતશિક્ષા આપનાર વ્યક્તિનું ગૌરવવંતુ વ્યક્તિત્વ સહજ રીતે ઝળકી ઊઠે છે.

ખળખળ વહેતી સરિતા સાગરને મળવા માટે નિરંતર સ્વતંત્ર રીતે નિરપેક્ષપણે વહેતી જ રહે છે. તે જ્યાંથી પસાર થાય તે તે ક્ષેત્રને કંઈક આપીને જાય છે. તે જ રીતે સરિતા જેવા સાધકો પોતાની આત્મશુદ્ધિ માટે જ અવિરત પુરુષાર્થ કરી રહ્યા હોય છે તેમ છતાં તેમનું અસ્તિત્વ, તેમનું વિરલ વ્યક્તિત્વ સમાજને કંઈક આપીને જાય છે. આવા જ વ્યક્તિત્વના ધારક ડૉ. રમણભાઈએ પોતાના જીવન દરમ્યાન શ્રુતદેવની આરાધના કરી, ભગવદ્ ભાવોને આત્મસાત્ કર્યા. ધર્મ કોઈ શબ્દનો વિષય નથી કે કોરી વિદ્વતા કે બુદ્ધિવિલાસ નથી. ધર્મ આત્માનો સ્વભાવ છે. તેથી જીવનની એક ક્ષણ પણ તે આત્માથી જુદો થતો નથી. જે વ્યક્તિ ધર્મને પામી હોય, તેનો સમગ્ર આચાર ધર્મમય બની જાય છે. આવી સ્પષ્ટ સમજણ તેઓશ્રીએ કેળવી હતી. તેથી જ તેમના અંતરમાંથી ઉપરોક્ત શબ્દો સરી પડ્યા હતા.

સાધકજીવનને લક્ષ્યપૂર્વકના સ્વાધ્યાયથી સમૃદ્ધ બનાવવું જરૂરી છે પરંતુ તે સ્વાધ્યાયજન્ય ઉપાધિથી જ્ઞાનનું અજીર્ણ ન થાય તે માટે સાવધાન રહેવું તે સાધકની સાધના છે.

મારા Ph.D. ના અભ્યાસકાળના પ્રારંભથી પૂર્ણતા સુધીના સમય દરમ્યાન મેં ડૉ. રમણભાઈને નિકટથી જાણ્યા છે. તેમનો પ્રત્યક્ષ પરિચય અલ્પકાલીન હોવા છતાં તેમની સાથે વ્યતીત થયેલો સમય મારા માટે કાયમના સંભારણા રૂપ બની ગયો છે.

सन्ति एगेहिं भिक्खूहिं गारत्था संजमुत्तरा । (શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર–અધ્ય. ૫) કેટલાંક ગૃહસ્થો ગૃહસ્થજીવનમાં રહીને પણ શ્રેષ્ઠ આચારનું પાલન કરતા હોય છે. ભગવાન મહાવીરની ઉપરોક્ત સુક્તિને ચરિતાર્થ કરતું તેઓશ્રીનું જીવન સાદુ, સરળ અને નિસ્પૃહ હતું. તેઓએ પોતાના સરળ વ્યવહારથી, ચિંતનપૂર્વકના લેખનથી, પ્રેરક અને રોચક વક્તૃત્વ શૈલીથી, નિષ્કામભાવે અન્યને સહાયક થવાની પવિત્ર વૃત્તિથી તથા તેને અનુરૂપ શાસન પ્રભાવનાની અનેકવિધ પ્રવૃત્તિઓથી જૈન સમાજમાં એક અનોખું અને આદરણીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

ડૉ. રમણભાઈ તથા શ્રીમતી તારાબેન આ દંપતીએ સમાન રુચિ અને સમાન પ્રવૃત્તિથી પરસ્પરના સથવારે અનેકવિધ ગુણસંપત્તિથી પોતાનું જીવન સમૃદ્ધ બનાવ્યું. પોતાની જ્ઞાનસંપત્તિનો સંવિભાગ કરતા હોય તેમ વિવિધ પ્રકારના સાહિત્યલેખન દ્વારા સમાજને મહાન અનુદાન આપ્યું. જીવનના અંતિમ દિવસો સુધી અનેક વાર સંબંધોથી નિવૃત્ત થઇને ધર્મસ્થાનોમાં એકાંત વાસ કરીને સ્વભાવમાં સ્થિર થવા માટે સ્વાધ્યાયનો પુરુષાર્થ કર્યો.

પોતાના વ્યવસાયમાં ધર્મને વણીને ધમ અને વ્યવહારના સુભગ સમન્વય રૂપ તેમનું જીવન આદર્શ ગૃહસ્થ જીવનના એક નમૂના રૂપ હતું.

ડૉ. રમણભાઈના દેહનો વિલય થયો પરંતુ તેમનું અવિનાશી વ્યક્તિત્વ પોતાના પૂર્ણ શુદ્ધિના લક્ષ્યને શીઘ્રતમ સિદ્ધ કરે એ જ મનોકામના.

❖ ❖ ❖

# બહુમુખી પ્રતિભાસંપન્ન આત્મા એટલે રમણભાઈ શાહ

## ☐ પૂ. ડૉ. ડોલરબાઈ મહાસતીજી

રમણભાઈના પ્રત્યક્ષ સત્સંગનો પ્રસંગ તો મને બહુ અલ્પ દશ–બાર વાર મળ્યો છે તેમ છતાં એ સમય દરમ્યાનની તેમના વ્યક્તિત્વની છાપ મારા મન મસ્તિષ્કમાં અમીટ રહી છે. તેઓશ્રીના જીવનની સાદગી અને સરળતા, સહૃદયતા અને સાત્ત્વિકતા, નિયમિતતા અને નૈતિકતા, સ્વાધ્યાયપ્રિયતા અને આત્મિક જાગરૂકતા અનન્ય હતા. શ્વાસોશ્વાસમાં વણાયેલા તે જોવા મળતા. ઉત્તમ આત્માઓ પ્રત્યેનો તેમનો સદ્ભાવ,

અહોભાવ, પુન્યાત્માઓના જીવનકવનને જન જનના મન સુધી પહોંચાડી, પ્રેરણાદાયી બનાવવાનો સ્વપુરુષાર્થ પ્રશંસનીય, અભિનંદનીય હતો.

તેમનાં સાહિત્યના પ્રત્યેક પાસાનું તલસ્પર્શી જ્ઞાન અને ધાર્મિક ગ્રંથોના રહસ્યોની તાત્વિક અને માર્મિક છણાવટ હૃદયસ્પર્શી હતી. આધ્યાત્મિક, ભૌગોલિક, વૈજ્ઞાનિક કે તાત્વિક ગમે તે વિષય હોય રમણભાઈ પાસેથી તેનું અવશ્ય માર્ગદર્શન મળે એટલું જ નહીં તેના અર્થગાંભીર્યને ભાષાની તરલતા દ્વારા, સાહજિક સરળ બનાવી એ રીતે સમજાવે કે ભાવકના અંતરમાં આરપાર ઊતરી જાય. આ તેમના જીવનની વિશેષતા હતી.

Simple life and high thinking આ તેમના જીવનનો ઉચ્ચત્તમ આદર્શ જ્યારે જ્યારે મળ્યા છીએ ત્યારે મેં અનુભવ્યો છે અને એમાં પણ જ્યારે મારું Ph.D. નું લખાણ તૈયાર થઈ ગયું. સાહિત્ય અને અધ્યાત્મનો સમન્વય કરી બધા પ્રકરણોને કેમ ગોઠવવા તેની અવઢવમાં અમે હતા, તે દરમ્યાન જોગાનુજોગ રમણભાઈને જેતપુર અમારા સાધ્વીરત્ના આરતીબાઈ મ.નું પુસ્તક 'અનંતનો આનંદ'નું વિમોચન કરવા દેશમાં આવવાનું નક્કી થયું. તેઓને સમાચાર મોકલ્યા. એકાદ દિવસ વહેલા આવો તો સારું. મારા થિસિસનું કામ છે. અમારા ભાવને સ્વીકારી આગલા દિવસે રમણભાઈ આવ્યા. મુસાફરીનો થાક છતાંય પ્રસન્નતા. દેશમાં જેતપુરના ખોડપરાના નાનકડા ઉપાશ્રયના ફળિયામાં ઓટલા ઉપર અમે બેઠા. બપોરે બે વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધીમાં એક જ બેઠકે શેતરંજી ઉપર બેસી રમણભાઈએ આખા થિસિસનું વિહંગાવલોકન કરી બધા જ પ્રકરણોને સહજતાથી ગોઠવી આપ્યા. અમારા ટેન્શનને હળવું ફુલ કરી આપ્યું. હું તો જોતી જ રહી ગઈ !

આટલા મોટા ગજાનો માણસ છતાંય ક્યાંય આડંબર, માન મરતબાની ચાહના નહિ. આ તેમની નિસ્પૃહતા સાથે ધર્મ પ્રત્યેની પ્રીતિ સંતો પ્રત્યેની અગાધ ભક્તિની ભાવના મારા હૃદયમાં ટંકોદકીર્ણ થઈ ગઈ છે. હું તો જરૂર કહીશ કે ખરેખર રમણભાઈ આ જગનતા માનવીઓમાં એક મુઠી ઉંચેરા માનવી હતા. ❖ ❖ ❖

# સહાયક આનંદે લહેરાય

**□ પૂ. ડૉ. સુબોધિકાબાઈ મહાસતીજી**

જમીનમાં એક બીજ રોપાય, હવા-પાણીની મળે સહાય;
વટવૃક્ષમાં તે રૂપાંતરિત થાય, સહાયક આનંદે લહેરાય.

બીજ ઉપર ઉપકારનો ભાર નાખ્યા વિના, નિજના અહં ને પોષ્યા વિના, પ્રત્યુપકારની અપેક્ષા વિના હવા, પાણી અને પ્રકાશ બીજને અંકુરિત બનાવવામાં સહાયક બને છે. આવી જ ઉદાત ભાવના મેં શ્રી રમણભાઈમાં નિહાળી છે.

તેઓ શ્રી અન્યના વિકાસમાં, અન્યની પ્રગતિમાં પ્રેરણા અને પ્રોત્સાહન આપતા. નવોદિતને તો તેઓશ્રી ટચલી આંગળીનો ટેકો નહીં પણ હાથનો સહારો આપતા. અનેક-અનેક બીજ માટે શ્રી રમણભાઈ હવા, પાણી અને પ્રકાશ બન્યા છે. તેઓ શ્રી અંધકારમાં અટવાતી વ્યક્તિ માટે મીણબત્તી, મુંઝાતી વ્યક્તિ માટે માર્ગદર્શક, રૂંધાતા શ્વાસ માટે પ્રાણવાયુ, તૂટતી દીવાલ માટે ટેકો, ચણાતા વ્યક્તિત્વ માટે આધારસ્તંભ અને અથડાતી નૌકા માટે દીવાદાંડી બન્યા છે. સામેની વ્યક્તિને ઉપકારનો, મદદરૂપ થયાનો અહેસાસ પણ ન થાય તે રીતે તેઓ મૂક ભાવે સત્કાર્યો, સહાયકાર્યો કરતા હતા.

'ફૂલ તો એની ફોરમ ઢાળી થાતું રાજી રાજી', રસથી સભર, મહેકથી મઘમઘાયમાન ફૂલને માત્રને માત્ર રસ હોય છે. ખુશ્બુ ફેલાવવામાં, ફૂલ મલકાતાં-મલકાતાં ખુશબો ફેલાવે છે અને ખુશ્બુ ફેલાવતાં ફેલાવતાં મલકાતાં મુખે અલવિદા લે છે. શ્રી રમણભાઈ પુષ્પની જેમ ખીલ્યા, વિદ્વતાની સાથે નમ્રતા, સરળતા, સાદગી અને સત્કાર્યોની મહેકથી સભર વ્યક્તિત્વના સ્વામી બન્યા હતા. તેઓશ્રીને માત્રને માત્ર રસ હતો ધર્મે મહ્યા, પરોપકારે મહ્યા સત્કાર્યોનો પરિમલ પ્રસરાવવામાં.

ડૉ. આરતીબાઈ મ.ના પીએચ.ડી.ના ગાઈડ ન હોવા છતાં તેમનાં ગાઈડની અનુમતિ હોવાથી ગાઈડથી પણ વિશેષ માર્ગદર્શન આપી થિસિસ લખવામાં સંપૂર્ણ રૂપે સહાયક બન્યા. તે સમયે મારી સંસારાવસ્થામાં તેઓ સાથે મારે અલપ-ઝલપ ઓળખાણ થઈ.

ઈ. સ. ૧૯૯૨ માં મારી દીક્ષા થઈ અને સંસારી કુટુંબીજનોની પ્રેરણાથી ૨૪ તીર્થંકરો તથા ૧૨ ચક્રવર્તીઓના પૂર્વભવો સહિતના જીવનકવનને વર્ણવતા 'ચરિતાનુવલી' નામના પુસ્તકનું લખાણ કાર્ય થયું. મારો પુસ્તક લખાણનો આ પ્રથમ જ અનુભવ, કાર્ય કેમ થશે ? લખાણ બરાબર થશે કે નહીં ? તેની મનમાં મૂંઝવણ રહ્યા કરે. મને મનમાં એમ થયા કરે કે શ્રી રમણભાઈ એકવાર મારું લખાણ વાંચે તો સારું, પણ અનેક કાર્યમાં વ્યસ્ત તેઓ મારા જેવી નાનકડી સાધ્વીના લખાણને વાંચવા સમય ફાળવશે કે કેમ ? આવા અનેક વિચારો મનમાં ઘૂમરાતા હતા તેવા સમયે યોગાનુયોગ તેઓશ્રીને પૂ. આરતીબાઈ મ.ના વાચવા માટે વડિયા મુકામે આવવાનું થયું. મેં હિંમત કરીને મારા મનોભાવને તેઓ સમક્ષ વ્યક્ત કરતાં 'ચરિતાનુવલી' પુસ્તકના ૩૦૦ પેજ જેટલા લખાણને વાંચવા, સુધારવા વિનંતી કરી અને મારા આશ્ચર્ય વચ્ચે તેઓએ કોઈપણ પ્રકારની આનાકાની, આશા-અપેક્ષા વિના મારી વાતનો સ્વીકાર કર્યો, માત્ર અન્ય કાર્ય હાથ ઉપર હોવાથી સમય લાગશે તેમ જણાવ્યું. મેં ધીરજ ધરી અને તેઓશ્રીએ અક્ષરશઃ મારું લખાણ વાંચ્યું, સુધાર્યું, તેટલું જ નહીં 'ચરિતાનુવલી' માટે પ્રસ્તાવના પણ લખી આપી. તેઓશ્રીની આવી અમૂલ્ય સહાયે આજે 'ચરિતાનુવલી'ની ટૂંક સમયમાં ત્રણ-ત્રણ આવૃત્તિ પ્રકાશિત થઈ ચૂકી છે.

શ્રી રમણભાઈ નાનાને મોટા કરી બતાવવામાં જ જીવનની સાર્થકતા સમજતા હતા. મારાં જેવી અનેક વ્યક્તિના સહાયક બની તેઓશ્રી આનંદે લહેરાયા છે. અન્યની પ્રગતિને વિરલ વ્યક્તિ જ આનંદપૂર્વક, સુખપૂર્વક જોઈ શકે છે. સામાન્ય વ્યક્તિ, તો વસંતમાં શ્વાસ સુકાય તેમ અન્યની પ્રગતિ જોઈ બળતા હોય છે, ત્યાં સહાય કરવાની તો વાત જ ક્યાં કરવી ? ટાંટિયાખેંચ આ યુગમાં શ્રી રમણભાઈ સહાયક બની આનંદે લહેરાયા છે અને તેમની સત્કાર્યની આ ધ્વજા યુગોના યુગો પર્યંત લહેરાતી રહેશે. ❖❖❖

# મારા સર : ડૉ. રમણભાઈ શાહ

☐ ડૉ. રાકેશભાઈ ઝવેરી

ભાષા અને સાહિત્ય, સમાજ અને ધર્મના આજીવન પ્રેમી અને સેવક એવા આદરણીય ડૉ. શ્રી રમણભાઈ શાહ આજે આપણી વચ્ચે સદેહે ઉપસ્થિત નથી, પણ તેઓશ્રીના સત્કાર્યોની સુવાસ, તેમના સદ્ગુણોની સૌરભ આગામી દીર્ઘકાળ પર્યંત આપણી સાથે જ રહેશે.

અસાધારણ વિદ્વતા સાથે આશ્ચર્યજનક સરળતા, ઊંચા પદ અને અધિકાર સાથે સ્નેહપૂર્ણ વ્યવહાર, વય અને શિક્ષણાદિમાં મોટા હોવા છતાં નાના–મોટા સહુ સાથે મિત્રતા અને વિનોદનો સંબંધ. શીખવતાં હોવા છતાં શીખવાની વૃત્તિ, વક્તા છતાં સાધુકપણું આ અને આવા અનેક ગુણોનો સુભગ સમન્વય એટલે શ્રી રમણભાઇનું વ્યક્તિત્વ. તેમની વિનમ્રતા અને સાદગી સૌને સ્પર્શી જતી હતી. સમાજ વ્યવહારમાં, જીવનશૈલીમાં, ભાષામાં-બધે તેમણે સાદગી અપનાવી હતી. તેમની ભાષાની સાદગી જ મને Ph.D. ના Guide તરીકેની તેમની પસંદગીમાં મોટું કારણ બની રહી હતી.

શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર પરના શોધપ્રબંધકાર્યમાં શ્રી રમણભાઈ 'સર'નો અથાગ પ્રેમપરિશ્રમ ચિરસ્મરણીય રહેશે. Ph.D.Thesis તથા ગ્રંથસર્જનના સાત વર્ષના દીર્ઘકાળમાં તેમની વિદ્વતા આદિ ગુણસમૃદ્ધિનો મને સુપેરે પરિચય થયો છે તથા પુષ્કળ લાભ પણ મળ્યો છે. જ્યારે પણ લેખનાદિ કાર્ય માટે મળવાનું થતું ત્યારે ક્યારેય Academic Meeting જેવું લાગતું નહીં. દર વખતે Healthy વિચાર–વિનિમય રૂપ સત્સંગ જ થતો. તેમનો અનાગ્રહી, મોકળો અભિગમ, કોઇપણ વિષયમાં માર્ગદર્શન પૂરું પાડવાની તેમની ક્ષમતા અને તત્પરતા તથા ચીવટાઈ, સૂક્ષ્મતા અને ઉલ્લાસપૂર્વકની કાર્યપરાયણતાને કારણે તેમની સાથેના વ્યવહારમાં હંમેશ આનંદ અને અનુમોદનનો જ અનુભવ થતો.

સરળતા, હળવાશ અને વાત્સલ્યના આવા જીવંત પ્રતિબિંબની ખોટ કોને ન સાલે ? તેઓશ્રીના ધર્મપત્ની આદરણીય શ્રીમતી તારાબેન તથા કુટુંબીજનોને આ ચિરવિદાયથી પ્રગટેલ ખેદ તેમના ગુણોની સ્મૃતિથી અને સર્વજ્ઞવીતરાગપ્રણીત ધર્મ–આરાધનાના અવલંબને શમાવવા નિવેદન છે.

આદરણીય 'સર'નો આત્મા વીતરાગધર્મનું અનુસંધાન પામી સત્દેવ–ગુરુના શરણે શીઘ્રતાએ સિદ્ધપદ લહે એ જ પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

આ ખેદ જનક પ્રસંગે શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુર પરિવાર પોતાના લાડીલા વડીલને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે.

પ્રણેતા – શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુર

# સદા સ્મરણીય ડૉ. રમણભાઈ ચી. શાહ

☐ ડૉ. સરયુબહેન ર. મહેતા

અનાદિકાળથી ચાલ્યા આવતા પરિભ્રમણમાં જીવ અનંતકાળ તો એકેન્દ્રિયપણામાં પસાર કરે છે. તે પછી કોઈ ઉત્તમ પુરુષના સંસર્ગથી જીવ ત્રસકાયપણું પ્રાપ્ત કરે છે. (બેથી પાંચ ઇન્દ્રીય સુધીના જીવો ત્રસકાય કહેવાય છે.) ત્રસકાય રૂપે જીવ વધુમાં વધુ ૨૦૦૦ સાગરોપમ કાળ રહે છે, અને તેમાં સંજ્ઞી પંચેન્દ્રિય રૂપે જીવને માત્ર ૯૦૦ ભવ જ હોય છે તેમાં દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી એ ચારે ગતિના ભવ આવી જાય છે. તેમાં સહુથી ઓછા ભવ જીવન મનુષ્યના હોય છે. આ ગણિત સમજાતાં મનુષ્ય જન્મની અને તેમાંય રૂડા મનુષ્ય જન્મની દુર્લભતા જણાય છે. આવું સંજ્ઞીપંચેન્દ્રિયપણું મળ્યા પછી જીવનો મોક્ષ ન થાય તો ૯૦૦ ભવ પછી જીવ અસંજ્ઞી બની નીચે ઉતરી જાય છે અને ઘણા કાળ પછી પાછી ઊંચે ચડવાનો તેને લાભ મળે છે. ત્યાં સુધી અવિરતપણે સંસારના દુઃખો જીવ ભોગવતો જ રહે છે.

આવા દુઃખોથી જીવને છોડાવવાનો એકમાત્ર ઉપાય 'મોક્ષ' મેળવવો એ છે. આત્માને દુઃખથી છોડાવવા માટે, સત્ય પુરુષાર્થ કરવા માટે મનુષ્યત્વ, (પાંચ ઇન્દ્રિયની પૂર્ણતા, ખીલેલી સંજ્ઞા સહિતનું મનુષ્યત્વ), સદ્ધર્મનું શ્રવણ, સદ્ધર્મની યથાર્થ શ્રદ્ધા અને સમ્યક્ પુરુષાર્થ એ સદા ઉપયોગી અને જરૂરી સાધનો છે. આ સર્વ સાધનોની પ્રાપ્તિ થવી તે જીવને માટે ઉત્તરોત્તર દુર્લભ વસ્તુ છે. તે મેળવવા માટે જીવને વિશેષ વિશેષ પુણ્યની જરૂરિયાત રહે છે.

આ પ્રત્યેક સાધનો ડૉ. શ્રી રમણભાઈ શાહને ઉપલબ્ધ હતા, અને તેનો સદુપયોગ પણ તેમને હતો. તે પરથી આપણને ખ્યાલ આવે કે તેમનો કેટલો જબરો પુણ્યોદય હતો, એટલું જ નહિ તેના શુભ ઉપયોગ દ્વારા કેટલાં નવાં પુણ્યનો સંચય તેમને થયો હતો; જે તેમને ભાવિમાં દુઃખના આત્યંતિક વિયોગ પ્રતિ સહજતાએ લઈ જાય.

તેમના આ સદ્ગુણોનો પરિચય મને જીવનમાં વારંવાર થતો રહ્યો છે, ખાસ કરીને મારા પીએચ.ડી.ના અભ્યાસકાળ દરમ્યાન એ પ્રસંગો અને અનુભવ જણાવતાં મને તેમનું ઋણ સ્વીકારવાનો આનંદ અનુભવાય છે.

શ્રી રમણભાઈ એમ.એ. થયા પછી સેંટ ઝેવિયર્સ કૉલેજમાં પ્રોફેસર તરીકે જોડાયા હતા. તેઓ પ્રો. ઝાલાસાહેબ તથા મનસુખભાઈ ઝવેરીના સાથે ગુજરાતી વિષય શીખવતા હતા. હું ઈ. સ. ૧૯૫૪ ના જૂનમાં ઝેવિયર્સ કૉલેજમાં એફ.વાય.માં દાખલ થઈ, તે અરસામાં તેમની કારકીર્દિના વર્ષોની શરૂઆત હતી, છતાં તેમના વર્ગમાં ભણવાની વિદ્યાર્થીઓને મજા આવતી અને વિષયનું ઊંડાણ જાણવા મળતું. તેમાં નોંધનીય બાબત એ હતી કે તેમની પાસે વિદ્યાર્થીઓ પ્રો. ઝાલાસાહેબ કે શ્રી મનસુખભાઈના વર્ગના જેવી જ આનંદજનક જાણકારી માણતા હતા. જે નવોદિત પ્રાધ્યાપક પાસે અપેક્ષા રાખી શકાય નહિ. તેમની આ કાર્યશક્તિને લીધે તેમને કૉલેજ તરફથી એક વર્ષ માટે અમદાવાદની સેંટ ઝેવિયર્સ કૉલેજમાં શીખવવા મોકલ્યા હતા.

તે પછી તેઓ મુંબઈની કૉલેજમાં સ્થાયી થયા હતા. ઈ. સ. ૧૯૫૬માં મેં ઇન્ટરની પરીક્ષા પસાર કરી અને ગુજરાતી વિષય સાથે બી.એ.નો અભ્યાસ શરૂ કર્યો. બી.એ.ના બે વર્ષના અભ્યાસ દરમ્યાન તેમના તથા પ્રો. તારા બહેનના સંપર્કમાં આવવાનું વિશેષ થયું. અભ્યાસના માર્ગદર્શન માટે તેમને મળવાનું થતું ત્યારે તેમની ઇતર પ્રવૃત્તિઓ વિશે પણ મને જાણવા મળતું. મનમાં વિચાર થતો કે આટલી બધી પ્રવૃત્તિ તેઓ એક સાથે કેવી રીતે કરતા હશે ? પણ તેમાંથી પ્રવૃત્તિમય જીવન જીવવા માટેનો આદર્શ મારામાં ઘડાતો ગયો.

ઈ. સ. ૧૯૫૮ માં બી.એ. થયા પછી ગુજરાતી અને સંસ્કૃત સાથે

એમ.એ.નો અભ્યાસ શરૂ કર્યો. દરેક વિષયના નિષ્ણાત પ્રાધ્યાપક પાસે શીખવા જવાનું હોવાથી રોજ સવારે અને સાંજે જુદી જુદી કૉલેજોમાં જવાનું થતું. અને આ રીતે મને જગતની વિશાળતાનો અનુભવ મળવા લાગ્યો. હું અભ્યાસ કરવા કૉલેજની લાયબ્રેરી-પુસ્તકાલયમાં જતી. અને ઘણીવાર ડૉ. રમણભાઈ અને તારાબહેનને મળી નિર્દોષ પ્રવૃત્તિની વાતો કરતી.

એમ.એ.ના વર્ષો દરમિયાન ઘણીવાર મને ડૉ. રમણભાઈ પૂછતાં કે, 'સરયુબેન, એમ.એ. થયા પછી તમે પીએચ.ડી. કરશો ? કરશો તો સારૂં રહેશે.' એ પ્રત્યેક વખતે હું તેમને જવાબ આપતી કે 'સર, તમે પીએચ.ડી.ના ગાઈડ નિમાશો ત્યારે હું તમારી પહેલી વિદ્યાર્થિની થઈશ.' ત્યાં સુધી આગળ કરવાનો મારો વિચાર નથી.' અને અમારો સંવાદ અહીં અટકી જતો. ઈ. સ. ૧૯૬૦ માં એમ.એ. પાસ થયા પછી તેમની સાથેનો મારો સંપર્ક ઓછો થયો, માત્ર બે-ત્રણ વખત તેમને મળવા તેમના ઘરે ગઈ હતી, તે જ હતો.

ઈ. સ. ૧૯૬૩ના ઑક્ટોબરમાં મને ડૉ. રમણભાઈ તરફથી ખુશખબર મળ્યા કે તેઓ યુનિવર્સિટીમાં પીએચ.ડી. માટેના ગાઈડ નિમાયા છે. અને તેમણે મારા આગળના અભ્યાસ વિશે પૂછાવ્યું હતું. એ વખતે હું અમદાવાદ હતી, વિચાર કરી, નિર્ણય લઈ ડિસેમ્બર માસની શરૂઆતમાં હું મુંબઈ આવી. અને ડૉ. રમણભાઈને કૉલેજમાં મળવા ગઈ.

આરંભમાં સામાન્ય વાતચીત કરી, મેં તેમને પીએચ.ડી. કરવાનો મારો નિર્ણય જમાવ્યો. તે માટેની થોડી સમજણ આપી તેમણે જણાવ્યું કે મારી નીચે પાંચેક વિદ્યાર્થીઓએ પીએચ.ડી. કરવાનું યુનિવર્સિટીમાં નોંધાવી દીધું છે. આથી નોંધણીની બાબતમાં હું પહેલી રહી શકી નહિ.

એ પછી અમે કયા વિષય પર અભ્યાસ કરવો તેની વિચારણા પર આવ્યા. તેમણે મને સ્વતંત્રપણે વિષય નક્કી કરવા જણાવ્યું, અને મેં તેમને મુખ્ય વિષય સૂચવવા વિનંતી કરી. આમ વિષય નક્કી ન થવાને કારણે અમે બે દિવસ વિચાર કરી નિર્ણય કરવા ધાર્યું. મેં ઘેર આવી વિચાર્યું કે મને શ્રીમદ્ રાજચંદ્ર માટે ખૂબ પૂજ્યભાવ તથા અહોભાવ છે, અને તેમના થકી જીવનનું ધ્યેય મળશે એમ લાગે છે, તો તેમના વિશે વ્યવસ્થિત અભ્યાસ કરૂં તો મને લાભ થાય. પણ આવો આધ્યાત્મિક વિષય તેમને ગમશે કે કેમ, તે જાણવા તેમનું સૂચન લેવા નક્કી કર્યું. નિયત સમયે તેમને મળવા કૉલેજમાં ગઈ. હું વિષય માટે કંઈ બોલું કે પૂછું તે પહેલાં જ તેમણે મને જણાવ્યું કે,

'સરયુબેન ! તમને શ્રીમદ્ રાજચંદ્રમાં ખૂબ રસ છે, અને મને પણ કોઈ આધ્યાત્મિક વિષય પર નિબંધ લખે તેવી ખૂબ જ ઇચ્છા છે, પરંતુ તેવા વિદ્યાર્થીઓ મળવા દુર્લભ છે. તેથી તમે આ વિષય પર વિચારો તો મારી પણ અધ્યાત્મના અભ્યાસની ઇચ્છા પૂરી થાય.' મારે તો 'ભાવતું'તુ અને વૈદે બતાવ્યું' જેવું તયું. મેં જે વિચાર્યું હતું તે તેમને જણાવ્યું. આમાં પ્રભુનો કોઈ ઉત્તમ સંકેત હશે એવી લાગણી અનુભવી. અમે કોલેજમાંથી સીધા યુનિવર્સિટી પર ગયા. ત્યાં ફોર્મ ભરી 'શ્રીમદ્ રાજચંદ્ર-એક અભ્યાસ' એ વિષય પીએચ.ડી.ના અભ્યાસ માટે નોંધાવ્યો.

આટલું નક્કી થયા પછી તેમણે મને રાજપ્રભુ માટે જેટલા ગ્રંથો, લખાણો આદિ મળે તેના વાંચન તથા અભ્યાસ કરી ટાંચણ કરી લેવા સૂચવ્યું. આ સમયગાળામાં મારે શારીરિક, આર્થિક, કૌટુંબિક, સામાજિક આદિ ઘણી મુશ્કેલીઓ હતી એટલે ઇ. સ. ૧૯૬૪ના એપ્રિલ મહિના સુધી મારાથી કંઈ જ કામ થઈ શક્યું ન હતું. આ કાળમાં મારે એક બે વખત ડૉ. રમણભાઈ સાથે ફોનમાં વાત થઈ હતી., તેથી મારી નિષ્ક્રિયતા તેમના લક્ષમાં આવી.

છેલ્લી વાત થયા પછી ચાર પાંચ દિવસે તેઓ કૉલેજ પૂરી થયા પછી મને મળવા આવ્યા. આટલા બધા મહિના નકામા ગયા એ વિશે કંઈ પણ ઠપકો આપ્યા વિના, બધું ભૂલીને કામ ત્વરાથી શરૂ કરવા ખૂબ ઉત્સાહ આપ્યો. એમની વાતથી મારા બાને પણ ખૂબ સારૂં લાગ્યું હતું. મને પણ ટાઢક વળી હતી.

પ્રભુ કૃપાથી તથા રમણભાઇએ આપેલા ઉત્સાહથી, બીજા જ દિવસથી મેં ખંતપૂર્વક અભ્યાસ કરવાનું ચાલુ કર્યું. ઉપલબ્ધ ગ્રંથોનો અભ્યાસ રોજના છએક કલાક કરતી ગઈ. અને દિવસના આઠેક કલાક તેમાં ગાળવા સુધી આગળ વધી. એક મહિના પછી સરને કૉલેજમાં મળી, તેમના માર્ગદર્શનથી સામાન્ય સાંકળિયું તૈયાર કર્યું. અને સૌથી પહેલું પ્રકરણ શ્રીમદ્ રાજચંદ્રના જીવન વિશે લખવા ધાર્યું. અને એ જ પ્રકરણથી લખવાનું શરૂ કરવા તેમણે મને સૂચવ્યું.

ઈ. સ. ૧૯૬૪ના મે મહિનાના અંતભાગમાં મેં લખવાની શરૂઆત કરી, અને લગભગ વીસેક પાના લખાયા પછી મેં તેમને લખાણ તપાસવા વિનંતિ કરી. આ વખતે મને ખૂબ તાવ આવતો હતો, અને વજન પણ ઘણું ઘટી ગયું હતું, તેથી મને કૉલેજમાં બોલાવવાને બદલે સર મારી પાસે ઘરે આવ્યા હતા. મારૂં લખાણ જોયું, થોડું વાંચ્યું, અને પછી મને મીઠાશથી કહ્યું, 'સરયુબેન આને બદલે આમ લખો તો વધુ સારું નહિ ! આમ કહી થોડાં વચનો સુધારી આપ્યા.' અને થોડાંક સૂચનો કર્યાં. તેમના ગયા પછી એ દૃષ્ટિથી મેં મારૂં લખાણ વાંચ્યું, અને મને મારા ઉપર શરમ ઉપજી. મેં લખેલાં બધાં પાનાં ફાડી નાખ્યાં. ફરીથી લખવાનો નિર્ણય કર્યો. 'આ લખાણ સારૂં નથી.' એમ ઠપકો આપવાને બદલે મને જ નિર્ણાયક બનાવી, લખાણ માટે અમુક સૂચનો આપી નવીન રીતે ઉત્સાહિત કરી; એ તેમનાં માનવતાના ઉત્તમ ગુણનો મને અપૂર્વ લાભ મળ્યો.

બીજા દિવસે લખાણ સારૂં અને વ્યવસ્થિત થાય તે માટે મનોમન પ્રભુને ખૂબ પ્રાર્થના કરી, સરને મારા લખાણથી સંતોષ થાય એવી માગણી કરી, થયેલા દોષની ક્ષમા માગી અને હું લખવા બેઠી. નિયમિતપણે લખાણ તથા વાંચન વધારતી ગઈ. સાથે સાથે શ્રી મહાવીર પ્રભુને અને રાજપ્રભુને લખાણ વ્યવસ્થિત તથા ઉત્તમ થાય તે માટે પ્રાર્થના કરતી હતી. આ રીતે ચાલીસેક પાના લખાયા પછી સરને બતાવવા કૉલેજમાં ગઈ. બે-ત્રણ દિવસ પછી તેઓ આ લખાણ વિશે જણાવશે એમ કહી આગળનું કાર્ય વધારવા મને સૂચના આપી.

બે દિવસ પછી તેમનો ફોન આવ્યો, અને આશ્ચર્ય વ્યક્ત કર્યું કે 'એકાએક તમારૂં લખાણ કેવી રીતે સુધરી ગયું !' તેનાથી પ્રભુને પ્રાર્થના કરી કાર્ય કરવાથી કેવું સુંદર ફળ નીપજે છે તેની છાપ મારા મન પર પડી. અને કાર્ય કરવાની રીત સાંપડતાં મારો ઉત્સાહ વધ્યો.

પછીથી મારો અભ્યાસ અને લખાણ વધતાં ગયાં, મારું ઓતપ્રોતપણું તેમાં વધતું ગયું. જીવનનું ધ્યેય આત્માને જગતની જંજાળમાંથી છોડાવવાનું છે, એ નક્કી થયું. આ અભ્યાસ માત્ર જીવન સુધારવા માટે છે. એ નિર્ણય પાકો થયો, અને એ લક્ષથી અભ્યાસ તથા લખાણ કરતી ગઈ. લખાણ માટે મને મુ. રમણભાઈનું માર્ગદર્શન નિયમિત મળતું હતું, પણ તેઓ લખાણ કરવામાં અંશ માત્ર મદદ કરતા ન હતા. તેઓ કહેતા કે લખવું એ તારું કર્તવ્ય છે, મઠારવું એ મારું કર્તવ્ય છે. આમ તેઓ પોતાના કર્તવ્યપાલનમાં ખૂબ ચુસ્ત હતા, અને મને મુંઝવણ આવે તો શું કરવું તેની સમજ પડી ગઈ હતી, તેથી તેવી અપેક્ષા પણ મારે ન હતી.

જ્યારે જ્યારે વચનો ન સમજાય, શું લખવું, કેમ લખવું તે ન સૂઝે ત્યારે હું શ્રી મહાવીર ભગવાન અને રાજપ્રભુને પ્રાર્થના કરતી. અને

મને અચૂક એવો અનુભવ થતો કે મને ન સમજાતું સહજતાએ સમજાઈ જતું, પ્રભુના દર્શન થાય અને માર્ગદર્શન મળી જાય. ઘણીવાર સમજાતું હોય, પણ લખવા જતાં આડુંઅવળું લખાતું હોય એવું મહેસુસ થાય. ત્યારે વિશેષ પ્રાર્થના કરી યોગ્ય લખાવવા પ્રભુને વિનંતી કરતી, અને એવું બનતું કે અડધી રાત્રે મને અવાજ સંભળાય કે 'ઊઠ, લખવા માંડ', તરત જ હું કાગળ પેન લઈ લખવા બેસી જતી, એક પછી એક ક્રમબદ્ધ વચનો લખાતા જાય. ૧૫-૨૦ પાના લખાઈ જાય પછી હું સૂઈ જતી. અને સવારે ઉઠીને વાંચું તો લખાણ વ્યવસ્થિત જણાય. આ રીતે થયેલા લખાણમાં ભાગ્યે જ શાબ્દિક ફેરફાર મને સર સૂચવતા.

આમ કરતાં કરતાં અડધી થિસિસ પૂરી થવા આવી, કામ વ્યવસ્થિત રીતે થતું હતું. સરને મારી આર્થિક તકલીફની જાણકારી હતી, એટલે લગભગ ૧૯૬૪ના અંતિમ મહિનામાં તેમણે મને પૂછ્યું કે, 'સરયુબેન ! થીસીસ ટાઈપ કરાવવાનું શું કરશો ?' મારા મનમાં પણ આ જ વિચાર ઘોળાતો હતો, લખાણ લગભગ ૮૫૦ પાનાનું થાય એવો અંદાજ હતો. એ લખતે ગુજરાતી ટાઇપીંગના એક પાનાનો ભાવ રૂા. ૧.૨૫ હતો. તેમાં પણ ટાઇપીસ્ટની ભૂલ થાય, પાના ફરીથી ટાઈપ કરાવવા પડે તો તે પૈસા વધારાના થાય. આમ થિસિસ ટાઈપ કરાવવાના લગભગ રૂા. ૧૨૫૦ ગણવા પડે; જે મારી આર્થિક સ્થિતિને અનુકૂળ નહોતું. આ વાત થતાં સરે સૂચવ્યું કે, 'સરયુબેન ! તમે ટાઇપીંગ શીખી, જાતે જ ટાઇપ કરો તો ઘણા પૈસા બચી જાય.' મેં કહ્યું વાત તો સાચી છે, પણ એ વખતે ટાઇપરાઇટર રૂા. ૧૫૦૦ નું આવતું હતું. એટલે એ પણ વિચારવાનું હતું. સરે મારી મુંઝવણ કળી લીધી, અને મને કહ્યું, 'તમે ટાઇપ રાઇટર ખરીદી તેના પર શીખી, થિસિસ ટાઇપ કરી લેજો. મારે અમસ્તુ પણ ગુજરાતી ટાઇપ રાઇટર ખરીદવું છે, તેથી તમારું ટાઇપ રાઇટર હું ખરીદી લઇશ. આમ આપણા બંનેનું સચવાઈ જશે.' મેં સહર્ષ વાત સ્વીકારી, પોતાના શિષ્યની સાનુકૂળતા વધારવાની તેમની ભલમનસાઈ મને સ્પર્શી ગઈ. મિત્ર પાસેથી પંદરસો રૂપિયા ઉછીના લઈ રેમિંગ્ટન રૅંડનું ટાઇપરાઇટર ખરીદ્યું; અને અંગ્રેજી ટાઇપરાઇટર બીજા મિત્ર પાસેથી થોડા વખત માટે મેળવી લીધું. અઢી રૂપિયાની ટાઇપ શીખવાની પુસ્તિકા લીધી અને પંદર દિવસમાં, થીસીસ લખતાં લખતાં બંને પ્રકારના ટાઇપીંગ ટચ મેથડથી શીખી ગઈ. તે પછીથી દર અઠવાડિયે એક વખત બંને ટાઇપરાઇટર પર મહાવરો રાખવા ટાઇપીંગ કરતી હતી.

આ સમય દરમ્યાન દિવસના લગભગ ૧૫ થી ૧૬ કલાક થીસીસ માટે કામ કરતી હતી. જરૂર પ્રમાણે સર સાથે અઠવાડિયામાં એક કે બે વખત વાત કરી માર્ગદર્શન મેળવી લેતી હતી, અને પંદર વીસ દિવસે એક વખત કૉલેજમાં તેમને મળવા જતી. તે વખતે નવું લખાણ તપાસવા આપતી, તપાસાયેલું લખાણ મઠારવા લઈ લેતી, તેને વ્યવસ્થિત કરી, નવું લખાણ આગળ વધારતી હતી. આમ મારું કામ ઝડપથી આગળ વધતું હતું. લગભગ ફેબ્રુઆરી ૧૯૬૫ માં મારે યુનિવર્સિટીને સિનોપ્સિસ આપવાની હતી, તેની તૈયારી કરી.

સિનોપ્સિસમાં 'શ્રીમદ્ રાજચંદ્રનો આત્મવિકાસ' એ પ્રકરણ સહિત લગભગ ચૌદ પ્રકરણ થશે એમ જણાવ્યું. અને યુનિવર્સિટીમાં તેની સોંપણી સમયસર કરી. શ્રીમદ્ રાજચંદ્રના આત્મ વિકાસના પ્રકરણ માટે મારી પાસે કોઈ જાણકારી હતી નહિ. અને એ લખવું ખૂબ જરૂરી લાગતું હતું. તેથી રાજપ્રભુના અભ્યાસી હોય તેવી ઘણી વ્યક્તિઓને મળી જાણવા પ્રયત્ન કર્યો, પણ કંઈ તાત્ત્વિક ફાયદો થયો નહિ. આ બાબતની મુંઝવણ સરને ઘણીવાર કહેતી, પણ તેમનો જવાબ રહેતો, 'શોધ કરવી તે તમારૂં કામ છે, અને યોગ્ય છે કે નહિ તે વિચારવું એ મારૂં કામ છે.' આ પ્રકરણ લખવા બાબત હું વિશેષ ચિંતિત થતી જતી હતી. પણ એ સૂઝે ત્યાં સુધી, તેની પાછળના પ્રકરણો પણ લખીને વ્યવસ્થિત કરી લીધાં.

ઇ. સ. ૧૯૬૫માં માર્ચ મહિનામાં મને ખબર પડી કે મેં રજીસ્ટ્રેસન ડિસેમ્બર મહિનામાં કરાવ્યું હોવાથી, શરત પ્રમાણેના બે વર્ષ ડિસેમ્બરમાં પૂરાં થાય, અને યુનિવર્સિટીનું સત્ર તો દિવાળી વેકેશને પૂરું થાય. આથી બે વર્ષ પૂરાં કરવા માટે પાંચમી ટર્મની ફી ભરવી પડે. આ બાબત સર સાથે વાત થતાં તેમણે સૂચવ્યું કે જો તમે વધારે મહેનત કરવા તૈયાર હો તો આપણે યુનિવર્સિટીને કાગળ લખીએ કે અમે ઑક્ટોબર પહેલાં થીસીસ સોંપવા તૈયાર છીએ, અમારી પાંચમી ટર્મફી રદ કરવા કૃપા કરો. સરની સહાયતાથી એપ્રિલમાં યુનિવર્સિટીને કાગળ લખ્યો, સેનેટની મિટીંગમાં પસાર થયો અને જો સપ્ટેમ્બર આખર સુધીમાં થીસીસ સોંપી દઇએ તો પાંચમી ટર્મની ફી ભરવાની રહેશે નહિ. એ મતલબનો શરતી જવાબ મળ્યો. કાગળ મળતાં પ્રભુની અને સરની કૃપાનો અનુભવ થયો, કારણ કે મારે માટે એક ટર્મની ફી બચે તે અગત્યનું હતું. મેં વધારે ઉત્સાહથી કામ કરવા માંડ્યું. આ જવાબ મને જુલાઇની શરૂઆતમાં મળ્યો હતો.

કાગળ મળતાં મેં ગણિત કર્યું કે થીસીસ ટાઇપ કરવા માટે રોજના ૩૦ પાના ટાઇપ કરવાની ગણતરીથી એક મહિનો જોઇએ. તેના બાઇન્ડીંગ અને ગોલ્ડ એમ્બોસીંગ માટે પંદર દિવસ જરૂરી હતા. આમ મારૂં સમગ્ર લેખન કાર્ય ૧૯૬૫ના જુલાઈ પહેલાં પૂરું થવું જોઇએ. જુલાઈ માસ તો શરૂ થઈ ગયો હતો. અને લખાણને વ્યવસ્થિત કરવાનું તથા મઠારવાનું કામ ચાલતું હતું. પણ 'આત્મવિકાસના' પ્રકરણ માટે કોઈ ઉકેલ મળતો ન હતો. સર તથા મારા માતા-પિતા ઘણું પ્રોત્સાહન આપતાં હતાં, પણ ઇચ્છિત પરિણામ આવતું ન હતું. જુલાઈ મહિનાનો અંતભાગ આવતાં મારી મુંઝવણ ચિંતાના રૂપમાં પલટાઈ ગઈ. પ્રભુને પ્રાર્થના તો કરતી હતી, પણ તેમાં ય સફળતા જણાતી ન હતી.

આવા સંજોગોમાં પ્રભુ પ્રતિની મારી એકાગ્રતા અને પ્રાર્થના ખૂબ વધી ગયાં. અંદરમાં એવું સૂઝ્યું કે મારી પ્રાર્થના ઓછી પડે છે, તેથી કોઈ પણ પ્રવૃત્તિ કરતાં પ્રાર્થના ચાલુ થતી હતી. રાત્રે સૂવાને બદલે પ્રાર્થના કર્યા કરતી હતી. તેમાં ત્રીજે દિવસે આ પ્રકરણ બાબત પૂછવા સરનો ફોન આવ્યો, અને મેં નિરાશાથી વાત કરી. તેમણે વધુ પુરુષાર્થ કરવાનું જણાવી ફોન મૂકી દીધો. મારી પ્રાર્થના ખૂબ ભક્તિભાવ સાથે ચાલુ જ હતી.

તે દિવસે રાતના મને એક ભાસ આવ્યો. તેમાં મને લંબગોળ તેજવર્તુળમાં પૂ. કૃપાળુદેવના જીવંત દર્શન થયા. મેં તેમને વંદન કર્યા. તેમણે મને પૂછયું કે, 'શું મુંશ્કેલી છે ?' મે તેમને આત્મવિકાસ જાણવા બાબતની મુશ્કેલી જણાવી. મને કહે, 'મૂર્ખ ! આટલું પણ સમજાતું નથી ?' મેં અજ્ઞાનતા કબુલ કરી, અને મને સત્ય જણાવવા વિનંતિ કરી. મારી પાસે તેમણે 'વચનામૃત' માંગ્યું મેં આપ્યું. પછી એક પછી એક વર્ષવાર અમુક અમુક વચનો જણાવતા ગયા, અને તેમાં કયો વિકાસ રહેલો છે તે સમજાવતા ગયા. તેમના ભાવ, વાણી તથા વર્તનમાં થતો ફેરફાર બતાવતા ગયા. છેવટે પુરું થતાં આશીર્વાદ આપી ચાલ્યા ગયા. મને ખૂબ જ આનંદ તથા સંતોષ મળ્યા. લગભગ ત્રણચાર કલાક વાર્તાલાપ ચાલ્યો હોય તેમ જણાયું. બધું સમજાયાના સંતોષનો ભાવ અનુભવ્યો.

સવારે સાત વાગે ઊઠી, દૂધ પી, નાહીને લખવા બેઠી, જે જે જરૂરી પુસ્તકો લાગ્યા તે લઈ પ્રભુને પ્રાર્થના કરી, તેમના ચિત્રપટ નીચે બેસીને લખવાનું શરૂ કર્યું. એકધારા વચનો લખાવા લાગ્યા, જાણે કોઈ લખાવતું

ન હોય ! એટલું જ નહિ, જે જે અવતરણો જે જે ગ્રંથમાંથી લેવાના હતા, તે તે સહજતાએ ક્રમવાર મળતા ગયા, અને લખવાનો વેગ એવો અદ્ભુત હતો કે મને ખૂબ જ આશ્ચર્ય થતું હતું. જમવા પણ ઊઠી નહિ, અને બપોરે ચાર વાગે લખાણ પૂરું કર્યું. શ્રી પ્રભુનો ખૂબ ઉપકાર માની જમવા બેઠી.

હજુ અડધું જમાયું, ત્યાં બારણે બેલ થઈ, જોયું તો સર. મને ખૂબ આશ્ચર્ય થયું, કારણ કે તે દિવસે તેઓ ખૂબ બીઝી હતા. વિનયથી તેમના આગમનનું કારણ પૂછ્યું. તેમણે કહ્યું, 'તમે ગઈ કાલે ખૂબ નિરાશ હતા એટલે થોડો સમય મળતાં થોડી હિંમત આપવા આવ્યો છું.' તેમની વિદ્યાર્થી પ્રતિની પ્રીતિ મને સ્પર્શી ગઈ, મનોમન તેમને વંદન કર્યા, અને પછી સહર્ષ તેમને જણાવ્યું કે આ પ્રકરણ લખાઈ ગયું છે. તેઓ ખૂબ ખુશ થયા અને કહ્યું કે હવે તમે ટાઇપીંગ શરૂ કરી દ્યો, અઠવાડિયામાં આ પ્રકરણ તમને તપાસી આપીશ. કારણ કે હમણાં મારે રોજ સવારે પાંચ વાગે એન.સી.સી.ની પરેડ લેવાની છે, અને તમારી પાસે તો ટાઇપ કરવા ઘણા પાના છે.

બીજા દિવસની સવારથી પ્રભુનું સ્મરણ કરી ટાઇપીંગ ચાલુ કર્યું, બપોરે ચાર વાગે ટાઇપ કરતી હતી ત્યારે સર ઘરે આવ્યા. મારું આશ્ચર્ય વધી ગયું કે તેમને સમય ક્યાંથી મળ્યો ? તેમણે જણાવ્યુ કે મને એક ખૂબ નવાઈ લાગે તેવો અનુભવ થયો છે, તે જણાવવા આવ્યો છું. મારી ઉત્સુકતા વધી ગઈ.

તેમણે કહ્યું, ગઈ કાલે હું 'આત્મ વિકાસ'નું પ્રકરણ લઈ ઘરે ગયો. વિચાર્યું કે કાલથી તપાસીશ. પણ જમીને ઉઠ્યા પછી મને એમ થયું કે લાવ ઉપર ઉપરથી તો જોઈ લઉં. આઠ વાગે વાંચવા બેઠો, તારાને કહ્યું કે દશ વાગે એટલે મને કહેજે, હું સૂઈ જઈશ. પણ વાંચવામાં એવી એકાગ્રતા આવી ગઈ કે દશ વાગે તારાએ મને સૂવા સૂચવ્યું તો મેં અગિયાર વાગે કહેવા જણાવ્યું. અગિયાર વાગે તારાએ પૂછ્યું, 'શાહ, હવે સૂવું છે ને ?' સવારે વહેલા જાગવાનું છે.' મેં જવાબ આપ્યો કે, 'તું સૂઈ જા, હું મારી મેળે સૂઈ જઈશ.' રાત્રે એક વાગે આખું પ્રકરણ તપાસીને પૂરૂ કર્યું, અને પછી સૂતો. સાડા ત્રણે એકદમ તાજગી સાથે મારી મેળે ઊઠી ગયો. આટલી ઓછી ઊંઘે આવી તાજગી મેં પહેલી જ વાર અનુભવી છે. તમે એક બેઠકે લખ્યું, મેં એક બેઠકે તપાસ્યું. મેં પૂછ્યું, 'સર, કેટલા સુધારા વધારા કરવાના છે ?' જવાબ મળ્યો, 'એક શબ્દનો પણ નહિ.' મેં પ્રભુનો મનોમન ખૂબ ઉપકાર માન્યો, અને નક્કી કર્યું કે આ થિસિસ મેં મારા જીવનની સુધારણા માટે કરી છે, તેથી આ થિસિસ અને ડીગ્રી પ્રભુને જ અર્પણ છે. આમાં મારું કર્તાપણું ક્યાંય નથી.

આ સમય દરમ્યાન નક્કી થઈ ગયું હતું કે મારા પરીક્ષક એલ.ડી. ઇન્સ્ટીટ્યુટના અધ્યક્ષ દલસુખભાઈ માલવણિયા છે. તેઓ પોતાની ઝીણવટભરી તપાસ માટે ખૂબ જાણીતા હતા.

મેં ઉત્સાહથી થિસિસ સમયસર ટાઈપ કરી, બાઇન્ડ કરાવી ૧૯૬૫ના સપ્ટેમ્બરના અંતભાગમાં યુનિવર્સિટીને સોંપી દીધી. આમ રમણભાઈના હાથ નીચેના વિદ્યાર્થીઓમાં મારી થિસિસ સૌ પ્રથમ અને સૌથી ટૂંકા ગાળામાં અપાઈ હતી. પ્રભુએ મારી ઇચ્છા પૂરી કરી.

થિસિસનું કામ પૂરું થયા પછી સરને મેં ટાઇપરાઇટર બાબત વાત કરી. તેમણે મને કહ્યું, 'મારે ઉતાવળ નથી. હવે થોડા સમયમાં દિનેશભાઇની થિસિસ તૈયાર થવાની છે, તમે તેને ટાઇપ કરી આપો તો ટાઇપ કરેલા પાના સુધારવાની તેમની મહેનત બચી જાય, અને તમારે કમાણી થાય. તેમની થિસિસના હજાર પાના મેં ટાઇપ કરી આપ્યા, મારો ખર્ચ નીકળી ગયો. અને સરને મેં ટાઇપરાઈટર સુપરત કરી દીધું. પોતાના વિદ્યાર્થીના જીવનની સુવિધા માટે તેઓ કેવી સમભાવી કાળજી રાખતા હતા, તે આ પ્રસંગ પરથી સમજાશે.

આ બધા કાર્યમાં મને પ્રો. તારાબહેનનો સાથ પણ ઘણો મળતો હતો. કામ હોય ત્યારે તેમના ઘરે જઈ કાર્ય પતાવતી. તે વખતે તેમના બંને બાળકો શૈલજા અને અમિતાભ નાના હતા, તેમની સાથે રમતગમત પણ કરતી. અને કુટુંબી સભ્ય જેવો આનંદ તેમની પાસે મેળવતી હતી.

૧૯૬૫-૬૬ ના વર્ષના ગુજરાતી પ્રકાશનોનો વિવેચનાત્મક અહેવાલ ડૉ. રમણભાઇએ તૈયાર કરવાનો હતો. થિસિસ પૂરી થઈ હોવાથી અહેવાલની કોપી તૈયાર કરવામાં મેં મદદ કરી હતી. આમ થિસિસ પૂરી થયા પછી પણ મને પ્રવૃત્તિશીલ રાખવા સહાય કરી હતી.

ઇ. સ. ૧૯૬૬ ના મે મહિનામાં મારો વાઈવા યોજાયો. ખૂબ ઝીણવટભરી તપાસ થઈ. તે દિવસે સાંજે તેમણે જણાવ્યું કે તમારી થિસિસ પાસ થઈ ગઈ છે, અને 'આત્મવિકાસ'નું પ્રકરણ દલસુખભાઈને ખૂબ ગમ્યું છે. તેમના રિપોર્ટમાં આગળના પ્રકરણોની સવિગત નોંધ લીધા પછી લખ્યું છે કે, '...પણ આ બધાને ટપી જાય તેવું કાર્ય તો લેખિકાએ સમગ્ર વાંગ્મયનો સૂક્ષ્મ અભ્યાસ કરીને શ્રીમદ્નો જે આધ્યાત્મિક જીવન-વિકાસ આલેખ્યો છે, અને ભારતીય સંતોની પરંપરામાં શ્રીમદ્ના જીવનની જે ઉચ્ચ ભૂમિકા હતી, તેને જે રીતે વ્યક્ત કરી છે, તે છે. આખો નિબંધ ન હોત અને માત્ર શ્રીમદ્ના આ આધ્યાત્મિક જીવનનું તારણ લેખિકાએ જે રીતે સુસંવાદ રીતે, લખાણોમાંથી આધાર ટાંકીને કરી બતાવ્યું છે, તે જ માત્ર હોત તો તે પણ લેખિકાની સંશોધન શક્તિના પૂરાવા રૂપે બનત અને એટલા માત્રથી પણ તેમને Ph.D. ની ઉપાધિને યોગ્ય ઠરાવત-એ પ્રકારનું સમર્થ રીતે એ પ્રકરણ લખાયું છે.'

ઈ. સ. ૧૯૬૭ માં કૃપાળુ દેવની જન્મ જયંતિ આવતી હતી. એ માટે કોઈ ઉપયોગી ગ્રંથ પ્રકાશિત કરવાની શ્રી જીવનમણિ સદ્વાચન ગાથા ટ્રસ્ટની ઇચ્છા હતી. જે ઇચ્છા ટ્રસ્ટના સંચાલક શ્રી લાલભાઇએ મુ. શ્રી દલસુખભાઈ પાસે વ્યક્ત કરી હતી. તેમણે મારી થિસિસ માટે યોગ્યતા બતાવી, તેથી જીવનમણિનો ગ્રંથ પ્રકાશિત કરવાની પરવાનગી માગતો પત્ર આવ્યો. પણ મેં મારા જીવનને સુધારવાની ઇચ્છાથી જ આ અભ્યાસ કર્યો હતો, તેથી પ્રકાશન માટે અસંમતિ જણાવી. તેમ છતાં શ્રી દલસુખભાઈ અને ડૉ. રમણભાઈના આગ્રહથી થિસિસ 'શ્રીમદ્ની જીવનસિદ્ધિ' નામે જીવનમણિ સદ્વાચન માળા તરફથી પ્રસિદ્ધ થઈ. મારી પૂર્વ વિચારણા અનુસાર તેમાંથી એક પૈસાની પણ કમાણી ન કરવાના ભાવથી કોપીરાઈટ અને રોયલ્ટી છોડી દીધાં હતાં.

આ પછીથી ડૉ. રમણભાઈ અને તારાબહેન સાથેનો સંપર્ક તથા પ્રેમતંતુ જળવાઈ રહ્યો છે. અને અમે એકબીજાના જીવનથી સુમાહિતગાર રહીએ છીએ. જેમાં તેઓ બંનેએ લૌકિક જીવનમાં, સાહિત્ય ક્ષેત્રે તથા આધ્યાત્મિક જીવનમાં જે પ્રગતિ કરી છે, તે બધાને આધારે જે વિધાન આ લેખના આરંભમાં કરેલ છે, તેને સમર્થન મળી રહે છે. તેઓ પાસે અતિ અતિ દુર્લભ એવાં માનવતા, સત્ ધર્મનું શ્રવણ, શ્રદ્ધા અને પુરુષાર્થ છે. જે ભાવિમાં સર્વ પ્રકારનાં દુ:ખથી મુક્ત કરવા તેમને ત્વરાથી સમર્થ બનાવે, એવી શ્રી પ્રભુને મારી નમ્ર પ્રાર્થના છે. જગતના સહુ જીવો સંસારના પરિતાપોથી છૂટે એ ભાવના સાથે વિરમું છું.

❖ ❖ ❖

# શ્રી રમણભાઈ–પ્રેરક અને પ્રબુદ્ધ વ્યક્તિત્વ

☐ પૂ. યોગેશભાઈ

શ્રી રમણભાઈનું વ્યક્તિત્વ એક પ્રબુદ્ધ વ્યક્તિત્વ હતું. શ્રી રમણભાઇના પરિચયમાં આવવાનું ઘણીવાર બનેલું. એમના વિષે શું કહેવું ? મને શબ્દો નથી મળતા. એમનો હસતો ચહેરો, શાંત સ્વભાવ, મુખ ઉપર સૌમ્યતા ક્યારેય ભૂલી શકાય તેમ નથી. એમણે જે જૈન સમાજની સેવા કરી છે તે અવર્ણનીય છે. એમના 'પ્રબુદ્ધ જીવન'માં જે વિદ્વતા અને તત્ત્વજ્ઞાન ભર્યા લેખો આવતા તે સમસ્ત જૈન અને જૈનેત્તર સમાજને ખૂબ જ ઉપયોગી અને સત્યનો રાહ ચિંધનાર બની રહેતા. તેમની ઊંડી સમજ અને ધર્મ વિષયક સાત્ત્વિક લખાણ અદભૂત છે. ભલે તેઓ દેહથી ચાલ્યા ગયા હોય પણ તેમના સાહિત્યમાં તો આજેય તેઓ પ્રત્યક્ષ છે. મારા અનુભવ મુજબ કહી શકું કે તેમનો જૈન ધર્મ અને જૈનેત્તર ધર્મનો અભ્યાસ ઊંડો હતો તે હું બરાબર જાણું છું. તેમના માર્ગદર્શન સાથે સમાજની ઘણી વ્યક્તિઓએ જૈન ધર્મના વિષયો ઉપર પીએચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે. એમની સાથેના સંબંધથી અમને પણ ઘણો લાભ થયેલ છે. તેમના સરળ અને વાત્સલ્યપૂર્ણ વ્યક્તિત્વને લીધે જે કોઈ વ્યક્તિ તેમના પરિચયમાં આવે તો તે તેમને કદી ભૂલી શકતી નહીં. તેમના અવસાનથી જૈન સમાજ અને સાહિત્ય જગતને પડેલી ખોટ કદી પૂરી શકાશે નહીં.

**શ્રીમદ્ રાજચંદ્રભવન ટ્રસ્ટ, ઈડર**

# 'આવા સ્નેહી રમણભાઈ હંમેશાં યાદ રહેશે...'

☐ સાધુ પ્રીતમપ્રસાદ દાસ

દાદર સ્વામિનારાયણ મંદિરમાં પ્રમુખસ્વામી મહારાજ પધાર્યા હતા. સ્વામીશ્રીનું આગમન થાય ત્યારે અનેક મહાનુભાવો એમને મળવા, દર્શન કરવા આશીર્વાદ લેવા પધારે.

એ સમયે યજ્ઞપુરુષ વ્યાખ્યાનખંડનો હૉલ નવો જ તૈયાર થયો હતો. એ સમયે સંપ્રદાયના વિદ્વાન હરિભક્ત શ્રી હર્ષદભાઈ દવેના આમંત્રણથી ડૉ. રમણભાઈ શાહ અત્રે દર્શને પધારેલા. પ્રવચન પણ કરેલું. પ્રમુખ સ્વામીજીનું સાન્નિધ્ય હોય એટલે સહેજે દરેકને એમને મળવાનું કે એમના જ ખાસ દર્શન કરવાનું ઘેલું લાગ્યું હોય.

રમણભાઈએ એ સમયે હર્ષદભાઈ દવે તથા વિદ્વાન સંત પૂ. વિવેકસાગર સ્વામીને કહી રાખેલું કે 'પ્રમુખસ્વામી મહારાજ'ને મળ્યા પછી મારે પ્રીતમપ્રસાદ સ્વામીને ખાસ મળવું છે.'

એ સમયે મારી ઉંમર પણ નાની અને આવા વિદ્વાનોનો પરિચય પણ ઓછો. ત્યારે લેખો લખવાનું શીખતો હતો. તેથી એક લેખ લખીને 'પ્રબુદ્ધ જીવન'માં મોકલેલો. તેના અનુસંધાનમાં રમણભાઈ મને મળવા માગતા હતા.

તેમણે મને શોધી કાઢ્યો. પછી એકાંતમાં બોલાવીને ખૂબ લાગણીથી વાત કરી કે તમારા લેખમાં આટલી બાબતોની ખામી છે. બહુ લાંબો લેખ છે. થોડો ટૂંકાવીને આપો તો સારું. હું જરૂર છાપીશ.'

સાચી વાત, અને એકાંતમાં કહેવાની રમણભાઈની આ રીત મને બહુ સ્પર્શી ગઈ. તેમણે ખાસ ભલામણ કરીને તે લેખ મગાવીને છાપ્યો.

ફરી એકવાર જૈન રામાયણના આધારે એક લેખ 'પ્રબુદ્ધ જીવન' માટે મોકલ્યો ત્યારે ૩-૪ મહિના વીતી ગયા પણ કોઈ જવાબ ન મળ્યો. એટલે રમણભાઈને મેં લખ્યું. 'તમારે લેખ ન છાપવો હોય તો પાછો મોકલશો, જેથી અન્ય મેગેઝિન માટે ઉપયોગી થઈ શકે.' ખાસ તો એક મેગેઝિનમાં છાપવા આપેલો લેખ બીજે ન આપવો એવો શિષ્ટાચાર હોય છે. તેથી રમણભાઈએ જવાબમાં લખ્યું, 'તમારો લેખ ખૂબ સારો છે. તેને હું ચોક્કસ છાપવાનો છું. માટે બીજે છાપવા ન મોકલશો. જવાબ લખવામાં થોડી ઢીલ થઈ છે તો માફ કરશો.' આ નમ્રતા પણ મને સ્પર્શી ગઈ. જૈન યુવક સંઘના પ્રમુખ તથા 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી હોવાથી એમને નાના મોટા ઘણાં કામકાજ હોય છતાં મને જવાબ લખી, નમ્રતા દાખવે એ બહુ મોટો ગુણ કહેવાય.

ત્યારબાદ ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે બોટાદ પાસેના સારંગપુર ગામે સાહિત્યનું જ્ઞાનયત્ર યોજેલું. જેમાં સ્વામિનારાયણ સંત સાહિત્ય અંગે વિદ્વાનોએ પોતાના પ્રતિભાવ આપેલા. ત્યારે યશવંત શુકલ, રઘુવીર ચૌધરી, ભોગીલાલ સાંડેસરા, હરીન્દ્ર દવે તથા રમણભાઈ શાહ વગેરેનું સાન્નિધ્ય માણવા મળેલું એવું યાદ છે.

એમનું પુસ્તક 'પાસપોર્ટની પાંખે' ભાગ-૧ જેમ જેમ વાંચતો ગયો તેમ તેમ વધુ રસ પડતો ગયો. એ બાબતમાં એમની સાથે ટેલિફોન દ્વારા વાતચીત થતી ત્યારે ઘણું જાણવાનું મળતું.

જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ઉપરાઉપરી બે વર્ષ વ્યાખ્યાન માટે તેમણે આમંત્રણ પાઠવ્યું. વળી કહ્યું કે તમારા ગયા વર્ષના પ્રવચનમાં મજા આવી હતી. આ વખતે પણ પધારો એવું આગ્રહભર્યું આમંત્રણ છે. એમની વક્તાની ઓળખાણ આપવાની રીત બહુ સ્પર્શી ગઈ. ખાસ તો વક્તાના વક્તવ્યને અન્યાય ન કરનારી, વક્તાનો સમય ન ખાઈ જાય તેવી રીત સહેજે યાદ આવે છે. આવા સ્નેહી રમણભાઈ હંમેશાં યાદ રહેશે.

❖ ❖ ❖

# પ્રબુદ્ધ જીવનના પ્રબુદ્ધ શ્રાવક ડૉ. રમણભાઈ

☐ શશિકાંત કે. મહેતા

ડૉ. રમણભાઈ મારા એક આત્મીય બંધુ હતા. વર્ષે પહેલા, (પ્રાય: ૩૨/૩૩ વર્ષ પહેલા) તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ગુજરાતીમાં કોઈ વિદ્યાર્થીની ડૉક્ટરેટ થિસિસનો વાઈવા લેવા આવેલ ત્યારે મારે ઘરે આવ્યા અને મુંબઈ જૈન યુવક સંઘમાં પર્યુષણ વ્યાખ્યાનમાળામાં એક પ્રવચન આપવા આવવાનું નિમંત્રણ આપેલ. પર્યુષણ પર્વમાં સામાન્ય રીતે આરાધના માટે બહાર જવાનું મન ન થાય તેથી જો મને પહેલા દિવસે જ આવવાનું થાય તો આમંત્રણ સ્વીકારી શકું તેવી નમ્રભાવે વાત કરી. તેઓએ તે રીતે આમંત્રણ આપ્યું.

મુંબઈ જૈન યુવક સંઘમાં પ્રવચન માટે જવું એ મારા જીવનની એક અનોખી ઘટના બની હતી. મેં કોઈ દિવસ જાહેર પ્રવચનમાં જવાનું વિચારેલ જ નહીં. મારા જીવનમાં ધર્મ પ્રવચનોની આ પહેલવહેલી શરૂઆત ડૉ. રમણભાઈના આગ્રહથી શરૂ થઈ. જે હું કોઈ દિવસ ભૂલી

શકું નહિ. સતત ૨૫ વર્ષ સુધી આ રીતે પર્યુષણના પહેલા દિવસે મુંબઈ પ્રવચન માટે આવવાનું બન્યું હતું જેનો સંપૂર્ણ શ્રેય ડૉ. રમણભાઈને જાય છે.

તે દિવસે પ. પૂ. આચાર્યશ્રી રામચંદ્રસૂરિજી રાજકોટમાં બિરાજમાન હતા. તેમને વંદન કરવા હું પૂજ્યશ્રી પાસે લઈ ગયેલ. ત્યાં તો જાણવા મળ્યું કે પૂજ્ય આચાર્યશ્રી અને તેમના પિતાશ્રી એક જ ગામના (પાદરા) સરખી ઉંમરના, સાથે ભણતા મિત્રો હતા.

ડૉ. રમણભાઈએ જે ભાવપૂર્વક તેમને વંદન કર્યા તેથી મને ખૂબ પ્રસન્નતા થઈ અને તે વખતે તેમનામાં રહેલ શ્રાવકના દર્શન થયા.

ત્યારબાદ જ્યારે જ્યારે મુંબઈ આવવાનું થતું ત્યારે 'રેખા'માં તેમને અચૂક મળવા જતો. તેમની વિદ્વતા અને સાથે જ નિરાભિમાનીતાનો અનુભવ સ્પર્શી જતો.

બે વાર પ. પૂ. જંબૂવિજયજી પાસે અમે થોડા મિત્રો વાંચના લેવા ગેયલ ત્યારે તેમની મેધાનો ખ્યાલ આવ્યો. તારાબેન પણ સાથે ભાવથી વાંચનામાં જોડાયેલ.

તેમની શ્રુત સેવા-ઘણાં પ્રકાશનો દ્વારા ખૂબ ઊંચાઈએ પહોંચેલી હતી.

અમે મહાવીર જૈન વિદ્યાલયમાં સાથે રહ્યાં છીએ ત્યારે તેઓ કોરાસાહેબની નીચે પ્રાયઃ ગૃહપતિ તરીકે રહ્યાં હતાં. આ વાત ૧૯૫૦ની સાલની છે.

છેલ્લા થોડા વર્ષોથી યુવક સંઘ જે સેવા કરતી સંસ્થાઓમાં દાન આપે છે તેમાં વીરનગરની અમારી આંખની હૉસ્પિટલને પણ તેઓએ એક વર્ષ સંઘ તરફથી દાન આપેલ. ત્યારે મને ખૂબ સંતોષ-આનંદ થયેલ.

મને જે રીતે પ્રવચન માર્ગે ચઢાવ્યો ત્યારે હું હંમેશ હળવી ભાષામાં કહેતો કે હવે મને આપની જેમ લખવાનું પણ શીખવાડો, પણ એ સમય રહ્યો નહિ.

પ્રબુદ્ધ જીવનનું તંત્રીપદ શોભાવ્યું. ધર્મના વિષયમાં વિશદ્ લખાણો તંત્રીપદેથી લખ્યાં.

માનનીય શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ પછી યુવક સંઘને તથા પ્રવચનમાળામાં તેમણે પ્રમુખપદ સુંદર રીતે શોભાવેલ છે.

ડૉ. રમણભાઈ પ્રબુદ્ધ જીવનના ખરેખર પ્રબુદ્ધ શ્રાવક હતાં. તેમને શત શત વંદના.

❖ ❖ ❖

# સૌના સ્વજન રમણભાઈ

**□ શ્રીમતી લલિતાબહેન મહેતા**

મહાપુરૂષો જગત છોડતાં છોડતાં આપણને કંઈક ને કંઈક સંદેશો આપતા જાય છે. તે સંદેશાને ઝીલવા માટે આપણી જેટલી પાત્રતા હોય તેટલો જ સંદેશાને ગ્રહણ કરી શકીએ. તેવી જ રીતે-પૂ. રમણભાઈના જીવનમાંથી આપણે ઘણો જ બોધ લેવા જેવો છે. સરળ અને મિલનસાર સ્વભાવ, નિરઅભિમાનીપણું, પદ માટે નિસ્પૃહીપણું વગેરે તેમનામાં રહેલા ગુણો આપણામાં પ્રગટાવવા જેવા છે. ન અહં ન મમ નો મંત્ર તેમના જીવનમાં વણાઈ ગયો હતો. નાનામાં નાના માણસોની સાથે પ્રેમથી વાત કરે, સાદાઈ અને સદાચાર વાળું જીવન, તથા ચિત્ત પ્રસન્નતા તેમનામાં જોવા મળતી. સાયલા આવે ત્યારે જમવાના ટેબલ ઉપર એકાદ જોક્સ કહેતા અને બધાંને નિર્દોષ આનંદ કરાવતા. સ્વભાવે એક નિર્દોષ બાળક જેવા હતા. નાનાં સાથે નાનાં અને મોટાં સાથે મોટાં થઈ શકતા. તેમના જીવનમાં જરા પણ પ્રમાદ જોવા ન મળતો.

અમારા સદ્ભાગ્ય છે કે પૂ. રમણભાઈ તથા પૂ. તારાબેન પુસ્તક લખવાના કામ માટે સાયલા રહેવા આવતાં. પૂ. રમણભાઇએ રાત-દિવસ જાગીને 'અધ્યાત્મસાર' તથા 'જ્ઞાનસાર' રૂપી અમૂલ્ય ખજાનો સહુને આપ્યો. પોતાની શુદ્ધ પરિણતિમાંથી જ્ઞાનગંગા વહેવડાવી અમારી ઉપર ઉપકાર કરી ગયા છે. માટે અમે તેના ઋણી છીએ. ઘણાં સંતો સાધુ-સાધ્વીઓને જ્ઞાનના લાભનું કારણ થાય તેવાં કામો પૂ. રમણભાઈ કરી ગયા છે. એ રીતે તેમણે મનુષ્ય જન્મ કૃતાર્થ કર્યો છે, સફળ કર્યો છે.

જ્ઞાનદાન એ તો બધા જ દાનમાં ઉત્તમદાન છે. એવું દાન તેમણે કર્યું છે. તેમને પૂ. તારાબેનનો સાથ અને સહકાર હોવાથી પૂ. રમણભાઈ આવું ભગીરથ કાર્ય કરી શક્યા. રમણભાઈ મુમુક્ષુ હતા. મોક્ષ માર્ગના પ્રવાસી હતા. એ નિયમ છે કે કોઈ વ્યક્તિ મોક્ષમાર્ગની યાત્રા કરવા માગતા હોય તો તેને મદદ અને અનુકૂળતા આપનાર હોય જ.

તેમણે જીવનના અંત સુધી જરા પણ પ્રમાદને સેવ્યો નથી. સદા પ્રવત્તિમય રહ્યા. તેમની પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા ભક્તિ પણ એવી દૃઢ હતી કે સાયલા આવે ત્યારે અચૂક પૂજા કરવા પણ જતા. પૂ. રમણભાઇના નામ તેવા જ ગુણ તેમનામાં હતા. રમણભાઈ પરની રમણતાને તોડી સ્વની રમણતાનો પુરુષાર્થ કરી રહ્યા હતા.

પૂ. બાપુજી પ્રત્યે તેમને અનન્ય અહોભાવ હતો અને પૂ. બાપુજીને પણ પૂ. રમણભાઈ તથા પૂ. તારાબેન પ્રત્યે પ્રેમ અને વાત્સલ્ય હતું. આવા પંચમકાળમાં આવા ભદ્રિક જેમાં એક પણ અવગુણ શોધવો હોય તો ન મળે. એવા પૂ. રમણભાઈ હતા.

જે વ્યક્તિનો ઉપયોગ જ્ઞાનમય થઈ ગયો હોય તેને બહાર ઉપયોગ હોય નહિ. દા. ત. એક ગ્રંથકારે ગ્રંથ લખવાનું શરૂ કર્યું. તેની પત્ની તેને મીઠા વગરની ભોજનની થાળી તેની બાજુમાં મૂકી આવે. વચ્ચે સમય મળે ત્યારે ભોજન કરી લે, પણ તેનો ઉપયોગ ભોજન કરતી વખતે તેમાં નહોતો. એટલે તેમને ખબર નહોતી પડતી કે ભોજન મીઠા વગરનું છે. જ્યારે ગ્રંથ લખવાનો પૂરો થયો ત્યાર પછી ગ્રંથકાર ભોજન કરે છે ત્યારે તેમના પત્નીને કહે છે કે આજે કેમ ભોજનમાં મીઠું નાંખવાનું ભૂલી ગયા છો ? ત્યારે તેમની પત્નીએ કહ્યું કે હું તો દરરોજ મીઠા વગરનું જ ભોજન આપને આપતી હતી. પરંતુ તમારો ઉપયોગ ભોજનમાં ન હતો, પણ ગ્રંથ લખવામાં હતો એટલે આપને ખબર ન પડી કે તેમાં મીઠું નથી. ગ્રંથ પૂરો થતાં ઉપયોગ બહાર આવ્યો ત્યારે લક્ષ ગયું કે ભોજનમાં મીઠું નથી.

તેવી જ રીતે પૂ. રમણભાઈનો ઉપયોગ પણ લેખનમાં જ રહેતો હશે ? પરમ તત્ત્વની પ્રાપ્તિ માટેનો તેમનો પુરુષાર્થ સફળ થાય અને સિદ્ધત્વને પામે એ જ પ્રભુ પાસે પ્રાર્થના.

**મુમુક્ષુ, શ્રી રાજસોભાગ આશ્રમ, સાયલા**

❖ ❖ ❖

# શુભ મનોવૃત્તિનું અંગરખું...ડૉ. રમણભાઈ

□ વિક્રમભાઈ શાહ

કોઈ એમ કહે કે ડૉ. રમણભાઈના જીવનનું ગૌરવ માત્ર એક જ વાક્યમાં સમાવિષ્ઠ કરીને કહો તો એમ કહેવાય કે 'ગુરુ ગૌતમ પ્રત્યે ઉભરતો અથાગ ભક્તિભાવ કે જે જીનેશ્વરની વિતરાગતામાં તન્મયપણે ઠલવાતો ગયો.' સદાયે શુભ મનોવૃત્તિનું અંગરખું પહેરીને ડૉ. રમણભાઇએ સદાચારી, આદર્શ ગૃહસ્થ જીવન જીવી બતાવ્યું.

તુલનાત્મક દૃષ્ટિ અને માધ્યસ્થ પરિણામોને કેળવી તેઓ જ્યારે પોતાનો અંગત અભિપ્રાય આપતા ત્યારે તેમાં માધુર્યભર્યું સત્ય ઉભરાતું. તેમની પરિપક્વ પ્રૌઢ શૈલીમાં કટુતા કે પરનિંદા ક્યારેય નહોતી.

પોતે વ્યાપાર વ્યવસાય કરી શકે એવા સમર્થ હોવા છતાં સંતોષી રમણભાઈએ આખુંય જીવન શ્રેષ્ઠ અધ્યાપક તરીકે જ્ઞાનની લહાણી કરી શિક્ષણ અને સાહિત્યના માધ્યમ વડે પોતાના મૌલિક વિચારોને ધરી સમાજસેવા કરનાર રમણભાઇએ જૈન દર્શનના સિદ્ધાંતોની સમજણ સાદી સરળ ગુજરાતી ભાષામાં આપી આપણા સૌ ઉપર મોટો ઉપકાર કર્યો છે.

શ્રી રાજ સૌભાગ આશ્રમ-સાયલા સાથેનો ડૉ. રમણભાઈનો ગાઢ સંબંધ રહ્યો. તેની શરૂઆત ૧૯૯૦માં થઈ. પૂ. બાપુજી ગુરુદેવ શ્રી લાડકચંદભાઇના સ્વાધ્યાયોને 'શિક્ષામૃત' પુસ્તક સ્વરૂપે પ્રગટ કરવું હતું જેનું પ્રકાશનકાર્ય ડૉ. રમણભાઈની નિશ્રામાં થયું અને ત્યાર પછી માહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ કૃત અધ્યાત્મ-સાર તેમ જ જ્ઞાનસાર જેવા દળદાર અધ્યાત્મશાસ્ત્રોનો વિશેષાર્થ તત્ત્વચિંતક ડૉ. રમણભાઈએ ભરી આપ્યો અને આશ્રમ દ્વારા તે પ્રકાશિત પણ થયા. ડૉ. રમણભાઈના શુભ હસ્તે થયેલા અનેક કાર્યોમાં આ કળશરૂપ સર્વોત્તમ કાર્ય ગણી શકાય.

આ ત્રણેય પુસ્તકોના લેખન માટે તેઓ તથા તેમના ધર્મપત્ની આદરણીય પ્રો. તારાબહેન ફરી ફરી સાયલા આશ્રમમાં આવીને રહેતાં. આશ્રમના નિવાસ દરમ્યાન ડૉ. રમણભાઈ તેમજ તારાબેન સાથે નિકટ પરિચય કેળવાયો. ઉચ્ચ વિચારો અને દંભ વગરનું શ્રુતોપાસના સાથેનું પવિત્ર જીવન, જિનેશ્વર ભગવાન પ્રત્યેનો ઉત્તમ પૂજ્યભાવ, પતિ-પત્નીનો પૂરકપ્રેરક મીઠો સુમેળ, બન્નેના પ્રેમાળ અને મિલનસાર વ્યક્તિત્વે સૌની સાથે મીઠો સંબંધ બાંધી સૌને પોતાના મિત્ર બનાવી દીધા પછી તે આશ્રમમાં રહેતા સાધકો હોય કે કામ કરતો અનુચર.

ડૉ. રમણભાઈને આશ્રમની પ્રવૃત્તિઓ તેમ જ તેના પ્રણેતા પ. પૂ. બાપુજી પ્રત્યેનો અનેરો પ્રશસ્ત ભાવ વેદાયો હતો કે જે તેમણે પૂ. બાપુજીના દેહવિલય બાદ 'પ્રબુદ્ધ જીવન'ની લેખમાળામાં આલેખ્યો છે.

ડૉ. રમણભાઈ આખાય જૈન સમાજનું ગૌરવ, રત્ન સમાન હતા. વ્યવહારકુશળ ડૉ. રમણભાઇ સમયની બાબતમાં હંમેશાં સભાન રહેતા. તેઓ યોગ્ય કાળે યોગ્ય કાર્ય કરી લેતા તેમ જ તે કાર્યોનું આયોજન ખૂબ વ્યવસ્થિત રીતે કરતા. સાક્ષર છતાંય ખૂબ સૌમ્ય હતા. તેઓની વિદ્વતાનો ભાર કોઇને ક્યારેય નથી લાગ્યો. ગુણોના ભંડાર છતાંય લઘુતાભાવમાં જીવતા રમણભાઈ નાના માણસને પણ ખૂબ પ્રેમથી બોલાવે. સામેવાળી વ્યક્તિના નાના ગુણોને પણ થાબડે. તેમની ઉપસ્થિતિમાં સર્વ મોકળાશ અનુભવતા. ગમે તેવું તંગ વાતાવરણ હોય પણ તેઓનો રમૂજી સ્વભાવ સૌને હળવા કરી દેતા. આવા રમણભાઈ પ્રત્યે આપણા હૃદયમાં સહજ પ્રેમ આદર જાગે.

વિવેકી માણસ સમાજ માટે દિવાદાંડી બને છે. ૭૦ જેટલા દેશોમાં સફર કરનાર ડૉ. રમણભાઈની વિદ્વતાએ માત્ર તેઓના જ નહીં પણ બીજા અનેકના જીવનપથને પ્રકાશિત કર્યા. માનવનું મૂલ્ય બહુશ્રુતતાથી વધે છે એમ તેનું જીવન શીલથી શોભે છે. ફૂલ જેમ સૌરભથી સુવાસિત થાય છે તેમ જ્ઞાન ચારિત્રથી શોભે છે. ડૉ. રમણભાઈ આવા જ કોમળ સર્વને ગમતા સહુના મનમાં વસી ગયેલા હતા.

ડૉ. રમણભાઈના માર્ગદર્શન હેઠળ અનેક સંશોધકોએ અલગ અલગ વિષયો ઉપર મહાનિબંધ લખી ડૉક્ટરેટની પદવી મેળવી છે. ડૉ. રમણભાઈની ખોટ આવતા અનેક વર્ષો સુધી વેદાશે. પાસપોર્ટની પાંખે નહીં પણ સત્કર્મો અને સત્કાર્યોની પાંખે ઊડી રહેલા રમણભાઇના આત્માએ ચોક્કસપણે નવું દિવ્ય સંઘાયણ ઉત્કૃષ્ઠ યોગબળને પ્રાપ્ત કરી જોમવંત પુરુષાર્થ આરંભ્યો હશે. તેઓ ત્વરાએ સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરે એવી પ્રભુ પાસે અભ્યર્થના. તેમના આત્માને ત્રિયોગે વંદન કરી સતત તેમનું જીવન આપણા સૌને પ્રેરિત કરતું રહે તેવી પ્રાર્થના.

મુમુક્ષુ, શ્રીમદ્ રાજસોભાગ આશ્રમ-સાયલા

---

# સદ્ગુણોથી છલોછલ વ્યક્તિત્વ - ડૉ. રમણભાઈ

□ મહેશ ખોખાણી

આદરણીય ડૉ. શ્રી રમણભાઈ શાહ એટલે મારે મન સ્નેહ, સૌહાર્દ અને સજ્જનતાથી છલોછલ વ્યક્તિત્વ. પ્રેમાળતા, નમ્રતા અને પ્રસન્નતા એ તેમની 'ખરચૈ ન ખૂટે વાકો ચોર ન લૂંટે' એવી સંપત્તિ હતી.

તેમનો પ્રથમ પરિચય મને થયો આજથી અગિયાર વર્ષ પહેલાં પ.પૂ. ગુરુદેવ શ્રી રાકેશભાઈએ, પોતાના માતા, પિતાની ભાવનાને માન આપી કોઈ આધ્યાત્મિક વિષય પર પીએચ.ડી. કરવાનું નક્કી કર્યું હતું. અને એ માટે તેઓશ્રીને એવા 'ગાઈડ' જોઈતા હતા કે જેમને ભાષાસમૃદ્ધિ સાથે તત્વરુચિ પણ હોય, જેમના હૈયે ધર્માનુરાગ સાથે પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીનો ગુણાનુરાગ પણ વસેલો હોય. આવા 'ગાઈડ' તેમણે શ્રી રમણભાઈમાં દીઠા. પરંતુ ત્યારે રમણભાઈ મુંબઈ યુનિવર્સિટીના અધ્યાપન વિભાગમાંથી નિવૃત થઈ ચૂક્યા હતા. શ્રી રમણભાઈ પૂ. ગુરુદેવશ્રીના શોધપ્રબંધના કાર્યમાં માર્ગદર્શન આપી શકે એ માટે યુનિવર્સિટી પાસેથી વિશિષ્ટ અનુમતિ મેળવવાના કાર્ય સંબંધમાં શ્રી રમણભાઈને વારંવાર મળવાનું થયું. અને ગંભીર, ભારેખમ

મુખાકૃતિવાળા માસ્તરને બદલે હસમુખા, મળતાવડા, આત્મીયતા રેલાવતા વિદ્વાન વડીલ અમને મળ્યા ! પ્રથમ મુલાકાતમાં વાત વાતમાં સામેવાળાને પોતાના કરી લેવાની તેમની સહજ કળાનો પરિચય મળ્યો અને એ પોતાપણું-એ આત્મીયતાનું ખેંચાણ પછી તો ક્યારેય તૂટ્યું નહીં.....

અમે તેમને પ્રેમાદરથી 'સર' કહેતા. 'અમે' એટલે પૂ. ગુરુદેવ શ્રી રાકેશભાઈ સાથે ભક્તિ, આદર કે સ્નેહથી જોડાયેલા ધર્માનુરાગી જીવો. 'સર' અમારા પ્રાયઃ દરેક મોટા પ્રસંગમાં આયોજનમાં, મહોત્સવમાં ઉપસ્થિત રહેતા. તેમણે માત્ર પીએચ.ડી.ના શોધ પ્રબંધમાં કે તેને ગ્રંથરૂપે નિર્માણ કરવાના મહાકાર્યમાં જ માર્ગદર્શન નથી આપ્યું. સંસ્થાનાં અનેક નાના-મોટા કાર્યમાં તેમની વિદ્વતા બહુશ્રુતતા, દીર્ઘદષ્ટિ વ્યવહાર કુશળતા વગેરેનો ભરપૂર લાભ અમને મળ્યો છે.

થોડાં વર્ષ પૂર્વે ધરમપૂરમાં આશ્રમ માટે 'મોહનગઢ'ની જગ્યા લેવામાં આવી ત્યારે જ તેમણે સૂચન કર્યું હતું કે તે સ્થળની આસપાસ આવેલી જમીન પણ જો ખરીદી લેવામાં આવે તો આશ્રમની અન્ય ભાવિ મોટી યોજનાઓમાં ઉપયોગી બનશે. આજે માત્ર ૪-૫ વર્ષના ટૂંકા ગાળામાં આશ્રમના કાર્યક્ષેત્રનો વ્યાપ જે રીતે વિસ્તર્યો છે એ જોતાં અને સાથે, જમીનનો ભાવ બે-ત્રણ ગણો વધી ગયો છે એને લક્ષમાં લેતા...'સર'નું સૂચન કેટલું દૂરંદેશીપૂર્ણ હતું તે સમજાય છે.

શ્રીમદ્ રાજચંદ્રજીપ્રણીત 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' પર પી.એચ.ડી. કરવાનું પૂ. ગુરુદેવ દ્વારા નિર્ણિત થયું અને શોધપ્રબંધના કાર્ય અર્થે 'સર' સાથે જુદી જુદી જગ્યાએ જવાનું, રહેવાનું થતાં તેમના નિકટ પરિચયનો લહાવો મળ્યો. તેમની સાથે હોઈએ ત્યારે સમય હંમેશ દ્રુતગતિએ વહેતો. મુસાફરીમાં કલાકો ક્યાં નીકળી જતા તેનો ખ્યાલ રહેતો નહીં. જરૂરી વિષયો પર વિદ્વતાપૂર્ણ અભિપ્રાય આપવાની સાથે તેઓ અનેક મુદ્દાઓ પર મોકળા મને હસાવતા. તેમનો વિનોદ હંમેશ નિર્દોષ અને નિર્દંશ રહેતો. વળી એ વિનોદની ધાર ક્યારેય અન્યને કાપતી ન હતી. તેઓ પોતાના પર કે તેમનાં પત્ની તારાબેન પર જૉક કરતા અને હાસ્ય રેલાવતા, પણ મને એ બરાબર યાદ છે કે ક્યારેય અન્યના ભોગે કે અન્યની નિંદા કરીને તેમણે હાસ્ય જગાવ્યું ન હતું.

'સર' વાલકેશ્વરમાં મારા સ્વસૂરના ઘરની નજીક રહેતા. જ્યારે પણ સાસરે જવાનો પ્રસંગ આવતો અને તેમને અચૂક મળવાનું થતું અને ત્યારે પણ બે કલાક પહેલાં ક્યારેય ઊઠવાનું બન્યું ન હતું. આવો હતો તેમનો પ્રેમાળ, નિખાલસ, સાલસ સ્વભાવ.

આદરણીય સર સમાજમાં માત્ર ભાષા કે સાહિત્યના ક્ષેત્રે કે વ્યક્તિગત સ્તરે માત્ર હાસ્ય કે પ્રેમના જોરે પ્રતિષ્ઠિત ન હતા. તેમનો જિનશાસન પ્રત્યેનો પ્રેમ તથા પૂજા, સામાયિક, સ્વાધ્યાયાદિ આદિ ધર્મસાધના પ્રત્યેનું સમર્પણ એ પણ તેમના વ્યક્તિત્વનું અનુસરણીય અને ઉદાત્ત પાસું હતું. પ્રતિકૂળ સંજોગોમાં તેમનાં અનુષ્ઠાનોની નિયમિતતા ઊડીને આંખે વળગતી હતી.

અનેક ગુણોમાં રમણતા કરી પોતાનું નામ સાર્થક કરનાર સર હવે સદેહે ભલે આપણી વચ્ચે રહ્યા નથી. પરંતુ તેમના ગુણોની સુવાસ થકી તથા તેમનાં વિપુલ સુશિષ્ટ સાહિત્યસર્જન થકી તેઓ આજે, આ ક્ષણે પણ આપણી સાથે જ છે. એ ગુણોની વૃદ્ધિ કરતાં જઈ આપણે તેમને આપણી વચ્ચે અને આપણી ભીતર સજીવન કરતાં જઈએ અને એ રીતે તેમને અંજલિ અર્પીએ એવી શક્તિ માટે પરમકૃપાળુદેવ પરમાત્માને પ્રાર્થના.

।। શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ।।

– મુમુક્ષુ. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુર

# શ્રદ્ધાપ્રેરક પૂ. રમણભાઈ

**☐ જ્યોતિ પ્રમોદ શાહ**

ડૉ. રમણભાઈના મારા જીવનમાં ઘણાં ઘણાં ઉપકાર છે. હું "શ્રી મુંબઈ જૈન યુવક સંઘમાં શ્રી રમણભાઈ સાથે તથા શ્રી આત્મવલ્લભ મંગલ મંદિર"માં તારાબેન સાથે સામાજિક સેવાના કાર્યોમાં જોડાઈ તે પહેલાં સોફિયા કૉલેજમાં તારાબેન અમારા ગુજરાતી વિષયના પ્રોફેસર હતાં. અને મારા પતિ સ્વ. પ્રમોદ "મહાવીર જૈન વિદ્યાલય"માં શ્રી રમણભાઈ સાથે સંકળાયેલા હતા. આમ અમે બંને જણા લગ્ન પહેલાં જ રમણભાઈ - તારાબેનના પરિચયમાં હતાં. સેવાના કાર્યમાં જોડાયાં પછી મને આ વિદ્વાન દંપતી તરફથી ખૂબ જ સુંદર માર્ગદર્શન મળતું હતું.

મારે "જૈન યુવક સંઘ" તથા "પ્રેમળ જ્યોતિ"ના કાર્ય માટે વારંવાર રેખા બિલ્ડિંગમાં શ્રી રમણભાઈના ઘરે જવાનું થતું. જ્યારે જાઉં ત્યારે રમણભાઈ મને જેમ તેમની પુત્રી શૈલેજાને બોલાવતા હોય એમ અત્યંત પ્રેમાળ - વાત્સલ્યભાવે મીઠો આવકાર આપે. તેમની પાસે બેસવામાં અને તેમની વાતો સાંભળવામાં અનેરો આનંદ મળે. આવા પ્રખર વિદ્વાન છતાં કેટલાં હળવાફુલ લાગે. તેમના વાણી - વર્તનમાં ક્યાંય અહંકાર કે મોટાઈનો અંશ માત્ર પણ ન દેખાય. ભાષા પણ ખૂબ સરળ અને છતાં એવી સચોટ હોય કે સાંભળનારને ગળે ઊતરી જાય.

મારામાં સ્થાનકવાસીના સંસ્કાર હોવાથી હું દેરાસર દર્શન કરવા જાઉં પણ પૂજામાં માનતી ન હતી. રમણભાઈએ મને ખૂબ પ્રેમથી પ્રભુપૂજામાં શ્રદ્ધા કરાવી. જિન પ્રતિમાનું ઉત્તમ અવલંબન લેવાથી આપણા ભાવોની ઘણી જ શુદ્ધિ અને વૃદ્ધિ થાય છે - તે એટલું સચોટ રીતે મને સમજાવ્યું - કે જે આજે ધરમપુરમાં અત્યંત પ્રસન્નતાપૂર્વક પૂજા કરતાં હું અનુભવું છું. જો રમણભાઈએ મને પ્રભુપૂજનનો આટલો મહિમા ન બતાવ્યો હોત તો હું પ્રભુના પવિત્ર સ્પર્શનો આનંદ અત્યારે જે અનુભવું છું તેનાથી વંચિત રહી ગઈ હોત. મને જૈન ધર્મના મૂળ સિધ્ધાંતો અને ગૂઢ રહસ્યો સમજાવવામાં અને તેમાં મારી શ્રદ્ધા દ્રઢ કરાવવામાં રમણભાઈનો ઘણો મોટો ફાળો છે - અને તેના કારણે જ આજે મને મનુષ્યજીવનમાં જે મહા-મહા-મહા દુર્લભ ગણાય તે સદ્ગુરુનું શરણ મળ્યું છે. કે જે ગુરુની નિશ્રામાં યથાર્થ સાધના થાય તો ભવભ્રમણ ટળી જાય એવો અપૂર્વ અવસર પ્રાપ્ત થયો છે. તેને માટે તો હું શ્રી રમણભાઈની અત્યંત ઋણી છું.

તા.૧-૧૧-૧૯૯૧ના દિવસે અચાનક હાર્ટફેઈલથી મારા પતિ

પ્રમોદનું અતિ દુ:ખદ અવસાન થયું. તે સમયે મારા ત્રણેય સંતાનો સોનાલી- જીજ્ઞેશ - ચીરાગ કૉલેજમાં ભણતાં હતાં. મારા માથે આભ તૂટી પડ્યું હતું. તેવા કપરી કસોટીના સમયે સ્વ. પ્રમોદની શ્રધ્ધાંજલિ સભામાં શ્રી રમણભાઈએ જાહેરમાં કહ્યું કે બહેન જ્યોતિ, તારે ચૂડી ચાંદલો કાઢવાના નથી. મંગળસૂત્ર પણ પહેરી રાખજે. તારે પ્રમોદભાઈ હતા ત્યારે જેમ રહેતી હતી તેમ જ હવે પછી પણ રહેવું. વ્યવસાયની જવાબદારી માથે આવી છે. તો ત્યાં તારા માટે પ્રમોદભાઈ તારી સાથે જ છે એમ માનજે.... રમણભાઈના આ આશ્વાસને મને ઘણી જ હિંમત અને શક્તિ આપ્યા. અને બીજે જ દિવસે મારા માતા-પિતાના આશીર્વાદ લઈને મેં ઓફિસ સંભાળી લીધી. રમણભાઈએ આપેલી પ્રેરણા અને હિંમતના કારણે જ હું સફળતાપૂર્વક બિઝનેસ સંભાળી શકી. તેમાં પણ મને રમણભાઈના જમાઈ ચેતનભાઈનો ઘણો સહકાર મળ્યો છે. પછી તો મારા ત્રણેય સંતાનો પોતાનો અભ્યાસ પૂરો કરીને મારી સાથે ઓફિસમાં જોડાતા ગયા. અને આજે મારા બંને દીકરાઓ ધંધામાં ઘણી જ સારી રીતે સેટ થઈ ગયા છે. મારા ત્રણેય સંતાનોને પરણાવીને તેમને ગૃહસ્થ જીવનમાં સેટ કરવાની જવાબદારી પણ હું પૂરી કરી શકી છું. - અત્યારે ઘર તથા ઓફિસની જવાબદારીમાંથી નિવૃત્ત થઈને ધરમપુરમાં મારા અનંત ઉપકારી પરમપૂજ્ય ગુરુદેવની નિશ્રામાં હું આધ્યાત્મિક માર્ગે સાધનામાં આગળ વધી રહી છું. આમ, મને સદ્‌ગુરુના શરણ સુધી પહોંચાડનારા શ્રી રમણભાઈનો પરમાર્થ ઉપકાર તો મારું ભવોભવનું ભાતુ બની રહેશે. પોતે ખૂબ કાર્યરત રહેતા હોવા છતાં મારા ઘરના નાના, મોટા, સુખ-દુ:ખના દરેક પ્રસંગે રમણભાઈની હાજરી અચૂક હોય.

શ્રી રમણભાઈનો દેહ વિલય થયો તેના ૧ મહિના પહેલાં તા. ૨૦-૯-૦૫ના દિવસે હું તેમને મળવા મુલુંડ તેમના નવા ઘરે ગઈ ત્યારે તેમની પાસે સાયલાથી પૂ. નલીનભાઈ- વિક્રમભાઈ, મિનળબહેન, વગેરે બેઠા હતા. બધાની સાથે ખૂબ જ સ્વસ્થતાથી તેઓ વાતો કરી રહ્યા હતા. જોકે શરીરે ઘણી જ અશક્તિ જણાતી હતી. પરંતુ તેમણે કહ્યું કે સડવું - ગળવું - પડવું એ તો શરીરનો ધર્મ છે. માટે શરીરની બહુ ચિંતા ન કરવી. શરીર શરીરનું કામ કરે છે. અને હું મારા આનંદમાં છું. - અમને બધાને તેમણે પોતાનું લખેલું પુસ્તક "વીરપ્રભુના વચનો" પોતાના હાથે સંદેશો લખી લખીને આપ્યું.

આવા જ્ઞાનયોગી, કર્મયોગી, ભક્તિયોગી, વાત્સલ્યમૂર્તિ શ્રી રમણભાઈના પવિત્ર આત્માને હું આત્મભાવે કોટિ - કોટિ વંદન કરું છું.

**મુમુક્ષુ, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુર**

# વાત્સલ્યમૂર્તિ રમણભાઈ સર

**□ મેઘલ દેસાઈ**

'ત્રિદેવ' બિલ્ડિંગમાં મેં પગ મૂક્યો. આંખ સામે તરવરતો હતો એ સદા પ્રસન્ન ચહેરો. દર વખતની જેમ એ લાગણી નીતરતો રણકો હમણાં સંભળાશે...'અરે ! આ કોણ આવ્યું ? આ તો મારી બીજી દીકરી આવી છે ને !' એવી આશા કરનારા મારા મનને માત્ર સૂનકાર મળ્યો. દરવાજાના ઉંબરે જ મારા પગ થીજી ગયાં.

જેમને મેં સતત કાર્યશીલ જોયા હતા, તેઓ આજે કોઈ અજબની શાંતિ ઓઢી, ચિર નિદ્રામાં પોઢ્યા હતા. એમના મુખ પર સંતોષ છવાયેલો હતો. ઈશ્વરે સોંપેલ જીવનકાર્ય પોતે યથાશક્તિ પૂર્ણ કર્યાનો સંતોષ. ફોન પર એમની સાથે થયેલી એ છેલ્લી વાત પડઘાઈ...'આભમાં વાદળાઓ દૂર દૂરથી આવે...ભેગા થાય અને વિખરાઈ જાય, જીવનમાં પણ આમ જ બધાં ભેગા થાય છે અને પછી ક્યાંય વિખરાઈ જાય છે.' આંખના આંસુને હું રોકી ન શકી. મારા શિર ઉપર છાયા બનીને રહેલાં એક વાત્સલ્યના વાદળાએ આજે વિદાય લીધી હતી...કોઈ દૂરના આભ તરફ એણે ગતિ કરી હતી...તેઓ મને હંમેશ કહેતા, 'જીવનમાં કંઈ પકડી ન રાખવું. પરિવર્તન એ સંસારનો નિયમ છે. આપણે એ માટે તૈયાર રહેવું; નહીં તો એનો સ્વીકાર કરવો બહુ અઘરો બની જાય છે.' એમની વિદાય સ્વીકારવી આજે મારે માટે અઘરી હતી.

લોહીના સંબંધે તો તેઓ મારા કોઈ જ ન હતાં...પણ લાગણીના સંબંધે તેઓ મારા પિતા હતા જ. તેમની સાથેની પ્રથમ મુલાકાતમાં જ એક પોતીકાપણું લાગ્યું હતું. તે વખતે પરમ પૂજ્ય ગુરુદેવશ્રી 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' ઉપર Thesis લખી રહ્યા'તા. એમાં એમના માર્ગદર્શક બહુમુખી પ્રતિભા ધરાવનાર પ્રખર વિદ્વાન છે, એમ સમાચાર મળ્યાં. મળવાનું મન થયું પણ ડર લાગ્યો. આવી વ્યક્તિઓ લગભગ ભારેખમ મિજાજવાળી હોય એવો મનમાં ખ્યાલ હતો. મારી બધી જ ધારણાઓ ખોટી પડી. જ્યારે હું મળી એક સૌમ્ય વ્યક્તિત્વને એટલે કે આદરણીય રમણભાઈ સરને ! અહીં 'આદરણીય' શબ્દ એક ઔપચારિક વિશેષણ તરીકે જોડાયો નથી, પણ એમની સાદાઈ અને સરળતા, વિદ્વતા અને વિનમ્રતા જોઈ મારા હૃદયમાં જે આદરભાવ જાગ્યો હતો તે થકી જોડાયો છે. Thesis ના નિમિત્તે સર અને તારાબેન સાથે જુદાં જુદાં નિવૃત્તિ ક્ષેત્રે જવાનું થતું. ક્યારેક ઈડર તો ક્યારેક પાલિતાણા, ક્યારેક દેવલાલી તો ક્યારેક મહાબળેશ્વર. આ દરમ્યાન એમના વ્યક્તિત્વના અનેક સુંદર પાસાઓનો મને પરિચય મળ્યો. તેઓ વિદ્વાન, સાત્ત્વિક, ધીરગંભીર છતાં હસમુખા અને વિનોદી હતાં. દંભનો અભાવ, પારદર્શક વ્યક્તિત્વ અને બધેય ADJUST થઈ જવાનો એમનો ગુણ મને ખૂબ સ્પર્શી ગયો. એક વખત હું ઈડરમાં સર અને તારાબેનની સેવામાં હતી, ત્યારે એમના માટે થર્મોસમાં દૂધ આવ્યું હતું. તેમણે વાપરી લીધાં પછી મેં સહેજે પૂછ્યું 'બરાબર હતું ?' તો હસીને બોલ્યા, 'બહુ સરસ'. મેં આગ્રહ કરી થોડું વધુ ઉમેર્યું. પાછળથી ખબર પડી કે થર્મોસ બદલાઈ ગયાં હતાં અને એમને ઓછી Sugar ના બદલે Double Sugar વાળું દૂધ અપાઈ ગયું હતું. પણ અમને તેઓએ જરાપણ અણસાર ન આવવા દીધો કે એમની જરૂરિયાતથી સાવ વિપરીત જ દૂધ અપાયું હતું. 'બીજીવાર ધ્યાન રાખજો' એમ કહેવાની કે જણાવવાની કોઈ ઉત્તેજના નહીં. આવેલ પરિસ્થિતિનો શાંત સ્વીકાર. ન કોઈ ફરિયાદની વૃત્તિ કે ન કોઈ ફેરફારની ચેષ્ટા...વળી અમારી ભૂલ એનું દુ:ખ થતું અટકાવવા, તેઓએ વિનોદ કર્યો...'એમાં તમારો કંઈ વાંક નથી...આ તો તમે એમાં ખૂબ પ્રેમ ઉમેર્યો એટલે વધારે ગળ્યું થઈ ગયું !'

એમનું હૃદય એટલું કોમળ હતું કે પોતાને તકલીફ પડે તો તે સહન કરી લેતાં, સામા માણસની લાગણીનું સમ્માન રાખતા. કોઈનું દિલ ન

દૂભાય એવું તેમનું વર્તન હતું. મને તો માનવામાં જ નહોતું આવતું કે આવું માખણ જેવું હૃદય જેનું છે, તેઓ એક કડક Military Officer પણ રહી ચૂક્યા છે. He was a strict disciplinarian, not towards others but towards himself. ઘડિયાળના કાંટા કોઈ વખત time ચૂકે પણ ખરા, પણ તેઓ પોતાનો time ક્યારેય ન ચૂકતાં. પોતે હાથમાં લીધેલું કામ નિયત સમયે કરીને જ આપતા. ગમે તેવી કટોકટી આવી હોય કે ગમે તેટલાં તેઓ વ્યસ્ત હોય, મને નથી સાંભરતું કે ક્યારેય તેમણે પોતાનું કામ postpone કર્યું હોય કે તારાબેનને delegate કર્યું હોય. સિત્તેર વર્ષથી ઉપર એમની ઉંમર પણ સત્યાવીશ વર્ષના યુવાનને શરમાવે એવો એમનો કામ કરવાનો જુસ્સો હતો. મને યાદ છે અમે દિવાળી શિબિર અર્થે પાલિતાણાં હતાં. આખો દિવસ શિબિરના કાર્યક્રમોમાં જતો અને રાત્રે Thesis Checking નું કામ ચાલતું. તેમને આંખની તકલીફ હોવાના કારણે હું તેમને વાંચી સંભળાવતી અને તેઓ તેમાં જરૂરી સુધારાવધારા કરાવતાં. વાંચતા વાંચતા મને ઝોકાં આવી જતાં પણ સર...એકદમ જાગૃત ! વાત્સલ્યથી કહેતા; 'જા, તારાબેનની બાજુમાં સૂઈજા, થાકી ગઈ છો. હું આ બીજી મેઘલથી (એટલે કે Magnifying Glass થી) મારું કામ આગળ ચલાવીશ. ફીકર નહીં કર.' આમ હું થાકતી, પણ તેઓ ન થાકતાં, ન કંટાળતા. જાણે પોતાની Thesis નું કામ કરતા હોય એવી ચીવટાઈ અને ઉત્સાહ હું એમનામાં જોતી, અને મને એમની નિઃસ્વાર્થતા પ્રત્યે અહોભાવ જાગતો. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીને 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' ઉપર Ph.D. કરવામાં, એક માર્ગદર્શકની જવાબદારી સ્વીકારી, જ્ઞાનદાનના કાર્યમાં તેઓએ કળશ મૂકવા સમાન કાર્ય કર્યું છે. કારણકે આજે એ Thesis ગ્રંથનું સ્વરૂપ પામી કોઈ એક બે વ્યક્તિ સુધી સીમિત ન રહેતાં હજારો મુમુક્ષુઓને જ્ઞાનપ્રકાશ આપનારું અમૂલ્ય સાધન બની રહેલ છે.

સરના વ્યક્તિત્વનું એક બીજું સુંદર પાસું હતું તેમની નિરહંકારિતા, જેના દર્શન થતાં તેમની અનાગ્રહવૃત્તિમાં તેઓ સલાહ આપતા, પણ પછી એ સલાહ અમલમાં મૂકાઈ છે કે નહીં એ બાબત કોઈ પિંજણ નહીં...કોઈ દબાણ નહીં...કોઈ હરખશોક નહીં. સૂચન આપી વાત મૂકી દેતા. એનો આગ્રહ ક્યારેય ન કરતાં. સંસ્થા તરફથી થતાં નાટ્યપ્રયોગોની પટકથા અને સંવાદો પહેલાં સરની નજર તળે જતાં. તેમના સૂચનો, માર્ગદર્શન અને પ્રોત્સાહનથી એ કાર્ય વધુ દીપી ઉઠતું. વળી ભૂલ થઈ હોય તો એવી કુનેહ અને સ્નેહથી બતાવતાં કે આપણે હતાશ તો ન થઈએ પરંતુ એ સમજી, સુધારી, બમણાં ઉત્સાહથી આગળ વધીએ.

બીજો મોટો ગુણ જે મેં એમનામાં જોયો, તે હતો 'ઉપગૂહન'નો. તેમના મોંઢે મેં ક્યારેય કોઈની નિંદા નથી સાંભળી. એવું નહોતું કે સાચા-ખોટાને તેઓ પારખી નહોતા શકતા. તેઓની વિચક્ષણ દૃષ્ટિમાં બધું જ આવી જતું. છતાં ખોટાને ગૌણ કરી સારું પાસું મુખ્ય કરતાં; અને મને પણ એ જ શિખામણ આપતાં.

તેઓ ભલે જ્ઞાનના આરાધક તરીકે સમાજમાં પ્રતિષ્ઠિત હતાં, પણ મને જો પૂછો તો હું કહીશ કે તેઓ ભક્તિના ચાહક હતાં. ગમે તેટલાં કામ હોય પણ પૂજાનો નિયમ યથાવત્. જિનેશ્વર ભગવાનના સ્તવનો એમને ખૂબ ગમતાં અને મારી પોસ ગવડાવતાં. મને કહેતાં, યશોવિજયજી અને આનંદઘનજીના પદો ગાવાનો ખરો લહાવો લેવો હોય તો એને મુખપાઠ કરી પછી ગાવા. અમે સાથે સ્તવન ગાઇએ અને ભાવવિભોર થઈ તેઓ મને એ પદોમાં છૂપાયેલો મર્મ સમજાવતાં. પાલિતાણામાં એમની સાથે કરેલી ભક્તિ અને ચૈત્યવંદનની સ્મૃતિ કદી ન ભૂંસાય એવી છે.

મેઘધનુષના સપ્તરંગો જેવી આ સ્મરણયાત્રા તો ઘણી લાંબી ચાલે એમ છે પણ મર્યાદાથી બંધાયેલી છું, તેથી કલમ અહીં અટકાવતાં એટલું જ કહીશ કે સંસારમાં કેટલીક વ્યક્તિઓ એવી છાપ અંકિત કરી જતી હોય છે, જેને કાળ પણ નામશેષ કરી શકતો નથી.. 'વાત્સલ્યમૂર્તિ રમણભાઈ સર' એ માંહ્યલા એક છે.

**મુમુક્ષુ, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ-ધરમપુર**

# ડૉ. રમણલાલ ચી. શાહને એક સ્નેહસભર સ્મરણાંજલિ

**□ બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા**

જૈન યુવકસંઘની આગ્રહભરી વિનંતિને માન આપી નાદુરસ્ત તબિયત હોવા છતાં સ્મરણાંજલિ બે વાક્યોમાં રજૂ કરું છું. મારો અને તેમનો સંબંધ જી. એલ. જૈન હૉસ્ટેલ એલફિન્સ્ટન રોડ પર. મારો પીએચ.ડી.નો અભ્યાસ તથા તેમનો પ્રથમ વર્ષ માટેનો અભ્યાસ વખતે અમે બંને આજુબાજુની રૂમમાં રહેતા હતા. અમે કેટલાંક વિદ્યાર્થીઓ અગાસી પર ચઢી રાતના અર્ધો–અર્ધો કલાક તારા જોતા. હું સહુને તારા બતાવતો.

પ્રબુદ્ધ જીવનમાં એકાદેક અંકમાં મારા પિતાશ્રી વિષે કંઈક લખાણમાં મારો પણ તેમણે ઉલ્લેખ કર્યો. ત્યારથી મેં તેમાં લેખો લખવાનું શરૂ કર્યું. લગભગ ૧૨–૧૮ વર્ષ છૂટક છૂટક લેખો લખતો રહ્યો. તેનું એક પુસ્તક પ્રગટ કર્યું. રમણભાઈએ ત્યાર પછી બીજા પુસ્તક માટે સૂચન કર્યું. મેં કહ્યું કે મારા અને તમારા બંનેના લેખો છપાય તો હું તૈયાર છું. તેમણે શરત કબૂલ કરી. તેમની સૂચના પ્રમાણે તે માટે મેં એક લાખ એકાવન હજારનો ચેક આપ્યો. તેના પરિપાક રૂપે અમારા બંનેના લેખોનું પુસ્તક પણ પ્રગટ થઈ શક્યું છે. પ્રબુદ્ધ જીવનમાં મારા ૪૪ લેખો પ્રગટ થઈ ચૂક્યાં છે.

તે માટે રમણભાઈના નિર્મળ સહકાર માટે આભાર. સંસ્થાની સ્થિતિ માટે સૂચના કરી તે અર્થે સંસ્થાને એક લાખ રૂપિયા આપ્યા.

રમણભાઈ જૈન સાહિત્ય, તત્ત્વજ્ઞાન, કર્માદિ સિદ્ધાન્તોનું સચોટ પ્રમાણ પુરસ્કાર વિવેચને સાદા શબ્દોમાં લોકભોગ્ય શૈલીમાં રજૂ કરી શકવાની અદ્વિતીય કુનેહ તથા ચપળતા ધરાવનારી અદ્વિતીય એકાકી વિરલ વ્યક્તિ છે. તેઓને જ્યારે જ્યારે હું ફોન (જવલ્લે જ) કરતો ત્યારે કહેતા કે 'મારા મિત્ર સાથે અમે બંને તમારે ત્યાં આવવા માગીએ છીએ જે અનુકૂળતાએ જણાવીશ બે ત્રણ વાર આ વાતને તેઓ ચરિતાર્થ ન કરી શક્યા અને ૧૪ રાજલોકમાં લાંબી કે ટૂંકી સફર કરવા ઉપડી ગયા. તેમનું સાદગી, સૌહાર્દપૂર્ણ, સ્નેહ ટપકતું ધાર્મિક, સામાજિક, કૌટુંબિક જીવન, ધર્માનુરાગ, દેવદર્શન, તીર્થયાત્રા, ગુરુ ભગવંતો શાસનાધિપતિ, મહારાજ સાથેનો કેવો અદ્વિતીય પરિચય હશે કે થોડાંક જ વખત પૂર્વે તેમને બે પ્રભુ પ્રતિમાઓ તેમની પાસેથી મળી !

તેમણે જે ૧૫૦ ગ્રંથો લખ્યા છે તેમાં પ્રત્યેક પૃષ્ઠ પર પરમોચ્ચ કક્ષાનું જ્ઞાન જ વહેવડાવ્યું છે. તેમની શૈલી વિદ્વદભોગ્ય હોવા છતાં પણ આડંબર વિહીન સરળ, લોકભોગ્ય રહી છે.

મારી પાસે વધુ લખવાની શક્તિ નથી તેથી સમાપનમાં એટલું જરૂર પરમાત્મા પાસે પ્રાર્થના રૂપે જણાવું કે તેમના પુણ્યાનુબંધી પુણ્યના પરિપાક રૂપે તેઓ જ્યાંથી મોક્ષ સિધાવી શકાય તેવા મહા વિદેહાદિ ક્ષેત્રમાં જન્મી ગણતરીના જન્મોમાં ભવાટવિનો ફેરો બંધ કરી અજ્ઞાતરૂપે આપણને પણ તેમાં સામેલ થવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરાવે. વધુ લખવાને શબ્દો નથી. જેટલું લખાય તેટલું તેમના માટે ઓછું છે. તેઓ એક સમર્થ વિવેચક, સાહિત્યરસિક તત્ત્વજ્ઞાન ધરાવનારા કુશળ પંડિત હતા.

તેમના આત્માને કર્મોના પરિપાક રૂપે અકલ્પ્ય એવી ઉચ્ચત્તમ ગતિ મળે જેથી ફરી સંસાર સાગરમાં ફરી ફરી ભટકવાનું કાયમ માટેનું પૂરું થઈ ગયું હોય.

❖ ❖ ❖

# આરૂઢ વિદ્વાન ડૉ. રમણભાઈ

☐ કેશવરામ. કા. શાસ્ત્રી

પ્રો. ડૉ. રમણલાલ ચી. શાહના અવસાનના સમાચાર મળતાં ભારે દુ:ખ થયું. મારાથી બત્રીસ-તેત્રીસ વર્ષ નાના ડૉ. શાહ મુંબઈ યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે જોડાયા ત્યારથી અમારો સંબંધ શરૂ થયો. જૈન દર્શનના તો એઓ આરૂઢ વિદ્વાન હતા, જેની ખાતરી તો 'પ્રબુદ્ધ જૈન'ના મુખપૃષ્ઠ વાંચતાં જ સ્પષ્ટ થાય છે. જૈન સમાજને એની ખોટ પડી છે, પરંતુ મધ્યકાલીન ગુજરાત રાસ-ફાગુ-બાલાવબોધોની મધ્યકાલીન ગુજરાતી ભાષાના એઓ આરૂઢ વિદ્વાન હતા. બીજા વિદ્વાન સ્વ. પ્રો. ડૉ. હરિવલ્લભ ભાયાણી હતા, પરંતુ એઓ જૈનેતર મધ્યકાલીન ગુજરાતીનાં નિષ્ણાંત કહી શકાય.

આમેય ભાષાશાસ્ત્રી કહેવાય એવા વિદ્વાનો આપણે ત્યાં ગણ્યાગાંઠ્યા થયાં છે. તેમાં છે નોંધપાત્ર એવા સ્વ. વ્રજલાલ શાસ્ત્રી, સ્વ. નરસિંહરાવ દિવેટિયા અને સ્વ. કેશવ હર્ષદ ધ્રુવ એ ત્રણ જ કહી શકાય. એમનો ખાડો પૂરનારા તો સ્વ. મધુસૂદન મોદી, મારા પ્રિય શિષ્ય સ્વ. ડૉ. ભોગીલાલ સાંડેસરા, સ્વ. ડૉ. હરિવલ્લભ ભાયાણી અને મારી ગણતરી થાય છે. દુ:ખનો વિષય છે કે આ ચારમાં હું બચ્યો છું. ડૉ. રમણલાલભાઈ મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્યમાં અનન્ય રહ્યા છે.

પરંતુ જૈનદર્શન લઇએ તો એમાં તો ડૉ. રમણલાલ શાહ મારે મતે અનન્ય હતા. આજે એઓ આપણી વચ્ચેથી ખસી ગયા છે એ નોંધવું જોઈએ. સંખ્યાબંધ જૈનદર્શનના ગ્રંથો આપી એમણે એ વિષયે નામ અમર થઈ ચૂક્યા. એઓનો અમર આત્મા અર્હંત ચરણોમાં શાશ્વત શાંતિ અનુભવે એવી ભાવના.

ગુજરાતે એક મહત્વના વિવેચક ગુમાવ્યા છે. મારાથી ૩૨ વર્ષ નાના હતા. 'પ્રબુદ્ધ જીવન'ના અંકમાં છપાતા એમના અગ્રલેખો એમની વિદ્વતાનો ખ્યાલ આપી રહ્યા હતા. ''અંતે એક મહત્ત્વની વિગત જણાવું કે ૧૯૮૩માં પુનામાં 'ગુજરાતી સાહિત્ય પરિષદ'નું અધિવેશન થયેલું એમાં મારો પરિચય ડૉ. રમણલાલભાઈએ બહુ રસિક અને રમૂજી રીતે આપ્યો હતો. જે સાંભળી શ્રોતાસભ્યોએ એમને આનંદથી વધાવી લીધા. એ પછી ઉત્તરોત્તર અમારો સંબંધ ગાઢ થતો રહ્યો હતો. એમનાં પ્રકાશન અવિરત મને મોકલતા રહેતા હતા.''

એકવાર અમેરિકાના મારા પ્રવાસનો પરિચય આપવા એમણે સંઘના સભ્યો સમક્ષ મને બોલાવ્યો હતો. એઓ સદ્‌ગતિ મેળવે એવી ભાવના! ❖ ❖ ❖

# અવિસ્મરણીય રમણભાઈ

☐ જિતેન્દ્ર બી. શાહ

પ્રો. રમણભાઈ શાહના પરિચયમાં નિમિત્ત બન્યું પ્રબુદ્ધ જીવન. લગભગ અઢી દાયકાથી પણ વધુ સમયથી 'પ્રબુદ્ધ જીવન' નિયમિત વાંચવાનો લાભ મળતો રહ્યો છે. ચીમનભાઈ ચકુભાઈ તંત્રી હતા ત્યારે તેમના તંત્રીલેખો વાંચેલા છે. ચીમનભાઈ ચકુભાઈ ઉત્તરાવસ્થામાં હતા ત્યારે પ્રબુદ્ધ જીવન સંચાલન અંગે ઘણાના મનમાં આશંકા ઊભી થઈ હતી અને એક વિચાર દરેકના મનમાં ઉદ્‌ભવેલો કે હવે પ્રબુદ્ધ જીવન કોણ ચલાવશે? ત્યારે ચીમનભાઈએ સ્પષ્ટ વિશ્વાસ વ્યક્ત કરેલો કે પ્રબુદ્ધજીવનનું સુકાન પ્રો. રમણભાઈને સોંપ્યું છે અને તેઓ પ્રબુદ્ધ જીવનનું સંચાલન સુચારુ રીતે કરશે. ચીમનભાઈએ વ્યક્ત કરેલો વિશ્વાસ શ્રી રમણભાઈએ શતપ્રતિશત સાચો પૂરવાર કરી બતાવ્યો. શ્રી રમણભાઈએ જીવનના અંત સુધી પ્રબુદ્ધ જીવનનું તંત્રીપદ સંભાળ્યું અને સફળતાપૂર્વક નિભાવ્યું. આંજના યુગમાં ઉત્તમ લેખનકાર્યનો વ્યાપ ઘટી રહ્યો છે અને નવા યુવાલેખકોનો દુષ્કાળ પડ્યો છે તેવા સમયે કોઈપણ સામયિકને નિયમિત પ્રગટ કરવાનું કાર્ય અત્યંત દુષ્કર હોય છે, પણ રમણભાઈએ આ કાર્ય ખૂબ જ કુશળતાપૂર્વક પૂર્ણ કર્યું હતું. થોડાં સમય પૂર્વે તેમની સાથે ફોન પર ચર્ચા થતી હતી ત્યારે તેમણે સંતોષ વ્યક્ત કર્યો હતો કે પ્રબુદ્ધ જીવનનું સુકાન સંભાળ્યા પછી એક પણ અંક નિર્ધારિત સમયથી મોડો પ્રકાશિત થયો નથી. દેશ-વિદેશના પ્રવાસે ગયા હોય, યાત્રાએ ગયા હોય કે અન્ય કાર્યોમાં વ્યસ્ત હોય તોપણ પ્રબુદ્ધ જીવનના અંકની સામગ્રી પહેલાંથી જ તૈયાર કરી રાખી હોય અને નક્કી કરેલ સમયે પ્રકાશિત થાય જ. આવી તેમની નિયમિતતા, ચીવટ અને ખંત હતા. રમણભાઈ જે કાંઈ કામ સ્વીકારતા તે ખૂબ જ જવાબદારીપૂર્વક નિભાવતા હતા. કોઈ કારણસર સ્વીકારેલું કાર્ય થઈ શકે તેમ ન હોય તો તે અંગે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરતાં ક્યારેય નાનમ અનુભવતા ન હતા.

પાંચેક વર્ષ પહેલાં સુરત મુકામે જૈન વિદ્વાનો તૈયાર કરવાની એક યોજનાના ઉદ્‌ઘાટન સમારોહમાં અમે સાથે હતા. વયોવૃદ્ધ પંડિત શ્રી છબીલદાસભાઈના ઘરે રોકાયા હતા. સવારના કાર્યક્રમ પછી અમે જુદા જુદા અનેક વિષયો પર વિચાર વિનિમય કરી રહ્યા હતાં ત્યારે ભાવિ કાર્યક્રમ અંગે પણ ચર્ચા થઈ હતી. જૈન પારિભાષિક શબ્દકોશ તૈયાર કરવા માટે મેં તેમને મારાં વિચારો રજૂ કર્યા ત્યારે તેમણે જણાવ્યું હતું કે તેઓ પણ આ અંગે વિચારી રહ્યા છે. ભારતીય સાહિત્યનું અધ્યયન જૈન સાહિત્યના અધ્યયન વગર અધૂરું રહી જાય તેથી જૈન સાહિત્યનું અધ્યયન આવશ્યક છે, પણ જૈન સાહિત્યમાં આવતા પારિભાષિક શબ્દોને લીધે ઘણા જિજ્ઞાસુઓ માટે આ સાહિત્ય દુરૂહ બની જાય છે માટે એક પ્રમાણભૂત પારિભાષિક શબ્દકોશની આવશ્યકતા છે. આ બાબતે અમારા વિચારો સમાન હતા. મેં આ કાર્ય તેઓશ્રીને જ કરવા જણાવ્યું અને પ્રાથમિકતા આપી પૂર્ણ કરવા માટે વિનંતી કરી અને તેમણે મારી વિનંતી સહર્ષ સ્વીકારી લીધી. પછી તો અવારનવાર આ બાબતે ચર્ચા થતી હતી. છેલ્લે જ્યારે અસ્વસ્થ થયા અને તબિયતની મર્યાદાને કારણે કાર્ય પૂર્ણ નહીં થાય તેવો ખ્યાલ આવી ગયો હતો તેથી થોડાં દિવસ પૂર્વે તેમણે મને પત્ર લખી પોતાની અસ્વસ્થ તબિયતને કારણે હવે કાર્ય કરી નહીં શકે તેથી જવાબદારીથી મુક્ત કરી ચિંતામુક્ત કરવા જણાવ્યું હતું. તેમનો પત્ર મળતાં જ મુંબઈ ફોન પર વાત કરી હતી. મુ. તારાબેન સાથે પણ વાત થઈ હતી. તારાબેન તેમના સાચા જીવનસાથી અને પ્રત્યેક કાર્યમાં સહભાગી થનાર ઉત્તમ જીવનસંગિની. તેમણે જણાવ્યું કે આ કામ ખૂબ જ મહત્ત્વનું છે અને તેઓ શ્રી રમણભાઈને બધી જ જાતનો સહયોગ કરશે. આપણે આ કાર્ય પૂરું કરવું જ છે એમ કહીને મને રમણભાઈ સાથે વાત કરવા જણાવ્યું. રમણભાઈએ એ સમયે કહ્યું કે હવે શરીર થાક્યું છે, મન સ્વસ્થ છે. મનથી પ્રસન્ન છું પરંતુ શરીરના સાથ વગર કશું જ ન થઈ શકે. એટલે હવે હું કોઈપણ કામનો બોજો લેવા માગતો નથી. જે જવાબદારી છે તે લેખો લખાય છે હવે બીજી નવી જવાબદારી લઈ શકાય તેમ નથી તેથી તેમણે પોતાનું અસામર્થ્ય દર્શાવેલું. તેઓ જીવનના અંત સુધી સતત કાર્યરત રહ્યા, લખતા રહ્યા, ચિંતન કરતા રહ્યા અને પોતે સ્વીકારેલી જવાબદારી અંગે સંપૂર્ણ સજાગ રહ્યા હતા.

તેમની રસ અને રૂચિના વિષયોનો વ્યાપ પણ ઘણો જ મોટો, સાહિત્ય તો તેમનો મુખ્ય વિષય હતો જ. પરંતુ તત્ત્વચિંતન પણ સતત ચાલુ જ

રહેતું. જૈન દર્શનના ગૂઢ રહસ્યોને સરળ ભાષામાં રજૂ કરવાની તેમની આગવી કળા હતી. તેઓએ છેલ્લે ઉપાધ્યાય યશોવિજયજીના બે મહામૂલાં ગ્રંથરત્નો અધ્યાત્મસાર અને જ્ઞાનસારના ગુજરાતી અનુવાદ આપ્યા. અધ્યાત્મસાર ગ્રંથ તો અત્યંત ક્લિષ્ટ અને દાર્શનિક વિચારોથી ભરપૂર, પણ તેમણે આ ગ્રંથનો સરળ અને સુબોધ અનુવાદ કરી સ્વાધ્યાય રસિકો માટે ખૂબ જ મોટો આધાર પૂરો પાડ્યો છે. તેવી જ રીતે જ્ઞાનસાર તો જૈન ધર્મની ગીતા જેવો સરળ પણ ખૂબ જ ગંભીર અર્થસભર એવા ગ્રંથનો પણ અનુવાદ આપ્યો. જ્ઞાનસારનો સરળ ભાષામાં અનુવાદ કરી પ્રકાશિત કર્યો છે. આ બે ગ્રંથોનું કામ ચાલતું હતું ત્યારે મેં તેમને પ્રશ્ન કરેલો કે રમણભાઈ ! તમે આટલું બધું લખવાનું કેવી રીતે કરી શકો છો ? ત્યારે તેમણે જવાબ આપ્યો હતો કે રોજ બે ત્રણ સામાયિક કરું છું અને સામાયિકમાં સ્વાધ્યાય કરું છું. લેખનકાર્ય કરું છું.

સવારે રમણભાઈને ફોન કર્યો હોય તો મોટા ભાગે જિનાલયમાં પૂજા કરવા ગયા હોય અને બપોરે ફોન કર્યો હોય તો સામાયિકમાં હોય. જિનભક્તિ અને શ્રુતભક્તિ એમના જીવનના પ્રાણ સમા હતા. તે સમયે મને શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડિયા યાદ આવી ગયા. મુંબઈના અતિવ્યસ્ત જીવનમાં અને વ્યસ્ત વ્યવસાયમાં પણ રોજ સામાયિકમાં લેખનકાર્ય કરતા હતા તેથી જૈન સમાજને ઉત્તમ ગ્રંથોના ઉત્તમ અનુવાદો ભેટ ધર્યા હતા તેવી જ રીતે રમણભાઈએ પણ ઉત્તમ ચિંતન અને ઉત્તમ અનુવાદો સ્વાધ્યાયરસિકોને પૂરાં પાડ્યાં છે.

રમણભાઈએ જીવનની ઉત્તરાવસ્થામાં ઘણી બધી મૂર્ચ્છા ઉતારી દીધી હતી. તેમની પાસે ઘણો મોટો ગ્રંથસંગ્રહ હતો. આ સંગ્રહના પુસ્તકો તેમણે જ તે સંગ્રહોમાં ભેટ મોકલી આપ્યાં હતાં. લેખકોને સહુથી મોટો આશરો પોતાના લેખના અને પ્રકાશિત થયેલા ગ્રંથોનો હોય છે. તેના અધિકારો અને રૉયલ્ટી જેવા માધ્યમથી અર્થોપાર્જન થતું હોય છે. જોકે ઘણીવાર પ્રકાશકો લેખકોનું શોષણ પણ કરતા હોય છે પરંતુ રમણભાઈએ તો આ બધી માયા પણ મૂકી દીધી હતી. વર્ષો પહેલાં તેમણે કોપીરાઈટ સંબંધી બધા જ હક્કો વિસર્જીત કરી એક મોટું આશ્ચર્ય સર્જ્યું હતું. આ તેમની અનાસક્તવૃત્તિનું જીવંત દૃષ્ટાંત છે. તેઓએ ઉત્તરાવસ્થામાં પોતાની તમામ કૃતિઓ પરના તમામ હક્કો વિસર્જિત કરી એક બહુ જ મોટો આદર્શ રજૂ કર્યો છે.

જીવન દરમ્યાન તેમણે અનેક પ્રવૃત્તિઓનું ખૂબ સુંદર રીતે સુકાન સંભાળ્યું હતું. સેવાની, જ્ઞાનની, ભક્તિની અને પ્રવાસની પ્રવૃત્તિઓમાં તેમની આગવી રૂચિ હતી, પરંતુ તેઓ આ બધી પ્રવૃત્તિઓનો આનંદ પોતાના પરિવાર સુધી સીમિત રાખતા ન હતા. તેઓએ પોતાના મિત્રો અને જિજ્ઞાસુઓ સુધી આ આનંદ વહેંચ્યો હતો. જૈનસાહિત્ય સમારોહ અને પર્યુષણ વ્યાખ્યાનમાળા જેવી બે અતિ મહત્ત્વની પ્રવૃત્તિ તેઓ જીવનનાં અંત સુધી અવિરત કરતા રહ્યાં. અનેક નવા વિદ્વાનો અને વક્તાઓને તેઓ પ્રોત્સાહન આપી આગળ લઈ આવતા. આજના અનેક વક્તાઓ, લેખકો અને સંશોધકો તેમની આ પ્રવૃત્તિને કારણે જીવનમાં ઘણાં આગળ વધ્યાં છે. કોઈનું નબળું સંશોધન કે પ્રવચન હોય તો તેની આકરી ટીકા કરે નહીં અને હતોત્સાહી થવા ન દે. ભૂલોને સુધારીને ફરી પાછા આગળ વધે તે માટે યોગ્ય માર્ગદર્શન આપે અને ફરી પાછો આગળ વધવાનો અવસર આપે. આમ નવા નવા વિદ્વાનોને જીવનમાં આગળ વધવાની ઉત્તમ તક આપનાર રમણભાઈ કુશળ નેતા હતા.

તેમણે સંપાદિત-સંશોધિત કરેલ ગ્રંથોની સંખ્યા ઘણી મોટી છે. લેખોની સંખ્યા પણ ઘણી મોટી છે. સાંપ્રત સહ ચિંતનના ભાગોમાં તથા જિનદર્શન ચિંતનમાં તેમના લેખો છપાયા છે. લેખ લખતા પૂર્વે પૂરો અભ્યાસ કરે. નાનામાં નાની માહિતી એકઠી કરે અને પછી સરળ ભાષામાં લોકભોગ્ય શૈલીમાં રજૂ કરે. આવી લેખનશૈલીને કારણે તેઓ લોકપ્રિય પણ બન્યા હતા. તેમના માર્ગદર્શન હેઠળ અનેક સાધ્વીજી મહારાજાએ અને સંશોધકોએ પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. તેમણે અનેક વિદ્વાનોને તૈયાર કર્યા છે. તેમના માર્ગદર્શનથી અનેક સંસ્થાઓને અને વ્યક્તિઓને લાભ થયો છે. આજીવન જ્ઞાનસાધનાના પરિણામે સને ૨૦૦૨માં સમદર્શી આચાર્ય હરિભદ્ર સુવર્ણચંદ્રક અર્પણ કરવામાં આવ્યો હતો. સુવર્ણચંદ્રક સમર્પણ સમારોહ અમદાવાદ ખાતે યોજાયો હતો ત્યારે તેમના ચાહકોની સંખ્યા અને તેમના પૂજ્યભાવ ધરાવતા વ્યક્તિઓની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહી હતી. ચંદ્રક ખૂબ જ નમ્રભાવે સ્વીકાર કરેલો. આ પ્રસંગે તેમણે આપેલું પ્રવચન ખૂબ જ માર્મિક અને પ્રેરણાદાયી હતું. પોતે કરેલાં કાર્ય અંગે ક્યાંય અહં જણાતો ન હતો. બધું જ જાણે સહજરૂપે થતું હોય તેમ ભાર વિના જણાવ્યું હતું. તેમનામાં નમ્રતા, સૌજન્યશીલતા અને ગુણગ્રાહીતાના ગુણ પૂર્ણ રીતે ખીલેલા હતાં.

તેમના જીવનના અનેક પાસાંઓ છે. રસ, રુચિના વિષયોનો વ્યાપ ઘણો મોટો છે. એક જ લેખમાં તેમના બધા જ વિષયોને સમાવી શકાય જ નહીં. તેઓ અનેકવિધ પ્રવૃત્તિથી ઘેરાયેલા હોય છતાં હંમેશાં પ્રસન્ન રહેતા અને સદાય પોતાના કાર્યમાં મસ્ત રહેતા. કોઈ [illegible] પ્રલોચના કે વિવાદાસ્પદ બાબતોથી સદાય દૂર રહેતા. આ [illegible] ગુણો ધરાવતા રમણભાઈ સાહિત્યજગત, જૈનજગત અને મિત્રજગતમાં અવિસ્મરણીય રહેશે.

❖ ❖ ❖

# કાળને તે શું કહીએ ?

☐ ડૉ. નરેશ વેદ (પ્રોફેસર અને અધ્યક્ષ ગુજરાતી વિભાગ–સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર)

પૂજ્ય મુરબ્બી શ્રી રમણભાઈ શાહ શ્રી અરિહંતશરણ પામ્યાના સમાચાર શ્રી ધનવંતભાઈ શાહ દ્વારા ટેલિફોનથી જાણતાં હું અને મારાં કુટુંબીજનો અત્યંત દિલગીર થયાં. ઘણું અઘટિત થયું છે. થોડા સમયથી એમની તબિયત બરાબર રહેતી ન હતી એ સમાચાર જાણ્યા હતા પણ એમને કોઈ મોટી અને ગંભીર બીમારી ન હતી. એટલે આ સમાચાર અણધાર્યા અને આઘાતજનક હતા. હજુ દસ-પંદર વર્ષ તેઓ બેઠા હોત તો સારું હતું. એમના પિતાજીએ તો નિરામય દીર્ઘાયુષ્ય ભોગવ્યું હતું અને તેઓ પોતે આહારવિહારમાં ઘણા સાદા અને સંયમી હતા. કોઈ વ્યસન અને વળગણ વગરના હતા. તેમ બેઠાડું જીવ ન હતા, ઘણા પ્રવૃત્તિશીલ હતા. એટલે આમ એકાએક બને એ વાત મનથી સ્વીકારી શકાતી ન હતી. કાળને તે શું કહીએ ? જરીકેય ન ચૂક્યો; અણધાર્યો ઘાવ કર્યો ?

એમના જવાથી માત્ર એમના સ્વજનો, સ્નેહીઓ મિત્રોને જ નહીં, કેવળ જૈન સમાજ અને વિદ્યાસમાજને જ નહીં આપણા સમગ્ર સાંસ્કૃતિક જીવનને ભારે મોટી ખોટ પડી છે. મેં મારા સાડા પાંચ દાયકાના આયુષ્યમાં આવો ઉદાત્ત અને ઉમદા (Noble) માણસ જોયો નથી. મારો એમની સાથેનો પરિચય હું સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક ગુજરાતી વિભાગમાં અધ્યાપક તરીકે જોડાયો ત્યાર બાદનો. આ વિભાગના એ વખતના અધ્યક્ષ મુરબ્બીશ્રી જશવંત શેખડીવાળાના તેઓ અંતરંગ મિત્ર. એમના આગ્રહથી તેઓ અમારા વિભાગના અને યુનિવર્સિટીનાં કાર્યો અને કાર્યક્રમો માટે આવતા. વિભાગમાં લેક્ચરરમાંથી રીડરના પદ માટે મારી વરણી થઈ ત્યારે તેઓ પસંદગી સમિતિમાં તજજ્ઞ તરીકે સેવાઓ આપવા માટે આવેલા. ઈન્ટરવ્યૂમાં પસંદગી સમિતિના અન્ય સભ્યો સાથે પ્રસન્નતાપૂર્વક મારી વરણી કર્યા બાદ એમણે યુનિવર્સિટીના એ વખતના કુલપતિશ્રી અને વિભાગીય વડાને મારી કારકિર્દી ઉજ્જવળ બને એવું જણાતાં મને શક્ય તેટલું વહેલું પ્રોફેસર તરીકે પ્રમોશન આપવા પત્ર લખીને શિફારસ કરેલી ! એટલું જ નહીં મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગમાં વ્યાખ્યાનો

આપવા માટે નિમંત્ર્યો હતો. પછી મુંબઈ અને પાલનપુર ખાતે એમના પરિચિત ઝવેરી પરિવારો દ્વારા ચાલતી પ્રતિષ્ઠિત વ્યાખ્યાનમાળાઓમાં વ્યાખ્યાનો આપવા માટે મને નિમંત્ર્યો હતો. ત્યાર બાદ મુંબઈ જૈન યુવક સંઘની પ્રતિષ્ઠિત વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાનો આપવા માટે અને પ્રતિવર્ષ નિમંત્રિત કરતા રહ્યા હતા. તેઓ વખતોવખત જૈન અને બૌદ્ધ ધર્મદર્શન પર વ્યાખ્યાનો આપવા માટે જાપાન અને યુરોપ-અમેરિકા જતા હતા તો તેમના અનુયાયી તરીકે ભાઈશ્રી કુમારપાળ દેસાઈની જેમ એ દર્શનોમાં તૈયાર થઈ વ્યાખ્યાનો માટે વિદેશોમાં જવા માટે આગ્રહ કરતા રહ્યા હતા. એવા પ્રવાસો માટેની આર્થિક જોગવાઈ કરી આપવાનું પણ તેઓએ અનેક વખત કહ્યું હતું. એમાં મારી ક્ષમતા અને સજ્જતા કરતાં એમનાં સ્નેહ સૌજન્ય વિશેષ હતા.

એમના વિભાગમાં વ્યાખ્યાનો માટે મને નિમંત્ર્યો હતો ત્યારે યજમાન હોઈ આવકારવા જાતે મુંબઈ સેન્ટ્રલ રેલવેસ્ટેશન પર આવેલા અને મને મારા મોટાભાઈ અને સાળાઓને ત્યાં ઊતરવાની તથા રહેવાની સુવિધા હોવાથી તેમને ત્યાં જવા દેવાની મારી વિનંતી છતાં પોતાને ત્યાં જ મલબારહિલના નિવાસસ્થાને રાખ્યો હતો. એમ કરીને એમણે મને પોતાના આત્મીય સ્વજન તરીકે ઘરમાં અને સમાજમાં સ્થાપ્યો હતો. આ જ તો એમની વિશેષતા હતી. મારી જેમ કેટકેટલી વ્યક્તિના અને સંસ્થાના ઉત્કર્ષ અને વિકાસમાં એમના વરદ હસ્તનો સ્પર્શ હશે ! તદ્દન નાના વિદ્યાર્થી અને સામાન્ય મનુષ્યથી માંડીને સેવકો, શ્રાવકો, શ્રેષ્ઠીઓ, મુનિઓ સૌનો સ્નેહાદર જીતવાની અને એમને આત્મીય કરવાની શક્તિ એમનામાં સહજરૂપે હતી. અધ્યયન, સંચાલન, લેખન, સંશોધન, સંપાદનની વ્યક્તિગત પ્રવૃત્તિ ઉપરાંત સ્થાપન, વ્યવસ્થાપન, સંચાલન અને વહીવટની સંસ્થાગત પ્રવૃત્તિઓ નિષ્ઠા અને નિસબતપૂર્વક પરંતુ નિયમિત અને નિસ્પૃહ રહીને કરવાની આવડત પણ એમનામાં સહજસુલભ હતી. એમના જવાથી કેટલી બધી વ્યક્તિઓ અને સંસ્થાઓની ઓથ ગઈ એ તો કોણ જાણે ?

તેઓ જિનધર્મસંમત જીવનશૈલીના કેવા અનુપાલક હતા એ એમના નિકટના સૌ જાણે છે પરંતુ આહાર-વિહાર-વ્યવહાર અને ઉપચારમાં એમનાં સાદાઈ, સંયમ, વિનય, વિવેક અને નિસ્પૃહતાનાં ઉદાહરણો બીજા અનેકોને જોવા મળ્યા હશે. જપ, તપ, વ્રત અને વિહાર ઉપરાંત અપરિગ્રવૃત્તિ કેવી ? પોતાના જીવનનું એક ધ્યેય નક્કી કરી એને અનુરૂપ પોતાના જીવનનું પ્રારૂપ ઘડી એ મુજબની જીવનચર્યા ગોઠવી નિર્ધારિત રીતે અને માર્ગે તેઓ જીવ્યા. ઉંમરના ચોક્કસ તબક્કાએ જીવનકાર્ય અને પ્રવૃત્તિઓના પાશ અને બંધનો છોડતા જવાનું નક્કી કરી એ મુજબ પરિગ્રહ ત્યજતા ગયા, એ કારણે જ એમણે નોકરીમાંથી વયોચિત સેવાનિવૃત્તિ કાળ આવે એ પૂર્વે જ મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગનું અધ્યક્ષપદ, એ નિમિત્તે મળતાં લાભો અને સંસાધનો એમણે વહેલી સેવાનિવૃત્તિ લઈને જતાં કરી દીધેલાં. એમના સમૃદ્ધ ગ્રંથાલયમાંના કીમતી પુસ્તકોને વારાફરતી હાથમાં લઈ 'હવે મને કાંઈ કામમાં આવનાર છે.' એમ પૂછીપૂછીને દાનમાં આપી દીધાં હતા. પોતાના હયાતીમાં પોતાનાં પુસ્તકોના કોપીરાઈટ એમણે જતા કરી દીધા હતા. અરે મુંબઈ જૈન યુવક સંઘનું પ્રમુખપદ, અન્ય અનેક સંસ્થાના નાનાવિધ પદો ઉપરાંત ઈન્ટરનેશનલ જૈન ચેરનું અધ્યક્ષપદ પણ નક્કી કર્યા મુજબ કાળક્રમે તેઓ છોડતા ગયા હતા. નાની નાની આસક્તિઓ, એષણાઓ અને નગણ્ય પ્રલોભનોમાં રાચતા મનુષ્યોની સામાન્યતા અને પામરતાની બાજુમાં એમના વ્યક્તિત્વ અને ચારિત્ર્યની આ અસામાન્યતા અને વરેણ્યતા નજરઅંદાજ થઈ શકે એમ નથી.

જૈન ધર્મદર્શનના તેઓ કેવા મરમી હતા એ તો એમનાં પ્રવચનો, લેખો, ભાષ્યો, વાર્તિકો અને પુસ્તકોથી, એમણે આ વિષયમાં કેટલાક સાધુ-સાધ્વીઓ અને વિદ્યાર્થીઓ પાસે તૈયાર કરાયેલા શોધનિબંધો ઉપરથી પણ ખ્યાલ આવે છે. પરંતુ પોતાની વિદ્વતાનો દંભ કે દાખડો એમણે ક્યારેય કર્યો ન હતો. એમની બધી લાયકાતો હોવા છતાં લબ્ધપ્રતિષ્ઠિત ગણાતા વિદ્વાનોએ એમને મુંબઈ યુનિવર્સિટીમાં પ્રોફેસરનું પદ ન આપીને એમને અને એમના વિભાગને કેટલો અન્યાય કરેલો એની રાવ ફરિયાદ, કચવાટ કે અફસોસ પણ એમણે ક્યારેય વ્યક્ત કર્યાનું જાણ્યું નથી.

જીવનમાં તેઓ આસુરોષ અને આસુતોષના માણસ ન હતા; સમ અને દમના ઉપાસક હતા. તપ અને તિતિક્ષાના ચાહક હતા. એટલે જ ઈશ્વરનિર્મિત વ્યષ્ટિ અને સમષ્ટિના પ્રેમી હતા. પંડના સંતાનોને તો સૌ કોઈ ચાહે પણ પારકાં સંતાનોને એમણે જે રીતે ચાહ્યા, પ્રેર્યા, દોર્યા એતો એમાંનું કોઈ એ વાત માંડશે ત્યારે જ ખ્યાલમાં આવશે. કંઈ કેટલીય સંસ્થાઓના ચણતર અને ઘડતરમાંય એમનો આ વાત્સલ્યભાવ કામ કરતો હતો. ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પદ ઉપર મારી નિમણૂંક થતાં જ મને શુભેચ્છાઓ અને આશીર્વાદ આપવાની સાથે જ એક સારા અને સફળ કુલપતિ થવા માટે મારે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી તેનું યથોચિત માર્ગદર્શન પણ મને આપેલું. એ અરસામાં મને ફૂડ પોઈઝનિંગ થયાની ખબર મળતાં જ જૈન ધર્મદર્શનના એક મોટા અને મહત્ત્વની પરિસંવાદમાંથી સમય કાઢી મારી ખબર કાઢવા અને મને સુખશાતા પ્રબોધવા મારે બંગલે આવી પહોંચી કૃપાપ્રસાદસમી દેવમૂર્તિ આપી ગયેલા ! મારા કુલપતિ કાળમાં એક સમયે મુંબઈમાં યોજાયેલાં મારાં વ્યાખ્યાનોમાં હું સંયોગવશાત્ ઉપસ્થિત રહી શકું એમ ન હતો ત્યારે મારે બદલે અવેજીમાં વ્યાખ્યાનો આપીને એમણે મને અને આયોજકોને મોટી મૂંઝવણ અને મુશ્કેલીમાંથી ઉગારી લીધા હતા. ક્યાંય મોટાઈ નહીં, અભિમાન નહીં, નરી મમતા, નિર્ભેળ વત્સલતા.

પીઢ અને પ્રૌઢ તો એવા હતા કે એમની હાજરીમાં કોઈથી અજૂગતું વિચારી-બોલી કે આચરી શકાય નહી. છતાંય શિશુસહજ સરળતા અને કુતૂહલ અને યુવાસહજ ઉદ્યમસાહસ એમનામાં હતા. એ કારણે જ તેઓ યાયાવર હતા. સુખાળવા આવાસ નિવાસ કરતાં એમને પ્રવાસો વધારે પ્રિય હતા. એટલે દેશ વિદેશોમાં એમણે કેટકેટલા યાત્રા પ્રવાસો કર્યા ! એક શિશુ, એક યુવાન અને એક પ્રૌઢના સંયુક્ત ગુણો એમનામાં એ વખતે પ્રગટતા રહેતા. એમની સાથે જેમણે યાત્રાપ્રવાસો કર્યા છે તેઓ જો મોં ખોલે તો ખ્યાલમાં આવે કે તેઓ વિશ્વંભરની આ લટકાંલીલા સમજવા કેવા પર્યુત્સુક હતા. દુનિયાભરના આવા યાત્રા પ્રવાસોમાં એમણે જે આનંદ ઉલ્લાસ માણ્યા એને ગુંજે ભરી રાખવાને બદલે પ્રવાસ પુસ્તકો લખીને એમણે સૌને ગુલાલ પહોંચાડ્યો ! પ્રસંગ,પરિસ્થિતિ, ઘટના, બનાવ, વ્યક્તિ, સંસ્થા સૌમાંથી જે કાંઈ સાર કાઢવા જેવો લાગ્યો તેઓ એ કાઢતા રહ્યાં. એ હેતુથી જ 'પાસપોર્ટ'ની પાંખે અને 'બેરરથી બ્રિગેડિયર સુધી' જેવાં પુસ્તકો કર્યા એ પુસ્તકો વિદ્યાલયોમાં પાઠ્યપુસ્તકો તો થયાં પણ નવાઈની વાત લોકોને એ લાગશે કે ધર્માલયોમાં એમની પારાયણો બેઠી ! એમ બન્યું છે એમાંની મોંઘી મિરાતને કારણે. રખેને એમના આવાં અનેક પુસ્તકો જોઈ કોઈ એમને રખડું ફિલસૂફ સમજે. આ બાહ્ય પ્રવાસો તો એમની આંતરિક યાત્રાના પૂરક અને સહાયકો હતા. બાહ્ય પ્રવાસોની સમાંતરે એમની આંતરયાત્રા ચાલતી. એનો પણ એક મકસદ હતો અને એ હતો - સારાય વિશ્વમાં પથરાયેલી વિરાટ ભ્રમણામાંથી સ્વ-રૂપ દર્શનની સૂક્ષ્મ રમણામાં રમમાણ થવાનો. એ યાત્રાની ફલશ્રુતિરૂપે એમને આત્મદર્શન અને આત્મજ્ઞાન કેટલાં પ્રાપ્ત થયાં એ તો સ્વયં તેઓ જ કહી શકે. પણ દૈવ ! એ જોગ - સંજોગ હવે કેવો ?

મન, વચન અને કર્મથી સાત્ત્વિક એવા આ સંસારસરસા પરંતુ એનાથી નિતાંત નિર્લિપ્ત એવા આ સાધક સાધુવેષ વિના પણ સાધુ-સ્થવિર હતા. કર્મક્ષય, કષાય જય અને વાસનાલયનું એમનાથી જુદું બીજું ઉદાહરણ ક્યાં શોધવું ? એમના જવાનો ગમ અવશ્ય છે પણ શોક કદાપિ ન હોય. હોય કેવળ એમણે મૂકેલા જીવનાદર્શનું અનુસરણ. ❖

# એક અભિજાત વ્યક્તિત્વનો વિલય

**□ ડૉ. રણજિત એમ. પટેલ-અનામી**

તા. ૨૫-૧૦-૨૦૦૫, મંગળની સાંજે આશરે સાડા છના સુમારે, 'પ્રબુદ્ધ જીવન'ના સહતંત્રી, મારા મિત્ર ડૉ. ધનવંતભાઈ શાહે જ્યારે ફોનથી મને ડૉ. રમણલાલ ચી. શાહના દુઃખદ નિધનના અમંગળ (!) સમાચાર આપ્યા ત્યારે હું પ્રથમ તો ડઘાઈ ગયો પણ એ અશુભ સમાચાર મારે માટે સાવ આકસ્મિક તો નહોતા કેમ જે ઘણા સમયથી હું એમની દિન પ્રતિદિન કથળતી જતી પ્રકૃતિથી પરિચિત હતો જ. ઉપચાર માટે વડોદરાના કોઈ સારા ડૉક્ટર કે વૈદ્યની જરૂર જણાય તો તેમને વડોદરે આવવાનું પણ મેં આગ્રહપૂર્વક અનેકવાર લખેલું, પણ મુંબઇના ડૉક્ટરોથી એમને રાહત જેવું જણાયેલું એટલે વડોદરાનો વિચાર કરેલો નહીં.

ડૉ. રમણભાઈ અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ગુજરાતીના નિષ્ઠાવાન પ્રાધ્યાપક હતા એક વર્ષ માટે, તે વાત તો હું વર્ષોથી જાણતો હતો પણ અમારા સંબંધની ઘનિષ્ઠતા થવામાં અમારા કેટલાક મઝિયારા મિત્રો કારણભૂત હતા. 'પ્રબુદ્ધ જીવન'માં વર્ષભર સારા લેખો લખનારને જે સ્વ. શ્રી ધીરુભાઈ શાહના નામનો એવોર્ડ આપવામાં આવે છે તે સ્વ. ડી. ડી. શાહ ને હું બી.એ. સુધી અમદાવાદની ગુજરાત કૉલેજમાં સહાધ્યાયીઓ હતા, જે ડૉ. રમણભાઈના પણ ખાસ મિત્ર હતા. ડૉ. ડી. ડી. શાહનો એવોર્ડ એકવાર મને પણ મળેલો.

મુંબઈમાં 'જૈન યુવક સંઘ' દ્વારા જે જે ધાર્મિક ને સાંસ્કારિક પ્રવૃત્તિઓ રમણભાઈ ચલાવતા હતા તેવી જ પ્રવૃત્તિઓ અમદાવાદમાં શ્રી ધીરુભાઈ શાહ ચલાવતા હતા. સ્વ. રમણભાઈના જીવનમાં મંગલમૂર્તિ સમાન સ્વ. પ્રો. ચીમનભાઈ નારણભાઈ (પ્રો. ચી. ના. પટેલ) પટેલ ને હું સને ૧૯૪૪માં સાથે જ એમ.એ. થયા. ડૉ. શાહ સાહેબને પ્રો. ચી. ના. પટેલનો પ્રથમ પરિચય મેં કરાવેલો.

'સ્વ. ચી. ના. પટેલ' નામના એમના લેખમાં તેમણે આ હકીકતનો ઉલ્લેખ કરેલો જ છે. એ પછી તો પ્રો. ચી. ના. પટેલ સારી તબિયત નહીં હોવા છતાં પણ જૈન યુવક સંઘ દ્વારા પ્રતિવર્ષ મુંબઈમાં યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પ્રવચન આપવા પણ બે-ત્રણ વાર ગયેલા. પ્રો. ચી. ના. પટેલની આત્મકથા-'મારી વિસ્મય-કથા' પણ કકડે કકડે પ્રો. શાહ સાહેબે 'પ્ર.જી.'માં પ્રગટ કરેલી એટલું જ નહીં પણ એના પ્રકાશનમાં ને એ આત્મકથા, મુંબઇની એસ.એન.ડી.ટી.ની કૉલેજમાં એમ.એ.માં પાઠ્યપુસ્તક તરીકે નિયુક્ત થઈ તેમાં ડૉ. શાહ સાહેબનો મહદ્ ફાળો હતો.

પ્રો. શાહ સાહેબના બીજા બે અધ્યાપકો તે ડૉ. ભોગીલાલ જયચંદભાઈ સાંડેસરા ને ડૉ. તનસુખભાઈ પી. ભટ્ટ. ડૉ. સાંડેસરા ને ડૉ. ભટ્ટ-બંને ય મારા પરમ મિત્રો. ડૉ. સાંડેસરા ૧૯૪૩માં એમ.એ. થયા ને ડૉ. ભટ્ટ ને હું સને ૧૯૪૪માં. મારા આ ચાર મિત્રોને પ્રતાપે પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે ડૉ. રમણભાઈ શાહ સાથેનો મારો સંબંધ પ્રગાઢ થયો. વડોદરાની મ.સ. યુનિવર્સિટીમાં જ્યારે ડૉ. સાંડેસરા ગુજરાતી ભાષા સાહિત્ય વિભાગના અધ્યક્ષ હતા (૧૯૫૧ થી ૧૯૭૫) ને હું 'રીડર' હતો ત્યારે બી.એ., એમ.એ.ની પરીક્ષાના કામકાજ અંગે તથા પીએચ.ડી.ના વિદ્યાર્થીઓનો 'Viva' લેવા કાજે ડૉ. શાહ સાહેબ અવારનવાર વડોદરે આવે ત્યારે અમારે નિરાંતે મળવાનું થતું. એ પછી તો એક તબક્કો એવો પણ આવ્યો કે પ્રો. ચી. ના. પટેલ ને હું-વર્ષોથી 'પ્ર. જી.'માં લખતા થઈ ગયા. વિધિની વક્રતા ને વિચિત્રતા પણ કેવી કે ડૉ. શાહને અમારા આ ચારેય મિત્રોની અવસાન-નોંધ લખવાનો વારો આવ્યો ! એમને માટે આજે હું બે શબ્દો લખી રહ્યો છું !

'પ્ર. જી.'માં જે ચારેક પટેલો (પ્રો. ચી. ના. પટેલ, ડૉ. અનામી, પ્રો. જશવંત શેખડીવાળા ને પ્રિ. ડૉ. બહેચરભાઈ આર. પટેલ) અવારનવાર લખતા થયા તેનું શ્રેય તેમની આ મૈત્રી-ભાવનાને ફાળે જાય છે. ડૉ. શાહ સાહેબ સર્વમિત્ર સમાન હતા. વર્ષોથી હું 'પ્ર. જી.'માં નિયમિત લખું છું એનું શ્રેય ડૉ. શાહ સાહેબને ફાળે જાય છે. આમ તો હું આચારેવિચારે અર્ધો જૈન પણ ખરો. મારા દાદાના ગુરુ એક જૈનમુનિ હતા. જૈનકવિ મલયચંદ્ર કૃત 'સિંહાસન બત્રીસી' ઉપર મેં શોધ-પ્રબંધ લખી પીએચ.ડી.ની ઉપાધિ મેળવી છે ને બીજા એક સારા જૈન કવિ ઉદયભાનુના 'વિક્રમચરિત્રરાસ'નું સંપાદન પણ કર્યું છે. દર માસની વીસમી કે બાવીસમી તારીખે 'પ્ર. જી.'નો અંક આવે એટલે એકી બેઠકે વાંચી હું નિયમિત રીતે મારો નિખાલસ પ્રતિભાવ દર્શાવતો હતો. આ નિમિત્તે મબલખ પત્ર-વ્યવહાર થયેલો. જૈન ધર્મની પરિભાષાના કેટલાક શબ્દો સંબંધે વા કવિઓ અને કાવ્યસંગ્રહો અંગે હું એમને પૂછતો તે સત્વરે ખાત્રીપૂર્વક તેઓ આવશ્યક માહિતી મોકલી આપતા હતા.

તેઓ એક પ્રવાસ-વીર-બલકે વિશ્વ-પ્રવાસી હતા. 'પાસપોર્ટની પાંખે'ના એમના ત્રણ ગ્રંથોમાંથી એકને 'ગુજરાત સાહિત્ય અકાદમી'નું પારિતોષિક મળ્યું છે. એ ત્રણમાંથી એકની પ્રસ્તાવના પ્રો. ચી. ના. પટેલે, બીજાની મેં ને ત્રીજાની પ્રો. જશવંત શેખડીવાળાએ લખી છે. પ્રો. ચી.ના પટેલની પ્રસ્તાવનાનું શીર્ષક છે 'સ્મૃતિની પાંખે', મારું છે 'એક રમણીય ચેતોહર પ્રવાસગ્રંથ'. આ ઉપરાંત એમના ચારેક ગ્રંથોનું 'અવલોકન' પણ મેં કર્યું છે. વિશ્વપ્રવાસી તરીકે તેમણે માનવતાની શોધ માટે, વિવિધરંગી પ્રજામાં રહેલા ચૈતન્યને સ્ફુટ કર્યું છે.

ડૉ. શાહ સાહેબ એક સંનિષ્ઠ સંશોધક પણ હતા. લલિત તેમજ લલિતેતર સાહિત્યમાંનું એમનું પ્રદાન માતબર ને નોંધપાત્ર છે. એકાંકીસંગ્રહ, જીવનચરિત્ર, રેખાચિત્ર, સંસ્મરણ, પ્રવાસ- શોધસફર, નિબંધ, સાહિત્યવિવેચન, સંશોધન-સંપાદન, ધર્મ- તત્ત્વજ્ઞાન, સંક્ષેપ, અનુવાદ, પ્રકીર્ણ-શીર્ષક નીચેનું લખાણ...એની સંખ્યા એમના આયુષ્ય-આંકને આંબવા જાય તેટલી છે.

એમના તત્ત્વજ્ઞાન-વિષયક લેખોમાં માનવતાકેન્દ્રી કર્મના અર્થઘટનનું સર્વત્ર દર્શન થાય છે. એ કેટલા બધા ગુણાનુરાગી હતા ને કેટલા બધા એમના મિત્રો ને સ્નેહી-સ્વજનો હતા તેની પ્રતીતિ તેમના અનેક લેખોમાં થાય છે.

ક્રિશ્ચીયાનિટી ને મુસ્લિમધર્મ વટાળ-પ્રવૃત્તિમાં માને છે. જૈન ધર્મ, બૌદ્ધ ધર્મ ને હિંદુ ધર્મ એનાથી મુક્ત છે. જૈન ધર્મની આ એક ઉમદા માનવતાવાદી પ્રવૃત્તિ મને ખૂબ ગમે છે...પ્રતિવર્ષ સંઘના ઉપક્રમે પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન ગુજરાતની કોઈપણ માનવસેવાનું કામ કરતી દૂર દૂરની સંસ્થાઓને લાખોનું દાન આર્થિક સહાયરૂપે આપે છે. ધર્મવટાળ પ્રવૃત્તિ કરવાની નથી પણ પ્રેમ ને સેવાની આવી સદ્ પ્રવૃત્તિઓ કરવાની આવશ્યકતા છે, જે જૈન-સંઘની અનેક શાખાઓ કરી રહી છે. આ બાબતમાં ડૉ. શાહ સાહેબે મને ઉપકૃત કર્યો હતો.

વાત એમ હતી કે એકવાર મેં ટી.વી. ઉપર 'મંથન' સંસ્થાની મેનાબા મૂક-બધિર કન્યા છાત્રાલયની બહેનોની વિવિધ પ્રવૃત્તિઓ નિહાળી...મારી શક્તિ અનુસાર મેં દાન તો કર્યું પણ એ સંસ્થાનાં મુખ્ય કાર્યકર્તા બહેનને પત્ર લખી મેં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા સારું દાન મેળવવાની ભલામણ કરી. એ બહેનને મેં શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું સરનામું આપ્યું ને એમની સંસ્થાનો, સંસ્થાની નાની-મોટી પ્રવૃત્તિઓનો ખ્યાલ આપતો અહેવાલ ડૉ. શાહ સાહેબને મોકલી આપવાનું સૂચવ્યું

ને આ સેવાભાવી, માનવતાવાદી સંસ્થાને મદદ કરવા ભલામણ પણ કરી. થોડાક સમયમાં જૈન-સંઘની કારોબારીના કેટલાક સભ્યો એ સંસ્થાની મુલાકાત લઈ આવ્યા ને તે વર્ષે પર્યુષણ-પર્વ ટાણે એ સંસ્થાને આર્થિક સહાયની અપીલ કરી. મારી સ્મૃતિ પ્રમાણે લગભગ બાવીસ લાખની રકમ દાન રૂપે એકઠી થયેલી.

મારા સંવિદને ઉત્કટપણે સ્પર્શી ગયેલી કેટલીક મંગલ મૂર્તિઓમાં હું મારા પરમ સુહૃદ સ્વ. ડૉ. રમણલાલ સી. શાહનો પણ સમામ રું છું. વર્ષો પૂર્વે 'મનીષા'ના સંપાદન ટાણે એમણે મારા એક સોનેટ માટે અનુમતિ માંગી ત્યારથી અમારા સંબંધના શ્રી ગણેશ મંડાયા તે એમના અરિહંતશરણ પામ્યા ત્યાં સુધી અકબંધ રહ્યા.

એમ. એ. સુધીની મારી એક તેજસ્વિની વિદ્યાર્થિનીને મારી પાસે પીએચ.ડી. કરવું હતું. મેં એને વીર નર્મદની યાદ આપે એવા નિત્શેથી ખૂબ પ્રભાવિત થયેલા, ઉદ્દામ વિચારક, ફિલસૂફ, નિર્ભીક પત્રકાર, સમાજસેવક, ગદ્ય-શૈલી-સ્વામી શ્રી વાડીલાલ મોતીલાલ શાહનો વિષય સૂચવ્યો. શ્રી ત્રિભુવનદાસ વીરજીભાઈ હેમાણી અને ડૉ. શાહ સાહેબના સાથ સહકારથી શ્રી સુધાબહેન પંડ્યા પીએચ.ડી. થયા. એમનો શોધપ્રબંધ પુસ્તક રૂપે પ્રગટ પણ થયો. આવા શોધપ્રબંધનું વેચાણ ખૂબ જ મર્યાદિત સંખ્યામાં થાય એ સાવ સ્વાભાવિક છે. મેં ડૉ. શાહ સાહેબને પર્યુષણના પુણ્ય પર્વે એ શોધ-પ્રબંધના વેચાણ માટે વિનંતી કરી. જ્યારે મેં જાણ્યું કે શોધ પ્રબંધની લગભગ સાડા ચારસોથી ય વધુ નકલોનું વેચાણ થયું છે ત્યારે મારા આશ્ચર્ય ને આનંદનો પાર ન રહ્યો.

પ્રો. રા. વિ. પાઠક સાહેબનાં અર્ધાંગિની શ્રીમતી હીરાબહેન પાઠકે એસ.એન.ડી.ટી.માં ગુજરાતી ભાષા-સાહિત્યના પ્રાધ્યાપિકા માટે અરજી કરેલી. ઈન્ટરવ્યુને થોડાંક દિવસની વાર હતી. એ દરમિયાન એમને એક પુસ્તકનું સંપાદન કરવાનું બાકી હતું. ઈન્ટરવ્યુ પહેલાં એ પુસ્તકનું સંપાદન થઈ જાય તો એમને ફાયદો થાય તેમ હતો. શ્રીમતી પાઠકે ડૉ. શાહ સાહેબની મદદ માગી. ઉમળકાપૂર્વક એમણે મદદ કરીને શ્રીમતી પાઠકનું સંપાદનનું કાર્ય સમયસર પૂર્ણ થયું.

ડૉ. રમણભાઈએ મને વડીલ શુભેચ્છક તરીકે સ્વીકાર્યો, સત્કાર્યો ને 'પ્રબુદ્ધ જીવન'માં વર્ષોથી લખતો કર્યો. તેઓ 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ખરા પણ પ્રેમની ભાષામાં કહું તો મારા તો મંત્રી. મારા સેંકડો લેખોની ફાઈલ એમણે અપ-ટુ-ડેટ રાખી.

હું પીએચ.ડી. કરતો હતો ત્યારે મને મદદ કરવામાં મુખ્ય મુખ્ય વિધાનો હતા. ડૉ. ભોગીલાલ સાંડેસરા, પંડિત બેચરદાસ દોશી, પ્રો. કેશવરામ કા. શાસ્ત્રી ને ડૉ. હરિવલ્લભ ભાયાણી. એ પછી મારે જ્યારે જ્યારે હસ્તપ્રતોની જરૂર પડતી ત્યારે ત્યારે હું મારા આ પરમ સુહૃદ ડૉ. શાહ સાહેબને તસ્દી આપતો. મને મદદ કરવામાં તેઓ 'એવર રેડી' રહેલા. 'સ્વાધ્યાય'માં મેં મલયચંદ્ર કૃત સિંઘલશી ચરિત (ઇ. સ. ૧૪૬૩..રચના સંવત ૧૫૧૯) નું સંપાદન કર્યું ત્યારે શાહ સાહેબ મને ઠીક ઠીક મદદ કરેલી. એમના સંવિદના ગળથૂંથીના સંસ્કાર જ પરોપકારના હતા એની પ્રતીતિ મને અહર્નિશ થયા કરતી. આવા બે અક્ષરના અમૂલ્ય મિત્ર-રત્નને ખોઈને મેં શું શું નથી ગુમાવ્યું ?

નેવું વર્ષે રહેલા આ જેફને એવી પાકી શ્રદ્ધા હતી કે 'પ્ર. જી.'માં ડૉ. શાહ સાહેબ મારી અવસાન નોંધ લખશે પણ વિધિની વક્રતા ને વિચિત્રતાની કોને ગતાગમ છે ? બે અક્ષરનું અણમોલ મિત્ર-રત્ન ગુમાવ્યાનો મને આજે તો રંજ છે.

તા. ૧૮-૧૧-૨૦૦૫, શનિવારના રોજ ડૉ. ધનવંતભાઈ શાહે મને ફોન દ્વારા જણાવ્યું કે હાલ, સ્વ. રમણભાઈનું એક પુસ્તક નામે 'વંદનીય હૃદયસ્પર્શ' જે પ્રેસમાં છપાઈ રહ્યું છે તે, શાહ સાહેબનાં જીવનસંગિની ડૉ. તારાબહેનના જણાવ્યા પ્રમાણે મને 'અર્પણ' કર્યું છે. આ સમાચાર જાણી કૃતજ્ઞતાભાવે મારું હૃદય ભરાઈ આવ્યું ને આંખો અશ્રુભીની થઈ. વયમાં તો હું ઠીક ઠીક મોટો પણ શાહ સાહેબની 'ઈન્ટર ડીસીપ્લીનરી સ્કોલરશીપ' મારાથી ઘણી બધી મોટી-ને છતાંયે એમનું મરણોત્તર પ્રકાશન મને 'અર્પણ' કરવાનું આભિજાત્ય દાખવ્યું.

'હૃદય માત્ર જાણે છે,
પ્રીતિ-યોગ પરસ્પર'...એનું આ પ્રમાણ.

❖ ❖ ❖

# વિદ્યાપુરુષની વિદાય

## ☐ ગુણવંત શાહ

પતિ વિદ્વાન હોય, પત્ની વિદુષી હોય અને દીકરી સંસ્કૃતમાં પ્રવચન કરે તેવી તેજસ્વી હોય એવા પરિવારો કેટલા ? સદ્‌ગત અમરભાઈ જરીવાળા દર વર્ષે સુરતમાં ત્રણેક દિવસ જ્ઞાનસત્ર યોજતા ત્યારે એકસાથે ડૉ. રમણભાઈ, તારાબહેન અને શૈલજાને મળવાનું બનેલું. તે દિવસથી મેં શૈલજાનું નામ નવું નામ 'સંસ્કૃતા' પાડેલું. મુંબઈમાં જ્યારે પણ પર્યુષણ વ્યાખ્યાન માટે રમણભાઈ અને તારાબહેનને મળવાનું થતું ત્યારે હું અચૂક પૂછતો: 'સંસ્કૃતા કેમ છે ? શું કરે છે ?' આમ વર્ષો સુધી ચાલ્યું તેથી હું એ તેજસ્વી દીકરીનું મૂળ નામ ભૂલી ગયેલો. ભાઈ અમિતાભનો પરિચય મને થયો ન હતો.

મુંબઈ જૈન યુવક સંઘની સુપ્રતિષ્ઠિત વ્યાખ્યાનમાળાનો ઈતિહાસ ભવ્ય છે. સદ્‌ ગત પરમાનંદ કાપડિયા પછી સદ્‌ગત ચીમનભાઈ ચકુભાઈ શાહે એનું સુકાન સંભાળેલું. મુ. ચીમનભાઈની નિશ્રામાં એક-બે પ્રવચનો કરવાનું બન્યું ત્યારે મુ. રમણભાઈના સૌજન્યનો પરિચય થયેલો. વક્તા તરીકે મુંબઈમાં જાણીતો થયો તેનો ઘણો યશ મુંબઈ જૈન યુવક સંઘને જાય છે. જીવનમાં ઘણાં પ્રવચનો આપ્યાં, પરંતુ સૌથી વધારે પ્રવચનો મુ. રમણભાઈના અધ્યક્ષપદે યોજાયાં એમ કહી શકાય. પર્યુષણ વ્યાખ્યાનમાળાની ઊજળી પરંપરામાં સૌથી વધારે વખત આમંત્રણ પામનાર બિન જૈન વક્તા હોવાનો લાભ મને મળ્યો છે. મુ. રમણભાઈનો મારા પ્રત્યેનો પક્ષપાત એ માટે જવાબદાર ગણાય. એવા પક્ષપાતનું બીજું ઉદાહરણ પણ આપી જ દઉં. હું ઝાઝો જાણીતો ન હતો ત્યારે આજથી ૨૦-૨૫ વર્ષ પહેલાં મારા નિબંધસંગ્રહ 'રણ તો લીલાંછમ' ને મુંબઈ યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં ગુજરાતી પાઠ્યપુસ્તક તરીકે પસંદ કરવામાં એમણે નિર્ણાયક ભૂમિકા ભજવેલી. આ વાતની જાણ મને પાછળથી બીજા કોઈએ કરેલી. એમનો સદ્‌ભાવ પણ મુખર ન હતો. મિત્ર ધનવંત શાહ સાવ સાચું કહે છે: 'રમણભાઈના કયા ગુણોને યાદ કરીએ? જેટલા યાદ કરો એટલા આપણે સત્ત્વશીલ થતાં જઇએ.' તેઓ આદર્શ શ્રાવક હતા. શ્રાવક કોને કહેવાય ? શ્રાવક તે છે, જેનું મોઢું શ્રમણ તરફ હોય. કંઈક આવી સમજણના આધારે કહી શકાય કે રમણભાઈ શ્રાવકશ્રેષ્ઠ હતા. અનેકાંત સાથે જોડાયેલી જીવનદૃષ્ટિ તેઓ પામ્યા હતા. તેઓ સામા પક્ષે રહેલું નવટાંક સત્ય સ્વીકારવા માટે સદાય ઉત્સુક રહેતા. પોતાનાં પુસ્તકોના કોપીરાઈટનું વિસર્જન વર્ષો પહેલાં તેમણે કર્યું હતું.

સન ૧૯૮૫માં મારું પુસ્તક 'મહામાનવ મહાવીર' પ્રગટ થયું ત્યારે એમણે સુંદર પ્રસ્તાવના લખી આપી હતી. એ પુસ્તકનો હિંદી અનુવાદ પણ વર્ષો પહેલાં પ્રગટ થયો અને હવે અંગ્રેજી અનુવાદ પ્રગટ થવાની તૈયારીમાં છે. રમણભાઈનું ઉદાત્ત શ્રાવકપણું કેટલું બધું 'શ્રમણમુખી'

હતું તેની પ્રતીતિ પ્રસ્તાવનામાં એમણે લખેલા છેલ્લા ગદ્યખંડમાં પ્રગટ થાય છે. તેઓએ લખ્યું: 'ઐહિક અને પારમાર્થિક, લૌકિક અને પારલૌકિક જીવનને સફળ અને સાર્થક બનાવવા માટે ભગવાન મહાવીરે ઉપદેશેલો ધર્મ, વર્ણ અને જાતિના ભેદો ઓળંગી, સ્થળ અને કાળની મર્યાદાઓ વટાવી આપણા સુધી આવી પહોંચ્યો છે, એ આપણું પરમ સદ્ભાગ્ય છે.'

રમણભાઈનું મૂળ વતન પાદરા હતું અને અમે લોકો વડોદરામાં જૂના પાદરા રોડ ઉપર રહીએ. આ પણ અમારા માટે કેવો શુભ યોગ !

રમણભાઈ જેવા વિદ્યાપુરુષની વિદાય જે શૂન્યાવકાશ સર્જે તેનો શોક કરવાને બદલે આપણે ભગવાન મહાવીરે પ્રબોધેલા અહિંસાધર્મને જીવનમાં સ્થાન આપીએ તો કદાચ શૂન્યાવકાશ પણ સાર્થક થાય એમ બને. સ્નેહરશ્મિની પંક્તિઓ યાદ કરીએ:

પતંગિયું ત્યાં થયું અલોપ
શૂન્ય ગયું રંગાઈ !

❖ ❖ ❖

# સન્નિષ્ઠ સ્વાધ્યાયી

□ હરિભાઈ કોઠારી

પ્રાધ્યાપક રમણભાઈ શાહ બહુમુખી જીવન પ્રતિભા ધરાવતા હતા. તેઓ આજીવન વિદ્યાવ્યાસંગી હતા. સાહિત્ય, શિક્ષણ તેમ જ ધર્મ તેમના લોહીમાં વહેતા હતા એમ કહીએ તો અતિશયોક્તિ ન ગણાય. વિભિન્ન વિષયો પરનું એમનું તલસ્પર્શી અધ્યયન, ચિંતન અને સંશોધન કાબિલેદાદ હતું.

મારો એમની સાથેનો પ્રથમ પરિચય સન ૧૯૫૭-૫૮ માં થયો. મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં તેઓ પ્રા. મનસુખભાઈ ઝવેરી જોડે ગુજરાતી વિભાગમાં સેવા આપતા હતા. કૉલેજના પ્રથમ વર્ષમાં એમની પાસેથી કિસનસિંહ ચાવડાનું 'અમાસના તારા' શીખવા મળ્યું તો દ્વિતીય વર્ષમાં ગોવર્ધનરામ ત્રિપાઠીના 'સરસ્વતીચંદ્ર'નો આસ્વાદ માણવા મળ્યો.

વિદ્યાર્થીઓને મળવા તેઓ હંમેશાં ઉત્સુક રહેતા અને કોઈપણ પ્રકારની સમસ્યા કે મુશ્કેલીનો ઉકેલ આપવા હંમેશાં તત્પર રહેતા. એમની પાસેથી સૌ વિદ્યાર્થીઓને યથોચિત પ્રેરણા અને પ્રોત્સાહન મળી રહેતા.

મુંબઈની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પ્રથમ વખત 'હું એમનો વિદ્યાર્થી છું' એવું કહેતા તેઓ અતિશય પ્રસન્ન થયા અને મને આગળ વધવાની ખૂબ ખૂબ શુભેચ્છાઓ આપી. એમની એ પ્રસન્ન મુખમુદ્રા આજેય ભૂલાય એવી નથી.

વિદેશમાં પર્યુષણ વ્યાખ્યાનમાળા માટે જવાનું થાય ત્યારે હું અચૂક એમને ફોન કરતો અને એમની પાસેથી આવશ્યક માર્ગદર્શન મેળવતો. શ્રી રમણભાઈ અને શ્રીમતી તારાબેન બન્નેનો મારા માટે સાત્ત્વિક અને નિર્મળ ભાવ હતો. મારા વિકાસમાં તેઓ હંમેશાં રાજી થતાં.

છેલ્લા વીસેક વર્ષમાં તો તેઓ યોજનાબદ્ધ રીતે હળવા રહેતા. ધર્મના ગંભીર વિષયને હળવાશથી રજૂ કરવાની શૈલી એમણે લોક કલ્યાણાર્થ અપનાવી લીધી હતી. પર્યુષણ વ્યાખ્યાનમાળાઓમાં વક્તાનો પરિચય અને અંતે વ્યાખ્યાનનું સમાપન કરવાની એમની સંક્ષિપ્તતા સૌ માટે અનુકરણીય બની રહે તેવી હતી.

વ્યક્તિગત વિકાસ, કુટુંબવાત્સલ્ય, સામાજિક જવાબદારી, સંસ્થાગત કાર્યો, ચિંતન, મનન, સંશોધન, શિક્ષણકાર્ય, પ્રવાસ આવી અનેકવિધ પ્રવૃત્તિઓને યથોચિત ન્યાય આપનાર માનવ મૂઠી ઊંચેરો જ ગણાય. આવા સન્નિષ્ઠ માનવને હૃદયના પ્રણામ !

❖ ❖ ❖

# સ્વ. ડૉ. રમણલાલ શાહ : થોડાંક સંસ્મરણ

□ પ્રો. જશવંત શેખડીવાળા

ડૉ. રમણલાલ શાહ એક અતિ ઉમદા પુરુષ હતા. મારા સન્નિષ્ઠ મિત્ર હતા-પ્રેમાળ, ભલા, નિઃસ્વાર્થી, પરગજુ, નમ્ર, નિખાલસ, વિવેકશીલ અને મધુભાષી. મારી સાથેની તેમની મૈત્રી લગભગ અડતાલીસ વર્ષ જૂની. ઈ. સ. ૧૯૫૭ થી માંડી ઈ. સ. ૨૦૦૫ સુધી તે અકબંધ જળવાઈ રહેલી. રૂબરૂ મળવાનું પ્રસંગોપાત થતું; પરંતુ અમારો સંપર્ક પત્રો દ્વારા સતત ચાલુ રહેતો. પત્રો લખવામાં તેઓ બહુ નિયમિત. દરેક પત્રનો જવાબ અચૂક લખે. તેમાં કામની બાબત વિશે લખે અને મારી કુશળતા ચાહે તથા પરિવારનું ભલું તાકે. માંદગી, પ્રવાસ કે અન્ય કોઈ કારણસર પત્રનો જવાબ લખવામાં વિલંબ થાય, તો પછીના પત્રમાં તેમ થવાનું કારણ દર્શાવે અને દિલગીરી વ્યક્ત કરે. મારા કરતાં વયમાં, અધ્યાપક તરીકેના અનુભવમાં અને વિદ્વતામાં તેઓ મોટા હતા; પરંતુ તેમનો સમગ્ર વ્યવહાર સમવયસ્ક મિત્ર જેવો. મોટાઇનો કશો ભાર યા દેખાવ નહિ.

આવા સન્નિષ્ઠ-પ્રેમાળ મિત્ર અને નખશીખ ઉમદા મનુષ્યના અવસાનથી મને-અને મારા જેવા ઘણા બધાને-આઘાત લાગે એ સ્વાભાવિક છે. ચિરકાળની વિદાય માટેની તેમની વય નહોતી. તેમની ખોટ જીવનમાં સદા વર્તાતી રહેશે.

તેમનો પ્રથમ પરિચય મને લેખક અને અધ્યાપકના રૂપમાં થયેલો. તેમનાં પુસ્તકો અને લેખો હું નિયમિત વાંચતો. તેમનું ગદ્ય મને ઘણું ગમતું. ગમે તેવા કઠિન અને ગંભીર વિષયને તેઓ સરળ, સુગમ, વિશદ રૂપમાં આલેખી શકતા. તેમનું શબ્દભંડોળ વિશાળ અને વૈવિધ્યમય હતું. તેઓ પારિભાષિક શબ્દોની સાથોસાથ તળપદા ઘરગથ્થુ શબ્દો પણ ઔચિત્યપૂર્વક યોજી જાણતા. વિષયને અનુરૂપ સમર્થક કહેવતો-રૂઢ પ્રયોગોનો વિનિયોગ તેઓ અનાયાસે કરી શકતા. વિષય-અર્થ-ભાવના સમર્થક સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ-ગુજરાતી અવતરણ-ઉદાહરણ, તર્કબદ્ધ દલીલ અને ક્રમબદ્ધ, વ્યવસ્થિત, મુદ્દાસર રજૂઆતથી તેમનાં લખાણ અર્થ-ભાવપૂર્ણ ઉપરાંત રસળતાં પણ બની રહેતાં.

મેં તેમને તે માટે અભિનંદન આપતો એક પત્ર લખેલો. તેના જવાબની મારી કશી અપેક્ષા નહોતી. તેમ છતાં મારા પત્રનો તેમણે જવાબ લખેલો અને મારા સૌજન્ય-સદ્ભાવ માટે આભાર માનેલો. મને તેથી આનંદ સાથે આશ્ચર્ય થયેલું કે આવો વરિષ્ઠ અધ્યાપક અને લેખક કેવો નમ્ર અને વિવેકશીલ છે ! તે પછી અમારી પત્રમૈત્રી શરૂ થયેલી.

પરંતુ મને તો તેમને રૂબરૂ મળવાની તાલાવેલી લાગી હતી. તે શક્ય શી રીતે બને ? કશા ખાસ કારણ વિના તેઓ મુંબઈ બહાર નીકળે નહિ

તેથી મેં (ત્યારે હું યુનિવર્સિટી 'સિન્ડિકેટ'નો સભ્ય હતો અને ગુજરાતીની અભ્યાસ-સમિતિનો 'ચેરમેન' હતો. યુનવિર્સિટીમાં મારી થોડી લાગવગ હતી.) તેમને સરદાર પટેલ યુનિવર્સિટી-વલ્લભ વિદ્યાનગરની ગુજરાતીની અભ્યાસ-સમિતિમાં અને અમુક ગ્રંથ શ્રેણીની વ્યવસ્થાપક સમિતિમાં સભ્ય તરીકે 'કૉ-ઓપ્ટ' કર્યા. તેને અનુષંગે તેઓ વલ્લભવિદ્યાનગર આવતા થયા.

વલ્લભવિદ્યાનગર આવે ત્યારે તેઓ મારા ઘરને બદલે યુનિવર્સિટીના ગેસ્ટ હાઉસમાં રહેવાનો આગ્રહ રાખે. ત્યાં રહે, જમે અને પછી મને મળવા માટે મારે ઘરે આવે. હું તેમને મારે ત્યાં, મારી સાથે, રહેવા-જમવા માટે વિનંતી કરું, તો તેઓ કહે : યુનિવર્સિટીનું ગેસ્ટ હાઉસ ન હોત તો તમારે ઘરે જ ઊતર્યો હોત. જમવાનું પણ તમારી સાથે જ રાખત. પરંતુ જરૂરી બધી સગવડ યુનિવર્સિટી ગેસ્ટ હાઉસમાં મળી રહે છે તેથી હું ત્યાં જ રહીશ. આમ છતાં મારા આગ્રહને વશવર્તી તેઓ કેટલીક વાર મારે ઘરે જમવા આવતા. ભોજન અંગે તેમની ઈચ્છા જાણવા હું તેમને પૂછું, તો તેઓ કહેતા : મને સાદું ભોજન પસંદ છે; રોજ જે જમતા હો તે જ ભોજન હું કરીશ. પરંતુ મોંઘેરા મહેમાનને એવું સાદું ભોજન તો પીરસાય નહિ: ગૃહિણી તેમને માટે અનેકવિધ રસોઈ કરે અને પ્રેમથી જમાડે. તેઓ તેમને ભાવતું ભોજન પ્રેમથી જમે અને ગૃહિણીની રસોઇકળાની પ્રશંસા પણ કરે. 'સાંપ્રત સહચિંતન'નો દશમો ભાગ તેમણે પ્રો. જશવંત શેખડીવાળાની સાથે શ્રીમતી રેવાબહેન જશવંત શેખડીવાળાને પણ 'અર્પણ' કરી તેમણે તેમના પ્રતિ પોતાનો સ્નેહ-આદરભાવ પ્રગટ કર્યો છે.

અમારી સરદાર પટેલ યુનિવર્સિટીમાં ગુજરાતીની અભ્યાસ-સમિતિની બેઠકમાં તેઓ એક સભ્યની હેસિયતથી અચૂક હાજર રહેતા. બી.એ., એમ.એ., એમ.ફિલ.ના અભ્યાસક્રમોને અનુરૂપ પુસ્તકો, વિષયોનું તેઓ સૂચન કરતા; પરંતુ તે માટે કશો આગ્રહ ન રાખતા. પૂર્વગ્રહ-અભિગ્રહથી તેઓ સર્વથા પર હતા. બહુમતીના નિર્ણયને તેઓ ખેલદિલીપૂર્વક સ્વીકારી લેતા. પરંતુ જો એમને લાગે કે અમુક સભ્ય તેના કોઈ મિત્ર યા સંબંધીના પુસ્તક માટે ભલામણ કરે છે, તો તેઓ 'ચેરમેન' તરીકે મારું ધ્યાન દોરતા અને કહેતા કે સૂચિત પુસ્તકો જે તે પદવી માટેના અભ્યાસક્રમ માટે અનુરૂપ નથી એટલે તેનો સ્વીકાર થઈ શકે નહિ. તેઓ તેમને અભિપ્રાય સ્પષ્ટ રીતે રજૂ કરે; પરંતુ તે એવી નમ્રતા, વિવેકશીલતા અને તાર્કિકતાથી રજૂ કરે કે સૌ કોઈ તેનો સ્વીકાર કરી લે. કોઈને જરાય માઠું લાગે નહિ એવું તેમનું કૌશલ હતું-એવી તેમની વ્યક્તિતા હતી.

તેઓ નિષ્પક્ષ અને ન્યાયપરાયણ હતા. કોઈની કશી ખોટી લાગવગને તેઓ કદી વશ ન થતા. ક્યારેક અમે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી-રાજકોટમાં ગુજરાતીના અધ્યાપકની પસંદગી માટેની તજજ્ઞ સમિતિના સભ્યો તરીકે પણ સાથે થઈ જતા. એવી એક વેળાએ અમારી સાથે ત્રીજા તજજ્ઞ તરીકે એક બુઝુર્ગ વિદ્વાન નિમાયેલા. તેઓ ઉમેદવારોના 'ઈન્ટરવ્યૂ' પહેલાં જ એક ઉમેદવારની આગ્રહપૂર્વક ભલામણ કરવા લાગેલા. રમણભાઈને તે ઠીક નહોતું લાગ્યું. તેમણે તુરત જ મારું એ તરફ લક્ષ દોરી કહેલું; જો એ ઉમેદવાર અધ્યાપક તરીકેની પાત્રતા ધરાવતો હોય તો તેની પસંદગી જરૂર કરજો. પરંતુ જો એ પદ માટેની લાયકાત ન ધરાવતો હોય તો તેની અવગણના કરશો. રમણભાઈને એ બુઝુર્ગ તજજ્ઞ પ્રતિ સ્નેહાદર ભાવ હતો, પરંતુ તેમની અનિષ્ટ પ્રવૃત્તિના તેઓ વિરોધી હતા.

અમે યુનિવર્સિટીની અમારી કામગીરી પતાવી સાંજે રાજકોટમાં ફરવા નીકળતાં. રમણભાઈને ફરવાનું ગમે. મને પણ ફરવાનો શોખ, એટલે અમારું પરિભ્રમણ લાંબું ચાલે. દરમિયાન માર્ગમાં કોઈ જૈનમંદિર કે ઉપાશ્રય આવે તો મને કહે: ''તમે થોડીવાર અહીં ઊભા રહી મારી વાટ જોજો. હું તીર્થંકર ભગવાનને વંદના કરી આવું.'' હું જૈન નહિ, તેથી તેઓ મને સાથે આવવાનો આગ્રહ ન કરે. પરંતુ હું તેમની સાથે મંદિરમાં જવાની ઈચ્છા દર્શાવું તો તેઓ પ્રસન્નતાપૂર્વક મને મંદિરમાં સાથે લઈ જાય. તેઓ તીર્થંકર ભગવાનની મૂર્તિ સામે શ્રદ્ધાપૂર્વક હાથ જોડી, આંખો મીંચી, નવકારમંત્ર બોલતા સ્થિર ઊભા રહે. મને તો મંત્ર-પ્રાર્થના એવું કશું આવડે નહિ તેથી હું તેમની પડખે હાથ જોડી મૂંગો મૂંગો ઊભો રહું અને તેમનો ભાવવિભોર ચહેરો એકાગ્રતાથી જોયા કરું. હું ઝાઝો શ્રદ્ધાળુ નહિ, પણ તેમની ગાઢ શ્રદ્ધા જોઈ મનમાં આનંદ અને આશ્ચર્ય અનુભવું. રમણભાઈના જીવનમાં ધર્મનું અદકેરું સ્થાન હતું એમ નહિ પણ તેમનું સમગ્ર જીવન ધર્મમય હતું એવું મને હંમેશાં લાગ્યા કરતું. વલ્લભવિદ્યાનગરમાં પણ નવરાશ મળતાં તેઓ દશેક કિલોમીટર દૂર, અગાસ ગામ પાસે આવેલ પ્રખ્યાત શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમમાં દર્શનાર્થે જવાની ઈચ્છા દર્શાવતા. એ રીતે હું તેમની સાથે બે વાર આશ્રમમાં ગયો હતો. ત્યાં પણ મેં જોયેલું કે તેઓ શ્રીમદ્ રાજચંદ્રની છબી સામે અને તીર્થંકર ભગવાનની મૂર્તિ સમક્ષ ભાવવિભોર બની ભક્તિ-ચિંતન-મનનમાં ઊંડા ઊતરી જતા.

રમણભાઈ પ્રવાસવર્ણનો સાક્ષાત્કારક, સુરેખ અને રસળતાં લખે. જગતના તમામ ખંડો અને દેશોનો તેમણે વિવિધ નિમિત્તે પ્રવાસ કરેલો. તેમનું આવું સરસ-આહ્લાદક નિરૂપણ 'પાસપોર્ટની પાંખે', 'પાસપોર્ટની પાંખે-ઉત્તરાલેખન' અને 'પાસપોર્ટની પાંખે-ભાગ-૩'માં થયું છે. મને સાહિત્યની જેમ ઈતિહાસ-ભૂગોળમાં પણ ઘણો રસ તે રમણભાઈ જાણે. તેથી તેઓ તેમના લેખોની 'ઑફ પ્રિન્ટસ' મોકલી મને વિનંતી કરે: તેમાં કશી ભૌગોલિક વિગતની ક્ષતિ જણાય તો તે સુધારશો અથવા મને તેની જાણ કરશો. હું લખાણમાં તદનુસાર ફેરફાર કરી લઈશ. મેં એવી થોડીક ક્ષતિઓ તેમને દર્શાવેલી. તેમણે તે પ્રમાણે પુસ્તકોની નવી આવૃત્તિમાં સુધારા કરી લીધેલા. 'પાસપોર્ટની પાંખે ભાગ-૩'ના સમગ્ર લેખોની પૂરી 'મેન્યુસ્ક્રિપ્ટ' તેમણે મને મોકલેલી અને જણાવેલું કે : તમે તેને તપાસી-ચકાસી જશો, અને જરૂરી લાગે ત્યાં સુધારા કરશો યા ફેરફાર સૂચવશો. મેં તેમની સૂચના અનુસાર કેટલાક સુધારા સૂચવેલા. તેમણે તેનો સ્વીકાર કરેલો. મને તેમની નમ્રતા, ખેલદિલી અને નવું શીખવાની તત્પરતાનો તેમાં અનુભવ થયેલો. તેમણે 'પાસપોર્ટની પાંખે-ભાગ ૩' ની પ્રસ્તાવના લખવાનો મને આગ્રહ કરેલો; અને મેં-પ્રસ્તાવના લખવાનો અણગમો છતાં-પ્રસન્નતાપૂર્વક તેની પ્રસ્તાવના લખેલી.

આજે રમણભાઈ નથી ત્યારે તેમના આ બધા સંસ્મરણો ચિત્તમાં ઊભરાય છે. તે આનંદ આપે છે અને અવસાદ પણ પ્રેરે છે કે-હવે આ વિભૂતિ સાથે વિચારોની આપ લે કરવાનો, અંતરંગ વાતો કરવાનો અને હરવા-ફરવાનો યોગ જીવનમાં ક્યારેય સાંપડવાનો નથી. આ દુ:ખદાયક પ્રતીતિનો આઘાત જીરવવો ઘણો મુશ્કેલ છે. પરંતુ તેનો કોઈ ઉપાય નથી.

❖ ❖ ❖

# શીલભદ્ર સારસ્વત : રમણલાલ શાહ

**□ ડૉ. બળવંત જાની**

ડૉ. રમણભાઈ શાહને હું 'રમણભાઈ'થી સંબોધતો. અહીં રાજકોટમાં એમ.એ.માં અભ્યાસ કરતો ત્યારે એમનું વ્યાખ્યાન ભવનમાં યોજાયેલું. એમને પ્રથમ જોવાનો-સાંભળવાનો એ સમય ઈ.સ.૧૯૭૬. એમ.એ. પછી હું ડૉ. ઈશ્વરલાલ ર. દવેના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે સંશોધનરત થયેલો. ત્યારથી લગભગ વર્ષમાં એકાદ વખત કોઈને કોઈ વિદ્યાકાર્ય માટે રમણભાઈ જ્યારે પણ રાજકોટ આવ્યા હોય ત્યારે એમને ઍરપોર્ટ લેવા જવાનું અને રાજકોટમાં એમની સાથે જયમલ્લ પરમાર કે ઉપેન્દ્રભાઈને ઘેર જવાનું મારે થતું. મુંબઈ પહોંચ્યા પછીના ઈશ્વરભાઈને લખેલા પત્રમાં પણ મારી યાદી હોય, મારા સેવાકાર્યનો સુંદર પ્રતિભાવ પણ હોય. ખભે તિબેટનો હેન્ડલૂમનો થેલો, અર્ધી બાયનું લાઈટ કલરનું શર્ટ, ડાર્ક કલરનું પેન્ટ. ધીમી અને શાંત ચાલ. ચશ્માંના સ્વચ્છ કાચની પાછળથી આપણા ગુણો શોધતી અને વાત્યલ્યભાવ વરસાવતી દૃષ્ટિ. રમણભાઈનું આ વ્યક્તિત્વ આજ સુધી અકબંધ રહ્યું. ત્રણેક દાયકા એકધારું અમને મળવાનું બનતું રહ્યું.

ઈ.સ.૧૯૮૦માં મારા લગ્ન પછીના સમયે તેઓને રાજકોટ આવવાનું થયેલું. મારે ઘેર ભોજન માટેનું નિમંત્રણ ભારે ભાવથી સ્વીકાર્યું. મને ને ઊર્મિલાને આશીર્વાદ સાથે હસ્તાક્ષરવાળું પુસ્તક આપ્યું. ખૂબ નિરાંતે બેઠેલા. મારો ગામડાનો સંદર્ભ, દાદાજીનો પરિચય એમને ખૂબ ગમેલું. પછીનાં વર્ષોમાં પુનઃ આવેલા ત્યારે મને કહે હવે પછીના અમારા જૈન સાહિત્યના સમારોહમાં આવો. સુરત યોજાવાનો છે. એ સમયે હું ભરતેશ્વર બાહુબલીની રાસકૃતિ વિષયે સંશોધન કરતો હતો. સુરતના સમારોહથી ડૉ. ધનવંતભાઈ, પન્નાલાલ શાહ, ગુલાબ દેઢિયા એ બધા મિત્રો સાથે ભારે નિકટથી મૈત્રી સધાઈ. જૈન સાહિત્યના સમારોહમાં લગભગ એક દાયકા સુધી તો નિયમિત જવાતું રહ્યું. રમણભાઈની અને ડૉ. તારાબહેનની વિદ્વત્તા, સંચાલન કૌશલ્યનો આ કારણે નિકટથી પરિચય થયો. મારો જૈન સાહિત્યનો સ્વાધ્યાય પણ પછીથી વધ્યો-વિકસ્યો એમાં રમણભાઈનો સાથ સહકાર આજ સુધી રહ્યો. પર્યુષણ વ્યાખ્યાનમાળા હોય, વિદેશ જવાનું હોય કે મુંબઈમાં કંઈ સંશોધનની સામગ્રીના અભ્યાસ માટે જવાનું હોય તેઓ પ્રથમથી મારા રહેઠાણની અને બીજી સુવિધામાં સતત મદદરૂપ રહેતા. મહાવીર જૈન વિદ્યાલયની એ બધી મુલાકાતો પણ હૃદયમાં અકબંધ રહેવાની.

ભારે પ્રેમાળ, ભારે ખેવના રાખવાવાળા અને ખૂબ જ ચીવટવાળા. એમનું કોઈ પણ પુસ્તક નવું પ્રકાશિત થયું હોય અને મને ન મોકલ્યું હોય એવું બન્યું નથી. એમનાં પુસ્તકો મળે એટલે નિરાંતે વાંચ્યા ન હોય એવું મારા પક્ષે પણ બન્યું નથી. એ બધાં પ્રકાશનોને આધારે કહી શકું કે ગુજરાતી સાહિત્યમાં તેઓ વિવેચક, સંશોધક, સંપાદક અને પ્રવાસવૃત્તમૂલક નિબંધો અને ચરિત્ર નિબંધોના રચયિતા તરીકે જાણીતા રહેશે, એમનું એ ક્ષેત્રે પાયાનું અને બહુમૂલ્ય પ્રદાન ગણાશે. તેમણે જૈન તત્ત્વદર્શનની પરિભાષાને વિગતે સમજાવતા તત્ત્વદર્શનમૂલક નિબંધો અને જૈન ધર્મપુરુષોના જીવનવૃત્તને મૂલવતા સંસ્કૃતિચરિત્રોના નિબંધો રચ્યા છે તે આપણે ત્યાં આનંદશંકર અને મણિલાલ પછીનું ગુજરાતી સાહિત્યનું મહત્ત્વનું પ્રદાન ગણાશે. અહીં એમના વાઙ્મયના આ ત્રણેય પાસાંનો પરિચય કરાવવાનો ઉપક્રમ છે.

ચીમનલાલ ચકુભાઈ શાહ અને પરમાનંદ કાપડિયાનો સહવાસ તેમને જૈન યુવક સંઘની પ્રવૃત્તિમાં જુદી રીતે દોરી ગયો. તેમણે જોયું કે સરળ રસળતી ભાષામાં સ્પષ્ટ અને સુરેખ સમજણ મૂકવી અનિવાર્ય છે. વિદેશમાં જૈન-અજૈન સૌ કોઈ માટે એમની સામગ્રી ભારે ઉપયોગી અને પથદર્શક સાબિત થઈ છે.

**(૧) જૈન તત્ત્વદર્શનમૂલક અને ચરિત્ર નિબંધો**

મારી દૃષ્ટિએ 'જિનતત્ત્વ ભાગ ૧ થી ૮'ના પચાસેક લેખો જૈન તત્ત્વદર્શનને અત્યંત અધિકૃત રીતે સમજાવતા ગ્રંથો છે. જૈન દર્શન-ચિંતનની મહત્ત્વની પરિભાષાઓનો એમણે તંતોતંત અભ્યાસ કર્યો જણાય છે. વિવિધ ફિરકાઓની માન્યતાઓને પણ સ્વીકારે છે. મૂળ સૂત્રને શોધીને થયેલાં અર્થઘટનોનો ઈતિહાસ પણ આપે છે. વિવિધ ગ્રંથોમાંથી પ્રાપ્ત સમજણને માત્ર મૂકી દેવાનું તેમનું વલણ નથી પરંતુ અનેક સાધુ ભગવંતોની પાસેથી સાંભળેલું શ્રુતજ્ઞાન પણ તેઓ પ્રસ્તુત કરે છે. એમ લાગે છે કે આ પરિભાષાઓને તેઓ ભણ્યા છે અને પછી આપણને શબ્દના માધ્યમથી ભણાવે છે.

'જૈન દૃષ્ટિએ તપશ્ચર્યા'માં તપની વિભાવનાને તેમણે ભારે સરળ અને રસળતી શૈલીમાં સમજાવી છે. 'સ્વાધ્યાય', 'લાંછન', 'કાઉસગ્ગ', 'સંલેખના', 'જાતિસ્મરણ જ્ઞાન', 'અવધિજ્ઞાન' જેવી પરિભાષાઓની વિશદ સમજણ તેમણે નિબંધના માધ્યમથી ન મૂકી હોત તો કદાચ ગુજરાતી અભ્યાસીઓ આ તત્ત્વદર્શનના ભાવવિશ્વથી અપરિચિત રહેત. તેમના નિબંધોનું મૂલ્ય અશેષ નિરૂપણશૈલીને કારણે પણ વિશેષ છે. પરંપરામાં પ્રચલિત બધું ક્રમશઃ મૂકવાનું તેમનું વલણ તેમના વિશદ, વિપુલ સ્વાધ્યાયનું પરિચાયક છે. ભારતીય સંસ્કૃતિનાં શાશ્વત મૂલ્યો અહીં કેવા દૃઢ અને તીવ્ર રીતે જળવાઈ રહ્યા છે એનો પરિચય પણ આ નિમિત્તે થાય છે. મૂળ શ્લોકને ઉદાહૃત કરવા, એનો અનુવાદ મૂકવો અને પછી પ્રચલિત અર્થઘટન બાદ પોતાનો અભિપ્રાય પણ મૂકવાની તેમની રીત એમના અંગત વ્યક્તિત્વની સમીપ આપણને મૂકી દે છે. દેશ-વિદેશનો પ્રવાસ, સમાજનું નિરીક્ષણ, વિપુલ વાંચન અને મનનનો લાભ આ નિબંધોને મળ્યો છે. 'જિનતત્ત્વ'ની નિબંધસૃષ્ટિ, જૈન ચિંતન-તત્ત્વદર્શનની સમૃદ્ધિ અને વ્યાપકતાનો રસળતી શૈલીમાં વિગતે પરિચય કરાવતી હોઈને આ નિબંધો ખૂબ મહત્ત્વના છે. 'જૈનધર્મ' નામની એમની પુસ્તિકા તો ખૂબ જ લોકપ્રિય થઈ. 'અધ્યાત્મ સાર' ભાગ-૧, ૨, ૩ પણ એમનું છેલ્લાં વર્ષોનું ભારે મહત્ત્વનું પ્રદાન છે.

'તિવિહેણ વંદામિ'માં નિરૂપાયેલા સાધુ ભગવંતોનાં દશ ચરિત્રો અને 'પ્રભાવક સ્થવિરો' ભાગ ૧ થી ૫ માં નિરૂપાયેલા સાધુ ભગવંતોનાં સત્તરેક જૈન મુનિઓના જીવનવૃત્તાંત માત્ર નથી પણ એમની જૈન પરંપરાગત તપશ્ચર્યા, સમાજને સદ્‌માર્ગે વાળવાની સદાચારી બનાવવા માટેની સફળ મથામણ અને અધ્યાત્મભાવની સિદ્ધિ પ્રાપ્તિનો દસ્તાવેજ છે. આવા મુનિ મહારાજોનું વિશિષ્ટ અને વિવિધ પ્રકારનું પ્રદાન આ નિમિત્તે સચવાયું અને જૈન ધર્મસંતોના પાવન પ્રસંગો આપણી પાસે ઉદાહરણ રૂપે રહેશે. બુટેરાયજી મહારાજ, સાગરજી મહારાજ, વિજયધર્મસૂરિ, અજરામર સ્વામી, આત્મારામજી મહારાજ, મુનિપૂણ્યવિજયજી, મૃગાવતીજી, લીલાવંતીજી, કુંદકુંદસૂરિજી આદિ સાધુ ચરિત્રોના જીવનની વિગતો, વિહારની વિગતો અને એમણે કરેલા પ્રદાનની પ્રમાણભૂત વિગતોને આધારે કરેલું ગુણસંકીર્તન જૈન તત્ત્વનું પરિચાયક છે.

એમણે વિગતે રચેલાં જૈનચરિત્રોમાં હેમચંદ્રાચાર્ય, શેઠ મોતીશાહ, ઉપાધ્યાય યશોવિજયજી અને શ્રી મોહનલાલજી મહારાજ પણ એમના ઊંડા ઉમદા સ્વાધ્યાયના સુફળ છે.

જિનતત્ત્વ દર્શન અને જિન સંતો વિષયક તેમનું આ સાહિત્ય તેમણે ન રચ્યું હોત તો આ ભાવવિશ્વ ગુજરાતી અભ્યાસીઓથી અજાણ્યું અને

અપરિચિત જ રહેત. રમણભાઈએ આમ પોતીકી સૂઝથી પ્રાપ્ત જ્ઞાનને ગુજરાતી નિબંધના માધ્યમથી મૂકીને એક અનોખી ભાવસૃષ્ટિનું નિર્માણ કર્યું. તેમનું આ આગવું પ્રદાન અને એમના વિરલ વ્યક્તિત્વનું દ્યોતક લાગે છે.

જૈનચરિત્ર અને તત્ત્વદર્શનમૂલક સાહિત્ય મને એમના પ્રદાનમાં વિશેષ મહત્ત્વનું એટલે જણાયું છે કે એમાં એમની નીજી-પોતીકી મુદ્રા છે. તેઓ દ્વારા જ થઈ શકે એવું કાર્ય એમણે કર્યું છે જે ગુજરાતી સાહિત્ય પરંપરામાં એમનું આગવું પ્રદાન બની રહેશે.

**(૨) જૈનસાહિત્ય મૂલ્યાંકન-સંશોધન ગ્રંથો**

ગુજરાતીના ઉત્તમ અધ્યાપકોની માફક તેમણે વિવેચન-સંશોધન ક્ષેત્રે પણ ભારે મહત્ત્વનું પ્રદાન કર્યું છે. પ્રારંભથી જ એમનું વલણ જૈન સાહિત્ય પરંપરાથી અભિજ્ઞિત કરાવવાનું રહ્યું જણાય છે. 'નરસિંહ પૂર્વેનું ગુજરાતી સાહિત્ય' નામની પરિચયપુસ્તિકામાં તેમણે નરસિંહ પૂર્વેની જૈનસાહિત્યની સમૃદ્ધ પરંપરાનો પરિચય કરાવ્યો છે. વિવિધ સાહિત્યસ્વરૂપોમાં આ ધારા કેવી રીતે વહી છે એનો ભારે પ્રમાણભૂત પરિચય એ પુસ્તિકામાં સમાવિષ્ટ છે.

'પડિલેહા' અને 'ક્રિતિકા' જેવા વિવેચનસંગ્રહો પણ બહુધા જૈનસાહિત્ય સૃષ્ટિને મૂલવતા લેખોનાં સંચયો છે. 'ક્રિતિકા'માં તો દયારામનાં આખ્યાનો સિવાયના તમામ લેખો જૈનસાહિત્ય સંદર્ભે જ છે, 'સમયસુંદર'માં એક મહત્ત્વના જૈન સર્જકનાં પ્રદાનનું મૂલ્યાંકન છે.

'નળદમયંતીની કથાનો વિકાસ' એ તેમનો પીએચ.ડી. પદવી માટે તૈયાર કરાયેલો મહાનિબંધ એમની સંશોધન દૃષ્ટિનો પરિચાયક છે. જૈનસાહિત્ય પરંપરામાં રચાયેલ નળદમયંતી કથાનકની કૃતિઓનો વિશદ સ્વાધ્યાય અને તુલનાત્મક અધ્યયન મધ્યકાલીન ગુજરાતી સંશોધન-મૂલ્યાંકનમાં નોખી ભાત પડે છે. સામગ્રીનું એકત્રીકરણ, ચયન અને મૂલ્યાંકનમાંથી એક આદર્શ સંશોધકની મુદ્રા આપણી સમક્ષ રચાય છે. સંશોધનનિબંધ પછી એ વિષયે એમની સંશોધન-સંપાદન યાત્રા અવિરત ચાલુ રહી. પરિણામે આપણને સમયસુંદર કૃત 'નલદવદંતી રાસ' ઋષિવર્ધનસૂરિ કૃત 'નલરાય દવદંતીચરિત્ર' અને વિજયશેખર કૃત 'નલદવદંતીપ્રબંધ' જેવાં સંશોધન-વિવેચનમૂલક પ્રાચીન હસ્તપ્રત આધારિત સંપાદનો પણ પ્રાપ્ત થયા છે.

યશોવિજય કૃત 'જંબુસ્વામીરાસ' તેમનું ભારે શાસ્ત્રીય અને અધિકૃત ગણી શકાય એવું સંશોધનમૂલક સંપાદન છે. જૈન પરંપરાના ખૂબ જ સુખ્યાત કથાનકને આલેખતી કૃતિની પ્રાચીન હસ્તપ્રતોને મેળવીને પાઠ નિયત કરીને સંપાદિત કરેલ ગ્રંથે એમની ઊંડી સંશોધન નિસબતનો પરિચય કરાવેલ છે. આવા જ બીજા બેએક સંશોધન-સંપાદનોમાં ગુણવિજય કૃત 'ધન્નાશાલિભદ્ર ચોપાઈ' અને ઉદ્યોતનસૂરિ કૃત 'કુવલયામાલા'ને પણ ગણાવી શકાય. દેશ-વિદેશમાંથી હસ્તપ્રતો મેળવવી, પાઠ નિયત કરવો, અર્થઘટન-મૂલ્યાંકન અને કવિનું ચરિત્ર તૈયાર કરવું-આ બધું ભારે ચીવટ, ખંત અને ધીરજથી એક મોટા ગજાના સંશોધકની હેસિયતથી તેઓ કરે છે.

તેમનાં અન્ય સંશોધનોમાં સમયસુંદર કૃત 'મૃગાવતી ચરિત્ર ચોપાઈ' અને જ્ઞાનસાગર તથા ક્ષમાકલ્યાણની બે લઘુ રાસકૃતિઓ પણ મહત્ત્વની છે. જૈન સાહિત્ય પરંપરામાં વિવિધ સ્વરૂપો, વિષયસામગ્રી કેવી રીતે દૃષ્ટિગોચર થાય છે એનો સુંદર પરિચય અત્યંત અધિકૃત રીતે તેમની પાસેથી આવાં સંશોધનમૂલક સંપાદનો દ્વારા પ્રાપ્ત થાય છે.

તેઓ આજીવન સંશોધક રહ્યા. છેલ્લે-છેલ્લે તો તદ્દન નિવૃત્તિ પછી પણ 'જૈન ગૂર્જર ફાગુસાહિત્ય' વિષયનું સંશોધન અવિરતપણે ચાલુ રાખ્યું. ૧૩૨ જેટલા ગુજરાતી ફાગુઓના તેમના સ્વાધ્યાયના સુફળરૂપે પ્રાપ્ત ગ્રંથ તેમની શોધનિષ્ઠાનો ખરો પરિચય કરાવે છે. તેમણે પ્રારંભે ફાગુના સ્વરૂપ અને વિકાસ રેખાનો પરિચય કરાવીને પછી નેમિનાથ વિષયક પચાસ ફાગુઓનું વિવેચન મૂલ્યાંકન રજૂ કર્યું છે. એ પછી સ્થુલિભદ્ર વિષયક ફાગુઓને એ પછી વસંત, શૃંગાર, તીર્થ, તીર્થંકરો, ગુરુભગવંતો અને વ્યક્તિ-વિભૂતિ વિષયક ફાગુ રચનાઓનો પરિચય મૂક્યો છે. ઉપરાંત અધ્યાત્મના વિવિધ વિષયોના, વૈષ્ણવ પરંપરાના, લોકકથાના અને સંસ્કૃતમાં તથા પ્રકીર્ણ રૂપે પ્રાપ્ત ફાગુઓનો પરિચય પણ મૂક્યો છે.

આમ, વિષયનું સૂઝપૂર્વકનું વિભાજન અને મૂલ્યાંકન આ ફાગુ વિષયક બૃહદ્ગ્રંથની વિશિષ્ટતા છે. માત્ર ને માત્ર નરી સંશોધન પ્રકૃતિનો ખરો પરિચય કરાવતો 'જૈન ગૂર્જર ફાગુસાહિત્ય' ગ્રંથ ગુજરાતી સંશોધન સાહિત્યમાં આગવું સ્થાન પ્રાપ્ત કરશે.

'જૈન લગ્નવિધિ' અને 'વીરપ્રભુનાં વચનો' પણ એમની જૈનજ્ઞાન પરંપરાનો પરિચય કરાવતા ગ્રંથો છે. 'જૈન સાહિત્ય સમારોહ'માં રજૂ થયેલા નિબંધોના સંપાદનો પણ મહત્ત્વના છે.

'ગુજરાતી સાહિત્યનું રેખાદર્શન', ૧૯૬૨નું ગ્રંથસ્થ વાઙ્મય' અને 'બુગાકુશુમિ'માં અર્વાચીન ગુજરાતી સાહિત્યનું વિવેચન-મૂલ્યાંકન છે. પણ સવિશેષ તો તેમણે જૈન સાહિત્ય વિષયે જ સ્વાધ્યાય અને સંશોધન પ્રસ્તુત કર્યું. મુનિ જિનવિજય, ભોગીલાલ સાંડેસરાની માફક મોટેભાગે જૈન સાહિત્ય પરંપરાને જ અભ્યાસનો વિષય બનાવીને તેમણે કરેલું સંશોધન એમને જૈન સાહિત્યના અધિકૃત અભ્યાસી સંશોધકના સ્થાન-માન અપાવે છે.

**(૩) ચરિત્રનિબંધો, વિચારપ્રધાન નિબંધો અન પ્રવાસવૃત્ત:**

'વંદનીય હૃદયસ્પર્શ' ભાગ-૧, ૨, ૩માં સંગ્રહિત ચાલીસેક જેટલા ચરિત્રનિબંધો બહુધા ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે પ્રદાન કરી ગયેલા સર્જકો સાથેના નિકટના પરિચય સંસ્મરણોને કારણે ચરિત્રની અનોખી-આગવી ક્યારેક તો આપણાથી સાવ અપરિચિત વિગતોથી આપણને અભિજ્ઞિત કરાવતા હોઈ ભારે મૂલ્યવાન છે. એમનું સાહિત્ય ક્ષેત્રનું પરિચિત વર્તુળ કેવું વ્યાપક છે અને વૈવિધ્યપૂર્ણ છે એનો પરિચય અહીંથી થાય છે. મેડમ સોફિયા વાડિયા નિમિત્તે પી.ઈ.એન. જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાનો પરિચય મળી રહે છે. હીરાબહેન પાઠક, ચંદ્રવદન મહેતા આદિ સાથેના એમના નિકટના પારિવારિક સંબંધોનો પણ પરિચય મળે છે.

'બેરરથી બ્રિગેડિયર'માં એન.સી.સી. પ્રવૃત્તિને કારણે પરિચયમાં આવેલ સામાન્યથી અસામાન્ય વ્યક્તિત્વને આલેખતા ચરિત્રનિબંધો છે. એમાંથી એક છેડેથી ચરિત્રનું વ્યક્તિત્વ, બીજે છેડેથી રમણભાઈનું એક જુદું વ્યક્તિત્વ પ્રગટે છે. કઠણ અને ભારે પરિશ્રમવાળી આવી શિસ્તબદ્ધ તાલીમની કેમ્પની ભાવસૃષ્ટિ આપણી સમક્ષ તાદૃશ થાય છે. માનવતા, કરુણા અને મૂલ્યના ભાવ આવાં ચરિત્રોમાં પણ કેવી રીતે પ્રગટતા હોય છે એનાં દૃષ્ટાંતો આપણાં હૃદયને સ્પર્શી જાય છે.

'સાંપ્રત સહચિંતન' ભાગ-૧ થી ૧૪માં વિચારપ્રધાન નિબંધો સંગ્રહિત છે. વિવિધ વિષયે એમનું વિચારજગત કેટલું ઊંડાણથી વિચારે છે એનો પરિચય કરાવતા આ નિબંધો વિષયનો ક્રમશ: વિકાસ, દૃષ્ટાંત પ્રસંગોનું નિરૂપણ અને રસળતી શૈલીને કારણે પણ મહત્ત્વ ધારણ કરે છે. 'કરચોરી', 'કૂતરાઓની સમસ્યા', 'પશુ પંખીઓની નિકાસ', 'પાશવી રમત બોક્સિંગ', 'નિ:સંતાનત્વ', 'ગાંડી ગાય' અને 'પુત્રભૂતિ' જેવા નિબંધોમાં એમનું જૈન વ્યક્તિત્વ પડઘાય છે. આ નિમિત્તે સમાજમાં પ્રસરેલ અને ચલણી બની ગયેલ વિગત સામેનું ચિંતન રજૂ કરીને આપણા વિચારજગતને સંસ્કારે છે.

સમકાલીન વૈશ્વિક પ્રશ્નો, રાજકારણનો પ્રભાવ અને પશ્ચિમી મૂલ્યોથી દૂષિત સમાજજીવન જેવા સમાજની આંખ ઉઘાડનારા સાંપ્રત પ્રશ્નોને

પણ તેઓ અહીં નિબંધ માટે ખપમાં લેતા જણાય છે. સાથે-સાથે વર્તમાન સમયમાં આદર્શ ઉદાહરણરૂપ-દિશાદર્શનરૂપ વ્યક્તિ કે સંસ્થાને વિષય બનાવીને લખાયેલા વિચારપ્રધાન નિબંધો તેમના હકારાત્મક અભિગમનું ઉદાહરણ છે. તેમના ચરિત્રાત્મક અને વિચારપ્રધાન નિબંધો આમ ગુજરાતી નિબંધમાં એની આગવી વિષયસામગ્રી અને અભિવ્યક્તિના સ્વરૂપને કારણે ચિરસ્મરણીય બની રહેશે.

નિબંધોના સર્જન ઉપરાંત તેમના પ્રવાસમૂલક સાહિત્યનો પણ ઓછો મહિમા નથી. 'ઉત્તરધ્રુવની શોધ સફર' અને 'એવરેસ્ટનું આરોહણ' ભૌગોલિક માહિતીને આધારે રસપ્રદ રીતે સ્થળનું આલેખન કરાવતા પરિચય ગ્રંથો છે. અહીંથી એમનો સ્થળવિષય ઊંડો અભ્યાસ અને વર્ણન નિમિત્તે સ્થાનને પ્રત્યક્ષ કરાવવાની શૈલીનો સુંદર પરિચય પ્રાપ્ત થાય છે. 'રાણકપુર તીર્થ', 'ઓસ્ટ્રેલિયા', 'ન્યૂઝીલેન્ડ' જેવા ગ્રંથો પણ એમની અભ્યાસનિષ્ઠા અને અનુભવ પ્રસાદીના સુફળ છે.

'પ્રદેશે જય-વિજયના', 'પાસપોર્ટની પાંખે' અને 'પાસપોર્ટની પાંખે ઉત્તરાલેખન', 'પાસપોર્ટની પાંખે ભાગ-૩' ગ્રંથો એમના પ્રવાસનિબંધોના સંગ્રહો છે. વિવિધ સ્થળે થયેલા મર્મપૂર્ણ અનુભવો, સ્થળની ઉત્કૃષ્ટ અને હૃદયસ્પર્શી વિગત એમની નજરે ચડી હોય તે આ નિબંધોની વિષયસામગ્રી બની રહે છે. આવા બધા કારણે મેં ખૂબ જ વિગતે એમનું મૂલ્યાંકન પણ કર્યું છે.

'રાહુલ સાંકૃત્યાયન' તથા 'ભારતીય રાષ્ટ્રીય સંસ્કૃતિ' નામના એમના અનુવાદો પણ ખૂબ જ અધિકૃત મનાયા છે અને અભ્યાસીઓના અભ્યાસનો વિષય બન્યા છે. સાહિત્ય અકાદમી-દિલ્હી અને નેશનલ બુક ટ્રસ્ટના આશ્રયે તેમણે કરેલું આ વિદ્યાકાર્ય પણ એમના સાહિત્યલેખનનું એક વિશિષ્ટ પાસું છે. એમણે કરેલ સરસ્વતીચંદ્ર જેવી મહાનવલનો સંક્ષેપ, એમનો અન્યના સહયોગમાં સંપાદન-પ્રકાશન યજ્ઞ પણ આપણા અભ્યાસનો વિષય બને એ પ્રકારનો છે.

એમનાં સર્જનાત્મક લખાણમાંથી પસાર થતાં એમની પ્રશિષ્ટ રુચિ, સાહિત્યની વિભાવના અને સમાજ સાથેની નિસબતનો પરિચય મળે છે. એમનું દર્શન અને ચિંતન, સંશોધન અને વિવેચન તથા સર્જન અને વૃત્તલેખન એમ ત્રિવિધ રૂપનું પ્રકાશનકાર્ય એક નખશીખ ભારતીય વિચાર અને શીલભદ્ર સારસ્વતની વ્યક્તિમત્તા પ્રગટાવે છે. આપણે આવા એક પૂરા પ્રામાણિક અને સંનિષ્ઠ વિચારક-સર્જકના સમકાલીન હોવાનું ગૌરવ લઈ શકીએ એવા 'રમણભાઈ'નું વ્યક્તિત્વ અને વાઙ્મય હંમેશાં આપણા આસ્વાદ અને અભ્યાસનો વિષય બની રહેશે.

**પૂર્વકુલપતિ** : હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
**ચેરમેન** : એન.સી.ટી.ઈ., પશ્ચિમ ક્ષેત્ર, ભોપાલ
**અધ્યક્ષ અને પ્રાધ્યાપક** : ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. મો. ૯૪૨૬૯૯૮૩૬૭

❖ ❖ ❖

# શાતાદાયી હૃદયસ્પર્શ

□ કાન્તિભાઈ બી. શાહ

સૌના આદરણીય શ્રી રમણભાઈની ચિરવિદાયથી જાણે કે વડીલ સ્વજનની શીતળ છત્રછાયા ગુમાવ્યાની લાગણી થાય છે. રમણભાઈની સાથે આત્મીયતાના તંતુ સાથે જોડાયેલા અસંખ્ય સ્નેહીઓ-સંબંધીઓ-મિત્રોની વ્યાપક વર્તુળની પણ આ જ હૃદય-સંવેદના હશે. એમના વ્યક્તિત્વમાં એવું કોઈ અકળ શાતાદાયી સત્ત્વ હતું જેને લઈને પ્રથમ પરિચયથી જ રમણભાઈ સૌને પોતાના લાગવા માંડતા. એમના સાન્નિધ્યમાં હંમેશાં હૂંફાળી નિશ્ચિતતા અનુભવાતી.

રમણભાઈ 'આ હતા... આ હતા' એમ કહેવા જતાં સહેજે પ્રશ્ન થાય કે રમણભાઈ શું ન હતા?

સાહિત્યસર્જક-સંશોધક-સંપાદક-વિવેચક-જૈન તત્ત્વદર્શનના અભ્યાસી - તંત્રી - વિશ્વયાત્રી - યુનિવર્સિટી-પ્રાધ્યાપક - મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ - પર્યુષણ વ્યાખ્યાનમાળાથી માંડી અનેક પરિસંવાદોના કુશળ સંયોજક - જૈન સાહિત્ય સમારોહના પ્રાણ - પીએચ.ડી. કરતા અનેક શિષ્યો (ઘણા સાધ્વીજી મ. સહિત)ના માર્ગદર્શક - પ્રતિવર્ષ સંઘના ઉપક્રમે સેવાભાવી સંસ્થાને થતા દાનાર્પણ જેવા સુકૃતના સહભાગી અને પ્રેરણાસ્રોત : રમણભાઈ આ બધું તો હતા જ પણ નવાઈ ત્યારે લાગે કે એ જ રમણભાઈ લશ્કરી તાલીમ લઈને મેજર પણ થયેલા અને એ જ રમણભાઈએ જૈન લગ્નવિધિની પુસ્તિકા પણ લખેલી. આમ તેઓ સાહિત્ય-શિક્ષણ-ધર્મ-સમાજ અને માનવસેવાનાં ક્ષેત્રોમાં આજીવન કાર્યપ્રવૃત્ત રહ્યા.

પણ આ સર્વની પાછળ એમની પ્રજ્ઞા સ્થિર થઈ હતી જૈન તત્ત્વદર્શનમાં. રમણભાઈને મેં એમના વક્તવ્યમાં એકથી વધુ વખત આ દ્રષ્ટાંત રજૂ કરતા સાંભળ્યા છે : તેઓ કહેતા કે જો મારી સામે બે વિકલ્પો હોય - એકમાં બધાં આગમો નષ્ટ થાય ને સઘળા જૈનો ઊગરી જાય એવી ઘટના બને, અને બીજામાં બધા જૈનો નાશ પામે ને આગમો બચી જાય એમ બને તો હું બીજો વિકલ્પ પસંદ કરું. જો જૈનો ઊગરી ગયા હશે ને આગમો નાશ પામ્યાં હશે તો જૈનત્વ જ નષ્ટ થઈ જશે, પણ જો જૈનો નાશ પામ્યા હશે ને આગમો બચી ગયાં હશે તો જૈનત્વ પુનઃ પ્રગટશે. આમ જૈન દર્શન પરત્વેની એમની શ્રદ્ધા એમની સઘળીયે પ્રવૃત્તિઓમાં પાયાગત હતી. એમને મન વિશેષ મહિમા 'જૈન'નો નહીં, 'જૈનત્વ' (જિનવાણી-જિનાજ્ઞા)નો હતો.

પ્રવાસ-લેખક અને યુનિ. પ્રાધ્યાપક તરીકે તો ઘણા સમયથી રમણભાઈના નામથી હું પરિચિત હતો પણ સૌપ્રથમ વાર એમનો પ્રત્યક્ષ પરિચય થયો ૧૯૮૭ના નવેમ્બરમાં પાલિતાણા ખાતેના નવમા જૈન સાહિત્ય સમારોહમાં. પ્રા. જયંત કોઠારીની ભલામણથી આ સમારોહમાં નિબંધવાંચન માટેનું સૌપ્રથમ નિમંત્રણ મને મળેલું ત્યાં રમણભાઈને મેં જે રીતે સમારોહનું સફળ સંચાલન કરતાં, ગુરુભગવંતો પ્રત્યેનો વિનય જાળવતા, સૌની સાથે હળતા-ભળતા અને સુશ્રાવક તરીકેની સઘળીયે આવશ્યક ક્રિયાઓ કરતા જોયા તેનાથી હું પ્રભાવિત થયો. એમના વ્યક્તિત્વમાં રહેલી ઋજુતા, નિખાલસતા, નિર્મળતા અને નિરાડંબરતા સૌને અચૂક સ્પર્શી જતી. રમણભાઈ સૌના આદરપાત્ર કેમ રહ્યા છે તે સમારોહની પહેલી ઝલકમાં જ મને પ્રતીત થયું.

આ સમારોહમાં મેં રજૂ કરેલો 'દ. દેશાઈકૃત સામાયિક સૂત્ર' નિબંધ રમણભાઈએ ખૂબ જ સદ્ભાવપૂર્વક 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત કર્યો અને એ રીતે અમારી વચ્ચે બંધાયેલો નાતો ઉત્તરોત્તર ઘનિષ્ઠ બનતો ગયો. પછી તો કેટલાક અપવાદ સિવાય રમણભાઈના સંયોજન હેઠળ યોજાતા જૈન સાહિત્ય સમારોહમાં જવાનું બનતું. સમારોહમાં આવેલા સૌને રમણભાઈ સ્વજનની જેમ મળે, ખબરઅંતર પૂછે, કોઈને કશી અગવડ ન પડે એની કાળજી રાખે. રમણભાઈની ઉપસ્થિતિથી સર્જાતું આભામંડળ સૌનાં હૃદયોને વીંટળાઈ વળતું.

સાહિત્યજગત રમણભાઈને પ્રવાસ-લેખક તરીકે વધારે ઓળખે છે, પણ એમનું પ્રવાસસાહિત્ય કેવળ સમયાનુક્રમે થયેલા પ્રવાસનું વર્ણન ન રહેતાં જુદાજુદા પ્રવાસો દરમિયાન જુદેજુદે સમયે રમણભાઈએ અનુભવેલાં હૃદયસ્પર્શી પ્રસંગો-ઘટનાઓ કે ભાતીગળ

માનવવ્યક્તિત્વોના નિરૂપણને લઈને અલગ તરી આવે છે. પ્રકૃતિ અને સંસ્કૃતિ-દર્શનની સાથે 'મનુજતા'ને કેન્દ્રમાં રાખવાનું તેઓ વીસર્યા નથી.

'પ્રબુદ્ધ જીવન'ના દરેક અંકમાં પહેલો લેખ અચૂકપણે રમણભાઈનો હોય જ. આગમસૂત્ર કે સૂત્રખંડથી લેખનું મથાળું બાંધે અને પછી એમાંનાં દાર્શનિક વિષયની ઘણાબધા ધર્મગ્રંથોમાંથી અવતરણો ટાંકીને છણાવટ કરે. સાંપ્રત સંદર્ભમાં પણ વિષયની પ્રસ્તુતતા તપાસે. બિનજરૂરી પ્રસ્તાવ પણ નહીં, ને કશું અધૂરું-ઊણું ન રહી જાય એની પણ તકેદારી. આમ જે વિષય પર કલમ ઉપાડે એને સંપૂર્ણ બનાવવાની ચીવટ રાખે. એ જ રીતે પ્રભાવક સ્થવિરો, સાધુભગવંતો કે સાધુચરિત સદ્ગૃહસ્થો વિશે ચરિત્રલેખ લખતાં એમના જીવનની નાનીમોટી વિગતોનો પરિચય આપી એમના વ્યક્તિત્વને ઉપસાવી આપે. એમના સ્મરણાંજલિ-લેખો પણ સદ્ગત મહાનુભાવો સાથેનાં સંસ્મરણોથી ભાવસભર બનેલાં છે જે એમની લેખનપદ્ધતિનાં સુંદર ઉદાહરણો છે.

જેવું લેખન, એવું જ વક્તવ્ય - મુદ્દાસર, કશાયે વિષયાંતર વિનાનું. અન્ય વક્તાઓનાં વક્તવ્યો વિશે પ્રતિભાવ રજૂ કરતી વેળા સંક્ષેપમાં સુંદર છણાવટ કરે. વક્તવ્યમાં રહેલી કોઈ ક્ષતિ અંગે ટકોર કરે તે પણ એવી ઋજુતાથી કરે જે સામાને જરીય વાગે નહીં.

રમણભાઈ એમની વયસ્કતાને લઈને પ્રથમ દર્શને ગંભીર મુખકૃતિવાળા દેખાય, પણ વક્તવ્યમાં ને વાતચીતમાં તેઓ અત્યંત હળવા પણ થઈ શકતા. એક સાહિત્ય સમારોહમાં સવારની એક બેઠક ખૂબ લાંબી ચાલી. લગભગ એક વાગવા આવેલો. બેઠકનું સમાપન કરતાં રમણભાઈ કહે, ''આપણે ગમે તેટલી તત્ત્વચર્ચાઓ કરીએ પણ છેવટે તો આપણે બધા ચાર્વાકવાદીઓ જ. અત્યારે તમારું ધ્યાન ક્યાં કેન્દ્રિત થયું છે તે હું જાણું છું, માટે તમને વધારે રોકીશ નહીં.'' આમ કહીને બેઠકની સમાપ્તિમાં એમણે સૌને ખડખડાટ હસાવેલા.

રમણભાઈનાં લેખન અને પ્રવૃત્તિક્ષેત્રો એટલાં વ્યાપક અને વૈવિધ્યપૂર્ણ હતાં કે એ સર્વ વિશે લખવાનું તો લાંબી લેખણે જ શક્ય બને. અહીં એ માટે અવકાશ નથી. અત્યારે તો સ્મૃતિમાં એક જ વસ્તુ તરવરે છે તે અજાતશત્રુ એવા રમણભાઈના વ્યક્તિત્વનો શાતાદાયી હૃદયસ્પર્શ; જેની અનુભૂતિ અને પ્રતીતિ સૌને છે.

❖ ❖ ❖

# રમણભાઈ ચી. શાહ

☐ ડૉ. રમણલાલ જોષી

૨૮ ડિસેમ્બર, ૧૯૮૩નો દિવસ. પુનામાં ગુજરાતી સાહિત્ય પરિષદનું ૩૩મું અધિવેશન મળી રહ્યું છે. મરાઠી કવિ વસંત બાપટે દીપ પ્રગટાવી અધિવેશનનું ઉદ્ઘાટન કર્યું. પરિષદના નવા પ્રમુખ શ્રી કે. કા. શાસ્ત્રીને કાર્યભાર સોંપાયો. પછી થયો પ્રમુખનો પરિચયવિધિ. પરિચય આપતા હતા ડૉ. રમણલાલ શાહ. તેમણે એવી રસાળ અને હાસ્યમિશ્રિત શૈલીમાં શાસ્ત્રીજીનો પરિચય આપ્યો કે ઘણાંને થયું કે આ બકુલ ત્રિપાઠી તો બોલતા નથી ને ! હાસ્ય-કટાક્ષની જાણે કોક નવી જ સરવાણી પ્રગટી ઊઠી. પરિચય કરાવનારનો પણ એક અનોખો પરિચય થયો. એંશી વર્ષની પરિષદે એંશી વર્ષના શાસ્ત્રીજી પર આ કળશ ઢોળ્યો એમાં કાળનું કોઈ સૂચક પરિમાણ પ્રગટ થતું તેમણે ભાળ્યું. તે સરસ બોલેલા.

આમ તો ડૉ. રમણલાલ શાહ મધ્યકાલીન સાહિત્યના વિદ્વાન છે. જૈન ધર્મદર્શનના પણ તે વિરલ ગણાય એવા ઊંડા અભ્યાસી છે, પણ તેમનામાં સર્જકતાનું ઝરણું પણ વહે જ છે. 'કુમાર'ના તંત્રી સ્વ. બચુભાઈ રાવતની પ્રેરણાથી તેમણે ૧૯૫૫થી ૧૯૬૦ના ગાળામાં 'કુમાર'માં નવ નાટિકાઓ લખેલી. એમાંની એક નાટિકાના નામ ઉપરથી તેમણે ૧૯૬૬માં 'શ્યામ રંગ સમીપે' નામનો સંગ્રહ પ્રગટ કરેલો. તેમણે 'ગુલામોનો મુક્તિદાતા' અને 'હેમચંદ્રાચાર્ય' નામે ચરિત્રો લખેલાં છે. પણ છેલ્લાં વર્ષોમાં પ્રવાસવર્ણનના લેખક તરીકે તે આગળ આવ્યા. 'એવરેસ્ટનું આરોહણ', 'ઉત્તર ધ્રુવની શોધ સફર', 'પાસપોર્ટની પાંખે' અને 'પ્રદેશે જય વિજયના' એ એમનાં પ્રવાસનાં પુસ્તકો છે. 'એવરેસ્ટનું આરોહણ'માં એવરેસ્ટનું શિખર શોધાયું ત્યાંથી શરૂ કરીને તેનસિંગ અને હિલેરીએ એવરેસ્ટ સર કર્યું ત્યાં સુધીમાં અનેક સાહસિક ટુકડીઓના પુરુષાર્થનું બયાન મળે છે. 'ઉત્તર ધ્રુવની શોધ સફર' એ યુરોપ અને અમેરિકામાં ઉત્તર ધ્રુવ સુધી પહોંચવાના જે પ્રયત્નો થયા એનું રોમાંચક વર્ણન આપે છે. પરંતુ પ્રવાસવર્ણનના લેખક તરીકે તેમની યશોદાયી કૃતિ તો 'પાસપોર્ટની પાંખે' ડૉ. રમણલાલ શાહે યુરોપ, આફ્રિકા, અમેરિકા, રશિયા, ઓસ્ટ્રેલિયા, વેસ્ટ ઈન્ડિઝ, બ્રાઝિલ, જાપાન, ન્યૂઝિલેન્ડ, કોરિયા વગેરે દેશોનો પ્રવાસ કરેલો એનું રસિક અને માર્મિક વર્ણન આ પુસ્તકમાં મળે છે. મૂળે એ 'નવનીત-સમર્પણ'માં લેખમાળારૂપે આવતું હતું ત્યારથી જ લોકપ્રિય થયેલું. લેખકની શૈલી ચિત્રાત્મક છે. એમના અનુભવોનું વૈવિધ્ય શૈલીની વિવિધ છટાઓમાં પ્રગટ થયું છે. આ પુસ્તકની ટૂંકા સમયમાં બે-ત્રણ આવૃત્તિઓ થઈ છે. એ પાઠ્યપુસ્તક પણ બનેલું. ડૉ. રમણભાઈ ૧૯૭૭માં સિડનીમાં ભરાયેલ ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં ભારતીય પી.ઈ.એન.ના પ્રતિનિધિ તરીકે ગયેલા. એ નિમિત્તે તેમણે ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કરેલો એનું બયાન આ પુસ્તકમાં મળે છે. પુસ્તક માહિતીસભર અને રોચક છે.

અગાઉ સૂચવ્યું તેમ ડૉ. રમણલાલ શાહ મધ્યકાલીન સાહિત્યના વિદ્વાન છે. તેમનો પીએચ.ડી.નો વિષય હતો 'નળ-દમયંતીની કથાનો વિકાસ'. ઠેઠ ઋગ્વેદના સમયથી અત્યાર સુધી નળ-દમયંતીની કથા કેવા કેવા સ્વરૂપે રજૂ થતી રહી છે એનો તેમણે શાસ્ત્રીય ઢબે ખ્યાલ આપ્યો છે. આ પુસ્તક એમના સંગીત અભ્યાસનું ફળ છે. એમણે કરેલાં કેટલાંક સંપાદનો પણ એમના સંશોધક સ્વરૂપને સુપેરે પ્રગટ કરે છે. સમય સુંદરકૃત 'નળ-દમયંતી રાસ' એમણે હસ્તપ્રતો ઉપરથી સંપાદિત કરી આપ્યો છે. સત્તરમાં શતકના આ સત્યશીલ કવિની કૃતિ તેમના પ્રયત્ન વગર સુલભ ન બનત. આ ઉપરાંત 'જંબુસ્વામી રાસ', 'નલરાય-દમયંતી ચરિત્ર', 'મૃગાવતી ચરિત્ર ચોપાઈ', 'નલ-દમયંતી સંબંધ', 'ધન્ના શાલિભદ્ર ચોપાઈ' વગેરે પણ એમનાં મહત્ત્વનાં સંપાદનો છે.

શ્રી રમણભાઈ, આપણે હમણાં જ જોયું તેમ વિશ્વપ્રવાસી છે. તેમણે પોતાના વિવેચનસંગ્રહોનાં શીર્ષકો પણ દુનિયાની જુદી જુદી ભાષાઓમાંથી નીપજાવ્યાં છે. વિવેચનસંગ્રહ 'પડિલેહા' એ પ્રાકૃત ભાષાનો શબ્દ છે. 'બુંગાકુ-શુમિ' એ જાપાનીઝ ભાષાનો શબ્દ છે અને 'ક્રિતિકા' એ રશિયન ભાષાનો. 'પડિલેહાનું જનસત્તા'માં ૧૯૭૯માં અવલોકન કરતાં મેં લખેલું કે અહીં લાંબા અભ્યાસલેખો આપવામાં આવ્યા છે. સમયસુંદર, એના બે રાસ વિશે 'ત્રિભુવન દીપક પ્રબંધ' એ રૂપક કાવ્ય વિશે અને 'કુવલયમાલા' વગેરે વિશે ઊંડા અભ્યાસપૂર્વક તેમણે લખ્યું છે. એની વિશેષતા તારવતા મેં લખેલું કે 'શાસ્ત્રીય અભિગમ' સાંગોપાંગ અભ્યાસ, હકીકતોનું નિઃશેષ નિરૂપણ, હકીકતોમાંથી સંયુક્તિક અભિપ્રાયો તારવવાની ફાવટ, જૈનધર્મના પાયાના સિદ્ધાંતોની સ્વચ્છ સમજ અને સહૃદયતાને કારણે 'પડિલેહા' મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય વિશે તો એક નોંધપાત્ર વિવેચનસંગ્રહ બન્યો છે.'' લેખક

પડિલેહાનો અર્થ આપતાં કહે છે કે પડિલેહા એટલે પ્રતિલેખા. પડિલેહાનો એક અર્થ છે - વ્યાપક, ગહન અને સ્વતંત્ર દૃષ્ટિથી ઝીણવટપૂર્વક અભ્યાસ કરવો, વારંવાર ચીવટપૂર્વક સૂક્ષ્મ અવલોકન કરવું. સંગ્રહનું શીર્ષક અન્વર્થક છે. 'બગાકુ શુમિ'નો અર્થ છે 'સાહિત્યમાં અભિરુચિ'. આ સંગ્રહમાં અલંકારશાસ્ત્ર અંગેના લેખો ઉપરાંત અર્વાચીન સાહિત્ય વિશેના લેખો પણ મૂક્યા છે. 'ક્ષિતિકા'માં ફાગુ કાવ્યો બ્રહ્માનંદ સ્વામી કૃત 'સતી ગીતા' અને દયારામના આખ્યાનો અંગેના લેખો છે. ત્રણે સંગ્રહોમાં એમનો સંગીન અભ્યાસ દેખાઈ આવે છે.

મારા સંપાદન હેઠળ પ્રગટ થતી 'ગુજરાત ગ્રંથકાર, શ્રેણીમાં તેમણે મારી વિનંતીથી સમયસુંદર વિશે લઘુગ્રંથ તૈયાર કરી આપ્યો. આ પુસ્તક વિદ્વાનોનો આદર પામ્યો છે. ડૉ. શાહે આ ઉપરાંત પરિચય પુસ્તિકાઓ પણ લખી છે. વિવિધ વિષયો ઉપરના તેમના લેખો ગ્રંથસ્થ થવાની રાહ જોઈ રહ્યા છે.

ડૉ. રમણલાલ શાહનો જન્મ વડોદરા જિલ્લાના પાદરા ગામમાં ૩જી ડિસેમ્બર ૧૯૨૬ના થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ પાદરાની સરકારી શાળામાં કર્યું. અગિયાર વર્ષની વયે તે મુંબઈ આવ્યા. ત્રણ ધોરણ સુધીનો અભ્યાસ શેઠ ફરામજી નસરવાનજી સ્કૂલમાં અને ચોથા ધોરણથી મૅટ્રિકનો અભ્યાસ મુંબઈની જાણીતી બાબુ પન્નાલાલ હાઈસ્કૂલમાં કર્યો. અમીદાસ કાણકિયા અને ઈન્દ્રજિત મોગલ જેવા શિક્ષકો પાસે અભ્યાસ કરવાની તક મળી. પહેલાં તેમનો વિચાર ચિત્રકાર થવાનો હતો પણ પછી સાહિત્ય તરફ વળ્યા. ૧૯૪૪માં મૅટ્રિક થયા. કૉલેજના અભ્યાસ માટે તે સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં જોડાયા. કવિ બાદરાયણ અને મનસુખલાલ ઝવેરી પાસે ગુજરાતી ભણ્યા અને ગૌરીપ્રસાદ ઝાલા પાસે સંસ્કૃત. ૧૯૪૮માં ગુજરાતીમાં સૌથી વધુ ગુણ મેળવી બી.એ.ની પરીક્ષા પસાર કરી. કૉલેજની ફેલોશિપ મળી. ૧૯૫૦માં ગુજરાતી અને સંસ્કૃત સાથે એમ.એ. થયા. ગુજરાતીમાં પ્રથમ આવવા માટે તેમને બ. ક. ઠાકોર સુવર્ણચંદ્રક અને કે. હ. ધ્રુવ પારિતોષિક મળ્યા. બી.એ. થયા પછી થોડો સમય તેમણે 'સવિતા', 'સાંજ વર્તમાન' અને 'જનશક્તિ'માં કામ કરેલું. પછી સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયા. અહીં તે એન.સી.સી.માં જોડાયા. સખત પરિશ્રમ કરી તેઓ લેફ્ટેનન્ટ, કૅપ્ટન અને છેવટે મેજરના પદે પહોંચેલા. સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે તેમણે વીસેક વર્ષ કામ કર્યું (૧૯૫૦થી ૧૯૭૦). આ ગાળા દરમિયાન ૧૯૫૪-૫૫માં તે અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં લોન સર્વિસ ઉપર આવેલા. ત્યારે તેમને મળવાનું બનતું. કદાચ મારો એ પ્રથમ પરિચય. ૧૯૬૧માં તે પીએચ.ડી. થયા. ૧૯૭૦માં તે મુંબઈ યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે નિમાયા. ૧૯૮૯માં તે યુનિવર્સિટીમાંથી નિવૃત્ત થયા. એ પછી બધો વખત તેઓએ ધર્મ અને સામાજિક સેવા-કાર્યને આપ્યો.

ડૉ. રમણભાઈ શાહ અત્યંત સૌજન્યશીલ, વિનમ્ર અને સ્નેહાળ હતા. તેમના અને તેમનાં પત્ની શ્રી તારાબહેનના આતિથ્યનો લાભ આ લખનારને પણ મળેલો છે. બીજા અનેકોને મળ્યો હશે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય અને જૈનદર્શનના વિદ્વાન તેમ જ ઉત્કૃષ્ટ કોટિનાં પ્રવાસવર્ણનનાં પુસ્તકો આપનાર ડૉ. રમણલાલ શાહનું ગુજરાતી સાહિત્યમાં મહત્ત્વનું પ્રદાન છે. ❖❖❖

# નવોન્મેષશાલિની પ્રજ્ઞાના ચૈતન્યપુંજ બ્રહ્મર્ષી

☐ પ્રા. ચંદાબેન પંચાલી, બોટાદ

जयन्ति ते सुकृतिनः रससिद्धाः कविश्वराः ।
नास्ति येषां यशःकाये जरामरणजं भयम् ।।

ધર્મનિષ્ઠા, કર્તવ્યનિષ્ઠા, વિદ્યાનિષ્ઠા જેવી અનેક નિષ્ઠાના અલખ અલગારી શ્રી રમણભાઈ શાહ પોતાની સાહિત્યસૃષ્ટિથી રસિકજનોના હૃદયમાં ધબકતાં જ રહેશે. તેઓનો સાહિત્ય ઉદ્યાન પુષ્પસૌરભથી સદા સુરભિત જ રહેવાનો છે. સરળતા, સહજતા, વિશાળતા, તેજસ્વીતા અને પવિત્રતાના મૂર્તિમંત સ્વરૂપ પૂજ્ય રમણભાઈ શાહને શત શત વંદના કરું છું. ભારતીય સંસ્કૃતિના આદર્શ સમા દમ્પતી ડૉ. શ્રી રમણભાઈ શાહ અને પ્રો. તારાબહેન શાહને જોતાં સંસ્કૃત નાટ્યકાર શ્રી ભવભૂતિની ભાવભાષા 'अद्वैतं सुखदुःखयो रनुगतं सर्वस्वस्थासु यः' સ્મરાય જાય છે. વાણી-વિચાર અને વર્તનની એકરૂપતાનું દર્શન તેજસ્વી વ્યક્તિઓમાં થાય છે જે શ્રી રમણભાઈમાં થતું હતું. પ્રો. તારાબહેન પણ સહધર્મચારિણી, સખી, મિથ:, પ્રિયશિષ્યા રૂપે સદા સાથી રહ્યા છે.

'શ્રી રાજ-સોભાગ આશ્રમ' સાયલામાં ઉપાધ્યાય યશોવિજયજી મહારાજના 'અધ્યાત્મસાર' ગ્રંથનું ભાષાન્તર અને ભાવાર્થનું ભગીરથકાર્ય શ્રી રમણભાઈ કરી રહ્યા હતા ત્યારે મને તેઓશ્રીનો પ્રથમ પરિચય થયો. सत्संगतिः किं न करोति पुंसाम्- સુખદ અને આનંદકારી અનુભવ થયો. સાહિત્યના અખંડ પૂજારીની સરળતા, અસ્મિતા અને ગરિમા નજરે અનુભવ્યા. પારદર્શક વ્યક્તિત્વના મેળાપ પછી સૌરભ મંડિત, ન્યાયપૂર્ણ જીવનશૈલીની અનેક સોપાનપંક્તિઓનો પરિચય થતો ગયો, થતો રહ્યો.

ધર્મનિષ્ઠ વ્યક્તિત્વ સમા શ્રી રમણભાઈને 'સારું તે મારું' એવો આદર્શ વરેલો હતો. પ્રત્યક્ષ વાતચીતમાં તેઓએ કહેલું - બેન ! 'અધ્યાત્મસારનો એક શ્લોક લખવો હોય, ભાવાર્થનું સહજ ચિંતન થાય અને લખાઈ જાય અને કોઈવાર શ્લોકનું ગહન ચિંતન થયા જ કરે, થયા જ કરે; પછી લખાય, આવી તેઓની લેખનશૈલી હતી. લખવા ખાતર લખી નાખ્યું એવું ક્યારેય તેઓની લેખનશૈલીમાં જોયું નથી. શબ્દ-શબ્દના અર્થ-ઉપાધ્યાયજી કઈ દૃષ્ટિએ, શું કહેવા માગે છે તેનું તલસ્પર્શી અધ્યયનનો તેઓના જીવનનો આનંદ હતો. લખાયા પછી આનંદોત્સવ ઉજવાય, આનંદનો ઉન્મેશ પમાય તેવું સર્જન; સર્જકનું ब्रह्मानंद सहोदरः। બને છે. 'અધ્યાત્મસાર'ના ભાવાર્થમાં ધાર્મિક વિશાળતા, મતાગ્રહથી મુક્તિ, ઉપાધ્યાયજીના હૃદયને આલેખતી પારદર્શિતા ભરી છે, સરળ, સુગમ, સુલભ દૃષ્ટાન્તોથી સમજૂતી આપીને સાધારણ વ્યક્તિ પણ તત્વના નિચોડને સમજી શકે તેવી ગુજરાતી ભાષાની સિદ્ધહસ્ત કલમ તેમની પાસે હતી. 'શ્રી રાજ-સોભાગ આશ્રમ'થી પ્રકાશિત 'અધ્યાત્મસાર' ભાવાર્થ ગ્રંથ સહુને માર્ગદર્શક રૂપ બન્યો છે. સાધુ ભગવન્તો પણ સંદર્ભ ગ્રંથ તરીકે સ્વીકારે છે.

'અધ્યાત્મસાર'ની કાર્ય સમાપ્તિ પછી 'જ્ઞાનસાર' ગ્રંથનો ભાવાર્થ સહ અનુવાદ થાય તેવી સહુની ભાવના હતી. પ્રૌઢ પ્રજ્ઞાના પૂજારી શ્રી રમણભાઈએ સ્વીકૃતિ આપી. 'જ્ઞાનસાર'ના લેખનકાર્યનો પ્રારંભ થયો. બત્રીસ અષ્ટક સાથેના જ્ઞાનસારમાં સંસ્કૃત શબ્દોના ગુજરાતીભાષામાં અર્થ પણ લખાયા. શરીરની અવસ્થા વધતી જતી હતી પણ જ્ઞાનની ઉપાસનાના ઉપાસક શ્રી રમણભાઈ કાર્યની પૂર્ણતા પ્રતિ હરણફાળે આગળ વધ્યા. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજજીના હૃદયને સંતૃપ્તિ થાય તેવો ભાવાર્થ આ ગ્રંથમાં ગુંજાયો છે. 'શ્રી રાજ-સોભાગ આશ્રમ'ના પ્રાંગણમાં જનસમૂહમાં આ ગ્રંથનું વિમોચન થયું ત્યારે શ્રી રમણભાઈનું સ્વાસ્થ્ય સુખદ ન હતું. અન્યના સહારે ચાલવું પડતું, શરીર તેનો ધર્મ

બજાવતું, શ્રી રમણભાઈ તેનો સ્વધર્મ બજાવતા, વિમોચન સમયે તેઓએ પોતાના વક્તવ્યમાં કહ્યું - "એક સમયે માઈલોના માઈલો સુધી ફિલ્ડમાર્ચ કરતો હતો. આજે થોડું ચાલવું હોય તોપણ મુશ્કેલી પડે છે." શ્રી રમણભાઈએ કહ્યું "વિશ્વના સૌથી ઊંચા શિખર એવરેસ્ટ પર આરોહણ કરનાર શેરપા તેનસીંગને એની પાછળની અવસ્થામાં ઘરનો ઊંમરો ઓળંગતા એવરેસ્ટ આરોહણ કરતાં પણ વધુ શ્રમ લાગતો" શારીરિક અશક્ત સ્થિતિને સુગમતાથી સ્વીકારતા, એવી સહજતા અનેકોએ શ્રી રમણભાઈમાં જોઈ છે. ગમે તેવા ઉદયભાવ ને હળવાશથી તેઓ લઈ શકતા હતા.

આદર્શની અસ્મિતાના પ્રહરી શ્રી રમણભાઈ ચાલશે, ફાવશે, ગમશે, ભાવશેની ચતુસૂત્રીને વરેલા હતા. ક્યારેય કોઈ ફરિયાદ હોય તેવું જીવનમાં બહુ ઓછું જોવા મળ્યું હશે. 'અધ્યાત્મસાર' કે 'જ્ઞાનસાર'ના લેખન માટે દસ પંદર દિવસ સાયલા આશ્રમમાં રહેવાનું બને-જે કાર્ય માટે આવ્યા હોય તે જ કાર્ય કરે. પૂ. બાપુજી કહે પણ ખરા કે 'તમે તમારા બીજા કાર્યો અહીં કરી શકો'. જો બીજા કાર્યો આશ્રમમાં કરે તો રમણભાઈ શાના ! જે કાર્ય હાથમાં લે તે પૂર્ણ કર્યા પછી જ બીજું કાર્ય હાથ પર લે તેવી આદર્શસંહિતા તેઓની હતી. કાર્યની ચોકસાઈ પૂરેપૂરી રાખે પછી તે ક્ષેત્ર અધ્યાપકનું હોય, કે લેખનકાર્ય હોય, સમાજનું હોય કે પછી ગૃહકાર્યને લગતું હોય. તે બધામાં પ્રો. તારાબહેનનો સાથ તો હોય જ. ન્યાય, નીતિ અને પ્રામાણિકતાસભર જીવનથી તેઓએ અનેકને બોધ આપ્યો છે. વાણી કરતાં જીવન જીવવાથી જે બોધ મળે છે તે ચિરંજીવી બની રહે છે. દૃઢ નિશ્ચયધારી શ્રી રમણભાઈને આદર્શ અને ધર્મના સુસંસ્કાર માતા-પિતા પાસેથી મળ્યા હતા. જેમ ધાર્મિક અભ્યાસ થતો ગયો તેમ તેઓના જીવનમાં વૈરાગ્યપૂર્ણ પરિવર્તન આવતું ગયું. ધર્મ પરિણમે તે ધાર્મિક જ્ઞાનની શુષ્કતા અનેકમાં જોવા મળે, જ્યારે શ્રી રમણભાઈમાં ધર્મ પરિણમતો દેખાય-આવી અસ્મિતાની ઝળહળતી જ્યોત સમા તેઓને નજીકથી નિહાળવા સદ્ભાગ્ય છે.

તત્ત્વજ્ઞાનની સરળતમ સ્પષ્ટતા સાથે વિચારની તીખાશ તો તેઓના સર્જનમાં હોય જ. તીખાશ અર્થાત્ સત્યનું પ્રાગટ્ય. જેનું નિરૂપણ મધુર ભાષાથી થતું હતું. પર્યુષણ વ્યાખ્યાનમાળામાં જૈનદર્શનના ભિન્નભિન્ન વિષયો પર પ્રવચન આપતાં હોય ત્યારે જૈનદર્શનના તલસ્પર્શી વિચારો સ્પષ્ટતાથી કહે અને અન્ય તેને વિચારના તળ પર સ્વીકારે. જૈનદર્શનની અનેકાન્ત, અપરિગ્રહ, અહિંસાની સૂક્ષ્મ વિચારણાને વિશાળ પરિષદ સમક્ષ રજૂ કરે ત્યારે શ્રોતા વાણીમાં ગૂંચવાઈ ન જતાં સરળતાથી તત્ત્વને સમજી સહૃદયતાને અનુભવે. અતિમતિમાનને સમજવું દુર્ગમ્ય જિનપ્રવચન શ્રી રમણભાઈ વિષયમાં ઓળઘોળ થઈને સમજાવતા હોય તેના શ્રોતા બનવું તે પણ લહાવો ગણાય.

સાચા હીરાને જેમ પહેલ પાડીએ તેમ તેની કિંમત અને સૌંદર્ય તથા પ્રકાશ વધતો જાય તેવી રીતે શ્રી રમણભાઈના દરેક પાસાને લક્ષગત કરતાં તેઓનું સાહિત્ય સૌંદર્ય અને મનુષ્યત્વ વધતું જાય છે. પ્રવાસસાહિત્ય વાંચતા જાણે આપણે પ્રવાસી હોય એવું લાગે, પાસપોર્ટની પાંખે ના ત્રણભાગ, ન્યૂઝીલેન્ડ, ઉત્તર ધ્રુવની શોધસફર વગેરે અવિસ્મરણીય પ્રવાસ ગ્રંથો છે. નિબંધોમાં તેઓ ફળ્યા છે. જિનતત્વ (૧થી ૮ ભાગ), વંદનીય હૃદયસ્પર્શ (૧થી ૪ ભાગ), સાંપ્રત સહચિંતન (૧થી ૧૫ ભાગ), પ્રભાવક સ્થવિરો (૧થી ૬ ભાગ), સંશોધન સંપાદન અને અનુવાદ ગ્રન્થો. 'જૈન ધર્મ.- ગુજરાતી, હિન્દી, મરાઠી આવૃત્તિઓ અંગ્રેજી ભાષામાં 'જિનવચન' જેવા ગ્રંથો ઉપલબ્ધ છે. જીવનચરિત્ર લખવાની તેઓની કલમ પર સાહિત્યરસિકજનો વારી જાય છે. 'પ્રબુદ્ધ જીવન'ને પ્રબુદ્ધ રીતે પ્રકાશિત કરીને જૈનદર્શનની સીમાને અસીમતા સુધી લઈ જનાર શ્રી રમણભાઈ હતા. ધર્મ તત્વજ્ઞાનમાં અંતરંગ રુચિ પમાય, પ્રવાસ ગ્રંથોમાં પ્રકૃતિપ્રેમ, અધ્યાપન કાર્યમાં આદર્શ અધ્યાપક અથવા આદર્શ શિક્ષક, સ્વજન પરિવારમાં ધબકતું પિતૃવાત્સલ્ય, પ્રા. તારાબહેન સાથે પ્રેમઔદાર્ય, જરૂરતમંદ સંસ્થાઓ સાથે કારુણ્યભાવ, મિત્રાચારીમાં સાચુકલો મિત્રભાવ, માતા-પિતા સાથે કર્તવ્યનિષ્ઠ પુત્ર, જ્ઞાની સત્પુરુષો અને સાધુ ભગવન્તો સાથે આર્જવભાવમયતા ઊડીને આંખે વળગે તેવા છે. સાહિત્યના કોપીરાઈટ છોડીને તે ક્ષેત્રના ઊંચા ગજાના માનવી તરીકે શ્રી રમણભાઈની સર્જક પ્રતિભા જુદી તરી આવે છે.

શ્રી રમણભાઈ સાહિત્યજગતના દેવર્ષી, રાજર્ષી, મહર્ષી કરતાં બ્રહ્મર્ષી હતા. બ્રહ્મ સ્વરૂપી આત્મતત્ત્વના ગાયક, બ્રહ્મ તેજના પારખું, સદા જાગૃત, આત્મભાવમાં જીવનાર. જ્ઞાનયજ્ઞના યજમાન, આત્મતત્ત્વ ઉપાસક, આત્મ ઉજાગરમાં જીવનાર, આત્મ તજજ્ઞ સમા આત્મ સાક્ષર શ્રી રમણભાઈ ૨૪ ઑક્ટોબર ૨૦૦૫ના રાત્રિના ૩-૫૦ મિનિટે બ્રહ્મમુહૂર્તે આ દેહનો ત્યાગ કરી-સમ્યક માર્ગે સુગતિને પામ્યાં આવા બ્રહ્મર્ષી શ્રી રમણભાઈ ચી. શાહને નમસ્કાર હો.

❖ ❖ ❖

# નિસ્પૃહી વિદ્વાન...ડૉ. રમણભાઈ શાહ

## □ ડૉ. બિપીન દોશી

મુંબઈ યુનિવર્સિટીના તત્ત્વજ્ઞાન વિભાગમાં 'જૈનોલોજી'ના કોર્સ શરૂ કરવાનું તથા 'ચેર' સ્થાપવાનું કાર્ય ખૂબ જ વિકટ હતું. આ કાર્યમાં યુનિવર્સિટી સાથે કામ કરવાનું અને યુનિવર્સિટીની અનેક આંટીઘૂંટી ન સમજાય તેવી હોય. આ ઉપરાંત દરેક યુનિવર્સિટીને તેનું ખાસ 'Culture' હોય. આ માટે વિશ્વના તમામ જૈન સમાજનું પ્રતિનિધિત્વ કરવાનું હોય અને યુનિવર્સિટીમાં આ અભ્યાસક્રમ દાખલ કરવાની જે તક મળી તેનો વ્યવસ્થિત ઉપયોગ કરવાનો હોય ત્યારે અનેક પ્રશ્નો ઊભા થાય. આ માટે સલાહ-સૂચન અને વ્યવહારિક માર્ગદર્શનની જરૂર પડે. આ માર્ગદર્શન માટે વારંવાર ડૉ. રમણભાઇને મળવાનું થયું. તેમનો સરળ સ્વભાવ, નિખાલસ મંતવ્ય અને જૈન-ધર્મના સિદ્ધાંતોની રક્ષા માટેની અદમ્ય ઈચ્છા મને સ્પર્શ કરી ગઈ. જૈન દર્શન તથા સાહિત્યનો અમૂલ્ય ભંડાર એમના દિમાગમાં હતો અને આચરણની ચોકસાઈ દિલમાં હતી.

જ્યારે મેં તેઓનું નામ 'Advisory Committee' માં સૂચવ્યું ત્યારે ખૂબ જ નમ્ર પણે કહ્યું કે આ કાર્યમાં હું સલાહકાર નથી પણ પ્રભુ મહાવીરની વાત વિશ્વમાં પ્રચાર-પ્રસાર પામે તે માટેનો એક સામાન્ય શ્રાવક છું. કોઈ પણ જાતના માન-સન્માનથી પર મુરબ્બી શ્રી રમણભાઈમાં મને 'અરિહંત'ના દર્શન થતા હતા.

❖ ❖ ❖

# વાત્સલ્યમૂર્તિ પ્રબુદ્ધ આત્મા : રમણભાઈ

□ ડૉ. ગૌતમ પટેલ

માનનીય શ્રી રમણભાઈનો પ્રથમ પરિચય એક પત્રથી થયો. મુંબઇમાં જૈન યુવક સંઘ તરફથી ચોપાટી ઉપર યોજાતી એકમાત્ર પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વર્ષો પહેલાં આમંત્રણ આપતો એ પત્ર હતો, પત્ર સાદો જ હતો પણ એમાં જે સ્નેહ અને વાત્સલ્ય નીતરતું હતું એ શબ્દબદ્ધ કરી શકાય તેમ નથી.

એ જ વર્ષે મુંબઈમાં રંગમંચ ઉપર પહેલવહેલું એમનું દર્શન થયું. પછી તો અનેકવાર તેમને મળવાનું થયું. એમના 'રેખા', વાલકેશ્વરના ઘરમાં જઈ ચા–નાસ્તો પણ કર્યાનું યાદ છે. તેઓએ 'પાસપોર્ટની પાંખે' લખેલું અને મારે અને મારી પત્નીને સર્વપ્રથમ અમેરિકા જવાનું થયું ત્યારે એ પુસ્તક અમે એકથી વધુવાર વાંચી ગયા હતા. વિદેશયાત્રાની એ અભૂતપૂર્વ માર્ગદર્શિકા સમું છે.

અમારો પરિચય પ્રથમ પ્રવચન આપ્યું ત્યારથી વધ્યો. એકથી વધુ વાર પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તેઓએ મને નિમંત્રણો આપ્યા અને ત્યાંના જૈન તેમ જ જૈનેતર સમાજમાં મને પ્રતિષ્ઠા અપાવી. મારા આમંત્રણને માન આપી નાદુરસ્ત તબિયત હોવા છતાં તેઓ સંસ્કૃત સાહિત્ય અકાદમીના કાર્યક્રમમાં અમદાવાદ પણ પધાર્યા હતા.

એમની લેખન શૈલી અભ્યાસપૂર્ણ અને પ્રભાવક. એ જે વિષયને સ્પર્શે તેનો તલસ્પર્શી અભ્યાસ કરે અને સંક્ષિપ્તમાં સારગર્ભિત રીતે તેને રજૂ કરે. એમના સાંપ્રત–સહચિંતનના દરેક ભાગ મને શ્રી રાજેન્દ્રભાઈ ધીયા જાતે આવીને પહોંચાડે. આ ઉપરાંત 'અધ્યાત્મસાર સંપૂર્ણ', 'વીર પ્રભુનાં વચનો' વગેરે મેળવવા પણ હું ભાગ્યશાળી બન્યો છું.

શ્રી રમણભાઈનું સમગ્ર જીવન સાહિત્ય સેવામાં વ્યતીત થયું છે. એક બાજુ સફળ અધ્યાપક રહ્યા. બીજી બાજુ સેવાનિવૃત્ત થયા પછી તો એ સવિશેષ પ્રવૃત્ત થયા. તેમનું ક્ષેત્ર વિદ્યાર્થી મટીને વિશ્વ બન્યું. તેમને કેવળ જૈનધર્મ અને તત્ત્વજ્ઞાનના લેખક કહેવું એ એમની સર્વતોમુખી સાહિત્યિક પ્રવૃત્તિને અવગણવા જેવું છે. ગુજરાતી સાહિત્યના સર્જક અને વિવેચક તરીકે તેમનું પ્રદાન ઓછું નથી. બીજી બાજુ સંશોધન અને સંપાદન ક્ષેત્રે પણ અનેક કૃતિઓ તેઓએ આપી છે, તો 'સરસ્વતીચંદ્ર' જેવી મહાનવલનો સંક્ષેપ કે રાહુલ સાંસ્કૃત્યાયન જેવી અનુવાદ કૃતિ પણ તેમણે આપી છે.

લેખક, સર્જક, સાહિત્યકાર, સંશોધક, સંપાદક વગેરે અનેક રીતે 'અક્ષર'ની ઉપાસનામાં જીવન વ્યતીત કરીને 'અ–ક્ષર–નાશ ન પામે તેવી' કૃતિઓ તેઓ આપી ગયા છે. આમ તો તેમનું એકાંગી દર્શન કર્યું કહેવાય. કારણ તેઓ સાહિત્યકાર હોવા ઉપરાંત સાચા અર્થમાં 'માનવ' હતા. જૈન ધર્મના સર્વજંતુ પ્રત્યેના પ્રેમની વિભાવનાને તેઓ જીવનમાં જીવી ગયા હતા. સમતા એમના જીવનનો પર્યાય હતો અને કરુણા એમનો શ્વાસ હતો. કોઈપણ વ્યક્તિને એ મળે ત્યારે વાણીમાં જે વિનય અને સ્નેહ વ્યક્ત થતો હતો તે હવે ક્યાં જોવા મળવાનો છે ?

એમની નિવૃત્તિએ તો સમગ્ર સાહિત્યજગતને અને સવિશેષ જૈન સમાજને ન્યાલ કરી દીધો હતો. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં સહજમાં સફળતા પ્રાપ્ત કરનાર અને બહોળા વર્ગના સ્નેહ, માન કે સત્કારને પામનાર આવી વ્યક્તિ તો ઇશ્વરના Choises few 'પસંદગી પામનાર અલ્પજનો'માંના એક હોય છે. એમની ખોટ ક્યારેય પૂરી શકાતી નથી. આવા જીવન સાર્થક કરનાર આત્માને પ્રભુ શાંતિ આપે એમ કહેવું એના કરતાં જીવનમાં સર્વત્ર ધર્મ અને તત્ત્વજ્ઞાનને જીવી જનાર એ આત્મા આપણને શાંતિ આપે એમ કહેવું વધુ ઉચિત લેખાશે.

❖ ❖ ❖

# રમણભાઈના વિચારપ્રધાન નિબંધો

□ ડૉ. નૂતન જાની

ડૉ. રમણલાલ ચી. શાહ લેખક છે. જે જૂએ, વિચારે, વિશ્લેષણમાં મૂકે, કંઈક નવું સત્ય શોધવા વ્યાકુળ બને તે જ ખરા અર્થમાં લેખક હોય છે. શ્રી ર. ચી. શાહ આ પ્રકારના લેખક છે. એમણે પુષ્કળ સાહિત્ય લખ્યું છે. એમના વિપુલ સાહિત્યમાંથી 'સાંપ્રત સહચિંતન'ના ૧૪ ભાગ અને 'અભિચિંતના'નું સાહિત્ય નિરાળું છે. જગત સાથે નિસ્બત ધરાવતા શ્રી રમણભાઈના વિચારવિમર્શનું તે ઉત્તમ પરિણામ છે. સાહિત્યિક દૃષ્ટિએ એ નિબંધો છે કે નહીં એની ચર્ચામાં ન પડતા સ્વજાગૃતિ પછી ઉદ્ભવેલા કોઈક ચોક્કસ સર્જકીય ચેતનાનો એ નિષ્કર્ષ છે. આ સંગ્રહોના નિબંધ લેખોમાં એમની જીવંત અવલોકન દૃષ્ટિનો પ્રવાહ સતત વહેતો દેખાય છે. અતીતની વાત કરવી પ્રમાણમાં સરળ હોય છે જ્યારે સાંપ્રત સમયના સમાજનું તલાવગાહી અવલોકન કરવું કપરું હોય છે. તેમ છતાં જેની પ્રકૃતિ અપરિગ્રહીની છે, જેનું મનોવલણ અનુરાગની માયાના પાશમાંથી મુક્ત થવાની દિશાએ આગળ વધી ચૂક્યું છે, જેનામાં જ્ઞાન પામ્યા પછીની તટસ્થ બુદ્ધિમત્તા વિકસી છે તેવી વ્યક્તિ સાંપ્રતને પણ પોતાની તાત્વિક દૃષ્ટિએ મૂલવવા પ્રેરતી હોય છે.

સમાજ, જીવાતું જીવન અને સંસ્કૃતિ જ્યારે સાહિત્યકૃતિ બનવા તરફ વળે છે ત્યારે સર્જકનો જગત સાથેનો સંબંધ વિશિષ્ટ મુદ્રા ધારણ કરી વ્યક્ત થાય છે. જે ધર્મને જાણે છે, એના સત્યથી સભાન છે, કર્મની આચરણસંહિતા જ જેને માટે મહત્ત્વની બાબત છે તેની ચેતના શ્રમની સાથે વિકસિત થાય છે. સ્વયંને સંસ્કૃતિના ભાગરૂપે જોવી, અનુભવવી અને સંસ્કૃતિમાં પ્રચ્છન્નપણે પેસારો કરી વિસરી રહેલી વિકૃતિથી ચેતવું, એ વિકૃતિના નિવારણ માટે સભાન થઈ કાર્ય કરવું એ સુધારક કર્મ છે. સર્જક, સુધારક, સંશોધક એવા પ્રો. ર. ચી. શાહ સ્વ ઉપરાંત સંસ્કૃતિ સાથે અવિનાભાવે જોડાયેલા જ રહ્યા છે. જૈન ધર્મના પીયૂષ પાનથી એમની દૃષ્ટિ કેળવાઈ છે. જૈન ધર્મ થકી જ આંતરખોજની દિશા તરફ તેઓ આગળ વધતા રહ્યા છે ને પોતાની એ ગતિમાં સર્વને પરોક્ષ રીતે પરોપતા રહ્યા છે. પ્રકૃતિએ કર્મઠ અને સાધક શ્રી ર. ચી. શાહની સંવેદનાનો વ્યાપ સમષ્ટિને આવરી લે છે ત્યારે સાંપ્રતના સમય સંદર્ભે લેખો લખાય છે. તેમણે પોતાના અનુભવોનું પૃથક્કરણ કરીને પોતાને અભિપ્રેત જીવન સત્યનો અર્થ શબ્દ દ્વારા લોકો સુધી પહોંચાડ્યો છે. એ અર્થમાં એમની શબ્દસાધના સફળ જીવનરીતિનો ખ્યાલ દર્શાવે છે.

સાંપ્રત સમયની સમસ્યાઓના નિવારણ માટેના ઉપાયો તરીકે તેમણે જૈન ધર્મની વ્યાપકતા દર્શાવી છે. એમણે કદી ધર્મને પંપાળ્યો નથી. દેરાસરો પૂરતો બદ્ધ રાખ્યો નથી પરંતુ એના મર્મની નાડ પારખી છે. માટે જ સ્પષ્ટતાપૂર્વક પોતાની વાત તેઓ રજૂ કરી શકે છે. એમનું સંવેદનસભર ચિત્ત તંત્ર માનવજીવન સંઘર્ષની ઘટનાઓ જૂએ છે ત્યારે ખળભળી ઊઠે છે. તેઓ વાત માંડે છે સ્વસ્થતાપૂર્વક. કળીમાંથી પાંદડી ખીલવાની તેમને શ્રદ્ધા છે. મનના પ્રપંચ થકી જન્મેલી અપેક્ષાઓની, અહમ્‌ની, અસંતોષની દુનિયાને તેમણે સ્વસ્થતાથી જોઈ છે, અનુભવી છે ને એનાથી વ્યાકુળ થયા વગર પોતાના સંયમિત જીવનવિચારને ભાષામાં વ્યક્ત કરી લોકોને સદૃષ્ટાંત બોધની વાતો કરી છે. સર્જકના વ્યક્તિત્વની મુદ્રા ઉપસાવી આપવી એ નિબંધસ્વરૂપની એક વિશિષ્ટતા

છે. 'સાંપ્રત સહચિંતન' અને 'અભિચિંતન'ના લેખો એ દૃષ્ટિએ મહત્વના બની રહ્યાં છે. અહીં 'અભિચિંતન'ના બે નિબંધો 'આતુરા પરિતાવેન્તિ' અને 'જાતિવાદ વિશે ભગવાન મહાવીર'ની વાત કરવી છે.

'આતુરા પરિતાવેન્તિ' નિબંધના આરંભે તેઓ ભગવાન મહાવીરના આચારાંગ સૂત્રના અધ્યયન સંદર્ભે નિબંધના શીર્ષકનો મર્મ સમજાવે છે. તેમને વાત તો કરવી છે મનુષ્યના ચંચળ, લોભી સ્વભાવની. મનુષ્યની જિજ્ઞાસાનું રૂપાંતર આતુરતામાં થાય છે ત્યારે એનો વ્યવહાર બદલાતો હોય છે. તૃપ્તિ, અતૃપ્તિ અને અતિતૃપ્તિની ત્રણ અવસ્થાને ભોગવતો મનુષ્ય મનથી પરાવલંબી હોય છે તેનો ખ્યાલ એમણે 'આતુરતા' સંજ્ઞાના વિભિન્ન અર્થઘટનો દ્વારા સ્પષ્ટ કરી આપ્યો છે. મનોવિશ્લેષકની રીતે એમણે જુદા જુદા માનવવ્યવહારો સંદર્ભે અધ્યન કર્યું છે, દર્શન કર્યું છે. આ વ્યવહારમાં અનુભવેલી ઊણપો પ્રત્યે એમણે નિબંધોમાં અંગુલીનિર્દેશ કર્યો છે. તેઓ કહે છે, "ભગવાન મહાવીરે કહ્યું છે કે વિષય અને કષાયોને કારણે કેટલાય જીવો અજ્ઞાનમય, દુ:ખમય, દુર્બોધમય અને દીનતામય જીવન જીવે છે. તેઓ પોતાની આતુરતાને કારણે બીજાં પ્રાણીઓને પરિતાપ ઉપજાવે છે. સાચા, સંયમી પુરુષો કોઈ પણ પ્રકારના જીવને પરિતાપ ન થાય, દુ:ખ કે કષ્ટ ન થાય એ રીતે પોતાના જીવનનો નિર્વાહ કરે છે.'' મનુષ્યની મનુષ્ય સાથેની અપેક્ષાઓના મૂળમાં રહેલી આતુરતાના વિભિન્ન પ્રકારોની તેઓ વિગતે વાત કરે છે. ક્ષુધાતુર, તૃષાતુર, કામાતુર, ધનાતુર, યશાતુર, પદાતુર, સત્તાતુર, વિજયાતુર, આદિ પ્રકારના આતુર મનુષ્યોના આચરણની સૂક્ષ્મતાને તેમની દૃષ્ટિએ નીરખી છે, પરખી છે. પ્રત્યેક મનુષ્યએ પોતે જ પોતાના મનના સેનાપતિ થવાનું છે. સાંપ્રતમાં ફેલાયેલ અસત્યના આવરણને હટાવવા તેમણે આધ્યાત્મિકતા અને વિશ્લેષણ શક્તિનો સુમેળ સાધી તર્કબદ્ધ રીતે પોતાની વાતને મૂકી છે. એમનું આંતરિક વિશ્વ ધર્મ અને મૂલ્યના ખરા મર્મને પામેલું હોવાને કારણે જ પોતાના જીવનમાં મેળવેલ સંવાદિતા સમષ્ટિને પણ મળી રહે તે હેતુથી તેમણે સ્વકીય ચિંતનની સંસ્કારિતાને શબ્દસ્થ કરી છે. તેઓ કહે છે,'' માણસમાં જાગેલી તીવ્ર અભિલાષાઓ, તીવ્ર રાગ કે તીવ્ર દ્વેષમાં પરિણમે છે. જ્યારે ઈચ્છા, વાસના, અભિલાષા, આતુરતા ઈત્યાદિની તીવ્રતા, ઉત્કટતા કે ઉગ્રતા મનુષ્યના ચિત્તમાં પ્રવર્તે છે ત્યારે એની સ્વસ્થતા ચાલી જાય છે. સારાસારનો વિવેક કરવાની શક્તિ તે ગુમાવી બેસે છે. એ વખતે સત્ય, ન્યાય, નીતિ, દયા વગેરે સદ્‌ગુણો પણ તેને અપ્રિય થઈ પડે છે. પોતાનું લક્ષ્ય સિદ્ધ કરવા માટે તે નિર્દય બનતાં અચકાતો નથી.'' મહાવીર વાણીના અનુષંગે માનવ વ્યવહારનું સચોટ વર્ણન તેમણે કર્યું છે. પોતે પામેલ સત્યને સરળ રીતે અન્ય સુધી પહોંચાડયું છે. પોતાની વ્યક્તિચેતના અને સર્જકચેતનાના સરવાળે એમણે જીવનચેતનાને ઉર્ધ્વગામી બનાવવાના પ્રયત્નો કર્યા છે. આ ગ્રંથના અન્ય લેખોમાં પણ લેખકનું ભાવતંત્ર અને ભાષાતંત્ર રુચિપૂર્ણ રીતે પમાય છે. જગતની સ્થિતિને નિયંત્રણમાં લાવવાના ઉપાય તરીકે તેમણે કહ્યું છે, "માણસ જ્યાં સુધી પોતાની ઈચ્છાઓને પરિમિત કરતો નથી ત્યાં સુધી આતુરતા ઉપર તે વિજય મેળવી શકતો નથી. ઈચ્છાઓનો કોઈ અંત નથી. માણસે પોતાની શક્તિ, કક્ષા, ગુણવત્તા અને પરિસ્થિતિ અનુસાર પોતાની ઈચ્છાઓને પરિમિત કરતાં રહેવું જોઈએ... કુટુંબ, સમાજ, રાષ્ટ્ર કે વિશ્વમાં શાંતિ-અને સંવાદિતા સ્થાપવા હશે તો પ્રત્યેક કક્ષાએ આતુરતાં ને પરિમિત કરતાં રહેવું પડશે!''

ગણતરીપૂર્વકનું જીવન જીવવા કરતાં જીવનના ગણિતનું સાચું સમીકરણ માંડતા આવડે તે અનિવાર્ય છે. આવું બને તો અંતરના અંતરાયો આપોઆપ દૂર થાય ને આતુરતાનું શમન થાય.

વિશ્વના રાજકારણને લીધે ઉદ્‌ભવેલી, માનવજીવનને સ્પર્શતી અત્યંત કરુણ ઘટના તે આતંકવાદનો ઉદય. માનવસ્વભાવની આંટીઘૂંટી સમજવા અનેક વિદ્વાનોએ પ્રયત્ન કર્યા છે. ફ્રોઈડ, યુંગ, જહૉન લોક, એરિસ્ટોટલ, હેગલ, વિલિયમ હોકિંગ જેવા વિચારકોએ માનવ મનનો પાર પામવા અગણિત કોયડાઓ માંડ્યા ને ઉકેલ્યા છે પણ કોઈ એક અંતિમ સત્ય એમને હાથ લાગ્યું નથી. માનવ સ્વભાવ એની પરિસ્થિતિઓ, જરૂરિયાતો, અપેક્ષાઓ, ઈચ્છાઓ સાથે જોડાયેલી બાબત છે. જ્યાં સુધી મનુષ્યનું ચિત્ત સમતોલ ને સ્વસ્થ હોય ત્યાં સુધી માનવસ્વભાવની વિકૃતિઓ સમાજને નુકસાનકારક હોતી નથી, એકમેકના સહવાસમાં રહીને તેઓ સ્વસ્થ, નિરામય સામાજિક જીવન જીવવાનો આનંદ માણી શકે છે. સદાચાર હોય કે દુરાચાર દરેક કાર્યની પાછળ કોઈ ચોક્કસ નિમિત્ત રહેલું હોય છે. રાજકારણના અજગરે આતંકવાદનો ભય ફેલાવીને મનુષ્યની શક્તિને ગેરમાર્ગે વાળવાનું ઘોર પાપકર્મ આદર્યું છે. રાજકારણીઓની મહત્વાકાંક્ષાનો અતિરેક આવું પરિણામ આવે ત્યારે કોઈ એકાદ-બે અંગત જીવનને જ નહીં સમસ્ત સમાજજીવન એનો ભોગ બને છે. જે ધર્મ સમતા, બંધુત્વ, પ્રેમનો સંદેશો આપે છે એને વિસારે પાડીને કટ્ટરવાદીઓના લોભામણા ભાષણોથી આતંકનું આચરણ વ્યવસાય બનતો જય છે. "જાતિવાદ વિશે ભગવાન મહાવીર'' લેખમાં પ્રો. રમણભાઈએ સાંપ્રતની આતંકવાદની સમસ્યાનું ધર્મના અનુષંગે અવલોકન કર્યું છે. સમાજની વ્યવસ્થા એના સમયની માગને આધારે આકારિત થતી હોય છે. પરંતુ સત્તાધીશો પોતાની સત્તા ટકાવી રાખવા જ્યારે સંકુચિત માનસવાળા લોકોને નિમિત્ત બનાવે છે ત્યારે ઉચ્ચ ભારતીય ભાવનાનું વિલોપન થાય છે. આ સત્યને આલેખવા લેખકે ભગવાન શ્રી મહાવીરની વાણી ખપમાં લીધી છે. મહાવીરસ્વામીએ ઉત્તરાધ્યયન સૂત્રમાં વર્ણવ્યવસ્થા વિશે કહ્યું છે.

कम्मुणा बम्मणो होई, कम्मुणा होई खत्तियो ।
वइसो कम्मुणा होई, सुधो कम्मुणा होई ।।

કર્મથી (આચરણથી) બ્રાહ્મણ થવાય છે, કર્મથી ક્ષત્રિય થવાય છે, કર્મથી વૈશ્ય થવાય છે અને કર્મથી શૂદ્ર થવાય છે.'' પ્રો. ર. ચી. શાહે જૈન ધર્મના પરિપાલનમાં રહેલી વર્ણસમાનતા દર્શાવી સાંપ્રતના જાતિવાદની સમસ્યાના ઉકેલ માટે મૂળને સમજવાની ભાવના વ્યક્ત કરી છે. મનુષ્ય પોતાની ક્ષમતા અને સમજને આધારે જ આત્મવિષ્કારની ભૂમિકામાં મૂકાતો હોય છે. કેટલીક વખત ચિંતા, ભય, ક્રોધ, ઈર્ષા, ઉદ્વેગ, નિરાશા, આદી કષાયોને કારણે તે ધર્મનો મર્મ ભૂલે છે ને ખોટા કર્મના બંધનમાં બંધાય છે. ધર્મ જીવનનો સાચો હાર્દ સમજાવે છે. ધર્મ એટલે સંપ્રદાયો કે પર્ણોની સંકુચિતતા નહીં પણ આંતરખોજ પ્રત્યે દોરી જતી વ્યાપકતા. આ સત્ય જ્યાં સુધી દૃષ્ટિગોચર થતું નથી ત્યાં સુધી કઠોરતા કે નિર્દયતા દૂર કરી શકાતી નથી.

ભારતીય સંસ્કૃતિના પાયામાં, એના ઈતિહાસમાં, કુટુંબજીવનમાં પ્રેમનું સત્ય પડેલું છે. પ્રેમ જેમ જેમ સંકુચિત બનતો જાય છે જીવન તેમ તેમ ટૂંકું, ખોખલું બનતું જાય છે. સંકુચિતતાને કારણે વર્ણવ્યવસ્થાને સમજવામાં મનુષ્યએ થાપ ખાધી છે. આ દર્શાવતા લેખકે કહ્યું છે, "જીવન-વ્યવસ્થાના મીમાંસકોએ મનુષ્યના ચાર મુખ્ય પ્રકારો પાડ્યા હતા. ૧) બ્રાહ્મણ, ૨) ક્ષત્રિય, ૩) વૈશ્ય અને ૪) શુદ્ર. વ્યવસાયને અનુલક્ષીને આ પ્રકારો પાડવામાં આવેલા. તે સમયે એનો હેતુ વર્ણવ્યવસ્થા દ્વારા જીવનવ્યવસ્થા પરસ્પર સહકારમય અને સુખમય બને એવો હતો... કોઈ પણ નવી સામાજિક વ્યવસ્થા સમાજ ઉપર પરાણે લાદી શકાતી નથી,'' ભગવાન મહાવીરે અઢી હજાર વર્ષો પૂર્વે રૂઢિચુસ્ત વર્ણવ્યવસ્થા સામે માનવમાત્રની સમાનતાના વિચારો દર્શાવ્યા હતા. વર્ણને કારણે કોઈ ઊંચ કે નીચ બનતું નથી એ સત્ય તો જૈન ધર્મમાં વર્ષો પૂર્વે દર્શાવાયું છે તેવું સૂચન કરતાં લેખક કહે છે, "ભગવાન મહાવીરનાં વચનોમાંથી પ્રેરણા લઈ આપણા વૈયક્તિક અને સામૂહિક જીવનમાં પરિવર્તન આણવું એ આપણી સાંસ્કૃતિક નિષ્ઠાની દૃષ્ટિએ પણ આવશ્યક છે.'' કટ્ટરપંથી તત્વોએ પોતાના હેતુઓ પાર પાડવા જાતિવાદના શસ્ત્રને વાપર્યું છે ત્યારે આજની શિક્ષિત યુવા પેઢીએ પોતાના શિક્ષણ અને તર્કનો વિનિયોગ કરી સ્વસ્થ સમાજના નિર્માણ માટે કટિબદ્ધ થવું જરૂરી છે.

'સાંપ્રત સહચિંતન' અને 'અભિચિંતના'માં પ્રગટ થયેલા શ્રી ર. ચી. શાહના નિબંધો એમના અંગત સૌંદર્યમય ને સંસ્કારી મનોવિશ્વનો

ખ્યાલ આવે છે. તેમની પાસે શબ્દને પામીને એના સત્યની નિકટના અર્થને અભિવ્યક્ત કરવાની શક્તિ છે. પોતાના જીવનકાળ દરમ્યાન તેમણે પુષ્કળ વાંચ્યું છે, ગ્રંથોના મર્મને પચાવ્યા છે. ગ્રંથોના વાંચન અને અનુભવોથી લીધેલ જ્ઞાનનું સતત ચિંતન કર્યું છે. સમસામાયિક સમયનું સૂક્ષ્મદૃષ્ટિએ અવલોકન કર્યું છે. પોતાનાથી શક્ય નીવડી શકે તે રીતે શબ્દસ્થ સંસ્કારયાત્રાનું સિંચન કર્યું છે. એમના ચિંતનનો વ્યાપ જીવનલક્ષી છે. ભલે એમનાં મૂળિયાં જૈન ધર્મથી રંગાયેલા હોય પરંતુ એમની દૃષ્ટિ તો પરમ સત્યને પામવાની ને પમાડવાની રહી છે. એમણે જે વિષય લખવા માટે પસંદ કર્યો હોય તે વિષયને ઊંડાણપૂર્વક સમજીને, વિચક્ષણ બુદ્ધિમત્તાથી કસીને તટસ્થાપૂર્વક લખ્યું છે.

માનવજીવનના વિકાસમાં ધર્મનો ફાળો ઘણો મોટો હોય છે. અવળે માર્ગે જઈ રહેલી સામાજિકતાને સવળો માર્ગ ચીંધવાનું કામ તેમણે સહજતાથી નિભાવી જાણ્યું છે. ભારતીય સંસ્કૃતિનો ઈતિહાસ એની ધર્મપ્રણાલીને લીધે વિશ્વભરના આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. આ ઈતિહાસમાં જૈન ધર્મની સુદીર્ઘ પરંપરાનું પણ આગવું સ્થાન છે. જીવનમાં ધર્મને આવશ્યક સંસ્કાર રૂપે જાળવનાર ડૉ. રમણલાલ ચી. શાહે ધર્મને વિભાવરૂપે પ્રયોજી જીવનસત્યને ધર્મના દૃષ્ટાંતો દ્વારા સમજાવીને ઉજાગર કરાવી આપ્યું છે. ❖❖❖

# અમારા વેવાઈ તેમ જ પરમ મિત્ર ડૉ. રમણભાઈ ચી. શાહ

**□ રમણીકભાઈ ઝવેરભાઈ શાહ**

ડૉ. રમણભાઈ ચીમનલાલ સાહના બહુમુખી વ્યક્તિત્વ વિષે શ્રી કુમારપાળ દેસાઈએ લખેલ 'સૌજન્યશીલ સારસ્વત ડૉ. રમણલાલ ચી. શાહ'ની તલસ્પર્શીય જીવન ઝરમરમાં દરેક માટે પ્રેરણાદાયક ઘટનાઓ આલેખાયેલ છે.

ઈ. સ. ૧૯૮૨ માં મારા પુત્ર ચેતન સાથે ડૉ. રમણભાઈની સુપુત્રી શૈલજાના વિવાહ થયા ત્યારથી ડૉ. રમણભાઈના નીકટના પરિચયમાં આવવાનું સદ્‌ભાગ્ય મને તથા મારી પત્ની અનસુયાને પ્રાપ્ત થયું. એ સમયે પહેલી જ મુલાકાત વખતે હું પણ એક સમયે મુલુંડની મહાશાળામાં શિક્ષક–ઉપાચાર્ય હતો એવી તેમને જાણ થઈ. તે વખતે શિક્ષણપ્રેમી ડૉ. રમણભાઈએ ખૂબ આનંદ વ્યક્ત કરતાં કહ્યું કે આપણે બન્ને શિક્ષણ ક્ષેત્રના હોવાથી આપણું ખૂબ જ જામશે અને તેઓએ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસાવામીના જીવન વિષેનું સુંદર રંગીન ફોટોગ્રાફ યુક્ત પુસ્તક અમોને ભેટ આપ્યું. જે અમારા નવા સંબંધની સુંદર શરૂઆતની ચિર સ્મરણીય યાદ બની ગયું.

ડૉ. રમણભાઇએ પોતાના સંતાનોને સારી કેળવણી આપી શ્રેષ્ઠ ઘડતર તો કર્યું જ પણ મારા પૌત્ર કૈવલ્ય તેમ જ પૌત્રી ગાર્ગીને પણ સારી કેળવણી આપી. નાના બાળકો સાથે તેઓ બાળકો જેવા બની શકતાં. તેથી બાળકોને તેમનું સાન્નિધ્ય આનંદમય લાગતું. વાતવાતમાં જ તેમને ધાર્મિક સંસ્કારો પણ મળી જતાં. નાનપણમાં પાંચ–સાત વર્ષની ઉંમરે લોગ્ગસ વિગેરે ધાર્મિક સુત્રો ડૉ. રમણભાઈએ તેમને કંઠસ્થ કરાવ્યા. તેમની સાથેના વાર્તાલાપ દરમ્યાન રમુજી ટૂચકા તો હોય જ. જે બાળકોને અને અમોને પણ ખડખડાટ હસાવી દેતા. ડૉ. રમણભાઈ દ્વારા બાળકોમાં કેળવાયેલ રમુજી સ્વભાવ એટલો તો આત્મસાત થઈ ગયો હતો કે આજે પણ મારો પૌત્ર ચિ. કૈવલ્ય મને અમેરિકાથી E-mail કરે છે. તેમાં એકાદ સરસ રમુજ તો હોય જ .

ડૉ. રમણભાઈ તેમ જ પ્રો. તારાબેન અમારે ઘેર અવાર–નવાર પ્રસંગોપાત આવતા. પોતાની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હોવા છતાં પર્યુષણ બાદ તેમ જ દિવાળી પછી તેઓ અચૂક અમોને મળવા આવતાં. ક્યારેક અમે એમને કહેતાં કે રમણભાઈ આટલે દૂરથી અમોને ખમાવવા ન આવો અને ફોનથી મળી લઈએ તો ચાલે. તો કહેતા અમોને તમારે ત્યાં આવવાનું ખૂબ જ ગમે. અમે તો તમારે ત્યાં આવવાનું બહાનું જ શોધતા હોઈએ. તમારી સાથે બાળકોને પણ મળાય. ખૂબ આનંદ આવે. ડૉ. રમણભાઈમાં ખૂબ જ સરળતા હતી.

અમારા મુલુંડના શ્રી વાસુપૂજ્ય જિનાલયમાં નૂતન પ્રતિષ્ઠા મહોત્સવ પ. પૂ. આચાર્ય ગુરૂ ભગવંતો અશોકચંદ્રસૂરિજી, પૂ. સોમચંદ્રસૂરિજીની પાવન નિશ્રામાં સંપન્ન થઈ રહ્યો હતો ત્યારે અમોને શ્રી સાચા દેવ સુમતિનાથ ભગવાન ભરાવવાનો, શ્રી સરસ્વતી દેવીની પ્રતિષ્ઠા તેમ જ જિનાલયના દ્વારોદ્‌ઘાટનનો લાભ મળ્યો ત્યારે ધર્મપ્રેમી ડૉ. રમણભાઈ ખૂબ જ ખુશ થયા. બધા પ્રસંગોએ પૂજાના પહેરવેશમાં ઉપસ્થિત રહી અમને પ્રોત્સાહિત કરતા. કહેતા કે તમને તથા તમારા કુટુંબના સભ્યોને પુણ્યાનુબંધી પુણ્યનો અનેરો લાભ મળ્યો છે.

છેલ્લા એક વર્ષથી ડૉ. રમણભાઈ અમારા પાડોશમાં મુલુન્ડ રહેવા આવ્યા. કહેતા હતા 'હવે આપણે અવાર–નવાર મળી શકીશું. પણ આ સમય ગાળો ખૂબ ટૂંક સમયનો રહ્યો તેનો અમને ખૂબ અફસોસ રહી ગયો.

આ વર્ષે પર્યુષણ પર્વ દરમ્યાન મારી પુત્રવધૂ ચિ. શૈલજાએ અઠ્ઠાઈ કરેલી. તેના પારણાના કાર્યક્રમ પ્રસંગે વ્હીલચેરમાં બેસીને ઉપસ્થિત રહેલા. બધાં જ સગાં–સંબંધીઓ સાથે ઉત્સાહપૂર્વક હળવા–મળવાનો કદાચ આ તેમનો છેલ્લો પ્રસંગ હતો. એ સમયે ડૉ. રમણભાઈ સંપાદિત કરેલ 'જિન–વચન'નો આત્મ કલ્યાણક ગ્રંથ ડૉ. રમણભાઈ તેમ જ પ્રો. તારાબેન તરફથી દરેક મહેમાનને ભેટ તરીકે આપવામાં આવેલ. આ 'જિન વચન' ગ્રંથની બધાએ ખૂબ જ પ્રશંસા કરી અને કોઈ કારણવશાત્ જે મહેમાનો કાર્યક્રમમાં હાજર રહી ન શકેલા તેમણે સામેથી એ ગ્રંથ મેલવવા વિના સંકોચ માગણી કરેલી. ડૉ. રમણભાઈએ દરેકના હૃદયને સ્પર્શી જતા આવા કેટલાયે ગ્રંથો તૈયાર કર્યા છે. તેમણે 'સાંપ્રત સહચિંતન' પુસ્તક મને અને મારા પત્નીને અર્પણ કર્યું તે મારા માટે આનંદનો વિષય છે.

મારા જીવન વૃત્તાંતનું પુસ્તક 'શ્રી મહિલા ગૃહ ઉદ્યોગ લિજ્જત પાપડ' દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું ત્યારે તેની પ્રસ્તાવના ડૉ. રમણભાઈ દ્વારા લખાઈ છે. તેમાં તેઓએ લખ્યું છે કે 'શ્રી રમણીકલાલ ઝ. શાહ' મારા વેવાઈ છે એના કરતા મારા મિત્ર વિશેષ છે.' ડૉ. રમણભાઈ અમારા સ્નેહાળ મિત્ર બની ગયા હતાં.

ડૉ. રમણભાઈ ઉદાત્ત, જ્ઞાનસભર લેખનકાર્યમાં સતત વ્યસ્ત રહેવામાં તેઓ આંતરિક આનંદ અનુભવતા. મુલુંડમાં જ્યારે પણ મળવા જવાનું થતું ત્યારે કોઈ ને કોઈ મહાન ગ્રંથના લખાણમાં રસ તરબોળ જણાતા. તેઓનું જીવન હંમેશ ધ્યેયનિષ્ઠ રહ્યું. તંદુરસ્ત જીવનકાળમાં તો ૧૨૫ જેટલા નાના મોટા ગ્રંથો લખ્યા. પણ હવે કંઈક અંશે શારિરીક અસ્વસ્થતામાં પણ મનથી નક્કી કરેલ જ્ઞાન ગ્રંથોનું લેખન અધુરું રહેવું ન જોઇએ એવા વિચારે પોતાની નાદુરસ્ત તબિયત પ્રત્યે સંપૂર્ણ દુર્લક્ષ કરી લેખનકાર્ય ચાલુ જ રાખતા. બેસીને લખવું શક્ય નહોતું ત્યારે ગોઠણથી વાળીને બે પગોને ટેકે સૂતા સૂતા લખતા રહ્યા. પહેલાં તેમનો આ પ્રકારનો આગ્રહ સમજાતો નહિં. પણ હવે સમજમાં આવે છે કે તેમના જીવન દરમ્યાન ચોક્કસ કાર્યો સંપન્ન કરી લેવાની તેમને ઉતાવળ જણાતી હશે. જીન વચનમાં ભગવાન મહાવીર સ્વામી ગૌતમસ્વામીને કહે છે-

'સમયમ્ ગોયમ્ મા પમાઈએ' ગૌતમ સમય માત્રનો પ્રમાદ કરીશ નહિં. આ કથનને ડૉ. રમણભાઈએ પોતાના જીવનમાં ચરિતાર્થ કર્યું હતું. તેથી જ છેલ્લા વર્ષ દરમ્યાન 'જ્ઞાન સાર' જેવા જ્ઞાનસભર સમૃદ્ધ ગ્રંથનું ઉદાત્ત લેખન બધી જ વિપરીત પરિસ્થિતિ વચ્ચે પણ તેમણે ટૂંક સમયમાં સંપન્ન કર્યું.

સાદું જીવન અને ઉચ્ચ વિચાર એમના જીવનમાં ચરિતાર્થ થયેલ આપણે જોઈ શકીએ છીએ. એમના મુખે અમે ક્યારેય કોઈ બાબતમાં ફરિયાદ સાંભળી નથી. શારિરીક કષ્ટ બાબત પણ તેમણે ક્યારેય ફરિયાદ વ્યક્ત કરી નથી. અમે તેમને મળવા જતાં ત્યારે બોલી શકતા ન હોય તો

પણ લાંબો સમય આનંદથી વાતો કરે. સરસ જીવન જીવ્યાનો સંતોષ વ્યક્ત કરે. સૌ. શૈલજાએ કરેલી સેવાની પ્રશંસા કરે. હાઈ વે પર વિકસેલા વિવિધ તીર્થક્ષેત્રો અને તે ક્ષેત્રોના વિકાસની પ્રેરણા કરનાર ગુરૂભગવંતોની વાતો કરે. ત્યારે થતું કે આવી શારીરિક પરિસ્થિતિમાં આપણને મળવા આવનાર સાથે ભાગ્યે જ આપણે આટલી રસપૂર્વક વાતો કરી શકીએ.

અંતમાં ડૉ. રમણભાઈ શાહે પોતાના સુકૃત જીવનમાં તેમણે સંશોધનાત્મક વૃત્તિથી આધ્યાત્મિક ક્ષેત્રે ઉત્તમ સાધના કરી તેનાં આવિષ્કાર દ્વારા આપણા સર્વના પારમાર્થિક લાભાર્થે જ્ઞાનની પ્રભાવના કરી, જે ચિરસ્મરણિય રહેશે.

विद्यानाम नरस्य रुपम् अधिकम् प्रच्छन्न गुप्तम् धनम्
विद्या भोमकरी यसः सुखकरी, विद्या गुरुणाम् गुरु ।।

ડૉ. રમણભાઈ શાહે પણ શ્રેષ્ઠ વિદ્યા પ્રાપ્ત કરી અને તેમની વિદ્યાના સુપ્રસાર દ્વારા પૂ. રાકેશભાઈ જેવા મહાન ગુરુના પણ માર્ગદર્શક થઈ ગયા.

ડૉ. રમણભાઈ ચી. શાહને અમારા કુટુંબની સન્માનપૂર્વક ભાવભરી શ્રદ્ધાંજલિ...

❖ ❖ ❖

# અમારા વિરલ વેવાઈ

☐ ઊર્મિલા નગીનદાસ શેઠ

૨૪ ઑક્ટોબર, ૨૦૦૫ના પરોઢના બ્રાહ્મ મુહૂર્તે મુલુંડમાં વોકાર્ડ હૉસ્પિટલમાં ડૉ. શ્રી રમણભાઈ ચી. શાહ અંતિમ શ્વાસ લઈ સમાધિમય મંગલ મૃત્યુને પામ્યા. એક મહાન જીવનની સમાપ્તિ થઈ. જૈન શાસનના એક પનોતા પુત્રનો જીવનદીપ બુઝાઈ ગયો.

૧૭ જાન્યુ. ૧૯૮૮ના ડૉ. શ્રી રમણભાઈ અને પ્રો. શ્રીમતી તારાબેન અમારા સંબંધી થયા. તેમના સુપુત્ર ચિ. અમિતાભ સાથે અમારી પુત્રી ચિ. સુરભિનું સગપણ થયું. ૨૧મી જાન્યુ.ના લગ્ન થયા. ફક્ત ચાર જ દિવસમાં પ્રસંગ કરવાનો હતો છતાં અમારા મનમાં કોઈ ભાર નહોતો. તેઓનો ખાસ આગ્રહ હતો કે લગ્ન એકદમ સાદાઇથી અને કોઇપણ જાતના ઠાઠમાઠ વગર કરવા છે. સામાજિક રીત-રિવાજ એટલે કે પહેરામણી વગેરે કંઈ જ કરવાનું નથી. બંનેના સગા-સ્નેહી મળી ૪૦૦ થી વધારેને આમંત્રણ આપવાનું નહીં. લગ્ન પ્રસંગ બપોરના એકથી પાંચની અંદર જૈન વિધિથી ઉજવાયો. જમણવાર નહીં કરાવવા માટે તેઓએ આ સમય પસંદ કર્યો હતો. આમંત્રીત સ્વજનો અને સ્નેહીઓને થયું વિચારો તો ઘણાના ઉચ્ચ હોય છે પણ અમલમાં કોઇક જ મૂકે છે. અમને હંમેશા વિચાર આવે છે કે કયા પુણ્યોદયે આપણને ડૉ. શ્રી રમણભાઈ અને પ્રો. શ્રીમતી તારાબેન જેવા સંબંધી મળ્યા !

ડૉ. શ્રી રમણભાઈ પાસે જ્યારે જઇએ ત્યારે હંમેશા કંઈક નવું જ સમજવાનું મળે. તેમના અગાધ જ્ઞાનનો પરિચય આપણને થાય. તેઓ હંમેશા કહેતા અને માનતા હતા કે પ્રભુ મહાવીરની વાણીમાં-વચનોમાં શ્રદ્ધા રાખવી, શંકા કરવી નહીં. તેમની સમજાવવાની રીત નિરાળી જ હતી. તેમની પ્રેરણાથી અમારે ત્યાં વહેલી સવારના ઊઠી વાંચન અને ધ્યાનની શરૂઆત અમે કરી.

સાધુ જેવું સંયમી અને સાદાઇપૂર્ણ તેમનું જીવન હતું. સંસારમાં રહેવા છતાં રાગ-દ્વેષ રહીત નિર્લેપ જળ-કમળ-વત તેમનો જીવન-વ્યવહાર હતો. જેમને યોગ્ય માતા-પિતા અને ગુરૂ મળ્યા હોય તેમને જે શ્રેષ્ઠ જ્ઞાન પ્રાપ્ત થાય તેવું તેમને હતું અને ડૉ. શ્રી રમણભાઇને તો સહધર્મચારિણી પ્રો. તારાબેન મળ્યા. જાણે સોનામાં સુગંધ મળી. આવું સદ્ભાગ્ય બહુ ઓછાને મળતું હોય છે. ડૉ. શ્રી રમણભાઈ વિરલ હતા.

વિદ્વતાની સાથે સાથે ખૂબ જ રમૂજી તેમનો સ્વભાવ હતો. તેનું એક ઉદાહરણ આપું. અમો તેમના ઘરે મળવા ગયા હતા. અમારી સાથે અમારા નાના પૌત્ર-પૌત્રી હતા. એક નાની બાટલીનું ઢાંકણું બાળકોથી ક્યાંક પડી ગયું તે મળ્યું નહીં. થોડા દિવસ પછી અમારા પૌત્રના નામે ડૉ. શ્રી રમણભાઈનો પત્ર આવ્યો કે તમારી નાની બાટલીનું ઢાંકણું મળી ગયું છે તે આ પત્ર સાથે મોકલાવું છું પણ 'બાળકો તમે ધ્યાન રાખજો કે હવે બાટલી ભલે ખોવાઈ જાય પણ આ ઢાંકણું ખોવાવું જોઇએ નહીં.' બાળકો સાથે બાળક જેવા થઈ જવાની કલા બહુ ઓછામાં હોય છે. બાળકોને શાળામાં મૂકતા પહેલાં એકડો લખવાનું શુકન અમે તેમના શુભ હસ્તે કરાવ્યું.

તેમની સાથે વેવાઇનો સંબંધ એ તો આનંદની વાત છે જ પરંતુ તે અમારા મિત્ર પણ હતા. સાંપ્રત સહચિંતનનો ૧૪ મો ભાગ તેમણે અમને અર્પણ કર્યો તેને હું અમારું સદ્ભાગ્ય સમજું છું.

'પ્રબુદ્ધ જીવન'માં લખાતા લેખ એકદમ સાદી અને સરળ ભાષામાં હોય જે દરેકને સમજાય. કોઇપણ વિષય પર તેમના લખેલા લેખ વાંચીએ ત્યારે એમ થાય કે આટલું સવિસ્તર લખાણ ક્યારે લખતા હશે ?

પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાતાના વ્યાખ્યાનસાંભળવાનું આપણે ચૂકી ગયા હોઇએ પણ ડૉ. શ્રી રમણભાઈની સમીક્ષા સાંભળીએ તો આપણને વ્યાખ્યાનનો સાર સમજાય જાય તેવી તેમની વિદ્વતાભરી વાણી હવે ક્યારેય સાંભળવા નહીં મળે. ડૉ. શ્રી રમણભાઈ વિરલ હતા. તેમની વિદાયથી સૌ સ્વજનો, સગા, સ્નેહીઓ અને જૈન સમાજને કદીય ન પુરાય તેવી ખોટ પડી છે.

❖ ❖ ❖

# મહામના ડૉ. રમણભાઈ ચી. શાહ

☐ નગીન જી. શાહ

ડૉ. રમણભાઈ ચી. શાહ એટલે અનેક સદ્ગુણોનો સમવાય. તે હતા અનેકવિધ વિપુલ સાહિત્યના સર્જક, પારગામી વિદ્વાન, સમર્થ પ્રાધ્યાપક, શિષ્યવત્સલ ગુરુ, સંશોધકોના પ્રોત્સાહક માર્ગદર્શક, સમદર્શી તંત્રી, અધ્યાત્મપ્રેમી ચિન્તક, આચારશુદ્ધિના આરાધક, સદ્ધર્મપરાયણ ઉપાસક, સંતજનોના ગુણાનુરાગી ભક્ત, પર્યુષણ વ્યાખ્યાનમાળા સાથે માનવસેવા કર્મને જોડીને જ્ઞાન-કર્મસમુચ્ચયના સાધનાર પ્રાજ્ઞ યોજક, અનેકવિધ પ્રવૃત્તિઓના પ્રેરક-યોજક અને સર્વ પરિચિતોના આત્મીય. સામાન્ય રીતે પંડિતોને દોષદર્શી સમજવામાં આવે છે. પરંતુ શ્રી રમણભાઈ પંડિત હોવા છતાં દોષદર્શી હતા જ નહિ. તે કેવળ ગુણદર્શી જ હતા. તેમની દૃષ્ટિ રચનાત્મક હતી, ખંડનાત્મક નહિ. તેમને કોઈની ટીકા કરવી કે સાંભળવી બિલકુલ પસંદ ન હતી. તે નિર્વૈર હતા. તે સ્થિતપ્રજ્ઞ હતા. તે ઉદારચેતા, સત્ત્વશીલ ઋષિતુલ્ય પુણ્યપુરુષ હતા. તેમણે માનવતાનો મહિમા કર્યો છે. જે તેમના સંપર્કમાં આવ્યા તે સૌના હૃદયમાં તે વસી ગયા છે. તે સુજનતા અને સ્નેહભાવથી છલોછલ ભરેલા હતા. કોઈનું પણ સુકાર્ય તેમની નજરે ચડે તો તેને તે અવશ્ય બિરદાવતા.

હું શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો વિદ્યાર્થી અને તે પણ. અમારા સરનો વિષય પણ પ્રધાનતઃ સમાન, જ્યારે મુનિશ્રી ન્યાયવિજયજી લિખિત ગુજરાતી 'જૈન દર્શન'નો મારો અંગ્રેજી અનુવાદ "Jaina Philosophy And Religion" મોતીલાલ બનારસીદાસે પ્રકાશિત કર્યો ત્યારે અમદાવાદમાં મારા ઘરે મને અભિનંદન આપવા આવ્યા હતા. વળી, જ્યારે મારું સંપાદન "Jaina Theory of Multiple Facets of Reality and Truth" તે જ પ્રકાશકે પ્રગટ કર્યું ત્યારે પણ તેમણે પોતાની પ્રસન્નતા પત્ર દ્વારા પ્રગટ કરી હતી.

તેમનો પુણ્યાત્મા ઉન્નતિ કરતો રહે અને તેમનો અક્ષરદેહ સૌને પ્રેરણા આપતો રહે એ જ પ્રાર્થના.

❖ ❖ ❖

# સેવામૂર્તિ...ડૉ. રમણભાઈ

□ ડૉ. રમણીકલાલ દોશી

આપણા સહુના વડીલ આદરણીય શ્રી રમણભાઈ શાહ આપણા સહુ વચ્ચેથી કાયમી દૂર થયા તેનું દુઃખ કુટુંબમાં તારાબહેન તથા કુટુંબને હોય પણ આપણી સંસ્થાઓ અને અમારા જેવી નાની ૪૦ સંસ્થાઓને માટે પણ દુઃખદ પ્રસંગ બની ગયો.

અમારી સંસ્થા અને હૉસ્પિટલ જોડે સંબંધ ૨૦ વર્ષ ઉપર રમણભાઈ સાથે રહ્યો.

પ્રથમ પ્રસંગ : તેઓ કપડવંજ સાતરસુખાથી પાછા વળતાં અને ચીખોદરા આવવા ખાસ આમંત્રણ સ્વીકાર્યું તે પણ ખાસ તકલીફ અને સમય કાઢીને આવ્યા. ત્યારબાદ તેમના વાલકેશ્વરના નિવાસસ્થાને ફરી મળવા જવાનું થયું. તેઓ મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા અને હું તો નાના દવાખાનાનો ડોક્ટર પણ, મને મળવા બોલાવ્યો. મારી સાદી, સરળ અને નિખાલસ વાત સાંભળી તુરત સંમતિ આપી અને અંધરાહત–નેત્રયજ્ઞમાં ગુજરાતમાં સહયોગ અપાવ્યો. તે સમયનો તેમનો સહયોગ આવ્યો. કેટલી ઉદાર ભાવના, વૃત્તિ અને કાર્યદક્ષતા.

નેત્રયજ્ઞ પ્રસંગે દરેક જગ્યાએ સહકાર્યકર્તાની કાર્યદક્ષ ટૂકડી લઈ ખૂબ અંગત અગવડ વેઠી આવતા જ રહ્યા. પછી આદિવાસી વિસ્તારોનાં દાહોદ નર્મદા કાંઠે–કે સુરત–વ્યારા, વેડછા પણ અચૂક આવ્યા. આવા કાર્યમાં હૃદયના ભાવ સાથે મુંબઈના સદ્ભાવપ્રેમી અનેક કુટુંબને દરીદ્રદર્શન કરાવવા આગ્રહપૂર્વક લાવે. રહેવાની, જમવાની અગવડ હોય પણ આનંદ સાથે નભાવતા આ આપણા રમણભાઈ ઉદાર વૃત્તિ રાખતા.

મને તેમનામાં ગાંધીવિચારનું દર્શન થતું. શહેરી લોકોને ગામડાંના દુઃખો જાણવા મળે, દુઃખ નજરે જુએ ને દુઃખ દૂર કરવા સહાયરૂપ થાય તેવી ભાવના તેઓ સેવતા. દેશ પરદેશમાં જૈન ધર્મનો ફેલાવો થાય. લોકો તે વિશે વાંચે, વિચારે, સમજે, જીવનમાં ઉતારે તે માટે પ્રયત્નશીલ રહેતા. ચારે બાજુ શાંતિ પ્રસરે તેવો ભાવ સેવતા.

૭૫ વર્ષથી ચાલતી યુવક સંઘ સંચાલિત વ્યાખ્યાનમાળા જૈન-જૈનેતર વિદ્વાનો, સાધુ-સંતો, ઉચ્ચ શ્રેણિના વ્યાખ્યાતાઓ સહર્ષ આવતા. રમણભાઈ પ્રત્યે આદરને કારણે સૌ કોઈ આમંત્રણ પ્રેમથી સ્વીકારતા.

તા. ૨૩ ઑક્ટોબરે તેમના સ્વર્ગવાસના આગલા દિવસે હોસ્પિટલમાં તેમને મળ્યો. તેમણે કહ્યું, "મારે હવે લખવાનું પુરું કરવું છું. જૈન ધર્મ વિશે લખાણ તેમને અતિપ્રિય હતું. છેલ્લે પથારીમાં સૂતાં સૂતાં પણ તેમણે લખ્યું. આવા વિનમ્ર, પુરુષાર્થી, વિદ્વાન કાયમમાટે આપણને છોડી ગયા.

સર્વ પર સદ્ભાવ રાખી પોતાના પૂજા–નીતિનિયમ બધે સાચવીને જ જીવ્યા અને સંઘ, સમાજ ને સંસ્થાને દોરવણી આપતા રહ્યા. દુખીજનોના ઉત્કર્ષ કરવાનું સમાજના સુખીજનો ભૂલી ન જાય માટે સજાગ રહ્યા.

સહ કાર્યકર્તા સાથે પ્રેમ–આદરભાવ, નાના–મોટા એક છે તે જીવન સામે રાખી કરી દેખાડ્યું.

આવા પંડિત ધર્મપ્રેમી કોઇની બહુ સેવા લીધા વિના જ કાયમ માટે પોઢી ગયા. એક દિવસ અગાઉ તેમને ખાસ મળવાનું હૉસ્પિટલમાં થયુ ત્યારે સમભાવપૂર્વક તેમણે પ્રસન્નતા વ્યક્ત કરી. શાંતિથી મેં કરેલા માંગલિકને સાંભળ્યું.

આવી ઉચ્ચ આત્માને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ. કોટિ કોટિ નમસ્કાર કરીને સંસ્થા, સમાજ અને પરિવારને નવી શક્તિ, બુદ્ધિ, પ્રેરણા સદા તેમના જીવનમાંથી મળે તે જ ભાવના અને પ્રાર્થના.

ૐ શાંતિ શાંતિ

❖ ❖ ❖

# સ્વ. ડૉ. રમણભાઈ ચી. શાહ મારા ગરુ, મિત્ર અને માર્ગદર્શક

□ ડૉ. શેખરચન્દ્ર જૈન

સ્વ. ડૉ. રમણભાઈનું નામ સ્મરણ કરતાં જ ૩૪ વર્ષ જૂનો કાલખંડ વર્તમાન બનીને ઉભરી આવે છે. લગભગ ૧૯૭૩–૭૪ની વાત હશે, તે વખતે હું ભાવનગરની કૉલેજમાં પ્રાધ્યાપક અને શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં માનદ્ ગૃહપતિ હતો. તેઓ વિદ્યાલય સાથે સક્રિય રીતે સંકળાયેલા હતા. એક વખત તેઓ ભાવનગર પધાર્યા, વિદ્યાલયમાં રહ્યા અને મારો પરિચય થયો. મને પણ લખવા–વાંચવાનો શોખ અને તેઓ તો હતા મોટા સાક્ષર. તેઓએ મારા લેખનકાર્યમાં વધારે રૂચિ બતાવી. પહેલી જ મુલાકાતમાં મારા ઉપર એવી છાપ પડી કે તેઓ અતિ નિખાલસ, સરળ પ્રકૃતિના અને વિદ્યાવ્યાસંગી છે. તેઓએ મારી પ્રકાશિત એક–બે કૃતિઓ જોઈ અને મને સલાહ આપી કે હું જૈન સાહિત્યમાં વધુ ને વધુ અભ્યાસ કરી લેખનકાર્ય કરું. અને તેઓએ મને ૧૯૭૪માં મુંબઈ યુવક સંઘ દ્વારા ચાલતી પ્રવચન માળામાં વક્તા તરીકે આમંત્રિત કર્યો. યુવક સંઘની આ વ્યાખ્યાનમાળા એટલે ભારતમાં સર્વાધિક પ્રસિદ્ધ અને જ્ઞાનગંગાને પ્રવાહિત કરનાર વ્યાખ્યાનમાળા તરીકે પંકાયેલી હતી. આ વ્યાખ્યાનમાળામાં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાના વિદ્વાનો આમંત્રિત થતા. આવી વિશાળ અને મહત્વપૂર્ણ વ્યાખ્યાનમાળામાં મને આમંત્રણ મળતા અપાર આનંદ થયો અને હું પણ લગભગ એક મહિના સુધી મારું વક્તવ્ય તૈયાર કરી, ટેપમાં સાંભળી, સમય વગેરેનું ધ્યાન રાખી તૈયાર થઈને ગયો. પહેલી વખત આટલા મોટા સાક્ષર મંચ ઉપર પ્રબુદ્ધ શ્રોતાઓની વચ્ચે બોલવાનો પ્રથમ અવસર હતો. થોડીક મૂંઝવણ હતી, પણ શ્રી રમણભાઈ શાહે પરિચય આપતી વખતે એવી રીતે પ્રસ્તુત કર્યા કે કોઈ સંકોચ રહ્યો નહીં અને પ્રથમ વ્યાખ્યાન જ ખૂબ જ સારી રીતે વખાણાયું. આનંદ તો એ વાતનો હતો કે જે વ્યાખ્યાનમાળામાં કોઈ વક્તાને સળંગ એક–બે વખતથી વધુ બોલાવતા નથી કે બોલાવવાની સંભાવના રહેતી નથી તેમાં મને સળંગ ૭–૮ વર્ષ સુધી તેઓએ આમંત્રિત કર્યો. વાસ્તવમાં તો હું જ્યારે જ્યારે પણ વ્યાખ્યાન આપવા ગયો ત્યારે એમ માનીને જ ગયો કે હું કંઈક શીખવા જઈ રહ્યો છું. અને મુરબ્બી રમણભાઈનો સ્નેહ અને

તારાબેનનું વાત્સલ્ય મને સતત પ્રેરણા આપતા રહ્યા અને હું અધ્યયન માટે વધારે રૂચિ લેવા માંડ્યો. આ પ્રવચનોના સંગ્રહરૂપે મારા ત્રણ પુસ્તકો પણ પ્રકાશિત થયા.

શ્રી રમણભાઈ શાહ પોતાના જ્ઞાનની ગંગા યુરોપ અને અમેરિકા ખંડમાં પ્રવાહિત કરી ચૂક્યા હતા. તેઓ એટલા તો નિખાલસ હતા કે બીજા મિત્રો પણ જાય તેમાં તેઓ આનંદનો અનુભવ કરતા અને તેમની પ્રેરણા અને સહયોગથી મને ૧૯૮૯-૯૦ માં લંડન, ૧૯૯૨માં પૂર્વ આફ્રિકા અને પછી ૧૯૯૪ થી સતત અમેરિકામાં પ્રવચન આપવાનો લાભ મળતો રહ્યો. દર વર્ષે જ્યારે હું પાછો ફરું ત્યારે રમણભાઇનો આશીર્વાદ નિરંતર મળે જ.

મેં જ્યારે 'તીર્થંકરવાણી' માસિક પત્રનો પ્રારંભ કર્યો અને જ્યારે મેં ઘોષણા કરી કે આ પત્રિકા જૈનોના સંપ્રદાયોની સંકુચિતતાથી મુક્ત રહેશે અને તેમાં હિન્દી-ગુજરાતી-અંગ્રેજી ત્રણેય ભાષાઓના લેખોનો સમાવેશ કરવામાં આવશે ત્યારે તેઓએ વર્તમાન યુગમાં જૈન પત્રિકાઓની સ્થિતિ ઉપર ચર્ચા કરી મને પરિસ્થિતિથી વાકેફ કર્યો અને સફળતાના આશીર્વાદ પણ આપ્યા. તેઓએ કહ્યું 'મારા ગમે તે લેખને તમે મારી કોઇપણ અનુમતિ વગર પ્રકાશિત કરવા સ્વતંત્ર છો.' અને વાસ્તવમાં તેઓ આ પત્રિકાની પ્રગતિથી, તેના લેખોથી સંતુષ્ટ રહ્યા અને તેઓ પ્રત્યક્ષ કે પરોક્ષ આશીર્વાદ સ્વરૂપે તેમના સૂચનો આપતા રહ્યા.

મેં જ્યારે અમદાવાદમાં 'સમન્વય ધ્યાન સાધના કેન્દ્ર' દ્વારા શ્રી આશાપુરામાં જૈન ચેરિટેબલ હૉસ્પિટલનો પ્રારંભ કર્યો અને તેનું સાહિત્ય, રૂપરેખા, કાર્ય વગેરેની જાણ કરી ત્યારે તેઓએ મને આશીર્વાદ તો આપ્યા પણ આર્થિક મુશ્કેલીઓ કેવી નડી શકે તેનો પણ ખ્યાલ આપ્યો. મને દાનવીરો પાસેથી દાન પ્રાપ્ત થાય તેમાં તેમની રૂચિ હતી. છ-સાત વર્ષ દરમ્યાન મેં હૉસ્પિટલની જે પ્રગતિ કરી તેનો અહેવાલ વાંચીને તેઓએ એવો તો સંતોષ વ્યક્ત કર્યો જાણે એમના સ્વજનને કોઈ સફળતા મળી હોય. છેલ્લે-છેલ્લે તેઓની ભાવના હતી કે મુંબઈ જૈન યુવક સંઘ જેમ દર વર્ષે કોઈ ને કોઈ સેવાભાવી સંસ્થા માટે આર્થિક મદદ કરે છે તેમ આ સંસ્થાને પણ એક વખત મદદ મળે અને સંસ્થા પગભર થાય તેવી તેમની ભાવના હતી. છેલ્લે મેં જ્યારે તેમને પત્ર લખ્યો અને ફોન ઉપર વાત કરી ત્યારે તેમણે મને કહ્યું કે તમે જૈન યુવક સંઘને લખો અને તેમના મંત્રી વગેરે ધ્યાન આપશે અને હું પણ ભલામણ કરીશ. પરંતુ મારા દુર્ભાગ્ય આજે તેઓ આપણી વચ્ચે નથી પરંતુ મને વિશ્વાસ છે કે તેઓ પોતાના આત્માથી જરૂર મને આ સફળતામાં સહયોગ કરશે.

હું કોઈપણ વિદ્યાર્થીને જ્યારે જૈન ધર્મ કે દર્શનમાં પીએચ.ડી. માટે રજિસ્ટર્ડ કરાવતો ત્યારે તેમની સાથે જરૂર ચર્ચા કરતો અને માર્ગદર્શન મેળવતો.

ડૉ. રમણભાઈ ચી. શાહ ગુજરાતી ભાષા અને સાહિત્યના તો વિદ્વાન હતા જ પરંતુ જૈનદર્શન સાહિત્ય, કળા, સંસ્કૃતિના મર્મજ્ઞ હતા અને સૌથી મોટી વિશેષતા તો એ હતી કે તેઓ શ્વેતામ્બર મૂર્તિપૂજક હોવા છતાં ક્યારેય સંપ્રદાયની સંકુચિત-તામાં રહ્યા નથી. એમણે તો એક દીર્ઘદૃષ્ટા, લેખક, કવિ, ચિંતકની ભાવનાથી જ ધર્મના સિદ્ધાંતોનું અવલોકન અને મૂલ્યાંકન કર્યું છે. તેઓ દિગમ્બર કે શ્વેતામ્બર સંપ્રદાયના મહાન આચાર્યો, મહાન આગમ કૃતિઓ કે મહાન તીર્થસ્થાનોનો કોઇપણ ભેદભાવ વગર અધ્યયન, દર્શન કરતાં અને પોતાના લેખોમાં જે-તે સ્થાનો, શાસ્ત્રો અને વ્યક્તિઓના ગુણોની ચર્ચા કરતા. તેથી તેઓ માત્ર શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજમાં જ નહીં સંપૂર્ણ જૈનજગતમાં આદરણીય સ્થાન પ્રાપ્ત કરી શક્યા હતા. હકીકતે તેઓ પંથવાદથી દૂર મુક્ત ગગનમાં વિહાર કરતા હતા.

ડૉ. રમણભાઈને વિદ્યાર્થીઓ પ્રત્યે અપાર મમતા હતી. તેથી તેઓ જ્યાં સુધી મહાવીર જૈન વિદ્યાલયના પદાધિકારી રહ્યાં ત્યાં સુધી વિદ્યાર્થીઓને વધુમાં વધુ કેમ સગવડ મળે, તેઓ ઉચ્ચ શિક્ષણમાં વધુ પારંગત બને તેની જ ભાવના રાખતા હતા.

જૈન સાહિત્ય માટે તેઓ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના તત્ત્વાવધાનમાં દર વર્ષે વ્યાખ્યાનમાળાનું આયોજન કરતા અને મને તેમનું દર વખતે સાનિધ્ય પ્રાપ્ત થતું. એક સફળ લેખક તરીકે તેઓએ અનેક પુસ્તકો લખ્યા છે જે 'જિનતત્ત્વ'ના નામે અનેક ભાગોમાં પ્રકાશિત થયા છે. 'પાસપોર્ટની પાંખે' તેઓ ઉડ્યા છે તો એની પ્રેરણાથી 'હવા કે પંખો પર' લખવાની મને પ્રેરણા મળી છે. તેઓ હૃદયના સરળ હતા પણ શિસ્તના આગ્રહી હતા. એનું કારણ કે તેઓ એન.સી.સી.માં મેજરના પદ સુધી કામ કરી ચૂક્યા હતા. સદ્ભાગ્યે હું પણ એન.સી.સી.માં લેફ્ટેનન્ટ સુધી કાર્ય કરી ચૂક્યો હતો. હું તો માનું છું કે અનેક બાબતોમાં તેમની પાસેથી મને ઘણું શીખવાનું મળ્યું છે તેથી તે મારા ગુરુપદે રહ્યા છે. તેઓ મને એક મિત્રભાવે સલાહ આપતા રહ્યા છે અને હું નિરંતર પ્રગતિ કરું તેના માર્ગદર્શક રહ્યા છે.

તેમના ધર્મપત્ની પૂ. તારાબહેન એટલા જ વાત્સલ્યમયી, મમતામયી છે. તેઓનું વાત્સલ્ય મને મળતું જ રહ્યું છે. રમણભાઇની જેમ તેઓ પણ મારી પ્રગતિથી સંતોષ વ્યક્ત કરતા તે મારા માટે અમૂલ્ય નિધિ જેવું છે.

આવા સાક્ષર, સાહિત્યકાર મુરબ્બીની ચિરવિદાયથી હકીકતે તેમનો પરિવાર જ નહીં તેમના તમામ સાહિત્યકાર મિત્રો, પ્રવચનભક્તો અને સૌ આજે નિરાધાર બન્યાનો અનુભવ કરે છે. તેમની ખોટ ક્યારેય પૂરી થશે નહીં. તેઓ દેહથી ભલે આપણી વચ્ચે નથી પરંતુ તેમનો અક્ષરદેહ નિરંતર પ્રેરણા આપશે. ❖ ❖

# 'ભરેલો ઘડો કેવો શાંત અને સ્વસ્થ હોય એનું ઉત્તમ ઉદાહરણ ડૉ. રમણલાલ ચી. શાહ હતા.'

□ રોહીત શાહ

પોતાની વિદ્વતાને એક બાજુએ રાખીને હંમેશાં સહજ જિજ્ઞાસાવૃત્તિનું લાલન-પાલન કરતા રહેલા ડૉ. રમણલાલ ચી. શાહ નિર્દંભતાના ઉપાસક હતા.

ઉત્તમ વક્તા હોવાનું એમનું મુખ્ય લક્ષણ એ હતું કે ક્યારે બોલવું અને કેટલું બોલવું એનો સંયમ એમના વ્યક્તિત્વમાં છલોછલ હતો. તેમના લેખો કદમાં લાંબા રહેતા, તેમનું વક્તવ્ય એટલું જ ટૂંકું રહેતું.

એમની કલમને વિવાદ કદીય અભડાવી શક્યો નહોતો. 'જિનતત્ત્વ' પુસ્તકશ્રેણીમાં એમણે લખેલા લેખો સમતોલપણાની સુગંધ પ્રસરાવે છે. સમન્વય દ્વારા જ કંઈ પણ સિદ્ધ કરી શકાય એવી એમની સમજણને સૌ કોઈ બે હાથે સલામ કરતું હતું.

ડૉ. રમણલાલ ચી. શાહને પહેલી વખત જૈન સાહિત્ય સમારોહના એક કાર્યક્રમમાં મળવાનું થયું. એમની પ્રજ્ઞાનો પરિચય પહેલેથી જ હતો. ત્યાર પછી એકાદ-બે જાહેર કાર્યક્રમોમાં મળવાનું ય થયું પરંતુ સાવ અલપ-ઝલપ. આ કારણે ઝાઝો વ્યક્તિગત પરિચય ન થઈ શક્યો. થોડી નિખાલસ વાત કરું તો, એમના સાંનિધ્યમાં મુંબઇમાં યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા વખતે, એકાદ વખત વ્યાખ્યાન આપવાની લાલચ મનમાં હતી. પ્રયોજન એટલું જ કે મારા વ્યાખ્યાન પછી એમનો પ્રતિભાવ કેવો મળે છે એ જાણવા મળે ! એમની કસોટીમાંથી પસાર થવાનું સદ્‌ભાગ્ય મને ન મળ્યું એનો વસવસો સદાય રહેશે.

ગુજરાતમાં ધોરણ ૧૨ ના પાઠ્યપુસ્તકમાં 'પગરખાં ગોઠવનાર' શિર્ષક અંતર્ગત એમની એક કૃતિ લગભગ દસ વર્ષ સુધી વિદ્યાર્થીઓને ભણાવી. 'પાસપોર્ટની પાંખે' પુસ્તકમાંથી લેવાયેલી એ કૃતિ વાંચ્યા પછી વિદ્યાર્થીઓ મારી પાસે આખું પુસ્તક વાંચવાની તત્પરતા વ્યક્ત કરતા. પ્રવાહિતા અને પ્રાસાદિકતા વચ્ચે વહેતી એમની કલમ ક્યાંય ખોડંગાતી ન લાગે. ફેક્ટરીના માલિકનો છોકરો વિદેશમાં અભ્યાસ કરીને આવેલો છતાં અનુભવમાં જરાય ઊણો ન રહી જાય એટલે એને પોતાની ફેક્ટરીમાં જ સાવ સામાન્ય કામકાજમાં તાલીમ લેવા મૂકેલો. ફેક્ટરીની મુલાકાત માટે ગયેલા લેખક અને તેમના સંગાથીઓનાં પગરખાં વારંવાર તે યોગ્ય જગાએ ગોઠવીને મૂકે છે. આટલી સરળતા સમાજની પ્રત્યેક વ્યક્તિમાં આવી જાય તો સમાજ એકપણ બાબતમાં પછાત ન રહી શકે. અનેક લેખકોએ વિદેશ-પ્રવાસો કર્યા છે અને એ પ્રવાસના અનુભવોનું આલેખન પણ કર્યું છે. છતાં ડૉ. રમણલાલ ચી. શાહે જે અવલોકન કર્યું તે વિશિષ્ટ છે.

ડૉ. રમણલાલ ચી. શાહનો પ્રત્યક્ષ પરિચય મને જેટલો નથી, એટલો એમનો પુસ્તક-પરિચય છે. એમના ઘણાં લેખો મેં 'જૈન સમાચાર'માં પ્રગટ કર્યા છે. ગુજરાતી ભાષામાં પોતાનાં લખાણો ઉપરના કોપી રાઇટનું વિસર્જન કરનારા અન્ય લેખકો કેટલા? એમના કોઇપણ પુસ્તકમાંથી કોઇપણ લેખ પ્રગટ કરવા માટે એમની અનુમતિ લેવી ન પડે, એવી સગવડ એમણે સૌ કોઇને કરી આપી છે. કોપીરાઇટનું વિસર્જન કરીને એમણે પોતાની સરળ નિર્મોહિતા બતાવી હતી. આ વાત આજે કદાચ સામાન્ય લાગશે, પરંતુ ભવિષ્યમાં તેની મહત્તા સૌને સમજાશે. પોતાની હયાતી પછી, પોતાના વારસદારોને કોપીરાઇટ દ્વારા કેટલી બધી કમાણી થઈ શકે, એ તેઓ જાણતા જ હતા. છતાં સમાજને કશુંક આપી જવાની સહૃદયતાએ એમને આવું ઉમદા કાર્ય કરવા પ્રેર્યા. સંસાર છોડનારા પણ ક્યારેક તો આ કામ નથી કરી શકતા !

ડૉ. રમણલાલ શાહે અનેક વ્યક્તિચિત્રો (ચરિત્રલેખન) પણ કંડાર્યા છે. રાજકારણ, ધર્મ, શિક્ષણ, સાહિત્ય, વિજ્ઞાન, સમાજ વગેરે ક્ષેત્રોની વિભૂતિઓ વિશે લખવામાં ક્યાંય પક્ષપાત ન હોય અને ક્યાંય પૂર્વગ્રહ ન હોય. જેના વિશે આલેખન કરવાનું હોય તેનો સર્વાંગી અને સર્વગ્રાહી અભ્યાસ કરીને પછી જ કલમ ચલાવી હોય. આ બધામાં વચ્ચે પોતે ક્યાંય ન દેખાય. પોતાનો વટ પાડવાનું, પોતાનો પ્રભાવ પાડવાનું આ માણસને કદીય ન આવડ્યું. ઘણાં એવોર્ડ્સ મળ્યા, ઘણાં સન્માન મળ્યાં, ઘણી પ્રતિષ્ઠા મળી...છતાં અહંકાર લેશમાત્ર જોવા ન મળે ! નવું કોઈ પુસ્તક પ્રગટ થાય એટલે એની એક નકલ અચૂક યાદ કરીને મોકલી આપે. એમના સૌજન્યની ભીનાશથી પરોક્ષપણે સતત ભીંજાવાનું સદ્‌ભાગ્ય મળતું રહ્યું. એમની શૈલી નિરંતર એમના શીલને અનુસરતી રહી.

ડૉ. રમણલાલ ચી. શાહના આત્માને પરમ ધામમાં પરમ શાંતિ મળે એ માટે આપણે કશી પ્રાર્થના કરવી પડે એમ નથી. આવા સરલ અને ઉમદા આત્માને શાંતિ પામવાનો અધિકાર છે. આઘાત અને અફસોસ એટલો જ રહેશે કે આવું પ્રજ્ઞાસભર, નિર્દંભ વ્યક્તિત્વ હવે આપણી વચ્ચે રહ્યું નથી. ❖ ❖ ❖

---

# ડૉ. રમણભાઈ ચી. શાહની અણધારી વિદાય

**☐ વસંત નાનજી ભેદા**

પૂ. રમણભાઈ શાહ એટલે સાદગી અને તાજગીનો અદ્‌ભુત સમન્વય. સહજ, સરળ અને નિખાલસ અને જ્ઞાનપિપાસુ અને વળી જ્ઞાનદાતા અને આજીવન વિદ્યાર્થી અને શિક્ષક.

મારો એમની સાથે છેલ્લા ૨૫ વર્ષનો સંબંધ હતો. ખાસ કરીને અરિહંત આરાધક મંડળ દ્વારા દર મહિને નીકળતી યાત્રા પ્રવાસમાં, મંડળના યાત્રિકોને ડૉ. રમણભાઈ શાહનો ઘણો જ લાભ મળ્યો હતો. એમના પાસે ધર્મના પાયાના જ્ઞાનથી લઈને વિશેષ ઊંડા આત્મિક જ્ઞાન માટેની સૂઝ અને સમજ મળતી હતી. ધર્મના ફળરૂપે સરળતા અને નિર્દંભતા એ એમના જીવનમાં પરિણમેલી હતી.

જૈન તત્ત્વજ્ઞાનના જ્ઞાનપિપાસુઓ માટે ડૉ. રમણભાઈની હાજરી ઘણી જ સહાયક હતી. બાળજીવોથી માંડીને સાધક આત્માઓ માટે સહુને ઉપયોગમાં આવવાનો અભિગમ અવિસ્મરણીય રહેશે. આ કાળમાં સહકાર અને સહાયકભાવનો દુષ્કાળ વરતાય છે, ત્યારે એમને ત્યાં લીલીવાડીની ઠંડક હતી.

છેલ્લાં ઘણા મહિનાથી એમની લથડેલી અને કથળેલી તબિયતમાં એમની સ્વસ્થતા, સભાનતા અને સમતા અનુમોદનીય હતી. બીજાના માટે ઉપયોગમાં કેમ આવવું એ એમની ચિંતા, કથળતા સ્વાસ્થ્યમાં પણ રહેતી, પોતાની અંદર મગ્નતા પાંગરે એ માટે એમને આનંદઘન, દેવચંદ્રવિજયજી, યશોવિજયજી મા.સા.ના ભક્તિ-પદોની ચાહના રહેતી. આવા સમર્થ મહા આધ્યાત્માયોગીઓના પદો આત્માની આંતર ઉર્ધ્વ ચેતનાની ગતિને પ્રાણ પૂરનારા બની રહે છે.

ડૉ. રમણભાઈ જોડે સ્વાધ્યાય, વાંચન, સત્સંગ, તીર્થયાત્રા તથા સાહિત્ય સમારોહમાં વગેરેમાં અવારનવાર જવાનું થતું. એમની સાથેની સાનિધ્યમાં એટલું તો અવશ્ય આપણે અનુભવી શકીયે, પૂર્વ જન્મોના સાધકનો આત્મા આ ભરતક્ષેત્રમાં-ભારતની મોહમયી મુંબઈમાં આવી અને આપણા સહુ ઉપર અઢળક ઉપકાર કરીને સહજ નિર્લેપભાવે પોતાના આત્માની શ્રેષ્ઠ સાધના માર્ગે આગળ દેહબંધન માંથી છૂટા થયો અને સહજભાવે મૃત્યુને તેમણએ આવકાર્યું હતું.

આપણે સહુ પરમાત્માને ડૉ. રમણભાઈના આત્માની પરમ કેવળજ્ઞાન પરમપદની પ્રાપ્તિ માટે પરમ પ્રાર્થના નિરંતર કરીએ. ❖ ❖ ❖

# ડૉ. રમણભાઈ એટલે સાદગી, સરળતા અને સમતાનો સમન્વય

□ ડૉ. કલા શાહ

ડૉ. રમણભાઈની વિદાય એટલે જૈન ધર્મ, સાહિત્ય અને તત્ત્વજ્ઞાનના એક મહાન ચિંતકની ખોટ.

મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના માજી વડા એવા સાચા વિદ્વાન પ્રાધ્યાપકની ખોટ.

તેમના માર્ગદર્શનમાં વિદ્યા પ્રાપ્ત કરી વર્તમાનમાં અનેક વિશિષ્ટ પદ શોભાવતા (પ્રાધ્યપકો વગેરે) અઢળક વિદ્યાર્થીઓને માટે સ્વજન એવા માર્ગદર્શકની ખોટ.

આ ખોટ ક્યારેય પૂરાય તેવી નથી.

આ લેખમાં રમણભાઈ સાથેના યુનિવર્સિટીના વિભાગના વડા, મારા પીએચ.ડી.ના માર્ગદર્શક તથા અન્ય પ્રસંગોમાંથી ઉપસતી રમણભાઈની સ્વચ્છ નીતર્યા નિર્મળ નીર જેવી છબી ઉપસાવવાનો મારો પ્રયત્ન છે.

ડૉ. રમણભાઈના માર્ગદર્શનમાં મુંબઈ યુનિવર્સિટીમાંથી લગભગ વીસથી વધારે વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. આ વાત ગૌરવપ્રદ ગણી શકાય. શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા આયોજિત જૈન સમારોહમાં મે જૈન સાહિત્યમાં પીએચ.ડી. કરવાનો નિર્ણય કર્યો એ પ્રસંગને મારા જીવનમાં અવિસ્મરણીય ગણું છું.

મહુવામાં જૈન સાહિત્ય સમારોહમાં રમણભાઈના નેતૃત્વમાં યોજાયેલ જૈનસાહિત્ય સમારોહમાં જૈન તત્ત્વજ્ઞાન, ધર્મ અને સાહિત્યના એનસાયક્લોપીડિયા સમાન પૂ. અગરચંદજી નાહટા પ્રખર વિદ્વાન દલસુખભાઈ માલવણિયા અને પ્રાકૃત અપભ્રંશન ભાષાના તથા સાહિત્યના સાક્ષર શ્રી ડૉ. હરિવલ્લભ ભાયાણી અને ડૉ. રમણભાઈ શાહ, વિદૂષી તારાબેન તથા અન્ય વિદ્વાનોના વક્તવ્યોનું શ્રુતપાન કર્યા પછી મેં જૈન સાહિત્યમાં પીએચ.ડી. કરવાનો નિર્ણય લીધો. આ જૈન સાહિત્ય સમારોહમાં મારો સાચા અર્થમાં જૈન બનવાનો પ્રયત્ન શરૂ થયો. ઈ.સ. ૧૯૮૪માં પીએચ.ડી.ની ડિગ્રી મળી ત્યારથી આજે ૨૦૦૫ સુધીમાં રમણભાઈના સાન્નિધ્યમાં મારા આંતરિક વ્યક્તિત્વનો આધ્યાત્મિક વિકાસ થયો.

પીએચ.ડી.ના માર્ગદર્શક તરીકે મને રમણભાઈમાં રહેલી શિક્ષક તરીકેની શિસ્ત, એમનામાં રહેલી ચીવટ અને જરૂર પડે વિદ્યાર્થીને અવળા કાન પકડી સમતાભાવે સમજાવવાના ગુણનો સહજ પરિચય થયો. ડૉ. રમણભાઈને હું પી.એચડીના માર્ગદર્શક તરીકે તેમની વિશેષતાઓને યાદ કરું તો એક વિશિષ્ટ શિક્ષકની છબી ઉપસે છે.

ડૉ. રમણભાઈ પીએચ.ડી. કરનાર વિદ્યાર્થીને કહેતાં. (૧) પીએચ.ડી. કરનાર વિદ્યાર્થીમાં શિસ્ત, નિયમિતતા, વિષયની પસંદગીમાં કાળજી, સંશોધનકાર્ય કરવાનો પોતાનો રસ, સ્વચ્છ લખાણ, વિષયમાં ઊંડા ઉતરી મૌલિક વિચારો વ્યક્ત કરવાની શક્તિ વગેરે ગુણો હોવા જોઈએ અથવા કેળવવા જોઈએ.

(૨) રમણભાઈ વિદ્યાર્થી સાથે સ્વજનની જેમ વર્તતા. નિયમિત રીતે અઠવાડિયાનો એક દિવસ દરેક વિદ્યાર્થીને બોલાવી વિષયની ચર્ચા કરતા. તેમની સાથેની ચર્ચામાં થિસિસના કાર્યની સંપૂર્ણ પદ્ધતિ જાણવા મળતી. અન્ય ગ્રંથોના સંદર્ભો કેવી રીતે મૂકવા તે સમજાવતા. આ બધી ચર્ચાઓ દરમ્યાન ચા-પાણીની સાથે સાથે હળવા ટૂચકાઓ તથા પરદેશના અનુભવો અમને સંભળાવતા ત્યારે ભારે ભડખમ વિદ્વાનની સાથ હળવી પળો માણવા મળતી.

(૩) રમણભાઈ આગ્રહ રાખતા કે વિદ્યાર્થી પોતાનું લખાણ ફૂલસ્કેપની જમણી બાજુએ સ્વચ્છ અક્ષરે લખે જેથી સામેની બાજુએ પોતાના મુદ્દા, સુધારાવધારા સાથે ટાંકી શકે. મારા લખાણમાં લીલી સહીથી સુંદર સુડોળ અક્ષરે તેમણે કરેલા સુધારાવાળા પાના મેં આજ દિન સુધી સાચવી રાખ્યા છે. રમણભાઈ મોટા (ઊડીને આંખે વળગે તેવા) અક્ષરે લખતા એ એમની વિશેષતા ગણાય.

(૪) અનેક સૂચનો દ્વારા થિસિસમાં અનેક વિદ્વાનો, સાક્ષરોના મંતવ્યો, વિષયના ઊંડાણને સ્પર્શવાની ખાસ ચીવટ, સાથે સાથે વિદ્યાર્થીની પોતાની મૌલિક દૃષ્ટિ - આ બધું રમણભાઈ પાસેથી શીખવા મળ્યું.

ડૉ. રમણભાઈ પીએચ.ડી.ના માર્ગદર્શક તરીકે અનન્ય હતા. તેમની પદ્ધતિએ મને પણ માર્ગદર્શક તરીકે દિશા બતાવી છે.

વિદ્યાર્થીની થિસિસનું લખાણ સંપૂર્ણ પહેલેથી છેલ્લા પાના સુધીનું પોતે વાંચી જતા અથવા વંચાવતા. નાની સરખી ભૂલ પણ તેમની નજરમાંથી છટકી શક્તી નહિ.

યુનિવર્સિટીમાં ફી ભરવાથી લઈને વિદ્યાર્થીની મૌખિક પરીક્ષા થાય ત્યાં સુધી રમણભાઈ સહાય કરતા.

### યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા

સમગ્ર વિશ્વભરની યુનિવર્સિટીઓમાં મુંબઈ (બૉમ્બે) યુનિવર્સિટી ટોચનું સ્થાન આજે પણ ધરાવે છે. અન્ય ભાષાઓના વિભાગની સાથે સાથે ઈ.સ. ૧૯૭૦માં ગુજરાતી વિભાગની સ્થાપના મુંબઈ યુનિવર્સિટીમાં થઈ. તે સમયના અન્ય પ્રાધ્યાપકો આ ગૌરવવંતી ખુરશીની હરીફાઈમાં હતા. તે છતાં ડૉ. રમણભાઈ પર ગુજરાતી વિભાગના વડા તરીકેનો કળશ ઢોળાયો અને સાહેબે ગુજરાતી વિભાગને વર્ષો સુધી જતન કરીને જાળવ્યો. યુનિવર્સિટીના વડા તરીકે વિચારતા જણાય છે કે તેઓ પ્યુનથી લઈને યુનિવર્સિટીના અનેક વિભાગોના કાર્યકરો સાથે સ્વજનની જેમ વર્તતા, પોતે એક વિભાગના વડા (હેડ) છે તે પ્રતીતિ કોઈને ક્યારેય થવા દેતા નહિ. તે છતાં બધાં પાસે વ્યવસ્થિત કામ કરાવતા. તેઓ પોતે સેંટ ઝેવિયર્સ કૉલેજમાં વર્ષો સુધી એન.સી.સી.માં કાર્યરત રહેલા હોવાથી કડક શિસ્તના આગ્રહી હોય એ સ્વાભાવિક છે. શિસ્તની સાથે સાથે રમણભાઈની યાદ રાખવા જેવી વિશેષતા એ હતી કે તેઓ ક્લાસમાં (૧૦૦ થી ૧૫૦ વિદ્યાર્થીઓના) દરેક વિદ્યાર્થીનું નામ યાદ રાખતા અને નામથી જ બોલાવતા. (આ ગુણ બહુ ઓછા પ્રાધ્યાપકોમાં જોવા મળે છે.) રમણભાઈએ ગુજરાતી વિભાગની ખુરશી સંભાળી અને પોતે નિવૃત્ત થયા ત્યાં સુધી આ વિભાગનું ગૌરવ વિશેષ રીતે વધાર્યું.

રમણભાઈ મુંબઈની ચર્ચગેટથી દહિંસર અને ભીવંડી સુધીના કૉલેજોના પ્રાધ્યપકોમાં 'પ્રિય' હતા. કારણકે તેઓ બધાંને એક સૂત્રે બાંધી રાખતા. દરેક પ્રાધ્યાપકને (સિનિયર કે જુનિયર) તેમના પ્રશ્નો કે મૂંઝવણોમાં યોગ્ય માર્ગદર્શન સાંત્વનાપૂર્વક આપતા. ગુજરાતી ભાષાના પ્રાધ્યાપકો (૧૫૦) જેની રાહ જોતા એવા અધ્યાપક મિલન વર્ષમાં બે વાર તેઓ યોજતા. સત્રના પ્રારંભમાં સ્નેહમિલનમાં નવા પ્રાધ્યાપકોનો પરિચય થતો અને સત્રના અંતે યોજાતા મિલનમાં નિવૃત્ત થતા શિક્ષકોને ગૌરવપૂર્ણ વિદાય અપાતી.

આ સમયગાળા દરમ્યાન કૉલેજોમાં કાર્યરત ગુજરાતી શિક્ષકોનો ઉત્સાહ અનેકગણો વધ્યો હતો. બધામાં એક ચોક્કસ પ્રકારનો સ્નેહભાવ સર્જાયો હતો. રમણભાઈએ પોતાના સમભાવી સ્વભાવને કારણે કોઈપણ શિક્ષકને ક્યારેય નિરાશ નથી કર્યા. પોતે નિવૃત્ત થયા ત્યારે યુનિવર્સિટીના ઑફિસ સ્ટાફને ગુપ્ત દાન તરીકે સારી એવી રકમ દાન આપી, જેના

દ્વારા તેઓને લોન વગેરે મળી શકે.

આ રીતે રમણભાઈએ મુંબઈ યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગની છબી એક સ્વચ્છ અને સક્રીય વિભાગ તરીકેની ઉપસાવી હતી.

**જૈન સાહિત્ય સમારોહના યોજક, સંયોજક અને આયોજક**

સંસ્કૃત, પ્રાકૃત, જૂની ગુજરાતી અને વર્તમાન ગુજરાતી ભાષામાં જૈન સાહિત્યનું વિપુલ ખેડાણ થયું છે. જૈન સાહિત્યના વિદ્વાનો, રસજ્ઞો તથા સામાન્યજનોને એક મંચ પર લાવી તેનો પરિચય અને આસ્વાદ કરાવવાનું ભગીરથ કાર્ય રમણભાઈ **'જૈન સાહિત્ય સમારોહ'**ના આયોજન દ્વારા કર્યું. આ સાહિત્ય સમારોહ મુંબઈ, મહુવા, પાલિતાણા, કચ્છ, સુરત, પાટણ, પાલનપુર, સુમેરુ વગેરે તીર્થોમાં યોજાતા. આ સમારોહમાં જૈન ધર્મ, તત્વજ્ઞાન અને સાહિત્યના વિદ્વત્તાપૂર્ણ નિબંધો ગુરુભગવંતોની નિશ્રામાં વંચાતા, અનેક પ્રકારની ચર્ચા વિચારણાઓ થતી. સાથે સાથે ઉત્તમ ભોજન અને આસપાસની પંચતીર્થી યાત્રાનો લાભ પણ મળતો. સાંજની બેઠકમાં વક્તાઓ અને શ્રોતાઓને રમણભાઈની સાથે હળવી પળો માણવાની તક મળતી ત્યારે રમણભાઈમાં છુપાયેલો હાસ્યકાર પ્રગટ થતો. તત્વચિંતક રમણભાઈ ટ્રેઈનની સફરમાં બધાંની સાથે બીજા વર્ગમાં જ સફર કરતા.

જૈન સાહિત્ય સમારોહની ફલશ્રુતિ એ થઈ કે અમારા જેવા અભ્યાસીઓને જૈન સાહિત્ય અને તત્વજ્ઞાનને સમજવાની સાચી દિશા મળી અને એ જ દિશામાં લખવાની પ્રેરણા મળી. મારી વ્યક્તિગત ફલશ્રુતિ રૂપે મને 'ગુજરાત સમાચાર' તથા 'મુંબઈ સમાચાર' જેવા માતબર દૈનિકોમાં જૈન કોલમ લખવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું. એ લખો પુસ્તકાકારે 'જ્ઞાનસાગરનાં મોતી' ભાગ-૧-૨-૩ રૂપે પ્રગટ કરી શકી.

એકવાર ડૉ. કુમારપાળ દેસાઈએ મારો પરિચય આપતા કહ્યું હતું, "મુંબઈમાં એક રમણભાઈ રૂપી વટવૃક્ષ છે જેની અનેક શાખાઓ વિકસી છે, એમાં ડૉ. કલાબેન, ડૉ. હંસાબેન, ડૉ. ઉત્પલા મોદી વગેરે છે."

છેલ્લા પચ્ચિસ વર્ષના ગાળામાં રમણભાઈએ અનેક વિદ્વાનો નીપજાવ્યા એમ કહું તો અતિશયોક્તિ નહિ ગણાય.

**અંગત અવિસ્મરણીય પ્રસંગ**

જેણે સ્વયં મધ્યમ વર્ગની મુશ્કેલીઓનો સંઘર્ષ કર્યો હતો એવા રમણભાઈના હૃદયમાં મધ્યમવર્ગનું જીવન જીવતા અમારા જેવા લોકો માટે કંઈ વિશેષ કરવા માટેની ભાવના જાગૃત હતી. અને તેને આચરણમાં મૂકવા માટે 'મુંબઈ જૈન યુવક સંઘ'ના નેજા હેઠળ એક સુંદર આયોજન કર્યું. આ યોજના હેઠળ પોતાના ક્ષેત્રમાં નિષ્ણાત એવા લોકો પોતાના આર્થિક સંજોગોને કારણે ક્યારેય પરદેશ જઈ શકતા નથી તેઓને પસંદ કરી સ્પોન્સરશીપ દ્વારા પરદેશ મોકલ્યા. આ યોજના દ્વારા આવી વિશેષ વ્યક્તિઓને વિશ્વના સુંદર શૈક્ષણિક અને સાંસ્કૃતિક સ્થળો જોવાનો અને માણવાનો લાભ મળે. આ યોજનાનો લાભ મેળવવાનું સદ્ભાગ્ય મને પણ પ્રાપ્ત થયું. પીએચ.ડી. થયા પછી એક દિવસ ૧૯૮૫માં યુનિવર્સિટીમાં રમણભાઈએ મને કહ્યું, "કલાબેન, તમારે યુરોપ જવાનું છે." આ વાક્ય સાંભળી હું તો સ્તબ્ધ જ થઈ ગઈ. મેં માથેરાન જોયું નથી અને મને યુરોપ જવાની તક મળે એ વાતને હું સ્વપ્ન માનું કે ચમત્કાર માનું ? ના પણ આ એક હકીકત હતી.

મારા કૌટુંબિક સંજોગોને લીધે હું યુરોપના પ્રવાસે જવા ખચકાતી હતી. પણ રમણભાઈના હુકમમાં નર્યો સ્નેહભાવ નીતરતો હતો. મેં ના પાડી ત્યારે તેમણે મને કહ્યું, "કલાબેન દુનિયા જોવા જેવી છે. વિશ્વને જોવાથી વ્યક્તિની દૃષ્ટિ ખૂલી જાય છે. કુટુંબની ચિંતા છોડી દો, બધું બરાબર થશે, તમે મુક્ત મને યુરોપનો પ્રવાસ કરી આવો."

આમ મારા મધ્યમવર્ગીય સંઘર્ષમય વાતાવરણમાંથી મુક્ત થઈ અન્ય સાત સભ્યો સાથે યુરોપના પ્રવાસ દરમ્યાન રોમ, ફ્રાન્સ, પેરિસ, જીનિવા, સ્વીટર્ઝલેન્ડ, લંડન અને લેસ્ટર વગેરે સ્થળોને નરી આંખે નીરખ્યા. લંડન અને લેસ્ટરમાં વસતા જૈનોમાં રમણભાઈ પ્રત્યેના અહોભાવને કારણે અમને મળેલા માન સન્માન આજે પણ સાંભરે છે. યુરોપના પ્રવાસે જનાર અમારામાંથી કોઈનેય ખબર નથી કે અમારા સ્પોન્સર કોણ હતા. રમણભાઈના વ્યક્તિત્વનું આ એક ખાસ પાસુ હતું.

રમણભાઈના વ્યક્તિત્વમાં એ એમની સાદગી ઊડીને આંખે વળગે તેવી હતી, તેમની વાણી અને વર્તનમાં સરળતા અન સમતાભાવ હતા. તેમનામાં રહેલા આ વિશેષ ગુણોને લીધે તેઓ પ્રાધ્યાપકજગતમાં, વિદ્યાર્થીઓમાં, અભ્યાસીઓમાં અને સામાન્યજનોમાં અત્યંત લોકપ્રિય બની રહ્યા. અંતમાં એટલું જ કહીશ કે રમણભાઈ અમારા સદ્ગુરુ હતા. ઉપાધ્યાય યશોવિજયજી એ એક સજઝાયમાં કહ્યું છે,

**"સદ્ગુરુ એવા સેવિયે, જે સંયમગુણ રાતા રે,**
**નિજ સમ જગ જન જાણ, વીર વચનને ધ્યાતા રે...."**

❖ ❖ ❖

# 'કમાલ છે, આ તારા સર, રમણ...લા...લ...'

**□ પ્રો. ડૉ. દિનેશ હ. ભટ્ટ**

'કમાલ છે, આ તારા રમણ...લા...લ...!'

'જા દીકરા...હવે તારી થિસિસને વાંધો આવે જ નહીં...અને આ રમણલાલ શાહ જેવા 'મુંબઈ યુનિવર્સિટી'માં 'ગાઈડ' હશે ત્યાં સુધી યુનિવર્સિટીનો ગઢ સહીસલામત છે...અને રાજાબાઈ ટાવર ગૌરવપૂર્વક અડીખમ ઊભો રહી શકશે...'

વર્ષો પહેલાં એક આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ગુર્જર નાટ્યવિદ્ સ્વ. ચંદ્રવદન સી. મહેતાના આ શબ્દો આજે પણ એટલા જ સાર્થક અને પ્રસ્તુત જણાય છે.

લગભગ ૧૯૬૩–૬૪ ની સાલની આ વાત છે. ત્યારે હું પ્રાર્થના સમાજ પર આવેલી લીલાવતી (કબુબાઈ) લાલજી દયાળ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે અધ્યાપનકાર્ય કરાવતો હતો, સાથે સાથે 'વિજય મિત્ર મંડળ' 'ટીચર્સ ટ્રેનિંગ એકાદમી', આઈ.એન.ટી. અને 'રંગભૂમિ' જેવી સંસ્થાઓમાં થોડીક નાટ્યપ્રવૃત્તિ પણ કરતો હતો...નાટકો કરતા કરતા રંગભૂમિ વિશે કંઈક નક્કર અને ચિરંજીવી કાર્ય કરવાનું વિચારતો હતો.

એ સમયે કદાચ મુંબઈ યુનિવર્સિટીમાં હજી 'ગુજરાતી ડિપાર્ટમેન્ટ'નો પ્રારંભ થયો હતો. મુંબઈની સર્વોચ્ચ ગણાતી સેન્ટ ઝેવિયર્સ કૉલેજના ગુજરાતી વિભાગના અધ્યક્ષ, મુંબઈ યુનિવર્સિટીના અનુસ્નાતક ડૉ. રમણભાઈ શાહ સંશોધન વિભાગના 'ગાઈડ'–માર્ગદર્શક નિમાયા હતા. આવા મોટા માણસનો સંપર્ક સાધવો એ પણ મારે માટે મુશ્કેલ કામ હતું. પરંતુ મારા મિત્ર પ્રો. કાન્તાબેન ઠક્કર અત્યારે મારાં પત્ની મને સહાયરૂપ થયા. તેમણે પ્રો. ડૉ. રમણભાઇને મારા વિષે વાત કરી. મુ. રમણભાઈએ ખૂબ જ ગંભીરતાથી તેમને કહ્યું,

'મારે એવી વ્યક્તિ જોઇએ, જે શરૂઆત કરી અટકી ન જાય, પ્રારંભે શૂરા ન હોય...પણ એક સાધકની જેમ ખૂબ જ નિષ્ઠાપૂર્વક ઊંડાણથી અભ્યાસ કરી, સંશોધન કરે. ફરી ફરી લખવું પડે, વારંવાર ગ્રંથો જોવા પડે તોપણ થાકે નહીં, અને મારો સમય બગાડે નહીં...કારણકે મારે બીજાં ઘણાં કામ કરવાના હોય છે. અન્ય વિદ્યાર્થીઓને પણ સમય આપવાનો હોય છે.'

–અને મેં રમણભાઈનો સંપર્ક સાધ્યો.

મારા મનમાં જે વિષયો હતા તે વિશે ચર્ચા કરી, અને અંતે ગુજરાતી પરંપરાગત રંગભૂમિના સુવર્ણયુગના પાયાના પથ્થરસમા 'મૂળશંકર મુલાણીના રંગભૂમિના પ્રદાન'-ના સંદર્ભમાં સંશોધન કરવાનું વિચાર્યું. પ્રો. ડૉ. રમણભાઈ શાહ વિશે ઘણું ઘણું સાંભળેલું. ..તેઓ બહુ મોટા ગજાના વિદ્વાન...ગુજરાતી વિભાગના પ્રથમ અધ્યક્ષ અને...'ગાઈડ'...અને હું તો સાવ સામાન્ય શિક્ષક !' તેમનું વ્યક્તિત્વ જ કંઈક અનોખું હતું. પૂર્ણપણે શિસ્તબદ્ધ, કંઈ પણ ભૂલ કે અપૂર્ણતા ચલાવી ન લે તેવા...કંઈ પણ આડીઅવળી વાતો કે આત્મશ્લાઘા કર્યા વગર મુખ્ય મુદ્દાની જ સીધી વાત કરવી એ તેમનો સ્થાયીભાવ હતો. તેમણે મારા વિષય માટે અનુમતિ તો આપી, પરંતુ એ પહેલાં નાટ્યવિદ્ સી. સી. મહેતા–ચંદ્રવદન ચીમનલાલ મહેતા–ને મળી લેવા જણાવ્યું. રંગભૂમિની આછીપાતળી પ્રવૃત્તિ કરતો હતો, એથી તેમના વિશે પણ ઘણું સાંભળેલું. મિત્રો કહેતાં, 'દુર્વાસા જેવો ગુસ્સો છે, પણ એવા જ પ્રેમાળ પણ છે. રંગભૂમિ તેમનો શ્વાસોશ્વાસ છે'–ગભરાતો ગભરાતો હિંમત કરી એક વાર તેમને મળ્યો...ધીમેધીમે તેમને બધી જ વાત કરી. તેમના મેઘધનુષી સ્વભાવની ઝલક મળી...તેમણે જાણે કે ટેલિગ્રાફિક ભાષામાં કહેતા હોય તેમ કહ્યું, 'મળતો રહેજે'.....

બસ, અને વદન પર એવો ભાવ આવ્યો કે મને થયું કે આ 'ચંદ્રવદન'...સાહેબ મને જવાનું કહે છે...હું જાણે કે ભાગ્યો જ...!!

પ્રો. ડૉ. રમણભાઈના માર્ગદર્શન નીચે અધ્યયન અને સ્વાધ્યાય કરતો ગયો. એ સમયના અર્થાત્ પરંપરાગત રંગભૂમિના નાટકોમાં ગીતો બહુ જ મહત્ત્વનો ભાગ ભજવતા. નાટકનું વિશ્લેષણ કરીને ગીતો પર એક આખું પ્રકરણ તૈયાર કરવાનું હતું. ખૂબ ખંતપૂર્વકના અભ્યાસ અને પ્રયત્નો પછી માંડ માંડ ગીતો મળ્યા તો ખરાં, પરંતુ એ કયા રાગમાં ગવાયા હશે તે કેમ ખબર પડે ?... પ્રયત્નો પછી એ વિશે થોડી જાણકારી મળતી ગઈ. પછી મારા ખાસ મિત્ર અને સંગીતજ્ઞ, પંકજ મલિકના શિષ્ય, રમેશ દાણીની સહાયથી એ ગીતો નાટકની જે ઘટના અને જે જે પ્રસંગો અને પાત્રો દ્વારા રજૂ થતાં તે ગીતના રાગને અનુરૂપ હતા કે નહીં તેની યોગ્યતાનો સારો એવો અભ્યાસ કરી મારી રીતે લખી ડૉ. રમણભાઈને આપ્યું. તેમણે પંદર દિવસ પછી મળવા કહ્યું. મારો એકે એક દિવસ જાણે કે કટોકટીમાંથી પસાર થતો હોય એવું લાગ્યું ! માંડ માંડ પંદર દિવસ પૂરા થયા. હું સાહેબને મળવા ગયો, લખેલું પ્રકરણ તેમને આપ્યું. ખૂબ ગંભીર મોઢું રાખી તેમણે કડકાઈથી કહ્યું.

'આવું થિસિસમાં ન ચાલે'–

'કેમ સર, મારી કંઈ ભૂલ થઈ છે ?'

'ભૂલ નહીં, પણ બધું અપૂર્ણ છે.'

'અમૂક રાગનુંગીત, તમે દર્શાવેલી ઘટના સમયે રજૂ કરી શકાય એવું કહેનાર આપણે કોણ ?'

'પરંતુ મેં સંગીતજ્ઞ પાસે ગવરાવીને, સમજીને બધું રજૂ કર્યું છે.'

'એની શી ખાત્રી ? કોઈ 'ઓથેન્ટિક'–પ્રમાણભૂત–માહિતી છે ?'

'...એ...તો...એ...તો'...વધારે બોલી શક્યો નહીં.

–અને એમણે તુરત જ અલમારીમાંથી લગભગ અર્ધો ડઝન મોટા મોટા ગ્રંથો મારા હાથમાં મૂક્યા. હું તો આશ્ચર્યચકિત થઈ ગયો...મને થયું...હવે હું થિસિસ પૂરી નહીં કરી શકું...ગયા...કામ સે...!

–'જુઓ આ ભારતના સર્વોચ્ચ સંગીતશાસ્ત્રીઓના વિવિધ રાગો પરના પુસ્તકો છે. જોકે એમાં તમે જે લખ્યું છે એ જ છે...તમારી મહેનત યોગ્ય માર્ગે છે...ધન્યવાદ ! પણ તમારે જે કંઈ તમે વિધાન કર્યા છે, તેના સંદર્ભમાં આ વિદ્વાનોએ જે કહ્યું છે તે રજૂ કરી તમારા વિધાનોને વિશ્વસનીય અને 'ઓથેન્ટિક' રીતે મૂકવાના છે...એ માટે તમારે બધું ફરી લખવું પડશે...'

તદુપરાંત તેમણે દેશ–પરદેશના નાટ્યધૂરંધરો અને નાટ્યવિદોના ગ્રંથો પણ આપ્યા. ભરતમુનિના નાટ્યશાસ્ત્રનો અભ્યાસ કરી 'નાયિકા–ભેદ' 'રસનિષ્પત્તિ' ઇત્યાદિ ઘટકોની નાટકોના સંદર્ભમાં ચર્ચા કરવાનું જણાવ્યું.

હું ફરી એકવાર આશ્ચર્યચકિત થઈ ગયો !

તેમણે કહ્યું એ બધું ખ્યાલમાં રાખી, મારી રીતે લખતો ગયો, તેમને બતાવતો ગયો. એવામાં એક દિવસ 'ફોર્બસ ગુજરાતી સભા'ની લાયબ્રેરીમાં બેસી કાર્ય કરતો હતો ત્યાં અચાનક વાવાઝોડું આવ્યું હોય એમ, 'સી. સી. મહેતા'–ચંદ્રવદન ચીમનલાલ મહેતા–આવી પહોંચ્યા અને મને દબડાવી ઉધડો લીધો !...

પરન્તુ જ્યારે મેં ઉપરોક્ત પ્રસંગ તેમને કહ્યો ત્યારે બોલી ઊઠ્યા... કમાલ છે, તારા સર, આ રમણ...લા...લ...!'

સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાંથી ગુજરાતી નાટક કોઈ સ્પર્ધા માટે રજૂ કરવાનું હતું. પ્રો. ડૉ. રમણભાઇએ મને પૂછ્યું:

'તમે દિગ્દર્શન કરી શકશો ?'

એ વખતે મેં કેટલાંક એકાંકી દિગ્દર્શિત કર્યા હતા, એથી મેં તુરત જ 'હા' પાડી.

'કયું નાટક કરવાનું છે ?' મેં પૂછ્યું.

'એ તમારે નક્કી કરવાનું.'

હું ફરી એકવાર અસમંજસમાં પડી ગયો. ખૂબ મનોમંથન અને અન્ય એકાંકીઓ તપાસ્યા પછી મેં રમણભાઈનું એકાંકી તેમની સમક્ષ મૂકી કહ્યું:

'–આ નાટક કરાવું તો આપની અનુમતિ છે ને ?'

'અરે, આ તો મારું જ એકાંકી છે !'

'મેં તમારા 'એકાંકી–સંગ્રહ'માંથી મેળવ્યું છે.'

'પણ તમને કોઈ જાણીતા નાટ્યકારનું સારું નાટક નથી મળતું ?'

'મને તો આ જ સારું લાગે છે.'

'કેમ ?'

'કારણ કે એમાં કૉલેજ–જીવનની જ વાત છે.'

'પણ મારી જ કૉલેજમાંથી મારું જ નાટક રજૂ થાય એ કેવું લાગે ?'

'સર, મારી દૃષ્ટિએ તો એ જ સારું લાગે...'

'જો જો હોં...'

–અને અમે એમના નાટકના રિહર્સલ શરૂ કર્યા. નાટક સરસ રીતે તૈયાર થયું. સ્પર્ધામાં દબદબાભેર રજૂ થયું અને પારિતોષિક પણ મળ્યું...

–પારિતોષિક વિતરણના સમારંભમાં એક એવો સૂર નીકળ્યો કે પ્રત્યેક કૉલેજના પ્રાધ્યાપકે પોતાની કૉલેજના વિદ્યાર્થીઓની સજ્જતાનો ખ્યાલ રાખી પોતે જ નાટક લખવું જોઇએ'–અને રમણભાઇએ રમૂજોનો વરસાદ વરસાવી દીધો.

'સરસ્વતીચંદ્ર' નવલકથા અને સાક્ષરવર્ય ગોવર્ધનરામ ત્રિપાઠીના પ્રદાનની ઉજવણી નિમિત્તે રચાયેલી સન્માન સમિતિએ 'સરસ્વતીચંદ્ર' નાટક તથા પરિસંવાદનું આયોજન કરવાનું વિચાર્યું. એ સમયે ગોવિંદ સરૈયા કૃત હિન્દી ફિલ્મ 'સરસ્વતીચન્દ્ર' ખૂબ જ લોકપ્રિય બની હતી. સમિતિએ 'સરસ્વતીચન્દ્ર' નાટક તૈયાર કરવાનું પણ સરૈયાજીને સોંપ્યું. એ સમયે તાજેતરમાં જ રવિશંકર મહારાજના જીવન પર આધારિત ગુજરાતી ફિલ્મ–'માણસાઇના દીવા'–તેમણે તૈયાર કરી હતી. રવિશંકર બાપા બધા જ બહારવટિયાનું હૃદયપરિવર્તન કરાવી શક્યા હતા, પરંતુ 'બાબર દેવા' ખૂબ જ ક્રૂર અને જિદ્દી હતો. એક વખતે 'ભગત' કહેવાતો આ માણસ ભગતમાંથી બહારવટિયો બન્યો હતો. રામાયણના રચયિતા વાલ્મીકિ ઋષિથી અહીં ઉલટો ક્રમ રચાયો હતો...પરંતુ બરોડા સ્ટેટના

જવાંમર્દ પોલીસ ઑફિસર ભટ્ટસાહેબે તેને પકડવાનું બીડું ઝડપ્યું...અને પકડ્યો હતો. પોલીસ ઑફિસર ભટ્ટ સાહેબના પત્ની શાન્તાબેન (કવિ કાન્તના ભત્રીજા) એટલે કે મારા માતુશ્રી એ સમયે સંયોગોવશાત્ મુંબઈમાં જ હતા. એથી 'માણસાઇના દીવા'ના પટકથા લેખક ભરત દવે અને દિગ્દર્શક ગોવિંદ સરૈયા અમારે ત્યાં, એ ઘટનાની વિશેષ વિગત જાણવા આવેલા; આમ અમારે પરિચય થયેલો. એમણે મને 'સરસ્વતીચંદ્ર'માં બુદ્ધિધનનું પાત્ર ભજવવાની ઓફર કરી. મને તો જાણે 'ભાવતું હતું ને વૈદ્યે કહ્યું'–જેવી અનુભૂતિ થઈ.

રિહર્સલ શરૂ થયા. મને સાક્ષરવર્ય ગોવર્ધનરામના દીર્ઘસૂત્રી સંવાદો બોલવાની ખૂબ તકલીફ પડતી. સંવાદ યાદ રાખું તો અભિનય ભૂલાય, અભિનય અને મૂવમેન્ટમાં ધ્યાન રાખવા જાઉં...તો સંવાદમાં લોચા થાય ! !!

એ સમયે અનાયાસે જ પ્રૉ. રમણભાઈને મળવાનું થયું. વાતોવાતોમાં મેં મારી દયનીય સ્થિતિ જણાવી અને તેઓ ખડખડાટ હસી પડ્યા. મેં કહ્યું દિગ્દર્શક સરૈયાજી તે વાક્યના બે ભાગ કરી, (તોડીને) સંવાદ બોલવાની સલાહ આપે છે, પણ મને ક્ષોભ સાથે રંજ રહે છે કે પંડિત ગોવર્ધનરામની લાક્ષણિકતાનું શું ? એ તો કોઈ કાળે જોખમાવી ન જોઈએ. ડૉ. રમણભાઈ મારી મુશ્કેલી તુરત જ સમજી ગયા. તેમણે થોડીક યોગ અને પ્રાણાયામની વાતો કરી કહ્યું;

'જ્યારે બહુ લાંબુ વાક્ય આવે ત્યારે તમે પહેલાં ઊંડો શ્વાસ લેજો...પછી જુઓ...સડસડાટ બોલાશે.'

મેં ઘેર જઈ પ્રેક્ટીસ કરી, જામતું ગયું અને બીજે દિવસે રિહર્સલમાં એ વાક્ય સડસડાટ બોલી, મારા દીકરા પમાદધન એટલે કે આજના મોટા ગજાના નાટ્યકાર નિમેષ દેસાઈને લાફો ઝીકી દીધો ! બધા ખુશ થઈ ગયા.

દિગ્દર્શક ગોવિંદ સરૈયા, કલાકારો નિમેષ દેસાઈ અને ખ્યાતનામ ગોપી દેસાઈ (કુમુદ)–બધા નિરાંતે મળ્યા ત્યારે ચમત્કારનું રહસ્ય પૂછ્યું, મેં એમને મારા ગુરુ રમણભાઈ વિશે વિગતે વાત કરી...

–અને જાણે કે તેઓ બોલી ઊઠ્યા.

'કમાલ છે, આ તારા સર રમણ...લા...લ...'

'એ તો બધા ક્ષેત્રના નિષ્ણાત હોય એવું લાગે છે.' મેં કહ્યું...'લાગે છે નહીં, છે જ.'

'કદાચ આજના યુગમાં તેઓ એક ઋષિ જેવું વ્યક્તિત્વ ધરાવે છે. આધુનિક પરિવેશમાં–પેન્ટ–શર્ટમાં કે શૂટેડ–બૂટેડ ઋષિને જોવા હોય તો સેન્ટ ઝેવિયર્સમાં પહોંચી જવું.'

આવું અનોખું વ્યક્તિત્વ છતાં તેઓ હંમેશાં બધાની સાથે બધાના જેવા થઈ હળવાશથી વાતો કરતા. ખૂબ તેજસ્વી બુદ્ધિપ્રભા હોવાથી ક્યારેક એમની રમૂજ કેટલાકને મોડી મોડી સમજાતી. 'જૈન યુવક સંઘ'ના ઉપક્રમે યોજાતી 'પર્યુષણ વ્યાખ્યાનમાળા'માં હું અવારનવાર જતો. તેમના સમાપનમાં જ્ઞાનસમૃદ્ધ વક્તાના વક્તવ્યનો નીચોડ તો અવશ્ય હોય જ , પરંતુ સાથે સાથે ખડખડાટ હસાવે, ક્યારેક આછું સ્મિત કરાવી દે એવી રમૂજો સાંભળવી એ પણ અનન્ય લહાવો હતો.

પ્રૉ. ડૉ. રમણભાઈમાં તેમ જ તેમના સમગ્ર પરિવારમાં એક ઉમદા જીવન જીવવા માટેના અદ્ભુત સંસ્કારોની મહેક સતત સૌને પ્લાવિત કરતી હતી. પૂ. મુરબ્બી પ્રૉ. તારાબેન, પ્રિય અમિતાભ અને શૈલજામાં તેના સતત દર્શન થતા હતા. વર્ષોથી અમેરિકા નિવાસી હોવા છતાં અમિતાભ હજુ પણ નિતાંત ભારતીય રહ્યાં છે. પૂ. પ્રો તારાબેનની સોફાયા કૉલેજમાં પણ નાટકનું દિગ્દર્શન કરવાની સરસ તક તેમણે મને આપી હતી. 'પર્યુષણ વ્યાખ્યાનમાળા'માં તેઓ બન્નેને સાંભળી ધન્ય થઈ જવાય એવી અનુભૂતિ પણ થઈ હતી.

'પ્રબુદ્ધ જીવન'ના સંદર્ભમાં વિવિધ પ્રકારે ડૉ. રમણભાઈ મને કામ સોંપતા, યુનિવર્સિટીમાં હતા ત્યારે મારી યોગ્યતા પ્રમાણે મને જ્ઞાનયજ્ઞમાં ઋત્વિજ અર્પવા જાણે કે પ્રેરણા આપતા, અને કામ સોંપતા, પરંતુ તેનો કોઈ ભાર કે અલ્પાંશે પણ ઉપકારનો ક્ષણિક વિચાર તેમનામાં ક્યારેય દૃષ્ટિગોચર થતો નહોતો. તેમની તબિયત નબળી થતાં ધીમે ધીમે બધી જ પ્રવૃત્તિઓ ઓછી કરતા ગયા, અને કોઈ પરમ તત્ત્વ સાથે જાણે કે એકાત્મતા સાધતા જતા હોય એવું સતત લાગ્યા કરતું.

પ્રૉ. ડૉ. રમણભાઈને છેલ્લે તેમના મુલુન્ડના નિવાસસ્થાને 'ત્રિદેવ'માં તા. ૧૨ ઑક્ટોબર, ૨૦૦૫ દશેરાના શુભ દિને મળ્યો ત્યારે હૃદયનો આનંદ વ્યક્ત કરી ઘણી બધી અંતર્ગત વાતો કરી. મને જાણે કે અતીતના કેટલાક પ્રસંગો કે વ્યક્તિઓ વિશેની સ્પષ્ટતા જાણે કે આપોઆપ થતી ગઈ. મને એ બધું કહેવા તેઓ જાણે કે ઘણાં સમયથી ઝંખતા હોય એવું પણ લાગ્યું. મારે માટે પ્રો. ડૉ. રમણભાઈ જેવી તપસ્વી વ્યક્તિ પોતાની અંગત વ્યક્તિ માની હૃદયપૂર્વક વાત કરે એ જ જીવનની અણમોલ અને ધન્ય થઈ જવાય એવી પળ હતી. અમે છૂટા પડ્યા ત્યારે તેમણે મને ચારેક મોટા ગ્રંથો આપ્યા અને કહ્યું–'ક્યાંક વક્તવ્ય આપવાનું હોય કે લખવાનું થાય ત્યારે બહુ કામ લાગશે'–મને જાણે કે મારા પીએચ.ડી.ના અભ્યાસના દિવસો યાદ આવી ગયા.

મેં 'સર'ને કહ્યું, 'આમાં તમારો ઓટોગ્રાફ...આપો' તો કહે...'મારા પુસ્તકો જ મારો ઓટોગ્રાફ છે !'

સાવ નાસ્તિકમાંથી અમુકાંશે આસ્તિક અને 'રેશનલ' બનેલા નિયતિ કે પરમ તત્ત્વ જેવું 'કંઈક' તો છે એવું વર્ષોના અનુભવ, વાંચન, મનન અને મનોમંથન પછી માનતા થયેલા મારા જેવા સામાન્ય માણસને યોગ્ય રીતે જ ભેટ આપેલી 'બુદ્ધ'ની મૂર્તિ અને ગ્રંથો મારા જીવનની અનુપમ અને અમૂલ્ય મૂડી, જણસ બની રહેશે...એવું કહેવાનું મન થઈ આવે કે–RAMANBHAI WAS NEXT TO NONE.

એમની સાથે જે. ક્રિષ્ણામૂર્તિ, રમણ મહર્ષિ, મહર્ષિ અરવિંદ કે 'મધર'. સ્વામી વિવેકાનંદ અને વિવાદાસ્પદ બનેલા આચાર્ય રજનીશ 'ઓશો'–કોઇના વિશે પણ ચર્ચા કરવાનું થાય તો ઘણું ઘણું વિશેષ જાણવા મળે જ; એવું મહાન અને અદના સારસ્વતો વિશે પણ ખરું.

રવિન્દ્રનાથ ટાગોરે કહ્યું હતું;

માણસની સૌથી મહત્ત્વની ઈચ્છા મોટા થવાની હોય છે, સુખી થવાની નહીં'–

પરંતુ રમણભાઈ મોટા પણ હતા અને સુખી પણ હતા. જે કૃષ્ણામૂર્તિ 'AWRENESS' ની જે વાત કરતા, તેના દર્શન તેમનામાં ક્ષણે ક્ષણે થતાં તો 'વિપશ્યના' સાધનામાં આવતા 'અનિત્ય' અને 'ક્ષણભંગુરતા'ની અનુભૂતિ પણ તેમની સાથેના વાર્તાલાપમાં સતત ઉપસ્થિત રહેતી. મહર્ષિ અરવિંદના અતિમનસના અવતરણ વિશે પણ તેમની પાસે નવું નવું જાણવા મળતું.

ખલીલ જિબ્રાનનું એક વિધાન તેમણે વર્ષો પહેલાં મને કહેલું, એ હજી યાદ છે. એ વિધાન છે :

–'ચાર વસ્તુઓથી મનુષ્યની ઈચ્છા પૂર્ણ થઈ જાય છે. ઉત્તમ માણસોના સંગમાં રહેવાથી, સજ્જનોની સલાહ લેવાથી, દુષ્ટ વ્યક્તિઓથી દૂર રહેવાથી અને ફકીરો તથા સંતો સાથે મિત્રભાવ રાખવાથી.'–

કદાચ એમ કહેવામાં અતિશયોક્તિ નહીં જણાય કે રમણભાઈ ખલિલ જિબ્રાનનું આ વિધાન જીવતા હતા.

વંદન...રમણભાઈને,...તેમના ઉચ્ચ આત્માને.

પ્રભુ, એમના જીવનમાંથી અલ્પાંશે પણ આપણે પામી શકીએ એવી શક્તિ આપણને સૌને અર્પે.

–એ જ અભ્યર્થના.

–અસ્તુ

❖ ❖ ❖

# સૌજન્યમૂર્તિ સાહેબ

□ પ્રો. દેવબાળા સંઘવી

કેળવણીના ક્ષેત્રે જેમની ચોથી-પાંચમી પેઢી આજે કાર્યશીલ છે એવા સાહેબને યાદ કરતાં એક એવી અનેકવિધ પાસાવાળી વ્યક્તિ દૃષ્ટિ સમક્ષ આવે છે કે બુદ્ધિ, હૃદય અને દેહ આપોઆપ નમન કરી રહે છે.

રૂઈયા કૉલેજમાંથી ગુજરાતી સાથે સ્નાતક થયા બાદ ઈ.સ.૧૯૫૭માં એમની પહેલી મુલાકાત ઝેવિયર્સ કૉલેજના અધ્યાપક તરીકે થયેલી. અભિનંદન આપતાં એમણે નામ દઈ બોલાવી ત્યારે મને નવાઈ લાગી હતી. પણ એ પરિચય, એ વાત્સલ્યસભર સ્મિત અને વિદ્યાર્થીઓ સાથેના સૌજન્યસભર વર્તનનો પછી વધારે ને વધારે ગાઢ થયેલ અનુભવ આજે લગભગ ૪૮ વરસે પણ એકસરખો જ રહ્યો છે. એમના સૌજન્યનો, એમના સમદર્શીપણાનો, એમના અનેકવિધ પાસાના વ્યક્તિત્વમાં એમણે સાધેલા સુમેળનો જેમ જેમ પરિચય મળતો રહ્યો તેમ તેમ મારો આશ્ચર્યસભર આદરભાવ વધતો રહ્યો.

એમ. એ. ના વિદ્યાર્થી તરીકે, પછી એમ. એ. ના અધ્યાપનમાં એમના સહશિક્ષક તરીકે અને પછી પીએચ.ડીના વિદ્યાર્થી તરીકે અને પીએચ.ડી.ના નિબંધના ગાઈડ અને પરીક્ષક બનતાં એમના સહશિક્ષક બનવાનું સૌભાગ્ય મને મળ્યું હતું. શિક્ષણના ક્ષેત્રે આટલા લાંબા પ્રવાસમાં મને એમના સૌજન્યપૂર્ણ સ્વભાવની સ્મૃતિ જ આજે ભાવાર્દ્ર કરી મૂકે છે.

પીએચ.ડીના ગાઈડ તરીકે એમના સમદૃષ્ટિ સૌજન્યશીલ વ્યવહારનો પરિચય મારા હૈયામાં કોતરાઈ ગયો છે. મારા અધ્યાપન જીવનના ઉત્તરકાળે મને પીએચ.ડી. કરવા માટે પ્રેરી, વિષયની પસંદગીમાં ખૂબ ખૂબ સમય અને શક્તિપૂર્વક સહાય કરી. મેં શોધનિબંધનું કાર્ય શરૂ કર્યુ - બે કે ત્રણ વર્ષમાં જ પૂર્ણ કરવાના નિશ્ચય સાથે અને પ્રથમ પગથિયે જ એક મુશ્કેલી આવી. સાધ્વીજી મોક્ષગુણાશ્રીને વિહાર આદિની અનુકૂળતા પછી ન રહે તેથી તેમના મુંબઈ વાસ દરમિયાન જ તેમનો મહાનિબંધ પૂર્ણ કરાવવાની પરિસ્થિતિ ઊભી થઈ. હું તેમને સ્થાને હોત તો 'તમે આટલી તૈયારી આવી પદ્ધતિએ કરો પછી આપણે તમારો નિબંધ લઈએ.' ત્યાં સુધી હું સાધ્વીજી મહારાજના નિબંધ પૂરો કરાવી દઉં. એમ વિચારીને કહ્યું હોત. પરંતુ એમણે મને પરિસ્થિતિ જણાવી અને મારી જો એટલો સમય થોભવાની તૈયારી હોય તો તેઓ સાધ્વીજી મહારાજનું કાર્ય કરી લે એમ પૂછ્યું. જાણે કે સંમતિ માગી. કરેલા નિર્ણયમાં ફેરફાર કરવાની પૂરેપૂરી, અધિકારપૂર્ણ સત્તા હોવા છતાં આવું સૌજન્ય. આવી સ્વ પર નિયમન રાખવાની શિસ્ત અને સમદર્શિતાનો વિરલ જ કહી શકાય એવો અનુભવ મારા હૈયે કોતરાઈ ગયો. પછી તો મારા ગાઈડ તરીકે એ વ્યક્તિની અનેકવિધ ગુણસમૃદ્ધિનો ભંડાર ખૂલતો ગયો અને મારા સાહેબ માટેનો મારો આદરભાવ વૃદ્ધિ પામતો રહ્યો.

જૈન ધર્મ અને સાહિત્યની એમણે કરેલી અનેકવિધ સેવાનું મૂલ્યાંકન કરવાની અનધિકાર ચેષ્ટા કરવાનું સાહસ ન કરવા ઈચ્છું તો ય સંખ્યાબંધ મહાનિબંધોના ગાઈડ - પરીક્ષક, અનેકવિધ વિષયો પરના એમના લેખન - પ્રકાશનના દીપક સમા એમના ગ્રંથો, 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળાના એમના લેખો - વ્યાખ્યાનો, જૈન સાહિત્ય સમારોહ દ્વારા વિવિધ સ્થળે અને વિવિધ સમય - વિષય પરના એમનાં વિદ્વતાપૂર્ણ નિબંધો - ચર્ચાઓને તો સ્વયં પ્રકાશિત દીવડાની જેમ કોઈના અંગુલિ નિર્દેશની ગરજ જ નથી, છતાં યાદ તો આવી જ જાય ને !

એન. સી. સી. ઓફિસર તરીકે કડક શિસ્ત પાળવા - પળાવવા છતાં સ્વભાવે - વ્યવહારે સહુ સાથે મૃદુ - મમતાસભર સ્નેહપૂર્ણ અધિકાર અને સત્તાના પદે હોવા છતાં વિનય, વિવેક - નમ્રતાથી સદાય સભર, ભાતભાતના વ્યક્તિઓ સાથે અનેકવિધ પ્રકારના પ્રસંગોમાં આવવા છતાં પોતાના વ્યવહારમાં મૃદુતા અને સૌજન્યની સદા સાચવણી કરનાર, સત્યના આગ્રહી છતાં કડવાશને ટાળવામાં સફળ રહી વિરલ સંતુલન સિદ્ધ કરનાર વ્યક્તિ તરીકેની તેમની છબી મારા સ્મરણપટે ઉપસે છે ત્યારે પણ જાણે મને નમ્રતાપૂર્વક કહેતાં સંભળાય છે, 'દેવબાળા, આવું બધું મારામાં જોનાર તમારો મારા માટેનો સ્નેહ છે. હકીકતમાં આવું આટલું હું સિદ્ધ કરી શક્યો નથી. હજી ઘણાં સોપાનો બાકી છે.' આવી સતત વિકાસશીલ દૃષ્ટિ ઉર્ધ્વપંથે નોંધીને નમ્રતા -વિવેક - સૌજન્ય - સમદર્શિતા અને નીતિમત્તામાં ઉણપ ન લાવનાર વ્યક્તિની વિરલ ગુણ સમૃદ્ધિને સ્મૃતિ પટે અંકિત થવામાં શી વાર લાગે ? શબ્દો ઉણા પડે છે મારા, સાહેબનો પરિચય આપવામાં શક્તિની કમી લાગે છે મને સાહેબ વિશે કંઈ જણાવવામાં-કારણ મારું મન જે અનુભવે છે તે વર્ણવવાનું શક્ય નથી.

❖ ❖ ❖

# અપ્રમત્ત યાત્રિક

□ ગુલાબ દેઢિયા

મારા ઘરની સામે એક સદાફલી આંબાનું ઝાડ છે. શરદ ઋતુમાં આંબે મોર આવ્યો છે. આંબાના ઝાડ પર વર્ષમાં મોટા ભાગે કેરીઓ લટકતી જોવા મળે છે. અજાણ્યાને આ જોઈને કૌતુક થાય છે. આંબો મંજરીઓથી મરક્યા કરે છે. શરદની પ્રશાંત સવારનો ઉષ્માભર્યો તડકો સોનેરી મંજરીઓ સાથે વાતો કરે છે.

પૂજ્ય રમણભાઈનું જીવન બારમાસી વસંત જેવું હતું. ફાગુકાવ્યો એમને ગમતાં હતાં અને એ ફાગ જીવનમાં મહેક્યો હતો.

પ્રાથમિક શાળાના અમારા શિક્ષકોને અમે માધવજી માસ્તર, અનંતરાય માસ્તર, મોહનલાલ માસ્તર એ રીતે 'માસ્તર' તરીકે ઓળખતા ને બોલાવતા. માધ્યમિક શાળામાં માસ્તર શબ્દ ભાઈ બનીને આવ્યો. સોનીભાઈ, જોશીભાઈ, ધનજીભાઈ. મુંબઇમાં ભણવાનું આવ્યું તો ભાઇએ સરનું રૂપ લીધું. ઠાકર સર, પંડ્યા સર, ચૌગુલે સર, વ્યાસ સર. રમણભાઈ માટે 'સાહેબ' શબ્દ આવ્યો અને માત્ર સાહેબ બોલાવતા રમણભાઈ એ જ નામ જ્ઞાન થાય છે. સાહેબ શબ્દનો અર્થ સમજાયો ત્યારે લાગ્યું કે આ સંબોધન છોડવું નથી.

સાહેબના વિદ્યાર્થી બન્યા એટલે બન્યા. છેલ્લાં ત્રીસેક વર્ષથી હું એમનો વિદ્યાર્થી છું. કોઈ ભૂલ કરીએ, ક્યાંક અટવાઇએ, ક્યાંક સમજ ન પડે, અવઢવ નડે ત્યારે મનમાં તો એ જ ધરપત કે સાહેબ છે ને ? પૂછો એટલે જવાબ મળે. ક્યારેક તો સ્મરણથી કામ થઈ જતું. શિક્ષકોની બાબતમાં હું શ્રીમંત છું. એવા ગુરુજનો મળ્યા છે કે ગૂંચો પડે તોપણ બહુ ડર નથી લાગતો. અંધારાની ગાંઠ છોડી શકાય છે. શરદ અને શિક્ષકની કુંડળીમાં સભરતા હોય છે.

સમૂહમાં જુદા તરી આવે એવી રમણભાઈની ઊંચાઈ હતી. એમની બાજુમાં આપણે ઊભા રહીએ તો આપણે પણ ઊંચા દેખાઈએ એ એમની ઊંચાઈનો જાદુ હતો.

'જો આ જીવન ફરી જીવવા મળે તો ?' 'નવનીત સમર્પણ' તરફથી વીસેક વર્ષ પહેલાં આ પ્રશ્ન એમને પુછાયો હતો. રમણભાઈએ જીવનની ધન્યતા અનુભવતાં કહ્યું હતું, 'હું ઇચ્છું કે, નવી જિંદગીમાં પહેલાં જેવો પ્રમાદ ન થાય. પ્રમાદને કારણે જે કેટલોક સમય નિરર્થક બાબતોમાં વેડફાઈ ગયો હોય તે ફરીથી ન વેડફાય. યૌવનસહજ આવેગોને કારણે નાની વાત માટે વધુ પડતો ક્રોધ કર્યો હોય, ફાવી ગયેલા ખોટા માણસોની ક્યારેક ઈર્ષ્યા કરી હોય, ક્ષુદ્ર બાબતો માટે ક્યારેક અભિમાન કર્યું હોય, ક્યારેક અસત્ય વચનો બોલ્યા હોઈએ, આ બધાનું પુનરાવર્તન ન થાય એવું ઈચ્છું. એથી આગળ વધીને એમ કહું કે, ન્યાયમુક્ત માગણીને માટે પણ ક્રોધાદિ ભાવો વ્યક્ત કર્યા હોય તો તે પણ ફરીથી ન કરું.

લૌકિક દૃષ્ટિએ સંતોષ થાય એવું કુટુંબજીવન મળ્યું છે. હું એમ જરૂર ઇચ્છું કે, નવા જીવનમાં માત્ર વ્યવહારુ જીવનને માટે ઉપયોગી એવા જ્ઞાન કરતાં આત્માની સુગતિ થાય એવું જ્ઞાન મળી રહો. નવા જીવનમાં માનવતાનાં, લોકસેવાનાં, જીવદયાનાં, અન્યને સુખી કરવાનાં કાર્યોમાં હું વધુ સહાયભૂત થાઉં તો સારું.

આ જીવનમાં જેવું મળ્યું તેવું બધું અન્ય જીવનમાં ન મળે તો પણ જૈન પ્રાર્થના પ્રમાણે એવું ઇચ્છું કે, મુક્તિ ન મળે ત્યાં સુધી ભવોભવ 'બોધિ' તો અવશ્ય મળી જ રહો.'

આ અવતરણમાં સાહેબની જીવનભાવના સહજ રીતે પ્રગટ થઈ છે. એમણે પોતાનાં કાર્યોનો જે ઊજળો હિસાબ આપ્યો છે તે જોતાં કોઈ પણ કહી શકે કે એમણે પ્રમાદ સેવ્યો ન હતો. જ્ઞાનોપાસના કરવામાં એમણે કોઈ કસર છોડી નથી. સ્વાધ્યાય કરવામાં સદાય અપ્રમત્ત રહ્યા. શિક્ષક થયા અને આજીવન વિદ્યાર્થી બની રહ્યા. સમજણભરી સરળતા વિકસાવી. ભૂમિતિનો નિયમ છે કે બે બિન્દુને જોડતી સીધી લીટી સૌથી ઓછા અંતરની હોય છે. સાહેબે સીધી લીટીમાં લખ્યું, સીધી લીટીમાં જીવ્યા એટલે ઘણા મુકામોને સ્પર્શી શક્યા.

મહાવીર વાણીમાં એક માર્મિક સૂત્ર આવે છે: 'સાર્થક લો અને નિરર્થક તજી દો.' આ વાત એમણે ગાંઠે બાંધી હતી. વિવેચક પાસે વિવેક હોય છે. એ વિવેક એમણે સર્જન અને જીવન બન્ને ક્ષેત્રે દીપાવ્યો હતો. કામનું શું અને નકામું શું, એ પારખતાં એમને આવડ્યું અને એ પ્રમાણે પસંદગી કરી. આત્માના કામનું શું એ એમણે પ્રમાણ્યું અને કષાયોને પાતળા પાડવા પ્રયત્ન કર્યો. એમને મૂલવનારાઓને સાહેબ કોઇક બાબતે ઢીલા લાગ્યા હશે કારણકે સાહેબે તો ન્યાયમુક્ત માગણી માટે પણ ક્રોધાદિ ભાવ વ્યક્ત ન કર્યા હોય એ બનવાનો સંભવ છે.

પોતાના એક પુસ્તક 'જિનતત્ત્વ'માં સાહેબે ઉત્તરાધ્યયનસૂત્રમાંથી એક શ્લોક ટાંક્યો છે, જેનો અર્થ છે: 'જેમ દોરો પરોવેલી સોય પડી જવા છતાં ગુમ થતી નથી તેમ જ્ઞાનરૂપી સૂત્રમાં પરોવાયેલો આત્મા સંસારમાં નષ્ટભ્રષ્ટ થતો નથી.' જ્ઞાનની અવિરત ઉપાસના એ એમનો સ્વભાવ હતો.

ટેલિફોન ઉપર એમની સાથે વાત કરવાનો પ્રસંગ આવે ત્યારે હું હંમેશાં વાતને ટૂંકમાં પતાવી ફોન મૂકવાનો વિચાર કરું, પણ શિક્ષક રમણભાઈ તો દરેક વાતને પૂરા વિસ્તારથી વિગતવાર સમજાવે. એમને કદાચ એમ થતું હશે કે, એક વાતના અનેક સંદર્ભ હોય છે. તેથી કોઈ ગેરસમજ ન થવી જોઈએ. તે જ પ્રમાણે કોઈને માઠું ન લાગે એ માટે પણ તેઓ પૂરા જાગૃત રહેતા. એમને ખબર હતી કે મન પર વાગેલા ઠેસના ઘા ઝટ રુઝાતા નથી.

એમના ઘરે આવનાર કોઈ પ્રતિષ્ઠિત વ્યક્તિ હોય કે એમનો વિદ્યાર્થી હોય એને વિદાય આપતી વખતે સાહેબ લિફ્ટ સુધી વળાવવા આવે, લિફ્ટનું બારણું પોતે ખોલી આપે, બંધ કરી આપે અને સંભાળીને જવાની સૂચના આપે. એમને એક વાર પણ મળનારને આત્મગૌરવની લાગણી થાય એવી એમના સ્વભાવની ગરિમા.

આ શ્રાવકે પોતાના જીવનને એવી સહજ, સરળ, સીધી લીટીમાં ગોઠવ્યું હતું કે એમના બોલવામાં કે લખવામાં આડંબરી શૈલી આવે નહિ. શીલ તેવી શૈલી એ એમને માટે કહી શકાય. ત્રીજી માર્ચ ૧૯૮૪ ના રોજ અમદાવાદમાં શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા–ભાવનગરના ઉપક્રમે જૈન સાહિત્યની એમની સેવાઓ માટે સુવર્ણચંદ્રક એનાયત થયો ત્યારે કવિવર ઉમાશંકર જોશીએ કહ્યું હતું, 'તેઓ અધ્યાપક, લેખક અને કવિવિવેચક છે, પરંતુ મને સૌથી વધુ સ્પર્શી ગયેલી બાબત તો એમની પારદર્શક સરળતા છે. ભૃગુરાય અંજારિયા વિશે ગુજરાતીમાં કોઈએ સારામાં સારો લેખ લખ્યો હોય તો તે રમણભાઈએ લખ્યો છે. ચીમનભાઈએ 'પ્રબુદ્ધ જીવન'ને ધન્ય કર્યું. આજે રમણભાઈ એ કામ સરસ રીતે ચલાવે છે.'

સાહેબે લખેલા ચરિત્રનિબંધો વાંચતાં ખ્યાલ આવે છે એમને કેવી કેવી ધુરંધર વ્યક્તિઓ સાથે આત્મીય સંબંધ હતો. ગુણ પ્રમોદનું મહત્ત્વ એ સમજતા હતા. નવું કોઈની પણ પાસેથી શીખવા મળે એને ગ્રહણ કરવા રમણભાઈ તૈયાર રહેતા હતા. ઉઘાડી બારીના જીવ હતા.

એક પ્રવાસ માણસને કેટલું બધું શીખવે છે ! સાહેબ તો અઠંગ પ્રવાસી. પ્રવાસથી એમના જીવનમાં અખંડ ઉત્સાહ, શિસ્ત, મોકળાશ અને ઉદારતા જેવા ગુણ પોષાતા રહ્યા.

ઘર, યુનિવર્સિટી અને જૈન યુવક સંઘમાં એવા સ્વજનો અને સાથીદારો મળ્યા કે એમને ક્યાંય ઊંચા અવાજે બોલવાનો વખત ન આવ્યો. ખૂબ પરિશ્રમ પછી સગવડો અને અનુકૂળતાઓ મળી. સાહેબે તેમનો સદુપયોગ કર્યો. સગવડો, સાધનો, સંબંધો, પદ, અનુકૂળતા બધાંથી સમયનો દુર્વ્યય ન કર્યો. પરિણામલક્ષિતાનો એમને ખ્યાલ હતો તેથી જેનાથી ખટપટ, ખટરાગ, દ્વેષ, સમય અને શક્તિનો બગાડ થાય એવી પ્રવૃત્તિઓથી જાતને અળગી રાખી.

ધર્મ એમને માટે પ્રવચન, સમારોહ કે લેખન–સંશોધનનો જ વિષય નહોતો. ધર્મ એમના આચરણમાં હતો.

વપરાઈ વપરાઈને જિર્ણ થયેલો જોડણીકોશ એમના ટેબલ પર સદાય હાજર રહેતો. સાચો શબ્દ, સાચો અર્થ, સાચી જોડણી અને સાચું જીવન એ પસંદ કરતા હતા. શબ્દકોશની ચોકસાઈ એમને પસંદ હતી.

'પ્રબુદ્ધ જીવન' માટે કોઈ લેખ મોકલ્યો હોય તો તેનો સ્વીકારપત્ર એક જ શબ્દમાં મોકલતા. લેખના શીર્ષકમાંથી એક શબ્દ લઈ લખી દેતા. સંબોધન કે લિખિતંગની સહી પણ નહોતા કરતા. પોસ્ટ કાર્ડની મધ્યમમાં ફાઉન્ટન પેનથી મોટા મરોડદાર અક્ષરે લખેલો પત્ર પામી હું ધન્ય બની જતો.

પ્રાધ્યાપકો ભૂલકણા હોય એ ઉક્તિ સાહેબને મળ્યા પછી ખોટી પડે એવી એમની સ્મરણશક્તિ હતી. ગુજરાતી ભાષાના શિક્ષકોના મિલન કાર્યક્રમમાં સિત્તેર–એંસી શિક્ષકોને નામથી બોલાવે, કોણ કઈ કૉલેજમાં છે તે જાણે અને દરેકના કુટુંબીજનોના નામ દઈને ખબરઅંતર પૂછે.

એમની ષષ્ટિપૂર્તિની અને અમૃત મહોત્સવની ઉજવણી માટે ઘણી વિનંતી કરી હતી. એમની શરતે આયોજન કરવા કહ્યું પણ હા ન પાડી તે ન જ પાડી. નામ અને પદના મોહને એમણે ક્રમે ક્રમે ક્ષીણ કરી નાખ્યો હતો.

સાહેબની સાથે નાનો કે મોટો પ્રવાસ કરનાર, એમની સાથે કામ કરનાર, એમની પાસે ભણનાર, એમને વાંચનાર, સાંભળનાર અને એમના સમયમાં જીવનાર આપણે સૌ ભાગ્યશાળી છીએ.

પૂજ્ય રમણભાઈના બહુ આયામી વ્યક્તિત્વ માટે એક જ શબ્દમાં કહેવું હોય તો રમણભાઈ શ્રાવક હતા.

શરદ ઋતુનો આહ્‌લાદ પ્રસરી રહ્યો છે. સાહેબનો એક શબ્દવાળો પત્ર આવશે. ગુરુ શિષ્યોથી અદૂર હોય છે. હવે તો ભવોભવ તમે જ ગુરુ, ન વિપ્રયોગ.

❖ ❖ ❖

# પ્રો. ડૉ. રમણલાલ ચી. શાહ સાહેબને શ્રદ્ધા–સુમન

☐ તપસ્વી એસ. નાંદી

આચાર્ય હેમચન્દ્રના વિદ્વાન શિષ્ય આચાર્ય રામચન્દ્ર 'प्रबन्धशतकर्ता' કહેવાતા. પૂ. શાહ સાહેબ સૌથી વધારે ગ્રંથોના રચયિતા હતા. આ ગ્રંથો અનેક વિદ્યાશાખાઓને સમૃદ્ધ કરનારા છે. આપશ્રીનું લિખિત સાહિત્ય મારી પહોંચની બહાર છે. આપશ્રી જેટલા દેશોમાં ફર્યા અને ત્યાંના વિદ્યારસિકોને સંતોષ્યા એ પણ સુવિદિત છે.

મારી વાત કરું તો ફક્ત બે જ વાર, મારા અદ્યાવધિ ૭૧ વર્ષના આયુષ્યમાં, પૂ. શ્રી. ના દર્શન અને શ્રવણનો લાભ મને મળ્યો હતો. એકવાર પાટણ (ઉ. ગુજ.) મુકામે, ઉ. ગુજ. યુનિ. (હાલ આચાર્ય શ્રી હેમચન્દ્રનું નામ તે સાથે જોડાયું છે) માં વર્ષો પહેલા 'આચાર્ય હેમચન્દ્રના નામે વિદ્યા–સ્થાન (Seat) નિયત થયું ત્યારે એક સેમિનાર થયો હતો. જેમાં ઉપસ્થિત રહી સંશોધન–પત્ર વાંચવાનો મને લાભ મળ્યો હતો. બીજી વાર આપશ્રીને જ્યારે તા. ૧૯–૧–૨૦૦૩ના રોજ અમદાવાદ મુકામે 'સમદર્શી આચાર્ય હરિભદ્રસૂરિ સુવર્ણપદક' એનાયત થયો ત્યારે એમના પ્રત્યક્ષ દર્શન/શ્રવણનો લાભ મેં લીધો હતો. શ્રીમતી તારાબેન પણ ત્યારે ઉપસ્થિત હતાં. હમણાં પૂ. શ્રી તરફથી એક ગ્રંથની નકલ મને મોકલવામાં આવી એ ઉપકાર તો હું ક્યારેય ભૂલી શકીશ નહિ. બારી બંધ હોય પણ તિરાડમાંથી સૂર્યનાં કિરણો ઓરડામાં પ્રવેશતાં હોય, ત્યાં આંખ રાખીને જોઇએ તો એ તેજોરાશિના દર્શન થઈ શકે, એ રીતે આ બે પ્રસંગો દ્વારા મને પૂ. શ્રી. ના વ્યક્તિત્વ, વિદ્વતાની ઝલક પ્રાપ્ત થઈ હતી. આ તો પ્રત્યક્ષ પ્રમાણ થયું. એ ઉપરાંત મારા ગુરુવર્ય ડૉ. વી. એમ. કુલકર્ણી સાહેબ અને જૈન વિદ્યાના અનેક ધુરંધરો દ્વારા પરોક્ષ રીતે પણ આપશ્રીની પ્રતિભાથી હું રંગાતો રહ્યો છું. આજીવન–છેલ્લા શ્વાસ સુધી-વિદ્યોપાસના કરનાર આ વિદ્વાનને નમસ્કાર કરીને વિરમીશ. ❖ ❖ ❖

# મોક્ષમાર્ગના મુમુક્ષુ યાત્રી : શ્રી રમણભાઈ શાહ

☐ ડૉ. પૂર્ણિમા મહેતા (અધ્યક્ષ–જૈન વિદ્યા અધ્યયન કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ)

શ્રી રમણભાઈ ચીમનલાલ શાહ એટલે શીલ, સૌજન્ય, શિક્ષણ અને સંસ્કારની નખશિખ સંપૂર્ણ પ્રતિભા !

બહુ ઓછી વ્યક્તિઓમાં જોવા અને જાણવા મળે એવા ગુણોથી સભર વ્યક્તિત્વ ધરાવતા રમણભાઈના અવસાનના સમાચાર સાંભળીને દુઃખ થયું..... આઘાત લાગ્યો !

સન્ ૧૯૯૫માં સોલાપુર (મહારાષ્ટ્ર) ખાતેના એક સેમિનારમાં એમના પરિચયમાં આવવાનું સદ્ભાગ્ય મળ્યું હતું. ત્યારબાદ છેલ્લા પાંચ વરસથી આન્તરરાષ્ટ્રીય જૈન વિદ્યા અધ્યયન કેન્દ્ર, અમદાવાદના ઈન્ચાર્જ તરીકે એમની સાથે સતત સંપર્કમાં આવવાનું થયું, વર્કશોપ, પરિસંવાદ, પરીક્ષા વગેરેના કારણે અવારનવાર એમને મળવાનું થતું ! દરેક વખતે મારા મન ઉપર એમના સૌજન્યશીલ વ્યક્તિત્વની બહું ઊંડી છાપ પડતી હતી.

આધુનિક શિક્ષણના ક્ષેત્રે ઉચ્ચ કક્ષાએ પહોંચ્યા પછી પણ પરંપરાગત ધાર્મિક સંસ્કારોનું સુપેરે પાલન એ એમના જીવનની આગવી વિશેષતા હતી. શિક્ષણ, ચિંતન અને મનન સાથે શ્રદ્ધાસંપન્ન વ્યક્તિત્વ વિકસાવવું એ નાનીસૂની વાત નથી. દરરોજ પૂજા-સામાયિક, સ્વાધ્યાય જેવા વ્રત નિયમોનું સુવ્યવસ્થિત પાલન કરનારા રમણભાઈ સહુ માટે આદર્શ જીવન જીવી ગયા !

દેશ અને વિદેશમાં એમણે શિક્ષણ ક્ષેત્રે તો ઠીક પણ જૈન ધર્મના પ્રચાર-પ્રસાર બાબતે પણ અનેરી નામના અને સિદ્ધિ મેળવી હતી. એમણે પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ, ચંદ્રકો, સુવર્ણચંદ્રકો, પારિતોષિકો કે બહુમાનો પૂરતી મર્યાદિત ન હતી. સમાજમાં બહુમાન્ય સ્થાન અર્જિત કરવાની સાથોસાથ જીવનના અંતરંગને અધ્યાત્મથી રંગવાનો એમનો પ્રયાસ એ બહુ મોટી સંસિદ્ધિ હતી. છેલ્લા વર્ષોનું એમનું સર્જન જેમ કે જ્ઞાનસાર કે અધ્યાત્મસારની વિવેચના એ વરસોના એમના તત્વચિંતન, સ્વાધ્યાય અને શાસ્ત્રાવગાહનના પરિપાકરૂપે સર્જાયું છે.

ખ્યાતિ અને પ્રસિદ્ધિની સાથે એઓ અનેકના પ્રેરણાસ્રોત્ર બન્યા હતા. ધર્મ, શિક્ષણ અને સાહિત્યના ક્ષેત્રે આગળ આવવા માંગતા અનેકો માટે એઓ માર્ગદર્શક અને પ્રોત્સાહક બળ પૂરું પાડનારા આત્મીય સ્વજન જેવા હતા.

પોતાના લખેલા-સર્જેલા પુસ્તકો ઉપરના "કોપીરાઈટ" સમાજને અર્પીને એમણે પોતાની નિઃસંગતા, અલિપ્તતાને વધારે ઉન્નત બનાવી હતી.

સિદ્ધિ-પ્રસિદ્ધિના જુવાળ વચ્ચે તટસ્થતા, સાક્ષીભાવની ઉપાસના એ આંતર જાગૃતિ વગર શક્ય બને નહીં ! વ્યવહારના પરિબળો વચ્ચે પણ નિશ્ચયની એમની પ્રબળતા ખરેખર વંદનીય અને અહોભાવ પેદા કરનારી હતી.

અનેકવિધ શૈક્ષણિક, સામાજિક પ્રવૃત્તિઓ અને જવાબદારીઓના વહન વચ્ચે પણ એમણે સંવાદિતા, સંતુલન અને સમતા મેળવી હતી, કેળવી હતી એ એમની બહુમૂલ્ય ઉપલબ્ધિ હતી.

તારાબેન સાથેનું એમનું વરસોનું સહજીવન આદર્શ અને ઉમદા ધન્યો ગૃહસ્થાશ્રમનું જીવંત ઉદાહરણ બની રહ્યું છે. કવિકુલગુરુ કાલિદાસની ઉન્નત અને સંપૂર્ણ જીવનની કલ્પના

શૈશવેભ્યસ્ત વિદ્યાનામ્ યૌવને વિષયૈષુનામ્
વાર્ધક્યે મુનિવૃત્તિનામ્ યોગાન્તેચ તનુત્યજામ્

રમણભાઈના જીવનમાં પૂર્ણરૂપેણ પ્રતિબિંબિત બને છે.

છેલ્લા વરસોનો એમનો આત્મલક્ષી ગ્રંથોનો સ્વાધ્યાય પરિશીલન, ચિંતનમાં ડૂબીને સાચી મુનિવૃત્તિમાં જીવવાની સાથે સાથે આત્મભાવમાં રમણતારૂપ યોગમાં રહીને રમણભાઈએ દેહનો વિયોગ મેળવ્યો છે, શરીરનો ત્યાગ કર્યો છે એ નિશ્ચિતપણે એમની ઉર્જસ્વી જીવનયાત્રાને સૂચવે છે. આવો આત્મા અસંદિગ્ધપણે મોક્ષમાર્ગે જ આગળ વધે છે એવું અનુભવી શકાય !

જીવન બધા જ જીવે છે, મૃત્યુ બધા જ પામે છે પણ રમણભાઈ જીવનને ભરપૂર જીવી ગયા ! અને મૃત્યુની આંગળી ઝાલીને સહજપણે અનંતની યાત્રાએ ચાલી નીકળ્યા !

સમાજમાં આવા શીલસંપન્ન અને પ્રજ્ઞાપૂર્ણ માર્ગદર્શકોની જ્યારે ખરેખર કમી છે, ઉણપ છે ત્યારે રમણભાઈની ચિરવિદાયથી જે શૂન્યાવકાશ સર્જાયો છે એ ભરાવો મુશ્કેલ છે.

એમના મોક્ષમાર્ગગામી આત્માને અનંત અનંત વંદન. ❖ ❖ ❖

# મારા જ્ઞાન પથદર્શક રમણભાઈ

**□ ડૉ. કીર્તિદા રમેશ મહેતા**

વિધાતાના સંકેત કહો કે સૂચન કહો. મુ. પ્રો. રમણભાઈ શાહના દેહાવસાનના સમયગાળામાં બે વાર એમનું સ્મરણ થઈ આવ્યું, એમની વાતો વાર્તાલાપમાં આવી.

અમારા સંબંધી જયવંતીબહેન જેઓ પણ પ્રાધ્યાપિકા હતાં. એમના પતિના અવસાન સમયે ગીતાપાઠ વખતે બે બહેનો મળી ગયા જેઓ પણ પૂર્વ પ્રાધ્યાપિકા હતાં. પરસ્પરના પરિચય પછી એમણે જ્યારે જાણ્યું કે મારા પીએચ.ડી.ના માર્ગદર્શક રમણભાઈ હતા ત્યારે એમના સમાચાર-ખબર-અંતર પૂછ્યા. મારો મું. રમણભાઈ સાથે ઘણા વખતથી સંપર્ક નહોતો રહ્યો. ચોપાટીથી વાલકેશ્વરના નિવાસ પર્યંતનો જ ખ્યાલ હતો. ઘણીવાર ઈચ્છવા છતાં વાતચીત-મેળાપ થઈ શકતો નહોતો. પણ એ દિવસે એમની યાદ આવી ગઈ.

એ પછી થોડા જ દિવસમાં ઘરે આવેલી એક વ્યક્તિએ અનાયાસે પીએચ.ડી.ની અભ્યાસપધ્ધતિ વિષે પૃચ્છા કરી.... એને મેં મારા જેવી માહિતી આપતા કહેલું - ''મું...રમણભાઈ શાહ મારા 'ગાઈડ' હતા મારા જેવી વિદ્યાર્થી ભાગ્યે જ કોઈને મળે જેણે પીએચ.ડી. માટેના બધા જ નિયમ-અપવાદનો ઉપયોગ કર્યો હોય. ૧૯૬૬ થી ૧૯૭૭ સુધીના દસ વર્ષનો દીર્ઘકાળ જેણે થિસિસ પૂરો કરતા લીધો હોય અને છતાં જેના 'ગાઈડ' જરા પણ ગુસ્સે ન થયા હોય, માર્ગદર્શક અકળાયા ન હોય...!''

ખરેખર, દસ વર્ષ સુધી જો રમણભાઈનું માર્ગદર્શન પ્રોત્સાહન ન મળ્યા હોત તો હું ''મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં રામકથાનો વિકાસ'' એવો ૧૫૦૦ પાનાંનો ''રામાયણ'' જેવો શોધનિબંધ પૂરો કરી શકી હોત કે કેમ એની મને શંકા થાય છે. સેંટ ઝેવિયર્સ કૉલેજ, મુંબઈ યુનિવર્સિટી અને ચોપાટીનું એમનું ઘર બધા મારા માટે ખુલ્લા હતા અને સમયની કોઈ પાબંધી નહોતી. વિદ્યાર્થી માટેની આવી આત્મીયતા-એકાગ્રતા જવલ્લે જ જોવા મળે એમ છે.

પ્રા. રમણભાઈના અવસાનના સમાચાર દુર્ભાગ્યે મને મોડા મળ્યા. પ્રાર્થનાસભા ચૂકી ગઈ, પણ અંતરથી તો એમની માટે પરમશાંતિની પ્રાર્થના આપમેળે જ થવાની .... સાથે સાથે વિચાર પણ આવે છે કે એ તો ધર્મમય હતા. ધર્મનું અધ્યયન કરતા હતા. કરાવતા હતા ! આધ્યાત્મિક એવા એ આત્માને મુક્તિ મળવાની એમાં શંકા નથી....

છતાં માનવમન છે ને ?! વિચારો આવતા જ રહેવાના, સ્મૃતિના પાના પલટાતા રહેવાના – ફરી એક પ્રસંગ યાદ આવી જાય છે. મારું કેટલુંક લખાણ બતાવવા યુનિર્વસિટી ગયેલી. અચાનક મું.રમણભાઈએ અસ્વસ્થતાની ફરિયાદ કરી બાજુના ખંડમાંથી હિંદી વિભાગના વડા ડૉ. પ્રભાતને બોલાવવા કહ્યું. એમની સૂચના મુજબ સાકરવાળી કૉફી પીવડાવી. પાછળથી ખબર પડી કે ડાયાબિટીસ 'બોર્ડર લાઈન' પર હોવાથી સાવચેતી માટે એમણે સાકર લેવી ઓછી કરી નાખી હતી.

માંદગીને દૂર રાખવાના આ પ્રયાસમાં એમની સાવધાની મને વર્તાઈ પણ આખરે મનુષ્ય માટે મૃત્યુ જન્મ સાથે જ જન્મે છે. દેહ તો ક્ષર છે.... ક્ષણભંગુર છે...

પણ, છતાં રમણભાઈ અમર છે એમના અક્ષર દેહથી..... એમના ગુજરાતી સાહિત્યને, જૈન સાહિત્યને કરેલા અર્પણથી !

❖ ❖ ❖

# ચમત્કારો હજી આજે પણ બને છે !

**□ પ્રો. કાન્તા ભટ્ટ**

આજના વૈજ્ઞાનિક યુગમાં કોઈ અનુસ્નાતક કક્ષા સુધી પહોંચેલી, યુનિવર્સિટી સ્તરે એમ. એ.ના વિદ્યાર્થીઓને ભણાવતી તથા 'મહારાષ્ટ્ર કૉલેજ'ની ગુજરાતી વિભાગની અધ્યક્ષા જ્યારે કહે કે 'ચમત્કારો હજી આજે પણ બને છે !' ત્યારે વાંચનાર કંઈક અવનવી દ્વિધામાં અવશ્ય મુકાઈ જાય.

હું પણ એક સમયે એવું જ માનતી કે, 'ચમત્કાર જેવું કશું છે જ નહિ' અને ચમત્કારની વાતોને હસી કાઢતી. પરંતુ મારા જીવનમાં બનેલી ત્રણ ઘટનાઓએ મને દ્રઢ-પણે માનતી કરી દીધી છે કે, તમારામાં સન્નિષ્ઠ શ્રદ્ધા અને આત્મવિશ્વાસ હોય તો... ચમત્કારો આજે પણ બની શકે છે. મારા જીવનની પ્રથમ બે ઘટનાઓ મહર્ષિ અરવિંદના પૉંડિચેરી આશ્રમના સંદર્ભમાં છે. જે અહીં અપ્રસ્તુત ગણાશે, પરંતુ ત્રીજી ઘટના એટલે એમ. એ.માં અભ્યાસ કરતી ત્યારે અમને ગુજરાતી વિષય ભણાવતા પ્રો. ડૉ. મુ. રમણભાઈ સાથેનો પરિચય.

સંજોગવસાત પાંચેક વર્ષથી છોડેલો અભ્યાસ ફરી શરૂ કર્યો અને નોકરી સાથે જ્ઞાનયજ્ઞ આરંભ્યો. અભ્યાસ કરતાં કરતાં બાહ્ય રીતે આનંદિત રહેતી હું અંતરથી નિરાશા અને લઘુતાગ્રંથિમાં પીડાતી ગઈ. પિતા પાર્થિવ જગત છોડી ગયા. અભ્યાસ અધૂરો અને કુટુંબની જવાબદારી મારા પર. મારાથી વીસ વરસે નાના ભાઈને ડૉક્ટર બનાવવાની પિતાની ઈચ્છા કેવી રીતે પૂરી થશેની વિમાસણ...એવામાં એક ફરિશ્તો જાણે મારી મદદે ન આવ્યા હોય! તેમ મને મળ્યા મારા રાહબર, ગુરુ, વડીલબંધુ અને વહાલની સરવાણી જેવા પૂ. રમણભાઈ ! ! ! અને એમણે મારામાં શ્રદ્ધા જગાડી. આશાનો દીપક ચેતાવ્યો. અતીતમાંથી વર્તમાનમાં લાવી પ્રત્યેક પરિસ્થિતિનો સામનો કરવાની પ્રેરણા આપી મુ. રમણભાઈએ. અને આ હતો મારા જીવનનો વળાંક. જે મારા જીવનનો મોટો ચમત્કાર કહી શકું.

ધીરે ધીરે સાહિત્યમાં રૂચિ કેળવાતી ગઈ. વિદ્યાનગરની 'સાહિત્ય પરિષદમાં' મુ. રમણભાઈ અને પ્રો. મુ. તારાબહેન સાથે ગાળેલો સમય મારા જીવનનું અવિસ્મરણીય સંભારણું છે.

એક વખત 'સર'ને મેં કહ્યું, 'સર, મેં એવું પેપર તૈયાર કર્યું છે એમાં અખો, કબીર અને આનંદઘનજી વિશે લખવાનો પ્રયત્ન કર્યો છે. હંમેશ મુજબ તેમણે એક મીઠું હાસ્ય કર્યું અને 'સરસ' કહી છૂટા પડયા. આવી મહાન હસ્તીઓ વિશે મારું જ્ઞાન કેટલું સીમિત હોય એ જાણવા છતાં મને પ્રોત્સાહિત કરવા, કચ્છમાં યોજાએલ 'જૈન સાહિત્ય સમારોહ'માં આવવા નિમંત્રણ આપ્યું. અને મેં પણ એ સહર્ષ સ્વીકારી લીધું. જૈન ધર્મના પ્રખર વિદ્વાનો વચ્ચે થોડુંક પણ વાંચવાની પ્રેરણા આપીને મને આનંદ થાય એવી તક આપી.

કચ્છમાં અમે પંચતીર્થનો લહાવો પણ લીધો અને માંડવી પાસે હજી બંધાતા એવા 'બૌંતેર જીનાલય' પણ ગયા. ત્યાંના વાતાવરણમાં એક ગજબની શાંતિની અનુભૂતિ થઈ. પ્રો. મુ. તારાબહેન અને પ્રો. પૂ. રમણભાઈ પૂજાના વસ્ત્ર ધારણ કરી જિનાલયના ગર્ભદ્વારમાં પ્રભુના સાંનિધ્યમાં ગયાં. એમને પૂજા કરતા જોઈ મને પણ અંદર જવાની ઈચ્છા થઈ. મુ. રમણભાઈએ શાંતિથી સમજાવ્યું, બીજી વાર અમારી સાથે

આવો ત્યારે કોરા વસ્ત્રોની એક જોડી લાવજો. એ કપડા પહેરી કશું જ ખાવાપીવાનું વર્જ્ય હં ! ઈશ્વર સ્મરણ માટે. પવિત્ર વાતાવરણ. મન અને સાથે વસ્ત્રો પણ પાવિત્ર્ય જાળવે તેવા. આ વાત મને ખૂબ અસર કરી ગઈ. હવે જ્યારે પણ કોઈક દેરાસરમાં જાઉં ત્યારે 'સર'ની વાત અંતરમાં ગૂંજ્યા કરે છે.

જિનાલયમાંથી બહાર નીકળતી હતી ત્યાં પાછળથી મુ. રમણભાઈનો અવાજ સંભળાયો ''આ પગથિયાંની બે બાજુ બે ચિહ્નો છે તે આસુરી તત્વોના પ્રતીક છે. બહાર નીકળતાં એના પર પગ મૂકીને એને કચડીને પછી જ જવું.'' કેવી સુંદર શિખામણ ? પ્રભુદર્શનના સાત્વિક વાતાવરણમાંથી બહાર નીકળતાં જ આસુરી તત્ત્વને કચડી નાખી અસત પર સતનો વિજય અનુભવવો. આવી સુંદર વસ્તુની મને સમજ આપી, તેથી હું ધન્ય થઈ ગઈ.

એક વખત મેં પ્રાગજીભાઈ ડોસાએ લખેલ એક પ્રસંગ વાંચ્યો. પૂજામાં બેસતાં એમને શરીરમાંથી આત્મા બહાર લઈ જવાનો પ્રયોગ કરવાનું મન થયું. સાધના અને અધ્યયન દ્વારા એ સફળતાપૂર્વક બહાર તો નીકળી ગયા. શરીરની આસપાસ એક નવી જ અનુભૂતિ કરી રહ્યા પરંતુ ફરી શરીરપ્રવેશ કરવા ખૂબ મથામણ કરવી પડી. મેં 'સર'ને આ વાત કરી પૂછ્યું, 'આવું કંઈ બને ખરું ?' અને 'સરે' તરત 'હા' પાડી કહ્યું, 'રોજ ધ્યાન, પૂજા વગેરે કરવાથી અમુક અનુભવો ચોક્કસ થાય છે. જૈન ધર્મમાં -''ભક્તામર સ્તોત્ર'' છે, એનું શ્રદ્ધાપૂર્વકનું વાંચન-મનન નિત્યક્રમે કરાય તો ઘણાં ઘણાં અનુભવો થાય છે તે હું ખાત્રીપૂર્વક કહું છું.' સરની નમ્રતા એવી કે, એમને આવી અનુભૂતિ થઈ એમ ન કહેતાં માત્ર એટલું જ કહ્યું 'હા આ વાત સાચી છે.' સંતોષપૂર્વક મારા મનનું સમાધાન કર્યું. એક વખત મેં તેમને રાખડી બાંધવાની ઈચ્છા વ્યક્ત કરી . પૂ. 'સરે' સહર્ષ મારી એ ઈચ્છા પણ પૂરી કરી. પછી તો વર્ષો સુધી આ ક્રમ રહ્યો. બળેવને દિવસે એમની રાખડી તૈયાર જ હોય.

બે ત્રણ વરસો પછી ફરી એક વખત પૂ. રમણભાઈ અને પૂ. તારાબેન સાથે દહાણુ પાસે નવું દેરાસર થયું તેમાં જવાનો લહાવો મળ્યો. મારાથી આ વખતે પેપર તૈયાર નહોતું થઈ શક્યું. પણ સરે તો મારી મૂંઝવણ દૂર કરી મને શ્રોતા બની રહી સૌનું સાંનિધ્ય માણવા એક વધુ મોકો આપ્યો. 'સર'ના શબ્દોમાં કહું તો - ''આ વખતે શ્રોતા થવાનો લ્હાવો લેજો. ઘણું જાણવા મળશે - આનંદ આવશે અને આપણે સૌ સાથે રહેવાશે'' - અને ખરેખર, એ દિવસો મારી સ્મરણ મંજૂષામાં કીમતી ખજાનાની જેમ સંગ્રહાઈ ગયા છે.

એક વખત ઓચિંતા સર મારે ઘરે આવી ચડ્યા અને સાથે નાનકડા શો કેસમાં ગૌતમ બુદ્ધની મૂર્તિ ! આ મારી યાદગીરી! કહીને એ મૂર્તિ અમને સોંપી. આજે પણ રોજ દીવો કરતાં મૂર્તિ સાથે જડાયેલ અમારા મું. રમણભાઈને પણ આરાધી લઉં છું. મૂર્તિ સાથે જાણે મને સંદેશ આપતા ગયા. - 'આ નાશવંત, પાર્થિવ જગતથી અપાર્થિવ તરફ ગતિ કરો' આવી - આધ્યાત્મિક્તાનો સંદેશ આપનાર મુ. રમણભાઈ મારા માટે હંમેશાં સાચા ગુરુ બની રહ્યા છે.

''શિવાસ્તે પંથા:''

'સર', તમે ક્ષરદેહે નથી પણ છતાંએ હરહંમેશાં અમારી સાથે જ છો. અમને પ્રેરણા આપતા સૂક્ષ્મ દેહે પણ તેમ સદા આપતા રહો; એ જ પ્રાર્થના. આત્મા તો અમર જ છે ને ? તો નિતાંત તમારા આશિષ અમને મળતા રહે એ જ અભ્યર્થના -

અસ્તુ.

❖ ❖ ❖

# શ્રી રમણભાઈના સાન્નિધ્યના સંભારણા

**☐ ડૉ. છાયાબેન શાહ**

મારી ૧૨ વર્ષની ઉંમરથી ૫૮ વર્ષ સુધીની ઉંમર સુધીમાં જ્યારે જ્યારે શ્રી રમણભાઈનું સાન્નિધ્ય પ્રાપ્ત કરવાના પ્રસંગો બન્યા છે ત્યારે દરેક પ્રસંગે તેમના સાન્નિધ્યમાંથી જે પ્રકાશ પ્રાપ્ત થયો અને એ પ્રકાશે મારા જીવનમાં કેવા અજવાળા પાથર્યા તે આ લેખમાં બતાવીને એ રીતે પૂજ્યશ્રીને શ્રદ્ધાંજલિ અર્પીશ.

૧૨ વર્ષની હતી ત્યારે મુંબઈ જૈન ધાર્મિક શિક્ષણસંઘના ઉપક્રમે દર વર્ષે વક્તૃત્વ હરિફાઈ યોજતી. શ્રી રમણભાઈ હંમેશાં નિર્ણાયક તરીકે આવતા. હરિફાઈ દરમ્યાન તે દરેક મુદ્દા નોટ કરતાં. હરિફાઈનું પરિણામ જાહેર કરતા પહેલા વક્તાઓને ઉપયોગી થાય તેવી માહિતીની અત્યંત સૂક્ષ્મ છણાવટ કરતા. વક્તાઓને ઉપયોગી થાય, તેનું વક્તવ્ય ઉત્તમ કોટિનું બને એ માટેની સમજણ આપતા. એ મુદ્દાઓ ધ્યાનમાં રાખી એનું અનુકરણ કરવાથી મને એ મોટો લાભ થયો કે હું ચૌદ વર્ષની હતી ત્યારે ઓલ ઈન્ડિયા લેવલ પર 'અગર મૈં વડા પ્રધાન હોતા તો' એ વિષય પરની વક્તૃત્વ હરિફાઇમાં પ્રથમ નંબર પ્રાપ્ત થયો. તેનું શ્રેય પરોક્ષ રીતે રમણભાઈને જ જાય છે.

અમે જીવનના ૧૬ વર્ષ અમેરિકામાં ગાળ્યા પછી ૧૯૮૪ માં ભારત પાછા આવ્યા. આ બધા વર્ષો પછી મારી કર્મભૂમિ મુંબઈમાં હું લગભગ વીસરાઈ જ ગઈ હતી. પરંતુ બીજાને હંમેશ પ્રોત્સાહિત કરીને હાથ પકડીને ઊંચે લઈ જનાર શ્રી રમણભાઈએ મને જૈન યુવક સંઘના ઉપક્રમે પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પ્રથમ વાર બોલવાની તક આપી. ત્યારથી શરૂ થયેલી મારી સફર આજે પણ ચાલુ છે. તે બધો આભાર તેઓશ્રીનો જ છે.

જુદી જુદી જગ્યાએ યોજાતા સેમિનારોમાં તેમનો મને ખૂબ જ નિકટ પરિચય થયો. કોઈપણ પરિસ્થિતિમાં સૌમ્ય રહેવું, તટસ્થ રહેવું, ધૈર્ય રાખવું, શિસ્ત જાળવવી, સમયની પાબંધી કેળવવી, બીજા પ્રત્યે સહિષ્ણુતા ભરેલું વર્તન–આવી તેમની અનેક વિશિષ્ટતાઓ મને સ્પર્શી ગઈ અને જેમ જેમ તેનું અનુકરણ કરતી ગઈ તેમ તેમ મારું જીવન સમૃદ્ધ બનતું ગયું.

રમણભાઈ સાથેના આખાય સાંનિધ્યમાંથી બધી જ બાબતોને ઢાંકી દે એવી એક મહત્ત્વની શિક્ષા એ મળી કે હંમેશાં શાસ્ત્રોને વફાદાર રહેવું. પોતે તંત્રી હતા, વિવેચક હતા, અધ્યાપક હતા, લેખક હતા, પરંતુ ક્યારેય એક પણ વાક્ય તેમણે શાસ્ત્ર વિરુદ્ધ લખ્યું નથી. એટલું જ નહિ બીજાને પણ તેમ કરતા રોકતા. પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમ્યાન મારા પછીના વિદ્વાન વક્તાએ ઘાતી કર્મોના નામ બોલવામાં ભૂલ કરી તો વિવેચન દરમ્યાન રમણભાઈએ જરા પણ શેહ–શરમ રાખ્યા વગર એ ભૂલ પર પ્રકાશ પાડ્યો. વ્યાખ્યાનમાળામાં મારો વિષય હતો 'પ્રતિક્રમણની પવિત્રતા.' આમાં અરણિક મુનિનું દૃષ્ટાંત આપતા મેં એમ કહયું કે 'મુની પાણીમાં કાગળની હોડીથી રમવા માંડ્યા'. રમણભાઇએ વ્યાખ્યાન પછીના વિવેચનમાં તરત મારી ભૂલ સમજાવી કે એ સમયે કાગળની શોધ થઈ જ ન હતી. મુનિ કાગળની હોડીથી નહી પરંતુ એમના પાતરાથી રમતા હતા. રમણભાઈના અધ્યક્ષપણા નીચે જ્યારે વક્તા બનીને જવાનું હોય ત્યારે સંપૂર્ણ હોમવર્ક કરીને સજ્જ થઈને જવું પડે. એવી દરેક વક્તા પર છાપ હતી.

એક વક્તાએ સર્વધર્મસમભાવ વિષે વાત કરી ત્યારે તેમના વક્તૃત્વ પર છણાવટ કરતા રમણભાઈએ ટકોર કરી કે સોનાને જ સોનું કહેવાય. ને લોઢાને લોઢું કહેવું જ પડે. બધાને સરખું ન કહેવાય.

અમેરિકામાં એક ભાઈએ તેમને પૂછ્યું કે ધર્મક્રિયાઓમાં, ધાર્મિક સૂત્રોમાં થોડી છૂટછાટ લઇએ તો યુવાનો ધર્મ પ્રત્યે આકર્ષાય. ત્યારે રમણભાઈએ તુરત જવાબ આપ્યો કે ડૉક્ટર કે એન્જિનિયર થવા માટે યુવાનો કેવી કાળી મહેનત કરે છે ? તો ધર્મનું જ્ઞાન પ્રાપ્ત કરવા તેમને ધર્મને અનુરૂપ થવું પડે. તેમના માટે ધર્મનું સ્વરૂપ ન બદલાય.

આવા શાસ્ત્રજ્ઞ, પ્રેમાળ અધ્યાપક, હિતેચ્છુ, રમણભાઈ હવે નથી એ માની નથી શકાતું. સેમિનારમાં તેમની ખુરશી ખાલી જોઈ આંખમાં પાણી આવી જશે. મારા પિતા સ્વ. ડૉ. કેશવલાલ મોહનલાલ શાહના તેઓ મિત્ર પણ હતા. મને આજે ફરીવાર પિતા ગુમાવ્યા હોય તેવું દુ:ખ થાય છે.

❖ ❖ ❖

# મારા સ્નેહસભર વડીલ રમણભાઈ

**□ ડૉ. ઉત્પલા મોદી**

ડૉ. રમણલાલ ચી. શાહના દુ:ખદ અવસાનથી જૈન સમાજને વિરલ વિદ્વાન સાહિત્યકારની ખોટ પડી ગઈ. હું તેમને પ્રેમભાવથી 'દાદાજી' કહેતી. મારો તેમની સાથેનો પ્રથમ પરિચય બીજા જૈન સાહિત્ય સમારોહ વખતે થયો. લગભગ ૨૭ વર્ષ જૂનો પરિચય, જેમાં તેમના સ્વભાવ અને લખાણ, વિચારો સાથે પણ પરિચય થયો. તેઓ સ્વભાવે સરળ, શાંત, સ્નેહાળ, પ્રેમાળ, વાચાળ, સ્પષ્ટવક્તા, વચનસિદ્ધ, સત્યના ઉપાસક, નિ:સ્વાર્થ, સેવાભાવી, ઉદાર અને યુવાનોને શરમાવે એવા અજબ ઉત્સાહી હતા.

તેમના અવસાનના અઠવાડિયા અગાઉ મારી સાથે ફોન પર વાત કરી ત્યારે તબિયતની અસ્વસ્થતા, પ્રતિકૂળતા દર્શાવી કે ઘણું કામ એટલે લખવાનું બાકી છે પણ શરીર હવે સાથ નથી આપતું.

તેમનું વિદ્વતાસભર લખાણ બહુ જ આકર્ષિત રહેતું. વાચકને હંમેશાં તાલાવેલી લાગતી અને બીજા 'પ્રબુદ્ધ જીવન'ના અંકમાં તંત્રીલેખમાં શું લખ્યું હશે તે વાંચવાની આતુરતા પણ રહેતી. જ્યારે પણ પ્રબુદ્ધ જીવન આવે તો સૌપ્રથમ તેમણે કયા વિષય પર લખ્યું છે તે જોવાની અને વાંચવાની તત્પરતા રહેતી. તેઓ 'પ્રબુદ્ધ જીવન' માસિકના તંત્રી હતા. હંમેશાં તંત્રીલેખ લખતા. તેમની પાસે વિષયોની કોઈ કમી ન હતી, જાણે ક્રમબદ્ધ બધા મનમાં નક્કી કરેલા હોય.

તેઓ સ્વભાવે જેવા સરળ હતા તેવા શિસ્તબદ્ધ હતા. જૈન સાહિત્ય સમારોહનું તેમનું સંચાલન સફળ રહેતું. અમને તેમની સાથે વાતો કરવાનું બહુ ગમતું. ગંભીર વિષય હોય કે કોઈ સમસ્યા હોય તેઓ હળવેથી તેને સૂલઝાવી દેતા. તેઓએ શિક્ષણ ક્ષેત્રે પણ સારી નામના મેળવી હતી. સેંટ ઝેવિયર્સ કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક હતા. ત્યારબાદ મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા પણ હતા.

જૈન સાહિત્ય સમારોહમાં આવવા લોકોને પ્રોત્સાહન આપતા. નાના સાથે નાના બનીને મજા કરાવતા. તેમણે મારા જેવા ઘણાં લોકોને લખતાં, વાંચતાં, બોલતાં કર્યાં. જૈન સાહિત્ય સમારોહમાં પેપર વાંચવા પ્રેરણાબળ પણ આપતા. તેઓ હંમેશાં કહેતા તમે ખૂબ વાંચો, વિચારો. ભલે કોઈ પણ પુસ્તકમાંથી આધાર લો અને લખો, એ બહાને તમે વાંચશો અને લખશો. તેઓએ ઘણાંને લખતાં કર્યા અને ઉત્તેજન આપ્યું. મારી સાથે હંમેશાં મારા મમ્મીને આવવાનો તેમના તરફથી ખાસ આગ્રહ રહેતો. મારાં મમ્મીને સાહિત્યમાં ઘણો રસ હતો. તેઓ કહેતા ઉત્પલાની મમ્મી અમારા સૌની મમ્મી છે. ઉત્પલા તો ઑર્ડિનરી મેમ્બર છે, પણ મમ્મી તમારે તો ખાસ આવવાનું, તમો તો લાઈફ મેમ્બર છો.

તેઓ સિદ્ધહસ્ત લેખક હતા. ઘણા અલગ અલગ વિષય પર પુસ્તકો લખ્યાં છે અને ધર્મ તત્ત્વજ્ઞાન પર ઘણું મૂલ્યવાન લખાણ છે.

આખું જીવન બધાની સાથે ખૂબ જ ખેલદિલીથી અને મૈત્રીપૂર્વક જીવ્યા. પવિત્ર જીવન જીવી અનેકને સત્યનો રાહ બતાવ્યો. ધાર્મિક અને વ્યવહારિક બંને રીતે ખૂબ ખૂબ પ્રેરણાત્મક જીવન જીવી એમના આત્માનું શ્રેય સાધી ગયા.

આવશે એ કાળ ક્યારે, કંઈ યે કહેવાય ના

દીપક બુઝાશે ક્યારે, સમજી શકાય ના.

આ પંક્તિ જીવનની ક્ષણ ભંગુરતા દર્શાવે છે. આપણે સૌ જાણીએ છીએ કે જેનું જન્મ છે તેનું મરણ પણ નિશ્ચિત છે. દીપક બુઝાઈ ગયો પણ બીજા અનેક દીપક પ્રજ્વલિત કરીને ચારેબાજુ પ્રકાશ પાથરી ગયા છે. સૂર્યનું એક જ કિરણ પૃથ્વી પરના કાળા અંધકારનો સંપૂર્ણપણે નાશ કરે છે. સૂર્યોદય થવાની સાથે જ અવિકસિત કમળ વિકસિત બને છે. સૂર્યમુખીનું ફૂલ ખીલી ઊઠે છે તેવી રીતે, કેટલાય અજ્ઞાન ભરેલા અંધકારમય જીવનમાં તેમનાં કૃપાકિરણોએ જ આધ્યાત્મિક જ્ઞાનનો પ્રકાશ પાથર્યા છે.

સફળ જીવન જીવી ગયા,

જ્ઞાનની મહેંક, સ્વભાવની સુગંધ છોડી ગયા.

છલકાવ્યું નહીં સુખને, દેખાડ્યું નહીં દુ:ખને,

હસતું રાખી મુખડું સદા, જીવી ગયા જીવનને.

દુ:ખના દરિયા ખેડી તમે, સુખસાગરમાં તાર્યા અમોને,

જીવનભર કરી મહેનત આપે, પ્રેરક બન્યા અમોને.

તેમનો સરળ, નિખાલસ સ્વભાવ, ઉષ્માભર્યું વાત્સલ્ય, ભદ્રિકભાવ, ન્યાયનીતિ અને પ્રામાણિકતા અન્ય સદ્‌ગુણોથી મહેંકતું જીવન સદાયે પ્રેરણારૂપ બની રહેશે.

એમનો જીવન સંદેશ હતો–

'સર્વથા સહુ સુખી થાઓ,

સમતા સહુ સમાચારો,

સર્વત્ર દિવ્યતા વ્યાપો,

સર્વત્ર શાંતિ વિસ્તરો.

ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

'પરમાત્મા એ આત્માને પરમ શાંતિ આપજો.'

❖ ❖ ❖

# 'સર' (રમણભાઈ) સાથે 'જૈન સાહિત્ય સમારોહ'ના સંભારણા

□ ડૉ. હંસા શાહ

'સર'ની (રમણભાઈની) વિદ્વત્તાભરી મજાક અને ભારતના વિધવિધ ક્ષેત્રોમાં કામ કરતા જૈન વિદ્વાનોને મળવાની તીવ્ર ઈચ્છા, આ બન્ને સાથે બહેનપણીઓનો ઘણો આગ્રહ અને મારી ઈચ્છાથી 'જૈન સાહિત્ય સમારોહ'માં જોડાવાની લાલચ હું રોકી ન શકતી. કચ્છના બોંતેર-જિનાલયનાં બીજીવારના સમારોહની યાદી મારા માટે કાયમ સંભારણા રૂપ રહી છે. બસની લાંબી મુસાફરીમાં, વચમાં ક્યાંક મુકામ કરીએ ત્યારે લાંબા સમયથી વિદ્વાનો સાથે બેઠેલા 'સર'ને અમે ફરિયાદ કરી અમારી બસમાં બેસાડીએ. સર પણ હસતા હસતા કહે કે, 'બહેનોને ક્યારેય પણ નારાજ ન કરવી, નહિં તો અમે ક્યાંયના ન રહીએ.' આમ હસતાં હસતાં સર અમારી સાથે બેસે. બીજા પ્રસંગો જતા કરી જૈન તર્કશાસ્ત્રમાં 'સર'ની વિદ્વત્તાનો ખ્યાલ આપે એવા એક વાસ્તવિક-ગંભીર પ્રશ્નનું વર્ણન આપું એટલે 'જૈન સાહિત્યના તેર સમારોહ'ના વર્ષોનું સ્વલ્પવર્ણન આવી જાય.

આમ 'સર' અમારી બસમાં બેઠા. મજાક-મશ્કરીનો દોર ચાલતોતો ને હું વચમાં ટપકી પડી, 'સર!' મારા મનમાં અહિંસા અને અનેકાન્ત સંબંધી હિન્દુ, બૌદ્ધ અને જૈનના સમન્વયની બાબતમાં થોડીક ગૂંચ છે. મેં મારી દ્વિધા જણાવી. સરે તરત જ અહિંસા અને અનેકાંત દૃષ્ટિ દ્વારા ત્રણેયના સમન્વયની સાદી, સરળ ભાષાશૈલીમાં અમને સમજાવી મારી ગૂંચનો ઉકેલ આણ્યો. આજે પણ એ સમજણ મારા મનમાં સચોટતાથી સચવાઈ રહી છે જે આપની સમક્ષ રજૂ કરું છું. 'સર'ને સ્મરણાંજલિ રૂપે અર્પણ કરું છું.

'અનેકાન્ત એ એક જાતની વિચાર પદ્ધતિ છે. તે બધી દિશાઓથી બધી બાજુથી તટસ્થ રીતે ખુલ્લી રીતે જોવાની પદ્ધતિનો વિકાસ જૈન ધર્મે અપનાવ્યો છે. અનેકાંત એ કલ્પના માત્ર નથી, પણ સત્ય સિદ્ધ થયેલી હકીકત હોઈ તે તત્વજ્ઞાન છે. બુદ્ધ મજ્ઝમનિકાય સૂત્રમાં પોતાને વિભજ્યવાદી કહે છે. વિભજ્યવાદનો અર્થ છે પૃથ્થકરણ કરીને સત્ય-અસત્યનું નિરૂપણ કરવું અને સત્યોને અપનાવવા. આમ વિભજ્યવાદનું જ બીજું નામ અનેકાન્ત છે. સામ્યદૃષ્ટિને પરંપરા બ્રહ્મ કહે છે, તરીકે ઓળખે છે, એ જ સામ્યદૃષ્ટિને જૈન પરંપરાએ તેના (સામ્યદૃષ્ટિના) પોષક સમસ્ત આચાર વિચારને 'બ્રહ્મચર્ય-બ્રંભચેરાઈ' નામ આપી અપનાવ્યું છે. વિચારમાં સામ્યદૃષ્ટિ ભાવનાને મુખ્ય ગણી છે. એમાંથી જ અનેકાંતદૃષ્ટિ કે વિભાજ્યવાદનો જન્મ થયો હોય તેમ જણાય છે. જો સામ્યનો અનુભવ જીવનમાં આવી રીતે અપનાવીએ કે, 'જેમ આપણે આપણા દુઃખનો અનુભવ કરીએ છીએ, એવી જ રીતે આપણે બીજાના દુઃખનો અનુભવ કરીએ, તો જ અહિંસા સિદ્ધ થાય.' આત્મસમાનતાના તાત્ત્વિક વિચારમાંથી અહિંસાના આચરણનું સમર્થન કરવામાં આવ્યું છે. તેમાંથી જ આધ્યાત્મિક વિચાર એ ઉદ્ભવ્યો કે એકના જીવનમાં (જીવમાં) શારીરિક, માનસિક વગેરે કેટલા પણ દુઃખો આવે એ બધાં કર્મજન્ય છે, વાસ્તવિક નથી. ક્ષુદ્રમાં ક્ષુદ્ર વનસ્પતિ જીવ પણ મનુષ્યની જેમ ક્યારેક બંધનમુક્ત થઈ શકે છે. આમ ઉંચ-નીચ ગતિ કે યોનિના તેમ જ સર્વથા મુક્તિનો-આ બધાનો આધાર કર્મ જ છે.

સાંખ્ય, યોગ, બૌદ્ધ વગેરે દ્વૈતવાદી અહિંસા સમર્થક જરૂર છે અને ઉત્ક્રાંતિની બાબતમાં પણ તેઓ સહમત છે. પણ તેઓ અહિંસાનું સમર્થન સમાનતાના સિદ્ધાંતને આધારે નથી કરતા. અદ્વૈતના સિદ્ધાંતને આધારે કરે છે. તેઓ કહે છે કે તત્ત્વરૂપે જેવા તમે તેવા જ બધા જીવ શુદ્ધ બ્રહ્મ-એક બ્રહ્મ-રૂપ છે. જીવોનો એકબીજાથી જે ભેદ દેખાય છે તે અવિદ્યામૂલક છે. તેથી જ તેઓને આપણા જીવથી અભિન્ન સમજવા જોઈએ. બીજાના દુઃખને પોતાનું દુઃખ સમજીને હિંસાથી નિવૃત્ત થઈ જવું જોઈએ.

અદ્વૈત પરંપરા પ્રમાણે જુદી જુદી યોનિ અને જુદાજુદા ગતિવાળા જીવોમાં દેખાતા ભેદનું મૂળ અધિષ્ઠાન (અર્થાત્ ઉપાદાન-કારણ) એક શુદ્ધ, અખંડ, બ્રહ્મ છે. આમ એક બ્રહ્મમાંથી જ જુદી જુદી સૃષ્ટિ પેદા થઈ છે. જ્યારે દ્વૈતમૂલક સમાનતા પ્રમાણે જુદા જુદા સ્વતંત્ર અને સમાન અનેક શુદ્ધ બ્રહ્મ જ અનેક જીવ છે. વાદ ગમે તે હોય પણ બીજા જીવોની સાથે સમાનતા કે અભેદનું વાસ્તવિક સંવેદન થવું એ જ અહિંસાની ભાવનાનો ઉદ્ગમ છે.

જૈન પરંપરામાં આચાર કે વિચારનો એવો કોઈ વિષય નથી જેની સાથે અનેકાન્ત દૃષ્ટિ ન જોડાયેલી હોય અથવા એ દૃષ્ટિ મર્યાદાથી બહાર હોય. આ દૃષ્ટિ દ્વારા જ શ્રુતવિદ્યા અને પ્રમાણવિદ્યાનું નિર્માણ ને પોષણ થાય છે.

આમ આત્મવિદ્યા ઉપરાંત કર્મવિદ્યા-બંધ અને મોક્ષની વાત કરી કર્મબંધનું મૂળ કારણ અજ્ઞાન-દર્શન-મોહ કે અવિદ્યા છે. આ અજ્ઞાનતા દૂર થવાથી કર્મબંધ થતો નથી અને મોક્ષ તરફ પ્રયાણ થાય છે. આ બાબતમાં આત્મવાદી બધી પરંપરાઓ એકમત છે.

ચારિત્રવિદ્યામાં આત્માને કર્મબંધથી મુક્ત કરવો એ જ ઉદ્દેશ છે. કર્મ અને આત્માનો સંબંધ અનાદિ છે. કારણકે એ સંબંધની પહેલી ક્ષણ જ્ઞાનની સીમાની બહાર છે. પણ આત્માની સાથે કર્મ, અવિદ્યા કે માયાનો સંબંધ પ્રવાહરૂપે અનાદિ છે. વ્યક્તિરૂપે એ સાદી છે, કારણ બધા કર્મ છૂટી ગયા પછી આભાનું શુદ્ધ સ્વરૂપ જે પ્રકટ થાય છે તેનો ખુલાસો તત્ત્વચિંતકોએ એ રીતે આપ્યો છે કે આત્મા સ્વભાવે શુદ્ધનો પક્ષપાતી છે, શુદ્ધિ દ્વારા ચેતના વગેરે સ્વાભાવિક ગુણોનો પૂર્ણ વિકાસ થાય પછી અજ્ઞાન, રાગદ્વેષ વ. મૂળથી જ નષ્ટ થાય. ચારિત્રનું કામ વર્તમાન જીવનમાં આવતી મુશ્કેલીઓને સામ્ય વિચાર-આચારથી દૂર કરવાં, તેને જૈન પરંપરા 'સંવર' કહે છે.

લોકવિદ્યામાં લોકના સ્વરૂપ વિષે વાત કરી છે. જીવ-ચેતન અને અજીવ-અચેતન, આ બન્નેનો સહકાર તે લોક. ચેતન-અચેતન તત્વોને જાણવાનો સરળ રસ્તો એ સ્વભાવથી જુદાં જુદાં પરિણામો પામતા રહે છે. સંસારકાળમાં ચેતન પર જડ પરમાણું જ વધુ પ્રભાવ પાડે છે. તે જુદા જુદા રૂપે ચેતનની સાથે મળે છે અને શક્તિઓને મર્યાદિત કરે છે. દા.ત.: આહાર સંજ્ઞા પણ જ્યારે ચેતનની શક્તિઓ જે સાહજિક અને મૌલિક છે. તેને ક્યારેક દિશા મળે કે એ જડને મુક્ત કરી દે છે. આમ જડ અને ચેતનના પારસ્પરિક પ્રભાવનું ક્ષેત્ર જ લોક છે. એ પ્રભાવથી મુક્ત થવું તે જ લોકાંત છે. લોક વિષયક કલ્પના સાંખ્ય-યોગ, પુરાણ અને બૌદ્ધ વગેરે પરંપરાઓની કલ્પના સાથે અનેક રીતે મળતી છે.

આમ જૈનમત અને ઈશ્વર, શ્રુતવિદ્યા અને પ્રમાણવિદ્યાની વાતો કરતા કરતા અમારું પહોંચવાનું સ્થળ ક્યારે આવી ગયું તેની ખબર જ ન પડી.

'જૈન સાહિત્ય સમારોહ' વિદ્વત્તાભર્યા આનંદ-ઉલ્લાસના રહ્યા છે. તેમ આ ટૂંકમાં આપેલું વર્ણન પણ તેથીય વિદ્વત્તાભર્યા આનંદનું છે. તેર સમારોહની ઘણી વાતો છોડી છે. એક જ વાતને ટૂંકમાં વર્ણવી છે. આશા છે કે એ ત્રુટિ ક્ષંતવ્ય ગણાશે. ❖ ❖ ❖

# વિદ્યાર્થીવત્સલ, પ્રાધ્યાપકોના પ્રાધ્યાપક : શ્રી રમણભાઈ ચી. શાહ

☐ પ્રા. અશ્વિન હ. મહેતા (અધ્યક્ષ-ગુજરાતી વિભાગ, મીઠીબાઈ કૉલેજ)

૧૯૭૪-૭૫ ની સાલ, મુંબઈ યુનિવર્સિટીના એમ.એ.ના ગુજરાતીના વર્ગમાં રમણભાઈ મધ્યકાલીન જૈન સાહિત્યરચના ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ કૃત 'જંબૂસ્વામી રાસ' ભણાવતા. આ પુસ્તકના સંપાદક તરીકે રમણભાઈનું નામ વાંચીને મુગ્ધતાથી મનમાં અહોભાવ જાગેલો. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજની સ્વહસ્ત લિખિત પ્રતને આધારે તેની વાચના આપવા ઉપરાંત રમણભાઈએ કર્તાના સમગ્ર જીવન-કવનનો તથા સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને ગુજરાતીમાં જંબૂસ્વામી વિશે લખાયેલી કૃતિઓનો પરિચય તથા હસ્તપ્રતની વિસ્તૃત અને વિશદ સમાલોચના આપી હતી. પુસ્તક વાંચતાં તેમાં રમણભાઈની મૂળગામી અને મર્મગામી સંશોધક-સંપાદનની દૃષ્ટિ અને સૂઝનો પરિચય થયેલો. કેટલી ખંતભરી ઝીણવટ અને ઉદ્યમશીલતાથી તેમણે આ મધ્યકાલીન રચનાનું સંપાદન કર્યું હતું. ધૂળધોયાની ધૃતિવંત અને દૃષ્ટિમંત નિષ્ઠા વગર આવાં સુસજ્જ સંપાદનો ક્યાંથી સંભવે ?

શ્રી રમણભાઈ પાંડિત્યના કશા ભાર વગર ભણાવે; તેથી વિદ્યાર્થી સહજતા અને સરળતાથી તેમની વાતોને સાંભળે-સમજે. ભાષામાં, વક્તૃત્વમાં કે વ્યક્તિત્વમાં લગારે આડંબર જોવા ન મળે. સૌમ્યતા અને શાલીનતા એમના અવાજમાં ઝળકે; ક્યારેક વર્ગમાં હળવી રમૂજ કરી લેતા, તેમાં એમની લાક્ષણિક વિનોદરસિકતા ડોકાતી. એ દિવસોમાં એમ.એ.ના વર્ગો કે.સી. કૉલેજમાં લેવાતા. લેક્ચર પૂરા થાય પછી વિદ્યાર્થીઓ સાથે કૉલેજની બહાર મૈત્રીભાવે રસ્તા પર અનૌપચારિક ગોષ્ઠિ ચાલતી. દરેક વિદ્યાર્થીને નામ દઈને બોલાવે. મને પત્રકારત્વમાં રસ હતો એટલે એ દિવસોમાં સ્વ. શ્રી ચન્દ્રવદન શુક્લ સંપાદિત 'વિરાટ જાગે' સાપ્તાહિકમાં સહતંત્રીપદે કામ કરતો હતો. શ્રી રમણભાઈ વાત વાતમાં પત્રકાર તરીકેની 'સાંજ વર્તમાન' અખબારની તેમની કારકિર્દીની વાતો કહીને પ્રોત્સાહિત કરતા. ગુજરાતી વિભાગમાં દર વરસે તેઓ અધ્યાપક-વિદ્યાર્થી મિલન સમારંભનું આયોજન કરતા. તેમાં વરિષ્ઠ અધ્યાપકો પોતાના અભ્યાસ-નિબંધનું વાચન કરતા, સાહિત્ય ચર્ચા થતી અને પછી સૌ સાથે મળીને જમતા. આવી પ્રસન્નતા અને આત્મીયતાપ્રેરક પરંપરા તેમણે સ્થાપેલી. વિદ્યાર્થીઓ સાથેની પિકનિકમાં રમણભાઈ હળવાફૂલ થઈ જતા અને રમૂજી ટૂચકાઓ અને કાવ્ય પંક્તિઓની રસલહાણ લૂંટાવતા.

હજી ગયા વરસે, બોરીવલીના જૈન દિગંબર દેરાસરની સામે શાંતિનગર સભાગૃહમાં 'શ્રી જૈન યુવા સંઘે' એક મિટિંગમાં જૈન મુનિવરની ચરિત્ર-પુસ્તિકાનો લોકાર્પણ સમારંભ યોજેલો. મુ. શ્રી રમણભાઇના વરદ્ હસ્તે પુસ્તિકાનું વિમોચન થયું. મારે પ્રવક્તાની કામગીરી બજાવવાની હતી. કાર્યક્રમ પૂરો થયા પછી તેમની પ્રેરક પીઠથાબડ તો મળી. મુંબઈમાં સાંસ્કૃતિક, સાહિત્યિક, શૈક્ષણિક અને સામાજિક સમારંભોમાં છેલ્લા બે દાયકાથી સંચાલક તરીકે જે કામગીરી બજાવું છું તેને પ્રશંસાવચનોથી પ્રોત્સાહિત કર્યો એ છોગામાં...પ્રોગ્રામ પૂરો થયા પછી મેં આગ્રહ કર્યો એટલે મારા ઘરે આવ્યા અને પ્રેમાળ વડીલની જેમ ઘરના બધા સભ્યોને મળ્યા. ગયા વરસે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની સુપ્રતિષ્ઠિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં 'ભક્તિની ભાગીરથી' વિશે મારું વ્યાખ્યાન ગોઠવીને મારા ગુરુજનો શ્રી રમણભાઈ અને પ્રો. ડૉ. ધનવંતભાઈ શાહે મને સંઘનો અને શ્રોતાઓ-ગુણીજનોનો ઋણી કર્યો એમ લાગે છે. મુંબઈની કૉલેજોમાં અધ્યાપન કરતા ગુજરાતી પ્રાધ્યાપકોની બે પેઢી સદ્‌ગત શ્રી રમણભાઈના હાથ નીચે તૈયાર થઈ છે. પાર્લાની મીઠીબાઈ કૉલેજમાં ૨૫ વર્ષોથી ગુજરાતી ભાષા-સાહિત્યનું અધ્યાપનકાર્ય કરતાં, સ્મૃતિશેષ થયેલા ગુરુવર્ય શ્રી રમણભાઇને નત મસ્તકે નિવાપાંજલિ આપતાં ઉર્દૂ શાયરની પંક્તિઓ સાંભરે છે :

કુછ ઔર ભી સાંસ લેને કો મજબૂર સા હો જાતા હૂં મૈં,<br>
જબ ઈતને બડે જહાં મેં ઇન્સાન કી ખુશ્બૂ પાતા હૂ મૈં...

❖ ❖ ❖

# સ્મૃતિ સુમન....ભાવવંદન

☐ હેમાંગિની જાઈ

'જેમ જિનશાસન રત્નત્રયી સંપન્ન છે તેમ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તેજસ્વી ત્રિરત્નોથી શોભાયમાન છે. પુણ્યશ્લોક શ્રીયુત પરમાનંદભાઈ કાપડિયા, ચિરકીર્તિ શ્રીયુત ચીમનલાલભાઈ ચકુભાઈ શાહ અને સાક્ષરવર્ય સારસ્વત શ્રીયુત રમણલાલભાઈ શાહ...યોગાનુયોગ એ છે કે દૈવકૃપાએ સદ્‌ભાગ્યે આ ત્રણેય મહારથીઓના પ્રત્યક્ષ પરિચયમાં આવી. ત્રણેયે મને પ્રોત્સાહન આપ્યું. ત્રણેય મહાનુભાવો 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત મારા લેખોના પ્રેરણાસ્રોત બની રહ્યા.'

...સાંભરે છે, આજે, મારા ઉદ્‌ગારો મુ. શ્રી રમણલાલભાઈની નિશ્રામાં, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં મારા પ્રવચન વેળા ઉચ્ચારેલા...શ્રોતામિત્રોએ આશ્ચર્યભાવ/અહોભાવથી આવકારેલા.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને તેના લબ્ધપ્રતિષ્ઠ મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન'ની એક વિશિષ્ટ અને વિલક્ષણ પરંપરા છે. સામાન્યતઃ જાહેરખબરો સામયિકની જીવાદોરી હોય છે. પરંતુ સામયિકની સ્વતંત્રતા, તટસ્થતા અને નિર્ભિકતા જોખમાય નહીં, કોઈ શ્રીમંતની શેહશરમમાં તણાવું પડે નહીં માટે જાહેરખબરોને તિલાંજલિ આપી સામયિકનું અસ્તિત્વ ખુમારીથી ટકાવી રાખવું એ સામયિકોના ઇતિહાસમાં સીમાચિહ્નરૂપ ઘટના છે.

આવી ભવ્યોદાત્ત પરંપરા ધરાવતા એવં સાત્ત્વિક ચિંતનાત્મક વૈચારિક સાહિત્યથી ઓપતા પ્ર. જી. માં મારા લેખો મુ. શ્રી ચીમનલાલભાઈ ચકુભાઈ શાહે સ્વીકાર્યા. એમના જ તા. ૭-૮-૧૯૮૦ના હસ્તલિખિત પત્રમાંથી અવતરણ ટાંકું-

'તમારા લેખો વાંચું છું. સારા હોય છે. વિચારો હોય તો ભાષા આવી મળે છે.' એમની કક્ષાના તટસ્થ તંત્રીના આ શબ્દો જીવનની મહામૂલી મૂડી છે. તત્પશ્ચાત્ ડૉ. શ્રી રમણલાલભાઈ શાહે મારા લેખો આવકાર્યા તો ખરા અપિતુ મઠાર્યા પણ ખરા. શ્રુતજ્ઞાનના આ પરમ ઉપાસકે મારા લેખોમાં ખૂટતી પૂરક માહિતી ઉમેરી મારા લેખો/વિચારોને સમૃદ્ધ કર્યા. એ સૌજન્યશીલ સરસ સારસ્વત શ્રી રમણભાઇને કેમ કરી વિસારી શકું ?

મારા આનંદ અને રોમાંચની પરાકાષ્ઠા તો ત્યારે અનુભવી જ્યારે-ન મનમાં ધારેલું, ન ચિત્તમાં ચિંતવેલું કે ન કદીય સ્વપ્નમાં ય કલ્પેલું કે પ્રબુદ્ધ જીવન જેવા સુપ્રતિષ્ઠિત સામાયિકના સુવર્ણ જયંતી વિશેષાંકમાં સિદ્ધહસ્ત સારસ્વતોના લેખોના વચાળે મારો લેખ છપાશે ! એક તો નવીસવી, ઉપરથી વિદ્વતા/વયમાં નાની, ન કંઈ વિશેષ જાણીતી એવી હું ! મારા માટે જીવનની આ એક વિરલ ઘટના હતી.

આ અવર્ણનીય આનંદ, અકલ્પનીય રોમાંચ અને અવિસ્મરણીય સુખદ પળ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખશ્રી અને પ્રબુદ્ધ જીવનના તંત્રીશ્રી રમણભાઈ શાહને આભારી છે.

મહાનુભાવો સાથેનો આપણો સત્સંગ ઘડી બે ઘડીનો ભલે હો, એમની સાથેના પરિચયની અવધિ અલ્પ ભલે કેમ ન હો, એ ક્ષણો અત્તરના પૂમડા જેવી હોય છે...મઘમઘતી. એક બિંદુ માત્ર પણ શાશ્વત સ્મૃતિ સુમનથી સભર સભર ...કિં બહુના ? નતમસ્તક ભાવવંદન. ❖

# મારા પરમ વંદનીય પિતા

□ શૈલજા ચેતનભાઈ શાહ

વાત્સલ્યમૂર્તિ, સેવાભાવી, આનંદી, જ્ઞાની અને પુરુષાર્થી એવા મારા પિતા પ્રો. ડૉ. રમણભાઈ શાહ સોમવાર તા. ૨૪મી ઑક્ટોબર ૨૦૦૫ના દિવસે, સવારે બ્રહ્મ મુહૂર્તમાં ૭૮ વર્ષની વયે સમાધિપૂર્વક અરિહંતશરણ પામ્યા.

છેલ્લા એક વર્ષથી મારા માતા-પિતા મારી નજીક મુલુંડમાં આવીને વસ્યા હતાં. આ આખું વર્ષ હું તેમના સાંનિધ્યમાં સતત રહી શકી એ મારું સૌથી મોટું સદ્‌ભાગ્ય.

આ છેલ્લા એક વર્ષ દરમ્યાન પપ્પાની શારીરિક અવસ્થા ધીમે ધીમે નાદુરસ્ત થતી જતી હોવા છતાં માનસિક રીતે તેઓ એટલા સ્વસ્થ હતા કે મૃત્યુ પર્યંત તેઓએ લેખનકાર્ય કર્યું અને 'પ્રબુદ્ધજીવન'નો અગ્રલેખ લખ્યો.

અહીં તેમની સાથેના મારાં જીવનનાં કેટલાંક સંસ્મરણો અને વીતાવેલી યાદગાર પળોને આલેખીશ.

મારા પિતા અમારા કુટુંબના આધારસ્તંભ હતા. તેઓ મારા જન્મદાતા તો હતા અને સાથે સાથે મારા ગુરુ-માર્ગદર્શક અને પરમ મિત્ર હતા.

પપ્પા એક કેળવણીકાર હોવાને કારણે પહેલેથી જ ઉચ્ચ શિક્ષણના હિમાયતી હતા. હું અને મારો ભાઈ અમિતાભ ઉચ્ચ શિક્ષણની સાથે સાથે રમતગમતના ક્ષેત્રે અને વિવિધ કલાઓના ક્ષેત્રમાં બાળપણથી જ કેળવણી મેળવીએ તે માટે તેઓ ખૂબ સજાગ રહેતા. તેમણે જાતે જ અમને સ્વીમિંગ, સાઈકલિંગ, ચેસ, કેરમ, ટેબલટેનિસ, બેટમિન્ટન વગેરે રમતોની તાલીમ આપી કે જેમાં પોતે પણ નિષ્ણાત હતા અને અનેક પારિતોષકો મેળવ્યા હતા. સાઈકલિંગ શીખવવા તો તેઓ કલાકો સુધી અમારી સાઈકલ પાછળ દોડતા.

સંગીત, સંસ્કૃત અને ચિત્રકળાના પ્રશિક્ષણ માટે શાળાના અભ્યાસકાળ દરમ્યાન જ તેમણે શિક્ષકોને ખાસ ઘરે બોલાવીને અમને કેળવણી અપાવડાવી. કવિ ઉમાશંકર જોશીના સૂચનથી પ. નર્મદાશંકર શાસ્ત્રી પાસે અમારા સંસ્કૃતશિક્ષણની ગોઠવણ કરી.

પપ્પા પોતે બહુ સારા ચિત્રકાર હતા. ચિત્રકળાની ઈન્ટરમીડિયેટ પરીક્ષામાં આખા ગુજરાત-મહારાષ્ટ્રમાં પોતે પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા હતા. એમનો એ શોખ અમારા બંને ભાઈ-બહેનમાં કેળવાયો. શાળાના અમારા દરેક પ્રોજેક્ટ-વર્કમાં, તેના માટે માહિતી ભેગી કરવામાં પપ્પા ખૂબ ઉત્સાહ બતાવતા અને મદદ કરતા. તે માટે જાતે પુસ્તકો ખરીદી આવતા. દરેક પ્રોજેક્ટનાં શીર્ષક અને કવર પેજ (બહારનું પૃષ્ઠ) વિશિષ્ટ અને કલાત્મક બને તે માટે નવીન આઈડિયા (વિચારો-સૂચનો) આપતાં કે જેથી અમારી કલ્પનાશક્તિ અને સર્જનાત્મક શક્તિ ખીલે.

પપ્પાને વાંચનનો ખૂબ શોખ અને એ શોખ એમણે અમારામાં કેળવ્યો. અમારું ઘર એક પુસ્તકાલય જ હતું. મુંબઈમાં જ્યાં જ્યાં પુસ્તક મેળાઓ ભરાય ત્યાં અચૂક અમને લઈ જાય. અમારા મનગમતાં પુસ્તકો તો ખરીદે પણ સાથે સાથે એ દિવસોમાં ઘરમાં અલભ્ય અને અમારા માટે બહુ જ મોંઘા એવા વિવિધ એનસાક્લોપીડિયાનાં સેટ ખરીદે કે જેથી અમે જનરલ નોલેજ - 'સામાન્યજ્ઞાન'માં રુચિ કેળવીએ. તેઓ માનતા કે પુસ્તકો ખરીદવામાં ક્યારેય કરકસર ન કરવી જોઈએ. એ જ્ઞાન એ જ આપણી સાચી મૂડી છે.

પપ્પાને સંગીતનો - સુગમ સંગીતથી માંડીને રાગરાગિણી સાંભળવાનો ખૂબ શોખ. અને તેથી જ જ્યારે અમે અમારા કુટુંબ-ગૃહસ્થીમાં વ્યસ્ત બન્યા ત્યારે પપ્પાએ પોતે અમારા સંગીતશિક્ષક નારાયણ દાતાર પાસે સંગીત શીખવાની શરૂઆત કરી. અનેક રાગ ગાતા - ઓળખતા શીખ્યા. ૭૦ વર્ષની ઉંમરે રમેશભાઈ ભોજક પાસે તબલાંની કેળવણી લેવાની શરૂઆત કરી.

જૈન ધર્મના વિષયો લઈને તેના પર વ્યાખ્યાન આપવાની પ્રેરણા પણ તેમણે જ મને આપી. જૈન સિદ્ધાંતોને ખૂબજ સરળ ભાષામાં ઉદાહરણ સાથે સમજાવીને તેઓ મારું માર્ગદર્શન કરતા. આજે આ ક્ષેત્રમાં યત્‌કિંચિત જે હું આગળ વધી તેનું બધું શ્રેય મારા પપ્પાને જાય છે. પપ્પાની વિદાયથી એક પરમ માર્ગદર્શકની ખોટ મને જરૂર સાલશે.

પપ્પાને પ્રવાસનો ખૂબ જ શોખ. ભારતના બધા જ પ્રાંતો અને દુનિયાના લગભગ ૭૦ દેશોનો પ્રવાસ તેમણે કર્યો હતો. અને તેમના પ્રવાસ વિશેનાં પુસ્તકો 'પાસપોર્ટની પાંખે' ખૂબ જ લોકપ્રિય બન્યાં છે. પોતાના જુદા જુદા પ્રવાસ દરમ્યાન પપ્પા એ દેશોની કે જગ્યાની યાદગીરી રૂપે - ત્યાંના પિક્ચર પોસ્ટકાર્ડ, સ્લાઈડ, સિક્કાઓ, કીચેન, વિશિષ્ટ માહિતી પુસ્તકો અમારા અને અમારા બાળકો માટે જરૂર લાવતા. વર્ષો પછી પણ તેમના ૨૦૦૦ ઉપરના પિક્ચર-પોસ્ટકાર્ડના સંગ્રહમાંથી કોઈ પણ પિક્ચર એ ક્યા દેશનું છે તે કહી શકતા.

તેઓ પહેલેથી જ ઈચ્છતા કે હું અને મારો ભાઈ એસ.એસ.સી. સુધીના શિક્ષણ દરમ્યાન આખા ભારતનો પ્રવાસ કરીએ અને અમારા કૉલેજકાળ દરમ્યાન દુનિયાની સફર કરીએ, કારણ કે તેઓ માનતા કે પ્રવાસ પણ એક જાતની કેળવણી જ છે. તેથી જ આ પ્રવાસો કરકસર કરીને કેવી રીતે આનંદદાયક અને જ્ઞાનસભર બનાવી શકાય એ તેમણે અમને શીખવ્યું. મારા લગ્ન પહેલા મને દુનિયાના અનેક દેશોની મુસાફરી કરાવી. તેમની સાથે પ્રવાસ કરવો એ જીવનનો એક લહાવો હતો.

તેમનો એક અમોઘ જીવનમંત્ર હતો- "મને બધું ભાવે, મને બધે ફાવે અને મને બધાની સાથે બને." તેઓએ આ મંત્ર અમને અને અમારા બાળકોને શીખવાડ્યો અને કહેતાં કે જો આ મંત્ર અપનાવશો તો જીવનમાં ક્યારેય વિષાદ, વિખવાદ કે નિરાશા નહીં આવે.

અમારા બાળકોના એ લાડીલા 'દાદાજી' હતા. પપ્પાએ મારા બાળકો ગાર્ગી અને કૈવલ્યમાં પણ ધર્મના સંસ્કારોનું સિંચન કર્યું. બાળકો બંને નાનાં હતાં ત્યારથી જ જૈન સૂત્રો શીખવાડતા. હિંચકા પર તેમની સાથે બેસીને રમાડતા - રમાડતા આ સૂત્રો કંઠસ્થ કરાવતા. મારા નાનીમાની શ્રદ્ધાંજલિ સભામાં ગાર્ગી પાંચ વર્ષની વયે અને કૈવલ્ય ૩ વર્ષની વયે 'લોગસ્સ સૂત્ર' બોલ્યા હતા. મારા ભાઈના બાળકો અર્ચિત અને અચિરા અમેરિકામાં વસે, છતાં જ્યારે જ્યારે તેમને મળવાનું થાય ત્યારે પપ્પા તેમને સૂત્રો શીખવાડે અને દર અઠવાડિયે ફોન પર તેની પ્રેક્ટીસ કરાવે. આજે બંને બાળકોને શાંતિ, રક્ષામંત્ર, લોગસ્સ, ઉવસ્સગહરં વગેરે સૂત્રો કંઠસ્થ છે.

આ લાડીલા દાદાજી પોતાના ચારેય પૌત્ર-પૌત્રીઓનું મનોરંજન પણ કરતા. ચૌપાટી પર રેતીમાંથી ડુંગર બનાવવા, ગોટીથી રમવું, પત્તાના જાદુના ખેલ કરવા, એલિફન્ટાની સફરે જવું, હેંગિંગગાર્ડનના ઝાડ અને ફૂલોને ઓળખવા - એ બધું દાદાજી પાસે શીખ્યા. જ્યારે જ્યારે અમારા બાળકો પપ્પા પાસે રહેતા, ત્યારે પપ્પા હંમેશા એમની સાથે - એમની મનપસંદ જગ્યાએ જ સૂતા.

મારા દીકરા કૈવલ્યનો એક પ્રસંગ યાદ આવે છે. એક વખત પપ્પા વ્યાખ્યાન આપતા હતા, ત્યારે ઓડિયન્સમાંથી કૈવલ્ય દોડતો દોડતો 'દાદાજી'ના નામની બૂમો પાડતો મંચ પર જઈ તેમના ખોળામાં બેસી ગયો. પપ્પાએ જરા પણ વિચલિત થયા વગર તેને પ્રેમથી પંપાળતા આખું વ્યાખ્યાન પૂરું કર્યું હતું.

પપ્પાને આ ચારેય પૌત્ર-પૌત્રી પ્રત્યે એટલો વાત્સલ્યભાવ કે પ્રવાસમાં હોય ત્યારે પત્ર લખે તો પરબીડિયા પર હંમેશાં બાળકોના નામે સરનામું લખતા કે જેથી તેઓ ખોલીને દાદાજીનો પત્ર પહેલાં વાંચી શકે.

પપ્પા અમારા પરમમિત્ર હતા. તેમની પાસે વિનાસંકોચે, ડર્યા વગર, મોકળા મને, હૃદય ખોલીને વાતો થઈ શકતી. કોઈ પણ મુશ્કેલી કે કોઈ પણ પ્રશ્નને હલ કરવા તેઓ જરૂર મદદ કરતા. અમારી પ્રગતિ જોઈ ખૂબ જ ખુશ થતા અને બિરદાવતા. અમારા સ્વતંત્ર વ્યક્તિત્વનું ઘડતર થાય એ માટે તેઓ ખાસ ધ્યાન રાખતા અને અમારો આગવો મત અને અમારા નવા વિચારોને તેઓ અપનાવતા. ધાર્મિક વૃત્તિવાળા હોવા છતાં તેઓ ક્યારેય રુઢિચુસ્ત નહોતા.

મારા મમ્મી-પપ્પાનું દામ્પત્યજીવન ખૂબ જ સુખી અને પ્રસન્ન હતું. ત્રેપન વર્ષનો તેમનો સહવાસ. બંને કેળવણીના ક્ષેત્રે કામ કરતા હતા અને તેથી બંને એકબીજાના પ્રેરક અને પૂરક હતા. બંને વચ્ચે એટલું સારું કોમ્યુનિકેશન કે કલાકો સુધી વાતો કરતા થાકે નહિ. ગુજરાતી સાહિત્યના ક્ષેત્રે, જૈન તત્ત્વચિંતનના ક્ષેત્રે, જૈન વ્યાખ્યાનમાળામાં કે સામાજિક સેવાના ક્ષેત્રમાં હંમેશાં તેઓએ સાથે કામ કર્યું.

પપ્પાના વક્તવ્યોમાંથી મારું સૌથી મનગમતું વક્તવ્ય તે પપ્પા દ્વારા અપાતો મારા મમ્મી તારાબેનનો પરિચય.

વ્યાખ્યાનમાળામાં મમ્મીનો પરિચય આપતા કહેતા કે "આજે તો આ વક્તાનો સરખો પરિચય આપવો પડશે કારણકે ઘરે જઈને તારાબેનના હાથના રોટલા ખાવાના છે." ક્યારેક રમૂજમાં એમ પણ કહેતા કે, "લોકોને રાત્રે તારા દેખાય, મને તો ધોળે દિવસે તારા દેખાય છે."

પપ્પા જે કંઈ લેખનકાર્ય કરતાં, તે છપાવતાં પહેલા મમ્મી હંમેશા વાંચી જતા, ટીકા-ટિપ્પણ કરતાં અને સુધારા થયા પછી તે છપાવવા જતું. પપ્પા હંમેશાં માનતા કે ઘરની વ્યક્તિ જ સાચી ક્રિટિક (વિવેચક) બની શકે.

પપ્પાની યાદશક્તિ ખૂબ જ સતેજ. વ્યક્તિઓનાં નામ, સ્થળોનાં નામ, પુસ્તકોનાં અવતરણો, શાસ્ત્રોની ગાથાઓ અને સૂત્રો એમને કંઠસ્થ રહેતું. વર્ષો પછી તેમનો વિદ્યાર્થી દુનિયાના કોઈ પણ દેશમાં મળે તો તેને ઓળખીને તેના નામથી બોલાવી શકતા. એમની વિશાળ લાઈબ્રેરીમાં કયું પુસ્તક ક્યાં રાખ્યું છે એ અચૂક તેમને યાદ હોય. એમની પાસેના બધાં જ પુસ્તકો પર એમની નજર ફરી ગઈ હોય. દરેક પુસ્તકના લેખકનું નામ તેઓ જાણતા હોય.

પપ્પા મારા સૌથી પ્રિય લેખક. એમના પ્રવાસલેખો હોય કે જૈન ધર્મના વિષયો પર આલેખન કર્યું હોય કે કોઈ વ્યક્તિચરિત્ર હોય, તે એટલા રસપ્રદ હોય, માહિતીસભર હોય અને ખૂબ જ સચોટ અને સરળ ભાષામાં લખાયેલા હોય અને તેથી જ વક્તા તરીકે અને લેખક તરીકે તેઓ હંમેશાં તેમના શ્રોતાજનો અને વાચકવર્ગના હૃદયમાં વસ્યા. તેઓ હંમેશાં માનતા કે લખાણ એવું હોવું જોઈએ કે વાચકને વર્ષો પછી પણ એ પુસ્તક આઉટડેટેડ ન લાગે અને તેથી અદ્યતન માહિતી એકઠી કરવા તેઓ એનસાયક્લોપીડિયા અને ઈન્ટરનેટનો ઉપયોગ કરતા.

પપ્પા બહુ જ સારા વ્યવસ્થાપક હતા. વ્યાખ્યાનમાળા હોય, જ્ઞાનસત્ર હોય, જૈન સાહિત્ય સમારોહ હોય, જાત્રા અથવા પ્રવાસ હોય કે કોઈ સમારંભ હોય, પપ્પા ઝીણવટપૂર્વક તેનું આયોજન કરતા અને સાથે સાથે એવી કેટલીય વ્યક્તિ જેઓના માટે પ્રવાસ કરવો દુર્લભ હોય તેઓને ખાસ પ્રવાસ કરાવતા.

પપ્પાનો સ્વભાવ ખૂબ આનંદી. ક્રોધ કરતા તો મે એમને જોયા જ નથી. જ્યાં જાય ત્યાં પોતાના આનંદી સ્વભાવથી, મજાકમશ્કરી અને જોક્સથી વાતાવરણ હળવું બનાવી દે. પપ્પાને જોક્સ વાંચવાનો અને કહેવાનો ખૂબ જ શોખ. તેમની ૫,૦૦૦ પુસ્તકોની લાઈબ્રેરીમાં એક વિભાગ જોક્સના પુસ્તકોનો રહેતો. જ્યારે અંતિમ દિવસોમાં હોસ્પિટલમાં હતા ત્યારે પણ જોક્સનું પુસ્તક વાંચતા હતા અને પોતાની શારીરિક યાતનાને હળવી બનાવવાનો પ્રયત્ન કરતા હતા. ત્યારે તેમણે કહેલું કે "રમણભાઈ ઈન હૉસ્પિટલ, ધેટ ઈસ ધ બિગેસ્ટ જોક ઓફ હીસ લાઈફ" કારણ કે પપ્પા તેમના જીવનકાળ દરમ્યાન ક્યારેય હૉસ્પિટલમાં નહોતા રહ્યા.

પપ્પા બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. એન.સી.સી.માં 'મેજર' હોવાને કારણે દેશની રક્ષા માટે રાઈફલ ચલાવતા પણ શીખ્યા હતા અને જૈન ધર્મના 'અહિંસા'ના વિષય પર વ્યાખ્યાન આપ્યા હતા.

આવા શસ્ત્રોમાં પારંગત એ શાસ્ત્રોનાં વિશારદ, નમ્ર, સરળ, પ્રેમાળ, તેજસ્વી સાક્ષર પિતાની છત્રછાયામાં તેમની પુત્રી તરીકે રહેવાનું મને સદ્ભાગ્ય સાંપડ્યું એ મારા માટે બહુ ગૌરવની વાત છે અને એ માટે ભગવાનનો ખૂબ આભાર માનું છું. અને પ્રભુને એ જ પ્રાર્થના કે આવનારા અનેક જન્મોમાં અમારો પિતા-પુત્રીનો આ જ સંબંધ રહે.

અંતમાં મારી અને મારા ભાઈ અમિતાભની પપ્પા માટેની ભાવાંજલિ છે. - "We were worthily born."

❖ ❖ ❖

# તસ્મૈ શ્રી ગુરવે નમઃ

☐ પ્રા. બકુલ રાવલ

'બકુલભાઈ, તમે નિશ્ચિત રહો. તમારી ચિંતા ટળી જશે. ઘરે જાઓ અને તમારા બાને પણ કહો કે ચિંતા ન કરે' આ શબ્દો હતા મારા વિદ્યાગુરુ ડૉ. રમણલાલ ચી. શાહના અને વર્ષ હતું ૧૯૪૯નું. સ્થળ હતું સેંટ ઝેવિયર્સ કૉલેજ (મુંબઈ)નો પ્રોફેસર્સ કૉમનરૂમ.

હવે માંડીને આ શબ્દો પાછળની ઘટનાની વાત કરું છું. ઈ.સ. ૧૯૪૯માં મેં એસ. એસ. સી.ની પરીક્ષા મુંબઈ ખાતે પ્રાર્થના સમાજ પર આવેલી લીલાવતી લાલજી દયાળ (કબુબાઈ) હાઈસ્કૂલમાંથી હાયર સેકન્ડ ક્લાસમાં પાસ કરી હતી. આગળ ભણવાની ઈચ્છા છતાં આર્થિક પરિસ્થિતિ રજા આપે તેમ ન હતી. પિતાશ્રી કર્મકાંડી બ્રાહ્મણ હતા. ઈ.સ. ૧૯૪૯ની ૮ ઑગસ્ટે તેમણે સી. પી. ટૅંક પર આવેલા રાધાકૃષ્ણ મંદિરની ચાલીમાં પોતાની જીવનલીલા શિવસ્મરણ કરતાં કરતાં સંકેલી લીધી હતી. કથા-પૂજા-પાઠ કરાવનાર બ્રાહ્મણ પિતા પોતાની પાછળ મૂડીમાં મને આપેલ વિદ્યા અને સંસ્કારનો વારસો જ મૂકી ગયા હતા. સતારા (મહારાષ્ટ્ર)ની સંસ્કૃત પાઠશાળાનું આચાર્યપદ સૈદ્ધાંતિક કારણોસર છોડીને પછી મુંબઈને તેમણે કર્મભૂમિ બનાવી હતી. તેમના કૈલાસવાસ પછી હું અને મારી વિધવા માતા પરસ્પરના આધાર બન્યા હતાં. એથી કૉલેજમાં જવાની કે ભણવાની તો કલ્પના પણ અમે કરતા નહીં.

પરીક્ષા પછીની રજાઓમાં હું મારે ગામ બડોલી (તાલુકા: ઈડર, જિલ્લા: સાબરકાંઠા, ગુજરાત) ગયો હતો અને છેક જુલાઈમાં કૉલેજો ખૂલી ગયા પછી મુંબઈ આવ્યો હતો. બાએ કહ્યું હતું, 'પગ મૂકવા માટે ઓરડી તો છે. તું ક્યાંક નોકરી શોધી લેજે અને મને બોલાવજે'. એટલે હું મુંબઈ આવીને નોકરી શોધવા માંડ્યો હતો.

આવા સંજોગોમાં પણ ભાગ્યે મને યારી આપી. મારા નસીબમાં વિદ્યા લખાઈ હશે તેથી અમારી જ્ઞાતિના જ એક સજ્જન મને વરજીવનદાસ સરૈયા શેઠ પાસે લઈ ગયા. આ સજ્જનની ઈચ્છા હતી કે હું ભણું. સરૈયા શેઠ પોતાનું પ્રાઈવેટ ચેરિટેબલ ટ્રસ્ટ ચલાવતા હતા અને ગરીબ વિદ્યાર્થીઓને ફીની મદદ કરતા હતા. ચર્ચગેટ પાસે આવેલા ઈરોઝ સિનેમા નજીક સ્વસ્તિક કોર્ટમાં શેઠ રહેતા હતા. મારા સદ્ભાગ્યે શેઠે મને કૉલેજના પ્રથમ સત્રની ફી રૂા. ૧૨૫/- આપી અને કહ્યું: 'હવે પ્રથમ સત્રનું સુંદર પરિણામ લઈને મને મળવા આવજો, પછી જ હું બીજા સત્રની ફી આપીશ.'

હું તો રાજીરાજી થઈ ગયો. શેઠને પ્રણામ કરીને મારી ઓરડીએ ગયો. બીજા દિવસે સેંટ ઝેવિયર્સ કૉલેજ પર ગયો. એડમિશન ફોર્મ ભર્યું અને રૂા. ૧૨૫/-ની ફી ભરી મેં પ્રથમ વર્ષ વિનયનમાં પ્રવેશ લીધો. (આ અંગેની વિગતવાર માહિતી મેં મારી 'ધરમ સાચવજે, બેટા' નામક પુસ્તિકામાં વર્ણવી છે.)

અભ્યાસની લગની તો મને સતારાની પાઠશાળા અને મુંબઈની કબુબાઈ સ્કૂલથી જ હતી. એથી કૉલેજના પ્રથમ સત્રમાં સારાગુણાંકે હું ઉત્તીર્ણ થયો. પરિણામપત્ર લઈને શેઠને મળવા પહોંચી ગયો.

મારો કસોટી કાળ અહીંથી શરૂ થતો હતો. શેઠને ત્યાંથી જાણવા મળ્યું કે તેઓ પરદેશ ગયા છે અને ક્યારે આવશે તે નક્કી નથી. હું મુંઝાયો. કૉલેજનું બીજું સત્ર ચાલુ થઈ ગયું હતું. ફી ભરવાની છેલ્લી તારીખને માત્ર ત્રણ દિવસ બાકી હતા. મને કાંઈ સૂઝતું ન હતું. કૉલેજમાં લેક્ચર્સ તો ભરતો પણ મન અશાંત હતું. અમારા ગુજરાતીના પ્રાધ્યાપક રમણભાઈના લેક્ચરમાં પણ હું શૂન્યમનસ્ક બની બેઠો રહ્યો હતો. રમણભાઈની ચકોર નજરે મને પકડી પાડ્યો. લેક્ચર પૂરું થયા પછી મને બોલાવી કહ્યું, 'મને પ્રોફેસર્સ રૂમમાં મળી જજો.'

મારા તો હોશકોશ ઊડી ગયા. આમે રમણભાઈનો કડપ વધારે હતો. એન.સી.સી.ના મેજરપદે આ વ્યક્તિ એથી જ તો પહોંચી શકી હતી. તેઓ શિસ્ત અને સમયપાલનના અત્યંત આગ્રહી હતા. હું મનમાં ભય અને આશંકા સાથે રમણભાઈને મળવા ગયો. મને તેમની પાસે બેસાડ્યો અને મારા ખભે હાથ મૂકી પૂછ્યું, 'આજે મારા લેક્ચરમાં મને તમે ઉદ્વિગ્ન દેખાયા હતા. તમારું ધ્યાન મારા લેક્ચરમાં ન હતું. કોઈ સમસ્યા છે કે શું? મને તમારો મોટોભાઈ ગણજો.'

મારી વેદના કહેવા માટે શબ્દોને બદલે મારી આંખોએ જ જવાબ આપી દીધો. દડદડ આસું સરી પડ્યાં!

રમણભાઈને થયું હશે કે અહીં પ્રોફેસર્સરૂમમાં બેસીને આ છોકરો કદાચ હૈયું નહીં ખોલી શકે. એટલે મને કહે, 'ચાલો, આપણે લાઈબ્રેરીમાં જઈએ. ત્યાં ગુજરાતી વિભાગમાં બેસીને વાત કરીએ.'

અમે બંને ઊભા થયા. રમણભાઈએ મારા ખભે હાથ મૂક્યો. એમના આ સ્પર્શમાં મને ખરેખર મોટાભાઈના સ્નેહનો અનુભવ થયો હતો. આજે પણ એ દૃશ્ય હું ભૂલ્યો નથી. એ સ્પર્શ તાજો જ લાગે છે.

લાઈબ્રેરીમાં જઈને મેં રમણભાઈને બધી વાત કરી અને કહ્યું, 'સર, જો ફી નહીં ભરી શકું તો કૉલેજ છોડવી પડશે. મારો અભ્યાસ અટકી જશે. મારા જેવા ગરીબ બ્રાહ્મણપુત્ર પાસે વિદ્યા કે ડિગ્રી જ મૂડી બને છે. તેનાથી જ નોકરી મેળવી શકીશ. મેં મારા પ્રયત્નો કરી જોયા પણ બધેથી નકાર મળ્યો છે'.

આવું કહેતી વખતે પણ મારાં આંસુ વહ્યે જતા હતા. રમણભાઈએ મને દિલાસો આપ્યો અને કહ્યું, 'તમે નિશ્ચિત રહો. તમારી ફી ભરાઈ જશે.'

મારા દુઃખાશ્રુ હર્ષાશ્રુમાં ફેરવાઈ ગયા. પછી મોઢા પર સ્મિત લાવીને કહ્યું, 'પણ સર, જો મારી ફી તમે ભરવાના હો તો એક શરતે હું તમારી વાત સ્વીકારીશ.'

'કઈ શરત?' સરે પૂછ્યું.

'સરૈયા શેઠના આવ્યા પછી મને ફીની જે રકમ શેઠના ટ્રસ્ટમાંથી મળશે તે હું તમને આપવા આવું ત્યારે લેવી પડશે.' મે કહ્યું.

'બકુલભાઈ, એ વખતે જોયું જશે. હમણાં તો તમે અભ્યાસમાં મન પરોવો. મારું તો સપનું છે કે તમે એમ.એ. થઈને આપણી જ કૉલેજમાં મારી જેમ જ લેક્ચરર બનો!'

'સર, તમારા આશીર્વાદ હશે તો એ સપનું પણ હું સાકાર કરીને બતાવીશ.'

મને યાદ છે કે ઘરે જઈને મેં મારી બાને આ બધી વાત કરી ત્યારે તેણે કહ્યું હતું, 'તું તારા મોટાભાઈ જેવા બનેલા સરને કહેજે કે મારા બાએ આશીર્વાદ આપ્યા છે કે તેઓ ખૂબ જ કીર્તિ અને સન્માન મેળવે અને સરસ્વતીનો આશીર્વાદ પામે.'

ત્યારબાદ તો હું સરૈયા શેઠને મળવા જતો પણ શેઠને આવવામાં વિલંબ થતો હતો. આખરે છેક ઑગસ્ટના અંતમાં તેઓ આવ્યા. હું તેમને મળ્યો. બધી વાત કરી. રમણભાઈનો ઉલ્લેખ કર્યો ત્યારે શેઠે કહેલા શબ્દો હજી પણ મારા કાનમાં ગૂંજે છે. તેમણે કહ્યું હતું, 'રમણભાઈ જેવા ગુરુઓ જ્યાં સુધી આપણા દેશમાં છે ત્યાં સુધી સરસ્વતી પ્રસન્ન થતી રહેશે. તારા સરને કહેજે કે પૈસાના અભાવે કોઈ વિદ્યાર્થી ભણી ન શકે તેવા હોય તો તેમની ચિઠ્ઠી લઈને મને મળે. વળી રમણભાઈને કહેજે કે સમય કાઢીને મને મળવા આવે. મને તેમના પ્રત્યે માન થયું છે.'

શેઠ પાસેથી ફીની રકમ લઈ, બીજા દિવસે હું સરને મળવા ગયો. મે કહ્યું, 'સર આપણી શરત મુજબ આ રકમનો સ્વીકાર કરો. તમે મારી ફી ભરી દીધી છે એ ઋણમાંથી મને મુક્ત કરો.' સરૈયા શેઠે કહેલી વાત પણ કરી.

રમણભાઈએ ફરી મારા ખભે હાથ મૂકીને કહ્યું, 'મેં તમને કયાં ઋણી બનાવ્યા છે કે મુક્ત કરું? મેં તો મારું કેવળ કર્તવ્ય બજાવ્યું છે. આ પૈસા તમે જ રાખો. અભ્યાસ માટે અન્ય ખર્ચા પણ કરવા પડે છે. તેમાં વાપરજો.'

મારા આગ્રહ છતાં રમણભાઈએ રકમ ન જ લીધી. ઘરે જઈ મેં મારી બાને વાત કરી તો બાએ તુરંત કહ્યું, 'તું સરૈયા શેઠને મળીને આ વાત કરી આવ. શેઠની રકમ તેમને પરત કર. આપણાથી ન રખાય. તું ટ્યુશનો કરીને જે કમાય છે તેમાંથી ઘર ચાલે છે. વળી પૂજા-પાઠ અને કર્મકાંડ દ્વારા પણ થોડીઘણી આવક તો થાય જ છે ને! આપણા ક્યાં મોજશોખ કે ખોટા ખર્ચા છે?'

હું સરૈયા શેઠ પાસે ગયો. શેઠ મારી આવી પ્રામાણિક્તાથી રાજી થયા. મને કહે, 'છોકરા! તેં મને આવી વાત કરીને વધુ રાજી કર્યો છે. તારામાં મને એક તેજ દેખાય છે. આ રકમ તું જ રાખ. પણ તારી બાનું કહેવું માની તું આવ્યો તે જ મોટી વાત છે. તારી આવી વૃત્તિથી પ્રભાવિત થયો છું અને કહું છું કે જ્યાં સુધી ભણીશ ત્યાં સુધી મારી પાસેથી ફી લઈ જવી.' શેઠે વચન આપ્યું હતું. એમ. એ.ની પરીક્ષા ફી પણ આપી હતી.

શેઠને પ્રણામ કરી હું નીચે ઊતર્યો. ઘરે આવ્યો. બાને બધી વાત કરી. બાએ કહ્યું, 'બેટા! જ્યાં ધર્મ અને નીતિ છે ત્યાં જ ઈશ્વરની કૃપા ઉતરે છે એટલું ધ્યાનમાં રાખજે. વળી ભવિષ્યે તું બે પાંદડે થાય તો તારા રમણભાઈસરની જેમ જ કોઈને સહાયક થતો રહેજે.'

રમણભાઈને આ બધી વાત કહી ત્યારે તેમણે પણ મને કહ્યું, 'તમારી બાએ જે કહ્યું છે તેમાં સત્ય છે. તેનું પાલન કરજો.' આજે મારા વિદ્યાગુરૂ રમણભાઈ સદેહે હયાત નથી પરંતુ ગુરુવંદના કરતો પેલો જાણીતો શ્લોક આવા ગુરુઓ માટે જ કહેવાયો હશે કે :

**ગુરુબ્રહ્મા ગુરુવિષ્ણુઃ**
**ગુરુદેવો મહેશ્વરઃ**
**ગુરુઃ સાક્ષાત પરબ્રહ્મ**
**તસ્મૈ શ્રી ગુરવે નમઃ**

આવા ગુરુ માટે તો કહેવું પડે છે 'વજ્રાદપિ કઠોરાણિ મૃદુનિ કુસુમાદપિ.'

હું ૧૯૫૯-૬૧ દરમિયાન સેંટ ઝેવિયર્સમાં જ પાર્ટ-ટાઈમ લેક્ચરર નિમાયો ત્યારે મારા વિદ્યાગુરુનું સપનું સાકાર કર્યાનો આનંદ મેં અનુભવ્યો હતો.

પુનઃ પુનઃરમણભાઈને વંદના કરીને કહું છું: તસ્મૈ શ્રી ગુરવે નમઃ

# 'જ્ઞાનાત્મા પરમાનંદ'

☐ ડૉ. કવિન શાહ

મધ્યકાલીન જૈન સાહિત્યના પ્રખર અભ્યાસી સંશોધક પ્રવાસ ચરિત્ર અને જૈનદર્શનના રહસ્યોને લોકભોગ્ય શૈલીમાં રજૂ કરનાર સાહિત્યકાર ડૉ. રમણભાઇનું અવસાન એક જ્ઞાનાત્માના અવસાનની અવિસ્મરણીય ઘટના છે.

સ્વ. રમણભાઈ ગુજરાતી ભાષા અને સાહિત્યના પ્રાધ્યાપક હોવાની સાથે એન. સી. સી. ઑફિસરની સેવાને કારણે જીવન અને વ્યવહારમાં શિસ્ત, નિયમિતતા અને સેવાકીય ગુણોથી સંસ્થાઓમાં માનવતાવાદી કાર્યોમાં સફળ નીવડ્યા હતા.

સ્વ. રમણભાઇની શ્રુતોપાસના જૈન સાહિત્યના ઇતિહાસની એક સુવર્ણ ગુણ ગાથા સમાન ઝળહળતી રહી છે. નળ દમયંતી રાસ વિશેના એમના મહાનિબંધથી શરૂ થયેલી એમની સંશોધન પ્રવૃત્તિએ દિન પ્રતિદિન વિકાસ પામીને સિદ્ધિનાં સોપાન સર કર્યા હતા. એમની ચરિત્ર્યાત્મક સાહિત્યની કૃતિઓ વિશેષ નોંધપાત્ર હતી. માનવીને માનવીમાં રસ છે. પ્રત્યક્ષ જીવન જીવનાર વ્યક્તિ અને તેના અનુકરણીય આદરણીય ગુણો અને પ્રસંગોનું નિરૂપણ કરીને જૈન સાહિત્યના ચરિત્રાત્મક વિકાસમાં ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. અનુવાદ, ધર્મ વિશેની કૃતિઓ તદ્દુપરાંત સંશોધન, વિવેચન, સંપાદન-આ પ્રકારના સાહિત્યના પ્રભાવથી સદ્‌ગતના જીવનમાં સમતા, સહિષ્ણુતા, સરળતા, સાદગી, સહયોગ અને સેવા જેવા ગુણોનોં વિકાસ થયો હતો. એમના આ ગુણોની સમૃદ્ધિ એમની વૈવિધ્યપૂર્ણ પ્રવૃત્તિઓમાં દૃષ્ટિગોચર થયા છે. એમની સર્જનપ્રવૃત્તિનું વિશેષ ઉલ્લેખ કરવા લાયક લક્ષણ, એમની જૈનદર્શનના સિદ્ધાંતો અને રહસ્યોને વિશ્લેષણાત્મક શૈલીમાં રજૂ કરીને જનસાધારણને જ્ઞાનની લહાણ કરી છે. સંસ્કૃત-પ્રાકૃત ભાષાના કઠિન અને દુર્બોધ ગ્રંથોમાં રહેલા દર્શન શાસ્ત્રના વિવિધ વિષયોમાં સ્વયં અભ્યાસ કરીને રોચક શૈલીમાં 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે તંત્રીલેખ લખીને શ્રુતજ્ઞાનની અપૂર્વભક્તિ કરી છે. શ્રુતજ્ઞાન જૈનદર્શનની દૃષ્ટિએ સ્વ અને પરના કલ્યાણમાં મહાન નિમિત્ત છે.

'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીલેખ એમની શ્રુતોપાસનાની સાથે જ્ઞાનમાર્ગની સુજ્ઞ દૃષ્ટિ અને સર્જકપ્રતિભાનું દર્શન કરાવે છે. સ્વ. રમણભાઇની વિશેષતા સાંપ્રદાયિક સંકુચિતતામાંથી બહાર નીકળીને ઉદારમત વાદી વલણ ધરાવી જૈન જૈનેતર મતના જ્ઞાન માર્ગની વિસ્તાર પામેલી ક્ષિતિજનો પરિચય કરાવે છે. મુંબઇથી જૈન યુવક સંઘના માનવતાવાદી સેવાકીય પ્રવૃત્તિઓમાં તેઓશ્રીએ અનેકવિધ કાર્યોની સાથે સમય આપીને સફળતાના સુકાની બનવાનું અનુકરણીય કાર્ય કર્યું છે. મુંબઈ જેવા મહાનગરમાં રહેનાર વ્યક્તિઓ No Time જેવા શબ્દોથી કામ કરવા માટે દૂર ભાગતા હોય ત્યારે આ જ્ઞાનાત્મા જ્ઞાન સાથે માનવતાના કાર્યોમાં પણ મુંબઈ બહારના આદિવાસી પછાત અને ઉપેક્ષિત વિસ્તારોમાં મંડળના સેવાભાવી સભ્યો સાથે કામ કરતા હતાં ત્યારે એક માનવ જન્મમાં જ આવી સેવાના મેવા મળે છે. અને રમણભાઈએ એમના જીવનંમાં સ્વ અને પરના કલ્યાણ માટે જીવન સમર્પણ કર્યું છે. તેનું શબ્દોમાં વર્ણન ન થાય. એ તો યોગીઓના યોગની મન: સ્થિતિના અનુભવ સમાન છે. પ્રવાસશોખીન શ્રી રમણભાઇએ પાસપોર્ટની પાંખેનું પુસ્તકનું સર્જન કરીને અમેરિકન જીવન અને શૈલીમાં હજારો સાહિત્ય રસિક માનવીઓને રસલીન કર્યા હતા.

એમની શ્રુત ભક્તિનું સોનેરી પ્રકરણનો જૈન સાહિત્ય સમારોહનું આયોજન કરીને જૈન સાહિત્યના વિકાસમાં અને પ્રતિ વર્ષ પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજીને ભક્તિ ભાવનાના મંગલ પ્રભાતથી જૈન-જૈનેતર ધર્મના વિદ્વાન વક્તાઓ દ્વારા જ્ઞાનામૃતનો રસાસ્વાદ કરાવવાની પ્રવૃત્તિ એ પણ સર્વ સાધારણ જનતા માટે ખૂબ જ મહત્ત્વની વાત છે એમનું પ્રવાસ સાહિત્ય ઘર બેઠાં ગંગા સમાન જ્ઞાન અને આનંદ ધરાવતું છે. એમની સર્જક પ્રતિભાની લાક્ષણિકતા હતી કે કોપીરાઇટનું વિસર્જન એમ પુસ્તકમાં લખતા હતા.

મહાવીર સ્વામીના હાલરડાવાળા કવિરાજ દિપવિજયના બિલીમોરા નગરે વર્ણવ્યું 'વીરનું હાલરડું'થી દેશ વિદેશમાં ખ્યાતિ પામેલા કવિ વિશે સંશોધિત પુસ્તકના વિમોચન સં. ૨૦૫૪-સમારંભ બિલીમોરામાં વૈશાખ વદ ૧૪ યોજાયો હતો. ત્યારે બિલીમોરા સંઘનાં આમંત્રણથી તેઓશ્રી અતિથિ વિશેષ તરીકે પધાર્યા હતા. આ પ્રસંગે શ્રુત જ્ઞાનના ઉપાસક પ્રાધ્યાપક તરીકે એમનું શાલ અને શ્રીફળ અર્પણ કરીને બહુમાન કરવામાં આવ્યું હતું. એમણે પ્રસંગોચિત વક્તવ્યમાં જૈન સાહિત્યના સંશોધન વિશે પ્રેરણાત્મક વિચારો રજૂ કર્યા હતા. ડૉ. કવિન શાહની સંશોધન પ્રવૃત્તિને બિરદાવી હતી. મારી સંશોધન પ્રવૃત્તિના પ્રેરણાના સ્તોત્ર શાસન સમ્રાટ વિજય નંદનસૂરીશ્વરજી મહારાજ અને ડૉ. રમણભાઈ શાહ હતા. કવિરાજ દિપ વિજયજી પછી સંશોધન પ્રવૃત્તિ અવિરતપણે ચાલુ રહીને ૧૭ પુસ્તકો પ્રગટ થયા છે. એમની શ્રુત ભક્તિ-સર્જક પ્રતિભા માનવતાવાદી સેવાકાર્યો શિસ્ત અને કર્તવ્ય પરાયણતાના ગુણોથી ચિરંજીવ સ્થાન ધરાવે છે. ભાવિ પેઢીને માટે પણ આ વિરલ વ્યક્તિત્વ ધરાવનાર જ્ઞાનાત્માનું પુણ્ય સ્મરણ એક જીવનની સાર્થકતા માટે એક નવો જ રાહ ચીંધે છે. સદ્‌ગતશ્રીને શ્રદ્ધાંજલિ અને જીવનની આછેરી ઝલક અન્ય માનવીઓના તેજ કિરણ બની જીવનપંથ ઉજ્જવળ બનાવે.

આત્માના વિવિધ પ્રકાર છે જ્ઞાના-આત્મા, દર્શનાત્મા, ચારિત્રત્મા, તપાત્મા, ધર્માત્મા, અંતરાત્મા, બાહિરત્મા છે. તેમાં સ્વ. રમણભાઈ કે જ્ઞાનાત્મા હતા અને જ્ઞાન રમણતાના સંસ્કારોનું સ્વયંમ પાન કરીને બહુ મોટી સંખ્યામાં લોકોને જ્ઞાનાત્મા બનાવવા માટેનું જીવન પાથેય આપી ગયા છે. એમની અમૂલ્ય ભેટનું રક્ષણ સમવર્ધન એ એમની ચિરંજીવ સ્મૃતિ છે. ❖ ❖ ❖

# ૨. ચી. શાહ-શીલ અને સાત્ત્વિકની મહેક

☐ ડૉ. પ્રવીણ દરજી

ડૉ. શાહ સાહેબ હવે આપણી વચ્ચે નથી, કદાચ ડૉ. શાહ સાહેબ હવે જ આપણી વચ્ચે ખરેખરા આવીને બેઠા છે ! ડૉ. શાહ સાહેબ એટલે ડૉ. રમણલાલ ચી. શાહ. અમે કૉલેજમાં ભણતા ત્યારે યુનિવર્સિટી કક્ષાએ ગુજરાતી વિષયનું અધ્યયન-અધ્યાપન કાર્ય કરનારાઓમાં શાહ સાહેબનું નામ આગળ પડતું. અભ્યાસુ ખરા પણ અભ્યાસદેખાડો નહિ, શબ્દપ્રભુત્વ ખરું પણ શબ્દશેખી નહિ. નિજાનંદી અધ્યાપક, નિજપંથી અધ્યાપક. તેથી મુંબઈમાં જે જૂથ, વાડાબંધી, ખેંચાતાણી સાહિત્યક્ષેત્રે થાય તેમાં તેમનું નામ ક્યાંય સાંભળવા ન મળે. કહો કે રમણભાઈ માત્ર જૈન જ નહોતા જિનત્વની સાકાર મૂરત હતા.

હું યાદ કરું છું અને પાછલાં વર્ષોમાં સરું છું તો તરત એક ઘટના

યાદ આવે છે. એક વેળા પ્રો. જશવંત શેખડીવાળા, હું અને પ્રો. ડૉ. તેરૈયા એક સાથે વિદ્યાના કામે મળ્યા હતા. ગુજરાતી ભાષાના અનેક અધ્યાપકો વિશે ત્યારે ભાતભાતની વાતો નીકળી. મારા માટે તો એમાંની મોટા ભાગની વાતો નવી હતી. હું કુતૂહલતાથી બધું સાંભળતો જતો હતો, વચ્ચે ક્યાંક ક્યાંક પૃચ્છા થાય, અમુકતમુક વિશે શંકા–કુશંકાને કારણ મળે. પણ જ્યાં રમણભાઈની વાત નીકળી ત્યાં તરૈયા સાહેબ અને શેખડીવાળા સાહેબ બંનેનો એક જ મત. સજ્જન વ્યક્તિ તરીકેનો મત. બંને રમણભાઈના મિત્રો. પછી 'પાસપોર્ટની પાંખે' વિશે કેટલીક વાતો થઈ. શેખડીવાળા સાહેબે સહજ રીતે તેમાંના હકીકત–દોષો વિશે વાત કાઢી. એ દોષોની રમણભાઈને જાણ કરી હતી તે પણ કહ્યું અને એ દોષોનો રમણભાઈએ સહજ રૂપે, નિખાલસતાથી સ્વીકાર કર્યો હતો તે પણ તેમણે કહ્યું. બસ, મારા માટે આ ક્ષણ મહત્ત્વની બની ગઈ. રમણભાઈ માટે જે આદર અને પ્રેમ હતો તે દૃઢ તો થયો પણ એમાં ખાસ્સો ઉમેરો પણ થયો. અને પછી શેખડીવાળા સાહેબ અને તેરૈયા સાહેબે જ મારા તેમના પ્રત્યેના પ્રેમભર્યા પક્ષપાત વિશે રમણભાઈને કંઈક વાત કરી. રમણભાઈ સાથે એમ મારો પરોક્ષપણે સેતુ બંધાયો. અમારા વચ્ચે પછી અવાનવાર પત્રોની આપ–લે પણ થવા લાગી. પત્ર દ્વારા જ જીવન અને સાહિત્યના કેટલાક માર્મિક સંકેતોની પણ આપ–લે થતી રહી. અમે હવે પરસ્પરને માટે આત્મીય હતા.

હવે હું મારી રીતે રમણભાઈને, તેમના શબ્દને ઉઘાડવા મથતો રહ્યો. તેમના ઉત્તરધ્રુવ, ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા કે એવા બીજા પ્રવાસોમાં તેમની ઘુમ્મક્કડવૃત્તિનો પરિચય પામ્યો. તો 'પ્રબુદ્ધ જીવન'ના નિયમિત રૂપે મળતા અંકો વડે તેમના સાત્ત્વિક પત્રકારત્વનો અનુભવ કર્યો. એકેએક વસ્તુને તેઓ બારીકાઇથી જોતા, તેના સાર–અસારનો વિવેક કરતા અને પછી જીવન સંદર્ભે તેનું માહાત્મ્ય છતું કરતા. તેમનાં તંત્રીલેખો માત્ર લખવા ખાતર લખાયેલા લેખો નથી. તેમાં તેમની અભ્યાસનિષ્ઠા તો છે જ પણ સાથે તેમની નિશ્ચિત દિશા પણ વાંચી શકાય છે. કહો કે તેઓ તંત્રી જ રહ્યા નથી તંત્રીની સાથે સંત્રી પણ બન્યા છે.

'પ્રબુદ્ધ જીવન'માંથી તેમનું સેવા સમર્પિત વ્યક્તિત્વ પણ જુદી રીતે માણવા મળ્યું. પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ હોય, ગુજરાત કે મહારાષ્ટ્રના ગામોમાં વૈદકીય નિદાન–સારવારના કેમ્પો હોય, આંખોના ઓપરેશનના કેમ્પો હોય, કોઈ નાનકડા પ્રવાસનું આયોજન હોય–રમણભાઈની સક્રિયતા એ પાછળ તરત જણાય.

રમણભાઈ વિશે ઘણું પાછળથી જાણવા મળ્યું કે તેઓ એન.સી.સી.માં પણ મેજરના હોદ્દા સુધી પહોંચ્યા હતા. ભાષાનાં અધ્યાપક આવી કડાકૂટમાં ભાગ્યે જ પડે. પણ રમણભાઈ માટે એ રસનો વિષય હતો. તેમનામાં જે ખંત, ચોકસાઈ, ચિવટ અને શિસ્તના દર્શન થાય છે તેની પાછળ આ એન.સી.સી. હતી. સોંપાયેલા આ કાર્યને તેમણે પોતીકું કરી બતાવી પોતાના જીવનઘડતરમાં પણ તેનો ઉત્તમ વિનિયોગ કરી બતાવ્યો. રમણભાઈ એમ જે કાર્ય હાથમાં લે તેને પૂરી નિષ્ઠાથી પૂરું કરી આપતાં.

રમણભાઈના વ્યક્તિત્વમાં જૈન ધર્મ સંસ્કારનો પણ મોટો હિસ્સો રહ્યો છે. ભાષાના અધ્યાપક તરીકે, એન.સી.સી.ના અધિકારી તરીકે સમજ અને શિસ્ત એવાં વિસ્તર્યા હતાં કે કશું ખોટું સાંખી શકે નહિ કે ચલાવી શકે નહિ. જરૂર પડે તેની સામે લડવાના મૂડમાં પણ એ આવી જાય. પણ પેલા જૈન સંસ્કારોએ તેમને ભીતરથી સંકોર્યા. જૈન મહર્ષિઓએ અને જૈનશાસ્ત્રોએ તેમનામાં સંયત દૃષ્ટિનો ગુણ વિકસાવ્યો. રમણભાઈનું વ્યક્તિત્વ જ નહિ, તેમનો શબ્દ પણ એ રીતે આવાં અનેક તત્ત્વોથી પરિપુષ્ટ થતો રહ્યો. સાહિત્ય, ધર્મ, તત્ત્વ, જીવન એમ અનેક વાનાંમાં તેમની ગતિ જોવાય છે. પણ એ બધું છેવટે વળ ખાતું આવીને અટકે છે તે જીવનના વિધાયક અવાજ ઉપર.

મારે ત્યાં સામયિકો તો ઠીક ઠીક આવે છે. પણ 'પ્રબુદ્ધ જીવન'ની હું હંમેશાં વિશેષ રૂપે રાહ જોતો. ખાસ તો એમાં તેમના વિસ્તૃત, મનનપૂર્ણ તંત્રી લેખ માટે. રમણભાઈનો એ લેખ જાણે કે બીજા તૈયાર થઈ રહેલા અંક સુધીનો તેમની પ્રવૃત્તિઓનો ચૂકતે હિસાબ આપી દેતો હોય તેવું લાગે. તેમણે વારંવાર આગ્રહ કરીને મને 'પ્રબુદ્ધ જીવન'માં લખતો કર્યો હતો. પ્રસંગોપાત હું લેખ મોકલતો. લેખ મળતાં મને તે ઉત્તર રૂપે પત્ર પણ લખે.

વચ્ચે, એકાદ વર્ષ થયું હશે. તેમનો પત્ર આવ્યો. 'મારા ગ્રંથોમાંથી શ્રેષ્ઠ નિબંધોનો સંચય કરી આપો. પારિશ્રમિક વગેરે મળશે જ...' વગેરે વગેરે. મેં વળતો જ ઉત્તર આપતા લખ્યું તમારે સંમતિ, પારિશ્રમિક વગેરે વિશે લખવાનું જ ન હોય. તમારા નિબંધો વાંચું છું અને તમારા અનેક સંગ્રહોમાંથી ઉત્તમ નિબંધોનો સંગ્રહ જરૂર થઈ શકે તેમ છે અને એ કાર્ય મારે કરવાનું જ હોય. તે પછી એ વાત ત્યાં અટકી. ત્રણેકવાર તેમણે પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા માટે નિમંત્રણ પાઠવેલું. મારી દોડાદોડીમાં મારાથી એ શક્ય બન્યું નહોતું. તેઓએ મારા અભ્યાસ અને વક્તૃત્વ વિશે કોઈકની પાસેથી સાંભળ્યું હશે એટલે તેમણે તે વિશે ઠીક આગ્રહ રાખ્યો. મનમાં ત્યારે એવું ખરું કે એકાદવાર આંટો મારી આવીશ. પણ એ શક્ય બન્યું નહિ. તેમની એ ઇચ્છા પૂરી કરી શક્યો નથી તેથી આજે એક પ્રકારની 'ગિલ્ટ' અનુભવું છું.

અત્યારે આ લખું છું ત્યારે તેમણે મને ભેટ મોકલેલા ડઝનેક સંગ્રહો મારી સામે પડ્યા છે. એ સંગ્રહો માત્ર લખવા ખાતર લખાયેલા નથી. રમણભાઈની ચેતના કેવા કેવા પ્રદેશોમાં વિહરતી હતી. તેમની જુદે જુદે પ્રસંગે કેવી ક્રિયા–પ્રતિક્રિયાઓ રહેતી, કઈ ઊંચાઈએથી તે વસ્તુને જોતા, વિચારતા કે નિર્ણય ઉપર આવતા–તે સઘળું એમાંથી પામી શકાય છે.

તેમની હયાતીમાં જ છેલ્લે પોતાના આ સંગ્રહોમાંથી જુદાં જુદાં લખાણોને ચોક્કસ વિષય હેઠળ સંપાદિત કરવાની યોજના ઘડી કાઢી હતી. અને એવું સંપાદન અમુક વ્યક્તિ પાસે જ કરાવવું તેવો તેમનો દૃઢાગ્રહ હતો. આવી વ્યક્તિઓમાં તેમણે શ્રી જશવંત શેખડીવાળા અને ડૉ. હસુ યાજ્ઞિકની સાથે મને પણ યાદ કર્યો હતો. મારા માટે રમણભાઈ તરફથી મળેલું એ પ્રમાણપત્ર છે એમ હું સમજું છું.

તેમના માટે અભ્યાસી, સંપાદક, સંશોધક, તત્ત્વચિંતક, નિબંધકાર, નાટ્યકાર, અનુવાદક, મેજર એવા ગમે તેટલાં વિશેષણો યોજો. એ બધાંથી આગળ તે એક અદના આદમી હતા તે બાબત મહત્ત્વની છે. તેમણે પોતાને ઘૂંટ્યા કરવાને બદલે પોતાને સતત વિખેરી નાખવામાં આનંદ લૂંટ્યો છે. ચાલશે, ભાવશે ને ફાવશે સૂત્રને જીવનાર રમણભાઈ તેથી જ જ્યાં જાય, જે ઉંમરવાળાની સાથે બેસે ત્યાં તેઓ ત્યાંના અને તેમના જેવા જ થઈ રહેતા. આબાલ–વૃદ્ધ સૌને તેથી ર. ચી. શાહ માટે ભીતરનો પ્રેમ રહ્યો છે.

ક્ષીર દેહે રમણભાઈ નથી પણ તેમણે મારા પરત્વે દાખવેલી મમતા તો મારી હૃદયદાબડીમાં એમ જ અકબંધ રહેશે. રમણભાઈ શીલ અને સાત્ત્વિકની મહેક હતા. ❖ ❖ ❖

# આદરણીય શ્રી રમણભાઈને સ્મરણાંજલિ

☐ પ્રવીણભાઈ સી. શાહ

એક સમય એવો હતો કે કલાક્ષેત્રે, ફિલ્મીક્ષેત્રે ભારતભરમાં અમુક થોડીક જ વ્યક્તિ નામાંકિત–પ્રસિદ્ધ જોવા મળતી પણ જ્યારથી ટી. વી. સિરિયલો જોવા મળી ત્યારથી કેટકેટલા કલાકારો, સંગીતકારો, નાટ્યકલાકારો અને ફિલ્મી ક્ષેત્રે ખૂણે ખૂણે છૂપાયેલી વિભૂતિઓ જાહેરક્ષેત્રે પ્રસિદ્ધિ પામી છે. ખૂણામાં અનેક ક્ષેત્રમાં છુપાયેલી પ્રતિભાઓને પ્લેટફોર્મ મળ્યાની તક મળતાં જ ઝળકી ઉઠી.

જૈન શાસનમાં વિદ્વતાના ક્ષેત્રે નાની–મોટી પ્રતિભાઓને વ્યાખ્યાનમાળાના માધ્યમથી તથા સેમિનારના પ્લેટફોર્મ ઉપર બોલાવીને શ્રી રમણભાઈએ કેટલીય વિદ્વાન વ્યક્તિઓને પ્રોત્સાહન આપી જાહેરક્ષેત્રમાં પ્રસિદ્ધ કર્યા છે.

ઈ. સ. ૧૯૯૦ આસપાસ મુંબઈ બિરલા કેન્દ્રમાં પર્યુષણ વ્યાખ્યાનમાળામાં માત્ર ગુણવત્તાના આધારે લાગવગ કે ઓળખાણ વિના જ્યારે શ્રી રમણભાઈએ વાત્સલભર્યા આમંત્રણથી મને બે વાર તક આપી ત્યારથી સ્વાધ્યાય અને સેમિનારના મંડળોમાં ભાગ લઈને મારી શક્તિ વિકસાવવાનો પુરુષાર્થ જાગ્યો અને અમેરિકા–લંડન–કેનેડા–આફ્રિકા–ગલ્ફના દેશોમાં સ્વાધ્યાય કરવા– કરાવવાનો અને ધર્મની પ્રભાવના કરવાના મહા પુણ્યનો લાભ આજ સુધી મળતો રહ્યો છે. અંધારામાં અમદાવાદના ખૂણે પડી રહેલા નાના કોડિયામાં તેલ પૂરીને મારામાં આવી શક્તિ છૂપાયેલી છે તે પારખુ ઝવેરી રમણલાલના ધ્યાનમાં આવી અને મારા જેવી કેટલીએ પ્રતિભાઓ એમણે પ્રજ્વલ્લિત કરી. આટલી વાત મારા અંગત જીવનમાં તેમણે કરેલા ઉપકારની થઈ.

જ્યારે જ્યારે જાહેર સભામાં–સેમિનારમાં તેમણે કરેલા પ્રવચનોમાં–પ્રવચનો પછી કરેલી સમીક્ષામાં, કાર્યક્રમના સંચાલન કે પ્રમુખપદે કે અધ્યક્ષતાના આસન ઉપર બિરાજેલા જોયા–સાંભળ્યા–તેમના સર્વાંગી વ્યક્તિત્વનો અનુભવ થયો ત્યારે એમની બહુમુખી પ્રતિભાના વર્ણન કરતાં પાનાનાં પાનાં ભરાય એટલા પૂજ્ય ભાવના ઉદ્‌ગારો હૈયામાં ઊભરાય છે.

તેઓ એક અજોડ અધ્યાપક–પ્રાધ્યાપક હતા. વિષયની સમીક્ષા અને છણાવટ કરવામાં નિષ્ણાત અને સત્યભાષી સચોટ નીડર ટીકાત્મક વિવેચક હતા. પ્રખર પ્રવકતા સાથે નેતૃત્વના ગુણધારી મિલિટરી ડિસિપ્લિનમાં માનતા. ધર્મ તથા વિજ્ઞાનના વિષયમાં ગુજરાતી અને અંગ્રેજીમાં તેમણે વિશાળ મનનીય અભ્યાસપૂર્ણ સાહિત્યનું સર્જન કરેલું છે. માનવતાના મહારથી આ મહાનુભાવે અનેક સંસ્થાના ઉદ્ધાર માટે માતબર રકમમાં અનુદાન એકઠું કરીને સુપરત કરેલું છે.

નાટ્યકલા, કવિતા, ધર્મ, તત્ત્વજ્ઞાન, પ્રવાસ, જૈન સાહિત્યના સંશોધનો, તમામ ક્ષેત્રે નિપુણતા મેળવનાર ડૉ. રમણભાઈએ પોતાના જીવનકાળ દરમ્યાન સંશોધન–સંપાદન– વિવેચન–પ્રવાસ કથા–જીવનચરિત્ર, નિબંધ, એકાંકી વગેરે ક્ષેત્રે અભૂતપૂર્વ યોગદાન આપ્યું છે.

જૈન શાસ્ત્રકારને વફાદાર, જિનવાણીના પૂરેપૂરા અભ્યાસુ, ઉત્સૂત્ર ભાષણથી સદાય સાવધાન, જૈન અનુષ્ઠાનના ભાવોલ્લાસપૂર્વકના અપ્રમત્ત આરાધક, દુનિયાભરના યાત્રા પ્રવાસથી મેળવેલું જાત અનુભવનું જ્ઞાન, અને તેમના અનેક વિષયના સાહિત્ય સર્જનમાં વર્ણવાયેલું નિરૂપણ, મૈત્રી–પ્રમોદ– કારુણ્ય અને માધ્યસ્થ ભાવથી ભરેલા સાચા અર્થમાં શ્રાવક, ધર્મશ્રદ્ધાળુ અને આટલી બહુમુખી પ્રતિભા હોવા છતાં વિનમ્ર, નિખાલસ, સરળ સ્વભાવી શ્રી રમણભાઈ જૈનશાસનનું અણમોલ રતન હતું.

એમણે જીવનના છેલ્લા શ્વાસ સુધી અપ્રમત્ત ભાવે જીવન સાધના કરીને સ્વ. પરનું શ્રેય કરીને આત્મકલ્યાણ કર્યું છે.

YES WE MISS HIM A LOT FOR A LONG

❖ ❖ ❖

# પરમમિત્રનો જાણે પામ્યા યોગ જો...

☐ ગુલાબચંદ શાહ

પરમમિત્ર રમણભાઈના નામ આગળ "સ્વ" જોડવું સ્વીકારી શકાતું નથી, સિવાય કે સ્વનો અર્થ સ્વજન થાય. અમારા જીવનમાં સહજ પરિવર્તન લાવનાર, આવા સ્વજનના, ૪૦ વર્ષના સહવાસમાં બનેલા, આત્મીય પ્રસંગો, પ્રબુદ્ધ જીવનના પ્રિય વાચકો સમક્ષ રજૂ કરું છું.

રમણભાઈનો પુત્ર અમિતાભ અને મારો પુત્ર નિર્મલ આઈઆઈટી કાનપુરમાં ભણતા હતા. વેકેશનમાં મુંબઈ આવેલા ત્યારે એક વહેલી સવારે રમણભાઈનો ફોન આવ્યો. "ગુલાબભાઈ, નિર્મલનો સામાન બાંધો - તેને જાપાન જવાનું છે." હું તો સ્તબ્ધ થઈ ગયો. રમણભાઈનાં પત્ની તારાબેનના પિતાશ્રી જાપાનની વિખ્યાત મીટુટોયો પ્રીસીશન મેઝરિંગ ઈન્સ્ટ્રુમેન્ટ કું.નાં ભારતનાં એજન્ટ હતા. તેમની ફેક્ટરીમાં તાલીમ માટે કંપનીએ બે યુવાનોને સ્પોન્સર કરેલા. આ માટે રમણભાઈએ અમિતાભ સાથે નિર્મલની પસંદગી કરેલી. જાપાન પછી વર્લ્ડ-ટૂર કરી પાછા આવવાનું હતું. વર્લ્ડ-ટૂરમાં પણ રમણભાઈનાં મિત્ર ચંદેરીયા ફેમિલીનો સહકાર હતો. ૨૦ વર્ષની નાની વયે, અમારા એક જ સંતાનને આટલી મોટી તક ઘર બેઠા મળે તે જાણીને અમો ભાવવિભોર થઈ ગયા. રમણભાઈનાં અવાજમાં મહેરબાનીનો ભાવ સુદ્ધાં નહોતો. સહજ આત્મીયતાની હળવાશ હતી તે અમોને સ્પર્શી ગઈ. પાંચ વર્ષનાં આઈ.આઈ.ટી. કાનપુર પછી અમારા બન્નેના પુત્રોને અમેરિકા જવાનું થયું. બન્નેની માતાઓ, તારાબેન અને કુસુમને અમિતાભ-નિર્મલની કુશળતાની ફીકર રહેતી અને એકબીજાને આશ્વાસન-પ્રોત્સાહન આપતાં.

નિર્મલ અને અમારી પુત્રવધૂ આરતી બન્ને કંઠય સંગીતની તાલીમ લેતાં. મુંબઈ જૈન યુવક સંઘની વ્યાખ્યાનમાળામાં ગાવાનું આમંત્રણ તેઓને અવારનવાર રમણભાઈનાં સૂચનથી મળ્યા કરતું. જૈન સ્તવનોની પસંદગી માટે રમણભાઈ તરફથી માર્ગદર્શન મળતું. ભજનનાં આ પ્રયોગોથી યુવાન દંપતીમાં જૈન ધર્મ પ્રત્યે જીજ્ઞાંશા અને અહોભાવ વધ્યા. જેનું નિમિત્ત રમણભાઈ બન્યા. રમણભાઈ પોતાનાં પુસ્તકોનાં કવરની રંગીન ડિઝાઈન અને છપાવવાનું કામ આરતી જે કોમર્શિયલ આર્ટની સ્નાતક હતી, તેને સોંપતા. કવર તૈયાર થયા પછી આરતીને અભિનંદન આપતા અને કવરનાં ડિઝાઈનર તરીકે આરતીનું નામ પણ પુસ્તકમાં છાપતા.

વ્યાખ્યાનમાળામાં હર વખતે પ્રથમ વ્યાખ્યાન રાજકોટથી પધારતા શ્રી શશિકાંતભાઈ મહેતાનું રહેતું. રમણભાઈ દ્વારા શશિકાંતભાઈ સાથે

મુંબઈ તેમ જ રાજકોટમાં ગાઢ પરિચય થયો અને સત્સંગનો લાભ મળ્યો.

દેવલાલીમાં શ્રીમદ્ રાજચંદ્રનાં મંદિર સામે રમણભાઈનો બંગલો હતો તેથી અમોને પણ ત્યાં બંગલો લેવાનું મન થયું. એક વૃદ્ધ બાપાનાં એ જ સોસાયટીમાં પાંચ બંગલા હતા. રમણભાઈએ તેમને કહ્યું કે અમારા મિત્ર ગુલાબભાઈને બંગલો ખરીદવો છે તો તમારો કોઈ પણ બંગલો, વાજબી ભાવે તેમને આપો. બાપાને થયું કે રમણભાઈને તો કાંઈપણ આગ્રહ છે નહીં તો તદ્દન ખૂણામાનો તેમનો જલદી ન વેચાય તે બંગલો તેમણે આપી દીધો. રમણભાઈ કે અમોએ ખરીદી પછી એકાદ વર્ષ બાદ બંગલો જોયો. ખૂણામાં આવેલ હોવાથી, બંગલાનો બગીચો અમે અમારી રીતે બનાવી શક્યા અને અમારો બંગલો સોસાયટીમાં ઘણો આકર્ષક બની ગયો. રમણભાઈનાં નિરાગ્રહીપણાનું સારું ફળ અમને મળ્યું. ત્રીસ વર્ષ પહેલા લીધેલા આ બંગલાને કારણે અમારા જીવનને પણ નવો આધ્યાત્મિક વળાંક મળ્યો જેને માટે અમો રમણભાઈનાં ઋણી છીએ.

દેવલાલીમાં જ રમણભાઈને બંગલે એક વખત કુસુમને સફરજનની છાલ ગળામાં અટકી જવાથી શ્વાસ બંધ થઈ ગયો. છેલ્લો શ્વાસ લેતી હોય તેવી મૂંઝવણ થઈ. રમણભાઈએ સમયસૂચકતા વાપરી, કુસુમની પીઠ પર જોરદાર ધબ્બો માર્યો ને છાલ નીચે ઉતરી ગઈ અને કુસુમનો જીવ બચી ગયો. એન.સી.સી.ની તાલીમને લીધે વિનમ્ર સ્વભાવી રમણભાઈ જરૂર પડે કઠોરતાથી ધબ્બો પણ મારી શકતા હતા. એક વખત તારાબેન અને રમણભાઈ દેવલાલીથી મુંબઈ ટ્રેનમાં જવાનાં હતાં જેનું બે ટીકીટોનું રિઝર્વેશન તેઓએ અગાઉથી કરાવેલું. અમારા ઘરકામ કરનારા ૧૮ વર્ષનાં રામમિલનને પણ મુંબઈ તે જ દિવસે જવું જરૂરી હતું પણ તહેવારની ગિરદીને કારણે રિઝર્વેશન નહોતું મળ્યું. રમણભાઈ અને તારાબેન પોતાની બે સીટોમાં રામમિલન સહિત ત્રણ જણાં બેસી મુંબઈ ગયાં. આવી હતી તેમની નિષ્કામ કરુણા. નોકર કે શેઠનો ભેદ તેમણે કદી રાખ્યો નહોતો અને પોતાની અવગડે, બીજાની સગવડનો ખ્યાલ કરતા.

ચિત્રકૂટ-મુંબઈનાં અમારા ઘરમાં ઘર-દેરાસર હતું જે અગાઉનાં માલિક, શેરદલાલ શ્રી માણેકલાલ ચુનીલાલે કરાવેલું , પરંતુ મૂર્તિ તેઓ પોતાનાં નવા ઘરે લેતા ગયેલા. એક વખત ચોપાટીનાં દેરાસરમાં અંજન-શલાકા માટે મૂર્તિઓ આવેલી જેમાંની અમુક મૂર્તિઓ દેરાસરની જરૂરત કરતા વધારે હતી. રમણભાઈનાં મનમાં હતું કે ગુલાબભાઈને ઘર-દેરાસર માટે મૂર્તિ જોઈએ છે તેથી આ તકનો લાભ લઈ તેમણે મહારાજસાહેબને વિનંતિ કરી અને તેમની સંમતિ મળ્યાથી, વસંતપંચમી ૧૯૭૫નાં શુકનવંતા દિવસે, રમણભાઈ સ્વયં ખુલ્લા પગે, પોતાનાં હાથમાં, દોઢ ફૂટ, આરસપહાણની શ્વેત, બાળ-સ્વરૂપ મુખારવિંદ ધરાવતી ભગવાન શ્રી મહાવીર સ્વામીની મૂર્તિ લઈ અમારે ઘેર પધાર્યા અને દર્શનીય મૂર્તિ તરીકે અમારા ઘર દેરાસરમાં તેની સ્થાપના કરી. ત્યારથી અમારા બાળબચ્ચાંઓમાં જૈન ધર્મ માટે નવો અંકૂર ફૂટ્યો. ૩૦ વર્ષથી આ મૂર્તિમાં જિનેશ્વરનાં દર્શન સાથે અમે રમણભાઈની સહજ કરુણાનાં દર્શન પણ કરીએ છીએ. કુસુમે ત્યાર બાદ આયંબિલની નવ ઓળી કરી જેની પૂર્ણાહુતિ વખતે રમણભાઈએ હસતાં હસતાં કહ્યું, "કુસુમબેન, જે વ્યક્તિ આયંબિલની નવ નવ ઓળી કરે, તે વ્યક્તિ કંદમૂળ કેમ ખાઈ શકે?" હળવાશથી કરેલ, આટલી સરળ સૂચનાની ધારી અસર થઈ અને કુસુમે કંદમૂળનો આજીવન પર્યંત ત્યાગ કર્યો. આમ રમણભાઈ સાથેનાં સાધારણ પ્રસંગો અસાધારણ કામ કરી જતા.

ભૂતકાળ તેમ જ વર્તમાનકાળનાં દરેક જૈન ફિરકાનાં મહાનુભાવોની પ્રબુદ્ધતા તેમ જ લાક્ષણિક્તા દર્શાવતા અભ્યાસપૂર્ણ છતાં રસિક જીવનચરિત્રો લખીને રમણભાઈએ યુવાન વર્ગમાં જૈન ધર્મ પ્રત્યે અપૂર્વ અનુરાગ પેદા કર્યો. ૨૫૦૦ વર્ષથી ભગવાન મહાવીર સ્વામીની પછેડીનાં પ્રતીક સાથે, વીસમી સદીની પ્રતિકૂળતાઓ સહન કરી, જૈન તત્વની અસ્મિતા ટકાવી રાખનાર સાધુ-સાધ્વીનાં સમુદાય માટે રમણભાઈને ગૌરવ હતું. ધર્મના ધુરંધર ગણી શકાય તેવા શ્રી જંબુવિજયજી, શ્રી પ્રદ્યુમનવિજયજી મહરાજસાહેબ જેવી વિરલ વિભૂતિઓ પાસે આચારાંગ સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર, પંચસૂત્ર જેવા ગહન વિષયોની વાંચના માટે દૂરનાં ગામો જેવાં કે સમી (વિરમગામ), નાના આસંબીયા (કચ્છ) જેવાં એકાંત સ્થળોએ અમને લઈ જતા. વાંચનમાં વિક્ષેપ ન થાય અને ઉચ્ચ કક્ષા જળવાઈ રહે માટે શ્રોતાની સંખ્યા નાની રાખતા. ભરત અને બાહુબળ સિવાયના અઠ્ઠાણું પુત્રોએ તેમનાં પ્રત્યે થયેલી ઉપેક્ષા તરફ ધ્યાન દોર્યું ત્યારે પિતાશ્રી ઋષભદેવે પુત્રોને સંસારની અસારતાનો બોધ આપ્યો. તે સંવાદ શ્રી જંબુવિજયજીનાં મુખેથી અત્યંત ધીમા સ્વરે અર્ધમાગધીમાં સાંભળ્યો ત્યારે રમણભાઈનાં મુખારવિંદ ઉપર જે વિતરાગતા જોઈ તે અવિસ્મરણીય છે. પંજાબના એક શિષ્ય સાથે શ્રી જંબુવિજયજી મ.સા. સંસ્કૃતમાં વાર્તાલાપ કરતા તે સાભળતી વખતે પણ પ્રાચીન સમયનું વાતાવરણ ઊભું થતું.

કચ્છ-ભુજનાં ૪૦૦ વર્ષ પ્રાચીન અચલગચ્છ સંઘનાં દેરાસરનું - ધરતીકંપ પછીનો -જીર્ણોદ્ધાર અમારા કુટુંબે કરાવેલો. રમણભાઈને વિનંતિ કરી કે તેમનાં શુભ હસ્તે દેરાસરની નૂતન ધજા ચઢે. ફક્ત ચોવીસ કલાકની નોટિસમાં તેમણે આવવાનું કબૂલ કર્યું અને અચલગચ્છાધિપતિ શ્રી ગુણોદય સાગર સૂરિની નિશ્રામાં પ્રસંગ દીપાવ્યો. સાધ્વી શ્રી મોક્ષગુણાશ્રીજીની પીએચ.ડી.નાં ગાઈડ તરીકે રમણભાઈ હતા. પોતાની અગવડ વેઠીને પણ સાધ્વીજીની દૈનિક સમાચારીમાં વિક્ષેપ ન પડે તે રીતે પઠન કરાવતા.

જૈન સાહિત્ય સમારોહનાં આયોજન માટે રમણભાઈ ચીવટપૂર્વક પરિશ્રમ લેતા. ભાગ લેનાર ઓછી-વધુ પ્રતિભા ધરાવનાર, દરેક વિદ્વાનોનું સમાનતાપૂર્વક સન્માન કરતા અને જૈન ધર્મનાં વિવિધ વિષયો પર વધારે ઊંડી શોધખોળ કરવા માર્ગદર્શન આપતા. કચ્છ-માંડવીનાં સાહિત્ય સમારોહ વખતે શ્રી વિસનજી લખમશીનાં નેતૃત્વ હેઠળ કલ્પસૂત્ર ધરાવતી, પચાસ શણગારેલી બળદગાડી સાથે, રથયાત્રાનાં આયોજન માટે કચ્છનાં લોકો હજુ રમણભાઈને યાદ કરે છે. રાજા કુમારપાળ વખતે, હાથીની અંબાડીમાં હેમ-વ્યાકરણનાં વરઘોડાની ઝાંખી થતી હતી.

છેવટે કચ્છ-લાયજામાં આચાર્ય શ્રી કલાપ્રભસાગર સૂરિની નિશ્રામાં યોજાયેલા જૈન સાહિત્ય સમારોહ વખતે અમોને પ્રેમથી લઈ ગયેલા લાયજાનાં સુદર સ્વચ્છ ગામમાં. જ્યાં દરેક રસ્તા સિમેન્ટનાં છે. ત્યાં વૈભવશાળી મકાનો વચ્ચેથી સાધુ-સાધ્વી અને ઠસ્સેદાર શ્રાવક-શ્રાવિકા સાથે નીકળેલો વરઘોડો પ્રાચીન પરંપરાને જીવંત બનાવતો હતો. મેડીનાં મોલેથી મોરનાં ટહુકા બેન્ડવાજાનાં સંગીત સાથે સાથ પુરાવતા હતા. કચ્છ-નાનીખાખરમાં શ્રી બિપીનભાઈ જૈનના વાડીનાં બંગલે અમો ત્રિપૂટી બંધુ વિશ્રામ સાથે જ્ઞાનગોષ્ઠિ કરતા.

સાયલાના શ્રી લાડકચંદબાપાનાં આશ્રમમાં સાધુ જીવન જેવી પવિત્રતા જાળવીને "અધ્યાત્મસાર" અને "જ્ઞાનસાર" જેવા ઉપાધ્યાય શ્રી યશોવિજયજીનાં મહાન ગ્રંથોનું સુંદર ભાવાનુવાદ કરીને સમાજ માટે નજરાણું મૂકતા ગયા.

આધુનિક સમયમાં હજારો યુવાનોને જૈન ધર્મનાં માર્ગે વાળનાર શ્રી રાકેશભાઈ જેવાનાં આત્મસિદ્ધિ શાસ્ત્ર પર પીએચ.ડી.ની થિસિસ લખવા માટે માર્ગદર્શક બનીને રમણભાઈએ નવી પેઢીની વિશિષ્ટ સેવા કરી. થિસિસનાં ચાર દળદાર ગ્રંથો અમોને ભેટ આપવા રમણભાઈ અમારે

ઘેર પધારેલા. જૈન કલામાં મને રસ હોવાથી, શ્રી યશોવિજયજી મહારાજનો કલા-સંગ્રહ બતાવવા મને પાલિતણા લઈ જતા. શ્રી બિપીનભાઈ જૈન સાથે પણ પાલિતણાની યાત્રા કરેલી. ધર્મશાળામાં જગ્યાની અછત હોય તો સારો ખંડ અમને અપાવતા. પરોઢિયે ખંડની બારીમાંથી શંત્રુજય પહાડનાં દર્શન થાય તેવા ખંડને પસંદગી આપતા. ભાવનગરમાં બિપીનભાઈ તંબોલી જેવા જૈન વિદ્વાન ઉદ્યોગપતિ તેમ જ શ્રી મનુભાઈ જેવા સમાજ સેવક સાથે અમોને પરિચય કરાવતા. તારાબેનનાં માતુશ્રી, માસીજી તેમ જ માસાજીને હંમેશ યાત્રામાં સાથે લેતા. મુરબ્બી તરીકે તેમની ઘણી સંભાળ રાખતા અને સહજ રમૂજ પણ કરતા.

જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠનાં સમારોહમાં બનારસ સાથે ગયા. ત્યાં પણ એક વૃદ્ધ પ્રોફેસરની પ્રાચીન સમયની ઝાંખી કરાવતી થિસિસ છપાવવા માટે એક ગૃહસ્થ તરફથી મોટી રકમ અપાવી. બનારસમાં અમેરિકન ઈન્સ્ટીટ્યુટ ઑફ ઈન્ડિયન સ્ટડીઝનાં ડાયરેક્ટર ડૉ. શ્રી મધુસૂદન ઢાંકી દ્વારા ઈન્સ્ટીટ્યુટમાં રખાયેલો, લગભગ પચાસ હજાર જેટલી ભારતનાં મંદિરાની સ્લાઈડનો સંગ્રહ, ફૂગ ન લાગે તે માટે વિશાળ ઍર-કન્ડિશન્ડ લાઈબ્રેરીમાં રાખેલો જોયો. દરેક સ્લાઈડ સાથે મંદિરનાં સ્થાપત્યનાં એન્જિનિયરિંગ ડ્રોઈંગ્સ્ પણ જોવા મળ્યા. ડૉ. ઢાંકી અને ડૉ. જીતુભાઈ, જે અમદાવાદમાં જૈન રિસર્ચ સંસ્થાઓ સાથે સંકળાયેલા છે, તેઓ બન્ને અવારનવાર મુંબઈ અમારે ઘેર રમણભાઈ જોડે આવતા અને એમનાં નિગ્રન્થ સાહિત્યની શોધખોળનાં અમૂલ્ય પુસ્તકોની ભેટ અમને આપતા.

પરદેશનાં પ્રવાસની એક પણ તક રમણભાઈ ચૂકતા નહીં. રશિયા તેમ જ મોરેશિયસની ટ્રીપ બિપીનભાઈ જૈન સહિત અમો ત્રિપૂટી બંધુએ સાથે કરી. પ્રવાસ દરમિયાન દરેક સ્થળ જોવાનો આગ્રહ રાખતા. દિવસ દરમ્યાન પ્રવાસમાંથી સમય ન મળે તેથી સવારે ત્રણ વાગે ઊઠીને બે ત્રણ સામાયિક કરી લેતા. રૂમમાં જગા ન હોય તો ખૂણામાં સંકોચાઈને બેસી જતા જેથી અમોને રાત્રે બાથરૂમ જવામાં અવગડ ના પડે. રશિયામાં શાકાહારી ભોજનનાં ફાંફાં હતા તો જૈન ભોજનની તો વાત રશિયનને કેવી રીતે સમજાવવી? મૉસ્કોનું રેડ (લેનિન) સ્ક્વેર કે લેનિન ગ્રાડનું હેરીટેઠ મ્યુઝિયમ માત્ર એકવાર જુઓ તોય બીજા દિવસે ઊભા ન થઈ શકો આવી હાલતમાં રમણભાઈ ઘણીવાર ફક્ત દૂધ-બ્રેડથી આખો દિવસ ચલાવી લેતા. રશિયાનાં પહાડો ઉપર કોઈવાર ભક્તામર સ્તોત્રનો પાઠ અમારી સાથે કરતા અને મંત્રોચારનો પવિત્ર ધ્વનિ રશિયામાં બધે ફેલાય એવી ભાવના ભાવતા. મોરેશિયસમાં અમારા મિત્ર શ્રી રામફલનાં ૧૪૦૦ એકરનાં ફાર્મમાં આખો દિવસ ખેતી બાબતનાં નિરીક્ષણ માટે ફરેલા. ફ્રેન્ચ અને હિન્દુ સંસ્કૃતિનાં સંગમને રસપૂર્વક માણતાં અને દરિયાનો લહાવો પણ લેતા. પ્રવાસની દૈનિક નોંધ લખતા.

રમણભાઈ સાથે પ્રવાસ એટલે પ્રસન્નતાની પાંખે ઉડવાનું. અમને એકલા મૂકીને તેમણે તો જીવન-પ્રવાસ પૂરો કર્યો. અત્યાર સુધી મુશ્કેલીમાં માર્ગદર્શન માટે જતા તો તેમનું સહજ સ્મિત જ ઉકેલ બની જતું. હવે ક્યાં જશું? રમણભાઈ ચેતન-ગ્રંથ તો હતા જ. તેથીય વધુ અમારા માટે તો નિગ્રંથ-ચેતના ધરાવતા. એકવીસમી સદીના આદર્શ શ્રાવક હતા. વિદ્વતાનો ભાર નહીં. માત્ર કરુણાની હળવાશ સંયોગોને અનુકૂળ કે પ્રતિકૂળનું લેબલ આપે જ નહી. સાક્ષીભાવનું એ જીવન શાશ્વત જ રહેવાનું.

❖ ❖ ❖

# ઋષિતુલ્ય સુશ્રાવક પૂજ્ય રમણભાઈ

☐ બિપીન કે. જૈન

પૂ. રમણભાઈ ક્ષર દેહે અમારી સાથે કે અમારા કુટુંબ તથા આપણા સાથે હવે નથી એ વિચાર જ દુ:ખદ આશ્ચર્ય ઉપજાવે છે.

હું યુવાવયથી જ પૂ. રમણભાઈના પરિચયમાં આવ્યો જે છેલ્લા વીસ વર્ષમાં અત્યંત ગાઢ સ્નેહથી મને સંકળાયલો રાખ્યો. એમના સૌમ્ય સ્વભાવ, ગંભીર દેખાતી મુખમુદ્રા સાથે એટલી જ મીઠી રમૂજ સાથે જ્ઞાનગોષ્ઠી નાના બાળક-યુવાનથી માંડીને પ્રૌઢ વયની વ્યક્તિ જોડે તેઓ સમજી શકે તેવી શૈલીથી વાતચીત અને તેમના પ્રશ્નોના સરળ ઉકેલ એ રમણભાઈ જ કરી શકે.

પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ તો ઘણી જ યોજાય છે પણ એ પર્વ દરમિયાન વક્તાની દિવસોના મંથન પછી પસંદગી અને તેના માટેનો શ્રમ ખરેખર તેઓ જ કરી શકે. એક વ્યાખ્યાનમાળા પૂરી થયે ફક્ત પાંચ મિનિટમાં એ વ્યાખ્યાનનો સારાંશ ખૂબ સરળતાથી સમજાવી શકે જે શ્રોતાગણને સંર્પૂણ સમજાઈ જાય.

અમે ચાર મિત્રો એમની સાથે પરદેશના પ્રવાસે ગયેલા, તેમાંય ખાસ કરીને રશિયા અને ઈન્ડોનેશિયાના પ્રવાસ દરમિયાન ત્યાંની પ્રજા-સંસ્કૃતિ-ધર્મ અને બીજી વિવિધતાઓ એમના સાંનિધ્યમાં સારી રીતે સમજવા મળતી.

પરદેશમાં પણ શ્રાવકના તેમના રોજના નિયમો પ્રાર્થના-સામાયિક તેઓ નિયમિત કરતા એનું એક દૃષ્ટાંત આપું. રશિયાની અમારી યાત્રા દરમિયાન મારા મિત્ર જે એમના હોટેલ રૂમના પાર્ટનર હતા એમણે મને જણાવ્યું કે રમણભાઈ આખા દિવસના થાક છતાં આ વયે રાતે માંડ બે કલાક ઉંઘ્યા હશે. મેં કુતૂહલથી રમણભાઈને કારણ પૂછયું તો તેમણએ મધુર જવાબ આપ્યો. બે દિવસના ચાર સામાયિક બાકી હતા એટલે રાત્રીના સમયે નિરાંત હોવાથી શાંત ભાવે હું કરી શક્યો.

આ પ્રવાસ દરમિયાન મારો પુત્ર ચિ. રાજ સાથે હતો. એણે કહ્યું પપ્પા આવું આપણાથી ક્યારે થઈ શકશે?

ભારતના કેટલાયે જૈન તીર્થોમાં તેમની સાથે જવાનો સુઅવસર અમને પ્રાપ્ત થયો છે. એ વખતે તીર્થોનો ભવ્ય ઈતિહાસ પૂરી ધાર્મિક સમજણ સાથે અમને સમજાવતા, પછી એ જૈન શ્વેતાંબર કે દિગંબર યા હિન્દુ કે બૌદ્ધ તીર્થ હોય. પૂ. રમણભાઈ માટે તો પાનાંઓ ભરીને એક પુસ્તક લખાય તોપણ ઓછું પડે. એમની બાલ્યાવસ્થાથી યુવાની અને છેલ્લે ઉત્તરાવસ્થા સુધીમાં જીવનનાં દરેક તબક્કે એમની સુરુચી અને સમજણ સાથે નિર્દોષ આનંદ તેઓ મેળવી શક્યા હતા.

માત્ર મને જ નહિ મારા કુટુંબને - મારા પત્ની, પુત્ર, પુત્રી, પુત્રવધૂઓ સહુને તેમના માટે ખુબ આદર અને અહોભાવ હતો. અમારા ઘરે કોઈ પણ મંગળ કાર્યકરવું હોય તો તેમની હાજરી અમને પ્રેરક અને આશીર્વાદ રૂપ લાગતી. સહુના માટે કોઈ પણ મૂંઝવણ પ્રસંગે કે ધર્મ વિષયક પ્રશ્નના ઉકેલ માટે તો એ અનન્ય સહાયક હતા. તેમની અનુપસ્થિતિ મારા માટે તો એ ન પૂરાય તેવી, અસહ્ય ખોટ છે.

એમના વિષે ઘણું ઘણું લખી શકાય તેમ છે. આદરણીય શ્રી ધનવંતભાઈ અને ડૉ. કુમારપાળભાઈએ ખૂબ જ વિસ્તારથી લખ્યું છે.

છેલ્લે હું મારી નમ્ર શ્રદ્ધાંજલિ આપતા, પૂ. શ્રી રમણભાઈએ આપણા સૌના સંયોગ સંબંધે પ્રારબ્ધ-આયુષ્ય વ્યતીત થયે તે દેહસંબંધનો પ્રસંગ નિવૃત કર્યો છે, છતાં જન્મ સાર્થક કર્યો છે. જે આશ્રય પામીને ભાવિ એવા થોડા ભવે સ્વ સ્વરૂપમાં સ્થિતિ કરી શકે, કરશે જ. એવી મારી શ્રદ્ધા છે. પૂ. રમણભાઈને હું નતમસ્તકે મારી શ્રદ્ધાંજલિ સમર્પું છું.

# ડૉ. રમણભાઈ - એક વટવૃક્ષ

☐ ડૉ. નટુભાઈ (લંડન)

મુરબ્બી શ્રી રમણભાઈના અચાનક આ પૃથ્વી ઉપરથી વિદાય થવાનાં સમાચાર સાંભળી આઘાત અને આંચકો અનુભવ્યો. અમે છેલ્લા ૨૩ વર્ષોથી તેઓના પરિચયમાં હતાં. તેઓ એક વટવૃક્ષ સમાન જીવતી જાગતી સંસ્થા હતા. તેઓની વસમી વિદાયથી ભારત તથા ભારત બહાર રહેલાં જૈન સમાજને ન પૂરાઈ શકે તેવી ખોટ પડી છે. તેઓએ જૈન ધર્મ તથા સમાજનાં વિવિધ પાસાઓનો અભ્યાસ કર્યો હતો. તેઓએ સમભાવ રાખીને જ્યાં જરૂર પડી છે તેવા પાસાઓને ન્યાય અપાવવા સક્ષમ પ્રયત્ન કર્યો છે.

તેઓના લખાણોથી તથા માર્ગદર્શન હેઠળ મને ઘણું જ શીખવાનું પ્રાપ્ત થયું છે. શ્રી રમણભાઈએ સન્ ૧૯૮૨-૮૩માં જૈન સેન્ટર, લેસ્ટરમાં ૩ માસ માટે માનદ્‌સેવાઓ આપેલી જે હજી પણ ભૂલી શકાઈ નથી. તેઓની દીર્ઘદૃષ્ટિને કારણે જૈનોની એકતા માટે સર્જાયેલા જૈન, લેસ્ટર અંગે તેઓએ અમોને ઘણું પ્રોત્સાહન પૂરૂં પાડેલું. અમારો સંપર્ક ત્યાર પછી ગાઢ બનતો ગયો અને સન્ ૧૯૮૮માં જૈન સેન્ટરની પ્રતિષ્ઠા વખતે હાજર રહી યોગ્ય માર્ગદર્શન આપેલું.

પ્રતિષ્ઠા પછી પણ જ્યારે જ્યારે મુંબઈ આવવાનું થયું છે ત્યારે તેઓની સાથે વિતાવેલી પળો અવિસ્મરણીય બની રહી છે. તેઓ મારી સાથે જ્ઞાનગોષ્ઠી, જૈન સમાજના પ્રશ્નો, સાહિત્ય અને જૈન એકેડેમીક શિક્ષણ અંગે ચર્ચા-વિચારણા કરી પ્રોત્સાહિત કરતાં. તેઓની સાથે મુંબઈ યુનિવર્સીટીમાં ચાલી રહેલા જૈન તત્વજ્ઞાનનાં અભ્યાસ અંગે પણ વાર્તાલાપ થતો.

તેઓની આ અશુભ વિદાયથી આપના કુટુંબને તથા ''પ્રબુદ્ધ જીવન'' પરિવારને વસમું તો લાગશે જ પરંતુ ભારત અને ભારત બહાર રહેલા જૈન સમુદાય તથા સંસ્થાઓને વણપુરાયેલી ખોટ મહેસૂસ થયા વગર નહિ રહે.

મારા પત્ની શ્રીમતી ભાનુબેને પણ આ સમાચારથી ઘણો જ આઘાત તથા દુ:ખ અનુભવ્યું છે. શ્રી રમણભાઈએ પૂરી પાડેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાની કેસેટો તેમની પાસે ઉપલબ્ધ છે જેનાથી તેઓ તેમના ધર્મ શિક્ષણમા વૃદ્ધિ કરી રહ્યાં છે.

આયુષ્ય કર્મ પાસે કોઈનું ચાલી શકતું નથી. પરંતુ પોતાના માનવજીવન દરમ્યાન કરેલા કાર્યો દ્વારા વ્યક્તિ એવી સુવાસ મૂકતો જાય છે કે તે સુવાસ સદાબહાર બની ફોરમ બનીને વહ્યાં જ કરે છે. શ્રી રમણભાઈ આ રીતે ચિરંજીવી રહેશે.

શ્રી રમણભાઈની મહેક તેમનાં સંપર્કમાં આવેલા સર્વ માટે ચિરસ્મરણીય બની રહેશે. તેઓનો આત્મા જ્યાં હોય ત્યાં મહેક પ્રસરાવતો જ રહે અને પ્રભુ તેઓના આત્માને શાંતિ અર્પે એ જ અભ્યર્થના.

અમારા વતી, જૈન સમાજ યુરોપનાં ટ્રસ્ટીગણ તથા સભ્યો વતી અને યુ.કેની જૈન સંસ્થાઓ વતી હું પ્રભુને પ્રાર્થના કરું છું કે તેઓના આત્માને શાંતિ પ્રદાન કરે. ❖ ❖ ❖

# રમણભાઈ અને હું

☐ ઓલિવર દેસાઈ

સન ૧૯૫૮માં મારા સસરા શ્રી ટી.જી. શાહનું અવસાન થયું. તેઓ જૈન સમાજના જાણીતા અને અગ્રગણ્ય સમાજસેવક હતા. તેમની સ્મૃતિ સાચવી રાખવા કંઈક કરવું એવી પૂ.બા (ચંચળબા)ની ઈચ્છા હતી. મેં અને મારી પત્ની કંચને એક પુસ્તિકા, જેમાં બાપુજીના જીવનની રૂપરેખા અને તેમના પ્રગટ થએલા લેખોમાંથી અમુક પસંદ કરેલા લેખો છપાવવા એવું સૂચન કર્યું જે પૂ. બાને ગમ્યું. અમારામાંથી કોઈને પ્રકાશનની જરા પણ જાણકારી નહોતી એટલે આ કામ કોને સોંપવું એ એક પ્રશ્ન થઈ પડયો. કંચન અને બાએ આ કામ માટે રમણભાઈ ઉપર પસંદગી ઉતારી. તેઓની સાથે બા તથા કંચનને સારા સંબંધ હતા. તેઓની વિદ્યાર્થી તરીકેની કારકિર્દી યશસ્વી હતી. ઝેવિયર્સ કૉલેજમાં પ્રોફેસર હતા અને પોતાના બે પુસ્તકો, એવરેસ્ટનું આરોહણ અને ગુલામોનો મુક્તિદાતા પ્રગટ કરી ચૂક્યા હતા.

બાનું સ્વાસ્થ્ય બાપુજીના જવા પછી કથળ્યું હતું. કંચને તેમની સાર-સંભાળમાં અને અમારા બે મહિનાના બાબાની સંભાળ રાખવામાં તેમ જ કોર્ટ કચેરી અને વકીલોની ઓફિસોના ધક્કામાં ખૂબ જ વ્યસ્ત રહેતી એટલે રમણભાઈ સાથે બેસવું, ચર્ચા કરવી, એમની સગવડ સાચવવી એ સઘળું કામ સદ્‌ભાગ્યે મારા ભાગે આવ્યું! આવે ત્યારે પંખાની સ્વીચ દબાવવાની અને એક ગ્લાસ પાણી આપવાનું એટલે પત્યુ! પૂ.બાને એમને નાસ્તો પાણી કરાવવાની ખૂબ જ ઈચ્છા થાય. પરંતુ પહેલે દિવસે બાનુ માન રાખવા રમણભાઈએ નાસ્તો કર્યો તે કર્યો પછી નહિ. કયારેય અવાજમાં કે શબ્દોમાં અવિવેકનો અણસાર સુધ્ધા જણાય નહિ અને કયારેય પેલુ મળતાવડુ અને ગમી જાય એવું સ્મિત દૂર થાય નહિ. અદ્‌ભુત કુનેહથી એમણે નાસ્તો ટાળ્યો! બાકી બાના આગ્રહમાંથી છૂટવું એ લગભગ અશક્ય જ હતું.

બાપુજીએ જુદા જુદા લેખોમાં પોતાના જીવનના ઘણા પ્રસંગો આલેખ્યા હતા અને ઠેકઠેકાણે બીજી નોંધો પણ કરી હતી તે કંચને એકઠી કરી રાખી હતી પણ તે બધાને સમય પ્રમાણે ગોઠવવા અને વચ્ચેની ખૂટતી કડીઓ ગોતી સાંકળવાનું કાર્ય અઘરું હતું. કંચન પોતાને જે ખબર હોય તે માહિતી આપતી પરંતુ બાને પૂછયા વગર કામ ચાલે તેવું લાગતું નહોતું ત્યારે બાને જૂની વાતો યાદ કરાવી દુ:ખ પણ પહોંચાડવું નહોતું! કરવું શું?

રમણભાઈનો એવો આગ્રહ હતો કે પોતાના જ હસ્તાક્ષરમાં બાપુજીનું લખાણ જયાં જોડણી અથવા વિરામ ચિહ્નોની ભૂલો હોય તે સુધારી, જરૂર હોય તેટલી ઓછામાં ઓછી કાપકૂપ કરી એક સ્વચ્છ પ્રેસ કૉપી તૈયાર કરવી. એક દિવસ પોતે નિર્ધારેલું લખાણ પતાવી તેમણે ફાઉન્ટન પેન બંધ કરી ગજવામાં મૂકી. મુઠ્ઠી બે ચાર વાર ઉઘાડ બંધ કરી આંગળાને આરામ આપ્યો. બાજુમાં બા એક ખુરશી ઉપર બેઠાં હતા. તેમને ધીમે રહીને પૂછયું, ''બા, આ લેખમાં વાંચ્યુ કે તમે કરાંચીમાં આખી રાત કાળી ચૌદશની રાતે ચોકી કરી હતી. તમને જરાય ડર ન લાગ્યો ?'' પ્રયત્નપૂર્વક સમતા ધારણ કરીને બેઠેલા બાની આંખમાં તેજ આવ્યું તેમણે સહેજ દબાયેલા ગંભીર અવાજમાં તે પ્રસંગનુ વર્ણન કરવા માંડ્યું. જેમ જેમ એ વાત કરતા ગયા તેમ તેમ અવાજ ખુલતો ગયો.' તેમણે વાત પૂરી કરી એટલે રમણભાઈ પૂછ્યું કે ''બા, તમે આવું કામ માથે લો તો બાપુજી ના ન પાડે ?'' બા કહે ''જરાય નહિ. એમને તો કોઈ

કરે તો જરાય ન ગમે.'' અને પછી બા બાપુજીની વાતોએ ચડયા. રમણભાઈની સમયમર્યાદા ક્યારની વીતી ગઈ હતી પણ તેઓ જરાય અકળાયા નહિ. ધીરજપૂર્વક અને રસપૂર્વક સાંભળતા રહ્યા. એકાદ સવાલ પૂછીને વાતને પોતાની મનગમતી દિશામાં વાળી લે. બીજે દિવસે પણ એ જ પ્રમાણે સિફતથી અને કૂનેહપૂર્વક જે જાણવું હતું તે જાણી લીધું, બાને જરાય દુઃખ ન થાય તેવી રીતે!! હું અને કંચન છક્ક થઈ ગયાં. બાપુજીની જીવનકથા રમણભાઈએ સ-રસ લખી આપી. માનવસ્વભાવની તેમની સૂઝ સમય જોઈને અમે તેમને મનોમન સલામ કરી!

મેં પહેલા કહ્યું તેમ, બાપુજીના કાવ્યોને પુસ્તકમાં સ્થાન ન આપવું એવો મારો મત હતો. રમણભાઈ મને કહે ''ઑલીવરભાઈ, તમને નથી ગમતા તે હું જાણું છું.'' હું સાવધ થયો. ''અને તેમાં ક્યાંય કાવ્ય નથી જણાતું'' મેં કહ્યું ''પેલું સ્મિત એમના હોઠ પર રમતું થયું, કદાચ તમારી વાતને સાચી માની લઈએ તો પણ એમા ટી.જી. શાહ તો સ્પષ્ટ દેખાય છે.'' તેમની વાતમાં તથ્ય હતું. અમે ગુજરાતી ભાષાના શ્રેષ્ઠ કાવ્યોનું સંકલન નહોતા કરતા -ટી.જી. શાહની સ્મૃતિ જાળવવાનો પ્રયત્ન કરતા હતા.

આવા તો અનેક પ્રસંગો બન્યા. ''જીવન-દર્પણ'' એક સુંદર પુસ્તક બન્યું. જેણે જોયું તેને ગમ્યું, જેણે વાંચ્યુ તેમણે મ્હાણ્યું - કાવ્યો સહિત!

અંત સુધી તેઓ મારા મિત્ર રહ્યા, તેને હું મારું સદ્ભાગ્ય માનું છું. જ્યારે સહારાની જરૂર પડે ત્યારે પડખે ઊભા જ હોય. પ્રેમ કરવાની અજબની શક્તિ હતી તેમનામાં, જીવનના શેષ વર્ષોમાં તેમના સંસ્મરણો વાગોળવાનું ખૂબ ખૂબ ગમશે મને!

❖ ❖ ❖

## આદરણીય ડૉ. રમણભાઈ

☐ રશ્મિભાઈ ઝવેરી

પ્રબુદ્ધ ડૉ. રમણભાઈનો પરોક્ષ પરિચય 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત એમના અગ્રલેખો દ્વારા થયો હતો. આગમ રૂપી અર્ણવમાંથી નાના નાના સૂત્રો રૂપી મોતીઓ ચૂંટી ચૂંટી એની સરળ ભાષામાં કરેલી છણાવટ અને એની જીવનમાં વ્યવહારિક ઉપયોગિતા દર્શાવતી શૈલીથી અવિસ્મરણીય બની રહ્યાં છે. મહાત્માઓના જીવનચરિત્રો, સાંપ્રત પ્રવાહના લેખો, 'પોકીમાન' જેવા અત્યાધુનિક વિષયો સાથે તત્ત્વજ્ઞાન અને દર્શનના ગહન વિષયો પરના એમના અગ્રલેખો સંગ્રહણીય છે. મારા જેવા અબુધને પણ એક-બે લેખ લખવા પ્રેરણા આપી હતી અને પ્રકાશિત કર્યા હતાં.

છેલ્લાં ૬/૭ વર્ષથી 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'ની વ્યાખ્યાનમાળામાં પ્રવચન આપવા માટે હંમેશાં ઉત્સાહિત કરતા. પ્રવચનના વિષય માટે પણ સલાહ અને માર્ગદર્શન આપતા. મારા જેવા અનેકોને વ્યાખ્યાન આપતા કરવા માટે એમનું યોગદાન અદ્વિતીય છે.

ત્યાગ, તપસ્યા અને જ્ઞાન માટે એમને અત્યંત આદર હતો. મારા સ્વ. પિતાશ્રી પૂ. જેઠાભાઈ સાકરચંદ ઝવેરીએ ૧૯૯૩માં સંથારો કર્યો હતો ત્યારે એમને મળવા પૂ. તારાબેન સાથે ત્રણ માળા ચડીને આવ્યા હતા અને જ્ઞાનગોષ્ઠી કરી હતી. ❖ ❖ ❖

## જ્ઞાની પારખુ પૂજ્ય રમણકાકા

☐ સૂર્યવદન જવેરી

પૂજ્ય રમણકાકા હવે આપણી વચ્ચે રહ્યાં નથી. પરંતુ એમની કૃતિઓથી આપણી વચ્ચે જીવંત છે.

એઓશ્રી એમને ફાળે આવેલું નિર્માણકાર્ય પૂરેપૂરી નિષ્ઠાપૂર્વક પ્રામાણિકપણે નિભાવી ગયાં. જીવન જીવી નહિ ગયાં બલ્કે જીવન જીતી ગયાં. પ્રાપ્ત મન વચન કાયયોગને યથાર્થ રીતે સાર્થક કરી ગયા. સાથે સાથે અગણિત વ્યક્તિઓને જીવન આદર્શ પૂરો પાડી જીવન જીવવાની કળા શીખવી ગયા.

મુંબઈ વિદ્યાપીઠના આચાર્ય તરીકે અનેક વિદ્યાર્થીઓના સંસ્કાર ઘડતર કરવા સાથે 'પ્રબુદ્ધ જીવન'ના પાઠકોનું પણ ઘડતર સુંદર લેખનકાર્ય દ્વારા કરતા ગયા, તે એમનું સમાજને આગવું યોગદાન છે. પૂર્વ પુણ્યોદયે એઓશ્રીને સંસ્કાર ઘડતરનો નિર્દોષ નિષ્પાપ પુણ્યવ્યવસાય સાંપડ્યો હતો તે તેમના અહોભાગ્ય હતા અને આપણા ધનભાગ્ય હતાં કે એમને મેળવવા ભાગ્યશાળી થયા.

જૈન તત્ત્વદર્શનના લેખો દ્વારા શ્રમણ સંસ્થાને પણ 'પ્રબુદ્ધ જીવન' પ્રતિ આકર્ષી એના પાઠક બનાવવાનું શ્રેય એમના ફાળે જાય છે.

ઘણા બધાં ગ્રંથોનું દોહન કરીને જૈન તત્ત્વજ્ઞાનનું દુગ્ધપાન સ્વયં કરાવતા જ રહ્યાં પરંતુ સાથે સાથે જૈન સંઘની આગવી પ્રતિભાઓને ખોળી કાઢી એ પ્રતિભાશાળી વ્યક્તિઓને પણ 'પ્રબુદ્ધ જીવન'ના માધ્યમથી પ્રકાશમાં લાવવાનું પૂનિત કાર્ય એઓશ્રી દ્વારા થયું છે. તે એટલે સુધી કે જૈનાચાર્યોને પણ 'પ્રબુદ્ધ જીવન' સામયિક માટે લેખો લખાવવા એઓશ્રી યશસ્વી રહ્યાં.

દ્રવ્યાનુયોગના પંડિતશ્રી પનાલાલ જ. ગાંધી કે જેઓશ્રી જૈન તત્ત્વદર્શનનું આગવું જ્ઞાન ધરાવતા હોવા છતાં જૈન સંઘમાં અજ્ઞાત હતાં, એઓશ્રીના જ્ઞાનની પરખ કરીને એમને પણ પ્રકાશમાં લાવવાનું શ્રેય એ પૂ. રમણકાકાના ફાળે જાય છે. એઓશ્રી હોત નહિ તો પંડિતશ્રી પનાભાઇનું તત્ત્વજ્ઞાન એમની સાથે જ અસ્ત પામ્યું હોત.

'ત્રૈકાલિક આત્મવિજ્ઞાન', 'સ્વરૂપ મંત્ર' અને 'સ્વરૂપ ઐશ્વર્ય' યાને 'કેવળજ્ઞાન અનુપ્રેક્ષા' જેવાં ગ્રંથો મેળવવા જૈન સંઘ ભાગ્યશાળી થયો તેનું શ્રેય પ્રબુદ્ધ જીવન સામયિક અને એના તંત્રીશ્રી રમણલાલ ચી. શાહને છે.

કંઈક જ્ઞાની મહાત્માઓના ગાઈડ-માર્ગદર્શક બન્યા તેથી જૈન દર્શનને લગતા જુદા જુદા વિષયો ઉપર દળદાર નિબંધગ્રંથો મેળવવા જૈન સંઘ ભાગ્યશાળી થયો અને તે વ્યક્તિવિશેષોને ડૉક્ટરેટની ઉપાધિ મળી એમાં એઓશ્રીનો સિંહફાળો છે.

જૈન યુવક સંઘ સંસ્થાના માધ્યમે એઓશ્રીએ જે પર્યુષણ વ્યાખ્યાનમાળાનું સુંદર આયોજન કર્યું અને પ્રબુદ્ધ જીવન સામાયિકને જન જન સુધી પહોંચાડવાનું પુનિત કાર્ય કર્યું છે તે અવિસ્મરણિય છે. એ કાર્ય હવે એઓશ્રી પછી કરનાર હાલ તો કોઈ નજરે ચડતું નથી. પરંતુ 'બહુરત્ના વસુંધરા'ના ન્યાયે એમનો સંતતિ યોગ એઓશ્રીની કંડારાયેલી કેડીએ ચાલુ રહેશે અને ચાલુ રહેવો જોઈશે. બાકી તો એ જ્ઞાની સુખી સંપન્ન છતાં નિરાભિમાની, નિખાલસ અને પીઠ થાબડીને પ્રોત્સાહિત કરનાર પ્રોત્સાહકની ખોટ તો અવશ્ય સાલશે જ! ❖

# શ્રી રમણલાલ ચી. શાહ–અનંતની યાત્રાએ

☐ પ્રા. અરુણ જોષી

પાસપોર્ટની પાંખે વિહરવા જતા શ્રી રમણભાઇની આપણે પ્રતીક્ષા કરતા. પ્રવાસેથી આવીને પોતાના આગવા આયોજન અને આકર્ષક શૈલીથી આપણને પણ પોતે અનુભવેલા આનંદના સહભાગી બનાવતા; પરંતુ હવે તેઓ અનંતની યાત્રાએ ઊપડી ગયા છે. પાછા ફરવાનાં નથી તેથી આપણે સવિશેષ ચિંતામગ્ન અને શોકગ્રસ્ત થયા છીએ. કાળની કેડીએ અદ્વિતીય કક્ષાના શ્રી રમણભાઈ સાથે યત્ કિંચિત સમય પસાર કરવાનો અનન્ય લાભ મને મળ્યો છે; જેને હું મારું સદ્‌ભાગ્ય સમજું છું.

મને તેમનો પ્રથમ પરિચય પ્રથમ સાહિત્ય સમારોહ વખતે મહુવા મુકામે થયો. શ્રીમતી તારાબહેન સાથે તેમને જોયા ત્યારથી હું તેમનો ગુણાનુરાગી બન્યો. પછી તો અનેક સમારોહ યોજાયા. તેમણે દરેક વખતે મને નિમંત્રણ પાઠવેલ અને નિબંધ-વાંચનની તક પણ આપેલ. સંયોજક તરીકે તેમની વ્યવસ્થાશક્તિ અદ્‌ભુત હતી. સમારોહ દરમ્યાન તેમની સાથે કચ્છનાં પાંચ તીર્થોનાં દર્શન કરવાની પણ તક મળેલી. સમારોહનાં સ્થળોએ પૂજ્ય ભગવંતોના દર્શનનો લાભ પણ મળતો તથા પૂ. સાધુ–સાધ્વીઓનો શ્રી રમણભાઈ પ્રત્યેનો વાત્સલ્યભાવ પણ જોવા મળતો.

મુંબઈ વિશ્વ વિદ્યાલયના ગુજરાતી ભાષા ભવનના અધ્યક્ષ તરીકે તેમનું યોગદાન યશસ્વી રહ્યું. તેમની વિદ્વતાને કારણે વિશ્વની P.E.N. કલબનાં અધિવેશનોમાં તેમને હાજર રહેવાની અને નિબંધ વાંચનની તક સાંપડેલી. આ અદ્વિતીય ગણાય તેવું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થવાને કારણે તેમને વિશ્વ–પરિભ્રમણનો અનેકવાર લાભ મળ્યો. તેમણે કરેલા પ્રવાસોનું તેમણે સુંદર આલેખન કરી પાસપોર્ટની પાંખેના ત્રણ ભાગ પ્રકાશિત કર્યા જે વાંચવાથી વાચકને પણ સંતર્પક રીતે પોતે પ્રવાસ કર્યો હોય એવો અનુભવ થઈ શકે છે. શ્રી રમણભાઈ આ પ્રવાસ વર્ણનોથી ખૂબ જ જાણીતા બન્યા. એન.સી.સી.ના ઑફિસર પદે રહીને પણ પોતાને થયેલા મિલિટરી જીવનના અનુભવો તેમણે આલેખ્યા જે પણ વાંચવા જેવા છે.

લેખક તરીકે તેમની શૈલી આડંબરરહિત છે. તેમનું ગદ્ય સૂક્ષ્મ બાબતોને પણ સરસ રીતે વ્યક્ત કરે છે. 'પાસપોર્ટની પાંખે'માં તેમણે દરેક પ્રકરણને સ્વયં પર્યાપ્ત રીતે આલેખી એક નવો જ અભિગમ અખત્યાર કર્યો અને 'મુક્તક'ની જેમ એક જ પ્રકરણ ભરપૂર આનંદ આપે એ રીતે નિરૂપીને વાચકોની અભિરુચિ ઉપર પકડ જમાવી. તેમના ગંભીર ગણી શકાય એવા નિબંધોની વાત કરીએ તો આપણને તેમની સર્વગ્રાહીતાનો ખ્યાલ આવશે. દરેક લખાણ એટલું સંપૂર્ણ હોય કે ક્યાંય કશી કચાશ લાગે જ નહીં. 'જિન-વચન', 'અધ્યાત્મસાર', 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીપદે લખાયેલ લેખો વગેરે તેમની ગહન–વિદ્વતાનો પરિચય આપે છે. તેમણે આલેખેલ વ્યક્તિ–ચિત્રો પણ એટલા જ અમર બની ગયાં છે. તાજેતરમાં તેમણે દોરેલાં પં. પૂ. સ્વ. શ્રી ધર્મસૂરિશ્વરજી મહારાજ કે શ્રી સ્વ. મફતકાકાનાં જીવનવૃત્તાંતનો આ બાબતનો ખ્યાલ આપશે. આ લખાણોમાં તે તે મહાનુભાવો સાથેના તેમના ગાઢ સંબંધને પણ જોઈ શકાય છે. આવા મહાનુભાવોના પ્રીતિપાત્ર બનનાર શ્રી રમણભાઈ માનવ તરીકે ખૂબ જ સરળ અને નિખાલસ હતા. વેપાર વાણિજ્ય સાથે સંકળાયેલ કોમમાં ઊછર્યા છતાં તેઓ વિત્તપ્રેમીને બદલે વિદ્યાપ્રેમી બન્યા. દેશ-દેશાવરમાંથી તેમના જ્ઞાનનો લાભ લેવા જિજ્ઞાસુઓ આવતા. પૂ. સાધુ–સાધ્વીજી મહારાજો પણ તેમની પાસે અભ્યાસ કરી Ph.D. સુધીની ઉપાધિ મેળવતા. મહાશાળાની કારકિર્દી દરમ્યાન ઘણા તેજસ્વી વિદ્યાર્થીઓ તેમને સાંપડ્યા. પોતાનાં સંતાનોને પણ તેમણે સરસ કેળવણી આપી જીવનમાં યશસ્વી બનાવ્યા. શ્રી રમણભાઇની વિદ્યા-સાધના પૂ. બહેનશ્રી તારાબહેનની વિદ્વતાને કારણે ખૂબ જ પાંગરી. વિદ્યાજગતમાં શોભતું તેમના જેવું દંપતી ભાગ્યે જ જોવા મળે. બંને ગુજરાતી સાહિત્યમાં તો પારંગત જ પણ જૈન ધર્મ–સાહિત્યમાં પણ એટલા જ નિપુણ.

પર્યુષણ વ્યાખ્યાનમાળાના અધ્યક્ષ તરીકે પણ શ્રી રમણભાઈ કાયમ યાદ રહેશે. ભિન્ન ભિન્ન વર્ગના નામના પાત્ર વિદ્વાનોને નિમંત્રી પર્યુષણ દરમ્યાન જે જ્ઞાનયજ્ઞનો તેમણે લાભ આપ્યો છે તે ભાગ્યે જ ભૂલાશે.

શ્રી રમણભાઇનો એક ઉપકાર હું તો ક્યારેય નહીં ભૂલું. બન્યું એમ કે પાર્શ્વનાથ શોધ સંસ્થાન–વારાણસીના પુસ્તક 'उत्तराध्ययन सूत्र-एक अध्ययन' (લે. ડૉ. સુદર્શનલાલ જૈન)નો અનુવાદ કરવાની મેં તૈયારી દર્શાવી. ડૉ. સુદર્શનલાલજીએ પુસ્તક સંસ્થા છપાવી આપશે એમ ખાતરી આપી. આથી પ્રોત્સાહિત થઈ એ પાંચસો પૃષ્ઠવાળા પુસ્તકનો ગુજરાતી અનુવાદ તૈયાર કરી સંસ્થાને મેં મોકલી આપ્યો. વીસ વર્ષ સુધી આ બાબતમાં કશી જ પ્રગતિ થઈ નહીં. મેં પણ આશા છોડી દીધી. પરંતુ બન્યું એમ કે શ્રી રમણભાઈ પોતાના મિત્ર શ્રી બિપીનભાઈ જૈન સાથે એ સંસ્થાની મુલાકાતે વારાણસી ગયા અને ત્યાં તેમણે મારા લખાણને જોયું. ધનના અભાવે પ્રકાશન થઈ શકેલ નથી એમ જાણવા મળ્યું ત્યારે એ જ વખતે શ્રી બિપીનભાઈ જૈને માતબર રકમનું દાન પુસ્તક પ્રકાશન માટે જાહેર કર્યું અને આમ રમણભાઇના મિત્ર દ્વારા મારા લખાણને પ્રકાશિત થવાની તક ચમત્કારિક રીતે પ્રાપ્ત થઈ. જો શ્રી રમણભાઈ પોતાના મિત્ર સાથે સંસ્થાની મુલાકાતે ન ગયા હોત તો આજેય મારું લખાણ અપ્રકાશિત હોત ! આ બાબત હું કાયમ શ્રી રમણભાઈ તથા એમના મિત્રનો ઋણી રહીશ.

જૈન સાહિત્ય સમારોહને કારણે મને અનેક વિદ્વાનોને મળવાની તક મળી હતી. સર્વશ્રી અગરચંદ નાહટા, શ્રી જોહરીમલ, હરિવલ્લભ ભાયાણી, હસમુખભાઈ માલવાણીયા, ભોગીલાલ સાંડેસરા જેવા મૂર્ધન્ય વિદ્વાનોને નજીકથી મળવાની તક મારે માટે બહુમૂલ્ય છે.

શ્રી રમણભાઈ બહુ આયામી પ્રકારનું જીવન જીવી ગયા. પૂર્વ સુકૃતને કારણે તેમને જીવનમાં સુંદર તકો પ્રાપ્ત થઈ. આજે તેઓ અનંતની યાત્રાએ નીકળી ચૂક્યા છે. પરમ પૂજ્ય તીર્થંકર ભગવંતોની કૃપાનો તેમને લાભ મળે અને જીવન નૌકાનાં હલેસાં એકલે હાથે સંચાલિત કરવામાં પૂ. શ્રી તારાબહેનને શક્તિ પ્રાપ્ત થાય એવી શુભેચ્છા વ્યક્ત કરી વિરમું છું. અંતમાં એટલું જ કે શ્રી રમણભાઈ 'આને જીવ્યું કહેવાય' એવો સંદેશો પછીની પેઢી માટે મૂકતા ગયા છે.

❖ ❖ ❖

# શ્રુત ઉપાસક જનઋષિ રમણભાઈ

☐ ગુણવંત બરવાળિયા

પૂ. રમણભાઈની વિદાયથી જૈનસાહિત્ય જગતનો એક તેજસ્વી તારલો વિલય પામ્યો.

જૈનસાહિત્ય સમારોહ વખતે વિદ્વતવર્ય રમણભાઈ સાથે કેટલોક સમય ગાળવા મળ્યો, જીવનની તે ઉત્તમ ક્ષણો વારંવાર વાગોળવાનું મન થાય તેવી હતી. જિનતત્ત્વોના ગહન રહસ્યો સરળભાષામાં સમજાવે અને કોઈપણ નિબંધ કે શોધપત્ર તૈયાર કરતી વખતે કેવી રીતે વિષયના ઉંડાણમાં જવું તે સલાહ આપે.

સાહિત્ય સમારોહ પછીની તીર્થ યાત્રામાં રમણભાઈ સાથે જે જે તીર્થ સ્થળોની યાત્રા કરીએ ત્યારે તે મંદિરોની સ્થાપત્યકલા, જિનબિંબો વગેરેની ખૂબ જ રસપ્રદ વાતો કહે.

ત્રણ વર્ષ પહેલા અમે સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન રિસર્ચ સેંટર દ્વારા પૂ.નમ્રમુનિજી પૂ. બાપજી, ડૉ. પૂ. તરુલતાજી આદિ સંતસતીજીઓની નિશ્રામાં કલ્પતરુ સાધના કેન્દ્ર મિયાગામ કરજણમાં પ્રથમ જૈન સાહિત્ય જ્ઞાનસત્રનું આયોજન કર્યું, પચાસેક જેટલા વિદ્વાનો - જૈનસાહિત્યકારો ઉપસ્થિત હતાં. મુ. શ્રી રમણભાઈએ સમાપન બેઠકનું અધ્યક્ષસ્થાન સંભાળ્યું હતું. 'પુદ્ગલ પરાવર્ત' જેવા અતિ ગંભીર ગહન વિષય પર એમનું પ્રવચન અદ્ભુત હતું. રમણભાઈએ જ્ઞાનસત્રના સમગ્ર આયોજન માટે સંતોષ વ્યક્ત કર્યો હતો.

પંદરમી ઑગષ્ટ બે હજાર પાંચના અમારા સેંટર દ્વારા મુલુંડમાં 'ઉવસગ્ગહરં શ્રુત એવૉર્ડ'નો એક કાર્યક્રમ રાખવામાં આવેલ, અમે તેમાં ઉપસ્થિત રહેવા ડૉ. રમણભાઈને નિમંત્રણ આપેલ થોડા દિવસ પછી મુ. રમણભાઈનો ફોન આવ્યો.

'તમારું નિમંત્રણ મળ્યું, તમારાં કાર્યક્રમમાં આવવાનું પૂ.સંતો સતીજીઓ દર્શન કરવાનું ઘણું મન છે પરંતુ અશક્તિ અને નબળાઈ ઘણાં છે તો હું ત્યાં આવી શકીશ નહીં પરંતુ, એવૉર્ડ એનાયત સમારોહ પૂરો થયા પછી વિદ્વાનો અને મહાનુભાવોને લઈને તમે મારા ઘરે જરૂર આવો, બધાને મળવાનું મને ગમશે.'

જૈન મહાસંઘના પ્રમુખ શ્રી પ્રાણભાઈ જૈન કોન્ફરન્સના પ્રમુખ શ્રી મગનભાઈ, ડૉ. કુમારપાળ સહિત દસેક મહાનુભાવો અને વિદ્વાનો સાથે અમે રમણભાઈને ઘરે પહોંચ્યા, એક કલાક સુધી ધર્મ અને સાહિત્ય વિષયક ચર્ચા ચાલી. તારાબહેને બધાને આઈસ્ક્રીમ ખવરાવ્યો. જતાં જતાં મેં. મુ. શ્રી રમણભાઈને જ્ઞાનસત્ર-૩ તા.૩ અને ૪ ડિસેમ્બરે ઘાટકોપર મુકામે યોજવાનું નક્કી કર્યું છે તેની વિગતો સાથે જ્ઞાનસત્રની એક બેઠક સંભાળવા વિનંતી કરી તેમણે તબિયતને કારણે વધુ સમય બેસી શકાતું ન હોવાથી બેઠક તો સંભાળી શકાશે નહિ પરંતુ, હાજરી જરૂર આપીશ તેમ કહી જણાવ્યું કે 'જૈનસાહિત્ય જ્ઞાનસત્ર તમે પ્રતિવર્ષ યોજો છો તે શૃંખલા ચાલુ રાખો. આ પ્રવૃત્તિ મહત્ત્વની અને જરૂરી છે. મારી તબિયતને કારણે કદાચ હવે હું સાહિત્ય સમારોહ યોજી નહિં શકું, તો આ કામ તમે ચાલુ રાખો, જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે મારું માર્ગદર્શન તમને જરૂર મળશે જ, મારી તમને શુભેચ્છા છે. વળી પૂ.નમ્રમુનિ જેવા સમર્થ સંતના તમને આશીર્વાદ છે અને પ્રવીણભાઈ, રસિકભાઈ જેવા તમારી સાથે ટીમવર્કમાં જોડાયેલા છે માટે આ પ્રવૃત્તિ ચાલુ રાખજો.'

'આપની શુભેચ્છાથી આ કાર્યમાં સાતત્ય જળવાશે, આપે અમારા ઉત્સાહમાં વધારો કરી આત્મવિશ્વાસના અમૃતનું સિંચન કર્યું છે,' મેં કહ્યું. પૂ.રમણભાઈના એ શબ્દોથી આ કાર્ય પ્રત્યે અમારી શ્રદ્ધા વધી અને નવું બળ મળ્યું. આમ કેટલીય વ્યક્તિઓને તેઓ સદ્પ્રવૃત્તિ માટે પ્રેરતા હતા.

૩-૧૨-૦૫ના તૃતીય જૈનસાહિત્ય જ્ઞાનસત્રમાં રમણભાઈ આપણી વચ્ચે નહોતા ૩-૧૨-૦૫ મુ. રમણભાઈનો ૮૦મો જન્મદિવસ અને જ્ઞાનસત્રનો ઉદ્ઘાટન સમારોહ, આ સમારોહમાં અમે જ્ઞાનસત્ર - ૨માં રજૂ થયેલા શોધપત્રો અને નિબંધોનો સંગ્રહ જ્ઞાનધારા-૨ ગ્રંથ પૂજ્ય રમણભાઈની પાવન સ્મૃતિમાં તેમને અર્પણ કર્યો. જ્ઞાનસત્રમાં ઉપસ્થિત તારાબેન ર. શાહ, ડૉ. ધનવંતભાઈ તિ. શાહ અને શૈલજાબેનને મહાનુભાવોના વરદ્ હસ્તે આ ગ્રંથ અર્પણ કરવામાં આવ્યો.

જૈન યુવક સંઘ વ્યાખ્યાનમાળામાં ફંડ એકત્ર કરી યોગ્ય સંસ્થાઓને આર્થિક સહાય કરવાના તેમના ઉમદાકાર્યની આપણે અભિવંદના અને અનુમોદના કરીએ.

જેમણે અનેક ગ્રંથોનું લેખન સંપાદન કરી જૈનસાહિત્ય સમારોહના આયોજન દ્વારા, શ્રુતજ્ઞાન સંવર્ધન અને શાસનસેવાનું ઉત્તમ કાર્ય કર્યું છે. સાધુ સંતોના જ્ઞાનાભ્યાસ કાર્ય માટે સતત તત્પર એવા 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી, સુશ્રાવક અને વિદ્વાન સાહિત્યકાર શ્રુત ઉપાસક જનઋષિને ભાવાંજલિ.

રમણભાઈનો પવિત્ર આત્મા મહાવિદેહમાં વિસામો લઈ પંચમગતિ તરફ શીઘ્રાતીશીઘ્ર પ્રયાણ કરે તેવી ભાવનાસહ શ્રધ્ધાંજલિ !

❖ ❖ ❖

# સર્વ સુકૃતોના અનુમોદક મનીષી મુરબ્બીશ્રી રમણભાઈ જેમના ત્રણેય ઠામ-ઠેકાણાં હાલ જ બદલાયા છે !

☐ પ્રા. પ્રતાપકુમાર જ. ટોલિયા, બેંગલોર

'સત્ત્વેષુ મૈત્રીં, ગુણીષુ પ્રમોદં'ની ભાવના સૌ કોઈના સુકૃતોની અનુમોદના દ્વારા જીવનમાં વણી લેનાર ચિંતક મનીષી મુરબ્બીશ્રી રમણભાઈના દેહાવસાનના સમાચાર અણધાર્યા જ અને મારી હાલની ગુજરાત યાત્રાને કારણે હમણાં જ મોડા મોડા જાણવા મળ્યા સુશ્રી વિમલાતાઈને મળીને અમદાવાદ આવતાં બહેનશ્રી ગીતાબેન પરીખ પાસેથી. સહજ જ તેમની આત્મશાંતિ પ્રાર્થના અને વિગત સંસ્મરણોની સૃષ્ટિમાં ખોવાઈ જવાનું બન્યું. યાત્રામાંથી બેંગલોર પરત આવતાં 'પ્રબુદ્ધ જીવન'નો ૧૧મો અંક અને શ્રી ધનવંતભાઈનો પત્ર વિગતે બધા સમાચાર આપી રહ્યો. તુરત શ્રી ધનવંતભાઈને કૉલ જોડીને સ્મરણાંજલિ રૂપે આ થોડા-શા સ્મૃતિ-શબ્દો લખવા બેઠો છું.

પૂ. પંડિતશ્રી સુખલાલજીની છત્રછાયામાં મારું વિદ્યાધ્યયન ઈ.સ.૧૯૫૬થી આચાર્ય વિનોબાજી સાથેની પૂર્વ અને દક્ષિણ ભારતની પદયાત્રાઓ પછી આરંભાયેલું. લગભગ એ જ અરસામાં 'પ્રબુદ્ધ જીવન'માં મારા લેખો લખવાનું શરૂ થતાં સ્વ. શ્રી પરમાનંદભાઈ અને સ્વ. શ્રી ચીમનલાલભાઈ સાથેના સંપર્કોમાં મુ.શ્રી રમણભાઈનો પણ પ્રેરક પરિચય મને સાંપડતો ગયો. એ વધતો ચાલ્યો અમારા શ્રી

આત્મસિદ્ધિશાસ્ત્ર અને કલ્યાણમંદિર-ભક્તામર સ્તોત્રના રેકર્ડિંગ વેળાએ-રેખા બિલ્ડિંગમાં સ્વ. શ્રી ચીમનલાલભાઈ સાથેની તે વખતની એક મુલાકાતવેળાએ મુ.શ્રી રમણભાઈનું માર્ગદર્શન ઉપયોગી નીવડેલું. એ પછી યુવક સંઘ કાર્યાલય, વિવિધ સાહિત્ય સમારોહે અને જાહેર કાર્યક્રમોમાં તેમને મળવામાં અવનવી પ્રેરણાઓ મળતી રહેતી. આ દરમ્યાન મારું ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદનું પ્રાધ્યાપકપદ છોડી બેંગલોર આવીને વસવાનું થતાં અને દક્ષિણમાં હંપીના શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ સાથે સંબંધ થતાં, પ્રત્યક્ષ અને પત્રવ્યવહાર દ્વારા તેમની સાથે વિચારવિમર્શ વધતો રહ્યો. શ્રી રમણભાઈની ગુણગ્રાહકતા અને અનુમોદનાની ભાવનાના, તેમની લઘુતા સાથે વારંવાર દર્શન થતાં અને તેમની સાથે દિલ ખોલીને વિચાર વિનિમય કરવાનું ગમતું.

આ અનુસંધાનમાં તેઓશ્રીએ જે સ્વ. શ્રી અગરચંદજી નાહટા અને સ્વ. શ્રી ભંવરલાલજી નાહટા જેવા વિદ્વાનો પાસેથી જાણેલુંઅને 'પ્રબુદ્ધ જીવન'માં લેખરૂપે છાપેલું, તેની તેઓશ્રી આ લખનાર પાસેથી પણ જિજ્ઞાસા અને પ્રમોદભાવે સરળપણે વિચારણા કરતા. ઉપર્યુક્ત શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમના સંસ્થાપક અને આ યુગના શ્રીમદ્ રાજચંદ્ર શરણાપન્ન, વિરલ, વિનમ્ર અને ગુપ્ત સાધક શ્રી ભદ્રમુનિ (સહજાનંદઘનજી) વિષે તેમને ભારે જિજ્ઞાસા હતી, એ માટે તેમની સાધનાભૂમિ હંપીની ગુફાઓ જોવા આવવાની ભાવના પણ હતી, પરંતુ તેમની વ્યસ્તતાને કારણે એ કદાચ સંભવ બન્યું ન હતું.

હાલમાં થોડા જ સમય પહેલાં શ્રી ભદ્રમુનિજી અને પંડિત શ્રી સુખલાલજી જેવા પ્રેરણાદાતાઓ દ્વારા આ લખનારના હાથે સંપાદન થવો આરંભાયેલો અને વિદુષી સુશ્રી વિમલાતાઈની બાહ્યાંતર સર્વ પ્રકારની સહાયતા દ્વારા સંપન્ન થયેલો વર્ષોના પરિશ્રમ પછી સંપાદિત-પ્રકાશિત થયેલો અમારો એક ગ્રંથ અમે શ્રી રમણભાઈને મોકલ્યો. એ ગ્રંથ 'સપ્તભાષી આત્મસિદ્ધિ' શ્રીમદ્ રાજચંદ્રજીના શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનું જ મૂળ ગુજરાતી ઉપરાંત અન્ય છ ભાષાઓમાં કાવ્યમય ભાષાંતર. આ વિષય પરના જ બબ્બે મહાનિબંધોના માર્ગદર્શક એવા શ્રી રમણભાઈએ એ વાંચીને પોતાના હૃદયનો પ્રતિભાવ-અનુમોદનાભાવ અમને મોકલ્યો. તેમની પણ આવી સદ્ભાવના પામી અમે ધન્ય થયા. આમ તેમનો ગુણગ્રાહિતાનો અને પ્રમોદભાવનાનો, અન્યોને અનુમોદનાથી નવાજવાનો તેમનો ગજબનો ગુણ અન્ય સૌ કોઈની જેમ અમે પણ અનુભવી રહ્યાં.

આ પ્રેરક અને અવિસ્મરણીય ઘટના પછીની હમણાંની બીજી ઘટના છે - 'લોકકવિગાયક શ્રી દુઃખાયલજી સાથેની સર્વોદય-સંગીત યાત્રાઓ' વિષેના મારા સંસ્મરણ-લેખ અંગેની. મારી બારેક વિદેશયાત્રાઓ-જૈન ધર્મપ્રભાવનાની ત્રિવિધ યાત્રાએ-થીયે વિશેષ મહત્ત્વનો આ લેખ. ભારતની ધરતીની અને લોકજીવનની સમરસતાની આ યાત્રાઓનું મારે મન મોટું મૂલ્ય હોઈને મેં મુ.શ્રી રમણભાઈને એ લેખ 'પ્રબુદ્ધ જીવન'માં છાપવા વિનંતિ કરી. તેમણે તુરત જ ઉત્સાહિત કરતો પ્રત્યુત્તર વાળતાં અમુક સૂચનો સાથે એ અવશ્ય મોકલી આપવા જણાવ્યું. શ્રી દુઃખાયલ જેવા હિન્દી અને સિંધીભાષી કવિની પણ સર્વોદયી રાષ્ટ્રભાવનાનાં શ્રી રમણભાઈને મહત્ત્વ અને મૂલ્ય જણાયું એ તેમની વ્યાપક દૃષ્ટિનું પરિચાયક તત્ત્વ છે. અલબત્ત, તેમણે માગ્યા મુજબનો લેખ મોકલવાનું મારી વ્યસ્તતામાં હજી બન્યું નથી અને દરમ્યાનમાં તો તેમણે વિદાય પણ સ્થૂળરૂપે તો લઈ લીધી, પરંતુ સર્વકોઈની પરિશ્રમભરી સાહિત્ય-કૃતિઓને આવકારવાની એક સહૃદય સંપાદક તરીકેની તેમની ઉદારતા દાદ માગી લે છે.

તેમની સાથેના પત્ર-સંસ્મરણો ઘણા છે, પરંતુ અહીં તત્કાળ પૂરતા આટલા, સંક્ષેપમાં પર્યાપ્ત છે. એ અંગત સંસ્મરણોથી યે વિશેષ મહત્ત્વના અને સર્વજન-ઉપયોગી છે તેમના એ તંત્રી લેખો, કે જેમાં એકબાજુથી જૈન દર્શનનાં તત્ત્વોને તેમણે સરળતાથી સમજાવ્યા કર્યા છે અને બીજી બાજુથી અનેક વ્યક્તિઓ અને સંસ્થાઓની લોકોપયોગી સેવાપ્રવૃત્તિઓને તેમણે, પોતાને એ સાથે જોડવા પૂર્વક, બિરદાવીને આગળ વધારી છે. તેમની આ બંને બાજુઓ તત્ત્વચિંતનની અને સમાજસેવાની અદ્ભુત રીતે વણાઈને નદીની બે ધારાઓની જેમ સમાંતર વહેતી આવી છે. આ પુણ્યસલિલા ધારાને વહાવનારા મનીષી મુરબ્બીશ્રી રમણભાઈને અને તેમાં સ્નાન કરી પાવન થનારા સૌ પુણ્યાત્માઓને અનેકશઃ અભિનંદન.

શું એ પણ કોઈ સાંકેતિક સંયોગ નથી આ પરિવર્તનશીલ વિશ્વનો, કે આ મનીષીના નિવાસનું સ્થાન બદલાયું, પછી કાર્યાલયનું સ્થાન બદલાયું અને છેલ્લે દેશ-દેહાંતરાનું સ્થાન પણ બદલાયું? હવે તેમને પત્ર કયા ઠામે લખીશું? ❖ ❖ ❖

# સૌમ્ય મૂર્તિ ડૉ. રમણલાલ ચી. શાહ

□ ડૉ. કનુભાઈ વ્રજલાલ શેઠ

શ્રી રમણભાઇનો મને પહેલ પ્રથમ પરિચય હું એલ.ડી.ઇન્ડોલોજી, અમદાવાદમાં ઇ. સ. ૧૯૬૪ માં શોધ છાત્ર તરીકે જોડાયો હતો તે પછી ઇ. સ. ૧૯૬૫ ની સાલના મે માસમાં તેઓ પંડિતવર્ય શ્રી દલસુખભાઈ માલવણિયા (ડીરેક્ટર)ને મળવા આવ્યા હતા ત્યારે શ્રી દલસુખભાઇએ મારી ઓળખાણ પ્રાચીન-મધ્યકાલીન ગુજરાતીમાં રચાયેલા 'શૃંગાર મંજરી–શીલવતી રાસ' (જયવંતસૂરિ કૃત) પર પીએચ.ડી.ની ડીગ્રી માટે મહાનિબંધ તૈયાર કરનાર શોધછાત્ર તરીકે કરાવ્યો તે ગણાવી શકાય. તે વખતથી જ તેમણે મને મારા શોધકાર્ય અંગે માર્ગદર્શન આપી મહાનિબંધ તૈયાર કરવા પ્રેરણા આપી પ્રોત્સાહિત કર્યો હતો.

આ પછી તેઓની મુલાકાત અવારનવાર થતી રહી. તે સમયે મારા શોધકાર્યમાં ઊંડો રસ દાખવી મને સતત માર્ગદર્શન આપતા રહ્યા હતા.

'મહાવીર જૈન વિદ્યાલય', મુંબઇના ઉપક્રમે યોજાયેલ પ્રથમ 'જૈન સાહિત્ય સમારોહ'માં (તા. ૨૧–૨૨ અને ૨૩ જાન્યુઆરી, ૧૯૭૭) મને આમંત્રણ આપી સંશોધન વિભાગમાં 'ફાગુ' કાવ્ય અંગેનો મારો શોધપત્ર રજુ કરવાની તક આપી હતી. તે પ્રસંગથી હું એક સંશોધક તરીકે જાણીતો થયો આ બાબતે હું શ્રી રમણભાઈનો ખાસ આભારી છું.

આ પછી 'મહાવીર જૈન વિદ્યાલય', મુંબઈના ઉપક્રમે યોજાતા પ્રત્યેક સમારોહમાં મને આમંત્રી, શોધપત્ર રજુ કરવાની તક તેઓ આપતા રહ્યા. અને એ બહાને અમારો સંપર્ક ગાઢ બન્યો.

હું જ્યારે પણ અમદાવાદથી મુંબઈ જતો ત્યારે એમને મળી મારા શોધકાર્ય અંગે એમની સાથે ચર્ચા કરી તેઓનું માર્ગદર્શન મેળવતો રહ્યો. તેઓ ઘણા ઉત્સાહપૂર્વક મારા સંશોધનકાર્યમાં રસ લઈ યોગ્ય માર્ગદર્શન આપતા.

મારા શોધકાર્ય અંગે પત્ર દ્વારા પણ એનું માર્ગદર્શન સતત મળતું રહ્યું હતું. આમ મારા સંશોધનકાર્યમાં એમના માર્ગદર્શનનો નોંધનીય ફાળો છે. જે માટે હું એમનો સદા આભારી રહીશ.

એમના સંશોધન–અધ્યયનનું પ્રત્યેક પુસ્તક તેઓ અચૂક મને મોકલતા જેથી એમના શોધકાર્ય અંગે હું સુપેરે માહિતગાર રહ્યો છું.

એમના 'ગુર્જર ફાગુ સાહિત્ય'ના ગ્રંથમાં કેટલીક માહિતી પૂરી પાડનાર તરીકે મારો ઉલ્લેખ કર્યો છે તે મારા પ્રત્યેના તેમના માન અને પ્રેમનું સૂચક છે.

એમના વિપુલ સંશોધન-અધ્યયન અંગે માહિતી આપવાનું અત્રે પ્રસ્તુત નથી પણ એમના સંશોધનકાર્ય અંગે અંગુલિનિર્દેશ કરવાનો પ્રયત્ન કરું છું.

એમનું પ્રાચીન-મધ્યકાલીન સાહિત્ય સંશોધન અનેકવિધ વિષયો સાથે સંકળાયેલા છે અને આ પ્રદાન મહામૂલ્યવાન છે.

જીવનચરિત્ર-રેખાચિત્ર-સંસ્મરણના વિષયમાં એમણે લખેલા ગ્રંથોમાં 'ઉપાધ્યાય શ્રી યશોવિજયજી', 'હેમચંદ્રાચાર્ય', 'વંદનીય હૃદયસ્પર્શ (ભાગ-૧-૨)', 'પ્રભાવક સ્થવિરો (ભાગ-૧ થી ૫)' ઉલ્લેખપાત્ર છે. સાહિત્ય-વિવેચન ક્ષેત્રમાં તેમણે કરેલ કાર્યમાં 'ગુજરાતી સાહિત્યનું રેખા દર્શન' (અન્ય સાથે), 'નરસિંહ પૂર્વેનું ગુજરાતી સાહિત્ય', 'સમયસુંદર', 'ગુર્જર ફાગુ સાહિત્ય', 'નલ-દમયંતીની કથાનો વિકાસ' નોંધપાત્ર છે.

પ્રાચીન-મધ્યકાલીન કૃતિઓનું હસ્તપ્રત પરથી કરેલ એમનું શોધ-કાર્ય આ ક્ષેત્રમાં કામ કરનાર વિદ્યાર્થી અને વિદ્વાન ને મૂલ્યવાન માર્ગદર્શન પૂરું પાડનાર ઉમદા ઉદાહરણરૂપ છે. જેમાં સમયસુંદર કૃત 'નલ-દવદંતી રાસ', યશોવિજયજી કૃત 'જંબૂસ્વામી રાસ', ઉદ્યોતનસૂરિ કૃત 'કુવલપમાળા', ઋષિવર્ધન કૃત 'નલરાય દવદંતી ચરિત્ર', ગુણવિનય કૃત 'ધન્ના-શાલિભદ્ર ચોપાઈ' અને જ્ઞાનસાગર કૃત અને ક્ષમાકલ્યાણ કૃત 'બે લઘુરાસ કૃતિઓ' નોંધપાત્ર છે.

ધર્મ-તત્ત્વજ્ઞાન ક્ષેત્રે પણ એમનું કાર્ય સરળ ભાષામાં આ વિષયની સમજુતી આપતું હોવાથી અભ્યાસીને ઉપયોગી બની શકે તેમ છે અને અભ્યાસીને જૈન ધર્મ-બૌદ્ધ ધર્મ આદિનો સુપેરે પરિચય કરાવનાર છે. જેમાં 'જૈન ધર્મ' (છઠ્ઠી આવૃત્તિ), 'બૌદ્ધ ધર્મ' નિહ્નવવાદ', 'જિનતત્ત્વ (ભાગ-૧ થી ૬)', 'તાઓ દર્શન', 'આધ્યાત્મસાર ભાગ-૧-૨' તથા અંગ્રેજીમાં લખેલ 'Shraman Bhagawan Mahavir & Jainism' અને 'Jina Vachana' ખૂબ ઉપયોગી બની શકે છે.

પ્રવાસી-શોધ-સફરના ક્ષેત્રમાં એમનું આગવું પ્રદાન છે. જે તે સ્થળના એમણે કરેલ પ્રવાસનું માત્ર માહિતીપૂર્ણ વર્ણન જ નથી પણ એક સરસ નિબંધ બની રહે છે. આ કારણે કે તે લોકોમાં અત્યંત લોકપ્રિય બની રહ્યું છે. 'પાસપોર્ટની પાંખે-ઉત્તરાલેખન', 'પ્રદેશે જય-વિજયના' નોંધપાત્ર છે.

શ્રી રમણભાઈ એક સફળ અને લોકપ્રિય પત્રકાર પણ હતા. 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે એમણે લખેલા તંત્રી લેખો અત્યંત લોકપ્રિય નીવડ્યા હતા.

તેઓ વર્ષો સુધી મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા તરીકે હતા તે દરમ્યાન અનેક વિદ્યાર્થીઓએ એમનું માર્ગદર્શન મેળવી પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી હતી.

જૈન સાધુ-સાધ્વી સાથે પણ એમને સારો એવો પરિચય હતો. અનેક સાધુ-સાધ્વીને તેમણે અભ્યાસ કરાવ્યો અને એમના માર્ગદર્શન નીચે સંશોધન કાર્ય કરી કેટલાક સાધુ-સાધ્વીએ પીએચ.ડી.ની ઉપાધિ પણ પ્રાપ્ત કરી છે.

તેઓ સ્વભાવે સૌમ્ય અને કોઈને પણ ઉપયોગી થવાની ઉદારતા ધરાવનારા હતા. એમના પરિચયમાં આવનાર હર કોઈ વ્યક્તિ એમના ચાહક બની રહેતી. એમની સંશોધન-અધ્યયનની નોંધ દેશ તેમ જ વિદેશમાં પણ લેવાઈ હતી.

એમના અવસાનથી પ્રાચીન-મધ્યકાલીન સાહિત્યના સંશોધન-અધ્યયન ક્ષેત્રે ન પૂરી પડી શકાય એવી ખોટ પડી છે. એક સજ્જન અને સંશોધક તરીકે તે હંમેશા ચિરંજીવી રહેશે. પ્રભુ એમના આત્માને શાંતિ અર્પો એવી અભ્યર્થના.

❖ ❖ ❖

# ગુરુનું ધ્યાન કરતાં શિષ્ય સ્વયં બ્રહ્મમય બની જાય છે.

☐ ડૉ. રેણુકા જે. પોરવાલ

तस्मै श्रीगुरवे नमः ।
गुरुध्यानं तथा कृत्वा स्वयं ब्रह्ममयो भवेत् ।
पिण्डे पदे तथा रुपे मुक्तोऽसौ नात्र संशय : ।

(સ્કંધ પુરાણ ઉત્તર ખંડ-શ્રી ગુરુ ગીતા શ્લો-૧૧૯, પૃ. ૩૫) ભાવાર્થ :- આ પ્રમાણે અનન્ય ભાવે (ભક્ત અને ભગવાન વચ્ચેનો ભાવ/સંબંધ) ગુરુનું ધ્યાન કરતાં કરતાં શિષ્ય સ્વયં બ્રહ્મમય બની જાય છે. પિંડમાં, પદમાં અને રૂપમાં તે મુક્ત છે એમાં સંદેહ નથી. સ્કંદ પુરાણમાં ઉત્તર ખંડમાં શિવ પાર્વતી સંવાદ રૂપે આલેખાયેલી શ્રી ગુરુ ગીતા ગુરુના અનન્યાશ્રય સંદર્ભે છે.)

વિદ્વતવર્ય ડૉ. શ્રી રમણભાઈ શાહના વિરલ પ્રતિભાપૂંજનું આલેખન તો કદી શક્ય પણ બને પરંતુ એમની સાથે વિતાવેલી આત્મીય ક્ષણોને અંકિત કરવી એ અતિ દુષ્કર. કારણ ? સ્મરણ પટ પર પૂર ઝડપે ધસમસતી આવતી એમની યાદો અને સ્મૃતિઓનો અવિરત પ્રવાહ એટલો તો વેગવંત હોય છે કે ઝીલતાં પહેલાં જ સરી જાય. તેમ છતાં મરજીવાને લાધેલ અમૂલ્ય મોતીની જેમ જે કાંઈ હાથ લાગ્યું તેને ભારે હૈયે હું અહીં વર્ણવું છું.

મારી એમની સાથેની ઓળખાણ જરા જુદી-એ વિરલ વિભૂતિ રમણભાઈનું નામ હું આચાર્ય બુદ્ધિસાગરજી દ્વારા સ્થાપિત 'અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ'ના પ્રમુખ તરીકે વર્ષોથી વાંચતી અને સાથે તેમના દ્વારા લિખિત પ્રસ્તાવનાઓ પણ. અન્ય લેખકોની અભિનવ કૃતિઓમાં વિષયપ્રવેશ કરાવતી તેમની પ્રસ્તાવનાઓ, પ્રતિભાવ કે વિવેચનો ઘણાં વાંચ્યા. તે સમયે હું કલ્પના કરતી કે આવા વિદ્વાન લેખક કેટલા પ્રતિભાશાળી હશે ! વર્ણનાત્મક ધારાવાહિક 'પાસપોર્ટની પાંખે'માં સ્વાનુભવોનું વર્ણન કરી એમાં વાચકને તરબોળ કરાવનારની અનુભવ મૂડીનું મુલ્યાંકન થાય ખરું ! એ સમયે મેં મનોમન એમને મારા શ્રદ્ધેય ગુરુ તરીકે સ્થાપી દીધા. કંઈ કેટલાયે ગ્રંથો, વિવેચનો, ચરિત્રો, નિવાપંજલિઓ, પરિચય પુસ્તકો વગેરેની એમણે રચના કરી છે. જીવનના અંતિમ તબક્કામાં રચાયેલા અણમોલ ગ્રંથો તે શ્રી મહોપાધ્યાયજી દ્વારા રચિત જ્ઞાનસાર અને અધ્યાત્મસારના અનુવાદ અને વિશેષાર્થ અધ્યાત્મ યોગી શ્રીયુત રમણભાઈ દ્વારા રચિત એ વિશેષાર્થો એટલા અદ્ભૂત છે કે સર્વ ગ્રંથોની માળામાં હિરજડિત પેન્ડન્ટશા દેદિપ્યમાન થઈ ચોમેર પ્રકાશ વેરે છે. એ અણમોલ કૃતિઓ નિહાળીએ કે તુરંત જ સ્ફુરણા થાય કે આનાથી સુંદર કૃતિ સંભવી શકે ખરી ? તેમના ઉચ્ચ કોટિના આવા અનેક ગ્રંથો કેટલીયે પીએચ.ડી. અને ડી.લીટ જેવી ડિગ્રીઓ પામવા સક્ષમ છે.

મારે વાત એમની સાથેના પરિચયની કરવાની છે. પરંતુ પ્રારંભમાં જ કહ્યું તેમ સ્મૃતિપટ પર ચિત્રોને પકડું ત્યાં ફરી અદૃશ્ય થઈ જાય છે. તેમની ઘણી કૃતિઓનું આસ્વાદન તો કર્યું હતું પરંતુ શ્રદ્ધેય ગુરુવર્યના દર્શન બાકી હતા. મેં વધુ અભ્યાસ માટે ડૉ. કલાબહેન શાહનો સંપર્ક કર્યો. ત્યાં તેમના મુખેથી રોજ ડૉ. રમણભાઈ શાહના ગુણોનું શ્રવણ કરતી. અભ્યાસ દરમ્યાન મને શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ઉપક્રમે શ્રી રમણભાઇના હસ્તક યોજાતા સાહિત્ય સમારોહમાં નિબંધ વાંચન માટે આમંત્રણ મળ્યું. ત્યાં મને કરૂણામયી વાત્સલ્યમૂર્તિ વિદ્વતવર્ય શ્રી રમણભાઈનો પ્રત્યક્ષ પરિચય થયો. મારા વક્તવ્યને સાચો પ્રતિભાવ આપી અમારા સહુમાં એમણે જે આત્મવિશ્વાસ અને નવીન ચેતના જગાડી તે હું કદી વિસરી ન શકું. એમનો નિખાલસ, રમૂજી, મિલનસાર સ્વભાવ અમને સહુને સ્પર્શી ગયો. તેમણે અમને प्रमाद त्याग प्रयत्नशील નો ઉપદેશ આપ્યો. अध्यात्मज्ञान अनुभवी નો એ ગુરુમંત્ર મેં गुर्वाज्ञा पालकशिष्य તરીકે આત્મસાત કરી લીધો.

મારો પીએચ.ડી.નો અભ્યાસ પૂર્ણ થવાને આરે હતો. મારી થિસિસ યુનિવર્સિટીને સોંપી દીધી હતી. મારી મૌખિક પરીક્ષા માટે ડૉ. રમણભાઈ મારા પરિક્ષક હતા. વાંચવાની તૈયારી ચાલુ જ હતી. મારા માર્ગદર્શક ડૉ. કલાબહેન શાહે મને ખાસ સૂચના આપી હતી, 'તમે તૈયારી બરાબર કરજો. ડૉ. રમણભાઈ ઘણી ઝીણવટથી ચિવટપૂર્વક પ્રશ્નો પૂછશે.' મેં મારું વાંચન પૂર્ણ કર્યું. યુનિવર્સિટીના હૉલમાં ડૉ. શ્રી રમણભાઇએ પરિક્ષક તરીકે કેટલાક પ્રશ્નો પૂછ્યા. જેમાંના એક બે નીચે મુજબ છે :–

'શ્રીમદ્ બુદ્ધિસાગરજીના ખાસ ભક્ત કોણ હતા જાણો છો ?'

મારો જવાબ-

'એમના ખાસ ભક્ત શ્રી મણીલાલ પાદરાકર.'

'એમના પિતાનું નામ જાણો છો ?'

'હા, એમના પિતા શ્રી મોહનલાલ હીમચંદ હતા.'

તેઓ કઈ અટક (સરનેમ) પોતાના નામ પાછળથી મૂકતા હતા ?'

'વકીલ, તેઓ શ્રી મોહનલાલ હીમચંદ વકીલ તરીકે જાણીતા હતા.'

'ઘણું જ સુંદર.' આ પ્રમાણેના કસોટી કરતાં ખૂબ ઝીણવટભર્યા પ્રશ્નો પણ તેઓ પૂછતાં. બહારથી સરળ દેખાતા પ્રશ્નો પણ વિશાળ વાંચન અને યાદશક્તિની કસોટી કરી લેતાં. અને હું પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ગઈ.

જ્યારે તેઓ સપરિવાર મુલુંડ રહેવા આવ્યા ત્યોર તેમને મળવાનું ઘણીવાર થયું. એ નિસ્પૃહી દંપતીને મળો ત્યારે ઉપાશ્રયમાં કોઈ સાધુ–સંતને વંદન કર્યા હોય એવી જ અનુભૂતિ થાય. તેમની સાથેના વાર્તાલાપમાં તેઓ દરેક વિષયને વિગતવાર સમજાવે. ચક્રવર્તી રાજા ખારવેલના શિલાલેખ વિષેની વાત નીકળતા તેમણે ઊંડાણથી રસપૂર્વક એની પંક્તિઓનો ભાવાર્થ સમજાવ્યો તથા જ્યારે તેમણે જાતે એ શીલાલેખ જોયો હતો ત્યારે એની સ્થિતિ કેવી હતી કે પણ દર્શાવ્યું. એમને મળવા આવનારા સ્નેહીઓને એમના દુર્લભ ખજાનામાંથી થોડાં પુસ્તકો અચૂક ભેટ સ્વરૂપે મળતાં જ હોય અને આગંતૂકો એને પ્રસાદી સમજી ગ્રહણ કરી કૃતાર્થ થતા.

જાણે વાત્સલ્યસ્વરૂપા માતા–પિતા જ મુલુંડને આંગણે પધાર્યા હોય એવી જ લાગણી થતી. શ્રી રમણભાઈની છત્રછાયા આપણે ગુમાવી એમ માનવાને મન તૈયાર નથી, કારણ કે કરૂણામયી, સ્નેહસભર માતા તારાબહેન એ ખોટ પૂરે છે.

## સ્મરણાંજલિ

### □ સુદર્શના પ્રબોધ કોઠારી

પરમ પૂજ્ય રમણભાઈ વિશે લખવાનું આવે ત્યારે આંખમાંથી અશ્રુધારા વહેવા માંડે. કારણકે થોડા વખત પહેલાં જ્યારે હું અને મારા પતિ પ્રબોધ કોઠારી મુલુંડ એમના ઘરે મળવા ગયા હતા, ત્યારે ખૂબ જ ઉમળકાભેર અમને આવકાર્યા હતાં. અને નિરાંતે બેસીને વાતો કરી હતી. એ વખતે તેઓ શ્રી 'આશાતના' વિશે લખી રહ્યા હતા. અને આશાતના વિશે જે ભ્રામક વાતો વિચારી રહ્યા છીએ એ તદ્દન ખોટું છે એમ પુરવાર કરી બતાવ્યું હતું. મેં એમને કહ્યું કે તમે સ્વર્ગસ્થ વ્યક્તિનો પરિચય ખૂબ જ ઉંડાણથી અને તાદૃશ્ય ચિતાર આપો છો, તો એમણે કહ્યું કે હું જે વ્યક્તિને નખશિખ જાણતો હોઉં, અને લોકો પણ એને વિશે જાણવાની ઇચ્છા ધરાવતા હોય તેવા લોકો વિશે લખી તેના ગુણોનું દર્શન કરાવવું મને ગમે છે. ઘણો લાંબો સમય બેઠાં એટલે જૂની વાતો (સાહિત્ય સમારોહની) નીકળી. ઘણાં સમારોહમાં હું એમની સાથે ગઈ છું. અને એમનું સાન્નિધ્ય મને મળ્યું છે. વધારામાં જ્યારથી 'પૂજ્ય પનાલાલ જગજીવન ગાંધી' મારે ત્યાં રહેવા આવ્યા ત્યારે તો લગભગ દરરોજ એમની સાથે વાતો થતી. અને મને ખૂબ જ નસીબદાર છું એમ કહેતા અને કહેતા કે જેટલું મળે તેટલું લઈ લેજે. ઘરે જ્ઞાનની ગંગા આવી છે. પનાભાઈના 'પાન' ને યાદ કરી ખાસ હસાવ્યા. પાટણના સમારોહ વખતે મેં બધાને બરફગોળો ખવરાવ્યો હતો, તે પણ યાદ કર્યું. અને કે. લાલને જોવા ગયા તે પણ યાદ કર્યું. પૂ. જંબૂવિજયજી મહારાજ સાહેબ સાથે એમણે કરેલી એક સુંદર ચર્ચા હજી મને યાદ છે. 'પાંચ જ્ઞાન' સાથે 'પાંચ કલ્યાણક' ને એવાં ઘટાવ્યા કે જ્ઞાનની છોળો ઉછળતી હોય તેવો અનુભવ થાય.

મારો દીકરો શ્રેયાંસ જ્યારે S.S.C. થયો ત્યારે અમે એમને ત્યાં પગે લાગવા ગયાં હતાં, તે વખતે કહ્યું કે તારું નામ ભગવાનનું છે એટલે તને ભગવાનની પ્રતિમા ભેટ આપું છું. આજે પણ એ ભગવાન મારા ઘરમાં બિરાજમાન છે.

તારાબેન જ્યારે રસ્તો ઓળંગી શકતાં નહીં, ત્યારે એ હાથ પકડીને સામે મોટા દહેરાસર સુધી મૂકવા આવતા. અને મને સોંપીને જતાં ત્યારે હું કહેતી કે મારે તો તમારા ઘર સાથે બેવડો સંબંધ છે. મંડળમાં તારાબેન, અને યુવક સંઘમાં રમણભાઈ સાથે. તો કહેતા કે ડબલ લાભ લેવાની યુક્તિ સારી છે, એમ કહીને હસાવતા. એમણે ભગવાનની પૂજા કેવી રીતે કરવી, અને કયો ભાવ રાખવો તે વિગતવાર સમજાવેલું. આવી મહાન વ્યક્તિને યાદ કરવા તે મારે માટે પુણ્યનું ઉપાર્જન કરવા જેવું લાગે છે.

# શ્રી રમણભાઈના તપની ત્રિજ્યામાં આવનાર પ્રભાવિત થયા વગર રહે નહિ !

□ ચંદુલાલ સેલારકા

કેટલીક વ્યક્તિઓને આપણે વધુ વખત કે વારંવાર પ્રત્યક્ષ મળ્યા ન હોઈએ પરંતુ તેમનાં લખાણો, પ્રવચનો અને તેમના વિશે અન્ય સ્નેહી-મિત્રોએ કરેલી વાતો કે સંસ્મરણો દ્વારા તે વ્યક્તિનો જાણે કે આપણને પ્રત્યક્ષ પરિચય થયો હોય કે આપણે તેમની સમીપમાં જ, આસપાસ જ જાણે ઉપસ્થિત હોઈએ તેવી અનુભૂતિ થાય છે. સ્વ. શ્રી રમણલાલ શાહની બાબતમાં મને આવો જ અનુભવ, અનુભૂતિ થયાં છે. એમના પ્રત્યક્ષ પરિચયમાં આવવાનું વારંવાર બન્યું નથી. પરંતુ પહેલાંનું 'પ્રબુદ્ધ જૈન' હવે 'પ્રબુદ્ધ જીવન' બન્યું છે. તેનાં વાંચન દ્વારા શ્રી રમણલાલભાઈની નીકટમાં જ હોઈએ તેવી તેમની લેખિની, સરળ-શિષ્ટ ભાષા અને જે કંઈ જોયું, જે કોઈ વ્યક્તિને મળ્યા કે જે કોઈ પ્રસંગ કે 'ઈવેન્ટ'ના સાક્ષી બન્યા તેનું આબેહૂબ ચિત્રણ જોઈ-વાંચી, તેઓ જાણે આપણી સમક્ષ જ બેઠા હોય અને વાત કરતા હોઈએ તેવી લાગણી થઈ છે, (ફીલ) (Feel) થયું છે.

હું ઠીક ઠીક વાંચતો થયો ત્યારથી કે તે પહેલાંથી મારા સ્વ. પિતાશ્રી ભગવાનજીભાઈ 'પ્રબુદ્ધ જૈન'ના ગ્રાહક અને વાચક હતા. આ બન્ને શબ્દો એટલા માટે વાપર્યા કે ઘણી વખત-કે મોટે ભાગે-ગ્રાહક વાચક નથી હોતો કે વાચક ગ્રાહક નથી હોતો. અમે 'જૈન' નહોતા છતાં 'પ્રબુદ્ધ જૈન' શા માટે પિતાજી મગાવતા હશે ? કદાચ તેનું મુખ્ય કારણ હતું તે વખતે તેમાં પ્રસિદ્ધ થતી સ્વ. ડૉ. વૃજલાલ ધરમચંદ મેઘાણીની સત્યકથાઓ-વાર્તાઓ જે પાછળથી 'આળાં હૈયાં' નામે પ્રગટ થઈ હતી. ઉપરાંત પિતાજીની જ્ઞાનપિપાસા અને વાંચનરસ તો ખરાં જ. ડૉ. મેઘાણી અમારા પરિવાર-મિત્ર-ફેમિલી ફ્રેન્ડ હોવા સાથે મારાં માતાજીના ખાસ દમ-રોગના ડૉક્ટર હતા. તે સમયના તેઓ કંઈક વિશેષ પ્રકારનાં 'સોનાનાં ઈંજેક્શન' આપતા જેથી મારા માતુશ્રીને દમના દર્દમાં રાહત રહેતી.

તે વખતના 'પ્રબુદ્ધ જૈન'ના તંત્રી હતા સ્વ. શ્રી મણિલાલ મોકમચંદ શાહ. પરંતુ ખરું તંત્રીકાર્ય તો શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા કરતા. તેમની કલમ સશક્ત હતી અને વિચારો ક્રાંતિકારક હતા. તેમણે એક વખત તેમના પિતાજી સ્વ. કુંવરજીભાઈ કાપડિયા વિશે લેખ લખેલો. તે મારા પિતાજીને ખૂબ ગમેલો અને મને તે ખાસ વંચાવેલો. સામાન્ય રીતે કોઇના ફોટા ન છાપતા. 'પ્રબુદ્ધ જૈન'માં કુંવરજી બાપાનો ફોટો પણ છપાયેલો તે મને આજે આટલા વર્ષે આંખો સામે આવે છે.

મુ. શ્રી પરમાનંદ કાપડિયાના અવસાન પછી તેમના પેગડામાં પગ ઘાલે, તેમની કક્ષાની, વિદ્વાન, સામાજિક-સંપર્ક અને સેવાભાવનાવાળી વ્યક્તિ મેળવવી મુશ્કેલ હતી. પરંતુ કુદરતે જાણે તે ખાલી જગ્યા પૂરવા જ રમણભાઇને ઘડ્યા હતા. ત્યારથી (સને ૧૯૮૨થી) આજ સુધી શ્રી રમણલાલ શાહે તેમની રીતે છતાં 'પ્રબુદ્ધ જીવન'ની કક્ષાને નીચી પડવા દીધા વગર તેનું તંત્રીકાર્ય કરીને એક ઐતિહાસિક કાર્ય સિદ્ધ કર્યું છે, એક સીમાચિહ્‌ન મૂક્યું છે તેમ કહેવું જોઈએ. આજે તેઓ નથી ત્યારે ફરી એકવાર આ મર્યાદિત સરક્યુલેશનવાળા સામયિકની ઊંચી કક્ષા જાળવવાની જવાબદારી જૈન યુવક સંઘના કાર્યકરો પર આવી પડી છે. પરંતુ 'બહુરત્ના વસુંધરા'-જૈન સમાજમાં એક એકથી ચડિયાતા વિદ્વાનો અને સામાજિક સેવાની ભાવના સાથે આધ્યાત્મિક ઊંચાઈએ પહોંચેલા, જૈન દર્શનના અભ્યાસીઓ અને જ્ઞાતાઓ છે તેથી ચિંતાને સ્થાન નથી.

સ્વ. શ્રી રમણભાઈનો જૈનદર્શનનો, શાસ્ત્રોનો અને તેના આનુષંગી વિષયોનો વિશાળ અને ઊંડો અભ્યાસ તેમનાં લેખો અને પ્રવચનોમાં છતો થાય છે. કેટલાયે જૈનદર્શનનો વિષય લઈ પીએચ.ડી. (Ph.D.) કરનારના તેઓ માર્ગદર્શક રહ્યા છે. તેમની કક્ષાની જૈનદર્શન અને આગમોના અભ્યાસી બીજી કોઈ વ્યક્તિ કદાચ ભાગ્યે જ મળે એટલું બધું કામ તેમણે કર્યું છે.

જૈન યુવક સંઘની વ્યાખ્યાનમાળાના પ્રમુખસ્થાને સતત ૩૩ વર્ષો રહી તેમણે તેમની વાણી, જ્ઞાન, નિષ્ઠા અને સામાજિક પ્રતિષ્ઠાનો ખ્યાલ આપણને આપ્યો છે. તેમનાં જ્ઞાનનો પ્રભાવ એટલો હતો કે કોઇપણ ઉચ્ચ કોટીના સાધુ, સંત કે સાહિત્યકાર-વિદ્વાન વ્યાખ્યાનમાળા માટેના તેમના નિમંત્રણને પાછું ઠેલી જ ન શકે ! આ તેમની વર્ષોની તપની ત્રિજયા હતી. તેમાં પ્રવેશનાર તેમના સૌમ્ય, ઠરેલ, સાત્ત્વિક તપના તેજથી પ્રભાવિત થયા વગર રહે નહિ.

'પ્રબુદ્ધ જીવન'ના છેલ્લા એક-બે અંકોમાં તેમની અત્યંત નાદુરસ્ત તબિયત વિશે ઉલ્લેખ હતો અને તેઓ મુલુંડમાં તેમના પુત્રી શૈલજાબહેનની ઘરની નજીક હતા. છતાં છેલ્લી ક્ષણ સુધી જાણે તેમણે કલમને નીચે ન મૂકી અને પોતાના સંતાનસમા 'પ્રબુદ્ધ જીવન' માટે લખતા રહ્યા. અંગ્રેજીમાં કહે છે તેમ He died in harness- કામ કરતાં કરતાં તેની પૂર્તિમાં જ તેમણે અંતિમ શ્વાસ લીધો તેમ કહી શકાય.

તેમની અસ્વસ્થ તબિયતના સમાચાર વાંચી મેં જૈન યુવક સંઘના મંત્રી અને 'પ્ર. જી.'ના સહ તંત્રી શ્રી ધનવંતભાઈને ફોન કર્યો. રમણભાઈની તબિયત વિશે જાણ્યું. મારાં કરતાં રમણભાઈ પાંચેક વર્ષ મોટાં હશે, આશરે એંસીએકની વયના, તેવો મારો અંદાજ હતો. મનમાં ભય પણ પેઠો કે જેવી અસ્વસ્થ તબિયત અને ઉંમર હતી અને નબળાઈ હતી-તેનું પરિણામ-અને એ ભય સાચો પડ્યો. ફોન કર્યાના થોડા જ દિવસોમાં રમણભાઇના અવસાનના દુઃખદ અને આઘાતનજનક સમાચાર મળ્યા.

આ રમણભાઇએ યુવાનીમાં સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે કામ કરતાં કરતાં એકાંકી નાટિકાઓ લખેલી જે ખૂબ સફળતાપૂર્વક ભજવાયેલી પણ ખરી. મેં મારી વિદ્યાર્થી અવસ્થામાં ઝેવિયર્સ કૉલેજના જૂના હોલમાં તે જોયેલી પણ. તેમણે પ્રવાસો કર્યા અને તેનું રસિક અને માહિતીપૂર્ણ વર્ણન 'પાસપોર્ટની પાંખે' નામના તેમના પુસ્તકમાં છે, જેને સરકારે પારિતોષિક પણ આપેલું. તેઓ N.C.C. ના મેજર પણ હતા.

'જૈન યુવક સંઘ'ના પ્રમુખસ્થાનેથી તેમણે સ્વેચ્છાએ ખસી જવું યોગ્ય ગણ્યું. પરંતુ સૌનાં દબાણથી 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકેનું કાર્ય ચાલુ રાખ્યું તે સમાજનું સદ્‌ભાગ્ય.

છેલ્લે, 'આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્ય સ્મૃતિ એવૉર્ડ' માટે ઉમેદવાર કે વ્યક્તિની પસંદગી કરવાની હતી. ત્યારે મેં એક અગ્રણી કાર્યકરને મારો મત નમ્રતાપૂર્વક જણાવ્યો કે-'આ એવૉર્ડ માટે શ્રી રમણભાઈ યોગ્ય વ્યક્તિ છે. બીજાઓ પણ હશે જ. પરંતુ સિનિયોરિટી જોતાં અને રમણભાઈની નિષ્ઠા, જ્ઞાન અને સમર્પણભાવ જોતાં તેમને પ્રથમ પસંદ કરવા જોઈએ !'

તે કાર્યકર ભાઈએ 'ખાનગી' રાખવાની શરતે કહ્યું કે 'રમણભાઈ જ આ પસંદગી સમિતિમાં મુખ્ય છે અને તેમણે એવૉર્ડ સ્વીકારવાની 'ના' પાડી છે. બીજી એક અત્યંત યોગ્ય વ્યક્તિનો વિચાર સમિતિ કરે છે.' હું એ અન્ય 'યોગ્ય વ્યક્તિ' કોણ હશે તે સમજી શક્યો હતો. પરંતુ ઔપચારિક રીતે જાહેર થાય તે પહેલાં 'સીક્રસી' જાળવવાની હતી તેથી હું મૌન રહ્યો. સામે આવેલા માન, એવૉર્ડને ન સ્વીકારવાની સ્થિતપ્રજ્ઞતા તથા તે અન્ય યુવાન વિદ્વાનને આપવાની વિચારણામાં રમણભાઈની ઉદાત અને ઉદાર વિચારસરણી તથા ભાવનાનાં દર્શન થાય છે. ધન્ય છે તેમને !

સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ, સ્વ. વાડીલાલ મોતીલાલ, સ્વ. ગીરધરલાલ કાપડિયા, સ્વ. વીરચંદ પાનાચંદ અને સ્વ. પરમાનંદ કુંવરજી કાપડિયા જેવા મહાજનોને પગલે ચાલનાર એક વિશિષ્ટ માનવ આપણી વચ્ચેથી ચાલ્યો ગયો તે ઘા સહન કરવો રહ્યો. ઈશ્વર તેમના આત્માને પરમ શાંતિ અને મોક્ષમાર્ગ પ્રદાન કરે અને શ્રીમતી તારાબહેન, ચિ. શૈલજાબહેન તથા અન્ય સ્વજનોને આ ઘા સહન કરવાની શક્તિ આપે તે જ પ્રાર્થના.

❖ ❖ ❖

# પૂ. રમણભાઈ

□ ઘેલુભાઈ નાયક

આ મહામના મહાત્માનો પરિચય ૧૯૮૫ માં થયો હતો, તે એમણે મુંબઈમાં ઘણાં વરસે મળ્યા પછી યાદ કર્યું. એમણે કહ્યું, 'અમે તમારે ઘરે આવ્યા હતા. ચા-પાણી કરેલાં. ત્યારે શ્રી છોટુભાઈ પણ હાજર હતા.'

એમની સાથેની છેલ્લી મુલાકાત વખતે એમણે કહ્યું, 'મને ડાંગમાં આવવાનું ગમે છે. મારે ત્યાં આવવું છે.' અમે એમના આ વિચારને વધાવતાં કહ્યું, 'જરૂર આવજો.'

તે જ વખતે બહેન તારાબહેને કહ્યું, 'તમે એમને આશિષ આપો કે જેથી એઓ તમારે ત્યાં જાન્યુઆરીમાં આવી શકે.'

અમે કહ્યું, 'અમારી લાયકાત હજી એમને આશિષ આપવાની નથી, એ તો પરમકૃપાળુ પરમાત્માનું કામ.'

પણ થયું કેવું ? એમના અવસાન પછીની પ્રાર્થનાસભામાં કહેવાયું તેમ, ત્યાં પરમાત્માના નિવાસે જૈન મહામના મુનિઓને એમની જરૂર હશે, એટલે તેમણે એમને તેમની પાસે ૨૪/૧૦ ને દિવસે જ બોલાવી લીધા.

'પણ ચાલો, દેહ નાશવંત છે, આત્મા અમર છે. દેહમાંથી આત્મા નીકળે છે ત્યારે એ સર્વવ્યાપી બની જાય છે, એટલે એ વ્યાપકપણામાં આપણી પાસે 'પૂર્ણમ્ ઇદમ્' ની રૂએ આપણી પાસે આવશે, પ્રેરણા આપતા રહેશે એમ માનીને મન મનાવીએ.'

પ્રાર્થનાસભામાં સમયની તાણ હતી એટલે ત્યાં અમે આવા વિચારો રજૂ કરી શક્યા નહીં. એય સારું જ થયું. આથી અમારા વિચારો પ્રબુદ્ધ જીવનના વિશેષ અંકમાં પ્રગટ થાય એયે સારું જ છે.

ઇ. સ. ૨૦૦૨ના જૂન માસની ત્રેવીસમી તારીખે, ધર્મસ્થાન પુઢપટ્ટીનાં પ્રશાંતિ નિલયમમાં સવારે એક નાગે બે વાર ડંખ દીધા. પહેલી વાર પકડ્યો. કરડીને છટક્યો, બીજી વેળા એ નાગે એક પુષ્પ સમી બાળા પર હુમલો કર્યો. મને થયું, 'આ ડંખથી આ બાળા તો મરી જ જશે, જ્યારે મને ખાતરી છે, મારું મનોબળ કહે છે, કે હું મરવાનો નથી. બીજી વાર ડંખ માર્યો, પણ એને મેં છોડ્યો નહીં. ભાવથી એને જંગલમાં સહીસલામત રીતે છોડી દીધો. એણે, એની રીતે પ્રણામ કરીને વિદાય લીધી. પછી તો લાંબી સારવાર ચાલી. આખરે એ ઝેર શરીરમાં પાચન થઈ ગયું. અને હું રમતો-જમતો-ફરતો મારાં કાર્યો કરતો થઈ ગયો.

મણિનગરમાં રહેતા મારા બહુ જૂના વહાલા મિત્ર શ્રી મનુભાઈ પંડિતે નાગ-ડંખના મારા સમાચાર જાણ્યા ત્યારે એમણે મને જણાવ્યું, 'તમારો આ અનુભવ લખીને મને મોકલી આપો. હું એને જીવનસ્મૃતિમાં પ્રગટ કરીશ.' અને મેં આ અનુભવ ખૂબ વિગતે લખીને મોકલ્યો. એ અનુભવ જીવનસ્મૃતિમાં છપાયો. પૂ. શ્રી રમણભાઈએ એ વાંચ્યો. મનુભાઈને જણાવ્યું કે, 'ઘેલુભાઈ વિષે મારે વિશેષ જાણવું છે. 'પ્રબુદ્ધ જીવન'માં એમાંથી કાંઈક લખવું છે.' મનુભાઇએ મને પૂ. રમણભાઇની આ ઇચ્છા વિષે જણાવ્યું. શ્રી રમણભાઇનો પત્ર પણ આવ્યો. મેં 'મારી જીવન કહાની લખવાની શરૂઆત કરી. ત્રીસેક પાન તો લખાયાં. પૂ. રમણભાઈએ કહ્યું, 'તમે બહુ સારું લખો છો, હજી પણ વિગતે લખજો.'

મુંબઈની મુલાકાતની અમને શી ખબર કે, એ છેલ્લી મુલાકાત હશે ત્યારે પણ એમણે કહ્યું, 'કેટલાંક પાના થશે ?'

મેં કહ્યું, 'હજી તો સાઠેક પાના થાય એમ લાગે છે.' તો પછી એમણે કહ્યું, 'નિરાંતે લખજો અને પછી મને મોકલી આપજો.'

પછી તો એમણે મને જણાવ્યું, શ્રી મથુરાદાસ મારફતે લખાવ્યું કે 'આ વખતે, પર્યુષણના સમયમાં ડાંગને માટે અમારે કાંઈક સારી આર્થિક મદદ કરવી છે, તમારી જરૂરિયાત શી છે તે જણાવજો, પછી તો અમે અમારી જરૂરિયાત વિષે લખ્યું. ચાર મહાનુભાવોએ ડાંગ સ્વરાજ આશ્રમની મુલાકાત લીધી. ડાંગ સ્વરાજ આશ્રમના સંચાલક તરીકે મારી પસંદગી થઈ. પછી તો દોર ચાલુ થયો. પર્યુષણના દિવસોમાં અમને બોલાવવામાં આવ્યા. અમારી સાથે સ્વામીજી પણ હતા. અમારું બહુમાન થયું. અમારી વાતો પર્યુષણની વ્યાખ્યાનમાળામાં રજૂ થઈ ત્યારે ફરીથી અમને કહેવામાં આવ્યું, કે પૂ. શ્રી રમણભાઈ કહે છે, 'ડાંગ સ્વરાજ આશ્રમના સંચાલક અને ટ્રસ્ટીઓએ આજ સુધી આપણા તરફ દાન-મદદ માટે હાથ લંબાવ્યો નથી. ત્યારે આપણી ફરજ થાય છે કે, આપણે જ હાથ લાંબો કરવો જોઈએ.'

અને હાથ લાંબો થયો ! કેટલો બધો લાંબો થયો ?! કોઇપણ ટ્રસ્ટે આવી મહાન ભાવભરી મદદ કરી નહોતી. તે મદદ શ્રી જૈન યુવક સંઘના પ્રમુખશ્રીએ ડાંગ સ્વરાજ આશ્રમને કરી. ડાંગ સ્વરાજ આશ્રમની ૫૭ વર્ષની કારકિર્દીમાં આવી મદદ મળવાનું શરૂ થયું. આંકડો લગભગ સત્તર લાખ પર પહોંચ્યો. શ્રી મથુરાદાસ લખે છે, 'પૂ. રમણભાઇના તપથી આ આંકડો, તમારી ધારણાની ઉપર, તમારી ઇચ્છા ઉપર પહોંચી જશે. તમે વીસ લાખની રજૂઆત કરેલી, પણ અમને તો આશા બંધાઈ છે કે એ રકમ ૨૧ લાખ ઉપર પહોંચશે, એ માટે અમે સૌ પ્રયત્ન કરી રહ્યા છીએ. અમે જે જે વિગતો માગીએ તે તે આપતા રહેજો.'

શ્રી જૈન યુવક સંઘના વરસોનાં વરસો સુધી પ્રમુખપદ શોભાવનાર મહામના, મહા વિદ્વાન, મહાત્મા રમણભાઇને ડાંગ સ્વરાજ આશ્રમ હંમેશાં યાદ કરતો રહેશે. પ્રાર્થનાસભામાં પૂ. બહેન તારાબહેનને મેં કહ્યું કે, મારે આપણા ડાંગ સ્વરાજ આશ્રમ માટે પૂ. શ્રી રમણભાઇનો ફોટો જોઈશે. પ્રાર્થનાસભામાં જે ફોટો હતો તેવો જ ફોટો જોઈશે, જે કાયમ હસતો, સૌને હસાવતો રહેશે. એમણે પણ કહ્યું છે. શ્રી ચંદ્રકાંતભાઈએ પણ કહ્યું છે, 'અમે જ્યારે ડાંગમાં આવીશું ત્યારે એમનો ફોટો લઈ આવીશું.'

ખરેખર, અમને પૂ. રમણભાઈએ ઓળખીને અમારી યશગાથા ગાઈ. અને અમેય એમને ઓળખ્યા છે, એટલે આ નાનકડા લેખમાં-સ્મૃતિલેખમાં-મેં મારાં હૈયાને ઠાલવવા પ્રયાસ કર્યો છે.

પૂ. રમણભાઈ, અમારા ડાંગી ભાઈ-બહેનોમાં અને અમારાં આશ્રમવાસી ભાઈ-ભગિની અને કાર્યકરોમાં તમે અમર બનીને રહો એ જ પ્રભુ પ્રાર્થના.

'જય જિનેન્દ્ર.'

❖ ❖ ❖

# શ્રેયાર્થી આત્મીય રમણભાઈ

☐ મનુ પંડિત

મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ અને અમારા જેવા અનેક યુવાનોના પ્રેરણામૂર્તિ મુ. રમણભાઈના તા. ૨૪-૧૦-૨૦૦૫ના અરિહંતશરણ થયાના સમાચાર મળતાં ઘડીભર ચિત્ત ગ્લાનિયુક્ત રહ્યું.

તેમનો ૧૭મી ઑક્ટોબરે લખેલ પત્ર મને બરાબર ૨૪ મી ઑક્ટોબરે મળ્યો. તેમાં લખ્યું હતું:

'અત્યાર સુધીના તમારા ત્રણ પત્રો મળ્યા છે. એનો આભાર !

મારી તબિયત સારી રહેતી નથી, એથી જવાબ નં લખવા માટે ક્ષમા કરશો.'

જે દિવસે તેમનો પત્ર મળ્યો એ જ દિવસે તેઓ અવસાન પામ્યા, એ રીતે મારા માટે આ પત્ર તેમનો છેલ્લું સંભારણું બની રહ્યો. છેલ્લા ત્રણ-ચાર માસથી તેઓ મારી સાથે ડાંગના સ્વરાજ આશ્રમ વિશે, અને તેના મુખ્ય સેવક ઘેલુભાઈ વિશે માહિતી પુછાવતા હતા. એ માહિતી એમણે જૈન સંઘને આપી, સ્વરાજ આશ્રમ ડાંગ માટે પર્યુષણ પર્વ ઉપર મહાદાનની ઝોળી ફેલાવી. એ આદિવાસી સંસ્થાને પહોંચાડી જીવનનો પરમ સંતોષ મેળવીને ગયા હશે.

મુ. રમણભાઈ એટલે જિંદગીભરના શિક્ષક, પ્રખર કેળવણીકાર, સમાજશ્રેયાર્થી ઉન્નત, રચનાત્મક સાહિત્યકાર, અનેક વિદ્યાર્થીઓ અને કુટુંબોના માર્ગદર્શક, શાણા સલાહકાર, પોતે પસંદ કરેલી સંસ્થાઓને સેવા અને માર્ગદર્શન પૂરું પાડતા વફાદાર ટ્રસ્ટી-સેવક. તેઓ અનેક સંબંધીઓના વડીલ-પિતાતુલ્ય અને વાત કરવા યોગ્ય વડીલ હતા.

અમારો અને તેમનો સંપર્ક-સંબંધ ૧૯૮૩ ના મુનિશ્રી સંતબાલજીના આશ્રમ, મહાવીરનગર ચિંચણીમાં, મુનિશ્રીની પ્રથમ પુણ્યતિથિ-નિર્વાણતિથિએ થયો. એ પ્રસંગે ત્રિદિવસીય સંમેલન સાથે ચિંચણીના સમુદ્રકિનારે તેમની સમાધિ ખુલ્લી મૂકવાનો, સંતબાલ સાહિત્ય સંપુટ વિમોચનનો તેમ જ સંતબાલજીના પરમ જ્ઞાની, શ્રદ્ધેયુ શિષ્ય શ્રી દુલેરાય માટલિયા, પોતાના ગુરુ સાથેનો પ્રેમયોગ ચાલુ રહે અને તેમણે પ્રેરણા આપેલી સંસ્થાઓ સાથે વત્સલપૂર્ણ વ્યવહાર ચાલુ રહે તે દષ્ટિએ પૂ. વિમલાતાઈના સાંનિધ્યમાં બાર વ્રતોનો જાહેરમાં સંકલ્પ લેનાર હતા.

આ પ્રસંગે ૧૦૦-૧૨૫ જેટલા મુનિશ્રીના ચાહકો એકઠા થયા હતા. મુનિશ્રીના સાહિત્ય સાથે મારે સંબંધ, તેથી તેમની પ્રથમ પુણ્યતિથિ પ્રસંગે 'સંતબાલ સાહિત્ય સંપુટ' પ્રચાર કર્યો હતો. આ સંપુટની વિમોચનવિધિ તેમને હસ્તે થનાર હતી. ત્યારે જાણવા મળ્યું કે તેઓ મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ પણ છે. પ્રબુદ્ધ જીવનના તંત્રી તો ખરા જ, આ એક જાહેર શિક્ષણ સંસ્થાનું ગૌરવભર્યું પદ હતું. તેઓ શિક્ષણ ક્ષેત્ર અને ધર્મતીર્થ બંનેને શોભાવી રહ્યા હતા.

આ પ્રસંગે તેમણે પુસ્તકોનું વિમોચન કરતાં જે ટૂંકું પ્રવચન કર્યું તેમાં શબ્દોમાં કેવો સજીવ પ્રાણ હોય છે, અને તે કેવી અસર કરે છે તે જણાવ્યું. સંતબાલજીની આ તપોભૂમિમાં તેઓ સૂક્ષ્મરૂપે વિદ્યમાન છે એની પ્રતીતિ કરાવી. બોલાતા શબ્દોને તરંગ-લંબાઈ હોય છે, પરંતુ એ બધા શબ્દો ટકી શકતા નથી જ્યારે સહજભાવે ઉચ્ચારાતી સંતની વાણીનું પોત ટકાઉ હોય છે, કારણ કે તેની પાછળ સંતનું ચારિત્ર્ય અને તપોબળ હોય છે, વગેરે.

આ રીતે આ જાહેર કાર્યક્રમમાં એક સંતના સાંનિધ્યમાં અમારું પ્રથમ મિલન થયું. આ સાહિત્ય તૈયાર કરવામાં મારો સવિશેષ હિસ્સો હતો, તેથી અંગત રીતે મળીને મને પણ ધન્યવાદ આપ્યા. આ રીતે પહેલા મિલનમાં, પહેલી નજરે તેમની આત્મિયતાભરી મૈત્રી મેળવવાનો સુઅવસર મને મળ્યો.

ત્યારપછી મેં વિશ્વવાત્સલ્યની જવાબદારી સંભાળી એટલે 'પ્રબુદ્ધ જીવન'ના લખાણોને ખાસ કરીને રમણભાઇના લખાણોને આત્મીયતાભરી નજરે વાંચતો.

પૂ મુનિશ્રીની સામાજિક પ્રવૃત્તિઓમાં, તેમના કાર્યક્ષેત્રમાં વર્ષમાં ઓછામાં ઓછાં બે નેત્રયજ્ઞોની મુંબઈ જૈન યુવક સંઘે અબાધિત રીતે મંજૂરી આપી હતી. પૂ. મુનિશ્રીનાં સમર્પિત શિષ્યા કુ. કાશીબહેન મહેતા નેત્રયજ્ઞની પ્રવૃત્તિને પવિત્ર ધાર્મિકયજ્ઞ કરતાં પણ સવિશેષ મહત્ત્વ આપતાં, એટલે નેત્રયજ્ઞ પ્રસંગે ગ્રામજનો અને નેત્રયજ્ઞના દરદીઓ તો આવે જ, પરંતુ કાશીબહેન પોતાનાં સગાંવહાલાં, સ્નેહી મિત્રોને બોલાવી, એક જાહેર લોક ઉત્સવનું સ્વરૂપ આપતાં. તેમાં રમણભાઈ અને મુંબઈના સાથીદારો આંખની જાળવણી અને તેમાં અપાતો સહયોગ કેટલો કીમતી છે તે સમજાવતા, તેથી આ પ્રસંગ અનાયાસે લોક કેળવણીનું માધ્યમ બની જતો.

મને યાદ છે ત્યાં સુધી ભાલમાં યોજાતા પ્રત્યેક નેત્રયજ્ઞમાં મુંબઈ જૈન યુવક સંઘની મંડળી તેમાં રમણભાઈ નેતૃત્વ કરતા અને શ્રી રસિકલાલ લહેરચંદ તેમની મદદમાં હોય.

મહેમાનોને અમદાવાદ પહોંચાડવાની વ્યવસ્થા શરૂ શરૂમાં મારે કરવાની આવતી. આ ગાળા દરમિયાન મારે તેમના વધારે નિકટમાં આવવાનું બન્યું. તેમાં સંઘની પ્રવૃત્તિઓ અને ગુજરાતની રચનાત્મક સંસ્થાઓ વિશે ચર્ચાઓ થતી.

એક પ્રસંગ યાદ રહી ગયો છે.

અમદાવાદમાં યુનિ. મેદાનમાં જાહેર પ્રદર્શન ભરાયેલ તે જોઈને બધાંની જવાની ઇચ્છા થઈ એટલે અમે સીધા પ્રદર્શનમાં ગયા. ત્યાં ખાદી-ગ્રામોદ્યોગ સ્ટોલમાં ઠીક ઠીક રોકાયા. રમણભાઈ કહે, મારે એક બે વસ્તુ જોઇએ છે. અમે ગયા. તેમણે તેમની પસંદગીની વસ્તુઓ લીધી. મેં એક બંડી જોઈ. મને ખરીદવાની ઈચ્છા નહોતી, માત્ર જોતો જ હતો. ત્યાં તો રમણભાઈએ જ પસંદગીમાં સહયોગ આપ્યો, અને મને રંગ વગેરે પસંદ કરીને કહેવા લાગ્યા: 'આ તમને વધારે શોભશે, પહેરી જુઓ.' પહેરાવી. પણ મારા ગજવામાં પૈસા નહોતા, મારી ખરીદવાની કલ્પના પણ નહોતી પણ તેમણે આગ્રહ કરીને બંડી ખરીદી, અને એના પૈસા પોતે જ ચૂકવી દઈ મારી મૂંઝવણનો ઉકેલ રમણભાઈએ સ્વયં સ્ફૂર્ત કરી નાખ્યો. મને બંડી પહેરાવી, ઉપર પ્રેમભર્યો હસ્ત ફેરવી કહેવા લાગ્યા: 'આટલી નાની પ્રસાદી અમારા તરફથી સ્વીકારશો.'

આ પ્રસંગને લગભગ વીસેક વર્ષ થઈ ગયા હશે, પણ હજુ તેમનો પ્રેમભર્યો મૃદુસ્પર્શ અને વચનો એટલાં જ તાજાં છે.

ત્યારપછી તો તેમના પુસ્તકોનો મને જાણે અધિકાર મળી ગયો, તેમનાં મોટા ભાગનાં પ્રકાશનો મને ભેટ મળતાં. હું પણ કંઈક એવું હોય તો મોકલતો.

મેં પંદરેક વર્ષ ગાંધીજીના નવજીવન ટ્રસ્ટમાં પ્રકાશન ક્ષેત્રે કામ કરેલું. આ સંસ્થામાં ગાંધીજીનાં તેમ જ તેમના સાથીઓનાં બધાં લખાણો ઉપર કોપી રાઈટનું તાળું ! મને ઘણી વખત રંજ થતો. મને જ્યારે સંતબાલજીના મહાવીર સાહિત્ય પ્રકાશનના મંત્રી બનવાની તક મળી ત્યારે અમે પણ કોપી રાઈટનો છેદ ઉડાડી દીધો. આ વિચારના બીજમાં મને મુ. રમણભાઈના પ્રકાશનોમાં ઊઘડતાં પાનામાં-No Copy Right

નો સંદેશ સંભળાવેલ. સાધુ-સંતોને પોતાના સાહિત્ય ઉપર સ્વામીત્વનું મમત્ત્વ ઓછું જોવા મળે, તેઓ તો નિજાનંદ અર્થે સર્જન કરતા હોય છે. પૂ. સંતબાલજી એમાં પૂરેપૂરા સંમત થયા હતા અને એથી મને ઘણો આનંદ થયો હતો.

પર્યુષણ પર્વ ઉપર કોઈ ગ્રામીણ ક્ષેત્ર પસંદ કરી, ત્યાંની સંસ્થાને મુંબઈ જૈન યુવક સંઘ જે આર્થિક સહયોગ અને રચનાત્મક દૃષ્ટિનું દાન પૂરું પાડે છે, તે એક અજોડ અને બેનમૂન સેવા છે. હું મારી જીવનસ્મૃતિમાં તેની અવાર-નવાર નોંધ લેતો, અને અન્ય સંસ્થાઓને આનું અનુકરણ કરવાની ભલામણ કરતો.

છેલ્લા (૨૦૦૫ના) પર્યુષણ પર્વમાં તેમણે ડાંગના આદિવાસી ક્ષેત્રના સ્વરાજ આશ્રમ-આહવાને પસંદ કરીને ગુજરાત-મહારાષ્ટ્રની પ્રજાકીય મૈત્રીને મજબૂત પ્રેમગાંઠે બાંધી છે. તેમના જીવનનું આ એક અમૂલ્ય પ્રદાન. તેમાં કંઈક અંશે અમારે નિમિત્ત બનવાનું બન્યું તેનો અમને આનંદ હોય જ !

રમણભાઈનું સમગ્ર જીવન દર્શન વિવેકપ્રધાન હતું. 'પ્રબુદ્ધ જીવન'ના પ્રથમ પાને જે લેખ આવતો તે આ રીતે હું વાચતો. તેમાં વ્યાપક લોક કેળવણીની દૃષ્ટિ સમાયેલી રહેતી. તેમનું તમામ લેખન પ્રજાજીવનની શુદ્ધિ, વૃદ્ધિ અને સંસ્કાર નવરચના અર્થે રહેતું. એમની પ્રવાસકથાઓ અને સંસ્મરણો ઊર્ધ્વલોક ભણી ખેંચી જતાં. તેમના સદ્‌ગુણો વિશેષે વિનમ્રતા, વિનય અને વિવેકે કેટલા બધાના શ્રદ્ધેય અને આદરપાત્ર બન્યા હતા એમની શ્રદ્ધાંજલિઓથી જોવા મળે છે.

સંઘના પૂર્વમંત્રી ચીમનલાલ જે. શાહ સાથે અવાર-નવાર પત્ર વ્યવહાર થતો, રમણભાઈ સાથે મર્યાદિત પણ તેમનું 'પ્રબુદ્ધ જીવન' એ જ તેમનો પત્ર ! તેમના લખાણોમાંથી અમારા જેવાનું અજ્ઞાત રીતે ઘડતર થતું તેથી 'જીવનસ્મૃતિ'ના જે પથદર્શક વડીલો હતા, તેમાં રમણભાઈ પણ એક હતા. તેમના સાહિત્યમાંથી વિચાર, વાણી અને વ્યવહારની જે ત્રિવેણી સેર સ્રવતી એ એમના સત્યમય જીવનનું એક અભિન્ન અંગ હતું તેથી અમારા જેવા સેવકોને માટે તેઓ સદા આત્મીય રહેતા ! અને આત્મીય રહેશે.

❖ ❖ ❖

## જ્ઞાનદાની ડૉ. રમણભાઈ

**□ મહેન્દ્ર શાહ-દાદાજી**

જીવનનો ઉદ્દેશ મને એક આકસ્મિક ઘટનાના પરિણામે સમજાયો. જેથી મારા જીવનમાં એક વળાંક (Turning Point) આવ્યો. હું એકરાર કરું છું, કે મોડું મોડું પણ મને જીવનમાં સત્ય પરખાયું છે અને જીવતા જ માનવજન્મની શ્રેષ્ઠતા જાણી એનો આનંદ માણી રહ્યો છું.

આવી અણમોલ અનુભૂતિ મારા જેવા સામાન્ય માણસને થાય. એ મારા કુટુંબીઓ, સ્વજનો અને મિત્રો માટે આશ્ચર્ય સ્વરૂપ છે. છતાં હકીકત છે કે જ્યારે પર્યુષણ વ્યાખ્યાનમાળા અંગે ભાઈ શૈલેષ કોઠારીએ એમના ઘરે શ્રી રમણભાઈ સાથે મુલાકાત કરાવી અને જ્યારે એમને મને રંગો અને લેશ્યા વિષે પૂછ્યું; ત્યારે મારા જવાબથી એમને સંતોષ થયો અને પ્રવચન અંગે નાની નાની બાબતો વિષે સમજ આપી કે સમયસર કાર્યક્રમ શરૂ થાય માટે આગલા દિવસે રાત્રે જ મુંબઈ આવી જજો-કારણ હું દૂર ગોરેગામ રહું માટે. વ્યાખ્યાનમાળામાં એમણે જે સ્વરમાં મારો પરિચય આપ્યો તેના ફળસ્વરૂપે સૂક્ષ્મ તત્ત્વની અતિ ગહન દિશામાં ચિંતન કરવાનું વિચારી રહ્યો છું. માનવજીવનમાં ક્યારેક ને ક્યારેક નવી દિશા, નવી તક પોતાના ઉત્થાન માટે આવે જ છે.

આમ જે સ્વયં શુદ્ધ છે એને મારા મનની શુદ્ધિ કરી જૈન તત્ત્વો અને શાસ્ત્રોમાં રહેલી મંત્ર શક્તિઓ-વર્ણદર્શનો અને લેશ્યા દ્વારા પરિવર્તનો અંગે જ્યારે જ્યારે મેં માર્ગદર્શન માગ્યું ત્યારે એ જ સ્વરમાં-કે જેના સૂર હૃદયમાંથી નીકળતાં એમને મને આપ્યું છે.

મારા કલર થેરાપી અંગેના જ્ઞાનસભર પુસ્તક 'ફાનસ'નું વિમોચન એમના હસ્તે કરવાનું હતું, નક્કી પણ થયું, અગાઉના દિવસે ધરમપુર હતા અને મને ફોનથી જણાવ્યું કે જરાયે ચિંતા કરતા નહિ-હું સમયસર સીધો હૉલ પર પાર્લા આવી જઈશ; અને તે પુસ્તકનું લોકાર્પણ એમના હસ્તે જ થયું-કાર્યક્રમના ફોટા આજે ફરી ફરી મેં જોયા.

એ ફરિશ્તાના, જેના રોમે રોમે વ્યાપેલી દિવ્ય શક્તિનાં, નિરંતર પ્રેમપૂર્વક સૌ સાથે અંતરથી જોડાયેલાં; એ જ્ઞાનયોગી જે હંમેશાં પ્રભુનાં જ્ઞાનનું દાન કરે છે, એવા દાનેશ્વરીનો છેલ્લો પત્ર મને મળ્યો કે 'મારું નવું સરનામું નોંધી લેશો'....

એ સંતોના ચરણ કમલમાં................

❖ ❖ ❖

## રમણભાઈ ઊર્ધ્વગતિએ

**□ પ્રફુલ્લ રાવલ**

રમણલાલ ચી. શાહનો પરોક્ષ પરિચય તો ખાસ્સો જૂનો. હું કિશોરાવસ્થાથી 'કુમાર'નો વાચક-ચાહક.. અક્ષરે અક્ષર વાંચું. એમાં એમના એકાંકી વાંચ્યા હતા. જે પાછળથી 'શ્યામ રંગ સમીપે' નામે પ્રસિદ્ધ થયા હતા. પરંતુ પ્રત્યક્ષ મળવાનું થયું હતું વીરમગામમાં જ પ્રખ્યાત ભાષાવિદ ડૉ. કાન્તિલાલ બ. વ્યાસના નિવાસસ્થાને. ત્યારે હું હાઈસ્કૂલમાં ગુજરાતી ભાષાનો શિક્ષક હતો. અને કોઈપણ લેખકને જોઈ-મળી અપાર આનંદ અનુભવતો. એ ભાવાત્મક મન:સ્થિતિ હતી જે આજે પણ પૂર્ણ ઓગાળી નથી. ત્યારે મુલાકાતથી ભર્યા ભર્યા થઈ ગયો હતો. કેવું સાલસ વ્યક્તિત્વ હતું ! તારાબહેન પણ સાથે હતાં. દંપતી સંસ્કારિતાથી પ્રભાવ પાડતું હતું.

પછી ખાસ્સો સમય પસાર થયો. હું વ્યવસાયમાં પડ્યો. વળી કોઈક નિમિત્તે પત્ર લખવાનું બન્યું અને ઉત્તર સાથે પુસ્તક પણ મળ્યું. તે સંશોધનનું હતું. એમની પ્રતિભાનું નોખું પાસું પામ્યો. એમની સર્જકતા અવશ્ય કોળત પરંતુ જીવ અભ્યાસનો એટલે મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય-વિશેષ તો જૈન સાહિત્યના સંશોધન-સંપાદન બાજુ ગતિ થઈ. એટલે પેલી સર્જકતા થંભી ગઈ. જોકે ત્યારબાદ એમના જીવન-ચરિત્રાત્મક લેખો અને પ્રવાસ નિબંધોમાં સર્જનના ચમકારા અવશ્ય જોવા મળ્યા. પરંતુ જૂનાં જૈન સાહિત્યમાં દિલ દઇને અભ્યાસ કર્યો અને એનો હિસાબ પણ આપ્યો. ઘણું ખોળ્યું, પ્રસિદ્ધ પણ કર્યું.

ફરી પ્રત્યક્ષ મળવાનું થયું ત્યારે એમની તપ:પૂત પ્રતિભાનો સુવર્ણકાળ હતો. મુંબઈના એમના મલબાર હિલના નિવાસ સ્થાને મળવાનું થયું હતું ત્યારે વિદ્વત્તાના ભાર વિનાનું એમનું વ્યક્તિત્વ ઋજુતાથી તેજસભર લાગ્યું હતું.

જૈન ધર્મના ભાવમય અભ્યાસથી જાણે પેલું જિનત્વ એમનું સંગાથી થઈ ગયું હતું ! જે સર્વમાં સમભાવ શોધતું હતું. ધીમે ધીમે અપરિગ્રહવૃત્તિ પાંગરી અને રમણભાઈ સંસારી રહ્યા છતાં ય જિનત્વના અધિકારી

બન્યા. હું તો એમનાથી ખાસ્સો નાનો, પરંતુ 'કુમાર'માં પ્રસિદ્ધ થતાં મારા જીવનચરિત્રાત્મક લેખો એમણે વાંચ્યા હશે, એથી જાણે હું એમની જ School નો અનુગામી ન હોઉં તેવો ભાવ એ છુપાવી શક્યા નહોતા. એમણે મને થોડાં પુસ્તકો ભેટ આપ્યા હતા. તેમાં 'બૌદ્ધધર્મ' નામક નાની પીળી પુસ્તિકા હતી. તેમાં જપાનના યેહન નુયાતાનો ફોટોગ્રાફ હતો. પાછળથી એ જપાની ઉદ્યોગપતિનું ટૂંકું જીવનચરિત્ર મેં 'કુમાર'માં લખ્યું હતું. વાંચીને એમણે આપેલા પ્રતિભાવથી હું પોરસાયો હતો. છેલ્લે જ્યારે એમને સમદર્શી આચાર્ય હરિભદ્રસૂરિ સુવર્ણચંદ્રક મળ્યો તે નિમિત્તે મેં લઘુલેખ કર્યો હતો. ત્યાં એમના જીવનની અભ્યાસ બાજુ દર્શાવી હતી. વાંચીને ફોન પર પ્રસન્નતા વ્યક્ત કરી હતી. પરંતુ એમની વાણીમાં અહંનું નિરસન વર્તાયું હતું. વ્યક્તિવિશેષ શ્રેણીની બે પુસ્તિકા મોકલી તો વળતો જવાબ મળ્યો-'હવે વંચાતું નથી.. ન મોકલો તો સારું.' પણ માર્ચ ૨૦૦૧માં મેં મારી 'બા એટલે' પુસ્તિકા મોકલી તો એમનો પ્રતિભાવ આવો મળ્યો હતો : ' હમણાં ઘણાં વખતથી પરસ્પર સંપર્ક કર્યો નથી. તમારી પુસ્તિકા 'બા એટલે' મળી. એથી સંપર્ક તાજો થયો. બા અને બાપા-બંને વિશે વાંચી ગયો. આર્થિક સ્થિતિ નબળી હોય ત્યારે કેવા વસમા દિવસો જોવાના આવે છે અને એમાં બા-બાપાનું ખમીર કેવું રહ્યું છે તે જોવા મળ્યું. કિશોરાવસ્થામાં મેં પણ નિર્ધનતાના દિવસો ગુજાર્યા છે એટલે વાસ્તવિકતાની તરત પ્રતીતિ થઈ. અભિનંદન.'

તૈત્તિરીદ ઉપનિષદનું વિધાન 'स्वाध्याय प्रवचनाभ्यां न प्रमदितव्यम् ।' જાણે રમણભાઈનું જીવનસૂત્ર હતું.

પ્રવાસ એમનો શોખ હતો. એ પ્રવાસી હતા. જેવા બહારના, તેવા ભીતરના. એમના પ્રવાસનિબંધોમાં ક્યાંક ભીતરના પ્રવાસીનું રૂપ ડોકિયું કરતું. વય થતાં પ્રવાસ થંભ્યો હતો. પરંતુ પછી કદાચ થાક્યા હશે. પ્રવાસ વગર, તેથી તો ૨૪ ઑક્ટોબરે એમણે આદર્યો લાંબો પ્રવાસ-વણ થંભ્યો અને 'तत्त्वार्थ सूत्र' મુજબ 'तदनन्तरमूर्ध्वं गच्छत्यालोकान्तात् ।' એ ઊર્ધ્વગતિ કરીને લોકના અગ્રભાગે પહોંચી ગયા.

❖ ❖ ❖

# ડૉ. રમણભાઈ એટલે વિદ્વતા અને સાદગીનો સુંદર સમન્વય

□ ડૉ. વીરેન્દ્ર પી. શાહ

ડૉ. રમણભાઈ સાથેનો મારો સંબંધ સન ૧૯૮૬ થી શરૂ થયો ત્યારે તેઓ મુંબઈ યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગના વડા હતા. ૧૯૮૬ ની સાલમાં મેં ૨૪ તીર્થંકરોની સ્તવનાવલી રચેલી અને એની પ્રસ્તાવના લખવા માટે મેં એમને વિનંતી કરેલી. ત્યારે હું એમને યુનિવર્સિટીના એમના રૂમમાં મળતો. જરા પણ અહમ્‌ની છાંટ વગર તેઓએ અતિ ભાવવાહી પ્રસ્તાવના લખી આપેલી અને એ ચોવીશીના વિમોચન પ્રસંગે પણ હાજર રહી એ વિશે સુંદર ઉદ્‌બોધન કરેલું.

ત્યાર પછી તેઓ સાથેનો મારો પરિચય વર્ષે-વર્ષે ગાઢ બનતો ગયો. તેઓ પોતાના લેખન કાર્યમાં અને અન્ય પ્રવૃત્તિઓમાં અતિ વ્યસ્ત હોવા છતાં જ્યારે પણ હું એમનો સંપર્ક કરતો ત્યારે તેઓ મારી શંકાઓનું નિરાકરણ કરતા અને મને માર્ગદર્શન આપતા. અત્યંત નિ:સ્પૃહી અને નિજાનંદી એવા આ સાહિત્યસર્જકને જ્યારે જ્યારે હું મળ્યો છું ત્યારે ત્યારે એમની સાદગી અને સરળતા આંખે ઊડીને વળગી છે.

વર્ષો સુધી એમને જૈન યુવક સંઘનું મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન'નું સુકાન પોતાની આગવી શૈલીથી સફળતાપૂર્વક સંભાળ્યું છે અને એમના જ્ઞાનસભર ચિંતનાત્મક અગ્રલેખોએ વાચકોની જ્ઞાનપિપાસા ઠારી છે. તેઓનું આ યોગદાન અતિ ઉચ્ચ કક્ષાનું રહ્યું છે.

દેશ-વિદેશમાં જૈન ધર્મ વિશેના એમના પ્રવચનો અને વાર્તાલાપો જ્ઞાનદાનના યજ્ઞરૂપે યશસ્વી રહ્યા છે.

તેઓએ વિશાળ સાહિત્યનું સર્જન અને સંપાદન કર્યું છે. જૈન ધર્મનું એમનું ઊંડું અને તલસ્પર્શી જ્ઞાન એમના અનેકવિધ વિષયો પરના પુસ્તકોમાં પથરાયેલું છે. એમની ભાષા એમના સાદગીભર્યા વ્યક્તિત્વની જેમ જ સહજ અને સરળ હોવાથી એમનાં પુસ્તકો વાંચનક્ષમ, આકર્ષક બન્યાં છે. એમની આ અનોખી શ્રુતભક્તિ વિશિષ્ટ કોટિની હોઈ આ વિદ્વર્ય ધર્મિષ્ઠ શ્રુતભક્તને અંતરની ભૂરી ભૂરી વંદના !

❖ ❖ ❖

# 'પ્રબુદ્ધ જીવન'ના ઉપાસક - 'પ્રબુદ્ધ મૃત્યુ'ના હામી એવા 'પ્રબુદ્ધ પુરુષ' રમણભાઈને ભાવાંજલી

□ સુધા ઝવેરી, ભુજ

કાગળ-કલમ લઈને કશુંક લખવાના ઉદ્દેશ્યથી બેઠી છું ને દૂરદૂર અતિતમાં ખોવાઈ જાઉં છું. લગભગ પચ્ચીશ વર્ષ પહેલાનું એક દશ્ય યાદ આવે છે. માંડવીના નદીકિનારા સમીપ એક સભા ભરાઈ છે. એક વૃક્ષ નીચે ગોઠવેલી ખુરશીઓ અને ટેબલો - એ વક્તાઓનો મંચ અને સામે ખુરશી અને શતરંજી પર શ્રોતાઓ. સૌ એકચિત્તે સાંભળી રહ્યા છે. વક્તાના શાંત, સહજ, અસ્ખલિત વાક્પ્રવાહમાં સૌ વહી રહ્યા છે. કોઈને કશેય જવાની ઉતાવળ નથી. વક્તાની પ્રતિભા અને વાણીમાં કંઈક એવું છે જે લોકોને જકડી રાખે છે. પચાસ-પંચાવન કે તે કદાચ તેથીય વધુ હોઈ શકે - એવી ઉંમર છતાં કસાયેલું દેખાતું શરીર, શાંત મુખમુદ્રા અને સરળ-સહજ શબ્દોમાં વ્યક્ત થતું વિષયજ્ઞાન! યાદ છે ત્યાં સુધી વાત હતી સર્વ-ધર્મ-સમન્વયની. વાત કંઈક આવી હતી : એક વાર એક નવયુવાન બૌદ્ધ સાધુ અને એક વયોવૃદ્ધ ચીની સંતનો સમાગમ થાય છે. ત્યારે પેલો બૌદ્ધ સાધુ બુદ્ધની અદ્‌ભુત ઉપદેશ-વાણીનું વર્ણન કરે છે. એક એક વાત સાંભળતાં પેલા ચીની સંતની આંખોમાંથી સતત અશ્રુધારા વહેતી રહે છે. એટલે પેલો બૌદ્ધ સાધુ પૂછે છે : આ તો અમારી બુદ્ધની પરમ કરુણાની વાણી છે. એ સાંભળીને આપ આટલા બધા પ્લાવિત થઈ ગયા છો, એ જોઈ મને આશ્ચર્યાનંદ થાય છે. ખરે જ અમારા બુદ્ધની કરુણા વિશ્વપ્લાવિની છે. ત્યારે પેલા ચીની સંત કહે છે : વત્સ, આ આંસુ હર્ષનાં છે. તેં જે કહ્યું એ બધું જ અમારા ધર્મમાં છે. મને લાગ્યું કે તું અમારા ધર્મની વાત કરી રહ્યો છે ને એક ભારતીય બૌદ્ધ સાધુના મુખે અમારા ધર્મની વાત સાંભળી મને અત્યંત હર્ષ થતાં મારી આંખો ભરાઈ આવી... સર્વ-ધર્મ સમન્વયનું આવું સુંદર દૃષ્ટાંત અગાઉ સાંભળ્યું નહોતું. સાંભળનાર સૌ શ્રોતાઓ શાંત, સ્તબ્ધ, અભિભૂત !! વક્તવ્ય પૂરું થયું પછી પણ થોડીવાર સ્તબ્ધતા છવાઈ રહી ને પછી તાળીઓનો ગડગડાટ! અને બે દિવસ માંડવીનો જૈનસમાજ હિલોળે ચડ્યો - રમણભાઈ કરીને કોઈ વિદ્વાન

આવ્યા છે. સાથે બીજા પણ વિદ્વાનો છે. જૈન ધર્મ-દર્શન-ઈતિહાસ-સ્થાપત્ય-કેટકટલા વિધવિધ વિષયો પર કેટલાં સુંદર પ્રવચનો! એ સૌને લઈ આવનાર પ્રાતઃસ્મરણીય એવા શ્રી રમણભાઈ સી. શાહનો મારો એ પહેલો પરિચય હતો. માંડવી - મારી જનમભૂમિના આંગણે શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈના ઉપક્રમે શ્રી રમણભાઈની પ્રેરણાર્થી એક અખિલ ભારતીય જૈન સાહિત્ય સમારોહનો. મારે તો અનાયાસ માંડવી જવાનું થયું હતું. આમંત્રિતો, મહેમાનો, વિદ્વાનોની ભોજનવ્યવસ્થા માંડવી જૈન ભોજનશાળાના ઉપક્રમે મારા પિતાશ્રીએ ગોઠવેલી એટલે એમની સાથે હું અચાનક સમારોહમાં જઈ ચડી હતી અને એમણે જ મને સૂચન કર્યું - મારે પણ આ સમારોહમાં કશુંક રજૂ કરવું. કશું નવું લખવાનો સમય તો હતો જ નહિ. વર્ષો પહેલાં અમારા ઓરિસ્સાના વસવાટ દરમ્યાન મેં મારા કૉલેજ-કાળમાં એક ઉડિયા મહાનિબંધ 'ઓરિસ્સામાં જૈન ધર્મ'નો ગુજરાતી અનુવાદ કરેલો. એમાંના અમુક પ્રકરણો અલગ તારવી નિબંધ રૂપે મેં બીજે દિવસે એની રજૂઆત કરી. ઓરિસ્સા કે જ્યાં હવે જૈન ધર્મનું ખાસ કશું અસ્તિત્વ નથી, એવા પ્રદેશમાં સમ્રાટ ખારવેલના વખતમાં જૈનધર્મે ઈતિહાસ સર્જ્યો હતો એની વાત શ્રી રમણભાઈને સ્પર્શી ગઈ અને આમેય 'નવા નિશાળિયાઓ'ને 'વર્ગ'માં રસ લેતા કરવા, એ રસ એમનો કાયમ જળવાઈ રહે એ માટે પોતાની એટલી ઊંચાઈએથી નીચા નમી એમની આંગળી પકડવી એ તો વ્યવસાયે 'શિક્ષક' એવા શ્રી રમણભાઈનો સહજ સ્વભાવ. એ પછીના સમારોહમાં મને મારો નિબંધ રજૂ કરવાનું આમંત્રણ શ્રી રમણભાઈ તરફથી મળ્યું ને હું રોમાંચિત થઈ ઊઠી. અને ત્યારથી આજ લગભગ પચ્ચીશ વર્ષ થયા - હું સાહિત્ય સમારોહમાં ભાગ લેતી રહી છું, નિબંધો લખતી રહી છું. તત્વજ્ઞાન-ફિલોસોફી આમેય મારો પ્રિય વિષય. કૉલેજમાં પણ બી.એ. દરમ્યાન તર્કશાસ્ત્ર (Logic) અને દર્શનશાસ્ત્ર (Philosophy) વિષયો રાખેલા ત્યારે સર્વશ્રી રાધાકૃષ્ણનનું Indian Philosophy Text તરીકે હતું. ત્યારે વિધવિધ ભારતીય અને વિદેશી દર્શનશાસ્ત્રો ભણવાનું થયેલું. જેમાં જૈન-દર્શન પણ ખરું. હવે આટલાં વર્ષે શ્રી રમણભાઈના પ્રોત્સાહનથી શ્રી જૈન-દર્શન અંગેના નાના-મોટા પુસ્તકો વાંચવાનું શરૂ કર્યું. અને તેમ તેમ સમજાતું ગયું કે કિનારે બેસીને છબછબિયાં કરવાથી શંખ-છીપલાં સિવાય કશું હાથ નહીં લાગે. એટલે વાંચનનો વ્યાપ વધ્યો. મારી અને મારા જેવા અનેકની વાંચન-ક્ષિતિજને વિસ્તારનાર શ્રી રમણભાઈનું અસ્તિત્વ જ્યારે ક્ષિતિજની પેલે પાર સુધી વિસ્તરી ચૂક્યું છે ત્યારે હું આ મારા લેખ દ્વારા તેમને ભાવભીની અંજલિ આપવા માગું છું.

આમ તો રમણભાઈનો અંગત પરિચય મને બિલ્કુલ નહિ. આટઆટલા વર્ષોથી સમારોહમાં મળતા, પરંતુ એ બધો સમય નિબંધ-વાંચન-શ્રવણ ચાલે. એમની અંગત બાજુઓને જાણવાનું કદીય બન્યું નહી. માત્ર એકાદવાર કોઈ વક્તાએ એના પરિચયમાં એવો ઉલ્લેખ કરેલો કે એમના અધ્યાપન કાળ દરમ્યાન એમણે એન.સી.સી.ના માટે કડક લશ્કરી તાલીમ લીધેલી તે પછી છેક મેજરની પદવીએ પહોંચેલા. ત્યારે પહેલીવાર એટલી ઉંમરે પણ જળવાઈ રહેલા એમના દેહસૌષ્ઠવનું કારણ સમજાયેલું. પરંતુ એમના અંતરના દર્શન તો સહજપણે એમના પ્રવચનો, એમનો વ્યવહાર, એમની દિનચર્યા આદિથી થતું રહેલું. જૈનદર્શનના વિદ્વાન જ નહીં, જૈન ધર્મના અનુરાગી પણ ખરા એટલે સાહિત્ય સમારોહ દરમ્યાન પણ હંમેશની જેમ એ અને એમના સહધર્મચારિણી પૂ. તારાબહેન - બન્ને શ્રાવકોચિત દેવદર્શન અને સેવાપૂજા - આદિ વ્રતોનું ચુસ્તપણે અને સહજપણે પાલન કરે. વાણી અને ચહેરો સદાયે શાંત-સૌમ્ય, ક્યાંય કશી ખોટી ઉતાવળ કે ભાગદોડ નહીં. એમના સાન્નિધ્યમાં માત્ર શાંતિ અનુભવાય. પૂ. તારાબહેનના પ્રવચનો પણ એટલાં જ સુંદર અને માર્મિક. બન્ને વચ્ચેનું સખ્ય દામ્પત્યજીવનની ઊંચાઈ અને ગરિમાનું દ્યોતક. વ્યક્તિ તરીકે રમણભાઈ, દમ્પતી તરીકે રમણભાઈ અને તારાબહેન, પરિવાર તરીકે એ અને એમનાં સંતાનો દરેક સ્તરે સ્વયં એક સીમાચિહ્ન રૂપ બની જતાં. રમણભાઈનો પરિવાર તો એમના પત્ની કે બાળકો પૂરતાં સીમિત તો નહોતો, એમાં અમે સૌ પણ સામેલ હતા. મને યાદ આવે છે - વચ્ચે બે-ત્રણ વર્ષ નિબંધો મોકલવા છતાં હું જાતે સમારોહમાં હાજર રહી શકી નહોતી ત્યારે કચ્છના હાજર રહેલા કે અનાયાસ મળી ગયેલા કોઈ ને કોઈ મારફત રમણભાઈ મને ખાસ યાદી પાઠવતા અને સમારોહમાં કેમ નથી આવી શકી એ બાબત પૃચ્છા કરતા. અખિલ ભારતીય ધોરણે થતા આવડા મોટા સમારોહનું આયોજન કરવું, એ અંગેની આર્થિક અને અન્ય સર્વ આનુષાંગિક વ્યવસ્થાઓ કરવી, સમારોહનું સંચાલન કરવું, એક એક નિબંધનું વિશ્લેષણ કરવું - આ તો માત્ર જૈન સાહિત્ય સમારોહની વાત થઈ - આ અને આવા કેટકેટલા કાર્યક્રમોમાં વ્યસ્ત એવી આ વ્યક્તિને મારું નામ યાદ રહે એટલું જ નહિ વિદ્વાનોથી ઊભરાતા સમારોહમાં મારી ગેરહાજરીની નોંધ લે અને તે અંગે અંગત રીતે પૃચ્છા પણ કરે - આ બધું કદાચ રમણભાઈ જ કરી શકે. નાનામોટા દરેકને મહત્વ આપી એમને પ્રોત્સાહિત કરવા એ રમણભાઈના નેતૃત્વની આગવી શૈલી હતી. મને તો બે-ત્રણ એવા પ્રસંગો યાદ છે, જે હું જીવનભર નહીં ભૂલી શકું.

પહેલો પ્રસંગ માંડવી-સમારોહનો છે. માંડવી ખાતેનો એ સમારોહ ત્રીજો-ચોથો કે પાંચમો હોઈ શકે - મારા માટે એ પ્રથમ સમારોહ હતો. મારા નિબંધ-વાંચન બાદ મારી પીઠ થાબડતાં એમણે કહેલું: તમે ઓરિસ્સામાં જૈન ધર્મ વિષે લખ્યું છે. ભલે અનુવાદ હોય - અભિનંદનને પાત્ર છે. બહું ઓછા લોકો આ વિષે જાણે છે. તમે હવે આવો ત્યારે તમારો એ મહાનિબંધનો અનુવાદ જરૂર લેતા આવજો. બહુ ઓછા લોકો બહુ ઓછું આ વિષે જાણે છે એમ કહેનાર રમણભાઈ જોકે ઘણું જાણતા હતા! મારા નિબંધ વાંચન પર ટિપ્પણી કરતાં એમણે સમ્રાટ ખારવેલ અને તેમનો જૈનધર્મ પ્રેમ, કરકુંડુ ઉપાજ્યાનું ઓરિસ્સામાં આવેલી ઉદયગિરિ અને ખંડગિરિની ગુફાઓમાંની જૈન-મૂર્તિઓ અને સ્થાપત્ય વિષે વાત કરેલી - એમના જ્ઞાનની ક્ષિતિજોનો તાગ પામવો સહેલો નથી એ મને ત્યારે જ સમજાઈ ગયેલું. ત્યાર પછી સમારોહમાં ભાગ લેતી રહી. એ દરમ્યાન ત્રણેક પ્રસંગ મને હંમેશ યાદ રહેશે. શરૂઆતના વખતના એક નિબંધમાં મારું મૌલિક કહી શકાય એવું ખાસ કંઈ નહોતું. કાર્યક્રમના સમાપનમાં રમણભાઈએ એક વાત કરી: આવા સાહિત્ય સમારોહમાં યુવા પેઢીને વધુ ને વધુ લઈ આવવાની અમારી નેમ છે. ભલે, ઊંડું વાંચન-મનન ન હોય, મૌલિકતા ન હોય, ક્યારેક માત્ર ઉતારા જેવું લાગે તો પણ એ બહાને યુવાનો જૈન-ધર્મ અને જૈન દર્શનને વાંચતા થશે. એટલું થશે તો જૈન-સાહિત્યથી વિમુખ એવી આ નવી પેઢીને ફરી એના તરફ વાળવાનું પુણ્ય આ સમારોહને ફાળે જશે. અને એક વાર વાંચશે તો વિચારશે ને કશુંક મૌલિક આપી શકશે. મને લાગ્યું - આ શબ્દો કોઈને ય વૈયક્તિક રીતે નહોતા કહેવાયા, છતાં મને અને મારા જેવાને લાગુ તો પડતા જ હતા. બસ, તે દિવસથી કશુંક મૌલિક વિચારવાની, લખવાની મથામણ શરૂ થઈ તે આજ લગી ચાલે છે. અને તેના પ્રાથમિક પરિણામરૂપે મારો 'વિજ્ઞાન-પ્રયોગશાળાની બહાર' એ નિબંધ લખાયો અને કોડાય-બૌતેર જીનાલય ખાતે રજૂ થયો - બધાને ખૂબ ગમ્યો. આનંદ થાય એ સ્વાભાવિક છે પણ મને વિશેષ આનંદ એ વાતનો હતો કે શ્રી રમણભાઈએ મારા એ નિબંધની ભારોભાર સરાહના કરી - એની વિસ્તૃત છણાવટ કરી અને મારા પ્રયત્નોથી સંતોષ પામી મને હૃદયપૂર્વક અભિનંદન આપ્યા. મેં ત્યારે

મનોમન મારો એ નિબંધ એમને જ અર્પણ કર્યો. પછી વર્ષો સુધી હું સમારોહમાં ભાગ લેતી રહી. પરંતુ છેલ્લે ગત વર્ષે લાયજા ખાતે યોજાયેલ સમારોહ પણ મને હંમેશ યાદ રહેશે. રમણભાઈને છેલ્લીવાર મળવાનું ત્યારે જ થયું. મારો વિષય હતો 'લેશ્યાધ્યાન અને વૈકલ્પિક ચિકિત્સા પ્રકૃતિઓ'. તે દિવસે બપોરની ઉઘડતી બેઠકે મારો નિબંધ મેં રજૂ કર્યો ને સમાપને શ્રી રમણભાઈએ એની વિસ્તૃત છણાવટ કરી હતી. ફરી આ વખતે એમના અભિનંદનની હું અધિકારી બની અને મારા માટે એ ગૌરવની વાત હતી. પરંતુ આ બધું એમના કારણે જ શક્ય બન્યું. એ સમારોહ, એમની સાથેની એ છેલ્લી મુલાકાત, એમના એ શબ્દો હું કદી નહિ ભૂલું. લાયજામાં એ થોડાક થાકેલા જણાતા હતા. છેલ્લા થોડા વર્ષોથી એ સમારોહનો ભાર કોઈ નવયુવાન ઉપાડી લે એવી ઈચ્છા વ્યક્ત કરતા હતા. ત્યાર પછી ગત વર્ષે રાજકોટ ખાતે આયોજિત જ્ઞાનસત્રમાં એ આવવાના હતા, પરંતુ નાદુરસ્ત તબિયતને કારણે ઉપસ્થિત રહી શક્યા નથી એવું જાણવા મળ્યું. પરંતુ ત્યારે એમની વિદાય આટલી નજદીક હશે એવું તો કલ્પેલું પણ નહિ. હું તો આ વર્ષે પણ એમના તરફથી સમારોહના આમંત્રણની રાહ જોતી હતી - ત્યાં એકાએક એમના ચિર-પ્રયાણના સમાચાર 'કચ્છમિત્ર' મારફત જાણવા મળ્યા. એક ઊંડા આઘાતની લાગણી અનુભવી - એક અનાથપણાનો ભાવ અનુભવ્યો. મારી આ તદ્દન અંગત કહી શકાય એવી લાગણી આમ તો સમારોહ સાથે સંકળાયેલા સર્વકોઈની હશે જ - છે જ. રમણભાઈ વગરના જૈન સાહિત્ય સમારોહની તો કલ્પના પણ નથી થઈ શકતી. મારા શોકની અભિવ્યક્તિ માટે મેં તારાબેનને ફોન કર્યો તો એમણે સામેથી મને આશ્વાસન આપ્યું. મારે ઘણું ઘણું કહેવું હતું પરંતુ શબ્દો સાથ નહોતા આપતા. ત્યાં તો તારાબહેને ખુદ 'પ્રબુદ્ધ જીવન'ના આગામી સ્મરણાંજલિ અંક માટે રમણભાઈ વિષે કશું લખી મોકલવાનું કહ્યું ને મેં લખવાનું શરૂ કર્યું. પણ શુ લખું? મારી અંગત અભિવ્યક્તિને મેં વાચા આપી પરંતુ રમણભાઈ વિષે તો હજી ઘણું જાણવાનું બાકી હતું. ત્યાં તો ૧૯ નવેમ્બરનો ગુજરાત સમાચારનો અંક હાથમાં આવ્યો, જેમાં શ્રી કુમારપાળ દેસાઈએ 'ઈંટ અને ઇમારત' શીર્ષક અંતર્ગત શ્રી રમણભાઈની જીવન-ઝલક પેશ કરી છે. વાંચીને એમના વિરાટ વ્યક્તિત્વના વિધવિધ પાસાં મારી નજર સમક્ષ ઉજાગર થયા. એમનું સાદગી અને સત્ત્વશીલ જીવન, ઉચ્ચ જીવનમૂલ્ય, અડગ કર્મનિષ્ઠા, કઠોર સંઘર્ષો વચ્ચે પણ પોતાનું અને અન્યોનું જીવન ખીલવી જાણવાની એમની કળા અને સર્વથી ઉપર જન્મ, જીવન અને મૃત્યુ - એ ત્રણેયને અજવાળી જનારી એમની આત્મચેતના એ બધા વિષે જાણ્યું, મનોમન વંદન કર્યું અને નજર સમક્ષ એમની ઊંચી, ઓજસ્વી, સૌજન્યશીલ મૂર્તિ આવીને ઊભી રહી. એમના ઊજ્જવળ વ્યક્તિત્વના આભામંડળનો વ્યાપ દેહાતીત હતો-છે. આ લખતી વેળાએ - આ ક્ષણે એમના આશિષ અંતરીક્ષમાંથી મારા પર વરસતા હોય એવો ભાસ થાય છે ને આંખોમાંથી અશ્રુ આપોઆપ ખરી જાય છે. 'પ્રબુદ્ધ જીવન'ના ઉપાસક ને 'પ્રબુદ્ધ મૃત્યુ'ના હામી એવા પ્રબુદ્ધ પુરુષને મેં મારા ઘરના એકાંત ખૂણે આપેલી અંજલિ છે!

❖ ❖ ❖

# અધ્યાત્મઓજસથી ઓપતા જ્ઞાનની સૌમ્ય છાયાસ્વરૂપ પ.પૂ. રમણકાકા

□ જયશ્રી દિનેશ દોશી

પ. પૂ. રમણકાકા.........
એક ઉજ્જવળ નામ.....
એક પ્રજ્ઞાવંત પ્રતિભા.....
એક પ્રબુધ્ધ જીવન......
એક નખશીલ સજ્જનતા....
એક પ્રસન્ન અસ્તિત્વ.....
એક બહુશ્રુત શ્રાવક.....

જેમના ગુણોને શબ્દસ્થ કરવાનું મારું કોઈ જ સામર્થ્ય નથી. તેઓ મારા જીવનમાં પરમ ઉપકારી રહ્યા છે. પિતાના મિત્ર હોવાના નાતે કે તેમના વાત્સલ્યપૂર્ણ સહવાસના કારણે અમારી આત્મીયતા વધતી ચાલી. આજે પણ એ ક્ષણોનું સ્મરણ આંખ અને અંતરને ભીંજવે છે અને મારી જાતને તેમનું ગુણસંકીર્તન કર્યા વગર રોકી નથી શકતી.

જ્ઞાનમાર્ગના પ્રવાસી બનેલા આ વ્યક્તિએ ઘણા પુસ્તકો લખ્યાં છે. અને છેલ્લે 'જ્ઞાનસાર' એ ક દળદાર ગ્રંથ, જેના મગ્નાષ્ટકના ૧૪મા શ્લોકના પરમાર્થની એક ચિંતનાત્મક ઝાંખી જાણે એમના વ્યક્તિત્વમાં પણ પ્રતિબિંબિત થતી હતી.

ज्ञानमग्नस्य यच्छर्म तद्वक्तुं नैव शक्यते ।
नोपमेयं प्रियाश्लपैर्नापि तच्चन्दनद्रवैः ।।२।।६।।

તેઓશ્રીના શબ્દોમાં જ પરમાર્થ સમજીએ તો....

"જ્ઞાનમાં મગ્ન થયેલાનું જે સુખ છે તે કહી (વર્ણવી) શકાય એવું નથી......."

".........જ્ઞાનમગ્નતાનો આનંદ શુદ્ધ, ઉપાધિ વિનાનો, અખંડ, ઉત્તરોત્તર વિશેષ ચમત્કૃતિ ભરેલો હોય છે."

'પૂરબ' બિલ્ડીંગના કેટલાક રહેવાસીઓ તેમની સલાહ લેવા ગયા હતા તે વખતે તેમણે કહ્યું:

દેવો સમવસરણમાં અષ્ટપ્રાતિહાર્યની રચના કરે છે. તો એનાથી ઉત્તમ રચના આ જગતમાં કઈ હોઈ શકે ? તમે પણ આવા ઉત્તમ ભાવોથી આવી રચના કરવાનો પ્રયત્ન કરો અને ઉત્તમ ફળને પામનારા બનો. તેઓશ્રીને મળવા આવેલા સર્વેના મગજમાં આ વાત બેસી ગઈ. અલબત્ત એ પહેલાં પ.પૂ. ગચ્છાધિપતિ આ શ્રી જયઘોષસૂરિશ્વરજી મહારાજા વગેરે આચાર્ય ભગવંતોની પૂર્વ સંમતિની મહોર તો જરૂર હતી પણ આચાર્ય ભગવંતને પૂછવા બધા નહોતા આવેલા. જ્યારે પૂ. રમણકાકાની પાસે 'પૂરબ' બિલ્ડીંગના ઘણાં લોકો ગયેલા અને તેમણે તર્કબદ્ધ રીતે અમારા મગજમાં આ વાત મૂકી. આજે તો એ પિછવાઈ બની પણ ગઈ, ભગવાન પાછળ લગાવી પણ દીધી અને પ.પૂ. ગચ્છાધિપતિ આ શ્રી ચંદ્રોદય સૂરિશ્વરજી મહારાજાના શબ્દોમાં કહીએ તો "બોમ્બેમાં હજી સુધી આવી સુંદર પિછવાઈ જોઈ નથી."

આવી સ્મરણસંદૂકમાં એક બીજો પ્રસંગ પણ સળવળે છે કે ત્રણ મહિના પહેલાં જ શ્રી હિમ્મતમલજી બેડાવાલાની ગુણસંકીર્તનિકા બહાર પડી. તે પુસ્તકમાં પણ જે 'ગુણસંકીર્તન સમિતિ' હતી તે સમિતિને પણ પૂ. કાકા તરફથી ઘણાં જ સુંદર સલાહ-સૂચનો મળેલા. તદુપરાંત તેઓશ્રીએ પોતે પણ પ્રબુધ્ધ જીવનના ઑગસ્ટ ૨૦૦૫ના અંકમાં શ્રી હિમ્મતમલજી બેડાવાલાના ગુણસંકીર્તનનો પોતાનો અમૂલ્ય લેખ પણ છાપ્યો. કેવું ગુણાનુરાગીપણું !! આપણને બધાને ખ્યાલ છે કે આવા ગુણાનુરાગના તો તેઓએ કેટલાંએ લેખો આપ્યા છે. પાછળથી પૂ. તારાકાકી પાસેથી જાણવા મળ્યું કે શ્રી હિમ્મતમલજી ગુણસંકીર્તન સમિતિને આપેલા સલાહ - સૂચનો વ્હીલચેરમાં બેસીને આપેલા અને તેમના પર લખેલાં લેખ પણ પથારીમાં અડધું બેસીને, અડધું સૂતા સૂતા તૈયાર કરેલો. માણસ એક નાની માંદગીમાં પણ બહાનું કાઢીને આરામ કરે જ્યારે પૂ. કાકાએ તો તેમની પોતાની તકલીફનો જરા પણ ખ્યાલ

આવવા દીધા વગર, એકદમ તરો - તાજગી સાથેનું લખાણ આપ્યું. અરે ! એમણે તો તેમની જિંદગીના છેલ્લા દિવસ સુધી આ જ્ઞાનયજ્ઞ ચાલુ રાખેલો. માંદગીમાં પણ જ્ઞાનમગ્ન બનીને શરીરને ભૂલી ગયા.

જ્ઞાનપ્રદાનનો જીવનયજ્ઞ છેલ્લે સુધી પ્રજ્વલિત ''....... પુદ્ગલાનંદની પ્રાપ્તિ માટે પાપારંભ કરવા પડે છે જે કર્મબંધમાં પરિણમે છે અને વિપાકોદય વખતે દુ:ખ આપનારા નીવડે છે.''

''સંસારના ભૌતિક સુખો તત્ત્વસ્વરૂપની દૃષ્ટિએ દુ:ખ જ છે. વસ્તુત: ભૌતિક સુખ એ દુ:ખનો પ્રતિકાર છે.''

''સંસારમાં શ્રુતજ્ઞાનના આનંદની કે આત્મજ્ઞાનના આનંદની અનુભૂતિ કોઈક વિરલા ભાગ્યશાળીને હોય છે. જેમણે એવો અનુભવ કર્યો છે તેઓ પણ એને શબ્દમાં વર્ણવી શકતા નથી. એટલે એ આનંદ કેવો છે તે જાણવા માટે જાતે જ અનુભવ કરવો પડે છે. રુચિ, શ્રધ્ધા અને પુરુષાર્થથી એવો અનુભવ થઈ શકે છે...''

અને જ્ઞાનયોગી એવા પૂ. કાકાની પણ રુચિ, શ્રધ્ધા અને પુરુષાર્થ આત્માના જ્ઞાનના પ્રવાસરૂપે જ હતા... જીવનમાં ઉમેરવાને માટે જ હતા.

આ આત્મજ્ઞાનની સાથે વ્યવહારિકતા, મૈત્રીભાવ, પરોપકારવૃત્તિ પણ તેમનામાં એટલાં જ હતાં. કોઈપણ બાબતની પૃચ્છા કરીએ, સલાહ માગીએ તો ગમે તેવી ગંભીર બાબત પણ સરળતાથી-સાહજિકતાથી સમજાવે. કયારેય મોટપ બતાવવી નહીં અને સામાને નાનપ આપવી નહીં એવી વ્યવહારીક દક્ષતા તેમનામાં હતી. હંમેશાં હસતું જ મોઢું હોય. મને તો વિચાર થાય કે પૂ. કાકા કયારેય કોઈને ગુસ્સે થયા હશે ખરાં ? આવા ગુણસભર એક બે સ્મરણ તાદૃશ્ય થાય છે...

બે વર્ષ ઉપર બાબુના દેરાસર (તીનબત્તીના દેરાસરમાં, જ્યાં પૂ. કાકા તથા પૂ. કાકી પણ રોજ પૂજા કરવા આવતાં હતાં) સો વર્ષ પૂર્ણ થતાં હતાં ત્યારે, પહેલે માળે દેવાધિદેવ તીર્થંકર પરમાત્મા શ્રી શામળા પાર્શ્વનાથ ભગવાન પાછળ ચાંદીની પિછવાઈ બનાવવાનો લાભ 'પૂરબ એપાર્ટમેન્ટ'ના સર્વે કુટુંબીજનોએ લીધેલો હવે તેમાં ડિઝાઈનમાં વિષય શું લેવો ? જુદાં જુદાં મંતવ્યો આવ્યાં પરંતુ પૂ. કાકાએ આ સવાલ બહુ સરસ રીતે સુલટાવી દીધો. અહીં પાર્શ્વનાથ પરમાત્મા સિધ્ધસ્વરૂપે બિરાજમાન છે. પરમાત્માને કેવળજ્ઞાન થયા પછી તેઓના પુન્યના રાખ્યો એ જ એમની પ્રબુધ્ધતા - એ જ એમની બહુશ્રુતતા.

નિરાભિમાન વિદ્વતા અને નિર્ભાર અધ્યાત્મિકતાના માર્ગે ચાલનાર પૂ. રમણકાકા જીવનને જીવવાનો એક સુંદર આદર્શ મૂકતા ગયા છે. જેમાંનો કંઈક અંશ પણ પામી શકાય એ જ ભાવ સાથે તેમને બે હાથ જોડીને અહોભાવસહ ભાવાંજલિ અર્પું છું.

તેમના આત્માને શત શત પ્રણામ......

લી. જયશ્રી દિનેશ દોશીના
સબહુમાન પ્રણામ સ્વીકારશોજી

# મારા વિદ્વાન સન્મિત્ર પ્રિય રમણભાઈ

**□ ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ)**

અચાનક એક સવારે મારા સાહિત્યિક બાળમિત્ર કવિ શ્રી રજનીકાન્ત દલાલના ફોન સંદેશા દ્વારા મારા સમવયસ્ક સહાધ્યાયી સન્મિત્ર પ્રિય રમણભાઈના દિવંગત થયાની જાણ થઈ ને ભારે આઘાતની લાગણીમાં ગરકાવ થઈ ગયો. શરૂઆતમાં એ માન્યું નહિ, પણ સન્મિત્ર ડૉ. કુમાર પાળ દેસાઈએ ગુજરાત સમાચારના એમના વિભાગ 'ઈંટ અને ઇમારત'માં લખેલો લેખ વાંચ્યાથી એ દુ:ખદ સમાચારની ખાત્રી થવા પામી.

અને પછી ભૂતકાળમાં સરકી ગયો. રમણભાઈ વડોદરા પાસેના પાદરાના વતની અને હું ભરૂચનો વતની છતાં અમારો પરિચય મોટપણે થવા પામેલો. અમે બંને જ્યારે ઈ.સ.૧૯૫૦માં મુંબઈ યુનિવર્સિટીની એમ.એ.ની પરીક્ષા મુખ્ય વિષય ગુજરાતીને ગૌણ વિષય સંસ્કૃત સાથે આપી ત્યારે જ આકસ્મિક રીતે અમારો પરિચય થવા પામેલો. કેમ કે ત્યારે આખા જૂના મુંબઈ ઈલાકામાં એક જ મુંબઈ યુનિવર્સિટી હતી. એ આજના સમગ્ર મહારાષ્ટ્ર ને ગુજરાત રાજ્યને આવરી લેતી હતી. એ વખતે મેં એમ.એ.નું અધ્યયન સુરતની એચ.ટી.બી. કૉલેજના અનુસ્નાતક વર્ગમાં સાક્ષર શ્રી ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને વિજયરાય વૈદ્ય તથા પ્રો. કુંજવિહારી મહેતા જેવા સન્નિષ્ઠ સારસ્વતો પાસે કરેલું ને રમણભાઈએ મુંબઈ ખાતે પ્રો. મનસુખલાલ ઝવેરી ને ઝાલાસાહેબ પાસે કરેલું.

આમ છતાં, ત્યારે સંસ્કૃતમાં નિયત થયેલ પુસ્તક 'યશસ્તિલક ચંપૂ' અપ્રાપ્ય હતું અને તે મને ખાસ ઓળખાણ ન હોવા છતાં રમણભાઈએ સૌજન્ય દાખવીને એ ભાષાંતર સહિત મોકલી આપેલું. આવી તેમની અજાણ્યાનેય મદદરૂપ થવાની ભાવના હતી. એવા કિસ્સામાં બીજો કોઈ તો તેજો દ્વેષ રાખી મદદ ન કરે, પણ એમનામાં એ દૂરિત ભાવ નહોતો. આવા સજ્જન ને સહાયતત્પર પરગજુ તેઓ હતા, એ તો હતા સંસારી સાધુ છતાં કુટુંબભાવના ઉત્કટ હતી.

તેમની પ્રકૃતિનું બીજું માનસ લક્ષણ તે વિનમ્રતા, એ હતા વિદ્વાન. જૈનદર્શનના અઠંગ અભ્યાસી, છતાં તેમનામાં એ અંગે જરાય અહંભાવ નહોતો. દંભનો અંચળો તેમણે ઓઢ્યો નહોતો. નિરંતર નિખાલસતાથી એ શોભતા, રાગદ્વેષ ને કપટથી એ દૂર રહેતા અને જે કોઈ એમની પાસે મૂંઝવણ દર્શાવે તો તેને માર્ગદર્શન સહર્ષ તેઓ આપતા, એમણે સાહિત્ય અને ધર્મના વિષયમાં ઘણાં પુસ્તકો લખ્યાં છે. વર્ષો સુધી અનુસ્નાતક એમ.એ.નું અધ્યાપન કરાવેલું છે ને પીએચ.ડી.ના માર્ગદર્શક અભ્યાસક તરીકેય એમણે સફળ રીતે કામગીરી બજાવી કેટલાય વિદ્યાર્થીઓને પીએચ.ડી.ની ઉપાધિ માટેનું સફળ રીતે માર્ગદર્શન કર્યું છે. આમછતાં તેમનામાં એ અંગેનો ઘમંડ દેખાતો નહોતો. આવા સીધા, સાદા ને સરળ સેવાભાવી સજ્જન એ હતા.

તેઓ એમનું કામ નિયમિત રીતે પાર પાડતા. એમનું શરીર પણ કસાયેલું ને નિર્વ્યસની એમનું જીવન. વળી કૉલેજ તરફથી કહેવામાં આવ્યાથી એમણે એન.સી.સી.ની તાલીમ પણ શાસ્ત્રીય રીતે લીધેલી ને એ ક્ષેત્રમાંય કેપ્ટન અને મેજરના ઉચ્ચપદે તે પહોંચ્યા હતા, એનું કારણ એ જ કે જે કામ એ કરતા તે ચીવટ ને નિષ્ઠાથી કરતા હતા. એ જ રીતે એમના હાથમાં 'પ્રબુદ્ધ જીવન'નું તંત્રીપદ સોંપાયું ત્યારે એનેય એમણે પોતાની સઘળી શક્તિ ને નિષ્ઠાથી કર્યું ને દીપાવ્યું. એમાંય એમણે નિયત ધોરણ જાળવી રાખેલું. એ માટેના લેખની પસંદગીમાં તેઓ તટસ્થતા જાળવતાને કોઈનીય શેહ શરમને ન ગાંઠતા. એ જ કારણથી મારા વર્ષો જૂના મિત્ર હોવા છતાં ને મારા વતન ભરૂચના રહેઠાણે આવીને આતિથ્ય માણી ગયા છતાં તેમણે મારા કેટલાય લેખો 'પ્રબુદ્ધ જીવન' માટે યોગ્ય ન લાગવાથી પરત મોકલ્યા હતા, આવા નિષ્પક્ષ તેઓ હતા. એમનામાં ધર્મની જડતા નહોતી, પણ તેની જીવંતતા ઝળહળતી હતી.

તેમની સૂચનાઓ સંક્ષિપ્ત રહેતી. પોતે ખુદ જે લખતા ને 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરતા તે સાંગોપાંગ અભ્યાસ કરીને જ અક્ષર પાડતાં હતા. જરાય ઊણપ એ નભાવી લેતા નહિ. અમે એમ.એ.માં સાથે વાંચતા, પણ મારાથી એ વધારે તેજસ્વી બુદ્ધિના અને સૂક્ષ્મ તીવ્ર સ્મરણશક્તિ

ધરાવતા હોવાથી ૧૯૫૦ની એમ.એ.ની પરીક્ષામાં ગુજરાતી વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનાર તરીકે સાક્ષર શ્રી બ. ક. ઠાકોર સુવર્ણચંદ્રક એમને પ્રાપ્ત થયેલો. એનું એમનામાં જરાય અભિમાન નહોતું. એ હતા મિતભાષી ને મિતવ્યયી.

પત્રવ્યવહારમાં એ નિયમિત રહેતા. એમને લખેલા પત્રનો જવાબ આપવા જેવો હોય તો તરત જ એ લખતા, પણ જરાય બિનજરૂરી લંબાણ એમાં ન કરતા.

આવા શિષ્ટ સૌજન્યશીલ વિદ્વાન સન્મિત્ર એ હતા. એમની ચિરવિદાય છતાં એમની યાદ ધૂપસળીની મીઠી સુગંધની જેમ ચિત્તમાં ને જીવનમાં કાયમ માટે ઘૂમરાયા કરશે. એ સન્મિત્ર વિભૂતિને વંદન હો ને એમના આત્માને ચિર શાંતિ મળો એ પ્રાર્થના.

❖ ❖ ❖

# અમારા રમણભાઈ

**□ પૌલોમી પ્રકાશ શાહ**

પૂ. રમણભાઈ એક પ્રખર તત્વચિંતક હતા. તેમના મુખમાં સરસ્વતીનો વાસ હતો. સમતા અને સાદગી અને સરળતા જેના જીવના સૂત્ર હતા. પૂ. રમણભાઈની ચિરવિદાયથી આખા જૈન સમાજને, જૈન યુવક સંઘને અને અમને બધાને ખાડો પૂરાય પણ ખોટ ન પૂરાય એવી ખોટ પડી છે.

તા. ૨૪-૧૦-૨૦૦૫ના એમના દેહવિલયના સમાચાર ઈઝરાયલમાં મળ્યા, દૂર બેઠે એમના વિચારોના વમળમાં અટવાયા અને પૂ. રમણભાઈ સાથેની અમુક રમૂજી પળો યાદ કરીને એમના સંસ્મરણો યાદ કર્યા. મારા અહોભાગ્ય હતા કે પૂ. તારાબેન અને પૂ. રમણભાઈ મને એક પુત્રી માનતા હતા. વર્ષોથી વાલકેશ્વર પર રેખા બિલ્ડિંગમાં રહેતાં અને સામે જ દૌલતનિકેતનમાં હું રહેતી. દરરોજ બપોરે ૧૨ વાગ્યાના સુમારે પતિ, પત્ની પૂજા કરવાં જતાં. રમણભાઈ તારાબેનનો ખૂબ ખ્યાલ રાખતા, તારાબેનના પગની તકલીફના હિસાબે રસ્તો ઓળગવા હાથ પકડીને મદદ કરતા. ઘણીવાર હું પણ મોડી જતી ત્યારે પૂછું કે રમણભાઈ કેમ તમે દરરોજ આ સમયે! તો રમૂજમાં કહેતા કે ભગવાન આપણા માટે આ સમયે ફ્રી હોય (ગિરદી ના હોય) એટલે તેમના સાથે ડાયરેક્ટ વાતો કરી શકાય. ખૂબ શાંતિથી અને સમતાપૂર્વક પૂજા અને ચૈત્યવંદન કરતા.

મારી મોટી પુત્રી ચી. મનિષા (જે આજે આ દુનિયામાં નથી - ૬ વર્ષ પહેલા મૃત્યુ પામી છે) સ્કૂલમાં જતી. કરાટે બ્લેક બેલ્ટ હતી. જ્યારે શીખતી ત્યારે રમણભાઈ રસ્તા પર પણ કરાટે એક્શન કરે અને પૂછે કે બેટા જોજે સાસુનો સાડલો કરાટેથી ના ફાડતી. મશ્કરી કરી તેને ખૂબ જ પ્રોત્સાહન આપતા. નાના સાથે નાના થવું એવો એમનો સ્વભાવ હતો.

તેઓ પુષ્કળ રમૂજી ટુચકા કહેતા - મને યાદ છે કે અમે નોર્વેથી એક પુસ્તક લાવેલા. એમણે એ વાંચ્યું અને નોર્વે સાથે પ્રેમમાં પડ્યા. 'પાસપોર્ટની પાંખે' પુસ્તક વાંચતા એમ જ લાગે કે આપણે એ જ દેશની સફર કરી રહ્યા છીએ. મારી દીકરીના લગ્ન પ્રસંગે મને ચૂંદડી અને ચૂડી પિયરેથી મોકલે તેવી રીતે મોકલી તે કેમ ભૂલી શકાય? આવા તો કેટલાય પ્રસંગો આંખ આગળ તાદ્રશ્ય થાય છે.

પૂ. તારાબેન અમારા મંડળમાં 'શ્રી આત્મવલ્લ મંગલ મંદિર'માં અમારી સાથે ટ્રસ્ટીગણમાં છે - પૂ. રમણભાઈ હંમેશાં અમને દરેક કાર્યમાં પ્રોત્સાહિત કરતાં. મંડળની દરેક પ્રવૃત્તિમાં રસ ધરાવતાં - આજે એમનો રમૂજી સ્વભાવ - મને તો સુખડી ગાંઠિયા બહુ ભાવે - એ શબ્દો મારા કાનમાં ગૂંજે છે.

અમે 'પ્રબુદ્ધ જીવન'ની આતુરતાપૂર્વક રાહ જોઈએ. દરેક લેખમાં હરહંમેશ નવીન વિષયની સરળ રીતે છણાવટ કરી હોય. ગયા પર્યુષણ વ્યાખ્યાનમાળામાં એમનો ફક્ત અવાજ સાંભળીને હૃદય ભાવવિભોર થયેલ, હવે તેમનાં પ્રભાવશાળી અવાજ વ્યાખ્યાનમાળામાં સાંભળવા નહિ મળે તે વિચારે હૈયુ ગમગીન બને છે. દરેક વ્યાખ્યાનનો સારાંશ થોડા વાક્યોમાં કહેવો એ જ એમના જ્ઞાનની લાક્ષણિક્તા હતી.

આજે પૂ. રમણભાઈનું શરીર આપણી વચ્ચે નથી પણ આત્મા તો છે. એમણે જ આત્મા વિષે ઘણું જ્ઞાન કરાવેલ. એમની અંતિમપળોની વાતો બેન શૈલજા પાસેથી સાંભળી - પોતે જ્ઞાની અને ઋષિપુરુષ હતા તેથી તેમનો આત્મા તો જરૂરથી અને ખાત્રીપૂર્વક કહી શકીએ કે ઉચ્ચસ્થાને બિરાજમાન હશે. પ્રભુ એ આત્માને પરમ શાંતિ બક્ષો! ❖ ❖ ❖

# ડૉ. રમણભાઈનું વક્તવ્યઃ જીવનનો એક લ્હાવો

**□ ભારતીબહેન શાહ**

પૂ. રમણભાઈની વિદાયથી જૈન સમાજનો એક મહાન સિતારો ખરી પડ્યો છે. એમની ખોટ અચૂક લાગશે. એમનો એ હસતો ચહેરો, તેજસ્વી મુખ ક્યારે પણ ભુલાશે નહિ.

જૈન યુવકસંઘની વ્યાખ્યાનમાળામાં હું છેલ્લા ૩૫ વર્ષથી જાઉં છું. એકપણ વ્યાખ્યાન મેં છોડ્યું નથી. પહેલી હરોળમાં જ હું બેસું છું. દરેક વર્ષે નવા નવા વક્તાઓને જુદા જુદા વિષયો આપીને આપણી સમક્ષ એ લાવ્યા છે. આપણને સાંભળવાની એ તક મળી તે બદલ રમણભાઈનો આભાર. તેઓ વર્ષ દરમિયાન સારા વક્તાઓ લાવવા ખૂબ જ મહેનત કરતા. હું તો એક સામાન્યગણની શ્રોતા છું. ક્યારેક કોઈ વ્યાખ્યાન ન સમજાય તો પણ તે વક્તાનું વક્તવ્યને અંતે સંક્ષિપ્ત પણ માર્મિક સમાલોચના આપતા. આખી વસ્તુનો નીચોડ ખૂબ જ સરસ રીતે કહેતા. આ મંચ પરથી મને તો ઘણું જાણવા એ શીખવા મળ્યું છે, તે બદલ અંતઃકરણથી રમણભાઈનો આભાર.

તેઓ એક પ્રેમાળ, ધર્મશ્રદ્ધાળું, ઉત્તમ વિચાર ધરાવતા, ગંભીર પરગજુ અને જ્ઞાનના તો ભંડાર હતા. એમનું જ્ઞાન તો એવું હતું કે દુનિયાના કોઈપણ વિષય પર તેઓ સહજતાથી ચર્ચા કરી શકતા. આપણને કાંઈના સમજાય ને એમની પાસે ગયા હોઈએ તો એવી સરળતાથી સમજાવી દે કે આપણા દિલ દિમાગમાં એ છવાઈ જાય. હસતાં હસતાં ઘણી અઘરી સમસ્યાનો ઉકેલ લાવી દે. એમનું વ્યાખ્યાન સાંભળવું એક અનુપમ લહાવો હતો. સરળતાથી, સચોટ દાખલાઓ સાથે, કડીબદ્ધ (પોઈન્ટ ટૂ પોઈન્ટ) અને હળવી રીતે અપાતું એમનું વ્યાખ્યાન સાંભળવું એ એક જીવનનો લહાવો હતો. પ્રબુદ્ધ જીવનમાં એમનો તંત્રીલેખ વાચવાની ખૂબ મજા આવતી. એની તે રાહ જોતી ક્યારે એ પત્રીકા (મેગેઝિન) આવે? તેઓ જે વિષય પર લખે તે ખૂબ જ ઉંડાણથી, વિસ્તારપૂર્વક સમજાવતા. વ્યક્તિ માટેનો લેખ હોય તો એની બધી જ નાનીમોટી આદતો અને પ્રસંગો આલેખતા. એટલું ઝીણવટથી

લખતાં કે આપણને લાગે કે આપણે તો એ વ્યક્તિને ઓળખીયે જ છીએ. ''પાસપોર્ટની પાંખે'' પુસ્તક વાંચતા તો એવું જ લાગે કે હું તો પૂરી દુનિયાની સફર કરી આવી. આ.... જ તો એમની ખૂબી હતી.

રમણભાઈ સાથે કરેલો પ્રવાસ એ મારી જિંદગીની યાદગાર ક્ષણ બની ગઈ છે. હું એમની સાથે દોશીકાકાની આંખની હોસ્પિટલ - ચિખોદરા, આણંદની બાજુમાં આવેલી છે ત્યાં સંસ્થાની પ્રોજેક્ટનો ચેક આપવા સાથે ગઈ હતી, ત્યારે તેઓ એક દીકરીની જેમ મારી નાની-મોટી દરેક બાબતનું ધ્યાન રાખતા. ત્યાંથી અમે આજુબાજુનાં નાના-નાના ગામડાંની મુલાકાત લીધી હતી. ત્યાં આંખના ઓપરેશનના કેમ્પ રાખ્યા હતા. તેઓ દીવો પ્રગટાવીને કેમ્પની શરૂઆત કરતા. રમણભાઈ-તારાબેન દીવો પ્રગટાવે ત્યારે મને પણ બોલાવીને એ કાર્યની સહભાગી બનાવી હતી. આવું કોણ કરે? કશેક બોલવાનું હોય તો તરત જ કહે - ભારતી બે શબ્દ બોલ તારી હિમ્મત ખૂલી જશે. આવો પ્રેમ અને મમતા હવે ક્યાં મળશે.? એ પ્રવાસ તો હું મારી જિંદગીમાં ક્યારેય નહિ ભૂલું. પ્રવાસ દરમિયાન બસમાં પણ જ્ઞાન સાથે ગમ્મત કરાવતા. રસ્તો ક્યાં કપાઈ જતો એ ખબર ના પડતી. ઘણીવાર હસતાં હસતાં કહેતા કે તમે તો રાત્રે આકાશમાં તારા જુઓ છો, પણ હું તો દિવસે પણ 'તારા' જોઉં છું. ખરેખર મારા માટે તારાબેન-રમણભાઈ એક આદર્શ અને પ્રેમાળ દંપતીનું ઉદાહરણ છે.

તારાબેન-રમણભાઈ એ મારા મોટા દીકરાના (કેતન-પ્રેરણાનાં) ૧૧-૩-૧૯૯૩ જૈન વિધિ પ્રમાણએ લગ્ન કરાવ્યાં હતાં. ખૂબ જ સમજણપૂર્વક વિધિ કરાવી હતી. તે વખતે સંતાનોને પણ જૈનધર્મની મહત્તા સમજાઈ હતી. આવા મહાન દંપતીના આશીર્વાદ પામીને એમનું જીવન ધન્ય બની ગયું છે. એમનો આ ઉપકાર હું કદી નહીં ભૂલું.

પૂ. રમણભાઈ તો એક સંસારી સાધુ હતા. એમની દિવ્યદૃષ્ટિ, સરળતા, મહાનતા અને નિખાલસતા ક્યારેય નહિ ભુલાય.

મારા એમને કોટિ કોટિ વંદન......

પ્રભુ એમના આત્માને ચિરશાંતિ અર્પે. ❖ ❖ ❖

# અદનો આદમી - શ્રી રમણભાઈ

**□ નીરુબેન રાવળ અને ગિરીશભાઈ પટેલ**

મુંબઈ જૈન યુવક સંઘ દર વર્ષે ધરતી ખૂંદવા નીકળે છે. નાનાં નાના ગામડામાં, કયા ખૂણામાં દીવડા ટમટમે છે? દીવડામાં તેલ ખૂટ્યું છે, દીવડો જલતો રાખવો છે, તેને શોધવાનું કામ આ સંઘનો આદર્શ.

આવો ભમતો સંઘ એક દિવસ ખાખરિયા ટપ્પાના નાનકડા હાજીપુર ગામમાં આવી પહોંચ્યો. નીરુબેન, કોઠારીભાઈ, મીનાબહેન, ઝવેરીભાઈ અને રમણભાઈ. સાવ સાદા, સરળ અને નમ્ર એવા રમણભાઈ. સૌપ્રથમ મિત્રો સાથે મંથનના દરવાજામાં પ્રવેશ્યા. ચોકીદાર સાથે વાતચીત કરી, મંથનના કાર્યાલયમાં આવ્યા. નમ્રતાથી બોલ્યા, ''નિરુબેનને મળવું છે,'' હું ત્યાં હાજર હતી. મેં તેમને આવકાર્યા. પ્રાથમિક શિષ્ટાચાર બાદ તુરત જ તેમણે કહ્યું, ''આ તરફ આવ્યા હતા આપની સંસ્થા વિશે સાંભળ્યું હતું તેથી થયું આપને તથા આપના બાળકોને મળીએ.'' તેમના શબ્દોમાં ઈંતેજારી તથા ભાવના પ્રગટતા હતા. અમે સંસ્થા દર્શનમાં ગયા. સંસ્થા દર્શન ખૂબ જ રસપ્રદ રીતે કરતા જાય, બાળકોને મળતા તે પૂછતા હતા, ''ક્યાંથી આવો છો! તારું નામ શું છે? આવું જન્મથી જ છે કે કેમ? કુટુંબમાં કોણ કોણ? અહીં ક્યારથી છો? અહીં ફાવે છે? મધુરવાણીમાં બાળકોને પૂછતાં જાય અને માથે હાથ મૂકતાં જાય. જાણે પોતાના સ્વજનને મળતા ના હોય! હસતાં હસતાં જ વહાલથી વાત કરવી, વહાલથી વાત કરવાની એમની છટાથી સૌ પ્રભાવિત થયા. સાથે આવેલ સૌ મિત્રોને પણ તેમની આ છટામાં રસ પડતો હોય તેમ સૌ તેમાં ટાપસી પૂરતાં એક એક વિભાગને, એક-એક કાર્યને અને વનસ્પતિને પણ તેઓ નિહાળતા જતા હતા. સાથે સાથે કુદરત અને બાળકોના સમન્વયને સમજાવતા હતા. બાળક અને એમાંય વિકલાંગ બાળકને આપણે કેવી રીતે સાચવવા, તેમને શ્રેષ્ઠ પ્રેમ આપવો, વળી તેને બધા જ બાળકો કરતા વધારે પ્રેમ કરવો તે તેમની સાથેનાં સંવાદ હજીએ મને યાદ છે. તેમની એ મુલાકાત તથા બાળપ્રેમ મારા સેવાયજ્ઞનો મહામૂલો સંદેશ છે. સંસ્થામાંથી સૌએ વિદાય લીધી. અને ટૂંક સમયમાં જ સંઘમાંથી પત્ર આવ્યો કે પર્યુષણ વ્યાખ્યાન માટેની ૨૦૦૧-૦૨ સાલ માટે અમોએ આપની સંસ્થાની પસંદગી કરી છે. આ તેમની દીર્ઘદૃષ્ટિ છે. તથા સમાજના કાર્યકર્તાઓના કાર્યમાં કાર્યના દીવડામાં તેલ પૂરવાની અનોખી અદા.

બાળકો સાથે મુંબઈ વ્યાખ્યાનમાળામાં જવાનું થયું. સૌ સંઘના સ્વજનોએ બાળકોને પ્રેમ અને હૂંફ પૂરા પાડ્યા. નીરુબેન, ચંદ્રકાન્તભાઈ, રમાબેન, રમણીકભાઈ વગેરે સ્વજનોએ તો બાળકોને તેમનાં ઘરે લઈ ગયા અને સાથે ભોજન પણ લીધું. આવો આ સંઘ પરિવારનો પ્રેમ અંતરિયાળ ગામડાંના ગરીબ વિકલાંગ બાળકોને મળ્યો. બાળકોને આર્થિક સહાય ઘણી સારી મળે તે માટે રમણભાઈ એ અમારા બાળકોની જે બનાવટો છે તેનું ત્યાં પ્રદર્શન ભરવા પણ સૂચન કર્યું. તેમની બનાવટને લોકો સમક્ષ મૂકતાં અને લોક હૈયા સુધી એમની વેદનાને પહોંચાડતા, બાળકોને બિરદાવતા. જેના પરિણામે વ્યાખ્યાનમાળાના તમામ વર્ષોમાં સૌથી શ્રેષ્ઠ નાણાંકીય સહાય મંથનને મળી. એટલું જ નહિ, બાળકોની વિદાય વખતે સૌ સ્વજનોએ બાળકોને એટલો બધો પ્રેમ આપ્યો છે કે મુંબઈ છોડતાં બાળકોની આંખો અશ્રુભીની થઈ ગઈ.

સંઘ પરિવાર સાથે રમણભાઈ દાન રૂપે મળેલ ચેક એનાયત કરવા આવ્યા ત્યારે પણ તેમના સાક્ષર અને વિદ્વાન પત્ની તારાબેનને પણ સાથે લાવેલા. વિકલાંગ બાળાઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળીને મુરબ્બી શ્રી તારાબેને પણ બાળકો માટે ખૂબ જ ઉપયોગી એવું પ્રવચન આપ્યું. સૌ શ્રોતાની આંખમાં આંસુ આવી ગયા. બંને દંપતીના હૃદયમાંથી મારા બાળકો માટે પારાવાર સ્નેહ અને લાગણી નીતરતા હતા. તેમનો આ પ્રેમ હરહંમેશ મંથન પરિવારમાં જીવંત રહેશે. જ્યારે જ્યારે મુંબઈ જવાનું થાય ત્યારે તે હંમેશાં કહેતા-બહેન તમે વ્યાખ્યાનમાળામાં હાજરી આપો છો, અને સૌને મળો છો તે ખૂબ જ ગમે છે. સંબંધ મોટી મૂડી છે. સંસ્થાના બાળકોના સમાચાર પણ પૂછતાં, બાળાઓના વિકાસ અંગે પૂછપરછ કરતાં અને કેટલીક બાળાઓના નામ સાથે સમાચાર પૂછતાં. આવો પ્રેમ એમના હૃદયના ઊંડાણનો સૌ બાળાઓ માટે હતો, જે માનવ માટે ઉદાહરણરૂપ બની રહેશે.

મંથન - અપંગ કન્યાસેવા સંકુલ, હાજીપુર

# પૂ. રમણભાઈ - પ્રેરક, વંદનીય વ્યક્તિત્વ

☐ મંગલા અભયકાંત મહેતા (U.K.)

જીવન પછી મૃત્યુ તો છે જ, પણ ડૉ. રમણભાઈ શાહ જેવી વ્યક્તિ તો અમરત્વ પ્રાપ્ત કરી લે છે. એમનું જીવન એટલે એક સફળ મનુષ્યત્વ! હજારો લોકોએ એમની પાસેથી પ્રેમ અને પ્રેરણા મેળવી હશે. પૂ. તારાબેન અને રમણભાઈનું ઉમદા સહજીવન એટલે વાંચન, મનન, ચિંતન અને લેખનથી શણગારેલાં ફૂલોની બનેલી હારમાળાની સુગંધ !

લગભગ ૪૭ વર્ષના તેમના પરિચયે અમારા જીવનમાં પણ સુગંધ ફેલાવી છે. ૧૯૫૮ થી હું અને બીજા વર્ષે મારી બેન સુધા સોફિયા કૉલેજમાં ભણવા આવ્યા ત્યારથી તેમની સાથેનો પરિચય વધતાં વધતાં એક કુટુંબપ્રેમ રૂપે પરિણમ્યો છે. નાઇરોબી (કેનિયા) કે લંડન (U.K.) આવે એટલે અમને યાદ કરે અને અમે હોંશેહોંશે એમને મળવા જઈએ ! ક્યારેક અમારી સાથે પણ રહે ! બન્ને જગ્યાએ એમના ધાર્મિક પ્રવચનો યોજાય એટલે ત્યાંના ધર્મપ્રેમી ભાઈ–બહેનોને એ અપૂર્વ લાભ મળતો. લેસ્ટરમાં જ્યારે દેરાસર બંધાણું ત્યારે ડૉ. નટુભાઈ શાહે ડૉ. રમણભાઈને માર્ગદર્શન માટે બોલાવેલા અને એ ત્રણેક મહિના દરમ્યાન લંડનમાં અમારા રાજચંદ્ર સત્સંગ મંડળમાં અવારનવાર પધારી, સ્વાધ્યાય કરાવતા ત્યારે તેમની સાથે ધર્મના વિવિધ પ્રશ્નો ચર્ચાતા, જેમાંથી ધર્મનું ઉંડું જ્ઞાન સાથે ધર્મ તરફ રૂચી પણ કેળવાતી ! જૈનધર્મ અને તીર્થંકર ભગવંતો પ્રત્યેનો ગાઢ પ્રેમ એમની વાણીમાંથી અવિરત નીતરતો !

૧૯૯૨માં તેઓ અમને સાયલા શ્રીમદ્ રાજચંદ્રના આશ્રમમાં મળવા આવ્યા હતા ત્યારે તેમને અમારા શ્રીગુરુ પ. પૂ. બાપુજી સાથે પરિચય થયો. હીરાપારખુ પૂ. બાપુજીએ એમને શ્રી યશોવિજયજી કૃત 'અધ્યાત્મસાર'નું ગુજરાતીમાં અનુવાદન કાર્ય તેમને સોંપ્યું. તે તેમણે એમનું અત્યંત વ્યવસાયી જીવન છતાં પ્રેમથી સ્વીકાર્યું ! પછી તો 'જ્ઞાનસાર'નું લખાણ પણ થયું. એ બતાવે છે કે તેમનો જૈનધર્મ પ્રત્યેનો પ્રેમ કેટલો ઉત્કૃષ્ટ હતો ! બન્ને ગ્રંથના લખાણાર્થે તેઓ મુંબઈના ધમાલિયા, અતિ વ્યસ્ત જીવનમાંથી નિવૃત્તિ લઈ વર્ષમાં ત્રણેક વાર સાયલા આવતા. આશ્રમવાસીઓ પણ એમના જ્ઞાનનો લાભ લેતા અને એમનું પ્રવચન યોજાય તેની રાહ જોતા ! ત્યાંના નોકર–ચાકરોનો પ્રેમ પણ એમને મળ્યો હતો; બધા એમનું કામ કરવા તત્પર રહેતા.

પૂ. રમણભાઈનો પ્રવાસશોખ તો ગજબનો હતો ! મોટા ભાગના બધાં માણસો તો 'હોલી ડે' કરી આવે પણ શું જોયું, જાણ્યું ને મેળવ્યું કે માણ્યું એની તેમને પોતાનેય ખબર ન હોય ! રમણભાઈ તો પૂરા અભ્યાસી, એટલે જે જ્યાં જાય તે દેશની દરેક વિગતો, ઇતિહાસ, ભૂગોળ, લોકો, તેમની સંસ્કૃતિ, ખાસિયતો વગેરે બરાબર જોઈ, તપાસે અને તારવણી કરે ! દરેક 'પાસપોર્ટની પાંખે'ના વાચકને આનો ખ્યાલ આવ્યો હશે. એમની સાથે પ્રવાસ કરવો એટલે એક લહાવો ! સાહસ અને આનંદ ! (U.K.) માં માન્ચેસ્ટર, લેક ડિસ્ટ્રિક્ટ અને ધ્રુવ પ્રદેશના આઇસલેન્ડ તેમ જ મારા પતિ અભય સાથે નોર્વેની તેમ જ ભારતમાં શંખેશ્વર અને પાલિતાણાની જાત્રાઓ અમારા માટે અવિસ્મરણીય બની રહેશે ! બીજા અમુક દેશોમાં જવાની પ્રેરણા અને ઉત્સુકતા અમને એમના પ્રવાસલેખોમાંથી મળી હતી. એમના પ્રવાસ લેખો ન વાંચ્યા હોત તો અમે ત્યાં કદાચ ન ગયાં હોત ! 'પ્રબુદ્ધ જીવન'ના એમના અગ્રલેખોમાં જે 'પર્સનલ ટચ' છે એથી વાંચવા બહુ ગમે છે અને આત્મિયતા લાગે છે ! જાણે આપણી સાથે બેસી વાતો કરતા હોય ! અમારા લંડનના સત્સંગમાં 'પ્રબુદ્ધ જીવન'ના લેખો, ખાસ કરીને ધર્મવિષયક લેખો ઘણીવાર વંચાય છે અને જ્ઞાન સાથે આનંદ મળે છે.

શું લખવું અને શું નહીં ? પૂ. રમણભાઈ સાધુ ન બન્યા પણ સાધનામય જીવન જીવી ગયા ! એટલે જ એમનું મૃત્યુ પણ મહોત્સવ જ બની ગયું ! તારાબેન અને એમના પરિવારના પરિચયથી અમારું જીવન ધન્ય બન્યું છે અને અમારા સમગ્ર જીવનમાં પૂ. રમણભાઈનું સ્મરણ પ્રેરણા અને ઉત્સાહ આપતા રહેશે !

❖ ❖ ❖

# જૈન સાહિત્યના આત્માનુભવી સાક્ષર

☐ નરેશ શાહ, મીના શાહ (U.S.A.)

શ્રી રમણભાઈનો પ્રથમ પ્રત્યક્ષ સ્વાનુભવ સને ૧૯૮૮માં તેમના અમેરિકાના પ્રવાસ પ્રવચન અને વાર્તાલાપમાં થયેલ. Jain Centre of New Yearમાં તેમની આગવી શૈલી અને તલસ્પર્શી ચિંતનથી અમો પ્રભાવિત થયાં જે અમારું સૌભાગ્ય છે. સ્વ. રમણભાઈનું જૈન ધર્મના પ્રચાર અને પ્રસારમાં અમૂલ્ય યોગદાન છે. જૈન સેન્ટર ના પાઠ્યપુસ્તકોમાં તેઓએ અત્યુત્તમ ફાળો આપી જૈન શાસનની પ્રભાવના કરેલ છે. અમને પ્રસંગે પ્રસંગે તેમનું માર્ગદર્શન પ્રાપ્ત થાતું જેના અમે અત્યંત ઋણી છીએ. ધર્મ જેવા ગંભીર વિષયમાં તેમની શૈલી સુંદર, સચોટ, સરલ અને સહજ હતી. તેઓ જૈન સાહિત્યના આત્માનુભવી સાક્ષર હતા. વિદ્યાલયથી માંડી, સર્વે ધાર્મિક પ્રવચનોમાં તેમની વિતરાગે વાણી ચેતન-સ્પર્શી હતી. શ્રી રાકેશભાઈ ઝવેરી જેવા બહુશ્રુત અને અનેકના ગુરુસ્થાને બિરાજમાન વ્યક્તિ તેમના વિદ્યાર્થી હતા. આ હકીકતનું સમર્થન આપે છે કે તેઓ કેટલા જ્ઞાની હતા. આગમના અભ્યાસી હતા... અને શાસનદેવના સેવક હતા. શાસનનો મર્મ અને અર્ક શાસ્ત્રમાં છે તે આવા જ્ઞાનીઓ સમર્થ રીતે સમજાવે છે. આવા સ્વ. રમણભાઈની ઉણપ અને ખોટ સર્વને સાલવાની.

જૈન સમાજને સ્વ. રમણભાઈએ ઉત્તમ કોટીનું સાહિત્ય-ધન અર્પણ કરેલ છે. તેમની અપરિગ્રહની ભાવના અનુમોદનીય છે કે તેમના સાહિત્યના Copy-Right રાખેલ નહિ. કારણકે તેઓ વ્યાપારિક ધોરણે કામ નોતા કરતા પરંતુ સાક્ષાત સરસ્વતી સ્વરૂપે અલૌકિક પ્રસાદ સર્વને આપતા હતા. 'પ્રબુદ્ધ જીવન'માં તંત્રી તરીકે તેઓનું આગવું સ્થાન હતું.

વિતરાગ દેવના નિરૂપિત સત્ તત્વના પ્રચાર, પ્રસાર, પ્રવચન અને તેમના દૃઢ સંસ્કારો અને આત્મિક ઉન્નતિ માટે તેઓ સદા જાગૃત હતા. શિક્ષણશિબિર અને ધર્મચિંતનમાં તેઓનું અદ્ભુત યોગદાન હતું.

તેમના સદ્ગત્ આત્માને સત્દેવ, ગુરુ અને ધર્મના આશ્રયે સત્વર નિ:શ્રેયસ દશા સંપ્રાપ્ત થાય તેવી પ્રભુને મંગલ કામના. જૈન સેન્ટર (N.Y.) વતી અમો તેમના સર્વ કુટુંબીજનો અને સંસ્થા પ્રત્યે હાર્દિક સંવેદન વ્યક્ત કરીએ છીએ.

**Jain Centre** - New York, U.S.A.

# ઉત્કૃષ્ટ કલ્યાણ મિત્ર

□ વિજય દોશી

જૈન સ્ટડી ગ્રુપ ઓફ શાર્લોટ,
શાર્લોટ, નોર્થ કેરોલાઇના, યુ.એસ.એ.
અમારા સંઘ વતી શ્રદ્ધાંજલિ...

મુરબ્બી શ્રી રમણભાઈનાં દેહવિલયનાં સમાચાર, અમારા સંઘને માટે એક ધર્મમિત્ર, વિદ્વાન, વિવેચક તથા જૈન ધર્મનાં સૂક્ષ્મ વિષયોને સરળ બનાવી, પોતાની વિશિષ્ટ શૈલીમાં સમજાવનાર, એક ઉત્કૃષ્ટ કલ્યાણ-મિત્ર ગુમાવ્યા બરોબર છે. અંગત રીતે, પ્રો. રમણભાઈ મારા St. Xavir's College માં ગુજરાતી વિષયનાં પ્રાધ્યાપક પણ હતા. મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા પ્રગટ થતી વ્યાખ્યાન માળાની કેસેટો, છેલ્લા વીસેલ વર્ષોથી પર્યુષણ દરમ્યાન નિયમિત રીતે અમારા સંઘમાં અમો સૌ સાંભળતા આવ્યા છીએ. પૂ. શ્રી રમણભાઈનું વ્યાખ્યાન અંગેનું વિવેચન, અમારા સંઘના સર્વ સભ્યોનાં હૈયે વસેલું છે. તેઓ જાણે અમારા એક ખૂબ પરિચિત વ્યક્તિ બની ગયા છે.

કાશ ! આગામી વર્ષોમાં તેઓનો અવાજ, તેમનું વિશ્લેષણ તથા ધાર્મિક વિષયો પરનું અમૂલ્ય વિવેચન શું સાંભળવા નહીં મળે? મન જાણે માનતું જ નથી. પૂર્વ વર્ષોની કેસેટો કેટલી અમૂલ્ય છે તેનું સચોટ દર્શન તાદશ થઈ આવ્યું ! ભાવથી શ્રી રમણભાઈનું સાન્નિધ્ય માણતાં જ રહીશું. તેઓનો તો ફક્ત દેહથી જ વિલય થયો છે ને !

વિજય દોશીનાં
આત્મભાવે વંદન

❖ ❖ ❖

# સૌજન્યશીલ સાક્ષર

□ ડૉ. બહેચરભાઈ પટેલ

સ્નેહી મુ. પ્રા. ડૉ. રમણભાઈ શાહના દુ:ખદ નિધનના સમાચાર જાણી હું ઘડીક તો શોકસંમૂઢ થઈ ગયો. આવા સૌજન્યશીલ, વિદ્યાવંત અને શીલવંત વિદ્વાનની ચિરવિદાય રડાવી દે એવી છે. અમારી પેઢીના મુરબ્બીઓ એક પછી એક વિદાય થતા જાય છે એ દુ:ખદ છે. મુ. ડૉ. અનામીસાહેબ અને ડૉ. મધુરમ સાહેબ એ બંને મુરબ્બીઓના એ ખાસ મિત્ર. એ બંનેને કારણે અને સંશોધન-અધ્યયન અને અધ્યાપકીય વ્યવસાયને કારણે એ પણ મારા સ્નેહી મુરબ્બી મિત્ર બની રહ્યા હતા. પેલી મુરબ્બી ત્રિપુટીમાંથી એ મહેફિલ છોડીને ચાલ્યા ગયા એથી હૃદય વેદનાથી ભરાઈ ગયું. આવા સ્નેહાળ સજ્જન અને સંનિષ્ઠ વિદ્વાન પ્રાધ્યાપક અને દાર્શનિક અભિગમ ધરાવતા લેખક આ યુગમાં સુલભ નથી. એથી જ તો એમની ચિરવિદાય વિશેષ વસમી થઈ પડે છે.

એમની શૈક્ષણિક કારકિર્દી ઉજ્જવળ હતી. મનસુખલાલ ઝવેરી જેવા વિદ્વાન વિવેચક પ્રાધ્યાપકના એ પ્રિય શિષ્ય. પણ ડૉ. રમણભાઈએ વિવેચક કરતાંય સંશોધક થવાનું વિશેષ પસંદ કર્યું. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના એ સંમાન્ય સંશોધક - વિવેચક. એમાંય જૈન સાહિત્યના તો એ ગણમાન્ય નિષ્ણાત. આજે જ્યારે મધ્યકાલીન સાહિત્યના નિષ્ણાતો અને સંશોધકો ખાસ રહ્યા નથી, ત્યારે અમારા જેવા મધ્યકાલીન સાહિત્યમાં કામ કરનારા માણસોને એમની ખોટ બહુ સાલે. હું એમને મારાં 'સંશોધન અને અધ્યયન', 'આવિષ્કાર', 'પ્રભાવ' જેવાં સંશોધન લેખસંગ્રહનાં પુસ્તકો મોકલાવું, ત્યારે એમનો મારી પીઠ થાબડતો પ્રેમપત્ર અવશ્ય આવે જ. અમારો નાતો આ સંશોધન-અધ્યયન વિવેચનનો હતો, અને તે મધુર હતો. એમના સંબંધમાં જીવનનું માધુર્ય જ અનુભવાય.

ડૉ. રમણભાઈ ડૉક્ટરોના પણ ડૉક્ટર હતા. પીએચ.ડી.ના માર્ગદર્શક તરીકે એમણે પ્રશસ્ય સેવા આપી છે. વિદ્યાર્થીને સાચું માર્ગદર્શન આપે, હૂંફ આપે, પ્રોત્સાહન આપે, અપાર સહાનુભૂતિ દાખવે. એ ઉત્તમ કામના આગ્રહી, પણ અમારી જેમ ઉગ્ર ન બને. એમની ઉષ્મા દઝાડે નહિ. ભાગ્યશાળીને આવા 'ગાઈડ' મળે. એ વિદ્યાર્થીના 'ફ્રેન્ડ, ફિલોસોફર એન્ડ ગાઈડ' બની રહે. એમના જ નહિ બીજાના વિદ્યાર્થીને પણ મદદરૂપ થાય. પીએચ.ડી.ના પરીક્ષક તરીકે પણ આદરપાત્ર. કેટલાક પરીક્ષકો અસહ્ય વિલંબ કરે છે. પણ ડૉ. શાહસાહેબ ખોટો વિલંબ ન કરે અને વિદ્યાર્થીને સમ્યક્ ન્યાય કરે. વિદ્યાર્થીનું પરિણામ પોતાને કારણે અટકે કે વિલંબમાં પડે એવું ન બનવા દે. મારી પીએચ.ડી.ની વિદ્યાર્થિની પ્રા. ડૉ. પ્રતિભા શાહનો મહાનિબંધ એમની પાસે પરીક્ષણ માટે ગયો હતો. એમને અમેરિકા જવાનું હતું. બીજા કોઈ પરીક્ષક હોત તો, અમેરિકા જઈ આવ્યા પછી નિરાંતે 'થિસિસ' તપાસે ને 'વાઈવા' પણ પછી લે. એમાં મહિનાઓ વીતી જાય, ને પરિણામ લટકતું રહે. પણ આ તો શાહસાહેબ, એમણે તો સમયસર હેવાલ મોકલાવી દીધો અને સાથે સાથે 'વાઈવા' માટેની અશક્તિનો પત્ર પણ લખી દીધો એટલે વૈકલ્પિક વ્યવસ્થા થઈ ને સત્વરે પરિણામ જાહેર થઈ શક્યું. આ એમની માર્ગદર્શક શિક્ષક અને પીએચડીના પરીક્ષક તરીકેની નમૂનેદાર નિષ્ઠા!

એમણે અધ્યાપક તરીકે ઉજ્જવળ કારકિર્દી ઘડી. અમદાવાદ અને મુંબઈની કૉલેજોમાં અધ્યાપક - પ્રાધ્યાપક તરીકે ઉત્તરોત્તર પ્રગતિ કરી મુંબઈ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક - અધ્યક્ષપદ શોભાવ્યું. એમની સેવા પ્રશસ્ય હતી. શિક્ષણજગતનાં કોઈ દૂષણ એમને સ્પર્શી શક્યાં નહિ. પુરુષાર્થ અને નિષ્ઠાથી આગળ વધ્યા. મહેનત કરવામાં પાછા ન પડ્યા. શિક્ષણ, સાહિત્ય, પત્રકારત્વ, સમાજ અને ધર્મ ક્ષેત્રે સંનિષ્ઠ સેવા આપતા જ રહ્યા. એમનો કર્મયોગ અને ધર્મયોગ આદરપાત્ર. ધર્મથી વિરુદ્ધ એ કશું જ કરતા નહીં. એ ધીર-ગંભીર અને સૌજન્યસભર વ્યક્તિ હતા. એથી સૌના આદરપાત્ર રહ્યા. યુવકોના આદર્શ બન્યા. એમની સફળ કારકિર્દીમાં એમનાં શ્રીમતી પ્રા. તારાબહેનનો સહયોગ સધાતાં સોનામાં સુગંધ ભળી. આપણાથી આનંદભેરી પેલી કલાપીની કાવ્યપંક્તિ બોલી જવાય!

'અહો, કેવું સુખી જોડું કર્તાએ નીર્મ્યું દીસે.....' અને એમની ચિરવિદાયથી એ પ્રસન્ન, મધુર અને વિદ્વત્તાપૂર્ણ દામ્પત્ય ખંડિત થયું તેની વેદના પણ ગમગીન કરી મૂકે છે. આ કર્મવિપાક નથી, પણ કાળની ગતિ છે.

ડૉ. રમણભાઈ પ્રા. મનસુખલાલ ઝવેરીના જેવા પ્રબળ વાગ્મી ન હતા. પણ ખૂબ અભ્યાસી, નિખાલસ અને સરળ મધુર વક્તા હતા. એ સ્વસ્થ અને સમતોલ વિધાનો કરે. ઉગ્રતા જરાય નહિ ને નમ્રતા અભિભૂત કરે એવી. તારાબહેનની વાગ્મિતા આંજી નાખે એવી. એથી એક મંચ ઉપરથી બેઉને સાંભળીએ ત્યારે લાગે : અન્યોન્ય કેરી ન્યૂનતા પૂરે અનુગુણ દંપતી. શું જીવનમાં, કે શું સાહિત્ય-શિક્ષણમાં એમનું પરસ્પર, સહાયક અને પરસ્પર પોષક-પૂરક યુગ્મ - આદર્શ ગણાય એવું હતું. એ ઉભયની દીર્ઘ સાહિત્ય-શિક્ષણ-સમાજસેવા પણ ઐતિહાસિક રીતે નોંધપાત્ર છે.

મુ. શ્રી રમણભાઈ માનવ - સંબંધના સ્નેહાળ સજ્જન હતા. અમારા કહેવાતા સાક્ષરોનાં માનવીય અપલક્ષણો એમનામાં ન મળે. એમનો માનવીય અભિગમ આકર્ષે. પત્રનો ઉત્તર સત્વરે ને સ્પષ્ટ આપે. પુસ્તક ભેટ મોકલીએ, તો તેની પહોંચ સાથે એમનું કર્થાયિતવ્ય પણ

હોય. વર્ષો પછી મળે તોય અજાણ્યા ન બને, ઉમંગભેર ઉમળકાથી ભેટી પડે. અમદાવાદમાં એમનું સન્માન હતું. હું તો છાપામાં વાંચીને જ ગયો હતો. હું એમના પ્રતિ જાઉં ત્યા તો એ જ ધસી આવ્યા અને આશ્ચર્યાનંદ ભેટી પડ્યા! આવું સ્નેહભર્યું મિલન વર્ષો સુધી વાગોળવા ચાલે. તેઓ, અજાતશત્રુ અને સર્વમિત્ર સદ્‌ગૃહસ્થ હતા.

'પ્રબુદ્ધ જીવન'નાં તંત્રી તરીકેની તેમની સેવા કેમેય નહિ વિસરાય. સ્વ. ચીમનભાઈ ચકુભાઈના એ સબળ અનુગામી બન્યા. ધર્મ - જીવન - ચિંતન સાથે જૈન સાહિત્ય અને સાહિત્ય - કલા - વિવેચન - રેખાચિત્રાદીને પણ મહત્ત્વ આપ્યું. ડૉ. અનામી સાહેબની સાહિત્યપ્રસાદી તો ખરી જ, મારા જેવા કેટલાક મિત્રોને પણ એમાં લખતા કર્યા. પાછા તંત્રી તરીકે પણ તટસ્થ ને ઉચ્ચગ્રાહી. મેં એકવાર સૂચન કર્યું કે હું 'ઉત્તરાધ્યયન' પર લખું, તો મને સ્પષ્ટ કહ્યું કે એ વિષે તો અમારા વિદ્વાન મુનિઓ અને સુજ્ઞ જૈન ભાવકો વિશેષ અધિકારી છે. એમણે 'પ્રબુદ્ધ જીવન'ને જૈન ધર્મ - સાહિત્ય - તત્ત્વજ્ઞાનથી વિશેષ જીવનપ્રબોધક બનાવ્યું, ને જૈનેતર જિજ્ઞાસુઓને પણ રસિક જીવનપાથેય પીરસ્યું. એ એમનું સ્મૃતિસ્મારક બની રહ્યું. એમની ધર્મ - સાહિત્ય સેવાનું એ માધ્યમ હતું.

સાહિત્યક્ષેત્રે એમના સંશોધન-અધ્યયન વિવેચનના ગ્રંથો તો ગણનાપાત્ર છે જ. પણ પ્રવાસ સાહિત્યમાં એમનું પ્રદાન ઐતિહાસિક ચિહ્ન જેવું બની ગયું. આપણા પ્રાશ્ચાત્ય દેશોના પ્રવાસ ગ્રંથોમાં એમનો 'પાસપોર્ટની પાંખે' પ્રવાસગ્રંથ એની સાંસ્કૃતિક માહિતી અને સાહિત્યક ભાષાશૈલીને કારણે એક સીમાસ્તંભ જેવો બની રહ્યો. આપણા પ્રવાસ - સાહિત્યનો આલેખ એના ઉલ્લેખ વિના અપર્યાપ્ત ગણાય. એમ જ એમનાં રેખાચિત્રો પણ અધિકૃત અને સ-રસ છે.

એમણે સાહિત્યિક, શૈક્ષણિક, સામાજિક ને સાંસ્કૃતિક સેવાથી જીવનને ઉજ્જ્વળ કર્યું અને જે તે ક્ષેત્રમાં સ્મરણીય પ્રદાન કર્યું. જૈન સમાજને એમણે 'પ્રબુદ્ધ જીવન' અને 'પર્યુષણ વ્યાખ્યાનમાળા' જેવી અનેકવિધ સેવા દ્વારા ચિરંજીવ પ્રદાન કર્યું અને બબ્બે પેઢીઓના જીવનઘડતરમાં ફાળો આપ્યો. સાહિત્ય-શિક્ષણ ક્ષેત્રે પણ વિદ્યાર્થીઓને અધ્યાપકોની પેઢીઓના ઘડતરનું કાર્ય કર્યું. એ એક સનિષ્ઠ શિક્ષક અને ઉપદેશક હતા. સ્નેહાળ સૌજન્યના સ્વામી હતા, વિદ્યાવંત અને શીલવંત સાક્ષર હતા. જૈન ધર્મ - સાહિત્યમાંનું એમનું પ્રદાન કેમેય નહિ ભૂલાય. કેવો પારદર્શક અને પવિત્ર માનવ-આત્મા હતા એ! એવા નિરભિમાની, સંનિષ્ઠ, સીધા-સાદા, સૌમ્ય અને સૌજન્યશીલ સાક્ષરને સાદર વંદન!

❖ ❖ ❖

# ગૃહસ્થી સંત રમણભાઈ

☐ નટવરભાઈ દેસાઈ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રાણસમા આદરણીય રમણભાઈ પ્રકાંડ વિદ્વાન તથા એક આદર્શ વ્યક્તિ હતા. તેઓ સ્પષ્ટવક્તા તથા નિખાલસ સ્વભાવના હતા. તેમની સાદાઈ, સરળતા તથા સચ્ચાઈ કોઈને પણ સ્પર્શી જાય તેવી હતી. આડંબરરહિત, ખૂબ જ વાસ્તવિક દૃષ્ટીવાળા રમણભાઈ તેમની વિદ્વતાનો દેખાવ કર્યા વિના ખૂબ હળવાશથી પોતાનું મંતવ્ય રજૂ કરતા. વર્ષો સુધી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન તથા તેમણે સંચાલન પ્રમુખ તરીકે કર્યું. અનેક વિદ્વાન વક્તાઓને જુદા જુદા વિષય આપી અત્યંત સુંદર પ્રવચન ગોઠવ્યા અને આખા મુંબઈમાં આ વ્યાખ્યાનમાળા અત્યંત લોકપ્રિય થઈ તેનો પૂરો યશ સદ્‌ગત્ રમણભાઈને ફાળે જાય છે.

તેમનો સમગ્ર પરિવાર પણ વિદ્વતાને વરેલો છે અને તેમનાં પત્ની આદરણીય તારાબેન તથા તેમના દીકરી શૈલજા પણ અભ્યાસી તથા જ્ઞાની છે.

સદ્‌ગત્ રમણભાઈમાં રમૂજવૃત્તિ હતી તે તેમની શ્રદ્ધાંજલિ સભામાં તેમના પુત્ર તથા પુત્રીના વક્તવ્યથી જાણ્યું અને તેઓ નવા નવા રમૂજી ટુચકાઓ અને દૃષ્ટાંતોના ચાહક હતા તે જાણી ખૂબ આનંદ થયો. શૂષ્ક વિદ્વતા નીરસ લાગે પરંતુ તેમાં થોડી હળવી વાતો તથા હાસ્યને વણી લેવામાં આવે તો જનસામાન્યને તેમાં રસ પડે. સદ્‌ગત્ રમણભાઈમાં આ ખૂબી હતી.

મારો તેમની સાથેનો અંગત પરિચય ખુબ જ ટૂંકો હતો અને તે પર્યુષણ વ્યાખ્યાન દ્વારા થયેલ. પરંતુ મને તેમના પ્રત્યે આદરભાવ હતો અને મને પણ તેમના તરફથી હંમેશાં નિસ્વાર્થ પ્રેમ મળેલ તે મારું સદ્‌ભાગ્ય હતું. સમાજમાં આવી આદરપાત્ર વ્યક્તિ ખૂબ જૂજ હોય છે. અને તેમની વિદાય આપણને સૌને વસમી લાગે તે સ્વાભાવિક છે. પરંતુ તેમની સુવાસ અને યાદ હંમેશાં આપણી સ્મૃતિમાં રહેશે. તેમની સાથે તૈયાર થયેલ અન્ય ભાઈબહેનો તેમના બતાવેલા માર્ગે આગળ વધશે તો તેમના પૂણ્યાત્માને સાચી શ્રદ્ધાંજલિ આપી કહેવાશે.

❖ ❖ ❖

# એક કર્મયોગીનું 'જિનતત્ત્વ'

☐ ડૉ. હસમુખ દોશી

સદ્‌ગત શ્રી ચીમનલાલ ચકુભાઈને જીવનમાં મેં એક જ વાર જોયેલા, તેઓ કદાચ છેલ્લી વાર રાજકોટ આવેલા ત્યારે તેમનું એક જાહેર વ્યાખ્યાન યોજાયેલું. સ્વર્ગસ્થ રમણભાઈને કારણે હું એ સભામાં ગયેલો. ત્યારે ચીમનભાઈએ ગાંધીજી વિશે એક સરસ વિધાન કરેલું. તેમણે કહ્યું કે ગાંધીજીના જીવનમાં મહાવીરની અહિંસા અને શ્રીકૃષ્ણના કર્મયોગનો અભૂતપૂર્વ સમન્વય થયેલો હતો. ગાંધીજી મહાવીરની જેમ અહિંસાના પરમ ઉપાસક હતા, પણ એ સાથે તેઓ શ્રીકૃષ્ણની માફક સાચા કર્મયોગી પણ હતા. સામાન્ય રીતે જૈનધર્મ કોઈપણ કર્મને બન્ધન ગણે છે, પરન્તુ ગાંધીજીએ જીવનભર અહિંસાની સાથે અનાસક્ત કર્મયોગની ઉચ્ચ સાધના કરેલી. સ્વર્ગસ્થ રમણભાઈ શાહનાં જીવનમાં પણ મને હંમેશાં આવો સુયોગ જોવા મળેલો. તેઓ મહાવીરના પરમ ઉપાસક હતા એટલે મન, વચન, કાયાથી અહિંસાને વરેલા હતા. જીવનભર મેં અનેક જૈનોને જૈનધર્મના સૂક્ષ્માતિસૂક્ષ્મ ક્રિયાકાંડો કરતા જોયા છે. સામાયિક, પ્રતિક્રમણ, પૂજાપાઠ, ઉપવાસ વગેરેની સાથે મર્યાદિત પ્રમાણમાં અપરિગ્રહ વ્રતનું પાલન કરતા નિહાળ્યા છે, પણ તેમાંથી ભાગ્યે જ કોઈ ઊંડી ને સાચી સમજણપૂર્વક જૈનધર્મને તેના યથાર્થ સ્વરૂપે સમજી શકતા હશે. જૈનધર્મ એટલો તો ગહન છે અને તેનાં સિદ્ધાંતો એટલા તો જટિલ છે કે તેનું આકલન કરવા માટે ઉચ્ચ બુદ્ધિપ્રતિભાની અપેક્ષા રહે છે ને તેવી સમજણ પ્રાપ્ત કર્યા પછી તેનું આચરણ કરવાનું કાર્ય તો અસિધારા ઉપર ચાલવા જેવું દુષ્કર છે. ઘણા મુનિવર્યો પણ એ કક્ષાએ પહોંચી શકતા હશે કે કેમ તેની શંકા રહે છે. જ્યારે રમણભાઈ એક એવા શ્રાવક હતા જે સાચા અર્થમાં તેના સાધક હતા. તેમનામાં મેં

ક્યારેય આવેશ, ઉશ્કેરાટ, ઉદ્વેગ કે રોષ જોયા નથી. તેઓ રાગદ્વેષથી મુક્ત હતા. ભાગ્યે જ કોઈની ટીકા નિંદા કરતાં મેં તેમને સાંભળ્યા હશે. પોતાની ક્યાંક અઘટિત ટીકા થતી હોય, અને હું તેમનું ધ્યાન દોરું તોપણ તેઓ કદાપિ વ્યગ્ર કે વ્યથિત થતા નહિ. એક પ્રકારની સ્થિતપ્રજ્ઞતા તેઓ કેળવી શક્યા હતા. જૈન ધર્મ જૈને અઢાર પાપસ્થાનો કે કષાયો ગણે છે તેનાથી તેઓ દૂરત્વ સાધી શક્યા હતા. કેવળ શબ્દો કે વાણીનો સંયમ નહિ, મનનો પણ સંયમ! સંસારમાં રહીને આમ, તેઓ કોઈ સાચા જૈન શ્રાવકને શોભે તેવું શીલ સંપન્ન જીવન ખીલવી શક્યા હતા.

..... પણ એ સાથે જૈનધર્મની કર્મબન્ધનની ફિલસૂફીથી લેપાયા વિના શ્રીકૃષ્ણના કર્મયોગનો સુમેળ પણ તેઓ પોતાના જીવનમાં સાધી શક્યા હતા. એ વિના વિશ્વના ઘણાબધા દેશોનો ઉલ્લાસપૂર્વક પ્રવાસ ખેડીને એ વિશે તેઓ રસાળ પ્રવાસવર્ણનો કેવી રીતે આપી શક્યા હોત? પ્રવાસવર્ણનો સાથે સંશોધનો, ચિન્તનગ્રંથો, વિવેચનસંગ્રહો, સાહિત્યિક અને આધ્યાત્મિક સંપાદનો, માહિતીસભર જીવનચરિત્રો, ગ્રન્થસ્થ ગુજરાતી સાહિત્યની વાર્ષિક સમીક્ષાઓ, લલિત નિબંધોનું સ્મરણ કરાવે તેવાં હૃદયસ્પર્શી રેખાચિત્રો કેમ લખી શક્યા હોત? અને એથીય વિશેષ એક પરમ શ્રદ્ધાળું જૈન એન.સી.સી. ઑફિસર બનીને એ વિશે પણ એક રસિક પુસ્તક કેમ આલેખી શક્યા હોત? અંગ્રેજીમાં જેને Volumous writer કહેવાય છે એવી પ્રતિષ્ઠા એક સાચો જૈન ગુજરાતી સાહિત્યમાં પ્રાપ્ત કરી શકે એવી ઘટના જગત સાહિત્યના ઈતિહાસમાં પણ વારંવાર બનતી હોતી નથી. તેઓ જૈન હોવાથી જૈન સાહિત્યના માત્ર સહભાગી ને સંશોધક હતા અને એટલે તેઓ ફક્ત Sectional Scholar - અમુક વર્ગીય વિદ્વાન હતા એવું મેણું મારનારાઓએ કદાચ એવા ક્ષુલ્લક કારણોસર જ તેમને ગુજરાતી સાહિત્યના કહેવાતા પ્રતિષ્ઠિત પારિતોષિકોથી વંચિત રાખીને પોતાની લઘુતા જ પ્રગટ કરી હશે! ... પણ એથી કરીને તેમની બહુમુખી સાહિત્યિક પ્રતિભાને કોઈ આંચ આવી નહિ, તેની પાછળ શ્રીકૃષ્ણ પ્રબોધિત કર્મયોગનું જ પ્રેરકબળ રહ્યું હતું એ નિર્વિવાદ છે.

એ કર્મયોગને પ્રતાપે જ તેઓ વર્ષો સુધી મુંબઈ જૈન યુવક સંઘના અને એ સંઘ દ્વારા પ્રયોજાતી વાર્ષિક પર્યુષણ વ્યાખ્યાનમાળાઓના પ્રમુખ બની રહ્યાં. એ પ્રેરક બળથી જ તેઓ 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે તટસ્થ, નિર્ભીક ને નિઃસ્વાર્થ સેવાઓ આપી શક્યા. એક તંત્રી તરીકે તેઓ કેટલા નીડર હતા એ સંબંધે મેં માત્ર વિવેચનગ્રન્થ 'અનુપ્રેક્ષા'ની પ્રસ્તાવનામાં તેમના વિશે જે કંઈ લખ્યું છે તેનું અહીં પુનરાવર્તન કરવાનો લોભ જતો કરી શકતો નથી. સાહિત્ય ને વિવેચન સંબંધે એકાદ અનિવાર્ય લેખ પ્રગટ કરવામાં મને જે તકલીફ પડતી હતી એ વિશે સ્પષ્ટતા કરતાં મેં મારા ઉક્ત ગ્રન્થમાં લખ્યું છે કે: ".... આવાં વાતાવરણ વચ્ચે 'પ્રબુદ્ધ જીવન' અને તેના તંત્રી ડૉ. રમણભાઈ શાહે મને હંમેશાં સાથ આપ્યો છે એ પણ સર્વશક્તિમાને ઘડી રાખેલી કોઈ સુખદ યોજનાનું ફળ કેમ ન ગણવું? નહિતો, 'પ્રબુદ્ધ જીવન'નું જે સ્વરૂપ છે તેમાં હું જે પ્રકારના લેખો લખતો હતો તેનો સમાવેશ થવાનું શક્ય નહોતું. બિલકુલ ધાર્મિક વૃત્તિના અને લગભગ ઘણાબધા લેખકો અને પત્રકારો સાથે સારા, મીઠા અને ગાઢ સંબંધોથી બંધાયેલા ડૉ. રમણભાઈ મારા લેખો પ્રગટ કરે એ ઘટના જ ગુજરાતી સાહિત્યની દુનિયામાં વિરલ લાગે છે. પોતાના લાભાલાભનો વિચાર કર્યા વિના અને અંગત ઘનિષ્ઠ સંબંધોની ચિંતા કર્યા વગર મને મુક્ત મનથી તેમણે લખવા દીધું એવું ઔદાર્ય, સૌજન્ય અને વહાલ મને ક્યાં મળવાનાં હતાં? તેમની નીડરતા, હિંમત અને લાગણીસભરતાને દાદ દીધા વિના આ પ્રસંગે રહી શકું એ શક્ય જ નથી. જે લેખો લખવાનું મારે માટે લગભગ અનિવાર્ય હતું તે લેખો પ્રગટ કરીને તેમણે મને ખૂબ ઋણી બનાવ્યો છે ....." વગેરે.

મારી નવલકથા 'સુમાર્શ્ર મુક્તિ'માં વિનોદ વિજય નામે યુનિવર્સિટીનું ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ એવા એક જૈનમુનિનું પાત્ર આવે છે. ઉક્ત નવલકથાનો નાયક સુમાર્શ્ર પ્રચલિત ને રૂઢિગત ધાર્મિક ક્રિયાકાંડો વિરોધી પણ અન્તરથી પરમ આસ્તિક છતાં કર્મની ફિલસૂફી પરત્વે પોતાની અશ્રદ્ધા વ્યક્ત કરે છે, તેની સામે મુનિશ્રી વિનોદ વિજય જિનતત્ત્વ સંબંધે જે વિચારોની અભિવ્યક્તિ કરે છે એ મહદ્ અંશે ચીમનલાલ ચકુભાઈ અને ડૉ. રમણભાઈના એ વિશેના વિચારોનો આવિર્ભાવ છે તેમ મેં ઉક્ત નવલકથાની પ્રસ્તાવનામાં સ્વીકાર્યું જ છે. વિનોદ વિજયજી સુમાર્શ્રને કહે છે: "આત્મા પોતે જ પોતાનાં સુખદુ:ખનો કર્તા છે, પોતાના ભાવિનો સ્વામી છે. કોઈ અન્ય પદાર્થ તેનું ભાવિ ઘડતો નથી, ઘડી શકે નહિ. मनः एव मनुष्याणाम् कारणम् बन्धु मोक्षयोः । आत्मैव आत्मनो बन्धुः आत्मैव आत्मनो रिपुः કોઈ આંધળું પ્રારબ્ધ તેનું ભાવિ ઘડતું નથી. જેને પ્રારબ્ધ કહીએ છીએ તે પૂર્વ કર્મ છે, પોતાનાં જ કર્મો છે. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યે 'વીતરાગસ્તોત્ર'માં આ જ વાત કહી છે. એ ગ્રન્થનો સાતમો પ્રકાશ આ જ તત્ત્વ નિરૂપે છે, જેમાં જગતના કર્તુત્વનો પ્રશ્ન આચાર્યશ્રીએ ઉઠાવ્યો છે. ભગવાને આ જગતની રચના કરી છે એવું જો માનવામાં આવે તો કેટલા બધા પ્રશ્નો ઉપસ્થિત થાય છે કે જેના સંતોષકારક જવાબ મળતા નથી. માટે જૈન ધર્મ માને છે કે આ જગત અનાદિ-અનન્ત છે. એના કોઈ સર્જનહાર કે વિસર્જનહાર નથી. શરીરરહિત પરમાત્માને એ ઘટતું પણ નથી...." (સુમાર્શ્ર મુક્તિ, પૃ.૨૧૮-૧૯)

મને લાગ્યું છે કે ઉક્ત શબ્દોમાં જૈન દર્શનનો અતિસંક્ષેપમાં સંપૂર્ણ સાર આવી જાય છે. દુર્ભાગ્યે અકલ્પ્ય ક્રિયાકાંડો અને બાહ્ય ધાર્મિક વિધિઓમાં ગળાડૂબ એવાં લાખ્ખો શ્રદ્ધાળુ જૈનો છે જેઓ એ પણ જાણતા હોતા નથી કે જૈનધર્મ નિરીશ્વરવાદી છે; આત્માને જ પરમાત્મા માને છે. પણ સ્વ. રમણભાઈએ આવા જટિલ ગહન પ્રશ્નને પોતાની તાત્ત્વિક પ્રતિભા દ્વારા અતિ સંક્ષેપમાં પ્રગટ કરીને તેનું ઉચિત સમાધાન કરી બતાવ્યું છે એ જેવી તેવી સિદ્ધિ નથી.

મુનિશ્રી વિનોદવિજયના વિચારોમાં સ્વ. રમણભાઈના વિચારોનો પ્રભાવ તો મેં સંપૂર્ણ જાગરૂકતાથી મૂકેલો જ છે, પણ લાગે છે કે મુનિશ્રીનાં વ્યક્તિત્વમાં પણ અસંપ્રજ્ઞાતપણે સ્વ. રમણભાઈના વ્યક્તિત્વની અમુક રેખાઓનું અંકન મારાથી એ સમયની તેમની નિકટતાને કારણે થઈ ગયું છે! કેમકે કિશોરાવસ્થા પછી જૈન ધર્મના ધાર્મિક વિધિઓ, ક્રિયાકાંડો, યાત્રાઓ, પૂજાપાઠ વગેરેથી હું ઘણો દૂર નીકળી ગયેલો. જૈનધર્મ મને ઘણો એબસ્ટ્રેક્ટ લાગવા માંડ્યો; વાસ્તવિક જીવનમાં ન આચરી શકાય, ન પામી શકાય એવો દુરારાધ્ય દીસવા લાગ્યો. મારાં માતા-પિતા પ્રચલિત ધર્મનું રૂઢિગત પાલન કરનારાં ચુસ્ત શ્રાવક-શ્રાવિકા હતાં અને છતાં હું તેમનાથી પણ દૂર ને દૂર જતો ગયો. છતાં આજે પણ મને આશ્ચર્ય થાય છે કે સત્તાધીશ ને આપખુદ સ્વભાવના મારા પિતા, જેઓ વર્ષો સુધી રાજકોટના મુખ્ય દેરાસરના પ્રમુખ હતા અને અનેક સાધુ ભગવંતો સાથે આત્મીય સંબંધોથી બંધાયેલા હતા, તેમણે કદાપિ મને આ સંબંધે એક શબ્દ પણ કેમ કહ્યો નહિ હોય? કદીય તેમણે મને રૂઢિગત જૈન ધર્મનું પાલન કરવા માટે મજબૂર કેમ નહિ કર્યો હોત? ..... વર્ષો પછી એ જ રીતે મારા જીવનમાં એ જ ધર્મનું, અલબત્ત બરાબર ઊંડાણથી સમજીને તેનું ચુસ્ત પાલન કરનારા રમણભાઈ આવ્યા! તેઓ વારંવાર પોતાના આ સંબંધોના વિચારો ખૂબ સંયમપૂર્વક છતાં દૃઢતાથી મારી સમક્ષ રજૂ કરતા રહ્યા.... છતાં હું તેનું

પાલન કરું, પુનઃ એ માર્ગે હું વળી જાઉં તેવા પ્રયાસો તેમણે કેમ ના કર્યા? તેમનાં હૃદયમાં મારા માટે જાણે મહાવીરની અપ્રતિમ કરુણા છલકાતી હોય એવું વારંવાર મેં જોયું છે, અને એટલે જ કદાચ જરાપણ આક્રમક કે હિંસક બન્યા વગર તેમણે મારી સ્વતંત્ર વિચારધારાને અવરોધી નહિ, એટલું જ નહિ, તેને હંમેશાં વિકસવા દીધી એ 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલા મારા લેખો કહી જાય છે. એક પ્રજ્ઞાવન્ત વડીલ બન્ધુની જેમ તેમણે હંમેશાં મારા વિચાર-સ્વાતંત્ર્યનું ગૌરવ કર્યું અને એટલે જ કદાચ તેમના એ પાવનસ્પર્શથી હું જૈન ધર્મ કર્મની બહુ નજીક તો ના જઈ શક્યો પરન્તુ શત્રુંજય, ગિરનાર, શંખેશ્વર જેમાં વિશ્વપ્રસિદ્ધ જૈન યાત્રાધામો તરફ વર્ષો પછી જરૂર ખેંચાયો! હંમેશાં નાજુક કહેવાતી મારી તબિયતને બરાબર સંભાળીને તેઓ તેમની જોડે મને ઉક્ત યાત્રાધામોની યાત્રાએ કેમ લઈ ગયા? અને છતાંય એ યાત્રાધામોમાં પણ મને મારી રીતે તેમણે કેમ વિચરવા દીધો? સામાયિક, પ્રતિક્રમણ, ચૈત્ય વન્દન, પૂજા વગેરે ધાર્મિક પ્રક્રિયામાં તેઓ કદાચ છોડતા નહિ, કેમકે તેમને માટે એ ઉચ્ચ ધાર્મિક્તાનાં પ્રતીકો હતાં, પણ હું સાથે હોવા છતાં મને એ માટે તેમણે કદાપિ કોઈ નિર્દેશ પણ ના કર્યો. ... અને શંખેશ્વરમાં મેં જ્યારે વર્ષો પછી પૂજાનાં વસ્ત્રો ધારણ કરીને, સંપૂર્ણ સ્વેચ્છાએ ભગવાન પાર્શ્વનાથની પૂજા-અર્ચના કરી ત્યારે મેં તેમની આંખોમાં આનન્દનો જે ઓઘ નિહાળ્યો, કરુણાનો જે સાગર છલકાતો જોયો એ તો કોઈ ભાગ્યશાળીનું જ જીવન જોઈ શકે છે.

❖ ❖ ❖

# અન્તર મમ વિકસિત કરો.....

❑ ગીતા જૈન

જીવનમાં અણધાર્યા આવતા વળાંકે વ્યક્તિ એને તક સમજીને એ વળાંકે વળી જાય છે, આગળ વધે છે, દોડતો થઈ જાય છે. પરંતુ આવા વળાંકની ક્ષણે એ વિચારતો નથી કે આ કહેવાતી 'તક' અને 'વળાંક' એને કેવા પરિણામ પાસે લઈ જશે?

જીવનના આવા વળાંકે કોઈ માર્ગદર્શક મળી જાય, કોઈ લગામ ખેંચનાર મળી જાય તો, આગળ જતાં 'ખાઈ' છે કે રળિયામણો 'પર્વત' છે એનું સ્પષ્ટ દર્શન થઈ જાય.

મારા જીવનના એક વળાંકે મને મારા પિતા તુલ્ય ગુરુ પૂ. રમણભાઈ મળી ગયા એ મારું સદ્‌ભાગ્ય.

અધ્યાત્મ અને સાહિત્યની દુનિયામાં પ્રવેશ કરાવનાર પૂ. ડૉ. રમણભાઈ પાસે જ્યારે એમ. એ. કરવાનો સુયોગ થયો ત્યારે ખ્યાલ આવ્યો કે આવા ઉમદા વિદ્વાન કોઈ ભાર વગર હળવાશથી અમને મળતા અને ભણાવતા તેમ જ આ દિશામાં આગળ વધવા માટે સતત માર્ગદર્શન આપતા.

એમ. એ. કર્યા પછી 'જૈન પત્રકારિત્વ' ઉપર શોધ પ્રબંધ લખી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરવાની ઈચ્છા થઈ. આ દરમિયાન ૧૯૮૪માં કલકત્તામાં જૈન પત્રકાર સંગોષ્ઠિનું આયોજન થયું જેમાં મેં જૈન પત્રકારિત્વ પર નિબંધ પ્રસ્તુત કર્યો અને ત્યાં જ 'અખિલ ભારત જૈન પત્રકાર પરિષદ' યોજાય એવું નક્કી થયું અને એ જવાબદારી મને સોંપાઈ.

ભારતભરના જૈન પત્રકારોની માહિતી મેળવતા મને સતત છ વર્ષ લાગ્યા અને ધોળકામાં પ.પૂ.આ. શ્રી રાજેન્દ્રસૂરિશ્વરજીના આશીર્વાદ અને શ્રી કુમારપાળભાઈ વી. શાહના સહયોગથી તા.૧૫-૧૬-૧૭ જૂન ૧૯૯૦ના આવી પરિષદનું આયોજન પણ થયું. ભારતભરમાંથી વિવિધ ભાષા તેમ જ ફિરકાના જૈન પત્રકારોએ ભાગ લીધો.

આ પ્રથમ જ અધિવેશનમાં અમે વિચાર કર્યો કે આ પરિષદને બંધારણનું સ્વરૂપ અપાવવું જોઈએ, એટલે બંધારણ પણ તૈયાર કર્યું. પરંતુ આ ઠરાવ જેવો મેં પ્રસ્તુત કર્યો કે તરત જ હોદ્દા માટે પડાપડી અને અનેક અશાંતિકારક પ્રસંગો બે દિવસમાં બનતા ગયા.

મારા સદ્‌ભાગ્યે, મારા આમંત્રણને માન આપી પૂ. રમણભાઈ પણ ત્યાં પધાર્યા હતા. એક ગુરુ-પિતા તરીકે આ સર્વ ઘટનાઓ ઉપર એઓશ્રીની બારિક નજર.....

મને અશાંત જોઈ, અને એમના હૃદયમાં કરુણામય વેદના પ્રગટી. એક પિતા પુત્રી પાસે આવે એ રીતે મારી પાસે આવ્યા. હું મૌન રહી... એઓ પણ મૌન રહ્યા. વાતાવરણમાં વાત્સલ્ય અને વેદના ભળતા રહ્યાં. હું કાંઈ પણ બોલવા અસમર્થ હતી. કર્મના બધાં સિદ્ધાંતો મારા મનને ડહોળી રહ્યાં હતાં. એઓ માત્ર સુશ્રાવક જ નહિ વિશેષ તો જ્ઞાનીજન... જ્ઞાનનો અઘટિત અર્થ મારા મનમાં જન્મી રહ્યો છે એ એઓ કેમ સાંખી લે? શાંત ચિત્તે ખૂબ વાત્સલ્યભરી વાણીથી એમણે શીખ અને શિખામણ આપી.

"ગીતા, આપણે કામ કરવું-પદની આશા ન રાખવી."

"મેં પદની આશા તો ક્યારેય રાખી ન હતી, મેં મારા ઉદ્‌બોધનમાં પણ કહ્યું હતું, પણ આ તો અપમાનજનક....."

"આપણી ભાવનાને બધાં જ સમજે એવી અપેક્ષા ક્યારેય ન રાખવી. તારે લોકશાહીની સ્થાપના કરવી હતી, પણ એ કાળ પાક્યો ન હતો, કાળને ઓળખતા શીખો."

"હા સર!"

"લોકશાહીમાં માનવું પણ કાર્ય એકલાએ જ કરવું. એક હકીકત જ્યારે નક્કર બને, બધાની લાલસાઓ ખંખેરાઈ જાય, થોડું તપ થાય, આ બધાંની રાહ જોવી. આપોઆપ બધી હકીકતો એકઠી થઈને સંસ્થાનો આકાર લે અને આપણે પણ કસોટીમાંથી પાર ઉતરીએ."

પૂજ્યશ્રીના એ શબ્દોએ મારી મનોવેદના ઉપર શિતળ ચંદન લેપનું કામ કર્યું અને હું મુક્ત થઈ ગઈ,

**હું મુક્ત થઈ ગઈ, માત્ર ત્યારે જ નહિ,**
**આજે પણ....... કોઈ પણ**

જાતની સંસ્થા કે પદ વગર ભ્રમણ કરીને વિવિધ રાજ્યોમાં સ્વાસ્થ્ય જાગૃતિના કાર્યોમાં વ્યસ્ત રહું છું. હું મારા કાર્યોનો આનંદ મહાણું છું, અઢળક આનંદ મહાણું છું એ મારા પિતા સમ ગુરુજનને કારણે...

એઓશ્રીએ મારું અંતર એવું અને એટલું વિકસિત કર્યું કે આજે એ વિસ્તરતું જાય છે, જીવનની આવી પળ ધન્ય હોય છે અને પ્રત્યેક પળે એની ધન્યતાના ગુણાકાર થતાં રહે છે.

મૃત્યુને તો એની ફરજ બજાવવાની છે. એ નથી નવપલ્લવિતને જોતો કે નથી વિકસિતને. આવા ગુરુવર્ય આપણને હરપળે કાનમાં રવીન્દ્રનાથ ટાગોરની પંક્તિઓનું ગુંજન કરાવે છે :-

**અન્તર મમ વિકસિત કરો, અન્તરતર હે...!**
**નિર્મલ કરો, ઉજ્જવલ કરો, સુન્દર કરો હે...!**
**સંચાર કરો સકલ કર્મ શાંત તોમાર છંદ...!**
**નંદિત કરો, નંદિત કરો, નંદિત કરો હે...!**

હા, સાંભળું છું તમારી એ વાણીની અનુગુંજ રમણભાઈ! અને ફરી ક્યારે જીવનમાં અશાંત પળ આવે ત્યારે મારી સન્મુખ શાંત મને બિરાજી મને દર્શન આપશો, - માર્ગદર્શન આપજો...

❖ ❖ ❖

# ક્યારેય ન કરમાય એવી સ્મૃતિની સુગંધ આપનાર ડૉ. રમણભાઈ

□ ડૉ. મનહરભાઈ સી. શાહ

થોડાંક વરસો અગાઉ ધોળકાની પત્રકાર પરિષદમાં તેમની સાથેનો એક નાનકડો પણ અદ્‌ભુત પ્રસંગ બની ગયો.

હું, મારા પત્ની કાન્તાબહેન અને રમણભાઈ એક જ મકાનમાં ઉપર નીચે ઉતરેલાં હતાં. હું અને મારા પત્ની પરવારીને નીચે ઉતર્યા અને રમણભાઈને વાત કરી, ચાલો આપણે સમયસર મિટિંગમાં પહોંચી જઈએ. તુરત જ તેમને મારા પત્નીને પૂછ્યું કે ડૉક્ટર પૂજા કરી આવ્યા? મારા પત્નીએ કહ્યું : રમણભાઈ એ પૂજાની જોડ લાવ્યા છે પણ પૂજા કર્યા વગર મિટિંગમાં જવા નીકળ્યા છે. તુરત જ તેમણે ભારેખમ અવાજે કહ્યું, ચાલો જલદી નાહીને નીચે આવો. આપણે સાથે પૂજા કરવા જઈએ છીએ. તમારી રાહ જોઉં છું. અમે ત્રણેય દેરાસરમાં પૂજા કરવા પહોંચ્યા. ત્યાં તે વખતે મૂળનાયકની પહેલી પૂજાની ઘીની બોલી બોલાઈ ગઈ હતી. પૂજારીએ પૂજા કરવા એ ભાઈનું નામ બોલ્યા અને બોલાવ્યા, તરત જ તે ભાઈ બોલી ઊઠ્યા પૂજા ડૉ. મનહરભાઈ કરશે. હું તો એકદમ અવાચક થઈ ગયેલ. આ ભાઈને હું ઓળખતો નથી ને આટલી મોટી બોલી... ને મારા ઉપર આદેશનો કળશ ઢોળ્યો. તુરત જ મેં પૂજારીને વિનંતી કરી કે મારી સાથે આવેલ મુરબ્બી રમણભાઈ પહેલાં પૂજા કરશે. પણ રમણભાઈએ મારી વાત સ્વીકારી નહીં. આ પ્રસંગની મારા મન પર અમીટ છાપ રહી ગઈ કે હું પૂજા કરવા જતો ન હતો ને જોગાનુજોગ પૂજા કરવાનું નિમિત્ત મુરબ્બી રમણભાઈએ કર્યું અને મને પ્રથમ પૂજાનો લાભ આપ્યો. ધન્ય છે આવા આત્માઓને. તેમણે પ્રભુને વંદન કરી પૂજાનું ફળ મને નહીં પણ રમણભાઈને હોજો એવું માંગ્યુ. આ વાત સ્મરણ થતાં તેમની ભાવધારા હજુ પણ મારા માટે ટપક્યા કરે છે. આ નાનો સરખો પ્રસંગ મારા જીવનના ૮૦ વર્ષે પણ હું વાગોળું છું. આવા હતા રમણભાઈ ધર્મનિષ્ઠ, ધર્મપ્રિય. બીજા નાના મોટા અનેક પ્રસંગો પણ બન્યા. પર્યુષણ વ્યાખ્યાનમાળામાં મને વક્તા તરીકે લાભ આપી 'ઋણાનુબંધ'નું પ્રવચન રાખેલ. પણ આજે અમારો ઋણાનુબંધ પૂરો થયો છે. છતાંયે પાછા મળીશું ખરા. હજી તેમના આભામંડળની આભા મારા સ્મરણમાંથી જતી નથી. ખરેખર આવા વિષમ કાળમાં ખૂબ નિર્મળ, સમતા ને સરળતાવાળા આત્માને મારા કોટિ કોટિ વંદન છે.

થોડાંક વર્ષો પહેલાં પાલનપુરમાં જૈન સાહિત્ય સમારોહમાં ભાગ લેવા માટે મને આમંત્રણ મળેલ. ત્યારે મારે ચૌદ ગુણસ્થાનકો પર પ્રવચન આપવાનું હતું. તેમાં તેમણે બીજી અનેક સૂચના મને કરેલ. તે ખરેખર અદ્‌ભુત શાસ્ત્રીય સુસંગત હતી. તે પણ હજી ભુલાતું નથી.

છેલ્લા પાંચ વર્ષથી અમદાવાદમાં અને ગુજરાત વિદ્યાપીઠમાં તેમના જાહેર પ્રવચનોમાં ખૂબ ઝીણવટભરી આગમોઉચિત શાસ્ત્રીય વાતો સાંભળીને મેં ખૂબ ધન્યતા અનુભવેલી. મારા માર્ગદર્શન હેઠળ ચાલતી પંડિત સુખલાલજી વ્યાખ્યાનમાળાના પ્રસંગે અનેક ધાર્મિક અને માર્મિક ચર્ચાઓમાં પૂરો સમય લઈને મને ખૂબ જ પ્રભાવિત કરેલ. આવા નાના નાના અસંખ્ય વિસ્મરણીય પ્રસંગોની નોંધ અહીં મૂકી શકાય તેમ નથી. પણ મારા અંતરની ધારામાંથી પ્રગટ થયેલી ભાવધારા પ્રગટ કરી વિરમું છું. પ્રભુ તેમના આત્માને ચિરશાંતિ અર્પે. છેલ્લાં કેટલાંક 'ધર્મધારા'માં તેમના લેખો પ્રગટ કરીને મને ઉપકૃત કર્યો છે. ❖ ❖ ❖

---

# સર; આંખ અને અંતરનો વિસામો

□ પન્નાલાલ કે. છેડા

૧૯૬૨-૬૩ નું વર્ષ, હું એમ.એ. નો અભ્યાસ કરતો હતો. પૂ. રમણભાઈ અને તારાબહેન બન્ને મારા પ્રોફેસર. એ સમયે એમની સાથે નિકટના પરિચયમાં આવવાનું બન્યું. ચોપાટીના કલ્યાણ પાર્શ્વનાથ જિનાલયને અડીને એમનું નિવાસસ્થાન. ૧૯૬૬માં હું હ્યુજીસ રોડ રહેવા ગયો. ચોપાટીના દહેરાસરમાં દર્શન કરવા જાઉં ને ક્યારેક રમણભાઇને સેવા-પૂજા કરતો જોઉં, જે ભક્તિભાવથી એમને પૂજા કરતાં જોતો ત્યારે આંખ સામે શ્રાવક કરતાં મેજર રમણભાઇની છબી ઊપસી આવતી. આંખ અને અંતર બન્ને, ભક્તિથી પ્રભુજીની સામે એમને વંદી ઊઠતાં.

સરની નમ્રતા, સરળતા, સાદગી, સૌજન્ય, ઉદારતા, શિસ્ત આદિ અનેક ગુણો તેમના સંપર્કમાં આવનારાઓએ અનુભવ્યાં છે. લગભગ ૩૫ વર્ષ પહેલાંની વાત. સરનો ફોન આવ્યો, જર્મનીથી એક ટાઇપીન લાવ્યો છું. તમારા માટે મોકલું છું, તમને જરૂર ગમશે. કેટલી બધી મોટપ હતી એમના શબ્દોમાં. તેમનો શિષ્ય હોવા છતાં 'તમને' ના ઉચ્ચારની તેમની મોટપ અહંકારને જાણે ઓગાળી નાખતી હતી.

મનની ભીતરમાં ડોકિયું કરું છું તેમના સૌજન્યનો એક પ્રસંગ યાદ આવે છે. મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ડૉ. પીઠાવાલાનું સન્માન થવાનું હતું. સન્માનપત્ર મારે બનાવવાનું હતું. સંઘમાંથી લખાણ આવી ગયું હતું. કોણ જાણે કેમ પણ, મને શબ્દોમાં ફેરફાર કરવાની ઈચ્છા થઈ. ફેરફાર કરીને લખાણ સરને મોકલ્યું, વાંચીને મને ફોનમાં કહ્યું; 'સરસ લખ્યું છે, સન્માનપત્ર સારું બનાવજો.' મારાથી પૂછાઈ ગયું; સર, મૂળ લખાણમાં મેં ફેરફાર કર્યો છે, કોણે લખ્યું હતું એ? મેં જ લખ્યું હતું પણ, આ લખાણ વધારે સારું છે.' મને સમજાયું નહિ કે, મારે પોરસાવું કે જીભ કચરવી ? 'સોરી સર, મેં તમારા લખાણને ફેરવી નાખ્યું', 'એવું નથી, બલ્કે તમે બધું જ સારી રીતે આવરી લીધું છે.' મારા અહંકારનું સ્થાન હવે નમ્રતાએ લીધું હતું. આદમિયતની આ ખુશબોએ મનને તરબતર કરી નાખ્યું.

આછું આછું યાદ છે ત્યાં સુધી ત્રણેક વર્ષ પહેલાં મને ફોન કર્યો. પન્નાલાલ, મારી પાસે ઘણાં બધાં સ્મરણચિહ્નો, સન્માનપત્રો વગેરે ભેગાં થયાં છે. આ બધું જોઈને મનમાં ક્યારેક અહં ઉપજે. આવી કોઈ ગ્રંથિ હવે પેદા થવી ન જોઈએ. અને તેથી તમામ સન્માનપત્રો વગેરેનો તમે નિકાલ કરી નાખજો, હું આ બધું તમને મોકલું છું.

એક ચંદ્રક કે સન્માનપત્રક મળે ત્યારે એની વારંવાર થતી જાહેરાતો અને ફોટો દૈનિકોમાં પ્રસિદ્ધ થાય. ગુણગાન ગવાય, ફૂલીને ફાળકો થતી વ્યક્તિ ધરતીથી બે વેંત ઉપર ચાલે. અહીં ?

કોઈ ખેવના ન હતી. સાચા આત્મતત્ત્વની શોધ માટે તદ્દન નિર્ગ્રંથ બની જવાની ઈચ્છા હતી, ત્યાગીને ભોગવવાની ઇચ્છા હતી. મને યુવક સંઘના પીઢ કર્ણધાર સ્વ. ચીમનલાલ જે. શાહ યાદ આવી ગયાં. થોડાંક વર્ષો પૂર્વે એમણે પણ મને આ રીતે બધું જ મોકલી આપ્યું હતું. ગમતાનો ગુલાલ તો ભલે કરીએ, અહીં તો સર્પ કાંચળી ઉતારે તેમ પ્રશંસાને કોરે મૂકી, મનને છાને ખૂણે બેઠેલાં અહંની કાંચળી ઉતારવાની હતી. હું સ્તબ્ધ હતો.

સર પાસેથી આવેલાં સન્માનપત્રો મેં જોયાં. વિશાળ કદના એક

સન્માનપત્રને જોઈ ઘડીભર અટક્યો. તારાબહેનને ફોન કર્યો. આ માનપત્ર ન કાઢીએ તો ? પન્નાભાઈ, તમારા સાહેબને હવે પ્રશસ્તિનો કોઈ મોહ નથી રહ્યો.

૧૪ મી ઑગષ્ટના હું અને પ્રભા પૂ. રમણભાઈ–તારાબહેનના મુલુંડના નવા નિવાસસ્થાને તેમને મળવાં ગયાં. મને જોઇને સર પથારીમાં બેઠા થયા. દુર્બળ પડી ગયેલો એમનો દેહ જોઈ મનને ખિન્નતા થઈ. આ પરિસ્થિતિમાંય બે–ત્રણ ઓશીકાં ટેકવીને સૂતાં સૂતાંય લખવાનું, મઠારવાનું કામ ચાલુ હતું. જ્ઞાનની આવી પ્રભાવના ક્યાં જોવા મળે ?

એકાદ કલાક એમની પાસે ગાળ્યો. પાછા ફરવાની રજા લીધી, તેમના સંપાદિત બે નવા પુસ્તકો શ્રીમદ્ યશોવિજયજી વિરચિત 'જ્ઞાનસાર' અને 'વીર પ્રભુના વચન' મારું અને પ્રભાનું નામ લખી અમને આપ્યાં. ચરણસ્પર્શ કરી મેં પુસ્તકો લીધાં. તેમને અમારા આ છેલ્લાં વંદન હતાં. આમ પણ જ્યારે જ્યારે તેમને મળતો ત્યારે મા શારદાનો પ્રસાદ તો અવશ્ય પામતો.

ગયા વર્ષે હું રાંઝણ (સાયેટિકા) ને કારણે શારીરિક રીતે અસ્વસ્થ બન્યો હતો. રમણભાઇને આ વાતની ખબર પડી. મને ફોન કર્યો, પૂછા કરી, મને કહે; 'તમારા જેવી વ્યક્તિ બીમાર પડે એ ન ચાલે, હું બે–ચાર દિવસમાં ડૉ. પીઠાવાલાને લઇને આવું છું.' સાહેબ, હવે હું ધીરે ધીરે સ્વસ્થ થતો જાઉં છું. તમે મારા માટે તકલીફ લેતા નહિ. મારી વાત સ્વીકાર્ય ન બની. કોઇક સંજોગોને કારણે ડૉ. પીઠાવાલા આવી ન શક્યા, મેં હાશ અનુભવ્યો.

ત્યાર પછીના રવિવારે સવારના પહોરમાં ડૉ. પીઠાવાલા સાથે મારે ત્યાં બન્ને જણ આવી પહોંચ્યા. અમારી બિલ્ડિંગમાં આવવાના અટપટા રસ્તાને કારણે લાંબો ઢોળાવ ચડીને બન્ને વૃદ્ધ મહાનુભાવો મારે ત્યાં આવ્યાં એ પ્રસંગ યાદ કરું છું ત્યારે મારી આંખોમાં જાણે પૂજ્યભાવના અશ્રુઓ ટપકે છે. કયો ઋણાનુબંધ હશે કે, હું એમના આશીર્વાદને યોગ્ય બની રહું છું.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયની બધી જ શાખાઓમાંથી યોગ્ય વિદ્યાર્થીઓને પોતાના માતા–પિતાની સ્મૃતિમાં સુવર્ણ અને રજતચંદ્રક આપવા માટે તેમણે પોતાની આ માતૃસંસ્થાને દાન આપ્યું હતું. ચંદ્રકો માટે ડિઝાઈન–ડાઈ વગેરે બનાવવાના હતાં, આ કામ માટે વિદ્યાલયમાંથી અવારનવાર માણસો મારે ત્યાં આવે. કામ આગળ વધે, પ્રશ્નો ઊભાં થાય, એમની સૂઝને કારણે હલ પણ મળી જાય.

અનેક શૈક્ષણિક સંસ્થાઓ, જ્ઞાતિઓ ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને ચંદ્રકો આપે છે. ધાર્મિક ક્ષેત્રે આયંબિલ વગેરે માટે મિતિઓ નોંધાવે છે, દાયકાઓથી આ પ્રવૃત્તિઓ ચાલે છે. પચાસ વર્ષ પહેલા દાતાઓ દ્વારા સંસ્થાઓને અપાયેલી આવી શરતી રકમો શું આજે પર્યાપ્ત છે ખરી ? જવાબ સ્પષ્ટ છે; 'ના'.

મારા મનમાં ઘોળાતાં આ પ્રશ્નની વાત મેં સરને કરી. સર, તમે દાન તો આપો છો, દાન આપવાનો વિચાર કરી, સંસ્થાની મંજુરી પછી એને અમલમાં મૂક્યો ત્યાં સુધીમાં તો ચાંદીના ભાવ પાંચસો રૂપિયા વધી ગયાં હતાં. હજીયે કદાચ ભાવ ઘણાં વધે ત્યારે સંસ્થા શું કરશે ? સંસ્થાઓના હિતમાં આ વિષય પર 'પ્રબુદ્ધ જીવન'માં આપશ્રીએ એક અગ્રલેખ લખવો જોઈએ. મારી વાત સાથે એ સહમત બન્યા. આવો પ્રશ્ન કદાચ મારા અપાયેલા દાન વિષે ઊભો પણ થાય તો મેં એની જોગવાઈ કરી રાખી છે. એમના જવાબમાં સાચી દીર્ઘદર્શિતા હતી. મને સંતોષ થયો.

આ વિષય અનેક સંસ્થાઓને મૂંઝવી રહ્યો છે એટલે જાહેરમાં આ વિષય ચર્ચાની એરણ પર આવવો જરૂરી છે.

પૂ. સર સાથેની અનેક ઘટનાઓનું સ્મરણ કરું છું. જવાબ લખી મોકલવાની તેમની ચોકસાઈ, ભૂલ હોય તો સ્વીકારવાનું સૌજન્ય, પ્રોત્સાહન આપીને પીઠ થાબડવાની તેમની વૃત્તિ, આ બધું યાદ આવે છે ત્યારે મનમાં એક સંસ્કારપુરુષ સ્થાન લે છે.

આવા મહામના માનવીની ચિરવિદાયથી સાહિત્ય અને સંસ્કારનો એક ખૂણો રિક્ત બની જશે. નવા અગ્રલેખોમાં વાચકો રમણભાઈને શોધશે. વ્યાખ્યાનમાળામાં બોલાતાં તેમના વિદ્વતાભર્યા શબ્દોનો વર્ષો સુધી શ્રોતાઓના મનમાં પડઘો પડતો રહેશે.

ઋષિકુળના એક સાધક સમા સારસ્વત પૂ. રમણભાઈ સદેહે આપણી વચ્ચે નથી પરંતુ તેમના હજારો શિષ્યો અને ચાહકોમાં તેમણે સીંચેલા સંસ્કારો તેમની કર્મજ્યોતને ઝળહળતી રાખશે. આંખ અને અંતરથી તેમની સ્મૃતિઓને પખાળી ભાવભર્યાં વંદન કરું છું. ૐ શાંતિ.

❖ ❖ ❖

# કર્તવ્યો ધર્મ સંગ્રહ : વડીલ રમણભાઈ

☐ પ્રકાશ ડી. શાહ

ભાઈ શ્રી રમણભાઈના મૃત્યુના સમાચાર, હું જ્યારે ઈઝરાઈલ મારી દીકરીને ત્યાં હતો ત્યારે મળ્યાં. રમણભાઈનું વિશાળ વ્યક્તિત્વ પ્રબુદ્ધ જીવનના તેમના લેખોથી જાણવા મળે છે. કોઈપણ વિષય ઉપર તેઓ લખતા હોય ત્યારે બરાબર ઊંડાણ પૂર્વક વિષયની છણાવટ કરતા. તેમના લેખો ઘણીવાર બે-ત્રણ વખત વાંચતો અને તેમનો નિગોદ ઉપરનો - લેખ પાંચ થી છ વાર વાંચ્યો હશે. આ લેખો જ્યારે પણ વાંચતો હોઉ, ત્યારે રમણભાઈ બોલતા હોય, તેમના જ અવાજમાં અને હું સાંભળતો હોઉ તેવો આભાસ થતો.

આમ તો રમણભાઈનું વજન ઘણું ઉતરી ગયું છે તેવા સમાચાર અમારા વડીલ મિત્ર શ્રી સી. ડી. શાહે ગાર્ડનમાં આપ્યા હતા. મારે ત્યારે 'બાલી' જવાનું હતું અને ત્યાંની એક જગ્યા વિષે જાણવું હતું. તેઓ પૌલોમિ, મારા ધર્મપત્ની ને દીકરી ગણતા હતા તેથી ફોન કર્યો ત્યારે નાદુરસ્ત તબિયત હોવા છતા ફોન ઉપર આવ્યા અને વ્યવસ્થિત જવાબ આપ્યો. તેઓએ દુનિયાના ઘણા દેશોની સફર કરી હતી અને ત્યાંના સંસ્મરણો અને કુદરત વિષે 'પાસપોર્ટની પાંખે' પુસ્તકમાં લખતા.

જૈન યુવક સંઘની વ્યાખ્યાનમાળામાં પર્યુષણ દરમિયાન રમણભાઈને સાંભળવા એક લહાવો હતો. દરેક વિષયને બરાબર ન્યાય આપતા. વ્યાખ્યાનનું આયોજન કરવામાં બે-ત્રણ મહિના બહુ જ વ્યસ્ત રહેતા અને બારીકાઈથી વ્યાખ્યાતા અને વિષય નક્કી કરતા. તેમનાં પત્ની તારાબેન અને પુત્રી શૈલજા વ્યાખ્યાનમાળામાં અવારનવાર વ્યાખ્યાન આપતાં અને તેઓને પણ સાંભળવા એક લહાવો હતો, તેનો યશ પણ રમણભાઈને મળે છે. યોગાનુયોગ રમણભાઈના ભાઈ પ્રમોદભાઈ, મારી સાથે 'મહાવીર જૈન વિદ્યાલય'માં ભણતા હતા અને આમ તેમના આખા ફેમિલી સાથે મારે સારો પરિચય હતો.

રમણભાઈ તેમનું પુસ્તક છપાય ત્યારે તેની પ્રત લગભગ મને મોકલતા. આવી રીતે મેં એક છપાવેલ પુસ્તક દેવચંદજી કૃત, સ્તવન ચોવીશી 'પ્રીતિની રીતિ' આચાર્ય મહારાજ સોમચંદ્ર વિજયજી મારફત છપાવેલ અને રમણભાઈને મોકલેલ: તેઓ વાંચીને એટલા પ્રભાવિત થયા હતા કે તેમણે બીજા પાંચ પુસ્તકો, ફૉરેન મોકલવા મંગાવેલ. આવી રીતે આધ્યાત્મિક જ્ઞાનના ફેલાવામાં તેમનો ફાળો વિશેષ હતો.

આવા ન્યાયપ્રિય વડીલ, તત્વને ઉંડાણથી જાણનાર, સાદા અને સરળ વ્યક્તિત્વવાળા રમણભાઈની ખોટ બધાને લાગશે. 'પ્રબુદ્ધ જીવન'ના હવે પછીના લેખો વાંચતા તેમની ખોટ જરૂર લાગશે.

આ પ્રસંગે મને એક શ્લોક યાદ આવે છે.

**અનિત્યાની શરીરાની ! વૈભવો નૈવ શાશ્વત: ।**
**નિત્યં સન્નિહિતં મૃત્યુ: । કર્તવ્યો ધર્મ સંગ્રહ: ।।**

દેહ અનિત્ય છે - વૈભવ-પૈસા સાથે રહેવાનો નથી, મૃત્યુ નિશ્ચિત છે તો હે મનુષ્ય ધર્મનો સંગ્રહ સિવાય કોઈ કર્તવ્ય તારા માટે રહેતું નથી.

**ૐ શાંતિ શાંતિ શાંતિ**

# જૈન શાસનના કીર્તિ કળશ–રમણભાઈ ચી. શાહ સાથેના સુખદ સ્મરણોની ઝલક

☐ મનુભાઈ શેઠ

રમણભાઈ એટલે જૈન શાસનનો ઝળકતો સિતારો
પ્રકાશનનો પુંજ, સાહિત્ય સર્જક,
દર્શન ચારિત્રના સત્ત્વશીલ ઉપાસક
સાહિત્યના સ્વામી–
દેશ તથા સાત સમંદર પાર પરદેશમાં જૈન ધર્મના મર્મભર્યા
પ્રવચનો દ્વારા શ્રોતાઓને મુગ્ધ કરનાર વિદ્વાન વક્તા.

શૂન્યમાંથી સર્જન કરનાર જન્મભૂમિ પાદરામાં ફક્ત ચાર ધોરણ ભણી પિતા ચીમનભાઈ સાથે મુંબઈ જવું પડ્યું. ઉચ્ચ અભ્યાસ દ્વારા તેજસ્વી તારલા તરીકે કૉલેજમાં Ph.D. ની ડિગ્રી સુધી પહોંચી પ્રાધ્યાપક બન્યા અને મુંબઈને કર્મભૂમિ બનાવી સિદ્ધિના શિખરો સર કર્યા. સને ૧૯૫૩માં તેમના જીવનમાં પૂ. તારાબહેનના પગલાં થકી બન્નેનો જીવનબાગ ખીલી ઉઠ્યો અને પ્રસન્ન દામ્પત્યજીવનનું પ્રતિબિંબ જોતા આપણને આનંદ થાય તેવું તેમનું બન્નેનું જીવન હતું. મુંબઈ જૈન યુવક સંઘના મોવડી બન્યા. 'પ્રબુદ્ધ જીવન' દ્વારા તેમની વિદ્વતાના દર્શન થાય છે.

સને ૧૯૮૬માં સમસ્ત ગુજરાત સૌરાષ્ટ્રમાંથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા મને યુરોપના પ્રવાસે મોકલવા તેઓએ જણાવ્યું ત્યારે મારું મન કેટલું પ્રફુલ્લીત બન્યું હશે તે મને અત્યારે કલ્પના નથી થતી.

પરમાર્થ, પરગજુપણુ અને બીજાનું ભલુ કરવાની તત્પરતા તેમના અંતરમાં હંમેશાં ધબકતી રહેતી હતી. મારી સાથેના તેમના સુખદ સ્મરણોની થોડીક ઝલક આલેખું છું. પર્યુષણ વ્યાખ્યાનમાળા દ્વારા જનહિતાર્થે લાખ્ખો રૂા.નું ફંડ સ્વેચ્છાએ આપી જનાર દાતાઓ તેમની જબાનના જાદુ દ્વારા મોટી સંખ્યામાં હતા અને આવેલ ફંડનો કેવો સુંદર સદ્ઉપયોગ કરતા કે જરૂરિયાતવાળી આર્થિક રીતે પછાત સંસ્થામાં પોતે મુલાકાતે જાય, બધી ચકાસણી કરે પછી પોતાની યુવક સંઘની ટુકડીને લઈ જઈ બધું જ સમજાવે અને તે સંસ્થાને માટે આવેલ ફંડની રકમ સાદા સમારંભ દ્વારા આશરે પંદર લાખથી વધુ જેવી માતબર રકમની અર્પણવિધિ કરે.

મને યાદ છે કે આવા બે પ્રસંગો જે બન્નેમાં હું સંકળાયેલો હતો. જીંથરીની ટી. બી. હૉસ્પિટલ એટલે સમગ્ર ગુજરાતમાં જ નહીં ભારતમાં વધુ સંખ્યામાં ટી. બી.ના દર્દીઓની ભાવનગરના મહારાજાના જમીનના દાનથી સર્જન પામેલી સંસ્થા જ્યાં ૬૦૦ ઉપરાંત ટી. બી. ના દર્દીઓની સારવાર થતી. રમણભાઈ તે સંસ્થા આખી ટીમને રૂબરૂ લાવી બતાવી સાથે પાલિતાણા શત્રુંજયની યાત્રા કરાવી નક્કી કરાવ્યું કે તે વર્ષના પર્યુષણ વ્યાખ્યાનમાળાનું ફંડ આ સંસ્થાને આપવું. હું બધે સ્થળે સાથે જ હતો. મેં મુ. મફતકાકાના કહેવાથી આ સંસ્થા દેખાડવાનું કાર્ય માથે લીધેલ. પૂ. રમણભાઈને ખૂબ આનંદ થયો અને તે વર્ષનું ફંડ આશરે ૧૭ લાખ અર્પણ કરવાનો મેળાવડો મુ. મફતકાકાના અધ્યક્ષ સ્થાને જીંથરી હૉસ્પિટલમાં જ યોજવાનું નક્કી થયું. ટી. બી. હૉસ્પિટલના સંચાલકો શ્રી દુલેરાયભાઈ, શ્રી ગાંધી, શ્રી મનસુખભાઈ વકીલ, શ્રી ગુણવંતભાઈ વડોદરીઆ વગેરે ખુશી થયા અને આવા પ્રોત્સાહક સમારંભમાં પૂ. સંત શિરોમણી મોરારિબાપુ પધારે તો રંગ રહી જાય અને ખરેખર તે મુજબ સુંદર મેળાવડો ફંડમાં ભેગી થયેલી રકમ અર્પણ વિધિ માટે યોજાયો. પૂ. મોરારિબાપુના રૂબરૂ આશીર્વાદ મળ્યા. મુ. મફતકાકાએ અધ્યક્ષસ્થાન સ્વીકાર્યું અને ફલશ્રુતિ રૂપે મુ. રમણભાઈની ઇચ્છા એકવીશ લાખનો આંકડો થાય તો સારું તેમ કહ્યું અને મેં પ્રયત્નો શરૂ કર્યા અને ખરેખર ઈશ્વર કૃપાથી ચાલુ સમારંભમાં જ ખૂટતું ફંડ પૂરું કરી પૂ. મોરારી બાપુના હસ્તે રૂા. એકવીસ લાખની થેલી સંસ્થાના પ્રમુખ શ્રી દુલેરાયભાઇને મુ. મફતકાકાની ઉપસ્થિતિમાં અર્પણ થઈ. આ બધાના મૂળમાં પૂ. રમણભાઇની દીર્ઘદૃષ્ટી અને આગવી સૂઝ હતા.

આ જ રીતે મેં તેઓને ભાવનગરની વિકલાંગોની સંસ્થા P.N.R. સોસાયટી એટલે પરસનબેન નારણદાસ રામજી શાહ તળાજાવાળા સોસાયટી ફોર રિલિફ એન્ડ રિહેબિલિટેશન ઓફ ધ ડિસેબલ્ડનું સૂચન કર્યું. આ સંસ્થા જેના ચેરમેન કાંતિલાલ નારણદાસ શાહ અને અધ્યક્ષ શ્રી દીપચંદભાઈ ગાર્ડી છે અને કાર્યદક્ષ માનદ્ મંત્રીશ્રી અનંતભાઈ કે. શાહ છે અને હું સ્થાપક ટ્રસ્ટી છું. તે દેશ અને પરદેશમાં તેના માનવતાના કાર્યોથી પ્રસિદ્ધ છે. તે સંસ્થાના જુદા જુદા વિભાગો જોવા અને પોલિયોના ઓપરેશન કરાતા તે હૉસ્પિટલ અને કૃત્રિમ પ્રભાકુટની વર્કશોપ દેખાડી જ્યાં એક નહીં બબ્બે પગ અને બબ્બે હાથ કપાયેલા હોય તેઓને નવું જીવન પ્રાપ્ત થાય તે રીતે ડૉ. વિજય નાયકની રાહબરી નીચે ચાલતા અને કામ કરતાં થયેલા દર્દીઓને નવપલ્લવિત જોયા. અને તેઓ તથા તેમની સમગ્ર ટીમ ખૂબ પ્રભાવિત થયા અને તુરત જ નિર્ણય કર્યો કે તે વર્ષનું વ્યાખ્યાનમાળાનું ફંડ P.N.R. સોસાયટી ભાવનગરને આપવું. અમને ટ્રસ્ટીઓને પર્યુષણ વ્યાખ્યાનમાળામાં રૂબરૂ બોલાવ્યા અને અમે જ્યારે બુદ્ધીજીવીઓ, શ્રેષ્ઠીઓ, શિક્ષિત વર્ગના શ્રોતાઓને શ્રવણ કરતા જોયા મુ. રમણભાઈની જબાન દ્વારા જે સંસ્થાને દાન આપવાનું હોય તે સંસ્થાની વિગત કહેવાની તેમની પદ્ધતિ–સમજાવવાની કળા કે આવડત જોઈ આવા સંત સંસારી સાધુ જેવા રમણભાઈને વંદન સાથે શિર ઝૂકી ગયું કે બીજાના ભલા માટે આ પ્રતિભાસંપન્ન વિધાન વ્યક્તિ કેટલો શ્રમ લ્યે છે. તેમની કલમના જાદુ દ્વારા અને વાણીના અસ્ખલિત પ્રવાહ જેવી ભાષા દ્વારા જનતાને મુગ્ધ કરવાની કેવી તાકાત છે.

આ વખતે આશરે ૧૮ લાખ જેવી માતબર રકમ એકઠી થઈ. ભાવનગરમાં P.N.R. સોસાયટીમાં આ રકમ અર્પણવિધિનો જ્યારે સમારંભ થયો તે ખૂબ જ શાનદાર બન્યો. મુ. મફતકાકા પણ ખાસ પધાર્યા. મુ. રમણભાઈ સંઘની મોટી ટીમ સહકાર્યકરો લઇને પધાર્યા. મને ખાસ કહ્યું કે આ વખતે તેની ઇચ્છા રૂા. પચીશ લાખ થાય તો રંગ રહી જાય. મેં તો તેઓને મારા ગુરુ માન્યા હતા. ગુરુની આજ્ઞા શિષ્યે પાળવી જોઇએ જ અને તેમના આશીર્વાદથી મેં ચાલુ સમારંભમાં જ પ્રયત્નો શરૂ કર્યા. સાત લાખ જેવી મોટી રકમ થોડા સમયમાં જ મર્યાદિત વ્યક્તિઓ વચ્ચે થાય તે આકરું હતું. છતાં મારી ઉપર ઇશ્વરની મોટી કૃપા છે. આંગળી ચીંધ્યાનું પુણ્ય મળે છે. ખરેખર સારી રકમ ભેગી કરી માઇક પાસે ગયો. છતાં આંકડો પૂરો નહોતો થયો એટલે મુ. મફતકાકા સામે જોયું અને ખૂટતી રકમ માટે તેમની મંજૂરી મળી અને મેં ઉત્સાહપૂર્વક રૂા. પચ્ચીશ લાખ જાહેર કર્યા. તાળીઓના ગડગડાટ વચ્ચે મુ. રમણભાઈ અને પૂ. તારાબહેન ખૂબ જ ખુશ ખુશ દેખાતા હતા. આવી ૧૮–અઢારેક સંસ્થાઓને આજ સુધીમાં રૂા. અઢી કરોડ જેવી માતબર રકમ સ્વેચ્છાએ આવેલ ફંડ દ્વારા અર્પણ કરેલ છે.

પરદેશમાં લેસ્ટર (લંડન) પ્રતિષ્ઠા પ્રસંગે પણ હું વ્યવસ્થામાં અગાઉ ગયો હતો ત્યારે તેઓ સાથે સારો સત્સંગ થયો હતો–તેઓ કોઇનું લેતા નથી પણ તેમનું જ્ઞાન બીજાને આપે છે. મને ઘણું ઘણું પરદેશ વિશે જાણવા મળ્યું હતું. સાહિત્યનો ભંડાર તેમણે જનતાને ચરણે ધર્યો છે.

પરદેશના પ્રવાસ અંગેના 'પાસપોર્ટની પાંખે' પુસ્તકોએ ઘણાં રેકોર્ડ તોડ્યા છે. ખૂબ જાણવાનો ખજાનો વાચકોને તેમણે પૂરો પાડ્યો છે. તેના કોઈ પુસ્તક માટે તેણે પોતાના હક્ક રાખ્યા નથી. ગમે તે તેનો ઉપયોગ કરી શકે છે. આવા ઉમદા અને ઉદાર દિલનો મહા માનવ ગુમાવતા આપણને સૌને ખૂબ જ દુઃખ થાય. પણ તેમને પ્રિય કાર્યો શરૂ રાખી સાચી શ્રદ્ધાંજલિ અર્પીએ. પરમ કૃપાળુ તેમના પવિત્ર આત્માને ચિરંજીવ શાંતિ અર્પે.

❖ ❖ ❖

# બાબુ પનાલાલ સ્કૂલના અમે મિત્રો

□ કાંતિભાઈ લ. વોરા

હું અને સ્વ. રમણભાઈ બાબુ પનાલાલ સ્કૂલમાં એક જ ક્લાસમાં હતા. ડૉ. કુમારપાળ દેસાઈએ રમણભાઈ માટેના લેખમાં સ્વ. મોગલસર માટે જે લખ્યું તે વાંચી તે સમય મારા અભ્યાસકાળનો નજર સામે થયો.

'પ્રબુદ્ધ જીવન'નાં રમણભાઈના લેખો મને ગમતા અને તે માટે હું તેમને પત્ર પણ લખતો. ઉત્તરાધ્યાન સૂત્રમાં મૃગાપુત્રના અધિકાર અંગે તેમને લખેલા પત્રનો જવાબ લાગણીપૂર્વક આપેલો.

મેં લખેલું કે ૧૯૪૨ની નાસભાગમાં અમોને દેશમાં મોકલી આપ્યા. એટલે ત્યાં એક વર્ષ રહ્યા. એટલે મારો અભ્યાસ બગડ્યો. પણ તમે પ્રોફેસર અને તત્વચિંતક બન્યા અને હું વેપારી બન્યો. તેના જવાબમાં તેઓ તે સમયના સ્કૂલના દિવસો અને માસ્તરોના નામ આજે વર્ષો પછી યાદ કરી મને લખ્યા. ત્યાર પછી તેઓને કૉલેજમાં કેટલાએ પ્રોફેસરો અને શિક્ષકોનો પરિચય થયો હોવા છતાં ૬૭ વર્ષ પહેલાની વાત શિક્ષકોના નામને લાગણીપૂર્વક યાદ કરે તે તેમની કેટલી મોટાઈ અને નમ્રતા છે તે ભૂલાતી નથી.

તેઓ અને શ્રીમતી તારાબેન અવારનવાર પ્રસંગોમાં મળતાં. અને તેઓ મુલુંડ રહેવા ગયા અને મે તબિયતના ખબર કાઢવા માટે ટેલીફોન કર્યો. તેઓએ ફોન પર લાગણીભરી વાતો કરી. આવા નિખાલસ, નિરઅભિમાની અને ધર્મપ્રેમી માણસ કાયમ યાદ રહેશે.

'પ્રબુદ્ધ જીવન' સ્વ. પરમાનંદભાઈ કાપડિયાના સમયમાં અતિક્રાતિકારી જલદ અને કડક હતું. સ્વ. ચીમનભાઈ ચકુભાઈ શાહના સમયમાં રાજદ્વારી અને સરકારી સમાલોચના હતી. સાથે કોઈવાર ધર્મ પર લેખ આવતા. સ્વ. રમણભાઈ ઉંમરમાં તેઓથી અતિ નાના હોવા છતાં તેમને 'પ્રબુદ્ધ જીવન' મારફત લખાણને ધર્મમય બનાવ્યું હતું. તેમનાં જૈન તત્વ અને જૈન ધર્મ અંગેના વિચારો વાંચવા ઘણા જ ગમતા હતા, તેઓનું લખાણ કાયમ વાંચવા જેવું રહેશે.

તેઓ કાયમ યાદ રહેશે. પ્રભુ તેમના આત્માને પરમ શાંતિ આપે, એ જ પ્રાર્થના.

❖ ❖ ❖

# અખંડ જ્ઞાનયોગી રમણભાઈ

□ ગીતા પરીખ

સ્વ. રમણભાઈ સાથેનો પરિચય મારા વિદ્યાર્થીકાળથી હતો. ત્યારે તારાબહેન (એમનાં પત્ની) સાથે અમારે કૌટુમ્બિક સંબંધ હતો. અમારા બેઉના પિતા (તારાબેનના પિતા શ્રી દીપચંદ ટી. શાહ, મારા પિતા શ્રી પરમાનંદ કાપડિયા) મુંબઈ જૈન યુવક સંઘમાં સક્રિય કાર્ય કરતા હતા. હું અને તારાબહેન એક જ વર્ષે (જુદી જુદી કૉલેજમાંથી) બી.એ. તથા એમ.એ. થયાં ત્યાં સુધી અમારાં પરિણામો એક સાથે જ જાણવા મળતાં. તારાબહેનના સહાધ્યાયી રમણભાઈ હતા. એ બંને પ્રો. મનસુખલાલ ઝવેરીના ખૂબ હોંશિયાર વિદ્યાર્થીઓ હતા. અમે એક તેજસ્વી વિદ્યાર્થી તરીકે રમણભાઈને જાણીએ. ત્યારે જીવનની પચ્ચીસીમાં પણ એ ધીરગંભીર વિદ્યાર્થી લાગતા હતા. એમના વિદ્યાપ્રેમમાં ક્યાંય ઉછાંછળાપણું નહોતું અને સતત વિકાસ કરતાં એ એક સારા પ્રોફેસર (ડૉક્ટર) તરીકે બહાર આવ્યા. એમનું જ્ઞાનપ્રદાન આખી જિંદગી ચાલ્યું. છેલ્લાં ૨૪ (ચોવીસ) વર્ષોથી તેઓ 'પ્રબુધ્ધ જીવન'ના તંત્રી તરીકે રહ્યા તેથી તેમની સાથેના સંબંધનું સાતત્ય જળવાયુ. તેમણે એક તંત્રી તરીકે અપ્રતિમ ચાહના મેળવી. એમનો જ્ઞાનયજ્ઞ જિંદગીના અંત સુધી ચાલ્યો.

પરંતુ તેમના જ્ઞાનયજ્ઞને તેમણે કર્મયજ્ઞ સાથે જોડયો, જ્યારે તેમણે મુંબઈ જૈન યુવક સંઘને ગુજરાતની રચનાત્મક અન્ય સંસ્થાઓને આર્થિક મદદ સાથે જોડયો. આવી સતત સરસ્વતી-આરાધના કરતી વ્યક્તિને સાદર પ્રણામ.

❖ ❖ ❖

# રચનાત્મક વિકાસ સાથેનો સ્વ. રમણભાઈનો સંબંધ

□ સૂર્યકાન્ત પરીખ

સ્વ. શ્રી રમણભાઈનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે તેમણે મુંબઈ જૈન યુવક સંઘને એક નવી દિશામાં વાળ્યો અને સમાજના જુદી જુદી જાતના વિકાસના કામો સાથે તેને જોડયો તે બાબત મારે મન બહુ જ મહત્ત્વની છે. શ્રી રમણભાઈએ છેલ્લાં વર્ષોમાં જૈન ધર્મના પ્રાચીન ગ્રંથો પર ચિંતન કરીને ઘણું લખ્યું. તે તેમની વિદ્વતાનો એક મહત્ત્વનો ભાગ ગણી શકીએ, જેઓને ધર્મની ફિલસૂફી અંગે ઊંડાણમાં ઉતરવાની ઈચ્છા હોય તેઓને માટે તેમના એ લખાણો ઘણાં મદદરૂપ થાય તેવા છે.

પરંતુ મોટાભાગના સમાજને ધર્મની એક જરૂરી દિશા કે પોતાના સુખમાંથી બીજાને પણ કંઈક આપવું તે દિશા તરફ મુંબઈ જૈન યુવક સંઘને તેમણે વાળ્યો એવું કહેવામાં આપણે તેમને યોગ્ય ન્યાય આપી શકીએ.

પર્યુષણ વ્યાખ્યાનમાળા એ મુંબઈ જૈન યુવક સંઘનું દર વર્ષે થતું એક મહત્ત્વનું કામ ગણાયું છે. તેમાં પણ તેમણે વિવિધ વિષયો ફક્ત જૈન ધર્મના જ નહીં પણ સામાજિક અને આર્થિક સમસ્યાઓને પણ લઈને સમાજ પાસે તેના વિદ્વાનોની મારફતે તે વિષયો મૂક્યાં, અને તેની એક મોટી સમજ ઊભી કરી.

પરંતુ પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમ્યાન ગુજરાતના વિકાસ માટે કામ કરતી જુદા જુદા વિસ્તારોમાં હોય તેવી સંસ્થાઓને શોધવી, તેઓને આર્થિક મદદ કરવા માટે પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમ્યાન દાન સ્વીકારવાની એક નવી જાતની પધ્ધતિ તેમણે ઊભી કરી અને દરવર્ષે એક સંસ્થાને દશ લાખથી માંડીને ૨૦ લાખની મદદ પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમ્યાન ભેગા કરેલાં દાનમાંથી આપીને કરી તેને હું ઘણું જ મહત્ત્વ આપું છું.

આ જાતના દાનથી દાન આપનાર લોકોના દાન લેનાર સંસ્થાઓ સાથે સીધા જોડાણ કર્યા, અને એક બીજાની ઓળખાણ ઊભી કરી એટલું જ નહીં પણ સંઘના પ્રતિનિધિઓને લઈને તે સંસ્થાઓને સ્થળ પર જઈને જ દાન આપ્યા. તે તો આપણા દેશમાં જડે નહીં તેવો જોટો છે. આ પરંપરા મુંબઈ જૈન યુવક સંઘ ચાલુ રાખે તો શ્રી રમણભાઈને

બહુ સાચી અંજલિ ગણાશે તેવું મને લાગે છે.

જે સંસ્થાઓને મુંબઈ જૈન યુવક સંઘ તરફથી છેલ્લાં ૧૫ વર્ષમાં જે દાનો મળ્યાં હોય તે સંસ્થાઓની વિગતો લઈને તેની એક નાની ચોપડી બહાર પાડવી જોઈએ તેવું મને લાગે છે કે જેથી સ્વ. રમણભાઈનો વિચાર અને નેતૃત્વ તે તમામના વિકાસ પાછળ મુંબઈ જૈન યુવક સંઘે લીધેલો સક્રિય રસ રહેશે, અને તે સ્વ. રમણભાઈને ઉચિત અંજલિ ગણાશે તેમ મને લાગે છે. તેમાં તે સમયે રમણભાઈએ જે પ્રવચનો આપ્યા હોય તેને પણ આવરી લેવા જોઈએ. આવી પુસ્તિકા પ્રગટ થશે ત્યારે તેનો દાખલો અન્ય સંસ્થાઓ પણ લેશે તેમ માનવાનું કારણ છે.

મુંબઈ જૈન યુવક સંઘ એ ફક્ત જૈનોનો જ સંઘ નથી, પણ ઉદારવૃત્તિ વાળાઓનો સંઘ છે તે વાત સ્વ. રમણભાઈએ સંઘના પ્રમુખ તરીકે પૂરવાર કરી હતી.

❖ ❖ ❖

# અપ્રમત્ત જે નિત્ય રે

□ પન્નાલાલ ર. શાહ

**અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે નવિ શોકે રે;**
**સાધુ શુધ્ધા તે આત્મા, શું મૂંડે શું લોચે રે ?**

ઉપાધ્યાય યશોવિજયજી મહારાજની આ પંક્તિમાં અપ્રમાદી આત્માની વાત છે. રમણભાઈનું સમગ્ર જીવન જોનાર એમને સહેજે અપ્રમત્ત કહી શકે. સદાય અપ્રમત્ત રહીને રમણભાઈએ જીવનનો ઉજળો હિસાબ આપ્યો છે. એમણે જીવી જાણ્યું, ક્ષણોની કરકસર કરી અને જીવનની ઝોળીમાં અક્ષરધન ભરતા ગયા.

મારો એમની સાથેનો પરિચય ૧૯૬૫માં શરૂ થયો. તેમાં મારા લગ્ન નિમિત્તે તા.૨૫-૨-૧૯૬૮ના યોજાયેલ સત્કાર સમારંભમાં હાજરી આપી અમને આશીર્વાદ આપ્યા હતા. વખતોવખત મળવાનું થતું રહ્યું. પ્રત્યેક વખતે એમને મળતાં કંઈક નવું શીખવા મળ્યું. પહેલો જૈન સાહિત્ય સમારોહ જાન્યુઆરી ૧૯૭૭માં મુંબઈમાં યોજાયો. બીજો જૈન સાહિત્ય સમારોહ બે, ત્રણ અને ચાર ફેબ્રુઆરી ૧૯૭૯માં અમારા વતન મહુવામાં યોજાયો. એ રીતે પણ મારો એમની સાથેનો પરિચય ગાઢ થતો ગયો. એમની અને મારી વિદ્યાસંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલય એક જ એટલે પણ પરિચય વધ્યો.

૧૯૮૪માં પર્યુષણપર્વની વ્યાખ્યાનમાળા પછી શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કમિટી અને નિમંત્રિત સભ્યોને કોઈ સુંદર જૈન ધર્મનું પુસ્તક ભેટ આપવાનો મેં વિચાર કર્યો. રમણભાઈને વાત કરી. એમણે કહ્યું, 'અન્ય કોઈ પુસ્તક આપવાને બદલે તમારા લેખોનું પુસ્તક તૈયાર કરો.' યુવક સંઘ એનું પ્રકાશન કરે એવી વ્યવસ્થા થઈ. એ રીતે મારું 'નિરીક્ષણ અને અર્થઘટન' પુસ્તકનું ઈ.સ.૧૯૮૬માં પ્રકાશન શક્ય બન્યું. (તેના આગોતરા ગ્રાહક બનીને સંઘ પર પ્રકાશનના ખર્ચનો બોજ ન આવે એવી તકેદારી મારા ચાહકોએ રાખી હતી એ અલગ બાબત છે.) અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે કોઈનો પણ ઉત્કર્ષ થાય, પોતાની સાથે કામ કરનાર સહકાર્યકરોનું પણ સહજ રીતે ધ્યાન રાખવું એ એમના સ્વભાવમાં હતું. જે કંઈ સહજ અને સરળ રીતે થાય એમાં એમને રસ હતો. સંવાદ એમનો સ્થાયીભાવ હતો.

ત્યારબાદ ૧૯૮૪માં પર્યુષણ વ્યાખ્યાનમાળાને પચાસ વર્ષ પૂરાં થતાં હતાં. એક નોંધપાત્ર ઘટના હતી. એ નિમિત્તે મેં મુંબઈના અને ગુજરાતના વર્તમાનપત્રોમાં એ વિષે વ્યાખ્યાનમાળા વિષે લખ્યું, અને 'અર્ધી સદીના આરે પર્યુષણ વ્યાખ્યાનમાળા' નામે મેં એક પુસ્તક તૈયાર કર્યું. જેનું પ્રકાશન પણ યુવક સંઘ દ્વારા શક્ય બન્યું. રમણભાઈની આ વિશાળ દૃષ્ટિ હતી. એમની સાથોસાથ અન્યનો વિકાસ થાય એ તરફ એમની ચોંપ રહેતી હતી.

૧૯૮૪માં આઠેક જૈન વિદ્વાનો, સાહિત્યકારો, કલાકારો યુરોપયાત્રા કરી શક્યા. એ બધાંનો ખર્ચ આપનાર દાતાઓ મળ્યા. તે પાછળ પણ રમણભાઈની પ્રેરણા કારણરૂપ હતી.

સરસ્વતી અને લક્ષ્મી વચ્ચે સંવાદ રચી નવનીત તારવવાનું એમનું લક્ષ્ય રહેતું. જે શક્ય થઈ શકે તેમ હોય તે કરવું અને એનો ભાર ક્યાંય વર્તાવા ન દેવો એ એમને આવડતું હતું. જીવનરસ વિકસાવવામાં એમને રુચિ હતી.

સંઘના કાર્યકરો કે સહાયકોમાંથી જેમણે વિમાનયાત્રા ન કરી હોય તેમને અનુકૂળતાએ એ સંયોગ રચી આપી બીજાને થોડોક રોમાંચક આનંદ અપાવવાનું એમની દૃષ્ટિમાં હતું. નાની દેખાતી વાતોમાં એમની વિચારધારાની છાપ ઉપસતી હતી.

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ જેવી સમર્થ અને ખ્યાતનામ વ્યક્તિ પછી સંઘના પ્રમુખ કોણ બને એ મોટો પ્રશ્ન હતો. તે વખતના સંઘના ઉપપ્રમુખ સ્વ. શ્રી રસિકભાઈ ઝવેરીએ પોતે પ્રમુખપદ ગ્રહણ ન કરતાં, સામે ચાલીને, રમણભાઈનું હીર પારખીને એમને પ્રમુખ પદ માટે આગ્રહ કર્યો. સંઘને કુશળ સુકાની મળ્યા. રમણભાઈના પ્રમુખપણા હેઠળ સંઘે નવા કીર્તિમાન સ્થાપિત કર્યા. સેવાના ક્ષેત્રોમાં વધુ નક્કર કાર્ય કર્યું. રસિકભાઈ ઝવેરીએ યોગ્ય વ્યક્તિ માટે યોગ્ય સ્થાન ખાલી કરીને પોતાના મનની મોટાઈ અને લોકશાહીની સાચી રસમ દેખાડી.

એક વખત યુવાલેખિકા મનોજ્ઞા દેસાઈએ મને જિજ્ઞાસાવશ પૂછ્યું હતું કે, 'રમણલાલ ચી. શાહ એટલે તેઓ શું ચીમનલાલ ચકુભાઈના પુત્ર ને?' મેં હસીને કહ્યું કે, 'એ ચીમનલાલના દીકરા ખરા પણ ચીમનલાલ ચકુભાઈના નહિ. જૈન યુવક સંઘમાં વંશ વારસા જેવું નથી, કે પિતા પછી એ પદે પુત્ર આવે. અહીં તો લોકશાહી જીવંત છે.'

સંઘના પ્રમુખ બન્યા બાદ કેટલાક વર્ષે રમણભાઈએ અયાચક વ્રતનો સંકલ્પ કર્યો હતો. સંસ્થા માટે દાન આપવા કોઈને શરમાવવું નહિ, કોઈની પાસે સામે ચાલીને માગવું નહિ અને દાન આપનાર પાસે કોઈ આગ્રહ ન કરવો. સંસ્થાઓ ચલાવનારાઓને ખ્યાલ હોય છે કે આ અઘરી વસ્તુ છે. કોઈ પણ સંસ્થા ફંડફાળા કે દાન વગર ચાલી ન શકે. માગવા જવું પડે. આગ્રહ કરવો પડે. પરંતુ રમણભાઈની સુવાસ, સંઘની પ્રવૃત્તિઓનું પરિણામ, કાર્યકરોની નિષ્ઠા એ બધાને કારણે દાન મળ્યાં, પ્રવૃત્તિઓ થઈ, વિસ્તરી, ફલવતી થઈ.

ઈ.સ. ૧૯૮૭માં ઈંગ્લેંડમાં લેસ્ટરમાં નવા બંધાયેલા દેરાસર નિમિત્તે ઓનરરી ડાયરેક્ટર તરીકે તેમને નિમંત્રણ મળ્યું હતું. એ નિમિત્તે એમને ઈંગ્લેંડ જવાનું થયું. એ દરમિયાન 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળાના આંશિક આયોજનની જવાબદારી મારે શિરે આવી. એ વખતે શ્રી યશવંત દોશીએ પ્રબુદ્ધ જીવન માટે એક લેખ મોકલ્યો હતો. જેમાં એક ધાર્મિક સંપ્રદાય વિશે કડક પણ વાજબી આલોચના હતી. અમારા ઘણા જણાની ઈચ્છા હતી કે પ્રબુદ્ધ જીવનમાં આ લેખ છપાય. દરમિયાન અમે એ લેખની પ્રતિલિપિ રમણભાઈને યુ.કે. મોકલી અને અમારાં મંતવ્યો જણાવ્યાં ત્યારે ફોન દ્વારા સંપર્ક સાધી એ લેખ યશવંતભાઈને પરત મોકલવા એમણે સૂચના આપી. ત્યાર બાદ એ લેખ એક આખાબોલા વર્તમાનપત્રમાં છપાયો અને એ સંપ્રદાયના

ભક્તોએ ઘણું ટીકાત્મક લખી ગરમાગરમી કરી. રમણભાઈની એ દીર્ઘદૃષ્ટિ યાદ આવે છે જેના કારણે યુવક સંઘ એ વિવાદમાંથી બચી શક્યો.

'મહુવાની અસ્મિતા' પુસ્તકમાં મેં શ્રી પ્રવીણચંદ્ર ગમનલાલ ઝવેરીનો કરસનદાસ મૂળજી વિશેનો એક લેખ લીધો હતો. જેને કારણે ઘણી ટીકાઓ થઈ હતી અને પુસ્તક સળગાવવા સુધી મામલો પહોંચ્યો હતો. સાંપ્રદાયિક આળાઈનો અનુભવ પણ થયો હતો. અને રમણભાઈ પાસે લોકમાનસને સમજવાની જે સૂઝ હતી તેનો અનુભવ પણ યાદ આવ્યો હતો.

એક દાનવીર ભાઈ યુવક સંઘને સારી રકમનું દાન આપવા તૈયાર થયા હતા. પણ એ શરતી દાન હતું. ઘણાને લાગ્યું કે સ્વીકારી લઈએ પણ રમણભાઈએ એવા શરતી દાનનો અસ્વીકાર કરી પોતાની મક્કમતા અને સ્પષ્ટ વિચારધારાનો પરિચય આપ્યો હતો.

જૈન ધર્મ અને કર્મ તત્ત્વજ્ઞાનને કેન્દ્રમાં રાખીને એક બૃહદ નવલકથા લખવાની રમણભાઈની મહેચ્છા હતી જે પૂર્ણ ન થઈ. મેં ઘણી વાર વાતવાતમાં આ કાર્ય માટે એમને સ્મરણ કરાવ્યું હતું. એમના પુસ્તકની અર્પણની પંક્તિ જોશો તો સુંદર કાવ્યપંક્તિ વાંચવા મળશે. તેમની પાસે કવિત્વ શક્તિ પણ હતી છતાં તેનો અલગથી ઉપયોગ નહોતો કર્યો.

પાંચમો જૈન સાહિત્ય સમારોહ માંડવીમાં યોજાયો હતો. તેનું રિપોર્ટિંગ 'પ્રબુદ્ધ જીવન' માટે મેં કર્યું હતું. તેમાં રમણભાઈના સાહિત્ય સમારોહના પ્રમુખ તરીકે એમના છપાયેલા પ્રવચનના આધારે એમણે જ સ્પષ્ટ ટીકારૂપ સાચી વાત કહી હતી તે મેં નોંધી હતી. રુઢિચુસ્ત મિત્રોએ એ ટીકા સામે બળાપો કાઢ્યો ત્યારે રમણભાઈએ ખુલ્લા દિલથી એ વાત સ્વીકારી હતી અને મને જવાબદાર માની પોતે બચી શક્યા હોત પણ એમણે તેમ નહોતું કર્યું.

ઈ.સ. ૧૯૯૩ની વ્યાખ્યાનમાળામાં એમની સુપુત્રી વિદૂષી શૈલજાબહેનને અમારી શ્રી ગુજરાતી કેળવણી મંડળ અને અન્ય સંસ્થાઓ દ્વારા સાયનના શ્રી માનવ સેવા સંઘના સભાગૃહમાં યોજાતા પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાતા તરીકે નિમંત્રણ આપેલું. નિર્ધારિત દિવસે એમનું સરસ વ્યાખ્યાન થયું. હવે એ દિવસોમાં પૂ. તારાબેનને સખત અને સતત તાવ રહેતો હતો. અને જૈન યુવક સંઘની વ્યાખ્યાનમાળામાં એમનું છેલ્લા દિવસે પ્રવચન હતું. પણ અશક્તિ અને નબળાઈને કારણે તેઓ પ્રવચન આપી શકે એ સ્થિતિમાં ન હતાં. તા.૧૬-૯-૧૯૯૩ના રોજ શૈલજાબહેનના વ્યાખ્યાન બાદ શ્રી ચીમનલાલ જે. શાહનો મારા પર ફોન આવ્યો અને એમના વ્યાખ્યાન વિષે અભિપ્રાય પૂછ્યો અને યુવક સંઘની વ્યાખ્યાનમાળામાં વૈકલ્પિક વ્યવસ્થામાં એ પૂરક વ્યાખ્યાતા તરીકે સ્વીકાર્ય બને કે નહીં. અમારો ઉત્તર સ્પષ્ટ હતો. આ અગાઉ પણ જૈન યુવક સંઘની વ્યાખ્યાનમાળામાં એમને નિમંત્રણ આપવું જોઈતું હતું. અને તેઓને જ પૂ. તારાબેનની અવેજીમાં તા.૧૯-૯-૧૯૯૩ના રોજ નિમંત્ર્યા અને તેમણે "શ્રદ્ધા પરમ દુર્લભ" વિષે સરસ વ્યાખ્યાન આપ્યું હતું. પોતાના સ્વજનોને આગળ કરી ટીકારૂપ દૃષ્ટાંત ન બેસાડવું એમ રમણભાઈ માનતા હતા. એટલે એમને અત્યાર સુધી નિમંત્રણ આપ્યું નહીં હોય એમ માનવું રહ્યું. આ પહેલાં શ્રી શૈલજાબહેને ઈ.સ. ૧૯૮૧માં જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ભગવાન મહાવીર વિષે સંસ્કૃતમાં દસેક મિનિટ પ્રવચન આપ્યું હતું.

પર્યુષણ વ્યાખ્યાનમાળા પછી એ પ્રસંગની ખુશીમાં જે પ્રમુખનું સન્માન કરવા જે પ્રીતિભોજન સંઘના સભ્યો માટે યોજાતું હતું તે રમણભાઈએ બંધ કરાવ્યું હતું અને પોતાનું સન્માન ન થાય પણ માત્ર વ્યાખ્યાનમાળાની પૂર્ણાહુતિનો આનંદ ઉજવવાનું ચાલુ રખાવ્યું. જરૂર હોય ત્યાં નિર્લેપ રહેતાં એમને આવડતું હતું.

સંઘની મિટિંગ બાદ જે નાસ્તો રહેતો તે સંસ્થાના ખર્ચે નહિ પણ સભ્યોના ફંડથી થાય એવી પ્રથા એમણે પાડી હતી. સંસ્થા માટે જે પ્રવાસો કરવાના હોય તે માટે પણ સભ્યો દ્વારા ભંડોળ પ્રવાસ ફંડ વખતોવખત એકત્ર કરતાં. સંસ્થા પર ભાર ન આવે એ જોવાની આ એમની સૂક્ષ્મ દૃષ્ટિ હતી, આપણે સેવા કરીએ છીએ તો સ્વેચ્છાએ, સંસ્થા આપણો ખર્ચ ન ઉપાડે એ એમનો વિચાર હતો.

ગુજરાતના એક પ્રવાસ વખતે વડોદરામાં અમને ખબર પડી કે પ.પૂ. આચાર્ય ભગવંત રામસૂરીશ્વરજી મ.સા. પાસેના ઉપાશ્રયમાં છે. આચાર્ય ભગવંત એટલા બીમાર હતા કે કોઈને પણ મળવાની છૂટ ન હતી. પણ રમણભાઈનું નામ સાંભળતાં આચાર્ય ભગવંતે મળવાની ઈચ્છા પ્રગટ કરી. રમણભાઈએ આચાર્ય ભગવંતને જિજ્ઞાસાથી, જ્ઞાનની સાચી તરસથી નાની નાની બાબતોના પ્રશ્નો પૂછ્યા. એમને જાણવામાં રસ હતો. ઊંડાણમાં રસ હતો. જ્ઞાન સમૃદ્ધ કરવામાં રસ હતો.

સામાન્યરીતે હર સપ્તાહે અમારો ફોન દ્વારા સંપર્ક થતો રહેતો. પરંતુ છેલ્લા એકાદ વર્ષથી તઓ વાલકેશ્વરથી મુલુંડ રહેવા ગયા બાદ સંપર્ક રહ્યો નહીં, તેમ જ મને હૃદયરોગની તકલીફ થઈ તેમાં સને ૨૦૦૪માં એન્જિયોપ્લાસ્ટી અને ૨૦૦૫ના સપ્ટેમ્બર માસમાં બાયપાસ સર્જરી કરાવવી પડી એને કારણે એમની સંઘ દ્વારા યોજાયેલી શ્રદ્ધાંજલી સભામાં હાજરી પણ આપવાનું શક્ય બન્યું નહીં એનો વસવસો રહ્યો. તદ્દન અશકિતના કારણે લખવાનું શક્ય રહ્યું નહીં ત્યારે સાહેબના લાડકા વિદ્યાર્થી ડૉ. ગુલાબ દેઢિયાએ મારા નિવાસસ્થાને આવી બધા મુદ્દાઓ નોંધી શબ્દાંકન કરી આપ્યું ત્યારે આ લેખ તૈયાર થયો છે તે એમની વિશિષ્ટ સર્ગશક્તિનું દ્યોતક છે. અસ્તુ.

❖ ❖ ❖

# મારા આજીવન વિદ્યાગુરુ

☐ રમેશ સંઘવી

મુરબ્બી રમણભાઈના નામ આગળ સ્વ. શબ્દ મુકવાનું મન નથી થતું. કારણ કે એમને ક્ષરદેહ ભલે પંચમહાભુતોમાં મળી ગયો. પરંતુ તેમને અક્ષરદેહ આજે પણ જીવંત છે, ધબકતો છે, ચૈતન્યમય છે.

રમણભાઈ ને હું મારા આજીવન વિદ્યાગુરુ ગણું છું. તેઓશ્રી સેંટ ઝેવિયર્સ કૉલેજમાં મારા પ્રોફેસર તો હતા, પરંતુ અભ્યાસ પૂર્ણ થયા બાદ પણ પર્યુષણ વ્યાખ્યાનમાળાના તેમના પ્રવચનોએ અને 'પ્રબુદ્ધ જીવન'માંનાં તેમના લેખોએ મારા વ્યક્તિત્વના ઘડતર અને વિકાસમાં સિંહફાળો આપ્યો છે.

તેમનું વિપુલ સાહિત્ય ફક્ત આજની પેઢીને જ નહીં, પરંતુ ભવિષ્યમાં આવનારી અનેક પેઢીને જૈન ધર્મનું રહસ્ય સરળ ભાષામાં સમજાવી તેમના સંસ્કારોને પોષતું રહેશે.

મુરબ્બી ચીમનલાલ ચકુભાઈ શાહ, જૈન સમાજની અનેક સંસ્થાઓમાં ખૂબ જ અગ્રણી અને સક્રિય કાર્યકર્તા હતા. મુંબઈ જૈન યુવક સંઘના તેઓ પ્રમુખ હતા અને 'પ્રબુદ્ધ જીવન'ના તેઓશ્રી તંત્રી હતા. એમના અવસાન બાદ તે જગ્યા માટે યોગ્ય વ્યક્તિની નિમણુંક અનિવાર્ય બની ગઈ હતી. તે સમયના પીઢ, કસાયેલ અને નિઃસ્વાર્થ સેવાભાવી ચીમનભાઈ જે. શાહ પર સહુની નજર હતી. પરંતુ તેમની પારખુ નજરમાં રમણભાઈ જ એ સ્થાન લેવા સહુથી યોગ્ય વ્યક્તિ હતી. ચીમનભાઈને

પ્રમુખપદનો લોભ તો હતો જ નહીં, એટલે તેમણે શ્રી રમણભાઈને આગળ કર્યા. રમણભાઇએ તે જવાબદારી સંભાળી. એટલું જ નહીં પરંતુ શોભાવી અને દીપાવી.

શ્રી ચીમનભાઈ વ્યાખ્યાનમાળામાં ખૂબ જ મનનીય પ્રવચન આપતાં. 'પ્રબુદ્ધ જીવન'માં પણ તેમના ચિંતનમય લખાણો આવતા. રમણભાઈએ પણ આ પરંપરા ચાલુ રાખી. શ્રી ચીમનભાઈએ કદી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું પ્રમુખપદ નહોતું લીધું. તે જવાબદારી તેમણે પંડિત સુખલાલજી અને ત્યારબાદ શ્રી ગૌરીપ્રસાદ ઝાલાસાહેબને સોંપી હતી. ચીમનલાલ ચકુભાઈએ પોતાની હયાતીમાં જ ૧૯૭૨માં પૂ. ઝાલાસાહેબના સ્વર્ગવાસ પછી રમણભાઈને પર્યુષણ વ્યાખ્યાનમાળાનું પ્રમુખપદ સોંપ્યું ને તેમણે જીવનના અંત સુધી શોભાવ્યું.

હું જ્યારે બી.એ.ના છેલ્લા વર્ષમાં હતો, ત્યારે જ શ્રી રમણભાઈના લગ્ન થયા હતા. અમારા વર્ગના વિદાય સમારંભ સાથે જ રમણભાઇને અભિનંદન આપવાનો સમારોહ પણ સાંકળી લેવાનું નક્કી કર્યું. અને શ્રી રમણભાઈ અને તારાબહેનને તેમાં હાજર રહેવાનું નિમંત્રણ આપ્યું. સંજોગવશાત્ કે પછી સંકોચવશાત્ તારાબહેન હાજર રહ્યા નહોતા. મારા સહાધ્યાયીઓ શ્રી સુરેશ દલાલ તથા શ્રી જગદીશ જોશીએ અભિનંદનના વ્યક્તિત્વના સમાપન વખતે શ્રી સુંદરમ્‌ની એક પંક્તિ ટાંકી હતી. 'યાત્રા હજો શુભમુખી તવ ઉર્ધ્વગામી' અને ખરેખર રમણભાઇની જીવનયાત્રા શુભમુખી અને ઉર્ધ્વગામી જ બની રહી.

તેમની સ્મૃતિ પણ ખૂબ તેજ હતી. વર્ષો વીત્યા બાદ તેઓ મને મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સભામાં મળ્યા, પરંતુ તેમણે મને ઓળખી લીધો.

તેઓ ખૂબ જ વિદ્વાન અને પ્રતિષ્ઠિત વ્યક્તિ હોવા છતાં તેમનામાં અભિમાનનો છાંટો પણ ન હતો. દરેકને તેઓ પ્રેમથી બોલાવતા. ઘણી વખત તેઓ પ્રતિષ્ઠિત મહાનુભાવો સાથે વાત કરતા હોય, એટલે તેમને બોલાવવામાં મને સંકોચ થતો તો તેઓ સામેથી મને 'કેમ છો ભાઈ' પૂછી મારી સંભાળ લેતા. મને અહીં મુરબ્બી પરમાણંદ કાપડિયાની દીકરી ગીતાબહેનનું એક લીટીનું એક કાવ્ય યાદ આવે છે.

સૂકાં પર્ણો વન ગજવતા, શાંત લીલા સદાયે.

આ પંક્તિ પ્રમાણે તેઓ સૂકા પર્ણ નહોતા, કે પોતાની આત્મશ્લાઘા કરે. તેઓ લીલા પર્ણ સમાન હતા, જેમની હાજરી આખા વાતાવરણને રળિયામણું અને પુલકિત બનાવે. તેમના અવસાન બાદ પણ તેમની સ્મૃતિ તાજી અને લીલીછમ જ રહેવાની.

તેમની જીવનયાત્રા તો શુભમુખી અને ઉર્ધ્વગામી હતી જ, પરંતુ તેનો આત્મા એટલો બધો મહાન હતો કે મને પૂરો વિશ્વાસ અને શ્રદ્ધા છે કે તેમની પરલોકયાત્રા પણ શુભમુખી અને ઉર્ધ્વગામી રહેવાની.

પરમકૃપાળુ પરમાત્મા તેમના પવિત્ર આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના સાથે વિરમું છું.

❖ ❖ ❖

# રમણલાલ : મારા સહાધ્યાયી

☐ નગીનદાસ શેઠ

હું અને ડૉ. રમણભાઈ અમે બન્ને શાળાના અભ્યાસ દરમ્યાન પાંચમીથી મેટ્રિક સુધી એક જ વર્ગમાં સાથે જ હતાં. રમણલાલને અને મને બન્નેને ગુજરાતી, સંસ્કૃત અને ધાર્મિક વિષયોમાં સારો એવો રસ હતો. મુ. શ્રી અમીદાસ કાણકિયા અમારા ગુજરાતીના એક ઘણા સારા શિક્ષક હતા. અને અમને બન્નેને ઘણા ઉત્સાહી રાખતા. રમણલાલનો 'ગુજરાતી'માં રસ ઘણો ઊંડો હતો અને ટકી રહ્યો, જ્યારે મારો મંદ પડી ગયો. રમણલાલે આર્ટસમાં જઈ પોતાને ગમતા વિષયમાં ઘણું પ્રાધાન્ય અને મહત્તા મેળવ્યા અને હું કૉમર્સમાં જઈ જુદી જ દિશામાં વળી ગયો.

સ્કૂલમાં સાથે હતા ત્યારે વિદ્યાર્થી સહજ મસ્તી તોફાનમાં ભેગા જ રહેતા અને ધાર્મિક વિષયના શિક્ષકને પજવવામાં આગળ રહેતા. તેઓ સ્વભાવે સરળ અને નમ્ર તો હતા જ પણ તોફાન કરવાની મારી સ્વાભાવિક પ્રવૃત્તિમાં આડકતરી રીતે ટેકો જરૂર આપતા.

કૉલેજકાળ દરમ્યાન અલગ અલગ અભ્યાસક્રમ હોવા છતાંય મહાવીર જૈન વિદ્યાલયમાં અમે બન્ને રૂમ પાર્ટનર હતા અને હોસ્ટેલમાં રહેતાં–જમતા–નિયમોનું પાલન કરવામાં થોડા મતભેદ હોવા છતાં દોસ્તી તો પાકી રહેતી. અમે બન્ને ટીખળ કરવામાં માનતા હોસ્ટેલમાં Election વગેરેમાં ભાગ લેવા માગતા વિદ્યાર્થીઓ અમે એમની એ વિધિઓ શાંતિથી થવા દઇએ એ માટે અમારી રજા લેવા આવતા કે અમે એમને કોઈ મસ્તી–તોફાન વગર શાંતિથી એમનું વક્તવ્ય રજૂ કરવા દઇએ.

વિદ્યાલય છોડ્યા પછી મળવાનું ઓછું થઈ ગયું હતું. પરંતુ એક બીજાના સમાચાર મેળવવાનું તો ચાલુ જ રહ્યું હતું. ખાસ કરીને મિત્ર રતનચંદ ઝવેરી મારફત.

છેલ્લે વર્ષો જતા રમણલાલના સાહિત્ય ક્ષેત્રે ખાસ કરીને જૈન સાહિત્ય ક્ષેત્રે એમણે જે પ્રદાન કર્યું અને જે માન સન્માન અને પ્રતિષ્ઠા એમણે મેળવી એ જાણતાં જાણતાં મનોમન આનંદની અને ગૌરવની લાગણી અનુભવનું અને જીવનના થોડાં વર્ષો એમના સહાધ્યાયી રહેવાનો અને વિદ્યાલયમાં રૂમ પાર્ટનર તરીકે સાથે રહેવાનો આનંદ ખૂબ જ યાદ આવતો.

છેલ્લા વર્ષોમાં રમણલાલ સાયલા પૂ. લાડકચંદભાઈના શ્રીમદ રાજસોભાગ આશ્રમમાં જૈન ધર્મ વિષયક લેખો લખવા આવતા ત્યારે બે ચાર વખત સાયલા અને બે ચાર વખત સુરેન્દ્રનગરથી મુંબઈ જતાં ટ્રેઈનમાં સાથેની બર્થ મળતાં રાત્રે મોડે સુધી જૂની વાતો વાગોળતાં વાગોળતાં મોડું થતું ત્યારે તારાબહેન કહ્યા વગર રહી શકતા નહિ કે બહુ વાતો કરી–તો હવે સૂઈ જાવ.

રમણભાઈની શ્રદ્ધાંજલિ સભામાં એમના વિષે વિવિધ વક્તાઓએ જે કહ્યું તે સાંભળી–જાણીને મને મારા મનમાં ઘણો ગર્વ થયો કે આવી વ્યક્તિ મારા જીવનમાં મારા સહજ મિત્ર રહી ચૂકી હતી.

પરમાત્મા તેમના આત્માને ચિર શાંતિ અર્પો.

❖ ❖ ❖

# પ્રિયમિત્ર રમણભાઈ

□ રતનચંદ પી. ઝવેરી

શાળા અને કૉલેજમાં અભ્યાસ દરમ્યાન મારા મિત્રો જૂજ, પણ દરેક અસાધારણ હતા. મારા એક અસાધારણ, અનોખા, અદ્વિતીય મિત્ર તે ડૉ. રમણભાઈ ચીમનલાલ શાહ હતા. બાબુ પનાલાલ શાળા તથા સેંટ ઝેવિયર્સ કૉલેજમાં મારા સહાધ્યાયી હતા. સન ૧૯૪૧ થી ૨૦૦૫ સુધી અમારી મિત્રતા અતૂટ હતી. મને અને મારાં કુટુંબને ઘણું ગૌરવ છે. આજે રમણભાઈ આપણી વચ્ચે નથી !

મારો અભ્યાસ પૂરો કરી હું વેપારી ક્ષેત્રમાં જોડાયો. રમણભાઈ શિક્ષણમાં ઉચ્ચ પદો પ્રાપ્ત કરતા રહ્યા. સન ૧૯૫૨ માં અખાત્રીજ ને દિવસે રમણભાઈ તારાબેન શાહ સાથે વિવાહથી જોડાયા. ગુજરાતી સાહિત્ય ને જૈન તત્ત્વજ્ઞાન ક્ષેત્રે તેઓનું અજોડ અને બન્નેનું મિલન અપૂર્વ મિલન હતું.

રમણભાઈ પીએચ.ડી. થયા. તેઓ કેટલાયે મુમુક્ષો, સાધુ-સાધ્વી ભગવંતોને પીએચ.ડી. કોર્સ માટે શિક્ષણ આપતા રહ્યા. 'પર્યુષણ વ્યાખ્યાનમાળા'માં સન ૧૯૭૨ થી પ્રમુખપદ શોભાવતા રહ્યા. સન ૧૯૮૨ માં 'પ્રબુદ્ધ જીવન'નું તંત્રી પદ તેમને જૈન યુવક સંઘે સોંપ્યું ને આખર સુધી ત્રીવિધ પરિશ્રમ કરી પત્રને ઉચ્ચ કક્ષાએ મૂકી પોતે તંત્રી પદને સાર્થક બનાવ્યું.

પ્રભુ ! તારી સાન્નિધ્યમાં આવેલો "રમણભાઈનો આત્મા સર્વવિધ અમોને માર્ગદર્શન આપતો રહે ! એ પ્રાર્થના !"

❖ ❖ ❖

# 'પાસપોર્ટની પાંખે'ના સર્જક...

□ શકિલ ઠાસરિયા

આશરે ચારેક માસ પહેલાં કોઈ શુભ ક્ષણે મારા હાથમાં સ્વ. શ્રી રમણલાલ ચી. શાહનું પુસ્તક 'પાસપોર્ટની પાંખે' આવ્યું, પુસ્તક વાંચ્યું અને આ વાંચન સાથે હું તેમનાથી ખૂબ પ્રભાવિત થયો. આ પુસ્તકના વાંચન સાથે જ એક માત્ર પત્ર દ્વારા તેમની સાથે મિત્રતાના બીજ રોપાણા. આ બીજ વટવૃક્ષ બને તે પહેલાં તો શ્રી ડૉ. રમણલાલ ચી. શાહે આપણી વાડાવાળી દુનિયામાંથી વિરાટ સૃષ્ટિમાં વિહરવા મહાપ્રસ્થાન કર્યું. એ સમાચાર સૌ પ્રથમ પ્રસિદ્ધ સાંધ્ય દૈનિક 'અકિલા'માં વાંચ્યાં. સમાચાર ખૂબ જ આઘાતજનક હતા. પણ પ્રભુ/ખુદાની ઈચ્છા પાસે આપણે સૌ લાચાર છીએ.

આમ તો શ્રી રમણભાઈ સાથેનો મારો પરિચય માત્ર ચાર પત્રો સુધી જ સિમિત છે અને રહ્યો. જો ગણતરી માંડો તો માત્ર ચાર પત્રોનું આદાન-પ્રદાન થયું. પણ આ ચાર પત્રો મન ઉપર જે અમીટ છાપ છોડી ગયાં તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. એમ કહી શકાય કે રૂબરૂ મળવાનું ન થયું હોવા છતાં પણ તેમની કલમ દ્વારા તેઓએ મારા પર પ્રેમનો ધોધ વરસાવી દીધો હતો. તેમના ભાવ અને પ્રેમને હજી પણ એ પ્રેરણાત્મક પત્રોનું વાંચન કરી હું અનુભવી શકું છું.

મારા હાથમાં આવેલ તેમનું પુસ્તક 'પાસપોર્ટની પાંખે' વાંચ્યું. પુસ્તક દ્વારા તેમની નિષ્ઠા, તેમનો સિદ્ધાંતવાદી સ્વભાવ, તુલનાત્મક દૃષ્ટિ, પ્રખર બુદ્ધિમતા, દેશપ્રેમ, વિશ્વપ્રેમ અને માનવપ્રેમ વિગેરેનો મને અનુભવ થયો. આનાથી પ્રેરાઈ કોઈપણ જાતના જવાબની આશા વગર શ્રી રમણભાઈને તેમના લખાણને બિરદાવતો એક પત્ર લખ્યો. અને તરત જ જવાબમાં અનહદ પ્રેમની વર્ષા સાથે તેમનો ભાવભીનો પત્ર આવ્યો અને સાથે સાથે ભેટ તરીકે તેમણે લખેલ ત્રણ પુસ્તકો પણ આવ્યાં. મારા માટે આ એક અકલ્પનીય અનુભવ હતો. તેમના આ બધાં જ પુસ્તકો હું રસપૂર્વક વાંચી ગયો. અલ્પ પરિચયમાં પારકાને પોતાના બનાવી લેવાના સ્વભાવનો પરિચય થયો. તેમના જ્ઞાનનો વાંચન દ્વારા ખૂબ જ લાભ મેળવ્યો. અને મારા મિત્રોને પણ આ પુસ્તકો વંચાવ્યા. પુસ્તકો બધાને ખૂબ જ ગમ્યાં. પણ તેમના પ્રેમાળ સ્વભાવથી હું અને મારા બધા વડીલ મિત્રો તેમનાથી ખૂબ જ પ્રભાવિત થયા. મારા મમ્મી અમીનાબહેન કે જે ધાર્મિક પુસ્તકો સિવાય કંઈ વાંચતા નથી, તેઓએ પણ શ્રી રમણભાઈના પુસ્તકો રસપૂર્વક વાંચેલ હતા!! એક વિરાટ માણસનો ખૂબ જ સરળ અને સહજ પરિચય થયો. મનમાં એમ પણ થયું કે જો આવા મહાન અને સરળ માણસ જો સૃષ્ટિમાં વધુ પ્રમાણમાં વસતા હોય તો પૃથ્વીને સ્વર્ગ બનતાં વાર લાગશે નહિ.

તા. ૧૭-૧૦-૨૦૦૫ના રોજ તેઓનો પત્ર મળ્યો. પત્ર મળ્યો ત્યારે સ્વપ્ને પણ કલ્પના નહોતી કે આ તેઓનો છેલ્લો પત્ર બની રહેશે. આ પછી લગભગ અઠવાડિયે તેમના નિધન અંગેના આઘાતજનક સમાચાર વાંચ્યા. એક આત્મિયજનને (કે જેને કદી રૂબરૂ મળી શકેલ નથી) ગુમાવ્યાનો આઘાત લાગ્યો. જેને શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. તેઓ મારી સમજ અને દૃષ્ટિ પ્રમાણે સાચા અર્થમાં પ્રબુદ્ધ જૈન હતા. મહામાનવ હતા. સિદ્ધાંતનિષ્ઠ કર્મયોગી હતા. એક સરળ અને સાલસ લેખક હતા. અને તેમના માટે એક વિશેષણ ખૂબ સરળતાથી આપી શકાય કે તેઓ સાચા અર્થમાં આજીવન શિક્ષક, આજીવન વિદ્યાર્થી અને સંનિષ્ઠ કેળવણીકાર હતા. આ મહામાનવ મારા પર એક યાદગાર અનુભવ અને કદી પણ ન વિસરાય તેવી અમીટ છાપ છોડી ગયા છે. પૈસાના મૂલ્યથી આંકો તો માત્ર ત્રણ પુસ્તકો (કે જેઓએ મને ભેટ તરીકે આપ્યા હતા) અને ભાવનાથી માપો તો અમૂલ્ય ત્રણ પુસ્તકો.

સ્વ-અર્થ માટે તો દુનિયામાં બધા જીવે છે, પણ પરમાર્થ માટે જીવે તેનું નામ રમણલાલ શાહ.

પ્રભુને, ખુદાને અંતઃકરણપૂર્વક પ્રાર્થના કે તેઓના આત્માને શાંતિ આપે અને તેમના આત્મિયજનોને આવી પડેલ દુઃખ સહન કરવાની શક્તિ આપે.

❖ ❖ ❖

# દુનિયાસે જાને વાલે, જાને ચલે જાતે હૈં કહાં!

□ જવાહર ના. શુક્લ

**The King is dead**
**Long live the king**

બ્રિટિશ સામ્રાજ્યના સમ્રાટનું જ્યારે નિધન થાય છે ત્યારે ઉપર પ્રમાણે જાહેરાત કરવામાં આવે છે.

આપણા સૌના મન, હૃદય અને લાગણીઓ પર જે શાસન કરતા હતા તે મુરબ્બી શ્રી રમણભાઈએ પોતાની જીવનલીલા સંકેલી લીધી છે,

નશ્વર દેહનો ત્યાગ કર્યો છે અને પંચમહાભૂતમાં વિલીન થઈ ગયા છે.

મૃત્યુ જીવનની સૌથી મોટી સચ્ચાઈ છે, એટલે એનો સ્વીકાર કર્યા વિના છૂટકો નથી. કિન્તુ કેટલીક જુદાઈ એટલી વસમી હોય છે કે આપણે હચમચી ઊઠીએ છીએ. શ્રી રમણભાઈનું આ જગતથી કૂચ કરી જવું એક એવી જ દિલને વલોવી નાખતી સચ્ચાઈ છે.

શ્રી રમણભાઈ એક અદ્‌ભુત વ્યક્તિત્વ ધરાવતા હતા, એક બહુમુખી પ્રતિભાના સ્વામી હતા. આટલા બધા ગુણો એક જ વ્યક્તિમાં જોવા મળે એ જવલ્લે જ બનતું હોય છે. કંઈ હજારો, લાખોમાં ક્વચિત કોઈ એક આવી વિરલ અને ગુણસંપન્ન પ્રતિભા જોવા મળતી હોય છે. આપણું એ સૌભાગ્ય છે કે આપણને સૌને આવી અદ્વિતીય, અજોડ, વિરલ અને ગુણસંપન્ન વ્યક્તિની નીકટતા પ્રાપ્ત થઈ. એમને નજીકથી ઓળખવાની, એમના પરિચયમાં આવવાની, એમના લાગણીઓથી છલોછલ ઊર્મીશીલ હૃદયની અનુભૂતિથી ભીંજાવાની તક સાંપડી.

શ્રી રમણભાઈ અને મારો પરિચય બહુ ઝાઝો નહિ, ૧૩-૧૪ વર્ષનો જ હતો. આ સમયગાળા દરમ્યાન તેમની અનેક ખૂબીઓથી હું પરિચિત થયો. તેઓ અદ્‌ભુત પારદર્શિતા ધરાવતા હતા. દરેક કામ ખૂબ જ ચીવટપૂર્વક અને ચોકસાઈ પૂર્ણ રીતે કરતા. દરેક સાથે તમનો વ્યવહાર પ્રેમપૂર્ણ રહેતો. મે તેમને કદી ગુસ્સે થતા કે ક્રોધવશ મોટે અવાજે વાત કરતા નથી જોયા. નાનામાં નાના માણસ સાથે પણ તેઓ આત્મિયતાપૂર્ણ વર્તતા. ગુણવત્તા માટે સદા આગ્રહ રાખતા, દરેક કામ ઉત્કૃષ્ટ રીતે થવું જોઈએ એવું એમનું દૃઢપણે માનવું હતું.

તેમની અનેક વિશેષતાઓમાંની એક વિશેષતા એ હતી કે તેઓ પદલોલુપતાથી કોસો દૂર હતા. નિસ્પૃહભાવે પોતાને ભાગે આવેલું કાર્ય ચોકસાઈ અને ચીવટપૂર્વક કરતા. વાહ, વાહની કોઈ અપેક્ષા નહિ, કદરદાનીની કોઈ ખેવના નહિ. પોતે ૭૦ વર્ષના થયા ત્યારે સ્વેચ્છાએ મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખપદેથી રાજીનામું આપી દીધું તેમ છતાં સક્રિય રીતે તેની સાથે સંકળાયેલા રહ્યા અને વર્તમાન હોદ્દેદારોને પરામર્શ આપતા રહ્યા. થોડા મહિના પહેલાં, બીજી હરોળ તૈયાર કરવાના આશયથી એમણે ડૉ. ધનવંતભાઈ તિલકરાય શાહને 'પ્રબુદ્ધ જીવન'ની એક પછી એક જવાબદારી સોંપવા માંડી અને પોતે ધીમે ધીમે એ ભારથી હળવા થતા ગયા.

જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મના તેઓ અઠંગ અભ્યાસી હતા. શિક્ષણશાસ્ત્રી હોવાના નાતે તેમણે કંઈ કેટલાયે શોધ-વિદ્યાર્થીઓને તેમના શોધકાર્યમાં માર્ગદર્શન આપ્યું હતું. અનેક સાધુ-સાધ્વીજીઓને તેમણે ધાર્મિક અભ્યાસ કરાવ્યો હતો.

'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે તેમના પહેલા પાનાના અગ્રલેખનું એક અલગ જ મહત્ત્વ હતું. કોઈની સાંભળેલી, અથવા વાંચેલી અથવા કાલ્પનિક વાતનો તેમાં કદી ઉલ્લેખ નહોતો રહેતો. પોતે જે રીતે કોઈના સંપર્કમાં આવ્યા હોય, તેમણે જે અવલોકન કર્યું હોય, જાતે અનુભવ્યું હોય તે જ વાતોનો, એમની વિશિષ્ટ શૈલીમાં એમાં ઉલ્લેખ થતો. અને એટલે જ એ લેખો ગુજરાતી સાહિત્યજગતમાં સીમાચિહ્નરૂપ બની ગયા છે. દરેક વસ્તુને જોવાની, પારખવાની, એનું મૂલ્યાંકન કરવાની એમની દૃષ્ટિ અલગ જ હતી. એમાં પ્રામાણિક્તા, તટસ્થતા અને ન્યાયબુદ્ધિ દૃષ્ટિગોચર થતા હતા. વળી પૂર્વગ્રહ કે દ્વેષભાવ તેમના લેખોમાં ક્યાંય કશે જોવા નહોતા મળતા.

એમના પ્રવાસ પુસ્તકો ખૂબ જ રોચક બન્યા છે. તેમણે જે જોયું, જાણ્યું, અવલોક્યું તેનું સુરેખ વૃત્તાંત એમાં જોવા મળે છે. આગળ કહ્યું તેમ એમની પોતાની એક વિશિષ્ટ દૃષ્ટિ હતી અને એને એમણે પોતાની વિશેષ રોચક શૈલીએ 'પાસપોર્ટની પાંખે' અને 'પાસપોર્ટની પાંખ-ઉત્તરાલેખન' પ્રવાસપુસ્તકોનું સર્જન કર્યું.

શિક્ષણશાસ્ત્રી, ધર્મજ્ઞાતા, સાહિત્યકાર અને સૌથી વિશેષ એક નખશીખ સજ્જન, અપ્રમત્ત મહામાનવ અને ઉમદા સ્વભાવના સ્વામી શ્રી રમણભાઈ એમના હજારો ચાહકો, પ્રશંસકો, વાંચકોના દિલમાં વર્ષો સુધી જીવંત રહેશે એ નિઃશંક છે.

પ્રવાસ અને ભ્રમણના શોખીન શ્રી રમણભાઈ આપણને એકલા મૂકી અનંતયાત્રાએ કોઈ અજાણ્યા, અજ્ઞાત પ્રદેશમાં પોતાનો યાત્રા-શોખ પૂરો કરવા ઊપડી ચૂક્યા છે. આપણે નથી જાણતા ક્યાં! એ જ્યાં પણ હોય ત્યાં સંપૂર્ણ સુખમાં, શાતામાં રહે એવી કરુણાનિધાનને પ્રાર્થના છે.

એમના નિધનથી પ્રામાણિક્તા, પારદર્શિતા, કર્તવ્યનિષ્ઠા અને સેવા પરાયણતાનો જાણે એક યુગ આથમી ગયો છે.

જાણીતા શાયર ગની દહીવાલાનો એક શેર છે:

''જિંદગીનો એ જ સાચો પડઘો છે ગની,
હોય નહિ વ્યક્તિ અને એનું નામ બોલાયા કરે.''

Long live Ramanbhai
રમણભાઈ ઘણું જીવો
એમને મારા ભાવપૂર્ણ વંદન.

❖ ❖ ❖

# પરમ પૂજ્ય ડૉ. શ્રી રમણભાઈ

**☐ પ્રા. ડૉ. કોકિલા હેમચંદ શાહ**

મુંબઈ જૈન યુવક સંઘના ભૂતપૂર્વ પ્રમુખ અસાધારણ વિદ્વાન, 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી, સદ્‌ગત પ્રાધ્યાપક ડૉ. શ્રી રમણલાલ ચી. શાહ સાથેનો મારો પરિચય લગભગ સાડા ત્રણ દાયકાનો. એ ગુજરાતીના પ્રાધ્યાપક અને હું ફિલોસોફીની પ્રાધ્યાપક એ રીતે એમની સાથે ચર્ચા–વિચારણા કરવાનો સવિશેષ મોકો મળતો રહ્યો. તેમનું વિરાટ અને ભવ્ય વ્યક્તિત્વ સહુને આકર્ષિત કરવા સમર્થ હતું. સૌમ્ય, સ્મિતસભર પ્રભાવશાળી ચહેરો જ્યારે જ્યારે એમના સહવાસમાં આવતા ત્યારે સદા પ્રેરણાદાયી રહ્યા. તેઓશ્રીની મુલાકાત દરમ્યાન અંગત રીતે એમની સરળતા, આત્મીયતા અને સદ્‌ભાવ સ્પર્શી જાય છે. તેઓશ્રીની શિક્ષણ, સાહિત્ય અને જૈન દર્શન પ્રત્યેની સેવાઓ અનન્ય છે. જૈન દર્શન અને સાહિત્યના વિધવિધ ક્ષેત્રોનું એમણે કરેલું ખેડાણ કોઈ પણ એક વ્યક્તિ ધારે તો શું શું સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે તેનું એક જવલંત ઉદાહરણ છે.

હકીકતમાં, જૈનજગતમાં જે જાગરૂકતા જોવા મળે છે તેનું શ્રેય કદાચ તેમને ફાળે છે. જૈન સાહિત્ય સમારોહમાં વારંવાર તેમને મળવાનું થતું ત્યારે વાતો કરવાનો તો અવસર પ્રાપ્ત થતો જ પણ સાથે સાથે જ્ઞાનની ઉપાસના અને સંશોધન લેખો પણ તૈયાર થતાં ગયાં. તેઓ કહેતા કે આ નિમિત્તે જૈન સાહિત્યમાં રસ લેતા વિદ્વાનો અવારનવાર મળે, પરસ્પર ચર્ચા–વિચારણા કરે અને ધર્મ તથા તત્ત્વદર્શનની પ્રવૃત્તિને વેગ પ્રાપ્ત થાય. જૈન સાહિત્ય સમારોહ જેવી કોઈ પ્રવૃત્તિ હાથ ધરવી જોઈએ એવો વિચાર વહેતો કરી તેમણે અમલમાં મૂક્યાં અને સફળ સંચાલન કર્યું. અલબત્ત એ બધામાં તેમને તારાબેન શાહનો તો સાથ રહ્યો જ. 'Behind every great man, there is a woman' સાહિત્ય સમારોહની બેઠકો શુષ્ક નહીં રહેતા હંમેશ રસપ્રદ રહેતી જેની નોંધ તેમની સાથે વાત કરતા હમણાં છેલ્લે તેમના મુલુંડના નિવાસસ્થાને હું મળવા ગઈ ત્યારે પણ લીધી.

એમના સહવાસ દરમ્યાન થયેલ ઘણી ઘટનાઓ સ્મૃતિપટમાં છે.

તેમાંથી બે સ્મરણો રજૂ કરીશ.

મુંબઈ યુનિવર્સિટીએ મારી પીએચ.ડી.ના ગાઈડ તરીકે નિમણૂંક કરી ત્યારે તેમણે મને અભિનંદન તો આપ્યા જ પણ પ્રોત્સાહન આપી મારામાં આત્મવિશ્વાસ જગાવ્યો. શ્રદ્ધા વ્યક્ત કરી અને આશીર્વાદ આપ્યા. જૈન સાહિત્યમાં સંશોધન કરી શકાય એટલી અઢળક સામગ્રી છે એમ કહી માર્ગદર્શન આપ્યું. યોગાનુયોગ મારી યુનિવર્સિટી તરફથી વિદ્યાર્થિનીની થિસિસના પરીક્ષક તરીકે તેમની નિમણૂંક થઈ અને તે સમયે તેમના વ્યક્તિત્વનો પરિચય થયો તે અવિસ્મરણીય દિવસ અને તેમનું અવિસ્મરણિય વ્યક્તિત્વ કદી ભૂલી નહીં શકાય. પ્રિન્સિપાલ ડૉ. ધનવંતીબેન મોદી જે મારા પીએચ.ડી.ના વિદ્યાર્થિની હતાં તેમના શબ્દોમાં કહીએ તો 'મુંબઈ યુનિવર્સિટીમાં મારો પીએચ.ડી. નો મહાનિબંધ લખીને આપ્યા બાદ લાંબી પ્રતીક્ષા પછી આવ્યો. ૩-૧૨-૨૦૦૦ નો 'Viva-Voce' નો રોમાંચક દિવસ. એક બાજુ હર્ષ અને બીજી બાજુ થોડો ફફડાટ. ડૉ. રમણભાઈ શાહ પરીક્ષક તરીકે આવવાના હતા. તેમને દૂરથી કોઈવાર સાંભળ્યા હતા, તેમની વિદ્વતાનો થોડો પરિચય ખરો પણ આટલા નજીકથી પહેલી જ વાર મળવાનું થાય અને તે વિદ્યાર્થિની અને પરીક્ષકના સંબંધથી. બોમ્બે યુનિ.ના અભિમન્યુના કોઠા જેવા અનેક ખંડો વટાવી એક કર્મચારી મને અંદર લઈ ગયો. મારા માર્ગદર્શિકા ડૉ. કોકિલાબેન અને બીજા ડૉ. આર. સી. શાહ પરીક્ષકની ખુરશીએ અને સામે પરીક્ષાર્થી તરીકે હું બેઠી. શરૂઆતમાં મારા મહાનિબંધ વિષે, મુનિ ધર્મસિંહજીના ગુણો વ્યક્તિત્વ અને સાહિત્ય વિષે, થોડા પ્રશ્નો તેમણે પૂછ્યા. -કેટલા કઠોર પરિશ્રમ પછી ડૉ. કોકિલાબેનના માર્ગદર્શન હેઠળ એ થિસિસ તૈયાર થયો હતો. -એટલે જવાબ આપવામાં કોઈ મુશ્કેલી ન પડી. ભય, શંકા બધું ગાયબ ! રમણભાઈના વ્યક્તિત્વના વાઇબ્રેશનમાંથી એક પ્રોફેસર, પરીક્ષક તરીકે તેમને ઓળખ્યા પણ તેમાં સરળતા જોવા મળી. પ્રશ્નોની પરંપરા તો ચાલી. પ...ણ પછી રમણભાઈએ એટલી આત્મીયતાથી, મારા લખાણ માટે આનંદ પ્રગટ કર્યો. થોડા સમય પછી કોસબાડના જૈન સાહિત્ય સમારોહમાં આવવાનું આમંત્રણ પણ આપ્યું. પછી તો લોકાશાહ, લોકાગચ્છ વગેરે કેટલીય વાતો કરી. ખરેખર તેમને મળીને લાગ્યું કે તેઓ વિશેષણના નહીં પણ ક્રિયાપદના માનવી છે. એટલે એ અર્થમાં તેઓ કર્મયોગી છે.

આમ તેઓ પરીક્ષક તરીકે આવ્યા હતા પણ પરીક્ષાનો ભાર વિદ્યાર્થી પર લાદવાને બદલે તેમના મિત્ર, માર્ગદર્શક બની ખુલ્લા દિલે ચર્ચા કરી-આ મેળાપ દરમ્યાન તેમના નિત્યકર્મ અને ધર્મ વિષે ચર્ચા કરતાં ખૂબ આનંદ થયો. ખૂબ જ નિયમિત શિસ્તભર્યું તેમનું જીવન હતું-ખરેખર તેઓ એક મુઠી ઊંચેરા માનવી હતા. વ્યસ્ત જીવનમાં પણ સામાયિકની શાંતિ અનુભવનાર તેમનું જીવન પ્રેરક છે. બીજો એક પ્રસંગ યાદ આવે છે. મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રમુખ તરીકે વ્યાખ્યાનમાળામાં તેઓ મને આમંત્રણ આપવા માગતા હતા-જેમાં પ્રકાંડ મહાનુભવો વ્યાખ્યાન આપતા. તેમણે મને આમંત્રણ આપ્યું શરૂઆતથી અંત સુધી, વિષયની પસંદગીથી માંડીને જે માર્ગદર્શન આપ્યું તે યાદગાર બની રહેશે. આ રીતે તેઓ સ્વતંત્ર ચિંતન અને મૂલ્યાંકન કરવા વિદ્વાનોને પ્રેરતા. અને એક આપ્તજનની જેમ તેમના વ્યક્તિત્વનાં અને વિદ્વતાનો પરિચય થયો. અને મારી પાસે કેટલા વિદ્યાર્થીઓ કયા વિષય પર પીએચ.ડી. કરી રહ્યા છે તેની નોંધ લેતા. તેમના કહેવા પ્રમાણે ભારતની યુનિવર્સિટીઓમાં જૈન ચેર ઓછી છે. તત્ત્વજ્ઞાન અને જૈન દર્શન વિષે તેમની સાથે વાતો કરવા મળી એ સદ્ભાગ્ય છે. જૈન સાહિત્યના વારસાને વ્યવસ્થિત અને પ્રકાશિત કરી અભ્યાસીઓને પ્રોત્સાહિત કરવાનો તેમનો પ્રયાસ સફળ રહ્યો. 'પાસપોર્ટની પાંખે લેખમાળા' 'નવનીત'માં પ્રકાશિત થતી અને એ વિષે હું તેમની સાથે ચર્ચા કરતી ત્યારે ઘણું જાણવાનું મળતું.

આવા આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર, ધર્માનુરાગી, બહુમુખી પ્રતિભા ધરાવનાર એન.સી.સી.ના ઓફીસર, તત્ત્વચિંતક, સરસ્વતી પુત્ર-ક્યારે પણ ભૂલાશે નહીં. છેલ્લે હમણાં જ્યારે બે મહિના પહેલા તેમને મળવા ગઈ તેમના મુલુંડના નિવાસસ્થાને ત્યારે પણ તેમણે 'જ્ઞાનસાર'નો તેમણે કરેલ અનુવાદ અને બીજું એક પુસ્તક યાદ કરીને આપ્યું-ઘર બદલ્યું ત્યારે નવું સરનામું યાદ કરીને મોકલ્યું-અને જ્યોર કોઈ સમારંભ માટે તેમને મુખ્ય મહેમાન તરીકે આમંત્રણ આપવા સંપર્ક કર્યો ત્યારે જાણ્યું કે તબિયત સારી નથી. ત્યારે પણ તેમની ખોટ અનુભવી.

આવા સરળ વ્યક્તિત્વ માટે પ્રખ્યાત પંક્તિ યાદ આવે છે :

'છાયા તો વડલા જેવી<br>
ભાવ તો નદના સમ<br>
દેવોના ધામ જેવું<br>
હૈડું જાણે હિમાલય !

'His life was gentle<br>
and the elements so mixed in him<br>
That nature might stand up<br>
And say to the whole world.<br>
This was a man'

આજે ડૉ. રમણભાઈ આપણી વચ્ચે ઉપસ્થિત નથી પરંતુ તેમના પ્રત્યે બહુમાનની અને કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરું છું. અનેક સમાજ ઉપયોગી પ્રવૃત્તિના કર્તા તરીકે તેઓ હંમેશ યાદ રહેશે.

એ પૂનિત સ્મૃતિ કદી ના ભૂલાશે. એમને મારી ભાવભરી અંજલિ.

# જ્ઞાનની પાંખે ઊડનારા વિહંગ

☐ કિશોર સી. પારેખ

જીવનને સાધના કહેનારા એ સ્પષ્ટતા નથી કરતા કે દરેક મનુષ્ય શેની સાધના કરે છે. કોઈ સંપત્તિ માટે પુરુષાર્થ કરે છે તો કોઈ કીર્તિ માટે પ્રયત્નો કરે છે. પુણ્યશાળી જીવો આત્માના ઉદ્ધાર માટે મથે છે તો ઘણાંને લોક કલ્યાણમાં જ આત્માનો ઉદ્ધાર દેખાય છે. સૌની સમજ, અલગ, સૌનો ઉછેર અલગ અને તે પ્રમાણેનું જીવન. પણ સાધના માટેનું પ્રથમ સોપાન તો જ્ઞાન જ. પછી ક્યારેક એવું પણ બને છે કે જ્ઞાન સંચયમાં જ જીવનની ઇતિશ્રી આવી જાય છે. આપણા ગુરૂઓ પોતાના જ્ઞાનની સાધના કરતાં કરતાં પોતાના શિષ્યગણને પણ મોક્ષમાર્ગની કેડી દેખાડતા જાય છે.

રમણભાઈ સરનો મારો પરિચય મારા એમ.એ.ના અભ્યાસ દરમ્યાન થયો. ત્યારે એમ.એ.ના વિદ્યાર્થીઓએ જુદી જુદી કૉલેજમાં જ્યાં પ્રોફેસર જોડાયેલા હોય ત્યાં જવું પડતું. એટલે સેંટ ઝેવિયર્સ કૉલેજમાં તેમના વર્ગમાં જવાનું થતું. કસરતબાજને હોય તેવું કસાયેલું શરીર, ઉપર હસમુખું વદન અને ચમકતી આંખો ચશ્મા પાછળથી તમને માપી લે. બીજા કેટલાંક પ્રોફેસરોની સરખામણીમાં સરના વર્ગોમાં રસ પડતો. તેઓ નોટ્સ પણ આપતા. પણ તેથીયે વિશેષ વર્ગની બહાર જીજ્ઞાસુ વિદ્યાર્થીને માર્ગદર્શન આપવા સદા તત્પર રહેતા. મેં એમ.એ. કરી લીધું પછી મને જ્યારે મળ્યા ત્યારે તેમણે સૂચવ્યું, 'કિશોર, તમે પીએચ.ડી. કેમ નથી કરતા ?' મારા કૌટુંબિક સંજોગો એવા હતા કે વિકલાંગ દીકરીને કારણે ત્યારે પીએચ.ડી. કરવું મુશ્કેલ લાગેલું. મેં આ સ્પષ્ટતા કરી ત્યારે કોઈ

જ વિશેષ આગ્રહ વગર એ વાત પડતી મૂકી, મારી મર્યાદાને સમજીને તેમણે પછી કદી સૂચન ન કર્યું પણ જ્યારે મળે ત્યારે હું શું વાંચું છું, શું લખું છું તેમાં રસ લેતા. એક વખત તેમના પ્રસિદ્ધ થયેલા બે પુસ્તકો જૈન યુવક સંઘ (પ્રાર્થના સમાજ) માંથી લઈ આવી તે ઉપર લખવા પણ સૂચવ્યું હતું.

મારા એકેડેમિક મિત્રો ડૉ. ધનવંતભાઈ શાહ અને ડૉ. કલા શાહ તેમના વિશેષ પરિચયમાં રહ્યા. તે રીતે જ એડવોકેટ સ્વ. નેમચંદ ગાલા અને ગોવિંદજી લોડાયા જૈન સાહિત્ય સમારોહ સંદર્ભમાં તેમના વધુ નજીક હતા. તેમાં પણ નેમચંદભાઈ જે લાગણી સભર રીતે રમણભાઈ સરને યાદ કરતા તે જોઇને થતું કે આ મિત્રોમાં જ્ઞાન પિપાસા જાગૃત કરી તે સંતોષવાની સરની પદ્ધતિ આગવી હતી.

રમણભાઈનો બીજો પરિચય તે પાસપોર્ટની પાંખેની લેખમાળા દ્વારા તેમણે રજૂ કરેલા વિશ્વ પ્રવાસના અનુભવો. ગુજરાતી સાહિત્યમાં પ્રવાસ સાહિત્ય ઠીક ઠીક લખાયું છે અને દરેક પ્રવાસીએ પોતાની અનુભવ કથા લખી છે. કદાચ આની શરૂઆત ક્રાંતિકારી સમાજ સુધારક કરસન મૂળજીએ તેમના પુસ્તક 'ઇંગ્લેન્ડનાં પ્રવાસ'માં કરી. પછી ઘણું પ્રવાસ સાહિત્ય લખાતું રહે છે. પણ રમણભાઈના પાસપોર્ટની પાંખેના ત્રણ ભાગ જુદી જ ભાત પાડતાં પુસ્તક બન્યાં છે તેથી જ વાચકો અને સંપાદકના આગ્રહથી તેમણે આ શ્રેણી લખવી પડી હતી. રમણભાઈ સર માટે કહેવું હોય તો તેઓ જ્ઞાનની પાંખે ઉડનારા વિહંગ હતા જે અમારા જેવા અનેક નવા શીખાઉ જ્ઞાન ગગનના પંખીઓને દોરી જતા.

❖ ❖ ❖

# મારા પ્રાતઃ સ્મરણીય કાકાજી

□ ભારતી મનીષ શાહ

ડૉ. રમણભાઈ શાહ પુણ્યશાળી હતા. આર્યદેશ, મનુષ્યયોનિ, નિરોગી શરીર, સંપૂર્ણ ઈન્દ્રિયો, ઊંચું કૂળ, જૈન ધર્મ, અને તેમાં પણ દેવ ગુરૂધર્મની શ્રધ્ધા પુણ્યના યોગે તેમને મળ્યા હતા. સમતાપૂર્વકનું આચરણ સાથે જ પૈસા, વિદ્યા, સદ્‌બુદ્ધિ અને સમજણ પણ પુણ્યથી જ પ્રાપ્ત થાય. તો આ બધું પુણ્ય એ આત્મા સાથે લઈને આવ્યો હતો અને રેવાબાની કુક્ષિમાં અવતર્યો હતો. એ પુણ્યશાળી આત્મા તે મારા કાકાજી રમણભાઈ ચીમનલાલ શાહ.

કારણ રમણકાકા આ સ્તરે પહોંચ્યા હતા કે તેઓના પૂર્વના અનેક ભવોની સાધના હતી. તેમ જ તેમનો પૂર્વનો જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપક્ષમ જબરદસ્ત હતો. તેમનું જીવનદળ ઊંચું હતું. તેઓ પુણ્યાનુંબંધી પુણ્ય લઈને આવ્યા હતા. તેઓ બહુશ્રૂત વિદ્વાન, કુશળ વક્તા, ભાષા, સાહિત્ય, અને જૈનધર્મના ઊંડા અભ્યાસી હતા. ચિંતક હતા. તેમની વક્તૃત્વશૈલી, લેખનશૈલી પ્રશસ્ય હતી. ઉચ્ચ શિક્ષણ પામી તેઓ પ્રાધ્યાપક બની મુંબઈ યુનિર્વસિટીના ઉચ્ચ સ્થાને પહોંચ્યા હતા. તેઓનું જીવન પ્રવૃત્તિશીલ હતું. તેમનું લેખનકાર્ય જીવનપર્યંત ચાલુને ચાલુ હતું અને જૈન ધર્મનું વાંચન ગમે એટલે મને તેમણે લખેલાં બધાં પુસ્તકો આપતા તેઓ સ્વભાવે આનંદી અને નિર્દોષ તેથી બાળક સાથે બાળક જેવા બની જતા. તેમનાં પૌત્રો/પૌત્રીને હંમેશાં કંઈક નવું ને નવું શીખવાડતા, ઉચ્ચ સંસ્કાર રેડતા હતા. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપક્ષમ સાથે આદેય નામકર્મ, સૌભાગ્ય નામકર્મનો પણ ઉદય તેટલો જ હતો. તેમના પ્રશંસા મોટા મોટા આચાર્ય ભગવંતો પણ કરતા હતા. તેમને મળેલો મનુષ્યભવ તેમણે સફળ કર્યો હતો. એક શ્રાવક તરીકે તેમનું જ્ઞાન એક મોટા આચાર્ય જેટલું હતું. સતત જ્ઞાનમાં રત રહેવાથી તેમનો આત્મા ઉર્ધ્વગામી બન્યો.

અંતમાં એટલું કહીશ કે ઊંચા જ્ઞાનના જે સંસ્કારો લઈને આવ્યા હતા તેને તેમણે જાળવ્યા અને તેમાં વધારો કરીને લઈ ગયા, અમારા કુટુંબનું તેઓ ગૌરવ હતા. તેમના જેવા વડીલ અમને મળ્યા તે અમારું સદ્‌ભાગ્ય છે. તેમના સરસ પ્રવૃત્તિમય જીવનથી બધાને પ્રેરણા મળે અને સૌ કોઈ તેમની જેમ દુર્લભ એવા મનુષ્યભવને સફળ બનાવે. આ પૃથ્વી ઉપરથી તેઓની વિદાય થઈ. તેઓ આપણી વચ્ચે રહ્યા નથી પણ તેમનો આત્મા જ્યાં ગયો હોય ત્યાં પરમ શાંતિને પામે તેવી પ્રભુને પ્રાર્થના.

❖ ❖ ❖

# પારદર્શક વ્યક્તિત્વ

□ ખુશમા શાહ

શ્રી સંભવનાથજીનો પૂર્વ ભવ શ્રી વિમલવાહન મહારાજા તરીકે દર્શાવેલ હતો, જ્યારે અમારી પાસે પંડિત શ્રી સવાઈલાલ જાદવજી શાહ, પરછેગામવાળા સંકલિત 'જીનેશ્વર જીવન જ્યોત દર્શન'નું એક પ્રકાશન છે જેમાં શ્રી અજીતનાથજીના પૂર્વ જન્મને શ્રી વિમલવાહન તરીકે દર્શાવેલ છે તો આ બંનેમાં ખરૂં શું ? એમ અમોએ પૂછાવેલ હતું. પોતાની નાજુક તબિયતમાં પણ શ્રી રમણભાઈએ જાતે પરિશ્રમ ઉઠાવી ખૂબ જ અલ્પ સમયમાં એ શોધી કાઢ્યું કે શ્રી સંભવનાથજીના પૂર્વભવમાં વિમલવાહન નહીં પણ વિશાલવાહન મહારાજા હતા. જ્યારે શ્રી અજીતનાથજી પૂર્વ જન્મમાં શ્રી વિમલવાહન મહારાજા હોઈ શકે. આ વાત એમણે જાતે ફોન કરી જણાવી. અમારી પૂછપરછ પર જાતે નોંધ લઈ, જાતે લક્ષ્ય આપી, જાતે સંશોધન કરી જાતે જ ફોન કરી ખૂબ જ સરળતાથી આ વાત કરી. એમનો આવો સરળ, સહજ, પારદર્શી સ્વભાવ હૃદયને સ્પર્શી જાય છે ત્યારે એવી લાગણીનો અનુભવ થાય છે કે અને તે પણ ફોન પર - એક અજાણી વ્યક્તિને એમને મહેરાત લઈ જવાબ આપ્યો. અલ્પ સંસર્ગમાં જો આટલું પામી શકી તો દીર્ઘ પરિચયમાં આવી હોત તો કેટલું પામી શકી હોત ?

❖ ❖ ❖

# એ જીવન : અન્યો માટે જીવનસંદેશ

□ પુરુષોત્તમભાઈ અને મલયભાઈ બાવીશી

તેજસ્વી ઉદ્યોગપતિઓ, વેપારીઓ, રાજકારણીઓ, ડૉક્ટરો, એન્જિનિયરો વગેરેની ખોટ ભાગ્યે જ અનુભવાય છે. પરંતુ જેનું જીવન જ અન્યો માટે જીવનસંદેશ બની જાય તેવા ધર્મપ્રેમી, દાર્શનિક, સરળ સ્વભાવી મહાપુરુષોની વિદાય ચિત્તને શોકગ્રસ્ત કરી ખાલીપો આપી જાય છે.

અમારે મન ડૉ. રમણભાઈ ધર્મને સાચા અર્થમાં સમજનાર અને તે

પ્રમાણે જ જીવન જીવનાર સતપુરુષ હતા.

બુદ્ધિ અને તર્ક બન્ને ભારોભાર હોવા છતાં તેનો વ્યાપારિક ઉપયોગ નહીં કરતા ધાર્મિક અને વ્યવહારિક ઉપયોગ કરી સમાજને હંમેશાં ઉપયોગી થયા અને બુદ્ધિના સદ્ઉપયોગનો દાખલો બેસાડ્યો.

આજની મટિરિયાલીસ્ટ સમાજવ્યવસ્થામાં આવા પુરુષનું ફરી અવતરણ થવું કદાચ અશક્ય નહીં હોય પણ દુષ્કર જરૂર લાગે છે.

તેઓના દેહાવસાનથી જ્ઞાન અને સેવાના ક્ષેત્રે જૈન દર્શનના વાંચન લેખનનાં ક્ષેત્રે ઘણી મોટી ખોટ પડી છે.

પરમ કૃપાળુ અરિહંત દેવને એ જ પ્રાર્થના કે તેમનો આત્મા ચિર શાંતિ પામી આપણને યોગ્ય માર્ગદર્શન આપતો રહે. ❖ ❖ ❖

# 'શ્રદ્ધા સુમન પૂ. રમણભાઈ સરને'

☐ નીના ઉમેશ ગાલા

એલ્ફીન્સ્ટન કૉલેજમાં સર પાસે M.A.નો અભ્યાસ કરતા ભણવાનો અને અરિહંત આરાધક મંડળમાં સાથે યાત્રા કરવાનો લ્હાવો મળ્યો અને તારાબેન અને રમણભાઈ સર સાથે ઓળખાણ ઘનિષ્ટ થઈ. સરના અગાધ જ્ઞાન, પાંડિત્ય અને ઊંડી પચાવેલી કોઠાસૂઝની સાથે તેમનામાં રમૂજ કરવાની શક્તિ, સરળતા અને નિખાલસતા હતી. તેઓ કઠિન અટપટા વિષયને પણ ખૂબ જ સહજતાથી સમજાવી શકતા હતા. તેને લીધે તે તે વિષયનું તત્ત્વ સોંસરવું ગળે ઊતરી જતું. સરના લેક્ચરમાં અર્ધમાગધી કે Western Philosophy ભણતા અમે એકતાન થઈ જતા. અમે કોઇક પ્રોફેસરના લેક્ચર દિલથી બંક કરતા પણ રમણભાઈ સરના લેક્ચર ખરા દિલથી ચૂક્યા વગર એટેન્ડ કરતા.

જ્યારે પણ તેમને મળવા જતી જ્યારે માયાળુ માર્ગદર્શન મળતું. તેઓ પુસ્તકો અચૂક ભેટમાં આપતા. તેમની આપેલી પ્રસાદી અમોલ છે. તેમણે આટલું વિશાળ લેખનકાર્ય, સર્જન કર્યું પણ કેટલી નિર્લેપતા ! ક્યાંય કોઈ પુસ્તક પર Copy Right ના હક નહિ. 'તેરા તુઝકો અર્પણ'ની અલિપ્તતા. વારંવાર તેમને યાદ કરતાં નત્ મસ્તક થઈ જવાય છે.

છેલ્લે મુલુંડ એમને મળી હતી ત્યારે 'દાન અને તેના પ્રકારો' વિશે એટલું સરસ સમજાવેલું જેમાં અન્નદાન, આશ્રયદાન, સુપાત્રદાન, જ્ઞાન દાન, એ જાણે વીર વાણી સાંભળતા હોવાનો અનુભવ થાય.

વીર વાણી સરના રગેરગમાં વ્યાપેલી હતી. 'ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ' શ્લોક બોલતા કે સાંભળતા તરત નજર સામે સરનો ચહેરો તરવરી ઊઠે છે. સર તમે અમારી સાથે છો, છતાંય we are missing you lots.

# કરુણામૂર્તિ : અમારા રમણભાઈ

☐ ચંદ્રકાંત ડી. શાહ

મુરબ્બી શ્રી રમણભાઈનો મારો પ્રથમ પરિચય શ્રી મુંબઈ જૈન યુવક સંઘ મારફત થયો. મુરબ્બી શ્રી કે. પી. શાહના સૂચનથી કારોબારી સમિતિમાં જોડાયો.

પર્યુષણ વ્યાખ્યાનમાળા વખતે પછાત પ્રદેશના Project લેવાની શરૂઆત, આમાં મને વધુ રસ, મુરબ્બી શ્રી રમણભાઈ સાથેનો પરિચય વધતો ગયો. મને ઘણું જાણવાનું, શીખવાનું મળતું અને શ્રી સંઘના ઉપપ્રમુખ થવા માટે શ્રી રમણભાઈનો આગ્રહ હતો, એટલે હું થયો.

મુરબ્બી શ્રી રમણભાઈને પૂ. તારાબેન સાથે અવારનવાર મળવાનું થતું. વ્યાખ્યાનમાળાના આઠેય દિવસ સાથે જતા આવતાં. વ્યાખ્યાન, વ્યાખ્યાનકાર વિષે ચર્ચા પણ થતી. મારી દીકરીની માંદગી વખતે સવારના આવીને ધાર્મિક પદો, સ્તવનો તેઓ સંભળાવતા.

બન્નેની સાથે કુટુંબનો નાતો રહ્યો. તેઓ વંદનીય સંતપુરુષ હતા. એમની પાસે જૈન ધર્મના જ્ઞાનનો ખજાનો હતો. એમને હું વડીલ તથા ગુરુ તરીકે માનતો, મને ઘણું જ્ઞાન તથા મારા પ્રશ્નોના ઉકેલ મળતા. સમતાભાવ એમનો ખાસ ગુણ. બધાને સમજાવીને સર્વાનુમતે નિર્ણય લેતા. આવા વંદનીય આત્મા આપણી વચ્ચે નથી. ઈશ્વર અમને સોંપેલી જવાબદારી પૂર્ણ કરવાની શક્તિ અમને આપે. પૂ. તારાબેનનું માર્ગદર્શન હંમેશાં મળતું રહેશે. સ્વર્ગસ્થના આત્માને વંદન કરું છું. ❖ ❖ ❖

# સ્વજનની ચિરવિદાય

☐ નીરુબહેન શાહ

પૂજ્ય રમણભાઈના ચિરવિદાયના સમાચાર સાંભળીને મન વિષાદથી ભરાઈ ગયું. આંખો બંધ કરી ત્યાં તો ફોન પર વાત થતી હોય તેવો પૂ. રમણભાઈનો અવાજ 'બોલો બોલો' સંભળાયો. ફોન પર વાત થાય ત્યારે પૂ. રમણભાઈ બોલો બોલોથી શરૂઆત કરે. એ અવાજનો રણકો આજે પણ મનમાં ગૂંજ્યા કરે છે. એમની સાથે કરેલા પ્રવાસો સમયને તાજગી આપતા હતા. નેત્રયજ્ઞની સૌથે સાથે યાત્રાઓ જોડીને પ્રવાસ અને યાત્રાનો અનુભવ થતો હતો. પ્રવાસ દરમ્યાન પેટ ભરીને હસવાનું, મજાક કરવાની, ખૂબ આનંદ આવતો. જીવનના રહસ્યોનો ઉઘાડ થતો હતો. પ્રવાસનું નક્કી થાય ત્યારે આતુરતાપૂર્વક રાહ જોવાતી. એમની સાથેના પ્રવાસનો આનંદ કોઈ જુદો જ હતો. દર વખતે ફોન કરે. આપણે આ તારીખે જવાનું છે–આજે આમ એકાએક અમારો સાથ છોડીને લાંબી સફરે ચાલી નીકળ્યા–કેમ ચાલી નીકળ્યા ?

મનમાં ધીમે ધીમે સમજ પ્રગટવા માંડી. પૂ. રમણભાઈ જેવી વ્યક્તિના જવાથી શોક ન કરાય. એમનું જીવન પ્રકાશિત હતું. એમના સુકૃત્ય, એમના જીવનની સુવાસ દશે દિશાઓમાં ફેલાયેલી છે. સ્વદેશમાં અને પરદેશમાં એમની સુવાસ મહેકે છે. એમનું દેહાવસાન થયું પણ કેટલાયના દિલોમાં એમની યાદ જીવંત છે. જે ક્યારેય ભુલાશે નહિ, ભુંસાશે નહિ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પુરોગામી ઘડવૈયાઓએ જે વારસો આપ્યો હતો તેમાં તેમણે કરુણાના પ્રોજેક્ટ લઈને માનવતાની મહેક ફેલાવી નવી જ દિશા આપીને શ્રી મુંબઈ જૈન યુવક સંઘને ગૌરવાન્વીત કર્યું. પર્યુષણ વ્યાખ્યાનમાળાનું પ્રમુખપદ દીપાવ્યું. પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમ્યાન જૈન જૈનેતર પૂ. રમણભાઈના સમાપનથી વ્યાખ્યાતાએ આપેલા વ્યાખ્યાનનો મર્મ પામતા હતા. આવા બહુશ્રુત વિદ્વાને જીવનના વર્ષોને નવી દિશા, નવો ઓપ આપ્યો. તેમના લખેલા ધાર્મિક પુસ્તકોને પોતાની જ લેખિનીથી સરળતા અને સમજણ આપી જે સામાન્ય માણસ પણ સમજી શકે. તેમના પ્રવાસ વર્ણનો અવર્ણનીય છે.

તેમની દૃષ્ટિમાં સામાન્ય માણસનું, પ્રત્યેક જીવનનું સન્માન હતું. કોઈના પણ દુ:ખમાં સહભાગી થવા તત્પર રહેતા. તેઓ નિર્ગ્રંથ હતા. ક્યારેય કોઈને પણ માટે ફરિયાદી સૂર ન હતો. કોઈના પણ દુ:ખમાં પોતાનાથી બનતી શારીરિક, આર્થિક તેમ જ માનસિક મદદ કરવાની તત્પરતા હતી.

તેમનાં જવાથી ધરતી માતાએ એક સુપુત્ર ગુમાવ્યો છે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સદાય તેમનું ઋણી રહેશે. તેમની ખોટ સદાયે સાલશે. તેમની યાદ સદાયે જીવંત રહેશે. તેમણે ચાતરેલા પંથે સદાયે ચાલશે.

પરમાત્માને પ્રાર્થના !

પરમાત્મા એ આત્માને ચિર શાંતિ આપજો.

પરમાત્મા એ આત્મા પર અઢળક પ્રેમ વરસાવજો.

❖ ❖ ❖

# ડૉ. રમણભાઈ

□ પુષ્પા પરીખ

ડૉ. રમણભાઈના વ્યક્તિત્વ વિષે લખવું હોય તો મને તો લાગે છે કે આખું એક પુસ્તક લખાય. પરંતુ આ એક જ અંકમાં તેમના પરિચયમાં આવેલ વ્યક્તિઓએ લખવાનું એટલે અંગત અને યાદગાર પ્રસંગો જ લખાય. એમનામાં શું નહોતું એમ પૂછીએ એટલે જ સમજાઈ જાય કે તેઓ શું હતા. જેમ વેદમાં કહ્યું છે કે પરમ તત્ત્વનું કોઈ વર્ણન ન કરાય તેવું ડૉ. રમણભાઈની બાબતમાં પણ છે. તેમ છતાં મારા મનમાં જે એકાદ બે સંસ્મરણો છે તે જણાવું છું.

સૌપ્રથમ તો એમના રમૂજી સ્વભાવનો પરિચય આપું. અમે જ્યારે પણ મળીએ અથવા પ્રવાસે જઈએ ત્યારે Jokes તો કહેતા જ અને તેમનો Favourite Joke એક હતો. 'આપણા માજી રાષ્ટ્ર પ્રમુખ ઝૈલસિંગ એક વખત કોઈ બીમારીના ઉપચાર માટે પરદેશ ગયા, બધી તપાસ બાદ ઑપરેશન કરાવવાનું નક્કી કર્યું. થિયેટરમાં બધી તૈયારી કરી અને ડૉક્ટરે આવીને પૂછ્યું 'Are you ready ?' તેઓએ જવાબ આપ્યો. 'No Sir.' થોડી વાર પછી પાછું તેમણે કહ્યું. No Sir.' હવે ડૉક્ટરની ધીરજ ખૂટી અને બે મિનિટમાં જરા મોટા અવાજે પૂછ્યું. 'Are you ready ?' આપણા રાષ્ટ્ર પ્રમુખે પણ જોરથી કહ્યું. I am not ready, I am 'Zailsingh.'

બીજો મારો ડૉ. રમણભાઈ સાથેનો યાદગાર અને વાગોળવા જેવો અનુભવ 'નવનીત સમર્પણ'માં જ્યારે તેઓના 'પાસપોર્ટની પાંખે'ના લેખો આવતા ત્યારે દર મહિને નવનીત સમર્પણના અંકની હું રાહ જોતી અને અંક હાથમાં આવતાંની સાથે પ્રથમ એમનો લેખ વાંચી તેઓને મારો પ્રતિસાદ આપતી. મારા જેવા એક અદના મનુષ્યની સાથે પણ એટલા આનંદથી અને શાંતિથી તેઓ વાતો કરતા અને મને હંમેશાં કહેતા 'તમે મારા લેખના પ્રથમ વાચક છો.' ભવિષ્યમાં પણ નવનીત સમર્પણ તો શું અનેક જગ્યાએ, અનેક પ્રસંગોએ અને અનેક પુસ્તકોમાં ડૉ. રમણભાઈ કાયમ આપણી સાથે જ છે. પ્રભુ તેમના આત્માને ચિર શાંતિ આપે.

❖ ❖ ❖

# સંસારી સંત

□ વસુમતી ભણસાલી

આદરણીય શ્રી રમણભાઈ ચી. શાહ, તેઓના પરિચયમાં આવનાર દરેક વ્યક્તિને તેમના અસાધારણ વ્યક્તિત્વની શરૂઆતથી જ ઝાંખી થાય એ અનુભવ મને પણ થયો. સરળ, નિખાલસ, અહમ્‌થી પર, સાદગીના હિમાયતી, ધાર્મિક, સામાજિક, રાજકીય કોઈપણ ક્ષેત્રમાં ઊંડુ જ્ઞાન ધરાવનાર, વિકટ પ્રશ્નોને સહજતાથી હલ કરનાર, સમભાવી, સમતાભાવી, નાના-મોટા, ગરીબ અને તવંગર, જ્ઞાની તેમ જ અજ્ઞાની દરેક સાથે સહજતાથી વર્તન કરનાર શ્રી રમણભાઈએ આપણા સૌ વચ્ચેથી વસમી વિદાય લીધી. તેઓશ્રીની ખોટ ક્યારેય પૂરાશે નહિ.

હું અને રમણભાઈ મલબાર હિલમાં સામ સામેના મકાનમાં રહેતા હોવાથી મુ. રમણભાઈ તેમ જ મુ. તારાબહેનનો અંગત પરિચય વધ્યો. જૈન યુવક સંઘની મિટિંગમાં કે પ્રવાસમાં ક્યાંય પણ જવાનું હોય તો અવશ્ય તેમનો ફોન આવે જ કે આપણે સાથે જ જઈશું. હંમેશાં તેમનું આશ્વાસન હોય જ કે તમારા ભાઈ થોડા દૂર રહે છે આવતા થોડોક સમય લાગે, રમણભાઈ તમારો બીજો ભાઈ સામે જ છે. કંઈપણ તકલીફ હોય તો બે મિનિટમાં આવી પહોંચીશ. તેઓની હૈયાસૂઝ સૌને હૈયાધારણ આપતી. આધ્યાત્મિક ક્ષેત્રે જ્ઞાનની ચરમ સીમાએ પહોંચેલા હોવા છતાં ક્યારેય તેમનામાં અહમ્ નો અનુભવ થયો નથી. મજાક કરી આનંદ મેળવવો અને અન્યને આપવો એ તેમને માટે સહજ હતું.

એક સંતને અનુરૂપ કેટલાક ગુણો તેમનામાં જોવા મળતા એ ગુણવાન અને ગુણગ્રાહી સંતસમી રમણભાઈને ભાવભરી અંજલી.

એક સાચા સ્વજન ગુમાવ્યાનો કાયમી અફસોસ છે.

❖ ❖ ❖

# પિતા તુલ્ય અમારા રમણભાઈ

□ મીના શાહ

જે જન્મે છે એનું મૃત્યુ ચોક્કસ છે. પરંતુ ઘણા માનવીની આ જન્મથી મૃત્યુ સુધીની જીવનયાત્રા ચિરસ્મરણીય હોય છે. પૂ. રમણભાઈની ચિરસ્મરણીય જીવનયાત્રા છે. મારા માટે પૂ. રમણભાઈ પિતા તુલ્ય હતા. એઓ મને પોતાની દીકરી માનતા હતા. એમની સાથે મેં ઘણાં પ્રવાસો કર્યા છે. પ્રવાસમાં પોતાના પરિચિતો સાથે મારી ઓળખાણ દીકરી તરીકે કરાવતા તેથી ઘણાં એમના પરિચિતો ખરેખર એમની દીકરી માનતા. એમની વિદાયથી મેં આદરણીય પિતા ગુમાવ્યા છે, જ્યારે પણ કોઈ પ્રવાસમાં જવાનું થાય ત્યારે મને પૂછ્યા વગર એ પ્રવાસમાં જવા માટે મારું નામ લખાવી દેતા. એમની સાથેનો પ્રવાસ એટલે જ્ઞાન અને ગમ્મતનો સુમેળ. પ્રવાસમાં એમની સાથે કોઈ અગવડ ન પડે. પ્રવાસમાં દરેક સાથીઓનું ધ્યાન રાખે, વડીલની વ્હાલપ વરસાવે. વિદ્વાન હતાં છતાંપણ ખૂબ જ નમ્ર ક્યારેય કોઇની નિંદા ન કરે. બધાં સાથે સુમેળ અને સરખું વર્તન. મૃત્યુ પહેલાં છેલ્લાં એક વર્ષથી બીમાર રહેતા હતા ત્યારે હંમેશાં પ્રભુને પ્રાર્થના કરતી કે પૂ. રમણભાઇને જલ્દી સ્વસ્થ કરી દે, પણ મનની મનમાં રહી ગઈ. એમની સાથે ઘણાં પ્રવાસો કરવા હતા. ઘણાં પ્રશ્નોનું નિરાકરણ કરવું હતું. ઘણી બધી માહિતી મેળવવી હતી, પણ ઈશ્વરે એ ઈચ્છા અધૂરી રાખી. કદાચ મારા કરતા એમને એની વધુ જરૂર હશે. ભવોભવ આવા પૂ. રમણભાઈ જેવા વડીલ મળે એ જ પ્રાર્થના. ઈશ્વર એમનાં આત્માને શાંતિ અર્પે.

❖ ❖ ❖

# વિનમ્રતાની મૂર્તિ રમણભાઈ

□ શૈલેષ કોઠારી (શૈલ પાલનપુરી)

આશરે ૧૨૫ (સવાસો) પુસ્તકોના લેખક, જૈનધર્મ અને જૈન ફિલસૂફીના પ્રકાંડ વિદ્વાન, એક સહૃદય અંગત મિત્ર, માર્ગદર્શક અને મુરબ્બી એવા શ્રી રમણભાઈ ચી. શાહના દુઃખદ અવસાન સાથે મેં મારા અસ્તિત્વનો એક અંશ ખરી પડયો હોવાની અનુભૂતિ કરી છે.

મૃત્યુને તાત્ત્વિક રીતે ગમે તેટલું અનિવાર્ય માનીએ તો પણ રમણભાઈનું અવસાન મારા જેવા તેમના અનેક મિત્રો, શુભેચ્છકો અને ચાહકો માટે સર્વ રીતે દુઃખદ જ લાગવાનું. પ્રિય રમણભાઈના નામ આગળ સ્વર્ગસ્થ શબ્દ મૂકવાનું મન ક્યારેય નહીં માને રમણભાઈનું વ્યક્તિત્ત્વ જેટલું સરળ, સુંદર અને સહજ તેટલું જ તેમનું જીવનકર્તવ્ય પણ એટલું સુંદર, સહજ-સરળ અને ઉજ્જવળ હતું.

રમણભાઈ પૂરેપૂરા નિરાભિમાની અને વિનમ્ર હતા. તેમની વિનમ્રતા માટે તો મારા ગઝલગુરુ સ્વ. શૂન્ય પાલનપુરીનો એક શેર ટાંકવાની લાલચ રોકી શકતો નથી.

''વિનમ્રતા છે વધુ માનની અધિકારી
પગે જો કંટકો લાગે તો એને ફૂલ કરો''

આજે પણ દુનિયામાં વિનમ્ર માણસો તો ઘણાં મળી આવે છે પરંતુ રમણભાઈની વિનમ્રતા હંમેશાં વધુ માનની અધિકારી બની રહેવાની, તેમણે જીવન યાત્રામાં પણ જ્યાં, જ્યારે અને જેટલાં કંટકો વાગ્યાં ત્યારે તે કંટકોને ફૂલ બનાવી દેવાના સુકૃત્યો કર્યા છે. રમણભાઈએ તેમના સમગ્ર જીવનમાં શૂન્યસાહેબના ઉક્ત શેરનું અક્ષરશઃ રૂપાંતર કરી બતાવ્યું છે.

રમણભાઈ સાથેના મારા અંગત અને ઘનિષ્ટ સંબંધો ઘણાં લાંબા સમય રહ્યા હતા. અનેક વર્ષોની અમારી મિત્રતા છેક સુધી અખંડિત રહી હતી. આ મૈત્રીની સુવાસ સદાય પ્રસરતી રહેશે જ. રમણભાઈ સાથે અંગત સંબંધને કારણે મને તેમના ધીરગંભીર, વિદ્વતાસભર વ્યક્તિત્ત્વના અનેક સુખદ અનુભવો થયા છે જેના સ્મરણો તો ગણ્યાંગણાય નહીં અને વીણ્યાં વીણાય નહીં એટલાં છે. તેમની સાથેની મારી સુદીર્ઘ મૈત્રીના અંતરંગ અનુભવોમાંના કયા અનુભવનું આલેખન કરું અને કયાં અનુભવનું ન કરું તે મારી સમજની દ્વિધા છે પરંતુ મારા હૃદયમાં જે જડાઈ ગયા છે તેવા કેટલાંક અનુભવરત્નો અહીં રજૂ કરું છું.

રમણભાઈ મારાં જીવનમાં અનેક રીતે વણાઈ ગયા છે પરંતુ સૌ પ્રથમ વાત હું મારા સૌપ્રથમ ગઝલસંગ્રહ ''ઝૂરતો ઉલ્લાસ''ના પ્રકાશનમાં રમણભાઈ કઈ રીતે નિમિત્ત બન્યાં તેનાથી કરીશ. શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કમિટીના એક સભ્ય તરીકે કેટલાંક વર્ષો મને રમણભાઈની સાથે કામગીરી બજાવવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું હતું. એ સમયે મારા ગઝલ-સર્જન વિશે પણ કમિટીના સભ્યોમાં અવારનવાર વાતો થતી રહેતી - એ વખતે મારી પોતાની ગઝલ સંગ્રહ પ્રકટ કરવાની જરાપણ ઈચ્છા નહોતી અને એમ કરવા જેટલી મારી આર્થિક, માનસિક તૈયારી પણ નહોતી પરંતુ એકાએક સૌના આશ્ચર્ય વચ્ચે એક વખત સંઘની એક બેઠકમાં શ્રી રમણભાઈએ જાહેરાત કરી દીધી કે આગામી છ માસમાં જ શૈલેષનો પ્રથમ ગઝલ-સંગ્રહ પ્રકટ કરવામાં આવશે (જૈન યુવક સંઘ કરશે) એ પછી તો રમણભાઈની પ્રેમભરી સહાય અને માર્ગદર્શન વચ્ચે ''ઝૂરતો ઉલ્લાસ'' ઝડપભેર પ્રકટ થયો અને આ સંગ્રહ માટે શ્રી રમણભાઈએ ''આવકાર'' પણ લખી આપ્યો. આ ''આવકાર''માં રમણભાઈએ લખ્યું હતું કે,

''મારા ધર્મમિત્ર ભાઈ શ્રી શૈલેશ કોઠારી વ્યવસાયે હીરાના વેપારી છે પણ એમનો જીવ કવિનો છે. હીરાની પરખ કરતાં શબ્દની ચમક એમને વધુ પ્યારી છે. કાવ્યસૂઝ છે. તેઓ સ્વભાવે ઉદાર, મૃદુ અને સંવેદનશીલ છે એટલે તેમને નવોન્મેષની સ્ફુરણા થાય એ સ્વાભાવિક છે. જીવનના વનપ્રવેશ પછી એમનો આ પહેલો ગઝલ-સંગ્રહ પ્રકાશિત થાય છે એમાં પણ કોઈ સંકેત રહેલો હશે! એમની સર્જન પ્રવૃત્તિ વધુ પુષ્ટ અને વેગવંતી બને એવી આશા અને શુભકામના છે!''

કોઈપણ ગઝલકાર માટે રમણભાઈની કક્ષાના વિદ્વાન આટલો સુંદર આવકાર લખી આપે તે ઘટના જેટલી પ્રસન્નતાકારક છે તેટલી જ ઉત્સાહવર્ધક પણ છે! રમણભાઈના વિરાટ વ્યક્તિત્વનો વિચાર કરું છું ત્યારે થાય છે કે એમનામાં શું નહોતું? ઈશ્વરે રમણભાઈને બધું જ આપ્યું હતું. રમણભાઈના પત્ની તારાબેન, પુત્રી શૈલજા અને પુત્ર અમિતાભ-આ બધાનાં મૂખે માતા સરસ્વતીનો વાસ છે. એ રીતે રમણભાઈ પૂરા નસીબદાર હતા.

રમણભાઈ સાથેના મારા અંગત જીવન અનુભવનો એક લાંબો સહવાસ ૧૯૮૭ થી ૧૯૯૨ના સમયગાળા દરમિયાન પણ રચાયો હતો. આ સમયકાળ દરમિયાન હું તથા રમણભાઈ દર સોમવારે તળ મુંબઈના એકવીસ દેરાસરોમાં દર્શન માટે સાથે જતા હતા. ક્યારેક પૂજાના કપડામાં તો ક્યારેક સાદા વેશમાં પણ અમારી આ સદ-દર્શનની પ્રવૃત્તિ ચાલુ રહી અને એ દરમિયાન રમણભાઈનું જૈનધર્મ અને જૈન શાસ્ત્રો વિશેનું જ્ઞાન પણ મને મળતું રહ્યું હતું.

રમણભાઈ સાથે પ્રવાસ કરવો એ પણ એક લહાવો હતો. રમણભાઈ સાથે પંજાબ, દિલ્હી કાંગડાતીર્થના પ્રવાસો મેં ખેડ્યાં હતા જેને હું મારા જીવનનું મોટું સદ્‌ભાગ્ય ગણું છું. આમ પણ રમણભાઈ પ્રવાસપ્રેમી હતા અને તેમના વિશ્વભરના પ્રવાસના અનુભવોને આલેખતું પુસ્તક ''પાસપોર્ટની પાંખે'' વાંચો તો તમને અવશ્ય એવી પ્રતીતિ થઈ આવે કે તમે પણ આખી દુનિયાની મુસાફરી કરીને હમણાં જ ઘરે આવ્યા છો. પ્રવાસની વાત નીકળી છે તો એક વાત તરત યાદ આવે છે. શ્રી રમણભાઈએ ''ઉત્તર ધ્રુવના પ્રવાસે જવાના હતા ત્યારે તેમણે મને અને મારા ધર્મપત્ની પ્રતિમાને (નીમી) સાથે આવવાની ઓફર કરેલી. રમણભાઈની મારા પ્રત્યેની ઉદારતાની લાગણીના આવા તો અનેક ઉદાહરણો છે.''

અંગત રીતે હીરાના વ્યવસાયમાં પ્રારંભિક સફળતા બાદ કેટલાંક વર્ષો પછી હું આર્થિકભીસમાં આવી પડ્યો. એ સમય ખૂબ કપરો હતો. આત્મક્ષોભ અને માનહાનિના અનેક અનુભવોમાંથી હું પસાર થઈ રહ્યો હતો. બરોબર એ જ સમયે રમણભાઈએ એમનું એક પુસ્તક મને અર્પણ કર્યું. મને ગર્વ છે કે રમણભાઈથી મેં મારા જીવનની એકપણ વાત ક્યારેય છુપાવી નહોતી. મારી ઉજળી બાજુ કરતા મારી નબળી બાજુ જ મેં રમણભાઈને વધુ જણાવી હતી. એ સમયે રમણભાઈ હંમેશાં મને શીખ સાથેના બે શબ્દો કહેતા: ''આ બધી વસ્તુઓમાંથી આપણે હવે નીકળી જઈએ તો સારું'' એ રીતે રમણભાઈ મારા દુઃખના સમયના સાચા સાથી હતા. એમણે મને એક પુસ્તક અર્પણ કર્યું તે પછી પાલનપુરમાં ઘણાં ઉજળાં ગણાતાં લોકોમાં એકવાર હું ''હસતા'' હતો તેની બદલે ''વસતો'' થઈ ગયો હતો. રમણભાઈએ મને પુસ્તક અર્પણ કર્યું તે પછી પંદરથી વીસ જેટલી માતબર વ્યક્તિઓના મારા ઉપર ફોન આવ્યા હતા અને સૌ કોઈ મને માનની નજરે જોવા લાગ્યા હતા. આમાં મારી

લાયકાત કેટલી? ખરેખર તો રમણભાઈ મને કઈ રીતે સમજ્યાં હતાં તેનો ખ્યાલ આપવા જ આ અનુભવ અહીં રજૂ કર્યો છે. મારી અને રમણભાઈની ઉંમરમાં ૧૭ વર્ષનો ફરક હતો પણ રમણભાઈ નાના-મોટા સૌ કોઈ સાથે તાલ મિલાવતા રહેતા. ખરેખર તો રમણભાઈ મારાં માટે એક મિત્ર અને એક મોટા ભાઈ સમાન હતા.

રમણભાઈ, મહત્તરા સાધ્વીશ્રી મૃગાવતીજીની પણ અત્યંત નિકટ હતા. મૃગાવતીશ્રીજી તા. ૧૮ જુલાઈ ૧૯૮૬ના રોજ દિલ્હી મુકામે કાળધર્મ પામ્યાં તે વખતે તેઓ દેવલાલી હતા. મેં તેમને ફોન કર્યો તે પછી તેઓ તથા તારાબેન પહેલી ટ્રેન પકડીને મુંબઈ આવી પહોંચ્યા અને મહાવીર જૈન વિદ્યાલયમાં યોજાયેલી મૃગાવતીશ્રીજીની ગુણાનુવાદ સભામાં તેમણે હાજરી આપીને સુંદર ગુણાનુવાદ કર્યો. રમણભાઈએ એ વેળાએ ટેલિફોન પૂરતી વાતચીતમાં માત્ર દોઢ મિનિટમાં મૃગાવતીશ્રીજી માટે ૧૪ વિશેષણોનો ઉપયોગ કર્યો હતો. આજે આપણને કોઈ શબ્દકોષ હાથમાં પકડાવી દે તો એક કલાકમાં પણ ૧૪ ઉચિત વિશેષણો શોધી ન શકીએ. રમણભાઈની આ વિદ્વતા હતી. રમણભાઈ પારસમણિ હતા. તેઓ જે કોઈને સ્પર્શે તેને સુવર્ણ બનાવી દેતા.

મને બરોબર યાદ છે ૧૯૮૭ની ૨૩ મી માર્ચે ભારતીય વિદ્યા ભવન ખાતે મારા ગઝલગુરુ સ્વ. શૂન્ય પાલનપુરીની એક ભવ્ય અને અત્યંત ગૌરવપ્રદ ગુણાનુવાદ સભા યોજાઈ હતી. શૂન્ય સાહેબની ગુણાનુવાદ સભા પછી આટલાં વર્ષો બાદ ગત તા. ૨૭-૧૦-૨૦૦૫, ગુરુવારના રોજ પાટકર હોલમાં યોજાયેલી રમણભાઈની ગુણાનુવાદ સભા પણ એટલી જ ભવ્ય, ગૌરવપ્રદ અને માતબર હતી.

શૂન્યસાહેબ મારાં ગઝલગુરુ હતા જ્યારે રમણભાઈ મારા જીવન વ્યવહારના ગુરુ હતા. મારાં બન્ને ગુરુઓની આવી માતબર ગુણાનુવાદ સભામાં હું હાજર હતો તેને મારું સદ્નસીબ માનું છું. જોકે આવું સદનશીબ દુ:ખકારક જ બની રહેવાનું તે સત્ય હું જાણું છું. રમણભાઈની અંતિમયાત્રામાં હું મારા જ્યેષ્ઠ પુત્ર અનીશના ઓપરેશનને કારણે અગાઉથી ખબર હોવા છતાં હાજર રહી શક્યો નહોતો તેનો વસવસો મને જિંદગીભર રહેવાનો.

અંતમાં નખશીખ સજ્જન, મારા હમદર્દ, મારા મિત્ર વિશે મારા ગઝલગુરુ જનાબ શૂન્ય પાલનપુરીના એક શેર સાથે જ સમાપન કરીશ:

''જીવન અર્પણ કરી દીધું કોઈને એટલા માટે, મરણ આવે તો એને કહી શકું મિલકત પરાઈ છે''

સાથે જ રમણભાઈએ તેમનું અખૂટ જ્ઞાન, વિશાળ અનુભવફલકનું સમગ્ર અમૃત જગતને અર્પણ કરી દીધું છે. તેમની વિદાયથી જે શૂન્યઅવકાશ સર્જાયો છે તે ક્યારેય પૂરી શકાશે નહીં. ❖ ❖ ❖

# સ્વ. રમણભાઈનો કર્મચારીઓ સાથેનો સંબંધ

☐ એલ. એમ. મહેતા (સંઘના ભૂતપૂર્વ મેનેજર)

સ્વ. રમણભાઈને સંઘના કર્મચારીઓ પ્રત્યે ખૂબ જ સહાનુભુતિ હતી. તેમના આવ્યા પછી કર્મચારીઓની જિંદગી બદલી નાખી હતી. કર્મચારીઓને ભવિષ્યની ચિંતાથી મુક્ત કર્યા હતા. કોઈ કર્મચારી સંઘમાંથી છૂટો થાય તો તેમને કોઈની પાસે હાથ લાંબો ન કરવો પડે. એ વિચારીને શ્રી. કે. પી. શાહ ત્યારે તેઓ સંઘના મંત્રી હતા તેમની સાથે મળીને પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહને મળીને ખૂબ જ જહેમત ઉઠાવીને ઘણાં કમિટી સભ્યોનો અણગમો લઈને કર્મચારી માટે પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુટી, રજાનો પગાર, માંદગીનો પગાર, બોનસ બધું તેમણે અપાવ્યું. તેઓ વ્યાખ્યાનમાળાના પ્રમુખ થયા પછી વ્યાખ્યાનમાળાનો એક પગાર પણ આપવાનો શરૂ કરી દીધો હતો. કોઈ પણ કર્મચારી છૂટો થાય તો દોઢથી પોણા બે લાખ લઈને છૂટો થાય. જ્યારે જ્યારે સંઘ તરફથી બહારગામનો પોગ્રામ હોય તો કર્મચારીને સાથે લઈ જવાનું કદી ભૂલતાં નહિ. કોઈ વિરોધ કરે તો તેમનો એક જ જવાબ હતો 'આવું તેમને જીવનમાં કયારે જોવાનું મળે!' સંઘના કર્મચારીઓ તથા તેમનાં બાળકો સ્વ. રમણભાઈના આ ઉપકારને જિંદગીભર ભૂલી નહિ શકે.

સ્વ.રમણભાઈએ એક પગલું આગળ વધીને સંઘના મેનેજર શ્રી શાંતિલાલ ટી. શેઠને રૂા. ૫૧૦૦૦ની થેલી અપાવી હતી તેમ જ મને પૂ. કાકાસાહેબ કાલેલકરના હસ્તેથી રૂા. ૨૫૦૦૦,ની થેલી આપવામાં આવી હતી.

તેમનું હૃદય ખૂબ જ કોમળ હતું. બીજાનું દુ:ખ તેઓ જોઈ શકતા નહોતા. અહીં હું ખૂબ જ સરસ એમના સ્વભાવનો પ્રસંગ રજૂ કરું છું. તા. ૨૫-૧૧-૧૯૯૩ના રોજ શ્રી મફતલાલ ભીખાચંદ શાહના પરિવાર તરફથી પાટણમાં નેત્ર યજ્ઞ રાખવામાં આવેલ હતો. સ્વ.રમણભાઈને પ્રવાસનો ખૂબ જ શોખ હતો. તીર્થોના દર્શન કરવાનું તેઓ કદી ભૂલતા નહિ. આજુબાજુના સુંદર તીર્થસ્થળો જોવા માટે શ્રી મફતભાઈએ મેટાડોરની સગવડ કરી આપી હતી. ચારૂપ, ભીલડીઆજી, શંખેશ્વર, તારંગા વગેરે તીર્થોમાં દર્શન - પૂજા કરવાનો મોકો મળ્યો. કોઈ કોઈ જગ્યાએ નવાં દેરાસરો પણ બંધાતા હતાં. થોડા મહિના પહેલાં સ્વ.રમણભાઈ ઉપર ડીસા પાસેના ખરડોસણ ગામના એક વિદ્યાર્થીનો પત્ર આવેલો. 'મેં ૧૨મા ધોરણ સુધી અભ્યાસ કર્યો છે. આ વર્ષે જ અભ્યાસ છોડ્યો છે. પાઠ્યપુસ્તકમાં તમારા પાઠ વાંચ્યા છે. ત્યાર પછી કોઈની પાસેથી આપનું પુસ્તક 'પાસપોર્ટની પાંખે' વાંચવા મળ્યું. પુસ્તક વાંચ્યું, ખૂબ જ ગમ્યું. વાંચ્યા પછી જાણે ઘરમાં રહીને આખી દુનિયાની મુસાફરી કરી હોય એવો મને અનુભવ થયો. આપ આ બાજુ આવો ત્યારે મારે ગામ-મારે ઘેર જરૂર આવશો. હું તો આપને મળી શકુ તેમ નથી. કારણ હું બને પગે અપંગ છું.' વિદ્યાર્થીએ પોતાના ઘરનું સરનામું લખ્યું હતું. એ ગામ પાટણથી દૂર હતું. અમારી પાસે સમય નહોતો. રાતનો વખત હતો. ખૂબ જ ફરવાના કારણે બધાં થાકી ગયા હતાં રમણભાઈ તે વિદ્યાર્થીને મળવાની ઝંખનાને રોકી શક્યા નહોતા. હું અહીં સુધી આવ્યો છું તો મારે જરૂર મળવું જોઈએ. એ ગામ કાચા રસ્તે ચાર પાંચ કિલોમીટર અંદર હતું.

અમો વિદ્યાર્થીને ઘરે પહોચ્યાં સ્વ.રમણભાઈના એક પ્રશ્નથી પાસપોર્ટના પાંખેના લેખકને તે ઓળખી ગયો 'આપ મારે ત્યાં !' વિદ્યાર્થી ગળગળો થઈ ગયો. સુંદર તેજસ્વી એનો ચ્હેરો હતો. શબ્દો તથા હાસ્યમાં મધુરતા હતી. એની ચિંતાગ્રસ્ત આંખો કુદરતે આપેલી સજા માટે ઉદાસ રીતે અમારી સામે મીંટ માંડી રહી હતી. એની બીમારી માટે ઈલાજ માટે ચર્ચા ચાલી સ્વ.રમણભાઈએ કહ્યું 'સારું થતું હોય તો જે કંઈ ખર્ચ થાય તેનો પ્રબંધ થઈ જશે.'

આવા પ્રસંગો ખાલી હાથે પાછા ન આવતાં વિદ્યાર્થીને ભેટ રકમ આપી. પાછા ફરતાં આ પ્રસંગને હું વિચારી રહ્યો હતો. સ્વ. રમણભાઈ ખૂબ જ થાકી ગયા હતા. તેમની પાસે સમય પણ નહોતો. કોઈપણ વ્યક્તિ મળવા માટે આ વાતને ટાળી પણ દે. પત્રની આપલે કરી શકે. વિદ્યાર્થીનો એવો કયો સંબંધ હતો? મુસીબત વેઠીને તેના ઘરે જવાનું.

એક પત્રના આધારે. બંને એકબીજાને ઓળખતા પણ નથી. રમણભાઈને પોતાના પુસ્તકના વાચક તરીકે ઓળખે છે. એવા તો ઘણા વાચક છે. ન ગયા હોત તો તેઓ ગૂનેગાર ન ગણાત. માનવીના હૃદયમાં રહેલી કરુણાના અહીં દર્શન થાય છે. મેં જોયું છે કે નાનામાં નાની વ્યક્તિનું રમણભાઈ ધ્યાન રાખતા હતા. સાચો માનવી એ જ છે. જે નાનામાં નાના માનવીના અંતઃકરણ સુધી પહોચે છે. તેમના અંતઃકરણમાં વાત્સલ્યભાવનું પૂર ઉભરાતું મેં જોયું છે.

રમણભાઈ સાથે મારે વર્ષો પહેલાનો સંબંધ હતો. તેમના નેજા નીચે વર્ષો સુધી મેં કામ કરેલ. તેઓ જ્યારે દાખલ થયા ત્યારે તેમના સસરા શ્રી દીપચંદ ત્રિભોવનદાસ શાહ સંઘનાં મંત્રી હતાં અને હું સંઘ સંચાલિત એમ. એમ. શાહ લાઈબ્રેરીનો ગ્રંથપાલ હતો. ત્યારબાદ તેઓ કમિટી મેમ્બર બન્યા. હું સંઘના કલાર્ક તરીકે કામ કરતો હતો. સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહના અવસાન પછી તેઓ સંઘના પ્રમુખ બન્યા તે સમયે હું સંઘના મેનેજર તરીકે કામ સંભાળતો હતો.

પ્રમુખ તરીકે સમજો કે મેનેજરના નાતે સંઘની પ્રવૃત્તિના કારણે દર માસે નેત્રયજ્ઞ માટે બહારગામ જવાનું થતું. સંઘના હોદ્દેદારો સાથે દરેક નેત્રયજ્ઞમાં રમણભાઈની સૂચનાથી મને સાથે લઈ જવામાં આવતો. દર વર્ષે થતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં બહારગામની કોઈપણ એક સંસ્થાનો પ્રોજેકટ લેવામાં આવતો હતો. પર્યુષણ વ્યાખ્યાનમાળા પહેલાં તે સંસ્થાની મુલાકાત લેવી જરૂરી રહેતી. ત્યારે હું પણ તેની મુલાકાત લેવા માટે સાથે જ રહેતો. સાથે રહેવાનું મુખ્ય કારણ એ હતું કે એ સંસ્થાની અપિલ મારે જ લખવાની રહેતી. દર વર્ષે પર્યુષણ વ્યાખ્યાનમાળાની અપીલ રમણભાઈના કહેવાથી હું જ લખતો હતો.

સંસ્થાની મુલાકાત લીધા પછી રમણભાઈ આજુબાજુના ગામડાંઓના દેરાસરોની મુલાકાત લેવાનું ભૂલતા નહિ. આ કારણે ગુજરાતના કે સૌરાષ્ટ્ર દરેક ગામડાના દેરાસરોનો લાભ મને મળ્યો છે. કોઈ દેરાસર બાકી રહ્યું નહિ હોય !

ઘણાં વર્ષ પહેલાં જૈન ધર્મના પ્રખર વિદ્વાન શ્રી શશિકાંતભાઈ મહેતા પાલિતાણામાં શ્રી રમણભાઈ એમના કુટુંબ સાથે ગાળવાના હતા. મને મારી પત્ની સાથે આમંત્રણ આપ્યું હતું. અમોને પ્લેનમાં લઈ જવામાં આવ્યાં હતાં.

અંગત રીતે તેમણે મને બે સૂચનાઓ આપી હતી. ૧) જ્યારે જ્યારે બહારગામ જઈએ ત્યારે તમારી ટિકિટ સાથે જ લેવાની ૨) આપણે સાથે મુસાફરી કરતાં હોઈએ ત્યારે સંસ્થાની વાત સંઘમાં જ કરવાની. મુસાફરીમાં નહિ, આપણે ફરવા આવ્યા છીએ. આ સૂચન હંમેશાં મેં અમલમાં મૂક્યુ હતું.

એમના સહવાસથી દરેક દેરાસરમાં જવાથી મારા જીવનમાં ઘણો ફેરફાર થયો હતો. તેમનામાં રહેલા ઘણાં ગુણોમાંથી થોડા ઘણાં ગુણો મેં અપનાવ્યા હતાં. ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા, ગુસ્સાને પચાવી પાડવો. બીજા પ્રત્યે દયાભાવ રાખવો.

**અહીં મને તેમના ત્રણ પ્રસંગો યાદ આવે છે :**

ચિત્રકુટમાં નેત્રયજ્ઞ હોવાથી અઠવાડિયા માટે મારે જવાનું થયું હતું. સ્નાન-પૂજાપાઠ કરી નેત્રયજ્ઞમાં જવું-જમીને થોડો આરામ લઈ સાંજે બજારમાં ફરવા જવું. રોજનો અમે નિયમ બાંધી લીધો હતો. સાંજે ફરવા જઈએ ત્યારે દેખાય, ત્યાંના માણસો વહેંચવાની વસ્તુઓને ઓટલા પર કે કોઈ પગથિયા પર ગોઠવીને દુકાન જેવું બનાવતા હોય છે. રોજના નિયમ પ્રમાણે ફરતા ફરતા અમો એક દુકાને વસ્તુ જોવા ઊભા રહ્યા. જોયા પછી તેમાં મને એક દીવડી (દીવો પ્રગટાવા માટે) ખૂબ ગમી ગઈ. ભાવ પૂછયો. ભાવ મને જરા વધુ લાગ્યો. ભાવ માટે જરા રકઝક કરી. પણ દુકાનદારે ભાવ ઓછો કર્યો નહિ. દુકાનદારની સાથે મારી થયેલ વાતચીત રમણભાઈ સાંભળતા હતો. દીવડી ન લેતાં હું જરા આગળ નીકળી ગયો. રમણભાઈએ તેમની દુકાને જ ઊભા હતા. ફરીને અમો અમારા ઉતારે આવ્યા. રમણભાઈ જો મારા સામે જોઈને તેમણે પોતાના થેલામાંથી મારે જે દીવડી જોઈતી હતી તે જ દીવડી કાઢીને ટેબલ પર મૂકી. હું દીવડીને -રમણભાઈની સામે જોઈ જ રહ્યો. ગદ્‌ગદ્ થઈ ગયો. ત્યારે રમણભાઈએ બોલેલ શબ્દો હજી મને યાદ છે. 'મહેતા, ગમતી વસ્તુ ભલે થોડી મોંઘી લાગે પણ તે છોડી ન દેવાય. ફરક કેટલો લાગે મુંબઈમાં રૂા.૧૫૦ માં મળે અહીં રૂા. ૧૬૦ માં મળે. ફરક ફક્ત ૧૦ રૂપિયાનો જ હોય છે.પણ ગમતી વસ્તુ ન ખરીદવાનું દુઃખ અનેકગણું હોય છે.' અમો સાથે હોઈએ ત્યારે રમણભાઈ મને અવારનવાર ખર્ચા માટે પૈસા આપતા હતા. એ પણ કહેતા કે વધુ જોઈએ તો માગી લેજો.

૨) બિરલા ક્રીડા કેન્દ્રમાં પર્યુષણ વ્યાખ્યાનમાળા ચાલતી હતી. થોડા સમય પહેલાં તેમનું પ્રસિદ્ધ થયેલ પુસ્તક 'પાસપોર્ટની પાંખે'ની ત્યાં માગ થઈ હતી. રમણભાઈની સૂચનાથી આર. આર. શેઠની કું માંથી ૧૦૦ કોપી મગાવી. આર. આર. શેઠે પુસ્તકોની સાથે તેમણે પહેલાં વેચાયેલા પુસ્તકોની રોયલ્ટીની રકમ પણ સાથે મોકલી આપી હતી. તે રકમ રૂા. ત્રણ હજાર હતી. રમણભાઈને મેં આ વાતની જાણ કરી. તેમણે આ રકમ ન રાખતાં સ્ટાફને વહેંચી દેવાની મને સૂચના આપી. હું કંઈ બોલું તે પહેલાં તેમણે મને ચર્ચા કરવાની ના પાડી. તેમનામાં રહેલી સ્ટાફ પ્રત્યેની લાગણીનો ખ્યાલ આવ્યો.

૩) ઘણાં વર્ષો પહેલાં ભારતીય વિદ્યાભવનમાં પર્યુષણ વ્યાખ્યાનમાળા ચાલતી હતી. ત્યારે મેં જોયુ કે પગથિયાં ચઢીને એક ભાઈ મારી તરફ આવી રહ્યા હતા. તેમનો સ્વભાવ હતો - વાતવાતમાં કજિયો કરવો - ઊંચા સાદે બોલવું. બધાને ધમકી આપવી. ધાર્યું કરાવવું. મારી નજીક આવી ને કહે - મહેતા, 'રમણભાઈ કયાં છે ?' મેં કહ્યું. અંદર તેમનું વ્યાખ્યાન ચાલે છે. 'કયારે પૂરું થશે ?' મેં કહ્યું 'અગિયાર વાગ્યે,' ઠીક હું અગિયાર વાગે આવું છું. તેઓ ચાલ્યા ગયા. બરોબર અગિયાર વાગ્યે એ ભાઈ આવ્યા. રમણભાઈનું વ્યાખ્યાન પણ પૂરું થઈ ગયું હતું. હું તેમની સાથે અંદર ગયો. સામે જ રમણભાઈ આવતા હતા. મેં રમણભાઈનું ધ્યાન દોર્યુ. 'રમણભાઈ, આ ભાઈ તમને મળવા માગે છે.' રમણભાઈ તેમને ઓળખતા હતા. રમણભાઈએ હસતાં હસતાં તેમને આવકાર્યા. પોતાના સ્વભાવ પ્રમાણે ઉગ્ર રીતે તે ભાઈએ કહ્યું 'રમણભાઈ આ તમારી વ્યાખ્યાનમાળા હું બંધ કરાવીશ.' રમણભાઈએ જે જવાબ આપ્યો તે જવાબ ફક્ત રમણભાઈ જ આપી શકે. 'ભાઈ તમે પર્યુષણ વ્યાખ્યાનમાળા બંધ કરાવશો તો હું તમારો ખૂબ ખૂબ આભાર માનીશ. તમે જાણો છો. વ્યાખ્યાનમાળા માટે વ્યાખ્યાતા લાવવા માટે અમારે કેટલી કેટલી મહેનત કરવી પડે છે. કોઈને તારીખ માફક ન આવે. કોઈને કયારેક વિષય માફક ન આવે. બધાંને સંભાળવા પડે નવાં નવાં વ્યાખ્યાતાઓ શોધવાના. ખૂબ જ મહેનત ઉઠાવવી પડે છે. જુઓ આ મહેતાને પૂછો. તમે કેટલા વાગ્યે ઊઠો છો ? આખો સ્ટાફ પરેશાન થાય છે. અઠવાડિયા માટે તેમની ક્રિયા પણ બદલવી પડે છે. બંધ કરાવશો તો તમારો ખૂબ આભાર માનીશ. બંધ કરવા માટે અમને કારણ મળી જશે. બોલો કયારથી બંધ કરાવો છો ? આજે અમારો પહેલો દિવસ છે.' એ ભાઈ એક શબ્દ પણ બોલી શક્યા નહિ. ગૂપચૂપ ચાલતી પકડી લીધી. રમણભાઈની જગ્યાએ બીજી કોઈ વ્યક્તિ હોત તો અહીં બોલાચાલી થાત. 'તમારાથી થાય તે કરી લેજો.' એ જ જવાબ આપે.

આવા તો મેં ઘણા પ્રસંગો જોયા છે - સાંભળ્યા છે.

સ્વ. રમણભાઈના આત્માને શાંતિ આપે તેવી ઈશ્વર પાસે પાર્થના.

**ચાલતાં ચાલતાં થતી સંયમની વાતો**
**હવે જોવા નહીં મળે કદિ તમારો પડછાયો**
**મળું ના મળું વિચારોના વમળમાં રહી ગયું**
**અને થઈ ગયું મોડું આંખોને રોવું પડયું**
**મંઝિલ કાપતાં કાપતાં આગળ વધી ગયા**
**ઉજાસને અંધારું બનાવી ચાલ્યા ગયા.**
**તમારું મૃત્યુ ના... કદિ નહિ... કદિ નહિ.**

# સાહેબના યાદગીરીના શબ્દ

☐ અશોક પલસમકર

સાહેબ સાથે મારી પ્રથમ ઓળખ તારીખ ૨૮-૦૨-૧૯૮૪ સાલમાં થઈ. હું શ્રી મુંબઈ જૈન યુવક સંઘમાં નોકરી માટે આવ્યો હતો ત્યારે.

સાહેબના પહેલી વખત ઘરમાં ગયા પછી મને ખુરશી પર બેસવાનું કહ્યું, જ્યારે હું ખુરશી ઉપર બેઠો ત્યારે આજુબાજુના પુસ્તકોના કબાટ જોઈને મારા મનમાં એમ લાગ્યું કે સાહેબ મોટા વિદ્વાન છે. પછી મને ખ્યાલ આવી ગયો કે સાહેબ લેખક છે. અને ઘણાં પુસ્તકો પણ લખ્યાં છે. પછી સાહેબ સાથે મારો સારો પરિચય થઈ ગયો. સાહેબનાં મનમાં ક્યારેક પણ અશોક એક નોકર છે એમ લાગ્યું નથી પણ આપણા પોતાના ઘરનાં સભ્ય છે એમ બધા માનતા હતા અને અત્યારે પણ એમ માને છે.

હું ક્યારેક પણ સાહેબના ઘરે જાઉં ત્યારે મને પહેલા સાહેબ બેસ, એમ કહે. પછી શ્રી તારાબહેનને બોલાવીને અશોક માટે ચા મૂક એમ સાહેબ કહેતા હતા. આટલો બધો મારા માટે આખા ઘરના પરિવારને લાગણી હતી.

મારા ફેમિલી સાથે પણ સાહેબને સદ્‌ભાવ હતો. મારા પત્ની અને બાળકો આવ્યાં હતાં ત્યારે સાહેબનાં અમે ઘેર ગયાં હતાં. સાહેબને મરાઠી આવડતું હતું. સાહેબે મારા પત્ની, બાળકોના નામ પૂછી પછી સાહેબે છોકરાઓને આશીર્વાદ આપ્યા અને એમને ભેટ આપી. સાહેબને ત્રણ બાળકોએ કહ્યું સારી રીતે સાચી રીતે ભણશું અને પાસ થશું સારા માર્કસ મળશે એમ કહ્યું; પણ એક સાચી વાત એ છે કે ત્યાર પછી છોકરા સારા માર્કસ મેળવીને પાસ થાય છે. એક બાળક ૧૧મામાં છે. બીજો બાળક ૮માં છે અને ત્રીજો બાળક ૪થીમાં છે. પણ એ તો સાહેબનાં હાથના આશીર્વાદ. આ એક પ્રકારના શ્રી સરસ્વતીદેવીના હાથના આશીર્વાદ છે એમ મને લાગ્યા છે. એ એક મારા છોકરાઓ માટે ભગવાને મોકલાવેલા વરદાતા હતા. મારું સારું ભાગ્ય હતું

- કર્મચારી, મુંબઈ જૈન યુવક સંઘ

---

# MY PAPA..... LET US CELEBRATE HIS LIFE...

☐ Dr. Amitabh Ramanlal Shah (Son)

Everyone knows Ramanbhai as a linguist, as Jain scholar, as a professor, as an NCC major, as a friend. Shailaja and I were uniquely privileged to know him as a father.

A few years ago, I read a book where the protagonist spoke of his father."My father was a very complex man who led a very complex life", he said. I recall, my immediate reaction was that my father was exactly the opposite. He was a very simple man, who led an extremely simple life. I want to talk about this simple father.

When Pappa went to Japan the very first time in 1968, he brought a Japanese nylon sari for Mummy – it was the first time he had bought a sari for her. It was a brown sari with blue and white flowers design. Unlike her usual nature, Mummy started wearing this sari immediately. She started wearing it for the simplest of errands – going to the market or dropping us off at the school-bus stop. Many years later, he learnt that Mummy did not just wear that sari – she wore it out because she did not like it at all, but did not want to offend him. The simple man he was, Pappa always thought that Mummy must love this sari very much and was very proud of his first sari purchase.

One time Pappa and I went to Surat, he was the guest of honour for the platinum jubilee celebration of a library. When we reached the library in the morning, we figured out that it was up to the two of us and our chief host to actually clean the place and decorate it for the function. Without any qualms, he picked up the broom and swept the floor. We arranged the chairs and put up the banners. He then changed his clothes and went on to give his speech. He was not offended by this,indeed he joked that this was a highlight of his career!

My earliest and fondest memories of my father are of sleeping in his lap while he would sit on the swing. He would caress my hair, sing me songs and put me to sleep. He taught both Shailaja and me many sports and games – swimming, cycling, carom, cards, and cricket. Can you imagine Ramanbhai as a cricket bowler? He was a pretty good bowler too. He was really good at doing card tricks. In high school, he also taught me tricks for algebra – a skill that has stood by me even today.

I came to know Pappa as a grandfather when Shailaja and I had our own kids. Nothing was more important to him than spending time with his grandkids, not even writing. The simple man he was, he taught them simple pleasures, like making mountains of butter, or eating oranges sitting on a swing and stuffing empty envelopes with the orange peels. We would often come back home and find the home in a complete mess, with 3 kids – yes he was a kid when with ours – rolling on the floor in laughter, simply having fun.

When he visited us in US, the kids had to learn their home phone number, a necessary skill taught to kindergartners. He being the teacher he was, taught them how to memorize the number by singing the phone in different styles. There was the Lata Mangeshkar style, and there was the Classical style in Raag Malkauns. But the most hilarious one was Pappa's imitation of Michael Jackson. Needless to say, the kids memorized the number in minutes. Even today, they love to sing the number in the Dadaji style.

He wrote to my children hundreds of letters, almost once a week, sometimes twice. His letters were simple, one theme, large bold letters and creative use of colored pens. He often sent them puzzles to solve Of course, he also taught them swimmimg and card tricks, although he was a bit too old to bowl a cricket ball.

My son, Archit, when profiled in the local newspaper, was asked who his role model was. He replied: "My grandfather, because he has written over 100 books, traveled all over the world, has a great

sense of humor, and likes to help people". From a child, that was an excellent summary of Pappa's life !

Pappa had a passion for travel – it was a source of tremendous education and inspiration for him. He wanted to see the whole and passed this passion on to his children, their spouses, and grandchildren as well. He had visited nearly 70 countries! His motto was that visiting a country today will be cheaper than visiting it 2 years from now. Also, one never knows if a country may remain safe to visit in the future.

When you visit any National Park in the US, you can not miss the sign that says,"Please take only photographs and leave only footprints" to ensure the ecological balance of nature. Pappa had a similar principle for his travels: "Take the best memories and experiences, and leave your goodwill behind." A simple dictum from a simple man.

He had a simple life, full of simple pleasures, simple relationships. Yet his life was full-full of achievements that do not even seem mortal. Today, we should not mourn Pappa's death, but rather celebrate his life. He wouldn't want it any other way.

❖ ❖ ❖

# RESPECTED PUJYA RAMANBHAI

## One of the brightest stars of the Jain Fraternity !!!

☐ Minal Rohitbhai Shah

Simplicity personified is how I would describe Dr. Ramanbhai. Even though he was so learned he was an absolutely down to earth person.

He had many hidden virtues within him and one cannot really count them all. But a few of them just touch our hearts.

The moment one thinks of humour – Pujya Ramanbhai's name would cross our memory. On the lunch table at Sayla amidst our Gurudev Param Pujya Bapuji (Late Shri Ladakchand Manekchand Vora) or even until recently with Param Pujya Bhaishree (Nalinbhai Kothari) there was not a single day when Dr.Ramanbhai would not crack a joke. His smile and laugh had such innocence!!! His ever smiling face with lovely dentures even today brings cheer to our hearts.

A loving husband is another aspect of his life which I will always cherish and admire. His love, affection and care for respected Taraben was one which could be found on him all the time. He would think of the smallest things which would be of help to her. Praises for her were always on his lips.

He was a family man in totality. He has given his wisdom in inheritance to his children AMITABH and SHAILAJA and to his grand children ARCHIT, ACHIRA. GARGI and KAIVALYA. He maintained a perfect balance between spirituality and his worldly duties.

He was so meticulous in all that he did. His planning was always perfect. His handwriting was very clean and clear just like his heart. Even at this age they were absolutely legible.

During his lifetime his adulation for Lord Mahavir and Gautam Swami, his reverence for Param Krupalu Dev Shrimad Rajchandraji and Param Pujya Bapuji made him fly on the path of spirituality. I am sure that with the blessings of all of them his soul must have reached great heights.

His last thoughts shared with his daughter Shailaja that "I can see the sea and two separate paths-one the AATMA and other the BODY" proves that he had SAMADHI MARAN – a death which all pious souls long for.

My koti koti vandanas to him. His ever smiling face will always linger on in my memory.

With sincere respect I pay homage to him.

His daughter of the spiritual world
Shree Raj-Sobhag Ashram, Sayala.

❖ ❖ ❖

# TRIBUTE TO PROFESSOR RAMANLAL C. SHAH

**DR. ATUL SHAH,** U.K. Editor, Jain Spirit International Magazine,

In the age of science, the Jain community needs to respond through science. Genuine scholars of Jainism are rare, Individuals who are able to take an objective view and relate it to the modern world. Most people see the tradition within sectarian boundaries and beliefs and are therefore not able to separate their personal faith from the larger occan of knowledge and wisdom that is Jainism. Prof. Ramanlal Shah was one such exception to this, Author of nearly a hundred books, speaker, editor of Prabudha Jeevan, world traveller and above all, curious scientist. Left an indelible mark on this world. Despite his knowledge, he was humble, always writing and thinkng. I vividly remember my recent conversations with him, which were about ideas and science rather than people and politics. An editor develops a unique way of connecting with his audience. Good editors are able to understand the questions that are being asked and answer them at the level where the reader is. Hence their scholarship never becomes remote from everyday life, but a part of it and connected to it. Accompanied thoughout by his dedicated and intelligent wife, Prof. Taraben, Rmanbhai was able to take his scholarship and wisdom to the world, with the utmost humilit and smplicity. May his soul rest in eternal peace - Om Shanti, Shanti, Shanti. ❖ ❖ ❖

# A TRIBUTE TO LATE RAMANLAL C. SHAH

**Dilip V. Shah** Chairman, JAINA Pilgrimage Committee, U.S.A.

Diring my visit to India in Janyary 2000, Gurudev Shri Chitrabhanuji had suggested that I meet Dr. Ramanbhai and Taraben. When I visited them at their home, they gave a warm welcome, a two hour Swadhyay and set of Books as parting gift.

In January 2001, JAINA (Federation of Jain Organizations in North America) was to conduct a pilgrimage of Shri Samet Shikharji and other teerthdhams of Bihar and Uttar Pradesh. 128 Yatris from all over the USA had registered for the 15 day Yatra. On a whim I called Ramanbhai from USA and asked him they would join us for a 15 day Pilgrimage as Scholar and spiritual leader of the Yatra. He did have a wedding to perform during that period but he thought he will be able to make alternate arrangements. Without too many questions and without any hesitation, he said yes.

Those 15 days were a rare gift to our Sangh. Yatris were always surrounding them at each opportunity and get insight into all aspects of Jainism. Ramanbhai and Taraben, did the whole yatra very energetically and stayed up late into night for swadhyay at every opportunity.

Every year as I prepare for another yatra, people always asked is Ramanbhai comig with us this time? It will not be easy to answer from here on. ❖ ❖ ❖

# THIS REPORT IS DEDICATED TO MY GRANDPA

## A WORLD TRAVELER, A SUPER COOL GUY, AND A GREAT TEACHER !!

☐ Archit Sheth-Shah (Grand Son) Age-9 Years / Written for School

You are about to travel through the life of a man who has traveled more than most people ever will. That man's name is Ramanlal C. Shah. He is my dad's dad. He is 74 years old. He lives in Bombay. India with my grandma.

My grandpa is tall and average in weight. He always wears strriped shirts with buttons and he wears glasses for reading. His hands are wrinkly. He hardly wears ties, even when he goes for speeches. He doesn't care about fashionable clothing, like me, so he wears old clothes. His face's shape is ovalish. He has black eyes, grey hair and lines on his forehead.

My grandpa was born on December 3, 1926. He was born in Padra, India, which is in West India. His parents were Chimanlal A.Shah and Reva Shah. His childhood game was marbles. He loved to fly kites. His daily chores were to fetch water from the well nearby, sweep the floor and to grind grain to make flour. He didn't earn money; he was given about a nickel's worth on holidays. His life was a lot harder then ours !.

My grandpa got super good grades in school. In elementary school he didn't have to wear a uniform but in middle and high he did. He loved school. He excelled in art, writing, literature, and geography. He got to school by riding the bus. He was superb in academics but he also did very well in sports. He was on his school's Table Tennis and Carom teams.

My grandpa found his wife Tara, because they went to the same college. They had two children, Shailaja and Amitabh. His favorite festival is Diwali-the festival of lights. He has not achieved what he wants-to travel to every country in the world. He likes color movies over black and white movies. His favorite vacation spot is 1980 Seagull Way, my home for short. He has a ph.D. in Jain Literature, my religion's literature. Over 15 people have done ph.D.s under him, including a couple of monks. Some of his major achievements are that he has written over 100 books, represented India at the International Conferences on religion and vegetarianism held in 1977 (Sydney), 1979 (Rio De Janario), and 1987 (Toronto). Also, he has been a major in the NCC (National Cadet Corps).

My grandpa has a lot of unique qualities. His hobbies are writing, drawing and traveling. He is very funny and tells a lot of jokes. He taught my sister and me how to swim and he also taught us lots of card tricks. He always feeds scraps from the table to crows. He does at least two Samaiks everyday. Samaiks are when you do Indian prayers and stay quiet for 48 minutes. My grandpa writes books at this time. He also has a vow of donating 10 rupees everyday to the homeless. That's 70 rupees a week.

| No. | Country | Year First Visited |
|---|---|---|
| 1. | India | (Born) 1926 |
| 2. | Japan | 1968 |
| 3. | United States | 1968 |
| 4. | Malaysia | 1970 |
| 5. | Singapore | 1970 |
| 6. | Nepal | 1971 |
| 7. | Ethiopia | 1974 |
| 8. | Kenya | 1974 |
| 9. | Tanzania | 1974 |
| 10. | Sri Lanka | 1976 |
| 11. | Austria | 1977 |
| 12. | Belgium | 1977 |
| 13. | France | 1977 |
| 14. | Germany | 1977 |
| 15. | Italy | 1977 |
| 16. | Netherlands | 1977 |
| 17. | Switzerland | 1977 |
| 18. | United Kingdom | 1977 |
| 19. | Australia | 1978 |
| 20. | Fiji | 1978 |
| 21. | Hong Kong | 1978 |
| 22. | Indonesia | 1978 |
| 23. | New Zealand | 1978 |
| 24. | Philippines | 1978 |
| 25. | S.Korea | 1978 |
| 26. | Thailand | 1978 |
| 27. | Argentina | 1979 |
| 28. | Brazil | 1979 |
| 29. | Curacao (Netherlands Antilles) | 1979 |
| 30. | Peru | 1979 |
| 31. | Trinidad & Tobago | 1979 |
| 32. | Russia | 1980 |
| 33. | Mauritius | 1981 |
| 34. | Denmark | 1984 |

35. Canada ........................................ 1987
36. Icelaand ........................................ 1991
37. Egypt ........................................ 1997
38. Greece ........................................ 1997
39. Turkey ........................................ 1997
40. Norway ........................................ 1998
41. United Arab Emirates ........................ 1999
42. South Africa ................................ 2000
43. Zimbabve ........................................ 2000

**Name : Archit**

**Biography Grade Sheet**

| | Possible Points | Points Earned |
|---|---|---|
| Cover and title | 10 | 10 |
| Appearance paragraph | 10 | 10 |
| Childhood pargraph | 10 | 10 |
| Education paragraph | 10 | 10 |
| Adulthood paragraph | 10 | 10 |
| Unique qualities | 10 | 10 |
| Picture (neatness) | 10 | 10 |
| Dedication page | 05 | 05 |
| Family tree | 05 | 05 |
| Interview notes | 10 | 10 |
| Overall neatness | 10 | 10 |

**Total possible points : 100**

**Final Grade : 100 points**

**TEACHER'S REMARK :** Beutifully done archit! I am very proud of your spreadsheet is amaging ! It's hard to believe your grandfather has travelled so much ! He must have so many passport stamps !

❖ ❖ ❖

# A Neighbour's Tribute

**Mrs. Gomathi Shreedhar** Neighbour & HEAD Department of Chemistry, V. K. Krishna Menon College, Bhandup, Mumbai.

I have known Uncle (as I called him) only for the last four months of his life where I met him for the first time. I was touched by the genuine warmth and concern that he exuded. He and aunty went out of the way to give me and my family a warm welcome. I felt truly overwhelmed.

In this limited interaction with him, I have been impressed by many aspects of his personality. We conversed in Hindi and in English. Only the truly learned can be so humble. On one occasion he gave me a brief discussion on Jainism. The clarity of thought and his crudition was outstanding. As a teacher myself, I identified with him and aunty completely.

In his demise, I experience a sense of profound grief and loss, I regret that I could not interact to a greater extent with him. I pray to the Almighty Lord to give his family the strength to weather the vacuum that has been created.

❖ ❖ ❖

# A GREAT TEACHER

**DR. V. BALACHANDRAN NAIR** Balanair 2005@Yahoo.com (RMP)

He was a great man. The greatness can be felt in his words and deeds. Even his presence was enough to enlighten others. The above said words comes to my mind whenever I think about him.

For the last 2-3 years when he haded any massage he used to call me. It used to be a great experience for me. He cleared all my doubts. He explained everything in very simple language, be it mantras or words (language) or new technology. Rarely, did I see him dealing with money. It was done by others for him. He was very particular that we got our fees in time. Whenever I refused, he insisted on taking it.

He used to keep some water near his window for the birds to drink. Birds were his regular visitors. One crow used to come and drink water at a particular time.

He has traveled a lot. He has touched all the states in India. He has also visited most of the countries across the globe. Often he met his old students at far off places unexpectedly. He used to describe the places he seen, the people he met name of places, organ etc. sing slokas (mantras). He also taught me some mantras.

When I am going through tough times I used to confide in him. His presence itself give you great relief. He would listen patiently and came up with a simple and straight solution. But it gives you total relief.

For the last 2 months, I was not providing any Message to him. I simply sat by his bed touching his feet. Still he saw that I get my fees regularly. I strongly feel that death came to him at his wish.

He did not become a Rama Krishna Paramhansa because he did not get a student like Vivekananda.

❖ ❖ ❖

# સ્મરણ-પુષ્પો

તેઓ વર્ષોથી મારા નજીકના સંપર્કમાં હતા. તેમના આરાધક આત્માને શાંતિ મળો.

મુનિ મૃગેન્દ્ર વિજય
મુંબઈ

❀ ❀ ❀

સુશ્રાવક રમણભાઈના નિધનના સમાચાર જાણી આઘાત અનુભવ્યો. તેઓશ્રી લેખન દ્વારા અનેકના જીવનમાં સાચા માર્ગદર્શક બનેલ. તેમણે કરેલું લેખન વગેરે ખૂબ જ અનુમોદનીય હતું. વિશેષમાં તેઓશ્રીએ કરેલ લેખન માટે 'પ્રબુદ્ધ જીવન' પત્ર પ્રગતિ સાથે એ જ શુભભિલાષા.

જિતદર્શન વ.ના ધર્મલાભ
ઘાટકોપર-મુંબઈ

સદ્‌ગત શ્રીએ ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે અનેરું યોગદાન આપેલ છે. તેઓશ્રીએ જૈન સાહિત્ય પર અનેક લેખો-પુસ્તકો લખેલ છે. તે દ્વારા જૈન સાહિત્યની પ્રવૃત્તિને અનેરો વેગ આપેલ છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થી તરીકે સંસ્થાનું ઋણ અદા કરવા સંસ્થાની પ્રગતિમાં તન-મન-ધનનો અપ્રતિમ પ્રેરણાત્મક ફાળો આપેલ છે. તેમજ સંસ્થા તરફથી અલગ અલગ સ્થળે ૧૭ જેટલા જૈન સાહિત્ય સમારોહના આયોજનના સફળ સંવાહક તરીકે મહાવીર વિદ્યાલયને દેશભરમાં ખ્યાતિ અપાવેલ છે. તેમ જ તેમના પિતાશ્રી-માતૃશ્રીની સ્મૃતિમાં મહાવીર વિદ્યાલયને રૂા.૪ લાખ જેટલી માતબર રકમનું દાન આપી વિદ્યાર્થીઓને પ્રતિ વર્ષ સુવર્ણ અને રૌપ્ય ચંદ્રક આપવાની યોજના બનાવી. જૈન સાહિત્ય તથા મહાવીર વિદ્યાલય પ્રત્યેની પોતાની લાગણી વ્યક્ત કરી તેમ જ ઋણ અદા કરેલ છે.

**દામજી કે. છેડા**
શ્રી આત્માનંદ જૈન સભા, મુંબઈ

❀ ❀ ❀

પૂજ્યશ્રીના બહુઆયામી વ્યક્તિત્ત્વને શબ્દોમાં કંડારી શકાય તેમ નથી, છતાં થોડાં શબ્દોમાં કહું તો પૂજ્યશ્રી સાહિત્યસેવા - શાસન સેવા અને સમાજસેવાના સાધક વિદ્વાન - વિદ્યાર્થી, સંસારી-સાધુ અને અર્વાચીન ઋષિ હતા. સમતા-રૂપી પાસપોર્ટની પાંખે શરૂ થયેલ પૂજ્યશ્રીનો પ્રવાસ મોક્ષનગરે જ પૂરો થશે તેવી શ્રધ્ધા સહ.......

ડૉ. દિનેશ પરીખ (મે. ટ્રસ્ટી)
શ્રી આત્મવલ્લભ હોસ્પિટલ, ઈડર

❀ ❀ ❀

સ્વ શ્રી રમણભાઈ શાહ એક ભેખધારી મૂક સેવક હતા અને ઉમદા અને દિલદાર દાતા હતા. તેમના તરફથી આ હોસ્પિટલને અવારનવાર દાનરૂપે સહયોગ મળ્યો છે. તેમના જીવનકાળ દરમ્યાન અનેક સેવાભાવી શૈક્ષણિક અને આરોગ્ય સંસ્થાઓમાં સેવાઓ આપી છે. અમારી સંસ્થાને દાન આપવા-અપાવવા ખૂબ જ ઉપયોગી થયા છે અને સંસ્થાની સેવા તન, મન અને ધનથી કરતા હતા. આવા ત્યાગ મૂર્તિ સમા શ્રી રમણભાઈ સાથે પ્રેમનો ઘરોબો ધરાવનાર સૌને ગ્લાની થાય જ. તેમણે સંપૂર્ણપણે સમતા અને શાંતિને પોતાનો જીવનમંત્ર બનાવી સમાજના લોકોને શીળી છાંયા આપેલ અને તેઓના બહોળા જ્ઞાનનો લાભ સમાજને મળેલ. એમના જીવકાળ દરમ્યાન એમના જીવનની છાયારૂપ અત્યંત શાંતિ અને શિસ્તબધ્ધ હતી જરૂરિયાતમંદ લોકોને હંમેશાં મદદરૂપ થવાની ભાવના હંમેશાં યાદ રહેશે. તેઓ સામાજિક/ ધાર્મિક તેમ જ દીન દુ:ખીયાની મદદે તેમનો ફાળો હંમેશાં હોય જ.

આ સંસ્થાની તેઓએ મુલાકાત લીધેલ અને આ સંસ્થાના સેવાયજ્ઞમાં અમારી પડખે રહી અમને આ સેવાયજ્ઞમાં તેઓની અવારનવાર દાનરૂપી આહુતિ મળી છે. જેનું અમને ગૌરવ છે.

(ચંદુભાઈ એમ.દાણી) (મણિલાલ ગો. ગાંધી) ગુણવંત વડોદરિયા
માનદ્ મંત્રી માનદ્ મંત્રી

ડૉ. પી. જે. ગઢવી કે. જે. મહેતા
(મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ) (ટી.બી. હોસ્પિટલ અમરગઢ, જિ. ભાવનગર)

❀ ❀ ❀

મું. શ્રી રમણભાઈ શાહના દુ:ખદ અવસાનના સમાચારથી ડાંગ સ્વરાજ આશ્રમ આહ્વાની સંચાલન સમિતિ ટ્રસ્ટીમંડળ તથા સમગ્ર આશ્રમ પરિવાર ઘેરા દુ:ખ અને આઘાતની લાગણી અનુભવે છે.

સમાજના કચડાયેલા વર્ગનું કામ કરતી આશ્રમ જેવી અનેક સંસ્થાઓની આર્થિક મુશ્કેલી મૂંઝવણ અને ચિંતા તેઓ સમજ્યા હતા. આવી જુદી જુદી સંસ્થાઓને દર વર્ષે દત્તક લઈ તેમને સહારૂપ થવાનો તેઓ સંનિષ્ઠ પ્રયાસ કરતા હતા. આવા એક સજ્જન વડીલ આપણી વચ્ચેથી જતા રહ્યા છે. તેની ખોટ વરસો સુધી પૂરી શકાશે નહીં.

ડાંગ સ્વરાજ આશ્રમ આહવા વતી.

ઘેલુભાઈ નાયક ગુણવંતભાઈ પરીખ ગાંડાભાઈ પટેલ
સંચાલક મંત્રી સહમંત્રી

❀ ❀ ❀

કર્યું કુદરતે ખરું પોતાનું જ અંતે,
ચિરવિદાય લીધી અમારા એક સંતે.
જીવનની મહેકને યાદોમાં પલટાવી
યાત્રી ચાલ્યો યાત્રા અનંતે

પૂ. રમણભાઈની વિદાયથી જૈન સમાજને મોટી ખોટ પડી ગઈ.

**- સુશીલા એસ. કપાસી**
**- નીતિના આઈ. કપાસી**
**- સરયૂ પ્રવીણ કોઠારી**
**- પૌલોમિ શાહ**
**- ભારતી દિલીપ શાહ**
શ્રી આત્મવલ્લભ સ્વાવલંબન મહિલા કેન્દ્ર, મુંબઈ

❀ ❀ ❀

નિત્ય અભ્યાસ, ચિંતન - મનન અને લેખન, વક્તૃત્વ થકી તેમણે જૈનજગત અને વિદ્યાજગતને સતત માર્ગદર્શન પૂરું પાડયું. સાહિત્ય અને તત્ત્વજ્ઞાન ક્ષેત્રે એકનિષ્ઠ આરાધક એવા મુ. શ્રી રમણભાઈના દેહાવસાનથી સમગ્ર વિદ્યાજગતને અને જૈન સમાજને બહુ મોટી ક્ષતિ પહોંચી છે.

**શુભકરણ સુરાણા**
અમદાવાદ

❀ ❀ ❀

મુ.શ્રી રમણલાલભાઈના વ્યક્તિત્ત્વને મૂલવવા માટે શબ્દો પણ પાંગળા પુરવાર થાય. વિચારોને લેખિની દ્વારા વાચા આપવા માટે ત્યાં પણ મર્યાદા આવી જાય. કારણ એમની બહુમુખી પ્રતિભા એમને ન્યાય આપવો ઘણો મુશ્કેલ છતાં પણ લખ્યા વિના તો ન જ રહેવાય.

સહજ-સરળ સ્વભાવ, વાદવિવાદમાં ઉતરવાનું નહિ- શાંત મુદ્રા, કયારેય પણ અવાજ ઊંચો નહિ, કેટકેટલા ગુણો વર્ણવવા ! આટલી ગુણવત્તા ધરાવતું વ્યક્તિત્ત્વ પણ ઘમંડ જરાપણ નહિ. બધાં સાથેનું આત્મિયતાભરેલું વર્તન જ તેમને કદી પણ ભૂલવા નહિ દે. કહેવાય છે કે સમય જતા બધું વિસરાઈ જાય પણ આ કહેણ રમણભાઈ માટે ખોટી પૂરવાર થશે. કારણ તેઓ સદાય બધાનાં હૃદયમાં સ્મરણરૂપે જીવંત રહેશે.

જૈન સમાજે એક હીરલો ગુમાવ્યો છે

**રમા વિનોદ મહેતા**
મુંબઈ

❀ ❀ ❀

શાળા અને કૉલેજમાં અભ્યાસ દરમ્યાન મારા મિત્રો જૂજ, પણ દરેક અસાધારણ હતા. મારા એક અસાધારણ મિત્ર ડૉ. રમણભાઈ ચીમનલાલ શાહ બાબુ પનાલાલ શાળા તથા સેંટ ઝેવિયર્સ કૉલેજમાં સહાધ્યાયી હતા. સન ૧૯૪૧ થી ૨૦૦૫ સુધી અમારી મિત્રતા અતૂટ હતી. આજે રમણભાઈ આપણી વચ્ચે નથી.

'પર્યુષણ વ્યાખ્યાનમાળા'માં ૧૯૭૨થી ભાગ લેતા રહ્યા. સન ૧૯૮૨માં 'પ્રબુદ્ધ જીવન'નું સંપાદન એમણે માથે લીધું ને આખર સુધી ત્રિવિધ પરિશ્રમ કરી પત્રને ઉચ્ચ કક્ષાએ મૂકી પોતે જીવંત બન્યા.

પ્રભુ! તારા સાન્નિધ્યમાં આવેલા રમણભાઈનો આત્મા સર્વવિધ અમોને માર્ગદર્શન આપતો રહે !! એ પ્રાર્થના.

લિ. મિત્ર, **રતનચંદ પી. ઝવેરી**

❀ ❀ ❀

એક પ્રખર જિનદર્શનના તત્ત્વચિંતક તરીકેની છાપ તેઓના લખાણોમાંથી મળી રહેતી. તેઓના દેહવિલયથી એક તત્ત્વચિંતકની ખોટ જૈન અને જૈનેતર સમાજને પડી છે. 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત તેઓનો તંત્રીલેખ હું વારંવાર વાંચી મનન કરતો અને તેમાંથી મને આધ્યાત્મિક પ્રેરણા મળી રહેતી. જે મને સ્વાધ્યાયમાં ઉપયોગી નીવડતી.

**સુમનભાઈ શાહ**

વડોદરા

❀ ❀ ❀

શીલ ચરિત - સાધુ જેવા આવા વિદ્વાનની વિદાયથી એક શૂન્યવકાશ ઊભો થયો છે.

**માવજી કે. સાવલા**

કચ્છ

❀ ❀ ❀

મુ. રમણભાઈ વિષે લખવું એટલે ગાગરને સાગરમાં રાખવા જેવું કાર્ય છે.

જૈન યુવક સંઘ દ્વારા એમણે ભારતના મહા માનવોનો પરિચય કરાવ્યો. એમના વિશે એક શબ્દમાં - લખુ તો એઓ મહામાનવ હતા.

**નાનુભાઈ**

ગાંધી બુક સેન્ટર, તારદેવ - મુંબઈ

❀ ❀ ❀

અજાતશત્રુ, નિખાલસ, સદાય હસતો તેમનો ચહેરો ભુલાય તેમ નથી. 'પ્રબુદ્ધ જીવન' જૈન તત્ત્વજ્ઞાનની મીઠી વિરડી જેવું તેમણે બનાવ્યું. તેમના દરેક પ્રકારના લેખો ખૂબ જ સરળ - ઊંડાણભર્યા તથા રસપ્રદ રહેતા. જીવનના છેલ્લા શ્વાસ સુધી તેઓ કાર્યરત હતા.

**પ્રબોધ કોઠારી**

**સુદર્શના પી. કોઠારી**

મુંબઈ

❀ ❀ ❀

જન્મધારણ કરેલા પ્રાણીમાત્રનું મરણ અવશ્ય હોય છે. પરંતુ મહામાનવોનું મરણ કબીરે કહયું છે તેમ તું જન્મ્યો ત્યારે તું રડ્યો જગ હસ્યું. એવી કરણી કર કે તું જ્યારે ચિરવિદાય લે ત્યારે તું હસે અને જગ રૂએ. એવું જ કંઈ આ પ્રસંગે અનુભવાય છે.

જ્ઞાનીજનો કહે છે કે દેહસંબંધી જેનો સંબંધ છે તે સંયોગનો અવશ્ય વિયોગ છે. પરંતુ પ્રભુસ્મરણ કે આશ્રયના ભાવે દેહ છૂટે તે સાર્થક છે. રમણભાઈ વિષે આવું બન્યું છે તે પ્રેરણાદાયી છે.

**સુનંદાબેન વોહોરા**

❀ ❀ ❀

શ્રી દેવગુરુભક્તિકરનાર મહાન ધર્માત્મા શ્રી ડૉ. રમણભાઈના અચાનક અવસાનથી અત્યંત દુ:ખ થયું છે. ખરેખર જૈન સમાજે એક મહાન હીરલો ગુમાવ્યો છે.

એમના ગુણોની જેટલી અનુમોદના કરીએ તેટલી ઓછી છે.

**નલિનીના જય જિનેન્દ્ર**

❀ ❀ ❀

ભાઈશ્રી રમણલાલભાઈના તો હું લગભગ છેલ્લા ૩૫ વર્ષ થયા પરિચયમાં છું અને અવારનવાર તેમને મળવાનું થતું હતું.

આવા વિદ્વાન અને જૈન શાસનના એક સફળ લેખક શ્રી રમણભાઈનું દુ:ખદ અવસાન થતા કુટુંબીજનોને તો ખોટ પડે તે સ્વાભાવિક છે, પરંતુ સમસ્ત જૈન સમાજને મોટી ખોટ પડેલ છે.

**સોમચંદ પેથરાજ**

ટ્રસ્ટી, ઓશવાળ ચેરિટિઝ, જામનગર

❀ ❀ ❀

તેમની સ્મૃતિમાં તેમના સમગ્ર સાહિત્યના સારરૂપ ગ્રંથો પ્રગટ કરી મુંબઈ જૈન યુવક સંઘે એક વિદ્વાન શ્રેયાર્થી શીત ગુણધર્મને શોભે તેવી ચિરંજીવ સ્મૃતિ સાચવવાનું યોગ્ય જ વિચાર્યું.

**મનુ પંડિત**

અમદાવાદ

❀ ❀ ❀

તા. ૧૬ નવેમ્બરનું 'પ્રબુદ્ધ જીવન' મળ્યું. અંગ્રેજીમાં મોકલેલા સંદેશાઓ સિવાયના સર્વ લખાણો, શ્રધ્ધાંજલિઓ અને શોક ઠરાવો અક્ષરે અક્ષર વાંચી ગયો. આટલા બધા પ્રાજ્ઞ પુરુષો, મુનિ ભગવંતો, સામાજિક કાર્યકરો, સાહિત્ય શિક્ષણના ક્ષેત્રની અગ્રીમ વ્યક્તિઓના સન્માન અને સ્નેહને આદરપાત્ર બનેલ સ્વ. ડૉ. રમણલાલ શાહનાં જીવન, સર્જન, ચિંતનના વિવિધ પાસાંઓ વિશે જે હું નહોતો જાણતો તેવું ઘણું જાણવા મળ્યું.

આ વાંચનને અંતે - પરિણામે મનમાં પ્રશ્ન થયો કે આવા મહત્-વ્યક્તિત્વ અને શુધ્ધાત્મા અને સર્વને પૂજ્ય, માનનીય માનવી તેઓ શી રીતે થયા હશે ? જેઓ પૂનર્જન્મ અને કર્મફળમાં શ્રધ્ધા ધરાવે છે તેમને ગળે તો આ વાત તુરંત ઊતરી જશે કે તેઓ આગલા જન્મમાં અપૂર્ણ મૂકી આવેલ તે કાર્ય કરવા તેના અનુસંધાનમાં - પૂરું કરવા કે આગળ વધારવા જ આવ્યા હશે. આ વિશ્વમાં અને જીવનભર સાહિત્યસર્જન, ચિંતન, શિક્ષણ-પ્રશિક્ષણ, સામાજિક સહાનુકંપા અને પ્રેમાળ વ્યક્તિત્વવાળું જીવન જીવીને તેમણે જે વધુ ને વધુ પુણ્યનું ભાતું બાંધ્યું તે તો હજી જગતને આપવાનું હજુ બાકી રહ્યું કે શું ? શું સમજવું તે મારા જેવા અબુધ આત્માને સમજાતું નથી. મોક્ષ વ. ગહન વાતો હું ન સમજુ પરંતુ એવી અનુભૂતિ તો અવશ્ય થાય છે કે આવી મહાન વ્યક્તિઓએ તો વારંવાર આ જગતમાં જન્મ લઈને જનસામાન્યના જીવનને ઉર્ધ્વગામી બનાવવાનો પુરુષાર્થ - પરિશ્રમ કર્યા જ કરવો જોઈશે. ત્યારે જ જગત થોડું વધારે સારું થશે.

બીજો વિચાર એ આવ્યો કે - પૂર્વ જન્મની અને તે જન્મની અધૂરી રહેલી પુણ્ય-યાત્રાના વિચારને બાજુએ મૂકી, વાસ્તવિક જીવનની તેમની જિંદગીનો વિચાર કરીએ તો તેમણે જાગૃત જીવનની એક એક ક્ષણને કેવી સર્જનમય, ચિંતનાત્મક અને ધર્મમય, આધ્યાત્મિક બનાવી - તેમાં જ તેમની મહત્તાનું રહસ્ય રહેલું છે. આ કાર્ય, આવું જીવન બધા નથી કરી શકતા. તે તો પ્રભુની દિવ્ય કૃપા વગર શક્ય નથી.

ઘરના આંગણામાં વિશાળ વૃક્ષ વર્ષોથી તેનો છાંયો અને મીઠાં ફળ તથા આરોગ્યમય હવા પ્રસરાવતા ઊભા હોય. તેનો લાભ સતત લઈએ છતાં તે વૃક્ષની શાખાઓ પર્ણો કે ફળ, ફૂલોની આપણે દરકાર કે કાળજી કરતા નથી, આપણને તો વૃક્ષના અસ્તિત્ત્વનો લાભ જ લેવાનું સૂઝે છે. સ્વ. રમણભાઈ જેવી વ્યક્તિ આવું એક આંગણાનું વિશાળ વૃક્ષ હતું જેની છાયામાં અનેકને આરામ અને વિશ્રામા છાંયો અને ફળો મળ્યાં છે. એ વૃક્ષ આજે ઢળી પડ્યું છે તેનું ઊંડું દુ:ખ સૌ અનુભવે તે સ્વાભાવિક છે.

તમારો તંત્રીલેખ - પ્રથમ તંત્રીલેખ લેખે - સમતોલ અને હૃદય સ્પર્શી છે. અને 'પ્રબુદ્ધ જીવન'ના વિદ્વાન-સમર્પિત તંત્રીશ્રીઓની હારમાળામાં તમારી સામેલગીરીનું મિત્ર તરીકે ગૌરવભર્યું સ્વાગત છે

જે સૌ સ્વીકારશે. ડૉ. કુમારપાળ દેસાઈનો લેખ એટલો સુંદર માહિતીપૂર્ણ અને પૂજ્ય ભાવ પ્રેરક છે કે તે વારંવાર વાંચવાનું મન થાય. એવી છાપ પડે છે કે જાણે ડૉ. કુમારપાળ સ્વ. રમણભાઈના માનસ-પુત્ર કેમ ન હોય ?

એક નમ્ર સૂચન કરવાનું મન થાય છે સ્વ. ડૉ. રમણભાઈનો 'સ્મરણાંજલિ' અંક પ્રબુદ્ધ જીવનની ચાલુ સાઈઝનાં પાનામાં ન કરતા, 'નવચેતન' - 'ઉદ્દેશ' જેવી (ડબલડેમી) સાઈઝમાં અથવા શ્રેષ્ઠરીત તો તેને ગ્રંથ રૂપે પ્રગટ કરવાની છે જેથી ઘરમાં તે પેઢી - દરપેઢી સચવાઈ રહે અને પ્રેરક વાચન પૂરું પાડે.

આમ પણ ચાલુ 'પ્ર. જીવન'ની ટેબલોઈડ જેવી સાઈઝ તેના અંકો સાચવી રાખવા કે બાઈન્ડિંગ કરાવી રાખવા માટે અનુકૂળ નથી તે વિશે સંઘ ભવિષ્યે વિચાર કરે તેવી વિનંતી. આવું અમૂલ્ય વાંચન વધુ વાચકો-ચાહકો સુધી પહોંચે અને ઘર-પુસ્તકાલયમાં સચવાઈ રહે તો આપ સૌની લેખકો વ. ની - મહેનત લેખ લાગે.

સર્વે પ્રતિ શુભભાવ સ્વ.રમણભાઈના કુટુંબીઓને હાર્દિક આશ્વાસન પાઠવું છું. ઈશ્વર રમણભાઈના આત્માને ચિરઃશાંતિ બક્ષે તેવી પ્રાર્થના

**ચંદુલાલ સેલારકા**

❀ ❀ ❀

પ્રો. રમણભાઈના જવાથી સમગ્ર સમાજ-સાહિત્ય-શિક્ષણજગતને અને જૈન સમાજને મોટી ખોટ પડી છે. જે પૂરી શકાય તેમ નથી. તેમનાં સાહસ અને સહૃદયી સ્વભાવથી હું ખૂબ જ પ્રભાવિત થયો હતો.

**ગંભીરસિંહ ગોહિલ**
ભાવનગર

❀ ❀ ❀

તેઓ પરમ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રે પ્રબોધ્યા પ્રમાણેનું જીવન જીવી ગયા. જૈન સમાજને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. તેઓ નિઃસ્પૃહ, વિનમ્ર અને સરળ વિભૂતિ હતા.

**વસંતરાય દલીચંદ શેઠ**
પાલિતાણા

❀ ❀ ❀

તેઓ ધર્મિષ્ઠ આત્મા હતા. જૈનધર્મ વિશેનું તેમનું જ્ઞાન વિપુલ હતું. આચાર્ય ભગવંતો એ પંડિતો પણ તેમની પ્રશસા કરતાં. એટલાજ વિનયી અને વિવેકી હતા. એમના જવાથી સમગ્ર ગુજરાતને ખોટ પડી છે.

**પ્રો. ગોવિન્દભાઈ**
મુંબઈ

❀ ❀ ❀

સ્વર્ગવાસી રમણભાઈ મારા વડીલબન્ધુ જેવા હતા. મારા લેખોને 'પ્રબુદ્ધ જીવન'માં સ્થાન આપીને તેમણે મને ઘણો ઋણી બનાવ્યો છે. અને મેં તેનો ઉષ્માપૂર્વક ઉલ્લેખ મારા એક પુસ્તકની પ્રસ્તાવનામાં કરેલો જ છે. ખૂબ જ ધાર્મિક વૃત્તિનાં સાચા સજ્જન અને અજાતશત્રુ રમણભાઈ એક વિરલ મનુષ્ય હતા.

**ડૉ. હસમુખ દોશી**
રાજકોટ

❀ ❀ ❀

જન્મ-મૃત્યુ, જરાવ્યાધિ આ બધા અનંત ચક્રમાં તો પ્રત્યેક માનવી સપડાયેલો જ હોય, પરંતુ આ ચક્રમાંથી પસાર થતાં થતાં પણ જે વ્યક્તિ માનસિક સમતુલા સાચવે અને વૈચારિક સંવાદ સાધે તેણે માનવજીવન સાર્થક કર્યું કહેવાય. શ્રી રમણભાઈ એ આવી વ્યક્તિ હતા.

**ધૈર્યબાળા વોરા**
મુંબઈ

સદ્ગતશ્રી જયારથી વધુને વધુ અંતર્મૂખ થતા ગયા તેમ તેમ તેઓનું દર્શન વધુને વધુ સ્પષ્ટ અને ઉજ્જવલ થતું ગયું. તેઓ સમ્યક દર્શનની ઘણી જ નજીક હતા. જે એમના તત્ત્વદર્શનના પુસ્તકોમાં પ્રગટ થતી સહજ, સરળ, ઉચિત ભાષાલબ્ધિથી સમજાય છે. સમ્યક શ્રૂતની સેવા કરી સાચા અર્થમાં યાત્રી બન્યા છે. જૈનશાસને એક વિરલ સક્રિય મહાન ગુણાનુરાગી સિતારો ગુમાવ્યો છે. એમની સાચી સ્મરણાંજલિ ભવપ્રવાસી મટી યાત્રી બનવામાં જ છે.

**બાબુભાઈ સી. શાહ**
વલસાડ

❀ ❀ ❀

તેઓશ્રી પરમ સાક્ષર તો હતા જ ઉપરાંત ઉદાર, નમ્ર, પ્રેમાળ, સદાય હસમુખા અને સાચા અર્થમાં માનવ હતા.

**આણંદજી નાનજી દેઢિયા**
મુંબઈ

❀ ❀ ❀

શ્રી રમણભાઈ જૈન સમાજના અગ્રગણ્ય પ્રતિભાશાળી નેતા હતાં અને અમારી સંસ્થાના આપ્તજન હતા. તેમના પ્રયત્નોથી જ પર્યુષણ પર્વ દરમ્યાન જૈન યુવક સંઘ મુંબઈ દ્વારા સંસ્થાની વિવિધ વિકલાંગલક્ષી પ્રવૃત્તિઓ માટે મોટું અનુદાન એકત્રિત કરી આપવામાં આવેલ ..... જેના માટે સંસ્થા તેમની ઋણી છે.

અનંત કે. શાહ
પી. એન. આર. સોસાયટી, ભાવનગર

❀ ❀ ❀

મારા જેવી કેટલીય વ્યક્તિઓએ જૈન ધર્મના ઘણા બધા શબ્દો અને Terminology નો પરિચય અને સમજણ રમણભાઈના વ્યાખ્યાનો, લખાણો અને વાર્તાલાપોમાંથી મેળવ્યા હશે ! મને તેઓના સ્વભાવની હળવાશ હંમેશાં ગમતી.

**ચંદ્રાબહેન એચ. શાહ**
મુંબઈ

❀ ❀ ❀

"મુરબ્બી શ્રી ડૉ. રમણભાઈ માટે લખવું એટલે ભગવાન શ્રી કૃષ્ણને ગીતા સમજાવવા જેવું કામ છે.

પ્રખર સાહિત્યકાર માટે શબ્દકોશમાં
પ્રશંસાના શબ્દો પણ ઓછા પડે,
હાજરી હોતી નથી છતાં,
હાજરા હજુર છો તમો,
ન દેખાય છતાં અનુભવાય
એવા પવન જેવા છો તમો,
ફૂલ ખર્યા ફોરમ રહી
ગીત વહ્યા રણકાર
હરિયાળી ધરતી કરી
હાલ્યા મેઘ મલહાર"

**શ્રી હીરાભાઈ એલ. તલસાણિયા**
મુંબઈ

❀ ❀ ❀

મુ.શ્રી રમણલાલભાઈ જાતે જીવનમાં ઘણું કમાઈ ગયા. એમના નિધનથી આપણે - સમાજે ઘણું બધું ગુમાવ્યું છે. એમણે અંગત જીવનમાં કુટુંબજીવનમાં, સામાજિક ક્ષેત્રે, સાહિત્ય ક્ષેત્રે, શિક્ષણ - ક્ષેત્રે, ધાર્મિક ક્ષેત્રે, મહાન પ્રદાન કરીને પોતે પામી ગયા અને અન્યને પમાડી ગયા.

મારા જેવા ફક્ત શ્રોતા એવા નાના બાલવિદ્યાર્થીને તેઓ વાત્સલ્યથી

સ્મિત અને પ્રેમ સાથે આવકારતા. ''કોઈ નાનું નથી એમ કહીને આગળ વધવા પ્રેરતા. એમની મહત્તા એમની સાદાઈમા-સરળતામાં-મળતાવડાપણામાં હતી.''

લિ. જશવંત શાહ
બાલવિદ્યાર્થી, મુંબઈ

❀ ❀ ❀

શ્રી રમણભાઈના ચાલ્યા જવાથી ફક્ત ગુજરાતી નહી પણ ભારતીય તેમ જ જૈન સમાજે પ્રખર ચિંતક- સાહિત્યકાર - કેળવણીકાર ઉપરાંત માનવતાવાદી ખરા સજ્જન ગુમાવ્યા છે.

પ્રકાશ મોદી
ટોરેન્ટો

❀ ❀ ❀

સાહેબ મારા હૃદયમાં એક વડીલ જ નહીં આપ્તજન સમા હતા. સાહેબનું મૂલ્યમંડિત જીવન મને સ્પર્શી ગયું હતું. તેઓ મારા પિતાતુલ્ય સ્વજન અને રાહબર હતા. રમણભાઈની નમ્રતા અને સાદગી મારા દિલને જચી ગઈ હતી. અને આ નમ્રતા થકી તેમની વિદ્વતા દીપી ઊઠી હતી. આ નમ્રતા અને વિદ્વતાએ જૈન સમાજમાં તેમને આદરણીય સ્થાન અપાવ્યું. રમણભાઈ જેવા સાચના માણસો હવે આસપાસના સમાજમાં શોધવા જવા પડે તેવા જૂજ હોય હોય છે.

જયેન્દ્ર એન. સચદે
રાજકોટ

❀ ❀ ❀

પૂ. રમણભાઈની ખોટ મને ઘણી મોટી લાગી છે. ઈશ્વર તેમના આત્માને અપૂર્વ શાંતિ આપે. મારી વય ૭૯ છે. 'પ્રબુદ્ધ જીવન'ના છેલ્લા અંકમાં આપનો સ્વ. રમણભાઈ પરનો લખેલો લેખ મને ખૂબ ગમ્યો છે. અને તેમના અનેક ગુણો ફરી ફરી યાદ આવે છે. તેમના અનેક સદ્‌ગુણોના કારણે મારા પિતાશ્રી પરમાનંદભાઈને તેમના માટે ખૂબ માન હતું.

મિતાબેન પ્રકાશ ગાંધી

❀ ❀ ❀

અમારી લાંબી સાહિત્યિક યાત્રાના પથ પ્રદર્શક મુ.શ્રી રમણભાઈના અરિહંતશરણ થયાના સમાચારે અમને ભારે આઘાત અને શોકમગ્ન કરી દીધા છે. પ્રથમ મુલાકાતે જ તેમની નમ્રતા અને ઋજૂતા અમારા મનને સ્પર્શી ગઈ. તેમની સાદાઈ અને શાલીનતામાં અમને એક વિરાટ વ્યક્તિત્વનું દર્શન કરાવ્યું અને ત્યારથી જ મારા જૈન સંદર્ભસાહિત્યના શ્રી ગણેશ મંડાયા. એમની જીવનશૈલીથી એ ભદ્ર પુરુષના પ્રેરક માર્ગદર્શન માટે અમે સતત તેમના સાંનિધ્યમાં રહી ઘણું મેળવ્યું.

નંદલાલ દેવલુક
ભાવનગર

❀ ❀ ❀

તેઓએ છેલ્લે નવકારમંત્ર તથા મહાવીર સ્વામીના સ્વપ્નની વાત કરતાં પ્રાણ ત્યાગ કર્યા. આવા ઋષિતુલ્ય રમણભાઈનું મૃત્યુ - પંડિત મરણ - સમાધિમરણ - થયું છે જે શ્રેષ્ઠ મરણ છે. જિંદગીનો સારતેઓ પામી ગયા. આવા મહાન પુરુષ વિષે લખીએ તેટલું ઓછું છે. તેઓ પ્રચંડ સાહિત્ય આપી ગયા છે. તેમાંથી દોહન કરીને બીજા ગ્રંથો તૈયાર કરવાના છે. જે ઘણું જ યોગ્ય છે. તેમનો આત્મા અમર થઈ ગયો જલ્દી જલ્દી મોક્ષે પધારશે, તેઓને મારી ભાવભરી શ્રધ્ધાંજલિ છે.

રસિકલાલ નાનાલાલ ગાઠાણી
મુંબઈ

❀ ❀ ❀

રમણભાઈ પોતાના લખાણોમાં આગમશાસ્ત્રનો આધાર લઈ ખૂબ જ લંબાણથી ને સમજાવટથી લખતા કે જે વાંચીને આપણાં મનમાં નવો પ્રકાશ પડતો.

તેમના વિચારો ને આત્મા એટલા ઉચ્ચ હતા કે તેની ઊંચાઈ માપવાની આપણી શક્તિ નથી. તેઓ તેમની સરસ્વતી સેવાથી આપણી વચ્ચે સદાયે જીવંત રહેશે.

લક્ષ્મીકાંત જે. શાહ
ભૂતપૂર્વ તંત્રી 'સુરેન્દ્રનગર પત્રિકા'

❀ ❀ ❀

ગુજરાતીઓ અને જૈનોને એમના અવસાનથી બહુ મોટી ખોટ પડી છે. (ગુજરાતીઓ એટલે ગુજરાતી ભાષા જાણનારા સમગ્ર વિશ્વમાં વસનારા). તેઓ વિદ્વાન વક્તા, લેખક, સંશોધક, ધર્મ આરાધક એમ બહુમુખી વ્યક્તિ ધરાવતા સજ્જન હતા.

એમના જીવનમાંથી આપણને સૌને પ્રેરણા મળે એવી મારી મારા ૪૧૪ રક્તપિત્તગ્રસ્તો, ૨૫૦ ઝૂપડાંવાસી રક્તપિત્તગ્રસ્તો અને ૨૭૦ મંદબુદ્ધિવાળા મળીને કુલ ૯૩૪ આશ્રમવાસીઓ વતીથી પ્રભુ પ્રાર્થના.

સુરેશ સોની
સ્થાપક અને મેનેજિંગ ટ્રસ્ટી
સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ રાજેન્દ્ર નગર ચોકડી, સાબરકાંઠા

❀ ❀ ❀

પર્યુષણ પ્રસંગ આવતા જૈન વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાનો અને રમણભાઈને સાંભળવાનો લહાવો ગુમાવવાનો અફસોસ રહેતો હતો. મુંબઈ આવું ત્યારે સંઘની ઓફિસેથી કેટલીક વાર cassates લેતો હતો અને સાંભળતો હતો. વ્યાખ્યાનમાળા દરમ્યાન અને પછી પણ સેવાભાવી સંસ્થાઓને તેઓ પર્યુષણ પછી પણ Help કરતા રહેતા તે પણ 'પ્રબુદ્ધ જીવન'માં જાણવા મળતું.

તેઓના અવસાનથી જૈન સમાજે એક મહાન Scholar અને પંડિત ગુમાવ્યાં છે. સામાજિક સંસ્થાઓ પણ તેઓના જવાથી હતાશા અનુભવશે.

લિ. કિરણ એફ. શેઠ, સરયૂ કે. શેઠ
U.S.A.

❀ ❀ ❀

ભાઈશ્રી કુમારપાળ દેસાઈના લેખ પરથી જાણવા મળ્યું કે મું. શ્રી રમણભાઈનું દુ:ખદ અવસાન થયું છે. રમણભાઈએ મને મુંબઈ પર્યુષણ વ્યાખ્યાનમાળા માટે આમંત્રણ આપેલ ત્યારે વિશેષ પરિચય થયો. પ્રભુ સ્વ. ના આત્માને ચિર શાંતિ અર્પો.

પ્રો. સી. વી. રાવલ
અમદાવાદ

❀ ❀ ❀

THEY SHALL GROW NOT OLD
AS WE THAT ARE LEFT GROW OLD
AGE SHALL NOT WEARY THEM
NOR THE YEARS CONDEMN
AT THE GOING DOWN OF THE SUN
AND IN THE MORNING
WE WILL REMEMBER THEM

LAURENCE BEN YOU (1869-1943)

અમેરિકન લેખક હેન્રી મિલર (૧૮૯૧-૧૯૮૦)નું એક વાક્ય છે.

THE WORLD GOES ON BECAUSE A FEW MEN IN EVERY GENERATION BELIEVE IN IT UTTERLY ACCEPT IT UNQUESTIONINGLY; THEY UNDERWRITE IT WITH THEIR LIVES.

❀ ❀ ❀

એવી કેટલીક વ્યક્તિઓનાં સુંદર ચરિત્રો શ્રી રમણભાઈએ આપ્યા તે એમની સાથેના મારા અલ્પ, અપ્રત્યક્ષ પરિચયનું મીઠું સ્મરણ રહેશે.

તેઓ અને તારાબેન ભાવનગર અમારે ઘર આવેલાં તે એક જ મિલન થયું તેનો વસવસો પણ રહેશે.

હમણાં હું અહીં મારી પુત્રી મંજરીબહેનને ઘરે છું. ત્યાં તમારી નોંધ સાથેનો શ્રી ધનવંત શાહનો પરિપત્ર ભાવનગર થઈને મળ્યો. અગાઉ મળેલા એમના પરિપત્રના જવાબમાં શ્રી ધનવંતભાઈને મેં લખેલું કે શ્રી રમણભાઈ વિશે હું કશું લખી મોકલી શકું તેમ નથી. એ જાતના લખાણો કરવાની શક્તિ મારામાં હોત તો હું જરૂર હોંશથી લખત. ફાધરે બેલાગેર વિશેનો શ્રી રમણભાઈનો લેખ મને ખૂબ ગમેલો. ચિખોદરાના ડૉ. દોશી વિશેનો પણ એવો ગમેલો. અર્ધી સદીની વાચનયાત્રામાં અબ્રાહમ લિંકનના જીવનચરિત્રમાંથી પણ કેટલુંક છાપ્યું. છેલ્લે ડૉ. પ્રવિણ મહેતા માટેનો લેખ બહુ ગમ્યો. આવી રીતે એમની કલમે વિવિધ વ્યક્તિઓને અપાવેલી ઉત્તમ અંજલિઓની બરોબરી કરે તેવી અંજલિ શ્રી રમણભાઈને પણ કેટલીક જરૂર આપશે. તેવું કદાચ તત્કાલ ન બને તો પણ યથાકાળે એવાં લખાણ આપણને મળવાનાં. અત્યારે 'સ્મરણાંજલિ અંક' ભલે પ્રગટ થાય પણ શ્રી રમણભાઈને અંજલિ આપવાનું કામ તો ચાલુ રહેશે જે વખતે વખતે લેખકોને તે માટે પ્રેરક જીવનચરિત્રમાંથી મળતી રહેશે.

**મહેન્દ્ર મેઘાણી**
અમદાવાદ.

❀ ❀ ❀

સદ્ગતશ્રી અમારે માટે વિવિધ પ્રસંગો, સેમિનાર, જ્ઞાનસત્ર તથા સભાઓમાં એક શિરછત્ર સમા હતા. તેમની કારકિર્દી અમારે માટે પ્રેરણારૂપ હતી. અને અંગત રીતે અમને તેમના માર્ગદર્શનની ખોટ પડી છે.

**જવાહર પી. શાહ**
અમદાવાદ

❀ ❀ ❀

તેઓએ જીવનભર એમની પાસે જે કંઈ જ્ઞાન હતું તે કોલેજના વિદ્યાર્થીઓને, પીએચ.ડી. કરનારા વિદ્યાર્થીઓને, લેખો દ્વારા અને પુસ્તકો દ્વારા પીરસતા જ રહ્યા. મુંબઈ જેવા શહેરમાં રહીને આટલું બધું લેખનકાર્ય સ્વસ્થ ચિત્તે તેઓ કરી શક્યા તે ખરેખર એમની લેખનશક્તિનો અને અન્યને ઉપયોગી થવાનો પરિચય કરાવ્યો. આવી વ્યક્તિઓને પ્રભુ સમાજને કંઈક પ્રદાન કરવા માટે જ મોકલી આવતી હોય છે.

આપણે એમના પરિચયમાં આવી શક્યા, એમના સાંનિધ્યમાં રહી શક્યાં એથી આપણે પણ ધન્યતાનો અનુભવ કરવો જોઈએ.

**હરવિલાસબહેન**
સર્વોદય પરિવાર ટ્રસ્ટ-પિંડવળ

❀ ❀ ❀

**'પાસપોર્ટની પાંખે'ના યાત્રી શ્રી રમણલાલ શાહ અનંતની સફરે**

'પાસપોર્ટની પાંખે' લેખમાળા દ્વારા 'નવનીત સમર્પણના' વાચકોએ જેમની સાથે દીર્ઘકાળ સુધી વિશ્વભરની સફર માણી છે તેવા શ્રી રમણલાલ શાહનું તા. ૨૪-૧૦-૨૦૦૫ના રોજ દુઃખદ અવસાન થયું.

ચિરપ્રવાસી રમણભાઈ પાસે પ્રવાસ કરવાની એક દૃષ્ટિ હતી. તેઓ કહેતા, 'સંસ્મરણો અને અનુભવ લઈ જાઓ, ગુડવિલ છોડી જાઓ.' 'પાસપોર્ટની પાંખે' ભાગ ૧-૨-૩ ઉપરાંત તેમની ઑસ્ટ્રેલિયા, ન્યુ ઝીલૅન્ડ અને ઉત્તરધ્રુવની સફરનાં રોચક પુસ્તકો પ્રગટ થયાં છે. આટલા પ્રવાસો કરવા માટે કેટલું વિસ્મય અને એ અનુભૂતિઓને વ્યક્ત કરવામાં કેટલી સ્થિર બુદ્ધિ જોઇએ !

આજીવન અધ્યાપક શ્રી રમણભાઈ મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતીના પ્રથમ અધ્યક્ષ હતા. મુંબઈના અધ્યાપકોની બે પેઢી તેમના હાથ નીચે તૈયાર થઈ. ગુરુણાં ગુરુ કહી શકાય તેવા શ્રી રમણભાઈએ તેમના વિદ્યાર્થીઓ તરફથી ખૂબ પ્રેમ, આદર અને શ્રદ્ધા મેળવ્યાં છે.

૭૯ વર્ષનું સાત્ત્વિક આયુષ્ય ભોગવનાર શ્રી રમણભાઈ છેલ્લા દાયકાઓ દરમ્યાન મુંબઈ જૈન યુવક સંઘના અગ્રણી તરીકે કાર્યરત હતા. ત્રેવીસ વર્ષ સુધી તેઓ 'પ્રબુદ્ધ જીવન' સામયિકના તંત્રી રહ્યા. ગુજરાતી સાહિત્ય અને જૈન ધર્મનાં મળીને ૧૧૫ થી વધુ પુસ્તકોમાં તેમના તેજસ્વી અને શાલીન વ્યક્તિત્વનો સાક્ષાત્કાર થાય છે.

તેમના જેવા માણસો હવે દુર્લભ થતા જાય છે. અનંતના દરબારમાં તેમને ચિરશાંતિ જ પ્રાપ્ત થાય એવો વિશ્વાસ છે. 'નવનીત સમર્પણ' તરફથી આ સત્પુરુષને સ્નેહાદરપૂર્ણ શ્રદ્ધાંજલિ.

**–નવનીત સમર્પણ**

❀ ❀ ❀

ऋषितुल्य पू. श्री रमणभाई के विचार मनोयोग पूर्वक पढने को मिलते थे । वे अब नहीं मिलेगे, उसका खेद है । मुंबई समाचार में उनके देहावसान के समाचार पढे तो उनके गुणों का स्मरण हो आया ! दूसरे दिन प्रात: उनके दो लेख लेश्या और मृत्यु पर पढे । मृत्यु के वक्त उनकी लेश्या अति शुभ ही रही होगी कि उन्होने भगवान महावीर संबंधित स्वप्न देखा ! उनके जीवन के अंतिम वर्षो में लिखे उनके लेख बताता है कि वे अंतिम समय के लिए भी एन सी.सी. के वरिष्ठ कमाण्डर की तरह सदा जागरुक थे । एसे ऋषि के ऋण का भुगतान गुण के ग्राहक बन कर ही किया जा सकता है ! उनके निर्देशक में पीएच.डी. (शोध) की गृह पहली और अंतिम श्रीमद् राजचंद्र और आत्मसिद्धी शास्त्र पुस्तके भी मैने पढी है । मैं उन्हे कैसे भूलुं ? उनको स्मरणांजली के साथ शत शत प्रणाम.

सादर आपका

धनसुख छाजेड
डहाणू

❀ ❀ ❀

The sacrifiece he gives for the family and its well being cannot be measured and valued in any worldly terms.

The void created by his demise cannot be filled but his spirit and friendly attitude towards others and above all his kind and helping nature will make us feel his presence forever.

**LION VIREN GALA**
District Governor, Mumbai

❀ ❀ ❀

After Chimanbhai Chakubhai's death ..... so many years he carried on so well the responsbility as president of Jain Yuvak Sangh. His articles in Prabhudha Jeevan Covering various topics were so interesting to read. There was always so much of depth in all his writings. To hear him in Paryushan Vyakhayanmala was always an experience by itself. His knowledge of Jainism was so profound apart from all this, he was a great human being, so humble and unassuming. He was indeed a vary noble soul.

**JASWANT B. MEHTA**
Mumbai

❀ ❀ ❀

**A GOOD HUMAN BEING**

Meenakshi and I last met Ramanbhai and Taraben during the Paryushan Vyakhanmala and he did look very frail. But the news of his demise came as a blow. I still remember vividly Ramanbhai telling us on the first day of our B.A. Class: `Friends, It is difficult to be a great scholar, but it is much more difficult to be a good human being. Let's strive to be at least a bit of both.'Ramanbhai himself achieved that so well He did become a great scholar of Jain literature and was a perfect gentleman. He imbibed the spirit of `samata', equanimty, and had a detached attitude to life. To me, he assimilated the highest ideal of Jain philosophy, its `navakar mantra'. His death cannot diminish in any way the great memories of my many years of friendship with him.

**-Prakash Mehta**

❀ ❀ ❀

# યાદગાર સંભારણું

□ મહેશભાઈ શાહ

તા.૧૭મી ડિસેમ્બર, ૧૯૮૮ના રોજ મુ.શ્રી રમણભાઈ, તારાબેન અને મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈના મિત્રો સુરેન્દ્રનગરની સંસ્થાઓની મુલાકાતે આવ્યાં હતાં વર્તમાન પ્રમુખ શ્રી રસિકભાઈ અને ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ પણ સાથે હતા.

તેમને સુરેન્દ્રનગર પહોંચતા દોઢેક કલાક મોડું થયું. અત્યંત વ્યસ્ત કાર્યક્રમ છતાં શ્રી રમણભાઈ જરાયે અસ્વસ્થ થયા વિના ઝડપથી તૈયાર થયા અને મારે ઘેરથી સંસ્થાની મુલાકાત માટે જવા નીકળ્યા.

પહેલા માનવ સેવા સંઘમાં ગયા, ત્યાં જરાયે ઉતાવળ કર્યા વિના અંધ-બધિર છાત્ર-છાત્રાઓને મળ્યાં અને વૃધ્ધાશ્રમના અંતેવાસી વૃધ્ધ-વૃધ્ધાઓ સાથે શાંતિથી વાતો કરી. ત્યાર પછી સૌરાષ્ટ મેડિકલ સેન્ટર, બાલાશ્રમ, લોકવિદ્યાલય વિ. સંસ્થાઓની મુલાકાત લીધી.

આખો દિવસ ખૂબ વ્યસ્ત રહ્યાં છતાં રાતે સાડા આઠ વાગે દેરાસરજીના પટાંગણમાં કાલિકાચાર્ય શ્રી હેમચંદ્રાચાર્ય વિશે શ્રી રમણભાઈ અને તારાબેને વિદ્વતાપૂર્ણ અને પ્રભાવક પ્રવચનો આપ્યાં.

દિવસભરના આવા વ્યસ્ત કાર્યક્રમથી અહીં જ ઠીક ઠીક મોડું થઈ ગયું હોઈ રાતે જ રાણપુર જવા બદલે રાતે સૌ અહીં જ રોકાઈ ગયાં. શ્રી રમણભાઈ અને તારાબેન મારા ઘેર પહોંચ્યાં ત્યારે રાતના સાડા દસ થઈ ગયા હતા. સવારે વહેલાં રાણપુર જવું હતું એટલે મેં તેમને આરામ કરવા રૂમમાં જવા સૂચવ્યું. ત્યારે તેમણે મને પ્રેમપૂર્વક કહ્યું : ના, થોડી વાર તમારાં પત્ની અને બાળકો સાથે બેસીએ, અને તે અને તારાબેને સૌને સાથે થોડી વાતો કરી. પછી પ્રવર્તમાન સામાજિક પરિસ્થિતિ અને ધર્મ વિશે પણ વાતો કરી. પોતાનાં પ્રત્યેક મંતવ્ય તેઓ અંત્યત ઋજુતાથી વ્યક્ત કરતા હતા. ધર્મ કે સામાજિક સમસ્યાઓ વિશેની તેમની વાતમાં જરાય કઠોરતા કે કટ્ટરતા મેં જોઈ નહીં.

જૈન યુવક સંઘની સેવા-પ્રવૃત્તિ વિશે તેમણે કહેલું : મુંબઈ બહાર ઘણી સંસ્થાઓ દીન-દુઃખી અને નિઃસહાય અપંગ-વૃધ્ધોનું કામ કરે છે. અમે નાનાં ગામો કે આદિવાસી વિસ્તારમાં આવું કામ કરતી સંસ્થાઓની મુલાકાત લઈએ છીએ અને તેમને શક્ય તેટલી સહાય કરીએ છીએ.

આ સંસ્કારી દંપતી સાથે ગાળેલો દિવસ અને રાતે થયેલી વાતો અને શ્રી રમણભાઈનું સાત્વિક વ્યક્તિત્વ સદાય સાંભરે તેવું મારું યાદગાર સંભારણું છે.

❖ ❖ ❖

# ડૉ. રમણભાઈ શાહના પ્રવચનોની સી.ડી.

ડૉ. રમણભાઈ શાહે ૧૯૮૧ થી ૨૦૦૪ દરમિયાન શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજિત વ્યાખ્યાનમાળામાં વિવિધ વિષયો ઉપર આવેલા પ્રવચનોની NP3 ઉપર પાંચ C.D. અને કેસેટ ત્રિશલા ઇલેકટ્રોનિક તૈયાર કરી રહ્યું છે.

વિષયોની વિગત :

(૧) નિયાણું
(૨) પચ્ચખ્ખાણ
(૩) કાઉસગ્ગ
(૪) પ્રતિક્રમણ
(૫) પ્રભાવના (દર્શનાચાર)
(૬) ધર્મ ધ્યાન
(૭) ભક્તામર સ્તોત્રનું માહાત્મ્ય
(૮) લોગસ્સસૂત્ર
(૯) બોધિદુર્લભ ભાવના
(૧૦) મિથ્યાત્વનુંસ્વરૂપ
(૧૧) આશ્રવ અને સંવર
(૧૨) અભ્યાસખ્યાન
(૧૩) અનર્થદંડ
(૧૪) ધર્મની આરાધનાના વિવિધ અભિગમ
(૧૫) નામકર્મ
(૧૬) મૃષાવાદ–વિરમણ
(૧૭) અદત્તાદાન વિરમણ
(૧૮) ધર્માનુષ્ઠાન
(૧૯) વિનયમૂલો ધમ્મો
(૨૦) માયા–મૃષાવાદ
(૨૧) અનિત્ય ભાવના
(૨૨) મોહનીયકર્મ
(૨૩) એકત્વભાવના
(૨૪) યોગદષ્ટિ
(૨૫) સમક્તિના પ્રકારો
(૨૬) પ્રથમ પરમેષ્ટી
(૨૭) નમો લોએ સવ્વસાહૂણં
(૨૮) ભક્તામર સ્તોત્રનું રહસ્ય

ઉપરના વિષયોની પાંચ સી.ડી.નો સેટ રૂા. ૪૦૦/- માં પ્રાપ્ત થશે.

એક એક વિષયની ટેપની કિંમત રૂા. ૩૦/-

આ સી.ડી. અને કેસેટના સેટ મર્યાદિત પ્રમાણમાં જ તૈયાર થવાનો હોવાથી, જે જિજ્ઞાસુઓને એ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તેઓશ્રીને રૂા. ૧૦૧/-ના ઓગોતરા ગ્રાહક તરીકેનો એડવાન્સ ડ્રાફ્ટ/ચેક સાથે ત્રિશલા ઇલેકટ્રોનિકને પત્ર લખવા વિનંતિ.

ત્રિશલા ઈલેક્ટ્રોનિક્સ, ૩/C, ત્રિશલા બિલ્ડિંગ, ખારા કુવા સામે,૧૨૨, ઝવેરી બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૨. ટે. નં. 22408251. ફેક્સ : 91-22-22413572.

# ડૉ. રમણલાલ ચી. શાહનાં પુસ્તકો

### એકાંકીસંગ્રહ
❀ શ્યામ રંગ સમીપે

### જીવનચરિત્ર-રેખાચિત્ર-સંસ્મરણ
❀ ગુલામોનો મુક્તિદાતા ❀ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી
❀ હેમચંદ્રાચાર્ય ❀ શ્રી મોહનલાલજી મહારાજ
❀ વંદનીય હૃદયસ્પર્શ, ❀ શેઠ મોતીશાહ
❀ બેરરથી બ્રિગેડિયર ❀ પ્રભાવક સ્થવિરો, ભાગ ૧ થી ૬
❀ તિવિહેણ વંદામિ ❀ પંડિત સુખલાલજી

### પ્રવાસ-શોધ-સફર
❀ એવરેસ્ટનું આરોહણ ❀ ઉત્તરધ્રુવની શોધ-સફર
❀ રાણકપુર તીર્થ ❀ પ્રદેશે જય-વિજયના ❀ આસ્ટ્રેલિયા
❀ પાસપૉર્ટની પાંખે ❀ પાસપૉર્ટની પાંખે-ઉત્તરાલેખન
❀ ન્યૂઝીલેન્ડ ❀ પાસપૉર્ટની પાંખે-ભાગ ત્રીજો

### નિબંધ
❀ સાંપ્રત સહચિંતન, ભાગ ૧ થી ૧૫ ❀ અભિચિંતના

### સાહિત્ય-વિવેચન
❀ ગુજરાતી સાહિત્યનું રેખાદર્શન (અન્ય સાથે)
❀ નરસિંહ પૂર્વેનું ગુજરાતી સાહિત્ય
❀ બુંગાકુ-શુમિ ❀ પડિલેહા ❀ સમયસુંદર ❀ ક્રિતિકા
❀ ૧૯૬૨નું ગ્રંથસ્થ વાઙ્મય ❀ નળ-દમયંતીની કથાનો વિકાસ
❀ ગૂર્જર ફાગુસાહિત્ય

### સંશોધન-સંપાદન
❀ નલ-દવદંતી રાસ (સમયસુંદરકૃત)
❀ જંબુસ્વામી રાસ (યશોવિજયકૃત)
❀ કુવલયમાળા (ઉદ્દ્યોતનસૂરિકૃત)
❀ મૃગાવતીચરિત્ર ચોપાઈ (સમયસુંદરકૃત)
❀ નલ-દવદંતી પ્રબંધ (ગુણવિનયકૃત)
❀ થાવચ્ચાસુત રિષિ ચોપાઈ (સમયસુંદરકૃત)
❀ નલરાય-દવદંતી ચરિત્ર (ઋષિવર્ધનસૂરિકૃત)
❀ ધન્ના-શાલિભદ્ર ચોપાઈ (ગુણવિનયકૃત)
❀ બે લઘુ રાસકૃતિઓ (જ્ઞાનસાગરકૃત અને ક્ષમાકલ્યાણકૃત)
❀ નલ-દવદંતી પ્રબંધ (વિજયશેખરકૃત)

### ધર્મ-તત્ત્વજ્ઞાન
❀ જૈન ધર્મ (છઠ્ઠી આવૃત્તિ) ❀ જૈન ધર્મ (હિન્દી આવૃત્તિ)
❀ જૈન ધર્મ (મરાઠી આવૃત્તિ) ❀ બૌદ્ધ ધર્મ ❀ નિહ્નવવાદ
❀ **Shraman Bhagwan Mahavir & Jainism**
❀ **Budhism-An Introduction** ❀ **Jina Vachana**
❀ જિનતત્ત્વ, ભાગ ૧ થી ૮ ❀ તાઓ દર્શન
❀ કન્ફ્યૂશિયસનો નીતિધર્મ ❀ અધ્યાત્મસાર, ભાગ ૧-૨-૩
❀ વીર પ્રભુનાં વચનો ૧-૨ ❀ અધ્યાત્મસાર-સંપૂર્ણ
❀ જ્ઞાનસાર

### સંક્ષેપ
❀ સરસ્વતીચંદ્ર, ભાગ ૧ (પાઠ્યસંક્ષેપ)

### અનુવાદ
❀ રાહુલ સાંકૃત્યાયન (સાહિત્ય અકાદમી, દિલ્હી)
❀ ભારતની રાષ્ટ્રીય સંસ્કૃતિ (નેશનલ બુક ટ્રસ્ટ, દિલ્હી)

### સંપાદન (અન્ય સાથે)
❀ મનીષા ❀ શ્રેષ્ઠ નિબંધિકાઓ ❀ શબ્દલોક ❀ ચિંતનયાત્રા
❀ નીરાજના ❀ અક્ષરા ❀ અવગાહન ❀ જીવનદર્પણ
❀ કવિતાલહરી ❀ સમયચિંતન ❀ તત્ત્વવિચાર અને અભિવંદના
❀ મહત્તરા શ્રી મૃગાવતીશ્રીજી
❀ જૈન સાહિત્ય સમારોહ, ગુચ્છ ૧-૨-૩-૪
❀ શ્રી વિજયાનંદસૂરિ સ્વર્ગારોહણ શતાબ્દી ગ્રંથ
❀ શ્રી યતીન્દ્રસૂરિ દીક્ષાશતાબ્દી ગ્રંથ

### પ્રકીર્ણ
❀ જૈન ધર્મ-પરિચય પુસ્તિકા
❀ એન.સી.સી.
❀ જૈન લગ્નવિધિ

## ડૉ. રમણભાઈ શાહના પ્રવચનોની સી.ડી.

ડૉ. રમણભાઈ શાહે ૧૯૮૧ થી ૨૦૦૪ દરમિયાન શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજિત વ્યાખ્યાનમાળામાં વિવિધ વિષયો ઉપર આવેલાં પ્રવચનોની NP3 ઉપર પાંચ C.D. અને કેસેટ ત્રિશલા ઇલેક્ટ્રોનિક્ર તૈયાર કરી રહ્યું છે.

વિષયોની વિગત :
(૧) નિયાણું
(૨) પચ્ચખ્ખાણ
(૩) કાઉસગ્ગ
(૪) પ્રતિક્રમણ
(૫) પ્રભાવના (દર્શનાચાર)
(૬) ધર્મ ધ્યાન
(૭) ભક્તામર સ્તોત્રનું માહાત્મય
(૮) લોગસ્સસૂત્ર
(૯) બોધિદુર્લભ ભાવના
(૧૦) મિથ્યાત્વનુંસ્વરૂપ
(૧૧) આશ્રવ અને સંવર
(૧૨) અભ્યાસખ્યાન
(૧૩) અનર્થદંડ
(૧૪) ધર્મની આરાધનાના વિવિધ અભિગમ
(૧૫) નામકર્મ
(૧૬) મૃષાવાદ-વિરમણ
(૧૭) અદત્તાદાન વિરમણ
(૧૮) ધર્માનુષ્ઠાન
(૧૯) વિનયમૂલો ધમ્મો
(૨૦) માયા-મૃષાવાદ
(૨૧) અનિત્ય ભાવના
(૨૨) મોહનીયકર્મ
(૨૩) એકત્વભાવના
(૨૪) યોગદૃષ્ટિ
(૨૫) સમક્તિના પ્રકારો
(૨૬) પ્રથમ પરમેષ્ટી
(૨૭) નમો લોએ સવ્વસાહુણં
(૨૮) ભક્તામર સ્તોત્રનું રહસ્ય

ઉપરના વિષયોની પાંચ સી.ડી.નો સેટ રૂા. ૪૦૦/- માં પ્રાપ્ત થશે. એક એક વિષયની ટેપની કિંમત રૂા. ૩૦/-

આ સી.ડી. અને કેસેટના સેટ મર્યાદિત પ્રમાણમાં જ તૈયાર થવાનો હોવાથી, જે જિજ્ઞાસુઓને એ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તેઓશ્રીને રૂા. ૧૦૧/-ના ઓગોતરા ગ્રાહક તરીકેનો એડવાન્સ ડ્રાફ્ટ/ચેક સાથે ત્રિશલા ઇલેક્ટ્રોનિકને પત્ર લખવા વિનંતિ.

ત્રિશલા ઈલેક્ટ્રોનિક્સ, ૩/C, ત્રિશલા બિલ્ડિંગ, ખારા કુવા સામે,૧૨૨, ઝવેરી બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૨. ટે. નં. 22408251. ફેક્સ : 91-22-22413572 મોબાઈલ : 9820059899

# ડૉ. રમણભાઈ ચી. શાહ

# સાહિત્ય સૌરભ

ડૉ. રમણભાઈ શાહના વિપુલ સાહિત્ય સર્જનમાંથી ચયન કરી ઉપરના શીર્ષકથી નીચે મુજબના છ ગ્રંથોનું પ્રકાશન કરવાનો શ્રી મુંબઈ જૈન યુવક સંઘે નિર્ણય કર્યો છે.

| | | | |
|---|---|---|---|
| ગ્રંથ -૧ | સાંપ્રત સમાજ દર્શન | - સંપાદક | પ્રા. જશવંત શેખડીવાલા |
| ગ્રંથ - ૨ | પ્રવાસ દર્શન | - સંપાદક | પ્રા. જશવંત શેખડીવાલા |
| ગ્રંથ - ૩ | ધર્મ-તત્ત્વજ્ઞાન દર્શન | - સંપાદક | ડૉ. હસુ યાજ્ઞિક |
| ગ્રંથ - ૪ | ચરિત્ર દર્શન | - સંપાદક | ડૉ. પ્રવીણ દરજી |
| ગ્રંથ - ૫ | સાહિત્ય દર્શન | - સંપાદક | ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ |
| ગ્રંથ - ૬ | મંગલમૂર્તિ રમણભાઈ | - સંપાદક | ૧) શ્રીમતી નીરુબહેન સુબોધભાઈ શાહ<br>૨) શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ<br>૩) શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ |

- સંયોજક :

ડૉ. ધનવંત શાહ

❖ ડૉ. રમણભાઈના સમગ્ર સાહિત્યનો અભ્યાસ કરી, એઓશ્રીના વિવિધ વિષયોના લેખો આ ગ્રંથમાં પ્રગટ થશે.

❖ પ્રત્યેક ગ્રંથ લગભગ ૨૫૦ થી ૩૦૦ પૃષ્ઠનો હશે.

❖ આ ગ્રંથો મર્યાદિત સંખ્યામાં પ્રગટ કરવાના હોઈ જે જિજ્ઞાસુ મહાનુભાવોને જેટલી નકલ જોઈતી હોય એ સર્વેને જોઈતી નકલોની વિગત સંઘના સરનામે ફેબ્રુઆરીની આખર તારીખ સુધી જણાવવા વિનંતિ.

❖ આ આગોતરા ગ્રાહકોને મૂળ કિંમત ઉપર ૨૦ ટકાનું વળતર આપવાનું સંઘે નક્કી કરેલ છે. ઉપરાંત પોસ્ટ અને ડીલીવરી ખર્ચ પણ આગોતરા ગ્રાહકોને આપવાનો નહિ રહે.

*Printed & Published by* Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and *Printed at* Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027, And *Published at* 385, SVP Road, Mumbai - 400 004. *Temporary Add.* - 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400 004. Tel.: 23820296 *Editor* : Dhanvant T. Shah

❋❋❋ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ❋❋❋

# પ્રબુદ્ધ જીવન

તા. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૦૬

## જિન-વચન

सयं सयं पसंसंता गरहंता परं वयं ।

जे उ तत्थ विउस्संति संसारं ते विउस्सिया ।।

–सूत्रकृतांग, १-२-२३

જેઓ પોતાના મતની પ્રશંસા કરે છે અને બીજાનાં વચનોની નિંદા કરે છે અને એ રીતે પોતાના પાંડિત્યનું પ્રદર્શન કરે છે તેઓ સંસારમાં જ ભ્રમણ કરતા રહે છે.

Those who praise their own views and condemn the words of others, only to show off thier so-called learnedness, are indeed wandering in the worldly cycle of birth and death.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી)

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : સંઘના મુખપત્રના વિકાસની તવારીખ

☐ મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
વ્યવસ્થાપક : **જમનાદાસ અમરચંદ ગાંધી**
(તા. ૩૧-૮-૨૯ થી તા. ૨૮-૯-૨૯)

☐ મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
તંત્રી : **જમનાદાસ અમરચંદ ગાંધી**
(તા. ૫-૧૦-૧૯૨૯ થી તા. ૨૨-૧૦-૧૯૩૨)

☐ પ્રબુદ્ધ જૈન
તંત્રી : **ચંદ્રકાન્ત વી. સુતરીઆ**
(તા. ૨૯-૧૦-૧૯૩૨ થી તા. ૧૧-૩-૧૯૩૩)

☐ પ્રબુદ્ધ જૈન
તંત્રી : **રતિલાલ સી. કોઠારી**
સહતંત્રી : **કેશવલાલ મંગળચંદ શાહ**
(તા. ૨૫-૩-૧૯૩૩ થી તા. ૯-૯-૧૯૩૩)
નોંધ : બ્રિટિશ સરકારે જામીનગીરી માંગી. સંઘે તે ન આપી અને મુખપત્રનું પ્રકાશન બંધ કર્યું.

☐ તરુણ જૈન
તંત્રી : **ચંદ્રકાન્ત સુતરીઆ**
(તા. ૧-૧-૧૯૩૪ થી તા. ૧૬-૭-૧૯૩૪)

☐ તરુણ જૈન
તંત્રી : **મણિલાલ મોકમચંદ શાહ**
(તા. ૧-૮-૧૯૩૪ થી તા. ૧-૫-૧૯૩૫)

☐ તરુણ જૈન
તંત્રી : **તારાચંદ કોઠારી**
(તા. ૧૫-૫-૧૯૩૫ થી તા. ૧૫-૭-૧૯૩૬)

☐ તરુણ જૈન
તંત્રી : **ચંદ્રકાન્ત સુતરીઆ**
(તા. ૧-૮-૧૯૩૬ થી તા. ૧-૮-૧૯૩૭)

☐ પ્રબુદ્ધ જૈન
તંત્રી : **મણિલાલ મોકમચંદ શાહ**
(તા. ૧-૫-૧૯૩૯ થી તા. ૧૫-૪-૧૯૫૧)
(**મણિલાલ મોકમચંદ શાહ**ના તંત્રીપદ દરમિયાન '**પ્રબુદ્ધ જૈન**'ના સંપાદનની જવાબદારી **પરમાનંદ કુંવરજી કાપડિયા**ને, ત્યાર પછી **જટુભાઈ મહેતા**ને અને ત્યાર પછી **ધીરજલાલ ધનજીભાઈ શાહ**ને અનુક્રમે સોંપાઈ હતી)

☐ પ્રબુદ્ધ જૈન
તંત્રી : **પરમાનંદ કુંવરજી કાપડિયા**
(તા. ૧-૫-૧૯૫૧ થી તા. ૧૫-૪-૧૯૫૩)

☐ પ્રબુદ્ધ જીવન
('પ્રબુદ્ધ જૈન' વર્ષ-૧૪, અંક-૧, તા. ૧લી મે, ૧૯૫૩)
તંત્રી : **પરમાનંદ કુંવરજી કાપડિયા**
(તા. ૧-૫-૧૯૫૩ થી તા. ૧૬-૪-૧૯૭૧)

☐ પ્રબુદ્ધ જીવન
તંત્રી : **ચીમનલાલ ચકુભાઈ શાહ**
(તા. ૧-૫-૧૯૭૧ થી તા. ૧-૪-૧૯૮૧)

☐ પ્રબુદ્ધ જીવન
તંત્રી : **ચીમનલાલ ચકુભાઈ શાહ**
સહતંત્રી : **ડૉ. રમણલાલ ચી. શાહ**
(તા. ૧૬-૪-૧૯૮૧ થી તા. ૧૬-૧૧-૧૯૮૨)

☐ પ્રબુદ્ધ જીવન
તંત્રી : **ડૉ. રમણલાલ ચી. શાહ**
(તા. ૧૬-૧૨-૧૯૮૨ થી તા. ૧૬-૧૦-૨૦૦૫)

☐ પ્રબુદ્ધ જીવન
તંત્રી : **ડૉ. રમણલાલ ચી. શાહ**
સહતંત્રી : **ડૉ. ધનવંત તિ. શાહ**
(તા. ૧૬-૧-૨૦૦૫ થી તા. ૧૬-૧૦-૨૦૦૫)

☐ પ્રબુદ્ધ જીવન
તંત્રી : **ડૉ. ધનવંત તિ. શાહ**
(તા. ૧૬-૧૧-૨૦૦૫ થી)

## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

| | |
|---|---|
| **૧ વર્ષનું લવાજમ** | **રૂા. ૧૨૫/-** |
| **૩ વર્ષનું લવાજમ** | **રૂા. ૩૫૦/-** |
| **૫ વર્ષનું લવાજમ** | **રૂા. ૫૫૦/-** |
| **આજીવન લવાજમ** | **રૂા. ૨૫૦૦/-** |
| **કન્યા વિદાય આજીવન લવાજમ** | **રૂા. ૨૦૦૦/-** |

ક્યારેય પણ જાહેરખબર ન લેવાની 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ હોઈ એના ગ્રાહકો અને શુભેચ્છકો તેમ જ દાતાઓ જ આ સત્ત્વશીલ સામયિકને જીવંત રાખી શકશે. (૭૭ વર્ષની અવિરત સેવા છે મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રોની) ગુજરાતી ભાષાના સામયિકો જીવશે તો જ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કાર સંસ્કૃતિ જીવંત રહેશે.

જૈન ધર્મ અને સર્વ ધર્મના ચિંતનો આવા સામયિકોથી જ વર્તમાન અને ભવિષ્યની પેઢીના હૃદયમાં રોપાતા જશે.

પુનિત પુત્રી તો 'દુહિતા' અને 'દેહલી દીપક' છે; એટલે બન્ને દિશા અને બન્ને ઘરને અજવાળે એવો ઘરના ઉંમરાનો એ દીપક છે. લગ્નમાં આપણે લાખો રૂા.નો ખર્ચ કરીએ છીએ, લાખોના કરિયાવર અને ઘરના સંસ્કાર સાથે પુત્રીને વિદાય આપીએ છીએ તો કરિયાવરમાં 'પ્રબુદ્ધ જીવન' ન આપી શકીએ ?

પુત્રીના જીવનમાં એ સદાય જીવંત રહેશે. પથદર્શક બનશે. સુજ્ઞેષુ કિં બહુના...?

–ચેક '**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**'ના નામે મોકલશો.

–કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.

☐ મેનેજર

Regd. With Registrar of Newspaper for India No.RN 6067/57
● વર્ષ : (૫૦) + ૧૭ ● ● અંક : ૨ ● ●તા. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૦૬ ● ● ૩ ●
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : ધનવંત તિ. શાહ

## પ્રબુદ્ધ જીવન : એક જ્ઞાન યાત્રા...

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની સ્થાપના ત્રીજી ફેબ્રુઆરી ૧૯૨૯ માં મુંબઇના ધનજી સ્ટ્રીટના એક નાનાં ઓરડામાં થઈ. એટલે આ ફેબ્રુઆરી ૨૦૦૬ માં સંઘે ૭૭ વર્ષ પૂરા કર્યાં અને ૭૮ માં વર્ષમાં પ્રવેશ કર્યો. એ સ્થાપક ઉત્સાહી જૈન યુવકોને જૈન સમાજને નવાં વળાંકે લઈ જવાની તમન્ના હતી. અયોગ્ય દીક્ષા અને બાળદીક્ષાની યોગ્યતાની ચર્ચા કરવી હતી, જૈન સમાજમાં નવો પવન વહેતો કરવો હતો. જૈન ધર્મના અલગ અલગ ફિરકાને એકત્રિત કરવાં હતાં. પણ આ વિચારો બધાં સુધી કઈ રીતે પહોંચે ? કવિ નર્મદે વરસો પહેલાં 'દાંડિયો' પત્રિકા શરૂ કરી પોતાનું ધાર્યું કામ પાર પાડ્યું હતું. એમ આ સંઘના સૂત્રધારોને પણ પોતાના વિચારોને વહેતા કરવા આવી પત્રિકા શરૂ કરવાનો વિચાર આવ્યો અને છ મહિના પછી જ તા. ૩૧-૮-૧૯૨૯ના શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્ર, 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા'ના નામથી શ્રી ગણેશ મંડાયા. પ્રારંભમાં એ સાપ્તાહિક, પાનાં છ, કિંમત અડધો આનો, અને વ્યવસ્થાપક શ્રી જમનાદાસ અમરચંદ ગાંધી. પછી તો 'પ્રબુદ્ધ જૈન' (૧૯-૧૦-૧૯૩૨) ના નામાભિધાનથી તેની યાત્રા આગળ વધી. સ્વાતંત્ર્ય ચળવળ વખતે 'અમર અરવિંદ' નામે પ્રગટ થયેલ વાર્તા સામે બ્રિટીશ સલ્તનતની લાલ આંખ અને સરકારે રૂા. ૬,૦૦૦/- ના જામીન માગ્યાં, પણ 'પ્રબુદ્ધ જૈન' નમે ? 'લ્યો, આ બંધ કર્યું !' અને એ જ પત્ર 'તરૂણ જૈન'ના નામે તા. ૧-૧-૧૯૩૪ ના શરૂ થયું. બધું શાંત થતું ગયું અને 'પ્રબુદ્ધ જૈન'ની યાત્રા આગળ વધી તા. ૧-૫-૧૯૩૯ થી, અને આ 'પ્રબુદ્ધ જૈન' વૈચારિક સામગ્રીથી માતબર થતું ગયું.

તા. ૧૫-૫-૧૯૩૯ના 'પ્રબુદ્ધ જૈન'ના અંકમાં મગનભાઈ દેસાઇનો જે સંદેશો મળ્યો હતો, એ આજના સંદર્ભે પણ કેટલો ઉચિત છે ! એઓ લખે છે:

'આજના જમાનામાં જૈન કોમ પાસે એક ખાસ જવાબદારી છે. જગતમાં અહિંસાનો સંદેશો આપનાર મહાવીર સ્વામીના તેઓ અનુયાયી છે. તે સંદેશો આપવાનું અને જગતને તેનો જ્વલંત પાઠ આપવાનું તેમને શિરે છે એમ વિશેષ કહી શકાય...

'આજનું જગત અહિંસાનો સંદેશો જરા જુદી રીતે માગે છે. આજનો સમાજ રક્ષક થવાને બદલે ભક્ષક જ વધારે બનતો જાય છે. એક વ્યક્તિ મંદિર દર્શન, પૂજા, પાઠ વિગેરે કરે છે. છતાં તેનો વ્યવહાર જુઓ તો, જાણે અજાણ્યે પણ, સમાજમાં તે ભક્ષક પોષક હોઈ શકે છે, હોય છે. આ જમાનામાં અહિંસા પૂજકોએ આ સામાજિક હિંસાનું નિવારણ શોધવું જ પડશે. નહિ તો સમાજની સાથે વ્યક્તિ પણ સંડોવાશે ને બેઉ અધોગતિ પામશે.'

અને એ જ અંકમાં મોતીચંદ ગિરધરલાલ કાપડિયા લખે છે:

'જેનામાં પ્રશાન્તવાહિતા સાથે પ્રેરણા હોય, જેનામાં વર્તમાન સાથે ભૂતની એકવાક્યતા કરવાની આવડત હોય, જેનું ધ્યેય આત્મલક્ષી હોવા સાથે સમાજને કેન્દ્ર સ્થાને રાખતું હોય, જે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવને અનુલક્ષીને માર્ગ સૂચન કરવામાં પ્રાવિણ્ય દાખવતો હોય, જેનામાં માનવ પ્રગતિની સાચી તમન્ના ધમધમતી રહી હોય તે જ ખરો 'પ્રબુદ્ધ જૈન' કહેવાય અને તેવો-તેવો 'પ્રબુદ્ધ જૈન' સમાજને સાચી દોરવણી આપવાને સર્વ પ્રકારે યોગ્ય ગણાય.'

અને કાકા કાલેલકરે 'પ્રબુદ્ધ જૈન'ના ઉપરના અંક પહેલાં તા. ૧-૫-૩૯ના જે સંદેશો આપ્યો હતો, એ તો સર્વકાલિન છે:

'જૈન દર્શન' પણ એવું જ એક જીવનવ્યાપી સાર્વભૌમ દર્શન છે. સ્યાદ્‌વાદની ભૂમિકા ઉપર અહિંસા અને તપના સાધન વડે આખી દુનિયાનું સ્વરૂપ ફેરવવાની શક્તિ અને અભિલાષા જૈન દર્શનમાં છે અથવા હોવા જોઈએ. વિનાશની અણી ઉપર આવી પહોંચેલા આ જગતને જો છેલ્લી ઘડીએ બચી જવું હોય તો એણે સ્વાદ્‌વાદરૂપી બૌદ્ધિક અહિંસા સ્વીકારવી જ જોઈએ. અહિંસારૂપી નૈતિક સાધના આચરવી જ જોઈએ અને તપરૂપી સંકલ્પ સામર્થ્ય કેળવી સાધનાની પૂર્વ તૈયારી કરવી જ જોઈએ.

આ સંદેશો શાસ્ત્રી પંડિતો દુનિયાને ન આપી શકે તે 'પ્રબુદ્ધ જૈન' જેવા સામયિક આપી શકે.'

કાકા કાલેલકર, પંડિત સુખલાલજી, કિશોરલાલ મશરૂવાળા, ઝવેરચંદ મેઘાણી, ડૉ. વૃજલાલ મેઘાણી, કેટકેટલાં દિગ્‌જનોને યાદ કરીએ ? એ યુગના સર્વે મેધાવી પ્રાજ્ઞજનોના વિચારોના પ્રવાહો આ સામયિકમાં વહેતાં થયાં. 'પ્રબુદ્ધ જૈન'ની વિશાળતા એટલી વધી કે 'જૈન' શબ્દને વધુ ભવ્ય બનાવવો જોઈએ એવાં સર્વ મહાનુભાવોના સૂચનથી 'પ્રબુદ્ધ જૈન' 'પ્રબુદ્ધ જીવન' બન્યું અને જૈન જૈનેતર સર્વ મહાનુભાવોએ આ નામને આવકાર્યું, અને વધાવ્યું. ગાંધીજીનું 'નવજીવન' અને 'હરિજન બંધુ' 'પ્રબુદ્ધ જીવન'નાં આદર્શ બન્યાં. પ્રત્યેક સપ્તાહે, પછી પખવાડિયે અને પછી પ્રત્યેક માસે 'પ્રબુદ્ધ જીવન'ના વાચકને એની રાહ જોવાની ટેવ પડી ગઈ.

તા. ૧૫-૫-૪૧ના આ પત્રના પરમ સ્નેહી આજ પૂ. કાકા સાહેબે 'પ્રબુદ્ધ જૈન'ને વિશાળ બનાવવાનું સૂચન કરતો પત્ર પરમાનંદભાઇને લખ્યો.

તા. ૩૦-૪-૪૧

પ્રિય પરમાનંદભાઈ,

વર્ધા હોઉં છું ત્યારે તમારું 'પ્રબુદ્ધ જૈન' જોવાની ઇંતેજારી રહે છે. પણ હું તો મોટે ભાગે રખડતો રહ્યો છું. પરિણામે તમારું છાપું નિયમિત વંચાતું નથી. જેટલું જોયું છે તે પરથી મને ઘણો સંતોષ થયો છે; પણ આશ્ચર્ય જરાય થયું નથી. તમારી પાસેથી જે અપેક્ષા રખાય છે તે જ બર આવેલી જોઉં છું. દરેક વસ્તુનો બન્ને બાજુનો વિચાર કરવો, સમતોલપણું જાળવવું, રાષ્ટ્રહિતની દૃષ્ટિએ જ અને સમભાવપૂર્વક ટીકા કરવી, સંસ્કૃતિનાં સારા તત્ત્વો ઓળખવાં, અને પ્રગતિ માટે અનુકૂળ રહેવું એ તમારા સ્વભાવની ખાસીયત છે. એનો પડઘો 'પ્રબુદ્ધ જૈન'માં પડે એમાં નવાઈ શી ? ભાષાની દૃષ્ટિએ પણ તમારા પાક્ષિકે સંતોષ આપ્યો છે, જો કે છાપણીની શુદ્ધિ વિષે તેવું અભિનંદન નથી આપી શકતો! પણ મારે તો એવી બીજી જ ફરિયાદ કરવી છે. તમે 'પ્રબુદ્ધ જૈન' જેવા કોમી નામ તળે કેટલા દિવસ સુધી રહેશો ? જે જૈન હોય તે રાષ્ટ્રીય ન હોય એમ હું નથી કહેવા માંગતો અને જાગતો પ્રબુદ્ધ જૈન તો શુદ્ધ રાષ્ટ્રીય જ હોઈ શકે એ બધું ખરૂં. પણ ઝેરી કોમીવાદના આ દિવસોમાં આપણે કોમી નામ ધારણ કરીને ન જ ચાલવું જોઈએ. સ્વામી વિવેકાનંદે પોતાના માસિક માટે 'પ્રબુદ્ધ ભારત'નું નામ ન રાખ્યું હોત તો એ જ નામ સૂચવત.

તમારું અને તમારા પાક્ષિકનું મુખ્ય કાર્ય જૈન સમાજને તેમ જ આખા ગુજરાતને અહિંસાની નવી દૃષ્ટિ આપવાનું છે અને એ નવી દૃષ્ટિએ જીવનના બધા પાસા ખીલવવાનું છે. આપણા ન્યાત-જાતના, ખાનપાનના અને શાદી બ્યાહના પ્રશ્નો આપણી આગળ છે જ; પણ જે પ્રશ્નો આખી દુનિયા આગળ વિરાટ રૂપે પ્રગટ થયા છે તેમનો ઉકેલ ભારતીય દૃષ્ટિએ અને અહિંસાની ઢબે કેમ આવી શકે એમ છે, એ જોવાનું અને બતાવવાનું કામ તમારે કરવાનું છે. એ ભાવ વ્યક્ત થાય એવું કંઈક નામ રાખશો તો સારું થશે.

એ જ ભાવ વ્યક્ત કરવા માટે અમે અમારા માસિકને 'સર્વોદય' કહ્યું છે. તમે તમારા માસિકને 'સર્વહિત' અથવા 'વિશ્વ કલ્યાણ' કહી શકો છો. પણ આવું ભારેખમ નામ ન જોઇતું હોય તો એ જ મતલબનું કોઈ હળવું નામ પસંદ કરશો. મને પોતાને ભારેખમ નામ પસંદ કરવામાં સંકોચ નથી હોતો. ઉદ્દેશ મહાન હોય તો નામ પણ મહાન રખાય. ઘણીવાર નામ જ આપણને એવી જાતની દીક્ષા આપે છે અને આપણી પાસે ઉચ્ચ આદર્શ પળાવે છે. તંબુર જો સ્હેજ ઉચ્ચ સ્વરમાં રાખ્યો હોય તો તે રીતે ગાવું જ પડે છે. તમારા પાક્ષિકથી જો સંતોષ ન થયો હોત તો નામપરિવર્તનની સૂચના હું ન જ કરત.

સ્નેહાધીન કાકાના સપ્રેમ વંદન.

પૂ. આચાર્યશ્રી ગણ, પૂ. મુનિ ભગવંતો, પૂ. કાકા કાલેલકર, પૂ. પંડિત સુખલાલજી અને સર્વે પ્રાજ્ઞજનોના પળે પળે આશીર્વાદ પામતા આ સામયિકને પ્રારંભના તંત્રી મણીલાલ મોકમચંદ શાહે લાડ લડાવ્યા, પૂ. પરમાનંદ ભાઇએ એને નવા વિચારોથી સજ્જ કર્યું. શ્રી ચીમનલાલ ચકુભાઇએ પોતાના ચિંતનથી એને વિશાળ કર્યું અને ડૉ. રમણલાલ ચી. શાહ જેવા વિદ્વાન મહાનુભાવે જૈન ધર્મના તત્ત્વ અને ચિંતનથી એને ગહન-ગંભીર બનાવ્યું. આ રીતે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની આ પત્રિકાને અવલોકીએ તો આ પત્રિકાને સળંગ ૭૭ વર્ષ થઈ ગયાં. ગુજરાતી કે જૈન સમાજની ભાગ્યે જ કોઈ પત્રિકા આજે આવા લાંબા આયુષ્યમાં વિહરતી હશે.

માત્ર 'પ્રબુદ્ધ જૈન'ની વાત કહીએ તો તા. ૨૯-૧૦-૧૯૩૨ થી તા. ૯-૯-૧૯૩૩ એ એક વર્ષ અને તા. ૧-૫-૩૯ થી ૧૯૫૩ એ ૧૪ વર્ષ, એમ ૧૫ વર્ષ, અને 'પ્રબુદ્ધ જીવન' તા. ૧-૫-૧૯૫૩ થી આજ ૨૦૦૬, ૫૩ મું વર્ષ!

સળંગ ૭૭ વર્ષ અને 'પ્રબુદ્ધ જૈન'- 'પ્રબુદ્ધ જીવન'ને ૧૫+૫૩=૬૮, આવી દીર્ઘ યાત્રા! (મુખપૃષ્ટના બીજા પાને પૂરી વિગત આપી છે. આંકડાની લીલામાં ભૂલ-ચૂક-ક્ષમા સાથે સ્વીકાર્ય.)

કોઈપણ હકીકતનો ઇતિહાસ જાણીએ તો વર્તમાનમાં સર્જાતો ઇતિહાસ આપણને રાહબર બને અને ગઈ કાલને ક્યાંક અન્યાય કરતા કે અન્ય ભાવથી સમજવાની ગેરસમજ કરી ન બેસીએ.

છેલ્લા એક માસ દરમિયાન આ સંઘની આવી ૭૭ વર્ષની પત્રિકા યાત્રાનો પરિચય કરવા બધા અંકો જોઈ વાંચી જવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું અને જ્ઞાનનું વિશાળ આકાશ મારી સામે ખૂલી ગયું. ધન્યતાની અનુભૂતિ થઈ. પ્રથમ સાપ્તાહિક, પછી પાક્ષિક અને છેલ્લે ઘણાં વર્ષથી માસિક, પ્રત્યેક અંકે પહેલાં છ પાનાં, પછી આઠ પાનાં, ૧૪ પાનાં, ૧૬ પાનાં ક્યારેક વિશેષ અંકના ૮૬ પાનાં, તો ક્યારેક એવા વિશેષ અંકના ૧૨૪ પાના પણ. આમ ગણવા જઇએ તો લગભગ વીસ હજારથી વધુ પાનાનું વાચન આ પત્રિકા-મુખપત્રે સમાજને પીરસ્યું હશે. 'કુમાર'ની જેમ આ બધાં અંકોની પણ સી.ડી. બનાવવાનો વિચાર છે. જેથી આ જ્ઞાનવર્ધક સાહિત્ય જળવાઈ રહે અને ભવિષ્યની પ્રજાને આ માતબર જ્ઞાનના ખજાનાનો લાભ મળે.

આ વધું સાહિત્ય વાંચતા એવી અહોભાવી પ્રતીતિ થાય કે આ પત્રિકા-મુખપત્રે જૈન જગતની કેટલી અમૂલ્ય સેવા કરી છે ? જૈન સમાજને એક વર્તુળમાંથી નવા સામાજિક અને રાષ્ટ્રીય મેદાનમાં મૂકી દીધો, જૈન સમાજની આજની એકતાનો એણે ત્યારે શંખ ફૂંક્યો, જૈન ધર્મે આખરે તો માનવને માનવ બનાવવો છે. એની યાત્રા પ્રબુદ્ધ ભાવ તરફ હોવી જોઇએ, એનું જીવન પ્રબુદ્ધ બને તો જ મોક્ષગામી બને.

બેકને કહ્યું છેઃ ALL KNOWLEDGE IS MY PROVINCE. 'જ્ઞાન માત્ર મારો પ્રદેશ છે.' આ સૂત્ર 'પ્રબુદ્ધ જીવને' અપનાવ્યું. માનવ મનનું ઉત્થાન થાય એવું સાહિત્ય 'પ્રબુદ્ધ જીવન'માં સમાય છે. પરમાણંદભાઈ અને સંઘના મંત્રી સુબોધભાઈ શાહ અંગ્રેજી જ્ઞાન ભંડારમાંથી, તો નિરૂબહેન શાહ હિંદી જ્ઞાન પ્રદેશમાંથી વિવિધ સાહિત્ય વાંચી એનો ગુજરાતી અનુવાદ 'પ્રબુદ્ધ જીવન'ને આપે છે.

આ પત્ર અંગ્રેજ શાસન સામે જેમ ઝૂક્યું નહિ, તેમ ગાંધીજીની હાકલ પડી ત્યારે રાષ્ટ્રીય ચળવળને માત્ર પ્રોત્સાહન જ ન આપ્યું પણ સ્વદેશી કાગળ ઉપર જ એ છપાય એવો ત્યારે આગ્રહ પણ રાખ્યો.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું સદ્‌ભાગ્ય છે કે એના મુખપત્રને સર્વદા વિદ્વાન, તત્ત્વચિંતક, ઉત્સાહી અને માનદ્ સંપાદકો અને તંત્રીઓ મળતા રહ્યાં છે અને ભવિષ્યમાં પણ માનદ્ તંત્રી જ એ સ્થાને બિરાજવાના.

સર્વ મહાનુભાવ તંત્રીશ્રીઓમાં શ્રી જમનાદાસ અમરચંદ ૩ વર્ષ, શ્રી ચંદ્રકાંત સુતરિયા-૬ વર્ષ, શ્રી તારાચંદ કોઠારી-૧ વર્ષ, શ્રી મણિલાલ મોકમચંદ શાહ-૧૨ વર્ષ, શ્રી પરમાણંદ કુંવરજી

કાપડિયા-૨૦ વર્ષ, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ-૧૧ વર્ષ અને ડૉ. રમણલાલ શાહ-૨૪ વર્ષ તંત્રી સ્થાને રહ્યાં.

આમ પૂ. રમણભાઈની સેવા દિર્ઘકાલિન.

જીવનમાં જ્યારે જ્યારે કોઈ કોઈ ઘટના બને છે, ત્યારે એ સમયે એ ઘટનાને આપણે ધ્યાનથી ચિંતવતા નથી, પણ એના અનુસંધાનની ઘટના વરસો પછી બને ત્યારે મન ચકરાવે ચઢી જાય છે. ક્યારેક ન સમજાય એવું બની જાય છે ત્યારે 'સમજી જવું' એ જ સાચી સમજ!

'પ્રબુદ્ધ જીવન' અને મારા વચ્ચે પણ આવો નાતો બંધાઈ ગયેલો.

૧૯૫૨ ની આસપાસ હું સોનગઢ શ્રી મહાવીર જૈન ચારિત્ર રત્ન કલ્યાણ આશ્રમમાં અભ્યાસ કરતો હતો ત્યારે સાંજે અમે વોલીબોલ રમીએ, અને ઝાંપાને બીજે છેડે આરામ ખુરશી ઉપર પૂ. કલ્યાણચંદ્રજી બાપા બેઠા હોય, નીચે શેતરંજી ઉપર દુલેરાય કારાણી અને અન્ય મહેમાનો બેઠા હોય અને કારાણી સાહેબ બાપાને દૈનિકો વાંચી સંભળાવે, એમાં 'પ્રબુદ્ધ જૈન' મુખ્ય હોય. એ અંક સમયસર ન આવ્યો હોય તો બાપા વારે વારે બધાંને પૂછી લે, અને જ્યારે 'પ્રબુદ્ધ જૈન' આવે ત્યારે ચાર પાંચ દિવસ એ અંક વંચાય, ચર્ચા થાય, એના કેટલાંક અંશો આશ્રમના સામયિક 'સમયધર્મ'માં લેવાની પણ પૂ. બાપા સૂચના કરે. ત્યારથી મારા મનમાં 'પ્રબુદ્ધ જીવન' વિશેના કુતૂહલ બીજ રોપાયાં અને મેં પણ ન સમજાય તોય વાંચવાનું શરૂ કર્યું. પછી તો એ વાંચવાની આદત પડી ગઈ. મુંબઈ આવ્યા પછી એક લાયબ્રેરીમાંથી શોધી કાઢ્યું અને નિયમિત વાચન થાય, ત્યારે તો સ્વપ્નેય ખ્યાલ નહિ કે મારા અંતરમાં એના મૂળ આટલા ઊંડા ઉતરશે અને મારો સંબંધ 'પ્રબુદ્ધ જીવન' સાથે આવો બંધાઈ જશે!

પછી તો પૂ. રમણભાઈ સાહેબ સાથે પરિચય થયો, સાહેબે આંગળી પકડી, મને જૈન યુવક સંઘમાં પ્રવેશ કરાવ્યો. ઘણી બધી ઘટનાઓ છે, એની ક્યારેક વાત, પણ સાહેબ મારા જીવનમાં ન પ્રવેશ્યા હોત, તો હું માત્ર વેપારી કે ઉદ્યોગપતિ જ રહેત. હર પળે સાહેબે અભ્યાસ, અધ્યાપન અને લેખનમાં પ્રેરણા અને ઉત્સાહ સિંચ્યાં તે એટલે સુધી કે એમાંથી હું બહાર જ નીકળી ન શકું.

પૂ. સાહેબ અને 'પ્રબુદ્ધ જીવન'ના નિયમિત વાંચનને કારણે મારી અંદરનું ઘડતર થતું રહ્યું. આજે એ ઋણ ચૂકવવાનો મને અવસર મળ્યો એને હું મારું સદ્‌ભાગ્ય સમજું છું.

નથી હું મણિલાલ મોકમચંદ શાહ અને પરમાનંદ કુંવરજી કાપડિયા જેવો વિચારક કે નથી ચીમનભાઈ ચકુભાઈ શાહ જેવો ચિંતક કે પૂ. રમણભાઈ જેવો જૈન ધર્મનો ઊંડો અભ્યાસી. એ પૂર્વસૂરિઓના કલમ અને તત્ત્વની ઊણપ આપણને હંમેશ લાગવાની જ; પણ કાળને શું પૂછવું?

પૂ. પૂર્વસૂરિઓએ જે સિદ્ધાંતો ઘડ્યાં છે એ નીતિથી જ 'પ્રબુદ્ધ જીવન' ચાલશે, એવું જ સાહિત્ય અને સત્ત્વ-તત્ત્વ અહીં સ્થાન પામશે, એવું વચન આપી મારામાં યુવક સંઘના સર્વ કારોબારી સભ્યોએ જે વિશ્વાસ મૂક્યો છે એમાં ખરો ઉતરવા હું પૂરો પુરુષાર્થ કરીશ એવી ખાત્રી આપી મારા સંઘ સભ્યોનો આભાર માની પૂ. રમણભાઇને નમન કરી આ તંત્રી સ્થાનના કાર્યનો આરંભ કર્યો છે.

સત્યોતેર વર્ષના અહેવાલો જોતા, પ્રત્યેક વરસે 'પ્રબુદ્ધ જીવન'ને ખોટ કરી છે, રૂા. ૫૧થી શરૂ થઈ આજે વરસે દોઢ લાખનું નુકશાન સંઘ ઉપાડે છે. વહીવટકારો યોગ્ય સમયે ન જાગ્યા એટલે 'નવજીવન', 'હરિજન બંધુ', 'સંસ્કૃતિ', 'બુદ્ધિ પ્રકાશ', 'સાહિત્ય' જેવા સામયિકો સંકેલાઈ ગયા, અને 'કુમાર', 'નવનીત-સમર્પણ' 'અખંડ આનંદ' 'નિરીક્ષક' જેવા ઘણાં સામયિકોનાં સંચાલકો સમયસર જાગ્યા એટલે ટકી-જીવી ગયાં.

'પ્રબુદ્ધ જીવન'ને ટકી રહેવું છે. જાહેરખબરના કોઈપણ સાથ વગર આ પત્રિકા આજે સત્યોતેર વરસથી ધબકતી રહી છે. એ વિરલ ઘટના છે. સંઘના સર્વ કાર્યકરોને એ માટે અભિનંદવા ઘટે, એમની હિંમતને વંદન કરવા ઘટે.

સંઘના આજીવન સભ્યો, પેટ્રનો અને પૂ. આચાર્ય ભગવંતો તેમ જ પૂ. મુનિ ભગવંતો અને મૂર્ધન્ય વિદ્વદ્‌જનો અને સંઘના શુભેચ્છક મહાનુભાવોને આ 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યેક મહિને સપ્રેમ અર્પણ થાય છે અને આવકનું સાધન તો માત્ર થોડાં ગ્રાહકો જ.

પણ મેં આગળ કહ્યું તેમ જીવનમાં ક્યારેક ન સમજાય એવી ઘટના બને છે.

'પ્રબુદ્ધ જીવન' માટે વરસની દોઢ લાખની ખોટ અસહ્ય લાગી, વિચાર્યું કે હવે જો નહિ જાગીએ તો ક્યારેક 'પ્રબુદ્ધ જીવન' ન જોવાનો દિવસ આવશે. આ વિચારથી જ હું તો ધ્રૂજી ગયો અને 'પ્રબુદ્ધ જીવન નીધિ' માટેના વિચારે જન્મ લીધો. પણ હજુ તો એ માટેના મુદ્દા કાગળ ઉપર આકાર લઈ રહ્યા હતા ત્યાં આકસ્મિક આશીર્વાદ ઉતરી આવ્યા. અંગ્રેજીમાં જેને આપણે 'Blessing in Disguise' કહીએ છીએ તેવું બન્યું.

અને 'પ્રબુદ્ધ જીવન'ના 'પૂ. રમણભાઈ સ્મરણાંજલિ સંપૂટ' વિશેષાંકના છેલ્લાં પાને પ્રગટ થયેલા ગ્રંથોની વિગત વાંચી એક સુશ્રાવકે અમારા પ્રમુખશ્રીને આર્થિક સહયોગ માટે ફોન કર્યો. અમારા ઉપપ્રમુખ સાથે અમે ગયાં. એમણે એ ગ્રંથો માટે માતબર દાન સ્વીકારવા અમને વિનંતિ કરી. અમારા આનંદ આશ્ચર્યનો તો પાર નહિ. પણ અમારા મનમાં બીજાં પણ વિચારો ચાલી રહ્યાં છે, એ એ સુશ્રાવક સમજી ગયા. અમને અમારી મૂંઝવણ પૂછી. અમે 'પ્રબુદ્ધ જીવન'ના કાયમી ફંડની વાત કરી, અમારા સાનંદાશ્ચર્ય એમણે આ નીધિ માટે બીજી માતબર રકમ અમને ધરી દીધી. પૂ. સાહેબના પૂણ્ય અમને ફળ્યા. ચેક આપતા એ સુશ્રાવકે અમને વિનંતિ કરી છે. અમે એમનું નામ જાહેર ન કરીએ.

આ સમયમાં જૈન શાસન પાસે આજે ય ભામાશા અને જગડુ શાહ છે!

આ ઘટનાને શું કહેશું? ન સમજાય ત્યારે 'સમજી' જવું! અને આપ વાચક પણ 'સમજી' જશો એવી અમને શ્રદ્ધા છે.

'પ્રબુદ્ધ જીવન' એક જ્ઞાન યાત્રા છે, એક જ્ઞાન યજ્ઞ છે.

ગાંધીજીના 'નવજીવન' અને 'હરિજનબંધુ'ના આદર્શને કેન્દ્રમાં રાખીને પ્રારંભાયેલું અને જાહેરખબરની કોઈ પણ આવક ન સ્વીકારવાના સિદ્ધાંતને ચૂસ્તપણે વળગી રહી નક્કી કરેલા આદર્શ સિદ્ધાંતોને પૂરેપૂરા વફાદાર રહી આપ સૌના પ્રેમથી આગળ ધપતું આ 'પ્રબુદ્ધ જીવન' એક જ્ઞાન યાત્રા છે, એક જ્ઞાન યજ્ઞ છે.

પ્રત્યેક માનવના હૃદયમાં જગડુ શાહ અને ભામાશા બિરાજમાન છે, આપના હૃદયમાં પણ બિરાજમાન છે, એ પ્રગટ થાવ અને આ યાત્રામાં આપ સર્વ સહભાગી થાવ અને આ જ્ઞાન યજ્ઞમાં આપને પણ સમિધ અર્પણ કરવાની ભાવના પ્રગટો, પ્રગટશે જ, પછી તો શાન્તાનુકૂલ પવનશ્ચ શિવશ્ચ પંથાઃ...

☐ ધનવંત શાહ

# શ્રી મોરારજીભાઈના આન્તર સાન્નિધ્યમાં

(ફેબ્રુઆરી એ આપણા મૂર્ધન્ય રાજનીતિજ્ઞ શ્રી મોરારજી દેસાઈનો જન્મ માસ. આપણે આપણા આદર્શ અને રાષ્ટ્રીય પુરુષોને જલ્દીથી ભૂલતા જઇએ છીએ. આજે રાજકારણમાં અને વહિવટી ક્ષેત્રે આપણા નૈતિક મૂલ્યોનું કેટલું બધું અવમૂલ્યન થયું છે એ આપણે સૌ જાણીએ છીએ.

આવા સમયે આ ફેબ્રુઆરીમાં આપણાં એ આદર્શ પુરુષને યાદ કરીએ તો જરૂર ક્યાંક પ્રેરણા જ્યોતિ પ્રગટશે.

તા. ૨૬-૨-૧૯૫૬નાં 'જન્મભૂમિ'ના તંત્રી શ્રી મોહનલાલ મહેતા સોપાને શ્રી મોરારજી દેસાઇની મુલાકાત લીધી હતી અને એઓ શ્રી સાથે પ્રશ્નોત્તરી કરી હતી. એ સ્મરણ નોંધ સર્વ પ્રથમ 'જન્મભૂમિ'માં ત્યારે પ્રગટ થઈ હતી. એ મુલાકાત પછી એ સમયના 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી શ્રી પરમાણંદ કુંવરજી કાપડિયાએ ૧૫ માર્ચ ૧૯૫૬ માં 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરી હતી. એ જ મુલાકાતના કેટલાંક અંશો આજે પચાસ વર્ષ પછી 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરી એ મહાપુરુષના જીવન અને આદર્શને અંજલિ આપવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

ગોધરા ત્યારે પણ હતું અને આજે પણ છે, પણ આપણો વિકાસ કેટલો ?

આવા આદર્શ રાજનીતિજ્ઞો અને આવા આદર્શોની આજે તો આપણને ખૂબ જરૂર છે.-તંત્રી)

### સરકારી નોકરી કેમ છોડી ?

મેં પહેલો પ્રશ્ન પૂછ્યો એમના જીવનના મહાન પલટાનો પ્રસંગ- 'ડેપ્યુટી કલેક્ટરના પદનું રાજીનામું આપી આપ સત્યાગ્રહમાં પડ્યા તેની પાછળ કોઈ પ્રસંગ કે વ્યક્તિની પ્રેરણા હતી ? નિર્ણય આકસ્મિક લેવાયો હતો ? કે લાંબા સમયનાં મનોમંથનનું પરિણામ હતું ?'

એમણે ઉત્તર આપ્યો: 'સત્યમય જીવન જીવવાની અભિલાષા પહેલેથી જ હતી. દેશભક્તિ પણ દિલમાં ખરી, પરંતુ કૌટુંબિક સંયોગ અંગે તેની તીવ્રતા નહિ. ખાદી ઘણા સમયથી પહેરતો ને સાદું જીવન પણ સ્વીકારેલું. સરકારી નોકર ન બનવું જોઇએ એવું મનમાં હતું. અને તે માટે અમદાવાદ સુધરાઇના અધિકારી થવા માટે અરજી કરી હતી. સરદારશ્રી તે વખતે સુધરાઇના સુકાની હતા, પરંતુ મારી નોકરીનું બની શક્યું નહિ.

'સરકારી નોકરી કરતાં કરતાં એમ થયા કરતું હતું કે આ રીતે પરદેશી સત્તાને ટકાવવામાં મદદરૂપ થવાનું યોગ્ય નથી, પરંતુ એમ કહેતો કે હું પોતે તો પ્રમાણિકતાથી ને લોકહિતની દૃષ્ટિથી વર્તું છું. અંગ્રેજો ને હિંદી અમલદારો વચ્ચે જે ભેદ રાખવામાં આવતો હતો તે મનમાં સળગી જતો અને તે કારણે પણ નોકરી છોડી દેવાની ઇચ્છા થયા કરતી હતી. દેશમાં રાષ્ટ્રભક્તિનો જુવાળ ચડતો હતો. મને એમ પણ લાગવા માંડ્યું કે બ્રિટિશ સત્તાને ટકાવવામાં સારા અમલદારો વિશેષ મદદગાર થાય છે, કારણ કે એમના દ્વારા લોકોનો વ્યાજબી અસંતોષ પણ ઓછો થાય છે. આ વિચારો આગળ વધતાં રાજીનામાનો નિર્ણય થઈ ગયો. માનસિક નિર્ણય અને નોકરી છોડવાના સમય વચ્ચે થોડું અંતર રહ્યું તેનું કારણ ગોધરાના બનાવો અંગે મારી સામે તપાસ ચલાવવામાં આવી હતી તે હતું. એમાંથી હું છટકવા માગતો નહોતો. એ તપાસ વેરવૃત્તિથી ને હું હિંદી હોવાથી ચલાવી હતી. એનું પરિણામ આવ્યું ને મેં રાજીનામું આપી દીધું.

### પ્રેરણા અંતરની

'કોઇની પ્રેરણા તે વખતે નહોતી. ગાંધીજીને તો મળેલો પણ નહિ. સરદારશ્રીને કેવળ એકવાર મળ્યો હતો ને તે પણ સુધરાઈની નોકરી અંગે વિધિસર મુલાકાત આપવા ગયેલો ત્યારે. સ્વ. મહાદેવભાઈ સાથે મારો પરિચય હતો, પરંતુ એમની સાથે આ વિષે ચર્ચા કરી નહોતી. પિતાજીના મૃત્યુ પછી કુટુંબની જે મહાન જવાબદારીઓ મારે શિરે આવી હતી તેમાંથી ઠીક અંશે મુક્ત થઈ ગયો હતો અને હવે અંગત લાભ માટે કંઈ કરવું નથી, કમાવું નથી એવો મનમાં નિશ્ચય થયો હતો એટલે નોકરી છોડવાનું સહેલું બન્યું.

'એ વખતે સત્યાગ્રહમાં જોડાવાની કોઈ ગણતરી નહોતી, પરંતુ બહાર આવ્યા પછી વાતાવરણમાં ભળતો ગયો. કોંગ્રેસમાં જઈ નામ નોંધાવ્યું. ધારાસણા ગયો. સવિનય કાનૂનભંગની લડતમાં 'સરમુખત્યાર' બન્યો ને જેલમાં ગયો. આજે વિચારું છું તો એમ લાગે છે કે આમાંનું કંઈ હું શોધવા ગયો નહોતો. પરિસ્થિતિ અનુસાર વર્ત્યો હતો. ગાંધીજીને તો છેક જેલમાંથી છૂટ્યા પછી મળ્યો. એ પછી પણ કામ વિના મળવાનું રાખતો નહિ.'

### ઇશ્વરનિષ્ઠાનું મૂળ

મેં બીજો પ્રશ્ન કર્યો: 'ઇશ્વર પ્રત્યે આપ અત્યારે જે શ્રદ્ધા ઉચ્ચારો છો તેનું બીજ, પ્રગટ રીતે, ક્યારનું ? એ શ્રદ્ધા જન્મવાનાં અને દૃઢ થવાનાં કોઈ કારણો આપી શકો ? કોઇ વાર અશ્રદ્ધાના અંધારા આવી જાય છે ખરા ?'

ઉત્તર મળ્યો: 'સંસ્કારબીજ વિષે એમ કહી શકાય કે પૂર્વજન્મની કંઈક મૂડી હશે, પરંતુ પ્રગટ રીતે વધુમાં વધુ અસર મારા પિતાજીની. તેઓ પ્રભુપરાયણ અને નિર્લેપ વૃત્તિના હતા. મને એમ લાગે છે કે આજે હું આ ક્ષેત્રમાં જે સ્થિતિએ પહોંચ્યો છું તે સ્થિતિ કરતાં તેઓ ત્યારે આગળ હતા. ઇશ્વર પ્રત્યેની એમની શ્રદ્ધા અનન્ય હતી. મને તો એમ લાગે છે કે એમને ત્યાં જન્મવાનું ને એમની છાયામાં ઉછરવાનું પણ ઇશ્વરની કૃપાથી જ બન્યું.

### સંપત્તિ અને વિપત્તિ

'જીવનના અનેકાનેક અનુભવોથી આ શ્રદ્ધા દૃઢ બનતી ગઈ છે. એમ કહું કે ઇશ્વરદર્શન-સત્યદર્શન એ જ જીવનનું અંતિમ ધ્યેય બની ગયું છે. એ વિના બધું મિથ્યા છે, ખોટું છે એમ અંતઃકરણથી લાગે છે ને બુદ્ધિનો પણ તેને ટેકો છે. અશ્રદ્ધાનાં અંધારાં કોઈ દિવસ આવ્યાં નથી; એમાં મારે અટવાવું પડ્યું નથી. હા, સુખદુઃખનાં મોજાઓ આવ્યાં હોય, પરંતુ ત્યારે ય એમ થાય કે ઈશ્વર મારું કંઈક ભલું કરવા માગે છે, મને કંઇક આપવા ઇચ્છે છે માટે આ આપત્તિ આવી છે. જીવનના અનુભવો ને અવલોકનોથી મને એવી ખાતરી થઈ ગઈ છે કે દુન્યવી સુખ ને સંપત્તિ આંતરશક્તિઓના વિકાસમાં બાધારૂપ નીવડે છે અને વિપત્તિથી આપણા અંતરનું તેજ બહાર આવે છે. આવી શ્રદ્ધા દુઃખના દિવસોમાં બળ આપનારી થાય છે. વાસ્તવમાં દુઃખ દુઃખ જ લાગતું નથી.'

### શ્રદ્ધાની જ્યોત

મેં પૂછ્યું: 'આ વિચારોના સમર્થનમાં આપના જીવનનો કોઈ સચોટ પ્રસંગ રજૂ કરી શકો ?'

એમણે કહ્યું: 'પ્રસંગો તો ઘણા છે. પણ શ્રદ્ધાની જ્યોતને જવલંત કરનારો પહેલો પ્રસંગ પિતાજીના મૃત્યુનો. મારી વય ત્યારે ૧૫ વર્ષની.

કોઈ માને નહિ, પણ ત્યારે હું શરીરે દુર્બળ અને મનથી બીકણ. હિંમતનો જ અભાવ. ચાર ભાઇઓ, બે બહેનો અને કુટુંબની બીજી જવાબદારીઓનો બોજો તદ્દન આકસ્મિક રીતે મારે માથે આવી પડ્યો. મારી શક્તિના પ્રમાણમાં આ વિપત્તિ ઘણી મોટી હતી. પિતાજીની પ્રેમાળ ને શીતળ છાયામાં ઉછરતાં આવાં દુઃખનો કદી ખ્યાલ જ કરેલો નહિ. ઘણાં દુઃખોનો તે વખતે સામનો કરવો પડ્યો. એમ કહું જીવનનો ભીષણ સંગ્રામ ખેલવો પડ્યો. આમાંથી શરીર, મન, આત્માની શક્તિ પેદા થઈ. પિતાજીનું મૃત્યુ ભયાનક દુઃખરૂપ હતું તે જ શક્તિદાતા સિદ્ધ થયું. ઓછાવત્તા મહત્ત્વના આવા બીજા પણ પ્રસંગો છે.'

મેં પૂછ્યુંઃ આપના જીવન ઉપર અપ્રસિદ્ધ ગણાય એવા કયા માણસોની વિશેષ અસર ? માતાપિતા, કુટુંબના વડીલો, મિત્રો વગેરેમાં કોઇની અસર ખરી ? પ્રસિદ્ધ વ્યક્તિઓમાં કોણ ?'

એમણે કહ્યુંઃ 'પિતાજીનું તો મેં કહ્યું. ઇશ્વર પ્રત્યેની શ્રદ્ધા અને સત્ય પ્રત્યેની દઢતા મને એમનામાંથી મળ્યાં. નિર્ભયતાના ગુણ માટે મારા દાદા-માતાજીના પિતા-નો આભાર માનવો જોઇએ. મારું ડરપોકપણું દૂર કરવામાં એમનો હિસ્સો ઘણો મોટો. એમ કહી શકું કે માતાપિતા અને આ દાદાએ અભય, સત્ય ને ઇશ્વરનિષ્ઠાની વૃત્તિઓને પોષણ આપ્યું. હું અભયને ખૂબ મહત્ત્વ આપું છું. એના વિના સત્ય, અહિંસા કે બીજા કોઈ ગુણો વિકસી શકે નહિ. એ ગુણનો પાયો ઇશ્વર પ્રત્યેની શ્રદ્ધામાં રહેલો છે તેમ હવે સમજું છું.

'મિત્રો-સાથીઓ જેવું મારે બહુ રહ્યું નથી. સારા ને મીઠાં સંબંધો અનેક, પરંતુ પહેલેથી જ મનનું વલણ એવું કે સૌની સાથે સમાન ભાવ રાખવો. મારો એ પ્રયત્ન આજે પણ ચાલુ જ છે.'

### મહત્ત્વાકાંક્ષા

મેં પૂછ્યુંઃ 'આપના જીવનમાં મહત્ત્વાકાંક્ષાનો હિસ્સો કેટલો ?'

જવાબ મળ્યો : 'જીવનમાં ઇચ્છાઓ થઈ છે, પરંતુ જેને મહત્ત્વાકાંક્ષા કહી શકાય એવી તીવ્રતા એમાં આવી નથી. ઇશ્વર પ્રત્યેની શ્રદ્ધાને કારણે કહો કે દઢ માન્યતાને કારણે કહો, પણ કોઈ સ્થાન કે સ્થિતિ શોધવા જવાનું મને પસંદ પડ્યું નથી. જે સામે આવે તે પૂરી નિષ્ઠાથી ને સંપૂર્ણ શક્તિ લગાવીને કરવું એ જ મનોવૃત્તિ પ્રધાનપણે રહી છે. મને એમ લાગ્યું છે કે આ પ્રકારની મનોવૃત્તિ એ મારો સ્વભાવધર્મ છે ને તેથી સ્વધર્મ પણ છે.'

### ગીતા ને આત્મકથા

મેં પૂછ્યું: 'આપના જીવન ઉપર ગંભીર અસર કરી જનારા પ્રસંગો ને પુસ્તકો વિષે કહેશો ?'

ઉત્તર મળ્યો : 'નાનામોટા પ્રસંગો તો ઘણા છે, પરંતુ મનની મૂળ સ્થિતિમાં ફેરફાર કરનારા એકેય નહિ. ઇશ્વર પ્રત્યેની શ્રદ્ધાને કારણે દરેક પ્રસંગને વધાવી લઉં. પુસ્તકોમાં ગીતા તો ખરી જ. ઉપરાંત, બાપુની આત્મકથા, એ બંનેએ માર્ગદર્શન અને પ્રેરણા આપવામાં સારી મદદ કરી છે.'

પ્રશ્ન : 'ગીતાના વિવિધ ભાષ્યો આપે વાંચ્યા છે ? વધુમાં વધુ અસર કયા ભાષ્યની ?'

હસીને જવાબ આપ્યો : 'મારા પોતાના ભાષ્યની. મને એમ જણાયું છે કે ગીતાના અર્થભાવ સમજવામાં ભાષ્યો નહિ પણ તે અનુસારનું આચરણ વિશેષ ઉપયોગી છે. તિલક મહારાજનું ભાષ્ય વાંચતો હતો, પણ 'શઠં પ્રતિ શાઠ્યમ્'નું સમર્થન આવતાં જ તે છોડી દીધું. શ્રી અરવિંદનું વિવેચન વાંચ્યું, પણ સૌથી વધુ ગમ્યું ગાંધીજીનું વિવેચન, એમાં પણ અહિંસાના સમર્થન કરતાં અનાસક્તિ ઉપર મુકાયેલો ભાર મનને વધુ રૂચી ગયો.'

પ્રશ્ન : 'દરરોજ ગીતાપાઠ કરો છો ?'

ઉત્તર : 'પહેલાં બે વાર ગીતા કંઠે કરેલી. આજે ય ઘણું કંઠે છે, પણ તે કરતાં વધુ એ જીવન સાથે વણાઈ ગઈ છે. નિયમિત પાઠ કરતો નથી, પણ તેનો સહવાસ રહે છે. ગીતાનો ઉપદેશ આચારની કસોટીએ ચડાવવાથી જ તે વધુ સમજાય છે એવી મારી પાકી ખાતરી થઈ છે. મારા મત પ્રમાણે તે આચારગ્રંથ છે.'

### ગૃહસંસાર

મેં નવો જ પ્રશ્ન કર્યોઃ 'લગ્નજીવન, ગૃહસંસાર, બાળકો બધાંથી સુખી છો ? કોઇવાર એ બધું છોડી દેવાની ઇચ્છા થઈ છે ? ત્યાગ, સંન્યાસ વગેરે અંગે આપના શા ખ્યાલો છે ?

હસીને જવાબ આપ્યોઃ 'જીવનધ્યેયને સિદ્ધ કરવામાં ઘર-કુટુંબ અંતરાયરૂપ થતા હોય તો તે છોડતાં હું અચકાઉં નહિ, પરંતુ માનું છું એમ કે નાસી જવામાં ત્યાગ કે સંન્યાસ નથી. સંસારના ધર્મો બજાવતાં જ આત્મવિકાસ સાધવો જોઇએ. ઘર-કુટુંબ મારા વિકાસમાં વિક્ષેપરૂપ થયા નથી, થશે ત્યારે તે છોડી દઇશ.'

### કઠોરતા-કટુતા

પ્રશ્ન : 'જનસમાજના મન ઉપર એવી અસર છે કે આપ પ્રમાણિક, નિર્ભય, સત્યવાદી ને સ્પષ્ટવક્તા છો, પરંતુ આપની વાણી કઠોર હોય છે ને તેમાં કટુતા પણ આવી જાય છે. હમણાં હમણાં એવી અસર વ્યાપક બનતી જાય છે કે આપના સ્વભાવમાંથી આ કઠોરતા ને કરુણાનું પ્રમાણ ઘટે છે ને મૃદુતાનું પ્રમાણ વધે છે. આ વિષે સાચી સ્થિતિ સમજાવશો ?'

સરળતાથી એમણે જવાબ આપ્યાઃ 'સત્યનો આગ્રહ તો પ્રથમથી જ. કોઇનો ડર રાખવો ન જોઇએ એવી પણ માન્યતા એટલે જે સાચું લાગે તે કહું, સામે જ કહું. એમ પણ માનું કે સામો માણસ કંઇક નબળો ને ખોટો હોય છે એટલે સત્ય સહન કરી શકતો નથી ને એને મારામાં કઠોરતા કે કટુતા દેખાય છે. પરંતુ અનુભવ અને આત્મનિરીક્ષણને અંતે મને એવી ખાત્રી થઈ છે કે જો સત્ય મૃદુતાથી રજૂ ન કરી શકાય અને સાંભળનારના ચિત્ત ઉપર તેનો જો ધક્કો લાગે તો આપણામાં કંઈક ખામી છે એમ સમજવું જોઇએ. શી ખામી છે તેની શોધમાં ઊંડા ઊતરતાં મને એમ લાગ્યું કે સત્ય નિર્વિકાર ભાવે રજૂ થાય તો સાંભળનાર તે પ્રમાણે વર્તે કે ન વર્તે, પરંતુ આપણી સચ્ચાઈ વિષે તેને શંકા ન રહે અને એમાં તેને કઠોરતા કે કટુતાનો અનુભવ ન થાય.'

નિર્વિકાર ભાવનાની વ્યાખ્યા કરતાં એમણે જણાવ્યું કે, 'આપણું ય બીજા સ્વીકારે જ એવો આગ્રહ છોડવો. અભિમાન તો રાખી શકાય જ નહિ. અપેક્ષારહિત બનવું ને દરેક વસ્તુને એકાંગી નહિ, પણ સર્વાંગી દૃષ્ટિથી જોવાની ટેવ પાડવી.'

### સત્ય અને પ્રિય

આ પ્રશ્નની ચર્ચામાં વધુ ઊંડા ઊતરતાં એમણે કહ્યુંઃ 'ઘણીવાર માણસ ભયથી ખોટું બોલે છે ને ભયને કારણે જ સત્યથી પણ ભડકે છે. સામા માણસને આપણો ભય ન લાગવો જોઇએ. તે અમુક કહેશે અમુક રીતે વર્તશે તો આપણે નારાજ થઇશું ને તેને જોઇતો લાભ નહિ મળે એમ તેને થવું ન જોઇએ. આપણે બીજાથી ભય ન પામીએ અને બીજા આપણાથી ભય ન પામે તેવી સ્થિતિએ પહોંચવાનો પ્રયત્ન કરવો જોઇએ. હું જાગ્રત રીતે એ પ્રયત્ન કરું છું, હજી ઘણો પંથ કાપવાનો બાકી છે. પરંતુ મારા સ્વભાવમાં જે પરિવર્તન દેખાય

છે તે આ પ્રયત્નનું ફળ હશે એમ માનું છું. સત્યે પ્રિય થવાની જરૂર નથી એ માન્યતા બદલાઈ ગઈ છે. સત્ય પ્રિય ન થાય તો ક્યાંક ખામી છે એમ સમજી આત્મનિરીક્ષણ કરવું જોઇએ.'

મેં પૂછ્યું: 'પણ એમ ન બને કે સ્વાર્થ સાધવા આવનારને સત્ય કડવું જ લાગે, એની ઇચ્છા ન સંતોષાય એટલાથી જ એમાં કઠોરતા જુએ ?'

એમણે કહ્યું: 'બહારથી ગમે તે દેખાવ રાખે અને વર્તે પણ ગમે તે રીતે, પણ આપણે નિર્વિકાર ભાવે સત્ય ઉચ્ચાર્યું હોય તો એના અંતરમાં આપણી સચ્ચાઇની પ્રતીતિ તો થાય જ એમ માનું છું. જતે દિવસે તે દૃઢ બને એ પણ શક્ય છે.'

### કલામાં રસ છે ?

મેં નવો જ પ્રશ્ન ઉપાડ્યો: 'સાહિત્ય, સંગીત, ચિત્ર, શિલ્પ, નાટ્ય, કાવ્ય વગેરે કલાઓ વ્યક્તિ અને સમાજના જીવનવિકાસમાં હિસ્સો પૂરી શકે એમ આપ માનો છો ? આપને અંગત રીતે આ કલાઓમાંથી વિશેષ શામાં રસ છે ? આમાંનું કંઈ શીખવાની વૃત્તિ રાખેલી ? કંઈ જાણો છો ? આવી પ્રવૃત્તિઓના પરિચયમાં રહો છો ? પ્રવૃત્તિના અતિરેકથી કે બીજા કોઈ કારણે જીવનને હાનિ થાય એમ માનો છો ?'

એમણે વિસ્તારથી જવાબ આપ્યો. તેનો સાર આવો હતો: ' આ બધી કલાઓ જીવનમાં નિર્દોષ આનંદ પૂરવામાં ને તેને સંસ્કારવામાં મદદરૂપ થાય છે એમ માનું છું, એટલે તેના વિકાસમાં રસ લઉં છું. પરિચય માટે ખાસ પ્રયાસ કરતો નથી, એવો ઉમળકો આવતો નથી. પરંતુ શક્ય તેટલા પરિચયમાં રહેવાનું બને છે ને એમાં રસ પણ આવે છે. કેવળ કલા જ નહિ. બધી જ પ્રવૃત્તિ, જેને ધર્મ પ્રવૃત્તિ તરીકે ઓળખીએ છીએ તે પણ વિવેક વિના થાય તો હાનિ થાય. જીવનના ઉચ્ચ મુલ્યો ચુકાય તો તેમાં વિકૃતિ પણ આવે. કલાકૃત્તિઓ તેમાં અપવાદરૂપ નથી.

### સંગીત અને લેખન

'વિશેષ રસ શામાં તે કહેવું મુશ્કેલ છે. સંગીત કંઇક વિશેષ ખરું. ચિત્ત ઉપર એની અસર વધુ થાય છે. નોકરી કરતો હતો ત્યારે ચાર મહિના દિલરૂબા શીખેલો, પણ પછી આગળ ચાલ્યું નહિ. એ બાજુ તીવ્ર વલણ નથી ને બીજી પ્રવૃત્તિઓનો રસ વધારે છે.'

પ્રશ્ન : 'કોઇવાર લખવાનો પ્રયત્ન કરેલો ? વાર્તા લખેલી છે ? કાવ્યરચના કોઇવાર કરી નાખી છે ?'

હસીને બોલ્યા : 'કાવ્ય તો નહિ જ. એ રીતે હું ગદ્ય જેવો છું ! લેખો લખવા પ્રયત્ન કરેલો. વાર્તાનો વિચાર કોઈ દિવસ આવ્યો નથી. બધું ગમે ખરું.'

### ભોજન અને રમતો

પ્રશ્ન : 'ભોજનમાં પ્રિય વાનગીઓ કઈ ? સ્વાદ-અસ્વાદ વિષે આપનો શો અભિપ્રાય ?'

ઉત્તર : 'રુચે તે જમું છું. ખાસ કોઈ વસ્તુ વિશેષ ભાવે છે એવું નથી. બધું જ ભાવે ને ફાવે તે સ્થિતિ સારી. અસ્વાદ પણ મારા મત પ્રમાણે એ જ.'

પ્રશ્ન : 'ક્રિકેટ, ફૂટબોલ, હોકી વગેરે બહારની રમતો અને પાનાં, ચોપાટ વગેરે ઘરની રમતોમાં રુચિ ખરી ?'

ઉત્તર : 'ફૂટબોલ-હોકી રમ્યો નથી. ક્રિકેટનો શોખ હતો ને સારું રમતો, નિષ્ણાંત નહિ જ. પાનામાં બ્રિજ વધુ ગમે, હમણાં જ માંદો હતો ત્યારે રમતો હતો. સ્ટેઇકથી નહિ. ઘરની ને બહારની રમતોમાં રસ ખરો.'

### આરોગ્ય

પ્રશ્ન : 'તબીબી વિદ્યામાં કઈ પદ્ધતિનું વિશેષ આકર્ષણ ? આપ પોતે કયા ઉપચારો પસંદ કરો છો ?'

ઉત્તર : 'ખાસ આકર્ષણ ને વિશ્વાસ કુદરતી ઉપચારમાં. એ પછીનું સ્થાન આયુર્વેદનું.'

પ્રશ્ન : 'વિજ્ઞાનમાં રસ ખરો ? યંત્રોમાં સમજો કે માથાકૂટ જેવું લાગે ?'

ઉત્તર : 'વિજ્ઞાનમાં ઘણો રસ. યંત્રોમાં પણ. મારો રેંટિયો બગડે ત્યારે તેને સુધારવામાં તલ્લીન બની જાઉં.'

### નહેરુની વિશિષ્ટતા

સમય મળતાં હું આગળ વધ્યો. મેં પૂછ્યું:

'શ્રી જવાહરલાલ નહેરુ રાષ્ટ્રના સર્વોચ્ચ નેતાના પદ માટે યોગ્ય છે ને તેના પ્રત્યે આપણી વફાદારી હોવી જોઇએ એમ કહેવામાં આવે છે. આપ જેનાથી પ્રભાવિત થયા હો એવા કયા ગુણો એમનામાં છે ?'

તરત જ ઉત્તર મળ્યો : 'નિર્વૈર ને ઔદાર્ય. આ ગુણો અસાધારણ જાગૃતિ અને પ્રયત્નથી પ્રાપ્ત થાય એવા છે, પરંતુ એમનામાં એ સહજ છે. એમની ઉદારતા અને હૃદયની વિશાળતા અદ્‌ભુત છે. આ કારણે એમની આસપાસમાં પ્રિયજનો હોવા છતાં તેમનાથી ભાગ્યે જ કોઇને અન્યાય થાય છે. વૈરવૃત્તિ એમના સ્વભાવમાં જ નથી. મનને લાગેલો આઘાત તેઓ થોડી વારમાં જ વિસરી જાય છે. એમનું બુરું કરનાર પ્રત્યે પણ એમના દિલમાં સહાનુભૂતિ જ હોય છે. એમના ઔદાર્ય અને નિર્વૈરના ઘણા દાખલા આપી શકાય, પરંતુ અત્યારે તે માટે સમય નથી.'

પ્રશ્ન : ' શ્રી જવાહરલાલ અને આપની વચ્ચે જે પ્રેમ, આદર અને વિશ્વાસ છે તેનો પાયો કયો ? કયા આધારે આ સંબંધ વિકસ્યો છે ?'

ઉત્તર : 'મારા તરફથી કહેવાનું હોય તો મેં કહેલા ગુણોથી હું આકર્ષાયો છું. જેમ જેમ નિકટ આવતો ગયો તેમ તેમ એ ગુણોની મને વિશેષ પ્રતીતિ થઈ ગઈ. એમની બાજુએ મારું અનુમાન એવું છે કે હું મારા અભિપ્રાયોમાં પ્રામાણિક હોઉં છું અને તટસ્થભાવે તે ઉચ્ચારું છું એમ તેઓ માનતા હશે. વિશ્વાસ તો અનુભવથી અને સંપર્કથી દૃઢ થતો હોય છે.'

પ્રશ્ન : 'વિનોબાજી અને જવાહરલાલજી વચ્ચે કેવો સંબંધ છે ? એમના વિચારભેદ વિષે આપનો શો મત છે ?'

ઉત્તર : બંનેનો હેતુ રાષ્ટ્રની સેવાનો છે. સ્વભાવભેદ ખરો, પરંતુ ભેદ કરતાં સામ્યનું પ્રમાણ ઘણું વધારે છે અને તે તરફ જ દૃષ્ટિ રહેવી જોઇએ.'

### ગાંધીજીની દૃષ્ટિ અને આજની નવરચના

'ગાંધીજીએ ઇચ્છા રાખી હતી તે પ્રમાણે અને તે પ્રકારે દેશની પ્રગતિ થાય છે એમ આપ માનો છો ? અત્યારે રાજ્યતંત્રો જે રીતે ચાલે છે તે ગાંધીજીના આદર્શોને અનુરૂપ છે ? ગાંધીજીના ગયા પછી વિશાળ અર્થમાં નૈતિક રીતે દેશ આગળ વધ્યો કે પાછળ પડ્યો છે ?'

થોડો વિચાર કરી એમણે કહ્યું: 'હું એમ માનું છું કે દેશ પ્રગતિ કરી રહ્યો છે. ગાંધીજીને અનુસરવાની સૌની વૃત્તિ છે. પ્રજા પણ એ જ ઇચ્છે છે અને રાજ્યકર્તાઓના મોટા ભાગની પણ એ જ મનોદશા છે. છતાં બધું એ રીતે જ ચાલે છે એમ કહી શકાય તેમ નથી. ગાંધીજીનો માર્ગ ચુકાઈ ગયો છે એવું હું માનતો નથી. મને તો ખાતરી થઈ છે કે

લોકતંત્રમાં રાજ્યકર્તાઓ સાચા અર્થમાં લોકોના પ્રતિનિધિ જ રહેવાના. આમાં અપવાદ હોય, પણ લોકોનું જે નૈતિક ધોરણ હોય તેવું જ તેના પ્રતિનિધિઓનું બને; કારણ કે પસંદગી એ પ્રકારે થાય અને લોકો પણ જાણે-અજાણે એવી જ અપેક્ષા રાખે. મારો તો એવો મત છે કે રાજ્યતંત્ર સુધારવા ઇચ્છનારે લોકમાનસ કેળવવા ઉપર વિશેષ ધ્યાન આપવું જોઇએ. મને એમ જણાયું છે કે અખબારો અને વ્યક્તિઓ જેટલી સરળતાથી સરકારની ટીકા કરે છે તેટલી સરળતાથી લોકોની ટીકા કરી શકતા નથી. લોકપ્રિયતા મેળવવાનું વલણ આ માટે કારણભૂત છે. લોકશાહી માટે હું આ મનોદશાને ભયકારક ગણું છું. રાજકર્તાઓની ભૂલો અવશ્ય બતાવવી જોઇએ અને નીડરતાથી ટીકા પણ કરવી જોઇએ, પરતુ જે પ્રશ્નમાં લોકો. ભૂલ કરતા હોય ત્યાં અપ્રિયતા ને રોષ વહોરીને પણ તે કહેવું જોઇએ. રાજ્યકર્તાઓની પણ એક જ બાજુ જોવાનું યોગ્ય નથી. જે સારું થતું હોય તેની પણ નોંધ લેવી જોઇએ.'

### પ્રધાનોની પ્રવૃત્તિ

મેં પૂછ્યું : 'ઉદ્‌ઘાટનો અને અન્ય સમારંભોમાં પ્રધાનો તેમ જ બીજા નેતાઓ આજે જેટલા પ્રમાણમાં હાજરી આપે છે તે આપને યોગ્ય લાગે છે ? વહિવટી કામની સરખામણીમાં તેનો ઉપયોગ વિશેષ છે ? દેશના વિવિધ ભાગોમાં સત્તાસ્થાને બેઠેલા માણસોની રહેણીકરણીથી આપને સંતોષ છે ?'

એમણે જવાબ આપ્યોઃ 'સમારંભોની વાતો બહુ મૂંઝવનારી છે. મારા મનમાં એટલું નક્કી છે કે સમારંભોમાં જવાની પાછળ પોતાના કામના પ્રચારનો અને લોકોનું માનસ જાણવાનો હેતુ હોવો જોઇએ; પોતાની પ્રસિદ્ધિનો કે માનમરતબાનો નહિ જ. આ બાબતમાં મર્યાદા મૂકવી જરૂરી છે, પણ મૂકવાનું બહુ જ કઠણ છે. જે લોકો વિરોધ કરે છે તે લોકો જ પોતાના કોઈ સમારંભ વખતે પ્રધાનોને આગ્રહ કરવામાં કચાશ રાખતા નથી. લાગવગો પણ લઈ આવે છે. ક્યાં જવું અને ક્યાં ન જવું તેની પણ મોટી મૂંઝવણ હોય છે. આમાં ક્યાંક ભૂલ થઈ જતી હશે, પરંતુ હેતુ જો સારો હોય તો તે વસ્તુ મને ચિંતાજનક કે વિરોધ કરવા જેવી લાગતી નથી.

'સત્તાસ્થાને બેઠેલાઓની રહેણીકરણી આદર્શ ભલે ન હોય પણ મારો એવો નિશ્ચિત અભિપ્રાય છે કે અન્ય દેશોની સરખામણીમાં આપણે ત્યાં ઘણી સારી સ્થિતિ છે. જે કંઈ મેં વાંચ્યું, સાંભળ્યું છે અને અહીં વિવિધ દેશોના અગ્રણીઓને મળવાનું થાય છે તે ઉપરથી હું કહી શકું કે આપણે ત્યાં સારી સ્થિતિ છે. આમાં સુધારો થયા જ કરવો જોઇએ, પણ તે માટેય હું લોકમત અને લોકકેળવણીને આવશ્યક ગણું છું. હું જે અભિપ્રાય ઉચ્ચારું છું તેમાં અપવાદરૂપ એટલે કે આપણને શરમ થાય એવા દાખલા હશે. બીજી બાજુ તેના માટે આપણે ગૌરવ લઈ શકીએ એવા દાખલાઓ પણ છે જ. સમગ્ર દૃષ્ટિએ વિચારતાં અને સરખામણીમાં મને આપણી સ્થિતિ સંતોષજનક લાગે છે.'

### અંતિમ ધ્યેય

હવે મેં સૌથી અગત્યનો અને છેલ્લો પ્રશ્ન રજૂ કર્યો: 'આપનો પરમ સંતોષ શામાં ? જીવનની અંતિમ અભિલાષા શી ? શું પ્રાપ્ત કરીને આપ કૃતકૃત્યતા અનુભવો ?'

ધીરગંભીર સ્વરે એમણે ઉત્તર આપ્યો: 'ઇશ્વર દર્શન-સત્યદર્શન, જીવનની શુદ્ધિ અને જ્ઞાનનો વિકાસ એવો થવો જોઇએ કે હું કેવળ સત્ય જ બોલું અને આચરું, અસત્ય, અભિમાન, દ્વેષ અને વિકારમાત્રથી હું મુક્ત હોઉં. આ સ્થિતિમાં હું જે બોલું તે સત્ય જ હોય. એટલે તે પ્રમાણે જ થાય. મને કોઈ ખોટો માની શકે નહિ, કલ્પી શકે નહિ.'

મેં વચ્ચે કહ્યું: 'આ સ્થિતિ તો અસાધ્ય જણાય છે.'

એમણે તરત જ જવાબ આપ્યો: 'ના, અસાધ્ય નથી. એવું હોત તો જગતના મહાપુરુષોએ તે સ્થિતિ પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ ન કર્યો હોત. મને પણ એટલી પ્રતીતિ તો થઈ જ છે કે આ સ્થિતિ સાધ્ય છે, આ જીવનમાં જેટલો પંથ કાપી શકાય તેટલો કાપવો જોઇએ. જીવનનું સાતત્ય હું સ્વીકારું છું. મારી દૃષ્ટિએ જીવન એક યાત્રા છે. આવી સ્થિતિ પ્રાપ્ત કરવામાં જે કંઈ આડું આવે તે છોડવું જોઇએ અને જે સહાયરૂપ થાય તે સ્વીકારવું જોઇએ એવી કસોટી મેં રાખી છે. આ કારણે હું કંઈ શોધવા જતો નથી, અને જે કર્તવ્ય આવી પડે છે તે પૂરી નિષ્ઠાથી બજાવવા પ્રયત્નશીલ રહું છું. હું જાણું છું કે મારામાં ઘણી ખામીઓ છે, પરંતુ સાચે માર્ગે છું ને અંતિમ ધ્યેય વિષે સ્પષ્ટ છું એટલી ખાત્રી તો મને છે જ. હું જે કરું છું તે વિશ્વાસથી કરું છું. ગાંધીજીનું જીવન અને ગીતા મારા માટે માર્ગદર્શક છે.'

આ મુલાકાત પુરી કરીને મેં જ્યારે વિદાય લીધી ત્યારે મને એમ થયું કે એમના ખંડમાં પ્રવેશ કર્યો તે કરતાં વધુ સમૃદ્ધ થઇને હું બહાર આવ્યો છું. સમયના અભાવે વધુ ચર્ચા થઈ શકી નહિ. પરંતુ જે કંઈ જાણવાનું મળ્યું તે ઘણું મૂલ્યવાન છે એવી અસર તો મારા મન ઉપર રહી જ. અને એમના પ્રત્યેક ઉત્તરમાં સચ્ચાઇનો રણકો હતો એવી પ્રતીતિ પણ મારા હૃદયે મેળવી.

☐ સોપાન

***

## શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહને મરણોત્તર લેજન્ડરી એવૉર્ડ

જૈન સોશ્યલ ગ્રુપ્સ ઈન્ટરનેશનલ ફેડરેશન દ્વારા હૈદરાબાદ અધિવેશનમાં જૈન જગતના અગ્રણી ચીમનલાલ ચકુભાઈ શાહને મરણોત્તર 'લેજન્ડરી' એવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આંધ્ર પ્રદેશના તત્કાલીન રાજ્યપાલ સુશીલકુમાર શિંદેની ઉપસ્થિતિમાં ચીમનભાઇના દોહિત્ર આશિષભાઈ તથા નીલેશ શાહે એવૉર્ડ સ્વીકાર્યો હતો. આ પ્રસંગે ફેડરેશનના પ્રમુખ ડૉ. સી. ડી. શાહ તથા દેશ-વિદેશથી આવેલા મહાનુભાવો ઉપસ્થિત હતા.

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પૂર્વ પ્રમુખ અને 'પ્રબુદ્ધ જીવન'ના માનદ્ તંત્રી હતા. સંઘ અને 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યે એઓશ્રીની અનન્ય પ્રેરણાત્મક સેવા હતી.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને 'પ્રબુદ્ધ જીવન' જૈન સોશ્યલ ગ્રુપ્સ ઈન્ટરનેશનલ ફેડરેશનને શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહની આવી ઉમદા કદર કરવા માટે અભિનંદન આપે છે.

☐ તંત્રી

# ઉવસગ્ગહરં સ્તોત્ર–એક સમીક્ષા

□ અરુણ શાં. જોષી

ખૂબ જ પ્રભાવશાળી આ સ્તોત્ર વિશે વિચાર કરતાં પહેલાં **સ્તોત્ર એટલે શું ?** તે જાણી લઈએ.

સ્તોત્ર શબ્દ સંસ્કૃત ભાષાનો છે, તે 'સ્તુ' નામના ક્રિયાપદમાંથી બનેલ શબ્દ છે. 'સ્તુ'નો અર્થ સ્તુતિ કરવી એવો થાય છે. તે ક્રિયાપદમાંથી સ્તવન શબ્દ પણ નિષ્પન્ન થયેલો છે. આમ, આ સ્તોત્રમાં સ્તુતિ થયેલી છે. માનવ માત્રને જીવનમાં સુખ અને દુઃખની અનુભૂતિ થયા કરે છે. તડકો અને છાંયડો આવ્યા જ કરે છે. સૂર્યને પણ ઉદય અને અસ્તની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. ભગવાન મહાવીરને પણ રાજવી સુખ છોડ્યા બાદ માનવીય, દૈવી અને તિર્યંચકૃત ઉપસર્ગો રૂપી દુઃખનો અનુભવ કરવો પડ્યો હતો. ગીતાના ગાયક શ્રીકૃષ્ણને પણ શિશુપાલ જેવા રાજાઓએ કરેલાં અપમાનો સહન કરવાં પડ્યાં હતાં. મહાત્મા ગાંધીજીના જીવનમાં પણ દુઃખદાયક પ્રસંગો બનતા રહ્યા હતા. કહેવાનું તાત્પર્ય એ છે કે સુખની ત્વરિત ગતિ વિત્યા બાદ દુઃખોની દીર્ઘ ક્ષણો સહુને ભોગવવી પડે છે. દુઃખની વિષમ સ્થિતિને સહ્ય બનાવવા માટે હર કોઈને પોતાનાથી અધિક શક્તિશાળી તત્ત્વના આધારની જરૂર પડે છે. માનવમાત્ર તો અપૂર્ણાંક છે. **પૂર્ણાંક તો માત્ર ભગવાન છે** એમ શ્રી બ. ક. ઠાકોરે 'પંચોતેરમે' નામના ગ્રંથમાં જણાવ્યું છે. તે રીતે જન્મધારી માનવ પોતાના કરતાં સરસાઈ ધરાવનારનું શરણું શોધે છે. 'ભગવાનમાં અનુરક્તિ' આ બે સબ્દોના પ્રથમ અને અંતિમ અક્ષરો સાથે લેતાં **'ભક્તિ'** શબ્દ નિષ્પન્ન થાય છે. પોતાનાથી ચડિયાતા તત્ત્વનું શરણું એટલે જ ભક્તિ. 'ગીતા'માં ભજસ્વ મામ્ શબ્દો આ જ બાબત સૂચવે છે. સારાંશ એ કે ભજન અથવા ભક્તિ કરનાર જ્યારે ઈશ્વરને શરણે જાય છે ત્યારે ઈષ્ટદેવને પ્રસન્ન કરવા તેની પ્રશંસા કરે છે. 'ખુશામત તો ખુદાને પણ પ્યારી' એમ કહેનારા ઘણાને આપણે સાંભળ્યા છે. આવી ખુશામત એ જ સ્તોત્ર. સ્તવનથી ભરપૂર 'ભક્તામર', 'કલ્યાણ મંદિર', ભીષ્મ સ્તવન, દેવી અપરાધ ક્ષમાપન આદિ અનેક સ્તોત્રો ભક્તોને ઇશ્વરનું ભજન કરવામાં ઉપયોગી થયાં છે એ આપણે સહુ જાણીએ છીએ.

પ્રસ્તુત 'ઉવસગ્ગહરં' નામના સ્તોત્રમાં ત્રેવીશમા તીર્થંકર શ્રી **પાર્શ્વનાથ ભગવાન**ને સ્તુતિ દ્વારા આરાધવામાં આવ્યા છે. હાલના વારાણસી, બનારસ કે કાશી નામે જાણીતા નગરમાં તેઓનો આવિર્ભાવ વિક્રમ સંવત પૂર્વે ૮૨૦ થી ૭૨૦ નો મનાય છે. તેમના માતાપિતાના નામો વામાદેવી અને અશ્વસેન છે. દરેક તીર્થંકરોની જેમ શ્રી પાર્શ્વનાથ ક્ષત્રિય હતા અને તેમનાં માતા-પિતા કાશીના રાણી અને રાજા હતા. કુશસ્થલની રાજકુંવરી પ્રભાવતી સાથે લગ્ન થયા બાદ શ્રી પાર્શ્વનાથે મહાભિનિષ્ક્રમણ કરેલું અને દીક્ષા અંગીકાર કરી હતી. કેવળજ્ઞાન પ્રાપ્ત કરનાર આ તીર્થંકર ભગવાન એક સો વર્ષનું પૂર્ણ આયુષ્ય ભોગવી સમેત શિખર ઉપર નિર્વાણ પામ્યા હતા.

**'જૈન સ્તોત્ર સંદોહ'** નામના ગ્રંથમાં કહેવામાં આવ્યું છે કે શ્રી પાર્શ્વનાથ ભગવાનનું નામ જ **પરમ મંત્રરૂપ છે.** જેમનું નામ સ્મરણ સર્વ મંત્રોમાં શ્રેષ્ઠ છે એવા આ ભગવાનની જે સ્તોત્રમાં ભક્તિ થઈ હોય તે સ્તોત્ર સ્વયં મંત્ર જ ગણાય.

અત્રે આપણે 'મંત્ર' શબ્દની વ્યુત્પત્તિ તપાસી લઈએ. ઈ. પૂ. આઠમી સદીમાં થઈ ગયેલા યાસ્કાચાર્યે જણાવ્યું છે કે મનન કરવાથી જે ત્રાણ અથવા રક્ષણ કરે તે મંત્ર. આમ પ્રભુનું નામ સ્મરવાથી પરમ કલ્યાણ પ્રાપ્ત થાય છે. આ **સ્તોત્રના રચનાર ભક્ત કવિનું નામ છે ભદ્રબાહુ સ્વામી.**

આ ભદ્રબાહુ સ્વામી ઉપર એવી તે શી આફત આવી પડી કે તેમને પાર્શ્વનાથ ભગવાનનું શરણું શોધવું પડ્યું ? આ શંકાનું સમાધાન કરનારી એક કથા છે જે નીચે મુજબ છે.

પ્રતિષ્ઠાનપુર નામના નગરમાં પુરોહિત વિષ્ણુમિત્ર અને તેની સોમા નામની પત્નીને ભદ્રબાહુ અને વરાહમિહિર નામના બે પુત્રો જન્મ્યા. બંને ભાઈઓએ અનેક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. તેમને યશોભદ્રસૂરિએ દીક્ષા આપી અને બંને બ્રાહ્મણ મટી જૈન બન્યા અને જૈન શાસ્ત્રો ભણવા માંડ્યા. તેમાં વરાહમિહિર અગિયાર અંગોનો અભ્યાસ કરીને અટકી ગયા. જ્યારે ભદ્રબાહુએ બધાં અંગોનો અભ્યાસ કરી આચાર્યની પદવી પ્રાપ્ત કરી. જ્યારે કોઈ પદવી પ્રાપ્ત ન થતાં વરાહમિહિર દીક્ષાનો ત્યાગ કરી ફરીવાર બ્રાહ્મણ બન્યા.

વરાહમિહિરે જ્યોતિષ વિદ્યાનો ઊંડો અભ્યાસ કરેલો. તે વિદ્યા વિશે તેમણે મહાન ગ્રંથ પણ લખેલો. નગરના રાજાને વરાહમિહિરે જણાવ્યું કે ચોમાસામાં અતિવૃષ્ટિ થશે અને પોતે દોરેલા કુંડાળામાં બાવન પળ વજનનું માછલું પડશે. આ સમાચાર ભદ્રબાહુને સાંભળવા મળ્યા. તેમણે રાજાને કહ્યું કે માછલું એકાવન પળના વજનનું હશે અને વર્તુળની કિનારીએ પડશે. બન્યું પણ એમ જ. વરાહમિહિર ઝંખવાણા પડીને જૈન ધર્મનો વિરોધ કરવા લાગ્યા. એ અરસામાં રાજાને ત્યાં પુત્ર જન્મ થયો. ત્યારે વરાહમિહિરે જણાવ્યું તે પુત્ર સો વર્ષ જીવશે. ભદ્રબાહુએ પોતાની વિદ્યાના પ્રભાવથી જણાવ્યું કે બિલાડીના કારણે રાજાનો પુત્ર એક સપ્તાહમાં જ મૃત્યુ પામશે. એમ જ બન્યું અને પછી તો વરાહમિહિર વધારે કોપાયમાન થયો અને મૃત્યુ બાદ વ્યંતર યોનિમાં જન્મી પૂર્વભવનું વેર લેવા તે રાજ્યમાં અનેક ઉપદ્રવો ફેલાવવા માંડ્યો. રાજા અને પ્રજાજનો ત્રાસી ગયા ત્યારે સર્વનું **કલ્યાણ કરવા** માટે ભદ્રબાહુએ આ સ્તોત્રની રચના કરી. કહેવાય છે કે પહેલાં આ સ્તોત્રમાં સત્યાવીશ ગાથાઓ હતી. કાળક્રમે તે ઘટવા લાગી અને હાલ આ સ્તોત્રમાં માત્ર પાંચ જ ગાથાઓમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનને સ્તવવામાં આવ્યા છે અને તેના પરિણામે રાજા અને પ્રજા બધા ઉપદ્રવો શાંત થતાં ખૂબ જ સુખી થયા. આમ આ સ્તોત્રની રચના બાબત જે કથા જૈન પરંપરામાં મળે છે તે આપણે જોઈ. હવે આપણે સ્તોત્રથી પરિચિત થઈએ.

ઉપર આપણે નોંધ્યું છે તેમ આ સ્તોત્રની **પાંચ** જ ગાથાઓ હાલ ઉપલબ્ધ છે. હવે આપણે તે ગાથાઓ અને તેનો અનુવાદ જોઇશું.

(૧) ઉવસગ્ગહરં પાસં પાસં વંદામિ કમ્મઘણ મુક્કં
વિસહર વિસ નિન્નાસં મંગલ કલ્લાણ આવાસં...(૧)

શબ્દાર્થ : ઉવસગ્ગ=મહામારી જેવા રોગો, અપમાનો, દુઃખો, વિઘ્નો વગેરે પાસં=સમીપમાં. પાસં=પાર્શ્વનાથ ભગવાન, વંદામિ= પ્રણમું છું. કમ્મ=કર્મ, ઘણ=વાદળ, મુક્કં=મુક્ત, વિષહર=ઝેરી સાપ, વિસ=ઝેર, નિન્નાસં=નષ્ટ કરનાર, આવાસં=સ્થાન.

**અનુવાદ :** જેમની સમીપમાં વિઘ્નહર્તા, કર્મ રૂપી વાદળોથી મુક્ત, ઝેરી સર્પનું ઝેર નષ્ટ કરનાર, મંગળ કલ્યાણના આવાસ રૂપ એવા

ભગવાન પાર્શ્વનાથ રહેલા છે એવો હું (ભદ્રબાહુ) પાર્શ્વનાથ ભગવાનને વંદન કરું છું.

(૨) વિસહર ફુલ્લિંગમંતં, કંઠે ધરિઇ જો સયા મણુઓ
તસ્સ ગહ રોગ મારી દુટ્ઠ જરાજંતિ ઉવસાયં...(૨)

શબ્દાર્થ : વિસહર=વિષ દૂર કરનાર, ફુલ્લિંગ=એ નામનો મંત્ર મંતં=મંત્ર. કંઠે=કંઠમાં, ધારેઈ=ધારણ કરે, સયા=સદા, મણુઓ= માનવી, તસ્સ=તેના, ગહ=ગ્રહ, મારી=મહામારી જેવા રોગો, દુટ્ઠજરા=વિષમ પ્રકારના તાવ. ઉવ સામં જંતિ=શાંત થઈ જાય છે.

**અનુવાદ :** જે માનવી ઝેર દૂર કરનાર વિષહર અને ફુલ્લિંગ નામના મંત્રોને હંમેશાં ગળામાં ધારણ કરે છે તેના ગ્રહ, રોગ, મહામારી જેવા ઉપદ્રવો અને ન મટે તેવા અસાધ્ય તાવ વગેરે શાંત થઈ જાય છે.

(૩) ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામોવિ બહુ ફલો હોઇ,
નરં તિરિયેસુ વિ જીવા પાવંતિ ન દુક્ખ દોગચ્ચં...(૩)

શબ્દાર્થ : ચિટ્ઠઉ=રહે, દૂરે=દૂર, મંતો=મંત્ર. (મંત્ર દૂર રહે એટલે મંત્રની વાત તો દૂર રહી), તુજઝ=તમને કરવામાં આવેલ, પણામોવિ =પ્રણામ અથવા વંદનં પણ, બહુ=અનેક, ફલો=ફળ, હોઈ= આપનાર બને, નર=માનવ, તિરિયેસુ=પ્રાણીઓ, વિ=પણ, જીવા= જીવાત્માઓ, પાવંતિ=પામે, દુકખ=દુઃખ, દોગચ્ચં=દૌર્ગત્ય અથવા દુર્ગતિ અથવા ખરાબ દશા.

**અનુવાદ :** મંત્રની વાત તો દૂર રહી, આપને કરવામાં આવેલ પ્રણામ પણ અનેક ફળો આપનાર બને છે. અરે! માનવી કે પ્રાણી જેવા જીવાત્માઓ પણ દુઃખ કે ખરાબ દશા પામે નહીં.

(૪) તુહ સમ્મતે લદ્ધે ચિંતામણી કપ્પપાયવબ્ભહિએ:
પાવંતિ અવિગ્ઘેણં જીવા અયરામરં ઠાણં...(૪)

**શબ્દાર્થ :** તુહ=તમને, સમ્મતે=સંમતિ, અનુમતિ, લદ્ધે=મળે, ચિંતામણી=વિચારીએ એવું ફળ આપનાર મણિ, કપ્પ=કલ્પ, પાયવ=વૃક્ષ, બ્ભહિયો=અધિક, પાવંતિ=પામે છે, અવિગ્ઘેણં= વિઘ્ન વગર અયરામર=અજરામર, ઠાણં=સ્થાન.

**અનુવાદ :** આપ પ્રસન્ન થાવ અથવા સંમતિ આપો તો જીવાત્મા- ઓને ચિંતામણિ કે કલ્પવૃક્ષથી પણ અધિક ફળ આપે એવું આ અજરામર સ્થાન વિના વિઘ્ને મળે છે.

(૫) ઇઅ સંથુઓ મહાયશ, ભત્તિબ્ભર નિબ્ભરેણ હિયએણં
તા દેવ ! દિજ્જ બોહિં ભવે ભવે પાસ જિણચંદ...(૫)

**શબ્દાર્થ :** સંથુઓ=સ્તુતિ કરી છે. મહાયશ=જેની કીર્તિ મહાન છે તે. ભત્તિબ્ભર=ભક્તિથી ભરપૂર, નિબ્ભરેણ=ગાઢ, હિયએણં= હૃદયથી, તા=તો, દેવ!=હે દેવ, સંબોધન છે. દિજ્જ=દેજો, આપજો, બોહિં=બોધ, ભવે ભવે=દરેક ભવમાં, પાસ=હે પાર્શ્વનાથ, જિણચંદ=જિનોમાં ચંદ્ર જેવા, ઇઅ=આમ.

**અનુવાદ :** હે મહાયશસ્વી, જિનોમાં ચંદ્ર સમાન, પાર્શ્વનાથ દેવ, મેં આ રીતે ગાઢ ભક્તિભાવવાળા હૃદયથી આપની સ્તુતિ કરી છે, તો મને દરેક ભવમાં (જીવનોપયોગી) ઉપદેશ આપજો.

આ રીતે શબ્દાર્થ અને ભાષાંતરથી પરિચિત થયા બાદ હવે આપણે **પ્રત્યેક ગાથા વિશે થોડો વધુ વિચાર કરીએ.**

**પ્રથમ ગાથામાં** સાડત્રીશ અક્ષર છે. ગણના કરતી વખતે જોડાક્ષરને એક જ અક્ષર ગણવામાં આવે છે. અલંકારની રીતે વિચારીએ તો આ ગાથામાં શ્લેષ અને યમક અલંકારનાં દર્શન થાય છે. વિસહર શબ્દ શ્લેષમય છે. તેનો એક અર્થ વિષધર એટલે કે સર્પ થાય. બીજો અર્થ વિષને હરી લો એવો થાય. પાસ પાસ શબ્દોમાં યમક અલંકાર છે. આ અલંકારમાં એક જ શબ્દ બે વખત પ્રયોજાયો હોય છે. એક પાસનો અર્થ સમીપ થાય છે અને બીજો શબ્દ પાર્શ્વનાથનો પરિચાયક છે. આ ગાથામાં સર્પ અને તેના ઝેરને નષ્ટ કરવાની વાત કરવામાં આવી છે. તે માટેનું ખાસ પ્રયોજન છે. પાર્શ્વનાથ ભગવાનનાં માતા વામા દેવી જ્યારે ગર્ભવતી હતાં ત્યારે કૃષ્ણપક્ષની રાત્રીએ પોતાના પડખેથી પસાર થતા એક સર્પને જોયો હતો. તેથી જન્મબાદ રાજાએ કુમારનું નામ પાર્શ્વ પાડ્યું. તેમનું લાંછન સર્પનું છે. તેમનો સહાયક યક્ષ પાર્શ્વ અને સહાયિકા યક્ષિણી પદ્માવતી હતાં. નીલ વર્ણના છ ધનુષ્ય ઊંચાઈ ધરાવતા પૂર્વભવની દશની સંખ્યા ધરાવતા આ પ્રભુ તેત્રીશ મુનિઓની સાથે સમેત શિખર ઉપર નિર્વાણ પામ્યા હતા. 'ઉવસગ્ગહરં પાસ' નો અર્થ બીજી રીતે જોઈએ તો આ પ્રમાણે પણ થઈ શકે. જેની સમીપમાં પાર્શ્વયક્ષ, ધરણેન્દ્ર અને પદ્માવતી જે દેવો–વ્યંતરો વગેરેથી કરવામાં આવેલ અનેક પ્રકારના ઉપસર્ગોને દૂર કરનારા રહેલા છે એવા પાર્શ્વનાથ. આ મંત્રમાં પ્રભુને સર્પનું ઝેર દૂર કરનાર કહેવામાં આવ્યા છે. પ્રભુની કૃપા હોય તો ઝેર પણ અમૃત બની જાય છે. આ બાબતમાં અમૃત જાણી ઝેરને પી જનાર મીરાનું દૃષ્ટાંત આપી શકાય. ગર્ભસ્થ પ્રભુનું સામીપ્ય ઝંખતા સર્પનું ઝેર દૂર કરવાની પાર્શ્વનાથમાં શક્તિ હોય જ એ બાબત વામાદેવીના ઉપર જણાવેલ પ્રસંગ પરથી મળી રહે છે. વળી સર્પો તેમને વશ હતા એ બાબત તો પાર્શ્વનાથની મૂર્તિ નિહાળતાં જ સ્પષ્ટ થઈ જાય છે. તેઓ અનેક ઉપસર્ગો રૂપી વિઘ્નોને દૂર કરનાર છે એવી પ્રતીતિ ભક્ત કવિને થાય છે. ઉપસર્ગો કેવા હોય તેની વિવિધતાપૂર્વકની માહિતી 'ઉવાસગદશા'માંથી મળી રહે છે. આનંદ, કામદેવ, સુરાદેવ, ચુલણીપિયા, કુંડકોલિક જેવા ગૃહસ્થોને અનેક પ્રકારના ઉપસર્ગો નડ્યા હતા પણ ધ્યાનમાં તલ્લીન રહેવાથી તેઓ ઉપસર્ગો ઉપર વિજય મેળવી શક્યા હતા. આમ પ્રભુની કૃપા મળે તો નિંદા, રોગ, ભય વગેરે ઉપસર્ગોને નાથી શકાય છે. ઉપર જણાવેલ કથા અનુસાર વરાહમિહિરે પોતાના બીજા ભવમાં જૈન સાધુઓ અને સંતો ઉપર વેર વાળવા મહામારી જેવા ઉપદ્રવો ફેલાવેલા તેના નાશ માટે જ આ સ્તોત્ર રચાયેલું એ આપણે જોયું. આપણા જીવનમાં પણ અનેક ઉપસર્ગો આવે ત્યારે શાંતિપૂર્વક પરમ પ્રભુનું ધ્યાન કરવાથી ઉપસર્ગો નાશ પામશે જ એવી શ્રદ્ધા આ ગાથા વાંચવાથી દૃઢ થાય છે.

**દ્વિતીય ગાથામાં** આડત્રીશ અક્ષરો છે. અહીં કહેવામાં આવ્યું છે કે શ્રી પાર્શ્વનાથ પ્રભુનું નામ જપવાથી જ બધા અનર્થો દૂર થઈ જાય છે. કળિયુગમાં નામજપનું ખૂબ જ માહાત્મ્ય છે એવું પ્રતિપાદન નડિયાદના પૂ. મોટાએ કરેલ છે. આ મંત્ર શબ્દનો યુત્પત્તિગત અર્થ એટલે કે મનન કરવાથી જે ત્રાણ કરે છે તે મંત્ર એ આપણે શરૂઆતમાં જોઈ ગયા છીએ. શ્રી પાર્શ્વનાથ પ્રભુના નામથી અધિષ્ઠિત વિસહર ફુલ્લિંગ નામના મંત્રનો જાપ કરવાથી અનેક ફળ પ્રાપ્ત થાય છે એમ અહીં કહેવામાં આવ્યું છે. તેમનો જાપ કરવાથી ગ્રહપીડા, સાધ્ય કે અસાધ્ય રોગો વગેરે નષ્ટ થઈ જાય છે. આપણા ભારત દેશમાં નામ સ્મરણનો બહુ મહિમા છે. સિરિવાલકહા, ઓખાહરણ વગેરેના પાઠથી અનેક પ્રકારની અશાંતિઓ દૂર થઈ જાય છે. એવી આપણને શ્રદ્ધા છે. નવકારમંત્રથી કેન્સર જેવા રોગ મટ્યાના ઉદાહરણો પણ મળી આવે છે.

**તૃતિય ગાથામાં** આડત્રીશ અક્ષરો છે. આ ગાથામાં મંત્રની ઉપાસના

જેનાથી શક્ય ન હોય તેને સાંત્વન મળી રહે છે. મંત્રજાપ ન કરી સકનાર છેવટ ભગવાનને પ્રણામ તો કરી જ શકે. આવી સીધી સાદી અર્ચનવિધિ પણ અનેક પ્રકારનાં ફળ આપનારી બને છે, પ્રણામ તો માનવીની જેમ પ્રાણીઓને માટે પણ સુગમ છે. માથું નમાવતાં કે સૂંઢ ઊંચી કરતાં પ્રાણીઓ કે બહુ ભણેલ ન હોય, એવા માનવીઓ મંત્રનો જાપ ભલે ન કરી શકે, માત્ર વંદન કરવાથી પણ પાર્શ્વનાથ ભગવાન રીઝી જાય છે અને ભક્તને ન્યાલ કરી દે છે. આ રીતે જેઓ શંકર ભગવાનની જેમ આશુતોષ છે. તેમને કરવામાં આવેલ વંદન નિષ્ફળ જતાં નથી. વંદન કરનારને ક્યારેય દુઃખનો અનુભવ થતો નથી કે ક્યારેય દુર્ગતિનો અનુભવ થતો નથી. ભાગવતમાં મગરથી પકડવામાં આવેલ હાથીના મોક્ષની વાત જે ગજેન્દ્ર મોક્ષ તરીકે જાણીતી છે તેનો ઉલ્લેખ છે. ભગવાને તેને દુર્ગતિમાંથી બચાવ્યો હતો. આમ ભગવાનનું શરણું અનન્ય ભાવે, પૂર્ણ સમર્પણ ભાવે લેવાથી અનેક પ્રકારના લાભ થાય છે.

**ચતુર્થ ગાથા**માં પાંત્રીશ અક્ષર છે. આ ગાથામાં ચિંતામણિ અને કલ્પવૃક્ષનો ઉલ્લેખ થયેલ છે. કલ્પવૃક્ષ નંદનવનનું વૃક્ષ છે અને તેની છાયામાં બેસીને કરવામાં આવેલ સંકલ્પો ફળે છે એવી એક માન્યતા છે. ચિંતામણિ એક રત્ન છે. 'કુમ્માયુની ચરિય' નામના કાવ્ય ગ્રંથમાં સુલોચનમુનિએ માનવ જીવનને ચિંતામણિ સાથે સરખાવ્યું છે. પ્રમાદને કારણે જેમ હાથમાંથી સરી ગયેલ મણિ જળાશયમાંથી પાછો ન મળે તેમ પ્રમાદથી જીવન પણ નષ્ટ થઈ જાય છે અને દુર્લભ એવો માનવ જીવ ફરીવાર મળતો નથી. અહીં ગાથાનો અર્થ આપતી વખતે કહેવામાં આવ્યું છે કે જો પાર્શ્વનાથ ભગવાન રાજી થાય, રજા આપે તો અજરામર સ્થાન મળી શકે છે. ભાગવતમાં ભગવાનની કૃપાથી આવું સ્થાન મેળવનાર ધ્રુવનું વ્યાખ્યાન વાંચવા જેવું છે. પ્રભુનું સમ્યક્ત્વ પામવાથી દુર્લભ એવા સ્થાનની પ્રાપ્તિ થાય છે એમ કહીને પણ આ ગાથા સમજાવવામાં આવે છે. સમ્યક્ત્વ પામ્યા બાદ સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર પ્રાપ્ત થતાં જીવને રત્નત્રયી પામ્યાનો લાભ થાય છે અને મોક્ષપદ સુલભ બને છે.

**પંચમ ગાથા**માં આડત્રીશ અક્ષરો છે. પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ કરવાથી ભક્તને જર ઝવેરાત, ગાડી, લાડી કે વાડી મેળવવાની તમન્ના નથી. તેને તો ભવે ભવ સુબોધ મેળવવાની ઝંખના છે. અહીં આપવામાં આવેલ વિગત પરથી વ્યંજના દ્વારા એ જાણવા મળે છે કે પ્રભુને પ્રસન્ન કરવા માટે ઉત્કટ ભક્તિભાવવાળું હૈયું જરૂરી છે. બાહ્ય આડંબરવાળી પૂજાવિધિ કરતાં ભક્તિભાવ-પૂર્વકનું અર્ચન જ પ્રભુને પ્યારું છે. તેથી જ કહેવાય છે કે ભાવપૂજા મેરુ પર્વત છે અને અંગપૂજા રાઇનો દાણો છે. ચઉ ભેઓ ધમ્મો, દાણં તવો સીલં ભાવો વિ એમ સિરિવાલ કહામાં કહેવામાં આવ્યું છે. તેમાં ભાવનું મહત્ત્વ દાન, તપ કે શીલ કરતાં અધિક દર્શાવ્યું છે. આ ગાથામાં તીર્થંકર ભગવાનને મહાયશસ્વી અને દેવ ગણવામાં આવ્યા છે. જિણ ચંદ શબ્દ દ્વારા સંબોધન કરવામાં આવ્યું છે તે પણ સહેતુક છે. ચંદ્ર શીતલતાનું પ્રતીક છે. સર્પો જેમ શીતલતા પ્રાપ્ત કરવા ચંદનવૃક્ષનો આશ્રય લે છે તેમ પાર્શ્વનાથનું પણ સામીપ્ય ઝંખે છે.

આ સ્તોત્રની પાંચ ગાથાઓમાં (૧) વંદન (૨) મંત્ર (૩) પ્રણામ (૪) સમ્યક્ત્વ પ્રાપ્તિ (૫) ઉપદેશ પ્રાપ્તિ એવા **પાંચ વિષયો**નું આલેખન છે. આ ગાથાઓમાં વલ્લભકર, સૌભાગ્યકર, જયશેષનાશક, વિષમ વિષ નિગ્રહકર આદિ **યંત્રો**નું પણ સૂચન છે.

એકંદરે જોતાં આ સ્તોત્ર ખૂબ જ કલ્યાણકારી છે. વળી તેમાં સ્તોત્રનાં **બધાં જ લક્ષણ** સમાવિષ્ટ છે. હૃદયમાંથી સ્ફુરેલ હોવાથી સ્તોત્રમાં સરળતા હોય છે. ક્લિષ્ટ શબ્દો હોતા નથી. વાક્યરચના તરત જ સમજાય એવી હોય છે. આ સ્તોત્રમાં એ રીતે ખૂબ જ સરળતા જોવા મળે છે. પાંચેય ગાથાઓનું સ્મરણ કરવાથી સર્વ કાર્યોની સિદ્ધિ થાય છે. જીવનની વિષમતાઓ દૂર થાય છે અને પુણ્ય, પાપમય પ્રભુતા વગેરેની પણ પ્રાપ્તિ થાય છે.

આ સ્તોત્ર મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંપ્રદાયમાં ખૂબ જ શ્રદ્ધેય મનાયું છે. આ સ્તોત્રનો મહિમા અપરંપાર છે. નવકાર મંત્ર, સંતિકરં સ્તોત્ર, તિજય પહુત્ત સ્તોત્ર, નમિઊણ સ્તોત્ર, અજિત શાંતિ સ્તોત્ર, ભક્તમાર સ્તોત્ર, કલ્યાણ મંદિર સ્તોત્ર અને બૃહદ્ શાંતિ સ્તોત્ર સાથે ઉવસગ્ગહરં સ્તોત્રની ગણના **નવસ્મરણ**માં થાય છે.

કરુણાના ભંડાર એવા ભદ્રબાહુએ દશવૈકાલિક, આચારાંગ, સૂત્રકૃતાંગ વગેરે દસ ગ્રંથો ઉપર નિર્યુક્તિઓ રચી છે. મહામંગલકારી કલ્પસૂત્રની પણ તેમણે જ રચના કરી છે.

આ ઉવસગ્ગહર સ્તોત્ર ઉપર મળતી પાદપૂર્તિની રચના શ્રી વિજય ધર્મધૂરંધર સૂરિશ્વરજીએ કરેલી છે. અસ્તુ. જય જિનેન્દ્ર.

* * *

## સંઘને ભેટ : 'પ્રબુદ્ધ જીવન નીધિ'

**રૂા. પાંચ લાખ** : 'પ્રબુદ્ધ જીવન નીધિ' કાયમી ફંડમાં, એક સુશ્રાવક તરફથી.

**રૂા. પાંચ લાખ** : 'ડૉ. રમણલાલ ચી. શાહ સાહિત્ય સૌરભ'ના ગ્રંથો માટે એક સુશ્રાવક તરફથી.

**રૂા. એક લાખ** : ડૉ. રમણલાલ ચી. શાહ સ્મરણાંજલિ સંપુટ માટે એક સુશ્રાવક તરફથી.

**રૂા. એક લાખ** : પ્રા. તારાબહેન રમણલાલ શાહ તરફથી સ્વ. દીપચંદ ત્રી. શાહ પુસ્તક પ્રકાશન ફંડ માટે.

મહાનુભાવ દાતાઓને અમારા અંતરના અભિનંદન અને ધન્યવાદ. શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સર્વ સભ્યો આ દાતાશ્રીઓના આભારી છે.

'પ્રબુદ્ધ જીવન' માટે કાયમી ફંડ માટેની સંઘે 'પ્રબુદ્ધ જીવન નીધિ'ના નામે સ્થાપના કરી છે. રૂા. ૨૫ લાખ એકત્રિત કરવાનો નિર્ધાર છે.

આ જ્ઞાન યજ્ઞમાં આપ સૌ ગુણીજનોને સહભાગી થવા વિનંતિ.

આપનો એક એક રૂપિયો ઉત્તમ વિચાર યાત્રાને આગળ વધારશે, અને અનેકોના ચિત્તમાં એ સત્ત્વશીલ વિચારોનું આરોપણ થશે.

**પ્રમુખ**

**તેમ જ સંઘની કાર્યવાહક સમિતિના સર્વ સભ્યો**

# જૈન પારિભાષિક શબ્દકોશ

ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(જૈન સાહિત્ય સમારોહ વખતે ઘણી વખત મેં પૂ. રમણભાઇને જૈન પારિભાષિક શબ્દકોશ માટે વિનંતિ કરેલી. ત્યારબાદ આ વિશે ઘણી વખત અમારે ચર્ચા થતી હતી. પણ પૂ. સાહેબ ઘણા વ્યસ્ત હતા એટલે કામનો પ્રારંભ થઈ શક્યો નહિ. પરંતુ મારા મનમાંથી આ વાત નીકળે નહિ. થોડા દિવસ પહેલાં સ્નેહી મિત્ર ડૉ. જિતેન્દ્રભાઈને મેં ફોન ઉપર વિનંતિ કરી, અને કેવા જોગાનુજોગ કે પૂ. સાહેબ સાથે જિતેન્દ્રભાઈને પણ આ વિશે વાત થઈ હતી.

શ્રી જિતેન્દ્રભાઈએ મારી વિનંતિ તરત જ સ્વીકારી એ માટે અમો એમના આભારી છીએ.

હવેથી 'પ્રબુદ્ધ જીવન'ના પ્રત્યેક અંકે આ લેખમાળા પ્રગટ થશે. જૈન પારિભાષિક શબ્દો તો અનેક છે.

આ શબ્દોનો અંગ્રેજી અર્થ પણ પ્રગટ થવાથી હવે દાદા-દાદી પોતાના પૌત્ર-પૌત્રી-દોહિત્ર-દોહિત્રીને અંગ્રેજીમાં પણ જૈન તત્ત્વ સમજાવી શકશે. આ પારિભાષિક શબ્દકોશનો એ પણ એક મુખ્ય હેતુ છે; કારણ કે નવી પેઢીનું શિક્ષણ માધ્યમ બહુધા અંગ્રેજી જ છે.

ડૉ. જિતેન્દ્રભાઈ શાહ જૈન ધર્મના ઊંડા અભ્યાસી છે. બનારસમાં જૈન ધર્મના પ્રકાંડ પંડિત ડૉ. સાગરમલ જૈનના માર્ગદર્શન હેઠળ એઓશ્રીએ 'દ્વાદશ નયચક્ર' ઉપર શોધ પ્રબંધ લખી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. અત્યારે અમદાવાદની લાલભાઈ દલપતભાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલોજીમાં એઓ ડિરેક્ટર તરીકે પોતાની સેવા આપી રહ્યાં છે. —તંત્રી)

વર્તમાન સમયમાં ધર્મ પ્રત્યેની ભાવનામાં અભિવૃદ્ધિ થઈ રહી છે. ધર્મના ગ્રંથો વાંચવાની જિજ્ઞાસામાં પણ અભિવૃદ્ધિ થઈ છે. જૈન ધર્મના ગ્રંથો પણ અધિકાધિક સંખ્યામાં છપાઈ રહ્યા છે પરંતુ તે ગ્રંથોમાં વપરાતા પારિભાષિક શબ્દોનો પ્રચુર માત્રામાં ઉપયોગ થતો હોવાથી વાચકને તે ગ્રંથો વાચવામાં રસ પડવાને બદલે કંટાળો આવવા લાગે છે તેથી તેવા શબ્દોના અર્થનો એક કોશ હોવો જોઇએ એ આજના યુગની માંગ છે. આ અંગે મુ. શ્રી રમણભાઈ ગંભીરતાથી વિચારી રહ્યા હતા. તેમની ભાવના એક કોશ તૈયાર કરવાની હતી પરંતુ દુર્ભાગ્યે તે અપૂર્ણ જ રહી. હવે તે દિશામાં અહીં પ્રયાસ આદર્યો છે. વર્તમાનકાળે પારિભાષિક શબ્દોના માત્ર ગુજરાતી અર્થથી પણ ચાલે તેમ નથી હવે તો અંગ્રેજી અર્થ પણ આપવા જરૂરી છે. તેથી અહીં દ્વિભાષી શબ્દકોશ આપવામાં આવી રહ્યો છે. ક્રમશઃ શબ્દો તથા તેના અર્થો આપવાનો અહીં ઉપક્રમ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | અજીવ | Non sentient entity | અનાત્મ તત્ત્વ, નિર્જીવ |
| ૨. | અદત્તાદાન | Stealth | ચોરી, માલિકની રજા સિવાય પદાર્થ લઈ લેવો. |
| ૩. | અધર્માસ્તિકાય | Media of rest | સ્થિતિ સહાયક તત્ત્વ |
| ૪. | અભ્યાખ્યાન | Accusation | આળ ચડાવવી, દોષારોપણ, ન હોય તેવા દોષો ચડાવવા |
| ૫. | અવધિજ્ઞાન | Clairvoyance knowledge | અમુક મર્યાદા સુધીનું જ્ઞાન |
| ૬. | અશુભ | Unauspicious | પાપ કર્મ |
| ૭. | અસત્ય | Falsehood | જૂઠું બોલવું |
| ૮. | અંતરાય | Obstructive | શક્તિમાં બાધારૂપ કર્મ |
| ૯. | આકાશ | Space | અવકાશ, આકાશ |
| ૧૦. | આયુષ્ય | Lifespan-determining | જીવનરેખા (આયુષ્ય) નિર્ધારક કર્મ |
| ૧૧. | આસ્રવ | Inflow of karmic particles | કર્મોનું આવવું, આત્મા ઉપર કર્મોનું આગમન |
| ૧૨. | ઇર્ષ્યા | Jealousy | ઈર્ષ્યા |
| ૧૩. | કર્મ | Karmic particles | કર્મ, ક્રિયા, કર્મપુદ્‌ગલ |
| ૧૪. | કલહ | Quarrel | ઝઘડો, લડવું, કજિયો, કંકાસ |
| ૧૫. | કામ | Sensual Pleasure | પ્રેમ, રાગ, આસક્તિ, ઈચ્છા |
| ૧૬. | કાળ | Time | કાળ, સમય |
| ૧૭. | કેવળજ્ઞાન | Omniscience | સર્વજ્ઞ, સંપૂર્ણજ્ઞાન |
| ૧૮. | ક્રોધ | Anger | ગુસ્સો, કોપ |
| ૧૯. | ગતિ | Realm of birth | ચાર પ્રકારની ગતિ દેવ, મનુષ્ય, તિર્યંચ, નારક |
| ૨૦. | ગોત્ર | Status-determining | પદ, નિર્ધારક કર્મ |
| ૨૧. | જાતિ | Species of birth | જન્મોત્પત્તિનું સ્થળ |
| ૨૨. | જીવ | Soul (sentient entity) | આત્મા, જીવ |
| ૨૩. | જ્ઞાનાવરણ | Knowledge-covering | જ્ઞાનને આવરનાર કર્મ |
| ૨૪. | દર્શનાવરણ | Intution-covering | દર્શનને આવરનાર કર્મ |
| ૨૫. | દ્વેષ | Aversion | અણગમતો તિરસ્કાર |
| ૨૬. | ધર્માસ્તિકાય | Media of motion | ગતિસહાયક તત્ત્વ |
| ૨૭. | નામ | Body-making | શરીરરચના નિર્ધારક કર્મ |

| | | | |
|---|---|---|---|
| ૨૮. | નિર્જરા | Shedding of the Karmic particles | બંધાયેલા કર્મોનો ક્ષય કરવો |
| ૨૯. | પરપરિવાદ | Gossiping | બીજાના દોષો બોલવા, બીજાનું વાંકું બોલવું |
| ૩૦. | પરિગ્રહ | Possessiveness | આવશ્યકતાથી અધિકનો સંગ્રહ કરવો, માલ, મિલ્કત પરની મુર્છા, એકઠું કરવું |
| ૩૧. | પાપ | Sin | અશુભકર્મ |
| ૩૨. | પુણ્ય | Merit | શુભકર્મ |
| ૩૩. | પુદ્‌ગલ | Matter | અણુ, પરમાણુ |
| ૩૪. | પૈશુન્ય | Backbiting | ચાડી ખાવી, ચુગલી કરવી |
| ૩૫. | બંધ | Binding of the Karmic particles | આત્મા ઉપર કર્મોનું ચોટવું |
| ૩૬. | મતિજ્ઞાન | Empirical Knowledge | પાંચ ઇન્દ્રિય અને મનથી થતું જ્ઞાન |
| ૩૭. | મત્સર | Enviousness | ઇર્ષ્યા |
| ૩૮. | મદ | Haughtiness | અહંકાર, ગર્વ |
| ૩૯. | મનઃપર્યવજ્ઞાન | Mind-reading knowledge | મનોભાવ જણાવનાર જ્ઞાન |
| ૪૦. | માન | Pride | અભિમાન, અહંકાર, ગર્વ, મદ |
| ૪૧. | માયા | Decietfulness | કપટ, લુચ્ચાઈ, છળ |
| ૪૨. | માયામૃષાવાદ | Tricky Falsehood | માયાપૂર્વક જૂઠુ બોલવુમ, છેતરપીંડી, પ્રતારણા |
| ૪૩. | મિથ્યાત્વશલ્ય | Wrong belief | મિથ્યાત્વદોષ |
| ૪૪. | મૈથુન | Carnality | અબ્રહ્મ, કામક્રિડા, વિષયભોગ |
| ૪૫. | મોક્ષ | Liberation from Karmic bondage | સંપૂર્મ કર્મક્ષય |
| ૪૬. | મોહનીય | Deluding | મોહમાં પાડનાર કર્મ |
| ૪૭. | મોહનીય | Infatuation | મૂઢતા |
| ૪૮. | રતિ અરતિ | Gladness-Sadness | હર્ષ અને ઉદ્વેગ |
| ૪૯. | રાગ | Attachment | આસક્તિ, જોડાણ, પ્રેમ |
| ૫૦. | લોભ | Greed | અધિક એકઠું કરવાની વૃત્તિ, તૃષ્ણા, લાલસા |
| ૫૧. | વેદનીય | Sensation producing | સુખ-દુઃખ આપનારું કર્મ |
| ૫૨. | શરીર | Bodies | શરીર |
| ૫૩. | શુભ | Auspicious | પુણ્ય કર્મ |
| ૫૪. | શ્રુતજ્ઞાન | Articulate Knowledge | શબ્દ કે અક્ષર આધારિત જ્ઞાન |
| ૫૫. | સંવર | Stopping the inflow of Karmic Particles | કર્મોને રોકવા |
| ૫૬. | હિંસા | Violence | કોઈપણ પ્રકારના પ્રાણોની હત્યા કરવી તે |

## આચમન

પહેલી યાત્રામાં અમને એક સંન્યાસીજી મળ્યા.

એમની પાસે કાંઈ નહિ. માત્ર એક ધાબળો અને હાથમાં માટીનું કમંડળ.

બધાં એમને હાંડીવાલે બાબા કહેતા.

અમારો સંગાથ થઈ ગયો.

મને કહે, 'સ્વાદ શેમાં છે, જીભમાં કે ગુલાબ જાંબુમાં ?'

મને રસ પડ્યો. કહ્યું, 'તમે જ આનો જવાબ આપો.'

તેઓ કહે, ' જુઓ, ગુલાબ જાંબુમાં સ્વાદ હોય તો તે પ્લેટમાં પડ્યા પડ્યા જ સ્વાદ આપે, અને જો જીભમાં સ્વાદ હોય તો ગુલાબ જાંબુ ખાવાની જરૂર શી છે ? સ્વાદ નથી માત્ર જીભમાં કે નથી માત્ર ગુલાબ જાંબુમાં. પણ બંન્નેના યોગમાં છે. એવી જ રીતે સાર્થકતા નથી માત્ર જીભમાં કે નથી માત્ર ગુલાબ જાંબુમાં, પણ બંન્નેના યોગમાં છે. એવી જ રીતે સાર્થકતા નથી માત્ર શરીરમાં કે નથી માત્ર આત્મામાં. બંન્નેના મિલનમાં છે.'

હવે આ કેટલી ગંભીર વાત-શેની ય પણ અવહેલના ન કરવી જોઇએ. શરીરની, ને આત્માની તો નહિ જ-આ વાત તેમણે કેવા સરસ ઉદાહરણથી સમજાવી !

☐ **અમૃતલાલ વેગડ**

'નર્મદા પરિક્રમણ કરતાં'-

'નવનીત સમર્પણ'માંથી સાભાર ઉદ્ધૃત

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : કાર્યવાહક સમિતિ ૨૦૦૫-૨૦૦૬

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૧૨-૧૧-૨૦૦૫ના રોજ તથા કાર્યવાહક સમિતિની સભા તા. ૨૩-૧૧-૨૦૦૫ તથા તા. ૨-૨-૨૦૦૬ના મારવાડી વિદ્યાલય, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪ મધ્યે **મળી હતી.** જેમાં સને ૨૦૦૫-૨૦૦૬ના વર્ષ માટે હોદ્દેદારો, કાર્યવાહક સમિતિના સભ્યો તથા નિમંત્રિત સભ્યોની વરણી સર્વાનુમતે નીચે મુજબ કરવામાં આવી હતી.

## હોદ્દેદારો

પ્રમુખ : શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
ઉપપ્રમુખ : શ્રી ચંદ્રકાન્ત દીપચંદ શાહ
મંત્રીઓ : શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ
ડૉ. શ્રી ધનવંત તિલકરાય શાહ
સહમંત્રી : શ્રીમતી વર્ષાબહેન રજ્જુભાઈ શાહ
કોષાધ્યક્ષ : શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી

## સમિતી સભ્યો :

પ્રો. શ્રીમતી તારાબહેન રમણલાલ શાહ
શ્રી વલ્લભદાસ આર. ઘેલાણી
કુ. વસુબહેન ભણશાલી
શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ
કુ. મીનાબહેન શાહ
શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાન્ત પરીખ
શ્રી ગાંગજીભાઈ પોપટલાલ શેઠિયા
શ્રીમતી જયાબહેન ટોકરશી વીરા
શ્રી ભંવરભાઈ વાલચંદ મહેતા
શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા
શ્રીમતી રમાબહેન જયસુખલાલ વોરા
શ્રી લલિતભાઈ પોપટલાલ શાહ
શ્રી દિલીપભાઈ મહેન્દ્રભાઈ શાહ

**કો-ઓપ્ટ સભ્યો** : શ્રી પિયૂષભાઈ કોઠારી
શ્રી શૈલેષભાઈ હિંમતલાલ કોઠારી
શ્રી દિલીપભાઈ વીરેન્દ્રભાઈ કાકાબળીયા
શ્રી નીતિનભાઈ કાંતિલાલ સોનાવાલા
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ

**નિમંત્રિત સભ્યો** : શ્રી ચંદ્રકાંતભાઈ ધુડાભાઈ ગાંધી
શ્રીમતી રેણુકાબહેન રાજેન્દ્રભાઈ જવેરી
શ્રી જયંતીલાલ પોપટલાલ શાહ
શ્રી રશ્મિભાઈ ભગવાનદાસ શાહ
કુ. યશોમતીબહેન શાહ
શ્રીમતી સુશીલાબહેન રમણીકલાલ શાહ
શ્રી બસંતલાલ નરસિંગપુરા
શ્રી ચંદ્રકાંત કેશવલાલ પરીખ
શ્રીમતી કલાવતી શાંતિલાલ મહેતા
શ્રી કાંતિલાલ પાનાચંદ શાહ
શ્રી રમણીકલાલ આર. સલોત
ડૉ. શ્રી રજ્જુભાઈ એન. શાહ
શ્રીમતી ચંદ્રાબહેન પીયૂષભાઈ કોઠારી
શ્રી નીતિનભાઈ ચીમનલાલ શાહ
શ્રી કિરણભાઈ હીરાલાલ શાહ
શ્રીમતી અલકાબહેન કિરણભાઈ શાહ
શ્રી મહેન્દ્રભાઈ શામજીભાઈ ગોસર
શ્રી શાન્તિભાઈ કરમશીભાઈ ગોસર
શ્રી ભરતભાઈ મેઘજીભાઈ મામણિયા

## 'પ્રબુદ્ધ જીવન' અંગે

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન અને વાર્ષિક સભ્યો, શુભેચ્છકો, 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકો અને ચાહકો, લેખક-મિત્રો અને વિવિધ સંસ્થાઓના કાર્યકર્તાઓને નમ્ર અરજ છે કે-

(૧) 'પ્રબુદ્ધ જીવન'માં કોઇપણ ધંધાદારી પેઢી કે કોઇપણ સામાજિક, ધાર્મિક વગેરે પ્રકારની સંસ્થાઓની કોઇપણ જાહેર ખબર (Advertisment) લેવામાં આવતી નથી.

(૨) 'પ્રબુદ્ધ જીવન'માં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સિવાય અન્ય કોઈ સંસ્થાના કાર્યક્રમોની વિગતો કે સમાચાર (Announcement) લેવામાં આવતા નથી.

(૩) 'પ્રબુદ્ધ જીવન'માં 'સંઘ' સિવાયની અન્ય કોઈ સંસ્થાઓના થઈ ગયેલ કાર્યક્રમોના અહેવાલ પ્રગટ કરવામાં આવતા નથી.

(૪) અન્ય કોઈ પણ સંસ્થાઓ માટેની દાનની અપીલો છાપવામાં આવતી નથી.

(૫) સામાન્ય રીતે કોઈ પણ વ્યક્તિની અંગત સિદ્ધિઓના સમાચાર લેવામાં આવતા નથી. (અપવાદરૂપ સંજોગોમાં કાર્યવાહક સમિતિ તેનો નિર્ણય લઈ શકે છે.)

(૬) 'પ્રબુદ્ધ જીવન'માં ચિંતનાત્મક લેખો આપવામાં આવે છે; એટલે વ્યાખ્યાનો વગેરેના અહેવાલો લેખના સ્વરૂપના હશે અને 'પ્રબુદ્ધ જીવન'ના ધોરણને અનુરૂપ લાગસે તો જ સ્વીકારી શકાશે.

**લિ. મંત્રીઓ**

## 'પ્રબુદ્ધ જીવન' અંગે

'પ્રબુદ્ધ જીવન'માં સામાન્ય રીતે કાવ્ય, વાર્તા અને નાટક ઇત્યાદિ લેવાતાં નથી. ધર્મ, અધ્યાત્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, સમાજ, રાજકારણ, અર્થશાસ્ત્ર, વિજ્ઞાન, આદિ જીવનનાં વિવિધ ક્ષેત્ર અને વિષયો પરના લેખોને આ પત્રના ધોરણ અનુસાર સ્થાન અપાય છે.

* પ્રગટ થતા લેખોને યોગ્ય પુરસ્કાર આપવામાં આવે છે.

* લખાણ સારા અક્ષરે ફૂલસ્કેપ કાગળ ઉપર શાહીથી એક બાજુ લખાયેલું હોવું જરૂરી છે. અસ્વીકૃત લખાણ પાછું મોકલાતું નથી તેથી લેખકોએ લેખની એક નકલ પોતાની પાસે રાખવી. ટપાલમાં કે અન્ય કારણે ગુમ થયેલ લેખ માટે અમે જવાબદાર નથી.

* વિષયોનું વૈવિધ્ય અને પૃષ્ઠસંખ્યાની મર્યાદા જાળવીને લેખો પ્રગટ કરવામાં આવે છે. લેખ ક્યારે પ્રગટ થઈ શકશે તે ચોક્કસ જણાવવાનું મુશ્કેલ છે.

* 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થતા લેખોમાં રજૂ થતા વિચારો તે લેખકોના છે. 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીની કે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની તે વિચારો સાથે સહમતી હોવાની જવાબદારી રહેશે નહિ.

* લેખ મોકલવાથી માંડીને વ્યવસ્થા અંગેનો તમામ પત્રવ્યવહાર 'સંઘ'ના કાર્યાલયના સરનામા પર કરવા વિનંતિ.

**-તંત્રી**

Posted at Patrika Channel sorting office Mumbai-400 001 ● Regd. No. MH / MR / SOUTH-146 / 2006-08


## પંથે પંથે પાથેય...

# હરિરામ જોશી : એક શિક્ષક અને પુરોહિત

માણસની એ વિશેષતા છે કે વિવશતા, તેને જિંદગીમાં કેટકેટલાં પાઠ (રોલ) ભજવવા પડે છે; તેને ગમે કે ન ગમે. ઇશ્વરે નિર્માણ કર્યું હોય છે કે સંજોગો એવા સાંપડે છે. જે પાત્ર ભજવવાનું આવે તેમાં દુઃખ વધુ હોય, સુખ સ્વલ્પ. પરંતુ તે સ્વીકારીને જીવ્યા વગર બીજો કોઈ ઉપાય વિધાતાએ મનુષ્ય માટે રહેવા નથી દીધો.

વિતેલી જિંદગીના દિવસો યાદ કરું છું ત્યારે અચાનક કોઈ ને કોઈ પાત્ર, જિંદગીના કોઈ ને કોઈ તબક્કે મળેલું તેનું સ્મરણ થઈ આવે છે. ઘણીવાર આશ્ચર્ય થાય છે કે કેટલાં બધાં વર્ષો પછી આ પાત્રનું, સ્મરણ થયું ! જાણે એકાએક પડદા પાછળથી મનના રંગમંચ ઉપર આવીને કહેતું ન હોય–'કેમ, મને ભૂલી ગયા ? એકાદ તબક્કે હું પણ તમારા જીવનમાં હતો !'

સંસ્મરણો લખવાનું શરૂ કર્યું ત્યારે સાત દાયકા પહેલાંના મારા શાળા–પ્રવેશ સમયના એક શિક્ષક શ્રી હરિરામ માસ્તરની મૂર્તિ સ્મૃતિના પડદે ઝબકી ગઈ. સફેદ મલમલનું ધોતિયું, વેપારી માણસ પહેરે એવાં સફેદ દૂધ જેવાં ખમીસ અને લોંગકોટ, ઇસ્ત્રીબંધ, શિક્ષક કરતાં વ્યાપારી જેવા વધુ લાગે. ટોપી પણ સફેદ કાપડની ઇસ્ત્રીબંધ. કપાળમાં સુક્કા કંકુનો ચાંદલો, નાનકડો. જીભ જરા અચકાતી. આ એમની છબી કે મૂર્તિ પહેલવહેલી જોઇ હશે મારી પાંચેક વર્ષની ઉંમરે, પણ જાણે હજુ ગઇકાલે તેઓ મળ્યા હોય તેમ તાદૃશ દેખાય છે મનની આંખો સામે. ત્યારે મને મારા પિતાજી 'નાની ગુરુકુળ' એટલે કે પ્રાથમિક પૂર્વના–(પ્રી પ્રાઇમરી) વર્ગમાં દાખલ કરાવવા લઈ ગયેલા. પરંતુ, હું એકનો એક પુત્ર એટલે એમ મને સાવ એકલો મૂકીને જવાનું તેમનું દિલ ચાલતું નહોતું. તેથી હરિરામ માસ્તરના વર્ગમાં મને તેમની ખુરશી પાસે બેસાડ્યો અને માસ્તરને ભલામણ કરી:

'ગોર, મારા ચંદુનું ધ્યાન રાખજો. થોડાં દિવસ તેને નવું લાગશે. કદાચ રડશે–પણ સમજાવી-પટાવી તમારી પાસે બેસાડજો !'

'ભલે, ભલે ! તમે ચિંતા ન કરતા. બે કલાક પછી આવીને લઈ જજો. ધીમે ધીમે ટેવાઈ જશે.'

મારા પિતાશ્રીએ માસ્તરને 'ગોર' કહ્યા તેથી વાચકને આશ્ચર્ય થતું હશે. હકીકતમાં હરિરામ માસ્તર કંડોળિયા બ્રાહ્મણ જ્ઞાતિના અને તેથી અમારા સોરઠિયા તથા કપોળ જ્ઞાતિના 'ગોર' મહારાજ, પુરોહિત. શ્રી હરિરામ માસ્તર ૧૨ અગિયારસે અમારા ઘેર 'સીધું' લેવા આવતા. ત્યારે કોટ ન પહેરતા. ખભે થેલો રાખતા. મારા દાદીમા તેમને 'સીધા'ની થાળી તૈયાર કરી આપે ત્યારે તેઓ પાણીનો લોટો માગે. તેમાંથી પાણીની અંજલિ ભરી થાળી ફરતે ફેરવી, સંકલ્પ કરાવે. પછી પોતાના થેલાના જુદા જુદા ભાગોમાં લોટ, ચોખા, ગોળ, કળશામાં ઘી, શાક વગેરે મૂકે. આજે તો હવે કોઈ બ્રાહ્મણ 'સીધું' લેવા આવતા નથી. આજના બાળકોને કદાચ આ દૃશ્ય જોવા નહિ મળે !

એટલે કે હરિરામ માસ્તરના આ બે પાઠ મેં જોયેલા. ઘરે આવે ત્યારે કુટુંબના પુરોહિત–'ગોર' અને શાળામાં શિક્ષક તરીકે.

આવા શુદ્ધ–પવિત્ર શિક્ષકને ત્યાં સંતાન નહીં. બે જણાં, પતિ-પત્ની સંતોષથી રહેતાં. તેમનું રહેઠાણ અમારી નજીક તેથી અમારા ઘર સાથે ઘરોબો. દાદીમાનાં તેઓ પ્રિયપાત્ર. દાદીમાને તેઓ વાર–તહેવારના મુહુર્તો કાઢી આપે. તિથિ જોઈ આપે. નાનાં–મોટાં ધાર્મિક અનુષ્ઠાનો કરાવી આપે.

આ બધું તો હું પાછળથી સમજ્યો. પહેલી વાર તેમના વર્ગમાં બેઠો ત્યારે મારા જેવડાં બાળકો નીચે બેઠેલાં. પાર વગરનો કોલાહલ. માસ્તર શું શીખવાડતા હતા તે તો હું કંઈ સમજતો નહોતો.

થોડા મોટા થયા પછી, કેટલાંક વર્ષો બાદ ઘરમાં જે વાત થતી હતી તે પરથી સમજાયું કે 'સાહેબ રીટાયર થશે.' ઘરમાં સંતતી નહિ. પુત્ર કમાઈને લાવે અને મા–બાપ આરામથી જીવે તેવો દિવસ તો આવવાનો નહોતો. જીવનભર ગોરપદું કરવાનું અને શાળામાંથી મળતા પેન્શન કે જે કંઈ મળ્યું હોય તેના રોકાણ ઉપર જીવવાનું. પણ તે જમાનો સોંઘવારીનો હતો. 'જજમાનો' એટલે અમારા જેવા યજમાનો-ગ્રાહકો–પાસેથી 'સીધાં' મળે, વાર–તહેવારે દક્ષિણા-ભેટ મળે, તેનાથી ગોર અને ગોરાણીનું જીવન ચાલશે ? તેમ વાતો થતી.

પણ એક દિવસ એક આનંદના સમાચાર મળ્યા. નિવૃત્ત થયા પછી હરિરામ માસ્તર, એ દિવસોમાં જેનો ખૂબ પ્રચાર હતો તે 'શબ્દ–કસોટી' કે 'શબ્દવ્યૂહ' ભરતા. તેમાં તેમને એક વખત મોટું ઇનામ લાગ્યું. જાણે એમની 'ખોટ' પૂરાઈ ગઈ. તેઓ જાણે મનોમન કહેતાં હશે કે 'હે, ભગવાન ! તું કેટલો મહાન છે. સંતતીને બદલે આ ઉંમરે થોડી સંપત્તિ તો આપી !'

ત્યાર પછી અમે અમારું રહેઠાણ બદલ્યું. હું પણ આગળ ધોરણમાં ગયો હતો. તેઓ પણ વૃદ્ધ થયા હશે. પછી તેમને જોયાનું યાદ નથી. પરંતુ, નાટકના રંગમંચ પર એક પાત્ર એકાદ નાનું દૃશ્ય ભજવી વિદાય લઈ લે તેમ તેઓ મારા વિદ્યાર્થી જીવનમાંથી વિદાય થયા, પરંતુ આજે અચાનક મારી સ્મૃતિના પડદે ઝબકી ગયા.

એમની કાયમી વિદાયને કેટલાં વર્ષો થયાં હશે ? જ્યાં તેમનો આત્મા હોય ત્યાં ઇશ્વર તેમને પરમ શાંતિ આપે તેવી મનોમન પ્રાર્થના કરું છું !

મહાકવિ શ્રી શેક્સપિયરે સાચું જ લખ્યું છે કે આપણે સૌ આ જગતની રંગભૂમિના પાત્રો છીએ અને આપણે ભાગે આવેલું પાત્ર ભજવીને આ જગતની–આ રંગભૂમિની વિદાય લેવાની છે !

☐ ચંદુલાલ સેલારકા

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanvant T. Shah

❋❋❋ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ❋❋❋

# પ્રબુદ્ધ જીવન

તા. ૧૬ માર્ચ, ૨૦૦૬

## જિન-વચન

### ધર્મ

धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो ।
देवा वि तं नमंसंति जस्स धम्मे सया मणो ।।

–दसवैकालिक–१–१

Religion is supremely auspicious. Non-violence, self-control and penance are its essentials. Even the gods bow down to him whose mind is always engaged in practising religion.

ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે. અહિંસા, સંયમ અને તપ એનાં મુખ્ય અંગ છે. જેનું મન હંમેશા ધર્મમાં લાગેલું રહે છે, તેને તો દેવો પણ નમસ્કાર કરે છે.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી)

# સત્મેવ જયતે

આપણી સરકારે આ વાક્યને સરકારના આદર્શ વાક્ય કે મુદ્રાવાક્ય તરીકે સ્વીકાર્યું છે. આપણે માટે આ કરતાં કોઈ વધારે યોગ્ય પસંદગી હોઈ શકે નહિ. ગાંધીજીના જીવનનું સર્વસ્વ સત્યની શોધ અને સત્યના પ્રયોગોનું હતું.

આ વાક્યની શુદ્ધિ સંબંધી પ્રશ્ન ઊઠેલો કે છેલ્લો શબ્દ जयति ખરો છે કે जयते ખરો છે ? અલબત્ત મુંડક ઉપનિષદ જેમાં આ વાક્ય આવે છે તેમાં जयते પ્રયોગ છે, એટલે એ પ્રાચીન પ્રયોગ જ સ્વીકારાયો અને તે યોગ્ય છે. પણ આ ભાવપ્રયોગમાં પણ એક રહસ્ય રહેલું છે.

શિષ્ટ સંસ્કૃતમાં, અને સંસ્કૃત વ્યાકરણ પ્રમાણે जयति રૂપ જ થાય જે શબ્દ વારંવાર વપરાય છે. ગુજરાતીમાં પણ એનો અર્થ બધા જાણે છે. પણ સંસ્કૃત ટીકાકારો આ શબ્દના અર્થમાં એક ભેદ બતાવે છે તે તાત્ત્વિક અથવા માર્મિક છે. जयति (જય પામે છે) ક્રિયાપદ સકર્મક હોય ત્યારે તેનો અર્થ કોઈને હરાવીને વિજયી થવું એવો છે. रामो रावणं जयति । એટલે રામ રાવણને જીતે છે, તેમાં રાવણને હરાવીને જીતવાનો અર્થ રહેલો છે; પણ દેવોની સ્તુતિઓમાં એ ક્રિયાપદ અકર્મક અર્થમાં વપરાય છે, જેમ કે લગ્નપત્રિકામાં स जयति सिन्धुरवदनो 'તે સિન્ધુરવદન (ગણપતિ) જય પામે છે.' भारती कवेर्जयति 'કવિની ભારતી (સરસ્વતી) જય પામે છે.' આવા પ્રસંગે એનો અર્થ ઉત્કર્ષ પામે છે એવો થાય છે. તેમાં કોઈને હરાવવાનો, કોઈને હાનિ પહોંચાડવાનો અર્થ નથી. એ અર્થમાં કોઈ બીજી વ્યક્તિ સાથે કશો સંબંધ હોતો નથી.

ઉપરના ઉપનિષદના વાક્યમાં પણ जयते અકર્મક ક્રિયાપદ છે અને એનો અર્થ પણ ત્યાં ઉત્કર્ષ પામવો એ જ છે. અલબત્ત जयति વેદો પછી સંસ્કાર પામેલી ભાષાના વ્યાકરણ પ્રમાણે શુદ્ધ છે, પણ એનો જે ઉદ્દિષ્ટ અર્થ છે, તે जयते માં વધારે સારી રીતે પ્રગટ થાય છે. जयति એ परस्मैपदी રૂપ છે અને जयते એ आत्मनेपदी રૂપ છે. परस्मै નો અર્થ બીજાને અર્થે એવો થાય છે. आत्मने નો અર્થ પોતા અર્થે એવો થાય છે. સત્ય જય પામે છે તે બીજા કોઈને હરાવીને નહિ, પણ કેવળ પોતાના સ્વભાવથી જ ઉત્કર્ષ પામે છે, અને એ રીતે એ શબ્દ આત્મનેપદી રૂપ લે તેમાં સ્વારસ્ય રહેલું છે. મહાત્માજી કહેતા કે સત્યાગ્રહી ખોટો હોય તોપણ તે કદી બીજાને નુકસાન કરતો નથી, નુકસાન કરતો હોય તોપણ પોતાને માત્ર કરે છે, તો સાચો હોય ત્યારે તો તેના જેવો નિર્દોષ, નિરુપદ્રવી કોઈ બીજો હોઈ શકે નહિ.

માણસનો પોતાનો ઉત્કર્ષ સત્યમાં જ છે. સત્ય ખરી રીતે તો માણસના અનુભવમાં રહેલું છે. તેને શોધીને જીવનનું ખાતર આપતા તેનો અને માણસનો બન્નેનો ઉત્કર્ષ થાય છે.

માનસભૂમિમાં સત્યમાં નાખેલું બીજ જ ઊગે છે–ફાલે છે–ફળે છે. સત્યની ઉપેક્ષાથી સેવેલું કાર્ય વ્યર્થ જાય છે, અસત્યમાં નાખેલું નાશ પામે છે.

મૂળ ઉપનિષદમાં सत्यमेव जयते કહી પછી તેની ઊલટી બાજુ વિશે न अनृतं 'અનૃત–અસત્ય જય પામતું નથી' એટલું જ કહ્યું છે, પણ મહાકવિ ગેટેએ ઊલટી બાજુ વિશે એક જગાએ બહુ સુંદર કહ્યું છે. હું તેનો અંગ્રેજી તરજુમો મૂકું છું.

Out of falsehood nothing evolves, it on the contrary involves us.

ભાષાંતર કરવું અઘરું છે, પણ અત્યારે મને જે સૂઝે છે તે લખું છું : 'અસત્યમાંથી કદી કૈં ન ઊગતું, એ ગૂંચવે આપણને જ ઊલટું.'

☐ રામનારાયણ પાઠક

## વિષય સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| (૧) | ગાંધી કથા : એક ચૈતન્યઘન અનુભૂતિ | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | રાષ્ટ્રીયતાના જ્યોતિર્ધરની 'ભવાની ભારતી' | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૬ |
| (૩) | શ્રી જયવીરાય સૂત્રનો મર્મ | પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૨ |
| (૪) | જૈન પારિભાષિક શબ્દો | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૧૪ |
| (૫) | ઘરને ઊંબરે આવી છે પાઠશાળા | ડૉ. ગુલાબ દેઢિયા | ૧૬ |



## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

| | ભારતમાં | પરદેશ |
|---|---|---|
| ૧ વર્ષનું લવાજમ | રૂા. ૧૨૫/– | U.S.A 9-00 |
| ૩ વર્ષનું લવાજમ | રૂા. ૩૫૦/– | U.S.A 26-00 |
| ૫ વર્ષનું લવાજમ | રૂા. ૫૫૦/– | U.S.A 40-00 |
| આજીવન લવાજમ | રૂા. ૨૫૦૦/– | U.S.A. 112-00 |
| કન્યા કરિયાવર આજીવન લવાજમ | રૂા. ૨૦૦૦/– | U.S.A. 100-00 |

ક્યારેય પણ જાહેરખ ન લેવાની 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ હોઈ એના ગ્રાહકો અને શુભેચ્છકો તેમ જ દાતાઓ જ આ સત્ત્વશીલ સામયિકને જીવંત રાખી શકશે. (૭૭ વર્ષની અવિરત સેવા છે મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રોની) ગુજરાતી ભાષાના સામયિકો જીવશે તો જ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કાર સંસ્કૃતિ જીવંત રહેશે.

જૈન ધર્મ અને સર્વ ધર્મના ચિંતનો આવા સામયિકોથી જ વર્તમાન અને ભવિષ્યની પેઢીના હૃદયમાં રોપાતા જશે.

પુનિત પુત્રી તો 'દુહિતા' અને 'દેહલી દીપક' છે; એટલે બન્ને દિશા અને બન્ને ઘરને અજવાળે એવો ઘરના ઉંમરાનો એ દીપક છે. લગ્નમાં આપણે લાખો રૂા.નો ખર્ચ કરીએ છીએ, લાખોના કરિયાવર અને ઘરના સંસ્કાર સાથે પુત્રીને વિદાય આપીએ છીએ તો કરિયાવરમાં 'પ્રબુદ્ધ જીવન' ન આપી શકીએ ?

પુત્રીના જીવનમાં એ સદાય જીવંત રહેશે. પથદર્શક બનશે. સુજ્ઞેષુ કિં બહુના...?

–ચેક 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'ના નામે મોકલશો. કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે. ☐ મેનેજર

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૭ ● ● અંક : ૩ ● તા. ૧૬ માર્ચ, ૨૦૦૬ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : ધનવંત તિ. શાહ

## ગાંધી કથા : એક ચૈતન્યઘન અનુભૂતિ

સ્યાદ્વાદ શીખવી જિન ધર્મે સંસ્કૃતિને શોભાવી,
સૂક્ષ્મ થકી સૂક્ષ્મતર પહોંચી, અહિંસાને સમજાવી.
ક્ષમા મૈં ચાહતા સબસે, મૈં ભી સબકો કરું ક્ષમા,
મૈત્રી મેરી સભી સે હો, કિસી સે વૈર હો નહિ.
અપરિગ્રહ નીતિ રૂડી, જૈનોએ અપનાવી.

'ગાંધીકથા ગીતો'માંથી

એક પાદરીએ ગાંધીજીને કહ્યું ઈશુનો સંદેશ છે કે–'લવ ધાય નેબર એઝ ધાઈ સેલ્ફ એન્ડ લવ યોર એનિમી.' ગાંધીજીએ ઉત્તર આપ્યો કે, 'આ વાક્યના પ્રથમ ભાગ સાથે હું પૂરતો સંમત છું; પણ બીજા ભાગ સાથે હું જરાય સંમત નથી, કારણ કે કોઈને પણ હું દુશ્મન ગણતોજ નથી.'

પોતાને ખેડૂત અને વણકર તરીકે ઓળખાવનાર આ ગાંધી અંગ્રેજ સત્તા સામે લડે, પણ માનવ તરીકે પ્રત્યેક અંગ્રેજને પૂરેપૂરો ચાહે અને શાહી લગ્નમાં અંગ્રેજ પ્રિન્સેસને પોતે હાથે કાંતેલા સુતરમાંથી પોતે જાતે વણીને ખાદીનું કપડું બનાવી એ ખાદીના કપડાંનો ટુકડો એ અંગ્રેજ પ્રિન્સેસને લગ્નમાં આશીર્વાદ સાથે ભેટ મોકલે, અને એ પ્રિન્સેસ વરસો સુધી એ ખાદીનો ટુકડો સાચવી રાખે, અને ગૌરવથી બધાંને બતાવીને કહે કે 'આ ખાદીનું કપડું ગાંધીજીએ મને લગ્નમાં ભેટ આપેલું.' આફ્રિકામાં જેલવાસ દરમિયાન અંગ્રેજ જેલરને આ ગાંધીએ પોતે જાતે ચામડામાંથી બુટ બનાવી ભેટ આપ્યા, અને એ અંગ્રેજે ગાંધીના બનાવેલા આ બુટ વરસો સુધી પોતાની પાસે સાચવી રાખ્યાં પણ પોતાના પગમાં પહેર્યાંનહિ.

શઠં પ્રતિ શાઠ્યમ્ નહિ પણ શઠં પ્રતિ સત્યમ્‌માં માનનારા, 'સત્ય મારો ધ્રુવ તારો, સત્ય ચિંધે મારગ મારો, સત્યની ટૂંકે ટૂંકે કરું હું આરોહણ, સત્યનો જ થાતો જય; ભલે મારો થાતો ક્ષય', એવું જીવનભર જીવન જીવનાર, પળે પળ 'સત્યના પ્રયોગો' કરનાર અને સત્યને જ પરમેશ્વર માનનાર સત્યના સાધક, સત્યથી કશુંયે શ્રેષ્ઠ જગમાં નહિ, સત્ય કાજે જ જીવન ઓવારનારા અને સત્યથી જીવનને ધન્ય સમજનારા, બાળપણમાં અંધારામાં ભય પામતો આ 'મોનિયો', જગત ઉપર અનેક 'સત્યો'ના અજવાળા પાથરતો જનાર અને 'સત્ય'ને પામી ક્ષણે ક્ષણે સત્યની જ પૂજા કરનાર સત્યના પરમ આગ્રહી આપણા આ ગાંધી પૂર્ણ અર્થમાં 'વૈષ્ણવજન.'

સત્યનો આ પથિક સત્યને માર્ગે ચાલી સાધારણ માણસમાંથી મહાત્મા બન્યો. આ મહામાનવની આત્મકથા 'સત્યના પ્રયોગો' વાંચો કે શ્રી નારાયણ દેસાઈના મહાત્મા ગાંધીજીના ચાર ભાગમાં વિસ્તરેલાં 'મારું જીવન એજ મારી વાણી'ના ગાંધીજીના જીવન પ્રસંગોમાંથી પસાર થાવ કે પછી દશ વર્ષના પુરુષાર્થભર્યા સંશોધનથી બર્ટને લખેલું ૭૫૦ પાનાનું 'દક્ષિણ આફ્રિકામાં ગાંધી'નું મહાનિબંધ જેવું પુસ્તક વાંચો કે પછી ગાંધી જીવન વિશે લખાયેલા સેંકડો પુસ્તકોનું ચયન કરી જાવ. પણ ગાંધીજીનો ખોળો ખુંદવાનું સદ્‌ભાગ્ય જેમને સાંપડ્યું હતું એવા આ ગાંધીજીના 'બાબલો' પૂ. નારાયણભાઈ દેસાઈના મુખે ગાંધી કથાનું સતત સાત દિવસ રોજ સાડા ત્રણ કલાક, એમ કુલ લગભગ ૨૫ કલાક શ્રવણ કરો ત્યારે ગાંધી ખોળાના વાત્સલ્યની અને ગાંધી જીવનની અદ્‌ભૂત અનુભૂતિ આપણને થાય. શંકરની જટામાંથી ખળખળ વહેતી ગંગાનો પાવન ધ્વનિ સંભળાય, અને ગંગા જેમ વિકસે અને વિસ્તરે એમ આપણા મનના અણુએ અણુ વિકસતા અનુભવાય. 'માંડી મેં તો મનના ઉમંગ કેરી લહાણી' કહેતા પૂ. નારાયણભાઈના કુલ લગભગ પચ્ચીસ કલાકના આચમન અને પ્રવાસ પછી આપણો 'હું' સદંતર બદલાઈ ગયો હોય. કોઈ અગમ્ય ચૈતન્ય આપણી ભીતર વિકસી ગયું હોય.

પોરબંદરથી દિલ્હીને સાંકળતી આ કથા, પ્રત્યેક પળે સત્યના એરણ ઉપર ટીચાતી આ કથા, એક મનુષ્યની ૭૯ વર્ષની આ જીવન કથા, જાણે પુરુષાર્થના મહાકાવ્યનું શ્રવણ કરતા હોઇએ એવી તરબતર અને માતબર અનુભૂતિ કરાવે !

આ વરસના જાન્યુઆરીના અંતિમ સપ્તાહમાં વિલેપાર્લામાં આ 'ગાંધીકથા'નું આયોજન થયું. સર્વ પ્રથમ તો આવા સત્ત્વશીલ કાર્યક્રમનું આયોજન કરનાર એ 'ગાંધી કથા (મુંબઈ) સમન્વય સમિતિ' અને અન્ય અગિયાર સંસ્થાઓને અગણિત સલામો ! એટલી જ સલામ સર્વ સ્વયંસેવકો, સંગીતકાર અને વાદક તેમજ ગાયક કલાકારોને.

'પ્રેમળ જ્યોતિ તારો દાખવી મુજ જીવન પંથ ઉજાળ'થી પ્રારંભાતી આ ગાંધી કથા રામધુનથી પૂરી થાય. કથાકાર નહિ, આખ્યાનકાર પણ નહિ પણ સંપૂર્ણ સજ્જ વક્તા પૂ. નારાયણભાઈનો સતત ત્રણ–સાડા ત્રણ કલાક અસ્ખલિત ગાંધીમય વાણી પ્રવાહ, સાથો સાથ ગાંધી વિશેના સ્વરચિત પ્રસંગોચિત ગીતો, કેટલાંક પરિચિત અને પારંપારિક ભજન–કાવ્યો અને એ બધાં, એ બધું સંગીતના ભાવભર્યા સૂરો સાથે વહેતું રહે, વહેતું જાય. શ્રોતા ગાંધી જીવનથી ભીંજાતો જાય અને ગાંધીને ભજતો થઈ જાય.

આ ધરતી ઉપર વિહરતા જોયેલા આ મહા માનવની સત્ય નિતરતી કથા, અહીં માત્ર ગાંધીનું જ જીવન, વિશેષ કશું નહિ. કલ્પનાના રંગો નહિ, કલ્પનાના પાત્રો નહિ, અણિશુદ્ધ સત્યનો ઇતિહાસ, શ્રદ્ધા, અંધશ્રદ્ધા કે ચમત્કારની આડ વાતો નહિ. તાણી તાણીને ભરેલી શેરો–શાયરી નહિ, કે નહિ અપ્રસ્તુત એવા ગોઠવેલા શ્રોતા રંજિત રમૂજી ટુચકા, યુદ્ધની વાતો તો ખરી પણ હિંસાની તરફેણ નહિ. જુસ્સો ખરો, પણ એ દેશ દાઝનો 'જોસ્સો', બે પક્ષો ખરા પણ કોઈ શત્રુ નહિ, માનવ માત્ર અને જીવ માત્ર માટે ભરપૂર પ્રેમ. માણસમાં રહેલા તમસ્ પ્રત્યે પણ વેર નહિ પણ એ દોષને બહાર કાઢી ફગાવી દેવાની શીખ. 'પાપ તણો પ્રતિકાર કરો, પણ નહિ પાપી પર સખતી રે, સર્વ ધર્મો એ જ પઢાવે એ જ ગાંધીની ઉક્તિ રે.' સાંજે પાંચથી સાડા આઠનો

સમય પણ એવો કે તમે રોજીંદા કર્મો અને ફરજને પૂરેપૂરા વફાદાર રહીને પછી જ પધારો, ધર્માભિમુખ ખરા, પણ કર્મવિમુખ નહિ જ.

સાધારણપણામાંથી સત્યને માર્ગે ચાલી કર્મનિષ્ઠા, સત્ય ઉપર પરમ શ્રદ્ધા, ઉદાત્ત ઉદ્દેશ, નિષ્કામ કર્મ, પૂરી સાદગી, માનવ માત્ર અને પ્રત્યેક ધર્મ પ્રત્યે સમભાવ રાખવો. સૂક્ષ્મતર અહિંસા, સાધન શુદ્ધિ અને અપરિગ્રહ ભાવ. આ બધાંના આચરણથી માણસમાંથી મહાત્મા થઈ શકાયાની યાત્રા એટલે ગાંધીજીનું જીવન. જ્ઞાન, કર્મ અને ભક્તિનો એકરસ સમન્વય એટલે મોહનદાસ કરમચંદ ગાંધી.

બાળપણમાં સોનાનું કડું ચોરતા પિતા જોઈ ગયા, પણ બાળ મોહને જોયું કે પિતાએ ગુસ્સો નથી કર્યો, પણ પિતા પોતે જ રડી પડયાં, આ દૃશ્ય-ઘટનામાં ગાંધીને સૂક્ષ્મ અહિંસાના પ્રથમ દર્શન થયાં.

'આ સત્યનો પથિક જો મનમાં ય ભૂલ કરતો
છે ઈશ એનો સાક્ષી જાણી પ્રભુથી ડરતો,
નિજથી થયેલ ભૂલો એ હિમાલયશી માને
ને સત્યને ટૂંકે ટૂંકે ઉજ્જવળ શિખરે એ ચડતો'

જ્યારે પોતે કે અન્ય કોઈ ભૂલ કરે ત્યારે ગાંધીને ગુસ્સો આવે ? હા, આવે જ તો. પણ સર્વ પ્રથમ પોતાની રજ જેટલી ય ભૂલને ગજ જેવી ગણી જીવનભર એ ગણ્યા કરે. આવી ભૂલ ન થાય એની પ્રતિજ્ઞા કરે અને ખેવના કરે અને ગુસ્સો પોતા ઉપર કરી પોતાના જ ગાલ ઉપર તમાચો ચોડી દે, અને અનુયાયીની ભૂલમાં તો પોતાની કેળવણીનો જ દોષ જૂએ, અને વારે વારે એ યાદ કરે અને યાદ અપાવડાવે કે સત્યના ઉપાસકથી ક્યારેય ગફલત ન થવી જોઇએ. વ્યક્તિગત ગુણોને સામાજિક અને રાજકીય ગુણોમાં પરિવર્તિત કરવાની ય ઝુંબેશ આ ગાંધી ઉપાડે.

બાળપણમાં હરિશ્ચંદ્ર નાટક જોઇને પોતે જ નહિ પણ બધાં જ હરિશ્ચંદ્ર કેમ ન થઈ શકે એનું ચિંતન કરે.

ગાંધી પરદેશ ગયા. લિફ્ટમાં બેઠા અને બોલ્યા 'આ તો ઓરડી ઊંચે થવા માંડી' આવો ભોળો માણસ, અને એ પણ પાછો બુદ્ધિશાળી અને યુવાન, તો અન્ય સ્ત્રી પ્રત્યે સૂક્ષ્મ આકર્ષણ થઈ જાય તો એનો ય એકરાર કરી નાખે, કોઈ પણ પરિસ્થિતિમાં માને આપેલા વચનોને યાદ કરે અને પૂર્ણતઃ પાળે.

આફ્રિકામાં ક્યાંય અન્યાય સહન ન કર્યો, એ સર્વ ઘટનાથી તો આપણે બધાં વિદિત છીએ જ. પણ ત્યાં વરસના ૧૦૫ પાઉન્ડથી કમાણી વધી, ધીકતી પ્રેક્ટીશ, પોતાના હાથ નીચે બે ગોરા વકીલો અને સ્ટાફ રાખે, ત્યાં બંગલો લીધો, બધાંને સાથે રાખે, સાથે જમાડે, એ બધાં સાથેનો વ્યવહાર એક સાહેબ જેવો નહિ જ, પણ બંધુ ભાવનો સમભાવ, એટલે ગાંધી બેરિસ્ટર તરીકે પૂરા સફળ જ. આફ્રિકામાં ૨૦ વર્ષના વસવાટ દરમિયાન અનેક કસોટી અને 'ફિનિક્ષ વસાહત' તેમજ 'ટોલ્સટોય વાડી' એમ બે આશ્રમોની સ્થાપના અને જીવનના અનેક પ્રયોગો કર્યા અને કરાવ્યા. આફ્રિકાની ભૂમિ ઉપર એમના તપનું ઘડતર થયું એટલે તો નેલ્સન મંડેલાએ કહ્યું કે, 'ભારતે અમને બેરિસ્ટર ગાંધી આપ્યા, અને અમે દુનિયાને મહાત્મા ગાંધીજી આપ્યા.'

પૂ. નારાયણભાઈનું કથા વક્તવ્ય વહેતું જાય અને 'કેવા' 'કેવા' અને 'એવા' 'એવા' ગાંધી આપણા ચિત્ત ઉપર ઉપસતા જાય ! ગાંધીની કથની અને કરણીમાં કોઈ ભેદ નહિ. વ્યક્તિગુણો, સામાજિક ગુણો અને રાજકીય ગુણો સુધી આ ઉચ્ચાર, વિચાર અને આચારનો સમન્વય વિકસતો અને વિસ્તરતો જોઈ આપણને અચંબો થતો જાય.

એશિયામાં ગાંધીના વ્યક્તિત્વનો વિકાસ થતો દેખાય, ઇંગ્લાંડમાં નાગરિકતાની તાલીમ પામતા ગાંધી દેખાય, અને આફ્રિકામાં તો વિવિધ સાધના થકી સાધક તરીકે વિકાસ પામતા મહાત્મા બનતા રહેતાં ગાંધીના દર્શન થાય. પળે પળે અનાસક્ત યોગમય જીવન ખીલતું અને ખુલતું દેખાય, ત્યારે લાગે કે આ મહા માનવ Think Globly છે, પણ એના પાયામાં Act Localy છે. ક્ષણે ક્ષણે આત્મ નિરીક્ષણ કરતો આ માનવ, રસ્કિન, ટોલસ્ટોય, શ્રીમદ્ રાજચંદ્ર અને અનેક પુસ્તકો પુનઃ પુનઃ વાંચે અને એ સર્વ આદર્શો અક્ષરસઃ જીવનમાં અમલમાં મૂકે.

કોશેટામાંથી પતંગિયું થતો થતો આ માણસ મહા માનવ વિરાટ આકાશ બનતો જાય. એ ચિત્રદર્શનો પૂ. નારાયણભાઇના વાણી રંગથી જોવા એ જીવનનો એક લ્હાવો બની જાય.

અન્યાયનો વિરોધ કરો પણ અન્યાયની રીતે નહિ. સર્વ ધર્મ પ્રત્યે પ્રેમ, પરધર્મ પ્રત્યે આદર, અને વિધર્મ તરફ સહિષ્ણુતાનો આદર્શ જીવનભર પોતાના હૃદયમાં ધ્વનિત કરનાર આ મહાત્મા અધર્મનો વિરોધ કરવાનું પણ ચૂકે નહિ.

ગોપાલ કૃષ્ણ ગોખલેએ કહ્યું હતું કે 'હજાર વર્ષમાં ન પાક્યો હોય એવો આ ગાંધી આપણી ધરતીએ આપણને આપ્યો છે.'

ગાંધીજીએ ભારતમાં આવી ફર્સ્ટ કલાસમાં નહિ પણ થર્ડ કલાસમાં સામાન્ય માનવી સાથે બેસી સર્વ પ્રથમ ભારત દર્શન કરતાં કરતાં ભારતની ગરીબી અને અસ્પૃશ્યતા જેવા અનેક પ્રશ્નોનો અભ્યાસ કર્યો અને 'સૂટ ટાઈ'વાળા આ બેરિસ્ટરે 'પોતડી' ધારણ કરી લીધી, જીવનના અંતિમ શ્વાસ સુધી અને જગતને કહી દીધું કે ભારતની પ્રજા ભલે ગમે તેટલી ગરીબ હોય પણ એના સંસ્કારમાં ઉદારતાની ક્યારેય ખોટ પડી નથી.

Truth Force, Love Force અને Soul Force ના ઉમદા આદર્શ સાથે ભારતમાં સાબરમતી અને વર્ધા આશ્રમની સ્થાપના કરી. સત્યાગ્રહના અને અનેક પ્રકારના સેવાયજ્ઞના શ્રીગણેશ માંડ્યા, અને આત્મશુદ્ધિ માટે ઉપવાસના તપની સાધના પણ કરી.

ઈશ્વરની સમીપ રહેનારા આ મહા માનવમાં ભારતની પ્રજાએ ઈશ્વરના દર્શન કર્યા, અને એનું હૃદય તો એવું ચુંબકિય કે એમની આંખમાં આંખ પરોવો એટલે તમે એના, ગાંધીજીના થઈ જાવ. આ ચુંબકિય તત્ત્વ એટલે કથન અને આચારમાં માત્ર પૂર્ણ સત્ય, અને એમના આ ચુંબકિય તત્ત્વથી તો કેટલાં મોટા માનવોની આપણને મૂડી મળી ! ! જવાહરલાલ, વલ્લભભાઈ, રાજાજી, મૌલાના આઝાદ અને અનેકો, અનેકો, જેના પાયા ઉપર આજનું ભારત સ્થિર અને ગતિશીલ છે.

ગાંધી કથાનું જેમ જેમ શ્રવણ કરતા જઇએ તેમ તેમ પૂ. નારાયણભાઈના મુખેથી અનેક ગાંધી રહસ્યો, આદર્શો અને હૃદયસ્પંદિત પ્રસંગો આપણી સમક્ષ ખુલતા જાય, પ્રસ્તુત થતા જાય. સત્યાગ્રહો, દાંડી કૂચ, 'ક્વીટ ઇન્ડિયા', ગોળમેજી પરિષદ, આઝાદીની વ્યૂહ રચના, પૂનામાં આગાખાન મહેલમાં પૂ. મહાદેવભાઈ અને પૂ. કસ્તુરબાના દેહવિલય સમયે જેલ અધિકારીઓએ આચરેલી અમાનુષતા, પેલા મીર આલમનો કિસ્સો, ભારત પાકિસ્તાનનું વિભાજન, જનાબ ઝીણા સાથેના મતભેદો, જલિયાનવાલા બાગની ઘટનાથી ગાંધીજીના હૃદયની અકથ્ય વેદના અને કેટકેટલા પ્રસંગોનું અહીં અવતરણ કરીએ ?

પણ બે પ્રસંગ તો પ્રકાશમાં લાવવા જ જોઈએ. છેલ્લે ભારતનું સૂકાન વલ્લભભાઈને નહિ પણ નહેરુને કેમ સોંપ્યું, કારણ કે ગાંધીજી નવી સરકારની સ્થિરતા ઈચ્છતા હતા, અને એ સ્થિરતા કદાચ વલ્લભભાઈના સ્વાસ્થ્યને કારણે શક્ય ન બને. વલ્લભભાઈ ગાંધીજીના 'પેશન્ટ' હતા. ગાંધીજી વલ્લભભાઈની નાદુરસ્તીથી પૂરા વાકેફ હતા અને નવી સરકારની રચના પછી માત્ર ૧૭ મહિનામાં જ વલ્લભભાઈએ વિદાય લીધી.

૩૦ જાન્યુ. પ્રાર્થનામાં જતાં પહેલાં ગાંધીજી વલ્લભભાઈને મળે છે અને કહે છે, 'ભારતને તમારા બન્નેની જરૂર છે. તમે બન્ને સાથે રહેજો.' લોર્ડ માઉન્ટ બેટનને પણ ગાંધીજીએ આ શબ્દો કહ્યા હતાં.

૧૯૧૭માં ત્રંબકલાલ મજમુદારે કહ્યું હતું, 'આ ગાંધીજીને હિન્દુ ગોળીએ દેશે.'

૧૯૪૭માં ગાંધીજીએ મનુબેનને કહેલું, 'જો હું માંદો થઈને ખાટલામાં મરું તો સમજી લેજો કે હું મહાત્મા ન હતો, અને છાપરે ચડીને કહેજો કે ગાંધી મહાત્મા ન હતા, અને પ્રાર્થનામાં જતો હોઉં ત્યારે સામેથી ગોળી લાગે, મારા મોંમાંથી રામનું નામ નીકળે અને ગોળી મારનાર તરફ મારા મનમાં સહેજ પણ કડવાશ ન હોય તો કહેજો કે ગાંધી ઈશ્વરનો ભક્ત હતો.'

અને ૩૦ જાન્યુ. ૧૯૪૮ ના ગાંધીજીને આવું ઇચ્છા મૃત્યુ મળ્યું!

સાત દિવસ લગભગ ૨૫ કલાક મહાદેવભાઈના કુળદિપક નારાયણ દેસાઇના મુખેથી આ કથાનું શ્રવણ કરી તમે સ્વસ્થાન તરફ આગળ વધો ત્યારે કેટલીય મનની મુંઝવણો દૂર થઈ ગઈ હોય. ચિત્તે એક અનેરા વિકાસ તરફ ડગ ભર્યા હોય, જ્યાં સત્ય અને આનંદ આપણા સાથી બની ગયા હોય, ગાંધીજીની ઘણી વિશેષં ઓળખ આપણને થઈ ગઈ હોય અને ગાંધી દોષો જોવાવાળા બુદ્ધિશાળીઓને આપવાના જવાબો આપણી બુદ્ધિમાં પણ તૈયાર થઈ ગયા હોય. હજારો જોજનના કાપડને એક એક ગજથી ક્યાં સુધી માપ્યે રાખીશું? 'હત્યા'ને 'વધ'ની ગરિમા આપીને પોતાની બુદ્ધિને 'તેજસ્વી' ગણાવવાનો આ માત્ર 'મોહ' છે. પૂર્ણતઃ સફળ રાષ્ટ્રપિતાને એક કુટુંબના 'પિતા' તરીકે નિષ્ફળ ગણાવવા એ કોઈ બુદ્ધિપ્રતિભા નથી પણ કીર્તિની આભાસી ખેવના માત્ર છે, તેમજ તેમાં પૂર્ણ પ્રતિભાના સૂક્ષ્મતર આકાશને ન નિરખી શકવાની મર્યાદા છતી થતી દેખાય છે. રામને વનવાસ જવાની આજ્ઞા કરનાર દશરથના વચનપાલક તરીકના ગુણગાન, કે સીતાને વનમાં જવાની આજ્ઞા કરનાર રામના રાજા તરીકેના ગુણગાન સર્જકે માત્ર ગાવાના ન હોય, પણ એ સમયની દશરથ અને રામના હૃદયની અસંખ્ય તિક્ષ્ણ વેદનાઓને પણ પ્રગટ કરવાનો સર્જકનો કલાધર્મ છે, અને એમાં જ સર્જક તથા કલાની સાર્થકતા.

આ કથામાં માત્ર સફેદવાળ વાળા જ ન હતા, કાળા ભમ્મર વાળવાળા યુવક-યુવતીઓ પણ હતા. આજનું યૌવન આજે પણ ગાંધીમાં જ પોતાની સમસ્યાનું સમાધાન પામવાની શ્રદ્ધા રાખે છે.

સાત દિવસના શ્રવણ પછી આઝાદી પછીની આજની આપણી પરિસ્થિતિ જોઇએ તો મન ગ્લાનિથી ભરાઈ જાય, આપણે ભૌતિક સમૃદ્ધિ ઘણી કરી, ઘણી ઘણી કરી, અમેરિકાને અને અન્ય વિકસિત દેશોને આદર્શ માનીને, પણ ગાંધીને આપણે ખોઈ બેઠા છીએ, પણ એ ખોવાવાનો નથી એની પ્રતીતિ આ ગાંધી કથા.

સત્ય થોડા સમય માટે ઢંકાય છે પણ ક્યારેય ધરબાઈ-દબાઈ જતું નથી.

નારાયણભાઈની પણ આ જ વેદના છેઃ-

'ગાંધીના સપનાનું ભારત-
આજ કઈ હાલતમાં?
ગાંધી ક્યાંક હશે ભારતમાં?'

આ ગાંધી કથાનો આશય એ કોઈ ગાંધી ભક્તિ નથી પણ શ્રોતામાંથી ગાંધી શોધવાનું આ કથા દ્વારા નારાયણભાઈનું અભિયાન છે. નક્કી અહીં ક્યાંય ગાંધી છે. એ પ્રગટશે જ.

આવી ગાંધી કથા ભારતના બધાં જ વિધાન સભ્યો અને આપણા વહિવટકારોને અદબ વાળીને બેસાડીને એ બધાંના કાનમાં ટીપે ટીપે રેડવી જોઈએ. આ કથાનો એકાદ 'કટકો' પણ એ બધાં આચરણમાં મૂકે તો ભારતનું સદ્ભાગ્ય!'

આજનો યુવાન તો એ સાંભળવાનો જ અને અમલમાં મૂકવાનો પ્રમાણિક પ્રયત્ન પણ કરવાનો. પણ રાજ્ય વહિવટકારની સાથોસાથ ધર્મધૂરંધરોને પણ એ શ્રવણ કરવું એટલું જ જરૂરી છે. પણ આ બધાં માટે આપણને એક નહિ, સો નારાયણ દેસાઈ જોઇશે, પાકશે જ, મળશે જ.

આ કથાનું શ્રવણ એ મનોરંજન નથી, ચિત્તરંજન પણ નથી, પણ સચ્ચિદાનંદ અને શુભ તરફ ગતિ કરતો ચિત્ત વિકાસ છે.

**-ધનવંત શાહ**

(શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુર, જતાં જતાં હમણાં જ પૂ. તારાબહેને મને સમાચાર આપ્યાં કે, આ માસમાં આ આશ્રમમાં 'ગાંધી કથા' નું આયોજન થયું છે. આ સંસ્થાના આત્માને આ આયોજન માટે મારા વંદન અને આયોજકોને ધન્યવાદ!)

## આચમન

રામ, કૃષ્ણ અને શિવ એ ભારતમાં પૂર્ણતાનાં ત્રણ મહાન સ્વપ્ન છે. બધાંનો પંથ અલગ-અલગ છે. રામની પૂર્ણતા મર્યાદિત વ્યક્તિત્વમાં છે, કૃષ્ણની પુર્ણતા મુક્ત અર્થાત્ સંપૂર્ણ વ્યક્તિત્વમાં, અને શિવની અસીમ વ્યક્તિત્વમાં. પરંતુ એ દરેક પૂર્ણ છે. કોઈ પણ એકનુંએક અથવા અન્યથી વધારે અથવા ઓછું પૂર્ણ હોવું એ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પૂર્ણતામાં તફાવત કેવી રીતે હોઈ શકે? પૂર્ણતામાં ફક્ત ગુણ અને પ્રકારનું અંતર હોય છે. પ્રત્યેક વ્યક્તિ પોતાની પસંદગી કરી શકે છે અથવા પોતાના જીવનની કોઈ વિશેષ ક્ષણ સાથે સંલગ્ન ગુણ અથવા પૂર્ણતા પસંદ કરી શકે છે...

ગાંધી રામના મહાન વંશજ હતા. અંતિમ ક્ષણોમાં એમની જીહ્વા ઉપર રામનું જ નામ હતું. એમણે મર્યાદાપુરુષોત્તમ રામના બીબામાં એમના જીવનને ઢાળી દેશવાસીઓને ઢંઢોળ્યા. તેમ છતાં તેમનામાં કૃષ્ણની એક મહત્તમ અને પ્રભાવશાળી છાપ જોઈ શકાય છે. એમનાં પત્ર અને ભાષણ જ્યારે દૈનિક અને સાપ્તાહિકમાં આવતાં હતાં ત્યારે એકસૂત્રી લાગતાં હતાં, પરંતુ એમના મૃત્યુ બાદ એને સળંગ રૂપે વાંચવાથી એમની નીતિકુશળતા તથાચતુરાઈનો પરિચય થાય છે. મથુરાએ દ્વારિકાનો બદલો ચૂકવ્યો. દ્વારિકાનો પુત્ર જમુનાકિનારે માર્યો ગયો અને ત્યાં જ એને અગ્નિદાહ દેવાયો. હજારો વર્ષો પહેલાં જમુનાનો પુત્ર દ્વારિકા પાસે મર્યો અને ત્યાં જ તેને અગ્નિસંસ્કાર દેવાયાં. પરંતુ દ્વારિકાનો આ પુત્ર મર્યાદાપુરુષોત્તમ પ્રતિ વધારે અભિમુખ હતો. પોતાના જીવનને અયોધ્યાના માળખામાં પુરવામાં તેઓ કામયાબ પણ થયાં. તેમ છતાં ઉપરોક્ત બંનેના અજાયબ અને વિરલ સંમિશ્રણરૂપ તેઓ હતા.

આજે તાજા કલમમાં હું ઉમેરવા ઇચ્છું છું કે ગાંધીજીના મૃત્યુના બાર વર્ષ બાદ પાંચથી ઉપર વર્ષથી મેં ધૂમ્રપાન કર્યું નથી. હુ જો કે કહી શકું નહિં કે લોકો સાથેની મારી એકાત્મતા પણ એટલી જ ઊંચી રહી છે. તેમ છતાં ગાંધીજી સાથેની વાતચીતનો એક અંશ હું આપવા માંગું છું કે જેથી મારાં વખાણ કરતાં ગાંધીજીના મૂલ્યોનો ક્રમ શો છે તેનો ખ્યાલ આવે. એમણે કહ્યું કે હું બહાદુર છું, પણ મારા સાથીદારોમાં બીજાં ઘણાં વધારે બહાદુર હશે. એમ તો વાઘ પણ ક્યાં બહાદુર નથી હોતો? એમણે આગળ ચલાવ્યું કે મારા જૂથમાં મારાં કરતાં વધારે બુદ્ધિશાળી હશે. પણ આમ તો વકીલ પણ બુદ્ધિશાળી જ હોય છે. પછી એ નિષ્કર્ષ ઉપર આવ્યા કે હું 'ચારિત્ર્યશીલ' છું; એટલે કે મારામાં ચારિત્ર્યનું સાતત્ય છે...ગાંધીજીએ કેટલીક વાર લોકોને પહેચાનવામાં ભૂલ કરી છે. ક્યારેક મને લાગે છે કે મારા ઉપરના સ્નેહને કારણે અને મારા વિશે પૂરતી માહિતી ન હોવાને કારણે એમના નિષ્કર્ષમાં ભૂલ થઈ હોય, પણ એમણે કહ્યું એ સાચું હોય તો મને ઘણો આનંદ થાય. બહાદુરી એટલી નહીં, બુદ્ધિ કે વિદ્વત્તા નહીં, ચારિત્ર્યનું સાતત્ય એ કાયમી માનવીય મૂલ્ય છે.

**-રામ મનોહર લોહિયા**

# રાષ્ટ્રીયતાના જ્યોતિર્ધરની 'ભવાની ભારતી'

□ ડૉ. રણજિત એમ. પટેલ (અનામી)

(મહર્ષી અરવિંદના 'ભવાની ભારતી' સંસ્કૃત કાવ્યનું આ શતાબ્દી વર્ષ છે, એ નિમિત્તે આ લેખ વાચક મહાનુભાવોના કરકમળોમાં.–તંત્રી )

હાઈસ્કૂલનાં મારા અભ્યાસકાળ દરમિયાન રાષ્ટ્રની જે ત્રણ વિભૂતિઓની પ્રબળ અસર નીચે હું આવ્યો તે વિભૂતિ ત્રિપુટીમાં મહાત્મા ગાંધી, કવિવર રવીન્દ્રનાથ ટાગોર અને અરવિંદ ઘોષનો સમાવેશ થાય છે. આ ત્રણની જ અસર થવાનું એક બાહ્ય કારણ પણ હતું. એ કારણમાં પણ અમારી શિક્ષક–ત્રિપુટીને ગણાવી શકાય. અમારા ઋષિ જેવા આચાર્ય શ્રી બાપુભાઈ ગામી મહર્ષિ અરવિંદના સારા અભ્યાસી ને અનુયાયી જેવા હતા. દિવાળી ને ઉનાળાની રજાઓમાં તે નિયમિત પૉંડિચેરી જતા ને એમનું જીવન પણ કોઈ મીની–યોગી જેવું હતું. બીજા અમારા એક શિક્ષક શ્રી પોપટલાલ ગુલાબદાસ પટેલ ગાંધીજીના વિદ્યાપીઠના સ્નાતક હતા અને મોટે ભાગે ગાંધીજીનાં અગિયાર વ્રતોનું પાલન કરનાર હતા. ત્રીજા શિક્ષક શ્રી ઉમેદભાઈ આર. પટેલ ગુરુદેવ ટાગોરની સંસ્થાના સ્નાતક હતા ને સંગીત, નૃત્ય, નાટકના ખૂબ શોખીન હતા. ઉપર્યુક્ત ત્રણ રાષ્ટ્રીય વિભૂતિઓ ઉપરાંત સ્વામી વિવેકાનંદની અસર પણ ઠીક ઠીક હતી. આ ચારેયના વ્યક્તિત્વનાં વ્યાવર્તક લક્ષણ જોતાં તેમને રાષ્ટ્રવાદી ને રાષ્ટ્રીયતાના જ્યોતિર્ધર પણ કહી શકાય. આશ્ચર્યની વાત તો એ છે કે એ ચારમાંથી ત્રણ બંગાળી છે ને એક ગુજરાતી. એ ચારમાંથી ત્રણ તો કિશોર કે યુવાવસ્થામાં ઈંગ્લૅંડમાં ભણવા જનાર છે. ને વિવેકાનંદ તો સંન્યાસી થઈને હરતાં ફરતાં અમેરિકામાં જઈ ચઢ્યા, ને વિશ્વ ધર્મ પરિષદમાં ઐતિહાસિક વ્યાખ્યાન આપીને હિંદુ ધર્મની હાક વગાડીને કેસરી સંન્યાસી તરીકે ભગિની નિવેદિતા જેવી સવાઈ ભારતીય આર્ય સન્નારીને જિંદગી ભર ભારતની સેવા કરવા લઈ આવે છે. અમારા ઉપર અસર કરનાર તે વખતે 'સ્વરાજ અમારો જન્મસિદ્ધ હક છે ને હું લઈને રહીશ જ.' એવું સ્વરાજનું સંજીવની સૂત્ર આપનાર લોકમાન્ય તિલક હતા. પણ ગમે તે કારણે પેલી ચાર રાષ્ટ્રીય વિભૂતિઓની અસર હતી તેવી તિલકની ન હોતી. લોકપ્રિયતા જ જો મહત્તાની પારાશીશી હોય તો અત્યાર સુધીમાં તિલક ને ગાંધીજીની સ્મશાન યાત્રાઓ જેવી વિરાટ સ્મશાન યાત્રાઓ ભારતે અન્ય કોઈની જોઈ નથી.

એ પછી તો વિવેકાનંદનું અકાળે અવસાન થયું. શ્રી અરવિંદે ઉદ્દામ સક્રિય રાજકારણને તિલાંજલિ આપી અતિમનસની અણજાણ ભોમમાં મહાભિનિષ્ક્રમણ કર્યું. ટાગોરે વિશ્વમાનવ વિશ્વનીડનું આયોજન કર્યું. ને મહાત્મા ગાંધી ૧૯૨૦ પછી ૧૯૪૪ સુધી ભારતના ફલક પર છવાઈ ગયા. સ્વરાજ પ્રાપ્તિ કરતાં પણ એમને મન હિંદુ મુસ્લિમ એકતા, અસ્પૃશ્યતા નિવારણ અને ક્રાંતિકારીઓને ઠંડા પાડવાનો પ્રશ્ન મહત્ત્વનો હતો ને અસહકારની રાષ્ટ્રવ્યાપી લડતો કરતાં પણ ઉપર્યુક્ત ત્રણ પ્રશ્નોની પાછળ એમનો એક દાયકો વીતી ગયો.

શ્રી લાલબહાદુર શાસ્ત્રી વિદ્યાલયમાં તા. ૩૦–૧૨–૦૪ રવિના રોજ યોજાયેલ પૂ. બાપુના ૫૭મા નિર્વાણ દિને ડૉ. રમણલાલ પાઠકે મને 'શ્રી અરવિંદ રચિત ભવાની ભારતી' નામની સંસ્કૃત કાવ્ય રચનાની એક સુંદર પુસ્તિકા આપીને તત્સંબંધે મારો પ્રતિભાવ જાણવા માંગ્યો. આંખોની નબળાઈ ને અવસ્થાને કારણે મારાથી હવે ખાસ કંઈ વંચાતું નથી પણ ડૉ. પાઠકના સદ્‌ભાવને હું જીરવી શક્યો નહીં. ને બે શબ્દો લખવા તૈયાર થયો. ઉપજાતિ છંદમાં, ૯૯ સંસ્કૃત શ્લોકોમાં અભિવ્યક્ત થયેલ શ્રી અરવિંદની રાષ્ટ્રીયતાની ને રાષ્ટ્રભક્તિની વિભાવનાને અવલોકતાં પહેલાં આપણે એમના વ્યક્તિત્વને વિકસાવનાર ને પોષનાર કેટલાંક કૌટુંબિક ને દેશકાળનાં પરિબળોનો પણ વિચાર કરીએ.

પંદરમી ઓગષ્ટ એ આપણા દેશના જીવનમાં અત્યંત મહત્ત્વની તારીખ છે. પંદરમી ઓગષ્ટ એ ભારતીય સ્વાતંત્ર્યનો મંગલ દિન. પંદરમી ઓગષ્ટ એ વિવેકાનંદના ગુરુ સ્વામી રામકૃષ્ણ પરમહંસની મહા–સમાધિનો શુભ–દિન. પંદરમી ઓગષ્ટ એ ભવિષ્યમાં થનાર મહાયોગી શ્રી અરવિંદનો પણ જન્મ દિન.

ડૉ. કૃષ્ણધન પિતા અને સ્વર્ણલતા દેવી માતાની કૂખે ઈ. સ. ૧૮૭૨માં કલકત્તા શહેરમાં સવારે ૪-૫૦ કલાકે ઓગષ્ટ માસની પંદરમીએ બાલ–અરવિંદનો શુભ જન્મ થયો. આજથી લગભગ ૧૩૩ વર્ષ પહેલાં. બાલ અરવિંદના જન્મ ટાણે આપણા દેશમાં રાષ્ટ્રવાદનો જન્મ થઈ ચૂક્યો હતો. રાજા રામ મોહનરાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, માઈકલ મધુસૂદન દત્ત, બંકિમચંદ્ર, દેવેન્દ્રનાથ, કેશવચંદ્ર સેન, રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ, અવનીન્દ્રનાથ, પ્રફુલ્લચંદ્ર રે, જગદીશચંદ્ર બોઝ વગેરે સમર્થ મહાનુભાવો બંગાળમાં, અને મિસિસ એનીબેસંટ, સુબ્રહ્મણ્યમ્ અય્યર, કસ્તુરી રંગા આયંગર, કે. ટી. તેલંગ, મહાદેવ રાનડે, ગોપાલ કૃષ્ણ ગોખલે, લોકમાન્ય તિલક, સ્વામી દયાનંદ, લાલા લજપતરાય, દાદાભાઈ નવરોજજી, ફિરોજશાહ મહેતા, અને આનંદકુમાર સ્વામી જેવા વિદ્વાન મહાનુભાવો દેશના અન્ય ભાગોમાં આ રાષ્ટ્રવાદને જન્માવવામાં ને પોષવામાં અગત્યનો ભાગ ભજવી રહ્યા હતા. રાષ્ટ્રવાદના જુવાળના આવા કાળમાં પણ શ્રી અરવિંદના પિતા ડૉ. કૃષ્ણધન અંગ્રેજો, અંગ્રેજી ભાષા, અંગ્રેજી રહેણીકરણી ને વિચારસરણીના અઠંગ ઉપાસક અને પરમ આગ્રહી હતા. આ આગ્રહને કારણે કેવળ સાત વર્ષના અરવિંદને તેમણે અભ્યાસ કાજે ઇંગ્લૅંડ મોકલ્યા. અરવિંદના પિતાજી પણ ઇંગ્લૅંડના એમ. ડી. હતા. માતા સ્વર્ણલતા પણ વિદુષી સાધ્વી–સન્નારી હતાં. રામાનંદ ચેટરજીએ ડૉ. કૃષ્ણધનને ભારતીય રાષ્ટ્રવાદના પિતામહ કહેલા. એમનામાં એમના પિતા ઋષિ રાજનારાયણ બોઝના ધાર્મિક સંસ્કાર ઉતર્યા હતા. અરવિંદનાં માતાની લેખિની શક્તિ પણ સારી હતી.

પશ્ચિમની દીક્ષા–શિક્ષા પામેલા પિતાએ એમના ત્રણેય પુત્રોને ચૌદ વર્ષ સુધી ઇંગ્લૅંડમાં અભ્યાસ કરાવ્યો. નાનપણથી જ શ્રી અરવિંદનું અંગ્રેજી સારું. પ્રારંભિક શિક્ષણ લેટિનમાં મળ્યું. સેન્ટપોલ સ્કૂલમાં ગ્રીક ભાષાનું શિક્ષણ મળ્યું. આમ અંગ્રેજી ગ્રીક અને લેટિનમાં તેઓ પાવરધા થયા. સત્તરમાં વર્ષે તેઓ કેમ્બ્રીજ વિશ્વ

વિદ્યાલયમાં દાખલ થયા અને બે વર્ષમાં જ પ્રથમ વર્ગમાં ટાયપસ સાથે ઉત્તીર્ણ થયા. ૧૮૯૦ માં તેઓ આઈ.સી.એસ. ઈન્ડિયન સિવિલ સર્વિસની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા. બ્રિટીશ સરકારને એમની ઉગ્ર રાજનીતિની વિચારસરણી અણગમતી હોવાને કારણે ઘોડે સવારીના ઠાલા બહાના નીચે આઈ.સી.એસ.થી વંચિત રાખ્યા. ચૌદ સાલ બાદ ઈ. સ. ૧૮૯૩ના ફેબ્રુઆરીમાં શ્રી અરવિંદ ભારત આવવા ઇંગ્લેંડથી સ્ટીમરમાં નીકળ્યા. પણ એક કરુણ ભૂલને કારણે ડૉ. કૃષ્ણધન પોતાના પ્રિય પુત્ર શ્રી અરવિંદનું મુખારવિંદ જોઈ શક્યા નહીં. એમના બેન્કરોએ અરવિંદ જે સ્ટીમરમાં નીકળેલા તે સ્ટીમર ડૂબી ગઈ છે તેવા સમચાર આપ્યા. આ કરુણ સમાચારથી પિતાનું હૃદય બંધ પડી ગયું. વસ્તુતઃ શ્રી અરવિંદ 'કાર્થેજ' નામની બીજી સ્ટીમરમાં સહીસલામત મુંબઈ ઉતરેલા.

ભારતની ભૂમિ પર ડગ માંડતાં જ એમનામાં આપણા પ્રાચીન વારસાના સંસ્કાર જાગૃત થયા. પશ્ચિમની અસરથી તે તરબતર હતા. પણ પૂર્વને સાવ ભૂલ્યા ન હતા. ૧૮૯૩ થી ૧૯૦૬ સુધીમાં એ તેર વર્ષોમાં તેમણે ઠીક ઠીક સાધના કરી અને ભવિષ્યની રાજકીય અને આધ્યાત્મિક સિદ્ધિ માટેની પૂર્વ ભૂમિકા તૈયાર કરી. ૧૮૯૩માં ઇંગ્લેંડથી પાછા ફરીને તરત જ તે વડોદરા રાજ્યની નોકરીમાં રૂા. ૨૦૦ના પગારે જોડાયા ને ૧૯૦૬ માં તો એમની વિદ્વતા ને નિષ્ઠાને કારણે વડોદરા કૉલેજના વાઈસ પ્રિન્સિપાલ પદે રૂા. ૭૫૦ના દરજ્જે પહોંચ્યા. આ સમય દરમિયાન તેમણે બંગાળી અને સંસ્કૃતનો પ્રથમ વાર જ ઠીક ઠીક અભ્યાસ કર્યો. અને વેદ, ઉપનિષદ, ગીતા, રામાયણ, મહાભારતમાંથી નૂતન પ્રકાશ ને પ્રેરણા પ્રાપ્ત કર્યાં. ભવિષ્યના મહાયોગીનાં બી પણ અહીં નંખાયાં. દાન્તેની ડીવાઈન કોમેડી અને મિલ્ટનના પેરેડાઈઝ લોસ્ટ જેવાં મહાકાવ્યોના ગજાવાળા 'સાવિત્રી' મહાકાવ્યની શરૂઆત પણ અહીં જ થઈ. દેશભક્તિના ને રાજકારણના અંકુર અહીં ફૂટ્યા.

ઈ. સ. ૧૯૦૧ના એપ્રિલમાં તેમનું મૃણાલિની દેવી સાથે લગ્ન થયું. ઈ. સ. ૧૯૧૮ માં ઈન્ફ્લુએંઝાના કારણે મૃણાલિની દેવીનું કલકત્તામાં અકાળે અવસાન થયું. આ અઢાર વર્ષનો લગ્નકાળ એ સંસારી ભોગ ભોગવવાનો કાળ ન હતો. પણ સાચા અર્થમાં ધર્મ-સહચાર હતો. મૃણાલિની દેવીને લખાયેલા અનેક સુંદર પત્રોમાં શ્રી અરવિંદના ભાવનાશીલ વ્યક્તિત્વનો અચ્છો ચિતાર જોવા મળે છે. એક પત્રમાં તેઓ લખે છે. 'મારો દૃઢ વિશ્વાસ છે કે ભગવાને જે ગુણ, પ્રતિભા, જે ઉચ્ચ શિક્ષા અને વિદ્યા ને ધન આપ્યું છે તે સર્વ ભગવાનનું જ છે. પરિવારના ભરણપોષણનું અનિવાર્ય ખર્ચ કરવાનો જ આપણો અધિકાર છે. એ પછી જે શેષ વધે તે ભગવાનને ચરણે સમર્પિત કરવું ઘટે. હું કેવળ મારા જ સુખવિલાસ માટે ખર્ચ કરું તો હું ચોર ઠરું...આ દુર્દિનમાં સમસ્ત દેશ મારા ઘર પર આશ્રિત છે. આ દેશમાં મારાં ત્રીસ કરોડ ભાંડું છે. એમાંથી મોટા ભાગનાં અન્નના અભાવે મરી રહ્યાં છે અને બીજાં કેટલાંક જે અન્ય કષ્ટો અને વિવિધ દુઃખોથી જર્જરિત છે...ને જે કોઈક પ્રકારે બચી ગયાં છે તેમનું ભલું કરવું જોઇએ.' એમના રાજકારણમાં ને એમની દેશભક્તિમાં અધ્યાત્મનો સંસ્પર્શ હતો. સને ૧૯૦૬ માં ભક્તિ અને દેશભક્તિને સક્રિય બનાવવા વડોદરાની રૂા. ૭૫૦ની નોકરી છોડીને બંગાળ નેશનલ કૉલેજમાં અંગ્રેજીના પ્રોફેસર તરીકે રૂપિયા દોઢસોની નોકરી સ્વીકારી. 'યુગાન્તર' અને વંદેમાતરમ્'માં અનેક વિષયો પર લેખો લખી પ્રજા જાગૃતિ ને દેશોન્નતિનું કાર્ય કર્યું. શ્રી અરવિંદને તે સમયના રાજકારણમાં નેતાઓ...જેવા કે ફિરોજશાહ મહેતા, ગોખલે, રાસ વિહારી ઘોષ-વગેરેની વિનીત નીતિ પસંદ નહોતી. કંઈક અંશે તે લોકમાન્ય તિલકની ઉદ્દામવાદી નીતિ તરફ ઢળેલા હતા. ૧૯૦૮માં 'માણિકવલ્લા બોમ્બ કેસ' અથવા 'અલીપોર કેસ'માં શ્રી અરવિંદની ધરપકડ થઈ. જેલમાં તેમને જેલ, જેલર, પોલિસ, કોર્ટ, પ્રતિવાદી જજ...બધું જ 'વસુદેવમ્ સર્વમ્' સમું ભાસ્યું. ત્યારબાદ એમના જીવનની દિશા જ બદલાઈ ગઈ. એ પછી એમણે બંધ પડેલ 'વંદે માતરમ્'ને બદલે અંગ્રેજીમાં 'કર્મયોગીન' અને બંગાળીમાં 'ધર્મ' નામે અઠવાડિક શરૂ કર્યાં. વ્યવસ્થિત યોગ-સાધનાના આશયથી તેઓ તા. ૪-૪-૧૯૧૦ ના રોજ પૉંડિચેરી ચાલ્યા ગયા. તા. ૫-૧૨-૧૯૫૦ ના રોજ તેમનો દેહોત્સર્ગ થયો. ત્યાં સુધી ખાસ્સા ચાર દાયકા સુધી પૉંડિચેરીમાં આશ્રમ સ્થાપી તેમણે પૂર્ણ યોગ સુધી વિકાસ સાધ્યો. પૂર્ણયોગ, દિવ્ય જીવન (Divine Life), ગીતા (Essays on Gita), મહાકાવ્ય સાવિત્રી, ધ ફ્યુચર પોએટ્રી વગેરે તેમના ગૌરવ ગ્રંથો છે.

શ્રી અરવિંદની દેશભક્તિ અને પ્રભુ-ભક્તિમાં ઝાઝું અંતર ન હોતું. પત્ની પરના એક પત્રમાં તેઓ સ્વદેશની કલ્પના આ રીતે રજુ કરે છે. 'લોકો સ્વદેશને જડ પદાર્થ-કૈંક મેદાન, ખેતર, વન, પર્વત, નદી ઇત્યાદિ સમજે છે. સ્વદેશને હું 'મા' સમજું છું. એની હું ભક્તિ કરું છું, પૂજા કરું છું. હું જાણું છું કે આ પતિત જાતિનો ઉદ્ધાર કરવાનું બળ મારામાં છે. શારીરિક બળ નહીં. તલવાર બંદૂક લઈને હું યુદ્ધ કરવા જતો નથી. મારું બળ જ્ઞાનનું છે. ક્ષાત્રતેજ એ જ કેવળ બળ નથી. બ્રહ્મતેજ પણ છે. આ તેજ જ્ઞાનની ઉપર પ્રતિષ્ઠિત છે.'

'બંકિમ-તિલક-દયાનંદ' નામના પુસ્તકમાં તેઓ લખે છે. 'વંદે માતરમ્' મંત્રે એક દિવસમાં સમસ્ત જન સમાજને દેશ ભક્તિનો ધર્મ વ્યાપક કર્યો. એ મંત્રમાં માએ પોતાનું સ્વરૂપ વ્યક્ત કર્યું છે. એક વાર માનું સ્વરૂપ દર્શન થયા બાદ આ રાષ્ટ્રને આરામ ક્યાંથી? ચેન ક્યાંથી? નિદ્રા ક્યાંથી? જ્યાં સુધી માનું ભવન પૂર્ણ ન બને, તેમાં માતૃ મૂર્તિની સ્થાપના ન થાય અને માના ચરણમાં પૂર્ણ બલિદાન ન દેવાય ત્યાં સુધી બધું જ વ્યર્થ. એકવાર માનું સ્વરૂપ પિછાન્યા પછી આ મહાન રાષ્ટ્ર શું કોઈ આતતાયી વિજેતાનું ગુલામ રહી શકે? સને ૧૯૦૪-૦૫ના ગાળામાં લખાયેલું તેમનું 'ભવાની ભારતી' નામનું સંસ્કૃત કાવ્ય તેમની આ રાષ્ટ્રીય અને ક્રાંતિકારી વિચારધારાનું સદ્ધર નક્કર કાવ્યાત્મક ઉદાહરણ છે.

આપણે ત્યાં તો જે કોઈ વસ્તુમાં વિશેષ પ્રમાણમાં દૈવત દેખાય, વિભૂતિ તત્ત્વ દેખાય તેનામાં દેવી દેવતાનું આરોપણ કરવાની એક પ્રથા-પ્રણાલિકા છે. માતૃદેવો ભવ એનું ઉદાહરણ છે. 'જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસી'માં પણ એનું દર્શન થાય છે. જન્મભૂમિમાં જનનીનું દર્શન અથવા જન્મભૂમિ એ જ જનની એવી એક વિચારધારા પ્રચલિત હતી. આદિ શંકરાચાર્યે તેમનાં 'લલિત

પંચકમ્', 'મીનાક્ષી પંચરત્નમ્', 'આનંદ લહરી' અને ભવાન્યષ્ટકમ્'માં આવા ભાવનું નિરૂપણ કરેલું છે. 'દેવ્ય પરાધક્ષમાપન સ્તોત્રમ્‌માં (શ્લોક-૮) તે ગાય છે.

'ન મોક્ષસ્યાકાંક્ષા ભવ વિભવ વાંછાપિ ચ નમે
ન વિજ્ઞાનાપેક્ષા શશિમુખિ સુખેચ્છા પિ ન પુનઃ ।
અતસ્તવાં સંપાયે જનનિ જનનં યાતુ ચનયૈ
મૃડાની રુદ્રાણિ શિવ શિવ ભવાનિતિ જપતઃ ।।

શક્તિ ભક્તિ સ્વરૂપા માતૃ દિવ્યતાનું સ્તોત્ર ગાતાં શંકરાચાર્ય ગાય છે. 'હે ચંદ્રમુખી માતા ! મને મોક્ષની અભિપ્સા નથી. સાંસારિક વૈભવ–ઐશ્વર્યની લાલસા નથી. વિજ્ઞાન કે સુખની અભિલાષા નથી. આથી હે વત્સલ માતા ! આપની પાસે એટલું જ માંગું છું કે મારું સમગ્ર આયુષ્ય અનુદિન મૃડાની રુદ્રાણી શિવ શિવ ભવાની આદિ નામોનું જપન કરતાં વીતી જાય.' ભારતનાં અન્ય રાજ્યો કરતાં બંગાળમાં માતૃશક્તિની ઉપાસના-દુર્ગાની સાધના વિશેષ છે. પણ ભારત માતાની મૂર્તિના મૂર્તિકરણ સંબંધે સ્વામી આનંદ લખે છે. ૧૯૦૪–૦૫ની સાલ. લોર્ડ કર્ઝને બંગાળના ભાગલા પાડ્યા. ત્યાંના ગવર્નર બેમ્ફાઈડ ફુલ્લરે હિંદના હિંદુ મુસલમાનને બ્રિટીશ હકુમતની અણમાનીતી ને માનીતી બૈયરી કહ્યા. આખા હિંદની પ્રજા બેઠી થઈ ગઈ. દેશની ત્રીસ કોટિ પ્રજાને કંઠેથી 'વંદે માતરમ્' નો ઘોષ ઉઠ્યો.

ત્રિંશ કોટિ કંઠ કલદલ નિનાદ કરાલે
દ્વિત્રિંશ કોટિ ભુજૈ ર્ધત–ખર–કરવાલે
કે બોલે, મા ! તું મિ અબલે ?

એજ દિવસોમાં અમદાવાદના એક અજ્ઞાત ડ્રોઈંગ માસ્તરે મુકુટ–ત્રિશૂળધારિણી દેવીનું ચિત્ર દોર્યું. રવિ વર્માની લક્ષ્મી સરસ્વતીની હરોળનું નામ દીધું: 'હિંદ દેવી.' આ ચિત્ર વીજળી વેગે રાજા મહારાજાના મહેલોમાંથી માંડીને શહેર ગામ ચોરે ચૌટે ને પાનવાળાની દુકાનો સુધી, કાશ્મીરથી કન્યાકુમારી સુધી દેશને ખૂણે ખૂણે ફેલાઈ ગયું. ખુદ કવિવર ટાગોરે પણ તે પર મુગ્ધ થઈને 'અયિ ભુવન મન મોહિની'વાળું અમર ગીત લખ્યું : આ ભારત માતા હિંદ મહાસાગરના અગાધ જળ રાશિમાંથી અચાનક સીધી અંબા દુર્ગા ભદ્રકાળી જોડે બેસી ગઈ. જીવન જ્યોત કુળસ્વામિની બનીને ત્રીસ કરોડ હિંદી વાસીઓને હૈયે જડાઈ ગઈ. દેશનું આબાલ વૃદ્ધ સૌ કોઈ એની પ્રીતિ ભક્તિમાં ન્યોછાવર થવા થનગની ઊઠ્યું. ગામે ગામ રણ (ફોજ, મેદની) ઊઠ્યાં. લાલ, બાલ, પાલનાં અને હિંદના દાદા દાદાભાઈ નવરોજજીનાં નામ આખા દેશમાં ગાજી ઊઠ્યાં. ચોરે ચૌટે ગામ ભાગોળે ને શાળા કૉલેજોમાં ભાવનાના ચરુ ઉકળે. મવાળીયા આગેવાન બધા આથમી ગયા. સ્વદેશી, બોયકોટે દેશના આવા રાષ્ટ્રીય માહોલમાં રાષ્ટ્રીયતાના જ્યોતિર્ધર ને ઉદ્દામ ક્રાંતિકારી શ્રી અરવિંદ 'ભવાની ભારતી' જેવું રાષ્ટ્ર ભક્તિનું ૯૯ સંસ્કૃત શ્લોકનું દીર્ઘ કાવ્ય ન લખે તો જ નવાઈ ! બંગાળના ભાગલા ને આ દીર્ઘ સંસ્કૃત કાવ્યની રચના–સાલ એક જ છે. એ દૃષ્ટિએ પણ એનું ઐતિહાસિક મહત્ત્વ છે. વર્ષો પૂર્વે શ્રી અરવિંદે ભારતી માતાના ઉત્થાન કાજે કહેલું કે 'આપણે સાત સમુદ્રની પરિક્રમા કરીએ અને દેશાંતરનું જ્ઞાન મેળવીએ તે આપણા દેશની રિદ્ધિ સિદ્ધિ વધારવા માટે જ. માતૃભૂમિની ભક્તિ આપણી નસેનસમાં વહેતી રહે–તેની જ પ્રગતિ સાધવાને જ્ઞાન મેળવીએ અને યાત્રા કરીએ. તે જ આપણા અંતરનું અને જીવનનું મધ્ય બિંદુ બને એ ખરો રાષ્ટ્ર ધર્મ આપણે ન જ ચૂકીએ.'

પૃથ્વીને, સ્વદેશને માતા તરીકે જોવાની ને ભજવાની આપણા શાસ્ત્રોમાં ને આપણા રક્તમાં રૂઢ ને દૃઢ થઈ ગયેલો એક સંસ્કાર છે. એક ભવ્ય દિવ્ય રૂપક દ્વારા આ વાત વ્યક્ત થાય છે.

'સમુદ્ર વસને દેવિ ! પર્વત સ્તન મંડલે ।
વિષ્ણુ પત્નિ ! નમસ્તુભ્યમ્ પાદ સ્પર્શ ક્ષમસ્વ મે ।।

'સમુદ્ર રૂપી વસ્ત્રોવાળી, પર્વતો રૂપી સ્તનવાળી વિષ્ણુની પત્ની હે પૃથ્વીમાતા ! હું તને નમસ્કાર કરું છું. મારા પગથી હું તને સ્પર્શ કરું છું. એ અપરાધને માટે મને ક્ષમા કરજે.'

દુર્ગા સપ્તશતીમાં 'યા દેવી સર્વ ભૂતેષુ' કહી એની સર્વ વ્યાપકતાનો નિર્દેશ કર્યો છે. રાષ્ટ્રીયતાના જુવાળ અને ક્રાન્તિની હાકલ સાથે ભારતની અનેક ભાષાના કવિઓએ પણ ભારત માતાની પરાધીનતામાંથી મુક્તિની આક્રોશભરી ઘોષણા કરી છે. 'વંદે માતરમ્'માં કવિ એની જનશક્તિ–બહુલતા ગાઈ કહે છે. 'કે બોલે મા તુમિ અબલે ?' ભારત માતાની આર્ય સંસ્કૃતિની ગરિમા ગાતાં રવીન્દ્રનાથ ગાય છે.

પ્રથમ ભારત ઉદય તવ ગગને
પ્રથમ સામ રવ તવ તપોવને
પ્રથમ પ્રચારિત તવ વન ભવને
જ્ઞાન ધર્મ કૃત્ય પુણ્યકાહિની

દ્વિજેન્દ્રલાલ રાય પણ માતૃસ્વરૂપને ગાય છે.

તુ મિ તો મા સેઈ તુ મિ તો ના સેઈ
ચિર ગરીયસી, ધન્યા આર્ય મા !

'આમાર દેશ' એ દ્વિજેન્દ્રલાલ રાયની આમ તો બંગાળની કવિતા છે, પણ ત્યાં ય તે તેને માતૃસ્વરૂપે ગાય છે.

'બંગ આમાર, જનની આમાર.'
ધાત્રી આમાર આમાર દેશ.'

'બંગ'ને બદલે ભારત મૂકીએ તો પણ દેહલી દીપકન્યાયે તે બન્નેને ગાય છે.' આમાર દેશ ! જેવું એમણે 'આમાર જન્મભૂમિ' નામે દેશભક્તિનું કાવ્ય લખ્યું છે. જેના અંતમાં આ માતૃભૂમિના ખોળામાં જ મરવાની લાગણી, ભાવના કે વાસના પ્રગટ કરી છે.

'આમાર એઈ દેશ તે જન્મ
જેન એઈ દેશ જેન મરિ.'

આ ઉપરાંત 'સરફરોશી કી તમન્ના' વાળા રામપ્રસાદ બિસ્મિલ્લ, 'મેરા વતન યહી હૈ' અને 'સારે જહાં સે અચ્છા'વાળા ઇકબાલ, 'આ ગયા હૈ કર્મયુગ કુછ કર્મ કરના શીખ લો' વાળા સત્યદેવ 'યે ભારત વર્ષ હમારા હૈ' વાળા માધવ, 'દશહરા ઔર મુહર્રમ'વાળા 'ત્રિશૂલ', (હમેં હકકે લિયે જીના હૈ ઔર હક હી કે લિયે મરના હૈ) 'અય માતૃભૂમિ તેરે ચરણોં મેં શિશ નમાઉં'વાળા ઈન્દ્ર અને, મેરી જાં ન રહે મેરા સર ન રહે, સામાં ન રહે, ન યે સાજ રહે ફક્ત હિંદ મેરા આઝાદ રહે, (મેરી) માતા કે સર પર તાજ રહે'વાળા માધવ અને કવિ ખબરદારની 'અમારો દેશ'માંની આ પંક્તિઓ 'અને ભરત ભૂમિના પુત્રો અમ માત પુરાણ પવિત્ર',

વગેરે કાવ્યોમાં ભારત માતાની ગૌરવ ગાથા ને વ્યથાનું નિરૂપણ થયેલું છે.

શ્રી અરવિંદ રચિત 'ભવાની ભારતી' સંસ્કૃત કાવ્ય વાંચતાં મને ત્રણ ચાર વિચાર આવ્યા. પ્રથમ તો એ કે શ્રી અરવિંદ અંગ્રેજી, લેટિન, ગ્રીક, ફ્રેન્ચ ભાષામાં કાવ્યો લખી શકે-એ ભાષાઓમાં એમની સજ્જતા હતી પણ બંગાળી અને સંસ્કૃત, માતૃભાષા અને સંસ્કૃતિ ભાષા હોવા છતાં એ ભાષાઓમાં એમની ગતિ નહિવત્ હતી. છતાં કોઈ સારા સંસ્કૃત કવિની હરીફાઈ કરી શકે એવા ૯૯ શ્લોક સંસ્કૃત ભાષામાં સફળ અને સમર્થ રીતે રચ્યા જેનો વિચાર આપણે આગળ ઉપર કરીશું. મને બીજું આશ્ચર્ય એ વાતનું થાય છે કે ૯૯ જ શ્લોક શા માટે? સો કેમ નહિ ? ક્રિકેટની જેમ આપણે ત્યાં શતકોનો મહિમા હતો. સંસ્કૃત સાહિત્યમાં અનેક શતકો લખાયાં છે. ધારો કે સોમા શ્લોકમાં કૈંક પુનરાવર્તન દોષ આવી જાય એવી ભીતિ હોય તો ફલશ્રુતિ રૂપ કે ભરત વાક્ય રૂપે સોમો શ્લોક રચી શકાય. 'ભવાની ભારતી'માં વિદ્વાન સંપાદક ડૉ. રમણલાલ પાઠકે પુસ્તકના મુખપૃષ્ઠ ઉપર ભારત માતાનો ફોટો રાખવાને બદલે માતાજીનો રાખ્યો છે. એની પાછળનો આશય શત્રુ વિનાશ, ભારત મુક્તિ પછી શુભ સૌમ્યા કૃપાળુ-દયાળુ કલ્યાણી સ્વરૂપા શક્તિ રૂપે, એના પ્રતીક રૂપે માતાજીનો ફોટો રાખ્યો છે. આ તો કેવળ તર્ક જ છે. જો કે બંગાળી ભાષામાં સંસ્કૃત તત્સમ્ શબ્દોનું ભારણ ઘણું બધું છે. એ ખરું તો પણ એ બંને ભાષાઓ ઉપર પ્રભુત્વ મેળવી માંડ બત્રીસ તેત્રીસની વયે સંસ્કૃતમાં ૯૯ શ્લોકો એક દીર્ઘ કાવ્ય રૂપે રચવાં એ જેવી તેવી સિદ્ધિ ન ગણાય. મેં ઉપર ઉલ્લેખેલાં અનેક રાષ્ટ્રભક્તિનાં કાવ્યોનો પ્રસાર જોતાં એની તુલનાએ શ્રી અરવિંદની વિશેષતા ઊડીને આંખે વળગે છે.

હવે 'ભવાની ભારતી' કાવ્યનો વિચાર કરતાં મને શ્રી અરવિંદના વ્યક્તિત્વનાં જે ત્રણ ચાર વ્યાવર્તક લક્ષણો જોવા મળ્યાં તે આ (૧) રાષ્ટ્રીયતાના જ્યોતિર્ધર શ્રી અરવિંદ (૨) ક્રાંતિના જ્વાળામુખીથી ધીકતા શ્રી અરવિંદ (૩) ભારતની પ્રાચીન સંસ્કૃતિના ઉદ્દામ ઉદ્ગાતા શ્રી અરવિંદ (૪) દેશભક્તિ અને અધ્યાત્મનો સંવાદ, યોગ સાધતા શ્રી અરવિંદ. 'ભવાની ભારતી'ના શ્લોક ૩૪માં કવિ ભારત દેશ શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે કરે છે. 'ભા' એટલે પ્રકાશ અને 'રત' એટલે તેમાં રહેનારો-મતલબ કે પ્રકાશમાં રહેનારો તે ભારત દેશ. વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓનો વિચાર કરતાં શ્રી અરવિંદની આ વ્યુત્પત્તિ સર્વથા યથાર્થ છે...ને એમના કવિ માનસને અનુરૂપ પણ છે. અધ્યાત્મના પ્રદેશે તો ભારત વર્ષ અનન્ય છે જ. શ્લોક નં. ૫૨-૫૩ માં એની આ અનન્યતાનો અણસાર આ રીતે જોવા મળે છે. હિમાલયની ઉપર યુગોથી ભારે અને ઊંડી તપશ્ચર્યામાં લીન એવા યોગીઓ દેવીના (ભારતમાતા કાલીના) રમણીય અવતરણોને જોઈ પ્રસન્ન થઈને જાગી ઊઠીને દેવીનું સ્મરણ કરવા લાગ્યા. હિમાલયનાં શિખરોમાં ગહન સાધના કરતાં કરતાં જેમનાં શરીર હિમવત્-બરફ થઈ ગયાં હતાં એવા યોગીઓ આનંદપૂર્વક તેની સ્તુતિ કરી રહ્યા હતા. જેમનાં પાવનકારી નેત્રોમાંથી જ્ઞાનરૂપી કિરણો વહી રહ્યાં છે, એવા પૂર્ણ પ્રતાપવંતા તપસ્વીઓ બલ શાલિની એવી પ્રચંડ દેવીનું સ્તવન કરી રહ્યા હતા. જેમનાં પાવકારી નેત્રોમાંથી જ્ઞાન રૂપી કિરણો વહી રહ્યાં છે. એવા પૂર્ણ પ્રતાપવંતા તપસ્વીઓમાં આપણને સૌને ભાવિ મહર્ષિ અરવિંદની છબીનું દર્શન થયા તો નવાઈ નહીં. જ્ઞાન દ્વારા મુક્તિની અરવિંદની પિપાસા અદમ્ય હતી.

તો સતત પ્રકાશમાં રહેતો ભારત દેશ કવિને અત્યારે અંધકારમાં ગોંધાતો દેખાય છે. કવિ આત્મલક્ષી બનીને એ અધોગતિનાં કારણો શોધતાં જાણે કે આ કાવ્યની શરૂઆત કરતા હોય તેમ ગાઈ ઊઠે છે કે,

કવે ! વિલાસિન શ્રુણુ માતૃવાક્યં
કાલીં કરાલીં ભજ પુત્ર ચણ્ડીમ્ ।
દૃષ્ટાસિ વૈ ભારત માતરં તાં
ઘ્નતી મરાતીન્ ભ્રશમાજિમધ્યે ।। (૩૦)

હે કવિ ! વિલાસી જન, સ્વૈર વિહાર અને વિલાસ ત્યજીને માતૃવાણીને સાંભળ. કાલીને તું ભજ. કાલી એ જ ચંડી છે. અને ભારતમાતા રૂપે તે જ પ્રકટ થઈને આહ્વાન કરી રહી છે. આ દીર્ઘ કાવ્યના શીર્ષકની સમજૂતિ પણ આ શ્લોકમાં સમાવિષ્ટ છે.

માતૃવાણી સાંભળવા માટે કવિ કોને કોને ઉદ્બોધે છે ? કવિને તથા વિલાસીજનને કે કવિ જેવા વિલાસીજનને ? કવિ એ સમાજજીવન પ્રજાજીવનનાં સંવેદનો અને અંતરંગને ઝીલનારું સિસ્મોગ્રાફીક યંત્ર છે. એટલે કવિની જવાબદારી મોટી ને મુખ્ય છે. બીજું જ્યારે દેશને કર્મયોગની જરૂર છે. ત્યારે કવિનો કલ્પના વિલાસ ને વાણી-વ્યભિચાર શા કામનો ? કવિએ તો સમાજ-ઉત્થાનના અગ્રદૂત બનીને, વૈતાલિક બનીને સેનાની તરીકેનો મોરચો સંભાળી લેવો જોઈએ. દેશ જ્યારે દુઃખ દારિદ્ર્યને ગુલામીમાં સબડતો હોય ત્યારે સંધ્યા ઉષાના સૌંદર્યનાં ગીત ગાવાનો, એવા વાક્ કવિ વિલાસનો શો અર્થ ? વિલાસીજનો તો મૂઢ છે. એમને એમનો વિલાસ પોષાય પણ કવિએ તો અતંદ્ર જાગૃતિ દાખવી દેશના કર્ણધાર બનવું જોઈએ. કવે. વિલાસિન...કેવળ બે શબ્દોમાં જ અરવિંદે આત્મલક્ષી ને પરલક્ષી ઉદ્બોધનની ચોટ સાધી છે. લાઘવગુણ સિદ્ધ કર્યો છે. 'Brevity is the Soul of Arts'નું આ ઉત્તમ ઉદાહરણ છે.

ભારતની રહી પંચરંગી પ્રજા. વૈવિધ્ય એનો વારસો-અવ્વલ દરજ્જાનો, કેટલા બધા ધર્મો ને કેટલા બધા સંપ્રદાયો, કેટલી બધી ભાષાઓ, ને કેટલી બધી બોલીઓ...આ બધાનો ખ્યાલ રાખી ભારત માતા ભવાની રૂપે સર્વને ઉદ્દેશીને કહે છે.

યે કે ત્રિમૂર્તિ ભજથૈકમીશં યે ચૈકમૂર્તિ યવના મદીયાઃ ।
માતા હ્વયે વસ્તનયાન્ હિ સર્વાન્ નિદ્રાં વિમુચ્યધામયે શ્રૃણુધ્વમ્ ।। (૨૪)

'હે ત્રિમૂર્તિ શિવ-વિષ્ણુ-બ્રહ્મા વગેરે દેવોનું યજન કરનારા અને એકેશ્વરવાદી એવા યવનો ! મારું આહ્વાન સાંભળો. તમે બધાં મારાં સંતાનો છો. અને હું તમારી માતા છું. તમો સર્વ નિદ્રા-ગુલામીની દશા ત્યજી છે.' પૂ. ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી સદાને માટે ભારત આવ્યા. ત્યારે પણ અરવિંદે નિર્દેશેલ કેટલાક રાષ્ટ્રીય પ્રશ્નોનો સામનો કરવો પડેલ છે. તેમાં અજ્ઞાન ને ગરીબાઈ તો ખરાં જ પણ માથાના દુઃખાવા જેવા ત્રણ રાષ્ટ્રવ્યાપી પ્રશ્નો તે હિંદુ-મુસ્લિમ એકતા, અસ્પૃશ્યતા નિવારણ, અને ક્રાંતિકારીઓના

પ્રશ્નો ગણાવી શકાય. અહીં યવનો એટલે મુસ્લિમ બિરાદરો, હિંદુ અને મુસ્લિમને ગાંધીજી ભારતમાતાની જમણી ડાબી આંખ કહેતા. જ્યારે અંગ્રેજો એમની માનીતી-અણમાનીતી બૈયરો સમજતા !

'કો મે સમઃ પુંસ્વિતિ' રૂઢ ગર્વ-મારા સમાન અન્ય આ પૃથ્વી લોકમાં બળવાન કોણ છે ? અને 'બ્રિટાનીયા રૂલ્સ ધ વર્લ્ડ' કહેનારા અસુરોને દુષ્ટોને હણી નાંખો, તગેડી મૂકો. કોઈપણ જીવતા જવા ન જોઈએ. ભો હન્યતાં દુષ્ટ ઇતીરયન્તિ (૪૧)-એવી ભારે ગર્જનાઓ પડઘાઈ રહી. શ્રી અરવિંદે ૧૯૦૪-૦૫માં કહ્યું તે ગાંધીએ સૌમ્ય આક્રોશપૂર્વક 'તમે ટળો' (ક્વીટ ઈન્ડિયા) સ્વરૂપે ૧૯૪૨માં કહ્યું. શ્રી અરવિંદ ક્રાંતિકારી હતા. ગાંધી રક્ત વિહીન ક્રાંતિમાં માનનાર હતા. સાચા રાષ્ટ્રપ્રેમીઓ માટે શ્રી અરવિંદની ભવાની પણ ક્રૂર રુદ્રાણિ, ચંડિકે, ભયંકરે, ઉગ્ર રૂપધારિણી નથી પણ સનાતની દેવી વિશ્વજનની, અચિંત્ય વીર્યા, સૌમ્યા, કૃપાળુ-કલ્યાણી છે, તે કહે છે, 'યેષાં સદૈવાત્મ બલિપ્રવત્તાઃ શૂરા મહાન્તઃ પ્રમુખાઃ કુલાર્થે । સૌમ્યા કરાલી ભવતિ પ્રજાનં રક્તેન પુષ્ટા વિનિહન્તિ શત્રૂનઃ ।। (૨૮) મતલબ કે જે રાષ્ટ્રપ્રેમીઓ પોતાના હૃદયોને ભેદીને મને રક્તપાન કરાવવા આગળ આવે છે, તત્પર થાય છે, એવા લોકોની તો હું અજા-અજન્મા એવી આદ્યમાતા છું. સાચા દેશપ્રેમીઓ પ્રત્યે હું મારું વિકરાલ સ્વરૂપ ત્યજીને સૌમ્યરૂપે દર્શન આપું છું. તેમનાં કાર્ય કરું છું. નિષ્ઠુર કાલી નહીં પણ વિશ્વંભરી અન્નપૂર્ણા છું. શત્રુવિનાશિની પણ દેશભક્ત તારિણી છું. વિશ્વજનની છું.

શ્રી અરવિંદે રાજકારણમાં રસ લેવા માંડ્યો ત્યારે બે પ્રકારની વિચારસરણી ભારતના રાજકારણમાં મુખ્યત્વે પ્રવર્તમાન હતી. રેડિકલ્સ-ઉદ્દામવાદી અને વિનીત-મોર્ડરેટ-મવાળ, બંગાળમાં ક્રાંતિકારી ઉદ્દામવાદીઓ પ્રબળ હતા. જ્યારે અન્યત્ર મવાળો, ક્રાંતિકારીઓ કવિ નર્મદના જુસ્સાવાળા હતા-સહુ ચલો જીતવા જંગ બ્યુગલો વાગે, યા હોમ કરીને પડો ફત્તેહ છે આગે, વાળી રીતિનીતિમાં માનનારા જ્યારે મવાળોની નીતિ દલપત શૈલીની હતી... 'ધીરે ધીરે સુધારાનો સાર વાળી. ભારત ભાગ્ય વિધાતા અંગ્રેજ સરકારને વિનંતીઓ ને અરજીઓ કર્યા કરો, એમની કૃપા ને અનુગ્રહની પ્રતીક્ષા કર્યા કરો ને જે કંઈ પરિસ્થિતિ છે તેમાં જીવ્યા કરો' રાજકારણમાં મવાળની નીતિવાળાઓ ઉપર ઠોક પાડતાં કવિ 'ભવાની ભારતી' દ્વારા કહે છેઃ

'દીના ક એતે ધૃણિનો દરિદ્રાઃ
શાન્તિં જઘન્યાં ગણિકામિવાન્ધાઃ ।
ભજન્તિ ભોઃ કા પુરુષા વિમૂઢા
આલિઙ્ગ્ય યે મોદય મૃત્યુમેવ ।।

નિંદનીય એવી શાંતિ અને તેની જ ચર્ચા વિચારણામાં, તેની જ વાર્તામાં લીન રહેનારા નેતાઓ કેવા હીન અને ઘૃણિત છે ! હે કા પુરુષો ! નપુંસકો ! શાંતિની વાતો દ્વારા તમે જાણે આનંદપૂર્વક મૃત્યુનું આલિંગન કરી રહ્યા છો. દેશ આ રીતે ગુલામીમાંથી મુક્ત નહીં થાય. તત્કાલીન મવાળ નેતાઓની હત વીર્યતા, નપુંસકતા, દયનીયતાનું ઉદ્દામ ભર્ત્સનાપૂર્વક જે વર્ણન કર્યું છે તે સુરુચિને કઠે તેવું છે. પણ સર્વથા સત્ય પણ છે. તિતિક્ષા-ધૃતિની હદ આવી જાય એટલે આવી ભાષા આપોઆપ આવી જાય. બાકી આ શ્લોકમાં જાણે સંદર્ભમાં ભગવાન ઇશુ બોલતા ન હોય એવું લાગે છે. શાંતિનો વાતો દ્વારા તમે જાણે કે આનંદપૂર્વક મૃત્યુનું આલિંગન કરી રહ્યા છો. તમે શું કરી રહ્યા છો. તેનું તમને ભાન નથી !

આવી વંધ્ય કાકલૂદીઓ ક્યાં સુધી કરવાના ? શ્રી અરવિંદમાં ઈસુની ક્ષમા નથી, કારણ કે તે ક્રાંતિકારી ઉદ્દામ રાષ્ટ્રીયતાના પુરસ્કર્તા છે. શ્લોક ૧૭ માં તો આથી ય આગળ વધીને તેઓ મવાળ નેતાઓને મીઠામાં પાયેલા ચાબખા મારે છે-એનો સાર જોઈએ. મલેચ્છોની વિદેશી શાસકોની ચાપલુસી કરીને તેમના ચરણામૃતનું પાન કરીને પોતાને દ્વિજ-સાચા બ્રાહ્મણ માનનારા એવા હે કા પુરુષો ! તમો આ નાલેશીભરી જીવનરીતિ છોડો. તમારું આ પ્રકારનું જીવન તો ક્ષુદ્રોથી ય અનાર્યો કરતાં ય ક્ષુદ્ર છે. તમે નરકના રસ્તે જઈ રહ્યા છો.' બ્રાહ્મણોની જેમ ક્ષત્રિયો, વૈશ્યોને ઉદ્‌બોધન કરી જે કોઈ માતૃદ્રોહી છે તેમને આ રીતે સક્રિય થવા ઉદ્‌બોધન કરે છે.

'વિદેશી માલની હોળી કરવા મને આપી દો. શું તમે લોકો કાલીના કોપાગ્નિથી ડરતા નથી ! તમે ભાવશૂન્ય દીન ગુલામી મનોવૃત્તિના શા માટે થઈ ગયા છો ! ભવાની દેવીને અંતરમાં ભજીને તેનું સ્મરણ કરીને યુદ્ધમાં ઝઝૂમો અને સ્વદેશી વસ્તુઓ, પદાર્થોનું રક્ષણ કરીને માતૃભૂમિને સાચી લક્ષ્મીથી સંપન્ન કરો. આ અરસામાં દેશમાં ને મુખ્યત્વે બંગાળમાં સ્વદેશી ચળવળ પૂરજોશમાં ચાલતી હતી. જેમાં કવિવર રવીન્દ્રનાથે પણ ઝંપલાવ્યું હતું. ટાગોરની રાષ્ટ્રોદ્ધારક નવલકથા ઘરે બાહિરમાં આનું નિરૂપણ છે.

ટાગોર, ગાંધીજી, શ્રી અરવિંદ વગેરેની પાકી શ્રદ્ધા હતી કે ભારતની મુક્તિ એ કેવળ ભારત પૂરતી જ મર્યાદિત નહીં હોય...ભારતની મુક્તિ વિશ્વના અનેક ગુલામ-દેશોની પણ મુક્તિ હશે. શ્લોક ૫૪-૫૫ માં આ ઉમદા ને મૌલિક વિચારને શ્રી અરવિંદે સરસ રીતે વ્યક્ત કર્યો છે. તેઓ કહે છે. 'હે વિશાલ શક્તિ દેવી ! હું તને નમસ્કાર કરું છું. તું ઉગ્ર રૂપ ધારિણી છે. છતાંય કૃપાવંત છે. માત્ર હિંદુઓ-ભારતીઓ-આર્યોની જ નહીં. પરંતુ વિશ્વની સર્વ પ્રજાઓની તું જ તારણહાર છે. હે ઉર્જામયી આદિ દેવી ! તને વારંવાર વંદન કરું છું. તારા બળ-સામર્થ્યનું વર્ણન કરવા કોણ સમર્થ છે. તારું બળ માનવો દ્વારા અવર્ણનીય છે. હે ચંડ દેવી ! તારા પલ્લવ જેવા કોમળ રૂપાળા હાથના સંકેતથી તું વિશ્વને ભમાવી દે છે અને સૂર્ય, ચંદ્ર, તારા, નક્ષત્રોના પરિભ્રમણને અટકાવી પણ દે છે. હે દેવી ! તું અનંત વીર્ય વતી છે ! (શ્લોક ૫૦ માં ઉર્ધ્વલોક)માંથી દિવ્ય ભવ્ય અદ્‌ભુત જ્યોતિ અવતરણ થાય છે. જેને કારણે અધોલોકનું દુઃખ દૂર થાય છે. એમાં ભાવિનો સંકેત વરતાય છે. શ્લોક નં. ૫૮માં પણ તારી પરાશક્તિ પ્રબુદ્ધ થઈને સર્વે જનોને પ્રોત્સાહિત કરી રહી છે. હે આર્ય માતા ! યુગે યુગે જ્યારે જ્યારે જરૂર પડી છે ત્યારે ત્યારે તું જ પ્રગટ થઈને દુઃખી આર્ય જનોનું યુદ્ધમાં રક્ષણ કરતી રહી છે. ત્યાં પણ ઉર્ધ્વલોકમાંથી અતિ મનસમાંથી દિવ્ય શક્તિનાં અવતરણોનો નિર્દેશ છે.

મહિષાસુર સમા દાનવની સાથેના ભીષણ યુદ્ધ વર્ણનો અનેક

સ્થળે આવે છે. ત્યાં કવિની કલ્પના મૂર્ત સચોટ અલંકાર પ્રચુર અને વીર–રૌદ્ર રસ વિભૂષિત બને છે. આના સમર્થનમાં શ્લોક નં. ૫૭, ૬૦, ૬૧, ૭૫, ૭૭, ૭૮ ગણાવી શકાય. કવિતાની ઊંચી કક્ષાની દૃષ્ટિએ શ્લોક નં. ૭૯–૮૦ જુઓ–હે ભવાની આજાનું તારાં ચરણો હિમ સ્તંભની માફક ધવલ ચળકતાં શોભી રહ્યાં છે અને એમાંથી તારા શશિ પ્રભા જેવાં અંગો શોભી રહ્યાં છે. યુદ્ધમાં વિચરણની ગતિના કારણે વૃક્ષસ્થળ પરથી સરી પડેલાં વસ્ત્રમાંથી તારું એક સ્તન ક્ષીરાબ્ધિમાં ઉછળતા ધવલ મોજાંના આકાર પ્રકાર ને પ્રકાશ જેવું સુંદર લાગે છે. હે..મા તને ચર્મ ચક્ષુઓથી જોવી, તારાં દર્શન કરવાં એ સામાન્યજનો માટે સહેલું નથી. મારી તો આંખો તારી દેહકાંતિ–પ્રભાથી અંજાઈ જાય છે અને તારાં અંગો પરથી પાછી ફરી જાય છે.

ઉપજાતિ છંદમાં લખાયેલા આ ૯૯ સંસ્કૃત શ્લોકોની ઉદ્‌બોધન–છટા ઉગ્ર અને ચેપીલી છે. લગભગ આઠેક દાયકા પૂર્વે લખાયેલા એક રાષ્ટ્રવાદી પ્રોફેસર શ્રી જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણમાં આવાં ઉદ્‌બોધક સંસ્કૃત કાવ્યોનું મને અહીં સ્મરણ થાય છે. દિવ્ય ચેતનાનું અવતરણ અને માનવ ચેતનાનું આરોહણ એ ચૈતન્યવાહિ નિરંતર પ્રક્રિયાના ભાવિ પ્રભવનો અણસાર પણ આ ભવાની ભારતીમાંથી વાંચી શકાય છે. એના નિર્દેશન રૂપે શ્લોક ૫૦ થી ૫૩ ટાંકી શકાય.

આજની પરિસ્થિતિના અનુલક્ષમાં એ મહાન યોગીને ઉદ્‌બોધી શકાય–

'તમે તો ભાખ્યું'તું ઋષિવર ! પ્રભા ઉર્ધ્વજગની
ધરા પે ઉતારી અજબ બળ કો સક્રિય કરી,
મનુ પ્રકૃતિનું નખશિખ પરિવર્તન કરું.
અણુ પરમાણુમાં અતિ મનસ કેરી દ્યુતિ ભરું...
તમે તો ભાખ્યું'તું ઋષિવર ! પ્રભા એ અજબની
ને વ્યષ્ટિની સિદ્ધિ જનકુલ અભીપ્સા અવનવી–
હશે શક્તિ એવી પ્રબલતમ એ તો ગજબની !
યુરૌષી શક્તિ તો તૃણવત્ રવિ તારક જ શી !
તમારા એ દેશે ઋષિવર ! બધાં તામસ બળો
બધી શક્તિ સાથે પ્રલય જલ શાં ! શાં ! ફરી વળ્યાં.
ત્હમે, ગાંધી, પેલા કવિવર ખરે આંહીં જનમ્યા
શતાબ્દીને અંતે વિપરીત રીતે પુણ્ય જ ફળ્યાં !
કસોટીને કાળે અસત્‌ની અમારી દ્યુતિ કણી
પ્રભાવે કાં બાળો અગર અજવાળો ય પલટો

x x x

સંસ્કૃત ભાષાથી અનભિજ્ઞ વાંચકો–ભાવકોને ડૉ. રમણલાલ પાઠકના આ વિશદ, પ્રાસાદિક અનુવાદથી ફાયદો થશે. ડૉ. પાઠકને અભિનંદન, ધન્યવાદ.

કવિની સંવેદનાને કોઈ પણ વિષય અસ્મૃશ્ય નથી; અસ્પૃશ્ય પણ ! અનુભવ, અભ્યાસ, અવલોકન, કલ્પના અને પ્રતિભાના બળે તે કાચી ધાતુને નિજી સર્જન–રસાયણે સુવર્ણમાં પરિવર્તિત કરી દે છે. આ કાવ્યમાં પણ બે–ત્રણ સ્થળે સર્જકે પોતાના અનુભવોનો એવો વિનિયોગ કર્યો છે. દાખલા તરીકે શ્રી અરવિંદ સને ૧૯૦૩માં શ્રી કેશવ ગણેશ દેશપાંડે સાથે કરનાળી જાય છે. ત્યાંના મહાકાલિ મંદિરમાં તેમને મૂર્તિમાં સ્વયં કાલિનું દર્શન થાય છે. જે અનુભવને તેમણે 'ભવાની ભારતી'માં યોગ્ય પરિપ્રેક્ષ્યમાં અંકિત કર્યો છે. એ જ રીતે તેઓ વડોદરા રાજ્યના અધિકારી તરીકે સને ૧૯૦૨–૦૩માં ઉત્તર ગુજરાતના દુષ્કાળના સર્વેયર તરીકે જાય છે. દુષ્કાળગ્રસ્ત લોકોમાં તેમને સર્વભક્ષી ભૂખ્યા વક્રોદરનું દર્શન થાય છે જે તેમને તેમના કાવ્યમાં પ્રતીક રૂપે લેખે લાગે છે. શ્રી ઉમાશંકર જોશીના

ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે

ખંડેરની ભસ્મકણી ન લાધશે–એ શાપ જેવી વાચ્યાર્થ પંક્તિઓ કરતાં, પ્રતીકરૂપે વધારે મૂર્ત ને અર્થવાહી છે. શ્લોક નં. ૭–૮ માં અંગ્રેજોના અનુમાષી ત્રાસથી 'ભવાની ભારતી' સિંહણ સ્વરૂપા થાય છે ને શિવના તાંડવનૃત્યની જે કલ્પના કરી છે તે પણ કાવ્યાત્મક ને ઔચિત્યપૂર્વકની છે. સને ૧૯૦૫માં બનારસ ખાતે કોંગ્રેસનું અધિવેશન ભરાય છે. ત્યાં અંગ્રેજી વસ્તુઓનો બહિષ્કાર ને સ્વદેશીનો પુરસ્કાર કરવાનું એલાન આપે છે. અહીં પણ જાણે કે તેઓ એના અગ્રદૂત હોય તેમ લાગે છે. ભવાની ભારતી દેશભક્તિમાં 'આખરે જય તમારો છે, ડરો મા (માભૈઃ) એ આશાવાદ્ તત્કાલીન દેશની ભીરુતા જોતાં લૌકિક તેમ જ અધ્યાત્મ ક્ષેત્રે પણ પ્રેરણાદાયી છે. શ્રી અરવિંદ ઉપર ગીતા, કાલિદાસ અને કેટલાંય સંસ્કૃત નાટકોનો પણ પ્રભાવ હતો. શ્લોક નં. ૯૭ માં કવિ કહે છે કે કાશી સ્થિત ભગવાન શિવ તો ત્યાં જનારનો મોક્ષ કરે છે પણ 'ભવાની ભારતી' તો જગદોદ્ધારક છે. આ કાવ્યના એક શ્લોકમાં ભવિષ્યમાં લખાનારા મહાકાવ્ય 'સાવિત્રી'નો પણ ઉલ્લેખ છે. પૂ. ગાંધીજીએ ગીતાને રૂપક દર્શાવતાં લખ્યું છે કે સદ્‌ગુણો રૂપી પાંડવો અને દુર્ગુણો રૂપી કૌરવોનું સનાતન યુદ્ધ માનવીના હૃદયના કુરુક્ષેત્ર ઉપર નિરંતર ચાલતું જ હોય છે. ભવાની ભારતીની પ્રતીકાત્મકતા પણ એવો જ અર્થ નિષ્પન્ન કરે તો નવાઈ નહીં. યુવાવયે આવું માતૃભક્તિનું સંસ્કૃતમાં કાવ્ય સર્જનાર કવિની પ્રતિભા વધુ તેજસ્વી ને દૂરગામી હતી. સંક્ષેપમાં કહેવું હોય તો એમ કહી શકાય કે શ્રી અરવિંદ દેશભક્ત, કવિ, રાષ્ટ્રીયતાના સંદેશવાહક, મહા માનવતાના પ્રેમી અને દિવ્ય જીવનના સાધક મહાયોગી હતા. મહાન સેનાપતિઓનાં પ્રત્યક્ષ પરાક્રમો કરતાં પૂર્ણયોગ ને દિવ્ય જીવન, સાધનાના આ ચક્રવર્તીનાં પરોક્ષ પરાક્રમો રજમાત્ર ઓછાં રોમાંચક કે ઓછાં આશ્ચર્યકારક નથી જ, નથી. આ બધી જ શક્તિઓનો બીજરૂપે અણસાર આપણને ભવાની ભારતીમાં પણ મળે છે એ ઓછા આનંદ ને આશ્ચર્યની વાત નથી.

✱ ✱ ✱

૨૨/૨, અરુણોદય સોસાયટી,
અલકાપુરી, વડોદરા-૩૯૦૦૦૭.

**ડાંગ સ્વરાજ આશ્રમ, આહવા**

સંઘ તરફથી ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન ડાંગ સ્વરાજ આશ્રમ આહવા માટે એકત્ર થયેલ ફાળો એ સંસ્થાને અર્પણ કરવાનો કાર્યક્રમ મુંબઈમાં મારવાડી વિદ્યાલય, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪૦૦૦૦૪. મધ્યે શુક્રવાર તા. ૨૪ મી માર્ચ, ૨૦૦૬ના રોજ સાંજના ૬–૧૫ કલાકે યોજવામાં આવ્યો છે. સૌને ભાવભીનું આમંત્રણ છે.

# જૈન પારિભાષિક શબ્દકોશ

ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(ગત અંકથી આગળ)

| | | |
|---|---|---|
| ૫૭. અકમર્વાસ્થા | આત્માની કર્મરહિત શુદ્ધ અવસ્થા | Total absence of action, Pure meditation |
| ૫૮. અકર્મભૂમિ | જ્યાં અસિ–મસિ–કૃષિનો વ્યવહાર નથી. માત્ર કલ્પવૃક્ષ ઉપર જીવવાનું છે તેવી ભૂમિ | Land of Inaction |
| ૫૯. અકલ્પ્ય | ન કલ્પે/ભોગયોગ્ય ન હોય તેવી વસ્તુ/પદાર્થ | Unacceptable, Improper |
| ૬૦. અકલ્યાણ | આત્માનું અહિત/નુકસાન | Harm, Evil |
| ૬૧. અગાર | રહેવા માટેનું ઘર | House abode |
| ૬૨. અઘાતી | આત્માના ગુણોનો ઘાત ન કરે તેવા કર્મો | Non-destructive Karma |
| ૬૩. અચિત | જેમાં જીવન નથી તે, નિર્જીવ વસ્તુ | Inanimate, without life |
| ૬૪. અચેતન | જેમાં ચેતન નથી તેવી વસ્તુ, નિર્જીવ વસ્તુ | Without life |
| ૬૫. અણગાર | ઘર રહિત, સાધુ, મુનિ | Without a House, Ascetic, Recluse |
| ૬૬. અણશન | આહારનો ત્યાગ, ઇચ્છાથી સમજપૂર્વક ઉપવાસ આદિ તપ કરવું | Fast abstention from Food |
| ૬૭. અતિક્રમ | પાપ કરવાની ઇચ્છા થવી, પાપની ભાવના | Transgreassion |
| ૬૮. અદત્તાદાન | પારકી વસ્તુ લઈ લેવી, ચોરી | Appropriation of non-given, accepting not given |
| ૬૯. અધર્માસ્તિકાય | સ્થિતિ સહાયક દ્રવ્ય, ચૌદ રાજ લોક વ્યાપી સૂક્ષ્મ, અતીન્દ્રિય, અરુપીદ્રવ્ય જે પદાર્થને સ્થિર રાખવામાં સહાયક બને છે. | Medium of Rest |
| ૭૦. અધોગમન | નીચે જવું તે, વજનદાર વસ્તુનું કે ભારેકર્મી જીવનું નીચે જવું તે | Motion downwards, lower destinity |
| ૭૧. અધ્યવસાય | આત્માના પરિણામ, મનના વિચારો | Attemt, Exertion, Determination |
| ૭૨. અનન્તાનુબંધી | અનંત સંસાર વધારે તેવા કષાયો, સમ્યક્ત્વનો નાશ કરનાર, જીવનભર. રહેનાર, નરકગતિ અપાવનારાં કષાયો | Infinite bonding Karma |
| ૭૩. અનર્થદંડ | પ્રયોજન વગરની ક્રિયા, બિનજરૂરી પાપ, જેના વિના ચાલે તેવા પાપ | Unmotivated, Purposeless |
| ૭૪. અનાચાર | અયોગ્ય આચાર, દુરાચાર, દુષ્ટ આચાર | Misconduct |
| ૭૫. અનાદિ | આદિ રહિત, પ્રારંભ વગરનું | Begining Less, Eternal |
| ૭૬. અનાદિઅનંત | આદિ અને અંત રહિત | Eternal |
| ૭૭. અનુમોદન/ના | પ્રશંસા કરવી, વખાણવું, મનથી સારું માનવું. | Consent, Confirmation |
| ૭૮. અનંતકાય | એક શરીરમાં અનંતાજીવો એક સાથે રહે તે, અનંત જીવોની એક કાયા | Infinite Souls in one body |
| ૭૯. અભિગ્રહ | નિયમ, મનની ધારણા | Vow, Bond, Restraint, Resolution |
| ૮૦. આગાર | છૂટ, મુશ્કેલીમાં લેવાતી છૂટ, અપવાદ | Little Reduction, Concession, Permission |
| ૮૧. આલોયણા | આલોચના, અજાણતા થયેલા પાપના પ્રાયશ્ચિત્ત માટે કરાતી મનોવેદના | Confession, Critical Self Examination |
| ૮૨. ગર્હા | નિંદા, થયેલા પાપની દેવ–ગુરુ સમક્ષ નિંદા કરવી | Censure |
| ૮૩. ચિત્ત | મન | Mind, Psyche |
| ૮૪. દેશના | પરમાત્માનો ઉપદેશ, વ્યાખ્યાન, પ્રવચન | Discourse, Sermon |
| ૮૫. પચ્ચક્ખાણ | તપાદિ સમયે, નિયમ લેવા માટે બોલાતું સૂત્ર | Vow, Bond, Restraint |
| ૮૬. બોધિ | જ્ઞાન, સમ્યક્ત્વ, સમકિત | Perfect Knowledge |
| ૮૭. મિચ્છામિદુક્કડમ્ | મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ, મારી ભૂલ/પાપ મિથ્યા હોજો, ક્ષમા કરશો. | May my sins be Anulled |
| ૮૮. લેશ્યા | આત્માનો કષાયાદિથી યુક્ત યોગપરિણામ | Karmic Stain, Aura, Colouration |
| ૮૯. વૈયાવચ્ચ | વડિલ ગુરુ, ઉપકારી, તપસ્વી, રોગીની સેવાભક્તિ સારવાર | Service, Nursing, Service Rendered to others without any Selfish Motive |
| ૯૦. વોસિરાવવું | ત્યાગવું, છોડી દેવું | Giving up |
| ૯૧. વ્યતિક્રમ | પાપ કરવા પ્રવૃત્ત થવું | Violation, Transgression |
| ૯૨. સમવસરણ | તીર્થંકર પરમાત્માની દેશનાનું સ્થળ | Holy Assembly of Tirthankar |

(વધુ આગામી અંકમાં)

૨૦, સુદર્શન સોસાયટી-૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

## જયવીયરાય સૂત્રનો મર્મ-૧

# પરમાત્મા પાસે ભવોભવની યાચના

☐ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

ધર્મસૂત્રો એટલે વિચાર, આચાર અને અધ્યાત્મ-અનુભવમાંથી તારવેલું નવનીત, દીર્ઘકાળની સાધના, તપશ્ચર્યા અને અધ્યાત્મ-અનુભૂતિને અંતે સૂત્રો પ્રગટે છે. એના પ્રાગટ્યની સૌથી મોટી વિશેષતા એની માર્મિકતા અને લાઘવ છે. એમાં ઓછામાં ઓછા શબ્દોમાં વધુમાં વધુ ભાવ ગદ્યમાં હૃદયસ્પર્શી રીતે વ્યક્ત થાય છે. અધ્યાત્મની અનુભૂતિ એવી તો ઘૂંટાઈ ઘૂંટાઈને શબ્દરૂપ પામતી હોય છે કે એ સૂત્રોના સંક્ષિપ્ત શબ્દો સમગ્ર વિચારધારા કે દર્શનનો પ્રાણ બની જાય છે. પ્રતિક્રમણમાં આવતા 'શ્રી જયવીયરાય સૂત્ર'માં પરમાત્મા પાસે પ્રાર્થના કરવામાં આવી છે અને તેથી આ સૂત્રનું શાસ્ત્રીય નામ 'પ્રણિધાન સૂત્ર' અથવા 'પ્રાર્થના સૂત્ર' છે.

પ્રત્યેક ધર્મમાં પરમાત્માને કરેલી પ્રાર્થના મળે છે. ક્યાંક પરમાત્મા પાસે સાંસારિક જીવનના ભૌતિક સુખની માગણી કરવામાં આવે છે તો ક્યાંક જીવનમાં આવેલી આપત્તિઓ દૂર કરવા માટે પરમાત્માને આજીજી કરવામાં આવે છે. ક્યાંક સંતાનપ્રાપ્તિ, અર્થપ્રાપ્તિ કે સત્તાપ્રાપ્તિ માટે આર્જવભરી યાચના હોય છે. આમાં ક્વચિત્ એવું પણ બને છે કે આવી માગણીઓની પ્રાપ્તિ જ એ પરમાત્માની ઉપાસનાનું લક્ષ બની જાય છે. આવો માનવી મંદિરમાં માત્ર સંસાર લઈને જ જતો નથી, પરંતુ સાંસારિક વાંછનાઓ અને ચિત્તની અતૃપ્તિઓ લઈને જાય છે, પરિણામે માત્ર સંકટનો સમય આવે ત્યારે પ્રભુનું સ્મરણ કરાય છે. આમાં એવી વિકૃતિ પણ આવી જાય કે વ્યક્તિ દેવની ગુણસમૃદ્ધિ ભુલીને અંગત લાભાલાભ પર દૃષ્ટિ રાખે છે. પરિણામે માનવી ક્યારેક લમણે હાથ દઇને પ્રારબ્ધ પર આધારિત બની જાય છે તો ક્યારેક માત્ર ચમત્કારની આશાએ નિષ્ક્રિય કે પ્રમાદી બની જાય છે.

જૈનધર્મમાં અરિહંત, સિદ્ધ કે પરમાત્મા ઉચ્ચ ભૂમિકાએ બિરાજે છે. તે અન્ય દર્શનના ઇશ્વરની જેમ વ્યક્તિના જીવનને ભૌતિક લાભ આપતા નથી આથી જૈન ધર્મે પરમાત્મા પ્રત્યે તદ્દન સાવ ભિન્ન પ્રાર્થના કરી છે. એણે પરમાત્મા પાસે ભૌતિક તો શું, કિંતુ આધ્યાત્મિક લાભોની એષણા રાખી નથી, પરંતુ પરમાત્માના ગુણો જોઈને પોતાની આંતરિક શક્તિઓ વિકસાવવા પર લક્ષ રાખ્યું છે. પરમાત્માએ રાગ અને દ્વેષ પર વિજય મેળવ્યો છે. મોહને પરાજય આપ્યો છે. પોતે પણ એ રીતે પરમાત્માની ઉપાસના દ્વારા રાગ અને દ્વેષ પર વિજય મેળવે અને એમની પાસેથી મોહને પરાજય આપવાનું સામર્થ્ય પામે, એવી ભાવના સેવવામાં આવી છે.

પરમાત્મા પાસે એવી શક્તિ માગવામાં આવી છે કે જે શક્તિ દ્વારા વ્યક્તિ પોતાની જાતને જીતી શકે. સ્વયંને નહીં જીતનારો સઘળે પરાભવ પામે છે અને તે જગતના રાગ-દ્વેષ સામે લાચાર અને નિઃસહાય બની જતો હોય છે. એનું જીવન આસક્તિની આળપંપાળ બની જાય છે અને અનંત ભવ સુધી એનું ભવભ્રમણ ચાલુ રહે છે. આ ભવભ્રમણ દરમિયાન એને કેટલાય એવા જન્મોમાંથી પસાર થવું પડે છે. ઇચ્છા વિનાના જન્મો લેવા પડે છે. આથી જ જૈનધર્મમાં ભવભ્રમણની યાતનામાંથી મુક્ત કરવાની પરમાત્માને પ્રાર્થના કરી છે. વ્યક્તિ સ્વ-દોષો સામેના યુદ્ધમાં પરમાત્માનો સાથ ચાહે છે. બહારના શત્રુઓને હણવા સહેલા છે, પણ આ આંતરશત્રુઓ તો માનવીના મનને એવું નચાવે છે કે જે નાચ એને માટે ભવોભવનું નૃત્ય બની જાય છે. આ સ્થિતિમાંથી ક્ષપક શ્રેણી માંડીને મોહનીય કર્મ સામેના યુદ્ધમાં જીત મેળવનારા વીતરાગ પરમાત્મા જ સાચો માર્ગ બતાવી શકે. કર્મસંગ્રામના યુદ્ધમાં સાધક પરમાત્માને પ્રાર્થના કરે છે કે આપ મારા ધર્મરથના માર્ગદર્શક બનો. આપના માર્ગદર્શનથી મારે સ્વ-જીવનના અનેક દોષોને જીતવાના છે. આ માટેની પ્રાર્થના કેવી હોય અને એની સમક્ષ શી માગણી કરવાની હોય, એ દર્શાવતું 'જયવીયરાય સૂત્ર' છે. આ સૂત્રનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે છે.

'હે વીતરાગ પ્રભુ ! તમે જય પામો. હે જગતના ગુરુ ! તમે જય પામો. હે પ્રભુ ! તમારા પ્રભાવથી મને ભવોભવમાં નીચેની વસ્તુઓ પ્રાપ્ત થજો:

'(૧) ભવનિર્વેદ, (૨) માર્ગાનુસારિતા, (૩) ઇષ્ટફલની સિદ્ધિ, (૪) લોકવિરુદ્ધનો ત્યાગ, (૫) ગુરુજનની પૂજા, (૬) પરોપકાર, (૭) ઉત્તમ ગુરુનો યોગ, (૮) ગુરુનાં વચનોનું અનુસરણ, (૯) જ્યાં

## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

સુજ્ઞશ્રી,

સાદર પ્રણામ,

આપશ્રી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રન/આજીવન સભ્ય અથવા સભ્ય કે શુભેચ્છક છો. આપને 'પ્રબુદ્ધ જીવન' નિયમતિ મળતું હશે. આપના સહકાર માટે અમે આપના આભારી છીએ.

'પ્રબુદ્ધ જીવન'ના ફેબ્રુઆરી ૨૦૦૬ના અંકમાં આ સામયિકના ઉજ્જવળ ઈતિહાસની ઝલક દર્શાવી હતી અને આ સામયિકને આર્થિક રીતે સક્ષમ કરવા ગ્રાહક યોજના પ્રસ્તુત કરી હતી, જે આ અંકમાં પણ પ્રગટ કરી છે.

ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન નીધિ'ના શીર્ષક નીચે કાયમી ફંડ માટે સમાજ સમક્ષ વિનંતિ પણ કરી છે.

આ જ્ઞાનયજ્ઞમાં અમે જણાવેલ કોઈ પણ યોજનામાં આપ સહભાગી થાવ એવી અમારી વિનંતિ છે.

**આ માટે, <u>આપ પાછળ છાપેલું ફોર્મ ભરી, પાના નંબર ૨ પર દર્શાવેલી</u> જે આપને યોજના અનુકૂળ લાગે એનો ઉલ્લેખ કરી આ ફોર્મ અમને પરત કરવા વિનંતિ.**

આપનો ચેક/ડ્રાફ્ટ 'SHREE MUMBAI JAIN YUVAK SANGH' ના નામે મોકલવા વિનંતિ.

આપની શુભેચ્છા અમારી સાથે સર્વદા રહેશે જ. જે આ જ્ઞાનયાત્રા માટે અમને પ્રેરક બની રહેશે.

ધન્યવાદ, આભાર.

☐ મેનેજર

સુધી મારે ભવો કરવા પડે ત્યાં સુધી અખંડપણે આ વસ્તુઓ મને પ્રાપ્ત થજો. ।। ૨ ।।'

'હે વીતરાગ દેવ ! જોકે તમારા શાસ્ત્રોમાં 'નિયાણુ બાંધવું' તેનો નિષેધ કરેલો છે. તો પણ ભવોભવમાં તમારા ચરણોની સેવા મને હોજો. ।। ૩ ।।'

'હે નાથ ! તમને પ્રણામ કરવાથી મને દુઃખનો ક્ષય, કર્મોનો ક્ષય, સમાધિપૂર્વકનું મૃત્યુ અને સમ્યક્ત્વનો લાભ, આટલી વસ્તુઓ પ્રાપ્ત થજો. ।। ૪ ।।'

'સર્વ મંગલોમાં મંગલભૂત, સર્વ કલ્યાણોનું કારણ, અને સર્વ ધર્મોમાં પ્રધાન એવું જૈન શાસન સદાકાળ જયવંતું વર્તે છે. ।।૫।।'

પરમાત્મા પાસે શેની પ્રાર્થના કરશો ? એની પાસે ભવોભવ ભવનિર્વેદ, માર્ગાનુસારિતા, ઇષ્ટફલસિદ્ધિ, લોકવિરુદ્ધનો ત્યાગ, ગુરુજનોની પૂજા, પરોપકાર, ઉત્તમ ગુરુનો યોગ, ગુરુનાં વચનોનું અનુસરણ માગવાનું હોય અને તે પણ જેટલા ભવો કરવા પડે તે તમામ ભવોમાં એ પ્રાપ્ત થાય તેમ પ્રાર્થવાનું હોય. પ્રતિક્રમણ સૂત્રનું 'શ્રી જયવીયરાય સૂત્ર' એ માટે વિશિષ્ટ છે કે જેમાં પરમાત્મા પાસે ઉપરની નવ વસ્તુઓની માગણી કરવામાં આવી છે.

પરમાત્મા સમક્ષ કોઈ એમ કહે કે 'હે પરમાત્મા ! પરભવમાં મને આટઆટલી વસ્તુ મળજો' તો આવી માગણી કરવી એને નિયાણુ કહેવામાં આવે છે. આવું નિયાણુ બાંધવાનો જૈન શાસ્ત્રોમાં નિષેધ છે. પ્રશ્ન એ થાય કે આવો નિષેધ હોવા છતાં આ સૂત્રમાં આવી માગણી શા માટે કરવામાં આવી છે ?

આનો ઉત્તર એ છે કે પરભવ માટે સાંસારિક સુખોની માગણી કરવી તેનો શાસ્ત્રોએ જરૂર નિષેધ છે, કિંતુ પરભવમાં ધર્મપ્રાપ્તિ થાય તેવી માગણીનો નિષેધ નથી. આમ ધર્મની પ્રાપ્તિ માટે આરાધકે માગેલી બાબતો દોષરૂપ બનતી નથી.

આ સૂત્રનો પ્રારંભ 'જયવીયરાય ! જગગુરુ !' એવા શબ્દોથી થાય છે. આમાં 'જય' શબ્દ અત્યંત માર્મિક છે. રાગ અને દ્વેષથી સર્વથા પર થયેલા વીતરાગ પરમાત્માને એ ઇચ્છે છે, એટલું જ નહીં પણ ત્યાં જય રહેલો છે એમ કહે છે. વીતરાગતામાં વિજય છે અને સરાગતામાં પરાજય છે. સકલ કર્મોથી મુક્ત થવા માટે અને અકથ્ય સુખની પ્રાપ્તિ કાજે વીતરાગતા જેવો અન્ય કોઈ માર્ગ નથી. આવા વીતરાગ પરમાત્માને આથી જ વંદન કરવામાં આવે છે. રાગદ્વેષરહિત મહાપુરુષ જ જગતના સાચા ગુરુ ગણાય. તેઓ જગતને સાચું જ્ઞાન આપે છે, તેથી એમને 'પરમ ગુરુ' કહેવામાં આવે છે. આ દૃષ્ટિએ જુઓ તો અહીં પરમાત્માની મહત્તા અને ગુરુની ગરિમા પ્રગટ થઈ છે. આમ શ્રી જયવીયરાય સૂત્રના પ્રારંભે દેવ અને ગુરુ પ્રત્યે અનન્ય શ્રદ્ધા દાખવવામાં આવી છે.

આ સૂત્રની એક અન્ય વિશેષતા એ છે કે એમાં આરાધકે ભૌતિક નહીં એવી માગણીઓ કરી છે. આરાધકની આ યાચનામાંથી પરમાત્માની વિશેષતા પ્રગટ થાય છે અને એ દૃષ્ટિએ આમાં 'જય' શબ્દથી જ શરૂઆત કરવામાં આવી છે. જૈનધર્મમાં ઇન્દ્રિય-જયની અપાર મહત્તા ગાવામાં આવી છે અને આવા ઇન્દ્રિયભવોના વિજેતા એવા પરમાત્માંના સ્મરણથી સૂત્રનો પ્રારંભ થાય છે. આ સૂત્રમાં પરમાત્માને અહોભાવ અને આજીજીથી, આરઝૂ અને અરજથી પ્રાર્થના કરવામાં આવી છે. આ પરમાત્મા વીતરાગ, વીતદ્વેષ અને સર્વજ્ઞ છે. એને માટે 'જગત્‌ગુરુ' વિશેષણ વપરાયું છે. આ જગત્‌ગુરુ એટલે કે ત્રણ જગતના ગુરુને હું સ્વીકારું છું. તેમને જગત્‌ગુરુ પદથી સત્યનિષ્ઠ તરીકે પણ સ્વીકાર્યા છે. આવા સત્યવાદી પરમાત્મા કદી અસત્ય બોલે નહીં તેથી એમનું પ્રત્યેક વચન સંપૂર્ણ સત્યવાદીનું વચન છે. પરમાત્માની સત્ય વાણીને વહાવનારા અને કલ્યાણકારી ઉપદેશ આપનારા એવા ગુરુ એ માત્ર એક જ લોકના ગુરુ નથી, બલ્કે જગગુરુ છે.

આરાધક અહીં પરમાત્માને ખાતરી આપે છે કે આપના પર સંપૂર્ણ શ્રદ્ધા અને સમર્પણભાવ રાખીશ. આ સૂત્રમાં ભવોભવ ધર્મની આરાધના થાય તેવો ભાવ રાખવામાં આવ્યો છે. જૈનધર્મમાં નવ વસ્તુની ભવોભવની પ્રાપ્તિની વાત સાથે બીજી ચાર વસ્તુઓની પ્રાપ્તિની પણ વાત કરે છે. સાધક માટે એ પણ આવશ્યક છે, કારણ કે આમાંથી જે ચાર વસ્તુઓ પ્રાપ્ત થાય છે તે **દુઃખનો ક્ષય, કર્મનો ક્ષય, સમાધિમરણ અને બોધિબીજની પ્રાપ્તિ છે**. અને આ ચારે બાબત ધર્મસાધના માટેનાં શ્રેષ્ઠ કારણો જેવી છે તેથી જ એની પણ પરમાત્મા પાસે માગણી કરવામાં આવી છે. (ક્રમશઃ)

***

૧૩, બી, ચંદ્રનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭

---

પ્રતિશ્રી,
**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**
૩૩, મહમ્મદી મિનાર, ૧૪ મી ખેતવાડી,
એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦૦૦૪.
ફોન : ૦૨૨-૨૩૮૨૦૨૯૬.

આપનો વિનંતિ પત્ર મળ્યો.
અમોને આપના 'પ્રબુદ્ધ જીવન'ના વાર્ષિક/ત્રિવાર્ષિક/પંચવર્ષીય/આજીવન ગ્રાહક/કન્યા કરિયાવર ગ્રાહક થવાની ઈચ્છા છે.
'પ્રબુદ્ધ જીવન નીધિ' કાયમી ફંડમાં અનુદાન આપવાની અમારી ભાવના છે.

આ સાથે ચેક/ડ્રાફ્ટ રૂા. ............................ચેક/ડ્રાફ્ટ નંબર ............................ તારીખ ..................
બેંક ............................શાખા ............................ગામ ............................નો સ્વીકારી
નીચેના સરનામે રસીદ મોકલવા વિનંતિ. ધન્યવાદ.
નામ અને સરનામું : ............................................................
............................................................

લિ............................

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

## સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ શાહ ટ્રસ્ટ-ગ્રંથ શ્રેણી

પુસ્તક પ્રકાશન વિભાગ દ્વારા આજ સુધી પ્રકાશન થયેલા પુસ્તકોની યાદી

૧. મહાવીર વાણી : સંપાદક : ડૉ. ભગવાનદાસ તિવારી
૨. નિહ્નવવાદ : લેખક ડૉ. રમણલાલ ચી. શાહ
૩. જિનતત્ત્વ-ભાગ ૧ : ડૉ. રમણલાલ ચી. શાહ
૪. જિનતત્ત્વ-ભાગ ૨ : ડૉ. રમણલાલ ચી. શાહ
૫. જિનતત્ત્વ-ભાગ ૩ : ડૉ. રમણલાલ ચી. શાહ
૬. પ્રભાવક સ્થવિરો-ભાગ ૧ : ડૉ. રમણલાલ ચી. શાહ
૭. જિનતત્ત્વ-ભાગ ૪ : ડૉ. રમણલાલ ચી. શાહ
૮. પ્રભાવક સ્થવિરો-ભાગ ૨ : ડૉ. રમણલાલ ચી. શાહ
૯. આપણા તીર્થંકરો-સંપાદક : પ્રા. તારાબહેન રમણલાલ શાહ
૧૦. પ્રભાવક સ્થવિરો-ભાગ ૩ : ડૉ. રમણલાલ ચી. શાહ
૧૧. જિનતત્ત્વ-ભાગ ૫ : ડૉ. રમણલાલ ચી. શાહ
૧૨. પ્રભાવક સ્થવિરો-ભાગ ૪ : ડૉ. રમણલાલ ચી. શાહ
૧૩. નેમિનાથ-રાજિમતી બારમાસા : સંપાદક : ડૉ. શિવલાલ જેસલપુરા
૧૪. નલદવદંતી પ્રબંધ વિજયશેખરકૃત : ડૉ. રમણલાલ ચી. શાહ
૧૫. જિનતત્ત્વ-ભાગ ૬ : ડૉ. રમણલાલ ચી. શાહ
૧૬. આર્યવજ્રસ્વામી : પ્રો. તારાબહેન રમણલાલ શાહ
૧૭. જૈન ધર્મના સ્વાધ્યાય-સુમન : ડૉ. રમણલાલ ચી. શાહ
૧૮. પ્રભાવક સ્થવિરો-ભાગ ૫ : ડૉ. રમણલાલ ચી. શાહ
૧૯. જિનતત્ત્વ-ભાગ ૭ : ડૉ. રમણલાલ ચી. શાહ
૨૦. પ્રભાવક સ્થવિરો-(ભાગ ૧ થી ૫-એક ગ્રંથ) : ડૉ. રમણલાલ ચી. શાહ
૨૧. જિનતત્ત્વ-(ભાગ ૧ થી ૫-એક ગ્રંથ) : ડૉ. રમણલાલ ચી. શાહ
૨૨. જિનતત્ત્વ-ભાગ ૮ : ડૉ. રમણલાલ ચી. શાહ
૨૩. સંસ્કૃત નાટકોની કથા (ભાગ-૧) : પ્રા. તારાબહેન રમણલાલ શાહ
૨૪. વંદનીય હૃદયસ્પર્શ (ભાગ ૧ થી ૪) : ડૉ. રમણલાલ ચી. શાહ
૨૫. પ્રભાવક સ્થવિરો (ભાગ ૧ થી ૬-એક ગ્રંથ) : ડૉ. રમણલાલ ચી. શાહ

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ગ્રંથ શ્રેણી

| | |
|---|---|
| અભિચિંતના | : ડૉ. રમણલાલ ચી. શાહ |
| ગુર્જર ફાગુ સાહિત્ય | : ડૉ. રમણલાલ ચી. શાહ |
| જિન વચન | : ડૉ. રમણલાલ ચી. શાહ |
| પાસપોર્ટની પાંખે | : ડૉ. રમણલાલ ચી. શાહ |
| પાસપોર્ટની પાંખે-ઉત્તરાલેખન | : ડૉ. રમણલાલ ચી. શાહ |
| પાસપોર્ટની પાંખે-ભાગ ત્રીજો | : ડૉ. રમણલાલ ચી. શાહ |
| સાંપ્રત સહચિંતન-૧ થી ૧૫ | : ડૉ. રમણલાલ ચી. શાહ |
| શેઠ મોતીશાહ | : ડૉ. રમણલાલ ચી. શાહ |
| વંદનિય હૃદયસ્પર્શ-૧, ૨, ૩ | : ડૉ. રમણલાલ ચી. શાહ |
| વીરપ્રભુના વચનો ૧ | : ડૉ. રમણલાલ ચી. શાહ |
| વીરપ્રભુના વચનો ૧/૨ | : ડૉ. રમણલાલ ચી. શાહ |
| તિ વિહેણ વંદામિ | : ડૉ. રમણલાલ ચી. શાહ |
| અર્ધી સદીના આરે | : શ્રી પન્નાલાલ આર. શાહ |
| ઝુલતો ઉલ્લાસ | : શ્રી શૈલેષભાઈ હી. કોઠારી |
| જૈન ધર્મના પુષ્પ ગુચ્છ | : ડૉ. બિપિનચંદ્ર હી. કાપડિયા |
| આર્ય વજ્રસ્વામી | : પ્રો. તારાબહેન ૨. શાહ |
| સમયચિંતન | : શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ |
| તત્ત્વવિચાર અને અભિવંદના | : શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ |

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને ભેટ

**● 'પ્રબુદ્ધ જીવન નીધિ' કાયમી ફંડ માટે,**

* રૂા. પાંચ લાખ એક સુશ્રાવક તરફથી
* રૂા. એક લાખ શ્રી રાજેન્દ્રભાઈ એ. શાહ તરફથી
* રૂા. છ લાખ કુલ, આજ સુધી

**● શ્રી કિશોર ટિંબડીયા કેળવણી ફંડ માટે,**

* રૂા. ૫૦,૦૦૦/- પચાસ હજાર શ્રી અતુલ કે. ટિંબડિયા

મહાનુભાવ દાતાઓને અમારા અંતરના અભિનંદન અને ધન્યવાદ. શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સર્વ સભ્યો આ દાતાશ્રીઓના આભારી છે.

'પ્રબુદ્ધ જીવન' માટે કાયમી ફંડ માટેની સંઘે 'પ્રબુદ્ધ જીવન નિધિ'ના નામે સ્થાપના કરી છે. રૂા. ૨૫ લાખ એકત્રિત કરવાનો નિર્ધાર છે.

આ જ્ઞાન યજ્ઞમાં આપ સૌ ગુણીજનોને સહભાગી થવા વિનંતિ. આપનો એક એક રૂપિયો ઉત્તમ વિચાર યાત્રાને આગળ વધારશે, અને કોઈના ચિત્તમાં એ સત્ત્વશીલ વિચારોનું આરોપણ થશે.

**પ્રમુખ**

**તેમ જ સંઘની કાર્યવાહક સમિતિના સર્વ સભ્યો**

### પ્રબુદ્ધ જીવન

(ફોર્મ નં. ૪, રૂલ નં. ૮)

રજિસ્ટ્રેશન ઓફ ન્યૂઝપેપર રૂલ્સ ૧૯૫૬ અન્વયે 'પ્રબુદ્ધ જીવન'ની માલિકી અને તે અંગેની માહિતી.

| | |
|---|---|
| ૧. પ્રકાશન સ્થાન | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. કામચલાઉ સરનામુ : ૩૩, મહમ્મદી મીનાર, ૧૪મીખેતવાડી,મુંબઈ-૪૦૦ ૦૦૪. |
| ૨. પ્રસિદ્ધિનો ક્રમ | : માસિક. દર મહિનાની ૧૬મી તારીખે |
| ૩. મુદ્રકનું નામ | : શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ |
| ૪. પ્રકાશકનું નામ | : શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામુઃ | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. |
| ૫. તંત્રી | : શ્રી ધનવંત તિલકરાય શાહ |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. |
| ૬. માલિકનું નામ અને સરનામુ | : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. |

હું ધનવંત તિલકરાય શાહ આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧૬-૩-૨૦૦૬ □ ધનવંત તિલકરાય શાહ

તંત્રી

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001
Licence to post without prepayment No. South-81/2006-08
● Regd. No. MH / MR / SOUTH-146 / 2006-08


# પંથે પંથે પાથેય...

(જીવનયાત્રા દરમિયાન કેટલાંક એવાં સાત્ત્વિક જીવન પ્રસંગો, પાત્રો અને શબ્દો મળી જાય છે કે ચિત્તમાં એ ચિરંજીવ સ્થાને બિરાજી જાય છે અને જીવન સફરમાં વારે વારે સ્મૃતિ ઉપર ઉભરવા લાગે છે. આવાં પ્રસંગો, પાત્રો અને શબ્દો આપણા જીવનનું પાથેય બની જાય છે અને જીવનની કોઈક ક્ષણે વિજળીના ઝબકાર જેવું અજવાળું પાથરી આપણી ચેતનાને જાગૃત અને ઝંકૃત કરી દે છે, અને ચિત્તવિકાસમાં એ બધાં એક મોતીની જેમ પરોવાઈ જાય છે.

'પ્રબુદ્ધ જીવન'ના છેલ્લાં પૃષ્ટ ઉપર વિવિધ મહાનુભાવોના આવાં અનુભૂતિત સત્ય-સત્ત્વ-તત્ત્વને પ્રત્યેક મહિને અભિવ્યક્ત કરવાનો અભિગમ છે.

સર્વ મહાનુભાવોને આવાં સત્ત્વશીલ પ્રસંગો, પાત્રો, શબ્દો મોકલવાનું નિમંત્રણ.-તંત્રી)

## ઘરને ઉંબરે આવી છે પાઠશાળા

દરેક સામયિકની એક વિશેષ પ્રતિભા હોય છે. એનો ખાસ વાચક વર્ગ હોય છે. અમુક સામયિકો એક સાથે ઘણા વિષયોને સાથે લઇને ચાલે છે જ્યારે થોડાંક એવા સામયિકો હોય છે જે એક ખાસ વિષયને લઇને જ કાર્ય કરે છે. અમુક સામયિકો આગ્રહી અને હઠીલાં હોય છે, તેઓ એક વાર આપણા ઘરમાં અને મનમાં પ્રવેશે કે પછી જવાનું નામ ન લે. જે સામયિકને પસ્તીમાં ન કાઢી શકાય તે આ વર્ગમાં આવે છે. આવા સામયિકો ફરી ફરી વાંચવા પડે છે. દર વખતે કંઈક નવું મળે છે. જૂની વાતનો પણ નવો અર્થ મળે છે.

'પાઠશાળા' આઠ-દસ પાનાનું પ. પૂ. આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિ મહારાજ સાહેબ લિખિત એક વિશિષ્ટ સામયિક છે. 'પાઠશાળા'નું પહેલું દર્શન એક ઝેરોક્ષ નકલ રૂપે થયું હતું. પછી ક્રમસર અંક મળવા લાગ્યાં. આગળના અંક મેળવવાની ઇચ્છા થઈ. સુરત રમેશભાઈ શાહને લખ્યું, ખૂટતા અંકની ઝેરોક્ષ મોકલી આપી. 'પાઠશાળા'ના એકથી પિસ્તાળીસ અંક સાચવવા પડે એવા એના પાઠ છે. જે દિવસે પાઠશાળા ઘરે આવે તે દિવસની તાજગી વધી જાય. મન પ્રસન્ન થઈ ઊઠે. પાઠ શીખવા પાઠશાળામાં જવું પડે પણ આ તો ઊલટો પ્રવાહ છે. પાઠશાળા ધર્મનો મર્મ લઈને આપણા બારણે ટકોરા મારે છે.

પાઠશાળાના પિસ્તાળીસ અંક સાચવીને, ગોઠવીને મૂક્યા તો હતા પણ એ બધા છૂટાં છૂટાં હતાં. હવે એ પિસ્તાળીસ અંક 'પાઠશાળા' ગ્રંથ રૂપે આવ્યાં ત્યારે તો આનંદ પિસ્તાળીસ ગણો વધી જાય એવું થયું. ઉત્તમ સામયિકો જ્યારે ગ્રંથનું રૂપ ધારણ કરે છે ત્યારે વધુ સુંદર બની રહે છે.

આ ગ્રંથ વાચકો, મુદ્રકો, વ્યાખ્યાનકારો, લખનારા, સંપાદકો સૌને ઠીક ઠીક ખપ લાગે એવો છે.

ધર્મનાં અનેક પુસ્તકો છપાય છે, અમુક પુસ્તકો નિ:શંક ઉત્તમ હોય છે. પરંતુ સમગ્ર દૃષ્ટિએ, એની ભાષા, વિષયવસ્તુ, રજૂઆત, આયોજન, મુદ્રણ અને સજાવટ બધું મનને ઠારે એવું દરેક પુસ્તકના ભાગ્યમાં નથી હોતું. અધૂરાં વાક્યો છોડી પછી ટપકાંની હાર કરવી.. આશ્ચર્ય ચિહ્નો અને પ્રશ્નાર્થ ચિહ્નોના તોરણ બાંધી દેવાં ?! !!! બિનજરૂરી અંગ્રેજી વાક્યો અને શબ્દોનો મારો કરવો. અકાવ્યત્વ છતું થાય એવી શાયરીઓનો છંટકાવ કરવો. આવા અનેક દોષો ધાર્મિક પુસ્તકોનું આજનું સરેરાશ પ્રકાશન જોઈને તરત નજરે પડે.

'પાઠશાળા'ની વાત નોખી છે. અહીં સાફસુથરી સ્વસ્થ ભાષા છે. અને એવી સરળ, રસિક, પ્રમાણભાનવાળી ભાષાનો કોઈ પર્યાય નથી. જેમ સ્વચ્છ સરનામાનો વિકલ્પ નથી તેમ ઔચિત્યથી ધબકતી ભાષાનો ક્યાં વિકલ્પ છે ?

કાવ્યનો આત્મા 'ઔચિત્ય'ને માનવામાં આવેલ છે તેમ ઉત્તમ પુસ્તક તરીકે 'પાઠશાળા'માં સર્વાંગે કશું નજરે ચડે તે ઔચિત્ય છે. ધર્મની વાત માનવતાની પાંખ લઇને આવી છે. જીવન જીવવાની અનેક ચાવીઓ અહીં છે. સદ્‌ગુણોને શોધી શોધીને કલાત્મક રીતે, રસતરબોળ કરે એવી કથન શૈલીમાં મૂકવામાં આવ્યાં છે.

અતિશયોક્તિ કે અતિરેક કે વિષયાંતર તો ક્યાંથી શોધ્યાં જડે ? એક એક વાક્ય રસાઇને, ઘડાઇને રોચક બનીને આવ્યું છે. મુખામુખ વાત થતી હોય એવી રજૂઆત છે.

આ જીવન જીવવા જેવું છે, આ જીવનમાં ઉત્કર્ષ શક્ય છે, હજી સુગરાજન અહીં વસે છે. બધેથી આશા ખોઈ બેસવા જેવું નથી. એવી વિધાયક વાતો અહીં વાંચવા મળે છે.

અંગત પ્રસંગોને પૂરાં તાટસ્થ્ય સાથે મૂક્યાં છે. 'હું' ક્યાંય કઠતો નથી, વાગતો નથી. વિવેક વગર આમ થવું શક્ય નથી.

ગ્રંથમાં જે કલાવૈભવ છે, ચિત્રો છે, રેખાચિત્રો છે, કાવ્યો છે, આસ્વાદ છે. આ બધું જાણે પરિતૃપ્ત હૃદયમાંથી ઊભરાઇને આવતું, સૌને સ્પર્શતું વિસ્તરતું રહે છે. જૈન સાધુ પાસે ધર્મની વાતો તો હોય એ સ્વાભાવિક છે પણ જૈન સાધુની કલાદૃષ્ટિ, વિજ્ઞાનદૃષ્ટિ, મુદ્રણકળાની સમજ, રસિકતાનો ટેસ્ટ કેવાં હોઈ શકે તે અહીં જોવા મળે છે. વાચકને એક પગથિયું ઉપર ચડવું પડે એવું ચૂંબકીય ખેંચાણ અહીં છે. કૃતક અસંભવ દૃષ્ટાંતો નથી. પ્રતીતિકરતા આગલી હરોળમાં બેઠી છે.

વામજથી વિહાર કરી શેરીસા પહોંચતાં, વિહારમાં મહારાજ સાહેબને જે સૌન્દર્યની અનુભૂતિ થઈ તે એમણે 'પાઠશાળા'માં આ રીતે મૂકી છે:

'પણ આનંદની અવધિ, હજુ ક્યાં આવી હતી ! ખૂલતાં પીળાં ફૂલથી લચી પડેલાં આવળ જોયાં ને કુદરતની કરામત પર આફરીન થઈ જવાયું ! આ રંગો કોણ પૂરે છે ? રંગોનું વૈવિધ્ય પણ કેવું ? રાઈનાં ફૂલ પીળાં, કરેણનાં ફૂલ પણ પીળાં અને આ આવળનાં ફૂલ પણ પીળાં. પીળાશમાં તર-તમ ભાવ જોઈ, કુદરત પર, ઓવારી જવાય છે.' (પૃ. ૬૭૧).

સાધુજીવનમાં વિહાર સ્વાભાવિક હોય પણ આ અનુભૂતિ અને આલેખન કેવાં આહ્‌લાદક છે !

આ 'પાઠશાળા' સમજણને મૂળ મંત્ર માનીને ચાલે છે. પાને પાને સમજણની વાતો છે. માનવ જીવનની વિવિધતા, વિચિત્રતા અને વિશિષ્ટતા અહીં આલેખાઈ છે. પદ-સ્તવન, કાવ્ય અને મુક્તકોનો જે રસાસ્વાદ છે તે લેખકની સજ્જતાને દેખાડે છે.

મહારાજ સાહેબના લેખનની ચીવટ તેવી જ સંપાદક શ્રી રમેશભાઈ શાહની સંપાદકીય સૂઝ. શ્રેષ્ઠથી તસુભાર નીચું કંઈ જ નથી.

તમે રસિક હો એ જ પાઠશાળામાં પ્રવેશ મેળવવાની એક માત્ર શરત છે. પંદર વિભાગોમાં જ્ઞાન બાગ ખીલ્યો છે. હિતની વાતો છે, ચિંતનની પળો છે, દાદાના અભિષેકની પ્રસાદી છે, મુનિવરોનું પાવન સ્મરણ છે, શ્રાવક-શ્રાવિકાઓનાં જીવનના ઉત્તમનું આલેખન છે, અશ્રુમાળા ધન્ય કરે એવી છે, વહીવટદાર કેવો હોય તે પણ અહીં જોવા મળે છે. શબ્દકથા છે, ચિત્રકારો, છબીકારોનો મેળો છે.

ઘરને ઉંબરે આવેલ 'પાઠશાળા' ગ્રંથને ઉંબરેથી ઉરે સ્થાપીએ. આ ગ્રંથ કબાટની નહિ કાળજાની શોભા બની રહેશે.

□ ગુલાબ દેઢિયા

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel. : 23820296. Editor : Dhanvant T. Shah

✻✻✻ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ✻✻✻

# પ્રબુદ્ધ જીવન

છૂટક નકલ રૂા. ૧૦/-    તા. ૧૬ મે, ૨૦૦૬    વાર્ષિક લવાજમ : રૂા. ૧૨૫/-

## જિન-વચન

### ધર્મ શ્રવણ

सोच्चा जाणइ कल्लाणं सोच्चा जाणइ पावगं ।
उभयं पि जाणइ सोच्चं जं छेयं तं समायरे ।।

–दसवैकालिक–४–११

ધર્મને સાંભળીને મનુષ્ય કલ્યાણકારી શું છે તે જાણે છે. વળી તે ધર્મને સાંભળીને પાપ શું છે તે જાણે છે. આમ ધર્મશ્રવણ દ્વારા તે બંનેને જાણીને જે શ્રેય હોય છે તેનું તેણે આચરણ કરવું.

धर्म सुनकर मनुष्य कल्याण क्या है यह जानता है और धर्म सुनकर ही पाप क्या है वह भी जानता है । इस तरह सुनकर ये दोनों जाने जाते हैं । उन में जो श्रेय है उसी का वह आचरण करे ।

After listening to the scriptures, a person knows what is good and what is sinful. Thus, knowing both these through listening to the scriptures, one should practice what is beneficial.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી)

## આચમન

भुत्ता भोगा भता भच्चा, वितिण्णा आपदासु मे ।
उदग्गा दविखणा दिन्ना, अधो पञ्चबली कता ।।
उपट्ठिता सीलवन्तो, सञ्ञता ब्रह्मचारयो ।।
यदत्थं भोगं इच्छेय्य, पण्डिता धरमावसं ।
सो मे अत्थो अनुप्पतो, कतं अननुता पियं ।।
एतं अनुस्सरो मच्चो, अरियधम्मे ठितो नरो ।
इधेव नं पसंसन्ति, पेच्च सग्गे पमोदती वि ।।

अंगुत्तरनिकाय 4/7/1

મેં મારી સંપદાનો સ્વયં ઉપભોગ કર્યો અને મારા આશ્રિતો તથા નોકરોનું ભરણપોષણ કરી તેમની સુરક્ષા કરી. ઉર્ધ્વ-અગ્ર દક્ષિણાઓ દીધી. પંચબલિ દીધા (પાંચ પ્રકારના દાન-કર્મ કર્યા). મેં શીલવાન, સંયમી બ્રહ્મચારીઓની સેવા કરી, તેમનું પોષણ કર્યું. કોઈ પણ સમજદાર ગૃહસ્થ એટલે તો ભોગસંપદાની કામના કરે છે. મારી કામનાઓ પૂરી થઈ. મેં બધાં કામ આવાં જ કર્યા, જેના ફળસ્વરૂપ મને અનુતાપ નથી થતો.

આમ પોતાનાં સત્કર્મોનું સ્મરણ કરતાં કરતાં સદ્‌ગૃહસ્થ આર્યધર્મમાં સ્થિત થાય છે. તે આ લોકમાં પ્રશંસિત થાય છે અને વળી મર્યા બાદ સ્વર્ગમાં પ્રમુદિત થાય છે.

यदा वितक्के उपरुन्धियत्वनो,
नगन्तरे नगविवरं समस्सितो ।
वीतद्दरो वीतखिलो व झायति
ततो रति परमतरं न विन्दति ।।

थेर गाथा 525

જ્યારે કોઈ સાધક કોઈ પર્વત-પ્રદેશની ગિરિ-ગુફામાં નિર્ભય અને નિર્બાધ થઈને સમ્યક્ રૂપથી આશ્રિત થાય છે અને પોતાના વિતર્કોને શાંત કરી લે છે તો એનાથી વધીને પરમાનંદની અન્ય કોઈ અનુભૂતિ હોતી નથી.

धम्म चरे सुचरितं न तं दुच्चरितं चरे ।
धम्मचारी सुखं सेति अस्मि लोके परम्हि च ।।

धम्मपद 13/3

સુચરિત ધર્મનું આચરણ કરો. દુરાચરણથી બચો. ધર્મચારી આ લોક અને પરલોક બંનેમાં સુખપૂર્વક રહે છે.

ધમ્મપદ ૧૩/૩

अनमिज्झतु विहरेय्य अव्यापन्नेन चेतसा ।
सर्वो एकग्गचित्तस्स अज्झतं सुसमाहितं ।।

अंगुत्तरनिकाय - 4. 3. 9. धम्मपद सुत्त

લોભરહિત ચિત્તથી વિહાર કરો.
ક્રોધરહિત ચિત્તથી વિહાર કરો.
સ્મૃતિમાન ચિત્તથી વિહાર કરો.
અધ્યાત્મમાં સુસમાહિત રહીને
એકાગ્ર ચિત્તથી વિહાર કરો !

## વિષય સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| (૧) | ચાપનીય સંપ્રદાય વિશે આધારભૂત ગ્રંથ | ડૉ. રમણલાલ ચી. શાહ | ૩ |
| (૨) | જીવનને પ્રબુદ્ધ બનાવવા જહેમતશીલ 'પ્રબુદ્ધ જીવન' તંત્રી શ્રી રમણભાઈ | શ્રી વિજયકીર્તિસૂરીશ્વરજી મહારાજ | ૪ |
| (૩) | પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી | ડૉ. રણજિત એમ. પટેલ 'અનામી' | ૫ |
| (૪) | ગુજરાતી વિશ્વકોશના ૨૧મા ખંડનો લોકાર્પણવિધિ | શ્રી મથુરાદાસ ટાંક | ૯ |
| (૫) | શ્રી દેવચંદ્રજી રચિત શ્રી સુપાર્શ્વ જિન સ્તવન | શ્રી સુમનભાઈ શાહ | ૧૦ |
| (૬) | 'મુક્તિ' (વ્યક્તિગત કે સામાજિક)ના હેતુ માટે જૈન તત્ત્વદર્શનનો અભિગમ : અનેકાન્તવાદ, અપરિગ્રહ અને અહિંસા | શ્રી ગણપતિ મહેતા | ૧૨ |
| (૭) | જૈન પારિભાષિક શબ્દો | ડૉ. જિતેન્દ્ર બી..શાહ | ૧૩ |
| (૭) | તાસળીવાળા બાબા | ડૉ. ધનવંત તિલકરાય શાહ | ૧૬ |


## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

| | ભારતમાં | પરદેશ |
|---|---|---|
| ૧ વર્ષનું લવાજમ | રૂ. ૧૨૫/- | U.S.$ 9-00 |
| ૩ વર્ષનું લવાજમ | રૂ. ૩૫૦/- | U.S.$ 26-00 |
| ૫ વર્ષનું લવાજમ | રૂ. ૫૫૦/- | U.S.$ 40-00 |
| આજીવન લવાજમ | રૂ. ૨૫૦૦/- | U.S.$ 112-00 |
| કન્યા કરિયાવર આજીવન લવાજમ | રૂ. ૨૦૦૦/- | U.S.$ 100-00 |

ક્યારેય પણ જાહેરખ ન લેવાની 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ હોઈ એના ગ્રાહકો અને શુભેચ્છકો તેમ જ દાતાઓ જ આ સત્ત્વશીલ સામયિકને જીવંત રાખી શકશે. (૭૭ વર્ષની અવિરત સેવા છે મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રોની) ગુજરાતી ભાષાના સામયિકો જીવશે તો જ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કાર સંસ્કૃતિ જીવંત રહેશે.

જૈન ધર્મ અને સર્વ ધર્મના ચિંતનો આવા સામયિકોથી જ વર્તમાન અને ભવિષ્યની પેઢીના હૃદયમાં રોપાતા જશે.

પુનિત પુત્રી તો 'દુહિતા' અને 'દેહલી દીપક' છે; એટલે બન્ને દિશા અને બન્ને ઘરને અજવાળે એવો ઘરના ઉંબરાનો એ દીપક છે. લગ્નમાં આપણે લાખો રૂ.નો ખર્ચ કરીએ છીએ, લાખોના કરિયાવર અને ઘરના સંસ્કાર સાથે પુત્રીને વિદાય આપીએ છીએ તો કરિયાવરમાં 'પ્રબુદ્ધ જીવન' ન આપી શકીએ ? પુત્રીના જીવનમાં એ સદાય જીવંત રહેશે. પથદર્શક બનશે. સુજ્ઞેષુ કિં બહુના... ?

* ચેક '**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**'ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.
* આજીવન ગ્રાહક લવાજમ ભરનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્ત છે એવું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

☐ મેનેજર

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : ધનવંત તિ. શાહ

## યાપનીય સંપ્રદાય વિશે આધારભૂત ગ્રંથ

□ ડૉ. રમણલાલ ચી. શાહ

*(હૉસ્પિટલમાં જતાં જતાં પૂ. સાહેબે પોતાની ફાઈલમાંથી 'પ્રબુદ્ધ જીવન' માટે આ લેખ જૂદો તારવીને મૂક્યો હતો. પરંતુ સાહેબ પાછાં ન આવ્યા. આખરે તો વ્યક્તિ અક્ષરથી જ અમર છે, અને એ આપણી પાસે મૂલ્યવાન મૂડીની જેમ છે. સાહેબ મને હંમેશાં કહેતાં કે અનુકૂળતા હોય ત્યારે ચાર–પાંચ લેખો લખીને 'સ્ટોક'માં તૈયાર રાખવા, જેથી કોઈ કામ આવી પડે તો છેલ્લી ઘડીએ મનને દોડાવવું ન પડે. સાહેબ આવો ભરપૂર 'સ્ટોક' મૂકી ગયા હોત તો આપણને કેટલો બધો લાભ થાત! નાદુરસ્ત તબિયત હોવા છતાં સાહેબ છેલ્લે છેલ્લે તો સૂતાં સૂતાં ઢીંચણને પેટ ઉપર રાખીને લેખો લખતાં હતાં ! વિદ્યા અને 'પ્ર.જી.' પ્રત્યે એઓશ્રીનો આવો સમર્પિત ભાવ હતો.*

*સાહેબનો આ અમૂલ્ય લેખ અહીં પ્રસ્તુત કર્યો છે. આ સંપ્રદાય વિશે જૈન સમુદાયમાં ઘણાં અજ્ઞાત હશે. હું પણ એમાંનો એક છું. આવી અલભ્ય માહિતીનું દર્શન કરાવવા માટે આપણે સૌ પૂ. સાહેબના ઋણી છીએ. જેમ જેમ એઓશ્રીની ફાઈલમાંથી લેખો પ્રાપ્ત થશે એમ અહીં 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો માટે પ્રસ્તુત કરતાં રહેવાનો અમને આનંદ થશે. પૂ. સાહેબને નમન.–ધ.)*

જૈનોના વિશાળ સામાન્ય જનસમૂહે, અરે કેટલાયે મુનિ ભગવંતોએ પણ 'યાપનીય' શબ્દ નહિ સાંભળ્યો હોય, તો તેઓને જૈનોના યાપનીય સંપ્રદાય વિશે જાણકારી ક્યાંથી હોય ? જૈનોમાં ભૂતકાળમાં યાપનીય નામનો એક મોટો સંપ્રદાય થઈ ગયો અને એ સંપ્રદાયે જૈનોના ધાર્મિક તથા સાંસ્કૃતિક વિકાસમાં બહુ મોટું કાર્ય કર્યું હતું એ જાણવું જૈનો માટે અત્યંત આવશ્યક છે, કારણ કે સ્થૂલ તથા સૂક્ષ્મ અહિંસાને વરેલા જૈનોના બે મુખ્ય સંપ્રદાયો–દિગંબર અને શ્વેતામ્બર વચ્ચે હજારેક વર્ષથી વિસંવાદ ચાલ્યો આવે છે. આ બે સંપ્રદાયો વચ્ચે સુસંવાદી સમ્નવય કાર્ય કરવા માટે 'યાપનીય' સંપ્રદાયનો ઉદ્ભવ થયો અને એ સંપ્રદાયે સૈકાઓ સુધી ખુદ જૈનોમાં જ ભગવાન મહાવીરે પ્રબોધેલી અહિંસાની ભાવનાને દૃઢ કરવાનું સંગીન કાર્ય કર્યું હતું.

યાપનીય સંપ્રદાય વિશે કોઈક જિજ્ઞાસુને ક્યારેક જાણવાનું મન થાય, પરંતુ એ માટે કશી આધારભૂત માહિતી સુલભ નહોતી. ડૉ. સાગરમલજી જૈને એ વિષયમાં અનેક ગ્રંથોનું અધ્યયન કરીને, તટસ્થતાપૂર્વક સૂક્ષ્મ અવલોકન કરીને આ દળદાર સંશોધનગ્રંથ તૈયાર કર્યો છે, જે જિજ્ઞાસુની ઈચ્છાને હવે સારી રીતે સંતોષી શકે એમ છે.

ડૉ. સાગરમલજીએ તો યાપનીય સંપ્રદાય વિશે એક નાની પુસ્તિકા લખવાનું વિચાર્યું હતું, પરંતુ કેવા સંજોગોમાં, ચાર વર્ષના પરિશ્રમપૂર્વક આ ગ્રંથ લખાયો છે એનો રસિક વૃત્તાન્ત એમણે ગ્રંથમાં લેખકીય નિવેદનમાં આપ્યો છે. ડૉ. સાગરમલજીને શ્વેતામ્બર પરંપરાના આગમગ્રંથોનો અભ્યાસ તો બરાબર હતો જ, પરંતુ યાપનીય સંપ્રદાય વિશે લખવું હોય તો બંને પરંપરાના આધારગ્રંથોનો વ્યવસ્થિત અભ્યાસ હોવો જોઈએ. એટલે એમણે દિગંબર સંપ્રદાયના ગ્રંથોનો પણ આ દૃષ્ટિકોણથી ફરીથી બરાબર અભ્યાસ કરી લીધો કે જેથી પોતાને પોતાના આ લેખનકાર્ય માટે યોગ્ય સજજતા અને અધિકાર પ્રાપ્ત થાય. આવા સંવેદનશીલ વિષય પર લખવા માટે લેખકે પોતાનાં સાંપ્રદાયિક પૂર્વગ્રહ કે અભિનિવેશને છોડવાં પડે, તો જ ઐતિહાસિક તથ્યોને યોગ્ય ન્યાય આપી શકાય. લેખકે એ વાત દૃષ્ટિ સમક્ષ રાખીને, તટસ્થતાપૂર્વક આ ગ્રંથનું લેખનકાર્ય કર્યું છે જે માટે તેઓ અભિનંદનના અધિકારી છે.

લેખકે આ ગ્રંથ ચાર મુખ્ય અધ્યાયમાં લખ્યો છે. પ્રથમ અધ્યાયમાં 'यापनीय' શબ્દ કેવી રીતે આવ્યો અને એના અર્થની તથા સંઘની ઉત્પત્તિની ચર્ચા કરવામાં આવી છે. બીજા અધ્યાયમાં યાપનીય સંઘના ગણ તથા અન્વયની વિચારણા કરવામાં આવી છે. ત્રીજા અધ્યાયમાં યાપનીય સાહિત્યનો સવિસ્તર પરિચય કરાવવામાં આવ્યો છે. ચોથા અધ્યાયમાં યાપનીય સંઘની વિશિષ્ટ માન્યતાઓનો યથાર્થ ખ્યાલ આપવામાં આવ્યો છે.

યાપનીય સંઘ ઈસ્વી સનની બીજી શતાબ્દીથી પંદરમી શતાબ્દી સુધી, એમ સળંગ ૧૪૦૦ વર્ષ સુધી વિદ્યમાન રહ્યો હતો. આટલા સુદીર્ઘ કાળ સુધી એનું અસ્તિત્વ ટકી શક્યું એનું કારણ એની સમન્વયભરી ઉદાર દૃષ્ટિ હતી. આ સંઘે શ્વેતામ્બર અને દિગંબર સંપ્રદાય વચ્ચે યોજક કડીનું કાર્ય કર્યું હતું. શ્વેતામ્બર અને દિગંબર સંપ્રદાય વચ્ચે–

(५) क्या ग्रन्थकार श्वेताम्बर आगमों में उपलब्ध महावीर के गर्भापहार, विवाह आदि तथ्यों का उल्लेख करता है?

(६) क्या ग्रन्थकार ने अपने गण अन्वयादि का उल्लेख किया है और वे गण क्या यापनीयों आदि से सम्बन्धित है?

(७) क्या उस ग्रन्थ का सम्बन्ध उन आचार्यों से है, जो श्वेताम्बर और यापनीय के पूर्वज रहे है?

(८) क्या ग्रन्थ में ऐसा कोई विशिष्ट उल्लेख है, जिसके आधार पर उसे यापनीय परंपरा से सम्बन्धित माना जा सके?

(९) क्या उस ग्रन्थ में क्षुल्लक को गृहस्थ न मान कर अपवाद लिंगधारी मुनि कहा गया है?

(१०) क्या उस ग्रन्थ में रुग्ण या वृद्ध मुनि को पात्रादि में अ'

लाकर देने का उल्लेख है?

આ નિયમો જોતાં જણાશે કે લેખકે કેટલી બધી શાસ્ત્રીય, વ્યવસ્થિત, તર્કપૂત વિચારણા કરી છે. અચેલકત્વ વિશે પણ એમણે ઐતિહાસિક અને ભૌગોલિક સંદર્ભમાં, ગ્રંથો, અભિલેખો, પ્રતિમાઓ વગેરેનો આધાર આપીને તલસ્પર્શી મીમાંસા કરી છે.

આમ ડૉ. સાગરમલજીએ યાપનીય સંઘ વિશે એક વિશાળકાય અધિકૃત ગ્રંથ આપ્યો છે. એ માટે એમણે જૈન અને બૌદ્ધ પરંપરાંના કેટલા બધા ગ્રંથોનો અભ્યાસ કર્યો છે! એમણે પોતાના વિષયને તો યથાર્થ ન્યાય આપ્યો જ છે, પણ વાંચકને તો એમાંથી બીજી અનેક બાબતો વિશે પણ સારી જાણકારી મળી રહે છે. આ બધામાં સૌથી મહત્ત્વની વાત તો એ છે કે તેઓ ક્યાંય પણ સાંપ્રદાયિક અભિનિવેશમાં સરી પડતા નથી. એમની સમુદાર માધ્યસ્થ દૃષ્ટિ એમને અને એમના આ ગ્રંથને ગૌરવ અપાવે એવી છે. એ બદલ તેઓ આપણા અભિનંદનના અધિકારી છે. ✱✱✱

૩૦૧, ત્રિદેવ નં.૧, ભક્તિ માર્ગ,
મુલુંડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

# જીવનને પ્રબુદ્ધ બનાવવા જહેમતશીલ 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી શ્રી રમણભાઈ

☐ પ્રવચન પ્રભાવક પૂ. આ. શ્રી વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજ

રમણભાઈ ઘણા સમયથી મારા પરિચિત હતા. અવારનવાર મળતા. સારો સમય લઈને આવતા અને સારો સમય માગતા. જ્ઞાનગોષ્ઠી થતી. વાચન-સ્વાધ્યાયમાં મળેલા જ્ઞાનામૃતનું આદાન-પ્રદાન થતું. ઉંમરમાં મારા કરતાં એક પેઢી જેટલા મોટા હોઈ અનુભવની ઘણી વાતો એમની પાસેથી મને જાણવા મળતી. તો આગમ અધ્યયન-અધ્યાપનનો અધિકાર શ્રમણોનો હોઈ એના રહસ્યો-પરમાર્થ મેળવવાની જિજ્ઞાસા તેઓ ધરાવતા. એ અંગેના પ્રશ્નો કરતા અને ગુરુ ભગવંતોના આમ્નાયથી જાણેલી આગમવાણી અમે તેમને પીરસતાં. તેઓ પણ તે સાંભળી આનંદવિભોર થઈ જતા.

તેઓ પાદરાના વતની હતા. તેમના પિતાશ્રી ચીમનભાઈ પૂ. ગુરુદેવ વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીના સાંસારિક અવસ્થાના સહાધ્યાયી હતા. પૂજ્યશ્રીની જીવનની પ્રારંભિક અનેક ઘટનાઓના તેઓ સાક્ષી હતા. ઘણાં એવા પ્રસંગો હતા કે જેની જાણ ભાગ્યે જ કોઈને હતી તેની વિગતો તેઓ જાણતા. તેમની પાસેથી જાણેલી તે પ્રસંગાવલીને રમણભાઈએ મારી સમક્ષ વર્ણવી હતી. તે સાંભળી હું પણ ખૂબ જ સંવેદનાશીલ અને ભાવવિભોર બની ગયો હતો.

પૂજ્યશ્રીનો સમાધિપૂર્ણ સ્વર્ગવાસ થયા પછી રમણભાઈએ તેઓના જીવન પ્રસંગોને સાંકળતું સુંદર જીવન-ચરિત્ર લખી 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીસ્થાનેથી પ્રગટ કર્યું; ત્યારે ઘણાને તે પ્રસંગો જાણવા મળ્યા હતા.

રમણભાઈના જીવનમાં અને લખાણમાં ચોકસાઈ હતી. તેઓ જે પણ લખતા તે અંગેનું વિશાળ વાચન તેમણે કરી લીધું હોય, એ અંગેના અનેક સંદર્ભ ગ્રંથો જોઈ-તપાસી તેનાં ટાંચણો મેળવ્યા હોય, લેખના પ્રત્યેક વિધાનો (મુદ્દાઓ) શાસ્ત્રાધાર સાથે લખાયા હોય, ગહન વિષય હોય છતાં શૈલી સરળ હોય, વિદ્વાન કે સામાન્ય બોધવાળા વાચકને સમાન રીતે ગ્રાહ્ય થાય તેવી રીત-ભાત હોય.

એક સમયનું પ્રબુદ્ધ જીવન એટલે શાસ્ત્રીય અને શાસ્ત્રસાપેક્ષ આચાર-વિચાર સામે જંગે ચડેલું સામયિક, માટે જ યુવક સંઘના મુખપત્ર રૂપે એનું સ્થાન ગણાતું. એના કારણે આચારચુસ્ત, શાસ્ત્રસાપેક્ષ વિચારધારા ધરાવનાર વર્ગમાં એનું ચલણ નહીંવત્ હતું. રમણભાઈની જ્યારથી આ સામયિકના તંત્રીપદે વરણી થઈ ત્યારથી એમણે ધીમે ધીમે છતાં મક્કમ પગલે 'પ્રબુદ્ધ જીવન'ના માળખામાં ધરખમ ફેરફાર કર્યા. શ્રદ્ધાતત્ત્વ જે આજ સુધી લગભગ અદશ્ય હતું તેની પ્રતિષ્ઠાપના કરી.

કેવળ શુષ્ક તર્કના બદલે સુતર્કને સ્થાન અપાવા લાગ્યું. સમકાલીન પ્રવાહોની સમીક્ષા જે કેવળ બુદ્ધિ પ્રધાન્યથી કરાતી હતી તેના બદલે શાસ્ત્રના સંદર્ભો અને પ્રાચીન પ્રણાલિકાઓને પણ લક્ષમાં લેવાનું શરૂ થયું. દ્રવ્યાનુયોગની પ્રધાનતાના કારણે જે સીમિત વાચક વર્તુળ હતું તેને ધર્મકથાનુયોગ અને ચરણકરણાનુયોગના નિરૂપણને પણ સમાવી વિસ્તૃત કરાયું. આના કારણે 'પ્રબુદ્ધ જીવન'ની લોકપ્રિયતામાં ઠીક ઠીક વધારો થયો હતો.

દીક્ષા, બાળદીક્ષા, સાધુસંસ્થા, તીર્થો, મૂર્તિપૂજા, અનુષ્ઠાનો, ઉત્સવ-મહોત્સવો, સ્વામિવાત્સલ્યો જેવી આત્મહિતકર જે જે આચરણાઓના એકાંગી વિરોધમાં શક્તિનો અપવ્યય થતો હતો તેને રોકી રમણભાઈએ વિધાયક કાર્યના મંડન માટે તંત્રીસ્થાનનો ઉપયોગ કર્યો. એક જ વાક્યમાં કહેવું હોય તો રમણભાઈએ એ પત્રનો કાયાકલ્પ કરી બતાવ્યો.

રમણભાઈ કાંઈ સાધુ-સંન્યાસી ન હતા. એ સંસારી શ્રાવક જ હતા છતાં આજના શ્રાવકોમાં જે જ્ઞાન મેળવવા પ્રત્યે ઉદાસીનતા દેખાય છે તે તેમનામાં ન હતી. અતિ વૃદ્ધ વય થઈ ત્યાં સુધી તેઓ ભણતા રહ્યા, નવું શીખતા રહ્યા, રોજ વાંચતા રહ્યા અને નિયમિત લખતા રહ્યા હતા.

એમણે માત્ર લેખો જ લખ્યા નથી પણ અનેક વિષયના પુસ્તકો પણ આલેખ્યાં છે. અધ્યાત્મસાર અને અધ્યાત્મ ઉપનિષદ જેવા ન્યાયાચાર્ય ન્યાયવિશારદ પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના પ્રૌઢ ગ્રંથોના અનુવાદો પણ તેમણે કર્યા છે; જે આજે અધ્યયનના ગ્રંથો બની ગયાં છે.

રમણભાઈ બોલતાં ઓછું પણ જે બોલતાં તે ભાર દઈને. એમાં અનુભવ ભળતો. સામો ય ખુશ થાય એવું જ્ઞાન આપતા. એમની વાણી હૈયાને સ્પર્શતી. શાસ્ત્રના ભાવોને સ્વ જીવનમાં જીવવા-ઉતારવા તેઓ પ્રયત્નશીલ છે તેમ તેમની સાથેના વાર્તાલાપથી જણાતું.

તેમનો વ્યક્તિગત સતત પરિચય જો કે મને ન હતો. તેના કારણે તેમના દૈનંદિન જીવનની આરાધના, સાધના કે પરિવાર વ્યવહાર આદિ બાબતો અંગે મને ખાસ જાણકારી ન હતી. છતાં તેમની સાથેનો ટૂંકો વાર્તાલાપ પણ તેમની આંતરિક ભૂમિકાનો અણસાર આપી જતો હતો.

એમની જિનબિંબો અને જિનમંદિરો પ્રત્યેની શ્રદ્ધા, શ્રી સિદ્ધાચલ ગિરિરાજ આદિ શાશ્વત-અશાશ્વત તીર્થો પ્રત્યેની ભક્તિ, શ્રમણ પ્રધાન ચતુર્વિધ શ્રીસંઘ પ્રત્યે સમર્પિતતા, સુવિદિત આચાર્ય, ઉપાધ્યાય, સાધુ-સાધ્વીજી ભગવંતો સાથેનો વિનય-વિવેક અને ઔચિત્યભર્યો વ્યવહાર, પિસ્તાળીસે આગમો અને એની પંચાંગી તેમજ તેના આધારે લખાયેલા અનેકાનેક ગ્રંથો પ્રત્યેનો આદર, જ્ઞાનાભ્યાસ, સતત નવું ભણવા-જાણવાની તાલાવેલી, અલ્પકષાય, અલ્પહાસ્યાદિ, વૃદ્ધ ઉંમરે પણ બીજાને કાંઈક બોધ પમાડવાનો ભાવ, સામાયિક-પ્રતિક્રમણાદિક પરમ હિતકારી ક્રિયાની રુચિ. આ અને આવા અનેક ગુણોના કારણે તેઓ સામાન્ય શ્રાવક કરતાં સહેજે જુદા તરી આવતા હતા.

એમનાં લખેલાં પુસ્તકો પ્રકાશિત થતાં ત્યારે તેઓ તેની નકલ આપવા રુબરુ આવતા. રુબરુ ન જ અવાતું તો કોઈ સાથે મોકલતા. એમાં કોઈ ત્રુટિ રહી હોય, માર્ગવિરુદ્ધ લખાયું હોય તો પરિમાર્જન કરી આપવાની વિનંતિય કરતા. 'પ્રબુદ્ધ જીવન'ના અંકો પણ મને કાયમ મળ્યા કરે એવી તજવીજ એમણે કરેલી.

એમનો સ્વર્ગવાસ થયાના સમાચાર પણ મને તો 'પ્રબુદ્ધ જીવન'માંથી વાંચવા મળ્યા. એમની ધર્મપત્ની સુશ્રાવિકા તારાબેનની એમને લેખન અને ધર્મધ્યાનાદિ કાર્યમાં પૂરી સહાય હતી. એમણે લખેલા પુસ્તકો, લેખો, કરેલાં પ્રવચનો આદિની સંખ્યા અને સ્તર જોતાં આ હકીકતનો સ્વીકાર કરવો જ પડે.

તેમનો આત્મા જ્યાં હોય ત્યાં નિશ્ચય-વ્યવહારના સમન્વયાત્મક સવનયાત્મક, પ્રમાણ પ્રતિષ્ઠિત એવા જિનેન્દ્ર શાસનને પામે અને એની ઉજ્વળ આરાધના દ્વારા શાશ્વત સિદ્ધિસુખને પામે એવી કામના સાથે 'પ્રબુદ્ધ જીવન'નું ભાવી માળખું શ્રીયુત રમણભાઈએ પાથરેલા ચીલાને અનુસરીને જ આગળ વધે; એ દ્વારા સકળ સંઘનું સુંદર શ્રેય સાધે એ જ અભિલાષા.'

✱✱✱

# પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

□ ડૉ. રણજિત એમ. પટેલ 'અનામી'

ભૂતકાળમાં દૃષ્ટિપાત કરતાં યાદ આવે છે કે પ્રો. ત્રિવેદી સાહેબનું પ્રથમવાર મેં નામ સાંભળ્યું મારા મિત્ર પ્રો. યશવંતભાઈ શુકલ પાંસેથી...સને ૧૯૩૭ માં. યશવંતભાઈ, ત્રિવેદી સાહેબના ગામ ઉમરેઠના, એક જ જ્ઞાતિના. સુરતની એમ.ટી.બી. કૉલેજમાં યશવંતભાઈ પ્રો. ત્રિવેદી સાહેબના પ્રિય શિષ્ય હતા. અમદાવાદના 'ગુજરાત સમાચાર' દૈનિક અને અઠવાડિક 'પ્રજાબંધુ'માં ત્યારે શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ (સાહિત્યપ્રિય), શ્રી ગુણવંતરાય આચાર્ય, શ્રી યશવંતભાઈ શુકલ, શ્રી ભોગીલાલ સાંડેસરા, શ્રી પ્રભાતકુમાર ગોસ્વામી ને હું નોકરી કરતા હતા.

સને ૧૯૩૮ થી ૧૯૪૪ માં, હું ગુજરાત કૉલેજમાં ભણતો હતો ત્યારે તે કાળના ત્રણ સારા વિવેચકો...એક જ રાશિના. 'થ્રી' વી ફોર વિક્ટરી...તે પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી, પ્રો. વિજયરાય વૈદ્ય ને પ્રો. વિશ્વનાથ મગનલાલ ભટ્ટ. આ ત્રણેય પ્રોફેસર-વિવેચકોના નામથી ને કામથી હું થોડો પરિચિત હતો. પ્રો. અનંતરાય રાવળની વિવેચક તરીકેની પ્રતિષ્ઠા તે કાળે પેલી ત્રિ-પુટી જેટલી જામેલી નહીં. સને ૧૯૩૮ માં, પ્રો. રાવળ સાહેબે એમનો પ્રથમ લેખ મારા પ્રથમ કાવ્ય સંગ્રહ 'કાવ્ય સંહિતા'ની પ્રસ્તાવના રૂપે લખ્યો.

સને ૧૯૪૭ માં મેં મારા બીજા કાવ્યસંગ્રહ 'ચક્રવાક'ની પ્રેસ-કોપી તૈયાર કરીને કશી પણ ઓળખાણ વિના એની 'પ્રસ્તાવના' લખવા પ્રો. વિ. ર. ત્રિવેદી સાહેબને વિનંતી કરી. એમનો પત્ર આવ્યો કે મારે 'ચક્રવાક'ની પ્રેસ-કોપી તેમને મોકલી આપવી ને થોડાક જ સમયમાં એમણે 'ચક્રવાક' માટે પ્રસ્તાવના લખી દીધી. એની શરૂઆત આ પ્રમાણે છે: 'ચક્રવાક'ના કવિ રણજિતભાઈ પટેલ (અનામી)નો મને એમનાં કાવ્યો દ્વારા જ પરિચય થયો અને એ પરિચય સુખદ છે. અલબત્ત એવા પરિચયમાં મૈત્રીની સતતતા નથી. ઉર્મિકાવ્યો એટલે જ ક્ષણોની મૂર્તિઓ અને છૂટી છૂટી ક્ષણોના પરિચયથી કવિના સમગ્ર વ્યક્તિત્વનો તો કેવડો પરિચય થવાનો ! પણ એ ક્ષણો સામાન્ય ક્ષણો નથી. કોઈ ક્ષણ ઊંડાણમાંથી આવતું બુદ્‌બુદ્ છે; કોઈ ઊંચે ઊડતો કલ્પનાતરંગ છે. જે ક્ષણોમાં કવિ વધુમાં વધુ અને પૂર્ણપણે જીવન્ત છે તેનો આનંદદાયી પરિચય આ સંગ્રહમાં થાય છે. શ્રી પટેલનાં કાવ્યો વાંચતાં પહેલી છાપ કોઈ ચિંતનશીલ વિદ્યાવ્યાસંગિની પડે છે. શ્રી રણજિતભાઈ પટેલે પ્રશિષ્ટ અર્થલક્ષી શૈલી ગ્રહી છે અને તેમાં એકંદરે સરળતા, સુશ્લિષ્ટતા અને ચારુતાનો યોગ સાધ્યો છે. સાદી ઘટના તરફ પણ ભીની કવિ દૃષ્ટિથી જોવાની તેમને ટેવ છે. અને લાગણીના સંકુલ સ્ફુરણને સ્પષ્ટતાએ વ્યક્ત કરવાની તેમને આવડ છે. અદ્યતન કવિ ફરી પાછો હૃદયંગમ ગીત ગાતો થયો છે એની પ્રતીતિ પણ શ્રી પટેલનાં ગીતોમાં થાય છે. ગુજરાતી ગીતનું પારંપારિક સ્વરૂપ, તેનું રચનાતંત્ર તેમણે સાધ્યું છે અને સરળ ઘાટમાં ગંભીર ભાવ-બિંદુ મૂકવાની નાનાલાલીય કલા તેમણે ઉપાસી છે. નિસર્ગ સાથે તદાકારતાની, કોઈ પરમ ચૈતન્યના, કોઈ પરમ સત્યના ભણકારાની વિરલ પળો તેમણે થોડાંક સુંદર ગીતોમાં ઢાળી છે. મનુષ્ય માત્ર વામન છે, પણ તેને જેટલે અંશે વિરાટની છોળ અડી જાય, જેટલું સૌંદર્ય બિંદુ મળી જાય તેટલી તેની કૃતાર્થતા. શ્રી પટેલને અનંત સત્ય અને સૌંદર્યની છોળ વધારે અડે એ અભિલાષા સાથે તેમના આ 'ચક્રવાક' માટે તેમને અભિનંદું છું.' પ્રો. ત્રિવેદી સાહેબે એમના કથનના સમર્થનમાં કેટલાંક કાવ્યો ને અવતરણો ટાંક્યાં છે તેનો પ્રસ્તારભયે ઉલ્લેખ કર્યો નથી.

પ્રથમ કોકિલ-કૂજન ને પછી સુયોગ ને સદ્‌ભાગ્ય હોય તો દર્શન. સને ૧૯૩૯ માં પ્રગટ થયેલ એમના વિવેચન સંગ્રહ 'વિવેચના' એ મારા મનનો કબજો લઈ લીધો. 'વિવેચના' મેં અનેકવાર વાંચ્યો હશે. પણ કોકિલ-દર્શન તો થયું સને ૧૯૪૯માં જૂનાગઢ ખાતે...જ્યારે તેઓ અધિવેશનમાં સાહિત્ય વિભાગના પ્રમુખ તરીકે વરણી પામ્યા ત્યારે. પ્રજ્ઞાસભર મસ્તકનું રક્ષણ કરતો વિશિષ્ટ પ્રકારનો ફેંટો, સાધારણ ફ્રેઇમનાં ચશ્માં, ચશ્માંમાંથી અગમ્યને તાકતી વેધક આંખો, પહેરણનાં કોલર દેખાય એના ઉપર લાંબા કોટનાં બટનવાળાં કોલર, ચીપીને પહેરેલું ઝીણું ધોતિયું, પગમાં દેશી ચંપલ, ઘઉંવર્ણી સાધારણ કદની કાયા ને મુખ પરની શાન્ત પ્રસન્નતા...મને ગમ્યાં. અવકાશ મળતાં પગે લાગી 'ચક્રવાક'ની 'પ્રસ્તાવના' માટે આભાર વ્યક્ત કર્યો. એક વત્સલ વડીલ કે પિતાની જેમ મારે માથે આશીર્વાદાર્થે હસ્ત મૂકી બરડો પંપાળ્યો. એક સમયે તેઓ ગોળ, કાળી ટોપી પહેરતા પણ મને ગુજરાતી સાહિત્યના ત્રણ દિગ્ગજોના ફેંટાવાળી છબીઓ ખૂબ જ પ્રભાવક લાગી છે. કવિવર ન્હાનાલાલની, રાષ્ટ્રીય શાયર મેઘાણીભાઇની અને મધુદર્શી વિવેચક શ્રી વિષ્ણુપ્રસાદની. મારા પિતાજી પણ ત્રિવેદી સાહેબ જેવો ફેંટો બાંધતા-લટકતો છેડો. ન્હાનાલાલ ને મેઘાણીભાઇના ફેંટા વિશિષ્ટ પ્રકારના હતા-પ્રદેશભેદ દર્શાવતા ને રૂઆબમાં વૃદ્ધિ કરતા.

ત્રિવેદી સાહેબ સાથે પ્રથમ પ્રત્યક્ષ પરિચય સને ૧૯૪૯ માં થયો ત્યારે હું પેટલાદની કૉલેજોમાં હતો. સને ૧૯૫૦ માં હું નડિયાદની કૉલેજોમાં ગયો. ત્યાં જઈને પ્રથમ કામ પ્રબોધમૂર્તિ શ્રી ગોવર્ધનરામના નામની 'ગોવર્ધન સાહિત્યસભા'ની સ્થાપના કરીને એના ઉપક્રમે નડિયાદના ત્રણ સાક્ષરો...શ્રી ગો. મા. ત્રિપાઠી, અભેદ માર્ગપ્રવાસી શ્રી મણિલાલ દ્વિવેદી અને મસ્તકવિ બાલાશંકર કંથારિયાની જન્મ-શતાબ્દીઓ ઉજવી. એ શતાબ્દીઓ ઉજવતાં પૂર્વે ગુજરાતના મોટા ભાગના સાક્ષરોને પ્રવચનો આપવા માટે આમંત્રેલા...જેવા કે શ્રી કનૈયાલાલ મુનશી, શ્રી રમણલાલ વ. દેસાઈ, પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, કવિ સુંદરમ્, કવિ ઉમાશંકર જોષી, કિશનસિંહ ચાવડા, જ્યોતીન્દ્ર દવે, વિશ્વનાથ મ. ભટ્ટ, વિજયરાય વૈદ્ય, યશવંત શુકલ, પ્રો. એસ. આર. ભટ્ટ, મંજુલાલ મજમુદાર, યશોધર મહેતા, શાંતિલાલ ઠાકર, ભોગીલાલ સાંડેસરા વગેરે. આ બધાં પ્રવચનો દરમિયાન શ્રોતાઓની સંખ્યા ઓછામાં ઓછી પાંચસોથી વધુમાં વધુ દો?

સુધીની રહેતી. ઘણીવાર 'ટાઉન હૉલ' ન્હાનો પડતો. ત્રિવેદી સાહેબ પ્રકાંડ વિદ્વાન, પ્રજ્ઞાવાન પ્રોફેસર હતા પણ જેને પ્રભાવક વક્તા કહીએ તેવા તેઓ નહોતા. તેમણે 'સાહિત્યકાર ગાંધીજી ઉપર વિદ્વતાપૂર્ણ વ્યાખ્યાન આપેલું ને શ્રોતાઓની સંખ્યા ને શિસ્તથી ખૂબ જ પ્રભાવિત થયેલા. આવડી મોટી સંખ્યા સમક્ષ તેઓ ભાગ્યે જ બોલ્યા હશે! આ પછી તેઓ સાક્ષર શ્રી ગોવર્ધનરામનું મકાન જોવા ગયેલા. ને વયોવૃદ્ધ કવિ–ચિત્રકાર શ્રી ફુલચંદભાઈને દર્શને પણ ગયેલા. નડિયાદમાં તેઓ ભણેલા પણ ગોવર્ધનરામ પ્રત્યે તેઓ કૉલેજકાળથી જ પ્રભાવિત થયેલા. અમદાવાદની ગુજરાત કૉલેજમાં જ્યારે તેઓ ભણતા હતા ત્યારે આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવના પ્રમુખપદે તેમણે 'સરસ્વતીચંદ્ર' ગ્રંથ ઉપર અંગ્રેજીમાં વ્યાખ્યાન આપેલું. એમના લેખનના મેજ પર તેઓ શ્રી ગો. મા. ત્રિપાઠી અને ન. ભો. દિ.નો ફોટો રાખતા. ગુજરાત યુનિવર્સિટીની શ્રી ગો. મા. ત્રિપાઠી વ્યાખ્યાનમાળાના પ્રથમ વ્યાખ્યાતા તરીકે તેમણે સને ૧૯૬૦ માં વ્યાખ્યાનો આપેલાં–'પ્રબોધમૂર્તિ શ્રી ગોવર્ધનરામ' ગ્રંથસ્થ થયેલ છે.

નડિયાદથી શરૂ થયેલો અમારો આ સંબંધ સને ૧૯૫૮ માં હું વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં આવ્યો ને સને ૧૯૭૭ માં નિવૃત્ત થયો ત્યાં સુધી...એમના અવસાનકાળ સુધી રહ્યો. મારા નિવૃત્તિકાળે પ્રગટ થયેલ 'સંભારણું'માં તેમણે લખ્યું છે : પ્રો. રણજિતભાઈ પટેલને હું નડિયાદમાં મળ્યો ત્યારે એક પ્રસ્થાન વૃત્તિવાળા, તરવરતા, વિદ્યાવ્યાસંગી જુવાન તરીકે મેં ઓળખેલા. ૧૯ વર્ષ તેમણે મહારાજા સયાજીરાવ વિશ્વ–વિદ્યાલયમાં અધ્યાપક તરીકે ઉચ્ચ કક્ષાની સેવા આપી તથા સર્વ સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ઉલટભેર ભાગ લીધો તેથી તેઓ ગુજરાતમાં જાણીતા થયા. પ્રો. પટેલ ગુજરાતી વિભાગના અધ્યક્ષ થયા. વિદ્યા પ્રાપ્ત કરી અને વિદ્યા આપી. કવિતા લખી અને કવિતાનું વિવેચન કર્યું, પણ એ બધાં ઉજ્જ્વળ કાર્યમાં સૌથી મહત્ત્વનું કાર્ય અધ્યાપક તરીકેનું છે. અનેકાનેક વિદ્યાર્થીઓને પ્રેરણા અને માર્ગદર્શન આપવામાં તેમનાં જ્ઞાન, વિવેકબુદ્ધિ, કવિની સંવેદનશીલતા અને અસાધારણ ઉત્સાહનો વિનિયોગ થયો છે. શ્રી રણજિતભાઈ પટેલમાં અધ્યાપકનો એક આદર્શ હું જોઉં છું.' ('સંભારણું પૃ. ૨')

સને ૧૯૪૯ માં, જૂનાગઢ સાહિત્ય પરિષદમાં મેં પ્રથમ વાર ત્રિવેદી સાહેબનું દર્શન કર્યું ત્યારે તેમની ઉંમર ૫૦ સાલની હતી. (જન્મ–૪–૭–૧૮૯૯) એ પછી તો તેઓ ખાસ્સા ચારેક દાયકા જીવ્યા. સને ૧૯૨૧ માં એટલે કે બાવીસ વર્ષની વયે તેઓ સુરતની એમ.ટી.બી. કૉલેજમાં અંગ્રેજીના અધ્યાપક તરીકે જોડાયા. સને ૧૯૪૯ પહેલાંની એમની કૉલેજકાળની છબીઓ મેં જોઈ છે પણ મારા ચિત્તમાં એમની શરીર સંપત્તિની ક્યારેય સારી છાપ પડી નથી. યૌવન–પ્રૌઢાવસ્થાની ભેદરેખાઓ જ જાણે ભૂંસાઈ ગયેલી લાગે! એમનામાં મેં ક્યારેય તરવરાટ જોયો નથી. મેં એમને ક્યારેય સાયકલ ચલાવતા જોયા નથી પણ બાવીસ સાલ બાદ તેઓ શિખ્યા ને સાયકલ ઉપર બેસી, હાફકોટ, પાટલુન, હેટમાં સજ્જ બની સાંજના ટેનિસ રમવા જતા...કોઇક વાર અંગ્રેજીના પ્રોફેસર ને એમના ખાસ મિત્ર પ્રો. કે. એલ. દેસાઈ એમને લીફ્ટ આપતા. પ્રો. દેસાઇના કહેવા પ્રમાણે કૉલેજમાં જે ત્રણેક સારા ટેનિસ ખેલાડીઓ હતા તેમાં ત્રિવેદી સાહેબની ગણના થતી. ત્રિવેદી સાહેબે એમના એક લેખમાં કવિ દલપતરામ સાથે ટેનિસ રમ્યાની કલ્પના કરી છે એટલે ટેનિસની રમતમાં તેઓ સારા ખેલાડી હશે પણ એ રમતમાં જે સ્ફૂર્તિ, શરીરની લવચીકતા, બોલને ધારેલી જગ્યાએ બેસાડવાની બાબતમાં ચોક્કસ જજમેન્ટ, સમયભાન વગેરે તનમનના ગુણોની આવશ્યકતા રહે તે આયુષ્યનાં ત્રીજા દાયકામાં હશે!...પણ શરીર સંપત્તિની બાબતમાં તો તેઓ નસીબદાર નહોતા જ.

પ્રો. બ. ક. ઠાકોરે 'પ્રતિભા બીજની માવજત' નામે એક સુંદર લેખ લખ્યો છે જેમાં તેમણે ૨૬–૨૭ સાલની વયે ગુજરી ગયેલા ત્રણ શક્તિશાળી સાહિત્યકારો (કલાપી, મલયાનિલ ને ગજેન્દ્ર બુચ)ની ચર્ચા કરી છે. શરીર સંપત્તિની બાબતમાં કમનશીબ પણ પ્રતિભાબીજની માવજત કરવામાં પ્રો. ત્રિવેદી સાહેબ જેવા કો'ક જ વિરલા! અદ્યતન થિયરી પ્રમાણે જિન્સ કે રાષ્ટ્રીય આયુષ્યઆંક (નેશનલ સ્પઇન ઓફ લાઇફ)ની જેમ કુટુંબના આયુષ્યઆંકનો લાભ કે ગેરલાભ જે મળ્યો હોય તે પણ એક વસ્તુ ચોક્કસ છે કે ત્રિવેદી સાહેબે રજમાત્ર પ્રમાદ કર્યા સિવાય, અતંદ્ર જાગૃતિથી એમની નબળી તબિયતને જાળવીને દીર્ઘજીવન જીવ્યા છે. એમને હું અનેકવાર મળ્યો હોઇશ, સાહિત્ય કાર્યક્રમો અંગે અને યુનિવર્સિટીના કામો અંગે પણ મેં સદૈવ જોયું છે કે કોઈ બાબતમાં કશી જ ઉતાવળ નહીં...એક પગનો ઠોર કરીને બીજો પાય ઉપાડીએજી...એટલું જ નહીં પણ બે પગ એક જ પગથિયા ઉપર ગોઠવાય નહીં ત્યાં સુધી એક્કેય પગ ઉપાડવાનો નહીં. સુરતમાં એમનો 'મૈત્રી' બંગલો ને અમદાવાદની 'સદ્મ સોસાયટી'માં પણ એમનો બંગલો. શ્રી યશવંતભાઈ શુક્લ ને પ્રો. અનંતરાય રાવળ સાહેબના પણ ત્યાં બંગલા. એ બંનેય મહાનુભાવોએ મને કહેલું કે અમદાવાદના બંગલાને ધાબે તેઓ કેવળ એક જ વાર ગયેલા ને તે પગે ચાલીને પગથિયાં ચઢેલા નહીં પણ એમને ખુરશીમાં બેસાડીને ધાબે લઈ ગયેલા. ઋતુ ગમે તે હોય પણ ગળે મફલર તો શિવજીના ઘરેણાની જેમ હોય જ. અરે ગમે તે ઋતુમાં બી.એ., એમ.એ.ના વર્ગો લેતા હોય પણ ઓરડાનાં બધાં જ બારીબારણાં બંધ કરીને. એમની પ્રકૃતિથી પરિચિત વિદ્યાર્થીઓને આમાં કશું જ અસ્વાભાવિક કે અસામાન્ય લાગતું નહોતું. લાખ્ખો રૂપિયાની રોલ્સ રોય હોય પણ માંહ્ય લાકડાં ને કોલસા ભરીને 'રફ રોડ' પર 'રફલી' ચલાવવામાં આવે તો એનું આયુષ્ય પણ આવી રહે. ત્રિવેદી સાહેબ યંત્ર ને જીવન યંત્રનું આ સત્ય બરાબર સમજી ગયેલા ને ઠેઠ સુધી શિસ્તબદ્ધ રીતે તેનું પાલન કરેલું.

પત્ર વ્યવહારની બાબતમાં ચોકસાઈ ને નિયમિતતા તો વિષ્ણુભાઈનાં જ. નૂતન વર્ષે અનેક પત્રો આવે તે દરેકને કોઈક ને કોઈક સંસ્કૃત, અંગ્રેજી કે ગુજરાતી સૂક્તિ–સુભાષિત સાથે સાલમુબારક ને નૂતન વર્ષાભિનંદન પાઠવે. વહેલી તકે સ્વીકારાય. પહોંચ અને યોગ્ય પ્રતિભાવ પાઠવે જ. મોટે ભાગે કાર્ડ લખે પણ જો કાર્ડમાં પર્યાપ્ત અભિવ્યક્તિ ન થતી હોય તો કાર્ડ નંબર બે તૈયાર જ હોય. કાર્ડની સાધારણ ખાલી રહેલી. બે બાજુ પણ ન્હાના અક્ષરે ભરી દે. હું માનું છું કે આવાં સેંકડો કાર્ડ તેમણે લખ્યાં હશે. એ કાર્ડમાંના કેટલાક લાઘવયુક્ત અભિપ્રાયો સૂત્રો બની રહે. દા. ત. 'આપણે સૌંદર્યની મૃગયા કરવાની હોય, સુંદરીની નહીં.' કેટલાંક પુસ્તકોના અભિપ્રાય એમણે ચાર–પાંચ લીટીઓમાં જ દર્શાવ્યા હોય પણ એ પ્રસ્તાવનાથી પણ ઝાઝું કહી જાય. વિવેકની એવી પકડ કે ધર્મને કાંટે ન અતિકે ન અલ્પ તોળાય. લગભગ સાડા ત્રણ દાયકાના મારા અધ્યાપક તરીકેના કાર્યને તેમણે એક જ વાક્યમાં તોળી નાંખેલ: 'શ્રી રણજિતભાઈ પટેલમાં હું અધ્યાપકનો એક આદર્શ જોઉં છું.' ઉદયભાનુ વિરચિત 'વિક્રમ ચરિત્રરાસ'નું અવસાનને કારણે અધૂરું રહેલું પ્રો. બ. ક. ઠાકોરનું કામ મેં પૂર્ણ કર્યું ને એની એક નકલ ત્રિવેદી સાહેબને મોકલી તો પ્રતિભાવ એક જ લીટીમાં. 'આપણા યુનિવર્સિટી પ્રોફેસરોનું કામ આવું હોવું જોઇએ.

ત્રિવેદી સાહેબની ચોકસાઇનાં બે દૃષ્ટાંત હું જાણું છું. ગુજરાતીની બોર્ડ ઓફ સ્ટડીઝની મિટીંગ હતી. બી.એ.ની કક્ષાએ એમણે કાર્લાઈલનું

'હીરો વર્શીપ' જેનું ભાષાન્તર પ્રો. મોહનલાલ પાર્વતીશંકર દવેએ કર્યું છે. 'વીરપૂજા'–તેની ભલામણ કરી. અન્ય સભ્યોએ એનો સ્વીકાર કર્યો..પણ મિટીંગને અંતે મને કહે 'રણજિતભાઈ ! તમો મુંબઇની એન. એમ. ત્રિપાઠીમાં પત્ર લખીને જરા પૂછાવી લેજો કે 'વીરપૂજા'ની કેટલી નકલો એમની પાસે છે ? દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (હવે વીર નર્મદ યુનિ.) માં એમ.એ.કક્ષાએ એમણે 'ભાલણનું નળાખ્યાન' અભ્યાસક્રમમાં રાખ્યું. 'ભાલણનું નળાખ્યાન' મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીનું પ્રકાશન. ત્રિવેદી સાહેબનો મારા પર તાકીદનો પત્ર આવ્યો...પૂછાવેલું...એની નકલો મળી શકે કે કેમ ? તરત જ મેં તપાસ કરી તો પ્રથમ આવૃત્તિ ખલાસ થઈ ગયેલી. આ બાબતમાં, ત્રિવેદી સાહેબને સીધો પત્ર લખવાને બદલે હું તે વખતના વાઇસ ચાન્સેલર ડૉ. સુરેશભાઈ શેઠના સાહેબને મળ્યો ને પ્રો. ત્રિવેદી સાહેબના પત્રની વાત કરી. તો શેઠના સાહેબે કહ્યું કે તમો ત્રિવેદી સાહેબને લખો કે જૂનમાં 'ભાલણનું નળાખ્યાન' મળી રહેશે. મારી રૂબરૂમાં જ શેઠના સાહેબે યુનિ. પ્રેસ મેનેજર શ્રી રમણભાઇને ફોન કરી આદેશ આપ્યો કે બીજાં કામ થંભાવી દઇને પણ પ્રો. પટેલ કહે, તે પ્રમાણે જૂનમાં શૈક્ષણિક કાર્ય શરૂ થાય તે પહેલાં 'ભાલણનું નળાખ્યાન' ની દ્વિતીય આવૃત્તિ પ્રગટ થવી જોઇએ. વી.સી.એ. પોતાની આગવી સત્તાથી બજેટ પસાર કરી દીધું ને કામ સમયસર પતી ગયું.

ત્રિવેદી સાહેબની વિનમ્રતા પણ કેવી ! એમનો એમ.એ. થયેલો એક વિદ્યાર્થી શ્રી રતન માર્શલ, પીએચ.ડી. કરવાના ઇરાદાથી એમની પાસે ગયો. પૂછ્યું: 'કયા વિષય પર શોધ પ્રબંધ (થીસિસ) લખવા માંગો છો ? વિદ્યાર્થીએ કહ્યું: 'પત્રકારત્વના વિષય પર.' આટલી બધી વિદ્વતા ને વ્યુત્પત્તિ હોવા છતાં પણ નમ્રભાવે કહ્યું: 'એમાં મારી સજ્જતા નથી.' આખરે વિદ્યાર્થી સાથેની વિશેષ ચર્ચા બાદ તેઓ શ્રી રતન માર્શલના માર્ગદર્શક તરીકે રહ્યા ને સર્વ પ્રકારનું માર્ગદર્શન ઠેઠ સુધી આપ્યું. નવ વર્ષને તપને અંતે, ત્રિવેદી સાહેબનો પ્રથમ પીએચ.ડી.નો મુંબઈ યુનિવર્સિટીનો વિદ્યાર્થી તે ડૉ. રતન માર્શલ. રતન માર્શલનો ચોક્કસ વિષય હતો : 'ગુજરાતી પત્રકારત્વનો ઇતિહાસ' ને પ્રો. ત્રિવેદી સાહેબના ચોક્કસ શબ્દો હતા : 'એ એમના અભ્યાસનો વિષય નહોતો.' નડિયાદ કૉલેજનો મારો એક વિદ્યાર્થી શ્રી જયંત પી. પટેલ એમ.એ. થયા બાદ શ્રી ત્રિવેદી સાહેબ સાથે ગુજરાતી ભાષા–સાહિત્યનો અધ્યાપક બન્યો ને એ દરમિયાન એણે કાકા સાહેબ કાલેલકર પર પીએચડી.નો શોધ પ્રબંધ લખ્યો. વર્ષો પૂર્વે એનો શોધ પ્રબંધ પ્રગટ થયો છે. ત્રિવેદી સાહેબને જ્યાં સુધી સંપૂર્ણતાનો સંતોષ ન થાય ત્યાં સુધી શોધપ્રબોધને રજૂ કરવાની સંમતિ જ ન આપે. રતન માર્શલની માફક શ્રી જયંત પટેલને પણ 'ડૉક્ટર' બનતાં પહેલાં ત્રિવેદી સાહેબની આકરી કસોટીમાંથી પસાર થવું પડેલું.

મેં આગળ કહ્યું કે ત્રિવેદી સાહેબ પ્રભાવક વક્તા નહોતા પણ ઠાવકા, ધીર-ગંભીર, શબ્દેશબ્દને તોળીને રસિક વાર્તાલાપ કરનાર પ્રકાંડ વિદ્વાન હતા. આપણે સાહિત્યના કોઈ વિદ્વાન–વિવેચક સાથે વાત કરી રહ્યા છીએ એવું આપણને લાગે જ નહીં એવી એમની વાતચીતની શૈલી હતી, એવો એમનો અભિગમ હતો અને છતાંયે જ્યારે આપણે એમની વિદાય લઇએ ત્યારે કૈંક નક્કર–મૌલિક પામ્યાનો પરિતોષ થાય. એમની વિદ્વતાનું રજમાત્ર ભારણ આપણને લાગે નહીં, લાગવા જ ન દે...વિનય ને વિનમ્રતા તો વિષ્ણુભાઇનાં જ.

ત્રિવેદી સાહેબ શરૂઆતનાં પંદર વર્ષોમાં અંગ્રેજી ભાષા–સાહિત્યના અધ્યાપક રહ્યા ને પછીનાં બધાં વર્ષોમાં ગુજરાતી ભાષા સાહિત્યના મુખ્ય પ્રાધ્યાપક રહ્યા. અંગ્રેજી–ગુજરાતી ભાષા સાહિત્યના એમના પ્રધાન ને યશસ્વી વિદ્યાર્થીઓમાં હું બેની ગણના કરું...એક પ્રો. સન્તપ્રસાદ આર. ભટ્ટ ને બીજા પ્રો. યશવંતભાઈ શુકલ. પ્રો. ભટ્ટ છેલ્લે બી. ડી. મહિલા કૉલેજના આચાર્ય થયેલા ને પ્રો. શુકલ અમદાવાદની એચ. કે. આર્ટ્સ કૉલેજના આચાર્ય થયેલા. આ બંનેય આચાર્યોને હું સફળ અધ્યાપકો તો ઘણું જ છું પણ સાથે સાથે અંગ્રેજી–ગુજરાતીના પ્રથમ કક્ષાના વક્તાઓ પણ ગણું છું...ત્રિવેદી સાહેબમાં જે સારા પ્રમાણમાં નહોતું તે તેમના આ બે તેજસ્વી સદ્ શિષ્યોમાં પુરતા પ્રમાણમાં હતું. બીજા કેટલાકમાં પણ હશે. કુંજવિહારી મહેતા ને ડૉ. જયંત પટેલ જેવાઓમાં. શ્રી ત્રિવેદી સાહેબે એક 'ભાવનાસૃષ્ટિ' સિવાયનાં તેમનાં બધાં જ પ્રકાશનો મને ભેટ આપ્યાં છે. 'વિવેચના, પરિશીલન', 'અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય', 'પ્રબોધમૂર્તિ ગોવર્ધનરામ', 'ઉપાયન', 'આશ્ચર્યવત્'...હું અનેકવાર વાંચી ગયો છું. રસલક્ષી સર્જનાત્મક વિવેચન કેવું હોય તેનો ખ્યાલ મને તેમના ગ્રંથોમાંથી મળ્યો છે. વિવેચક અને વિવેચનની પ્રતિષ્ઠા વિષયક એમનો ખ્યાલ તેમના આ વિધાનમાંથી સ્પષ્ટ થાય છે: 'વિવેચક માટે પ્રમાણમ્ અન્તઃકરણ પ્રવૃત્તમ્:–એ આદર્શ સ્થિતિ છે. એ દુઃસાધ્ય છે પણ અશક્ય નથી. લોકશાસ્ત્રકાવ્યાદિ–અવેક્ષણાત્ નિપુણતા તેણે પ્રથમ પ્રાપ્ત કરવી જોઇએ. ભિન્ન ભિન્ન પ્રજાઓના ગ્રન્થમણિઓનું પરિશીલન, તેમાંથી કાવ્યશાસ્ત્રીઓએ તારવેલા સિદ્ધાંતોનું પર્યેષણ, શિષ્ટ ગ્રંથોના સ્વકીય વિમર્શના પ્રકાશમાં પરંપરાગત પ્રાપ્ત સિદ્ધાંતોનું શોધન એ બધી પ્રાથમિક તૈયારી માટે અભ્યાસીએ સુરુચિ કેળવવી અને દૃઢ કરવી જોઇએ. સુરુચિ કેળવાય અને અંતઃકરણનો ગુણ બને ત્યાં સુધી અભ્યાસી સહૃદય સાહિત્ય વિષયક નિર્ણયો મોકુફ રાખે અથવા શોધનયોગ્ય ગણે. સુરુચિ દૃઢ થતાં એટલે કે વિવેચનનેત્ર ઊઘડતાં, સિદ્ધાંતોનો સીધો વિનિયોગ કરવો રહેશે નહીં, ગ્રંથમણિઓને વારંવાર સંભારવા પડશે નહીં. વિવેચકનું અખંડ વ્યક્તિત્વ વિવેચન વિષયથી સહજ સ્ફુરી આનંદપર્યાયસાયી, સત્યપ્રતિપાદક અને સૌષ્ઠવયુક્ત વિવેચનોમાં પ્રગટ થશે....વિવેચકની એ ધન્યતા હશે, વિવેચનની એ ગરવી પ્રતિષ્ઠા હશે.' ત્રિવેદી સાહેબે એમના આ આદર્શ પ્રમાણેનું યથાશક્તિ વિવેચન એમના ઉપર્યુક્ત ગ્રંથોમાં જાગૃતિપૂર્વક કર્યું છે એમ હું માનું છું.

ગુજરાતી ભાષા સાહિત્યના પ્રથમ કક્ષાના વિવેચક ઉપરાંત મેં એમને અંગ્રેજી ભાષામાં કાવ્યો લખનાર તરીકે પણ જાણ્યા–પિછાન્યા છે. સને ૧૯૬૦માં સુરત ખાતે ઉજવાયેલી એમની ષષ્ઠીપૂર્તિ વખતે એમના વર્ષો-પુરાણા મિત્ર ને સને ૧૯૪૬ના મારા પ્રિન્સિપાલ કે. એલ. દેસાઇએ એમનાં કેટલાંક અંગ્રેજી કાવ્યોની છણાવટ કરેલી. ગુજરાતી ભાષામાં એમણે કાવ્યો ન લખ્યાં એનું જ મને આશ્ચર્ય છે ! એમના કવિતાઈ ગદ્યથી ગુજરાતી ભાષા–સાહિત્યનો કયો રસિક–ભાવક અજાણ્યો છે ? કવિતાને આશ્લેષતું એમનું ગદ્ય છે.

સને ૧૯૪૯માં જૂનાગઢની સાહિત્ય પરિષદ વખતે અધ્યક્ષપદેથી આપેલા તેમના ઐતિહાસિક પ્રવચનમાં કવિતાઈ ગદ્યના નમૂના ઠીક ઠીક જોવા મળે છે. 'હું કવિને સ્મરણ કરાવું છું કે'...એ આખો ગદ્ય ખંડ 'હું નિષ્ફળ કવિ છું.'–એવા એમના એકરારને ખોટો ઠરવે છે. આ ઉપરાંત એમનાં 'ધ્યાન' અને 'પ્રાર્થના' વિષયક લખાણો પણ કવિતાઈ છે. એમના 'આશ્ચર્યવત્' ગ્રંથમાંથી આવાં તો અનેક દૃષ્ટાંતો મળી શકે તેમ છે. એમાંના ૪૧ નંબરના લેખમાં 'શીદ સોની ઘેર જઇએ રે'...એ મીરાંબાઇના પદને પુષ્ટ કરતાં લખે છે: 'આ નિસર્ગમાં આભરણ અને અલંકારની ક્યાં ખોટ છે ? આ વિસ્મૃતિકૂપમાં અપ્રકેત સલિલમાં અનિલ જેવો હું–અર્થાત્ લિંગદેહરૂપ સત્ત્વ આત્મા–તમે સાંભળો છો તે બુલબુલ સાંભળું છું. કહે છે–'ક્વાઈટ ટ્રૂ' ક્વાઈ? સોની ઘેર શીદ જવાનું ? ઘર સામે બોરસલ્લી છે એના ફૂલની સુ

હું છું. એની રૂપરચનામાં હું છું, એ તમારે હૈયે જ છે. સમજો એટલી વાર. સક્કરખોરો નીચે વળી ફૂલનું મધુ ચૂસે છે. આ ઉત્પલ અરણ્યાનીને અંબોડે છે. અરણ્યાનીને જુઓ એટલે તમે જ અરણ્યાની; અને તમારે જ અંબોડે અનવદ્ય સરસિજ. મોગરાના કંદોરા અને જયા કુસુમનાં ઝૂમખાં; વેલની વેણી ને ચંપાનાં કુંડળ; સૂર્યમુખી સાંકળા ને પારિજાતની અંગૂઠીઓ. અહો ! દૂરદૂરથી સંસારનો ઘોર સંભળાય છે. દૂર દૂર તેજના અરુણપટમાં ગિરિ શિખરો ડોકાય છે. આ અહીં જે કોકિલા હૃદયને પલાળે છે. આ હાલતી, ચાલતી, ગાતી અરણ્યાની, આભરણવંત અરણ્યાની પ્રત્યક્ષ છે.' 'તો, શીદ સોની ઘેર જઇએ રે ? (આશ્ચર્યવત્, પૃ. ૧૯૫-૧૯૬).

કાકાસાહેબે એમને 'સાહિત્યના પહેરેગીર' ગણાવ્યા છે ને ઉમાશંકરભાઇએ 'વિવેચનની સાધના'માં એમના વિવેચનને યથાર્થ રીતે મૂલવ્યું છે. મારો પ્રયાસ કેવળ સંસ્મરણાત્મક છે. પ્રત્યક્ષ રીતે હું એમનો વિદ્યાર્થી નહોતો પણ પરોક્ષ રીતે એમના પત્રો, એમનાં પુસ્તકો અને એમની ચર્ચાઓમાંથી જીવન અને સાહિત્યમાં ઘણું બધું પામ્યો છું. મારે મન, શીલ અને પ્રજ્ઞાનો, જેમના જીવન અને સાહિત્યમાં મધુર સમન્વય થયો હોય એવા મધુદર્શી વિવેચક-અધ્યાપક-બ્રાહ્મણ-સારસ્વત હતા. કોઇપણ પ્રકારે એમનું ઋણ ચૂકવી શકાય એમ નથી.

સને ૧૯૫૭માં, 'ત્રિવેણી'માં 'કેટલાંક અર્પણો'માં પ્રો. ત્રિવેદી સાહેબ માટે ત્રણ પંક્તિઓ આ પ્રકારની છે:-

'નીર-ક્ષીર-વિવેકે જે હંસના મુગ્ધ છું હું તે
બુદ્ધિ-ઊંડા, સદા શાન્ત, સ્વ-સ્થ વિષ્ણુપ્રસાદને
મોતીચારો મૂકી, હંસ ! ચાખો હૈયા-પ્રસાદને.'

સને ૧૯૮૩માં મારો સાતમો કાવ્ય સંગ્રહ 'રટણા' બે મહાનુભાવોને અર્પણ કર્યો છે...કવિવર ન્હાનાલાલ અને પ્રો. ત્રિવેદી સાહેબને. 'ત્રિવેણી'ની ત્રણ પંક્તિઓને બદલે 'રટણા'માં બે પંક્તિઓ છે:-

નીરક્ષીર વિવેકે જે હંસના મુગ્ધ છું હું, તે,
પીઢ-પ્રાજ્ઞ, સદા શાન્ત-સ્વસ્થ વિષ્ણુપ્રસાદને.' એ પછી પ્રો. ત્રિવેદી સાહેબને ઉદ્દેશીને લખાયેલું સોનેટ નામે 'પાથેય' આ પ્રમાણે છે:-

ત્હમે જે આપ્યું છે, ભવભવનું પાથેય બનશે,
ગમે તેવી યાત્રા વિકટ પણ આહ્‌લાદક હશે.
પ્રયાણે ભાવિના અગમ પથમાં તારક હશે,
સ્થળે-કાળે પેલું વિમલ સ્મિત સર્વત્ર વિલસે.

અહં-કેન્દ્રી પૂરો, મદભર ડૂબ્યો આત્મરતિમાં,
પ્રમત્તાવસ્થા શી ! વિ-ગત વયમાં, વ્યર્થ ગતિમાં.
સ્થિતિ સ્થાયી કેવી ? દયનીય ત્રિ-શંકુ અવદશા !
વિ-ગત સાંપ્રત ડૂબ્યો, ધૂસર નિયતિ, હારણ દશા.

ત્હમે દૃષ્ટિ દીધી; અવર જન જાણી ઉર વ્યથા,
રચી કેવી સૃષ્ટિ ! ઇતરજનની થૈ નિજ કથા.
ઉરે સંવેદું છું ચર-અચરના સ્પંદ સરવા,
જડે વા ચૈતન્યે અનુભવી રહું ભાવ ગરવા.
કશા પુણ્યે પામ્યો રજ-દડ વિષે પારસમણિ !
અજાણ્યા સ્પર્શે યે કનક બનતી લોહની કણી.'

✱✱✱

૨૨/૨, અરુણોદય સોસાયટી,
અલકાપુરી, વડોદરા-૩૯૦૦૦૭.

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘને ભેટ

**● પ્રબુદ્ધ જીવન નીધિ કાયમી ફંડ**

૫,૦૦,૦૦૦/- એક સુશ્રાવક તરફથી
૧,૦૦,૦૦૦/- શ્રી રાજેન્દ્રભાઈ એ. શાહ તરફથી
૨૫,૦૦૦/- શ્રીમતી ચંચળબેન આણંદલાલ ત્રીભોવન સંઘવી-મુંબઈ
૫,૦૦૧/- શ્રી પ્રસનભાઈ એન. તોલીયા-મુંબઈ
૫,૦૦૧/- શ્રી ભૂપેન્દ્ર હિંમતલાલ શાહ-મુંબઈ
૫,૦૦૦/- શ્રી વીસનજી ન. વોરા-મુંબઈ
૫,૦૦૦/- શ્રી સુરેન્દ્રકુમાર ચીમનલાલ શાહ-મુંબઈ
૨,૫૦૦/- શ્રી રમેશ પી. દફતરી ચેરિટેબલ ટ્રસ્ટ-મુંબઈ
૨,૫૦૦/- શ્રી રસિકલાલ ગોપાલજી શાહ-મુંબઈ
૧,૧૦૦/- શ્રી જશવંત છોટાલાલ શાહ-મુંબઈ
૧,૦૦૦/- શ્રી નેણશી રવજી વીરા-મુંબઈ
૧,૦૦૦/- શ્રી ઈલાબેન ચંપકલાલ મોદી-મુંબઈ
૫૦૧/- શ્રી આર. જે કાપડિયા-મુંબઈ
૨૫૧/- શ્રી હરિસિંહ સી. કાપડિયા
૨૫૧/- શ્રી રસિકલાલ ધીરજલાલ તુરખીયા-મુંબઈ

**૬,૫૪,૧૦૩/- આજ સુધી**

**● પ્રબુદ્ધ જીવન આજીવન સભ્ય**

૨,૫૦૦/- શ્રી હિમાંસુ જે. સંઘવી-મુંબઈ
૨,૫૦૦/- શ્રી વિપુલ કલ્યાણજી દેઢિયા-મુંબઈ
૨,૫૦૦/- શ્રી અમિત જે. મહેતા-મુંબઈ
૨,૫૦૦/- શ્રી પ્રકાશભાઈ જે. ઝવેરી-મુંબઈ

આજીવન ગ્રાહક લવાજમ ભરનારને તેમજ અન્ય દાતાઓને આવકવેરાની 80-G કલમ અન્વયે કરમુક્ત છે તે અંગેનું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

મહાનુભાવ દાતાઓને અમારા અંતરના અભિનંદન અને ધન્યવાદ. શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સર્વ સભ્યો આ દાતાશ્રીઓના આભારી છે.

'પ્રબુદ્ધ જીવન' માટે કાયમી ફંડ માટેની સંઘે 'પ્રબુદ્ધ જીવન નીધિ'ના નામે સ્થાપના કરી છે. રૂા. ૨૫ લાખ એકત્રિત કરવાનો નિર્ધાર છે.

આ જ્ઞાન યજ્ઞમાં આપ સૌ ગુણીજનોને સહભાગી થવા વિનંતિ.

આપનો એક એક રૂપિયો ઉત્તમ વિચારયાત્રાને આગળ વધારશે અને કોઈના ચિત્તમાં એ સત્ત્વશીલ વિચારોનું આરોપણ કરશે.

પ્રમુખ
તેમ જ સંઘની કાર્યવાહક સમિતિના સર્વ સભ્યો

# ઑફિસના સરનામામાં ફેરફાર

સંઘની હાલની ઑફિસ ૩૮૫, સરદાર વી. પી. રોડ, પ્રાર્થના સમાજ ઉપર છે તે બિલ્ડીંગ રેરીપેરીંગ/નવું બનાવવાનું હોઈ સંઘની ઑફિસ કામચલાઉ ધોરણે બીજે ઠેકાણે લઈ ગયાં છીએ.

**નવું સરનામું :** મહંમદી મીનાર, દુકાન નં. ૩૩, ભોંયતળીયે,
૧૪ મી ખેતવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૪.

ટેલિફોન નંબરમાં કોઈ ફેરફાર નથી

સર્વને વિનંતી કરવામાં આવે છે કે સંઘ સાથે બધો પત્રવ્યવહાર હવેથી નવા સરનામે કરવો ☐ મેનેજર

# ગુજરાતી વિશ્વકોશના ૨૧મા ખંડનો લોકાર્પણવિધિ

☐ મથુરાદાસ ટાંક

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજીત ભવ્ય સમારંભમાં ગુજરાતી વિશ્વકોશના ૨૧મા ખંડનું અને ચોથા ખંડના નવસંસ્કરણનું લોકાર્પણ ગુજરાતના મુખ્યપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે થયું હતું. શ્રી રમણીકભાઈ મહેતા અને શ્રીમતી સુશીલાબહેનને અર્પણ કરાયેલ આ પુસ્તકની પ્રથમ નકલ તેમના પુત્ર અને હીરા બજારના આગેવાન શ્રી અરુણભાઈ મહેતાને આપવામાં આવી હતી. ચોથા સંસ્કરણની પ્રથમ નકલ જૈન સમાજના અગ્રણી શ્રી દીપચંદભાઈ ગાર્ડીને અર્પણ કરવામાં આવી હતી.

ભવિષ્યમાં 'ગુજરાતી વિશ્વકોશ'નો ઇતિહાસ લખાય ત્યારે આ ઉત્તમ અને મહાન કાર્યમાં ઉપયોગી થનારાઓમાં મુંબઈ જૈન યુવક સંઘનો પણ ઉલ્લેખ થાય તો આગામી પેઢી તે સંતોષ અને ગૌરવથી વાંચશે એવી ઉદાત્ત ભાવનાથી મુંબઈ જૈન યુવક સંઘ સમારંભનું સહઆયોજક બન્યું હતું.

વિશ્વકોશના ૨૧મા ખંડના લોકાર્પણ માટે ૨૯મી એપ્રિલે ન્યુમરીન લાઈન્સ સ્થિત પાટકર હૉલમાં ખાસ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમારોહના પ્રારંભમાં 'સંઘ'ના મંત્રી ડૉ. ધનવંતભાઈ શાહે ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે શ્રી ધીરુભાઈ ઠાકરે ૬૭ વર્ષની વયે આ ભગીરથ કામગીરીનો પ્રારંભ કર્યો હતો. છેલ્લા ૨૦ વર્ષમાં માંદગીઓના વિઘ્ન છતાં શ્રી ધીરૂભાઈએ આ કામગીરી સફળતાપૂર્વક આગળ ધપાવી છે. ગુજરાતી વિશ્વકોશોનું સર્જન એ મહાન જ્ઞાન યજ્ઞ છે. ગુજરાતી ભાષા વિશે આવું મહાન કાર્ય થઈ રહ્યું હોય ત્યારે ગુજરાતી ભાષા માટે ચિંતા કરવાની કોઈ જરૂર નથી. હા, કાળજી લેવી જરૂરી છે. આવા ઉમદા કાર્યક્રમના આયોજન માટે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ સાથે સંકળાવાનો મુંબઈ જૈન યુવક સંઘને આનંદ અને ગૌરવ છે. પર્યુષણ વ્યાખ્યાનમાળાના આયોજનની સાથોસાથ છેલ્લા ૨૧ વર્ષમાં ગુજરાતના પછાત વિસ્તારોમાં વસતા નાગરિકો અને વિવિધ સંસ્થાઓ માટે અત્યાર સુધીમાં ત્રણ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ આપી છે અને આજે યોગાનુયોગ ૨૧મા ગ્રંથનું વિમોચન છે, એમ ડૉ. ધનવંતભાઈ શાહે ઉમેર્યું હતું.

વિશ્વકોશના મુખ્ય સંપાદક અને મોડાસાની કૉલેજના ભૂતપૂર્વ પ્રાચાર્ય શ્રી ધીરુભાઈ ઠાકરે છેલ્લા બે દાયકામાં આવેલા વિઘ્નો અને અવરોધોની તેમ જ ગુજરાતી સાહિત્ય જગતમાં મુંબઈના પ્રદાનની વાત વિગતે માંડી હતી. શ્રી ધીરુભાઈ ઠાકરે જણાવ્યું હતું કે ઓગસ્ટ, ૧૯૮૫માં ઉત્તર ગુજરાતના જાણીતા સમાજસેવક શ્રી સાંકલચંદ પટેલે આ કાર્ય નાણાંના અભાવે અટકે નહીં એ માટે નાણાં મેળવી આપવાની જવાબદારી શિરે લીધી હતી અને એક વર્ષમાં ૧૩ લાખ રૂપિયા એકઠા કરી આપ્યા હતા. બાદમાં ટ્રસ્ટમાં પ્રમુખ તરીકે શામેલ થયેલા. ઉદ્યોગપતિ શ્રેણીકભાઈ કસ્તુરભાઈએ પણ પાંચ લાખ રૂપિયા આપ્યા હતા. એ વખતના મુખ્ય પ્રધાન શ્રી ચીમનભાઈ પટેલે સરકાર તરફથી માતબર રકમ અપાવી હતી, ત્યાર પછી શંકરસિંહ વાઘેલા મુખ્યપ્રધાન બન્યા. પછી તેમણે આ કામગીરી માટે બે કરોડ રૂપિયા આપ્યા હતા. શ્રી નરેન્દ્ર મોદીની વર્તમાન સરકારે ૨૭૦૦ ચોરસ મીટરનો પ્લોટ વિશ્વકોશ ભવન બનાવવા માટે આપ્યો છે. જે પ્રકારે નર્મદા યોજના ગુજરાતની પ્રગતિની જીવાદોરી છે, એ પ્રકારે આ વિશ્વકોશની કામગીરી ગુજરાતીઓ અને ગુજરાત માટે સંસ્કાર દોરી છે એમ શ્રી ધીરુભાઈ ઠાકરે ઉમેર્યું હતું.

જાણીતા વિદ્વાન કુમારપાળ દેસાઈએ જણાવ્યું હતું કે વિશ્વકોશમાં ૨૦ હજાર લખાણો માટે ૬૦૦ લેખકોની મદદ લેવામાં આવી છે. તેમાં ૭૩૪૦ વિજ્ઞાનના, ૫૬૪૮ ચરિત્ર, ૧૦ હજાર તસવીરો, ૪૮૦ લેખો અને ૩૧૧ ભાષાંતર કરાયેલા લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિશ્વકોશ એ વાસ્તવમાં પ્રજ્ઞાકોશ છે. ગુજરાત વિશ્વકોશ ભવનમાં 'ધન્ય ગુર્જરી' પ્રકલ્પ માટે ૧૫ લાખ રૂપિયા આશાપુરા ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીના શ્રી નવનીતભાઈ શાહે આપ્યા છે. અને મુંબઈના ઉદ્યોગપતિ શ્રી સી. કે. મહેતાએ પણ વિશ્વકોશ માટે રૂા. ૫ લાખનું અનુદાન આજે અમને આપ્યું છે.

આ કાર્યક્રમની સહ આયોજક સંસ્થા મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળાની પ્રતિષ્ઠા ઘણી ઊંચી છે. તેમાં વક્તવ્ય આપવાનું આમંત્રણ મળે ત્યારે અમારી છાતી ગજગજ ફૂલે છે. પરમાનંદ કાપડીયા, ચીમનભાઈ ચકુભાઈ શાહ અને ડૉ. રમણભાઈ શાહ જેવાં વિદ્વાનોએ આ સંસ્થાને પ્રતિષ્ઠા અપાવી છે એમ શ્રી કુમારપાળ દેસાઈએ ઉમેર્યું હતું.

આ કાર્યક્રમના મુખ્ય અતિથિ શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે વિશ્વકોશ એ સામાન્ય પુસ્તક અથવા ગ્રંથ નથી પણ ભારતના ભાવિને નિર્માણ કરવાનો અને આપણી પ્રજાને પોતાપણાથી પરિચિત કરાવવાનો પ્રયાસ છે. જ્ઞાનની પ્રાપ્તિમાં મળે એ જ સાચો આનંદ છે. આપણે ગુજરાતીઓ ચોપડા વાંચીએ છીએ અને ચોપડીઓ અર્થાત પુસ્તકો કે ગ્રંથો વાંચતા નથી એવી ખોટી સમજ ઉભી થઈ છે. વાસ્તવમાં ગુજરાત આઝાદીની લડાઈમાં અહિંસા અને ક્રાંતિ એમ બંને મોરચે અગ્રેસર હતું. અહિંસાની ચળવળની આગેવાની મહાત્મા ગાંધીજીએ સંભાળી હતી. જ્યારે ક્રાંતિકારીઓમાં શ્યામજી કૃષ્ણ વર્મા મોખરે હતા. ઈ. સ. ૧૮૫૭માં થયેલા બળવાને આવતા વર્ષે ૧૫૦ વર્ષ પૂર્ણ થાય છે તે નિમિત્તે સ્વાતંત્ર્ય સંગ્રામમાં અહિંસા અને ક્રાંતિના ક્ષેત્રે આગેવાન રહેલા ગુજરાતના વીરોનો ઇતિહાસ બહાર પાડવો જોઇએ. આપણા ગૌરવનો ઇતિહાસ પ્રકાશીત કરવાનો અર્થ અન્યોને નીચા દેખાડવા એવો થતો નથી. વિશ્વકોશ એ આપણા ગુજરાતની આગવી ઓળખ છે. તેનો પ્રસાર અને પ્રચાર સુપેરે થાય એ માટે પુસ્તકને ડીજીટલ રૂપ આધુનિક ટેકનોલોજીની સહાયથી આપવામાં આવવું જોઈએ. વિશ્વકોશના પ્રસાર માટે વિવિધ સ્થળોએ કિઓસ્ક પણ મૂકાવા જોઈએ. રાષ્ટ્રના નિર્માણમાં સમાજના બધાં જ વર્ગોનું પ્રદાન હોય છે અને માત્ર રાજકારણીઓનું હોતું નથી.

આ હકિકતને અનુલક્ષીને જ ગુજરાતમાં દક્ષિણ ગુજરાતની વિદ્યાપીઠને કવિ નર્મદ તેમજ ઉત્તર ગુજરાતની વિદ્યાપીઠને હેમચંદ્રાચાર્યનું નામ આપવામાં આવ્યું છે.

૨૧ મી સદી જ્ઞાનની સદી છે. માનવજાત હવે જ્ઞાનયુગમાં પદાર્પણ કરી ચૂકી છે તેથી જ્ઞાનના સંચય અને પ્રસાર માટે પ્રયત્નો થાય એ આવશ્યક છે એમ શ્રી નરેન્દ્ર મોદીએ ઉમેર્યું હતું.

શ્રી નરેન્દ્ર મોદીએ હળવી શૈલીમાં જણાવ્યું હતું કે આપણે ભારતીઓ નિસ્પૃહી હોવાથી ઓલિમ્પિક અથવા જાગતિક રમતોત્સવમાં સોના કે ચાંદીના ચંદ્રકો મેળવવામાં પાછળ રહીએ છીએ. પણ શતરંજ એ બુદ્ધિબળની સ્પર્ધા છે તેમાં હંમેશાં આપણે અગ્રસેર રહ્યા છીએ. હોંગકોંગની અદાલતમાં શતરંજની રમતના પેટન્ટ અંગે કેસ ચાલતો હતો. તેમાં ચીને આ રમત પોતાની હોવાનો દાવો કર્યો હતો. તેણે ૮૦૦ વર્ષ જૂના દસ્તાવેજો પણ રજૂ કર્યા હતા. આપણે ત્યાં એ વખતે હાલની જેમ વિશ્વકોશ રચવા માટેના કોઈ પ્રયાસો થયા નહોતા. ઘણી મથામણ છતાં ભારતને પેટન્ટના સમર્થન માટે કોઈ દસ્તાવેજો કે જડબેસલાક દલીલ સાંપડતી નહોતી. આખરે ભારતને દલીલ મળી.

કોર્ટમાં દલીલ કરવામાં આવી કે હાથી, ઘોડા અને ઉંટ જોવા મળતા હોય એવો કોઈ દેશ ભારત સિવાય જગતમાં એક પણ નથી. ભારતની દલીલ કામ કરી ગઈ એમ શ્રી નરેન્દ્ર મોદીએ ઉમેર્યું હતું.

જાણીતા સાહિત્યકાર શ્રીમતી ધીરુબહેન પટેલે જમાવ્યું હતું કે વિદ્વાનો, નાણાં અને સરકાર ત્રણેય એકઠા થયા તેથી આ અતિશય મહત્ત્વનું કામ થઈ શક્યું છે. આ પુસ્તકની વિગતોની વેબસાઈટ અથવા સી.ડી. બનાવવામાં આવે એ આવશ્યક છે. અહીં ઉપસ્થિતિ પ્રત્યેક વ્યક્તિએ એક ગ્રંથ ખરીદવો જોઇએ.

હીરા બજારના અગ્રણી વેપારી શ્રી અરુણભાઈ મહેતાએ પણ વિશ્વકોશ તૈયાર કરવાની પ્રવૃત્તિને બિરદાવી હતી.

કાર્યક્રમનું સંચાલન ડૉ. પ્રિતીબહેને કર્યું હતું. જ્યારે આભારવિધિ શ્રી નિતીન શુકલે કરી હતી. ✱✱✱

# શ્રી દેવચંદ્રજી રચિત શ્રી સુપાર્શ્વ જિન સ્તવન

☐ સુમનભાઈ શાહ

મનુષ્યગતિના ઘણાખરા સાંસારિક જીવો સામાન્યપણે સુખ અને આનંદ ભોગવવાની ઇચ્છા ધરાવતા હોય છે અને દુઃખ તેઓને ગમતું નથી. આનું મુખ્ય કારણ એવું જણાય છે કે સનાતન-સુખ અને સહજ-આનંદ એ આત્માના મૂળભૂત ગુણોનું પરિણમન છે અને જીવ જાણે-અજાણે તેને ખોળે છે. રાગદ્વેષ અને અજ્ઞાનવશ જીવ સુખ અને આનંદ ભૌતિક સંપદા અને ઋણાનુબંધના સંબંધોમાં ખોળતો હોય છે, કારણ કે તેને પોતાના દરઅસલ સ્વરૂપની ઓળખાણ હોતી નથી. આવો ભવાભિનંદી જીવ શાતા-અશાતા અને કર્મનો વિપાક અનુભવતો ચારગતિમાં ભવ-ભ્રમણ કરતો રહે છે.

જે ભવ્યજીવને પ્રત્યક્ષ સદ્‌ગુરુના નિમિત્તાવલંબનથી આત્મિક-સ્વરૂપની યથાતથ્ય ઓળખાણ થાય છે, તેની રુચિ અવ્યાબાધ-સુખ અને સહજ-આનંદની બહુધા હોય છે. આવો સાધક એક બાજુ પ્રભુને વર્તતા શુદ્ધ-સ્વરૂપનું ગુણકરણ કરે છે અને બીજી બાજુ પોતાના દોષો ઓળખી, તેનો હૃદયપૂર્વક પશ્ચાતાપ કરી, ફરી તેનું પુનરાવર્તન ન થાય એવી જાગૃતિ વર્તાવે છે.

શ્રી સુપાર્શ્વનાથને નિરંતર વર્તતું અવ્યાબાધ-સુખ અને સહજ-આનંદનું સ્વરૂપ પ્રસ્તુત સ્તવનમાં શ્રી દેવચંદ્રજી પ્રકાશિત કરે છે. શ્રી અરિહંત પ્રભુનું શુદ્ધ-સ્વરૂપ ગુરુગમે જાણી જે સાધક સત્-સાધનોથી ઉપાસના કરવા કૃત-નિશ્ચયી થાય છે તે આત્મ-કલ્યાણ અવશ્ય સાધે એવો પ્રસ્તુત સ્તવનનો હેતુ જણાય છે. હવે સ્તવનનો ગાથાવાર ભાવાર્થ જોઈએ.

શ્રી સુપાસ આનંદમેં..., ગુણ અનંતનો કંદ હો, જિનજી;
જ્ઞાનાનંદે પૂરણો, પવિત્ર ચારિત્ર્યાનંદ હો, જિનજી.
શ્રી સુપાસ આનંદમેં......૧

સ્તવનકાર પ્રસ્તુત ગાથામાં જ્ઞાન અને ચારિત્ર્ય ગુણના પરિણમનનો આનંદ પ્રભુને કેવો વર્તે છે તે પ્રકાશિત થાય છે.

હે સુપાર્શ્વનાથ! આપ પરમ આનંદમય છો. હે પ્રભુ! આપને કેવળ-જ્ઞાનાદિ અનંત અને અક્ષય-ગુણોનો સઘળો સમૂહ પ્રગટપણે વર્તે છે. આપનું કેવળ-જ્ઞાન સમસ્ત વિશ્વના ત્રણે-કાળના સઘળા પદાર્થોને વર્તમાનમાં જાણવાનું સામર્થ્ય ધરાવતું હોવાથી આપ પરિપૂર્ણ જ્ઞાનાનંદી છો. પવિત્ર ચારિત્ર્ય-ગુણ થકી હે પ્રભુ! આપ સ્વ-સ્વરૂપમાં જ નિરંતર રમણતા સહજભાવે કરતા હોવાથી ચારિત્ર્યાનંદ છો.

સંરક્ષણ વિણ નાથ હો, દ્રવ્ય વિના ધનવંત હો, જિનજી;
કર્તાપદ કિરિયા વિના, સંત અજેય અનંત હો, જિનજી.
શ્રી સુપાસ આનંદમેં......૨

શ્રી અરિહંત પ્રભુનું સમગ્ર જીવન અને તેઓને પ્રગટપણે વર્તતા આશ્ચર્યકારક ગુણોની ઉપકારકતા પ્રસ્તુત ગાથામાં પ્રકાશિત થયેલી જણાય છે.

**સંરક્ષણ વિણ નાથ :**

પ્રભુ કોઈપણ ભક્તજનનું બાહ્યદૃષ્ટિએ સંરક્ષણ કે રખોપું કરતા નથી, છતાંય સાધક તેઓની સાન્નિધ્યમાં નિર્ભયતા અનુભવે છે. પ્રભુએ ચીંધેલા માર્ગનું અનુસરણ અને તેઓનું આજ્ઞાપાલનરૂપ શરણું ભક્તજનનું આત્મ-કલ્યાણ કરે છે. અર્થાત્ ભક્તજનનું આત્મિક-હિતનું જતન આપોઆપ થાય છે. પ્રભુની આણ કે આજ્ઞા સાધકના હૃદયમંદિરમાં પ્રસ્થાપિત થતી હોવાથી તેઓ નાથ, સ્વામી, કે દેવાધિદેવ છે.

**દ્રવ્ય વિના ધનવંત :**

લૌકિક વ્યવહારમાં જે જીવ ભૌતિક-સંપદા અને લક્ષ્મીનો વૈભવ ધરાવતો હોવાથી તેને ધનવંત માની માન-પાન આપવામાં આવતું હોય છે. પરંતુ પ્રભુને આ પ્રકારની સંપદાનો સદંતર અભાવ હોવાથી સ્તવનકારે તેઓને 'દ્રવ્ય વિના ધનવંત' તરીકે સંબોધ્યા છે, કારણ કે તેઓ અનંતા જ્ઞાનાદિ ગુણરિદ્ધિનું સ્વામિત્વ કે આધિપત્ય ધરાવે છે.

**કર્તાપદ કિરિયા વિના :**

પ્રભુને આત્મિક-સંપદારૂપ પરિપૂર્ણ કાર્યસિદ્ધિ પ્રાપ્ત હોવાથી, તેઓને સાધકપણાની ક્રિયા કરવાની હોતી નથી. પરંતુ તેઓના સર્વ આત્મ-પ્રદેશોમાં રહેલા અનંતા ગુણોના સહજ પરિણમનની ક્રિયારૂપ કર્તાપણું અને અવ્યાબાધ-સુખ તથા સહજાનંદનું ભોક્તાપણું નિરંતર વર્તે છે. આ હેતુથી સ્તવનકારે તેઓને 'કર્તાપદ કિરિયા વિના' તરીકે સંબોધ્યા છે.

**સંત અજેય અનંત :**

શ્રી અરિહંત પ્રભુએ વિષય-કષાય અને કર્મરૂપ આંતર-શત્રુઓ ઉપર જવલંત વિજય કરી તેનો સર્વદા ધ્વંશ કરેલો હોવાથી તેઓ અજય છે. પ્રભુએ શુદ્ધ આત્મિક-ગુણોની અક્ષય સંપદા પ્રાપ્ત કરી હોવાથી તેઓ ઉત્તમ સંત કે પરમ આપ્તપુરુષ છે.

અગમ અગોચર અમર તું, અન્વય રિદ્ધિ સમૂહ હો, જિનજી;
વર્ણ ગંધ રસ ફરસ વિણું, નિજ ભોકતા ગુણવ્યુહ હો, જિનજી
શ્રી સુપાસ આનંદમેં......૩

'પર' દ્રવ્યના ગુણોના અભાવરૂપ આત્મિક-ગુણોનું સ્વરૂપ પ્રસ્તુત ગાથામાં પ્રકાશિત થયેલું જણાય છે.

**અગમ :**

પ્રભુને પ્રાપ્ત શુદ્ધ આત્મ-સ્વરૂપ બુદ્ધિથી જાણી અને માપી ન શકાય એવું હોવાથી તે 'અગમ' છે.

**અગોચર :**

પ્રભુનું કેવળ-જ્ઞાનાદિ સ્વરૂપ ઇન્દ્રિયો અને મનની સહાયતાથી જાણી શકાય એવું ન હોવાથી તે 'અગોચર' છે.

**અમર :**

જન્મ-જરા-મરણાદિરૂપ ભવ-ભ્રમણનો પ્રભુને સદંતર અને કાયમી અભાવ હોવાથી તેઓને 'અમરપદ' વર્તે છે.

**અન્વય રિદ્ધિ સમૂહ :**

મૂળભૂત આત્મિક ગુણોનો સઘળો સમૂહ પ્રભુને પ્રગટપણે નિરંતર વર્તે છે.

**વર્ણ ગંધ રસ ફરસ વિણું :**

સ્પર્શ, રસ, વર્ણ, ગંધાદિ ગુણો ધરાવનાર રૂપી પુદ્ગલ પદાર્થોના પરિણમનથી રહિત, પ્રભુ પોતાના શુદ્ધ અને અરૂપી 'સ્વ'-સ્વરૂપના જ કર્તા-ભોક્તા છે.

**નિજ ભોક્તા ગુણ વ્યુહ :**

રૂપી પૌદ્ગલિક પદાર્થોના પુરણ-ગલનાદિ સ્વાભાવિક ગુણો તથા સ્પર્શાદિ વિશેષગુણોથી રહિત માત્ર સ્વ-ગુણોના પરિણમનરૂપ ભોક્તાપણું પ્રભુને વર્તે છે. અર્થાત્ ક્ષાયિક અવ્યાબાધ-સુખ અને સહજ-આનંદના જ પ્રભુ ભોગી છે.

અક્ષયદાન અચિંતના લાભ અયત્ને ભોગ હો, જિનજી;
વીર્યશક્તિ અપ્રયાસતા, શુદ્ધ સ્વગુણ ઉપભોગ હો, જિનજી.
શ્રી સુપાસ આનંદમેં......૪

પ્રસ્તુત ગાથામાં સ્તવનકારે અંતરાય-કર્મના સંપૂર્ણ ક્ષયથી પ્રભુને વર્તતી પાંચ દાનાદિ ગુણલબ્ધિનું સ્વરૂપ પ્રકાશિત કરેલું જણાય છે.

**અક્ષયદાન :**

પ્રભુના અનંતા આત્મિક-ગુણો પરસ્પર સહકારીપણે અક્ષયદાન કરે છે. એટલે જ્ઞાન-દર્શનાદિ ગુણોને સહકારીભાવે નિરંતર અક્ષયદાનીપણું વર્તે છે.

**અચિંતના-લાભ :**

સામાન્યપણે વ્યવહારમાં કોઈપણ કાર્ય-પ્રવૃત્તિ કરતાં પહેલાં તે લાભદાયક છે કે નહીં તેનું ચિંતન આવશ્યક ગણાય છે. પરંતુ પ્રભુના જે જે ગુણોના સહકારનો પરસ્પર લાભ થાય છે, તે સહજપણે ચિંતન કર્યા સિવાય થાય છે.

**અયત્ન-ભોગ :**

શ્રી જિનેશ્વર પ્રતિ સમયે કોઈપણ પ્રયત્ન કર્યા વગર અનંતા આત્મિક ગુણોનું સહજ પરિણમન ભોગવે છે. આવા ભોગવટામાં પ્રભુને સનાતન-સુખ અને આનંદ નિરંતર વર્તે છે.

**સ્વગુણ-ઉપભોગ :**

પ્રભુને પોતાના શુદ્ધ આત્મિક ગુણોના પરિણમનનો ભોગ વારંવાર થતો હોવાથી, તે સ્વગુણોનો ઉપભોગ છે.

**વીર્યશક્તિ-અપ્રયાસતા :**

પ્રભુના સર્વગુણોની પ્રવૃત્તિમાં સહાયક વીર્યશક્તિ બાહ્ય-પ્રયાસ વગર સહજપણે સ્ફુરિત થાય છે. એટલે જ્ઞાન-દર્શનાદિ ક્ષાયિક ગુણોના ઉપયોગાનુસાર વીર્યગુણ આપોઆપ સહકારીપણે પ્રવર્તે છે.

એકાંતિક આત્યંતિકો સહજ અકૃત સ્વાધીન હો, જિનજી;
નિરુપચરિત નિર્દ્વન્દ્વ સુખ, અન્ય અહેતુક પીન હો, જિનજી.
શ્રી સુપાસ આનંદ મેં......૫

પ્રસ્તુત ગાથામાં સ્તવનકારે પ્રભુને કેવું ક્ષાયિક અને અવ્યાબાધ-સુખ વર્તે છે, તે પ્રકાશિત કર્યું છે.

**એકાંતિક :**

પ્રભુના શુદ્ધ-ગુણોના પરિણમનથી તેઓને જે કાયમી અવ્યાબાધ-સુખ વર્તે છે, તેમાં લેશમાત્ર પણ દુઃખ હોતું નથી. એટલે પ્રભુના સુખમાં દુઃખનો સદંતર અભાવ વર્તે છે, માટે આવા સુખને એકાંતિક સંબોધ્યું છે.

**આત્યંતિક :**

પ્રભુને નિરંતર વર્તતું સુખથી ચઢિયાતું બીજું સુખ ન હોવાથી તે આત્યંતિક છે. એટલે તેનાથી અધિક માત્રાનું સુખ ક્યાંય નથી.

**સહજ અકૃત સ્વાધીન :**

પ્રભુનું આત્મિક-સુખ સહજ અને સ્વાભાવિક છે, કારણ કે તેની પ્રાપ્તિ માટે હવે કોઈ પ્રયાસ કરવાનો હોતો નથી. વળી આવું સુખ અન્યથી ઉત્પન્ન કરાયેલું નથી માટે અકૃત છે. વળી આ સુખ પ્રભુને સ્વાધીન છે, પરાધીન નથી.

**નિરપચરિત નિરદ્વંદ્વ સુખ :**

શ્રી સુપાર્શ્વ જિનનું સુખ કોઈપણ પ્રકારના ઉપચાર કર્યા સિવાયનું હોવાથી તે નિરુપચરિત છે. આવું સુખ દ્વંદ્વથી રહિત છે. એટલે સુખમાં પરદ્રવ્યનું મિશ્રણ કે ભેળસેળ વિનાનું નિરદ્વંદ્વ છે.

**અન્ય અહેતુક પીન :**

પ્રભુને વર્તતું સુખ અન્ય કોઈ પદાર્થ કે દ્રવ્યના સંયોગ વગરનું, અહેતુક, પ્રબળ અને અસાધારણ કોટિનું છે. પરમ-પુષ્ટ અને બાધા-પીડાથી રહિત સુખ જ્ઞાનાદિ ગુણોના પરિણમનનું છે.

એક પ્રદેશે તાહરે અવ્યાબાધ સમાય હો, જિનજી;
તસુ પર્યાય અવિભાગતા, સર્વાકાશ ન માય હો, જિનજી.
શ્રી સુપાસ આનંદમે......૬

પ્રસ્તુત ગાથામાં સ્તવનકારે પ્રભુના સુખની વિશાળતા પ્રકાશિત કરેલી જણાય છે.

હે પ્રભુ ! આપનું અવ્યાબાધ-સુખ દરેકે-દરેક આત્મ-પ્રદેશમાં પરિપૂર્ણ પ્રગટેલું છે. આવા કોઈપણ એક આત્મ-પ્રદેશમાં રહેલા જ્ઞાનાદિ ગુણોના પરિણમનરૂપ સુખના સૂક્ષ્મ-અંશને લોકાલોકમાં રહેલ સઘળા આકાશ પ્રદેશો ઉપર ગોઠવવામાં આવે તો પણ તેમાં સમાઈ શકે તેવું નથી. હે પ્રભુ ! આપના સુખ-ગુણની વિશાળતા કે પરિમાણ અદ્ભૂત છે.

એમ અનંત ગુણનો ધણી, ગુણનો આનંદ હો, જિનજી;
ભોગ રમણ આસ્વાદ યુત, પ્રભુ ! તું પરમાનંદ હો, જિનજી.
શ્રી સુપાસ આનંદમેં......૭

હે પ્રભુ ! ઉપર મુજબ જ્ઞાન-દર્શનાદિ અનંત આત્મિક-ગુણો ઉપર આપનું સંપૂર્ણ આધિપત્ય છે. આવા ગુણોના સહજ પરિણમનથી આપ દરેક ગુણનો આનંદ જુદો જુદો ભોગવો છે. હે પ્રભુ ! આપની રમણતા સદૈવ આત્મિક-ગુણોમાં વર્તે છે, તેનું જ આપને આસ્વાદન છે. હે પ્રભુ ! આપનો કાયમી નિવાસ માત્ર પરમાનંદમાં જ છે.

અવ્યાબાધ રુચિ થઈ, સાધે અવ્યાબાધ હો, જિનજી;
દેવચંદ્ર પદ તે લહે, પરમાનંદ સમાધ હો, જિનજી.
શ્રી સુપાસ આનંદમેં......૮

ઉપર દર્શાવ્યા મુજબ પ્રભુને વર્તતા સઘળા ગુણો અને તેના પરિણમનથી તેઓને વર્તતું અવ્યાબાધ-સુખ અને આનંદને સાધક ગુરુગમે પ્રથમ તો ઓળખે. સાધકને ઉત્તરોત્તર સમજણ પ્રગટે છે કે જેવું પરમાત્માનું શુદ્ધ સ્વરૂપ છે, તેવું જ તેનામાં પણ અંતર્ગત અપ્રગટપણે રહેલું છે. આવી સમજણથી સાધકને અવ્યાબાધ-સુખ અને આનંદની પ્રાપ્તિ માટે રુચિ ઉત્પન્ન થાય છે. સાધક સદ્ગુરુની નિશ્રામાં શુદ્ધ-સ્વરૂપનું ગુણકરણ કરે છે અને સાથે-સાથે સત્-સાધનોથી ઉપાસનામાં પ્રવૃત્ત થાય છે. સાધક છેવટે દેવોમાં ચંદ્રમાંથી પણ અધિક ઉજ્જવળ સિદ્ધપદ પ્રાપ્તિનો અધિકારી નીવડે છે.

**ઉપસંહાર :**

શ્રી સુપાર્શ્વ પ્રભુને વર્તતા આત્મિક-ગુણો અને તેનું પરિણમન આમ તો અગમ, અગોચર અને વચનાતીત હોય છે. પરંતુ જ્ઞાની-ભગવંતોએ પોતાની અતીન્દ્રિય જ્ઞાનદૃષ્ટિથી તેનું સ્વરૂપ વચન-વ્યવહારમાં જેટલું સમાઈ શકે તેટલું પ્રકાશિત કર્યું છે અને બાકીનું માત્ર અનુભવગમ્ય છે. આવા શુદ્ધ-સ્વરૂપને આત્માર્થી ગુરુગમે ઓળખે તો તેની પ્રાપ્તિની રુચિ પેદા થાય. પુરુષાર્થ-ધર્મના આરાધનથી સાધક પણ અવસર આવે અવ્યાબાધ-સુખ અને આનંદ અનુભવે એવો હેતુ પ્રસ્તુત સ્તવનનો જણાય છે. ✱✱✱

'સૌરભ', ૫૬૩, આનંદવન સોસાયટી,
ન્યૂ સામા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૮.

# 'મુક્તિ' (વ્યક્તિગત કે સામાજિક)ના હેતુ માટે
# જૈન તત્ત્વદર્શનનો અભિગમ : અનેકાન્તવાદ, અપરિગ્રહ અને અહિંસા

☐ ગણપતિ મહેતા

જૈન તત્ત્વચિંતકોએ સંપૂર્ણ જ્ઞાન–'એકાન્ત' જ્ઞાનને માન્ય રાખ્યું નથી; એકાન્તિક અભિગમોને પણ માન્ય રાખ્યા નથી. કોઈક એક સમયે કે સ્થળે પ્રાપ્ત થયેલું જ્ઞાન 'સત્ય'ને અપૂર્ણપણે જ અભિવ્યક્ત કરી શકે છે એમ એમણે દર્શાવ્યું છે. કોઈક વસ્તુ કે ઘટના વિશેનો પ્રસ્તાવ અપેક્ષા સહિત જ સત્ય હોઈ શકે. કોઈક વસ્તુને આપણે 'સત્' કે 'અસત્' સમજીએ તેનો આધાર કયા દૃષ્ટિબિંદુથી આપણે તે વસ્તુનું નિરીક્ષણ કરીએ તેના ઉપર રાખે છે. દૃષ્ટિબિંદુને જૈન પરંપરામાં 'નય' કહ્યું છે અને તેનો એમના સ્યાદ્વાદ સાથે સીધો સંબંધ છે. એનો અર્થ એવો છે કે કોઈ પણ પ્રસ્તાવ રજૂ કરતા સમયે તેની સાથે 'સ્યાત્' જોડવાની આવશ્યકતા છે; એટલે કે 'હોઈ શકે', 'કદાચિત્' અથવા તો 'એક દૃષ્ટિએ'–એવા પ્રકારો. પરિણામે કોઈ પણ વસ્તુનું સત્ય આપણે એક જ સમયે એકપક્ષી જોવાનું નથી, પરંતુ અનેકપક્ષી, 'અનેકાન્તિક' જોવાનું આવશ્યક બને છે. જૈન પરંપરામાં આને જ 'અનેકાન્તવાદ' કહ્યો છે.

વ્યક્તિગત સંબંધોમાં તેમજ ભિન્નભિન્ન માનવ સમાજોના સંબંધોમાં ઉદ્ભવતી 'હિંસા'નું પૃથક્કરણ કરવામાં આવે તો સમજાય એવું છે કે એનું ઉદ્ભવસ્થાન 'મારું સત્ય એ જ સત્ય છે અને હું એને બળપૂર્વક અન્યોના ઉપર ભારપૂર્વક બેસાડીશ' આ પ્રકારનો મતાગ્રહ છે. આના અનુસંધાનમાં જૈન પરંપરા માનવ સમાજને એકાન્તિકવાદની હિંસામાંથી મુક્ત કરે છે. જૈન સ્યાદ્વાદ અને અનેકાન્તવાદ જ્ઞાન–સંપાદન ક્રિયાનો (EPISTEMOLOGY)નો માત્ર તર્કસિદ્ધાન્ત નથી. એ પ્રકારે ઘણી વેળા એની પ્રસ્તુતિ થાય છે તે અયોગ્ય છે. જૈન અભિગમોને ગંભીર સાપેક્ષ સદ્જ્ઞાન (સમ્યક્જ્ઞાન) તરીકે સમજવા જોઇએ અને એમ સમજીએ તો માનવી ભય અને હિંસામાંથી મુક્તિ મેળવી શકે છે કે જેની વિચારક માનવી શોધ કરે છે. એ વાત સ્પષ્ટ છે કે આપણા વ્યક્તિગત તેમજ સામાજિક સંબંધોની સરળતા માટે આ બે બળો–ભય અને હિંસામાંથી મુક્તિનો જ આશય છે. આ કારણસર અનેકાન્તવાદ એ અહિંસાનું મહત્ત્વનું અંગ છે–એટલે કે 'હિંસા' ન કરવી તે. વ્યક્તિગત કે સામાજિક હિંસા 'મન'માંથી ઊગે છે. વ્યક્તિ જ્યારે પોતાના મન દ્વારા કે પોતાના સંવેદન દ્વારા અન્યના સત્યને સમજવાને માટે દ્વાર બંધ કરી દે છે ત્યારે તે હિંસાને માટેની પ્રથમની ભૂમિકાનો પ્રારંભ કરે છે, કારણ કે તે વ્યક્તિ જે વસ્તુ આંશિક સત્ય છે તેને અવિચારીપણે સંપૂર્ણ સત્ય તરીકે વળગી રહે છે. ખરું જોતાં એ રીત તે વ્યક્તિનું સત્ય અસત્ય બની જાય છે. આ પ્રકારે પોતાના અભિગમને વળગી રહેવાની સર્વ ક્રિયા 'પરિગ્રહ' છે; અને 'પરિગ્રહ'નું પરિણામ જ 'હિંસા' છે. આ કારણસર જ જૈન પરંપરા 'અપરિગ્રહ' ઉપર ભાર મૂકે છે, એટલે કે 'નહિ વળગવું', 'નહિ ગ્રહણ કરવું'. અપરિગ્રહના અભિગમ દ્વારા જ અન્યના સત્યને સમજવા, સ્વીકારવાને માટે ખુલ્લા રહેવાનું, તૈયાર રહેવાનું બની શકે.

આમ 'ખુલ્લા' રહેવાનું સામાન્યપણે ભયજનક લાગે છે. કારણ કે એનાથી આપણે ટેવાયેલાં નથી, અને જે અભિગમથી આપણે ટેવાયેલાં છીએ તેનાથી જ આપણે આપણને સુરક્ષિત માનીએ છીએ. પરંતુ અંતમાં આ સુરક્ષિત–ભાવના ભ્રમજનક નીવડે છે, કારણ કે એમાં સત્યની અવગણના છે. જૈન પરંપરાની દૃષ્ટિ આપણને એમ શીખવે છે કે સત્યના સર્વ પાસાંઓ સમજવાને માટે સદા 'ખુલ્લા' રહેવામાં જ શ્રેષ્ઠ રક્ષણ સમાયેલું છે.

જૈન પરંપરા પણ સત્યને ઢાંકી દેતા આવરણને સમજાવે છે, તથા માનવ–મનના સ્વરૂપનું અને માનવીના વર્તનનું ઊંડાણથી પૃથક્કરણ કરે છે. જૈન પરંપરામાં (અસત્નાં) ખોટી સમજનાં અનેક ઊગમસ્થાનો દર્શાવ્યાં છે, તેમાંથી બે અતિ મહત્ત્વનાં લેખ્યાં છે, તે 'મિથ્યાત્વ' અને 'કષાય' છે. 'મિથ્યાત્વ'માં અસત્ માન્યતાને સાચી માનવાના અભિનિવેશનો સમાવેશ છે. તથા અસત્ જાણવા છતાં તેને વળગી રહેવાનો, ગ્રહી રાખવાનો દુરાગ્રહ પણ આવે છે. જ્ઞાની હોવાના ઘમંડ, અભિમાનની જેમજ 'મિથ્યાત્વ' પણ હિંસાનું કારણ બન્યા કરે છે.

જૈન દર્શન પ્રમાણે 'સાચી મુક્તિ' અહીં જ, પ્રત્યેક વ્યક્તિને માટે ઉપલબ્ધ છે, અને તે પોતે કોણ છે તે વિશેની, અને અન્યો કોણ છે તે વિશેની તથા તે બેના પરસ્પરના સંબંધ વિશેની ખોટી સમજોમાંથી 'મુક્તિ' છે. ઉપર્યુક્ત 'મિથ્યાત્વ'ની સમજનું મહત્ત્વ આ જ પ્રકારે છે. પોતાના કે પરંપરાગત વિચારો અને સંવેદનો 'સમજ' 'જ્ઞાન' ઉપર આવરણ બને છે. અને તેને કારણે તે અસત્, મોહ, મિથ્યાત્વ અને હિંસામાં પરિણમે છે.

હવે 'કષાય'ની વાતઃ માનવીના અનેક આવેગોને (PASSIONS) જૈન દર્શનમાં 'કષાય' કહ્યા છે. (કષાયનો શબ્દાર્થ હાનિ પહોંચાડવી, ઈજા કરવી, નાશ કરવો, મારી નાંખવું, એવો થાય છે). ક્રોધ, અહંકાર/અભિમાન, કુનિષ્ઠા (અન્યને છેતરવાની વૃત્તિ) અને લોભ એ મુખ્ય કષાયો લેખાય છે. **આ કષાયો અન્યને હાનિ પહોંચાડે તે પૂર્વે વ્યક્તિને પોતાને હાનિકર્તા હોય છે એ જૈન દર્શનની મહત્ત્વની શિક્ષા છે.** મન અને દેહનો અતિ નિકટનો અને સૂક્ષ્મ સંબંધ જૈન દર્શનમાં નિરૂપાયો છે. આથી મનની મુક્તિ એ જ સાચી મુક્તિ છે એમ જૈનદર્શન કહે છે ત્યારે એ માત્ર નૈતિક ઉપદેશ બની રહેતો નથી; અને જ્યારે એ 'સંયમ' (નિગ્રહ)નો મુક્તિના માર્ગ તરીકે નિર્દેશ કરે છે ત્યારે એ ભીતિજનક માર્ગદર્શન કે ઊર્ધ્વગામી તત્ત્વદર્શન બનતું નથી, ખરું જોતાં એ સર્વ સભ્ય જીવન–માર્ગને કાજે પ્રથમ પગથિયું દર્શાવે છે–વ્યક્તિગત તેમજ સમષ્ટિગત. વ્યક્તિ કે સમાજ વિનાશનો માર્ગ પસંદ કરે તો જ આ પગથિયાને એ અવગણે.

'સાચી સમજો' શી છે અને 'સત્ય' શું છે તે પ્રશ્નો વ્યક્તિના અંગત સંબંધોમાં તથા સર્વ સામાજિક સંબંધોમાં ઉપસ્થિત થાય છે. કોઈપણ કર્મ વિશે અથવા બે વ્યક્તિઓ વચમાંના સંબંધ કે બે રાષ્ટ્રો વચ્ચેના સંબંધની કક્ષા વિશેના નિર્ણયનું અવલંબન એ છે કે તે માનવ–મૂલ્યને વૃદ્ધિગત કરે છે અથવા તેને ગુણવાન કરે છે કે તેથી વિરુદ્ધ તેને હાનિ કરે છે, વિનાશ કરે છે, હિંસા કરે છે. 'પરિગ્રહ' અથવા લઈ લેવાની વૃત્તિ જ અંતે હાનિ કરે છે માટે તે 'અસત્' છે અને તે જ પોતાને તેમજ અન્યોને કાજે હિંસાત્મક છે. લોભમાં પણ પરિગ્રહવૃત્તિ જ છે.

ઉપર્યુક્ત ભૂમિકામાં જ જૈન–દર્શને માનવીની સમક્ષ 'મુક્તિ'ના હેતુ માટે અનેકાન્તવાદ, અપરિગ્રહ અને અહિંસા ધર્યાં છે. એમના અવલંબને જ 'મુક્તિ' સાધી શકાય.

**અવલંબન નોંધ :**

આ અધ્યયન–લેખ શ્રી ચતુર્વેદી બદ્રિનાથના 'THE ROOTS OF VIOLENCE' અંગ્રેજી લેખોના અવલંબને લખાયો છે. એ લેખો ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં છ એક વર્ષો અગાઉ પ્રકટ થયા હતા. રસપ્રદ વાત એ છે કે શ્રી ચતુર્વેદીએ જૈન–દર્શનના અભિગમો સાથે વેદ–વ્યાસના અતિ વિખ્યાત 'મહાભારત' સાથે તથા વેદાન્ત (ઉપનિષદો) સાથે સામ્ય પણ દર્શાવ્યું હતું. (૧) 'મહાભારત'માં પણ 'સત્ય'ના દર્શનને માટે સાપેક્ષ અભિગમનો આશ્રય છે. 'સત્ય'ના તેર વૈશેષિકો દર્શાવ્યા પછી પણ એમાં કહેવાયું છે કે સત્યના વૈશેષિકોને મર્યાદા નથી. (૨) ઉપનિષદોમાં 'નેતિ નેતિ' વિધાનનો પણ આ પ્રકારનો અર્થ છે કે 'માત્ર આટલું જ નહિ, માત્ર આટલું જ નહિ.' (૩) ઉપનિષદો પણ સત્યને ઢાંકી દેતા આવરણની વાત કરે છે. ઈશાવાસ્ય ઉપનિષદઃ સત્યનું મુખ હિરણ્યમય પાત્રથી ઢંકાયેલું છે. મેં આ સામ્યને અહીં અલગ દર્શાવવાનું પસંદ કર્યું છે.

✱✱✱

૪૦૧, ઉર્વશી, ૧૬, બેસન્ટ રોડ,
શાંતાક્રુઝ (પશ્ચિમ), મુંબઈ૪૦૦ ૦૫૪.

# જૈન પારિભાષિક શબ્દકોશ

ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(ગતાંકથી આગળ)

| | | | |
|---|---|---|---|
| ૧૩૦. પરઠવવું | ફેંકવું, નાંખવું | त्याग करना, फेंकना | Giving up |
| ૧૩૧. પરિષહ | કર્મની નિર્જરા અર્થે સ્વેચ્છાએ ભોગવવાના કર્મો | कर्म निर्जरा के लिए स्वेच्छा से भोगनेवाले कर्म | Affliction |
| ૧૩૨. પોસહ | શ્રાવકે ઉપાશ્રયમાં સાધુની જેમ રહેવાનું વ્રત | श्रावक का उपाश्रय में साधु की तरह रहने का व्रत | lymans vow like monk |
| ૧૩૩. પ્રાણાતિપાત | જીવહિંસા, હિંસા, જીવોનો ઘાત કરવો | जीव हिंसा, हिंसा, जीवों का घात | violation |
| ૧૩૪. માસખમણ | એક મહિનાના સળંગ ઉપવાસનું તપ | एक महिने तक उपवास का व्रत | one month fasting |
| ૧૩૫. મૂલગુણ | ચારિત્રનાં પાંચ મહાવ્રત આદિ મૂળગુણ | चारित्र के पांच महाव्रत आदि मूलगुण | basic restrains / Virtues |
| ૧૩૬. મૃષાવાદ | અસત્ય બોલવું | असत्य बोलना | False word, utterance, untraism |
| ૧૩૭. લઘુનીતિ | લઘુશંકા, મૂત્રત્યાગ | लघुशंका, मूत्रत्याग | Indination, Uninate |
| ૧૩૮. વડીનીતિ | ગુરુશંકા, મળત્યાગ | गुरुशंका, मलत्याग | defecation, clear motion |
| ૧૩૯ વિગઈ | વિકારજનક ઘી વગેરે ખાદ્ય પદાર્થ | विकार पैदा करनेवाले घी आदि पदार्थ | Stimulating, Rich Food |
| ૧૪૦. વિરતી | વિરક્તિ, વૈરાગ્ય | विरक्ति, वैराग्य | abstinance |
| ૧૪૧. વિરાધના | ભંગ કરવો | भंग करना | violation |
| ૧૪૨. વ્યવહાર નય | વ્યવહારિક દૃષ્ટિબિંદુથી થતો વિચાર | व्यवहारिक दृष्टि बिंदु से विचार | Practical Stand Point |
| ૧૪૩. વ્યાખ્યાન | પ્રવચન | प्रवचन | |
| ૧૪૪. શાતાગારવ | સુખનું અભિમાન | सुख का अभिमान | Pride of Happiness |
| ૧૪૫. સજ્ઝાય | સ્વાધ્યાય | स्वाध्याय | Self study |
| ૧૪૬ સમિતિ | ઉપયોગપૂર્વક પ્રવૃત્તિ કરવી, સમ્યક્ પ્રવૃત્તિ | उपयोगपूर्वक प्रवृत्ति करना, सम्यक् प्रवृत्ति | carefulness, comportment |
| ૧૪૭. સર્વવિરતી | પાપકર્મનો સંપૂર્ણપણે ત્યાગ, | पाप कर्म का सर्वथा त्याग | abstinance |
| ૧૪૮. સામાચારી | સમ્યક્ આચરણ | सम्यक् आचरण | Right conduct |
| ૧૪૯. સંવિગ્ન પાક્ષિક | મોક્ષાભિલાષી સુસાધુવર્ગનો પક્ષ કરનાર | मोक्षाभिलाषी सुशाध्रवर्ण का पक्षपाती | partison ship with detachment |
| ૧૫૦. સંવેગ | વૈરાગ્ય, મોક્ષની અભિલાષા | वैराग्य, मोक्ष की अभिलाषा | Detachment, non-attachment |
| ૧૫૧. असंख्य | અસંખ્ય | असंख्य | Innumerable |
| ૧૫૨. अंशन | ભોજન | भोजन | Food, Articles of Food |
| ૧૫૩. सत्संग | સત્સંગ | सत्संग | The association or Company of Pious men |
| ૧૫૪. सर्वव्यापी | સર્વવ્યાપી | सर्वव्यापी | |

## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક વિનંતિ

સુજ્ઞશ્રી,

સાદર પ્રણામ,

આપશ્રી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રન/આજીવન સભ્ય અથવા સભ્ય કે શુભેચ્છક છો. આપને 'પ્રબુદ્ધ જીવન' નિયમતિ મળતું હશે. આપના સહકાર માટે અમે આપના આભારી છીએ.

'પ્રબુદ્ધ જીવન'ના ફેબ્રુઆરી ૨૦૦૬ના અંકમાં આ સામયિકના ઉજ્જવળ ઈતિહાસની ઝલક દર્શાવી હતી અને આ સામયિકને આર્થિક રીતે સક્ષમ કરવા ગ્રાહક યોજના પ્રસ્તુત કરી હતી, જે આ અંકમાં પણ પ્રગટ કરી છે.

ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન નીધિ'ના શીર્ષક નીચે કાયમી ફંડ માટે સમાજ સમક્ષ વિનંતિ પણ કરી છે.

આ જ્ઞાનયજ્ઞમાં અમે જણાવેલ કોઈ પણ યોજનામાં આપ સહભાગી થાવ એવી અમારી વિનંતિ છે.

**આ માટે, આપ પાછળ છાપેલું ફોર્મ ભરી, પાના નંબર ૨ પર દર્શાવેલી જે આપને યોજના અનુકૂળ લાગે એનો ઉલ્લેખ કરી આ ફોર્મ અમને પરત કરવા વિનંતિ.**

આપનો ચેક/ડ્રાફ્ટ 'SHREE MUMBAI JAIN YUVAK SANGH' ના નામે મોકલવા વિનંતિ.

આજીવન ગ્રાહક લવાજમ ભરનાર તેમજ 'પ્રબુદ્ધ જીવન નીધિ કાયમી ફંડ'માં ફાળો આપનારને આવકવેરાની કલમ 80-G અન્વયે કરમુક્ત છે, તે અંગેનું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

આપની શુભેચ્છા અમારી સાથે સર્વદા રહેશે જ. જે આ જ્ઞાનયાત્રા માટે અમને પ્રેરક બની રહેશે. ધન્યવાદ, આભાર.

☐ મેનેજર

| | | | |
|---|---|---|---|
| ૧૫૫. सर्वत्मना | સંપૂર્ણપણે | सम्पूर्णरूपेण | Ubquitous |
| ૧૫૬. सर्वज्ञ | સર્વજ્ઞ, કેવલી, સંપૂર્ણ જ્ઞાતા | सर्वज्ञ केवली, सम्पूर्णज्ञाता | Totally Omniscient, The all knowing |
| ૧૫૭. श्वास | શ્વાસ | श्वास | Breath |
| ૧૫૮. आकाश | આકાશ, અવકાશ | आकाश, अवकाश | Space gives location and accomo-dation to all other substance |
| ૧૫૯. शुद्धनय | શુદ્ધનય, નિશ્ચયનય | शुद्धनय, निश्चयनय | Pure Point of View |
| ૧૬૦. शोक | શોક, દુઃખ | शोक, दुःख | Sorrow, grief |
| ૧૬૧. श्रद्धान | શ્રદ્ધા | श्रद्धा | Belief |
| ૧૬૨. श्रावकधर्म | શ્રાવકધર્મ, ગૃહસ્થધર્મ | श्रावकधर्म, गृहस्थधर्म | The wory of the lay devotee |
| ૧૬૩. शीत | શીતલ, ઠંડુ | शीत, शीतल, ठण्डा | Cold |
| ૧૬૪. शील | શીલ, ચારિત્ર | शील, चारित्र | Supplemenary vows |
| ૧૬૫. शल्य | શલ્ય, કાંટો | शल्य, कांटा | Sting; That which injuries is a thorn sting |
| ૧૬૬. कर्ता | કર્તા, કરનાર | कर्ता, करनेवाला करण | Agent, Doer |
| ૧૬૭. करुण | કરુણ, દુઃખી | करुण, दुःखी | Pathetic |
| ૧૬૮. कटि | કટિ, કમર | कटि, कमर | Waist |
| ૧૬૯. कटु | કડવું | कडुआ | Pungent |
| ૧૭૦. कवल | કોળિયો | कवल | Morsels of food |
| ૧૭૧. कापोत | કાબરચિતરું | कापोत | Cray |
| ૧૭૨. कार्य | કાર્ય | कार्य | Effect, Casuality |
| ૧૭૩. कारण | કારણ | कारण | Daturn, Cause |
| ૧૭૪. काय | કાયા, શરીર | काया, शरीर | Embodiment corporeals |
| ૧૭૫. कायबल | શરીરબળ, શરીરશક્તિ | शरीरशक्ति | Strenth of body |
| ૧૭૬. कायकलेश | શરીરની પીડા | शरीर की शक्ति | Bodily Suffering Mortification |
| ૧૭૭. केन्द्र | કેન્દ્ર | केन्द्र | Nucleus1 |
| ૧૭૮. कोप | કોપ, ગુસ્સો | कोप, गुस्सा | Wrath |
| ૧૭૯. क्रम | ક્રમ | क्रम | Order |
| ૧૮૦. क्षण | ક્ષણ, પળ | क्षण | Moment |
| ૧૮૧. शुश्रुतज्ञान | મિથ્યાશ્રુત | मिथ्याश्रुत | illusive scriptyral knowledge |
| ૧૮૨. गंध | ગંધ | गंध | odour, smell |
| ૧૮૩. गोत्र | ગોત્ર | गोत्र | That by which one is calld |

(૨૦, સુદર્શન સોસાયટી-૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.) (ક્રમશઃ)

પ્રતિશ્રી,
**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**
૩૩, મહમ્મદી મિનાર, ૧૪ મી ખેતવાડી,
એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦૦૦૪.
ફોન : ૦૨૨-૨૩૮૨૦૨૯૬.

આપનો વિનંતિ પત્ર મળ્યો.
અમોને આપના 'પ્રબુદ્ધ જીવન'ના વાર્ષિક/ત્રિવાર્ષિક/પંચવર્ષીય/આજીવન ગ્રાહક/કન્યા કરિયાવર ગ્રાહક થવાની ઈચ્છા છે.
'પ્રબુદ્ધ જીવન નીધિ' કાયમી ફંડમાં અનુદાન આપવાની અમારી ભાવના છે.
આ સાથે ચેક/ડ્રાફ્ટ રૂા. ....................................ચેક/ડ્રાફ્ટ નંબર ................................................... તારીખ ......................
બેંક ......................................................શાખા .........................................ગામ ........................................નો સ્વીકારી
નીચેના સરનામે રસીદ મોકલવા વિનંતિ. ધન્યવાદ.
નામ અને સરનામું : .................................................................................................
.................................................................................................
લિ...................................

**પંથ પંથે પાથેય....(અનુસંધાન પૃષ્ઠ છેલ્લાથી આગળ)**

ભીના શરીરે બાબા ઊભા થયા. બગલ થેલામાંથી એક ધોતિયું કાઢ્યું, એનાથી શરીર લૂછ્યું અને પછી એ જ ધોતિયું પહેરી, ભીનું ધોતિયું ધોઈને કૂવાની પાળી ઉપર ગાંઠ બાંધી સુકવવા મૂક્યું.

બાબા નીચે ઉતર્યા. બગલ થેલામાંથી ખમીશ કાઢ્યું, આખી બાંયનું ખમીશ પહેર્યું. બાબા પાસે બે જોડી જ કપડાં હશે. બાબાએ ચારે દિશા તરફ જોયું, પડછાયો જોયો, અને એક દિશા તરફ મુખ કરી બેઠા, કદાચ એ પૂર્વ દિશા હશે, આંખો બંધ કરી મૌન!

હું ઊભો થયો. બાબા પાસે ગયો. બાબાએ આંખ ખોલી, મારી સામે જોયું. એ આંખોમાં ઠપકો અને વાત્સલ્યના ગુણાકારો હતા. મૌન અમારી બન્ને પાસે હતું.

બાબાએ બગલ થેલામાંથી એક પુસ્તિકા કાઢી અને સંસ્કૃતમાં શ્લોકો રાગ સાથે ધીમા સ્વરે ગાવા લાગ્યા. દશેક મિનિટ આ ક્રિયા ચાલી. પુસ્તિકા બંધ કરી. પુસ્તિકાને નમન કરી પાછી બગલ થેલામાં મૂકી.

મેં પૂછ્યું, 'બાબા યે કૌનસી કિતાબ હૈ?'

'બેટે યે ભગવદ્ ગીતા હૈ, તુમને પઢાઈ મેં કૃષ્ણ ભગવાન કા નામ તો સૂના હોગા, યે વહી ભગવાન કે વચન હૈ, બસ સબ કુછ પઢો, સભી મેં હમેં ગીતા કે વચન કા હી દર્શન હોગા. ઇસમેં અચ્છે જીવન જીને કા સબ તરીકા હૈ. જબ જબ પઢો, નઈ નંઈ બાતેં નિકલતી જાયેગી, જૈસે ઈસ કૂવે મેં સે રોજ નયા નયા પાની નિકલતા હી હૈ, ઔર હમે જીવન દેતા હૈ'– બાબા ઉપદેશાત્મક શૈલીમાં નહિ પણ એક પિતા બાળકને સમજાવે એવી રીતે બોલ્યા.

ત્યારે તો હું કાંઈ સમજ્યો ન હતો. પણ આજે એ શબ્દ ગોઠવીને મારા મન ઉપર ઉપસાવું છું ત્યારે ઘણું બધું સમજાય છે.

બાબા ઉઠ્યા, મને એમ કે ભોજન શાળા પાસેના સદાવ્રત ગૃહ પાસે જઈ લોટ–મીઠાનું સદાવ્રત લેશે. બાબા–વટેમાર્ગુ માટે લોટ–ચોખા–મીઠાનું સદાવ્રત, મહેમાનો માટે ભોજ શાળામાં ભોજન અને પૂ. મુનિ ભગવંતો માટે આચાર નિયમ પ્રમાણે આહાર–પાણીની વ્યવસ્થા એ અમારા આશ્રમની વ્યવસ્થા હતી, અને એ બધાં તેમજ વિદ્યાર્થીઓ માટે ધન એકઠું કરવા પૂ. કલ્યાણચંદ્રજી બાપા પોતાના કાફલા સાથે પૂરા દેશમાં ફરી વળે, અને મુંબઈમાં તો શ્રેષ્ઠિવર્ય મણિલાલ મેઘજી થોભણને બંગલે તો દિવસો સુધી દાન પ્રાપ્તિ માટે સ્થિર થઈ જાય, અને બધું પાર પણ પડે. આજે તો એ બધી જવાબદારી આશ્રમના જ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ઉપાડી લઈ સંસ્થાને ઉજળી કરી છે.

પણ બાબા સદાવ્રત ગૃહ પાસે ન ગયા. કૂવા પાસે એક ખૂણો શોધ્યો. આજુબાજુથી ત્રણ પથ્થરો અને ઈંટ શોધી ચુલો બનાવ્યો. સૂકા પાન–ડાળખાં શોધી ભેગાં કર્યા.

હવે સાંભળો આ પરિવ્રાજકની ચર્યા:

બાબાએ કૂવા પાસે જઈ ફરી ડોલથી પાણી કાઢ્યું, પોતાના ધોતિયાના છેડાથી ગાળીને પાણી તાંબાના લોટામાં ભર્યું. લોટા સાથે નીચે આવ્યા. માથા ઉપર પહેરેલો સાફો એક તરફ પડ્યો હતો એ ખોલ્યો, એમાંથી મોટી, માથાના આકારની જ તો, તાસળી કાઢી, સાફા નીચે આ તાસળી માથાનું રક્ષણ પણ કરે, અને જરૂરિયાતનું એ વાસણ સચવાઈ પણ રહે. એ તાસળી ચત્તી કરી, પોટલીમાંથી લોટ કાઢ્યો, તાસળીમાં પાણી–લોટ નાખ્યા, લોટનો પિંડ બનાવ્યો. ચૂલો પેટાવ્યો, બે હાથથી એક મોટો રોટલો ઘડ્યો. પછી એ જ તાસળીને ઊંધી કરી ચૂલા ઉપર મૂકી, તાસળી તાવડી બની ગઈ, એના ઉપર રોટલો મૂક્યો, શેક્યો. રોટલાને પછેડીના એક ખૂણા ઉપર મૂક્યો. ફરી તાસળીને ચત્તી કરી, ચૂલા ઉપર મૂકી, હવે તાસળી તપેલી બની, એમાં રેડ્યું પાણી. બગલ થેલામાંથી દૂધીનો એક કટકો કાઢ્યો, અડધી બચાવેલી દૂધી હશે. દૂધીની છાલ કાઢી અને એ છાલને 'પ્રભુ પ્રભુ' બોલતા અગ્નિને સમર્પિત કરી. દૂધી સમારી સીધી પેલી તપેલી બનેલી તાસળીના ઉકળતા પાણીમાં નાખી, દૂધી ચડવા દીધી, થોડી વારે એમની વિવિધ પોટલીમાંથી મીઠું, ધાણાજીરું અને હળદર કાઢી શાકમાં નાખ્યા. થોડીવારમાં દૂધીનું બાફેલું શાક તૈયાર! કપડાંથી ગરમ તાસળી નીચે ઉતારી. ચૂલામાં પાણી છાંટી ચૂલાને ઠારી પ્રણામ કર્યા, અને બસ, એક મોટો રોટલો અને બાફેલું પાણીના રસાવાળું દૂધીનું શાક! આરામથી સ્વસ્થ ચિત્તે ખાધું. તાસળીમાં થોડું પાણી નાંખ્યું અને એ પાણી પી ગયા. ચોખ્ખા પાણીથી તાસળી સાફ કરી. પાણી ચૂલાની ઈંટ–પથ્થર ઉપર નાંખ્યું. આ બધી વસ્તુને નમન કર્યા, પછી એ ઠરેલ પથ્થર–ઈંટોને ઉપાડી ભીંત પાસેના એક ખૂણામાં મૂક્યાં, જગ્યા પૂરી રીતે સાફ કરી બાબા ઊઠ્યા.

સ્નાન કરવાથી માંડીને આ બધી ક્રિયામાં બાબાને લગભગ પોણો કલાક જ લાગ્યો હશે, કારણ કે એ સમયે અમારે સ્વાધ્યાયમાં જવા માટેનો પહેલો ઘંટ વાગ્યો હતો.

બાબા ઊભા થયા. કૂવા પાસે જઈ પોતાનું ધોયેલું ખમીશ અને ધોતિયું લીધાં, થોડા ભીના તો હતા, હાથમાં બગલ થેલો અને પોટલીઓ તેમજ ખભે કોટ મૂક્યો. બુટ પહેર્યા અને આ બધા અસબાબ સાથે બાબા સંગીત શાળાની પાછળના લીંબડાના ઓટલા ઉપર બધું મૂકી બન્ને કપડાં પાછા ત્યાં સૂકવ્યા. ઓટલો સાફ કર્યો અને સાફાને પહોળો કરી પાથર્યો, માથે બગલ થેલાનું ઓશિકું અને બાબા એક જ પળમાં ઘસઘસાટ ઊંઘી ગયા. નિશ્ચિંત, શાંત, સ્વસ્થ! આ એમની વામકૂક્ષી અને બીજો ઘંટ વાગતા હું પણ અભ્યાસ કક્ષમાં ગયો.

દોઢ કલાક અમારો અભ્યાસ–વાંચવાનો સમય. પછી ૩ થી ૫ અમે છુટ્ટા. પણ આ દોઢ કલાક દરમિયાન મેં તો મનમાં બાબાને જ વાંચ્યા હતા. હું તરત જ પહોંચ્યો બાબા પાસે મારી ફાઉન્ટન પેન લઇને મારું નામ કોતરાવવા.

અત્યારે બાબા એ જ સ્થળે ગરમ લાકડા પાસે બેસી આશ્રમના કર્મચારીઓની પેન ઉપર નામ કોતરી રહ્યાં હતા. એક નામ કોતરતા બાબાને લગભગ પાંચ મિનિટ લાગે. એ ગણતરીએ બાબા રોજના સાત–આઠ રૂપિયાની રોજી મેળવી લેતા હશે, પિસ્તાલીશ વર્ષ પહેલાં રોજના સાત–આઠ રૂા.ની કિંમત હતી.

કર્મચારીઓનું કામ પૂરું કરી વિદ્યાર્થીઓની પેન ઉપર નામ કોતરવાનું શરૂ કર્યું. બાબા નામ કોતરતા જાય અને વિદ્યાર્થીઓ સાથે વાત કરતા કરતા આત્મીયતા કેળવી બે-ત્રણ શિખામણના શબ્દો કહે, ક્યારેક કોઈ વાર્તાની માંડણી પણ કરે.

પાંચ વાગ્યા. બાબા કહે: 'ચલો કલકી રોટી ભગવાનને દેદી, અબ ચલેં,' અને એમણે અગ્નિ ઠાર્યો, નમન કર્યું. બધો અસબાબ શરીર ઉપર ગોઠવ્યો. સાફામાં તાસળી મૂકી સફેદ કેશ ઉપર સફેદ સાફો ગોઠવ્યો, બગલ થેલો બગલમાં લટકાવ્યો, પછી ઉપર કોટ પહેર્યો, કોટના બે ખભા ઉપર લશ્કરના સૈનિકો પહેરે એવા બે ફ્લેપ હતા, એના બટન ખોલી બે બાજુ પોટલીવાળા ખેસ લટકાવી બે બટન બંધ કર્યા જેથી બે બાજૂના ખેસ સરકી ન જાય. બુટ પહેર્યા, હાથમાં દંડ લીધો અને ડગ માંડ્યાં. ત્યાં અમારા એક વિદ્યાર્થીએ વિનંતિ કરી, 'બાબા આજ હમારે સાથ રહિયે, આપસે બહોત બાતેં સુનની હૈ, આપ જો કહાનિયાં કહેતે હો, ઉસમેં બહોત મઝા આતી હૈ.'

બાબા હસ્યા, બાળકોના માથા ઉપર હેતથી હાથ ફેરવતા બોલ્યા, 'બેટા, હમ તો ચલતે ભલે, રુકે તો રોગ લગ જાવે, ઔર ચલે તો ચકમક ઔર ચમક મિલે. બહેતા પાની હી અચ્છા રહેતા હૈ.'

બાબાએ હાથમાં દંડ લીધો.

આ વાક્યને આજે યાદ કરું છું અને કેટલા બધાં અર્થો સામે આવે છે! સ્પષ્ટતા કરવાની શી જરૂર? સુજ્ઞેષુ કિં બહુના?

અમારા કારાણી સાહેબ કહેતા જેને બધું ભાવે અને બધે ફાવે, એ જગતમાં બધે ફાવે, દુઃખ એનાથી દૂર ભાગે.

બાબાએ ફ્લેપ વાળો કોટ પહેર્યો હતો. એનું વિસ્મય મારા મનમાં સળવળે. મેં પૂછી નાંખ્યું, 'બાબા પહેલે આપ ક્યા કરતે થે?'

'બેટા બીત ગઈ જો બીત ગઈ, તુમ સબ ભી કલ કી મત સોચો, આજ કી હી સોચો, વર્તમાન હી સબ કુછ હૈ, ઉસે હી વફાદાર રહો.' બાબાએ થોડો શ્વાસ અંદર લીધો, ક્ષણના મૌન પછી બોલ્યા, 'મૈં ક્યા કરતા થા, કહાં થા. વો અગર મૈં નહિ કહુંગા તો તુમ બેચેન હોગે, ઔર કુછ ગલત ભી સોચોગે તો કહું કે પહેલે મૈં જેલમેં થા...'

અમે બધાં ચોંક્યાં. બાપ રે આ કોઈ પહેલાં ડાકુ હશે? જેલમાંથી ભાગીને ફરતો હશે? એમના એક જ વાક્યમાં અમારા મનના સમીકરણો બદલાઈ ગયાં. અમારા મનના ભાવો બાબા સમજી ગયા અને ખડખડાટ હસીને બોલ્યા.

'હા મૈં ગ્વાલિયર કી જેલમેં થા, મગર કૈદી બનકે નહિ વહાં મૈં 'જેલર' થા...'

અને બાબાએ દંડ ઉપાડ્યો, પગ ઉપાડ્યા. કહે, 'બેટા હમેં ભૂલ જાના, મગર હમારી બાતેં ભૂલના મત.'

કેદીઓ સાથે રહી એમણે કેટલાં બધાંના જીવનને નજીકથી જોયું હશે? જીવનના કેટલાં બધામ મર્મો એ પામી ગયા હશે!

એમને સાચો શ્રાવક કહું? સાચો વૈષ્ણવજન કહું? જીવનને પામેલો મર્મી કહું?

પોતાના અસબાબ સાથે આગળ વધતા એ એકલ વિહારીને જતાં હું અનિમેષ નયને જોઈ રહ્યો...

મારા માટે એ ક્ષણો શાશ્વત બની ગઈ.

આજે પિસ્તાલીશ વર્ષ પછી પણ એ અપરિગ્રહી, કર્મ અને કર્તવ્યનિષ્ઠ મર્મી બાબા નથી ભૂલાયા–એમની વાતો નથી ભૂલાઈ. પણ સાચા સાધુજનને પારખવાની મારી પારંપારિક દૃષ્ટિ જરૂર બદલાઈ ગઈ છે ☐ **ધનવંત**

એફ-૭૬, વિનસ એપાર્ટમેન્ટ, વરલી સી ફેસ (સાઉથ)
મુંબઈ-૪૦૦ ૦૧૮

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 • Regd. No. MH / MR / SOUTH-146 / 2006-08


## પંથે પંથે પાથેય...

# તાસળીવાળા બાબા

અમારું સોનગઢ આશ્રમ પાલિતાણાથી લગભગ ૨૫ કિલોમિટર દૂર. ભાવનગર-રાજકોટથી પાલિતાણા જતાં પાદવિહારી કે વાહનવિહારી માટે વિસામો સ્થાન, એટલે આશ્રમમાં પૂ. મુનિ ભગવંતો, પૂ. સાધ્વીગણ, છ'રી પાળતા સંઘના શ્રાવક-શ્રાવિકા વગેરેના દર્શન-વિચારોનો અમને લાભ તો મળે જ, ઉપરાંત અમારા પૂ. કલ્યાણચંદ્રજી બાપા રાષ્ટ્રીય ચળવળના પુરસ્કર્તા, પ્રખર વક્તા, સાહિત્ય અને ધર્મના ઊંડા અભ્યાસી, સાથોસાથ આયુર્વેદાચાર્ય એટલે એઓશ્રી સાથે, તેમજ અમારા સુપ્રિન્ટેન્ડેન્ટ પ્રખ્યાત સાહિત્યકાર દુલેરાય કારાણી સાથે જ્ઞાનગોષ્ટિ કરવા અને ઉપચાર કરાવવા રાષ્ટ્રીય અને સામાજિક કાર્યકરો, વિદ્વાન પંડિતો, સાહિત્યકારો અને રાજવી કુટુંબો પણ પધારે.

આ બધાંની સેવામાં અમારા આશ્રમના મેનેજર પૂર્ણ શ્રાવક એવા શ્રી હરજીવનભાઈ હસતા મુખે ઉપસ્થિત હોય જ. સાધુ-સાધ્વીની વૈયાવચમાં એઓ પૂરા ઉત્સાહી, એ સર્વેની પૂરી સગવડ એઓશ્રી સાચવે. વહેલી સવારે મુનિ ભગવંતો વિહાર કરવાના હોય તો એઓ સર્વેના સામાન ઉચકવા માટે, વિહારમાં સાથ આપવા માણસોની પણ વ્યવસ્થા કરી આપે.

આવી રીતે આશ્રમમાં પધારતા ઘણાં મહાનુભાવોના ચરિત્ર મારા મનમાં આજે ય અવિસ્મરણીય ભાવે સ્થિત અને સ્થિર છે. આજે ય એ બધાં જ્યારે સ્મરણ પર ઉપસી આવે છે ત્યારે પ્રેરણા આપતા રહે છે. આજે એમાંના એક પાત્રની વાત કરવી છે. બીજાંની વળી ક્યારેક.

એ તાસળીવાળા બાબાનું પાત્ર-એ સ્મરણ અદ્ભુત છે. જીવન પાથેયનું પથ દર્શક !

રવિવારની શિયાળાની સવાર હતી. દર રવિવારે અમારે સર્વે છાત્રોએ પૂજા કરવાની જ. પૂજા કરીને હું દેરાસરના પગથિયા ઉતરી રહ્યો હતો, ત્યાં ઓટલા ઉપર જ અમારા આશ્રમવાસી વિદ્યાર્થીઓનું પંદર-વીસનું ટોળું જોયું. કુતૂહલથી મેં ટોળાની વચ્ચે નજર કરી. લગભગ ૬૦ની ઉંમરનો એક ખડતલ માણસ ટોળાની વચ્ચે હતો. વિદ્યાર્થીઓ સાથે વાતો કરતો જાય અને પોતાનો વ્યવસાય કરતો જાય. ફાઉન્ટન પેન ઉપર નામ કોતરી આપવાનો એનો વ્યવસાય. મહેનતાણું માત્ર પૈસા દશ. બાજુમાં ગરમ લાકડું હતું. એ લાકડાની ગરમી ઉપર ફાઉન્ટન પેનને સહેજ અડાડે, એટલે એ ભાગ નરમ પડે અને તરત જ એ જગ્યા ઉપર નામ કોતરી એના ઉપર સોનેરી જરી ભભરાવી દે. સુવર્ણરંગી એવું ચમકતું આપણું નામ તૈયાર! શરીરને તપાવ્યા અને ઓગાળ્યા વગર કે નરમ થયા વગર આજે અનેક વ્યક્તિઓને પોતાનું નામ ચમકાવવાની એષણા માટે જે તન-મનની દોડાદોડી કરતા જોઉં છું ત્યારે મને એ બાબાની આ પ્રક્રિયા યાદ આવી જાય છે. આપણું મન ક્યારેક ક્યાંનું ક્યાં પહોંચી જઈ પોતાનો કેવો ખોરાક વાગોળી લેતું હોય છે!

હું પણ વિદ્યાર્થીગૃહમાં જઈ મારી ફાઉન્ટન પેન લઈ આવ્યો. દાનવીરોને નાશવંત એવી પોતાના નામની તકતી મુકાવવાનો આગ્રહ હોય તો મારા જેવા બાળ મનને કલમ ઉપર નામ લખાવવાની ઈચ્છા ન થાય? આશ્રમના ઓરડે ઓરડે આવી તકતી અમે જોઈ હતી, ત્યારે થાતું કે આ ચંપકભાઈ, આ સંતોકબેન, કોણ હશે? આવા તો ઘણાં એકનામ ધારી હશે, એ બધામાં આ કોણ? પણ જવાદો એ બધી ચર્ચાને...

ફાઉન્ટન પેન લઈ હું પહોંચ્યો બાબા પાસે. બાબા કહે, 'નહિ બેટા, અબ દોપહર કે બાદ, હમારી રોજીકા કામ અભિ ખતમ, અબ યે રોજી દિલવાને વાલે ઔર રોટી કે લિયે વક્ત નિકાલે.'

અને પોતાની પાસેના તાંબાના લોટામાંથી પાણી લઈ અગ્નિ ઉપર છાંટ્યું, અગ્નિને શાંત થતી જોઈ અગ્નિને કૃતજ્ઞ ભાવે પ્રણામ કર્યા અને ઠંડા પડેલા લાકડાંને ખુણામાં મૂકી, જગ્યા સાફ કરી, પોતાના ઓજારો એક પોટલીમાં બાંધી, પોતાના બગલ થેલામાં મૂકી ઊભા થયા.

બાબાનું એ વ્યક્તિત્વ, એ વ્યક્તિત્વની એકે એક રેખા આજે તાદૃશ્ય થાય છે. છ ફૂટ ઊંચો દેહ, ગૌરવર્ણ, શ્વેતકેશધારી તેજસ્વી મુખમુદ્રા, ચાંદનીના તેજને પણ શરમાવે એવા રજતરંગી ઘટ્ટ વાળનો જથ્થો, એના ઉપર સફેદ રંગધારી સ્વચ્છ સાફો, કપાળે કોઈ ધર્મનું નિશાન નહિ, કોલરવાળું સફેદ ખમીશ, ઉપર કાળા રંગનો કોટ, એક ખભે બગલ થેલો, બીજા ખભે ખેસ-પછેડી અને એ પછેડીને છેડે નાની-મોટી લટકતી પોટલીઓ, કછોટો બાંધેલું ધોતિયું, પગમાં મજબૂત ચામડાંના બુટ અને હાથમાં મોટો દંડ. બાબા ઊભા થયા, જાણે એક તેજસ્વી તપસ્વી આપણી સામે ઊભો હોય એમ લાગે. આપણે અંજાઈ જ જઈએ. પણ એમના મુખ ઉપર આંજી નાખવાનો કોઈ ભાવ નહિ. મોતી વેરાતા જાય એવું સ્મિત માત્ર!

ત્યારે હું એસ.એસ.સી.માં હતો. અનિમેષ આંખે હું એમને જોઈ રહ્યો.

માત્રપોતાના શરીર ઉપર જ સમાય એટલો પોતાનો અસબાબ લઈ એ ચાલ્યા. ચારે તરફ દૃષ્ટિ કરી મને પૂછ્યું, 'બેટા યહાં કહીં સ્નાન કરને કે લિયે પાની કા કૂવા હૈ?'

'ચલિયે, મેરે સાથ.' અને દેરાસરની બાજુમાં જ કૂવો હતો ત્યાં હું એમને દોરી ગયો.

એમણે કૂવો જોયો, બળદ દ્વારા કોસથી કૂવામાંથી પાણી કાઢી બાજુની મોટી કુંડીમાં ઠલવાઇને ભેગું થતું હતું. બાબાએ એ બધું જોયું. પોતાના બુટ-કોટ કાઢી બાજુ પર મૂક્યાં, સાથે બગલ થેલો વગેરે પણ. કૂવા પાસે ઊભા રહ્યા, કાંઈક શોધતા હોય તેમ, અને કૂવા પાસેની ડોલ અને ડોલને બાંધેલું દોરડું જોયાં, તરત જ ડોલને દોરી અને ગરગડીથી અંદર નાંખી પાણી ખેંચ્યું.

મેં કહ્યું, 'બાબા આપ ક્યોં તકલીફ લેતે હૈં, યે પાની જો નિકાલા હૈ, વહી ઇસ્તમાલ કિજિયે.'

બાબાએ ઉત્તર આપ્યો:

'યે દો બૈલને કૂવે મેં સે પાની નિકાલા હૈ, યે આપ સબકે લિયે હૈ, યે પાની કા ઇસ્તેમાલ કરના મેરા કોઈ હક નહિ, ઐસા મેં કરું તો ચોરી તો હૈ હી, ઔર બૈલ કે પ્રતિ હિંસા ભી તો હૈ! ઔર બિના વજહ હમ બૈલ કે કરજદાર ક્યોં બને? જબ કિ પાની નિકાલને કે લિયે હમ મેં શક્તિ હૈ, ઔર ઐસા કરને સે હમારે શરીર કો વ્યાયામ મિલેગા, જો સ્વાસ્થ્ય કે લિયે ભી અચ્છા હૈ.' ત્યારે આ શબ્દોની સૂક્ષ્મતા હું સમજી શક્યો ન હતો, પણ ચિત્તતંત્રમાં કોતરાઈ ગયેલા એ શબ્દો જ્યારે આજે મન ઉપર ઉપસી આવે છે ત્યારે ઘણાં બધાં અર્થો અને ધ્વનિ આંદોલિત થઈ જાય છે. 'અબ તુમ જાવ બેટે, જાકર તુમ પઢાઈ કરો, જિસકે લિયે તુમ્હારે માતા-પિતાને યહાં ભેજા હૈ.'

હું અવાક્ બની ગયો, મારે જવું ન હતું. પણ એમની વાણીમાં જે પિતૃભાવ હતો એ મને સ્પર્શી ગયો, અને મેં ડગ માંડ્યા.

પણ બાબાના વચનો અને વર્તન મારા ઉપર છવાઈ ગયાં હતાં, અનુસંધાન તોડવાનું મન થતું ન હતું. હું ત્યાંથી નીકળીને દેરાસરના બીજા ઓટલા પાસે બેઠો, જયાંથી હું બાબાને બરોબર જોઈ શકું.

બાબાએ ખમીસ કાઢ્યું, પાણીમાં બોળ્યું. બગલ થેલામાંથી લાવેલ સાબુથી એ ધોયું અને કૂવાની પાળ ઉપર સુકવી બે બાંયો અંદર બહાર કરી કૂવાના કાંઠાની જાળી સાથે ગાંઠવાળી. ફરી પાણી કાઢ્યું, ડોલ ભરી, ઠંડા પાણીએ સ્નાન કરવાનું શરૂ કર્યું. ભારતની બધી નદીઓને નમન કરતા જાય અને તાંબ્રવર્ણા દેહ પર પાણી રેડતાં રેડતાં બે હાથથી શરીરને ધોતાં જાય.

(વધુ માટે જુઓ પાછળ)

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanvant T. Shah

❋❋❋ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ❋❋❋

# પ્રબુદ્ધ જીવન

છૂટક નકલ રૂા. ૧૦/- તા. ૧૬ જુન, ૨૦૦૬ વાર્ષિક લવાજમ : રૂા. ૧૨૫/-

## જિન-વચન

### જાણતા અજાણતા હણો નહિ

जावंति लोए पाणा तस अदुव थावरा ।
तं जाणमजाणं वा न हणे न वि घायए ।।

–दसवैकालिक–४–११

Knowingly or unknowingly one should not kill animate or inanimate living beings in this world and should not cause them to be killed by others either.

इस लोक में जितने भी त्रस और स्थावर जीव है उन का जाने-अनजाने में साधक हनन न करे और न कराए ।

આ લોકમાં જેટલા ત્રસ જીવો અને સ્થાવર જીવો છે, તેને સાધક જાણતાં કે અજાણતાં હણે નહિ કે બીજા પાસે હણાવે નહિ.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી)

## આચમન

# તારી પાસેજ છે

એક કઠિયારો.

સવારના કુહાડી લઈને ઝૂંપડીમાંથી નીકળે અને દૂર નદી પારના જંગલમાં જઈને લાકડાં કાપી, લાકડાનો ભારો માથે મૂકી નદીની આ પાર આવે. બજારમાં લાકડાં વેચે, જે પૈસા મળે એમાંથી એ દિવસનું અનાજ લઈને ઝૂંપડીમાં આવે. બચેલાં થોડાં લાકડાંથી ચૂલો સળગાવીને રાંધે અને પોતાના બચ્ચાંને ખવડાવી પોતે ખાય અને આવતી કાલની ચિંતા ઈશ્વરને સોંપી નિરાંતે બધાં ભગવાનની ભક્તિ કરતાં કરતાં નિંદરને ખોળે પોતાની જાતને સમર્પી દે.

એક દિવસ, રોજના નિયમ પ્રમાણે નદીને પેલે પાર લાકડાં કાપવા, કહો કે એ દિવસની રોજી મેળવવા જંગલમાં એ વૃદ્ધ કઠિયારો ગયો. ધોમ ધખતાં તડકે લાકડાં કાપ્યાં, પરસેવે રેબઝેબ, પુરુષાર્થનું અત્તર પૂરા શરીર ઉપર છવાઈ ગયું. લાકડાંનો ભારો બાંધ્યો, માથે મૂક્યો અને આવ્યો નદી કિનારે નદી પાર કરવા.

સવારે આવ્યો ત્યારે તો આ નદી રોજની જેમ સૂકી ભઠ હતી, પણ અત્યારે નદી છલોછલ ! ઉપર વાસમાં વરસાદ આવ્યો હતો. એટલે નદી બે કાંઠે તરબતર હતી. પણ કઠિયારો તો પરસેવા અને પરેશાનીથી તરબતર હતો. હવે સામે કિનારે કેમ જવું ? લાકડાં વેચાશે નહિ તો અનાજ નહિ આવે, અને અનાજ નહિ આવે તો છોકરાં ખાશે શું ? ઉપરાંત પોતે નહિ પહોંચે તો નમાયા છોકરાંનો જીવ કેટલો બેચેન થઈ જશે ?

આવી ચિંતામાં કઠિયારો કિનારે બેસી રહ્યો. પાણી ઉતરે નહિ. નદી પાર કરવાની ચિંતામાં એ નિરાશ વદને બેસી રહ્યો. કલાકો વિત્યા, સાંજ પડવા આવી.

જંગલમાંથી એક વનવિહારી સાધુ ત્યાંથી પસાર થતાં હતાં. એમણે કિનારે બેઠેલા કઠિયારાને ચિંતાગ્રસ્ત મુદ્રામાં જોયો. કઠિયારા પાસે આવ્યા. ખૂબ જ પ્રેમથી ચિંતાનું કારણ પૂછ્યું. કઠિયારાએ પોતાની વેદના કહી.

વનવિહારી સાધુ થોડું હસ્યા અને કઠિયારાને માથે હાથ મૂકી બોલ્યાં:

'બેટા તું ખોટો મુંઝાય છે, તારી સમસ્યાનો ઉકેલ તારી પાસે જ છે !'

'મારી પાસે ?...મારી પાસે ઉકેલ હોય તો મેં એનો ઉપયોગ કરી મારી ઝૂંપડીમાં મારા બચ્ચા પાસે ન પહોંચી ગયો હોઉં ?'

'પણ તું સમસ્યાની ચિંતામાં જ અત્યાર સુધી રોકાઈ રહ્યો; સમસ્યાને એક તરફ રાખી ઉકેલ શોધવાની તરફ વિચાર કર્યો ?' સાધુએ ખૂબ [illegible]

'ના મારી બુદ્ધિ સમસ્યાની આસપાસ જ [illegible]' ચિંતિત મુખે કઠિયારો બોલ્યો.

'એ જ તો મુશ્કેલી છે. દરેક સમસ્યા એના ઉકેલ સાથે જ જન્મતી હોય છે, પણ આપણે એને શોધવાનો પ્રયત્ન જ નથી કરતા. સમસ્યાના બિંદુમાંથી સહેજ બહાર નીકળીએ તો એ મળે જ.'

'મને નથી સમજાતું, હવે આપ જ સમજાવો.' વ્યથિત અવાજે કઠિયારો બોલ્યો.

'તારે નદી પાર કરવી છે ને ?'

'હા.'

'અને એ પણ તારા આ લાકડાં સાથે જ ને ?'

'હા...હા...' આતુર કઠિયારો બોલ્યો.

'જો; આ લાકડાંનો ભારો છોડી નાખ.' સાધુ બોલ્યા. કઠિયારો આશ્ચર્યથી, થોડા ગુસ્સાથી સાધુ સામે જોઈ રહ્યો.

'લાકડા છૂટા કરીને પછી લાકડાં બાંધવાની એ મોટી દોરી છે ને ...'

'હા...હા...'

'બસ એ દોરી અને છૂટા લાકડાં એક એક ભેગા કરી એનો બનાવી દે તરાપો...અને તરાપા ઉપર બેસી નદી પાર કરી નાખ...'

સાધુ પોતાને રસ્તે...કઠિયારો નદી પાર કરી પોતાને રસ્તે.

✳✳✳

### વિષય સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| (૧) | નૂતન જિનાલયો | ડૉ. ધનવંત તિલકરાય શાહ | ૩ |
| (૨) | જિન ધર્મની પ્રાચીનતા અને વિકાસ | સ્વ. નેમચંદ ગાલા | ૪ |
| (૩) | સમસ્યાઓ | ડૉ. રણજિત એમ. પટેલ 'અનામી' | ૯ |
| (૪) | એક સાંજ અને હું | ડૉ. ગુલાબ દેઢિયા | ૧ |
| (૫) | સાધ્ય, સાધક, સાધના, સાધન અને સિદ્ધિ | સ્વ. પનાલાલ જગજીવનદાસ ગાંધી | ૧૨ |
| (૬) | દશવૈકાલિક સૂત્રકાર, ચૌદ પૂર્વધર શ્રી શય્યંભવસૂરિજી મહારાજ | પ. પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ | ૧૪ |
| (૭) | શ્રી અજીતશાંતિમાં છંદોનું વૈવિધ્ય | ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા | ૧૫ |
| (૮) | હરિયાળી ક્રાંતિ | ડૉ. કવિન શાહ | ૧૬ |
| (૯) | જૈન પારિભાષિક શબ્દો | ડૉ. જિતેન્દ્ર બી..શાહ | ૧૭ |
| (૧૦) | પતન અને પુનરુત્થાન ? | આચાર્ય શ્રી પૂર્ણચંદ્ર સૂરીશ્વરજી મહારાજ | ૧૮ |



## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

| | ભારતમાં | પરદેશ |
|---|---|---|
| ૧ વર્ષનું લવાજમ | રૂા. ૧૨૫/– | U.S.$ 9-00 |
| ૩ વર્ષનું લવાજમ | રૂા. ૩૫૦/– | U.S.$ 26-00 |
| ૫ વર્ષનું લવાજમ | રૂા. ૫૫૦/– | U.S.$ 40-00 |
| આજીવન લવાજમ | રૂા. ૨૫૦૦/– | U.S.$ 112-00 |
| કન્યા કરિયાવર આજીવન લવાજમ | રૂા. ૨૦૦૦/– | U.S.$ 100-00 |

ક્યારેય પણ જાxખ ન લેવાની 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ હોઈ એના ગ્રાહકો અને શુભેચ્છકો તેમ જ દાતાઓ જ આ સત્ત્વશીલ સામયિકને જીવંત રાખી શકશે. (૭૭ વર્ષની અવિરત સેવા છે મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રોની) ગુજરાતી ભાષાના સામયિકો જીવશે તો ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કાર સંસ્કૃતિ જીવંત રહેશે.

જૈન ધર્મ અને સર્વ ધર્મના ચિંતનો આવા સામયિકોથી જ વર્તમાન અને ભવિષ્યની પેઢીના હૃદયમાં રોપાતા જશે.

પુનિત પુત્રી તો 'દુહિતા' અને 'દેહલી દીપક' છે; એટલે બન્ને દિશા અને બન્ને ઘરને અજવાળે એવો ઘરના ઉંમરાનો એ દીપક ! લગ્નમાં આપણે લાખો રૂા.નો ખર્ચ કરીએ છીએ, લાખોના કરિયાવર અને ઘરના સંસ્કાર સાથે પુત્રીને વિદાય આપીએ છીએ તો કરિયાવરમાં 'પ્રબુદ્ધ જીવન' ન આપી શકીએ ? પુત્રીના જીવનમાં એ સદાય જીવંત રહેશે. પથદર્શક બનશે. સુજ્ઞેષુ કિં બહુના...?

* ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.
* આજીવન ગ્રાહક લવાજમ ભરનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્ત છે એવું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

☐ મેનેજર

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57
● વર્ષ : (૫૦) + ૧૭ ● ● અંક : ૬ ● તા. ૧૬જૂન, ૨૦૦૬ ● ● ૩ ●
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : ધનવંત તિ. શાહ

## નૂતન જિનાલયો

હમણાં મેની ૨૪ મીએ આપણી સંસ્થાની કારોબારી સમિતિના એક સભ્ય શ્રી દિલીપભાઈ શાહ અને તેમના પરિવાર દ્વારા નિર્મિત શ્રી લોનાવલા નગરે શ્રી મુનિસુવ્રત સ્વામી શિખરબંધી જિનાલયના અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી થવાનું ભાવભર્યું આમંત્રણ મળતા ત્યાં ઉપસ્થિત થવા મારા ધર્મપત્ની, ઉપરાંત બહેનશ્રી ભારતીબેન ભગુભાઈ શાહ અને આપણી સંસ્થાના ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ શાહ સાથે અમે લોનાવલા પહોંચ્યાં.

લોનાવલામાં કુદરતી સાનિધ્ય અને ટેકરીઓ તેમજ બંગલાઓની હારમાળ વચ્ચે આ સુંદર નાના કલાત્મક સ્થાપત્યથી શોભતા જિનાલયના દર્શન કરતા અનેરા આનંદનો અમને સર્વેને અનુભવ થયો. પૂ. આચાર્ય ભગવંતો અને પૂ. મુનિ ભગવંતોની મંગળવાણી ઉપરાંત ભક્તિ-સંગીતનું શ્રવણ કરવાનો અનેરો લ્હાવો પણ પ્રાપ્ત થયો. સમગ્ર વાતાવરણમાં ભાવની ભવ્યતાની સાથો સાથ ભક્તિ અને વિવેકના ત્રિવેણી સંગમમાં આત્મા અને મન ભીના ભીના થતા ભાવવિભોર થયાની અનુભૂતિ થઈ. આવા શુભ નિર્માણ માટે શ્રી દિલીપભાઈના સમગ્ર પરિવારને અમે મનોમન અંતરના અભિનંદન આપ્યાં.

બપોરે ભોજન પછી અમે મંડપની બહાર આવી અમારી ગાડીમાં બેસવા જતા હતા ત્યાં મંદિરથી થોડે જ દૂર ૩૦-૪૦ વર્ષની ઉંમરના બે-ત્રણ શ્રાવકોને વાતો કરતા સાંભળ્યા. એમના એ શબ્દો મારા કાને પડતા મને આશ્ચર્ય થયું અને મનને ગ્લાનિ સ્પર્શી ગઈ. એ શ્રાવકબંધુઓના વિચારોની થોડી ચર્ચા કરવાનો અહીં મારો અભિગમ છે.

એક ભાઈ બોલ્યા, 'હવે આ યુગમાં આવા નવા જૈન મંદિર બાંધવાની અને આવા ખર્ચા કરવાની શી જરૂર છે? આજના સમયમાં જૈન મંદિરો તો ઠેકઠેકાણે ઘણાં છે જ, હવે તો સમાજને શિક્ષણ સંસ્થા અને હૉસ્પિટલોની વિશેષ જરૂર છે.'

આપણા નવશ્રીમંતો અને કહેવાતા બૌદ્ધિકોમાં વિષયના ઊંડાણમાં પહોંચ્યા વગર આવી ચર્ચા કરવાની આજે જાણે 'ફેશન' થઈ ગઈ છે. આ વર્ગના આવા વિચારદોષ માટે એ વર્ગને દોષિત માનવાની જરૂર નથી, તેમજ એમના વિચારની અવહેલના પણ ન કરી શકાય, પરંતુ તત્ત્વના ઊંડાણમાં ઊતરી વિચારમંથનમાં પ્રવેશવું પણ એટલું જ જરૂરી છે.

જે પરંપરા છે એ પરંપરાનું ખંડન કરવું એ ક્રાંતિ નથી. જે ક્રાંતિમાં વિચારકાન્તિ નથી, જેમાં નવસર્જન નથી એને ક્રાંતિ ન જ કહેવાય. 'આની જરૂર નથી' અને 'હવે આની જરૂર છે' એમાં 'નથી' અને 'છે', માટે વિષદ ચર્ચા જરૂરી છે.

આ વિષદ ચર્ચાનો અહીં અવકાશ નથી, પણ અંગુલિનિર્દેશ કરી થોડા મુદ્દા વિચારવા જરૂરી છે.

ખર્ચની વાતમાં તો, જે ઘરને આંગણે જે પ્રસંગ હોય ત્યાં ઉત્સવનું વાતાવરણ તો રચાય જ, મનુષ્ય ઉત્સવ પ્રિય છે, અને આવા ઉત્સવો અને પ્રસંગ અન્યને માટે પ્રેરણાદાયી પણ બને છે. પરંતુ અતિની ગતિ નથી અને એમાં મતિનો તો પૂરો લોપ થઈ જાય છે. ઉત્સવ જ્યારે વૈભવનું પ્રદર્શન બની જાય તો; ત્યારે જાગૃત શ્રાવકે એવા પ્રદર્શનની ઉપેક્ષા અને ટીકા પણ જરૂર કરવી જોઈએ. પરંતુ કોઈ ધર્મસ્થાનકના નિર્માણને ઉતારી પાડવાની જરૂર નથી જ.

પ્રશ્ન એ છે કે શું આજે આપણને શિક્ષણ સંસ્થા અને હૉસ્પિટલોની જ જરૂર છે? વ્યક્તિ અને સમાજને આ બે સંસ્થાઓ જ આગળ લઈ જશે?

શિક્ષણ સંસ્થાઓના ભ્રષ્ટાચારો અને એના વેપારીકરણની હકીકતમાં ઊંડા ઊતરીએ તો આપણું મન દુ:ખોથી ભરાઈ જાય. આપણને એવી શિક્ષણ સંસ્થાની જરૂર છે જે આર્થિક રીતે સદ્ધર ન હોય એવા સમાજનાં બાળકોને પોતાના પડખામાં સમાવી લે, જે શિક્ષણ સંસ્થા અત્યાધુનિક છે, લાખો રૂપિયાની ફી લઈને અદ્યતન શિક્ષણ જે શ્રીમંતના બાળકોને મળે છે એવું જ શિક્ષણ આવા આર્થિક રીતે નબળાં એવા સમાજના બાળકોને પણ ત્યાં મળવું જોઈએ અને એ પણ દાનની ભાવનાના અહેસાસ વગર, અને જૈન સંસ્કારો સાથે. આ દિશામાં આપણે વધુ જાગૃત થવાની જરૂર છે. મંદિરના નિર્માણની જરૂર છે, અને આવા જ્ઞાન મંદિરના નિર્માણની પણ એટલી જ જરૂર છે. પરંતુ 'બદલે' નહિ, 'સાથો સાથ.'

હૉસ્પિટલોની વાત કરીએ તો આપણને એલોપથિક હૉસ્પિટલોના જ નિર્માણ કરવાનો વિચાર આવે છે, જેમાં હિંસક દવા અને સાધનોનો ઉપયોગ થતો હોય. હવે નેચરોપથી, હોમિયોપથી અને આયુર્વેદ હૉસ્પિટલોના નિર્માણ કરવાનો પણ વિચાર કરવો જરૂરી છે, જેમાં જૈન ધર્મના 'અહિંસા'ના વિચારને પૂરી પુષ્ટિ મળે.

મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે 'ડૉક્ટરોની અને હૉસ્પિટલોની સંખ્યા વધારતા રહેવું પડે એ આપણી સંસ્કૃતિની પ્રગતિની નિશાની નથી...શરીરની સંપૂર્ણ તંદુરસ્તીનો આધાર માનસિક સ્વાસ્થ્ય છે. અને માનસિક સ્વાસ્થ્યનો આધાર સ્વચ્છ નિર્મળ હૃદય છે.'

આ માનસિક સ્વાસ્થ્ય અને સ્વચ્છ નિર્મળ હૃદય પ્રાપ્ત થશે જિનાલયોમાં ગૂંજતા ભક્તિનાદ અને ધર્મ સ્થાનકોમાંથી સંતમુખે વહેતી જ્ઞાન ગંગામાંથી.

પુરોગામી હતા. તેઓ પણ અવતાર ગણાયા છે.'

હવે વામન અવતાર ઋગ્વેદમાં સ્પષ્ટ રીતે અવતારોની ગણતરીમાં પંદરમો ગણાયો છે. તે ઉપરથી ફલિત થાય છે કે, જે ઋચાની રચના એમનો ઉલ્લેખ કરે છે તે સમયના ક્રમ પ્રમાણે આગળ થઈ ગયેલાં હોવા જોઇએ, અને વળી ઋષભદેવ વામનાવતારના પણ પૂર્વગામી હતા તેથી ઘણાં જૂના સમયમાં થઈ ગયેલા હોવા જોઈએ.

સ્વામી કર્માનંદે પોતાના વૈદિક સાહિત્યના ઊંડા અભ્યાસ પરથી સાબિત કર્યું છે કે ઋષભ પૃથ્વી પર ધર્મના પ્રથમ સ્થાપક હતા. ઈ. સ. પહેલાનાં કેટલાંક સૈકાઓ પૂર્વના દર્શાવવામાં આવેલા સૂત્રાત્મક પુરાવાઓ આ દૃષ્ટિબિંદુને પૂરેપૂરું સમર્થન આપે છે. (કલ્પસૂત્ર-પ્રસ્તાવના)

મોહેન-જો-ડેરોમાં યોગીઓસિવાય બીજી ન હોય એવી નગ્ન આકૃતિઓ શોધી કાઢવામાં આવી છે અને દિગંબર અવસ્થા એ જૈન શ્રમણનું એક લક્ષણ છે. ઋષભપ્રભુ પોતે નગ્ન સ્વરૂપે વિચરતા. તેમની પ્રતિમાઓ પણ નગ્ન સ્વરૂપે દર્શાવાય છે.

મથુરાના શિલ્પશાસ્ત્રના કર્ઝન સંગ્રહાલયમાં ઈ. સ. પૂર્વે બીજા સૈકાની કાર્યોત્સર્ગ આસનવાળી જૈન ઋષભદેવની શિલા પરથી ઊભી ચાર પ્રતિમાઓ જોવા મળે છે.

બુદ્ધ સાહિત્યમાં નિર્ગ્રંથ જ્ઞાતપુત્ર (મહાવીર) અને તેમની મહત્તા વિષે ઉલ્લેખ આવે છે. મજ્ઝિમ નિકાય (P.T.S. II.P. રાય)માં નિર્ગ્રંથ સાધુઓ બુદ્ધને કહે છે કે તેમના માલિક નાતપુત્ત સર્વ જ્ઞાનના જ્ઞાતા હતા.

પ્રાચીન કાળમાં શ્રમણ પરંપરાની બધી શાખા-પ્રશાખાઓમાં ગુરુ કે ત્યાગી વર્ગને માટે સામાન્યપણે આ શબ્દો વપરાતાઃ શ્રમણ, ભિક્ષુ, અનગાર, યતિ, સાધુ, તપસ્વી, પરિવ્રાજક, અર્હત, જિન, તીર્થંકર વગેરે. બૌદ્ધ અને આજીવક સંપ્રદાયોની જેમ જૈન સંપ્રદાય પણ પોતાના ગુરુવર્ગ માટે આ જ શબ્દોનો ઉપયોગ કરતો આવ્યો છે. આમ છતાં એક શબ્દપ્રયોગ એવો છે કે જેનો ઉપયોગ જૈન સંપ્રદાય પોતાના સમગ્ર ઇતિહાસકાળમાં પહેલેથી તે અત્યાર સુધી, પોતાના ગુરુવર્યને માટે કરતો રહ્યો છે. એ શબ્દ છેઃ

'निर्ग्रंथ' (निग्गंथ) P (આચારાંગ : ૧, ૩, ૧, ૧૦૮) બીજી કોઈ પરંપરામાં ગુરુવર્ય માટે 'निर्ग्रंथ' શબ્દ પ્રચલિત કે રૂઢ થયેલ જોવા નથી મળતો. આ કારણે જ જૈનશાસ્ત્રને 'निग्गंथपयवण' અર્થાત્ 'निर्ग्रंथप्रवचन' કહેવામાં આવે છે. (ભગવતી ૯-૬-૩૮૩)

આગમકથિત નિર્ગ્રન્થ સંપ્રદાયની સાથે બૌદ્ધ પિટકોનો જેટલો અને જેવો સીધો સંબંધ છે. એટલો અને એવો સંબંધ વૈદિક અને પૌરાણિક સાહિત્યનો નથી. એના કારણો છે.

જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ. બંને શ્રમણ સંપ્રદાય-પરંપરા છે તેથી એમની વચ્ચે ભ્રાતૃભાવ જેવો સંબંધ છે.

બૌદ્ધ ધર્મના સ્થાપક ગૌતમબુદ્ધ અને નિર્ગ્રંથ ધર્મનાં અંતિમ પુરસ્કર્તા જ્ઞાતપુત્ર મહાવીર, બન્ને સમકાલીન હતા. એટલું જ નહીં પણ એમણે સમાન અર્થાત્ એક જ ક્ષેત્રમાં જીવન વીતાવ્યું હતું. બન્નેનું પ્રવૃત્તિનું ધામ કેવળ જ પ્રદેશ નહીં, બલ્કે એક જ શહેર, એક જ મહોલ્લો અને એક જ કુટુંબ પણ હતું.

બૌદ્ધ શાસ્ત્રોમાં ઉલ્લેખ છે કે નિર્ગ્રંથોએ રાજગૃહીમાં તપશ્ચર્યા કરી હતી. મહાવીરના નિર્ગ્રંથ સંઘનું આ મુખ્ય ક્ષેત્ર હતું. મહાવીરપ્રભુની સાધના અને પ્રવચનોનું આ જ ક્ષેત્ર હતું.

બન્નેના અનુયાયીઓ પણ અરસપરસ હળતા-મળતા અને પોતપોતાના પૂજ્ય પુરુષોના ઉપદેશો અને આચારો સંબંધી મિત્રભાવે કે પ્રતિસ્પર્ધીભાવે ચર્ચા કરતા, એટલું જ નહીં પણ પરંતુ અનેક અનુયાયીઓ એવા પણ હતા જેઓ કોઈ એકના અનુયાયી હતા અને પછીથી બીજાના અનુયાયી થયા. બન્નેના અનુયાયીઓ પડોશી કે કુટુંબી હતા અને એમનો સામાજિક સંબંધ બહુ નજીકનો હતો. એમ જ કહી શકાય કે જાણે એક જ પરિવારના અનેક સભ્યો અત્યારે પણ જોવામાં આવે છે તેમ જુદી જુદી માન્યતાઓ ધરાવતા હતા. (ઉપાસકદશાંગ આ. ૮, ઇત્યાદિ)

નિર્ગ્રંથ સંપ્રદાયની અનેક બાબતોનું બુદ્ધ તથા એમના સમકાલીન શિષ્યોએ નજરે જોયા જેવું વર્ણન કર્યું છે-ભલે પછી એ વર્ણન પ્રાસંગિક હોય કે ખંડનની દૃષ્ટિથી કરવામાં આવ્યું હોય.(મજ્ઝિમનિકાય સુ. ૧૪, ૫૬, દીર્ઘનિકાસ સુ. ૨૯, ૩૩)

એટલા માટે બૌદ્ધ પિટકોટમાં મળતા નિર્ગંથ સંપ્રદાયના આચાર-વિચારને લગતા નિર્દેશો ઐતિહાસિક દૃષ્ટિએ ખૂબ મહત્ત્વના છે. આપણે બૌદ્ધ ફિરકામાં આવતા નિર્ગંથ સંપ્રદાય સંબંધી નિર્દેશોની, ખુદ નિર્ગ્રંથ પ્રવચનરૂપે ઉપલબ્ધ આગમિક સાહિત્યમાંના નિર્દેશોની સાથે શબ્દ અને ભાવની દૃષ્ટિએ સરખામણી કરીએ છીએ, ત્યારે એમાં સંદેહ નથી રહેતો કે બંને નિર્દેશો પ્રમાણભૂત છે-ભલે પછી બન્ને બાજુએ વાદી-પ્રતિવાદીનો ભાવ રહ્યો હોય. જેવી બૌદ્ધ પિટકોની રચના અને સંકલનોની સ્થિતિ છે લગભગ એવી જ સ્થિતિ પ્રાચીન નિર્ગ્રંથ આગમોની છે.

બુદ્ધે થોડો સમય પણ કેમ ન હોય, પાર્શ્વનાથની નિર્ગ્રંથ પરંપરામાં જીવન વિતાવ્યું હતું. બુદ્ધે પોતાનો માર્ગ શરૂ કરતાં પહેલાં એક પછી એક જે પંથોનો ત્યાગ કર્યો તેમાં એક નિર્ગ્રંથ પંથ પણ હતો. નિર્ગ્રંથ પરંપરામાં બુદ્ધે તપશ્ચર્યા પણ કરી. બુદ્ધે તપસ્યાનું વર્ણન અને વિગતો આપી હતી, તે નિર્ગ્રંથ પરંપરા અને જૈનશાસ્ત્રો સાથે સુસંગત છે. આ તપસ્યા પાર્શ્વપિટિયક નિર્ગ્રંથ પરંપરામાં જ શક્ય હોઈ શકે, કારણ કે બુદ્ધ, મહાવીર પ્રભુથી મોટા હતા અને આ તપસ્યા સમયે ભગવાન મહાવીરનો જન્મ પણ નહોતો થયો. આ પરંપરા કપિલવસ્તુ બુદ્ધની જન્મભૂમિ, રાજગીરી, કાશી વિગેરેમાં વિદ્યમાન હતી.

સારનાથ એ કાશીનો હિસ્સો છે. સારનાથથી જ બુદ્ધે ધર્મચક્ર પ્રવર્તનનો પ્રારંભ કર્યો. વળી કાશી એ તીર્થંકર પાર્શ્વનાથની તપોભૂમિ અને જન્મભૂમિ છે.

જ્યાં બુદ્ધે પોતાના શિષ્યો સાથે પોતાના પૂર્વજીવનનું વર્ણન કરતાં, અનેક પ્રકારની તપસ્યાઓની નિરર્થકતા કહી બતાવી હતી, ત્યાં એમણે નિર્ગ્રંથ-તપસ્યાનો પણ ઉલ્લેખ કર્યો હતો. મહાવીરપ્રભુથી મોટી ઉંમરના બુદ્ધે ગૃહત્યાગ કરી તપસ્વી માર્ગનો સ્વીકાર કરી, એ સમયમાં પ્રચલિત બીજા પંથોની જેમ બુદ્ધે નિર્ગ્રંથ-તપસ્યાનું આચરણ કર્યું હતું અને એમણે કરેલી તપસ્યાના વર્ણનમાં હૂબહૂ નિર્ગ્રંથ-તપસ્યાનું સ્વરૂપ આવી જાય છે. એ તપસ્યા પાર્શ્વાપત્યિક પરંપરા સિવાય બીજી કોઈ નિર્ગ્રંથ પરંપરાની ન હોઈ શકે અને તે જૈન આગમોમાં વર્ણવેલી નિર્ગ્રંથ-તપસ્યાઓ સાથે અક્ષરશઃ મળતી આવે છે.

આ તથ્યો ઉપરથી નિર્ગ્રંથ પરંપરાની તપસ્યા અંગે ઐતિહાસિક દૃષ્ટિએ એટલું સિદ્ધ થઈ શકે કે ઓછામાં ઓછું પાર્શ્વનાથના સમયથી તો નિર્ગ્રંથ પરંપરા તપપ્રધાન હતી; અને તપ તરફના વલણને મહાવીરે વધારે વેગ આપ્યો હતો. પોતાના જીવન દ્વારા એ પરંપરામાં શુદ્ધિ અને વિકાસનું તત્ત્વ ભલે દાખલ કર્યું હોત, પણ પહેલાંથી ચાલી આવતી પાર્શ્વાત્યિક નિર્ગ્રંથ પરંપરામાં તપોમાર્ગને નવેસરથી દાખલ નથી કર્યો, એની સાબિતી બીજી રીતે પણ મળી રહે છે.

બૌદ્ધ પિટકોમાં અનેક સ્થળે નિગંઠ ની સાથે 'तपस्वी', 'दीर्घतपस्वी' જેવાં વિશેષણો જોવા મળે છે. આ પ્રમાણે કેટલાંય બૌદ્ધ સૂત્રોમાં રાજગૃહી વગરે સ્થાનોમાં તપસ્યા કરતા નિર્ગ્રંથનું વર્ણન, તેમજ ખુદ તથાગત બુદ્ધે કરેલી નિર્ગ્રંથ તપસ્યાની સમાલોચના મળે છે. (મજ્ઝિમનિકાયઃ સુ. ૫૬ અને ૧૪)

સાધના વખતે બુદ્ધની સાથે જે બીજા પાંચ ભિક્ષુઓ હતા તેઓ બુદ્ધનો ત્યાગ કરીને સારનાથ-ઇંસિપત્તનમાં જ રહીને તપસ્યા કરતા

હતા. તે પાંચ ભિક્ષુઓ નિર્ગ્રંથ પરંપરાના અનુગામી હોય તો નવાઈ નહીં.

આથી ફલિત થાય છે કે જ્ઞાતપુત્ર મહાવીર અગાઉ પણ નિર્ગ્રંથ પરંપરાનું સ્વરૂપ તપપ્રધાન જ હતું. (મજ્ઝિમનિકાય સુ. ૨૬ અ. કૌસાંબી કૃત બુદ્ધચરિતઃ ગુજરાતી).

પ્રા. હર્મન જેકોબી કહે છેઃ 'મને મારી શ્રદ્ધા ભારપૂર્વક જણાવવા દો કે બીજી સર્વ પદ્ધતિઓ કરતાં જૈન ધર્મ એ મૌલિક, તદ્દન નિરાળી અને સ્વતંત્ર પદ્ધતિ છે, અને તેથી તે પ્રાચીન ભારતમાં પ્રવર્તમાન તાત્ત્વિક વિચારસરણી અને ધાર્મિક જીવનના અધ્યયન માટે ખૂબ જ અગત્યની છે.'

**નિવર્તક ધર્મ :**

નિવર્તક ધર્મ જૈન સંસ્કૃતિનું હાર્દ છે. આત્મા છે. જે ધર્મ નિવૃત્તિ આપવાવાળો, પુનર્જન્મનાં ચક્રનો નાશ કરવાવાળો હોય અથવા એ નિવૃત્તિના સાધનરૂપે જે ધર્મનો પ્રાદુર્ભાવ, વિકાસ અને પ્રચાર થયો હોય તે નિવર્તક ધર્મ.

અત્યારે દુનિયામાં જેટલા ધર્મો જીવિત છે તેને મુખ્યત્વે ત્રણ વિભાગમાં વહેંચી શકાય.

૧. પ્રથમ વિભાગ કે જે વર્તમાન જન્મનો વિચાર કરે છે.
૨. બીજો એ કે જે વર્તમાન જન્મ ઉપરાંત જન્માંતરનો પણ વિચાર કરે છે.
૩. ત્રીજો એ વિભાગ કે જે જન્મજન્માંતર ઉપરાંત એના નાશ કે ઉચ્છેદનો પણ વિચાર કરે છે.

અનેક સંપ્રદાયોમાં એક નિવર્તકધર્મી સંપ્રદાય એવો પ્રાચીન હતો કે જે ભગવાન મહાવીરથી ઘણી શતાબ્દિઓ પહેલાથી પોતાના વિશિષ્ટ ઢબે પોતાનો વિકાસ કર્યે જતો હતો. એ જ સંપ્રદાયમાં પ્રથમ ઋષભદેવ, નેમિનાથ અને પાર્શ્વનાથ આદિ થઈ ચૂક્યા હતા. સમયે સમયે એ સંપ્રદાય માટે યતિ, ભિક્ષુ, અનગાર, શ્રમણ વગેરે જેવાં નામો વપરાતાં હતાં. પણ જ્યારે મહાવીર એ સંપ્રદાયના નેતા-સૂત્રધાર બન્યા, ત્યારે એ સંપ્રદાય નિર્ગ્રંથના નામથી પ્રસિદ્ધ થયો. જો કે નિવર્તક ધર્માનુયાયી પંથોમાં ઊંચી આધ્યાત્મિક ભૂમિકાએ પહોંચેલા વ્યક્તિને માટે 'જિન' શબ્દ સાધારણરૂપે વપરાતો હતો છતાં પણ ભગવાન મહાવીરના સમયમાં અને એમના પછી કેટલાંક વખત સુધી પણ મહાવીરના અનુયાયી સાધુ કે ગૃહસ્થવર્ગ માટે 'જૈન' (જિનના અનુયાયી) નામનો ઉપયોગ નહોતો થતો. આજે 'જૈન' સંજ્ઞાથી મહાવીરે પોષેલ સંપ્રદાયના ત્યાગી, ગૃહસ્થ બધા જ અનુયાયીઓનો જે બોધ થાય છે એને માટે પહેલાં 'નિગ્ગંથ' અને 'સમણોવાસગ' જેવા શબ્દોનો ઉપયોગ થતો હતો.

વ્યક્તિ સમસ્ત સામાજિક અને ધાર્મિક ફરજોથી બંધાયેલ છે એમ નિવર્તક ધર્મ નથી માનતો. એની માન્યતા પ્રમાણે વ્યક્તિને માટે મુખ્ય કર્તવ્ય એક જ છે કે જેમ બને તેમ આત્મ સાક્ષાત્કારનો અને એવાં અવરોધ ઊભો કરનારી ઇચ્છાઓનો નાશ કરવાનો પ્રયત્ન કરવો.

પ્રવર્તક ધર્મનો ઉદ્દેશ સમાજવ્યવસ્થાની સાથોસાથ જન્માંતરને સુધારવો એ છે, નહિ કે જન્માંતરનો ઉચ્છેદ કરવો. પ્રવર્તક ધર્મ પ્રમાણે ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થ છે. એમાં મોક્ષ પુરુષાર્થની કોઈ કલ્પના નથી.

પ્રવર્તક ધર્મ સમાજગામી હતો. એટલે કે દરેક વ્યક્તિ સમાજમાં રહીને જ, જે સામાજિક ફરજ ઐહિક જીવન સાથે સંબંધ ધરાવતી હોય, અને જે ધાર્મિક ફરજો પારલૌકિક જીવન સાથે સંબંધ ધરાવતી હોય એનું પાલન કરે. દરેક વ્યક્તિ જન્મથી જ ઋષિઋણ એટલે વિદ્યાઅધ્યયન વગેરે, પિતૃઋણ એટલે સંતાનોત્પત્તિ વગેરે અને દેવઋણ એટલે યજ્ઞયાગ વગેરે બંધનોથી બંધાયેલી હોય છે. વ્યક્તિ પોતાની સામાજિક અને ધાર્મિક ફરજોનું પાલન કરી પોતાની તુચ્છ ઇચ્છાઓનું શોધન કરે એ ઈષ્ટ છે; પણ એનો સમૂળગો નાશ કરવો એ ન તો શક્ય છે કે ન તો ઈષ્ટ છે. પ્રવર્તક ધર્મ પ્રમાણે પ્રત્યેક વ્યક્તિને માટે ગૃહસ્થાશ્રમ જરૂરી છે; એનું ઉલ્લંઘન કરીને કોઈ વિકાસ નથી કરી શકતો.

પ્રાચીન વૈદિક આર્યો, જેઓ મંત્ર અને બ્રાહ્મણરૂપ વેદભાગને જ માનતા હતા એ બધાય પ્રવર્તક ધર્મના અનુયાયી છે. આગળ જતાં વૈદિક દર્શનોમાં 'મીમાંસા દર્શન'ને નામે જે કર્મકાંડી દર્શન પ્રસિદ્ધ થયું એ પ્રવર્તક ધર્મનું જીવંત રૂપ છે.

વૈદિક આર્યોના આગમન સમયે પણ નિવર્તક ધર્મ એક યા બીજે રૂપે પ્રચલિત હતો. પ્રારંભમાં આ બે ધર્મસંસ્થાઓ વચ્ચે સારો એવો સંઘર્ષ થયો પરંતુ નિવર્તક ધર્મનાં અનુગામીઓની તપસ્યા, ધ્યાનપદ્ધતિ અને અસંગચર્યા-અનાસક્ત આચરણનો જે પ્રભાવ જનસમૂહ પર ધીમે ધીમે વધતો જતો એણે પ્રવર્તક ધર્મના કેટલાંક અનુયાયીઓને પણ પોતાના તરફ આકર્ષ્યા અને નિવર્તક ધર્મની સંસ્થાઓની અનેકરૂપે પ્રવર્તક ધર્મના સાધારણરૂપ જે બ્રહ્મચર્ય અને ગૃહસ્થાશ્રમ, એમ બે આશ્રમો માનવામાં આવતા હતા તેને સ્થાને ધર્મના પુરસ્કર્તાઓએ પહેલાં વાનપ્રસ્થ સહિત ત્રણ અને પાછળથી સંન્યાસ સહિત ચાર આશ્રમોને જીવનમાં સ્થાન આપ્યું.

નિવર્તક ધર્મની અનેક સંસ્થાઓના વધતા જતા લોકવ્યાપી પ્રભાવને કારણે પ્રવર્તકધર્માનુયોગી બ્રાહ્મણો એટલે સુધી માનવા લાગ્યા કે ગૃહસ્થાશ્રમ સેવ્યા વગર પણ, સીધે સાધા બ્રહ્મચર્યાશ્રમમાંથી જ પ્રવ્રજ્યા સ્વીકારી શકાય અને એ માર્ગ પણ ન્યાયયુક્ત છે. આ રીતે જીવનમાં પ્રવર્તક ધર્મનો જે સમન્વય સ્થિર થયો એનું ફળ આપણે દાર્શનિક સાહિત્ય અને પ્રજાજીવનમાં આજે પણ જોઈએ છીએ.

પ્રવર્તક ધર્મના અનુયાયીઓ બ્રાહ્મણોના વંશજો તત્ત્વજ્ઞ ઋષિઓ પણ નિવર્તક ધર્મને પૂરેપૂરો અપનાવી ચૂક્યા હતા. એમણે પોતાના ચિંતન અને જીવન દ્વારા નિવર્તક ધર્મનું મહત્ત્વ પ્રગટ કર્યું. આમ છતાં એમણે પોતાના પૈતૃક સંપત્તિરૂપ પ્રવર્તક ધર્મ અને તેના સાધારણરૂપ વેદોના પ્રામાણ્યને માન્ય રાખ્યું. ન્યાય-વૈશેષિક દર્શનના આદ્યદ્રષ્ટા આવા જ તત્ત્વજ્ઞ ઋષિઓ હતા. નિવર્તક ધર્મના કોઈ કોઈ પુરસ્કર્તા એવા પણ થયા કે જેમણે તપ, ધ્યાન અને આત્મસાક્ષાત્કારમાં બાધક ક્રિયાકાંડનો આત્યંતિક વિરોધ કર્યો, પણ એ ક્રિયાકાંડની આધારભૂત શ્રુતિઓનો સર્વથા વિરોધ ન કર્યો. એવી વ્યક્તિઓમાં સાંખ્યદર્શનના આદિપુરુષ કપિલ વગેરે ઋષિ હતા. એ કારણે જ સાંખ્ય-યોગદર્શન મૂળમાં પ્રવર્તક ધર્મનું વિરોધી હોવા છતાં અંતે વૈદિક દર્શનોમાં સમાઈ ગયું.

સમન્વયની આવી પ્રક્રિયા સૈકાઓ સુધી ચાલતી રહી. મહાવીર અને બુદ્ધના સમયમાં પ્રવર્તક અને નિવર્તક ધર્મ વચ્ચે પ્રબળ વિરોધનો વંટોળ ઉઠ્યો, જેની સાબિતી જૈન-બૌદ્ધ સાહિત્ય તેમજ સમકાલીન બ્રાહ્મણ સાહિત્યમાં મળે છે. તથાગત બુદ્ધ એવા પક્વ વિચારક અને દઢ હતા કે એમણે પોતાના નિવર્તક ધર્મમાં પ્રવર્તક ધર્મના આધારરૂપ મંતવ્યો અને શાસ્ત્રોને કોઈ રીતે આશ્રય નહીં આપ્યો. ભગવાન મહાવીર તો નિવર્તકધર્મી જ હતા. તેથી આપણે જોઈએ છીએ કે પહેલાંથી અત્યાર સુધી જૈન અને બૌદ્ધ સંપ્રદાયમાં અનેક વેદાનુયાયી બ્રાહ્મણો દીક્ષિત થયા, તો પણ એમણે જૈન અને બૌદ્ધ વાંગ્મયમાં વેદનું પ્રામાણ્ય સ્થાપન કરવાનો ન તો કોઈ પ્રયત્ન કર્યો કે ન તો બ્રાહ્મણપંથે માન્ય રાખેલ કોઈ યજ્ઞયાગાદિ કર્મકાંડને માન્ય રાખ્યો.

**નિવર્તક ધર્મનાં મંતવ્ય અને આચાર :**

હજારો વર્ષો સુધી અગાઉથી ધીમે ધીમે નિવર્તક ધર્મનાં અંગ-પ્રત્યંગરૂપે જે અનેક મંતવ્યો અને આચારોનો મહાવીર-બુદ્ધના સમય સુધી વિકાસ થઈ ચૂક્યો હતો તે સંક્ષેપમાં છે :

૧. આત્મશુદ્ધિ જ જીવનનો મુખ્ય ઉદ્દેશ છે : નહીં કે ઐહિક કે પર-લૌકિક કોઈ પણ પદનું મહત્ત્વ.

૨. આ ઉદ્દેશની પૂર્તિમાં બાધક એવા આધ્યાત્મિક મોહ, અવિદ્યા અનેતેમાંથી જન્મેલ તૃષ્ણાનો સમૂળગો ઉચ્છેદ કરવો.
૩. આ માટે આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરવું અને એના દ્વારા સમગ્ર જીવનવ્યવહારને તૃષ્ણારહિત બનાવવો અને સારું શારીરિક, માનસિક, વાચિક વિવિધ તપસ્યાઓનું તથા જુદા જુદા પ્રકારના ધ્યાન–યોગમાર્ગનું અનુસરણ અને ત્રણ, ચાર કે પાંચ મહાવ્રતોનું આજીવન પાલન.
૪. આધ્યાત્મિક અનુભવ ધરાવતા કોઈ પણ માણસે કોઈ પણ ભાષામાં કહેલ આધ્યાત્મિક વર્ણનવાળાં વચનોને જ પ્રમાણરૂપ માનવાં, નહીં કે ઈશ્વરકૃત કે અપૌરુષેય મનાતા કોઈ ખાસ ભાષામાં રચાયેલ ગ્રંથોને.
૫. લાયકાત અને ગુરુપદની એક માત્ર કસોટી જીવનની આધ્યાત્મિક શુદ્ધિને ગણવી; નહીં કે જન્મસિદ્ધ વર્ણવિશેષ. આ દૃષ્ટિએ સ્ત્રી અને શુદ્ર સુદ્ધાંનો ધર્માધિકાર એટલો જ છે, એટલો એક બ્રાહ્મણ અને ક્ષત્રિય પુરુષનો.
૬. મદ્ય-માંસ વગેરેનો ધાર્મિક અને સામાજિક જીવનમાં નિષેધ.

આ તેમજ આનાં જેવા લક્ષણો જે પ્રવર્તક ધર્મના આચારો અને વિચારોથી જુદાં પડતાં હતાં, તે દેશમાં મૂળ ઘાલી ચૂક્યા હતાં. અને દિવસે દિવસે વધુ ને વધુ જોર પકડતાં જતાં હતાં.

જૈન પરંપરા સાંખ્ય–યોગ, મીમાંસા વગેરે પરંપરાઓની જેમ લોકને પ્રવાહરૂપે અંનાદિ અને અનંત માને છે, એ પૌરાણિક કે વૈશેષિક મતની જેમ એનાં ઉત્પત્તિ અને વિનાશ નથી માનતી, તેથી જૈન પરંપરામાં કર્તા–સંહર્તા રૂપે ઈશ્વર જેવી સ્વતંત્ર વ્યક્તિ વિશેષનું કોઈ સ્થાન જ નથી. જૈન સિદ્ધાંત અનુસાર પ્રત્યેક જીવ પોતપોતાની સૃષ્ટિનો પોતે જ કર્તા છે. તાત્ત્વિક દૃષ્ટિએ પ્રત્યેક જીવમાં ઈશ્વરપણું પ્રયત્નસાધ્ય હોવાથી હરકોઈ યોગ્ય સાધક સાધનાથી પ્રાપ્ત કરી શકે છે.

જગતનો સર્જક કોઈ ઈશ્વર નથી. તેમજ કર્મફળ આપવાવાળો પણ કોઈ ઈશ્વર નથી.

જૈન દર્શનમાં કર્મના સિદ્ધાંતને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. કર્મની યંત્રણા ચોક્સ અને નિર્વિવાદ તેમજ નિરપવાદ છે.

મનુષ્યને કર્મ કરવાની, ન કરવાની પૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવેલી છે. શુભ કરે કે અશુભ. કર્માનુસાર શુભ કે અશુભ ફળ ભોગવવા પણ સ્વતંત્ર છે. એમાં કોઈ ત્રીજું તત્ત્વ દાખલ કરી શકતું નથી.

જૈનશાસ્ત્રોમાં મુખ્ય આઠ કર્મપ્રકૃતિઓ અને પ્રભેદે ૧૫૮ કર્મપ્રકૃતિઓનો નિર્દેશ છે. આત્મવાદી બધી પરંપરાઓમાં પુનર્જન્મના કારણરૂપ કર્મતત્ત્વનો સ્વીકાર કરવામાં આવ્યો છે. અને જન્મજન્માંતરમાં સાથે જનાર ભૌતિક શરીરરૂપ દ્રવ્યકર્મનો પણ સ્વીકાર કરવામાં આવ્યો છે.

રાગ, દ્વેષ, અજ્ઞાન, મુખ્ય કર્મની ગ્રંથ
થાય નિવૃત્તિ જેહથી, તે મોક્ષનો પંથ.

શ્રીમદ્ રાજચંદ્ર

કર્મવાદ અનુસાર વર્તમાનનું નિર્માણ ભૂતને આધારે અને ભવિષ્યનું નિર્માણ વર્તમાનને આધારે થાય છે.

કર્મ ત્રણે કાળને સ્પર્શે છે.

ગીતામાં શ્રીકૃષ્ણે સ્પષ્ટ કહ્યું છે:

न कर्तुत्वं न कर्माणि, लोकस्य सृजति प्रभु:
न कर्मफलसंयोगं, स्वभावस्ते प्रवर्तते । (અ. ૫. શ્લોક ૧૪)

પ્રભુ લોકને સર્જતો નથી. તે કર્તા નથી. તેમજ લોકસર્જન તેનું કામ નથી. વળી તે કર્મના ફળનો સંયોજક પણ નથી પરંતુ દરેક વસ્તુ પોતપોતાના સ્વભાવ પ્રમાણે વર્તે છે.

वस्तु सहावो धम्मो

કર્મનું બંધન છે ત્યાં સુધી જન્મ–મરણ છે. કર્માનુસાર આત્મા વિવિધ યોનિમાં જન્મ ધારણ કરે છે. માનવભવ જ ઉત્તમ છે, કારણ કે મનુષ્ય ગતિમાં જ મોક્ષપ્રાપ્તિની સંભાવના છે.

વૈદિક–હિંદુ ધર્મની બધી શાખાઓમાં, જૈનદર્શન, બૌદ્ધદર્શન બધા જ પુનર્જન્મમાં માને છે. મોક્ષ અથવા નિર્વાણનો પણ સ્વીકાર કરે છે. ચાર્વાક સિવાય આત્માના અસ્તિત્વ સુધી સર્વ ધર્મોમાં એકવાક્યતા છે. એથી જ ભારતીય સંસ્કૃતિમાં કર્મ, પુનર્જન્મ, મોક્ષના વિચારો ખૂબ ઊંડે સુધી ગૂંથાયેલાં છે.

આત્માનું શાશ્વત સ્વરૂપ ભવાંતરણના સિદ્ધાંતનો મૂળભૂત આધાર છે.

ભારતીય દર્શનશાસ્ત્રોમાં (૧) પુનર્જન્મ (૨) એનું કારણ (૩) પુનર્જન્મ ગ્રહણ કરનાર કોઈ તત્ત્વ (૪) સાધન વિશેષ દ્વારા પુનર્જન્મનાં કારણોનો નાશ. આ પ્રમેયોને સાક્ષાત્કારનાં વિષયો માનવામાં આવ્યા છે.

કર્મોનો આત્યંતિક–સંપૂર્ણ ક્ષય, તે જ મોક્ષ. 'આત્મા' છે, તે 'નિત્ય છે', તે કર્તા નિજકર્મ, 'છે ભોક્તા', વળી મોક્ષ છે, મોક્ષ ઉપાય સુધર્મ.

–શ્રીમદ્ રાજચંદ્ર

જ્ઞાન વિના સેંકડો ભવે પણ મુક્તિ નથી.

–શંકરાચાર્ય

જ્ઞાનીનો દેહ ઉપાર્જન કરેલાં એવા પૂર્વકર્મ નિવૃત્ત કરવા માટે અને અન્યની અનુકંપા અર્થે હોય છે.

शरीरम् धर्मस्य खलुं साधनम्

–સંત તુલસીદાસ

શરીર ધર્મની સાધના–આરાધના માટેનું સાધન છે.

જેને દેહાદિમાં અણુ જેટલી પણ આસક્તિ છે, તે માણસ ભલે ને બધા શાસ્ત્રો જાણતો હોય, છતાં મુક્ત થઈ શકતો નથી.

–કુંદકુંદાચાર્ય

આસક્તિનો લોપ થતાં જ જન્મ–મરણનું ચક્ર થંભી જાય છે.

–સંત તિરુવલ્લુવર

चतुर्गतिभवसंभ्रमण जातिजरामण रोगशोकाश्च ।
कुलयोनिजीवमार्गणा-स्थानानि जीवस्य नो सन्ति: ।।

શુદ્ધ આત્મામાં ચતુર્ગતિરૂપ ભવભ્રમણ, જન્મ, જરા, મરણ, રોગ, શોક તથા કુળ, યોનિ, જીવસ્થાન અને માર્ગણાસ્થાન નથી હોતાં.

કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન,
કહીએ કેવળજ્ઞાન, તે દેહ છતાં નિર્વાણ

–શ્રીમદ્ રાજચંદ્ર

**અહિંસા :**

જૈન દર્શનની તો પ્રકૃતિ જ અહિંસા છે. અહિંસા સર્વોપરિ સદ્‌ગુણ છે. બીજાં વ્રત તેને પોષવા માટે છે.

**પાંચ મહાવ્રતો :**

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અંને અપરિગ્રહમાં અહિંસાને પ્રથમ મૂક્યું છે.

ગાંધીજી કહેતા : અહિંસા વિના સત્યની શોધ અસંભવ છે. પાંચ મહાવ્રતો અંગીકાર કર્યા વિના સત્યની શોધના પ્રયોગમાં ન પડવું વધારે સારું થાય.

શૌર્યની આખરી હદનું બીજું નામ અહિંસા છે. હિંસા એ કાયરનું છેલ્લું આશ્રયસ્થાન છે. તમામ ક્રૂરતા નબળાઈમાંથી નીપજે છે.

માનવી પ્રકૃતિથી દયાવાન છે. અહિંસા સહજ છે. હિંસા કેળવવી પડે છે. સર્વ જીવ, પ્રાણીઓ જીવસત્તાએ સમાન છે. માત્ર વિકાસની દૃષ્ટિએ ભેદ છે. કોઈ પ્રાણીની હિંસા તો ન કરવી, પણ હિંસામાંથી ઉગારવો એ માનવીની ફરજ છે.

જૈનધર્મે ખૂબ દૃઢતાથી માંસાહારનો સર્વથા નિષેધ કર્યો છે. અન્ન તેવું મન.

સંત તિરુવલ્લુવરે અહિંસાને સત્યથી ચડિયાતી ગણી છે. અહિંસા સર્વ આશ્રયોનું હાર્દ છે. સર્વ શાસ્ત્રોનું રહસ્ય છે, સર્વ ગુણોનો અને સર્વ વ્રતોનો નીચોડ છે.

પરસ્પરોપગ્રહો જીવાનામ્ : અર્થાત્ સિમબાયોસીસ. દરેક જીવ સૃષ્ટિમાં એકમેક પર નિર્ભર છે. आत्मवत् सर्व भूतेषु: બધા આપણા જેવા જ છે. જો આપણને પીડા, હિંસા ન ગમતી હોય, તો બીજાને પીડા આપી કે હિંસા કેમ કરી શકાય.

અહિંસા પરમોધર્મ.

લોકમાન્ય તિલક કહેતા : ગુજરાત વગેરે પ્રાંતોમાં પ્રાણીરક્ષા અને નિર્માંસ ભોજનનો જે આગ્રહ છે, તે જૈન પરંપરાનો જ પ્રભાવ છે.'

**અનેકાન્તદૃષ્ટિ :**

આચારમાં અહિંસા અને વિચારમાં અનેકાન્ત. અનેકાન્ત જૈન ચિંતનની આગવી દેન છે.

જૈન વિચારસરણીનો એક મૌલિક સિદ્ધાંત એ છે કે દરેક તથ્ય, વિધાન કે વસ્તુનો વિચાર વધારેમાં વધારે પાસાં અને વધારેમાં વધારે angles-દૃષ્ટિબિંદુઓથી કરવો, તેમજ વિવાદાસ્પદ વિષયમાં પોતાના સાવ વિરોધી પક્ષના અભિપ્રાયને પણ એટલી જ સહજતા, સહાનુભૂતિ અને તટસ્થતાથી સમજવાનો પ્રયત્ન કરવો. પૂર્વગ્રહ વિના નિખાલસપણે વિચારવું અને સરવાળે સમન્વયરૂપે જ જીવનવ્યવહારનો નિર્ણય-ફેંસલો કરવો. આમ તો આ સિદ્ધાંત બધાય વિચારોકનાં જીવનમાં એક યા બીજે રૂપે કાર્યાન્વિત રહે જ છે, એના સિવાય પ્રાણજીવન ન તો વ્યવસ્થિત બની શકે છે. ન તો શાંતિ મેળવી શકે છે. છતાં જૈન વિચારકોએ એ સિદ્ધાંતની એટલી વિશદ્ ચર્ચા કરી છે, અને એના ઉપર એટલો બધો ભાર દીધો છે કે જેને લીધે કટ્ટરમાં કટ્ટર વિરોધી સંપ્રદાયને પણ કંઈ ને કંઈ પ્રેરણા મળતી જ રહી છે.

રામાનુજનનો વિશિષ્ટાદ્વૈત, એ ઉપનિષદની ભૂમિકા ઉપર ઊભો થયેલો અનેકાંતવાદ જ છે.

અંધ-હસ્તી ન્યાયનો દાખલો પ્રચલિત છે. છ અંધ માણસોએ હાથીને સ્પર્શ કર્યો જેણે પગને સ્પર્શ કર્યો, તેને થાંભલા જેવો લાગ્યો. પૂંછડીને સ્પર્શ કરનારને સાપ જેવો લાગ્યો વગેરે.

I could be mistaken
You may be right
એ સરળ સૂત્ર છે.
સમત્વની સંસ્કૃતિ :
मिथ्यात्वाऽविरति: अपि च कषाया योगाश्च आस्रवा भवन्ति ।
संयम-विराग-दर्शन-योगाभावश्च संवरक: ।।
मिथ्यात्वास्रवाद्वारं रुध्यते सम्यकत्वदृढकपाटेन ।
हिंसादिद्वाराणि अपि दृढव्रतपरिदद्यै; रुध्यन्ते ।।

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ કર્મબંધના-આસ્રવના કારણો છે. સમ્યક્ત્વ, વિરતિ, વૈરાગ્ય અને યોગરહિતતા એ સંવરના હેતુઓ છે.

મિથ્યાત્વ, આસ્રવદ્વાર સમ્યક્ત્વરૂપ દૃઢ કમાડથી બંધ થાય છે, અને હિંસા આદિ આસ્રવદ્વારો વ્રતરૂપી મજબૂત પાટિયાથી ઢંકાય છે.

***

તેજકિરણ, નવરોજી હીલ રોડ નં. ૫,
ડરબી સિનેમા સામે, ડોંગરી, મુંબઈ-૪૦૦ ૦૦૯.

# સમસ્યાઓ

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

હું દશ બાર વર્ષનો હતો ત્યારે પિતાજી ઘડિયા બોલાવે, પલાખાં પૂછે ને દયારામ-પ્રેમી દાદા સમસ્યાઓ પૂછે. ઊઠાં એટલે સાડા ત્રણ. અમારા કોર્સમાં ઊઠાં નહોતા. પણ પિતાજી સાડા ત્રણના ઘડિયા બોલે-શિખવે. આજે તો કોઈને ઊઠાં ભણાવવાનો શો અર્થ થાય છે તે આપણે સમજીએ છીએ.

દાદાએ શિખવેલી બે સમસ્યાઓ હજી મને યાદ છે:

(૧) પીળો પણ પોપટ નહીં, કાળો નહીં પણ કાગ,
પાંખો પણ પંખી નહીં, ડસે પણ નહીં નાગ.
(૨) ચાલે છે પણ ચરણ નહીં, ઉડે પણ નહીં પાંખ,
લાખે સાચો નવ રહે, સહુ કો દેખે આંખ.

પ્રથમ સમસ્યાનો અર્થ 'ભમરો' ને બીજાનો 'ધૂમાડો'. ત્યારે તો શું, આજે પણ મને એ સમસ્યાઓનું આગવું આકર્ષણ છે. પદ્યવાર્તાઓના અનોખા કસબી કવિ શામળની સમસ્યાઓ એની વાર્તાઓનું એક નોંધપાત્ર લક્ષણ છે. એનો અર્થ એમ નથી કે એના પુરોગામીઓની વાર્તાઓમાં સમસ્યાઓનો સમાવેશ નહોતો થતો, પણ શામળે લોકવાર્તાના આ અંગને વિશિષ્ટ રીતે ખીલવ્યું છે અને એમાં ગણિત-ગમ્મત, શબ્દચાતુર્ય, ઉખાણાં, પૌરાણિક ઉલ્લેખો વગેરે ભિન્ન ભિન્ન રુચિવાળાઓને ગમે તેવી સમસ્યાઓ આવી જાય છે. એ જમાનામાં આ સમસ્યાઓએ પણ ઠીક ઠીક આકર્ષણ જમાવ્યું હશે! સમસ્યાઓ દ્વારા કે સુક્તિમૂલક છપ્પાંઓ દ્વારા મનને અને હૃદયને કસે, વિનોદ પૂરો પાડે અને વધુ સંસ્કારી બનાવે એવાં તત્ત્વો શામળની પદ્યવાર્તાઓમાં ઝાઝાં છે. નમૂનારૂપે એક સમસ્યા-છપ્પો જોઈએ. પ્રશ્નો છે:-

'કોણ પૃથ્વીથી પ્રૌઢ ? કોણ અણુથી નાનો ?
કોણ પવનથી પહેલ ? કોણ દેવીથી દાનો ?
કોણ ઇન્દુથી વિમલ ? કોણ અગ્નિથી તાતો ?
કોણ દૂધથી ઉજ્જ્વલ ? કોણ મદિરાથી માતો ?
કોણ તેજ રવિ થકી, કોણ સાકરથી ગળી ?
શામળ કહે ઉત્તર લખે, તો તે પહોંચે રળી.

આ બધા પ્રશ્નોના ઉત્તર છે:-

'અવનિથી મોટું નીર, અણુથી લોભી નાનો,
પવનથી પહેલું મન, વિવેક દેવીથી દાનો,
ચંદ્રથી નિર્મળ નીર, ક્રોધ અગ્નિથી તાતો,
દૂધથી ઉજળો જશ, અમલ મદિરાથી માતો.
તેજ રવિથી નેત્રનું, ગરજ સાકરથી ગળી,
કિરત લહેર દરિયા થકી, શામળ કહે ટાળી નવ ટળી.'

આમાં તર્ક-કલ્પના અને સમજશક્તિ બંનેને અવકાશ છે. સંસ્કૃત જેવી સમૃદ્ધ ને પર્યાયપ્રધાન ભાષામાં આવી સમસ્યાઓ મોટા પ્રમાણમાં જોવા મળે છે. આપણે કેટલાંક દૃષ્ટાંત જોઈએ.

વૃક્ષાગ્રવાસી ન ચ પક્ષીરાજ-
ત્રિનેત્રધારી ન ચ શંકરોડયમ્ ।
ત્વગ્નસ્રધારી ન ચ સિદ્ધયોગી
જલં ચ બિભ્રન્ન ઘટો ન મેઘ: ।।

મતલબ કે વૃક્ષ ઉપર નિવાસ કરે છે છતાં એ ગરુડ નથી, તેને ત્રણ નેત્ર છે છતાં એ ભગવાન શંકર નથી, ત્વચા-ચામડી એ જ જેનું વસ્ત્ર છે છતાં એ સિદ્ધયોગી નથી, ઉદરમાં પાણી છે છતાં એ ઘડો નથી કે વાદળ પણ નથી. બોલો એ કોણ હશે? વૃક્ષાગ્રવાસી, ત્રિનેત્રધારી, ત્વગ્વસ્રધારી સુધી તો કલ્પનાને અવકાશ છે પણ 'જલં ચ'...ઉદરમાં પાણીની વાત આવી એટલે 'નાળિયેર' મનમાં મૂર્ત થઈ ગયું. કવચિત્ કવિઓ સમસ્યાનો ઉત્તર પ્રશ્નમાં જ ગર્ભિત રીતે મૂકી દેતા હોય છે.

સંસ્કૃત સાહિત્યમાં કેટલીક એવી સમસ્યાઓ મળતી હોય છે જેમાં ભરપૂર વિનોદ હોય છે, જે સંવાદપ્રધાન હોય છે ને જેમાં નાયક

કરતાં નાયિકા વધુ ચતુર ને ચબરાક હોય છે. જગતનાં માતાપિતા એવાં શંકર-પાર્વતીનો આ વિનોદપ્રધાન સંવાદ-સમસ્યા સાંભળો.

ભગવાન શંકર એકવાર રાત્રે મોડા ઘેર પધારે છે. દરવાજો ખટખટાવે છે એટલે પાર્વતી પૂછે છે 'કસ્ત્વં ?' તું કોણ છે ? ભગવાન જવાબ આપે છેઃ 'શૂલી'. હવે શૂલીના બે અર્થ થાય છે-શૂલી એટલે ત્રિશૂળધારી અને શૂલી એટલે શૂળના રોગથી પીડાતો. પાર્વતી ત્રિશૂળધારી શંકર સમજે છે પણ શૂળનો રોગ હોય તો 'મૃગયે ભિષજં' વૈદ્ય પાસે જા, અહીં શું કામ આવ્યો ? અર્થનો આવો ગોટાળો ટાળવા શંકર કહે છે. 'નીલકણ્ઠઃ પ્રિયેઽહમ્'. ભગવાન કહે છે : 'હું નીલકંઠ છું.' હવે નીલકણ્ઠના બે અર્થ થાય. જેનો કંઠ નીલરંગનો છે તે અને નીલકંઠ એટલે મોર. પાર્વતી જાણી બૂઝીને બીજો અર્થ લઈ કહે છે તું નીલકંઠ હોય તો 'કેકામેકાં કુરુ !'...'કેકારવ કર વારુ!' ભગવાન કહે છેઃ 'હું પશુપતિ છું.' પશુપતિ દ્વિઅર્થી છે...એક અર્થ-પશુઓનું પાલન કરનાર ને બીજો અર્થ 'આખલો'. બીજા અર્થના સંદર્ભમાં પાર્વતી કહે છેઃ આખલાને તો શીંગડાં હોય 'નૈંબ દૃષ્ટે વિષાણે' 'તારાં શીંગડાં તો દેખાતાં નથી.' ભગવાન કહે છેઃ 'સ્થાણુર્મુગ્ધે' 'હે મુગ્ધે! હું સ્થાણુ-થાંભલો...છું.' સ્થાણું શિવ વાચક શબ્દ છે પણ પાર્વતી કહે છેઃ થાંભલો તો બોલે નહીં. 'ન વદતિ તરુ.' શંકર કહે છેઃ 'શિવાયાઃ' શિવા એટલે પાર્વતી પતિ...ને બીજો અર્થ શિયાળ. બીજો અર્થ લઈ પાર્વતી કહે છેઃ 'શિયાળ હોય તો જંગલમાં જતું રહે'...'ગચ્છારણ્યં'...આમ શિવ-પાર્વતી સંવાદમાં ભગવાન શંકર 'પ્રતિવચજડ' સાબિત થયા...જવાબ આપવામાં નાપાસ થયા...પણ પુરુષ-કવિ એમ કંઈ મૂછોનું પાણી જવા દે...એટલે ભગવાન શિવની પ્રશસ્તિ કરતાં અંતે કહે છેઃ- 'પાતુ વશ્ચન્દ્રચૂડઃ' એવા શંકર, જેના મસ્તક પર ચન્દ્ર છે તે તમારું રક્ષણ કરો.

આખો શ્લોક આ પ્રમાણે છેઃ-

'કસ્ત્વં, શૂલી, મૃગય ભિષજં, નીલકણ્ઠઃ પ્રિયેઽહમ્
કેકા મેકાં કુરુ, પશુપતિર્નૈંબ દૃષ્ટે વિષાણે ।
સ્થાણુર્મુગ્ધે, ન વદતિ તરુ જીવિતેશ શિવાયાઃ
ગચ્છારણ્યં, પ્રતિવચજડઃ પાતુ વશ્ચન્દ્રચૂડઃ ।।

ભગવાન શિવ ને પાર્વતી વચ્ચેના સંવાદ જેવો સમસ્યાપ્રધાન સંવાદ સત્યભામા અને કૃષ્ણ વચ્ચે આ પ્રમાણે છેઃ-

'અંગુલ્યા કઃ કપાટં પ્રહરતિ કુટિલે માધવો, કિં વસન્તઃ
નો ચક્રી, કુલાલો, ન તુ ધરણિધરઃ કિં દ્વિજિહ્વઃ ફણીન્દ્રઃ ।
ના હં ઘોરા હિમર્દી, કિમુત ખગપતિઃ નો હરિઃ, કિં કપીન્દ્રઃ
ઇત્યેવં સત્યભામા પ્રતિવચન જિતઃ પાતુ વશ્ચક્રપાણિઃ ।।

સત્યભામા પૂછે છેઃ 'આંગળીઓથી કોણ કમાડ ખખડાવે છે ? કૃષ્ણ કહે છે, હે કુટિલ, 'હું માધવ છું'. સત્યભામા માધવનો બીજો અર્થ વસંત, સમજે છે. કૃષ્ણ કહે છે હું વસંત નથી પણ સુદર્શન ચક્રધારી છું. ચક્રીનો બીજો અર્થ ચાકડો ફેરવનાર કુંભાર. સત્યભામા સમજે છે, કૃષ્ણ કહે છેઃ 'હું ધરણીને ધારણ કરનાર છું.' સત્યભામા ધરણીધર એટલે કે ધરતીને પીઠ પર ધારણ કરનાર શેષનાગ સમજે છે. એટલે પૂછે છેઃ 'શું તું બે જીભવાળો શેષનાગ છે ?' કૃષ્ણ કહે છે-'ના, હું શેષનાગ નથી, પણ કાલિયનાગનું મર્દન કરનાર કૃષ્ણ છું.' સત્યભામા ગરુડ સમજે છે. કૃષ્ણ કહે છેઃ 'હું હરિ છું'. હરિનો અર્થ મોટો વાનર થાય...કપિ...એટલે હરિ...વાનર આવી રીતે સત્યભામાને સામો જવાબ આપવામાં પરાજિત થયા...એવા ભગવાન કૃષ્ણ જેના હસ્તમાં સુદર્શન-ચક્ર છે...તે તમારું રક્ષણ કરો.

હવે, 'યે જાનન્તિ તે પંડિતાઃ...આ સમસ્યાનો ઉકેલ જે જાણે છે તે પંડિત-પાંડિત્યની કસોટી કરનારો આ શ્લોક વાંચોઃ-

સર્વસ્વાપહરો ન તસ્કરગણો રક્ષો ન રક્તાશનઃ
સર્પો નૈવ બિલેશયોઽખિલનિશાચારી ન ભુતોઽપિચ ।
અન્તર્ધાનપટુર્ન સિદ્ધપુરુષો નાપ્યાશુગો મારુતઃ
તીક્ષ્ણાસ્યો ન તુ સાયકસ્તમિહ યે જાનન્તિ તે પંડિતાઃ ।।

આપણી પાસેથી બધું ઝૂંટવી લે છતાં એ ચોરોનો સમૂહ નથી; રાક્ષસ છે છતાં એ લોહીનું ભક્ષણ કરનાર નથી. સાપ છે છતાં દરમાં રહેતો નથી, આખી રાત આમ તેમ ભટકે છે છતાં એ ભૂત પણ નથી, અંતર્ધાન થવામાં કુશળ છે છતાં એ સિદ્ધપુરુષ નથી; ઝડપથી ગતિ કરનાર છે છતાં એ પવન નથી, જેનું મુખ તીક્ષ્ણ છે છતાં એ બાણ નથી. આ જગતમાં આ સમસ્યાનો ઉકેલ જે જાણે છે તે લોકો જ પંડિત ગણાય છે.

અલંકારશાસ્ત્રમાં એકનું નામ અપહ્નુતિ અલંકાર છે, જેમાં વસ્તુના અસલ ધર્મને છૂપાવીને બીજા ધર્મનો આરોપ કરવામાં આવે છે. પ્રો. રા. વિ. પાઠક-કવિ 'શેષ'નું એક કાવ્ય છે જેનું શિર્ષક છેઃ 'થાક્યા આવડ્યું બૈરીથી ?' એ અપહ્નુતિ અલંકારનું સુંદર દૃષ્ટાંત છે. કવિ યુવાવસ્થામાં સર્વથા કહ્યાગરી એવી સ્મૃતિને અભિનંદે છે પણ વૃદ્ધાવસ્થામાં હવે એ દાદ દેતી નથી એ માટે રંજપૂર્વક ઉપાલંભ આપે છે. આખા કાવ્યની માંડણી અને વિકાસ એવો છે કે કોઈપણ વાંચકને લાગે કે કવિ આ હૃદય બળતરા બૈરીથી ત્રાસીને ઠાલવે છે...શીર્ષક પણ એ ભાવનુંઃ 'થાક્યા, આવડ્યું બૈરીથી ?' છે...પણ ઉત્તર છેઃ 'નહીં, નહીં, મારી સ્મૃતિને કહું', વૃદ્ધાવસ્થામાં ક્ષીણ થયેલી સ્મૃતિના ગુણ ધર્મોનું આરોપણ પત્ની પર કર્યું છે. આ અલંકારમાં ચાતુર્યપૂર્ણ સમસ્યા-વિનોદ ગર્ભિત છે. કવિ 'શેષ'ના જેવો આ શ્લોકનો ભાવ ને અર્થ માણોઃ

'યા પાણિગ્રહલાલિતા સુસરલા તન્વી સુવંશોધનવા
ગૌરી સ્પર્શસુખાવહા ગુણવતી નિત્યં મનોહારિણી ।
સા કેનાપિ હતા તયા વિરહિતો ગન્તું શક્તોઽસ્મ્યહમ્
રે ભિક્ષો તવ કામિની નહિ નહિ પ્રાણપ્રિયા યષ્ટિકા ।।

જેને (યષ્ટિકા-લાકડીને) હાથ વડે લાલન કરવામાં આવે છે જે ઘણી સુંવાળી છે, જે પાતળી છે, જે સારા વાંસમાંથી જન્મી છે, જે ગુણવાળી છે, જે હંમેશાં મનને આનંદ આપનારી છે, તેને (લાકડીને) કોઈ ચોરી ગયું. એના વગર હું (ભિક્ષુક) ચાલી શકવાને અશક્ત છું. કવિ પૂછે છે...શું એવી તારી પત્ની ગઈ ? તો હે છે, પત્ની નહીં પણ પ્રાણથી પણ વધારે પ્રિય એવી મારી યષ્ટિકા ગઈ!

લગભગ દરેક ભાષાના સાહિત્યમાંથી આવી સમસ્યાઓ-પહેલીઓ મળી આવે. સર્વને રસ પડે એવી આ સાદામાં સાદી સમસ્યા જુઓઃ-

બાબા ! બાબા !
બાજાર મેં જાનાઃ
એકમેં ચાર ચીઝ લાના.
ખાને કા માવા, પીને કા શરબત,
બચ્ચોં કા ખિલૌના ઔર બકરી કા ચારા.

આ સમસ્યા-પહેલીનો ઉત્તર છેઃ તરબૂચ.

અમીર ખુસરોમાં આવી સમસ્યાઓ-પહેલીઓ અસંખ્ય મળે છે. બે-ત્રણ નમૂના જોઈએઃ-

શ્યામ બરન ઔર દાંત અનેક,
લચકત જૈસે નારી,
દોનોં હાથ સે ખુસરો ખીંચે
ઔર કહે તૂ આરી...

સમસ્યામાં ઉત્તર પણ ગર્ભિત છે...'આરી' એટલે કરવત.

નારી સે તૂ નર ભઈ ઔર શ્યામ બરન ભઈ સોય
ગલી ગલી કૂકત ફિરે કોઈ લો કોઈ લો લોય.

ઉત્તર છે કોયલા-કોલસા.

અર્થ પ્રગટ કરી દેનાર શબ્દવાળી આ સમસ્યા જુઓઃ-

ધૂમ ઘુમેલા લહંગા પહિને
એક પાંવ સે રહે ખડી
આઠ હાથ હૈ ઉસ નારી કે
સૂરત ઉસકી લગે પરી.
સબ કોઈ ઉસકી ચાહ કરે હૈં
મુસલમાન હિંદૂ છત્રી

ખુસરૂને યહ કહી પહેલી
દિલમેં અપને સોચ જરી.

ઉત્તર છે છત્રી. જેમાં અર્થ પ્રગટ કરનાર શબ્દ ન હોય ને ઊંચી કવિતાના નમૂનારૂપ આ સમસ્યા–બિન બૂઝી પહેલી જુઓઃ–

'એક થાલ મોતી સે ભરા,
સબકે સિર પર ઔંધા ધરા;
ચારોં ઓર વહ થાલી ફિરે,
મોતી ઉસસે એક ન ગિરે.' સાચો ઉત્તર છે 'આકાશ.'

સુગરીના માળા–વિષયક, અમીર ખુસરોની આ પહેલી સાથે, સમસ્યા–વિષયક આ લેખ પૂરો કરીએઃ–

અચરજ બંગલા એક બનાયા, ઉપર નીંવ, તલે ઘર છાયા;
બાંસ ન બલ્લી બંધન ઘને, કહ ખુસરો ઘર કૈસે બને.'

એટલે તો સુગરી–'સુગૃહી' કહેવાય છે. પક્ષીજગતની એ પ્રથમ કક્ષાની 'બિલ્ડર–એન્જિનિયર' છે. ✳✳✳

૨૨/૨, અરુણોદય સોસાયટી,
અલકાપુરી, વડોદરા-૩૯૦૦૦૭.

# એક સાંજ અને હું

□ ગુલાબ દેઢિયા

રંગેચંગે વર્ષાવાસ પૂરો થયો. ગુરુમહારાજે વિહાર આદર્યો. અમે એમને વળાવવા ચાલ્યા. અપાસરો, શેરી, ચોક અને બજાર વટાવ્યાં. ગામના પાદરે પહોંચ્યા. ગુરુજી ઊભા રહ્યા. ધર્મશિખામણના બે શબ્દ કહ્યા અને પછી કહ્યું, 'હવે પાછા વળો.' અમે ચાલતા જ રહ્યા.

તળાવ આવ્યું, નદી આવી, સીમાડે પહોંચ્યા. ગુરુજીએ કહ્યું, 'હવે તો પાછા વળો.' અમે તો ચાલતા જ રહ્યા. સાંભળ્યું ન સાંભળ્યું કર્યું. ગામની સીમ પૂરી થવા આવી. બે વાટ ફૂટતી હતી. એક ગાડાવાટ બીજી પગદંડી. ગુરુ મહારાજે કહ્યું, 'હવે તો પાછા વળો.'

બસ, ત્યારે ટ્યૂબ લાઈટ થઈ. ગુરુ મહારાજ ક્યાંથી પાછા વળવાનું કહે છે? બજાર, ગામ, પાદર, સીમ કે નદી પાસેથી? એ તો પાપથી પાછા વળવાનું કહે છે. અમે ગુરુજીના પગ ઝાલી લીધા.

બધા આગળ ચાલવાની વાત કરે છે ત્યારે પાછા વળવાનો કોઈ સૂર કાઢે તે સૂર નોખો હોય છે. કૌતુક ભરેલો હોય છે.

સંજા ટાણું છે. ઉપાશ્રયના આંગણાની અંદર પગથિયાં પર બેઠો છું. ઉપાશ્રયમાં ઘણી બહેનો પડિકમણું કરે છે. જેમાં મારાં બા અને દાદી પણ છે.

શેરીમાં છોકરાઓ રમત રમે છે. રમતનો અવાજ અહીં સંભળાય છે. ગાડા ખેડૂ બળદને ડચકારતો જાય છે. ખાલી ગાડાનો ખડડડ અવાજ આવે છે. ગામમાં સાદ પાડનાર મોટા અવાજે બોલે છે, 'કાલે અમાસની પાંખી પાળજો. બળદ, મજૂર, માણસ સૌને વિરામ...' કૂતરાઓ ભસીને સાદ પાડનારનો વિરોધ કરે છે.

થોડી વારમાં બધા અવાજોમાંથી વાટ કરતો મંદિરની ઝાલરનો અવાજ સંભળાય છે. ઘંટનાદ સંભળાય છે. પંખીઓ કલરવની થાપણ ઝાડને સોંપી રહ્યા છે. દિવસભરની વાતોનો હિસાબ કલરવમાં જામ્યો છે. વહેલી સવારે પંખીઓ એ ટહુકા ઝાડ પાસેથી પાછા માગશે.

આજે પર્યાવરણની વાતો ચારે બાજુ ખૂબ ચાલે છે. એ પર્યાવરણને આ પ્રતિક્રમણે સૂઝપૂર્વક ઝીલ્યો છે. પર્યાવરણના સંતુલનમાં આપણે જાણ્યે અજાણ્યે જે ખલેલ ઊભી કરીએ છીએ તેનું અહીં અનાવરણ થાય છે.

દિવસ ઊગ્યાથી આથમ્યા લગી જે ભૂલો કરી, જ્યાં જ્યાં ચૂક્યા, કોઈ પણ જીવને પજવ્યો, દુઃખ દીધું, હણી કાઢ્યો. હાલતાં ચાલતાં, ખાતાંપીતાં, બોલતાં સાંભળતાં, બેસતાં ઊઠતાં, જે કંઈ પાપ કર્યા તેની ખરા દિલથી માફી માગવાની છે. મિચ્છામી દુક્કડમ્ કરવાનું છે. પાપ મિથ્યા કરવાની અરજ કરવાની છે અને બીજી વાર ભૂલ નહિ થાય તેની કાળજી રાખવા પંડને કહેવાનું છે.

આપણું મન ! મનને શું કહેવું ? મન એ તો અટકચાળો પણ અક્કલવાળો છોકરો છે. એ માને એવો નથી. મન એ તો સાંકળા મોઢાવાળો કળશિયો છે. એ કળશિયાને માંજવા અંદર હાથ તો ન પહોંચે એ માટે તો વાંસનો મૂછો વાપરવો પડે. આ મનની સંકુલતાને માંજવા પ્રતિક્રમણની જરૂર છે.

પોતાનો હિસાબ પોતાની જાતને જ આપવાનો છે. ખુલ્લી કિતાબ મૂકવાની છે. બારીકમાં બારીક વાત નોંધાવવાની છે. તળિયાઝાટક હિસાબ રજૂ કરવાનો છે.

અંધારું આગળ આગળ આવી રહ્યું છે. પ્રતિક્રમણ કરનારાં કોઈ કોઈને સરખાં ન જોઈ શકે એવો અંધાર આવી ઊભો છે. જેમ આપણે પાણીના ધરામાં ડૂબકી દેતી વખતે બે–ત્રણ મિત્રો એક...બે...અને ત્રણ...બોલી ભૂસકો મારીએ. ડૂબકી દેતાં જ પાણીમાં બધા એકલા. તેમ પ્રતિક્રમણમાં બેસેલ પાસે પાસે તોય અંદરથી એકલા.

પ્રતિક્રમણના ઘૂંટેલા શબ્દો મને ઘેરી વળે છે. વાયુ, પાણી, જમીન, દેવતા, ઝાડપાન, કીડી, કરોળિયો, ઘાસ, બીજથી માંડીને ચોર્યાસી લાખ જીવયોનિનો કોઈ પણ જીવને દુભવ્યો હોય તેની માફી માંગું છું. ક્ષમાનો આ ભાવ હૈયાને ટાઢક પહોંચાડે છે. આ શબ્દ મનને પ્રસન્ન કરી દે છે. હવાની લહેરખી જેવી શાતા સ્પર્શે છે. જેમ ગધેડાની પીઠ પરથી છાલકાં ઊતરે તેમ મન પરથી ભાર ઊતરતો જાય છે. છાતી પરથી બોજ ઉતરે છે. કસકસીને બાંધેલી ગાંઠો છૂટે છે. માંયલીપા મોકળાશ થાય છે. પાછલી દાઢમાં વરિયાળીની છોતરી ભરાઈ હોય ને હેરાન કરતી રહે, નીકળે ત્યારે છુટકારો થાય એવાં છોતરાં ને ફોતરી નીકળતાં જાય છે.

આભમાં તારા મરક મરક થાય છે. તારાં બોલે છે. અંધારા રંગ ઘૂંટે છે. અંદર અજવાળાં આવ–જાવ કરે છે. બહારના અવાજ બહાર રહી જાય છે.

સાંજે નિશાળિયા નિશાળેથી પાછા ફરે, ગાયો ધણમાંથી પાછી ફરે, પંખી માળા ભણી પાછા વળે, ખેડૂત, મજૂર ગામ ભણી પાછા વળે, સૂરજ અસ્તાચળે વળે, ફૂલો પોતાની તરફ પાછાં ફરે, તેમ આ મનને પાછું વાળવાનું છે. એ તો રૂપાળાં જોઈને ધતૂરાના ફળ જેવાં કામોમાં મોં નાખે છે. ડિઠે રૂપાળાં પણ અંદર વખવાળાં એવાં કરમોથી છેડો ફાડવા પ્રતિક્રમણ છે.

પોતાના ઘર જેવું કોઈ સુખ નથી. પારકાં ઘર, પારકી થાપણ, પારકાની ઈચ્છા, અરમાન, પારકું સઘળું છોડી પોતાનામાં રહેવાનું છે. બહાર દોડી જવાની, હડી કાઢવાની આદત જન્માન્તરોથી છે. મોંમાં કોળિયો ને દોડવું બહાર. હવે એ છોડી ઘરમાં અદબ પલાંઠી વાળીને બેસવાનું છે. ઠરીઠામ થવાનું છે. અવાવરુ ઓરડા અંદર છે. જાળાં અંદર પાડવાના છે. લબાચા અંદર છે. રજોટાયેલી તાંબાની હેલને આંબલી અને ખાટી છાશથી માંજીને ચમકતી કરવાની છે.

ઉપાશ્રયનાં મોટાં ખુલ્લાં બારીબારણાં મોકળાશભર્યાં છે. અંધારું અને શાંતિ એકરૂપ થયાં છે. પ્રતિક્રમણનો પ્રત્યેક શબ્દ વધુ નિકટ છે.

ઉપાશ્રયથી ઘર સુધી જવામાં અંધારું બાધક નહિ થાય. શેરીઓમાં ક્યાંક દીવા ટમટમતા હશે અને પગને માટે ઘરનો રસ્તો ક્યાં અજાણ્યો અણખેડ્યો છે ! ✳✳✳

૧૪/૩૨૬, સમુદ્ર દર્શન, ડી. એન. નગર,
જે.પી.રોડ, અંધરી (વેસ્ટ). મુંબઈ-૪૦૦ ૦૫૮.

# સાધ્ય, સાધક, સાધના, સાધન અને સિદ્ધિ

☐ ચિંતક : સ્વ. પનાલાલ જગજીવનદાસ ગાંધી

જે મેળવવા ઈચ્છયું છે તે ફળ છે, પરિણામ છે અને તે **'સાધ્ય'** છે. ફળ-પરિણામનો ઈચ્છુક છે તે સાધ્યની પ્રાપ્તિનો ચાહક અને ઇચ્છુક એવો **'સાધક'** છે. જેના વડે સાધક સાધ્યની પ્રાપ્તિ કરી શકે છે તે સાધકને સાધ્યની પ્રાપ્તિમાં સહાયક આલંબન રૂપ સામગ્રી સરંજામ છે તે **'સાધન'** છે. સાધ્યને સતત લક્ષ્યમાં રાખી, સુયોગ્ય સાધનો વડે સાધક, સાધ્યની પ્રાપ્તિ અંગેની જે કાંઈ સુયોગ્ય પ્રવૃત્તિ કરે છે તે **'સાધના'** છે.

સાધન વડે સાધ્યની પ્રાપ્તિની સાધના કરતાં કરતાં, ઉપર ઉપરની ભૂમિકાએ ચઢતાં ચઢતાં, સાધનો ઘટતાં જાય, સાધના જોર પકડતી જાય, સાધકની શુદ્ધિ થતી જાય અને અંતે સાધક સાધ્યથી અભેદ થઈ જઈ સાધનો રહિત સાધનાતીત થઈ જાય તે **'સિદ્ધિ'** છે, જે સિદ્ધપદની પ્રાપ્તિ છે. એ અંતિમ પ્રાપ્તિ થતાં પછી કાંઈ કરવાનું, કાંઈ થવાનું, કાંઈ બનવાનું, કાંઈ ઈચ્છવાનું રહેતું નથી પણ માત્ર હોવાપણું છે. Doing, Becoming ટળી જાય છે અને Being હોવાપણું જે શેષ શુદ્ધ પોતાપણું છે તે રહી જાય છે.

એક સાંસારિક વ્યવહારિક ઉદાહરણથી આ પ્રક્રિયાને સમજવા પ્રયત્ન કરીશું.

એક શિલ્પકાર છે જેને પરમાત્માની સુંદર મનહરણી પ્રતિમા બનાવવાની ઈચ્છા છે. પરમાત્માની સુંદર મનહરણી પ્રતિમાનું સર્જન એ શિલ્પકારનું લક્ષ્ય એટલે **'સાધ્ય'** છે. એ સાધ્ય એવી પરમાત્મ-પ્રતિમાનો ઇચ્છુક ચાહક શિલ્પકાર **'સાધક'** છે.

સાધ્ય પરમાત્મપ્રતિમા જેમાંથી બનાવવાની છે એ સુયોગ્ય આરસપહાણ, હથોડો, છીણી, કાનસ, ચમક ચળકાટ લાવવા માટેની પોલીશની સામગ્રી, શિલ્પકારના પોતાના હાથ આદિ જે કાંઈ છે કે જેનાથી સુંદર મનહરણી પરમાત્મપ્રતિમાનું સર્જન થવાનું છે તે બધુંય સાધકને સાધ્ય પ્રાપ્તિ કરાવી આપનાર 'સાધન' છે.

સાધ્ય છે, સાધનો છે, સાધક છે પણ જો સાધકને જે સર્જન કરવાનું છે તે સાધ્યના સ્વરૂપની સમજણ નથી, સમજણ (જ્ઞાન) છે પણ જો સર્જનની તડપન નથી, અને સમજણ, તડપન, (ચાહના) હોવા છતાં જો સર્જનને અનુસારીણી પ્રવૃત્તિ નથી, તો પછી સાધ્યની પ્રાપ્તિ નથી.

આમ સાધ્યનો નિર્ણય કરી, સાધ્યના સ્વરૂપને સારી રીતે સમજી લઈ, સાધ્ય સ્વરૂપને સતત લક્ષ્યમાં રાખી સાધ્યપ્રાપ્તિને સુયોગ્ય સાધન સામગ્રી સરંજામ ઉપલબ્ધ કરી એ સાધનો વડે સાધક શિલ્પકાર સાધ્ય એવી પરમાત્મપ્રતિમાનું સર્જન કરવાની જે પ્રવૃત્તિ કરે છે તે 'સાધના' છે.

હવે આરસપહાણ કે જેમાંથી પરમાત્મપ્રતિમાનું નિર્માણ કરવાનું છે તેમાં સતત અવિરત પરમાત્માનું દર્શન કરતાં કરતાં, સાધનોને પણ સાધ્ય તુલ્ય ગણી એ સાધનો પ્રતિ પણ આદર બહુમાનના ભાવ રાખી અત્યંત ચાહનાથી ભક્તિભાવપૂર્વક હથોડી, છીણાના સાધનો વડે પરમાત્મ સિવાયનું જે અપરમાત્મત્વ છે તેનું નિવારણ કરી આરસપહાણમાં જે પરમાત્મસ્વરૂપનું દર્શન કર્યું છે તેને શેષ રહેવા દઈ એને ઘસી, માંજી, ચળકાવી પરમાત્મ સ્વરૂપે ઉપસાવે, પ્રગટાવે છે તે સાધક એવાં શિલ્પકારનું સુંદર મનહરણી પરમાત્મપ્રતિમાનું નિર્માણ-સર્જન એ એની 'સિદ્ધિ' છે. પછી સાધકના સાધન છૂટી જાય છે, સાધના પૂરી થઈ જાય છે અને સાધક સાધનરહિત થઈ સાધનાતીત થયેલો સાધ્ય એવી સ્વનિર્મિત, સ્વસર્જીત પરમાત્મપ્રતિમાથી અભેદ થઈ જાય છે. પોતાના સ્વસર્જીત નિર્માણથી ગદ્ગદિત થઈ તદ્રૂપ થઈ જાય છે.

હવે આ પ્રક્રિયાને આત્માની સ્વયંની સ્વયંમાંથી પરમાત્મા સ્વરૂપે પ્રગટીકરણની આત્મવિકાસ પ્રક્રિયારૂપે વિચારીએ.

આત્મામાં પ્રચ્છન્નપણે (ગર્ભિત) સત્તાગત રહેલ પરમ શુદ્ધ આત્મસ્વરૂપ જે પોતાનું પોતાપણું-સ્વત્વ છે તેને પોતામાંથી જ પોતે નિખારવું, ખિલવવું, પ્રગટ કરવું તે **'સાધ્ય'** છે.

હવે જે **'સાધ્ય'** છે તે સાધ્ય એવાં પરમાત્માનું સ્વરૂપ જે પોતાનું પોતામાં રહેલું પોતાપણું-સ્વત્વ છે તેને સારી રીતે સમજી લેવું જોઈએ.

આત્મા એના શુદ્ધ પરમ આત્મસ્વરૂપમાં એટલે પોતે પોતાના મૂળ મૌલિક શુદ્ધ સ્વરૂપમાં In Purest Form માં પોતે નિત્ય છે, અવિનાશી છે, પૂર્ણ છે, સ્થિર છે, આવરણરહિત નિરાવરણ છે, અક્રિય છે, કલંકરહિત નિષ્કલંક નિરંજન છે, કર્મરહિત નિષ્કર્મી છે. વિકલ્પરહિત નિર્વિકલ્પ છે, વીતરાગ અનંતદર્શન (કેવળદર્શન-સર્વદર્શીતા), અનંતજ્ઞાન (કેવળજ્ઞાન-સર્વજ્ઞતા), અનંતવીર્ય (સર્વ શક્તિમાન), અનંતસુખ (સર્વ સુખ)નો સ્વામી છે.

હવે જે થવું છે તે પોતામાં હોવું જોઈએ. પોતામાં હોય નહિ તો પોતામાથી પ્રગટે નહિ. પોતાપણું બહાર બજારમાં વેચાતી મળતી જણસ નથી. વર્તમાન અવસ્થામાં જીવાતા જીવનમાં પણ પ્રત્યેક જીવની માંગણી પૂર્ણતા, નિત્યતા, સ્થિરતા, શુદ્ધતા, સ્વાધીનતા, સર્વોચ્ચતા અને પરમસુખ આનંદની જ છે.

બજારમાં ખરીદી કરવા જઇએ અને માટલું કે કપડું ખરીદવાનું હોય તેમાં પણ તે ફાટેલું, તૂટેલું, છિદ્રોવાળું, ડાઘાડૂઘીવાળું, ફિક્કું બોદું નહિ હોય એવું રૂપરંગે સુંદર, તાણેવાણે પૂરેપૂરું આખેઆખું પૂર્ણ, ટકાઉ અને સુંદર મજાનું મનને સુખ આપનારું જ પસંદ પડે છે.

જીવનમાં જો જીવને પસંદગીની છૂટ હોય તો તે શુદ્ધ Pure, સંપૂર્ણ Perfect, શાશ્વત Permanant, સ્વાધીન Personal, અને સર્વોચ્ચ Paramount જ ઈચ્છે છે.

આજ બતાવે છે કે જીવ પરમાત્મસ્વરૂપને જાણતો હોય કે નહિ જાણતો હોય; પરમાત્માને માનતો આસ્તિક હોય કે પરમાત્માને નહિ માનતો નાસ્તિક હોય; જાણે અજાણે પણ જીવ જે ઇચ્છે છે-માંગે છે-ચાહે છે, તે તો એના પોતામાં અંતરગત રહેલાં પરમાત્મ સ્વરૂપને જ ચાહે છે.

જીવાતું માનવજીવન તપાસીશું તો જણાશે કે માનવની જે માંગ છે તે જ તેનું સ્વરૂપ છે. આજ સૂચવે છે કે આત્માનું પરમ શુદ્ધ આત્મસ્વરૂપ પોતામાં જ ધરબાયેલું (દટાયેલું-છૂપાયેલું) પડ્યું છે. એ પોતામાં જ અપ્રગટ રહેલું છે તેથી જ તે પ્રગટ કરી શકાય છે. પોતાનું જ પોતામાં ખોવાયેલું, છૂપાયેલું, દટાયેલું પડ્યું છે તે પાછું મળી આવે છે તે પ્રાપ્તની પ્રાપ્તિ છે. આ માયાનો ખેલ છે કે પોતે જ પોતાને પોતામાંથી પામવાનો છે.

એથી જ એક કવિ કહે છે...

ઝરણું શોધે નીરને, દીપક શોધે તેજ;
જીવ શોધે બ્રહ્મને, એ માયાના ખેલ...કંદર્પ.

સાધ્ય શું છે તે જાણ્યું અને એ સાધ્યનું સ્વરૂપ કેવું છે તે પણ સમજાયું. હવે પ્રશ્ન એ ઉદ્ભવે છે કે જે જાણ્યું, જે સમજાયું તેની ચાહના, મેળવવાની ઈચ્છા છે કે નહિ ? જો હવે એ જોઈતું જ હોય, એની ચાહના અને ઇચ્છા હોય તો એ જે સ્વરૂપ છે તેનાથી વિરૂદ્ધ વિપરીત છે એનાંથી છૂટા પડવું જોઈએ-જુદા થવું જોઈએ.

સ્વરૂપ અવિનાશી છે અને તેથી ચાહ અને માંગ પણ અવિનાશીની છે પણ વિનાશી એવાં કાયાદિમાંથી અવિનાશીતાની માંગ કરીએ છીએ. આમ માંગ તો સાચી છે પણ સમજ અને માન્યતા વિપરીત છે તેથી પ્રવૃત્તિ અવળી થાય છે. જીવની આ અવળચંડાઈ, ઊંધાઈ છે. ખોટા

માર્ગેથી ખોટામાંથી ખરું સાચું મેળવવા મથીએ છીએ. આજ તો જીવનો વિપર્યાસ છે. માન્યતા બદલાય, દૃષ્ટિ બદલાય તો વિપર્યાસ જાય. વિપર્યાસ ટળવો તે આત્મવિકાસના પંથે પહેલી મુક્તિ છે જે **'વિપર્યાસ મુક્તિ'** છે.

વિપર્યાસમુક્તિ થાય એટલે અવળી દૃષ્ટિ થાય છે જેથી દર્શન સાચું સુદર્શન થાય છે જે સમ્યગ્દર્શન છે કારણ કે દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ થઈ છે. દર્શન સાચું છે તેથી સમજણ (જ્ઞાન) સાચી છે એટલે સાચો માર્ગ દેખાય છે અને જણાય છે. આમ વિપર્યાસમુક્તિથી દર્શન સમ્યગ્ બન્યું એટલે જ્ઞાન સમ્યગ્ થયું. આ વિપર્યાસમુક્તિ આત્મવિકાસનો મૂળ પાયો છે જે સમ્યગ્દર્શન નામનું ચોથું ગુણસ્થાનક છે.

દર્શન સાચું હોય, જ્ઞાન સાચું હોય એટલે એ સાચા વર્તન રૂપે ચરિતાર્થ થાય એટલે કે દૃશ્યમાન થાય. સાચા માર્ગે પ્રયાણ થાય. ખોટાનો મોહ જાય અને સાચાનો મોહ થાય. જે ઉલટું હતું તે ઉલટું ઉલટાઈને સુલટું થાય. અપ્રશસ્ત રાગ જાય અને પ્રશસ્ત રાગ થાય. પછી આગળ ઉપર સદંતર મોહ જાય એટલે **'મોહમુક્તિ'** થાય. આત્મવિકાસના તબક્કે આ બીજી મુક્તિ મોહમુક્તિ છે. આ વીતરાગતા છે જે ૧૨મું ગુણસ્થાનક છે.

અહીં આ તબક્કે વીતરાગતા તો આવી તેથી જ્ઞાન અવિકારી બન્યું પણ તે સર્વનું જ્ઞાન એવી સર્વજ્ઞતા નથી તેવું અલ્પજ્ઞાન એવું અવિકારી મતિજ્ઞાન જ રહ્યું. પરમાત્મા પૂર્ણ જ્ઞાન સર્વજ્ઞતાના સિંધુ અને પરમાત્માની નિર્વિકલ્પતાની સામે બારમા ગુણઠાણે રહેલ છદ્મસ્થ વીતરાગ ભગવાનનું જ્ઞાન બિંદુ સમ અલ્પ હોવાથી અને વિકલ્પની વિદ્યમાનતા હોવાથી એને આત્મવિકાસના પંથે અજ્ઞાન તરીકે ઓળખાવ્યું.

મોહમુક્તિ થતાં જ **'અજ્ઞાન-વિકલ્પ મુક્તિ'** થાય છે તે આત્મ વિકાસમાં ત્રીજા તબક્કાની ત્રીજી મુક્તિ છે. આ ત્રીજી મુક્તિ થતાં વીતરાગ બનેલો સર્વદર્શી, સર્વજ્ઞ, નિર્વિકલ્પ બની તેરમા ગુણસ્થાનકે પદાર્પણ કરે છે.

અંતિમ ચોથા તબક્કામાં સિદ્ધાવસ્થાની પરમપદ સિદ્ધપદે આરુઢ થવાં પૂર્વે ચૌદમા ગુણસ્થાનકે સર્વ યોગ વ્યાપારનો સર્વથા નિરોધ કરી. આત્મપ્રદેશો વચ્ચે રહેલ અવકાશ (ખાલી જગ્યા)નું નિર્મૂલન કરી, આત્મપ્રદેશોને ઘનિષ્ટ કરી પરમસ્થિરતાને પ્રાપ્ત કરી આનંદઘન બની કાયાના બંધનમાંથી છૂટી નિરંજન, નિરાકાર, નિરાલંબ, નિરપેક્ષ, નિરાવરણ એવો અવસ્થા અવિનાશીતા અને પ્રદેશ સ્થિરત્વતાની પ્રાપ્તિ કરે છે તે ચરમ, પરમ એવી શુદ્ધાવસ્થા સિદ્ધાવસ્થા છે, જે 'પ્રદેશમુક્તિ' છે.

આમ આત્માના પરમાત્મત્વના પ્રગટીકરણના મહત્ત્વના આ ચાર માઈલસ્ટોન છે. (૧) વિપર્યાસમુક્તિ (૨) મોહમુક્તિ (૩) અજ્ઞાન-વિકલ્પ મુક્તિ અને (૪) પ્રદેશમુક્તિ જે છે ચોથા, બારમા, તેરમા અને ચૌદમા ગુણસ્થાન દ્વારા સિદ્ધપદે થતું આરોહણ.

પરમાત્મ સ્વરૂપ પ્રગટીકરણ એ અહીં સાધ્ય છે જે સાધક આત્માની પરની પરાધીનતામાંથી મુક્તિરૂપ પર વિયુક્તતા છે અને સ્વની સ્વાધીનતારૂપ સ્વ સંયુક્તતા છે. ભેદરૂપ છે તેનો ભેદ કરી જે અભેદરૂપ છે તેનાથી અભેદ થવાય છે.

આત્મા જે પોતાના પોતાપણારૂપ પરમાત્મત્વ પ્રગટીકરણનો ચાહક અને ઈચ્છુક છે તે પોતે સાધક છે.

સાધક એવાં આત્માને સાધ્ય એવાં પરમાત્મસ્વરૂપથી અભેદ થવાં, તદરૂપ થવા માટે જે સાધન છે તેને કરણ કહેવાય છે.

જે કરણ આત્માને ઉપર ઉઠાવે છે તે ઉપકરણ કહેવાય છે. વિરતિધરના ચારિત્રપાલનના કામમાં આવનારા મુહપત્તી, રજોહરણ, ચરવળો, આસન, પોથી-ગ્રંથ-શાસ્ત્રો આદિ છે, તેમજ જેમણે પોતાનું પરમાત્મ સ્વરૂપ પ્રગટ કર્યું છે એવાં પ્રગટ પરમાત્મદેવ અને તેમના ચાહક અને વાહક એવાં ગુરુ ભગવંતો પણ માર્ગદર્શક આલંબનરૂપ ચેતનાને જાગૃત કરનાર ચૈતન્ય સાધન છે.

સંસાર વધારનારા અવનતિ કરનારા જે કરણ (સાધન) છે તે બધાં અધિકરણ છે. આ બધાં બહારના પર સાધન છ. જ્યારે જે આજીવન પોતાની સાથે ને સાથે છે તે મન, વચન, કાયા એ સ્વસાધન છે જેને કરણ કહેવાય છે.

દર્શનોપયોગ, જ્ઞાનોપયોગ જે અંદરનું આંતરિક સાધન છે તે અંતઃકરણ કહેવાય છે.

ઉપકરણ સાધકને અધિકરણથી બચાવી આત્માનું ઉત્થાન કરે છે, કરણ અને અંતઃકરણની શુદ્ધિમાં સહાયભૂત થાય છે. ઉપકરણ છૂટી જતાં હોય છે, કરણની રાખ થતી હોય છે, અને અંતઃકરણનું પરમાત્મ સ્વરૂપમાં પરિણમન થતું હોય છે.

જેમ જેમ આત્માનો વિકાસ થતો જાય છે, ઉત્થાન થતું જાય છે તેમ તેમ ઉપકરણ ઓછા થતાં જાય છે, સાધના ઘનિષ્ટ થતી જઈ જોર પકડતી જાય છે અને અંતે સાધ્યથી અભેદ બનેલો સાધક-સિદ્ધ થતાં સર્વ સાધનથી અને સાધનાથી અતીત થઈ જાય છે.

સાધ્યનો નિર્ણય થવો તેનું નામ નિશ્ચય છે. અને સાધ્યની સિદ્ધિ માટે સુયોગ્ય સાધનો વડે કરાતી ધર્મક્રિયા, ધર્મપ્રવૃત્તિ એ સાધના છે જે વ્યવહાર છે. માટે સાધકે સાધનામાં નિશ્ચય (સાધ્ય સ્વરૂપ)ને ક્યારેય ભૂલવો નહિ અને સિદ્ધિ પ્રાપ્તિ પહેલાં સાધન છોડવા નહિ અને સાધનો વડે કરવાનો સાધના વ્યવહાર ચૂકવો નહિ. આ માટે સાધ્યનું સ્વરૂપ પહેલાં ટોચથી સિદ્ધના સ્વરૂપથી શરૂઆત કરી ઠેઠ નીચે સુધી સમજી લઈ સાધનાનો પ્રારંભ નીચેથી તળેટીથી કરી સાધના દ્વારા ઉપર શિખરે પહોંચી સાધ્યથી અભેદ થવાનું છે. છતાં સાધનાને સાધ્ય માની લેવાની ભૂલ કરવી નહિ અને ભૂમિકાએ પહોંચ્યા પહેલાં સાધ્યને સાધન બનાવવાની ઉતાવળ કરવી નહિ.

સાધ્યનું સ્વરૂપ જે સમજ્યા છે તેને સાધકે સાધનામાં ઉતારવાનું છે, જેથી સાધ્યથી અભેદ થવાય.

સાધ્ય ચતુષ્ક ચાર છે. (૧) અનંતદર્શન (૨) અનંત જ્ઞાન (૩) અનંત વીર્ય અને (૪) અનંત સુખ.

ચાર કષાય ક્રોધ, માન, માયા, લોભની અનંતાનુબંધી, અપ્રત્યાખાની, પ્રત્યાખાની અને સંજવલન પ્રકારની કષાય ચોકડીનો નાશ કરી નિષ્કાય બનાવનારી અને સાધ્ય ચતુષ્કની પ્રાપ્તિ કરાવી આપનાર ચાર સાધના ચતુષ્ક છે.

I (૧) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ. એ સંયોગ ચતુષ્ક છે.

II (૧) નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. એ આલંબન ચતુષ્ક છે.

III (૧) દાન (૨) શીલ (૩) તપ અને ભાવ. એ ત્યાગ ધર્મ ચતુષ્ક છે.

IV (૧) ધર્મ (૨) અર્થ (૩) કામ અને મોક્ષ એ પુરુષાર્થ ચતુષ્ક છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ રૂપ સાધના ચતુષ્કથી, નામ સ્થાપના દ્રવ્યભાવ રૂપ સાધના ચતુષ્કથી દેવ ગુરુનું આલંબન લઈને દાન, શીલ, તપ, ભાવ રૂપ સાધના ચતુષ્કથી ધર્મ આરાધના કરતાં કરતાં ધર્મ પુરુષાર્થથી મોક્ષ પુરુષાર્થમાં પ્રવેશી પુરુષત્વરૂપ સાધ્ય ચતુષ્કની પ્રાપ્તિ કરવાની છે, એ તો જ ગળે જો ધર્મ કરતાં કરતાં ધર્મ પામ્યાના ચંદ્રકરૂપ મળતાં અર્થ અને કામમાં નહિ ફસાતા તેને ઓળંગી જઈ મોક્ષ પમાય. દેશ અને કાળના બંધનથી છૂટાય અને દ્રવ્ય જીવથી ભાવાત્મક થવાય.

સહુ કોઈ સ્વ રૂપ (સ્વરૂપ)ને સમજે, સ્વ ભાવ (સ્વભાવ)ને સમજે અને સાધના કરી વિરૂપ, વિભાવથી છૂટી સ્વરૂપ સ્વભાવથી અભેદ થાય એવી અભ્યર્થના !

✱✱✱

**સંકલન : સૂર્યવદન ઠાકોરદાસ જવેરી**
૫૦૧-એ, જડે એપાર્ટમેન્ટ, શંકર લેન,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭.

# દશવૈકાલિક સૂત્રકાર, ચૌદ પૂર્વધર શ્રી શય્યંભવસૂરિજી મહારાજ

□ પ. પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ

જન્મે બ્રાહ્મણ, કર્મે મહાન જૈનાચાર્ય શ્રી શય્યંભવસૂરીશ્વરજી મૂળ રાજગૃહીના હતા. વત્સ ગોત્રમાં જન્મેલા આર્ય શય્યંભવ સમર્થ વિદ્વાન, વેદના જ્ઞાતા, અનુષ્ઠાનોના જાણકાર અને મહાપંડિત હતા.

શ્રમણ ભગવાન મહાવીરની પરંપરાના ત્રીજા પાટવી, પ્રથમ યુગપ્રધાન, ચૌદ પૂર્વી આચાર્યશ્રી પ્રભવસ્વામી ૯૪માં વર્ષે આચાર્ય પદે પ્રસ્થાપિત થઈને સર્વત્ર જૈન શાસનની પ્રભાવના કરતા વિહરી રહ્યા હતા. કિંતુ તેમના મનમાં સતત ચિંતા હતી કે પોતે જૈન શાસનની ધૂરા કોને સોંપે ? એ સમયે તેમણે જોયું કે, રાજગૃહીમાં યજ્ઞ કરાવી રહેલા શ્રી શય્યંભવને પ્રતિબોધ કરવો જોઈએ. એમણે બે મુનિઓને સમજાવીને યજ્ઞના સ્થળે મોકલ્યા.

યજ્ઞ સ્થળે જૈન મુનિઓનું અપમાન કરવામાં આવ્યું પણ તેનાથી વિચલિત થયા વિના એ શ્રમણો બોલ્યાઃ अहो कष्टं, अहो कष्टं तत्त्वं न ज्ञायते परम् ।। –અહો, એ કેવી કષ્ટની વાત છે કે કોઈ તત્ત્વ જાણતું નથી !

આ વાક્ય ચિનગારી બની ગયું. આર્ય શય્યંભવે આ શબ્દો સાંભળ્યા ને વિચારમાં ડૂબ્યા કે, હું તત્ત્વ જાણતો નથી ? આ જૈન સાધુઓ હતા. તેઓ અસત્ય ન બોલે ! જો હું જે કરું છું તેમાં તત્ત્વ નથી, તો તત્ત્વ ક્યાં છે ?

એ ખુલ્લી તલવાર સાથે પોતાના અધ્યાપક પાસે પહોંચ્યા. એમણે ત્રાડ નાંખીને કહ્યું કે, 'પંડિતજી, જે તત્ત્વ છે, જે સત્ય છે, તે કહો.'

પંડિતે ગભરાઈને કહ્યું કે, 'યજ્ઞવેદીની નીચે ખોદજે, તેની નીચેથી જે મળે તે સત્ય હશે !'

પંડિતે કહ્યું તેમ પંડિત શય્યંભવે કર્યું. યજ્ઞવેદીની નીચેથી રત્નમય શ્રી શાંતિનાથ પ્રભુની પ્રતિમા મળી !

પંડિત શય્યંભવ યજ્ઞનો ભાર કોઈને સોંપીને ક્ષણના ય વિલંબ વિના, સત્યની પ્રાપ્તિ માટે નીકળી પડ્યા. એ પહોંચ્યા આચાર્ય શ્રી પ્રભવસ્વામીજી પાસે. શ્રી પ્રભવસ્વામીજીએ તેમને જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન સમજાવ્યું. એ સમજ્યા કે કોઈપણ ધર્મનું મૂળ દયા છે અને દયાથી જ આત્મકલ્યાણ થાય છે. શય્યંભવે તત્ક્ષણ તેમની પાસે દીક્ષા ગ્રહણ કરી.

વીર નિર્વાણ સં. ૬૪નું વર્ષ ચાલતું હતું. શય્યંભવ ૨૮ વર્ષની યૌવનવયમાં હતા.

સંયમના તપ અને જપ અને જ્ઞાનના આકરાં ચઢાણ ચડતા તેઓ પણ ચૌદપૂર્વના પારગામી થયા. શ્રી પ્રભવસ્વામીજીએ તેમને, વિ. સં. પૂર્વે ૩૯૭માં આચાર્ય પદારૂઢ કર્યા.

પંડિત શય્યંભવે દીક્ષા ગ્રહી ત્યારે તેમના પત્ની ગર્ભવતી હતા. પંડિત શય્યંભવે દીક્ષા લીધી જાણીને તે સ્ત્રી દુઃખી હતી. લોકોને થયું કે શય્યંભવ ક્રૂર છે, આવું ન કરાય ! સ્ત્રીઓ ગર્ભ વિશે પૂછતી કે 'કંઈ છે ?' ત્યારે તે કહેતીઃ 'मयणं' (કંઈક છે !)

બાળકનો જન્મ થયો ત્યારે તેનું સૌએ નામ પાડ્યું, મનક.

મનક આઠ વર્ષનો થયો ત્યારે, પિતા વિશે જાણવાની જિજ્ઞાસાથી માતાની સંમતિ વિના ચાલી નીકળ્યો અને ચંપાનગરી પહોંચ્યો. શ્રી શય્યંભવસૂરિજી ત્યાં હતા. તે બાળકની વાત પરથી જાણી ગયા કે આ તો પોતાનો સંસારી પુત્ર છે અને તેમને શોધવા આવ્યો છે ! એમણે બાળકને સ્નેહથી પોતાની પાસે સંભાળી લીધો ને સાચવ્યો ને કહ્યું કે શય્યંભવ પોતાની જેવા જ દેખાય છે ! યથાસમયે જરૂર મળશે, તું હમણાં દીક્ષા લઈ લે !

મનકે દીક્ષા લીધી.

શ્રી શય્યંભવસૂરીશ્વરજી સર્વશાસ્ત્રોની જેમ, હસ્તરેખાના પણ જ્ઞાની હતા. એમણે મનકમુનિનો હાથ જોઈને જાણ્યું કે આનું આયુષ્ય તો છ જ મહિનાનું બાકી છે ! અને આ બાળમુનિ, શાસ્ત્રોના અભ્યાસ વિના દેહ છોડી દે તે કેમ ચાલે ? અને, છ મહિનામાં ચૌદ પૂર્વ તે શી રીતે ભણશે ?

એમણે ચૌદપૂર્વમાંથી સંકલન કરીને શ્રી દશવૈકાલિક સૂત્રની રચના કરી. શ્રી મનકમુનિને તેનું અધ્યયન કરાવ્યું. આ સૂત્રમાં સર્વ શાસ્ત્રોનો સાર હતો.

(૧) પરિશિષ્ટ પર્વ, સર્ગ ૩ની નોંધ મુજબ, अश्चिमो दशपूर्वी श्रुतसारं समुद्धरेत् । चतुदर्श पूर्वधरः पुनः केनापि हेतुना–અર્થાત્, સંપૂર્ણ ચૌદપૂર્વ કે દશપૂર્વના જ્ઞાતા, વિશિષ્ટ કારણથી પૂર્વોમાંથી વિશિષ્ટ સારને ઉદ્ધૃત કરે છે.

દશવૈકાલિક સૂત્રમાં મુનિજીવનની સ્થિરતા માટે આચારપાલનનું શ્રેષ્ઠ જ્ઞાન સમાયેલું છે. તેમાં દશ અધ્યયન છે અને તેમાં આદર્શ મુનિ જીવન કેવું ઉચ્ચ કોટિનું હોય, અને તે કેવી રીતે મોક્ષદા બની રહે છે તેનું સ્વરૂપદર્શન કરાવવામાં આવ્યું છે. આ સૂત્ર પ્રત્યેક મુનિઓ માટે ઉપયોગી પુરવાર થયું છે. શ્રી ભદ્રબાહુસ્વામીજીની નિર્યુક્તિ અનુસાર, આ સૂત્રનું ચોથું અધ્યયન, આત્મપ્રવાદ પૂર્વમાંથી, પાંચમું અધ્યયન કર્મપ્રવાહ પૂર્વમાંથી, સાતમું અધ્યયન સત્યપ્રવાહ પૂર્વમાંથી અને બાકીના અધ્યયનો નવમ પ્રત્યાખ્યાન પૂર્વની ત્રીજી વસ્તુમાંથી ઉધ્ધૃત કરેલા છે. દશવૈકાલિક સૂત્રની સાથે સંયુક્ત રઇવક્કા અને વિવિત્તચર્યા નામની ચૂલિકાઓ પણ છે. આ બંને ચૂલિકાઓ સંયમમાં પ્રમાદી મુનિઓને સ્થિર કરવા માટે આલંબનરૂપ છે. આ બંને ચૂલિકાઓ પાછળથી ઉમેરાઈ હોય તેમ જણાય છે, કેમ કે; શ્રી શય્યંભવસૂરિએ શ્રી દશવૈકાલિક સૂત્રમાં દશ અધ્યયન જ રચેલા છે.

મનક મુનિએ તેનો અભ્યાસ કર્યો, અર્થ સમજીને ધર્મતત્ત્વ પામ્યા. યથાસમયે તેઓ કાળધર્મ પામ્યા.

તે સમયે શ્રી શય્યંભવસૂરિજીના નેત્રોમાં આંસુ આવ્યા. તેમના પટ્ટશિષ્ય શ્રી યશોભદ્રસૂરિજી વિહ્વળ બની ગયા ત્યારે પહેલીવાર રહસ્યસ્ફોટ કરતા શ્રી શય્યંભવસૂરિએ કહ્યું કે, 'મનક મુનિ મારો સંસારી પુત્ર હતો.'

'હેં ?' સૌ સાધુઓએ કહ્યું, 'અમને પહેલા જાણ કેમ ન કરી, ગુરુદેવ !'

શ્રી શય્યંભવસૂરિજીએ કહ્યું, 'હે વિનિત શિષ્યો, જો મેં આ પૂર્વે તમને સૌને આ વાત જણાવી હોત તો તમે તેનું વધારે ધ્યાન રાખત, મનકમુનિ અધ્યયન કરી ને આત્મકલ્યાણ સાધી ન શકત માટે મેં જાણ ન કરી !'

સૌ સાધુઓ તે કલ્યાણ ભાવનાને પ્રણમી રહ્યા.

શ્રી મનકમુનિના શ્રેયાર્થે રચાયેલું 'શ્રી દશવૈકાલિક સૂત્ર' સંઘની વિનંતીથી શય્યંભવસૂરિજીએ વિસર્જન ન કર્યું. આ સૂત્ર આજે પણ છે અને સાધુ–સાધ્વીઓ તેનો મંગળપાઠ કરે છે.

પરિશિષ્ટ પર્વ અનુસાર, દીક્ષાગ્રહણ સમયે શ્રી મનકમુનિ આઠ વર્ષના હતા તે મુજબ વીરનિર્વાણ સં. ૭૨ ગણીએ તો, આચાર્ય શ્રી પ્રભવસ્વામીનો સ્વર્ગવાસ વીરનિર્વાણ સં. ૭૫માં થયો હતો એટલે

મનકમુનિની દીક્ષા, સ્વર્ગગમન અને દશવૈકાલિક સૂત્રની રચનાના સમયે શ્રી પ્રભવસ્વામી વિદ્યમાન હતા, તેમ માની શકાય.

શ્રી શય્યંભવસૂરિશ્વરજી, જૈન શાસનના પ્રભાવક અને યુગપ્રધાન આચાર્ય મહારાજ હતા. ૨૮માં વર્ષે દીક્ષા ગ્રહીને ૩૯માં વર્ષે આચાર્ય પદારૂઢ થયા. ૩૪ વર્ષનું કુલ સંયમી જીવન જીવીને ૬૨ વર્ષની વયે વીરનિર્વાણ સં. ૯૮માં સ્વર્ગવાસ પામ્યા. જૈન શાસનમાં સર્વ પ્રથમ તેઓ પૂર્વમાંથી શ્રુતસારનું સંકલન કરનાર બન્યા.

***

જૈન ઉપાશ્રય, ૭ રૂપ માધુરી સોસાયટી,સંઘવીના
રેલ્વે ક્રોસીંગ પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

# શ્રી અજિતશાંતિમાં છંદોનું વૈવિધ્ય

□ બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

જૈન ધર્મમાં સંસ્કૃત અને પ્રાકૃતાદિ ભાષાઓમાં રચાયેલું સાહિત્ય વિપુલ વૈવિધ્ય ધરાવે છે. તેમાં પદ્ય અને ગદ્ય બંનેમાં ખૂબ ખૂબ સાહિત્ય રચાયેલું છે. તે સાહિત્યમાંથી પ્રસ્તુત લેખમાં મર્યાદા બાંધી નવસ્મરણ જેનું પઠન નિયમિત રીતે કરનારો એક વર્ગ છે જેનું પઠન દરરોજ બે વાર ધાર્મિક વૃત્તિ ધરાવનારો વર્ગ કરે છે. આ બંનેમાં ૪૪-૪૪ એકસરખાં શ્લોકો છે, બંને એક જ છંદમાં વસંતતિલાકામાં રચાયેલાં છે. બંનેના કર્તા સુપ્રસિદ્ધ કવિઓ માનતુંગ સૂરીશ્વર તથા કુમુદચંદ્ર (સિદ્ધસેન દિવાકર) છે. વળી ભક્તામરની ૧૨ થી ૨૦ (૯) ગાથાઓ સૂરિમંત્રગર્ભિત છે. જો કશું ન બને તો નવ ગાથાઓ ગણવાથી અપૂર્વ સુખ અને શાન્તિ પ્રાપ્ત થાય છે.

અજિતશાંતિમાં અમુક વિશિષ્ટ અપ્રચલિત છંદો ઉપલબ્ધ થાય છે જેનો પ્રયોગ ખાસ થતો નથી અને તે રીતે એક વિશિષ્ટ ભાત પાડે છે. છંદશાસ્ત્રમાં વિવિધ પ્રકારના છંદો વિષે માહિતી ઉપલબ્ધ થાય છે. જૈન તેમજ જૈનેતર કવિઓ, મુનિ ભગવંતોએ પણ છંદશાસ્ત્રનો વિશિષ્ટ અભ્યાસ કર્યો હોય છે. છંદશાસ્ત્રીય એક ગ્રંથનું સંપાદન વિલ્સન કૉલેજના ખ્યાતનામ પ્રોફેસર વેલણકરે કર્યું છે જે ભંડારકર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટે પ્રકાશિત કર્યું છે, જેમાં આ છંદો વિષયક માહિતી છે કે નહીં તે હું જાણતો નથી. ૧૯૪૪ થી ૪૬માં તેમના માર્ગદર્શન નીચે બે જ વર્ષમાં મેં સોલ ઈન ધી ઋગ્વેદ પર થિસિસ દ્વારા પીએચ.ડી.ની ડીગ્રી મેળવી. તે દરમ્યાન રાત્રિ ભોજનનો ત્યાગ હોવાથી વિશિષ્ટ રીતે મેં મુંબઈ સ્થિત મહાવીર જૈન વિદ્યાલયની શાખા જે એલ્ફીન્સ્ટન રોડ પર આવેલી છે તેમાં રહી અભ્યાસ કર્યો હતો. તે દરમ્યાન મારી પડોશમાં જોગાનુજોગ રમણભાઈ ચી. શાહ આર્ટ્સ વિભાગમાં પ્રથમ વર્ષો દરમ્યાન સાથે રહ્યા હતા તે આ રમણભાઈ અત્યારે જૈન ધર્મના ખ્યાતનામ સુપ્રસિદ્ધ દાર્શનિક વિષયોના લબ્ધપ્રતિષ્ઠિત અભ્યાસી, વિદ્વાન, સર્વશંકાદિનું સુસ્પષ્ટ રીતે વિવેચન તથા માર્ગદર્શન કરાવી શકે તેવા સુપ્રસિદ્ધ, નામાંકિત, સરળ, સ્વસ્થતાપૂર્વક અભ્યાસ કરાવી શકે તેવા વિદ્વાનની કલમમાંથી ૪૪ વર્ષો પ્રબુદ્ધ જીવનમાં નિસ્વાર્થ સેવા બજાવી ગ્રંથો તથા લેખો દ્વારા જૈન સમાજની અનન્ય નિસ્વાર્થ સેવા બજાવી ગૌરવ સંસ્થા તથા સમાજને આપ્યું. તથાસ્તુ

નવસ્મરણના બંને સ્મરણો ભક્તામર તથા કલ્યાણમંદિરમાં જે અનુક્રમે ૭મા અને ૮મા સ્મરણો છે. બંને સ્મરણો અદ્વિતીય છે. બંનેમાં ૪૪-૪૪ શ્લોકો વસંત તિલકામાં છે. બંનેના કર્તાએ આશ્ચર્યકારી ઘટનાઓ કરી છે. મંદિરમાં પ્રતિમા પર પગ ચઢાવવાની ઘટનાથી રાજાએ માનતુંગને કેદ કરી ૪૪ લોખંડની સાંકળોથી બાંધ્યો. માનતુંગે ભક્તામરના એક એક શ્લોક દ્વારા ૪૪મા શ્લોકે ૪૪-૪૪ સાંકળો તોડી આશ્ચર્યકારી ઘટનાથી સૌને ચમત્કૃત કરી દીધાં. તેવી રીતે ભક્તામર વિષે કહેવાય છે કે સૌભાગ્યદેવી માતા ૪૪ શ્લોકો બોલ્યા પછી મોંમાં કશું સવારે નાંખતા. એક વખત અણધાર્યો વણથોભ્યો વરસાદ ત્રણ ત્રણ દિવસ પડ્યો. માતાને ત્રણ ઉપવાસ થયા. ચોથા દિવસે પણ નાના બાળક સાથે દેરાસર ગયેલી માતાની આંખમાં અશ્રુની ધારા વહેતી જોઈ નાના ત્રણ વર્ષના (જશવંતે) બાળકે રૂદનનું કારણ પૂછ્યું. માએ કહ્યું કે મારે વ્રત છે કે ભક્તામરનો પાઠ કર્યા પછી કશું પણ ખાવું કે પીવું. ત્રણ વર્ષનો નાનો બાળક જેણે તે સાંભળી કંઠસ્થ કર્યા-તે તેને કહે છે કે હું બોલું છું તે તું સાંભળ. બાળકે ભક્તામરના ૪૪ શ્લોકો બોલી માતાને પારણું કરાવ્યું, કેમકે દરરોજ માની સાથે તે ૪૪ શ્લોકો પ્રતિદિન સાંભળતા તે કંઠસ્થ કર્યા હતા.

પ્રસ્તુત લેખમાં વિવિધ છંદોમાં રચાયેલ અજીતશાંતિમાં આવેલાં છંદો વિષે જણાવું તે પૂર્વે એક રમૂજી ઘટના જણાવું. સંવત્સરી પ્રતિક્રમણમાં અજીતશાંતિ, સાત લાખ અને અઢાર પાપસ્થાનકો બોલવા માટે ઘી બોલાતું જે વધાર બોલે તેને લાભ મળતો. એક ભાઈ જે મારી બાજુમાં હતા તેઓ સુંદર કંઠે અજીતશાંતિ બોલે પણ તેમાં આવતાં આ છંદો પણ સાથે સાથે બોલે. મેં તેમને કહ્યું કે આ તો છંદોના નામો છે. શ્લોકોના ભાગ નથી. તેમને મારા કથન પર વિશ્વાસ ન થવાથી મને કહ્યું કે રામવિજયજી ગચ્છાધિપતિને હું પૂછાવું છું. પ્રત્યુત્તર આવતા તેણે મને કહ્યું કે તમો સાચા છો. પાઠશાળામાં પણ કેવું અજ્ઞાન પ્રવર્તતું હોય છે!

આટલી ચર્ચા પછી અજીતશાંતિમાં વિવિધ છંદો વિષે ટૂંકમાં જણાવું:-

અપરાંતિકા ૩૪, કુસુમમાલા ૧૫, ખિજ્જિ ચયં ૧૭, ગાહા ૨, ૩૬, ૩૭-૪૦; ખિત્તયં ૨૪, ૨૫, ચિત્લેહા ૧૩, ચિત્તક્ખરા ૨૭, દીવયં ૨૬, ભાસુરયં ૩૦, ભુજંગ પરિરિંગ અં ૧૬, નારાયઓ ૧૪, ૧૮, ૩૧, નંદિસર્ય ૨૯, માગહિઆ ૪, ૬, રયણમાલા ૨૩, રાસાલુદ્ધઆો ૧૦, રાસાનંદિ અયં ૧૨, વાણવાસિઆ ૩૩, વિજ્જુ વિલસિઅં ૨૧, વેડ્ઢઓ ૯, ૧૧, ૨૨, લલિઅયં ૧૮, ૩૨, સિલોગો ૩, સંગય યં ૮, સુમુહં ૮.

આ પ્રમાણેની ઉપર જણાવેલી માહિતીનો આધાર 'શ્રી નવસ્મરણ સ્તોત્રાદિ આરાધના'ના કર્તા-સંપાદક પૂ. આચાર્યદેવ શ્રી વિજયજયાનંદસૂરીશ્વરજી મહારાજના કર્તાના પ્રસ્તુત પુસ્તકમાં પૃષ્ઠ ૧૫-૨૫ માં ઉપલબ્ધ થઈ શકે છે.

વિક્રમાદિત્ય રાજાના સમયમાં સિદ્ધસેન દિવાકર જેમને કલ્યાણમંદિરની છેલ્લી ગાથામાં કુમુદચંદ્ર તરીકે ઓળખાવ્યા છે તે એક મહાન, વિદ્વાન, પ્રભાવક આચાર્ય હતા. બંને ૭ અને ૮ પ્રસિદ્ધ સ્તોત્રો છે. છતાં પણ ભક્તામરનું પઠન, અધ્યયન, આરાધનાદિ, પૂજા પણ કેમ વધારે થાય છે. બંને સ્તોત્રો 'ઉક્તાવસંતતિલકા તભજાજગૌગ:' વસંત તિલકા છંદમાં લિપિબદ્ધ કરાયેલાં છે. બંનેમાં છેલ્લો શ્લોક અન્ય છંદમાં છે.

કલ્યાણમંદિર નવ સ્મરણોમાં ૮મું સ્મરણ છે. અષ્ટ કર્મોનો ક્ષય થતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. શું કલ્યાણમંદિર ૮મું સ્તોત્ર ૮ કર્મોનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય કરી શકે તેવી અભિલાષાપૂર્વક શું તેનું પઠન-પાઠન યોગ્ય ગણાવી શકાય ને?

નાના જશવંતે ભક્તામરના ૪૪ શ્લોકો બોલી માતાને સહર્ષ પારણું કરાવ્યું. શ્રી હીરવિજયસૂરિના સમુદાયમાં એમના શિષ્યો-પ્રશિષ્યોમાંથી

એક એવા જ જ્યોતિર્ધરનો ઉદય થયો કે જેમણે શ્રી હરિભદ્રસૂરિ અને શ્રી હેમચંદ્રાચાર્યની યાદ અપાવે એવું ભગીરથ કાર્ય કર્યું. તે મહાન વિભૂતિ તે ઉપાધ્યાય શ્રી યશોવિજયજી છે. તેમને લઘુહરિભદ્રસૂરિ, દ્વિતીય હેમચંદ્રાચાર્ય, સ્મરિત શ્રુતકેવલી, કુર્ચાલીશારદ, મહાન તાર્કિક, વાચકવર્ય, ઉપાધ્યાયજી તરીકે સુપ્રસિદ્ધ છે. વાદવિવાદમાં પારંગતે એક વખતે એવી શરત પંડિતો આગળ મૂકી કે 'ઓષ્ઠસ્થાનીય' વ્યંજન વગર વાચીત કરવી. પંડિતો હારી ગયા. તેમણે તે કરી બતાવ્યું અને પંડિતો ખિસયાણા પડી ગયા. તેઓ સહસ્રાધ્યાની પણ હતા. તેમણે શ્રીપાલ રાજાનાં રાસમાં ગુરુ-શિષ્યની જોડીએ તે પૂરો કર્યો.

શ્રી યશોવિજયજીએ નવ્યન્યાય, વ્યાકરણ, સાહિત્ય, અલંકાર, છંદ, કાવ્ય, તર્ક, આગમ, નય, પ્રમાણ, યોગ, અધ્યાત્મ, તત્ત્વજ્ઞાન, આચાર, અધ્યાત્મ મતપરીક્ષા, અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષદ, જૈન તર્કભાષા, દ્વાત્રિંશક-દ્વાત્રિંશિકા, નયોપદેશાદિ ન્યાય પ્રેરક ગ્રંથો, જ્ઞાનસાર, પ્રતિમાશતક, ઉપરાંત સ્તુતિઓ, સ્તવનો, ધર્મપરીક્ષા, જ્ઞાનાર્ણવાદિ કૃતિઓ ગુજરાતી, સંસ્કૃત, પ્રાચીન ગુજરાતી વગેરે ભાષામાં રચી છે.

તેમણે પોતાના સમયના ધર્મ અને તત્ત્વજ્ઞાન વિષયમાં ઉપલબ્ધ બધી જ કૃતિનો અભ્યાસ કર્યો હતો તેથી એમના જેટલી બુદ્ધિમત્તા, બહુશ્રુતતા, સર્જનપ્રતિભા ત્યાર પછીના ત્રણ સૈકામાં જોવા મળી નથી. તેથી તેઓ સાહિત્યાદિ ક્ષેત્રે ચમકતા વિરલ તારલા હતા.

✱✱✱

૫૦૯, મંજુ મહાલ, પાલી હીલ,
વાંદરા (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૦

# 'હરિયાળી ક્રાન્તિ'

❑ ડૉ. કવિન શાહ

૮૪ લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરતો આત્મા પૂર્વજન્મના મહાન પુણ્યોદયે માનવજન્મ મેળવે છે. મનુષ્ય જન્મ પ્રાપ્ત થયા પછી શું કરવું જોઇએ તે અંગે તીર્થંકર ભગવંતે કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી ભવ્યાત્માઓને ઉદ્‌બોધન કરીને મોક્ષના શાશ્વત સુખ પામવા માટે રાજમાર્ગ દર્શાવ્યો છે. જન્મ અને મૃત્યુ વચ્ચેનો આયુષ્ય કર્મને આધીન કાળ તે માનવ જીવન છે. જન્મ થયો, મોટા થયા, અભ્યાસ કર્યો, લગ્ન કર્યા, સંસાર વધાર્યો, વૃદ્ધાવસ્થાની પરાધીનતા અને રોગગ્રસ્ત દશા આવી. આયુષ્ય પૂર્ણ થયું પુનઃ જીવ અન્ય ગતિમાં ગયો. આ તો અનેકવાર બન્યું અને બનશે! શા માટે આ બધું થાય છે? તેમાંથી મુક્ત થવાનો ઉપાય તો છે ને? તો તેનું અનુસરણ એ નરભવની સફળતા છે.

આ જીવે મનુષ્ય જન્મમાં ભૌતિક સિદ્ધિઓ દ્વારા પૌદ્‌ગલિક નાશવંત સુખ અનેકવાર મેળવ્યું હતું પણ કોઈ સંતોષ થયો નથી. આ સમૃદ્ધિ માત્ર જે તે ભવ પૂરતી જ છે. પણ સાચું શાશ્વત સુખ તો અવિનાશી છે અને આત્માને અજર-અમર પદ પ્રાપ્ત કરાવે છે.

માનવ જન્મની દુર્લભતા જાણીને આત્માએ જો કોઈ પુરુષાર્થ કરવાનો હોય તો આત્માની હરિયાળી પ્રાપ્ત કરવા માટે તીર્થંકર ભગવંતે જે માર્ગ બતાવ્યો છે તેનું અનુસરણ કરવું જોઈએ.

આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય ગુણનો વિકાસ એટલે હરિયાળી ક્રાન્તિ કે જેનાથી શાશ્વત સુખના માર્ગમાં પ્રયાણ થાય છે. ૪૫ આગમ ગ્રંથોમાં ૧૧ અંગ સૂત્રો છે તેમાં પ્રથમ આચારાંગ સૂત્ર છે. એટલે તત્ત્વની વાત જાણ્યા પછી તે માર્ગે પુરુષાર્થ કરવો જોઈએ. માત્ર વિચારથી કોઈ શ્રેય સધાતું નથી. વિચાર અને આચારનો સમન્વય સધાય તો આત્માનું કલ્યાણ થાય.

તત્ત્વાર્થ સૂત્રમાં શ્રી ઉમાસ્વાતિ સ્વામીએ જ્ઞાન ક્રિયામાં મોક્ષઃ સૂત્ર રચ્યું છે તેના પાયામાં આચાર અને વિચારનો સંદર્ભ રહેલો છે. જ્ઞાન એટલે સત્‌જ્ઞાન કે જ્ઞાનથી આત્મા ભવભ્રમણમાંથી મુક્તિ મેળવે. વ્યવહારજ્ઞાન કે ભોતિકજ્ઞાન માત્ર આ જન્મ પૂરતું જ ઉપયોગી છે તે સંસારવૃદ્ધિ અને પાપનાં પોટલાં બાંધવાનું કાર્ય કરે છે જ્યારે સત્‌જ્ઞાન કર્મની નિર્જરા કરીને આત્મસ્વરૂપ દર્શનમાં નિમિત્તમ બને છે એટલે આત્માના જ્ઞાનગુણના વિકાસ એ હરિયાળી ક્રાન્તિનું પ્રથમ સોપાન છે. જો આ વાત આત્મસાત્ થાય તો પછી મુક્તિનું સામ્રાજ્ય મેળવવાનો માર્ગ સહજ સાધ્ય બને છે. જ્ઞાનની પ્રાપ્તિ, જ્ઞાનીનું બહુમાન, જ્ઞાનનું રક્ષણ, સંવર્ધન અને તેની આશાતનાથી દૂર રહેવું, તેનાં સાધનોની રક્ષા અને ઉપયોગપૂર્વક જ્ઞાનાચારનું પાલન થાય તો જીવન સાચે જ હરિયાળી ક્રાન્તિ તરફ આગળ વધે છે.

દર્શનાચાર એ બીજું સોપાન છે. મિથ્યાત્વ અને અન્ય દેવ-દેવીઓની ઉપાસનાને બદલે વીતરાગ કથિત દેવ-ગુરુ અને ધર્મની જ અવિચલ શ્રદ્ધાપૂર્વક ઉપાસના કરવી જોઈએ. આવું સમકિત એ મોક્ષ નગરના બીજ-પાયા સમાન છે. ભૌતિક સુખની આશાથી મિથ્યાત્વની ઉપાસના દૂર કરીને કર્માધીન સ્થિતિ પ્રત્યે ચિંતન કરવું જોઈએ. દર્શનાચારના પાલનથી ચારિત્રની પ્રાપ્તિ થતાં આત્મા એક કદમ આગળ વધીને ઘણાં ભવ ભ્રમણને લઘુતમ બનાવી શકે છે. એટલે દર્શનાચારનું પાલન મુખ્ય ગણાય છે. જ્ઞાન અને દર્શન પછી ત્રીજું સોપાન ચારિત્ર છે. સર્વવિરતિ ધર્મ-દીક્ષા અંગીકાર કરીને સાધના કરવી તે ચારિત્રાચાર. મુખ્યત્વે તો પાંચવ્રત પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ, દશયતી ધર્મ અને ૨૨ પરિષહો સન કરવા એ સર્વવિરતિ ધર્મ મુક્તિનો રામબાણ ઉપાય છે. સર્વવિરતિનો યોગ ન થાય તો દેશવિરતિ દ્વારા ૧૨ વ્રત અંગીકાર કરીને હરિયાળી ક્રાન્તિના માર્ગે પહોંચી શકાય છે. તપ ધર્મની આરાધના એ ચોથું સોપાન છે. ૧૨ પ્રકારના તપમાં અભ્યંતર તપ અને બાહ્યતપનો સમાવેશ થાય છે. કર્મની નિર્જરા માટે તપ સમાન અન્ય કોઈ ધર્મ નથી. એટલે તપાચારનું પાલન પણ ચારિત્રને નિર્મળ કરવામાં અભૂતપૂર્વ સહયોગ આપે છે. તીર્થંકર ભગવંતનો આત્મા પણ ઘોર તપસ્યા કરીને કેવળજ્ઞાન મેળવે છે એ વાત સૌ કોઈ જાણે છે. અનાદિકાળથી આત્માને વળગેલાં કર્મોના સમૂહનો નાશ કરવા તપાચારનું પાલન જરૂરી છે. વીર્યાચાર એ પાંચમું સોપાન છે. શરીર તંદુરસ્ત હોય તો પછી શરીરની શક્તિ ચાર પ્રકારના આચારમાં ઉપયોગમાં લેવી જોઈએ. ખાઈ-પીને ભોગ ભોગવવાથી આત્માનું શું સધાવાનું છે? જ્યારે પંચાચારના પાલનમાં શક્તિનો સદુપયોગ આત્માની હરિયાળી ક્રાન્તિ માટે સફળતા અપાવે છે. સાચા અર્થમાં હરિયાળી ક્રાન્તિ એ આત્માની ઊર્ધ્વગતિનો માર્ગ છે જે ઉપરોક્ત પાંચ સોપાનથી સિદ્ધ થઈ શકે છે. માનવજન્મ પૂર્ણ થાય ત્યાર પહેલાં આ સોપાન દ્વારા જેટલી ક્રાન્તિ થઈ શકે તેટલી કરી લેવી અને ભવાંતરમાં આ પાંચ સોપાનના સંસ્કારનો પ્રાદુર્ભાવ થતાં સાત-આઠ ભવમાં ક્રાન્તિનું એક અને અખંડ-શાશ્વત મોક્ષ ફળ મળ્યા વગર રહે જ નહિ.

✱✱✱

૧૦૩-સી, બિલ્ડીંગ, જીવન જ્યોત એપાર્ટમેન્ટ,
વખારીયા બંદર રોડ, બીલીમોરા-૩૯૧ ૨૩૧.

# જૈન પારિભાષિક શબ્દકોશ

ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(ગતાંકથી આગળ)

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮૪. | ઉત્કટુક | આસનસ્થ અવસ્થા | आसनस्थ अवस्था | Sitting posture |
| ૧૮૫. | ઉત્કર્ષણ | ઉપર ફેંકવું | ऊँचे फेंकना | Up-traction |
| ૧૮૬. | ઉત્કૃષ્ટ | ઉત્તમ, શ્રેષ્ઠ, સહુથી વધુ | उत्तम, श्रेष्ठ, सब से ज्यादा | Maximum, Best |
| ૧૮૭. | ઉત્પાદ | ઉત્પત્તિ | उत्पत्ति | Origination, Origin |
| ૧૮૮. | ઉત્સર્પિણી | ચડતો કાળ | प्रगतिशील समय | Progressivehalf cycle, Hyperserpentine aecon, Ascending cycle of time |
| ૧૮૯. | ઉષ્ણયોનિ | ઉષ્ણતામાં ઉત્પન્ન થનાર | गर्मी में जन्म पाना | Water bodies of Hot regions, |
| ૧૯૦. | ઉષ્ણસ્પર્શ | ગરમ સ્પર્શ | गर्म स्पर्श | Hot touch |
| ૧૯૧. | ક્ષમા | ક્ષમા, માફ કરવું | क्षमा, माफी देना | Forbearance, forgiveness |
| ૧૯૨. | છદ્મ | છૂપું, છૂપાયેલ, ગૂઢ | छीपा हुआ, ढंका हुआ | Lapse, Cover |
| ૧૯૩. | છદ્મસ્થ | કર્મયુક્ત જીવ | कर्म सहित जीव | non-omniscient |
| ૧૯૪. | છળ | છળ, કપટ ઠગવું, ખોટાં કારણો | छल, कपट, ठगना, गलत कारण | Fallacions reasining |
| ૧૯૫. | છાયા | છાયા, પડછાયા | छाया, प्रतिच्छाया | Shadow, Image |
| ૧૯૬. | ટીકા | ટીકા, વિવેચન, વ્યાખ્યા | टीका, विवेचन, व्याख्या | commentary |
| ૧૯૭. | તિર્યક્લોક | તિરછોં લોક, મધ્યલોક | तिर्च्छालोक, मध्यलोक | Middle Univesrse |
| ૧૯૮. | તીર્થ | તીર્થ, પ્રવચન, કિનારો, | तीर्थ, प्रवचन, किनारा | tirth, ford, way, landing place |
| ૧૯૯. | તીર્થક્ષેત્ર | પવિત્ર સ્થળ | पवित्र स्थल | Holy places of pilgrimage |
| ૨૦૦. | તીર્થંકર | તીર્થંકર, ધર્મ સંસ્થાપક | तीर्थंकर, धर्म संस्थापक | Enlightened, ford-builders |
| ૨૦૧. | ત્યાગ | ત્યાગ, છોડવું | त्याग, छोड देना | Renunciation |
| ૨૦૨. | ત્યાગી | ત્યાગ કરનાર, છોડી દેનાર | त्याग करनेवाला, छोड देने वाला | Renouncer, Renonced |
| ૨૦૩. | ત્રિઈન્દ્રિય | ત્રણ ઈન્દ્રિય (સ્પર્શ, રસ, ઘ્રાણ) વાળા જીવો | | |
| ૨૦૪. | ત્રિરત્ન | ત્રણ રત્ન, સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ ચરિત્ર | तीनरत्न, सम्यक्दर्शन सम्यक्ज्ञान, सम्यक्चारित्र | Three Lewels, Samyak Darshan, Jnana, Charitra |
| ૨૦૫. | ત્રિવિધ | ત્રણ પ્રકાર | तीन प्रकार | Three types, Tri-typed |
| ૨૦૬. | પૃથ્વી | પૃથ્વી | पृथ्वी | Earth |
| ૨૦૭. | પૃથ્વીકાયિક | પૃથ્વીકાયિક, પૃથવી જેની કાય છે તેવા જીવો | पृथ्वीकायिक, पृथ्वी ही जिसकी काया है वैसे जीव | Earth-bodied |
| ૨૦૮. | પૃથ્વીકાય | પૃથ્વીકાય | पृथ्वीकाय | Earth-Body |
| ૨૦૯. | પ્રતિમા | શ્રાવકની ૧૧ પ્રતિમા, શ્રાવક જીવનની ઉત્તમ આરાધનાની વિભિન્ન ૧૧ અવસ્થાઓ | श्रावक को 11 प्रतिज्ञा श्रावक जीवन की उत्तम आराधना की 11 अवस्थाएं | Laymen's renunciation stage, model stage |

(ક્રમશઃ)

૨૦, સુદર્શન સોસાયટી–૨, નારણપુરા, અમદાવાદ–૩૮૦૦૧૩.


## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક વિનંતિ

સુજ્ઞશ્રી,

સાદર પ્રણામ,

આપશ્રી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રન/આજીવન સભ્ય અથવા સભ્ય કે શુભેચ્છક છો. આપને 'પ્રબુદ્ધ જીવન' નિયમતિ મળતું હશે. આપના સહકાર માટે અમે આપના આભારી છીએ.

'પ્રબુદ્ધ જીવન'ના ફેબ્રુઆરી ૨૦૦૬ના અંકમાં આ સામયિકના ઉજ્જવળ ઈતિહાસની ઝલક દર્શાવી હતી અને આ સામયિકને આર્થિક રીતે સક્ષમ કરવા ગ્રાહક યોજના પ્રસ્તુત કરી હતી, જે આ અંકમાં પણ પ્રગટ કરી છે.

ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન નીધિ'ના શીર્ષક નીચે કાયમી ફંડ માટે સમાજ સમક્ષ વિનંતિ પણ કરી છે.

આ જ્ઞાનયજ્ઞમાં અમે જણાવેલ કોઈ પણ યોજનામાં આપ સહભાગી થાવ એવી અમારી વિનંતિ છે.

**આ માટે, <u>આપ પાછળ છાપેલું ફોર્મ ભરી, પાના નંબર ૨ પર દર્શાવેલી</u> જે આપને યોજના અનુકૂળ લાગે એનો ઉલ્લેખ કરી આ ફોર્મ અમને પરત કરવા વિનંતિ.**

આપનો ચેક/ડ્રાફ્ટ 'SHREE MUMBAI JAIN YUVAK SANGH' ના નામે મોકલવા વિનંતિ.

આજીવન ગ્રાહક લવાજમ ભરનાર તેમજ 'પ્રબુદ્ધ જીવન નીધિ કાયમી ફંડ'માં ફાળો આપનારને આવકવેરાની કલમ 80-G અન્વયે કરમુક્ત છે, તે અંગેનું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

આપની શુભેચ્છા અમારી સાથે સર્વદા રહેશે જ. જે આ જ્ઞાનયાત્રા માટે અમને પ્રેરક બની રહેશે. ધન્યવાદ, આભાર.

☐ મેનેજર

# પતન અને પુનરુત્થાન

**□ આચાર્ય શ્રી પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ**

આ દુનિયામાં પતનનાં પગથિયાં અનેક છે અને એ પગથિયેથી પડવાના પ્રકારો ય અનેક છે. બાહ્ય દૃષ્ટિથી પતનક્રિયા સમાન દેખાતી હોવા છતાં પતન-પતનમાં ફેર હોઈ શકે છે. આપણે જોઈએ છીએ કે, દડો ય પતન પામે છે અને માટીનો પિંડ પણ પતન પામે છે. પતનક્રિયા સ્વરૂપ વર્તમાનકાળ બન્નેનો એક સરખો લાગતો હોવા છતાં બન્નેનાં ભવિષ્યકાળ અલગ-અલગ હોય છે. દડો જે વેગથી પતન પામ્યો હોય છે, એના કરતા સવાયા-વેગથી પાછો પુનરૂત્થાન પણ પામતો હોય છે. જ્યારે માટીના પિંડ માટે આવું પુનરૂત્થાન સંભવિત જ નથી. એ પિંડ પડતાની સાથે જ કણકણમાં વેરાઈ જઈને એવી રીતે વિનાશ પામી જાય છે કે, એને પુનરૂત્થાનનું સ્વપ્ન ય લાધી ન શકે !

આ દુનિયામાં કેટલાક જીવો 'કરમે શૂરા એ ધમ્મે શૂરા'ની કહેવતને ચરિતાર્થ કરતા જોવા મળે છે, તો કેટલાકનાં જીવનમાં 'કમ્મે શૂરા-પાપે શૂરા'ની કહેવત સાર્થક થતી અનુભવાય છે. આ બે જાતના જીવોનું સ્વરૂપ-દર્શન કરાવતાં એક સુભાષિત કહે છે કે, આર્યનો સ્વભાવ દડા જેવો હોય છે. એ કદાચ પતન પામે તો ય પુનરૂત્થાન એના માટે અસંભવિત ન ગણાય, જ્યારે અનાર્યનો સ્વભાવ માટીના ઢેફા જેવો હોય છે. એથી પાપના પગથિયેથી એ એવી રીતે ગબડતો હોય છે, દીવો લઈને એ એવી રીતે કૂવે પડતો હોય છે કે, એના માટે પુનરૂત્થાનની કોઈ સંભાવના રહેતી નથી. એથી ઢેફાની જેમ પડતાંની સાથે જ એ કણકણમાં વિભાજિત થઈને વિનાશના વાયરામાં વિખેરાઈ જાય છે.

પાપોના પ્રવાહથી બે કાંઠે વહેતી સંસારની આ સરિતામાં પતન પામવું કે ગબડી પડવું એ કોઈ અસંભવિત કે નવાઈ પામવા જેવી વાત નથી ! નવાઈ તો તો જ પામી શકાય કે પડેલો એ માણસ પુનઃ ઊભો થવા પુરૂષાર્થ ન કરે ! ભૂલ થવી એ કાંઈ એટલી બધી શોચનીય બાબત નથી. પણ એ ભૂલને કબૂલવી નહિ, એ ભૂલમાંથી બોધપાઠ લઈને ફરી પડી ન જવાય એવી સાવચેતી સાથે પ્રયાણને આગળ ધપાવવું નહિ, આ તો જરૂર અતિ શોચનીય ઘટના ગણાય.

કાદવ-કીચડથી ભરપૂર સંસારની આ સરિતામાં આર્ય-માનવ ખૂબ જ સાવધાનીથી આગળ વધતો હોય છે, છતાં કદાચ એ પડી જાય, તો એનું પતન દડા જેવું બનતું હોય છે. એથી એ પાછો ઊભો થઈને ચાલવા માંડે છે. જ્યારે અનાર્ય તો બેફિકરાઈથી ચાલવાની તાસીર ધરાવતો હોવાથી એના માટે પડવાની શક્યતા ઓર વધી જાય છે. સાથે-સાથે એનું આ પતન માટીના ઢેફા જેવું હોવાથી પાણીમાં પડતાં જ એ પ્રવાહ સાથે ઘસડાઈ જાય છે, અને પાપના કલણમાં વધુ ખૂંપી જાય છે.

દડો પડે છે, છતાં પાછો ચડે પણ છે, કારણ કે માટીના ઢેફાની જેમ એ ભારે નથી હોતો, પણ હવાની જેમ એ હલકો હોય છે. આર્યની વૃત્તિ-પ્રવૃત્તિ આવી હોય છે. દેખીતી દૃષ્ટિથી એ પડતો એટલે કે પાપ કરતો જણાય, છતાં ક્યારેક દડાની જેમ વધુ ઊંચે જવા માટે એને પાપ-પ્રવૃત્તિ કરવી પડતી હોય એ સંભવિત હોઈ શકે છે. કેમ કે એનું હૈયું પાપ રસથી ભારે નથી હોતું, પણ ધર્મના રસથી હવાની જેમ હળવું હોય છે. એથી એની વૃત્તિમાં પાપનો પ્રવેશ ન થવાથી એ પુનઃ પુનરૂત્થાનની પળ ગોતીને પુણ્યના પગથિયે ઝડપભેર ચડવા મંડી પડતો હોય છે.

માટીનો પિંડ પડે છે અને પડતાંની સાથે જ એ માટીમાં મળી જાય છે, કારણ કે એનામાં દડા જેવી હળવાશ નથી, પણ પત્થર જેવું ભારેખમપણું એના અણુએ અણુમાં એકરસ બની ગયું હોય છે. અનાર્યની વૃત્તિ પ્રવૃત્તિ આવી જ હોય છે. અધર્મના રસથી એનું હૈયું છલોછલ ભરેલું હોવાથી લપસણી જગા ન મળે તો આવી જગા ગોતીને ય પડવામાં એને મજા આવતી હોવાથી 'દીવો લઈને કૂવે પડવાની' કહેવત એ ચરિતાર્થ કરતો હોય છે અને પતનમાંથી પાછા ફરવાનું સ્વપ્ન તો દૂર રહ્યું પણ પતનમાંથી મહાપતન ભણી દોટ મૂકવાની પ્રવૃત્તિના પનારે પડેલા એના માટે પુનરૂત્થાનની સંભાવના થોડા ઘણા સમય પૂરતી તો અશક્ય જ બની જાય છે.

સંસારમાં રહેનારને થોડા-ઘણા પાપ તો કરવા જ પડવાના. પણ આર્યની અદાને આપણે આત્મસાત્ કરી લઈએ તો પતન પછી પુનરૂત્થાન આપણા માટે અસંભવિત ન બને ! આ માટે દડાનું દૃષ્ટાંત હરપળે નજર સમક્ષ રાખીએ. 'સંસારમાં રહેવું અને વળી પાપથી ડરવું ?'-આ અનાર્યની અવળી ચાલ છે. આવી બોલચાલના તાબે થઈશું તો પાપના પાતાળના તળિયે પટકાઈ જ જવું પડશે. શિખરને સર કરવાનં પછી સ્વપ્ન ય નહિ લાધે. આવી દુર્ઘટનાનો ભોગ ન બનવું હોય, તો માટીના પિંડના પતનને ભૂલીએ નહિ ✱✱✱

C/o, જિતેન્દ્ર જ્વેલર્સ, ૧૦૦ ભંડારી સ્ટ્રીટ,
ગોળ દેવળ, મુંબઈ-૪૦૦ ૦૦૪.

પ્રતિશ્રી,
**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**
૩૩, મહમ્મદી મિનાર, ૧૪ મી ખેતવાડી,
એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦૦૦૪.
ફોન : ૦૨૨-૨૩૮૨૦૨૯૬.

આપનો વિનંતિ પત્ર મળ્યો.
અમોને આપના 'પ્રબુદ્ધ જીવન'ના વાર્ષિક/ત્રિવાર્ષિક/પંચવર્ષીય/આજીવન ગ્રાહક/કન્યા કરિયાવર ગ્રાહક થવાની ઈચ્છા છે.
'પ્રબુદ્ધ જીવન નીધિ' કાયમી ફંડમાં અનુદાન આપવાની અમારી ભાવના છે.
આ સાથે ચેક/ડ્રાફ્ટ રૂા. ..........................................ચેક/ડ્રાફ્ટ નંબર .......................................... તારીખ ..........................
બેંક ..........................................શાખા ..........................................ગામ ..........................................નો સ્વીકારી
નીચેના સરનામે રસીદ મોકલવા વિનંતિ. ધન્યવાદ.
નામ અને સરનામું : ..........................................................................
..........................................................................
લિ.....................................

## ડૉ. રમણલાલ ચી. શાહ

# સાહિત્ય સૌરભ

ડૉ. રમણલાલ શાહના વિપુલ સાહિત્ય સર્જનમાંથી ચયન કરી ઉપરના શીર્ષકથી નીચે મુજબ સાત ગ્રંથોનું પ્રકાશન કરવાનો શ્રી મુંબઈ જૈન યુવક સંઘે નિર્ણય કર્યો છે જેનો પ્રકાશન સમારંભ મુંબઈમાં યોજાશે.

| | | | |
|---|---|---|---|
| ગ્રંથ –૧ | સાંપ્રત સમાજ દર્શન | – સંપાદક | પ્રા. જશવંત શેખડીવાલા |
| ગ્રંથ –૨ | પ્રવાસ દર્શન | – સંપાદક | પ્રા. જશવંત શેખડીવાલા |
| ગ્રંથ –૩ | જૈન ધર્મ દર્શન | – સંપાદક | ડૉ. હસુ યાજ્ઞિક |
| ગ્રંથ –૪ | જૈન આચાર દર્શન | – સંપાદક | ડૉ. જિતેન્દ્ર બી શાહ |
| ગ્રંથ –૫ | ચરિત્ર દર્શન | – સંપાદક | ડૉ. પ્રવીણ દરજી |
| ગ્રંથ –૬ | સાહિત્ય દર્શન | – સંપાદક | ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ |
| ગ્રંથ –૭ | શ્રુત ઉપાસક ડૉ. રમણલાલ ચી. શાહ | – મુખ્ય સંપાદક | પ્રા. કાંતિ પટેલ |
| | | – સહ સંપાદક | (૧) શ્રીમતી નીરુબહેન સુબોધભાઈ શાહ |
| | | | (૨) શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ |
| | | | (૩) શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ |

સંયોજક :
**ડૉ. ધનવંત શાહ**

- ડૉ. રમણભાઈના સમગ્ર સાહિત્યનો અભ્યાસ કરી, એઓશ્રીના વિવિધ વિષયોના લેખો આ ગ્રંથોમાં પ્રગટ થશે.
- પ્રત્યેક ગ્રંથ લગભગ ૩૫૦ થી ૪૦૦ પૃષ્ઠનો હશે.
- આ ગ્રંથો મર્યાદિત સંખ્યામાં પ્રગટ કરવાના હોઈ જે જિજ્ઞાસુ મહાનુભાવોને જેટલી નકલ જોઈતી હોય એ સર્વેને જોઈતી નકલોની વિગત સંઘના સરનામે જુન-૨૦૦૬ની આખર તારીખ સુધી જણાવવા વિનંતિ.
- આ આગોતરા ગ્રાહકોને મૂળ કિંમત ઉપર ૨૦ ટકાનું વળતર આપવાનું સંઘે નક્કી કરેલ છે. ઉપરાંત પોસ્ટ અને ડિલિવરી ખર્ચ પણ આગોતરા ગ્રાહકોને આપવાનો નહિ રહે.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને ભેટ

**• પ્રબુદ્ધ જીવન નીધિ કાયમી ફંડ**

| | |
|---|---|
| ૫,૦૦,૦૦૦/- | એક સુશ્રાવક તરફથી |
| ૧,૦૦,૦૦૦/- | શ્રી રાજેન્દ્રભાઈ એ. શાહ તરફથી |
| ૨૫,૦૦૦/- | શ્રીમતી ચંચળબેન આણંદલાલ ત્રીભોવન સંઘવી–મુંબઈ |
| ૧૧,૦૦૦/- | શ્રી એસ. એલ. ભેડા-મુંબઈ |
| ૫,૦૦૧/- | શ્રી પ્રસનભાઈ એન. તોલીયા–મુંબઈ |
| ૫,૦૦૧/- | શ્રી ભૂપેન્દ્ર હિંમતલાલ શાહ–મુંબઈ |
| ૫,૦૦૦/- | શ્રી વીસનજી ન. વોરા-મુંબઈ |
| ૫,૦૦૦/- | શ્રી સુરેન્દ્રકુમાર ચીમનલાલ શાહ–મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી રમેશ પી. દફતરી ચેરિટેબલ ટ્રસ્ટ–મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી રસિકલાલ ગોપાલજી શાહ–મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી જયાબેન ઈન્દુભાઈ વોરા–મુંબઈ |
| ૨,૦૦૦/- | શ્રી કે. સી. શાહ–મુંબઈ |
| ૧,૧૦૦/- | શ્રી જશવંત છોટાલાલ શાહ–મુંબઈ |
| ૧,૧૦૦/- | શ્રી વનલીલા નટવરલાલ મહેતા–મુંબઈ |
| ૧,૦૦૧/- | શ્રી ગણપતી સી. મહેતા–મુંબઈ |
| ૧,૦૦૦/- | શ્રી નેણશી રવજી વીરા–મુંબઈ |
| ૧,૦૦૦/- | શ્રી ઈલાબેન ચંપકલાલ મોદી–મુંબઈ |
| ૧,૦૦૦/- | શ્રી પ્રકાશ એસ. દોશી–મુંબઈ |
| ૫૦૧/- | શ્રી આર. જે કાપડિયા–મુંબઈ |
| ૨૫૧/- | શ્રી હરિસિંહ સી. કાપડિયા |
| ૨૫૧/- | શ્રી રસિકલાલ ધીરજલાલ તુરખીયા-મુંબઈ |
| ૬,૭૨,૭૦૬- | **આજ સુધી** |

**• પ્રબુદ્ધ જીવન આજીવન સભ્ય**

| | |
|---|---|
| ૨,૫૦૦/- | શ્રી હિમાંસુ જે. સંઘવી–મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી વિપુલ કલ્યાણજી દેઢિયા–મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી અમિત જે. મહેતા–મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી પ્રકાશભાઈ જે. ઝવેરી–મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી હર્ષા હેમેન્દ્ર શાહ–અમરાવતી-મહારાષ્ટ્ર |
| ૨,૫૦૦/- | શ્રી જયંતીલાલ જીવણલાલ શેઠ–મુંબઈ |

આજીવન ગ્રાહક લવાજમ ભરનારને તેમજ અન્ય દાતાઓને આવકવેરાની 80-G કલમ અન્વયે કરમુક્ત છે તે અંગેનું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે. મહાનુભાવ દાતાઓને અમારા અંતરના અભિનંદન અને ધન્યવાદ. શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સર્વ સભ્યો આ દાતાશ્રીઓના આભારી છે.

'પ્રબુદ્ધ જીવન' માટે કાયમી ફંડ માટેની સંઘે 'પ્રબુદ્ધ જીવન નીધિ'ના નામે સ્થાપના કરી છે. રૂા. ૨૫ લાખ એકત્રિત કરવાનો નિર્ધાર છે. આ જ્ઞાન યજ્ઞમાં આપ સૌ ગુણીજનોને સહભાગી થવા વિનંતિ.

આપનો એક એક રૂપિયો ઉત્તમ વિચારયાત્રાને આગળ વધારશે અને કોઈના ચિત્તમાં એ સત્ત્વશીલ વિચારોનું આરોપણ કરશે.

પ્રમુખ
તેમ જ સંઘની કાર્યવાહક સમિતિના સર્વ સભ્યો

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 ● Regd. No. MH / MR / SOUTH-146 / 2006-08


## પંથે પંથે પાથેય...

*(જીવનયાત્રા દરમિયાન કેટલાંક એવાં સાત્ત્વિક જીવન પ્રસંગો, પાત્રો અને શબ્દો મળી જાય છે કે ચિત્તમાં એ ચિરંજીવ સ્થાને બિરાજી જાય છે અને જીવન સફરમાં વારે વારે સ્મૃતિ ઉપર ઉભરવા લાગે છે. આવાં પ્રસંગો, પાત્રો અને શબ્દો આપણા જીવનનું પાથેય બની જાય છે અને જીવનની કોઈક ક્ષણે વિજળી ઝબકાર જેવું અજવાળું પાથરી આપણી ચેતનાને જાગૃત અને ઝંકૃત કરી દે છે, અને ચિત્તવિકાસમાં એ બધાં એક મોતીની જેમ પરોવાઈ જાય છે.*

*'પ્રબુદ્ધ જીવન'ના છેલ્લાં પૃષ્ટ ઉપર વિવિધ મહાનુભાવોના આવાં અનુભૂતિત સત્ય-સત્ત્વ-તત્ત્વને પ્રત્યેક મહિને અભિવ્યક્ત કરવાનો અભિગમ છે. સર્વ મહાનુભાવોને આવાં સત્ત્વશીલ પ્રસંગો, પાત્રો, શબ્દો મોકલવાનું નિમંત્રણ.-તંત્રી.)*

# શ્રેષ્ઠીનો ધર્મ : સંપત્તિ-સમૃદ્ધિ સર્જન એ જ કર્મ

લગભગ પચીસ વર્ષ પહેલાંનો એક બોધદાયક અણમોલ પ્રસંગ યાદ આવે છે. ચતુર્માસમાં પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી રામચંદ્રસૂરીજી મ.સા. મુંબઈમાં નેપિયન સી રોડ ઉપર આવેલા દેરાસર પાસે બિરાજતા હતા. બે-ત્રણ ચોમાસા નિષ્ફળ ગયા હતા. પૂજ્ય મ.સા.ના આહ્વાહને મુંબઈના જૈન સમાજે લાખો રૂપિયાના દાનથી તેમની જોળી છલકાવી દીધી હતી જેના સદ્દુપયોગથી હજારો માણસો અને પ્રાણીઓને જીવતદાન મળ્યું હતું.

મારા એક વડીલ સદ્ગૃહસ્થ શ્રી બાબુકાકા શ્રોફ રોજ એમના દર્શને જતા. એક દિવસે મને મ.સા.ના દર્શન કરવા અને આશીર્વાદ લેવા લઈ ગયા. સાંજનો સમય હતો. થોડા મોડા પડ્યાં એટલે લગભગ અંધારૂં પણ થઈ ગયું હતું. મ.સા. આખા દિવસના પરિશ્રમ બાદ આરામ કરતા હતા. કાકાને થયું પૂછી જોઈએ, મોડું તો થયું જ છે, અનુકૂળ ન હોય તો આવતી કાલે આવીશું. એક ભાઈ અંદરથી પૂછીને આવ્યા. મ.સા.એ કહ્યું કે જરૂરથી આવે જેથી અમે અંદર ગયા.

પૂજ્ય બાબુકાકાએ મારી ઓળખાણ આપી. તે વખતે હું બેન્ક ઓફ બરોડામાં જનરલ મેનેજર તરીકે ઋણ-ક્રેડિટ વિભાગ સંભાળતો હતો.

થોડીવાર સામે જોયા પછી મ.સા. બોલ્યા 'બેન્કર એટલે શ્રેષ્ઠી'. હું તમને જૈન શાસ્ત્રો અનુસાર શ્રેષ્ઠીનો ધર્મ શું છે તે સમજાવું. જોત જોતામાં લગભગ ૬૦-૭૦ ભક્તો આગળ પાછળ ગોઠવાઈ ગયા. મ.સા.નો વાણી પ્રવાહ મધુર ઝરણાની માફક વહેતો ગયો.

શ્રેષ્ઠીનું પરમ કર્તવ્ય સંપત્તિ નિર્માણ કરવાનું છે. બુદ્ધિ પ્રતિભા અને સાહસથી નવા ધંધા-ઉદ્યોગ, વેપાર-વાણિજ્ય અને ખેતીવાડી વિકસાવવા જોઇએ જેથી સમાજ-રાષ્ટ્રની સમૃદ્ધિ વધે અને શક્તિશાળી બને. આ એક ભગીરથ કાર્ય છે જેમાં પૂરી શક્તિ લગાવી, શ્રદ્ધા અને પ્રેમથી જોડાઈ જવું એ શ્રેઠીઓ-બેન્કરોનો પરમ ધર્મ છે.

બેન્કો પાસે અઢળક ધન સંપત્તિ છે, તે રાષ્ટ્રની છે અને તેના વિકાસ માટે વાપરવી જોઇએ. નવા ધંધા રોજગારો ઊભા કરવામાં અને બની મદદ કરવી જોઇએ. બીજા દેશોમાં બેન્કોએ આ પ્રકારનું કાર્ય કર્યું હોય તેમાંથી બોધપાઠ લઈ રાષ્ટ્રના ઝડપી વિકાસમાં ભાગીદાર બનવું જોઈએ.

બીજી પણ એટલી જ મહત્ત્વની વાત. ધન સંપત્તિ કેવળ પોતાના સ્વાર્થ કે સત્તા સંતોષવા ક્યારેય ન વાપરવા. એ અધર્મ કહેવાય. ધન-સંપત્તિ પવિત્ર ગંગાની માફક વહેતા રહેવા જોઇએ જેથી અનેક લોકો તેનો લાભ લઈ શકે-રોજી રોટી કમાઈ શકે. સમાજ કે રાષ્ટ્રની જ્યારે હાકલ પડે ત્યારે પળનો પણ વિચાર કર્યા વિના શ્રેષ્ઠીઓએ મોટા મોટા ભંડાર સમર્પિત કર્યા છે. ભામાશાનો દાખલો લો, વસ્તુપાલ-તેજપાલ કે જગડુશાને યાદ કરો. દુકાળ પડે ત્યારે અનેક શ્રેષ્ઠીઓએ પોતાના ભંડાર ખૂલ્લા મુક્યાના અનેક દાખલાઓ છે. આ વાતો કેવળ ભૂતકાળની જ છે તેવું નથી. આજે પણ આવા શ્રેષ્ઠીઓ છે. મહાત્મા ગાંધીની હાકલ પડતાં શ્રેઠીવર્યો જેવા કે ઘનશ્યામદાસ બિરલા, કસ્તુરભાઈ લાલભાઈ જમનાલાલ બજાજ અને જે.આર.ડી. તાતા પોતાના બધા જ સામર્થ્ય સાથે બાપુના-રાષ્ટ્રના પડખે ઊભા રહ્યાં હતાં. આપણા શાસ્ત્રોની શીખ પ્રમાણે અને ઇતિહાસમાંથી શ્રેષ્ઠીવર્યોના દૃષ્ટાંતો ધ્યાનમાં રાખી, શ્રેષ્ઠીઓ અને બેન્કરો પોતાનું નિષ્ઠાથી કાર્ય કરે તો સમાજ-રાષ્ટ્રની મોટી સેવા કરી ગણાશે.

હું તમને મારા આશીર્વાદ આપું છું અને શ્રેષ્ઠીનો ધર્મ તમારા કાર્યમાં ઉતારશો એવી અપેક્ષા રાખું છું.

ઘડીભર તો હું આવાક બની ગયો. કંઈ પણ બોલી ન શક્યો. મ.સા.ના વિનમ્ર ભાવે દર્શન કરી કાકા સાથે ઘરે પાછો આવ્યો. પરંતુ મ.સા.ના શબ્દો મારા કાનમાં ગુંજ્યા જ કર્યા. મ.સા.નો એ મહાન સંદેશ મેં મારી ડાયરીમાં લખી લીધો અને નિર્ણય કર્યો કે મારી શક્તિ અને સંજોગો અનુસાર આ દિવ્ય સંદેશનું પરમ કર્તવ્ય તરીકે મારા કાર્યમાં પાલન કરીશ.

☐ ડૉ. એ. સી. શાહ
સી-૧૨, લોયડ્સ ગાર્ડન, આપા સાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ-૪૦૦ ૦૨૫. -પૂર્વ અધ્યક્ષ, બેંક ઑફ બરોડા

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd, Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanvant T. Shah

*** શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ***

# પ્રબુદ્ધ જીવન

છૂટક નકલ રૂા. ૧૦/- તા. ૧૬ જુલાઈ, ૨૦૦૬ વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-

## જિન-વચન

### ગુણ-અવગુણ

गुणेहिं साहू अगुणेहिं ऽ साहू गेण्हाहि साहूगुण मुंच ऽ साहू ।
वियाणिया अप्पगमप्पएणं जो रागदोसेहिं समो स पुज्जो ।

–दसवैकालिक–९(३)–११)

ગુણોથી સાધુ થવાય છે અને અવગુણોથી અસાધુ થવાય છે, માટે સાધુ-ગુણોને (સાધુતાને) ગ્રહણ કરો અને અસાધુગુણોનો (અસાધુતાનો) ત્યાગ કરો. આત્માને આત્મા વડે જાણીને જે રાગ તથા દ્વેષમાં સમભાવ ધારણ કરે છે તે પૂજનીય બને છે.

गुणों से साधु होता है और अगुणों से असाधु । इस लिए साधु-गुणों को (साधुता को) ग्रहण करो और असाधु-गुणों (असाधुता) का त्याग करो । आत्मा को आत्मा से जान कर जो राग और द्वेष में समभाव धारण करता है, वह पूजनीय हो जाता है ।

A Person becomes a monk by virtues and a non-monk by vices. Therefore, develop all the virtues and be free from all the vices. Know your self through the Self. He who maintains equanimity in all the matters of attachment and hatred becomes worthy of respect.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી)

## આચમન

મારી આંખ પરની ત્રીજી શસ્ત્રક્રિયા વખતે તનાવનો અભાવ હતો. છતાં પણ ઈશ્વર સ્મરણ ચાલતું હતું. ઓપરેશન થિયેટરમાં ડૉક્ટર-નર્સો-સર્જરીનાં સાધનોનો આછો અવાજ કાને પડતો હતો.

ત્યાં અચાનક મનુષ્ય સ્વરનો ગણગણાટ સાંભળ્યો. મને લાગ્યું કે સર્જન કશીક પ્રાર્થના કરી રહ્યા હતા, પરમતત્ત્વને. સર્જન-વિજ્ઞાની પોતાના દર્દીના કલ્યાણ માટે ભગવાનને અરજ ગુજારી રહ્યો હતો. વિજ્ઞાન અને આસ્તિકતા એ બંને છેડાનો છેદ ઉડતો હતો.

સર્જનને મળવાનું થયું ત્યારે તેમણે કહ્યું કે તમારી આંખની સર્જરી વખતે હું પહેલીવાર તંગ મનોદશામાં હતો, કારણ કે એક લેખકની આંખ પર સર્જરી કરવાની હતી.

એ ઈસ્લામધર્મી સર્જનને મેં પૂછ્યું કે 'આપે કઈ પ્રાર્થના કરેલી?' તેમણે મને આંચકો આપતાં જણાવ્યું કે, 'હું ત્યારે ગાયત્રી મંત્ર બોલતો હતો.'

અગાધ આશ્ચર્ય સાથે ઈસ્લામ ધર્મી ગાયત્રી મંત્રનું રટણ કરે! શસ્ત્રક્રિયા વખતે અહીં ધર્મ-વિધર્મના ભેદોની દિવાલ નામશેષ થઈ ગઈ હતી. આ દેશના ધર્મ સમન્વયના મૂળ ઉપરથી દેખાય છે તેના કરતાં ઘણાં ઊંડા છે.

☐ ભગવતીકુમાર શર્મા

### સર્જન-સૂચિ



| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | આમણે કેટલાં અહિંસક ? | ડૉ. ધનવંત તિલકરાય શાહ | ૩ |
| (૨) | માંસાહાર | ડૉ. રણજિત એમ. પટેલ 'અનામી' | ૫ |
| (૩) | કીર્તિમાં તરવાનું હોય, ડૂબવાનું નહિ ! | શ્રી મલૂકચંદ રતિલાલ શાહ | ૮ |
| (૪) | ગુલાબદાસ બ્રોકર : સંબંધની સુગંધ | પ. પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ | ૯ |
| (૫) | દેવચંદ્રજી રચિત શ્રી પદ્મપ્રભુ જિન સ્તવન | શ્રી સુમનભાઈ શાહ | ૧૦ |
| (૬) | સાગર મોટો કે કૂવ મોટો ?–દૃષ્ટિ દોષ અને દોષ દૃષ્ટિ | આચાર્ય શ્રી પૂર્ણચંદ્ર સૂરીશ્વરજી મહારાજ | ૧૩ |
| (૭) | જિનકલ્પના સાધક, દશ પૂર્વધર શ્રી આર્ય મહાગિરિ મહારાજ– | પ. પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ | ૧૫ |
| | કામવિજેતા અંતિમ દશ પૂર્વધર શ્રી સ્થૂલિભદ્ર મહારાજ | પ. પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ | ૧૬ |
| (૮) | જૈન પારિભાષિક શબ્દો | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૧૭ |
| (૯) | માણસાઈ મહેકી ઊઠી ! | શ્રી મનસુખલાલ ઉપાધ્યાય | ૨૦ |





## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

| | ભારતમાં | પરદેશ |
|---|---|---|
| **૧ વર્ષનું લવાજમ** | રૂા. ૧૨૫/- | U.S.$ 9-00 |
| **૩ વર્ષનું લવાજમ** | રૂા. ૩૫૦/- | U.S.$ 26-00 |
| **૫ વર્ષનું લવાજમ** | રૂા. ૫૫૦/- | U.S.$ 40-00 |
| **આજીવન લવાજમ** | રૂા. ૨૫૦૦/- | U.S.$ 112-00 |
| **કન્યા કરિયાવર આજીવન લવાજમ** | રૂા. ૨૦૦૦/- | U.S.$ 100-00 |

ક્યારેય પણ જાહેરાત ન લેવાની 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ હોઈ એના ગ્રાહકો અને શુભેચ્છકો તેમ જ દાતાઓ જ આ સત્ત્વશીલ સામયિકને જીવંત રાખી શકશે. (૭૭ વર્ષની અવિરત સેવા છે મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રોની) ગુજરાતી ભાષાના સામયિકો જીવશે તો જ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કાર સંસ્કૃતિ જીવંત રહેશે.

જૈન ધર્મ અને સર્વ ધર્મના ચિંતનો આવા સામયિકોથી જ વર્તમાન અને ભવિષ્યની પેઢીના હૃદયમાં રોપાતા જશે.

પુનિત પુત્રી તો 'દુહિતા' અને 'દેહલી દીપક' છે; એટલે બન્ને દિશા અને બન્ને ઘરને અજવાળે એવો ઘરના ઉંમરાનો એ દીપક છે. લગ્નમાં આપણે લાખો રૂા.નો ખર્ચ કરીએ છીએ, લાખોના કરિયાવર અને ઘરનાં સંસ્કાર સાથે પુત્રીને વિદાય આપીએ છીએ તો કરિયાવરમાં 'પ્રબુદ્ધ જીવન' ન આપી શકીએ ? પુત્રીના જીવનમાં એ સદાય જીવંત રહેશે. પથદર્શક બનશે. સુજ્ઞેષુ કિં બહુના...?

* ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો. કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે...
* આજીવન ગ્રાહક લવાજમ ભરનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્ત છે એવું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

☐ મેનેજર

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/
● વર્ષ : (૫૦) + ૧૭ ● ● અંક : ૭ ● ● તા. ૧૬ જુલાઈ, ૨૦૦૬ ● ● ૩ ●
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●
તંત્રી : ધનવંત તિ. શાહ

## આપણે કેટલાં અહિંસક ?

ડૉ. એમ. એમ. ભમગરા, આ પારસી વિદ્વાન વર્તમાન સમયના કુદરતી ઉપચારો માટેના અધિકારી રાહબર અને નિષ્ઠાવાન પ્રાકૃતિક ચિકિત્સક છે. હમણાં જ એમની બે પુસ્તિકા 'અહિંસક સમાજે વિચારવા જેવું' (ઓગસ્ટ ૨૦૦૩, અને બીજી આવૃત્તિ પાંચ મહિના પછી જ ફેબ્રુઆરી ૨૦૦૪) અને બીજી પુસ્તિકા 'અહિંસા પરમો ધર્મ !' –'અપરિગ્રહ પરમો ધર્મ', (ઑગસ્ટ–૨૦૦૫) વાંચવાનો મને લાભ મળ્યો, અને બીજી પુસ્તિકાના શીર્ષકમાં વપરાયેલા (!) ચિન્હે મને વિચારતો કરી મૂક્યો. આ પુસ્તક મારી નજરે મોડું પડ્યું એનો ખેદ તો છે જ, પરંતુ વિશેષ ખેદ તો એ માટે છે કે આ બન્ને પુસ્તિકાઓ વિશે ક્યાંય વિવેચન પણ વાંચવામાં નથી આવ્યું, લગભગ કોઈ જૈન પત્રિકાઓમાં પણ આ પુસ્તિકાઓની વિશેષ નોંધ લેવાઈ હોય એવું જણાયું નથી.

પારસી પ્રજા ભારતમાં આવી, અન્ય પરદેશી પ્રજાની જેમ આપણા ઉપર રાજ કરવાનો વિચાર તો એ પ્રજાએ ન જ કર્યો, પણ આપણી સંસ્કૃતિમાં ભળી જઈ આપણી પ્રવૃત્તિઓમાં દરેક ક્ષેત્રે વિશેષ યોગદાન આપ્યું છે. આ વિગતોના ઊંડાણમાં જઈએ તો બે ગ્રંથો પણ ઓછાં પડે એટલું વિશેષ પ્રદાન આ પ્રજાનું ભારતીય સમાજમાં છે, એમાંય ગુજરાતમાં તો વિશેષ.

ઉપરની બન્ને પુસ્તિકાઓ વાંચતા વિચાર આવે કે આ પારસી વિદ્વાન આચારમાં સાચા અર્થમાં જૈન છે. એઓશ્રીને જૈન તત્ત્વોની ચિંતા છે. આપણી અહિંસા અને અપરિગ્રહના સિદ્ધાંતોની સૂક્ષ્મતાને આ પારસી વિદ્વાન ખૂબ ઊંડાણથી સમજ્યા છે.

વિશેષ પ્રસ્તાવના ન કરતા, સર્વ પ્રથમ હવે પુસ્તિકાના કેટલાંક વિચારોને એમના જ શબ્દોમાં અહીં પ્રસ્તુત કરું છું, પછી યથાશક્તિ મતિ એની થોડી ચર્ચા કરવાનો પ્રયત્ન કરીશું.

ડૉ. ભમગરા સાહેબ લખે છે:–

''અહિંસાના દૃષ્ટિકોણથી વિચારવામાં આવે તો એલોપેથીક ચિકિત્સા પદ્ધતિ સૌથી વધુ હિંસક પદ્ધતિ છે.

મહાવીર ભગવાનનું નામ આવી ચિકિત્સા પદ્ધતિ, જેનો પાયો જ હિંસામાં છે, તેની સાથે કેમ કરી લઈ શકાય, એ મારા જેવા માટે હંમેશ કુતૂહલ તેમજ આઘાતનો વિષય રહ્યો છે.

એલોપેથીક દંવાઓ રોગના ચિન્હો દબાવી દેવા માટે જાણીતી છે...એલોપથીનું આ 'તુરંત–લાભ વર્તાવો' એ જ મુખ્ય પ્લસ પોઈન્ટ છે, પરંતુ દર્દનું દમન થાય, તો દમનમાં હિંસા હોય જ.

દવાઓ બજારમાં આવે તે પહેલાં પ્રાણીઓ પર તેના સેંકડો અખતરા કરવામાં આવે છે.

કોઈ પણ જૈન ડૉક્ટર પોતાના આત્માના અવાજને દબાવી દીધા વિના એલોપેથીક પ્રેક્ટીસ કરી શકે જ નહિ.

ચાંદીના કહેવાતાં વરખ બનાવવામાં મોટા ઢોરના આંતરડાંની ચામડીના પડની વચ્ચે ધાતુનાં પતરાં ટીપવામાં આવે છે, ત્યારે એ વરખ બને છે, છતાં એવી વરખ લગાડેલી મિઠાઈ જૈનો આરોગે છે તે યોગ્ય નથી જ.

હાડકાંના જીલેટીનમાંથી બનતી કેપ્સ્યુલોનો વપરાશ, સર્જરી કર્યા પછી ટાંકા મારવામાં આવતો દોરો બિલાડી અથવા અન્ય પ્રાણીઓના આંતરડામાંથી બને છે. હૃદયનો વાલ્વ ક્યારેક ડુક્કરમાંથી મેળવાયો હોય છે.

આજે તો જૈન સમાજમાં જે અહિંસા દેખાય છે તે ફક્ત કાયરોની અહિંસા હોય એવું લાગે છે. અહિંસક સમાજમાં ડરપોક દર્દીની 'વાસ્ટ મેજોરીટી' છે. પોતાને હૃદય હુમલો થાય અને મૃત્યુ પામે તે નાપસંદ ઘટનાના ડરને કારણે જ લગભગ આખો સમાજ બે–રોકટોક કોરોનરી બાયપાસ સર્જરી, યા હિંસક–પ્રયોગો, પ્રાણીઓની ચીરફાડ કરીને શોધાયેલી દવાઓ, ઇંજેક્શનો, ઇત્યાદિનો સહારો લઈ જીવી રહ્યો છે. એમને કોણ કહેશે કે આ સર્જરી કે આ દવાઓ પર આધાર રાખવો એ પોતાના જ માનેલા ધર્મની વિરૂદ્ધ વાત છે ? આવી રીતે, અધાર્મિક જીવન જીવવા કરતાં સંથારો કરવો શું ખોટો ?

એક માનવ–દેહધારી મહાવીરના પગ તળે બીજો મહાવીર કીડી–

દેહધારી છુંદાય ન જાય તેની ફિકર આ કરુણામૂર્તિ મહામાનવને રહેતી!

માનવીને જીવાડવા માટે અન્ય પ્રાણીઓનું બલિદાન આપવું એ જૈન ધર્મની વિરૂદ્ધની વાત છે.

જાતને ક્યાં સુધી છેતરશું ? સાચ્ચે આપણે અહિંસક છીએ ?

ભૂકંપ કે સુનામી જેવી ઘટનાની આગોતરી જાણ પશુ-પક્ષી અને જળચર પ્રાણી તેમજ આદિવાસીઓને થઈ જાય છે તો આપણા કહેવાતા બુદ્ધિજીવીઓ અને સુસંસ્કૃત માનવીને એની આગોતરી જાણ કેમ નથી થતી ? જગતના વિકાસશીલ દેશોની ઇકોનોમી સુધરી છે, એમાં સમૃદ્ધિ થઈ છે, પણ ઈકોલોજી-પર્યાવરણનું શું ? એ આપણે કેટલી બગાડી છે ? કેટલાં અને કેવાં પ્રદુષણમાં આપણે જીવીએ છીએ ? વિષાક્ત દવાને કારણે આપણે રોગો તરફ ધકેલાઈ રહ્યા છીએ.

ત્રીસ વર્ષ પહેલાં ઔદ્યોગિક પ્રદૂષણ રાષ્ટ્રભરમાં ૫.૭૬ લાખ ટન હતું, તે ૨૦૦૪માં ૨૪ લાખ ટન અંદાજાયું છે. આરોગ્યના ભોગે જ નહિ, આયુના ભોગે પણ, આપણે ધનવાન બનતા હોઈએ તો એવી સંપત્તિ જે મોટી વિપત્તિ લાવતી હોય તેની પાછળની દોટ શું ખપની ? ! જે સંપદાને કારણે વિપદા આવતી હોય તે સાચા અર્થમાં સંપદા કહેવાય ખરી ? 'પહેલું સુખ તે જાતે નર્યા' એ સો ટકા સાચી કહેવતનો આજ સુધી દુનિયાના કોઈ સમજુ સમાજે અસ્વીકાર કર્યો નથી.

હેલ્થ ઈઝ વેલ્થ. તંદુરસ્તી સાથે મનદુરસ્તી હંમેશ જોડાયેલી જ હોય છે. સર્વાંગી સ્વાસ્થ્ય વિના તો સંપદા, સાહેબી, વૈભવ ભોગવી શકતા જ નથી, એ વાતનો રંજ અસાધ્ય શારીરિક-માનસિક યાતનાઓમાં ફસાયેલા ઘણાં કુબેરપતિઓ મોડે મોડે કરતા હોય છે તે આપણે જાણીએ જ છીએ. એ લોકોના કરોડો રૂપિયા પણ ગુમાવેલું આરોગ્ય પાછું મેળવવામાં કામ આવતા નથી. સ્વાસ્થ્ય પહેલું સુખ છે એ બાબત સદ્‌બુદ્ધિ કે સન્મતિ એ લોકોને લાધે તે પહેલાં જ સંપત્તિ પાછળની આંધળી દોડમાં એ ધનસુખલાલોએ મનસુખ અને તનસુખ સાવ ગુમાવી દીધાં હોય છે !

'ઉપભોગ' નહિ, ફક્ત 'ઉપયોગ' GREED નહિ ફક્ત NEED-BASE જીવન શૈલી આપણો જીવન મંત્ર બની રહે અને એ પ્રકારની ગાંધીવાદી જીવન શૈલી આપણે અપનાવીનેજીવનમાં સાદગી અને સંતોષને સ્થાન આપીએ, તો જ અપરિગ્રહ સાથે સાચું અહિંસક જીવન જીવી શકાય, નહિ તો સાચો અહિંસા-ધર્મ પળાય જ નહિ.''

આવા ઘણાં સૂક્ષ્મ સત્યો આપણી સમક્ષ મૂકી ડૉ. ભમગરા જૈન દિનચર્યાની, જૈનોના ઉણોદરી વ્રતની, અને ખાન-પાન પદ્ધતિની ભારોભાર પ્રશંસા કરે છે. જૈનોની આહાર વ્યવસ્થામાં પૂર્ણ સ્વાસ્થ્યનું પૂરેપુરું વિજ્ઞાન છે. ઉપરાંત ડૉ. ભમગરા તો જૈન વિચાર સિદ્ધાંતો માટે ત્યાં સુધી પ્રમાણ આપે છે કે 'જૈન ધર્મના ચિંતનમાં જે અનેકાંતવાદ યા સ્યાદ્‌વાદ અપનાવવાનું કહ્યું છે, તે અપનાવવાથી પણ ઘણાં દર્દીઓને હૃદય-રોગ કે કેન્સરમાંથી મુક્તિ મળી છે.'

જૈન ધર્મ એ માત્ર ધર્મ નથી. એ એક સંપૂર્ણ જીવન શૈલી છે. માનવ જીવન એ રીતે જીવાય તો એને કોઈ 'આર્ટ ઑફ લિવીંગ'ની કે કોઈ અન્ય નિશાળમાં જવાની જરૂર નથી.

હોસ્પિટલમાં દાન આપનારની ભાવના તો અન્યને ઉપયોગી થઈ માનવ જીવ બચાવવાની જ છે. સહેતુક હિંસાની નહિ. પરંતુ એમના કેટલાંક સત્યોએ આપણને અવશ્ય વિચારતા કરી દીધાં છે.

આરોગ્ય ક્ષેત્રે જ્યાં હિંસક દવાઓ અને સાધનો વપરાય છે એવી સંસ્થાઓને તીર્થંકર ભગવાનનું નામ આપવું યોગ્ય છે ? આવી સંસ્થાઓને અહિંસક સમાજ દાન આપે એ સમાજ પોતાના ધર્મના સિદ્ધાંતોની જ હિંસા નથી કરી રહ્યો ? વાસ્તવમાં એલોપથીની દવા કે રોગ ઉપાયની જે પદ્ધતિ શોધાઈ છે એ એક વૈજ્ઞાનિક પ્રયોગોથી શોધાયેલા 'સત્યો' છે. એમાં 'જીવો જીવસ્ય જીવનમ્'નું સત્ય છે. અન્યોના જીવનને બચાવવા માટે થતા પ્રાણી પ્રયોગોને હિંસા કહેવી કે માનવ જીવન માટેનું એ બધાંનું સમર્પણ કહેવું ? એલોપથી કે કોઈ પણ 'પથી'માં શક્તિ છે તો એમાં મર્યાદા પણ છે. કુદરતી ઉપચારની જ્યાં સીમા પૂરી થાય છે ત્યાં એલોપથીની મદદ લેવી જ પડે છે. પરંતુ એનો ઉપયોગ કરતી વખતે એની પાછળ રહેલા 'હિંસા'ના તત્ત્વ માટે આપણે સભાન રહેવું તો જોઈએ જ.

જૈન દાનવીર સમાજે ડૉ. ભમગરાના 'સત્ય' ઉપર ચિંતન કરવું જરૂરી તો છે જ. ઉપરાંત એ પણ સત્ય છે કે આ દાનવીર સમાજ હવે આયુર્વેદ અને કુદરતી ઉપચાર કેન્દ્રો તરફ પણ પોતાના દાનનો પ્રવાહ વહેતો કરી રહ્યો છે. અને દેશના ખૂણે ખૂણે નવા કુદરતી ઉપચાર કેન્દ્રો ખુલી રહ્યાં છે.હમણાં જ અમને કચ્છના ખારોઈ ગામમાં નવા ખુલેલા કુદરતી ઉપચાર કેન્દ્ર જોવાની તક મળી અને અમે પ્રસન્ન થયાં.

પરંતુ ખેદ સાથે કહેવું પડે છે કે આમાંના ઘણાં કુદરતી ઉપચાર કેન્દ્રો ગાંધીજીના સિદ્ધાંતથી ઘણાં દૂર થઈ ગયાં છે. ઘણાં તો ફાઈવ સ્ટાર આરામ કેન્દ્રો જેવા બની ગયા છે. ગરીબ કે મધ્યમ વર્ગનો એમાં પ્રવેશ અશક્ય છે. એમાં એલોપથી કે હોમીયોપથી સિવાય બધી જ 'પથી'ઓની સગવડતા હોય છે, એ આ લખનારનો જાત અનુભવ છે. આવા કેન્દ્રોનું વેપારીકરણ થઈ રહ્યું હોય એમ લાગે છે. સંપૂર્ણ કુદરતી ઉપચાર કેન્દ્રો કેટલા ? આ દિશામાં પ્રાકૃતિક ચિકિત્સકો ગંભીર વિચારણા નહિ કરે, કે કોઈ એવા નિયમો નહિ બનાવે તો, 'ગ્રાહકો'ની સગવડ માટે આવા કેન્દ્રોમાં એક વિભાગ એલોપથીનો પણ પ્રવેશી જશે અને કુદરતી ઉપચારનો 'આત્મા' શોધ્યો નહિ જડે.

પરંતુ જૈન ધર્મના સિદ્ધાંતોને આપણે પૂરેપૂરા વફાદાર રહેવું હોય તો પ્રત્યેક જૈને કુદરતી ઉપચાર પદ્ધતિ અપનાવવી પડશે, અને દાનવીરોએ પણ આવા કેન્દ્રોની અનુમોદના કરવી જોઈશે, એમાં જ પૂર્ણ અહિંસાનો ભાવ છે.

ડૉ. ભમગરાએ આપણા દેરાસરમાં અને મીઠાઈઓ ઉપર વપરાતા

સોના-ચાંદીના વરખમાં રહેલા હિંસા તત્ત્વને આપણી સમક્ષ મૂક્યું છે. આ વિશે અન્ય સ્થળેથી માહિતી પ્રાપ્ત કરી તો જાણવા મળ્યું કે:-

એક કિલો વરખનું ઉત્પાદન કરવા માટે ૧૨,૫૦૦-બાર હજાર પાંચસો જીવોની હત્યા થાય છે.-'વરખને ટીપવા માટે જે કુમળું ચામડું વપરાય છે'-ભારતમાં અંદાજે વીસ હજારથી વધુ જૈન દેરાસરો છે, તેમાં રોજ ત્રણ ગ્રામ લેખે વાર્ષિક એક કિલો વરખ વપરાય છે. એટલે વીસ હજાર કિલો વરખ બનાવવા ૨૫ કરોડ જીવોની હિંસા થાય છે. ઈન્ટરનેટ પર ગુગલ ડોટ કોમ સર્ચ ઇન્જીનમાં માત્ર varakh સર્ચ આપો, અને આ વેબ સાઈટ જૂઓ, આપણા રુંએરુંઆ પોકારી ઊઠશે અને પશ્ચાતાપના સાગરમાં આપણે ધકેલાઈ જઈશું. (માહિતી શ્રી દિલીપ ભગુભાઈ શાહના પરિપત્રમાંથી)

ઉપરાંત આરોગ્યની દૃષ્ટિએ જોઇએ તો આવા વરખમાં ચાંદી ઓછી, પણ અન્ય ધાતુ એલ્યુમિનિયમ, તાંબુ, ક્રોમિયન, નિકલ અને સીસુંનો પણ સમાવેશ કરાય છે. જે હૃદય, તેમજ યકૃત વગેરે શરીરના અંગોને હાની પહોંચાડે છે.

આવા ચાંદીના વરખના ઉપયોગના નિષેધ માટે કેમ આપણે હજુ જાગતા નથી?

ડૉ. ભમગરાની ઉપરની બે પુસ્તિકા વાંચતા આપણા આત્મામાંથી અવશ્ય અવાજ ઊઠે કે આપણે કેટલા અહિંસક છીએ? કેટલા અપરિગ્રહી છીએ?

જો કે એઓશ્રીએ જણાવેલી સૂક્ષ્મતમ અહિંસાનું આચરણ આ યુગમાં કેટલું શક્ય એ પ્રશ્ન તો છે જ, અને વેપાર તેમજ તબિબિ ક્ષેત્રે સૂક્ષ્મ હિંસાના વાતાવરણમાં આજનો સમાજ એટલો બધો આગળ નીકળી ગયો છે કે આ લાચારીનો પશ્ચાત્તાપ ક્યાં કરવો? આપણને કોઈએ ન વાર્યા? પરંતુ એ ભાવનો અહેસાસ હોવો એ પણ ખૂબ જરૂરી છે. એ લાચારી આપણને ચિંતનની ક્ષણ આપશે, અને એમાંથી કર્મબંધ ન થાય એવો ભાવ પશ્ચાત્તાપ તો જરૂર પ્રગટશે.

અહસ્તાનિ સહસ્તાનામ્ પદાનિ ચતુષ્પદામ્ ।
ફલ્ગુનિ તત્ર મહતામ્ જીવો જીવસ્ય જીવનમ્ ।।

-શ્રીમદ્ ભાગવદ્, પ્રથમ સ્કંદ, અધ્યાય ૧, શ્લોક-૪૬

આ પુસ્તિકાઓ વાંચીને આ પારસી વિદ્વાનને સવાઈ જૈન કહેવાની આપણને જરૂર ઈચ્છા થાય.

☐ ધનવંત શાહ

# માંસાહાર

☐ ડૉ. રણજિત એમ. પટેલ (અનામી)

આજથી પંચોતેર વર્ષો પૂર્વે, કડીની 'સર્વ વિદ્યાલય'માં અમારા એક વિજ્ઞાન શિક્ષક-શ્રી ડાહ્યાભાઈ હરગોવિંદદાસ જાની કરીને હતા. એ બી.એ. જી. હતા ને 'સવ્યસાચી'ના તખલ્લુસથી લેખો લખતા હતા. 'દાયકે દશ વર્ષ', 'વાસીદામાં સાંબેલું', 'ઋણમુક્તિ' અને 'The Romance of the Cow'- એમનાં પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો છે. એકવાર અંગ્રેજી ધોરણ પાંચમામાં, 'આપણો આહાર' ઉપર બોલતાં તેમણે ઈંડાં ખાવાની ભારપૂર્વક ભલામણ કરી ને વિદ્યાલય તથા આશ્રમમાં જે ઊહાપોહ થયો છે! એમની નોકરી જોખમમાં આવી પડે એવી પરિસ્થિતિ સર્જાયેલી. અને આજે? હિંસક-અહિંસક, નિર્જીવ-સજીવ કે 'બ્રાહ્મણિયા ઈંડાની' વાત જવા દો, કેટલાંક લોકો ભાતભાતનાં ચટાકેદાર માંસાહાર કરવામાં ગૌરવ સમજે છે! અમારા બીજા એક વિજ્ઞાન-શિક્ષક બંગાળી હતા...વય હશે ચાલીસેક-મચ્છી-ભાત ખાવા ટેવાયેલા પણ એકલા હતા, આશ્રમને રસોડે જમતા, માત્ર દાળભાત જ!

પૂ. બાપુને એવા મિત્રો મળ્યાં કે કુટુમ્બમાં પાકા વૈષ્ણવ સંસ્કાર છતાં યે માંસાહાર કર્યો. એમાં ઉત્તેજન મળ્યું કવિ નર્મદની એક કવિતાને કારણે. તે દિવસોમાં નિશાળોમાં કવિ નર્મદનું આ કાવ્ય ગવાતું:

'અંગ્રેજો રાજ્ય કરે, દેશી રહે દબાઈ,
દેશી રહે દબાઈ, જોને બેનાં શરીર ભાઈ!
પેલો પાંચ હાથ પૂરો, પૂરો પાંચસેંને.'

બાપુ લખે છે: 'આ બધાની મારા પર પૂરી અસર થઈ. હું પીગળ્યો. માંસાહાર સારી વસ્તુ છે, તેથી બળવાન ને હિંમતવાન થઇશ, દેશ આખો માંસાહાર કરે તો અંગ્રેજોને હરાવી શકાય, એમ હું માનતો થયો! જાણ્યે-અજાણ્યે સત્યના સેવક તો હતા જ ને માંસાહાર કરતાં માતાપિતાને છેતરવાનું થશે એ જ્ઞાન પણ ખરું. છતાંયે બળવાન, હિંમતવાન થઈ, અંગ્રેજોને હરાવી, હિંદુસ્તાનને સ્વતંત્ર કરવું હતું એટલે સુધારાની ધગશમાં માંસાહાર તો કર્યો પણ સંવેદના એવી સૂક્ષ્મ ને નાજુક કે-'મારી આ રાત્રિ બહુ વસમી ગઈ. ઊંઘ ન આવે, કેમ જાણે શરીરમાં બકરું જીવતું હોય ને રુદન કરતું હોય એમ સ્વપ્નામાં લાગે.' છતાંયે માંસવાળા પદાર્થો 'દાઢે વળગ્યા' ને એ અરસામાં પાંચ છવાર માંસાહાર કર્યો. તા. ૨૭-૭-૧૯૨૯ના દિને પૂ. બાપુનાં પુનિત પગલાં અમારી સંસ્થામાં પડ્યાં ને પાંચેક કલાકના રોકાણ દરમિયાન ત્રણેક સભાઓને સંબોધી જેમાંની બેમાં હું હાજર હતો...ત્યારે મને પૂ. બાપુની આ વાત જ યાદ આવે કે જ્યારે દેશમાં માંસાહાર કરવાની આવશ્યકતા નહોતી ત્યારે ઉપર્યુક્ત બે કારણોને લીધે કર્યો ને ઈંગ્લેન્ડમાં ભણવા ગયા ત્યારે બધી જ અગવડો વેઠીને પણ માંસાહારનો ત્યાગ કર્યો.

આઠ દશ વર્ષ સુધીમાં, દાદા-દાદીની વાતોમાં, 'માણસ ગંધાય, માણસ ખાઉ'-રાક્ષસોની વાતો સાંભળેલી. અંગ્રેજી બીજા-ત્રીજા ધોરણમાં અમારે 'રેપીડ રીડીંગ'માં રતિપતિરામ પંડ્યાની 'લઘુ રામાયણ' ને 'લઘુ મહાભારત' પાઠ્યપુસ્તકો હતાં.તેમાં તપ કરતા ઋષિઓને ખાઈને રાક્ષસોએ કરેલા હાડકાંના મોટા ઢગલાની વાતો આવતી ત્યારે માણસના માંસાહાર (કેનીબાલિઝમ)ની કલ્પના જ નહીં ! સાચું કહું તો ૮૮ સાલમાં મેં કેવળ એક જ જણને માંસાહાર કરતાં પ્રત્યક્ષ જોયો છે. સને ૧૯૩૨માં સાબરમતી સેન્ટ્રલ જેલમાં-છોટા સર્કલમાં-ફાંસીખોલીમાં-શ્રી મનમોહન ગુપ્તાને. ત્યારે મને ઉલટીની અસર થયેલી. મારા શ્રીમતીને તો પાકા મોટા લાલ ટમેટામાં પણ માંસનો પિંડ દેખાતો. એને ટમેટા ખાતી કરવા માટે મારે ભારે પુરુષાર્થ કરવો પડેલો !

માંસાહાર કરતા મારા સારામાં સારા મિત્રો પ્રત્યે મને કદાપિ ઉમળકો આવ્યો નથી. આ મારી મર્યાદા ગણાય. ભલી લાગણી, સારો વ્યવહાર રખાય પણ હૃદયના ઉમળકાની તો વાત જ જુદી! કૃષિસંસ્કૃતિનો વિકાસ નહીં થયો હોય ને જીવવા માટે કેવળ શિકાર ને માંસાહાર જ વિકલ્પ રહ્યો હશે ત્યારે એ પરિસ્થિતિ સહ્ય ગણાઈ હશે; પણ જ્યારે ધન ધાન્ય ને ફળો જીવન જીવવા માટે પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ થયાં હશે ને છતાંયે માંસાહાર ને પશુહિંસા પ્રવર્તમાન હોય એનું કારણ શું ? અમુક કોમો માટે તો માંસ-મદિરા જાણે કે જીવનનો સામાન્ય આહાર હોય એવી પરિસ્થિતિ સમાજમાં જોવા મળે છે. આજે એકવીસમી સદીમાં તો મોટા શહેરોમાં 'ઇટ-ડ્રીન્ક કલબો' નીકળી છે જેમાં વાણિયા, બ્રાહ્મણ-પટેલો પણ માંસ-મદિરાની જયાફત કશા પણ સંકોચ વિના ઉડાવે છે! ને એમાં અદ્યતનતાનો અહેસાસ કરે છે !

પૂ. બાપુએ જ્યારે માંસાહાર કર્યો ત્યારે સામાજિક-ધાર્મિક પરિસ્થિતિ કેવી હતી ? તેઓ લખે છેઃ 'ગાંધી કુટુંબ વૈષ્ણવ સંપ્રદાયનું. માતા-પિતા અતિ ચુસ્ત ગણાતાં. **વળી ગુજરાતમાં જૈન સંપ્રદાયનું બહુ બળ. એની અસર દરેક સ્થળે, દરેક પ્રવૃત્તિમાં જોવામાં આવે એટલે માંસાહારનો જે વિરોધ, જે તિરસ્કાર ગુજરાતમાં અને શ્રાવકોમાં ને વૈષ્ણવોમાં જોવામાં આવે છે તેવો હિંદુસ્તાનમાં કે આખા જગતમાં, બીજે ક્યાંય જોવામાં નહીં આવે. આ મારા સંસ્કાર.'**

આખી દુનિયા જ્યારે માંસાહાર કરતી હોય ત્યારે હિંદુસ્તાન ને તેમાંયે ગુજરાત મોટે ભાગે માંસાહારથી મુક્ત રહે એને હું દુનિયાની મોટામાં મોટી અજાયબી ગણું છું. કેટકેટલા વર્ષોના કેટકેટલા મહાપુરુષોના પુરુષાર્થને પ્રતાપે આ સિદ્ધિ પ્રાપ્ત થઈ હશે ? આ જેવી તેવી સિદ્ધિ ન ગણાય. બુદ્ધ-મહાવીરના કાળમાં યજ્ઞો ને યજ્ઞોમાં થતી હિંસાનું પ્રાબલ્ય હતું. યજ્ઞોમાં હોમાતાં પશુઓનું માંસ 'પ્રસાદ' બની જતું ! યજ્ઞોની આ મહા વિડંબના, મહા પ્રતારણા હતી. ભવભૂતિના 'ઉત્તર રામચરિત'માં, આશ્રમમાં ઋષિ-અતિથિનું આગમન થતાં અભ્યાસમાંથી મુક્તિ ને અતિથિ-સત્કાર માટે વાછરડાના બલિદાનની વાત આવે છે. વાલ્મિકી રામાયણમાં સીતા હરણનું માંસ પકાવી રામ લક્ષ્મણને જમાડે છે. ઋષિઓ પણ માંસાહારથી મુક્ત નહોતા. આવી પરિસ્થિતિમાંથી આપણા પુણ્યશાળી ને પ્રભાવંત પૂર્વજોએ હિંદને અને ખાસ કરીને ગુજરાતને હિંસા ને માંસાહારમાંથી મુક્તિ અપાવી એ રાજા ભગીરથ કરતાંય મોટો પુરુષાર્થ ગણાય-ગણાવો જોઈએ.

શ્રી સંઘદાસગણિ વાચક-વિરચિત 'વસુદેવ-હિંડી'નો રચનાકાળ નિશ્ચિત નથી પણ આંતરબાહ્ય પ્રમાણોને આધારે અને 'આવશ્યક-ચૂર્ણ'માં ત્રણ ત્રણ વાર મળતો 'વસુદેવ-હિંડી'નો ઉલ્લેખ ઇસવી ૩૦૦ ની આસપાસ તેની રચનાની ઉત્તર મર્યાદા સ્થાપિત કરે છે પણ ગ્રંથની અત્યંત પ્રાચીન ભાષા, તે કરતાંયે જૂનો રચનાકાળ સૂચવે છે, એ વસુદેવ-હિંડી'માં, 'બાલચન્દ્રા લંભક'માં માંસભક્ષણ વિષે ચર્ચા આવે છે; તેમાં ચિત્રમતિ, રાજા સુમિત્રને માંસ ખાવાના ફાયદા ગણાવતાં કહે છેઃ

**'નિરામિષ આહાર કરતાં તમારા શરીરને હાનિ થશે અને તેથી ધર્મ, અર્થ અને કામની હાનિ થશે.'** દલીલોને અંતે રાજા સુમિત્રે મુશ્કેલીથી માંસ ખાવાનું તો સ્વીકાર્યું પણ પ્રાણીવધને કારણે ઘણું પાપ ઉપાર્જન કરીને નારક, તિર્યંચ અને હલકા મનુષ્યોમાં કર્કશ એવાં શારીરિક અને માનસિક દુઃખો વડે અનુબદ્ધ ઘણાં જન્મ-મરણ અનુભવતો તે રાજા અપાર્ધ પુદ્ગલ પરિવર્ત સુધી સંસારમાં ભમ્યો. માંસભક્ષણની ચિત્રમતિની દલીલ, ચૌદસો સાલ બાદ, ભિન્ન કારણોને લીધે પૂ. બાપુની બાબતમાં સાચી પડી!

'બાલચન્દ્રાલંભક'માંની ચિત્રમતિ ને સુમતિની દલીલો-માંસભક્ષણ વિષયક જાણવા જેવી છે. ચિત્રમતિ રાજા સુમિત્રને કહે છેઃ 'હે દેવ ! મેં પૌરાગમ-રસોઈના શાસ્ત્રનો અભ્યાસ કર્યો છે; તો મારો એ પરિશ્રમ હવે સફળ થાઓ. તમારાં બળ અને તેજની વૃદ્ધિ માટે માંસની વાનીઓના પ્રકાર હું બનાવીશ. આજ્ઞા આપો.' એટલે સુમિત્રે કહ્યું : 'ચિત્રમતિ! પ્રાણીવધ વડે હું મારા પ્રાણનું પાલન નહિ કરું. તારું બોલવું સારું નથી.' એટલે તે કહેવા લાગ્યોઃ 'જે પોતે હણે-હણાવે અથવા અનુમોદન આપે તે પાપનો અનુભવ કરે છે, એટલે તમારે વિચાર કરવાનો નથી. જે બીજાએ આણેલું માંસ વેચાતું લઈને ખાય તેને શો દોષ છે ?' રાજા બોલ્યોઃ 'સ્વાદિષ્ટ અને સોંઘા માંસની ઇચ્છા રાખતો ખરીદનાર વધમાં અનુમતિ આપે છે. ઘાતકો પણ જ્યાં માંસ ખવાતું હોય ત્યાં દૂર સુધી પણ માંસ લઈ જઈને વેચે છે. અભક્ષ્ય એવા કૂતરા, ગધેડા, કાગડા વગેરેને તેઓ મારતા નથી. ખરીદનારાઓ ઘણાં છે એમ જાણીને જીવતાં પ્રાણીઓને તેઓ છાનાં રાખી મૂકે છે અને મૂલ્ય મળે ત્યારે તે જ ક્ષણે તેમનો નાશ કરે છે. એમ હોય તો પછી અનુમતિ કેમ ન ગણાય ?' ચિત્રમતિ બોલ્યોઃ 'કુશળ ચિત્તવાળો જે અનાસક્તપણે ખાય છે તેને વધથી થતો દોષ

સંભવતો નથી.' એટલે રાજાએ કહ્યું: 'માંસ ભક્ષણમાં વધની અનુમતિ હોવાથી દોષ છે જ. ભંડારને દેશાન્તરમાં લઈ જવાની બુદ્ધિથી હાથને પીડા ન થાય એવું નથી. એ જ પ્રમાણે પોઠિયાને પીડા ન થાય તો ભંડાર દેશાન્તરમાં લઈ જઈ શકાય? તેવી જ રીતે માંસ ઘણું અને સોંઘું મળે અને પ્રાણીઓનો વધ પણ ન થાય એ વસ્તુ સંભવિત નથી.' પછી ચિત્રમતિએ કહ્યું: 'જો બીજાએ મારેલાનું માંસ ખાવામાં પ્રશસ્ત ચિત્તવાળાને પણ દોષ લાગે તો તે જ પ્રમાણે જેઓ શંખ, મોતી, દાંત, પીછાં, પત્રોર્ણા વગેરેનો ઉપભોગ કરે છે તેઓ પણ માંસાહારીઓના સરખા થશે-ગણાશે.' રાજાએ કહ્યું: 'તેઓ સરખા ન થાય. તેમાં તફાવત છે-તે વસ્તુઓ (શંખ, મોતી, દાંત આદિ) ઘણાં પુરુષોની પરંપરાથી પણ પ્રાપ્ત થાય છે, તૈયાર મળે છે તે પણ અનેક કારણથી ઉત્પન્ન થયેલ હોય છે અને ઘણાં કાળ સુધી તેનો ઉપભોગ થઈ શકે છે. પોતાની મેળે મરણ પામેલાં પ્રાણીઓનાં (શરીરની એ વસ્તુઓનો) પણ ઉપયોગ થઈ શકે છે. માંસની બાબતમાં તો ઘાતક હોય છે તે જ વેચનાર હોય છે. રસલોલુપ મનુષ્ય હોય તો તે પોતે વધ કરે અથવા તેની અનુમતિ આપે એમાં રાગ એ કારણ છે-એ તફાવત છે. મધ પાડનાર ને વનને દવ લગાડનાર મનુષ્ય પણ નિર્દોષ થાય, કેમકે તેમની મધ એકઠું કરવાની ઇચ્છા હોય છે, અને નહીં કે મૃગ, સર્પ, કીર વગેરેનો વધ કરવાની. માટે વધના કારણરૂપ વધને જ ટાળવો, જેમ મરણથી ડરનારાએ મરણના કારણને જ ટાળવું. જેમકે કોઈ રાજાનો સ્વાદિષ્ટ ફળવાળો આંબો હતો. તેથી તેણે ઘોષણા કરાવી કે જે કોઈ આંબાએ આપ્યા વગરનું ફળ ચોરશે તેને શરીર-દંડ કરવામાં આવશે. તે સાંભળીને લોકો તે ફળનું ગ્રહણ અથવા દર્શન પણ દૂરથી ટાળતા હતા. તે જ પ્રમાણે પ્રાણીવધના ભીરુએ બંધ અને વધના હેતુરૂપ હોવાથી પ્રાણીવધનો દૂરથી ત્યાગ કરવો. માંસના લાલચુઓ વડે વધ કરાતાં પ્રાણીઓની બાબતમાં જેઓ પોતે અનુમતિ આપે તેઓ પૂર્વકૃત્યને કારણે તે પ્રકારનું મરણ પામે છે; જે વધ કરનારાઓ અને અનુમતિ આપનારાઓ હોય છે તેઓ પણ પોતાના દુષ્કૃત્યનું ફળ અનુભવશે.'

માંસાહારની વાત નીકળી છે ત્યારે મને સને ૧૯૪૦ નો એક કિસ્સો યાદ આવે છે. શ્રી રજની વસાવડા, શ્રી જયદેવ શુકલ, શ્રી હરિહર ત્રિવેદી ને હું ત્યારે અમદાવાદની ગુજરાત કૉલેજમાં બી.એ.માં ભણતા હતા. રીસેસમાં એક રેસ્ટોરાંમાં ચા પીવા ગયા. એક ટેબલ ઉપર માંડ ગોઠવાયા હોઈશું ત્યાં તો અમારામાંથી શ્રી જયદેવ શુકલ એકદમ ત્વરાથી ખુરશીમાંથી ઉઠી ટેબલ નીચે આશરો લીધો. અમને ત્રણેને આશ્ચર્ય થયું. અર્ધી મિનિટ પછી તેઓ ખુરશીમાં ગોઠવાયા. આ 'રમત'નું અમે રહસ્ય પૂછ્યું તો કહે: 'આપણે આ ટેબલ ઉપર ગોઠવાયા ત્યારે મારા ગામના એક ઓળખીતા ભાઈ કાઉન્ટર ઉપર બીલ આપવા ઊભા હતા. ભૂલેચૂકે જો એ મને જોઈ જાય ને ઘરે જઈને મારા પિતાજીને વાત કહે તો પિતાજી મારી ઓખાત બગાડી નાખે.' બ્રાહ્મણનો દીકરો થઈને હૉટેલ-રેસ્ટોરાંમાં ચા પીતાં શરમ નથી આવતી?' આજે તો મારી પાસે એટલા બધા કિસ્સા છે કે જેમને માંસાહાર કરતાં પણ શરમ કે સંકોચની લાગણી થતી નથી. ત્રણેક દાયકા પૂર્વેની મારી કામ કરનારી ઘરે સાસુ-સસરા જાણે નહીં એવી સિફતથી માંસાહાર કરવા હૉટેલોમાં જતી. મારા એક મિત્રની પુત્રવધૂ, મ.સ. યુનિવર્સિટીની હોમ સાયન્સની ગ્રેજ્યુએટ, આજથી અઢી દાયકા પૂર્વે, સાસુ સસરાની જાણ બહાર અનેકવાર નોન-વેજ માટે જતી. એક પ્રોફેસર-દમ્પતી. બ્રાહ્મણ પતિને માંસાહારનો ચસકો, પત્નીને નફરત, વેજ-નોન વેજ માટે છાશવારે સંઘર્ષ થાય. બીજા એક દમ્પતીએ તો એક જ ઘરમાં બે રસોડાં કરેલાં.

સને ૧૯૪૩માં અમો પાંચેક મિત્રો એમ.એ.ની સાથે સાથે એલએલ.બી. પણ કરતા હતા. એલએલ.બી.ની પરીક્ષા મુંબઈ આપવા ગયા ત્યારે અમારો એક મિત્ર જીતાલીનો શ્રી ઇસ્માઇલ પટેલ પણ હતો. પરીક્ષા પત્યા બાદ એકવાર તે અમોને મુંબઈની કોઈ હૉટેલમાં લઈ ગયો. નાસ્તાપાણી કરાવ્યાં. બધું પત્યા બાદ મને કહે: 'અનામીજી! નાસ્તો કેવો લાગ્યો? મેં કહ્યું: 'સરસ'. એ કહે: 'પણ તમે શું ખાધું એની ખબર છે?' મેં કહ્યું: 'ના'. તો કહે: 'એ વાનગી મચ્છીની હતી.' ઇસ્માઇલના કાકા, સને ૧૯૪૨ની ચળવળ વખતે અમદાવાદમાં ડી.એસ.પી. હતા. અંતરથી રાષ્ટ્રવાદી હતા. ઇસ્માઇલ પણ આચાર વિચારે લગભગ હિંદુ જેવો હતો. એના મોટા ભાગના મિત્રો હિંદુઓ હતા, પણ કોણ જાણે મજાક કરવા તેણે અમને અંધારામાં રાખી મચ્છીની વાનગી ખવડાવી દીધી! બકરું ગાંધીજીના પેટમાં બેં બેં કરતું હતું, મચ્છી છ દાયકા બાદ પણ મારા પેટમાં સરવરાટ કરે છે!'

છેલ્લાં કેટલાંક વર્ષોથી આહારની બાબતમાં આપણે બેદરકાર, બેજવાબદાર ને પ્રમાદી બન્યા છીએ. પોષક, પૌષ્ટિક ને પથ્ય આહારને બદલે જીભને ચટાકેદાર લાગે એવા ફાસ્ટ ફૂડ, ઈન્સ્ટન્ટ ફુડ, પંજાબી-ચાયનીઝ-ઇટાલિયન વાનગીઓ પાછળ મૂઢ બન્યા છીએ. પેટ અને પ્રકૃતિને પૂછીને ખવાતું નથી, પણ હાડકાં વિનાની નવટાંકની જીભનું, લાલન પાલન કરવામાં આવે છે. માંસાહારમાં કેટલાકને પ્રોટીનના દર્શન થતાં હોય છે. કેટલાક રસલોલુપોને એની પોષકશક્તિ કરતાં એના મસાલાની મિસાલમાં મઝા આવતી લાગે છે! જે લોકો ભૂંડને કાદવમાં ખરડાતાં ને મળવિષ્ટા આરોગતાં જુએ તેમને એનું માંસ ખાવામાં કઈ રુચિ ને કયો રસ છે તે સમજાતું નથી. અરે! માંસાહારીઓ જો એકવાર કતલખાને જઈને વધેરાતાં પ્રાણીઓની વેદના જુએ તો જિન્દગીભર માંસ સામે જોવાનું ભૂલી જાય. આ પ્રશ્નનો જવાબ આપો: 'તમે માંસાહાર કરો છો? તો કતલખના પર જઈ કોઈ પશુની જાતે કતલ કરવા તમો તેયાર થશો? જવાબ 'ના' માં હશે. નારી જીવનની ચાર ભૂમિકા ભજવવા સર્જાઈ છે.

'ભોજયેષુ માતા, શયનેષુ રંભા,
કાર્યેષુ મંત્રી, કરણેષુ દાસી.'

ભલે એ રંભા, મંત્રી કે દાસી ન બને પણ ભોજ્યેષુ માતા બને, આહાર, પોષણ ને સંયમની બાબતમાં સજાગ બને તો ગૃહજીવનના ઘણા પ્રશ્નો ઉકલી જાય; બાકી અત્યારની પરિસ્થિતિ ચાલુ રહી તો અકબર ઇલાહાબાદીનો શયર યાદ કરવો રહ્યો:

'દૂધ તો ડીબ્બેકા હય, તાલીમ હય સરકાર કી,
તીફ્લ મેં બૂ આયે કૈસે, માબાપ કે અકલાત કી?' ✱✱✱

૨૨/૨, અરુણોદય સોસાયટી,
અલકાપુરી, વડોદરા-૩૯૦૦૦૭.

---

# કીર્તિમાં તરવાનું હોય, ડૂબવાનું નહિ!

❑ મલૂકચંદ રતિલાલ શાહ

આપણી ભારતીય સંસ્કૃતિમાં જીવનમાં ચાર પુરુષાર્થ બતાવ્યા છે: ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ધર્મના પાયા ઉપર મોક્ષના લક્ષે અર્થ અને કામ સાધવાના હોય છે. તેમાં જીવનમાં કંચન, કામિની અને કીર્તિ આપણાં સંસારમાં સામે આવે છે. તે બધામાંથી આપણે પસાર થઈ જવાનું હોય છે.

માણસ પચાસની ઉંમર વટાવે એટલે 'એકાવન'માં તેને પ્રવેશ થતાં ૫૦ થી ૬૦ ની ઉંમરના ગાળામાં તેનો વાનપ્રસ્થાશ્રમ શરૂ થાય છે. એટલે તે વનમાં જાય કે નહિ પરંતુ ઘર સાથેનો તેનો સ્વાર્થસંબંધ છૂટતો જઈ પોતાની જાતને વ્યાપક બનાવતો તે સમાજસેવામાં નિ:સ્વાર્થપણે જોડાય છે. આ રીતે ૫૦ ની આગળની વયજુથમાંથી આપણો કાર્યકર્તાવર્ગ આવે છે, કે જે કંચન અને કામિનીમાંથી જેટલે અંશે પરવાર્યા હોય તેટલે અંશે સમાજસેવામાં વધુ સારી પ્રગતિ કરી શકે છે, અને એ રીતે એ સેવાના ફળ રૂપે તેને યશકીર્તિ કે સન્માન મળે છે.

સમાજ કે કેટલીક સામાજિક સંસ્થાઓ બધે પગાર આપી શકે નહિ; પરંતુ પોતાના કાર્યકર્તાનું સન્માન કરી શકે. બીજી બાજુ કાર્યકર્તાને પણ કંચન, કામિની અને પછી કીર્તિ આકર્ષતી હોય છે. જે મળી રહેતાં સેવાકાર્યમાં તેનો ઉત્સાહ વધતો રહે છે. જેમ દુષ્ટ કાર્યોનો અપયશ કોઇનેય ન ગમે તેમ સેવાકાર્યનો સુયશ સહુને પ્રિય હોય છે. જેમ સીડી ઉપર ચડવા ઉપયોગી છે પરંતુ ચડી ગયા પછી તેનો ખપ નથી. તેમ કાર્યકર્તાને પણ યશકીર્તિ રૂપી સીડી ઉપયોગી છે, પરંતુ આખરે તો તેને પણ સીડીની જેમ છોડવાની છે. એટલે કે કંચન, કામિની અને છેવટે કીર્તિ પણ મેળવીને પછી તેમાંથી પણ મુક્ત થવાનું હોય છે. સેવાનું સન્માન છે; પોતાનું નથી એમ સમજનાર નેતા કે કાર્યકર્તા કીર્તિની ઝંખનાથી પણ મુક્ત થતા જાય છે.

કાર્યકર્તાએ કીર્તિમાં તરતા છતાં, તેને વેલકમ (Wel Come) કહેવા છતાં, તેનાંથી અલિપ્ત-વીતરાગ-રહેતાં શિખવાનું છે. બાકી યશ, કીર્તિ, માન (ની કામના) મોટા મોટા સંત-સતીને પણ ક્યાં છોડે છે! શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે, 'માન ન હોત તો અહીં જ મોક્ષ હોત.' રામકૃષ્ણ પરમહંસે લખ્યું છે કે, 'કંચન, કામિની અને કીર્તિ...એ ત્રણેની વાસના ઉપરનો વિજય ઉત્તરોત્તર કઠિન છે. અંગ્રેજીમાં પણ સુભાષિત છે કે Desire of glorious is the last garment that even Wise Men just off. એટલે કે જ્ઞાનીપુરુષની છેલ્લી ઇચ્છા-છેલ્લું વસ્ત્ર-એ કીર્તિની કામના હોય છે જે છેલ્લી છૂટે છે. આમ કીર્તિ-વાસના જીતવી ઘણી દુષ્કર છે. અને એથી એની મધલાળમાં ફસેલ કાર્યકર્તા પોતે વધારે 'મોટો' થવા સાથી કાર્યકર્તાને ખોટી ખટપટોથી પછાડીને સેવાને બદલે કુસેવા કરી નાખે છે. આ એવું વર્તન છે કે જેમાં એક લાઈન-લીટી પોતે વધુ 'મોટી' છે એ સાબિત કરવું હોય તો પોતે વધુ અને વધુ આ રીતે—લાઈન ખેંચીને, એટલે કે સદ્ગુણો વધારીને મોટા થવું જોઈએ; તેના બદલે પોતાની મોટાઈ કે સદ્ગુણો વધારવાને બદલે, બીજાની લાઈન કાપી (શક્ય તેટલી ભૂંસી) નાખી એટલે કે તેનાં પર ખોટાં દોષારોપણ નિંદા વિગેરે કરીને, એ રીતે પોતાની લાઈન મોટી કર્યા વિના પણ પોતાને 'મોટો' ઠરાવે છે. કાર્યકર્તાઓમાં ચાલતી આ ખટપટો એ આ રીતે કીર્તિદેવીને પોતે જ વરવાની જહેમતનો ઇતિહાસ છે.

આપણી સામાજિક સંસ્થાઓમાં કે અન્યત્ર ચાલતી યશ, માન કે હોદ્દાની આવી ખટપટો જોઈને કવિ કહે છે કે 'સ્તુતિ કે કીર્તિરૂપી આ સુકન્યા મુશ્કેલીથી જ વેદી શકાય એવા કન્યાકાળને તે પસાર કરી રહી છે! કારણ કે સજ્જનો, સંતો કીર્તિરૂપી કન્યાને પસંદ નથી કરતા અને કીર્તિ માટે ખોટી ખટપટો કરનાર અસંતો-દુર્જનોને કીર્તિ પોતાના વર તરીકે પસંદ નથી કરી શકતી! આ રીતે બિચારી કીર્તિ દીર્ઘકાળથી અસહ્ય કુંવારાપણું વેદી રહી છે! આ રહ્યો તે શ્લોક...

अद्यापि दुर्निवारं स्तुतिकन्या वहति कौमारम् ।
सद्भ्यो न रोचते साऽसान्तः तस्यै न रोचन्ते ।।

તો આપણે સદૈવ યાદ રાખીએ કે કીર્તિમાં તરવાનું હોય, ડૂબવાનું નહિ! ✱✱✱

બી/૮, વર્ધમાન કૃપા સોસાયટી,
સોલા રોડ, અમદાવાદ-૩૮૦૦૬૧.

# શ્રી ગુલાબદાસ બ્રોકર : સંબંધની સુગંધ

☐ પ. પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ

*(પૂ. ગુલાબદાસભાઈ ગુજરાતી નવલિકા ક્ષેત્રે ઊજળું નામ, જન્મે જૈન પણ સર્વ ધર્મના અભ્યાસી ચિંતક, 'પ્રબુદ્ધ જીવન'ના નિયમિત વાચક, શ્રી મુંબઈ જૈન યુવક સંઘની સર્વ પ્રવૃત્તિઓના પ્રોત્સાહક અને ગઈ કાલ તેમજ આજના સર્વ કાર્યકરોના મિત્ર અને મુરબ્બી સ્નેહી, એટલે મેં એઓશ્રી વિશેના શ્રદ્ધાંજલિ લેખનો આરંભ કર્યો, ત્યાં જ પ. પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપનો લેખ પ્રાપ્ત થતાં એ લેખ જ અહીં પ્રસ્તુત કરીએ છીએ.*

*ગુજરાતી સાહિત્યમાં પદ્ય ક્ષેત્રે તેમજ ગદ્ય ક્ષેત્રે સર્જક જોડલી છે, જેમકે સુંદરમ્-ઉમાશંકર, મુનશી-ધૂમકેતુ, તેમ ચુનીલાલ મડિયા અને ગુલાબદાસ બ્રોકર. બન્નેની કલાત્મક અને ચિંતનાત્મક નવલિકા વાંચીએ એટલે આપણને રશિયાનો ચેખોવ, અમેરિકાનો ઓ હેન્રી અને ફ્રાન્સનો મોપાસા યાદ આવી જાય.*

*મારો પૂ. બ્રોકર સાહેબનો અંગત પરિચય, એક જ વિનંતિમાં અમારી સિડન્હામ કૉલેજના સાહિત્ય મંડળમાં વ્યાખ્યાન આપવાનું હોંશે હોંશે સ્વીકાર્યું, એવું જ અન્ય કાર્યક્રમો માટે. અંગત રીતે મને એઓશ્રીનો અઢળક પ્રેમ અને પ્રોત્સાહન તો મળ્યા છે જ, પરંતુ ૧૯૭૫ની આસપાસ, અમે કૉલેજમાં કલાપી જન્મ શતાબ્દી ઉજવી ત્યારે 'કલાપી દર્શન' પુસ્તક માટે એઓશ્રી પાસે હું લેખ લેવા ગયો ત્યારે એઓશ્રીએ મારામાં 'રાજવી કવિ કલાપી' નાટક લખવાનું બીજ રોપ્યું. એ એવી તે પરમ શ્રદ્ધાથી રોપ્યું કે પચીસ વરસ પછી એ નાટક લખી શક્યો. આજે નત્ મસ્તકે એઓશ્રી પ્રત્યેનું આ ઋણ વ્યક્ત કરી એઓશ્રીના અક્ષર અને આત્માને વંદના કરું છું. –ધનવંત)*

ઉમદા વ્યક્તિત્વ, સ્નેહાળ સ્વભાવ અને પ્રસન્ન મન ધરાવતા ગુજરાતી ભાષાના ઉત્તમ વાર્તા લેખક શ્રી ગુલાબદાસ બ્રોકર તા. ૧૦-૬-૦૬ના અવસાન પામ્યાનું જાણ્યું ત્યારથી મનમાં વિષાદ ઘેરી વળ્યો છે. વર્ષોના પરિચયની સુગંધ હવે જીવનભર માણવાની છે.

સં. ૧૯૭૬/૭૭ માં અમે ગોધરા ચાતુર્માસ હતા ત્યારે મારો પહેલો નાનકડો વાર્તા સંગ્રહ 'ઝાકળ બન્યું મોતી'ની એક નકલ તેમને મોકલેલી. થોડાંક દિવસમાં વાર્તાઓની પ્રશંસા કરતો પત્ર આવી પહોંચ્યો. એ પત્ર સંબંધ તો વિકસ્યો અને અમે સં. ૧૯૮૦માં વિલેપાર્લે (વેસ્ટ) મુંબઈમાં ચાતુર્માસ રહ્યા. ચાતુર્માસ પ્રવેશના બીજા જ દિવસે ત્યાંનાં સંઘના કાર્યકર શ્રી રસિકભાઈ શાહ સાથે હું, તેમને જણાવ્યા વિના, તેમના ઘરે પહોંચ્યો અને રસિકભાઇએ મારો પરિચય કહ્યો કે 'મુનિ વાત્સલ્યદીપજી' છે. તે સમયે ગુલાબદાસભાઈ મને થોડીક વાર જોયા કરે અને પછી કહે: 'તમે તો સાવ નાના છો, હું તો ઉંમરલાયક ધારતો હતો.'

મેં કહ્યું; 'હું બહુ ડાહી ડાહી વાતો લખતો હતો માટે તમે એમ માનતા હશો.'

એ ખિલખિલાટ હસી પડ્યા–જે માત્ર શ્રી બ્રોકર જ હસી શકે.

પ્રત્યક્ષ પરિચયનો એ પ્રારંભ દૃઢ થતો ગયો. ચાતુર્માસ દરમિયાન યોજાતા તમામ પ્રસંગોમાં તેમને આમંત્રણ પહોંચતું અને ઉષ્માભેર આવતા. શ્રી ઘેલાભાઈ કરમચંદ જૈન ઉપાશ્રયના જિનાલયમાં પૂ. યોગનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મ.નું વિરાટ તૈલચિત્રનું અનાવરણ ભૂતપૂર્વ પ્રધાનમંત્રી શ્રી મોરારજી દેસાઈના હસ્તે કરવામાં આવ્યું ત્યારે શ્રી ગુલાબદાસભાઈએ અત્યંત લાગણીપૂર્વક પ્રવચન કર્યું હતું.

મુંબઈના અમારા વિહાર સમયમાં તેમનો સંપર્ક સતત રહ્યો હતો. તેઓ પત્ર પણ લખતા અને અનુકૂળતાએ મળવા પણ આવતા. જ્યારે પણ મળે ત્યારે વાતો ખૂબ થાય. જીવનની અને સાહિત્યની વાતો હોય. ગુજરાતી ભાષાના તેઓ સર્વોચ્ચ વાર્તા સર્જક હતાં તેવો કોઈ ભાર તે સમયે લાગે નહિ. હું જે લખું તે જુએ, વાંચે અને પછી ક્યાંક કશુંક ખૂટતું લાગે તો એમ કહે કે–'આ અહીં જે લખ્યું છે ને તેની જગ્યાએ આવું વાક્ય હોય વધુ જામે, નહિ?' આ નમ્રતા મને હૃદયથી ભીંજવે. એકવાર એમણે કહેલું: 'વાર્તામાં હંમેશાં સતત ટૂંકા વાક્યોથી વાર્તા સુંદર બને તેવું નથી હોતું. જરૂરી કથન અને જરૂરી અર્થનિષ્પન્નતા માટે ટૂંકા વાક્યો બરાબર નથી.' આ વિધાન પ્રત્યેક ઉગતા 'ભાષાકર્મી' માટે સચોટ ગણાવું જોઈએ.

'જન્મભૂમિ'માં બુધપૂર્તિમાં શ્રી હરીન્દ્રભાઈ દવેએ મારી વાર્તાઓ પ્રકાશિત કરવા માંડી તેમાંથી તે સમયે જ મારો એક વાર્તાસંગ્રહ બહાર પડ્યો: 'રણથી ઝરણ.' પહેલી આવૃત્તિની પ્રસ્તાવના તો શ્રી હરીન્દ્ર દવેએ જ લખી. એ પુસ્તકની બીજી આવૃત્તિ તરત જ થઈ ત્યારે એની પ્રસ્તાવના શ્રી ગુલાબદાસભાઇએ ઉષ્માપૂર્વક લખી આપી. એ વાર્તાઓનું માર્મિક અવલોકન એમણે જેવું કર્યું તે પછી, અનેક વિદ્વાનોએ સમીક્ષા લખી છે છતાં, બીજા કોઇએ કર્યું નથી. તે સમયે તેઓ 'મુંબઈ સમાચાર'માં 'ગયા વર્ષો, રહ્યાં વર્ષો' નામે રવિવારીય કોલમ લખતા, તેમાં, 'રણથી ઝરણ' વિશે બે લેખો પણ તેમણે લખ્યા હતા.

એમના ઘરે જવાનું થતું ત્યારે તેમના ધર્મપત્ની શ્રી સુમનબહેન પણ મળતા. બેઠી દડીનું શરીર અને વયોવૃદ્ધ છતાં ઉમંગથી મહેમાનો સાચવવા ઘરમાં દોડાદોડ કરતા હોય. ઓછું બોલે અને સંસ્કારસંપન્ન વ્યક્તિત્વ.

મરીન ડ્રાઈવના ચાતુર્માસ દરમિયાન મેં મારું એકમાત્ર સ્તવન

લખેલું. શ્રી ગુલાબદાસભાઈને બતાવ્યું ત્યારે તેમણે તેમાં શાબ્દિક ફેરફાર કરી આપીને કહ્યું: 'આમ લખાય!' પછી હસી પડ્યા. એ પ્રસન્ન હાસ્ય કદી ભૂલાતું નથી. એ વાતના થોડાંક સમય પછી મળ્યા તો પૂછે: 'પેલું સ્તવન પછી ક્યાંય પ્રગટ થયું કે નહિ?' મેં કહ્યું: 'ના. હજી મોકલ્યું નથી, સંકોચ થાય છે.' શ્રી બ્રોકર હસી પડ્યા. એ સ્તવન પછી તો, 'દશા શ્રીમાળી'માં ડૉ. જયંત અ. મહેતાની નોંધ સાથે પ્રકટ થયું હતું.

મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં કેટલાક વર્ષો સુધી પ્રવચન આપવા મારે જવાનું થયું હતું. શ્રી ગુલાબદાસભાઈ આ વાત જાણે અને ખૂબ ખુશ થાય. 'જન્મભૂમિ'માં મારી વાર્તાઓ નિયમિત પ્રગટ થવા માંડી ત્યારે તો તેઓ અત્યંત પ્રસન્ન. જ્યારે મળે ત્યારે ખુશી પ્રકટ કરે.

શ્રી ગુલાબદાસ બ્રોકર ગુજરાતી ભાષાના સર્વોચ્ચ વાર્તાલેખક હતા તે કદી ભૂલાશે નહિ. તેમની વાર્તાઓ મેં ખૂબ વાંચી છે અને તેમની પાસેથી સાંભળી પણ છે. તેમની વાર્તાઓનો ભારતની લગભગ તમામ ભાષાઓમાં અનુવાદ થયો છે અને અનેક વિદેશી ભાષાઓમાં પણ તેમની વાર્તાઓ અનુવાદ પામી છે. માનવજીવનનો અને માનવમનનો મર્મસ્પર્શ એ વાર્તાઓના કેન્દ્રમાં છે અને વાર્તાને વાર્તા રૂપે જ કહી દઈને ખસી જવાનું તેમણે સ્વીકાર્યું તેથી એ વાર્તાઓ સવિશેષ લોકપ્રિય બની ગઈ. વિદેશમાંથી જે વાર્તાઓ તેમને ગમી તે અહીંની હવામાં તેમણે ઢાળી હતી અને તેનો એક સંગ્રહ 'પરભોમના પુષ્પો' પ્રગટ પણ થયો હતો.

શ્રી બ્રોકર સૌજન્યશીલ તો હતા જ, ધાર્મિક પણ હતા. તેઓ પૂ. મારા ગુરુદેવ, આ.મ. શ્રી દુર્લભસાગરસૂરિજી અને અમારા સૌ પ્રત્યે અહોભાવ સેવતા. એકવાર તેઓ અમદાવાદ પણ તેમના પુત્રીને લઈને મળવા આવ્યા હતા.

શ્રી ગુલાબદાસભાઈના અનેક પત્રો અને સ્મરણો મારી પાસે છે. સજ્જનનો સંગ મળે તેનો આનંદ હોય છે અને સજ્જનની વિદાય મનમાં વિષાદ પણ પ્રેરતી હોય છે. પરંતુ આજ તો છે સંસારનો અવશ્યંભાવી નિયમ, જે કદી તૂટવાનો નથી.

શ્રી ગુલાબદાસભાઈ

તમે તો વિદાય થયા પણ તમે કરેલું ગુજરાતી ભાષામાં અક્ષરદાન, અવિચળ રહેશ. તેને અમે કદીય અમારાથી દૂર થવા નહિ દઇએ.

***

જૈન ઉપાશ્રય, ૭ રૂપ માધુરી સોસાયટી,સંઘવીના
રેલ્વે ક્રોસીંગ પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

# શ્રી દેવચંદ્રજી રચિત શ્રી પદ્મપ્રભુ જિન સ્તવન

☐ સુમનભાઈ શાહ

આધ્યાત્મિક વિકાસનું મુખ્ય સાધન પ્રચલિત વ્યાવહારિક ભાષા છે, જે અનેક શબ્દોની બનેલી હોય છે. એક જ શબ્દ પ્રસંગોપાત અનેક અર્થમાં વપરાતા હોય છે. આધ્યાત્મિક ક્ષેત્રે એક જ શબ્દના વિવિધ અર્થને 'નિક્ષેપ' કે 'ન્યાસ' કહેવામાં આવે છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ નિક્ષેપના ચાર મુખ્ય વિભાગ છે. આવી રીતે કોઇપણ વસ્તુ, તત્ત્વ, પદાર્થ, વિષય વગેરે માટેની તાત્ત્વિક વિચારણા અનેક દૃષ્ટિબિંદુ કે અપેક્ષાથી કરવામાં આવે છે, જેને આધ્યાત્મિક ક્ષેત્રે 'નય' કહેવામાં આવે છે. દૃષ્ટિબિંદુ કે અપેક્ષા અનેક પ્રકારની હોય છે, પરંતુ સરળતા થવા અર્થે તેનું સાત વિભાગમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે. જેમકે નૈગમ-શબ્દ-સંગ્રહ-એવંભૂત ઇત્યાદિ નય. આ પરિપેક્ષ્યમાં 'ભક્તિ' કે 'દર્શન' શબ્દનો અર્થ ચાર નિક્ષેપ પ્રમાણે નીચેનું અર્થઘટન કરી શકાય.

**નામ-નિક્ષેપ :** સાધકને ભગવાનના નામ-સ્મરણ મારફત થતું તેઓના ઔદયિક જીવન-વૃત્તાંતનું ભગવત્-સ્મરણ, જેને નામ-નિક્ષેપ કહી શકાય.

**સ્થાપના નિક્ષેપ :** શ્રી જિનેશ્વરનું પ્રભુ-મૂર્તિમાં સાધકને થતું નિર્મલ-દર્શન અથવા શ્રી અરિહંત પ્રભુની ધ્યાનસ્થ પ્રતિમાજીમાં તેઓ સાધક સન્મુખ સાક્ષાત્ બિરાજમાન છે એવા આરોપણ-ભાવને સ્થાપના-નિક્ષેપ કહી શકાય.

**દ્રવ્ય-નિક્ષેપ :** મૂળ વસ્તુની પૂર્વરૂપ અવસ્થા કે ઉત્તરરૂપ અવસ્થાની પ્રતિકૃતિ વર્તમાનમાં જ છે, એવી માન્યતાથી થતી ભક્તિ અને ગુણકરણ. ચોવીસ તીર્થંકર ભગવંતો (જે વર્તમાનમાં સિદ્ધગતિ પામેલા છે) અથવા આવતી ચોવીસીમાં થનાર તીર્થંકર વર્તમાનમાં જ છે એવું માની સાધકથી થતું દર્શન, ભક્તિ કે ગુણગાન.

**ભાવ-નિક્ષેપ :** અરિહંત એટલે વર્તમાન-કાળમાં સદેહે તીર્થંકર પ્રભુ. જે અવસ્થા વર્તમાનમાં છે એ પદનું સાધકથી થતું ગુણકરણ. દા. ત. મહાવિદેહ ક્ષેત્રમાં સદેહે વિહરમાન તીર્થંકર શ્રી સીમંધરસ્વામીની ભક્તિ કે ગુણકરણ.

શ્રી દેવચંદ્રજી મહારાજે પ્રસ્તુત સ્તવનમાં વિવિધ નય-નિક્ષેપાદિથી પ્રભુની ધ્યાનસ્થ પ્રતિમાજીના દર્શનથી તેઓની પુષ્ટ- નિમિત્તકારણતાનું માહાત્મ્ય પ્રચલિત ઉદાહરણો આપી પ્રકાશિત કર્યું છે. હવે સ્તવનનો ગાથાવાર ભાવાર્થ જોઈએ.

**શ્રી પદ્મપ્રભ જિન ગુણનિધિ રે લાલ, જગતારક જગદીશ રે;–વાલેસર**
**જિન ઉપકાર થકી લહે રે લાલ, ભાવિજન સિદ્ધિ જગીશ રે–વાલેસર....૧**

શ્રી પદ્મ પ્રભુજીને પ્રવર્તમાન કેવળ જ્ઞાન–દર્શનાદિ આત્મિક-ગુણોનો સઘળો સમૂહ એવો અદ્ભુત છે કે તેઓશ્રી સમસ્ત જગતના પદાર્થ કે દ્રવ્યનું ત્રિકાલિક પરિણમન વર્તમાનમાં જોઈ–જાણી શકવાનું સામર્થ્ય ધરાવે છે. શ્રી પદ્મપ્રભુ પોતે ભવસમુદ્રમાંથી તરેલા છે અને ભવ્યજીવોને તારવાની ક્ષમતા ધરાવનાર હોવાથી તેઓ તરણ–તારણ છે. શ્રી પદ્મપ્રભુ પોતાની અનંત–ગુણોની વિશુદ્ધિ વડે સમસ્ત જગતના સાચા ઈશ્વર છે, જેથી તેઓને જગદીશ તરીકે સ્તવનકારે સંબોધ્યા છે. શ્રી પદ્મપ્રભુની આવી અજોડ ઉપકારકતા કે નિમિત્ત–કારણતાનો આધાર લઈ ભાવિકજન યથાયોગ્ય સત્સાધનો મારફત ઉપાસનાથી મુક્તિમાર્ગ પામવાનો અધિકારી નીવડી શકે છે.

**તુજ દરિસણ મુજ વાલ હો રે લાલ, દરિસણ શુદ્ધ પવિત્ર રે; વાલેસર,**
**દરિસણ શબ્દ નયે કરે રે લાલ, સંગ્રહ એવં ભૂત રે. વાલેસર...૨**

શ્રી અરિહંત પરમાત્માનું નિર્મલ અને પવિત્ર દર્શન થતાં સાધક ભાવોલ્લાસ વ્યક્ત કરે છે કે 'હે પ્રભુ! આપની ધ્યાનસ્થ મુખમુદ્રાનું દર્શન કરતાં મને આપના પ્રત્યે ભક્તિ ઉદ્ભવી છે, જેથી આપ મને અત્યંત પ્રિય છો. આપ જ મારા નાથ, સ્વામી કે શુદ્ધાત્મા છો.'

પ્રસ્તુત ગાથામાં સ્તવનકારે શ્રી જિન–પ્રતિમાજીના દર્શનથી સાધકને જે નિમિત્ત–કારણતા અને ઉપકારકતાનો અમૂલ્ય લાભ મળ્યો છે, તેનું વર્ણન નય–નિક્ષેપથી કર્યું છે. અમુક અપેક્ષાએ શ્રી જિન–પ્રતિમાજીમાં અરિહંત અને સિદ્ધપણું અંતર્ગત રહેલું છે, માટે તે મુક્તિમાર્ગનું પ્રધાન નિમિત્ત–કારણ છે. અથવા પ્રભુ-મૂર્તિના શુદ્ધાવલંબનથી સાધક મુક્તિ–સુખનો અધિકારી થઈ શકે છે. વિવિધ દૃષ્ટિબિંદુ, અપેક્ષા કે નયથી શ્રી જિન–દર્શનથી સાધકનું આત્મકલ્યાણ કેવી રીતે થઈ શકે તે નીચે મુજબ જણાય છે.

૧. શ્રી જિન–પ્રતિમાજીની સન્મુખ જતાં જ સાધકથી મન-વચન–કાયાથી થતું દર્શન–વંદન તથા પ્રભુનું નામ–સ્મરણ.

૨. શ્રી જિન–દર્શનથી સાધક પ્રભુના સઘળા કેવળ જ્ઞાન-દર્શનાદિ આત્મિકગુણો ઓળખે અને એવા જ ગુણો પોતાની સત્તામાં અપ્રગટપણે રહેલા છે તે ગુરુગમે જાણે.

૩. શ્રી જિન–દર્શનથી સાધક પોતાના આત્માની સન્મુખ થતાં તેને રુચિ પેદા થાય છે કે 'હું પણ ક્યારે પ્રભુ જેવા શુદ્ધ–સ્વરૂપને પામીશ?'

૪. શ્રી જિન–પ્રતિમાજીના શુદ્ધાવલંબનથી સાધકને ઉપાદાન–શક્તિ, સમ્યક્ જ્ઞાન–દર્શનાદિ કે આત્મિક ગુણોના પ્રાગટ્યનો પ્રારંભ થાય છે.

૫. શ્રી જિન–દર્શનની નિમિત્તતાથી સાધકની ઉપાદાન–કારણતા જાગૃત થાય છે અને તેને આત્મ–રમણતા તથા શુક્લધ્યાન વર્તે છે. આમ ઉપાદાન–કારણતા કાર્યરૂપે પરિણમતા સાધકને આત્મિક–ગુણોનો આવિર્ભાવ થાય છે.

**બીજે વૃક્ષ અનંતતા રે લાલ, પસરે ભુજલ યોગ રે; વાલેસર**
**તિમ મુજ આતમ સંપદા રે લાલ, પ્રગટે પ્રભુ સંયોગ રે, વાલેસર...૩**

દરેક બીજમાં અનેક વૃક્ષો ઉત્પન્ન કરવાની અંતર્ગત શક્તિ કે સત્તા રહેલી છે. પરંતુ આવી શક્તિને કાર્યાન્વિત થવા માટે યોગ્ય ભૂમિ, પાણીનું સિંચન અને સુયોગ્ય વાતાવરણની આવશ્યકતા જરૂરી છે. એટલે માત્ર સત્તા કે ઉપાદાન એકલું હોય તો કાર્ય–સિદ્ધિ થતી નથી, પરંતુ તેને પ્રગટ કરવા પુષ્ટ–નિમિત્તની પણ જરૂરિયાત રહેલી છે. આ ઉદાહરણનો આધાર લઈ જો તાત્ત્વિક વિચારણા કરવામાં આવે તો એવું તાત્પર્ય નીકળે કે દરેક ભવ્યજીવમાં જ્ઞાન–દર્શનાદિ કાયમી ગુણો સત્તામાં રહેલા છે, પરંતુ તે બહુધા આવરણ યુક્ત કે ઢંકાયેલા હોય છે. આવા ગુણોને નિરાવરણ થવા માટે સાધકને પુષ્ટ–નિમિત્તાવલંબનની આવશ્યકતા હોય છે. આવી નિમિત્ત–કારણતા શ્રી જિનદર્શનમાં રહેલી છે, જે સ્તવનકાર પ્રસ્તુત ગાથામાં પ્રકાશિત કરે છે.

જગત જંતુ કારજ રુચિ રે લાલ, સાધે ઉદય ભાણ રે; વાલેસર
**ચિદાનંદ સુવિલાસતા રે લાલ, વાધે જિનવર ઝાણ રે, વાલેસર...૪**

પુષ્ટ–નિમિત્તની ઉપકારકતાનું બીજું ઉદાહરણ આપતાં સ્તવનકાર પ્રસ્તુત ગાથામાં જણાવે છે કે જગતના ઘણાખરા જીવો પોતાની વિવિધ સાંસારિક કાર્ય–પ્રવૃત્તિ, સાધના, ઉપાસના, ભક્તિ ઇત્યાદિ સૂર્યના પ્રકાશની સહાયતાથી કરતા હોય છે. જીવને કાર્ય કરવાની અંતર્ગત રુચિ હોવા છતાંય સૂર્યોદયનું નિમિત્ત મળવાથી તેની પ્રવૃત્તિ સફળ નીપજે છે. આવી જ રીતે શ્રી જિનેશ્વરના દર્શનાવલંબન કે નિમિત્તાવલંબનથી સાધકને જ્ઞાન–પ્રકાશ થતાં તે પ્રભુની ભક્તિ, ગુણકરણ, ધ્યાનાદિમાં પ્રવૃત્ત થાય છે. આવી પુરુષાર્થ–પ્રેરક પ્રવૃત્તિથી સાધકને સહજાનંદ અને સનાતન–સુખની વૃદ્ધિ પ્રભુ–દર્શન અને ધ્યાનાદિથી થાય છે.

લબ્ધિ સિદ્ધિ મંત્રાક્ષરે રે લાલ, ઉપજે સાધક સંગ રે; વાલેસર
**સહજ અધ્યાતમ તત્ત્વતા રે લાલ, પ્રગટે તત્ત્વી રંગ રે. વાલેસર...૫**

ચોક્કસ પ્રકારની લબ્ધિ અને સિદ્ધિ માટે આપણા પ્રાચીન મહર્ષિઓએ રચેલી અનેક મંત્ર–તંત્ર–યંત્રની વિદ્યાઓ હાલમાં પણ મળી આવે છે. મંત્ર એટલે નિશ્ચિત કાર્યસિદ્ધિ માટે અમુક જ પ્રકારના અક્ષરોના સંયોજનો મારફત લિપિબદ્ધ કરાતું ધ્વનિ–સ્વરૂપ. વિશિષ્ટ પ્રકારના મંત્રોના ચોક્કસ અર્થ મહાપુરુષોએ પોતાના અતીન્દ્રિય જ્ઞાન–દૃષ્ટિથી જોઈ–જાણી–અનુભવ્યા હોય છે. મંત્ર–તંત્ર–સાધનાદિની વિધિ જોકે અમુક પ્રાચીન ભાષામાં ઉપલબ્ધ હોવા છતાંય વર્તમાન– કાળમાં બહુધા સિદ્ધિ પ્રાપ્ત થઈ શકતી નથી

એવો ઘણાંને અનુભવ છે. આનું મુખ્ય કારણ એ જણાય છે કે અત્યંત ગોપનીય વિધિમાં કોઈ મહત્ત્વની કડીઓ ગુપ્ત રાખવામાં આવેલી હોય છે. જાણકાર સદ્‌ગુરુ સુયોગ્ય પાત્ર જોઈને જ અત્યંત મહત્ત્વની વિદ્યાઓ આપતા હોય છે. કયા મંત્રના જાપ કેવા શુદ્ધ-ઉચ્ચારણથી કરવા (વાચિક), કે માત્ર હોઠ ફફડાવી ઉપાંશુ જાપ કરવા કે માનસ-જાપ કરવા વગેરે માટે સુજાણ સદ્‌ગુરુનું માર્ગદર્શન જરૂરી છે. ઉપરાંત આવી પ્રવૃત્તિ કેવી આંતરિક ભાવના સહિત કરવી તે માટે યથાયોગ્ય સલાહ-સૂચનો કોઈ ઉત્તર-સાધકના નિમિત્ત કે સંસર્ગથી થાય તો કાર્યસિદ્ધ સફળ નીપજે.

ઉપરના ઉદાહરણની માફક આત્માર્થી સાધકને આધ્યાત્મિક વિકાસ સાધવા માટે કે પોતાના સત્તાગત ઉપાદાન-શક્તિના પ્રગટિકરણ માટે પરમ-ગુણી શ્રી જિનેશ્વર પ્રભુની નિમિત્ત-કારણતા અને ઉપકારતા અનિવાર્ય છે. આનું મુખ્ય કારણ એ જણાય છે કે શ્રી જિનેશ્વરને પ્રગટપણે વિશુદ્ધ-દશા વર્તે છે, તેનું જ લક્ષ્ય સાધકને હોય છે. અથવા પ્રભુની કાર્યસિદ્ધિ સાધકને નિમિત્ત-કારણરૂપ નીપજે છે. આમ શ્રી જિનેશ્વરનું ઉત્તર સાધકરૂપે નિમિત્તાવલંબન સાધક માટે હિતાવહ છે.

**લોહ ધાતુ કાંચન હુવે રે લાલ, પારસ ફરસન પામ રે;** વાલેસર
**પ્રગટે આધ્યાત્મ દશા રે લાલ, વ્યક્ત ગુણી ગુણગ્રામ રે.** વાલેસર...૬

યથાયોગ્ય સંસ્કાર પામેલી લોહ ધાતુને જો પારસમણિનો સ્પર્શ થાય તો તે સુવર્ણમય નીપજે છે એવી લૌકિક માન્યતા પ્રવર્તે છે. સ્તવનકાર ચોથું ઉદાહરણ આપતાં પ્રસ્તુત ગાથામાં જણાવે છે કે જે આત્માર્થી સાધકને શ્રી જિન-દર્શનનો સંસર્ગ થાય છે અથવા વીતરાગ પ્રણીત ધર્મ-દર્શનના મહિમાના યથાર્થ સ્વરૂપની ઓળખ ગુરુગમે થાય છે તે અધ્યાત્મદશા સાધવામાં સફળ નીવડે છે. બીજી રીતે જોઈએ તો સાધક જિન-પ્રભુના પ્રગટ આત્મિકગુણોની સાધના કે ગુણ-કરણમાં પ્રવૃત્ત થતાં તેના પણ ગુણો વ્યક્ત થવા માંડે છે. છેવટે સાધકને શ્રી જિન-દર્શનથી જ્ઞાન-દર્શનાદિ ગુણોનો આવિર્ભાવ થાય છે.

**આત્મસિદ્ધિ કારજ ભણી રે લાલ, સહજ નિયામક હેતુ રે;** વાલેસર
**નામાદિક જિનરાજના રે લાલ, ભવસાયર માંહે સેતુ રે.** વાલેસર....૭

જે સાધકનો અંતિમ હેતુ આત્મ-સિદ્ધિનો છે કે દાવાનળરૂપ સંસારમાંથી મુક્તિ પામવાનો છે, તેને શ્રી પદ્મપ્રભુ જેવા સમર્થ સ્વામીનું શરણું હિતાવહ છે. આવો સાધક અરિહંત પ્રભુના નામ-સ્મરણાદિથી શરૂઆત કરી ઉત્તરોત્તર ભાવ-નિક્ષેપમાં પ્રવેશ કરે છે. સાધક પ્રભુને પ્રગટપણે વર્તતા જ્ઞાનાદિ ગુણોનું ગુણગ્રામ કરતાં સંસાર-સમુદ્રને હેમખેમ પાર કરે છે. માટે સ્તવનકારે શ્રી જિનપ્રભુની નિમિત્ત-કારણતાને ભવસમુદ્રમાં સેતુ સમાન સંબોધી છે. શ્રી જિન-દર્શનના નિમિત્તથી એક બાજુ સાધકને પ્રભુનું ગુણકરણ થાય છે અને બીજી બાજુ પોતાની અજ્ઞાનદશામાં થયેલા દોષો ઓળખી તેનું પ્રાયશ્ચિત્ત થાય છે અને ફરી આવા દોષો ન થાય તે મુજબનો જાગૃતિપૂર્વકનો વ્યવહાર થાય છે.

**સ્તંભન ઇન્દ્રિય યોગનો રે લાલ, રક્તવર્ણ ગુણરાય રે;** વાલેસર
**'દેવચંદ્ર' વૃંદે સ્તવ્યો રે લાલ, આપ અવર્ણ અકાય રે.** વાલેસર...૫

યોગીરાજ આનંદઘનજી શ્રી નમિનાથ જિન સ્તવનમાં જણાવે છે કે:

'જિન સ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે:
ભૃંગી ઈલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે.'

એટલે ઇન્દ્રિયો જીતી લઈ. જે જિતેન્દ્રિય સાધક જડ-ચેતનનો યથાતથ્ય ભેદ પામી શ્રી જિનેશ્વર પ્રભુની ઉપાસનામાં નિમગ્ન થાય છે, તે અવસર આવ્યે પરમાત્મા જેવા જ વિશુદ્ધ આત્મિકગુણોની પ્રાપ્તિ કરે છે. અથવા અંતર-આત્મદશામાં રહી જે સાધક પરમાત્માની પરાભક્તિ કરે છે તેને જ્ઞાન-દર્શનાદિ ગુણોનો આવિર્ભાવ થાય છે.

સામાન્યપણે મન-વચન-કાયાદિરૂપ 'યોગ'નો કંપન-વ્યાપાર કે પરિસ્પંદન વ્યવહાર હોય છે, પરંતુ તેનું સ્તંભન કરનાર મુક્તિ-સાધક યોગીને રક્તવર્ણની ઉપમા અપાય છે. શ્રી પદ્મપ્રભુની ઔદયિક કાયાનો વર્ણ લાલ કે રાતો છે. અને આવા શરીરની કાંતિ કે પ્રતિભા સાધકની ઈન્દ્રિયોઅને યોગનો સ્તંભન મંત્ર નીવડે છે. યોગીઓ પદ્મપ્રભુના પ્રગટ આત્મિકગુણોના ધ્યાનાદિમાં નિમગ્ન થતા હોવાથી તેઓના 'યોગ'ની સ્થિરતા કે સ્તંભન થાય છે. આમ પદ્મપ્રભુના નિર્મલ દર્શનથી સાધકને અસ્ખલિત ધ્યાન અને તત્ત્વરમણતા થાય છે. વર્તમાન-કાળમાં શ્રી પદ્મપ્રભુજીનો નિવાસ સિદ્ધગતિમાં હોવાથી તેઓ વર્ણ અને દેહથી રહિત છે. જે સાધકનો અંતિમ હેતુ પંચમગતિ પામવાનો છે (જ્યાં વર્ણાદિ શરીર હોતાં નથી) તેને શ્રી પદ્મપ્રભુનું શુદ્ધાવલંબન ઉપકારી છે, માટે સ્વનકારે પ્રભુના જ્ઞાનાદિ ગુણોની ભક્તિપૂર્વક સ્તવના કરેલી છે. ✱✱✱

'સૌરભ', ૫૬૩, આનંદવન સોસાયટી,
ન્યૂ સામા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૮.

**આભાર**

## જ્ઞાનદાન

એપ્રિલ-૨૯ ના શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ગુજરાતી વિશ્વકોશના ૨૧ મા ગ્રંથ વિમોચન પ્રસંગે સંઘના કાર્યકર શ્રી પ્રવીણભાઈ કે. શાહ તરફથી રૂા. ૧૧,૮૫૦/- ની કિંમતના વિશ્વકોશ ગ્રંથના ૨૧ ગ્રંથોનો સેટ સંઘને ભેટ મળ્યો છે. આ ઉપરાંત શ્રી પ્રવીણભાઈએ ચાર સેટ અન્ય સંસ્થાઓને પણ ભેટ આપ્યા છે. આવા ઉત્તમ જ્ઞાનદાન માટે દાતાનો આભાર અને અભિનંદન.

# સાગર મોટો કે કૂવો મોટો ?–દૃષ્ટિ દોષ અને દોષ દૃષ્ટિ

□ આચાર્ય શ્રી પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

સાગરની પાસે અઢળક પાણી છે, એની અપેક્ષાએ કૂવા પાસેનું પાણી તો કોઈ ગણનામાં ન આવી શકે. આ સંદર્ભમાં સાગર મોટો ગણાય અને કૂવો છોટો ગણાય. પણ જ્યારે તૃષા મિટાવવાની અપેક્ષાને આગળ કરીએ ત્યારે કૂવાને મોટો માનવો પડે અને સાગરને છોટો માન્યા વિના ચાલે જ નહિ. કેમ કે સાગર મોટો છતાં તરસ છીપાવી શકતો નથી, માટે એને મોટો કઈ રીતે માની શકાય ? અને કૂવો છોટો હોવા છતાં હરહંમેશ તરસ છીપાવવાનું ઉપકારી કાર્ય કરી શકે છે, પછી એને છોટો માનતા જીવ કઈ રીતે ચાલે ? એથી એક એવો નિયમ બાંધી શકાય કે, જે ઉપકાર કરી શકે એ મોટો, ભલે પછી કૂવાની જેમ એ છોટો દેખાતો હોય, તેમ જ જે ઉપકાર કરવામાં સમર્થ ન હોય, એ છોટો. ભલે ને પછી એ સાગરની જેમ મોટો ગણાતો હોય !

આ દુનિયામાં સંપત્તિથી સમૃદ્ધ ઘણા શ્રીમંતો સાગર જેવા હોય છે. તેમ જ સંપત્તિથી ઓછા સમૃદ્ધ ગણાતા મધ્યમ વર્ગના ઘણા માણસો કૂવા જેવા હોય છે. એથી જેવો ઉપકાર આ કૂવા દ્વારા થતો હોય છે, એવો સાગર દ્વારા પ્રાયઃ થતો નથી. આ જ વાતને એક સુભાષિતે એવી સુંદર રીતે રજુ કરી છે કે, જેવો ઉપકાર મોટા ગણાતા શ્રીમંતોથી શક્ય નથી બનતો, એવો ઉપકાર નાના ગણાતા મધ્યમ વર્ગના માણસો દ્વારા સુશક્ય હોય છે. સાગર કોઈની તરસ મટાડી શકતો નથી અને કૂવો કોઈની તરસ છીપાવ્યા વિના લગભગ રહેતો નથી !

વર્તમાન વિશ્વનું એક અવલોકન કરીએ, તો ય જણાઈ આવશે કે, શ્રીમંત વર્ગ પોતાની પાસે રહેલી સમૃદ્ધિના પ્રમાણમાં જેટલો ઉપકાર કરે છે, એના પ્રમાણમાં મધ્યમ વર્ગ દ્વારા થતો ઉપકાર તો ઘણો મોટો અને ઘણો મહાન હોવાની પૂરેપૂરી શક્યતા છે. આમાં કારણ તરીકે દિલની ગરીબી–અમીરી જ ગણાવી શકાય. શ્રીમંતો લગભગ પોતાનામાં જ મસ્ત હોય છે, એથી ગરીબોનો વિચાર એમના દિલને દ્રવિત કરી શકતો નથી. જ્યારે મધ્યમ વર્ગનો માનવી સામાન્ય–વર્ગના દુઃખની કલ્પના કરી શકતો હોવાથી એના દિલમાં કરૂણા જાગવાનો ઠીક ઠીક અવકાશ રહે છે. શ્રીમંતો લગભગ બહુ બહુ તો શ્રીમંતોને જ ભીડમાં ભેરૂ થવા આગળ આવતા હોય છે. સાવ ગરીબને તો એમના આંગણે પડછાયો પાડવાનો ય અધિકાર નથી હોતો. આમ દોલતની વાત બાજુ પર મૂકીએ અને દિલની દિલાવરીને આગળ કરીએ, તો આજના મોટા ભાગના શ્રીમંતોની શ્રીમંતાઇને ખારા પાણી જેવી ગણવી પડે, જે તરસ મટાડી ન શકે અને ઘણા ખરા મધ્યમ–માણસોની મધ્યમ–પરિસ્થિતિને કૂવાનાં મીઠાં પાણી જેવી માનવી પડે, જે લગભગ ઘણાની તરસ મટાડવામાં નિમિત્ત બનતી રહે.

શ્રીમંતો જો પોતાની શ્રીમંતાઈના પ્રમાણમાં ઉપકાર કરતા હોત, તો તો કદાચ સાગરનાં જળને મીઠાશ ધારણ કરવાની ફરજ પડત ! આજે મધ્યમ માણસો ગરીબોની વહારે ધાય છે એથી જ તો ભૂખ્યાજનોનો જઠરાગ્નિ ભભૂકી ઉઠતો નથી અને શ્રીમંતોના મહેલ ખાખ બનતાં બચી જાય છે.

ધર્મક્ષેત્રની જ વાત વિચારીએ : શ્રીમંતો કદાચ અનેક સંસ્થાઓનાં સંસ્થાપક બની શકતા હશે, આ દૃષ્ટિએ શ્રીમંતો કદાચ દાનવીર પણ જણાય, પરંતુ વિચારવાનો મુદ્દો એ છે કે સંસ્થાપક બનવા કરતાં વ્યવસ્થાપક બનવામાં વધુ ભોગ આપવો જરૂરી હોય છે. એક મંદિર–ઉપાશ્રયની માત્ર સંસ્થાપના જ થઈ જાય, એ પૂરતું નથી. એમાં આરાધના કરવા દ્વારા એના વ્યવસ્થાપકો હોવા પણ એટલા જ જરૂરી છે. નહિ તો આ નિર્માણ માત્ર શોભાના ગાંઠિયા જેવાં જ બની રહે ! આજે શ્રીમંતો કદાચ ધર્મધામોના સંસ્થાપક બનવાનું પુણ્ય લાવ્યા હશે, પણ આરાધક બનવા દ્વારા એના વ્યવસ્થાપક બનવાનું સૌભાગ્ય તો પ્રાયઃ મધ્યમ વર્ગના ભાગે અને ભાલે જ અંકિત થતું જોવા મળતું હોય છે.

પરમ પૂજનીય ચતુર્વિધ સંઘની ભક્તિ–વૈયાવચ્ચનો જેટલો લાભ મધ્યમવર્ગનો માનવી હોંશે–હોંશે લેતો હોય છે, એટલો લાભ શ્રીમંતના ભાગ્યમાં લખાયેલો હશે કે કેમ ? એ વિચાર–પ્રેરક ગંભીર સવાલ છે. શ્રીમંતો કદાચ મોટા આંકડાનું દાન કરીને પ્રભુ–પ્રતિમાના પ્રતિષ્ઠાપક કે ઉપાશ્રયના ઉદ્‌ઘાટક બની શકતા હશે, પણ નિત્યપૂજા અને આવશ્યકની નિત્ય–આરાધનાનો મહાન લાભ તો લગભગ મધ્યમ વર્ગને જ મળતો હોય છે.

શ્રીમંતોના દાનને વખોડવા માટેની કે બધી જ શ્રીમંતાઈને સાગરની ખારાશના ખાતે ખતવવા માટેની આ વિચારણા નથી. થોડા ઘણા શ્રીમંતો એવા જરૂર છે, જેમની શ્રીમંતાઇના મીઠાં–જળ ઠીક ઠીક ઉપકાર કરી રહ્યા છે. બાકી મોટો ભાગ તો આ સુભાષિતની ઉપમાને જ મળતો આવતો જણાય, તો એ નવાઈ પામવા જેવું નહિ જ ગણાય !

(૨)

એક પણ આંખના અભાવન ઘરનું અંધત્વ અને લાખો આંખોના સદ્‌ભાવના ઘરનું સતેજ અને સાર્વત્રિક દૃષ્ટિનું અસ્તિત્વ : એક જ માનવના દેહમાં આવું વિચિત્ર અને પાછું વિપરીત અસ્તિત્વ ઘટી શકે ખરું ? આપણો અનુભવ ના પાડે છે કે, એક જ માનવની

કાયામાં આવા બે વિરોધનો સુમેળ કદી ન હોય, એ કાં તો સાવ અંધ હોય, એથી લાખો આંખોનું અસ્તિત્વ એનામાં અસંભવિત જ ગણાય અને જો એની પાસે લાખો આંખો હોય, તો અંધત્વ એનામાં સાવ જ અશક્ય ગણાય.

આપણઆ સૌ કોઈનો અનુભવ આવો હોવા છતાં એક સુભાષિત આ અનુભવની ઉપરવટ જઈને ય એવા એક સત્યનું દર્શન કરાવતાં કહે છે કે, લગભગ લોકો પોતાના દોષનું દર્શન કરવામાં આંધળા છે અને પારકાના દોષો જોવા માટે એમની પાસે એકાદ જ નહિ, લાખ લાખ આંખ છે.

આ સત્યના દર્શનને આપણે અમાન્ય કરી શકીએ એમ નથી જ. કેમ કે આવું અંધત્વ અને આવી સતેજ-દૃષ્ટિ આપણા પોતાના જીવનનીય એક તાસીર છે. આપણા પોતાના દોષ આપણી નજરે ચડતા જ નથી, ભલે એ પહાડ જેવડા મોટા હોય ! અને પારકાના દોષને આપણી નજર પકડી પાડ્યા વિના રહેતી નથી, ભલે એ પરમાણુ જેવા સૂક્ષ્મ હોય ! સ્વના દોષ જોવા અંધ અને પારકાના દોષ જોવા સહસ્રાક્ષ (હજારો આંખવાળા) બની જતા આપણે ગુણદર્શનની વાત આવતાં જ પાછી કરવટ બદલી લઈને, સ્વના ગુણ જેવા હજાર આંખવાળા બની જઈએ છીએ અને પરના ગુણદર્શનની પળે અંધત્વ વહોરી લેતા હોઈએ છીએ. આમ આપણી આંખમાં અંધત્વ અને અવલોકનત્વ એક અજબગજબની સંતાકૂકડીની

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને ભેટ

**• પ્રબુદ્ધ જીવન નીધિ કાયમી ફંડ**

| | |
|---|---|
| ૫,૦૦,૦૦૦/- | એક સુશ્રાવક તરફથી |
| ૧,૦૦,૦૦૦/- | શ્રી રાજેન્દ્રભાઈ એ. શાહ તરફથી |
| ૫૦,૦૦૦/- | શ્રી મનસુખલાલ એલ. વાસા |
| ૨૫,૦૦૦/- | શ્રીમતી ચંચળબેન આણંદલાલ ત્રીભોવન સંઘવી-મુંબઈ |
| ૧૧,૦૦૦/- | શ્રી એસ. એલ. ભેડા-મુંબઈ |
| ૫,૦૦૧/- | શ્રી પ્રસનભાઈ એન. તોલીયા-મુંબઈ |
| ૫,૦૦૧/- | શ્રી ભૂપેન્દ્ર હિંમતલાલ શાહ-મુંબઈ |
| ૫,૦૦૦/- | શ્રી વીસનજી ન. વોરા-મુંબઈ |
| ૫,૦૦૦/- | શ્રી સુરેન્દ્રકુમાર ચીમનલાલ શાહ-મુંબઈ |
| ૫,૦૦૦/- | શ્રી કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ-મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી રમેશ પી. દફતરી ચેરિટેબલ ટ્રસ્ટ-મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી રસિકલાલ ગોપાલજી શાહ-મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી જયાબેન ઈન્દુભાઈ વોરા-મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી રસિકલાલ ચીમનલાલ ચૌધરી-મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી વલ્લભ ભણશાલી-મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી ડી. વી. એસ. સી. ચેરિટેબલ ટ્રસ્ટ-મુંબઈ |
| ૨,૦૦૦/- | શ્રી કે. સી. શાહ-મુંબઈ |
| ૨,૦૦૦/- | શ્રી એમ. બી. વોરા-મુંબઈ |
| ૨,૦૦૦/- | શ્રી દામાણી દલીચંદ ભણશાલી-મુંબઈ |
| ૧,૧૦૦/- | શ્રી જશવંત છોટાલાલ શાહ-મુંબઈ |
| ૧,૧૦૦/- | શ્રી વનલીલા નટવરલાલ મહેતા-મુંબઈ |
| ૧,૦૦૧/- | શ્રી ગણપતી સી. મહેતા-મુંબઈ |
| ૧,૦૦૦/- | શ્રી નેણશી રવજી વીરા-મુંબઈ |
| ૧,૦૦૦/- | શ્રી ઈલાબેન ચંપકલાલ મોદી-મુંબઈ |
| ૧,૦૦૦/- | શ્રી પ્રકાશ એસ. દોશી-મુંબઈ |
| ૫૦૧/- | શ્રી આર. જે કાપડિયા-મુંબઈ |
| ૫૦૦/- | શ્રી એસ. કે. દેઢિયા-મુંબઈ |
| ૫૦૦/- | શ્રી મીતા પી. ગાંધી-મુંબઈ |
| ૨૫૧/- | શ્રી હરિસિંહ સી. કાપડિયા |
| ૨૫૧/- | શ્રી રસિકલાલ ધીરજલાલ તુરખીયા-મુંબઈ |
| ૭,૪૦૨૦૬ | |

**• પ્રબુદ્ધ જીવન આજીવન સભ્ય**

| | |
|---|---|
| ૨,૫૦૦/- | શ્રી હિમાંસુ જે. સંઘવી-મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી વિપુલ કલ્યાણજી દેઢિયા-મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી અમિત જે. મહેતા-મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી પ્રકાશભાઈ જે. ઝવેરી-મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી હર્ષા હેમેન્દ્ર શાહ-અમરાવતી-મહારાષ્ટ્ર |
| ૨,૫૦૦/- | શ્રી જયંતીલાલ જીવણલાલ શેઠ-મુંબઈ |

આજીવન ગ્રાહક લવાજમ ભરનારને તેમજ અન્ય દાતાઓને આવકવેરાની 80-G કલમ અન્વયે કરમુક્ત છે તે અંગેનું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે. મહાનુભાવ દાતાઓને અમારા અંતરના અભિનંદન અને ધન્યવાદ. શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સર્વ સભ્યો આ દાતાશ્રીઓના આભારી છે.

'પ્રબુદ્ધ જીવન' માટે કાયમી ફંડ માટેની સંઘે 'પ્રબુદ્ધ જીવન નીધિ'ના નામે સ્થાપના કરી છે. રૂા. ૨૫ લાખ એકત્રિત કરવાનો નિર્ધાર છે. આ જ્ઞાન યજ્ઞમાં આપ સૌ ગુણીજનોને સહભાગી થવા વિનંતિ.

આપનો એક એક રૂપિયો ઉત્તમ વિચારયાત્રાને આગળ વધારશે અને કોઈના ચિત્તમાં એ સત્ત્વશીલ વિચારોનું આરોપણ કરશે.

પ્રમુખ

તેમ જ સંઘની કાર્યવાહક સમિતિના સર્વ સભ્યો

રમત રમી રહેલું જણાય છે.

જેનું અંધત્વ અને અવલોકનત્વ આવું બિનપાયાદાર-હોય, એ માનવ સ્વપરનાં ગુણદોષના વિષયમાં જે અભિપ્રાય આપે, એની પર પછી મદાર પણ કઈ રીતે બાંધી શકાય ! એથી પોતાના ગુણ અને પારકા દોષ અંગે એ જે વિરાટતા વર્ણવે, એની પર ભરોસો ન રખાય, તેમ જ પોતાના દોષ અને પારકા ગુણ અંગે એ જે સૂક્ષ્મતા દર્શાવે એ ય સાચી ન માની લેવાય. લગભગ નાના હોવા છતા સ્વગુણ અને પરદોષને માનવ મોટા માનતો-મનાવતો હોય છે. તેમ જ મોટા હોવા છતાં સ્વદોષ અને પરગુણને એ સાવ જ નાના માનતો-મનાવતો હોય છે. આ તો આપણા સૌના સ્વાનુભવની વાત છે.

આપણી અનાદિની અવળી ચાલ જ્યારે આવી છે, ત્યારે એ પ્રશ્ન થાય છે કે, તો પછી સ્વપરના ગુણદોષ તરફ માણસે કેવી આંખે જોવું જોઈએ ? આના જવાબમાં નીચેનો વિકલ્પ દર્શાવી શકાય

-સ્વના ગુણ-દોષને આપણે જે દૃષ્ટિથી ગ્રહણ કરતા હોઈએ, એ જ દૃષ્ટિથી પરના ગુણ-દોષને ગ્રહણ કરવા જોઈએ. સ્વના ગુણ આપણને નાના હોય તો ય મોટા, અને દોષ મોટા હોય તો ય નાના લાગે છે. એથી આ દૃષ્ટિથી પરના ગુણ-દોષ જોઈશું, તો એ ગુણ નાના હશે તો ય મોટા અને દોષ મોટા હશે, તો ય નાના જણાશે. આ દૃષ્ટિના માધ્યમે પરના ગુણદોષનું જે દર્શન થશે, એ લગભગ સાચું હશે. હવે સ્વના ગુણદોષ જોવા માટે આપણે પરના ગુણદોષ જોવા જે દૃષ્ટિનો ઉપયોગ કરતા આવ્યા છીએ, એ દૃષ્ટિનો ઉપયોગ કરવો જોઈએ. પરના મોટા ગુણ નાના અને નાના દોષ આપણને મોટા જણાય છે. આ દૃષ્ટિથી જોઈશું, તો મોટો પણ સ્વગુણ નાનો અને નાનો પણ સ્વદોષ આપણને મોટો જણાશે. આમ આ નવી દૃષ્ટિને અમલી બનાવવાથી સ્વગુણ પર મોટાઈ અનુભવવાનું મન નહિ થાય અને સ્વદોષ ડંખ્યા વિના નહિ રહે ! આનો બીજો લાભ એ થશે કે પરગુણની પ્રશંસાને આપણે અપનાવી શકીશું, જેથી પરના દોષને ધિક્કારવાનો રસ મોળો પડી જશે.

આમ, આપણામાં આ રીતનો દૃષ્ટિદોષ અને આ રીતની દોષદૃષ્ટિ અનાદિથી રહેલ છે. આમાં આમૂલચૂલ પરિવર્તન આણીને ઉપર મુજબનો દૃષ્ટિગુણ પામવા ઉપરાંત પૂર્વ સૂચિત ગુણદૃષ્ટિ મેળવવી હોય અને સ્વપરના ગુણદોષના સાચા દર્શક બનવું હોય તો આ સુભાષિતના સંદેશની સુવર્ણ-સળી વડે સંતો-દીધા આ અંજનને આંખમાં આંજવું જ રહ્યું.

***

C/o, જિતેન્દ્ર જ્વેલર્સ, ૧૦૦ ભંડારી સ્ટ્રીટ,
ગોળ દેવળ, મુંબઈ-૪૦૦ ૦૦૪.

# જિનકલ્પના સાધક, દશપૂર્વધર શ્રી આર્ય મહાગિરિજી મહારાજ
# કામવિજેતા, અંતિમ દશપૂર્વધર શ્રી સ્થૂલિભદ્રજી મહારાજ

□ પ. પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ

આચાર્ય શ્રી સ્થૂલિભદ્રજીના શિષ્ય આર્ય મહાગિરિજી ૧૦૦ વર્ષનું સુદીર્ઘ આયુષ્ય ધરાવનાર પરમ સંયમી, પ્રખર જ્ઞાની અને નિરતિચાર ત્યાગના પાલક હતા.

આચાર્ય શ્રી સ્થૂલિભદ્રજીની પરંપરાને તેમણે યશસ્વી રીતે આગળ ધપાવી હતી. શ્રી સ્થૂલિભદ્રજી આચાર્ય શ્રી સંભૂતિવિજયજીના શિષ્ય હતા અને શ્રી ભદ્રબાહુ સ્વામીજીના ઉત્તરાધિકારી હતા. આર્ય મહાગિરિજીએ તે મહાન વારસો પોતાના જીવનમાં ચરિતાર્થ કર્યો હતો.

પ્રાયઃ વીરનિર્વાણ સંવત ૧૪૫માં જન્મેલા અને એલાપત્ય ગોત્રીય આર્ય મહાગિરિજી બ્રાહ્મણ હતા. તેમનું બાળપણ, પરિશિષ્ટ પર્વ આદિ ગ્રંથમાં જણાવ્યું છે તે મુજબ, મહાન સાધ્વી આર્યા યક્ષાની શીળી અને સંસ્કારી છાયામાં વડાયું હતું અને તે સાધ્વીના પુણ્ય સ્મરણમાં જ શ્રી મહાગિરિના નામ પૂર્વે 'આર્ય' જોડવામાં આવ્યું છે. આર્યા યક્ષાના માર્ગદર્શન હેઠળ શ્રી મહાગિરિજીની સર્વતોમુખી પ્રતિભા ખીલી ઉઠી હતી. ત્યાગી સાધ્વી તો ત્યાગનો પંથ જ શીખવે ને ? મહાગિરિજીએ ૩૦ વર્ષની ભરયુવાનવયે આચાર્ય શ્રી સ્થૂલિભદ્રજી પાસે દીક્ષા ગ્રહણ કરી. વીર નિર્વાણ સં. ૧૭૫નું એ વર્ષ હતું. તેઓ ગુરુવર્યના સાંનિધ્યમાં ૪૦ વર્ષ રહીને ૧૧ અંગો અને ૧૦ પૂર્વનું વિશિષ્ટ જ્ઞાન પામ્યા. શ્રી સ્થૂલિભદ્રજીના સ્વર્ગગમન પછી તેઓ વીર નિર્વાણ સં. ૨૧૫ થી ૨૪૫ સુધી ૩૦ વર્ષ પર્યંત યુગ પ્રધાનપદે રહ્યા.

આચાર્યશ્રી મહાગિરિજીના લઘુગુરુબંધુ હતા-આર્ય સુહસ્તિસૂરિજી. તેઓ પણ જ્ઞાની, ત્યાગી અને સંયમી આચાર્યપ્રવર હતા. શ્રી સુહસ્તિસૂરિજી પણ સાધ્વી યક્ષાના છત્ર તળે ઘડાયા હતા, આથી તેઓ પણ આર્ય સુહસ્તિજી નામે વિખ્યાત છે. એમ કહી શકાય કે મહાન સાધ્વી યક્ષાએ જૈન શાસનને બે મહાન આચાર્યોની ભેટ ધરી હતી !

આર્ય સુહસ્તિજીએ પોતાના વડિલ ગુરુબંધુ શ્રી મહાગિરિજી પાસે ૧૧ અંગો અને ૧૦ પૂર્વોનું જ્ઞાન સંપાદન કરીને વિશિષ્ટ પ્રવચન

શક્તિ પ્રાપ્ત કરી હતી. બન્ને ગુરૂભાઇઓના દેહ જુદા અને આત્મા એક હોય તેમ રહેતા હતા, અને જૈન શાસનની પ્રભાવના કરતા હતા. આર્ય મહાગિરિજી નગર બહાર રહેતા તો આર્ય સુહસ્તિજી નગરમાં રહીને ધર્મપ્રભાવના કરતા હતા.

સંઘનાયક શ્રી મહાગિરિજીએ જોયું કે સંઘનો ભાર આર્ય સુહસ્તિજી અપૂર્વ કુશળતાથી સંભાળે છે એટલે તરત તેમણે સંકલ્પ જાહેર કર્યો કે 'વર્તમાન કાળમાં જિનકલ્પ આચારનો વિચ્છેદ થયો છે પરંતુ તેના જેવું જ જીવન જીવવાથી એટલે કે તપ, જપ, ધ્યાન આદિ સાધવાથી વિશિષ્ટ રીતે કર્મક્ષય કરવો સંભવ છે માટે હવે હું તેમ જીવીશ.'

શ્રી મહાગિરિજી ત્યાર પછી જંગલભૂમિમાં, સ્મશાનભૂમિમાં વિશેષ રહેવા માંડ્યા. તેમણે લોકસંપર્ક, માન-સન્માન તથા સુરુચિપૂર્ણ ભોજન વગેરેનો સંપૂર્ણ ત્યાગ કર્યો. આર્ય સુહસ્તિસૂરિ તેમને અત્યંત ભક્તિથી પૂજતા પણ તેમણે તેવી ભક્તિનો સ્વીકાર કરવાની પણ અનિચ્છા દર્શાવી.

કલ્પસૂત્ર સ્થવિરાવલિમાં આર્ય મહાગિરિજીના આઠ મુખ્ય શિષ્યોનો ઉલ્લેખ મળે છેઃ ૧. ઉત્તર, ૨. બલિસ્સહ, ૩. ધનાઢ્ય, ૪. આઢ્ય, ૫. કૌટિન્ય, ૬. નાગ, ૭. નાગમિત્ર, ૮. રોહગુપ્ત. આ શાસન પ્રભાવક સાધુઓ હતા. આ સાધુઓની સમય મર્યાદા જોતા કદાચ તેઓ શિષ્ય-પ્રશિષ્ય પણ હોય.

જિનકલ્પ સાધનાના સ્વામી, મહાપ્રભાવક આચાર્યશ્રી આર્ય મહાગિરિસૂરિજી ૩૦ વર્ષનો ગૃહસ્થપર્યાય, ૭૦ વર્ષનો દીક્ષાપર્યાય અને તેમાં ૩૦ વર્ષનો યુગપ્રધાનપદપર્યાય પામીને ૧૦૦ વર્ષનું સંપૂર્ણ આયુષ્ય પામીને દશાર્ણ (માલન) દેશમાં આવેલા ગજેન્દ્ર પદતીર્થ ઉપર વીર નિર્વાણ સં. ૨૪૫ માં સ્વર્ગવાસ પામ્યા.

(૨)

કામવિજેતા શ્રી સ્થૂલિભદ્રજીને જૈન સંઘમાં કોણ નહિ જાણતું હોય ? ઉત્કૃષ્ટ પુણ્યશાળી, જિનશાસનની શ્રુતપરંપરાના અંતિમ ચૌદ પૂર્વધર, નિર્મળ ચારિત્ર્યવાન શ્રી સ્થૂલિભદ્રજી મહારાજની અપ્રતિમ પ્રતિભાને પામવા માટે વિરાટ કાવ્યો પણ નાના પડે તેવું છે.

ગૌતમ ગોત્રીય શ્રી સ્થૂલિભદ્ર બ્રાહ્મણ પુત્ર હતા. મગધની રાજધાની પાટલિપુત્રના મહામંત્રી શકટાલના મોટા પુત્ર સ્થૂલિભદ્રનો જન્મ સં. ૧૧૬માં થયો હતો. નાનાભાઈનું નામ શ્રીમક. એમને સાત બહેનો હતી. તેના નામ 'ભરહેસર સજ્ઝાય'માં કહ્યા મુજબ, યક્ષા, યક્ષદિન્ના, ભૂતા, ભૂતદિન્ના, સેણા, વેણા, રેણા જાણવા મળે છે. આ સાતેય બહેનો ઉત્કૃષ્ટ બુદ્ધિશાળી હતી. કોઈ એકવાર બોલે એટલે પહેલી બહેનને યાદ રહી જાય, એ જ વસ્તુ તે બોલે એટલે બીજી બહેનને અને તે મુજબ સાતમી વાર બોલાય એટલી સાતમી બહેનને યાદ રહી જાય !

શકટાલ વિચક્ષણ મંત્રીશ્વર હતા. રાજખટપટોની તીવ્રતાના લીધે મગધને સુરક્ષિત રાખવા માટે તેમણે નાના પુત્ર શ્રીમક પાસે સામેથી પોતાની હત્યા કરાવી અને મોત માંગી લીધું !

એ સમયે સ્થૂલિભદ્ર કોશાને ત્યાં વસતા હતા. કોશા સંસારની શ્રેષ્ઠ સૌંદર્યવતી નારી હતી. સ્થૂલિભદ્ર અને કોશા શ્રેષ્ઠ સાંસારિક સુખો માણતા હતા ત્યાં મગધના રાજસેવકે આવીને સ્થૂલિભદ્રને મહારાજા યાદ કરે છે તેમ કહ્યું.

સ્થૂલિભદ્રને રાજાએ મંત્રી બનવાનું ઇજન આપ્યું.

સ્થૂલિભદ્રએ પિતાના મૃત્યુનું કારણ જાણ્યું, રાજરમતોનું વિશ્વ જાણ્યું અને મનમાં વૈરાગ્ય આવી ગયો.

તે સમયે આચાર્યશ્રી સંભૂતિવિજયજી સ્થૂલિભદ્રને મળ્યા. સ્થૂલિભદ્રને તેમની પાસે વીરનિર્વાણ સં. ૧૪૬માં દીક્ષા ગ્રહણ કરી. ૩૦ વર્ષની ભરયુવાન વયે સંયમના તપ, જપ શરૂ કર્યા. મહાજ્ઞાની આચાર્યશ્રી સંભૂતિવિજયજી પાસે તેમણે ૧૧ અંગ સુધીનો શ્રુતાભ્યાસ કર્યો. બારમું દૃષ્ટિવાદ ચૌદપૂર્વધર અને મહાપુણ્યશાળી આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામીજી પાસે ભણ્યા. ચૌદ પૂર્વોમાં ૧૦ પૂર્વ અર્થસહિત અને ૪ પૂર્વ મૂળથી શ્રી સ્થૂલિભદ્રજી વિદ્યાગુરૂ શ્રી ભદ્રબાહુ સ્વામી પાસે ભણ્યા. જૈન શાસનના આમ અંતિમ ચૌદ પૂર્વધર શ્રી સ્થૂલિભદ્રજી ગણાય છે. શ્રી ભદ્રબાહુસ્વામી પાસેથી તેમણે શીખેલા પાઠના સમયે શ્રી ભદ્રબાહુસ્વામીજીએ વાચનાઓ જ આપી હોઈ, વીર નિર્વાણ સં. ૧૬૦ ની આસપાસ આ સર્વે મહત્ત્વપૂર્ણ વાચનાઓ થઈ તેમ ગણી શકાય.

સ્થૂલિભદ્ર કોશાના ત્યાંથી નીકળ્યા પછી કોશા વિહ્વળ બની ગઈ. ગુર્વાજ્ઞાથી સ્થૂલિભદ્ર તેને ત્યાં ચાતુર્માસ રહ્યા પણ જળમાં કમળની જેમ ! એ વૈરાગ્યવાસિત મુનિવરના સંગમાં કોશા પણ પ્રતિબોધ પામી, સ્થૂલિભદ્ર મુનિએ તેનો પણ ઉદ્ધાર કર્યો.

આવા જ્ઞાની અને સંયમી મુનિશ્રી સ્થૂલિભદ્રજી વીર નિર્વાણ નિ. સં. ૧૬૦ માં આચાર્ય બન્યા. તેમને આર્ય મહાગિરિ, આર્ય સુહસ્તિ જેવા પ્રતિભાવંત શિષ્યો પણ સાંપડ્યા.

જીવનના અંત સમયે વૈભારગિરિ પર તેમણે ૧૫ દિનનું અણશણ કર્યું અને વીર નિર્વાણ સં. ૨૧૫ માં કાળધર્મ પામ્યા. તેમના વિલયથી સાથે જ અંતિમ ચાર પૂર્વો પણ વિલય પામ્યા.

પૂર્વાચાર્યોએ જેમને 'મંગલ' સ્વરૂપ કહ્યા છે એવા જિન શાસનના મહાન પ્રભાવક આચાર્ય શ્રી સ્થૂલિભદ્રજી કદીય ભૂલાશે નહીં.

***

જૈન ઉપાશ્રય, ૭ રૂપ માધુરી સોસાયટી,
સંઘવીના રેલ્વે ક્રોસીંગ પાસે, નારણપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૧૩.

રમત રમી રહેલું જણાય છે.

જેનું અંધત્વ અને અવલોકનત્વ આવું બિનપાયાદાર–હોય, એ માનવ સ્વપરના ગુણદોષના વિષયમાં જે અભિપ્રાય આપે, એની પર પછી મદાર પણ કઈ રીતે બાંધી શકાય ! એથી પોતાના ગુણ અને પારકા દોષ અંગે એ જે વિરાટતા વર્ણવે, એની પર ભરોસો ન રખાય, તેમ જ પોતાના દોષ અને પારકા ગુણ અંગે એ જે સૂક્ષ્મતા દર્શાવે એ ય સાચી ન માની લેવાય. લગભગ નાના હોવા છતા સ્વગુણ અને પરદોષને માનવ મોટા માનતો–મનાવતો હોય છે. તેમ જ મોટા હોવા છતાં સ્વદોષ અને પરગુણને એ સાવ જ નાના માનતો–મનાવતો હોય છે. આ તો આપણા સૌના સ્વાનુભવની વાત છે.

આપણી અનાદિની અવળી ચાલ જ્યારે આવી છે, ત્યારે એ પ્રશ્ન થાય છે કે, તો પછી સ્વપરના ગુણદોષ તરફ માણસે કેવી આંખે જોવું જોઈએ ? આના જવાબમાં નીચેનો વિકલ્પ દર્શાવી શકાય

–સ્વના ગુણ–દોષને આપણે જે દૃષ્ટિથી ગ્રહણ કરતા હોઈએ, એ જ દૃષ્ટિથી પરના ગુણ-દોષને ગ્રહણ કરવા જોઈએ. સ્વના ગુણ આપણને નાના હોય તો ય મોટા, અને દોષ મોટા હોય તો ય નાના લાગે છે. એથી આ દૃષ્ટિથી પરના ગુણ–દોષ જોઈશું, તો એ ગુણ નાના હશે તો ય મોટા અને દોષ મોટા હશે, તો ય નાના જણાશે. આ દૃષ્ટિના માધ્યમે પરના ગુણદોષનું જે દર્શન થશે, એ લગભગ સાચું હશે. હવે સ્વના ગુણદોષ જોવા માટે આપણે પરના ગુણદોષ જોવા જે દૃષ્ટિનો ઉપયોગ કરતા આવ્યા છીએ, એ દૃષ્ટિનો ઉપયોગ કરવો જોઈએ. પરના મોટા ગુણ નાના અને નાના દોષ આપણને મોટા જણાય છે. આ દૃષ્ટિથી જોઈશું, તો મોટો પણ સ્વગુણ નાનો અને નાનો પણ સ્વદોષ આપણને મોટો જણાશે. આમ આ નવી દૃષ્ટિને અમલી બનાવવાથી સ્વગુણ પર મોટાઈ અનુભવવાનું મન નહિ થાય અને સ્વદોષ ડંખ્યા વિના નહિ રહે ! આનો બીજો લાભ એ થશે કે પરગુણની પ્રશંસાને આપણે અપનાવી શકીશું, જેથી પરના દોષને ધિક્કારવાનો રસ મોળો પડી જશે.

આમ, આપણામાં આ રીતનો દૃષ્ટિદોષ અને આ રીતની દોષદૃષ્ટિ અનાદિથી રહેલ છે. આમાં આમૂલચૂલ પરિવર્તન આણીને ઉપર મુજબનો દૃષ્ટિગુણ પામવા ઉપરાંત પૂર્વ સૂચિત ગુણદૃષ્ટિ મેળવવી હોય અને સ્વપરના ગુણદોષના સાચા દર્શક બનવું હોય તો આ સુભાષિતના સંદેશની સુવર્ણ–સળી વડે સંતો–દીધા આ અંજનને આંખમાં આંજવું જ રહ્યું.

***

C/o. જિતેન્દ્ર જ્વેલર્સ, ૧૦૦ ભંડારી સ્ટ્રીટ,
ગોળ દેવળ, મુંબઈ–૪૦૦ ૦૦૪.

---

# જિનકલ્પના સાધક, દશપૂર્વધર શ્રી આર્ય મહાગિરિજી મહારાજ
# કામવિજેતા, અંતિમ દશપૂર્વધર શ્રી સ્થૂલિભદ્રજી મહારાજ

☐ પ. પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ

આચાર્ય શ્રી સ્થૂલિભદ્રજીના શિષ્ય આર્ય મહાગિરિજી ૧૦૦ વર્ષનું સુદીર્ઘ આયુષ્ય ધરાવનાર પરમ સંયમી, પ્રખર જ્ઞાની અને નિરતિચાર ત્યાગના પાલક હતા.

આચાર્ય શ્રી સ્થૂલિભદ્રજીની પરંપરાને તેમણે યશસ્વી રીતે આગળ ધપાવી હતી. શ્રી સ્થૂલિભદ્રજી આચાર્ય શ્રી સંભૂતિવિજયજીના શિષ્ય હતા અને શ્રી ભદ્રબાહુ સ્વામીજીના ઉત્તરાધિકારી હતા. આર્ય મહાગિરિજીએ તે મહાન વારસો પોતાના જીવનમાં ચરિતાર્થ કર્યો હતો.

પ્રાયઃ વીરનિર્વાણ સંવત ૧૪૫માં જન્મેલા અને એલાપત્ય ગોત્રીય આર્ય મહાગિરિજી બ્રાહ્મણ હતા. તેમનું બાળપણ, પરિશિષ્ટ પર્વ આદિ ગ્રંથમાં જણાવ્યું છે તે મુજબ, મહાન સાધ્વી આર્યા યક્ષાની શીળી અને સંસ્કારી છાયામાં વડાયું હતું અને તે સાધ્વીના પુણ્ય સ્મરણમાં જ શ્રી મહાગિરિના નામ પૂર્વે 'આર્ય' જોડવામાં આવ્યું છે. આર્યા યક્ષાના માર્ગદર્શન હેઠળ શ્રી મહાગિરિજીની સર્વતોમુખી પ્રતિભા ખીલી ઉઠી હતી. ત્યાગી સાધ્વી તો ત્યાગનો પંથ જ શીખવે ને ? મહાગિરિજીએ ૩૦ વર્ષની ભરયુવાનવયે આચાર્ય શ્રી સ્થૂલિભદ્રજી પાસે દીક્ષા ગ્રહણ કરી. વીર નિર્વાણ સં. ૧૭૫નું એ વર્ષ હતું. તેઓ ગુરુવર્યના સાંનિધ્યમાં ૪૦ વર્ષ રહીને ૧૧ અંગો અને ૧૦ પૂર્વનું વિશિષ્ટ જ્ઞાન પામ્યા. શ્રી સ્થૂલિભદ્રજીના સ્વર્ગગમન પછી તેઓ વીર નિર્વાણ સં. ૨૧૫ થી ૨૪૫ સુધી ૩૦ વર્ષ પર્યંત યુગ પ્રધાનપદે રહ્યા.

આચાર્યશ્રી મહાગિરિજીના લઘુગુરુબંધુ હતા–આર્ય સુહસ્તિસૂરિજી. તેઓ પણ જ્ઞાની, ત્યાગી અને સંયમી આચાર્યપ્રવર હતા. શ્રી સુહસ્તિસૂરિજી પણ સાધ્વી યક્ષાના છત્ર તળે ઘડાયા હતા, આથી તેઓ પણ આર્ય સુહસ્તિજી નામે વિખ્યાત છે. એમ કહી શકાય કે મહાન સાધ્વી યક્ષાએ જૈન શાસનને બે મહાન આચાર્યોની ભેટ ધરી હતી !

આર્ય સુહસ્તિજીએ પોતાના વડિલ ગુરુબંધુ શ્રી મહાગિરિજી પાસે ૧૧ અંગો અને ૧૦ પૂર્વોનું જ્ઞાન સંપાદન કરીને વિશિષ્ટ પ્રવચન

શક્તિ પ્રાપ્ત કરી હતી. બન્ને ગુરૂભાઇઓના દેહ જુદા અને આત્મા એક હોય તેમ રહેતા હતા, અને જૈન શાસનની પ્રભાવના કરતા હતા. આર્ય મહાગિરિજી નગર બહાર રહેતા તો આર્ય સુહસ્તિજી નગરમાં રહીને ધર્મપ્રભાવના કરતા હતા.

સંઘનાયક શ્રી મહાગિરિજીએ જોયું કે સંઘનો ભાર આર્ય સુહસ્તિજી અપૂર્વ કુશળતાથી સંભાળે છે એટલે તરત તેમણે સંકલ્પ જાહેર કર્યો કે 'વર્તમાન કાળમાં જિનકલ્પ આચારનો વિચ્છેદ થયો છે પરંતુ તેના જેવું જ જીવન જીવવાથી એટલે કે તપ, જપ, ધ્યાન આદિ સાધવાથી વિશિષ્ટ રીતે કર્મક્ષય કરવો સંભવ છે માટે હવે હું તેમ જીવીશ.'

શ્રી મહાગિરિજી ત્યાર પછી જંગલભૂમિમાં, સ્મશાનભૂમિમાં વિશેષ રહેવા માંડ્યા. તેમણે લોકસંપર્ક, માન-સન્માન તથા સુરુચિપૂર્ણ ભોજન વગેરેનો સંપૂર્ણ ત્યાગ કર્યો. આર્ય સુહસ્તિસૂરિ તેમને અત્યંત ભક્તિથી પૂજતા પણ તેમણે તેવી ભક્તિનો સ્વીકાર કરવાની પણ અનિચ્છા દર્શાવી.

કલ્પસૂત્ર સ્થવિરાવલિમાં આર્ય મહાગિરિજીના આઠ મુખ્ય શિષ્યોનો ઉલ્લેખ મળે છેઃ ૧. ઉત્તર, ૨. બલિસ્સહ, ૩. ધનાઢ્ય, ૪. આઢ્ય, ૫. કૌટિન્ય, ૬. નાગ, ૭. નાગમિત્ર, ૮. રોહગુપ્ત. આ શાસન પ્રભાવક સાધુઓ હતા. આ સાધુઓની સમય મર્યાદા જોતા કદાચ તેઓ શિષ્ય-પ્રશિષ્ય પણ હોય.

જિનકલ્પ સાધનાના સ્વામી, મહાપ્રભાવક આચાર્યશ્રી આર્ય મહાગિરિસૂરિજી ૩૦ વર્ષનો ગૃહસ્થપર્યાય, ૭૦ વર્ષનો દીક્ષાપર્યાય અને તેમાં ૩૦ વર્ષનો યુગપ્રધાનપદપર્યાય પામીને ૧૦૦ વર્ષનું સંપૂર્ણ આયુષ્ય પામીને દશાર્ણ (માલન) દેશમાં આવેલા ગજેન્દ્ર પદતીર્થ ઉપર વીર નિર્વાણ સં. ૨૪૫ માં સ્વર્ગવાસ પામ્યા.

(૨)

કામવિજેતા શ્રી સ્થૂલિભદ્રજીને જૈન સંઘમાં કોણ નહિ જાણતું હોય ? ઉત્કૃષ્ટ પુણ્યશાળી, જિનશાસનની શ્રુતપરંપરાના અંતિમ ચૌદ પૂર્વધર, નિર્મળ ચારિત્ર્યવાન શ્રી સ્થૂલિભદ્રજી મહારાજની અપ્રતિમ પ્રતિભાને પામવા માટે વિરાટ કાવ્યો પણ નાના પડે તેવું છે.

ગૌતમ ગોત્રીય શ્રી સ્થૂલિભદ્ર બ્રાહ્મણ પુત્ર હતા. મગધની રાજધાની પાટલિપુત્રના મહામંત્રી શકટાલના મોટા પુત્ર સ્થૂલિભદ્રનો જન્મ સં. ૧૧૬માં થયો હતો. નાનાભાઈનું નામ શ્રીમક. એમને સાત બહેનો હતી. તેના નામ 'ભરહેસર સજ્ઝાય'માં કહ્યા મુજબ, યક્ષા, યક્ષદિન્ના, ભૂતા, ભૂતદિન્ના, સેણા, વેણા, રેણા જાણવા મળે છે. આ સાતેય બહેનો ઉત્કૃષ્ટ બુદ્ધિશાળી હતી. કોઈ એકવાર બોલે એટલે પહેલી બહેનને યાદ રહી જાય, એ જ વસ્તુ તે બોલે એટલે બીજી બહેનને અને તે મુજબ સાતમી વાર બોલાય એટલી સાતમી બહેનને યાદ રહી જાય !

શકટાલ વિચક્ષણ મંત્રીશ્વર હતા. રાજખટપટોની તીવ્રતાના લીધે મગધને સુરક્ષિત રાખવા માટે તેમણે નાના પુત્ર શ્રીમક પાસે સામેથી પોતાની હત્યા કરાવી અને મોત માંગી લીધું !

એ સમયે સ્થૂલિભદ્ર કોશાને ત્યાં વસતા હતા. કોશા સંસારની શ્રેષ્ઠ સૌંદર્યવતી નારી હતી. સ્થૂલિભદ્ર અને કોશા શ્રેષ્ઠ સાંસારિક સુખો માણતા હતા ત્યાં મગધના રાજસેવકે આવીને સ્થૂલિભદ્રને મહારાજા યાદ કરે છે તેમ કહ્યું.

સ્થૂલિભદ્રને રાજાએ મંત્રી બનવાનું ઇજન આપ્યું.

સ્થૂલિભદ્રએ પિતાના મૃત્યુનું કારણ જાણ્યું, રાજરમતોનું વિશ્વ જાણ્યું અને મનમાં વૈરાગ્ય આવી ગયો.

તે સમયે આચાર્યશ્રી સંભૂતિવિજયજી સ્થૂલિભદ્રને મળ્યા. સ્થૂલિભદ્રને તેમની પાસે વીરનિર્વાણ સં. ૧૪૬માં દીક્ષા ગ્રહણ કરી. ૩૦ વર્ષની ભરયુવાન વયે સંયમના તપ, જપ શરૂ કર્યા. મહાજ્ઞાની આચાર્યશ્રી સંભૂતિવિજયજી પાસે તેમણે ૧૧ અંગ સુધીનો શ્રુતાભ્યાસ કર્યો. બારમું દૃષ્ટિવાદ ચૌદપૂર્વધર અને મહાપુણ્યશાળી આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામીજી પાસે ભણ્યા. ચૌદ પૂર્વોમાં ૧૦ પૂર્વ અર્થસહિત અને ૪ પૂર્વ મૂળથી શ્રી સ્થૂલિભદ્રજી વિદ્યાગુરૂ શ્રી ભદ્રબાહુ સ્વામી પાસે ભણ્યા. જૈન શાસનના આમ અંતિમ ચૌદ પૂર્વધર શ્રી સ્થૂલિભદ્રજી ગણાય છે. શ્રી ભદ્રબાહુસ્વામી પાસેથી તેમણે શીખેલા પાઠના સમયે શ્રી ભદ્રબાહુસ્વામીજીએ વાચનાઓ જ આપી હોઈ, વીર નિર્વાણ સં. ૧૬૦ ની આસપાસ આ સર્વે મહત્ત્વપૂર્ણ વાચનાઓ થઈ તેમ ગણી શકાય.

સ્થૂલિભદ્ર કોશાના ત્યાંથી નીકળ્યા પછી કોશા વિહ્વળ બની ગઈ. ગુર્વાજ્ઞાથી સ્થૂલિભદ્ર તેને ત્યાં ચાતુર્માસ રહ્યા પણ જળમાં કમળની જેમ ! એ વૈરાગ્યવાસિત મુનિવરના સંગમાં કોશા પણ પ્રતિબોધ પામી, સ્થૂલિભદ્ર મુનિએ તેનો પણ ઉદ્ધાર કર્યો.

આવા જ્ઞાની અને સંયમી મુનિશ્રી સ્થૂલિભદ્રજી વીર નિર્વાણ નિ. સં. ૧૬૦ માં આચાર્ય બન્યા. તેમને આર્ય મહાગિરિ, આર્ય સુહસ્તિ જેવા પ્રતિભાવંત શિષ્યો પણ સાંપડ્યા.

જીવનના અંત સમયે વૈભારગિરિ પર તેમણે ૧૫ દિનનું અણશણ કર્યું અને વીર નિર્વાણ સં. ૨૧૫ માં કાળધર્મ પામ્યા. તેમના વિલયથી સાથે જ અંતિમ ચાર પૂર્વો પણ વિલય પામ્યા.

પૂર્વાચાર્યોએ જેમને 'મંગલ' સ્વરૂપ કહ્યા છે એવા જિન શાસનના મહાન પ્રભાવક આચાર્ય શ્રી સ્થૂલિભદ્રજી કદીય ભૂલાશે નહીં.

***

જૈન ઉપાશ્રય, ૭ રૂપ માધુરી સોસાયટી,
સંઘવીના રેલ્વે ક્રોસીંગ પાસે, નારણપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૧૩.

# જૈન પારિભાષિક શબ્દકોશ

ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(ગતાંકથી આગળ)

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧૦. | પ્રતિમાન | નિયત સૂક્ષ્મ માપ | नियत सूक्ष्म माप | standard small measures |
| ૨૧૧. | પ્રવૃત્તિ | પ્રવૃત્તિ, કાર્ય | प्रवृत्ति, कार्य | Activity, Trend |
| ૨૧૨. | યતિ | યતિ, સાધુ | यति, साधु | Semiascetic |
| ૨૧૩. | યથાકલ્પ | આચાર અનુસાર | आचार के अनुसार | As per practice |
| ૨૧૪ | મત | મત, સિદ્ધાન્ત, વાદ | मत, सिद्धान्त, वाद | Doctrine, View, ism |
| ૨૧૫ | મતિ | મતિ, બુદ્ધિ | मति, बुद्धि | Instinct, Inteliect |
| ૨૧૬ | માત્રા | માત્રા, પ્રમાણ | मात्रा, प्रमाण | Limit, Measure |
| ૨૧૭ | માત્સર્ય | ઈર્ષ્યા, અદેખાઈ | इर्ष्या | Jealousy, Envy |
| ૨૧૮ | મૌન | મૌન | मौन | Silence |
| ૨૧૯ | માયા | માયા, કપટ, ભ્રમ | माया, कपट, भ्रम | Deceit, Illusion |
| ૨૨૦ | મેધાવી | મેધાવી, બુદ્ધિશાળી કુશાગ્ર બુદ્ધિ | मेधावी, बुद्धिमान | Saint, Intelligent |
| ૨૨૧ | મ્લેચ્છ | મ્લેચ્છ, અનાર્ય | म्लेच्छ, अनार्य | Non-aryan, Non-cultured |
| ૨૨૨ | મોક્ષ | મોક્ષ, મુક્તિ, કર્મરહિત અવસ્થા | मोक्ष, मुक्ति कर्मरहित अवस्था | Salvation |
| ૨૨૩ | મૃદુ | મૃદુ, નરમ, નમ્ર | मृदु, नम्र | Soft |
| ૨૨૪ | મૂઢ, | મૂઢ, અજ્ઞાની, મૂર્ખ | मूर्ख, अज्ञानी | Ignorant, Idiot |
| ૨૨૫ | મુદ્રા | મુદ્રા, હાથથી બનંતી યોગની આકૃતિ | मुद्रा, हाथ आदिसे बननेवाली योग की आकृति विशेष | Posture |
| ૨૨૬ | મુક્ત | કર્મથી સર્વથા રહિત | कर्मसे सर्वथा रहित | Released, Salvared |
| ૨૨૭ | મુક્તિ | મુક્તાવસ્થા, મોક્ષ | मुक्तावस्था, मोक्ष | Liberation, Salvation |

## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક વિનંતિ

સુજ્ઞશ્રી,

સાદર પ્રણામ,

આપશ્રી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રન/આજીવન સભ્ય અથવા સભ્ય કે શુભેચ્છક છો. આપને 'પ્રબુદ્ધ જીવન' નિયમતિ મળતું હશે. આપના સહકાર માટે અમે આપના આભારી છીએ.

'પ્રબુદ્ધ જીવન'ના ફેબ્રુઆરી ૨૦૦૬ના અંકમાં આ સામયિકના ઉજ્જવળ ઈતિહાસની ઝલક દર્શાવી હતી અને આ સામયિકને આર્થિક રીતે સક્ષમ કરવા ગ્રાહક યોજના પ્રસ્તુત કરી હતી, જે આ અંકમાં પણ પ્રગટ કરી છે.

ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન નીધિ'ના શીર્ષક નીચે કાયમી ફંડ માટે સમાજ સમક્ષ વિનંતિ પણ કરી છે.

આ જ્ઞાનયજ્ઞમાં અમે જણાવેલ કોઈ પણ યોજનામાં આપ સહભાગી થાવ એવી અમારી વિનંતિ છે.

**આ માટે, <u>આપ પાછળ છાપેલું ફોર્મ ભરી; પાના નંબર ૨ પર દર્શાવેલી</u> જે આપને યોજના અનુકૂળ લાગે એનો ઉલ્લેખ કરી આ ફોર્મ અમને પરત કરવા વિનંતિ.**

આપનો ચેક/ડ્રાફ્ટ 'SHREE MUMBAI JAIN YUVAK SANGH' ના નામે મોકલવા વિનંતિ.

આજીવન ગ્રાહક લવાજમ ભરનાર તેમજ 'પ્રબુદ્ધ જીવન નીધિ કાયમી ફંડ'માં ફાળો આપનારને આવકવેરાની કલમ 80-G અન્વયે કરમુક્ત છે, તે અંગેનું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

આપની શુભેચ્છા અમારી સાથે સર્વદા રહેશે જ. જે આ જ્ઞાનયાત્રા માટે અમને પ્રેરક બની રહેશે. ધન્યવાદ, આભાર.

☐ મેનેજર

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨૮ | મૂળવ્રત | મુખ્યવ્રત | मुलव्रत, मुख्यव्रत | Basic vows, Fundamental Bows |
| ૨૨૯ | મુમુક્ષુ | મુક્ત થવાની ઇચ્છા રાખનાર સાધક | मुक्तहोने की इच्छावाला साधक | Salvation, desiring |
| ૨૩૦ | મુનિ | મુનિ, સાધુ, સંયમી | मुनि, साधु, संयमी | Monk, Mendicant, Ascetic |
| ૨૩૧ | મૂર્ચ્છા | મૂર્ચ્છા, પરિગ્રહ, આસક્તિ | मूच्छा, परिग्रह, आसक्ति | Delusion, Attachment |
| ૨૩૨ | નભ | નભ, આકાશ | नभ, आकाश | Sky, Space |
| ૨૩૩ | નગ્ન | નગ્ન, વસ્ત્રરહિત | नग्न, वस्त्ररहित | Naked |
| ૨૩૪ | નમઃ | નમન, નમસ્કાર, વંદન | नमन, नमस्कार, वंदन | Bow, Salutation |
| ૨૩૫ | નમોસ્તુ | નમસ્કાર, વંદન | नमस्कार, वंदन | Bow, Salutations to thee |
| ૨૩૬ | નાસ્તિક | નાસ્તિક, અતીન્દ્રિય પદાર્થમાં અશ્રદ્ધા રાખનાર | नास्तिक, अतीन्द्रिय पदार्थों में अश्रद्धा रखनेवाला | Atheist |
| ૨૩૭ | નિક્ષેપ | નિક્ષેપ, ન્યાસ કરવો,સ્થાપના કરવી | निक्षेप, न्यास करना, स्थापना करनी | Instalation, Positing |
| ૨૩૮ | ન્યાસ | સ્થાપના કરવી | स्थापना करना | Installation |
| ૨૩૯ | નીલ | નીલ, વાદળી | नील | Blue |
| ૨૪૦ | નીલ લેશ્યા | નીલ લેશ્યા | नील लेश्या | Blue Aura |
| ૨૪૧ | નિરાકાર | આકાર રહિત | आकार रहित | Formless, Indefinite |
| ૨૪૨ | નિત્ય | નિત્ય, હંમેશા, સદાકાળ | नित्य, सदाकाल | Permanent, Constant, eternal |
| ૨૪૩ | નિત્યત્વ | નિત્યપણુ | नित्यत्व, नित्यता | Permanent, Externality |
| ૨૪૪ | નિત્યવાદ | પદાર્થને નિત્ય માનનાર સિદ્ધાન્ત | पदार्थ को नित्य माननेवाला सिद्धान्त | Eternalism |
| ૨૪૫ | ન્યાયદર્શન | ન્યાય સિદ્ધાન્ત | न्याय सिद्धान्त | Nyaya Philosophy |
| ૨૪૬ | પરમાણુ | પરમાણુ, પદાર્થનો અત્યંત નાનો અવિભાજ્ય અંશ | पदार्थ का अत्यंत छोटा अविभाज्य अंश | Atom, Ultimate Particle |

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(ક્રમશઃ)

પ્રતિશ્રી,
**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**
૩૩, મહમ્મદી મિનાર, ૧૪ મી ખેતવાડી,
એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦૦૦૪.
ફોન : ૦૨૨-૨૩૮૨૦૨૯૬.

આપનો વિનંતિ પત્ર મળ્યો.

અમોને આપના 'પ્રબુદ્ધ જીવન'ના વાર્ષિક/ત્રિવાર્ષિક/પંચવર્ષીય/આજીવન ગ્રાહક/કન્યા કરિયાવર ગ્રાહક થવાની ઈચ્છા છે.

'પ્રબુદ્ધ જીવન નીધિ' કાયમી ફંડમાં અનુદાન આપવાની અમારી ભાવના છે.

આ સાથે ચેક/ડ્રાફ્ટ રૂ. ........................ચેક/ડ્રાફ્ટ નંબર ........................તારીખ ....................

બેંક ........................શાખા ........................ગામ ........................નો સ્વીકારી

નીચેના સરનામે રસીદ મોકલવા વિનંતિ. ધન્યવાદ.

નામ અને સરનામું : ........................................................

........................................................

લિ........................

રમણલાલ ચી. શાહ

# સાહિત્ય સૌરભ ગ્રંથ-૧-૭

અને

## પ્રવચનોની સી.ડી.

# પ્રકાશન સમારંભ

તારીખ- મંગળવાર-૨૫ ઑગસ્ટ ૨૦૦૯ સમય : સવારે ૯-૩૦

સ્થળ : બિરલા માતુશ્રી સભાગૃહ-મરીન લાઈન્સ-મુંબઈ

પ્રમુખ : શ્રી દીપચંદ ગાર્ડી

વરદ હસ્તે : ડૉ. સાગરમલ જૈન
ડૉ. રાકેશભાઈ ઝવેરી
ડૉ. સરયૂબહેન મહેતા
પૂ. ભાઈશ્રી નલિનભાઈ કોઠારી
ડૉ. રમણિકલાલ દોશી
પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ
સુશ્રાવક શ્રી સી. કે. મહેતા
સુશ્રાવક શ્રી નવીનભાઈ સી. શાહ

| ગ્રંથ | શિર્ષક | વિદ્વાન સંપાદકો | ગ્રંથ | શિર્ષક | વિદ્વાન સંપાદકો |
|---|---|---|---|---|---|
| ૧ | જૈનધર્મ દર્શન | ડૉ. કલા શાહ | ૫. | પ્રવાસ દર્શન | પ્રા. જશવંત શેખડીવાળા |
| ૨ | જૈન આચાર દર્શન | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૬. | સાંપ્રત સમાજ દર્શન | પ્રા. જશવંત શેખડીવાળા |
| ૩ | ચરિત્ર દર્શન | ડૉ. પ્રવીણ દરજી | ૭ | શ્રુત ઉપાસક ડૉ. રમણલાલ ચી. શાહ | પ્રધાન સંપાદક પ્રા. [illegible] શ્રીમતી તારાબહેન શાહ, ઉષાબહેન શાહ, પુષ્પાબહેન પરીખ |
| ૪ | સાહિત્ય દર્શન | ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ | | | |

સંયોજક : ડૉ. ધનવંત શાહ

પ્રકાશક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

ડૉ. રમણભાઈએ આપેલા વિવિધ વિષયો ઉપરના પ્રવચનોની સી.ડી.

નિર્માણ : [illegible] મુંબઈ.

કાર્યક્રમને દિવસે પ્રારંભમાં શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ધરમપુર નિર્મિત ડૉ. રમણલાલ ચી. શાહના જીવન અને સાહિત્ય ઉપર આધારિત દૃશ્ય-શ્રાવ્ય ફિલ્મ બતાવવામાં આવશે.

'પ્રબુદ્ધ જીવન'ના સર્વે ચાહક જનોને ભાવ પૂર્વકનું નિમંત્રણ

સમારોહના દિવસે પ્રત્યેક ગ્રંથ ઉપર ૨૦ % નું અને સાત ગ્રંથો લેનાર જિજ્ઞાસુને ૩૦ % નું વળતર આપવામાં આવશે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ વતી-પ્રમુખ
રસિકલાલ લહેરચંદ શાહ

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 • Regd. No. MH / MR / SOUTH-146 / 2006-08



## પંથે પંથે પાથેય...

# માણસાઈ મહેકી ઊઠી!

### (આજીવન કેદીઓની સાચી ઘટના)

વૈશાખ મહિનો હતો. ઉનાળાના દિવસો હતા. માંકડાના માથાં ફાડી નાખે એવા એ ઉનાળામાં વડોદરા મધ્યવર્તી જેલ (વડોદરા સેન્ટ્રલ જેલ)માં આજીવન કેદીઓને મળવાનું થયું.

લાયઝન ઑફિસર શ્રી દિલીપ પંડ્યાનું આયોજન હતું. સેન્ટ્રલ જેલના ચીફ જેલરની અનુમતિ મળી હતી. રસોડાનો હવાલો સંભાળનાર સલીમ પાડા–આજીવન કેદીએ કાચી કેરીનું શરબત આપ્યું. પીધું. પછી મને એક સરભરા સંભાળનાર કેદીની સાથે જેલના જુદા જુદા ખંડો જોવાની વ્યવસ્થા થઈ ગઈ. રસોડાથી શરૂઆત કરી. કારણ પેટ જ બધી ઉપાધિઓ સર્જે છે. એ રસોડાની સુંદર વ્યવસ્થા, કેદીઓનું ખાણું વગેરેની માહિતી મેળવી હું એક પછી એક ખંડ જોતો ગયો. આજીવન કેદીઓ દરેક ખંડમાં સોંપાયેલું પોતપોતાનું કામ કરતા હતા. એમાં જરાય આળસ નહિ, જે પ્રમાણે સૂચના થઈ હોય તે પ્રમાણે તેઓ કાર્ય કરી રહ્યા હતા. એક ખંડમાં બૂટ–ચંપલ બનતા હતા. ખાસ્સા એવા મજબૂત. એ ખંડના મુખીને મેં એ બૂટ કે ચંપલ અમને મળે કે નહિ એમ મેં પૂછ્યું અને તેનો જવાબ ના હતો, કારણ તેઓએ બહારથી મળેલા ઑર્ડર પ્રમાણે, જેલના નિયમ પ્રમાણે પોતાનું કર્મ બજાવવાનું હતું.

બીજા ખંડમાં જોયું તો શતરંજી બનતી હતી. સુતરાઉ, હાથશાળ દ્વારા. ત્યાં પણ પેલા કેદીઓ પોતપોતાના કાર્યમાં રત હતા. તેઓની આગતા સ્વાગતા મારી સાથેની વાત કરવાની પદ્ધતિ મને જચી ગઈ. તોછડાઈનો સંપૂર્ણ અભાવ. સ્નેહ ભરી વાણીનો સંયમ, હૈયે ગમી જાય તેવો ! પોતાને સોંપેલા કાર્યમાં ક્યાંય સુસ્તપણું નહિ. મનગમતી શેતરંજી જોઈ હૈયે આનંદ જરૂર ઊભરાય.

ત્રીજા ખંડમાં લાકડાના ઉદ્યોગનું સ્થળ હતું. ત્યાં ખુરસી–ટેબલ–બેન્ચ વગેરે બનતા જોયા. સુથારી કામકાજના એ કેદીઓ માહેર બની ગયા હતા. ત્યાંનું બધુંય કામ વ્યવસ્થિત અને યોગ્યતામય હતું.

ત્યાર પછી આગળના ખંડમાં પહોંચ્યો. એવામાં બપોરના અઢીથી ત્રણનો ગાળો હતો. એટલે એ બધાય કેદીઓ માટે ગરમ ચાની કોઠી લઈ બે કેદીઓ ત્યાં આવી પહોંચ્યા. કોઠી જેલના એ ખંડની પરસાળમાં મુકવામાં આવી અને લગભગ ૨૫ કેદીઓનો સમૂહ તરત પોતાનું કામ થંભાવી ચાની કોઠી હતી ત્યાં વ્યવસ્થિત રીતે ઊભા રહી ગયા. આમ તો બપોરની ચાની ટેવ હોય. એટલે ચા ઉપર–તેના કપ મેળવવાની તાલાવેલી કોને ન હોય ? પણ એ પચીસ જણાની શિસ્તમાં મેં ક્યાંય એમના કાળા કરતૂતોની કાળાશ ભાળી નહિ.

પાપ કોણ નથી કરતું ? આમ તો બધાય એક યા બીજી રીતે અનેક પ્રકારની તન–મન–ધનની ચોરી કરતા હોય છે. 'છીંડે ચડ્યા તે ચોર' અને 'પકડાય એ સજા પામે.' પરંતુ એ પચીસ જણની મહેનત–કર્મ પ્રત્યેની લગન અને આચરણ અને શિસ્તમાં સંયમનો અભિષેક મેં નજરે જોયો. મનોમન હું એમને નમી પડ્યો.

એ બધાએ મને સાથે મળીને ચા પીવાનું આમંત્રણ આપ્યું. હું એમની સંગે જોડાયો. એક આનંદ એ હતો કે એક મહેમાન બની હું એમના સ્વજન જેવો બની ગયો હતો. તેઓ જેલમાં હતા. હું જેલ બહાર હતો. પરંતુ માનવ મનની ગહનતા સમજવી બહુ અઘરી છે, છતાંય એ પચીસ જણનો આગ્રહ મારે મન એક અણમોલ સમય હતો.

મેં ચા આપનારને પૂછ્યું : 'આપ ચા આપો છો તો જેલમાં આ ચા મફત મળતી હશે ને ?'

એણે જવાબ આપ્યો : 'સા'બ દિનમાં બે વાર ચા મળે. એક સવારના, એક બપોરે. પણ સંધ્યાએ એક કપના આઠ આના જરૂર આપવા પડે.'

'આ લોકો આઠ આના કાઢે ક્યાંથી ?' મેં પૂછ્યું.

'સા'બ આપે જુદા જુદા ખંડમાં જુદા જુદા ઉદ્યોગો કરતા કેદીઓને જોયાને ? અમારે સંધાયે રોજ સોંપાયેલું કામ કરવું પડે. જમવા માટે અને ચા માટે સમય ફાજલ મળે પણ જમવાના રૂપિયા નહિ આપવાના–ચાના આપવા જ પડે.' એણે વિગત સમજાવી.

'પણ ભાઈ, દરેક જણ આઠ આના આપે કેવી રીતે ? એ વાત તમે મને ન કહી.' મેં વિગત માગી.

'સા'બ, અમે સંધાય આખો દન કામ કરીએ અને સાંજે અમારા કરેલા કામ ઉપર અમને મહેનતાણું મળે. અમને રોકડ રકમ ન મળે. અમારા નામ સામે અમારી દરરોજની રકમ જમા થાય. એમાંથી મહિના માસે અમારી ભેગી થયેલી રકમમાંથી એ લઈ લેવાય.' પેલાએ તો મજાની વાત કરી.

'ભલા ભાઈ, ત્યારે તમે મહેનત કરો, થોડી કમાણી કરો, પૈસા જમા થાય. 'વાહ ભાઈ વાહ ! તમે સૌ મહેનતની કમાઈ દ્વારા ચા પીવો છો એનો મને આનંદ છે. મફતની વાનગીમાં સ્વાદ કેવો ! પરસેવો પાડી મેળવેલા પૈસાની ચાનો સ્વાદ બહુ જ મીઠો હોય છે ને ?' મેં વાત પૂરી કરી.

'હા.' એક સાથે બધાય બોલી ઊઠ્યા.

એક સમજણવાળો જણ બોલી ઊઠ્યો : 'સા'બ આમ તો અમે માણસ છીએ. અમારે દિલ છે. અમેય સામાન્ય માણસની જેમ જીવતા હતા–રહેતા હતા–સંસાર માણતા હતા પણ એક કાળ ઘડીમાં અમારાથી ભયંકર ગુનો થઈ ગયો. પકડાઈ ગયા. ન્યાય કોર્ટે આજીવન–જનમટીપ આપી. બસ, કરેલા કર્મનો બદલો આ ધરતી પર સૌને મળી રહે છે !'

'વાહ ભાઈ વાહ ! તમને બધાયે મારા નમસ્તે. પણ મારી એક વાત આજ સૌ સ્વીકારો એવી મારી નમ્ર વિનંતિ.'

'બોલો.' સૌ એકી સાથે બોલી ઊઠ્યા.

'આજ તમે મને મહેમાન ન ગણો. આજની તમારા સૌની ચાનો ખરચ હું આપું છું. તમારી સાથે વાતચીત કરવાનો, જીવનની કડવી–મીઠી વાત જાણવાનો, તમારી સૌની રીતભાત–ચાલચલણ જાણવાનો મારી જેવા મુંબઈવાળાને કેવી રીતે મળે ?' મેં પ્રાર્થના કરી.

એ પચીસ જણનો મુખિયો બોલી ઊઠ્યો : 'અરે, સા'બ, તમે મે'માન સૌ. આંગણે આવેલા અતિથિની પાંહેથી પૈસો કેમ લેવાય ? માટે આજ તો અમારા ખરચે તમે પણ અમારી સંગે ચાનો ટેસડો લ્યો.'

એ પચીસ જણનો સમૂહ–એની સંઘભાવના–એમની મારી પ્રત્યેની લાગણી–અતિથિ પ્રત્યેની એમની ભાવના અને ખાસ કરીને એમની સૌની મારે પૈસા નહિ આપવાની મક્કમતા જોઈ હું હલબલી ગયો. મારા અંતરે એમને સૌને નમન કર્યા. એ પચીસ જણાના મુખ ઉપર તરવરતો અનેરો નેહ આજે વીસ વરસથી મારા અંતરમાં ઘર કરી વસી ગયો છે ! અને મેં હસતે મોઢે ચાનો પ્યાલો મોઢે માંડ્યો ત્યાર પછી એ પચીસ જણાએ ચાનો ટેસડો માણ્યો.

અને મેં જોયું. આખરે ગુનેગાર એક માનવી છે. માનવસભર લાગણી અને સ્નેહ એમના અંતરે વસે છે. એટલે સજા ભોગવતા ભોગવતા પશ્ચાતાપનો પારસ એમની વાણી દ્વારા એમના ગુનાનો ડાઘ ધોઈ રહ્યો હતો !

ગુનો કરનાર જણ–ગુનો ન કરનાર જણ આખરે પરમાત્માનું સર્જન છે. જનમ કેદમાં રહેલા એ મધ્યવર્તી જેલમાં ગુનાખોરો ગુનાને ભૂલી માણસાઈને મહેકાવી રહ્યા હતા !

માનવીની માણસાઈ જ આખરે જનસમાજમાં ગુનાને ધોતી રહી છે !

☐ મનસુખલાલ ઉપાધ્યાય

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh, and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd., Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add.: 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant C. Shah.

✱✱✱ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ✱✱✱

# પ્રબુદ્ધ જીવન

છૂટક નકલ રૂા. ૧૦/- તા. ૧૬ ઑગસ્ટ, ૨૦૦૬ વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-

## જિન-વચન

### કઠોર વાણી

*मुहुत्तदुक्खा हु हवंति कंटया अओमया ते वि तओ सुउद्धरा ।*

*वायादुरुत्ताणि दुरुद्धराणि वेराणुबंधीणि महब्भयाणि ।।*

(दसवैकालिक. ९ (३) - ११)

લોખંડનો કાંટો બે ઘડી દુઃખ આપે છે અને તે શરીરમાંથી સહેલાઈથી કાઢી શકાય છે, પરંતુ કઠોર વાણીરૂપી કાંટો સહેલાઈથી કાઢી શકાતો નથી. તે વેરની પરંપરા વધારે છે અને મહાભયાનક હોય છે.

लोहे का कांटा अल्प काल तक दुःख-दायी होता है और वह शरीर से सहजतया निकाला जा सकता है । लेकिन दुर्वचनरूपी कांटा सहजतया नहीं निकाला जा सकता । वह वैर की परंपरा को बढ़ाता है और महाभयानक होता है ।

When a sharp iron nail pricks the body, it can be easily removed; the pain does not last for a long time; but when a sharp nail in the form of hurtful words pricks, it cannot be easily removed; it creates enmity and generate.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી)

# આચમન

## સંન્યાસ માનસિક વસ્તુ છે

આશ્રમના શરૂઆતના દિવસોની વાત છે. ત્યાં સ્વામી સત્યદેવ આવ્યા. દેશની આઝાદી માટે બાપુ જે કાર્ય કરી રહ્યા હતા, તે જોઈ તેઓ ખૂબ પ્રસન્ન થયા. એક દિવસ સ્વામીજી બાપુ પાસે જઈ કહેવા લાગ્યા, 'હું આપના આશ્રમમાં દાખલ થવા માગું છું.'

બાપુ કહે, 'બહુ સારું. આશ્રમ તમારા જેવાને માટે જ છે. પણ આશ્રમમાં દાખલ થાઓ એટલે આપને આ ભગવાં કપડાં ઉતારવા પડશે.'

આ સાંભળીને સ્વામી સત્યદેવજીને ઘણો આઘાત લાગ્યો. ગુસ્સે થયા પણ બાપુ આગળ પોતાનું દુર્વાસારૂપ બતાવી શક્યા નહોતા. તેમણે કહ્યું: 'એ તો કેમ બને ? હું સંન્યાસી છું ને!'

બાપુએ કહ્યું: 'હું સંન્યાસ છોડવાનું નથી કહેતો. મારું શું કહેવું છે તે બરાબર સમજી લો.'

પછી બાપુએ એમને શાંતિથી સમજાવ્યું, 'આપણા દેશમાં ભગવાં કપડાં જોતાં જ લોકો તે ઓઢનારની ભક્તિ અને સેવા કરવા મંડી પડે છે. હવે આપણું કામ સેવા લેવાનું નહીં, સેવા કરવાનું છે. આપણે લોકો જેવી સેવા કરવા માંગીએ છીએ તેવી સેવા તેઓ તમારાં આ ભગવાંને લીધે તમારી પાસેથી નહીં લે. ઉલ્ટા તમારી સેવા કરવા દોડશે. ત્યારે જે વસ્તુ સેવા કરવાનાં આપણાં સંકલ્પની આડે આવે, તેને કેમ રાખીએ? સંન્યાસ માનસિક વસ્તુ છે. સંકલ્પની બાબત છે, બાહ્ય પોષાક સાથે તેનો શો સંબંધ? ભગવાં છોડવાથી સંન્યાસ ઓછો જ છૂટે છે?'

☐ કાકા કાલેલકર

***

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | પર્યુષણ વ્યાખ્યાનમાળા : એક અવિરત જ્ઞાનયાત્રા | ડૉ. ધનવંત તિલકરાય શાહ | ૩ |
| (૨) | વિશ્વમૈત્રીનું પર્વ | કુમારપાળ દેસાઈ | ૬ |
| (૩) | અઢારમો જૈન સાહિત્ય સમારોહ | —— | ૮ |
| (૪) | મિથ્યાત્વનું સ્વરૂપ | ડૉ. કવિન શાહ | ૯ |
| (૫) | શા માટે મોક્ષ મેળવવાનો ? | ચિંતક સ્વ. શ્રી પનાલાલ જગજીવનદાસ ગાંધી | ૧૦ |
| (૬) | જૈન પારિભાષિક શબ્દો | ડૉ. જિતેન્દ્ર બી..શાહ | ૧૭ |
| (૯) | એક અહિંસા-દૃષ્ટા વર્ષા | ડૉ. એમ. બી. ભમગરા | ૨૦ |



## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

| | ભારતમાં | પરદેશ |
|---|---|---|
| ૧ વર્ષનું લવાજમ | રૂા. ૧૨૫/- | U.S.$ 9-00 |
| ૩ વર્ષનું લવાજમ | રૂા. ૩૫૦/- | U.S.$ 26-00 |
| ૫ વર્ષનું લવાજમ | રૂા. ૫૫૦/- | U.S.$ 40-00 |
| આજીવન લવાજમ | રૂા. ૨૫૦૦/- | U.S.$ 112-00 |
| કન્યા કરિયાવર આજીવન લવાજમ | રૂા. ૨૦૦૦/- | U.S.$ 100-00 |

ક્યારેય પણ જાXખ ન લેવાની 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ હોઈ એના ગ્રાહકો અને શુભેચ્છકો તેમ જ દાતાઓ જ આ સત્ત્વશીલ સામયિકને જીવંત રાખી શકશે. (૭૭ વર્ષની અવિરત સેવા છે મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રોની) ગુજરાતી ભાષાના સામયિકો જીવશે તો જ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કાર સંસ્કૃતિ જીવંત રહેશે.

જૈન ધર્મ અને સર્વ ધર્મના ચિંતનો આવા સામયિકોથી જ વર્તમાન અને ભવિષ્યની પેઢીના હૃદયમાં રોપાતા જશે.

પુનિત પુત્રી તો 'દુહિતા' અને 'દેહલી દીપક' છે; એટલે બન્ને દિશા અને બન્ને ઘરને અજવાળે એવો ઘરના ઉંમરાનો એ દીપક છે. લગ્નમાં આપણે લાખો રૂા.નો ખર્ચ કરીએ છીએ, લાખોના કરિયાવર અને ઘરના સંસ્કાર સાથે પુત્રીને વિદાય આપીએ છીએ તો કરિયાવરમાં 'પ્રબુદ્ધ જીવન' ન આપી શકીએ ? પુત્રીના જીવનમાં એ સદાય જીવંત રહેશે. પથદર્શક બનશે. સુજ્ઞેષુ કિં બહુના...?

* ચેક '**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**'ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.

* આજીવન ગ્રાહક લવાજમ ભરનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્ત છે એવું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે. ☐ **મેનેજર**

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/

• વર્ષ: (૫૦) + ૧૭ • અંક: ૮ • તા. ૧૬ ઓગસ્ટ, ૨૦૦૬ • 

• • • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર • • •

# પ્રબુદ્ધ જીવન

• • પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ • • વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/- • • છૂટક નકલ રૂા. ૧૦/- • •

તંત્રી : ધનવંત તિ. શાહ

## પર્યુષણ વ્યાખ્યાનમાળા : એક અવિરત જ્ઞાનયાત્રા

૧૯૩૧માં પ્રારંભાયેલી શ્રી મુંબઈ જૈન યુવક સંઘની આ પર્યુષણ વ્યાખ્યાનમાળા, આ વર્ષે પંચોતેરમાં વર્ષમાં પ્રવેશ કરે છે. વચ્ચે ૧૯૩૩, ૩૪, ૩૫ અને ૪૨ માં કોઈ કારણસર આ વ્યાખ્યામાળાનું આયોજન થઈ શક્યું ન હતું, એ હકીકતને ધ્યાનમાં લઈએ તો, એ ચાર વર્ષને બાદ કરતા, આ વર્ષની વ્યાખ્યાનમાળાનો આ મણકો ૭૧ મો થયો.

૧૯૨૯માં સંઘની સ્થાપના થઈ ત્યારે આવી કોઈ વૈચારિક પ્રવૃત્તિ થાય એવો નિર્ણય સંઘના ત્યારના સ્થાપક મહાનુભાવોએ કર્યો હતો જ, પરંતુ નક્કર આકાર અપાયો ૧૯૩૧માં.

વૈચારિક સમાજે આ પ્રવૃત્તિને આવકારી એટલું જ નહિ, આ વ્યાખ્યાનમાળાની પ્રેરણા લઈ દર વરસે ભારતના અન્ય પ્રદેશોમાં આવી વ્યાખ્યાનમાળાનું આયોજન થવા લાગ્યું અને આજે તો એકલા મુંબઈમાં જ અનેક વ્યાખ્યાનમાળાનું આયોજન થઈ રહ્યું છે, જે પ્રશંસનીય અને અભિનંદનીય છે.

કોઈ વિચારમાં સત્ત્વ અને તત્ત્વ હોય તો જ એ ટકી શકે અને ગતિ કરી શકે. એટલે આવો ઉત્તમ વિચાર કે કલ્પના જેમને આવી એવા મહાનુભાવને આપણે સર્વ પ્રથમ વંદન કરીએ.

એ મહાનુભાવ છે ઋષિપુરુષ પ્રકાંડ પંડિત, પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી.

સૌ પ્રથમ ૧૯૩૦ માં આવી વ્યાખ્યાનમાળાનું આયોજન એઓશ્રીની પ્રેરણાથી અમદાવાદમાં થયું. ત્યાર પછી ૧૯૩૧ માં આ વ્યાખ્યાનમાળાનો શુભારંભ મુંબઈમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા થયો.

વ્યાખ્યાનમાળાની વધુ વિગતોમાં જતાં પહેલાં સર્વ પ્રથમ આ વ્યાખ્યાનમાળાને દશ વર્ષ પૂરાં થયાં પછી પંડિત સુખલાલજીના ૧૯૪૦માં 'પ્રબુદ્ધ જૈન'માં 'પર્યુષણ વ્યાખ્યાનમાળા શા માટે' શીર્ષકથી પ્રગટ થયેલા એમના એ લેખના કેટલાંક શબ્દોમાં પ્રવેશીએ, એમના જ શબ્દોમાં:–

'આ વ્યાખ્યાનમાળાનો ઉદ્દેશ વિષે કંઈક ખુલાસો કરવો યોગ્ય છે. આ વ્યાખ્યાનમાળાનો ઉદ્દેશ ગુરુપદ મેળવવાનો અગર તો કોઈનું વાસ્તવિક ગુરુપદ નષ્ટ કરવાનો નથી. એ જ રીતે આનો ઉદ્દેશ પૂજા પ્રતિષ્ઠા મેળવવાનો અગર અર્થપ્રાપ્તિનો પણ નથી. જે લોકો શ્રદ્ધાળુ છે અને આદર ભક્તિથી પજુસણની ચાલતી પરંપરામાં રસ લે છે તેમને ક્રિયાકાંડથી અથવા તો વ્યાખ્યાન શ્રવણમાંથી છોડાવવાનો પણ આ વ્યાખ્યાનમાળાનો ઉદ્દેશ નથી. ત્યારે આનો ઉદ્દેશ શો છે એ પ્રશ્ન તો રહે જ છે.

આજે વિશ્વ સાથેના સંબંધની દૃષ્ટિએ, રાષ્ટ્રીય દૃષ્ટિએ અને સમાજ તેમજ કુટુંબની દૃષ્ટિએ કેટલાય પ્રશ્નો ઉભા થયા છે અને ઉભા થતા જાય છે અને એ પ્રશ્નો છેક જ અસ્થાને નથી; ધાર્મિક સંબંધ વિનાના પણ નથી. એટલે તેની વ્યવહારૂ દૃષ્ટિએ અને ધાર્મિક દૃષ્ટિએ ચર્ચા કરવી પ્રાપ્ત થાય છે. જૈન ધર્મ પણ પહેલાં પડોસી ધર્મનો અભ્યાસ કેળવી પછી જ વિશ્વધર્મી થવાની શક્યતા દર્શાવે છે. આખું જ જીવન બધા પ્રશ્નોને લગતા સમયાનુકુળ અને સતર્ક ખુલાસા માગે છે.

આ માટે વિચારજાગૃતિ જોઈએ. વિવિધ જાતનું વાંચન અને મનન જોઈએ. નિર્ણય શક્તિ જોઈએ. આ પ્રશ્નો તરુણ અને વૃદ્ધ વર્ગમાં આજે ચર્ચાઈ રહ્યા છે. હાઈસ્કૂલ અને કોલેજના તરુણ વિદ્યાર્થીઓ, વકીલો, ડૉક્ટરો, પ્રોફેસરો અને બીજા કેળવાયેલા લોકોના માનસમાં જ્યારે અને ત્યારે પ્રશ્નો ઉભા થાય છે. ઘણા ખરા તો આવા પ્રશ્નોનું નિરાકરણ ધાર્મિક અને પોતાની પરંપરાની દૃષ્ટિએ કરવા માંગે છે. વળી આવા વિચાર-પ્રેમીમાં કેટલોક વર્ગ એવો છે કે તેને ચાલુ પજુસણની પરંપરામાં રસ નથી. એટલે તે આવા પુણ્ય દિવસોમાં મળેલ વખતનો ઉપયોગ કાં તો ગપગોળામાં અને કાં તો રખડપટ્ટીમાં

અને કાં તો અવ્યવસ્થિત તર્ક જાળમાં કરે છે. આને બદલે તેઓને વિચાર કરવાની, વિચાર સાંભળવાની અને નિર્ણયો બાંધવાની તક આપવામાં આવે તો તેઓ કદાચ ક્રિયાકાંડની દૃષ્ટિએ નહિ, છતાં વિચાર અને સદાચારની દૃષ્ટિએ તો જૈન બની રહેવાના.

જમાનો જ્યારે વિચારજાગૃતિ અને જ્ઞાનનું ખેડાણ માંગે ત્યારે એને યોગ્ય રીતે એ વસ્તુ પૂરી પાડવામાં જ લાભ છે. એટલે આ વ્યાખ્યાનમાળા ખરી રીતે પજુસણની જે પ્રાચીન પરંપરા ચાલે છે તેની સામયિક પુરવણી માત્ર છે. જ્યારે ચોમેર જિજ્ઞાસા, જ્ઞાન અને વિવિધ વિચારોનું વાતાવરણ ઉભું થશે, ત્યારે આચાર્ય મહારાજાઓને એ ભૂમિકામાં આવવું સહેલું થઈ જશે, તેથી આવી વ્યાખ્યાનમાળાઓ માત્ર જિજ્ઞાસુઓને પગથીએ ચઢાવવા પુરતી જ છે.'

આજથી પાંસઠ વર્ષ પહેલાંના શબ્દો આજે પણ એ જ ચિંતન પાસે ઊભા છે.

આ વ્યાખ્યાનમાળાએ અર્ધી સદી પૂરી કર્યા પછી સંઘના પૂર્વ મંત્રી શ્રી પન્નાલાલ ર. શાહે 'અર્ધી સદીના આરે'ની સંવર્ધિત આવૃત્તિ ખૂબ જ મહેનત અને ચીવટથી તૈયાર કરેલી અને એ ૨૦૦૧માં પ્રકાશિત થયેલી. એમની પુસ્તિકા એક કિંમતી દસ્તાવેજ જેવી છે. એમને અભિનંદન આપી એમનો ૠણ સ્વીકાર કરી એમની પુસ્તિકામાંની કેટલીક વિગતો અહીં પ્રસ્તુત કરું છું.

૧૯૩૧ થી ૧૯૬૦ સુધી આ વ્યાખ્યાનમાળાના પ્રમુખ સ્થાને સતત ૩૦ વર્ષ પંડિત સુખલાલજી બિરાજ્યા, ત્યાર પછી ૧૯૬૧ થી ૧૯૭૧ આ વ્યાખ્યાન માળાનું પ્રમુખ સ્થાન વિદ્વાન પ્રાધ્યાપક ગૌરીપ્રસાદ ઝાલા સાહેબે શોભાવ્યું, ત્યાર બાદ એમના જ શિષ્ય સુશ્રાવક વિદ્વદ્જન ડૉ. રમણલાલ ચી. શાહ ૧૯૭૨ થી ૨૦૦૫ સુધી સતત તેત્રીશ વર્ષ આ વ્યાખ્યાનમાળાના પ્રમુખ સ્થાને બિરાજ્યા. પ્રથમ બે પ્રમુખના સમયકાળમાં વિદ્વાન વ્યાખ્યાતાઓને શોધવાનું અને પસંદ કરવાનું ભગીરથ કાર્ય સંઘના પ્રાણ સમા પરમાણંદ કુંવરજી કપડિયાએ પાર પાડ્યું. ડૉ. રમણભાઇએ તો પ્રમુખ સ્થાન અને વક્તા આયોજનની બેઉ જવાબદારી સ્વીકારી અને વ્યાખ્યાનમાળાને યશ શિખરે સ્થાપી દીધી.

પ્રારંભથી અત્યાર સુદીના ચિંતક વ્યાખ્યાનકારોના નામોની સૂચિ લખવા બેસું તો પાનાના પાના ભરાય, છતાં કેટલાંક નામોનો ઉલ્લેખ કરવાની ઈચ્છા રોકી શકતો નથી.

પંડિત સુખલાલજી, કાકા કાલેલકર, કનૈયાલાલ માણેકલાલ મુનશી, ડૉ. જગદીશચંદ્ર જૈન, સરલાદેવી સારાભાઈ, સ્વામી અખંડ આનંદ, મોતીલાલ કાપડિયા, મોરારજી દેસાઈ, ડૉ. ઉષા મહેતા, પંડિત દલસુખભાઈ માલવણિયા, હરિભાઈ કોઠારી, પૂ. મોરારીબાપુ, સ્વામી આનંદ, જિનવિજયજી, ઝવેરચંદ મેઘાણી, મહાસતી ઉજ્જવળકુમારી, કિશોરલાલ મશરૂવાળા, કેદારનાથજી, બ. ક. ઠાકોર, ઉમાશંકર જોષી, ભદંત આનંદ કૌશલ્યાયન, મૌલવી મકબુલ અહમદ, ડૉ. ભોગીલાલ સાંડેસરા, પુરુષોત્તમ માવલંકર, જ્યોતીન્દ્ર દવે, વિમલાતાઈ, મુનિશ્રી સંતબાલજી, પાંડુરંગ શાસ્ત્રી, જયપ્રકાશ નારાયણ, ઉછરંગરાય ઢેબર, વિજયાલક્ષ્મી પંડિત, ગુરુદયાલ મલ્લિક, સ્વામી રંગનાથનંદજી, પ્રા. રુસ્તમજી, ડૉ. એરચ જહાંગીર, ન્યાયમૂર્તિ હિદાયતુલ્લા, મધર ટેરેસા, ફાધર વાલેસ, ચં. ચી. મહેતા, વિજય મર્ચન્ટ, મુનિશ્રી પૂણ્યવિજયજી, ભટ્ટાકર ચારુકીર્તિ, ડૉ. હુકમીચંદ ભારીલ્લ, નારાયણભાઈ મહાદેવભાઈ દેસાઈ, દર્શક, ડૉ. સુરેશ જોષી, અગરચંદજી નાહટા. ડૉ. કુમારપાળ દેસાઈ.

સંઘના બીજા પ્રાણસમા મહાનુભાવ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના કુલ ૪૪ વ્યાખ્યાનોનો અને ડૉ. રમણલાલ ચી. શાહના લગભગ ૪૦ વ્યાખ્યાનોનો લાભ આ વ્યાખ્યાનમાળાને મળ્યો.

૧૯૫૯માં માત્ર સ્ત્રી વ્યાખ્યાતાઓએ જ વ્યાખ્યાન આપ્યું, આ રીતે ૧૬ સ્ત્રી વ્યાખ્યાતાઓનો એક સાથે લાભ મળ્યો.

સ્ત્રી વ્યાખ્યાતાઓમાં મૃણાલીની દેસાઈએ ૨૩ વ્યાખ્યાનો આપ્યા, ત્યાર પછી સંખ્યાની દૃષ્ટિએ વધુ સ્ત્રી વ્યાખ્યાનકારમાં પ્રા. તારાબેન ર. શાહનું સ્થાન છે. ૧૯૮૧માં કુ. શૈલજાએ સંસ્કૃતમાં વ્યાખ્યાન આપ્યું. ૧૯૫૭માં એક જ વિષય 'અહિંસાની વિકાસશીલતા' ઉપર દાદા ધર્માધિકારીએ છ વ્યાખ્યાનો આપ્યા. આજ સુધી લગભગ ૫૦૦ થી વધુ વ્યાખ્યાતાઓએ લગભગ ૧૦૦૦ થી વધુ વ્યાખ્યાન આ વ્યાખ્યાનમાળામાં આપ્યાં.

૧૯૬૧માં મુંબઈ જૈન યુવક સંઘે જબલપુરના એક દર્શન શાસ્ત્રના પ્રાધ્યાપકને આ વ્યાખ્યાનમાળામાં પધારવાનું નિમંત્રણ આપ્યું અને તે આચાર્ય રજનીશ. આ રીતે આચાર્ય રજનીશના મુંબઈ પ્રવેશનું નિમિત્ત આ વ્યાખ્યાનમાળા છે એની નોંધ લેતાં ગૌરવ અનુભવાય છે.

ડૉ. રમણલાલ શાહે પ્રમુખ સ્થાને આવી વ્યાખ્યાનમાળામાં બે નવી ઘટનાનો ઉમેરો કર્યો. ૧૯૮૩માં સૌ પ્રથમ દિગંબર આચાર્ય શ્રી સંભવ સાગરજીને વ્યાખ્યાનમાળામાં પધારી વ્યાખ્યાન આપવા વિનંતિ કરી, ત્યારબાદ અન્ય સંપ્રદાયના જૈન સાધુ-સાધ્વીઓ પણ આ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાનકાર તરીકે પધાર્યા.

૧૯૮૫માં રમણભાઇને કરુણાનો એક વિચાર આવ્યો. ગુજરાતના પછાત વિસ્તારમાં અનેક એવી ઉત્તમ સામાજિક સંસ્થાઓ છે જે ધનના અભાવને કારણે પોતાની પ્રવૃત્તિ સ્થિર કરી શકતી નથી અને આગળ વધી શકતી નથી. ઉપરાંત આવી સંસ્થાના કાર્યકરો એટલાં નિષ્ઠાવાન અને સિદ્ધાંતનિષ્ઠ હોય છે કે સરકાર કે અન્ય સ્થળે દાનની વિનંતિ કરવામાં સંકોચ અનુભવતા હોય છે. રમણભાઈને વિચાર આવ્યો કે પર્યુષણ પર્વ દરમિયાન જ્ઞાન ઉપાર્જન સાથે આવી સંસ્થા માટે દાનની ટહેલ નાંખવી જેથી શ્રીમંતોની સાથોસાથ મધ્યમવર્ગ પણ યથાશક્તિ દાન આપી પોતાની કરુણાની ભાવનાને સંતોષી શકે અને સાથોસાથ આવી સંસ્થાને આર્થિક રીતે

ઉપયોગી પણ થઈ શકાય. આ હેતુ માટે રમણભાઈ સંઘની કારોબારી સમિતિના સભ્યો સાથે એ સંસ્થાની મુલાકાત લેતા અને ખૂબ ઝીણવટપૂર્વક તપાસ કરી સંસ્થાની યોગ્યતાની ખાતરી કરી આવી સંસ્થા માટે શ્રોતાઓને દાનની વિનંતી કરાતી અને જે રકમ એકઠી થાય એ રકમ આપવા દાતાઓ અને સંઘના સભ્યો સાથે એ સંસ્થાને કોઈપણ જાતની શરત વગર દાન આપવા જતા. સર્વ પ્રથમ ધરમપુર આદિવાસી વિસ્તાર કેન્દ્રને ૧૯૮૫માં રૂા. ૨,૮૦,૦૦૦/-ની રકમ અપાઈ અને આજ સુધી ૨૧ સંસ્થાઓને કુલ લગભગ ત્રણ કરોડ રૂપિયા જેટલી રકમ આ વ્યાખ્યાનમાળાના માધ્યમથી પહોંચી છે.

આ વરસે સંઘની કારોબારીના સભ્યોએ કચ્છના વાગડ વિસ્તારની ગ્રામ સ્વરાજ સંઘ નીલપર અને સરહદના પછાત વિસ્તાર ખડીરની મુલાકાત લીધી, અને ભારતને છેવાડે વસતી આ પ્રજાને શિક્ષણ અને સંસ્કાર આપવાનું કાર્ય કરતા કાર્યકરો અને એમની શિક્ષણ પદ્ધતિ જોઈ આશ્ચર્ય અને પ્રસન્નતાનો અહેસાસ કર્યો, જાણે કોલસાને ઊજળાં કરવાની તપશાળા! આ વરસે આ ૨૨મી સંસ્થા માટે ટહેલ નાંખવાનું નક્કી કર્યું છે.

સી. પી. ટેન્કના હીરાબાગમાં પ્રારંભાયેલી આ વ્યાખ્યાનમાળા જેમ જેમ શ્રોતાઓની સંખ્યા વધતી ગઈ તેમ તેમ, કાંદાવાડી કચ્છી દશાશ્રીમાળી વણિક વાડી, આનંદ ભુવન, ભાંગવાડી થિયેટર, મહાવીર જૈન વિદ્યાલય, ભારતીય વિદ્યાભવન, ફ્રેન્ચ બ્રીજ બ્લેવેટસ્કી હૉલ, બિરલા ક્રિડા કેન્દ્ર, પાટીદાર વાડી અને આજે પાટકર હૉલમાં સ્થિર છે.

વ્યાખ્યાનમાળા જેમ જેમ પ્રગતિ કરતી ગઈ, સાથોસાથ મોંઘવારી વધતા ખર્ચા પણ વધ્યા, આર્થિક સંકડામણ વધી ગઈ. પરંતુ કોઈ પણ પ્રવૃત્તિમાં શુભ તત્ત્વ હોય, સાર્વજનિક કલ્યાણ મંગળ ભાવ હોય તો ક્યાંક ને ક્યાંકથી સહાય મળી જ જાય છે. આ વ્યાખ્યાન-માળાની પ્રવૃત્તિથી પ્રભાવિત થઈ ૧૯૮૨માં સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના પ્રતિનિધિ શ્રી જયંતીલાલ પી. શાહે એ ટ્રસ્ટમાંથી માતબર રકમ આપી સંઘને ચિંતામુક્ત કર્યો. ત્યાર પછી પણ દર વરસે મોંઘવારી વધે એમ ખોટ વધે, એમ પ્રત્યેક વર્ષે, ને આજ સુધી, આ ટ્રસ્ટ સંઘને ચિંતામુક્ત કરતો રહ્યો છે. પ્રસિદ્ધિના વર્તુળથી સદાય બહાર રહેનાર આ ટ્રસ્ટ અને એ પરિવારને આપણે અભિનંદીએ.

વ્યાપકપણે જીવનને સ્પર્શે એવા વિષયોની તલસ્પર્શી છણાવટ કરે, વિવિધ વિષયો અને એની વ્યાપકતાને સ્પર્શી એ વિષયોને પૂરો ન્યાય આપે અને સર્જનાત્મક ચિંતન તેમજ વિચાર જાગૃતિ, વિચાર પ્રરિવર્તન અને વિચાર પ્રેરક ચિંતન પ્રસ્તુત કરે એવા વિદ્વાન વ્યાખ્યાતાઓને કારણે આ વ્યાખ્યાનમાળાની ઊંચી પ્રતિષ્ઠા સ્થાપિત થઈ. આ વ્યાખ્યાનમાળામાં વક્તવ્ય આપવું અને વ્યાખ્યાનમાળામાં શ્રોતા તરીકે જવું એ બન્ને એક મોભારૂપ બની ગયું. વ્યાખ્યાનમાળાની આ ફલશ્રુતિ અને સફળતા.

જૈન-જૈનેતર તમામ વર્ગને સ્પર્શે એવા વિષયોની પસંદગીને કારણે અને સર્વ ધર્મ સમભાવના ચિંતનને કેન્દ્રમાં રાખવાને કારણે જૈનેતર વર્ગ પણ આ વ્યાખ્યાનમાળા પ્રત્યે આકર્ષાયો.

પંડિત સુખલાલજીએ આ પર્યુષણ વ્યાખ્યાનમાળાની કલ્પના કરી ત્યારે પ્રારંભમાં જ જણાવ્યું હતું કે આ વ્યાખ્યાનમાળા જૈનોના પર્યુષણ પર્વ દરમિયાન યોજાતી હોઈ જૈન ધર્મના વિષયોનો સમાવેશ થવો જોઈએ જેથી જૈન ચિંતન પ્રજા સમક્ષ પ્રચાર ભાવે નહિ પણ જ્ઞાન પ્રસારણ ભાવે પ્રસ્તુત કરી શકાય.

આ આદર્શને કેન્દ્રમાં રાખી આ વ્યાખ્યાનમાળામાં અન્ય ધર્મની સાથોસાથ જૈન ધર્મના તત્ત્વ ચિંતનના વિષયની પસંદગી કરવામાં આવે છે અને વ્યાખ્યાતાઓ પણ જૈન જૈનેતર બન્ને વર્ગમાંથી પધારે છે.

વ્યાખ્યાતાની પસંદગી માટે રમણભાઈએ એક વિશેષ વિચારને કેન્દ્રમાં રાખ્યો. દર વર્ષે પ્રસિદ્ધ વ્યાખ્યાતાઓની સાથોસાથ નવા અભ્યાસી વ્યાખ્યાતાઓને પણ નિમંત્રણ આપવું જેથી સમાજને નવા વ્યાખ્યાતાઓ પણ પ્રાપ્ત થાય. રમણભાઈના આ આદર્શને કારણે સમાજને ઘણાં વ્યાખ્યાતાઓ મળ્યા છે અને આજે એ બધાં પ્રસિદ્ધિ સ્થાને બિરાજ્યા છે.

એક સમય એવો હતો કે શ્રોતાઓથી સભાગૃહ છલકાઈ જતું, બહાર ક્લોઝ સરકીટ ટી.વી. મૂકવું પડતું, પણ આજે એ પરિસ્થિતિ નથી. પ્રૌઢ વર્ગ કાળને અર્પણ થતો જાય છે અને અન્ય મનોરંજન માધ્યમો તેમજ અંગ્રેજી માધ્યમોને કારણે થોડો યુવાવર્ગ જ આવી વ્યાખ્યાનમાળાઓ તરફ પગલાં ભરે છે. આ ચિંતનાત્મક વાસ્તવિકતા તો ખરી જ.

'કાલ', 'આજ' અને 'કાલ'ના સમન્વયથી 'આજ'ને 'ધર્મ' સમન્વય દ્વારા જીવતા શિખવાડે એવા ચિંતન-વિચારની અપેક્ષા સાથે જિજ્ઞાસુ શ્રોતા વર્ગ આવી વ્યાખ્યાનમાળા તરફ ડગ માંડતો હોય છે.

સમાજને ગતિ-પ્રગતિ કરાવવા માટે ધનવાનની જરૂર પછી પડે છે. પ્રથમ જરૂર છે વિચારવાનની. સર્વ પ્રથમ તો ધર્મને એના વ્યાપક અર્થમાં સમજવો, અને વર્તમાન જીવનની વાસ્તવિકતામાં 'ધર્મ'ની એ 'સમજ'ને પ્રવેશ આપવો, અને પછી આગળની જીવન યાત્રાનો નકશો તૈયાર થઈ શકે એવું ચિંતન પાથેય આવી વ્યાખ્યાનમાળા પીરસે એમાં જ વાણી સાર્થક્ય છે.

આવી વ્યાખ્યાનમાળા માત્ર જિજ્ઞાસા પોષક નથી, રૂઢિભંજક નથી, મનોરંજક કે ચિત્તરંજક પણ નથી, પણ ચિત્તવિકાસ કરાવનાર વ્યાસ પીઠ ઉપરથી વહેતી એ જ્ઞાનગંગા છે.

☐ ધનવંત શાહ

# વિશ્વમૈત્રીનું પર્વ

**□ કુમારપાળ દેસાઈ**

પર્યુષણ પર્વની આરાધના અને આત્મશુદ્ધિની યાત્રાનું શિખર છે સંવત્સરિ પર્વ. પર્યુષણ પર્વના દિવસો એ આંતરખોજના દિવસો છે. બહિર્મુખ માનવી સતત બાહ્યજગતમાં ભ્રમણ કરતો રહે છે. બાહ્ય જગત જોવું સરળ હોય છે, કારણકે એને માટે નજર હોય તો ચાલે, દૃષ્ટિની કશી જરૂર નથી. ઇંદ્રિયોનું મુખ પણ બાહ્યજગત પ્રતિ વિશેષ રહેતું હોય છે. આવે સમયે આધ્યાત્મિક સંકેત આપતું પર્યુષણપર્વ એ આત્મનિરીક્ષણનું પર્વ છે. વ્યવહારમાં અનેક જીવોને દુભવવાનું બને છે. એમના પ્રત્યે અન્યાય, અનાદર કે અપરાધ થઈ જાય છે. વેર, વિરોધ કે વૈમનસ્ય જન્મે છે. આ બધાનો વિચાર કરીને એ ભૂલભરેલા માર્ગેથી પાછા વળવાની વાત છે. એમની ક્ષમા માગવી, એમની સાથેનો વેર અને વિરોધ ત્યજી દેવો, એટલું જ નહીં પણ એમની સાથે મૈત્રીભાવ કેળવવો એ ક્ષમાપનાનો હેતુ છે. આ ક્ષમા માત્ર માનવસંબંધો પૂરતી સીમિત નથી, કિંતુ સમસ્ત જગતને આવરી લે છે. વળી આવી ક્ષમા માગનાર તે આરાધક છે. ક્ષમાપનાથી પાપમય વિચારો અને અશુદ્ધ આચારો નાશ પામે છે અને કર્મની પાટી ચોખ્ખી થાય છે, આથી જ ક્ષમાપના આત્મશુદ્ધિ દ્વારા આત્મસ્વરાજ્ય આપે છે.

ક્ષમાપનાના મંત્રમાં ક્ષમા માગવી અને આપવી–એમ બંને ભાવો સમાયેલા છે. કોઈની ક્ષમા માગતાં પહેલાં માનવીને અહંકારના શિખર પરથી નીચે ઉતરવું પડે છે. જે માગતાં મોટાઈ કે નાનાઈ નડે નહીં એનું નામ જ મિચ્છા મિ દુક્કડમ્. મન, વચન અને કાયાથી કરતા, કરાવતા અને અનુમોદતા જાણે–અજાણે થયેલા દોષોની માફી માગવાની હોય છે. આ સમયે શિક્ષિત કે નિરક્ષર, ગરીબ કે તવંગર, ગુરુ કે શિષ્ય એવો કોઈ ભેદ રહેતો નથી. આવા કશાય ભેદનો વિચાર કર્યા વિના વ્યક્તિએ પોતે જ સામેથી ક્ષમા માગી લેવી જોઇએ. આવી ક્ષમા જીવનનો આનંદ અને તપની વસંત બને છે. વસંતનું આગમન થતાં કુદરત જેમ સોળે કળાએ ખીલી ઊઠે, એ જ રીતે જે સાધક સ્વજીવનમાં ક્ષમાને સ્થાન આપે છે તેના જીવનમાં આત્માના ગુણોની વસંત મોરી ઊઠે છે.

આપણે જાણીએ છીએ કે જીવનમાં પદે પદે ભૂલ થવાનો સંભવ છે. ધન માટે, સત્તા માટે, માન માટે કે કાંચન માટે, કલેશ અને કંકાસ થાય છે. માનવી ભૂલ કરે, કલેશ કરે, કલહ કરે, પણ જો તેનું હૈયું શ્રાવણી વાદળ જેવું હશે, એને તપની ગરમી લાગશે તો તે ક્ષમાની શીતલ જલવર્ષા કરશે.

માત્ર શબ્દોચ્ચાર કરીને કે પત્રિકા લખીને વ્યવહારમાં ક્ષમા માગવામાં આવે, તો તે દ્રવ્યક્ષમા ગણાય, પરંતુ એ ક્ષમાભાવ થાય તો એ ભાવક્ષમા ગણાય. જે જે જીવો સાથે વેર બંધાયા હોય તેની ક્ષમા માગવી અને પુનઃ એવી ભૂલ ન થાય એવો ભાવ રાખવો તેને ભાવક્ષમા કહે છે. જૈનદર્શન કહે છે કે સમ્યગ્ દૃષ્ટિ આત્મા ભાવક્ષમાપના કરી શકે છે. અજ્ઞાની જીવ ભાવ ક્ષમાપના કરી શકતો નથી, આથી જ ખમવું અને ખમાવવું, ઉપશમવું ને ઉપશમાવવું એ ચારિત્રનો સાર ગણાય છે.

પર્યુષણ પર્વમાં આપણે જે ક્ષમાની વાત કરીએ છીએ તે તો હૃદયની વ્યાપકતામાંથી, ગુણોની સમૃદ્ધિમાંથી અને ચિત્તની ઉપશાંતતામાંથી પ્રગટેલી હોવી જોઈએ. સંસ્કૃતમાં 'ક્ષમા'નો એક અર્થ 'પૃથ્વી' છે. આ પૃથ્વી પર રહેતો માનવી એ પૃથ્વીને ખોદે છે, ખૂબ ઊંડે જઈને ખાણ રચે છે. આ બધું હોવા છતાં પૃથ્વી સહન કરે છે. પૃથ્વી એ સહનશીલતાનું પ્રતીક ગણાય છે. ક્ષમા એટલે સહનશીલતા. ક્ષમાનો બીજો અર્થ છે શક્તિ અને એથી જ 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' એમ કહેવાયું છે. ક્ષમાનો ત્રીજો અર્થ છે નિર્ગ્રંથ થવું, એટલે કે ગ્રંથિગાંઠ છોડવી, ક્ષ એટલે ગાંઠ અને મા એટલે નષ્ટ કરવું. આજના જીવનમાં ઘણી ગાંઠ છે. પિતા–પુત્ર વચ્ચે મતભેદ છે, ગુરુ–શિષ્ય વચ્ચે કલહ છે, પતિ–પત્ની વચ્ચે ગેરસમજ છે, મિત્ર–મિત્ર વચ્ચે મારામારી છે. શેઠ અને નોકરનાં દિલ દુભાયેલાં છે. પડોશી સાથે વઢવેર છે. નજીકના સાથે નેહ તૂટ્યો છે. આવે સમયે ભાંગેલા હૈયાને સાંધવાનું કામ ક્ષમા કરે છે. ક્યાંક મદની ગાંઠ છે તો ક્યાંક વેરની ગાંઠ છે. શેરડીમાં જ્યાં ગાંઠ હોય છે ત્યાં રસ હોતો નથી, આથી જ વ્યક્તિ–વ્યક્તિ વચ્ચેના સંબંધો શુષ્ક અને નિરસ બની ગયા છે. તેને જીવંત કરવાનો ઉપાય છે ક્ષમા. જૈન ધર્મના બીજાથી ત્રેવીસમાં તીર્થંકર સુધીના સમયગાળાનું માનવીનું જીવન પ્રમાણમાં સરળ હતું. ભૂલ થાય એટલે ક્ષમા માગી લેતા, પણ આજનું જીવન જટિલ બન્યું છે. માણસ પોતે અશાંત છે. અને જગતને અશાંત કરે છે. કાજળની કોટડી જેવો ક્યાંક સંસાર ચાલે છે. જાણતાં મદ, માન, કામ, ક્રોધ થઈ જાય. અજાણતાંય થઈ જાય. કાયાથી ન થાય તો વચનથી થાય. વચનથી ન થાય તો મનથી થઈ જાય.

અસત્ માનીએ અને સત્ નીકળે. સત્ વળી અસત્ ઠરે. આંખ જુએ કંઈ અને નીકળે કંઈ. વાટે અને ઘાટે વિષયવૃત્તિઓ વેરાયેલી છે, ત્યારે ક્ષમાપનાનું પર્વ એ વિશ્વમૈત્રીનું પર્વ છે. ત્રણ લોકના જીવોને અભય બક્ષનારું પર્વ છે.

ક્ષમા એ ધર્મઅનુષ્ઠાનનો માપદંડ છે. ધર્મના અનુષ્ઠાન કેટલે અંશે આત્મસાત્ થાય છે તેનો તાળો ક્ષમાવૃત્તિના વિકાસ પરથી મળી શકે. ક્ષમાને ધર્મભાવનાનું બેરોમીટર કહેવાય. ક્ષમા ન હોય તો બધાં વ્રત, જપ, તપ, ધ્યાન, અનુષ્ઠાન સફળ થતાં નથી.

વળી ક્ષમા એ આત્માનો ગુણ છે, જે ક્રોધ અને કષાયથી વિકૃત

થાય છે. જેમ પાણી સ્વભાવે શીતળ છે પણ અગ્નિનો સંયોગ થતાં ઉષ્ણ થાય છે. આમ ઉષ્ણતા એ જળનો સ્વભાવ નથી, પરંતુ એનો વિભાવ છે. અગ્નિનો સંપર્ક દૂર થતાં જ એ જળ પોતાની સ્વાભાવિક શીતળતા પ્રાપ્ત કરી લેશે. પાણીને શીતળતા માટે કોઈ અન્ય સાધનની જરૂર પડતી નથી, કારણકે એ એનો સ્વાભાવિક ગુણ છે. એ જ રીતે ક્ષમા આત્માનો સ્થાયી ગુણ છે. એને માટે અન્ય કોઈ બાહ્ય સામગ્રીની જરૂર નથી, પણ પાણીમાં ઉષ્ણતા આવે છે એ રીતે આત્માનો સ્વાભાવિક ગુણ ક્ષમા ક્રોધ, કષાયના ઉદયથી વિકૃત થઈ જાય છે, પણ એ વિકૃતિ સ્વાભાવિક હોતી નથી. અગ્નિના સંપર્કના અભાવમાં જળની ઉષ્ણતા શાંત થઈ જાય છે, એ જ રીતે ક્રોધ, કષાયના અભાવમાં વિકાર શાંત થઈ જાય છે અને સાધક નિજભાવ રૂપમાં પરિણમે છે. અને એના આત્મસ્વભાવથી સુખ પ્રાપ્ત કરે છે. પોતાના સ્વભાવમાંથી ચલિત થઈને પરભાવ અથવા વિભાવને પ્રાપ્ત કરે છે, ત્યારે એ દુઃખી થાય છે. ક્રોધ એ આત્માનો સ્વભાવ નથી, પરંતુ અન્ય પદાર્થના સંયોગથી ઉત્પન્ન થયેલો વિભાવ છે અને તેથી જ એ આત્માને અહિતકારક છે. ક્રોધ જેવી કોઈ હાનિકારક વસ્તુ નથી અને ક્ષમા જેવી કોઈ ગુણકારક બાબત નથી. ક્રોધ માત્ર આ લોકમાં જ નહીં, પરલોકમાં પણ દુર્ગતિ અપાવે છે. આથી જ ક્ષમા વિશે કહ્યું છે–

ઉત્તમ ખમ તિલ્લોયહ સારી, ઉત્તમ ખમ જમ્મોદહિતારી,
ઉત્તમ ખમ રયણત્તય ધારી, ઉત્તમ ખમ દુગ્ગઈદુહહારી.

(ઉત્તમ ક્ષમા ત્રણે લોકમાં સારરૂપ છે. જન્મમરણરૂપ સંસારસમુદ્રને તારનારી છે. રત્નત્રયને પ્રાપ્ત કરાવનારી છે તથા દુર્ગતિને હરણ કરનારી છે.)

શાસ્ત્રગ્રંથોએ ક્ષમાપનાના પાંચ પ્રકાર દર્શાવ્યા છે. પ્રથમ પ્રકાર છે ઉપકારક્ષમા. ક્યારેક ઉપકારને કારણે વ્યક્તિ ક્ષમાવૃત્તિ ધારણ કરતો હોય છે. ક્ષમાનું કારણ એ હોય છે કે જો એ ક્રોધ કરે તો સામી વ્યક્તિ પાસેથી પ્રાપ્ત થતાં ઉપકારો અટકી જાય. આજીવિકા માટે નોકર શેઠનો ગુસ્સો સહન કરે કે નોકરી માટે પોતાના અધિકારીનો ઠપકો સહન કરે તેને ઉપકાર ક્ષમા કહે છે.

ક્ષમાનો બીજો પ્રકાર છે અપરાધક્ષમા. સામી વ્યક્તિએ અપરાધ–અપકાર કર્યો હોય અને તેમ છતાં એને ક્ષમા આપવી પડે. કોઈ શક્તિશાળી કે સત્તાશાળીએ દુર્વર્તન કર્યું હોય તો નિર્બળ એને એના અપરાધની ક્ષમા આપી દેશે. આમ અપકાર કરનારી વ્યક્તિ સત્તા, સંપત્તિ કે સામર્થ્યવાન હોય ત્યારે ભયને કારણે એને ક્ષમા આપવામાં આવે તેનું નામ છે અપકાર ક્ષમા.

ક્ષમાનો ત્રીજો પ્રકાર છે વિપાક ક્ષમા. ક્રોધનાં કડવાં ફળ આપણે જોયા હોય, એનાથી કુટુંબમાં સળગેલી કંકાસની હોળી નિહાળી હોય ત્યારે કોઈ ક્રોધનું કારણ મળે, પરંતુ ક્રોધના પરિણામ જાણનારી વ્યક્તિ સાવચેત બની જાય અને ક્રોધ કરવાને બદલે ક્ષમા કરે. આને વિપાક ક્ષમા કહેવામાં આવે છે.

આ ત્રણ પ્રકારની ક્ષમા મિથ્યાદૃષ્ટિ જીવને પણ થઈ શકે છે. પરંતુ બાકીની બે ક્ષમા સમ્યકદર્શનની પ્રાપ્તિ વિના શક્ય નથી. અને આ બે ક્ષમા છે વચન ક્ષમા અને ધર્મ ક્ષમા. વચનક્ષમામાં પરમાત્માના વચનો સ્મરીને શ્રાવક ક્ષમા આપતો હોય છે. જિનેશ્વરની આજ્ઞા એ જ સાચો જીવનપંથ દર્શાવનારી છે. એ આજ્ઞા પ્રમાણે જીવવું એ જ પરમ અને ચરમ કર્તવ્ય છે. આવું સમજનારી વ્યક્તિ ક્રોધ જગાડે તેવા સંજોગોમાં પણ વિચારશે કે ક્રોધ કરવો નહીં તેવી જિનઆજ્ઞા છે તેથી આવા પ્રતિકૂળ સંયોગોમાં પણ ક્ષમા રાખવી. આ રીતે પરમાત્માની તારક વાણીને પરિણામે ક્ષમા આપે છે. અને તે છે વચન ક્ષમા.

સાધનાના પ્રારંભે વ્યક્તિ પ્રયત્નપૂર્વક કે જુદા જુદા ઉપાયોઅજમાવીને ક્રોધને જીતવાનો પ્રયાસ કરતી હોય છે. પરંતુ સમય જતા ક્ષમા એ વ્યક્તિનો સ્વભાવ બનવી જોઈએ. પહેલા ક્ષમા રાખવા માટે એ પ્રયત્નશીલ હોય, પછી એને માટે ક્ષમા અનાયાસ અને સાહજિક બની જાય. વિચાર અને ભાવના દ્વારા ક્ષમા એના આત્મામાં પરિણમે છે અને તેને પરિણામે કોઈપણ વિપરીત પરિસ્થિતિમાં એનો આત્મા પ્રસન્નતા જ પ્રગટાવતો રહેશે. આ પ્રકારની ક્ષમાને ધર્મક્ષમા કહે છે. 'મિચ્છા મિ દુક્કડમ્' કહીએ ત્યારે વચનક્ષમા અને તેથી પણ આગળ ધર્મક્ષમા પામવાનો સંકલ્પ કરીએ.

નવા વર્ષની કુમકુમ પત્રિકાઓ અને લગ્નપત્રિકાઓ તો કંકાવટીના કંકુથી લખાય છે; પણ ક્ષમાપનાની કંકોતરીઓ તો દિલના લોહીથી અને હૃદયનાં આંસુથી લખાવી જોઈએ. અને તે પણ ખરા દોષીને! ખરા વેરીને! ખરા અપરાધીને!

***

૧૩–બી, ચંદ્રનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ,
પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭.


## સંઘનાં પ્રકાશનો

સંઘ તરફથી નીચેનાં પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં છે :

| | | કિંમત રૂા. |
|---|---|---|
| (૧) પાસપોર્ટની પાંખે–૩ | રમણલાલ ચી. શાહ | ૨૦૦-૦૦ |
| (૨) ગૂર્જર ફાગુસાહિત્ય | ,, | ૧૦૦-૦૦ |
| (૩) વીરપ્રભુનાં વચનો | ,, | ૧૦૦-૦૦ |
| (૪) સાંપ્રત સહચિંતન ભાગ-૧૫ | ,, | ૮૦-૦૦ |
| (૫) જિન તત્વ ભાગ-૮ | ,, | ૫૦-૦૦ |
| (૬) આપણા તીર્થંકરો | તારાબહેન ર. શાહ | ૧૦૦-૦૦ |
| (૭) જૈન ધર્મનાં પુષ્પગુચ્છ | ડૉ. બિપિનચંદ્ર હી. કાપડિયા અને ડૉ. રમણલાલ ચી. શાહ | ૧૦૦-૦૦ |
| (૮) સંસ્કૃત નાટકોની કથા ભાગ ૧ | પ્રો. તારાબહેન ર. શાહ | ૧૦૦-૦૦ |

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય

**આયોજિત**

# અઢારમો જૈન સાહિત્ય સમારોહ

**સ્થળ : ભાવનગર, તા. ૭-૮-૯ સપ્ટેમ્બર ૨૦૦૬ વાર : ગુરૂવાર, શુક્રવાર, શનિવાર**

જૈન સાહિત્ય સમારોહના પ્રણેતા માનનીય ડૉ. રમણલાલ ચી. શાહના સ્મરણાર્થે, સદ્ગત શ્રીમતી હીરાલક્ષ્મીબેન નવનીતલાલ શાહના પરિવારના સૌજન્યથી ઉપરોક્ત સમારોહનું આયોજન થયું છે. આ સમારોહ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રદ્યુમ્નસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં યોજાશે.

## કાર્યક્રમની વિગત

### ઉદ્ઘાટન બેઠક

ગુરૂવાર તા. ૭-૯-૨૦૦૬; સમય : બપોરે ૩-૦૦ કલાકે

ઉદ્ઘાટક અને પ્રમુખ : જૈન શિલ્પ અને ઇતિહાસના આરૂઢ વિદ્વાન પ્રો. મધુસુદન ઢાંકી.

આ બેઠક ડૉ. રમણલાલ ચી. શાહના સ્મરણાર્થે સમર્પિત.

વિવિધ વિદ્વાનો ડૉ. રમણલાલ ચી. શાહના વ્યક્તિત્વ અને સાહિત્ય વિશે પોતાનું વિદ્વતાપૂર્ણ વક્તવ્ય પ્રસ્તુત કરશે.

### બેઠક-૧

શુક્રવાર તા. ૮-૯-૨૦૦૬ સમય : સવારે ૯-૩૦ થી બપોરે ૧-૦૦ કલાકે

પ્રમુખ : ડૉ. જિતેન્દ્રભાઈ બી. શાહ; વિષય : જૈન યોગ.

પ્રારંભમાં પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રદ્યુમ્નસૂરિશ્વરજીના મુખે આગમ વાચના.

આ બેઠક દરમિયાન 'જૈન યોગ' ઉપર વિવિધ વિદ્વાન મહાનુભાવો પોતાના શોધ નિબંધ પ્રસ્તુત કરશે.

### બેઠક-૨

શુક્રવાર તા. ૮-૯-૨૦૦૬; સમય : બપોરે ૩-૦૦ થી ૬-૦૦ કલાકે

પ્રમુખ : પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ; વિષય : જૈન પત્રકારિત્વ

આ બેઠક દરમિયાન 'જૈન પત્રકારિત્વ' ઉપર વિવિધ વિદ્વાન મહાનુભાવો પોતાના શોધ નિબંધ પ્રસ્તુત કરશે.

### બેઠક-૩

શનિવાર તા. ૯-૯-૨૦૦૬; સમય : સવારે ૯-૩૦ થી બપોરે ૧-૦૦ કલાકે

પ્રમુખ : પ્રા. તારાબહેન ર. શાહ; વિષય : પ્રકિર્ણ નિબંધો

આ બેઠક દરમિયાન વિવિધ વિદ્વાનો વિવિધ વિષયો ઉપર પોતાના શોધ નિબંધો પ્રસ્તુત કરશે.

### સમાપન બેઠક

શનિવાર તા. ૯-૯-૨૦૦૬; સમય : બપોરે ૩-૦૦ થી ૬-૦૦ કલાકે

આ બેઠકમાં દરમિયાન ત્રણે બેઠકોની સમીક્ષા યજમાન સન્માન. બધી જ બેઠકોનું સંચાલન ડૉ. ધનવંત તિ. શાહ કરશે.

નિબંધ પ્રસ્તુત કરનાર વિદ્વાન લેખકોને પોતાના સ્થળેથી ભાવનગર આવવા-જવાનું રેલ્વે અથવા બસનું ભાડું આપવામાં આવશે. નિબંધ પ્રસ્તુત ન કરનાર જિજ્ઞાસુ મહાનુભાવોને પણ આ સમારોહમાં પધારવાનું આમંત્રણ છે.

લેખકો તેમ જ જિજ્ઞાસુઓ માટે તા. ૭ સપ્ટેમ્બરથી ૧૦ સપ્ટેમ્બર સુધી રહેવા-જમવાની વ્યવસ્થા સદ્ગત હીરાલક્ષ્મીબેન નવનીતલાલ શાહ પરિવાર તરફથી કરવામાં આવી છે.

લેખકો અને જિજ્ઞાસુજનોને વિનંતી કે પોતાના નામ તા. ૨૫-૮-૨૦૦૬ સુધીમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગષ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૩૬, ફોન નં. ૨૩૮૬૪૪૧૭ (શ્રી કનુભાઈ સી. શાહ) તેમ જ શ્રી મહાવીર જૈન વિદ્યાલય, તળાજા રોડ, હીલ ડ્રાઈવ, ભાવનગર-૨, શ્રી અરવિંદભાઈ સંઘવી-૦૨૭૮-૨૫૬૩૯૬૯-૨૫૭૦૨૨૧ ને લેખિત અથવા ફોનથી જણાવે જેથી ઉતારાની યોગ્ય વ્યવસ્થા થઈ શકે. ભાવનગર પધાર્યા પછી ઉતારાની વિગત માટે ઉપર જણાવેલ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ભાવનગર શાખાનો સંપર્ક કરવો.

ડૉ. ધનવંત શાહ : સંયોજક
(શ્રી મહાવીર જૈન વિદ્યાલય વતી)

# મિથ્યાત્વનું સ્વરૂપ

☐ ડૉ. કવિન શાહ

જૈનદર્શનમાં મોક્ષ પ્રાપ્ત કરવા માટે સમકિત ધારણ કરીને મિથ્યાત્વનો સર્વથા ત્યાગ કરવાનો પાયાનો સિદ્ધાંત છે. આત્મા સમકિત પામે એટલે કર્મવશ ભવભ્રમણ કરે તો અન્ય જીવાત્માઓની તુલનામાં મોક્ષપ્રાપ્તિની લાયકાત હોવાથી વહેલા મોક્ષગતિને પામે છે. સમકિત અને મિથ્યાત્વ પરસ્પર વિરોધી શબ્દ છે. સમકિત વિશે તો જૈન સમાજમાં જાણકારી હોય તે સ્વાભાવિક છે પણ તેની સાથે સમકિતને નિર્મળ કરવા, ટકાવી રાખવા માટે મિથ્યાત્વનો ત્યાગ કરવો જ પડે. 'મન્હ જિણાણં'ની સજ્ઝાયમાં 'મિચ્છં પરહરહ ધરહ સમ્મતં' શબ્દ પ્રયોગ થયો છે તેમાં મિથ્યાત્વનો ત્યાગ અને સમકિતને ધારણ કરવા માટે શ્રાવક શ્રાવિકાને ઉપદેશ વચન તરીકે સ્વાધ્યાય રૂપે ચિંતન-મનન અને અંતે આચરણ કરવા માટે પ્રતિપાદન થયું છે. મિથ્યાત્વના સ્વરૂપ અંગે આ લેખમાં ભવ્યાત્માઓના ઉપકારને માટે કેટલીક માહિતી આપવામાં આવી છે.

વસ્તુના સ્વરૂપને વિપરીત રીતે સમજવું કે શાસ્ત્રમાં જે રીતે જણાવ્યું હોય તેનાથી વિરુદ્ધ માનવું તે મિથ્યાત્વ છે. આવો જ્ઞાનનો ભાવ એ પણ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ એ મહાભયંકર પાપ છે. 'અઢાર પાપસ્થાનક' વિશે દેવસિ-રાઈ-પક્ખી' ચૌમાસી અને સંવત્સરી પ્રતિક્રમણમાં આલોચના કરવામાં આવે છે તેમાં ૧૮ મું પાપસ્થાનક મિથ્યાત્વ શલ્ય છે. તેનો અર્થ એ છે કે કુદેવ, કુગુરુ અને કુધર્મની ઋચિ રાખવી. તેનો મનમાં ડંખ રહે તે શલ્ય છે. શલ્ય એ આંતરિક મનઃસ્થિતિ છે. અને તે પાપકર્મના બંધરૂપ છે. આ શલ્યને કારણે આત્મા કર્મોથી લેપાય છે. એટલે આ પાપસ્થાનકનો ત્યાગ કરવો, અન્ય કોઇએ તેનું સેવન કર્યું હોય તો તેની અનુમોદના એટલે સમર્થન કરવું નહિ અને અન્ય વ્યક્તિને તેના સેવન કરવા માટે પ્રેરણા આપવી નહિ. પ્રતિક્રમણમાં આલોચના કરતાં આ પાઠ બોલાય છે પણ તેનું હાર્દ સમજાય તો સાચું પ્રાયશ્ચિત્ત થાય છે.

अदेवे देव बुद्धिर्या, गुरु धीर मुरोच वा ।
अधर्मे धर्म बुद्धिश्च, मिथ्यात्व तद् विपर्ययात् ।।

દેવના ગુણો જેમનામાં ન હોય તેમાં દેવપણાની બુદ્ધિ કરવી, ગુરુના ગુણો ન હોય છતાં ગુરુપણાની ભાવના રાખવી અને અધર્મ વિશે ધર્મપણાની બુદ્ધિ રાખવી તે સત્યથી વિપરીત હોવાથી મિથ્યાત્વ છે.

न मिथ्यात्व समं, शगुर्त मिथ्यात्व समं विषम् ।
न मिथ्यात्व समो रोगो न मिथ्यात्व समं तम् : ।।

આ જગતમાં શત્રુઓ ઘણાં છે પણ મિથ્યાત્વ જેવો અન્ય કોઈ શત્રુ નથી. વિષ વિવિધ પ્રકારનું હોય છે પણ મિથ્યાત્વ જેવું બીજું કોઈ વિષ નથી. રોગ અનેક પ્રકારના હોય છે તેમાં મિથ્યાત્વ જેવો બીજો કોઈ રોગ નથી. અંધકાર અનેક પ્રકારનો છે પણ મિથ્યાત્વ જેવો અન્ય કોઈ અંધકાર નથી.

મિથ્યાત્વ એટલે જૈનદર્શનના તત્ત્વજ્ઞાનમાં અશ્રદ્ધા. શ્રી સમણ સુત્તંમાં મિથ્યાત્વ વિશે જણાવ્યું છે કે હા ! ખેદ છે કે સુગતિનો માર્ગ નહિ જાણવાથી મૂઢમતિ ભયાનક ભવરૂપી ઘોર વનમાં લાંબા સમય સુધી ભમતો રહ્યો. ગા. ૬૭

જે જીવ મિથ્યાત્વથી ગ્રસ્ત થાય છે તેની દૃષ્ટિ વિપરીત થઈ જાય છે. જેવી રીતે જ્વરગ્રસ્ત મનુષ્યને મીઠો રસ પણ ગમતો નથી તેવી રીતે મિથ્યડદૃષ્ટિ જીવને ધર્મ ગમતો નથી. ગા. ૬૮.

તીવ્ર કષાયયુક્ત બની મિથ્યાદૃષ્ટિ જીવ શરીર અને જીવન એક માને છે. એ બહિરાત્મા છે. ગા. ૬૯.

તત્ત્વ વિચાર પ્રમાણે જે નથી ચાલતો તેનાથી મોટો મિથ્યાદૃષ્ટિ બીજો કોણ હોઈ શકે ? એ બીજાને શંકાશીલ બનાવી પોતાના મિથ્યાત્વનો વધારો કરે છે. ગા. ૭૦.

મિથ્યાત્વના ઉપરોક્ત વિચારને અનુલક્ષીને તેના કેટલા પ્રકાર છે તેની માહિતીથી આ વિશે વધુ સ્પષ્ટતા થાય તેમ છે.

મિથ્યાત્વના ત્રણ પ્રકાર : ૧. અનાદિ-અનંત-એટલે કે અભવ્ય આત્માને મિથ્યાત્વ અનાદિ કાળનું છે જે કદી દૂર થતું નથી. ૨. અનાદિ-સાંત. જાતિ ભવ્ય સિવાયના ભવ્ય આત્માને મિથ્યાત્વ અનદિકાળનું હોય છે. પણ તેનો અંત આવે છે. ૩. આદિ સાંત જે ભવ્યાત્મા સમકિત પામીને મિથ્યાત્વ પણ પામેલા છે તેમના મિથ્યાત્વનો અંત આવવાનો છે.

ચાર પ્રકારનું મિથ્યાત્વ-૧. પ્રરૂપણા-જિનભાષિત વચનથી વિપરીત દેશના-પ્રતિપાદન કરવું. ૨. પ્રવર્તન લૌકિક અને લોકોત્તર મિથ્યાત્વની કરણી કરે. ૩. પરિણામ. મનમાં જૂઠો હઠવાદ રાખે અને કેવલીભાષિત નવતત્ત્વાર્થમાં અશ્રદ્ધા રાખે. ૪. પ્રદેશ-આત્માની સાથે સત્તામાં રહેલા મોહનીય કર્મની સાત પ્રકૃતિ.

પાંચ પ્રકારનું મિથ્યાત્વ-૧. અભિગૃહીક. પોતે ગ્રહણ કરેલા અધર્મને છોડે જ નહીં. ૨. અનભિગૃહીક-સર્વ ધર્મોને સરખા માનવા. ૩. અભિનિવેશિક. ખોટું જાણવા છતાં ખાન-પાન-માન આદિ પામવાની લાલસાને કારણે મિથ્યાત્વનો ત્યાગ કરે નહિ. ૪. શાંસયિક. સર્વજ્ઞના વચનમાં સત્ય કે અસત્યની શંકા રાખવી. ૫. અનાભોગિક. અસંજ્ઞી જીવોને અનુપયોગપણે વર્તે છે તે. અજાણપણાને કારણે સમજાય નહિ-પૃથ્વીકાયાદિ જીવોને આ મિથ્યાત્વ હોય છે.

મિથ્યાત્વના છ પ્રકાર : ૧. લૌકિક દેવગત-રાગી-દ્વેષી કુદેવને દેવ તરીકે માનવા. ૨. લૌકિક ગુરુ ગત-અનેક આરંભ સમારંભથી યુક્ત સંસારના સંગીઓને ગુરુ તરીકે માનવા. ૩. લૌકિક ધર્મગત-મિથ્યાત્વનાં પર્વો, હોળી, બળેવ, ગ્રહણ, દશેરા, દિવાસો વગેરે પર્વોને લોકોત્તર બુદ્ધિથી માને અને ઉજવે. ૪. લોકોત્તર દેવગત-વીતરાગ દેવને આ લોક અને પરલોકના પૌદ્‌ગલિક સુખની અપેક્ષાથી માનવા. ૫. લોકોત્તર ગુરુગત-કંચન અને કામિનીના

ત્યાગી, પંચ મહાવ્રતધારી ગુરુ ભગવંતને ઈહલોક અને પરલોકની સુખની ઈચ્છાથી આહાર-પાણી-વસ્ત્ર પાત્ર આપી ભક્તિ કરે. ૬. લોકોત્તર ધર્મગત-સર્વજ્ઞ પરમાત્માએ પ્રતિપાદન કરેલો દાન-શીલ-તપ અને ભાવનાદિ ધર્મ પૌદ્‌ગલિક સુખની અપેક્ષાથી કરવો. ઓળી, આઠમ, ચૌદશ અન્ય તપ આલોક અને પરલોકના સુખ માટે આરાધના કરવી.

મિથ્યાત્વના ૧૦ પ્રકાર પણ છે. ૧. અધર્મને ધર્મ માનવો. ૨. ધર્મને અધર્મ માનવો. ૩. ઉન્માર્ગને માર્ગ માનવો. ૪. માર્ગને ઉન્માર્ગ માનવો. ૫. અસાધુને સાધુ માનવા. ૬. સાધુને અસાધુ માનવા. ૭. અજીવને જીવ માનવો. ૮. જીવને અજીવ માનવો. ૯. અમુક્તને મુક્ત માનવા. ૧૦. મુક્તને અમુક્ત માનવા. આ રીતે મિથ્યાત્વનું સ્વરૂપ જાણીને જીવાત્માએ સમકિત પ્રાપ્તિ, રક્ષણ અને સંવર્ધન માટે પુરુષાર્થ આદરવો જોઈએ. મુહપત્તિના ૫૦ બોલમાં મિથ્યાત્વશલ્યનો ઉલ્લેખ છે. મિથ્યાત્વ એ મોહનીય કર્મની એક પ્રકૃતિ છે. મિથ્યાત્વ એ દુર્ગંધ છે. સમકિત એ સુગંધ છે. અષ્ટપ્રકારી પૂજામાં ધૂપ પૂજાના દુહામાં 'મિથ્યાત્વ ગંધ દૂરે ટળે' શબ્દપ્રયોગથી પણ મિથ્યાત્વનો સંદર્ભ પ્રાપ્ત થાય છે. મિથ્યાત્વનો ત્યાગ થાય તો જ આત્મા સમકિત પામીને ભવ ભ્રમણની મર્યાદા ઓછી કરી મોક્ષ માર્ગની નજીક પહોંચી શકે છે. વ્યવહારજીવનમાં અને ધર્મના આચરણમાં મિથ્યાત્વના ત્યાગપૂર્વક આત્મલક્ષી આરાધના કરવી એ આ સ્વરૂપ જાણ્યાનું અમૃત ફળ છે.

૧૦૩-સી બિલ્ડિંગ, જીવન જ્યોત એપાર્ટમેન્ટ,
વખારીયા બંદર રોડ, બીલીમોરા-૩૯૬ ૩૨૧.

✱✱✱

# શા માટે મોક્ષ મેળવવાનો?

☐ ચિંતક સ્વ. શ્રી પનાલાલ જગજીવનદાસ ગાંધી

શા માટે આપણે માનવે મોક્ષ મેળવવા મથવું? બધાં જ આર્યધર્મો કહે છે કે આ મનુષ્યજીવન મેળવીને માનવ ખોળિયા દ્વારા, આ અસિ મસિ કૃષિના વ્યવહારની કર્મભૂમિ કે જે મર્ત્યલોક કહેવાય છે તે મર્ત્યલોકના બજારમાં આવી, ઉચ્ચતમમાં ઉચ્ચત્તમ જો કોઈ ચીજ મેળવવા જેવી હોય તો તે મોક્ષ જ છે, જે અહીં સિવાય બીજે કશેથી મળતો નથી.

આપણે દેશાટન કરીએ ત્યારે પરદેશથી વતનમાં પાછા ફરતા, તે તે સ્થળની નામી, વખણાતી ચીજ લઈ આવતા હોઇએ છીએ. ઉદાહરણ તરીકે અમેરિકા જનાર વ્યક્તિ પાછા વળતાં ત્યાંથી છેલ્લામાં છેલ્લું શોધાયેલ, લેટેસ્ટ મોડેલનું કૉમ્પ્યુટર, લેપટોપ, મોબાઈલ હેન્ડસેટ, હેન્ડી લાઈટ વેઈટ ડિજિટલ વીડિઓ કેમેરા આદિ લઈ આવવા ઈચ્છુક હોય છે અને તે માટે પ્રયત્નશીલ થાય છે. અમેરિકા જઈને ઢેફાં, પોપકોર્ન, વેફર જેવી ક્ષુલ્લક ચીજો કોઈ લાવતું નથી. એવું કરનાર તો મૂર્ખ શિરોમણિ જ ઠરે!

એમ ભવભ્રમણમાં જન્મ-મરણના ચોર્યાસીના ફેરામાં, માનવભવ પામીને ચારેય ગતિમાં એકમાત્ર અહીં જ મળતો, મર્ત્યલોકની સર્વોત્તમ ચીજ જે મોક્ષ છે, તે જ અહીંથી લઈ જઈએ તો અહીં આવવું સાર્થક ઠરે. યોગીરાજ આનંદઘનજી મહારાજા ગાય છે....

જશ સૂનો બાતાં, યેહી મિલે તો મેરો ફેરો ટળે.
નિરંજન નાથ મોહે કૈસે મિલેંગે.

પરંતુ દુર્ભાગ્ય એ છે કે સર્વોત્તમની સર્વોત્તમતા સમજાઈ નથી અને હજુ હૈયે વસી નથી. તેથી જ તો જીવને ઉપર્યુક્ત પ્રશ્ન ઉદ્‌ભવે છે.

પુણ્યોદયે જીવને જીવનમાં સઘળી સાનુકૂળતા મળી છે. સ્વસ્થ, સુંદર, નિરોગી શરીર મળ્યું છે, હાથમાં હાથ મિલાવી ચાલનારી સુંદર ભાર્યાનો સથવારો મળ્યો છે, સાનુકૂળ આજ્ઞાંકિત પુત્ર-પૌત્રાદિનો પરિવાર મળ્યો છે, જીવન જીવવા અને માણવા માટે જરૂરી મનપસંદ વિપુલ ભોગોપભોગની સામગ્રી મળી છે. આમ ૧. જાતે નર્યાનું પહેલું સુખ, ૨. કોઠીએ જારનું બીજું સુખ, ૩. સુંદર ભાર્યાનું ત્રીજું સુખ, ૪. સાનુકૂળ આજ્ઞાંકિત પરિવારનું ચોથું સુખ અને કળશ રૂપે ૫. આબરૂદાર હોવાનું પાંચમું પ્રતિષ્ઠાનું સુખ પણ મળ્યું છે. પૂરાં પાંચ પાંચ સુખ મળ્યાં પછી એ મળેલાં સુખને લાત મારી મોક્ષ શા માટે મેળવવો? જે હાથમાં છે તેને આરોગવાને બદલે જે નથી તેને માટે શું કરવા ફાંફા મારવા?

આવો પ્રશ્ન ઉદભવે તે સ્વાભાવિક છે. પ્રશ્ન સરસ છે. આ યક્ષ પ્રશ્નનું સમાધાન પણ જાતને પ્રશ્નો પૂછીને જાત સાથે પ્રામાણિકપણે વિચારણા કરી આંતર સંશોધન કરીશું તો વિચારવંતને સમાધાન અવશ્ય થશે જ. મોક્ષ જ મેળવવા જેવો છે, બલ્કે જીવની જાણે અજાણે જે માગ (Demand) છે તે મોક્ષની જ છે.

**બંધન-દુઃખ મુક્તિ વિચારણા :**

બંધન હોય તો, મુક્તિનો કે ટકારાનો પ્રશ્ન ઉદભવે. શું બંધન છે? બંધાયેલો હોય તો બંધન કેમ દેખાતા નથી? ખરી વાત છે. બંધન દેખાતું નથી. શું બધાં ધન દેખાય એવાં હોય છે કે પછી અદૃશ્ય સ્નેહના તંતુના સ્નેહબંધન પણ હોય છે? શું પત્ની, પુત્રપૌત્રાદિ પરિવાર, માતાપિતા, ભાઈબહેન, સ્નેહી, સંબંધી, સ્વજન, મિત્રાદિની માયાના, મમતના, પરિગ્રહના બંધન નથી? બંધન દેખાતા નથી તો ચાલો બંધનની વાત બાજુએ રાખીએ. પરંતુ જીવને જીવનમાં ક્યાંક ને ક્યાંક, ક્યારેય કશાકનું, કોઈ ને કોઈ દુઃખ શું નથી અનુભવાતું? વિચારીશું તો જણાશે કે દુઃખ છે અને દુઃખનું વેદન પણ છે. હવે દુઃખનું કારણ (મૂળ) તપાસીશું. દુઃખના મૂળમાં ભૂલ, દોષ જણાશે. આપણો સામાજિક નાગરિક વ્યવહાર પણ એવો છે કે જે ભૂલ કરે, અપરાધ કરે તો તે બંદીખાનામાં જાય અને બંધનનું દુઃખ અનુભવે. દુઃખનો અને બંધનનો અવિનાભાવિ સંબંધ છે. દુઃખ હોય ત્યાં બંધન હોય અને બંધન હોય ત્યાં દુઃખ હોય. બંધન ભલે નહિ દેખાતું હોય પણ દુઃખ છે તે દુઃખનું હોવાપણું જ બંધન સૂચવે છે. બંધનમાં પરાધીનતા છે અને પરાધીનતા કોઈને

ગમતી નથી. તેમ દુઃખ પણ કોઈને ય ગમતું નથી. જીવ માત્ર જેમ પરાધીનતાથી મુક્ત થવા ઇચ્છે છે, તેમ દુઃખથી પણ મુક્ત થવા ઇચ્છે છે. દુઃખનો સર્વથા નાશ એટલે બંધનનો સર્વથા નાશ. એ જ તો મુક્તિ છે.

બહારના વસ્તુ અને વ્યક્તિના બંધનો તો છોડવા ધારીએ છોડી શકાય એમ છે અને એ છૂટી પણ જતાં હોય છે. પરંતુ શરીર જીવે પોતે ધારણ કર્યું છે, એ તો જીવનું પોતાનું નજીકમાં નજીકનું અને મોટામાં મોટું બંધન છે. એ શરીરને કેટકેટલું ખવડાવ્યું-પીવડાવ્યું, પહેરાવ્યું–ઓઢાડ્યું, સંવાર્યું–સજાવ્યું ! શરીર જ મોટામાં મોટું કેદખાનું, પિંજર, બંધન છે. શરીર ધારણ કરવામાં પણ જન્મનું, ગર્ભાશયમાં રહેવાનું અને તેમાંથી બહાર પડવાનું, કેવું કારમું દુઃખ હોય છે ! શરીરમાં રહે રહે પણ રોગનું, સાજું સારું સ્વસ્થ રાખવાનું અને વૃદ્ધાવસ્થાનું દુઃખ, તેમ અંતે એને છોડી જતાં મરણનું દુઃખ. શરીર છોડી દઇએ અને ફરી પાછું શરીર ધારણ જ ન કરવું પડે એવી અજન્મા, અશરીરી અવસ્થાની પ્રાપ્તિ જ સર્વથા બંધન (દુઃખ) મુક્તિ છે. શરીર એ મુક્તિપ્રાપ્તિ માટે મળેલું સાધન છે, જેને અશરીરી બનવા માટે પ્રયોજાય તો તે યોગ બને છે. અન્યથા ભોગવિલાસનું સાધન બનાવે તો આત્માનો ભોગ લેવાય છે એટલે કે આત્મભાવ નાશ થાય છે. આપણે સહુ જાણીએ છીએ કે જે હાથ મારવા માટે ઉગામી શકાય છે, તે જ હાથથી સેવા કરી શાતા પણ પહોંચાડી શકાય છે અને બે હાથ જોડી, મસ્તક નમાવી પ્રણામ કરવા દ્વારા અભિવાદન કરી સામાનું બહુમાન પણ કરી શકાય છે. દેહ જ દુઃખરૂપ છે, એ સંબંધમાં સંત કબીરજી પણ લખે છે...

સુર મુનિ ઔર દેવતા સાત દીપ નવખંડ,<br>
કહે કબીર સબ ભોગીઆ, દેહ ધરેકા દંડ.<br>
દેહ ધરે કા દંડ કો ભોગવતે સબ કોય,<br>
જ્ઞાની ભોગવે જ્ઞાનસે, અજ્ઞાની ભોગવે રોય.

દુઃખથી મુક્તિ તો સહુ કોઈ વાંછે છે, કેમકે દુઃખ કોઈને ગમતું નથી. દુઃખથી મુક્તિ મેળવવા ઈચ્છનારે પાપ એટલે કે ભૂલ જે દોષ છે, તે દોષથી મુક્ત થવું જરૂરી છે. જે છૂટવા માટે જીવે છે તે બંધનમાં આવતો નથી.

આમ બંધન કહેતાં દુઃખથી સર્વથા છૂટવા માટે મોક્ષ મેળવવાનો છે, જે સહુ કોઈ જીવ ઈચ્છે છે.

**પ્રાપ્ત સુખ અને વાંછિત સુખવિષયક વિચારણા**

દુઃખ તો વિકૃતિ છે. અને દુઃખ કોઈ ઈચ્છે નહિ તે સ્વાભાવિક છે. પરંતુ સુખ તો જીવનું સ્વરૂપ છે. સુખ એ તો જીવની પોતાની માંગ (Demand) છે. સહુ કોઈ સુખ ઈચ્છે છે. માટે સુખની બાબતમાં તો સુખથી મુક્ત થવાનું વિચારવાનું નથી, પણ એ જે સુખ વર્તમાનમાં મળ્યું છે તે, પૂરું મળ્યું છે કે ઓછું, અધૂરું મળ્યું છે ? શુદ્ધ મળ્યું છે કે ભેળસેળિયું અશુદ્ધ મળ્યું છે ? સ્વમાલિકીનું સ્વાધીન મળ્યું છે કે પરાધીન મળ્યું છે ? અવિકારી અવિનાશી મળ્યું છે કે વિકારી વિનાશી મળ્યું છે ? સર્વોત્તમ મળ્યું છે કે પછી મધ્યમ, જઘન્ય પ્રકારનું મળ્યું છે ? એની પ્રામાણિક વિચારણા કરવાની છે.

**સંપૂર્ણ કે અપૂર્ણ ?** જે સુખ વર્તમાને મળ્યું છે તે ઓછું અધૂરું મળ્યું છે કે પૂર્ણ ? અપૂર્ણ મળ્યું છે. બધેબધું સુખ નથી મળ્યું. તેથી તો હજુ બીજું જે નથી મળ્યું તે અને મળ્યું છે તેમાંય વધુ અને વધુ મળે એવું માગ્યા કરીએ છીએ. જીવ સ્વરૂપથી પૂર્ણ સ્વરૂપ છે તેથી એની માગ પૂર્ણતાની–સંપૂર્ણતાની Perfect ની છે. બજારમાં ખરીદીએ જઈએ ત્યારે જીર્ણ શીર્ણ, ફાટેલું તૂટેલું, શાલીભદ્રજીએ પણ માથે ધણી તરીકે શ્રેણિક મહારાજાને જાણ્યા તો એનું ધણીપણું છોડી આત્મસ્વાતંત્ર્ય–આત્મનિર્ભરતાને પામવા પરમાત્મા મહાવીર ભગવાનનું સ્વામીત્વ સ્વેચ્છાએ સ્વીકાર્યું.

ભાંગ્યું, ફૂટ્યું હોય તેને નકારીએ છીએ. જીવને આખેઆખું અને પૂરેપૂરું જોઈતું હોય છે. છાંદોગ્ય ઉપનિષદ કહે છે...

યો યે ભૂમા તત્સુખં, નાલ્પે સુખમસ્તિ ।<br>
ભૂમૈવ સુખં, ભૂમા ત્વેવ વિજિજ્ઞાસિતવ્ય ઇતિ ।।

પૂર્ણતામાં (અનંતતામાં) જ સાચું સુખ છે; અલ્પતામાં (સાન્તતામાં) સુખ નથી. અનંતતામાં–પૂર્ણતામાં જ સુખ છે માટે ભૂમા (અનંત)ને જાણવાની જ સાધના કરવી જોઈએ. પૂર્ણિમા તપનું આયોજન પૂર્ણ કરવા માટે છે. જીવ સ્વરૂપથી પૂર્ણ છે માટે એની પૂર્ણતાની માગ એ પોતાના જ સ્વરૂપની માગ છે.

**શુદ્ધ કે અશુદ્ધ ?** જે કાંઈ ઈચ્છીએ તે ચોખ્ખું ચણાક, ડાઘાડૂઘી વગરનું, ભેળસેળ વગરનું શુદ્ધ–Pure માગીએ છીએ તે સ્વાભાવિક જ છે. કેમકે જીવ પોતે એના મૌલિક સ્વરૂપે શુદ્ધ છે. જે અસલ છે, મૂળ છે, સ્વચ્છ છે તેને માગીએ છીએ અને નકલી, બનાવટી, ભેળસેળિયું, સડેલું, બગડેલું, વિકારી છે તેને નકારીએ છીએ. જીવ સ્વરૂપથી શુદ્ધ છે તેથી શુદ્ધતાની માગ એ નિજ સ્વરૂપની માગ છે.

સ્વાધીન કે પરાધીન ? જીવે પોતે જ પોતાની જાતને પ્રશ્ન કરવાનો છે અને વિચાર કરવાનો છે કે જે કાંઈ શરીરથી લઈને બધું પ્રાપ્ત થયું છે તેમાં હું સ્વાધીન છું કે પરાધીન છું ? વિચાર કરતાં વિચારવંતને જણાશે કે જે કાંઈ મળ્યું છે અને એ મળેલામાં જે સુખ વર્તાય છે, તે સઘળું પરમાંથી મળતું સુખ છે. પરમાં પરને આધીન રહી જીવાતું જીવન એ ગુલામી કહેવાય કે સ્વતંત્રતા ? 'પરમાં પરાધીનતા જ હોય અને સ્વમાં સ્વાધીનતા જ હોય !' કહેવત પણ છે ને કે આપ મૂઆ વિના સ્વર્ગે જવાય નહિ.

અંગ્રેજોના શાસનકાળમાં સલામતી હતી. ખાધેપીધે સુખી હતાં. છતાં પણ ગુલામી કઠતી હતી. માથે કોઈ ધણી, માલિક બીજો કોઈ છે કે જેની મુનસફી ઉપર આપણું જીવન નિર્ભર હતું. તેથી જ તો કુરબાનીઓ આપીને અંગ્રેજોના પારતંત્ર્યને હઠાવીને સ્વાતંત્ર્ય મેળવ્યું.

જ્ઞાનીઓ કહે છે...

'સર્વ પરવશં દુઃખં, સર્વમાત્મવશં સુખમ્'

પરમાર્થ દૃષ્ટિથી, પરપદાર્થના સંયોગથી જે કાંઈ વેદન થાય, તે આત્માનું વિકૃત સ્વરૂપ છે, માટે તે દુઃખરૂપ છે. જ્યારે પરપદાર્થના સંયોગથી નિરપેક્ષ આત્મપરિણામનું સંવેદન તે સુક છે. એ સ્વ વડે સ્વમાંથી મેળવાતું અને સ્વ વડે સ્વમાં જ ભોગવાતું સ્વને આધીન એવું સ્વાધીન સ્વસુખ છે, જે આત્મિકસુખ છે. માટે જ જ્ઞાનીઓએ

સૂત્ર આપ્યું...'સ્વમાં વસ, પરથી ખસ.'

મર્ત્યલોકમાં તો આપણને પ્રાપ્ત થયેલ સુખમાં પરાધીનતા છે પણ દેવલોકમાં દેવને પ્રાપ્ત થયેલ સુખમાં તો સ્વાધીનતા છે, કેમકે ત્યાં તો ઇચ્છા થતાં જ ઇચ્છાપૂર્તિ થાય તેવી સાનુકૂળતાનું સુખ છે. તો પણ ત્યાં તેને દુઃખરૂપ ગણાવ્યું અને દેવોને પણ મુક્તિસુખના ઉત્સુક કહ્યાં. શું કારણ ? કારણકે ત્યાં ઇચ્છા હોવી અને ઇચ્છા થવી તેને જ દુઃખરૂપ ગણાવ્યું. વિચારવંત જ્ઞાની તો ઇચ્છાના મૂળમાં અભાવ જુએ છે, જે અતૃપ્તતા સૂચવે છે અને તે અતૃપ્તતા જ તો દુઃખરૂપ છે. ઈચ્છા જ ન હોવી અને ઈચ્છા જ ન થવી તે નિરીહિતાનું, વીતરાગતાનું, સંતૃપ્તતાનું, આત્મતૃપ્તતાનું એવું પૂર્ણકામનું પૂર્ણસુખ છે. એ ઈચ્છામુક્તિનું એટલે કે મોહમુક્તિનું એવું સ્વાધીનતાનું સાચું સુખ છે. એટલું જ નહિ પણ તે દેવલોકનું દિવ્યસુખ દેવગતિના પુણ્યોદયને આધીન એવું પરાધીન સુખ છે કે જે દેવગતિનું પુણ્ય ક્ષીણ થતાં છીનવાઈ જનારું છે. એટલે જ તો શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજા પણ શ્રી ઋષભજિન સ્તવનામાં ગાય છે...

'પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ;
પરમ પુરુષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણ ગેહ.
ઋષભ જિણંદશું પ્રીતડી.

સ્વરૂપથી સ્વાધીન એવો જીવ પોતાના સ્વાધીન સ્વરૂપને જ ચાહે છે.

**અવિકારી અવિનાશી કે વિકારી વિનાશી ?** કોઈ જીવ મરણને ઈચ્છતો નથી. સહુ કોઈ જીવવા ઈચ્છે છે તેથી તો જીવ કહેવાય છે. અમૃત એટલે કે અમરણ અર્થાત્ અમરને જ આપણે સહુ કોઈ ઇચ્છીએ છીએ અને માગીએ છીએ. આપણી પ્રાર્થના છે કે...'મૃત્યોર્ મા અમૃતં ગમય' મહા મૃત્યુમાંથી અમૃત સમીપે નાથ તું લઈ જા.' ખરીદી કરતાંય વસ્તુના ટકાઉપણાને ખ્યાલમાં રાખીએ છીએ. બાકી તો આજ સુધીમાં ભવોભવ મેળવી મેળવીને મળેલાંને મેલી મેલી (મૂકી)ને મોતના મુખમાં ધકેલાયાં છીએ. અથવા તો ક્યારેય આપણે રહ્યાં પણ મેળવેલું બધું ગુમાવી દીધું. આપણે એવું ઇચ્છીએ છીએ કે એવું મેળવીએ કે પછી આગળ કાંઈ મેળવવાનું બાકી રહે નહિ અને મેળવેલું કદીય ચાલી ન જાય કે પછી એને છોડીને આપણને ચાલતા થવું પડે નહિ. પ્રભુ સન્મુખ આલેખાતા અક્ષતના સ્વસ્તિકમાં જ્ઞાનીઓએ એવી ગર્ભિત માગણી ગૂંથી છે કે...અક્ષત, અક્ષય, અક્ષર, અજરામર, અવિનાશી એવાં મારાં 'સ્વ' 'અસ્તિ'થી 'હું એક થાઉં.' આપણા જેવાં અજ્ઞાનીઓ માટે જ્ઞાનીઓએ કેવું સુંદર અદ્‌ભુત આયોજન કર્યું છે ! આપણે જાણતા નથી એટલે કરતાં હોવા છતાં તેની કિંમત નથી. પૂર્વાચાર્યોના સાંકેતિક આયોજનના સંકેતના રહસ્યને પામીએ, એને ડીકોડ (Decode) કરીએ તો વારી જઇએ !

**સર્વોચ્ચ કે સામાન્ય ?** આપણને સહુ કોઇને બીજાથી ચઢિયાતા થવું છે અને ચઢિયાતા અને ઊંચા દેખાવું છે. સહુને સર્વોપરી થવું છે. અને સર્વશ્રેષ્ઠ સાબિત થવું છે. એની જ હોડ લાગી છે, તેથી અધિક અને અધિક, સારામાં સારું ઉત્તમોત્તમ (Exclusive-Paramount) મેળવવાની મેરાથોન દોડ મચી છે. સામાન્ય કે આલતુફાલતુ કોઇને ગમતું નથી અને ખપતું નથી. શેઠને ત્યાં કામ કરનાર વાણોતરને શેઠ બનાવે. ઉપાધ્યાયજી વિનયવિજયજી પણ સ્તવના કરતાં પ્રાર્થે છે કે...

દાન દીયંતા રે કોસીર કીસી, આપો પદવી રે આપ.
સિદ્ધારથના રે નંદન.

જ્ઞાનવિમલજી પણ પ્રભુની ઉદારતા પ્રત્યે અહોભાવ વ્યક્ત કરે છે કે...

લીલા લહેરે દે નિજ પદવી, તુમ સમ નહિ કો ત્યાગી. અખિયા હરખન...

છયે દ્રવ્યમાં જીવ સર્વોચ્ચ છે તેથી જીવની સર્વોચ્ચતાની માગ એ તો વાસ્તવિક જીવની પોતાના સ્વરૂપને પામવાની માગ છે.

આ વિચારણાથી વિચારવંતને નિર્ણય થશે કે જીવ સ્વરૂપથી, આનંદ સ્વરૂપી છે તેથી એ સુખ ઈચ્છે છે. વળી તે અનંત સુખનો સ્વામી પૂર્ણાત્મા એવો પરમાત્મા હોવાથી પૂર્ણ સુખને વાંછે છે. નિરંજન નિરાવરણ શુદ્ધાત્મા હોવાથી શુદ્ધ સુખને ઇચ્છે છે. નિરાલંબી નિરપેક્ષ સ્વાધીન હોવાથી સ્વાધીન સુખને માગે છે. અક્ષય, અજરામર અવિકારી અવિનાશી એવો શાશ્વત આત્મા હોવાથી શાશ્વત સુખને શોધે છે. ષડદ્રવ્યમાં આત્મ (જીવ) દ્રવ્ય સર્વોચ્ચ હોવાથી સર્વોચ્ચતા ચાહે છે. આમ જીવ જે પોતાનું નિજ-સ્વરૂપ સુખ છે તે સુખને ઇચ્છે છે-માગે છે અને તે એવું સુખ માગે છે કે જે સંપૂર્ણ, શુદ્ધ, સ્વાધીન, શાશ્વત અને સર્વોચ્ચ એટલે અંગ્રેજીમાં કહીએ તો Perfect, Pure, Personal, Permanant અને Paramount સુખને માગે છે. જીવને માગવાથી મળતું હોય અને પસંદગીની છૂટ હોય તો એને આવું જ સુખ જોઇએ છે, જેની ઝલક જગતના રોજબરોજના જીવાતા જીવનની માગમાં જોઈ શકાય છે. જીવની માગ જ જીવના મૂળ મૌલિક સ્વરૂપનો નિર્દેશ કરે છે.

હવે જે 'સ્વ' રૂપ છે તે 'પર'માંથી એટલે કે બહારથી કેમ કરીને મળે ? 'સ્વ'નું એટલે કે પોતાનું તો પોતામાં જ હોય ને ! માટે એને પોતામાંથી જ નિખારવું (બહાર લાવવું) રહ્યું ! એવાં પોતામાંથી મળતાં પોતાના સુખને આત્મિક કે આધ્યાત્મિક સુખ કહેલ છે. એ જ સુખ તો મોક્ષસુખ છે, જે અજાણતામાં પણ માગીએ છીએ. માગ તો સાચી છે પણ ભૂલ એટલી જ છે કે એ ક્યાંથી મળે તે જાણતા નથી અને જ્યાંથી (પુદ્‌ગલમાંથી) મળે એમ નથી ત્યાંથી માગીએ છીએ. ખોટી જગાએથી માગીએ છીએ તેથી અતૃપ્ત જ રહીએ છીએ અને સુખી થવાને બદલે દુઃખીના દુઃખી જ રહીએ છીએ. થાકીએ છીએ અને હતાશ થઈએ છીએ.

આ આત્મિક અક્ષય મોક્ષસુખ તો સહજ, સ્વાભાવિક, અપ્રતિપક્ષી, અપૂર્વ, અપરાધીન, અદ્વૈત એવું નિર્દ્વંદ્વ નિર્મળ સુખ છે. એ લાભ-ગેરલાભ, જય-પરાજય, પુણ્ય-પાપ, હર્ષ-શોક, રતિ-અરતિ, નફા-નુકસાન, સાનુકૂળતા-પ્રતિકૂળતા, શાતા-અશાતા, સુખ-દુઃખના દ્વૈત એટલે કે દ્વંદ્વથી પર છે. દ્વંદ્વ છે ત્યાં દ્વંદ (યુદ્ધ) છે અને અશાંતિ છે. અદ્વૈતતા-નિર્દ્વંદ્વતા છે ત્યાં પ્રશાંતતા છે.

મહામહોપાધ્યાયજી પણ ગાય છે કે...

ભક્તવત્સલ પ્રભુ કરુણાસાગર, ચરણ શરણ સુખદાઈ,
જશ કહે ધ્યાન પ્રભુકા ધ્યાવત, અજરઅમર પદ પાઈ,
દ્વંદ્વ સકલ મીટ જાઈ...સખીરી આજ આનંદ કી ઘડી આઈ.

આવું સુખ જે માગીએ છીએ તે મુક્તિ મળે તો જ પ્રાપ્ત થાય એમ છે. માટે જ આપણે એ માગની પૂર્તિ અંગે મોક્ષ મેળવવાનો છે. જે મેળવ્યા પછી મેળવવાનું, ઈચ્છવાનું, માગવાનું, બનવાનું, થવાનું, કરવાનું કાંઈ રહે નહિ એવી કાર્ય કારણની પરંપરાની શૃંખલાનો અંત આણનારી એ કૃતકૃત્યતા છે. એ જ સાચી શેઠાઈ છે અને સાચું ધણી (માલિક)પણું છે.

આપણી આ માગને આપણા રોજબરોજના જીવનવ્યવહારથી વિચારીશું તો તે સુસ્પષ્ટ થશે.

દૂધપાક કે શ્રીખંડ એક ચમચી માત્ર ચાખવા પૂરતો આપે તો આપણું સુખ અધૂરું અપૂર્ણ. દૂધપાક કે શ્રીખંડ ઢોળી નાખે અને ચાટવાનું કહે કે પછી આરાલોટ યા સિંગોડાના લોટ મિશ્રિત આપે તો તે વિકારી થયેલ નહિ ગમે. દૂધપાક-શ્રીખંડ હાથમાં આપે કે પછી કલઈ વગરના વાસણમાં આપે, જે રૂપાંતરમાં ફાટી જાય કે બગડી જાય તેવો વિનાશી નહિ ગમે. કંદોઈ હાથમાં રાખી બતાડે પણ આપે નહિ તેવો પરાધીન નહિ ગમે. વળી રંગે રૂપે સુગંધે રૂચિકર એવો મેવામસાલાથી ભરપૂર સર્વોચ્ચ પ્રકારના દૂધપાક-શ્રીખંડને ઇચ્છીશું.

પરણવાલાયક થયેલો પરણવા ઉત્સુક મુરતિયાને કાણી-કૂબડી, લૂલી-પાંગળી કન્યા નહિ ખપશે. એને તો રંગે રૂપે પૂરી પાંચે ઇન્દ્રિયોથી પરિપૂર્ણ સર્વાંગ સાબૂત કન્યા જ પસંદ આવશે. કાચી કુંવારી અબોટ કન્યા જ જોઇએ. પોતાની જ થઈને રહે એવું ધણીપણું સ્વીકારનારી પતિવ્રતા, પડછાયાની જેમ સદાય સાથ નિભાવનારી અર્ધાંગના બની રહેનારી અને મળી શકતી હોય તો વિશ્વસુંદરીના જ સપના હોય છે.

(સ્ત્રીઓ કુંભારને ત્યાં માટલું ખરીદવા જાય છે ત્યાં પણ ટકોરાબંધ આખું, પાણી ભરતા તૂટી ન જનારું, બરોબર પકાવેલું રંગેરૂપે સુંદર પરિપૂર્ણ જોઇને લે છે. તેમ કાપડિયાને ત્યાંથી કપડું પણ ડાઘડૂઘ વગરનું, ફસકી ન જાય એવું, તાણે વાણે પૂર્ણ, રંગે રૂપે નયનરમ્ય, મુલાયમ અને ટકાઉ જોઇને ખરીદે છે.)

આમ સંસારના વિપરીત ક્ષેત્રે પણ જીવની જે ચાહ છે તેમાં પણ એના પ્રચ્છન્નપણે રહેલા મૌલિક સ્વરૂપની જ છાયા વર્તાતી હોય છે.

આપણી ભીતર છે તે જ આપણે બહાર માગીએ છીએ. જીવની માંગ જીવનું સ્વરૂપ છે. મનુષ્યને મનુષ્યમાં, ઈશ્વરમાં કે બીજાં કશાકમાં પૂર્ણતાનો આદર્શ જોઇતો હોય છે. સ્વરૂપથી જીવ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. તેથી તે સત્ અને આનંદથી વિખૂટો પડેલો ચિદ્ (આત્મા), સત્ અને આનંદને શોધે છે. માનવજીવન કેટલું ક્ષણિક છે અને સત્ય સ્વરૂપ કેટલું ભવ્ય અને સનાતન છે? એ ક્ષણિકને માટે સનાતનનો ત્યાગ કરવો, એ શું શ્રેયસ્કર છે? વિચારવંતે વિચારવું રહ્યું.

જીવ માત્ર જીવન જીવે છે. એના જીવનથી એની માગ નક્કી થાય છે. મોક્ષને ન માનનાર અને ન સમજનાર તથા પરમાત્માને ન માનનાર, ન સમજનાર કે ન સ્વીકારની માગ જો તપાસીશું તો જણાશે કે જાણે કે અજાણે જીવ માત્રની માગ તો મોક્ષની જ છે, પરમાત્મ તત્ત્વની જ છે. કેવું આશ્ચર્ય છે નહિ? પોતે જીવન જીવતો હોય અને ન માને એનું જ નામ અજ્ઞાન!

આમ વર્તમાનકાળે જે કાંઈ સુખ મળ્યું છે તે સંપૂર્ણ, શુદ્ધ, સ્વાધીન, શાશ્વત, સર્વોચ્ચ એવું વાંછિત સુખ મળ્યું નથી. જે કાંઈ કહેવાતું સુખ મળ્યું છે એ સુખની પૂર્વમાં પણ દુઃખ છે અને એ સુખની પછી પણ દુઃખ છે, તેમ સુખની સાથે પણ દુઃખ છે. જ્ઞાની કહે છે...

'અર્થાનામ્ અર્જને દુઃખમ્ અર્જિતાનામ્ ચ રક્ષણે ।
આયે દુઃખમ્ વ્યયે દુઃખમ્ ધિગર્થાન્ દુઃખભાજનમ્ ।।'

શ્રીમદજી પણ કહે છે...

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે;
એ દિવ્ય શક્તિમાન જેથી, જંજીરેથી નીકળે;
પર વસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી;
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત દુઃખ તે સુખ નહીં.

વર્તમાને પ્રાપ્ત ઉભય કર્મજનિત સુખ કે દુઃખ કર્માધીન છે. પુણ્યોદયે સુખ છે અને પાપોદયે દુઃખ છે. દુઃખ આવે નહિ એમ ઇચ્છીએ છીએ. અને સુખ જાય નહિ એમ ઇચ્છીએ છીએ. પરંતુ દુઃખનું કે સુખનું આવવું, રહેવું કે જવું કર્માધીન હોવાથી તેમાં પરાધીનતા છે. જ્ઞાનીએ દુઃખ અને સુખની વ્યાખ્યા કરી છે કે ન ઇચ્છો તો ય આવે તેનું નામ દુઃખ અને ન ઇચ્છો તોપણ ચાલી જાય તેનું નામ સુખ. મુણ્ડક ઉપનિષદમાં બે પક્ષીની કથાના માધ્યમથી સુખ-દુઃખ એટલે કે પુણ્ય-પાપથી મુક્તિની પ્રક્રિયા સરસ રીતે સમજાવી છે.

સનાતન સાખ્યની ગાંઠથી જોડાયેલાં સુંદર પીછાંવાળાં બે પક્ષીઓ એક જ વૃક્ષ પર વાસ કરી રહ્યાં છે. એક પક્ષી વૃક્ષની નિમ્નતર શાખા ઉપર વાસ કરી વૃક્ષ (જીવન)ના કડવા-મીઠાં (પાપ-પુણ્ય) ફળનો રસાસ્વાદ લે છે. એ જ વૃક્ષની ઉચ્ચત્તમ શાખાએ વસતુ પંખી પોતે પોતામાં જ નિમગ્ન છે. ફળના રસાસ્વાદ કે ફળના આકર્ષણથી એ નિર્લેપ રહે છે. એ પોતે પોતામાં આત્મતૃપ્ત અને આત્મસંતુષ્ટ રહે છે.

આ માનવ આત્માનું ચિત્ર છે. માનવી, જીવનનાં સારાં નરસાં ફળ ચાખે છે. એ માયાવી સુવર્ણમૃગની મૃગયા કરે છે. પોતાની ઇન્દ્રિયોની, જીવનનાં મિથ્યાભિમાનોની મૃગયા કરે છે. સોનેરી સ્વપ્નો જોતાં જોતાં ભાન થાય છે કે આ બધું અસાર છે-મિથ્યા છે. છતાં એ માયાજાળમાંથી કેમ છટકવું તેની જાણ નથી. આ જ તો જીવનો સંસાર છે. છતાંય દરેકના જીવનમાં સોનેરી ક્ષણો આવે છે. ઘેરામાં ઘેરા શોકની વચ્ચે, અરે આનંદોની વચ્ચે પણ, એવી ક્ષણો આવે છે જ્યારે સૂર્યપ્રકાશને ઢાંકતા વાદળોનો એક ભાગ હટી જાય છે અને આપણી પોતાની પ્રકૃતિ અને પરથી પર થઈ સ્વમાં સ્થિત રહ્યાં કરે છતાં આપણને જાણે કે, કશાક દૂરના તત્ત્વની ઝાંખી થાય છે, જે ઈન્દ્રિયોના જીવનથી પર છે, જીવનની પરીચિકાઓથી પર છે, જીવનના હર્ષ શોકથી પર છે, પ્રકૃતિથી પર છે, ઇહલોકમાંના અને

પરલોકમાંના આપણા સુખની કલ્પનાથી પર છે, સુવર્ણની, કીર્તિની, નામની કે ભાવિની બધી પ્યાસથી પર છે, નિમ્નતર શાખાએ રહેલ પક્ષી એટલે કે મનુષ્ય આ ઝાંખી થતાં એક ક્ષણ થંભે છે અને ઉચ્ચત્તમ શાખાએ સ્થિત બીજા પક્ષીને જુએ છે કે જે ધીરગંભીર છે, મીઠાં કે કડવા કોઈ ફળ એ ખાતું નથી પણ પોતે પોતામાં નિમગ્ન છે. નિમ્નતર શાખાએ રહેલ પંખીને આ ઝાંખી થવા છતાં એને વીસરી જઇને એ ફરી પાછા જીવનનાં મીઠાં કડવા ફળ આરોગવા લાગે છે. કેટલોક કાળ ગયે ફરી વાર પણ ઝાંખી થાય છે અને નીચલી ડાળે રહેલું પક્ષી એક પછી એક ઘા પડતાં ઉપલી ડાળે રહેલ પક્ષીની નજીક અને નજીક સરકતું જાય છે. એમાંય સદ્‌ભાગ્યે જો આકરા ઘા પડ્યા તો એ પોતાના સાથી સમીપ વધારે વેગથી સરકે છે. ઉચ્ચત્તમ શાખાએ વસતો સાથી એનો પરમ મિત્ર છે. બલ્કે એનું જીવન છે. જેમ જેમ નિમ્નતર શાખા વાસિત પક્ષી, ઉચ્ચતમ શાખા વાસિત પોતાના જ સાથી પક્ષી સમીપ આવતું જાય છે તેમ તેમ એ અનુભવે છે કે તે ઉચ્ચતમ શાખા સ્થિત પક્ષીના પ્રકાશથી પોતાના પીંછાં ચમકી રહ્યાં છે. એ જેમ જેમ ઉચ્ચત્તમ સ્થિત પક્ષીની નિકટ થતો જાય છે તેમ તેમ એનામાં પરિવર્તન આવતું જાય છે અને અહેસાસ થાય છે કે જાણે પોતે ઓગળી રહ્યું છે અને અંતે સાવ અદૃશ્ય થઈ ગયું છે. વાસ્તવિક રીતે તો નિમ્નત્તર શાખાસ્થિત પક્ષીનું અસ્તિત્વ જ નહોતું. એ તો માત્ર પેલાં ઉચ્ચતમ સ્થિત પક્ષીનું પ્રતિબિંબ હતું, જે હલતાં પાંદડામાં ધીરગંભીર સ્થિર (ધ્રુવ) બેઠું હતું. બધો મહિમા એ ધ્રુવ રહેલ ઉપરના પક્ષીનો જ હતો. પછી એ નિર્ભય સંપૂર્ણપણે આત્મતૃપ્ત અને પ્રશાંત બને છે.

આ આખીય પ્રક્રિયા નીચેના અનાત્મભાવમાંથી ઉપરના આત્મભાવમાં જઈને અર્થાત્ પુણ્યપાપના શુભાશુભ ભાવમાંથી શુદ્ધભાવમાં જઈ વિશુદ્ધિને પોતામાં રહેલ પોતાના જ પરમપદ (ધ્રુવતત્ત્વ)ને પ્રગટ કરવાની સાધના પ્રક્રિયા છે.

આ પ્રક્રિયા ત્યારે જ થઈ શકે કે જ્યારે વ્યવહારડાહ્યાઓએ કહેલાં સંસારના ઉપર્યુક્ત પાંચેય સુખોથી ઉપરના જ્ઞાનીઓએ પ્રબોધેલા છઠ્ઠા સુખને પામે કે...'ખરો સુખી તેકે જે પૂર્વોક્ત પાંચેય સુખને માને અસાર.' આ પાંચેય સુખને અસાર સમજનારો જ એ આવવા જવાના સ્વભાવવાળા સુખના આવવાથી ફુલાશે નહિ અને જવાથી કરમાશે નહિ એ જ એ સુખને છોડી શકશે અને સંસારના બંધનથી છૂટી શકશે.

ચક્રવર્તી ભરત મહારાજાને એ પાંચેય સુખ પરાકાષ્ટાના મળ્યાં હતાં. છતાં ય એ પાંચેય સુખ અસાર છે એવી સમ્યગ્ માન્યતા હૈયે દૃઢ થયેલી હતી. તેથી જ રોજેરોજ એની અસારતાની યાદી થયાં કરે એવી વ્યવસ્થા કરી હતી. એના જ પરિણામે એ ચક્રવર્તીપણામાં ગૃહસ્થાવાસમાં કેવળજ્ઞાન પ્રગટ કરી જીવનમુક્તાવસ્થાને પામી પરમ સુખદાયી પરમાનંદી પરમપદને પામ્યા.

સાધુ પણ સુખ માટે જ ઉદ્યમશીલ છે. એઓ દુઃખ નથી વેઠતાં. એઓ તો દુઃખને પણ કર્મનિર્જરાનું નિમિત્ત ગણી, એને સુખરૂપ લેખે છે. સાધુ ભગવંતો તો સુખદુઃખ, શુભાશુભ શાતાઅશાતા ઉભય દ્વૈતથી પર થઈ, ઈન્દ્રિયોની ગુલામીથી મુક્ત થઈ, ઈન્દ્રિયો પર સવાર થઈને ઈન્દ્રિયોથી પર જવાની સાધના કરે છે. પરિણામ સ્વરૂપ અતીન્દ્રિય દિવ્યસુખની પ્રાપ્તિ કરે છે. જ્યારે સામાન્ય સ્તરના લોકો ઇન્દ્રિયોના ગુલામ હોય છે એટલે કે ઇન્દ્રિયો એમના ઉપર હાવી (સવાર) થયેલ હોવાથી ઇન્દ્રિયજનિત અનુભવ સુધીની સાંકડી સીમિત અનુભૂતિમાં જ રાચે છે. કહ્યું છે કે મન એ સંગીતના તંતુવાદ્ય જેવું છે કે જેના તાર યોગ્ય માત્રામાં બરોબર ખેંચાયેલા હશે તો જ તે સારું સંગીત પેદા કરી શકશે.

**વર્તમાનદશા :** જીવની વર્તમાનદશા જડ સાપેક્ષ એટલે કે કર્મ સાપેક્ષ છે. એ નથી તો શુદ્ધ ચૈતન્યાવસ્થા કે નથી તો પૂરી જડ (અજીવ) અવસ્થા. જીવ અને અજીવ અર્થાત્ ચૈતન્ય અને જડ ભેગાં થવાથી ત્રીજી કર્મયુક્ત સંસારી અવસ્થા પેદા થઈ છે.

જીવ માત્રને પ્રશ્ન વેદનનો છે. અશાતાનું દુઃખવેદન જોઇતું નથી અને શાતાનું સુખવેદન જોઇએ છે. વેદન છે તે માત્ર જીવને જ છે અને તેથી વેદનનો જે પ્રશ્ન છે તે જીવનો પોતાનો છે. પુદ્‌ગલ જડ છે અને તે વેદનવિહીન હોવાથી પુદ્‌ગલ (જડ)ને કોઈ વેદનનો પ્રશ્ન નથી. એ તો જીવસહિત હોય તો સચિત અને જીવ રહિત હોય તો અચિત પુદ્‌ગલ સ્કંધ તરીકે ઓળખાય છે. બે ભેગાં ભળ્યાં છે અને એકમેક થયા છે પણ એકરૂપ કે તદ્રુપ નથી થયા. આ પરિસ્થિતિમાં જડ સંગે જો ચેતન જડ થઈ જઈ શકતો હોત તો ચેતન, જડ થઈ જઈ દુઃખમુક્ત થઈ શક્યો હોત અને સુખપ્રાપ્તિનો પ્રશ્ન ઊભો રહેત નહિ કારણકે જડને વેદન નથી. જડ ચેતનને અને ચેતન જડને નિમિત્ત નૈમિત્તિક ભાવે અસર પહોંચાડે છે પણ જાત્યાંતર એટલે કે દ્રવ્યાંતર થતું નથી, માટે જ હવે જીવે પોતે જ જડથી છૂટવાનો અને દુઃખમુક્ત થવાનો પ્રશ્ન ઉકેલવાનો રહે છે. આમ જડથી એટલે કે કર્મથી મુક્ત થવા માટે જીવે મોક્ષ મેળવવાનો છે.

રામે (આત્માએ–ચેતને) રાવણ (અનાત્મ–અચેતન) સાથે યુદ્ધ કરી પોતાની સીતા (ચેતના–આત્મભાવ)ને મુક્ત કરી. કંઈ કેટલાંય કષ્ટ વેઠીને, કંઈ કેટકેટલી સામગ્રી અને જીવોના જીવનના ભોગે રામે પોતાની સીતાને મુક્ત કરાવી. એકમાત્ર સીતાને મુક્ત કરવા રામે આટઆટલો ભોગ આપ્યો. કારણ શું ? કારણકે રાવણની બંદી બન્યા છતાં પણ સીતા કોઈ ધાકધમકી કે પ્રલોભનને વશ પડી જઈ રાવણની ન થઈ જતાં રામની જ રહી. સીતાના સતીત્વના રક્ષણ માટે યુદ્ધ ખેલાયું. એ માત્ર સીતા માટે જ ખેલાયેલું યુદ્ધ નહોતું. પણ સમસ્ત સ્ત્રી જાતિના સતીત્વની રક્ષા માટેનું, રાક્ષસો (વાસના રાક્ષસો) સામેનું યુદ્ધ હતું. સતીના સતીત્વની તો રામે રક્ષા કરી પણ સાથે સાથે પાછું એ સતીત્વની અગ્નિપરીક્ષા લઈને જગતના ચોકમાં જગજાહેર કર્યું કે સતીનું સતીત્વ અકબંધ છે અને શંકાથી પર છે.

એ જ પ્રમાણે ચેતનની ચેતના જડના સંગે જડ થઈ જતી નથી તેથી જ ચેતને જડ એવા પુદ્‌ગલ કે જે એનો વિરોધી (વિરુદ્ધ ગુણધર્મ ધરાવનાર) અરિ (શત્રુ) સામે યુદ્ધ કરી ચેતનાને મુક્ત કરાવી અરિહંત બનવાનું છે. આમ માયાવી સ્વર્ણમૃગની તૃષ્ણામાં અપહૃત થયેલી ચેતનાને છોડાવી, ચેતનથી એકરૂપ–તદ્રુપ બનાવવા માટે મોક્ષ

મેળવવાનો છે.

વળી જડ એવાં કાર્મણ પુદ્‌ગલોનું પરિણમન એટલે કે કર્મબંધન એવી રીતે થતું નથી કે બધાંયને બધાંય કાર્મણ પુદ્‌ગલો એક સાથે, એક સમયે, એક સરખા રૂપે ફળે અને સર્વને સર્વકાળ સુખમય સમસ્થિતિમાં રાખે. પ્રત્યેક જીવના ભાવ જુદા જુદા હોય છે અને એક જ જીવના પણ ભાવ પ્રત્યેક સમયે જુદા જુદા હોય છે. જીવના ભાવની આવી વિચિત્રતાને કારણે કાર્મણ પુદ્‌ગલોનું ફળ પણ વિચિત્ર હોય છે. 'કર્માણામ્ ગહનામ્ ગતિ.' કર્મની ગતિ વિચિત્ર છે. આ વિચિત્રતાનું પરિણામ જ વૈવિધ્ય છે. અર્થાત્ વિષમતા છે. સ્વરૂપથી સમસ્વરૂપી એવાં જીવો આ કર્મ વૈચિત્ર્યતાના કારણે વિષમસ્વરૂપી થયાં છે. જીવ, જીવ વચ્ચે ભેદ પડી ગયા છે. જીવના ૫૬૩ ભેદમાં મૂળમાં જુદા જુદા જીવોના જુદા જુદા કર્મો છે.

હવે એક અસદ્ કલ્પના કરીએ કે ઉપર્યુક્ત વૈવિધ્ય અને વિચિત્રતાથી ત્રસ્ત અસહાય જીવ જડ એવાં પુદ્‌ગલને વિનંતિ કરે છે કે...

'હું તો તારાથી છૂટી શકવા અશક્ત છું માટે વિનંતિ કરું છું કે હવે તમે જ મને સહાય કરો અને તમે બધાંય પુદ્‌ગલો એક સાથે, એક સમયે તમારા આ સ્કંધ સ્વરૂપને છોડી તમારા મૂળ સ્વતંત્ર કાર્મણ વર્ગણારૂપ પરમાણુ સ્વરૂપમાં આવી જાઓ, જેથી હું જ નહિ પણ અમો સઘળાંય જીવો અમારા મૂળ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને પામી શકીએ!'

જીવની આવી વિનંતિ સાકાર થવી શક્ય નથી. કારણકે કર્મ રૂપે પરિણમેલ બધાંય કાર્મણવર્ગણારૂપ પુદ્‌ગલ પરમાણુઓનું યુગપદ્ નિર્જરણ શક્ય નથી. કેમકે કર્મરૂપે બંધાયેલાં કાર્મણ વર્ગણારૂપ પુદ્‌ગલોનું નિર્જરણ (ખરવાપણું) ક્રમિક જ હોય છે. વળી નિર્જરણની સાથોસાથ નવા નવા પુદ્‌ગલોનું પરિણમન પણ સતત ચાલુ જ હોય છે.

આમ જીવ જડ પુદ્‌ગલના સંગે જડ થઇને વેદનરહિત બની શકતો નથી અને બીજી બાજુ બધાં જડ પુદ્‌ગલ પરમાણુઓ એના સ્કંધ સ્વરૂપને છોડી મૂળ કાર્મણસ્વરૂપ (પુદ્‌ગલ પરમાણુ સ્વરૂપ)ને યુગપદ્ પામતા નથી. આ સંજોગોમાં જીવે પોતે જ વૈયક્તિક પ્રયત્ન કરી, જડ પુદ્‌ગલથી છૂટવાના માટે મોક્ષ મેળવવાનો છે.

શ્રીમદ્‌જી પણ કહે છે કે જે આખી સૃષ્ટિ સત્વશીલને સેવતી હોય, નિયમિત આયુષ્ય હોય, નિરોગી શરીર હોય, અચળ પ્રેમી પ્રેમદા હોય, આજ્ઞાંકિત અનુચર હોય, કુળદીપક પુત્ર હોય, જીવનપર્યંત બાલ્યાવસ્થા હોય, આત્મતત્ત્વનું ચિંતન હોય તો હું મોક્ષને ઇચ્છતો નથી. આ જે ઇચ્છયું છે તે કોઈ કાળમાં થવાનું નથી માટે હું તો મોક્ષને જ ઇચ્છું છું.

જે જડ પુદ્‌ગલની સાથે જોડાયા છીએ-બંધાયા છીએ તેના ગુણધર્મો આપણા જીવસ્વરૂપના ગુણધર્મોથી વિરુદ્ધ છે. પુદ્‌ગલ રૂપ (વર્ણ), રસ, ગંધ અને સ્પર્શયુક્ત રૂપી એવું પરિવર્તનશીલ અને પરિભ્રમણશીલ એટલે કે રૂપરૂપાંતરને પામનારું અનિત્ય છે અને ક્ષેત્રક્ષેત્રાંતરતાને પામનારું અસ્થિર છે. એથી વિપરીત જીવદર્શન, જ્ઞાન, સુખ, વીર્યયુક્ત નિત્ય અને સ્થિર અરૂપી છે. ખાણમાંથી મળી આવતા કનકપાષાણને ભઠ્ઠીમાં તપાવી, ઓગાળી અશુદ્ધિઓ દૂર કરી કનકને પાષાણથી છૂટું પાડીને જ કનકનો કનક એટલે કે સુવર્ણ તરીકે ઉપભોગ થઈ શકે છે. આમ જેની સાથે જોડાયા છીએ તેના જેવાં બની શકાતું નથી અને આપણાથી તે એની મેળે છૂટું પડી જવાનું નથી, તો પછી હવે એનાથી છૂટા પડ્યા સિવાય અને આપણને પોતાને આપણા પોતાપણામાં લાવ્યા વિના કોઈ જ આરો વારો (છુટકારો) નથી. મનુષ્યયોનિ કર્મયોનિ છે. મોક્ષપ્રાપ્તિનો કર્મપુરુષાર્થ મોક્ષપુરુષાર્થ કર્મભૂમિના સંજ્ઞિ પંચેન્દ્રિય મનુષ્યપણામાં જ થઈ શકતો હોય છે. બીજે મોક્ષ પુરુષાર્થ શક્ય નથી. માટે જ કર્મભૂમિમાં સંજ્ઞિ પંચેન્દ્રિય મનુષ્યપણાને પામેલા આપણે અહીં જ થઈ શકતા મોક્ષ પુરુષાર્થથી આપણે કર્મ મુક્ત થવા મોક્ષ પુરુષાર્થ કરવાનો છે.

**વેદન :** એક વ્યક્તિ, બીજી વ્યક્તિને મળતાં પ્રથમ તો પૃચ્છા કરતી હોય છે કે...'કેમ છો?' 'મજામાં તો છો ને? આનંદમાં તો છો ને? સારા નરવા તો છો ને?' જીવ માત્ર નિરંતર સુખને ઝંખે છે અર્થાત્ સુખને જ શોધે છે. કારણ જીવનું મૌલિક સ્વરૂપ આનંદ છે. જીવ સચ્ચિદાનંદ એટલે સત્, ચિદ્ અને આનંદ સ્વરૂપ છે. એમાં ચિદ્ કહેતાં જ્ઞાન એટલે આત્મા રહ્યો છે પણ તે એના સત્‌પણા અર્થાત્ અવિનાશીતા (નિત્યતા) અને આનંદ (શાશ્વત-અદ્વૈત સુખ)થી વિખૂટો પડી ગયો છે, એટલે જ્ઞાન જે નિત્ય અને આનંદસ્વરૂપી હોવું જોઇએ તે અનિત્ય અને સુખદુઃખરૂપ થઈ જવાથી, એ જ્ઞાન નિરંતર નિત્યતા, નિરામયતા, નિરાકુલતા ને આનંદને શોધે છે. આમ મોક્ષ મેળવવાનો છે કેમકે એ જીવાત્માનું પોતાનું જ પોતામાં ધરબાયેલું, પ્રચ્છન્નપણે રહેલું અપ્રગટ સ્વરૂપ છે, જે જીવની જડ પુદ્‌ગલસંગની અશુદ્ધાવસ્થામાં પણ એના અસ્તિત્વની ઝાંખી કરાવે છે. ઊંડા ઉતરીને આપણે જીવનવ્યવહારને તપાસીશું તો બુદ્ધિમંતને એના અસ્તિત્વનો અહેસાસ થશે.

આત્માની ગુણશક્તિ અનંત છે. એ અનંત ગુણાત્મક છે. આત્મા અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ અને અનંતવીર્ય એમ અનંત ચતુષ્કમય હોવાથી છદ્મસ્થાવસ્થામાં પણ એની ઇચ્છાનો કોઈ અંત જ નથી. એક પછી એક એવી અનંત ઇચ્છાઓ જીવને ઉદ્‌ભવતી જ રહે છે. એને કોઈ Raw Material- કાચા માલના પુરવઠાની જરૂર પડતી નથી.

આત્મા એના મૌલિક સ્વરૂપમાં સ્વ-પર પ્રકાશક જ્ઞાનમય છે, પૂર્ણ છે, અવિનાશી છે અને સર્વોચ્ચ છે. તો એની સામે જીવ એની છદ્મસ્થ અવસ્થામાં પણ જાણનારો અને જણાવનારો છે અને એની માગ સર્વત્ર, સર્વદા પૂર્ણતાની, નિત્યતાની, સર્વોપરિતાની છે.

પરમાત્માના કેવળજ્ઞાનમાં સર્વ ક્ષેત્રના સર્વ દ્રવ્યો એના સર્વ ભાવ એટલે કે સર્વ ગુણ અને પર્યાય સહિત એક સમય માત્રમાં જણાય છે. અર્થાત્ સર્વ જ્ઞેય સર્વજ્ઞના જ્ઞાનપ્રકાશમાં ઝળકે છે. પ્રતિબિંબિત થાય છે. આમ સર્વજ્ઞના જ્ઞાનને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના કોઈ બંધન રહેતા નથી. જીવને એની પૂર્ણતામાં પૂર્ણપણે સર્વજ્ઞ થયેથી જે છે તે, અલ્પજ્ઞ છદ્મસ્થ હોતે છતે પણ આંશિક ઝલકરૂપે એને મળેલાં મનમાં જોવામાં આવે છે. એક સમય માત્રમાં મન ક્ષેત્રના બંધન

તોડીને મુંબઈથી સુરત, અમદાવાદ, ધ્રાંગધ્રા, લંડન, ન્યૂયોર્ક, મહાવિદેહક્ષેત્ર, દેવલોકના દેવવિમાનો સુધી મનથી જઈ આવી શકે છે. તેમ જીવને એક દ્રવ્યની વિચારણામાંથી બીજા દ્રવ્યની વિચારણામાં વિષયાંતર કરવામાં કોઈ વાર લાગતી નથી. તેવી જ રીતે મનને આ સંવત ૨૦૬૨ કે ઈ. સ. ૨૦૦૬ના એપ્રિલના વર્તમાનકાળમાંથી બ્રિટિશકાળ, મોગલકાળ, મૌર્યકાળ, મહાવીરસ્વામીજી, આદિનાથ પ્રભુજી સુધીના ભૂતકાળમાં ડોકિયું કરવામાં કાળવિલંબ હોતો નથી. એ જ પ્રમાણે જીવને પ્રાપ્ત દીર્ઘકાલિકી સંજ્ઞા શક્તિથી આલોક, પરલોક, પરમલોક આદિની ભાવિની દીર્ઘકાલિકી વિચારણા થઈ શકતી હોય છે. વળી શાંત બેઠેલું મન નિમિત્ત મળતાં જ પલકારામાં શાંતભાવથી ખસી રૌદ્રસ્વરૂપ ધારણ કરી શકતું હોય છે. મન જે આત્માનો અંશ છે એની આંશિક શક્તિ જો આવી અગાધ હોય તો પછી પૂર્ણ એવાં પરમાત્મસ્વરૂપની શક્તિ પૂર્ણ–અનંત હોય એમાં આશ્ચર્ય પામવા જેવું નથી, પણ સંકલ્પ કરવાની જરૂર છે કે અલ્પજ્ઞ એવો હું સર્વજ્ઞ બનું અને મારા અંશને એના પૂર્ણ સ્વરૂપમાં વિકસિત કરું. આમ અંશમાંથી પૂર્ણ થવા માટે મોક્ષ મેળવવાનો છે. આત્માનું આવું એકમેવ અદ્વિતીય અદભુત પરમાત્મપણું જે પોતાની માલિકીનો મૌલિક આત્મવૈભવ અર્થાત્ સનાતન આત્મ ઐશ્વર્ય છે, જે પોતામાં જ અપ્રગટ પડેલ છે, તેને ભ્રાન્ત દુન્યવી નશ્વર ઐશ્વર્યનો ત્યાગ કરી પ્રકાશમાં લાવવું તે બુદ્ધિશાળીનું કર્તવ્ય છે.

એ તો આપણી જ પોતાની માલિકીની ચીજ છે જે આપણે પોતે જ કોઈપણ ભોગે મેળવીને જ રહેવું જોઇએ!

સંસારમાં તો આપણે અભાવનો ભાવ કરવા મથીએ છીએ. અને પાછા અભાવમાં જ રહીએ છીએ. કર્મજનિત અવસ્થામાં જે સત્તામાં રહેલ પ્રારબ્ધ કર્મ છે તેનો ઉદય થતાં એ કર્મનો ભોગવટો કરી એને ખપાવીએ છીએ. આ નથી, છે, નથીની સ્વપ્નાવસ્થા જેવી પ્રક્રિયા છે. સ્વપ્નપૂર્વેની અવસ્થામાં સ્વપ્ન હતું નહિ, સ્વપ્નાવસ્થામાં સ્વપ્નસૃષ્ટિ જે છે તે પાછી જાગૃતાવસ્થામાં આવતા રહેતી નથી. પૂર્વે જે હતું નહિ, પછી જે રહેનાર નથી તેનું વચગાળાના વર્તમાનમાં હોવાપણું એ ન હોવાપણા બરોબર છે. બધીય સાંસારિક અવસ્થા મોહનિદ્રામાં પડેલા સંસારીની મોહદશા એટલે કે સ્વપ્નદશા છે.

એથી વિપરીત અધ્યાત્મક્ષેત્રે તો સાધકાત્માએ ભાવનો જ ભાવ કરી પોતાના આત્મભાવ એવાં સ્વભાવમાં સાદિ–અનંત સ્થિત થવાનું હોય છે. એ તો છે, છે, છેની ઉજ્જાગર થવાની પ્રક્રિયા છે. આ તો જે આપણું જ હતું અને આપણા જ ઘરમાં દટાયેલું, છુપાયેલું, ગુપ્ત રહેલું હતું તે દટાયેલાને ખોદી કાઢી પ્રકાશમાં લાવવાનું છે અને એને અનુભૂતિમાં લાવવાનું છે. આ આપણી, આપણાપણામાં પોતાપણામાં આવવાની પ્રક્રિયા છે.

આપણા આપ્તપુરુષોએ આપણને જે સાધના ચતુષ્કો, અનંત ચતુષ્કની પ્રાપ્તિ માટે આપવાની કૃપા કરી છે, તે વિષે વિચારીશું તો જણાશે કે એ સાધના ચતુષ્કોના કળશમાં ભાવથી ભાવમાં એટલે કે સ્વભાવમાં જવાની સાધનાનો જ નિર્દેશ છે. એ સાધના ચતુષ્કો છે...

(૧) દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ.

(૨) દાન–શીલ–તપ–ભાવ.

(૩) નામ–સ્થાપના–દ્રવ્ય–ભાવ.

(૪) ધર્મ–અર્થ–કામ–મોક્ષ. (જે સ્વ ભાવસ્વરૂપ છે)

અનુકૂળ દ્રવ્ય–ક્ષેત્ર–કાળના સંયોગોને મેળવીને કે પછી પૂર્વકર્મ અનુસાર મળેલાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળના સંયોગોને સાધનામાં અનુકૂળ બનાવી સાધ્યને અનુરૂપ ભાવ ભાવતાં ભાવતાં ભાવમાં એટલે કે સ્વભાવમાં જવાનું છે. અર્થાત્ મોક્ષ પામવાનો છે. પરિણામે દેશ (ક્ષેત્ર) અને કાળના બંધનથી મુક્ત થવાય અને દ્રવ્ય જે ભાવસ્વરૂપ છે તે ભાવ એટલે કે ગુણપર્યાયથી દ્રવ્ય અભેદ થાય. ફળસ્વરૂપ ક્ષેત્ર દ્રવ્યમાં સમાઈ જાય અને કાળ ભાવમાં સમાઈ જાય.

દાન–શીલ–તપના ત્યાગધર્મથી ગૃહિત પુદગલોનો દાન દ્વારા ત્યાગ કરીને, અગૃહિત પુદ્ગલોની ઇચ્છા અને કામનાનો, શીલધર્મના પાલન દ્વારા વિષયસેવન અને અબ્રહ્મના સેવનથી દૂર રહેવારૂપ, ત્યાગ કરીને, તપ એટલે તલપ કહેતાં ઇચ્છાનો નિરોધ કરવા રૂપ ઇચ્છાનિરોધ તપથી આહારસંજ્ઞા તોડી અશરીરી, અદેહી, અનામી અરૂપી બનવા અણાહારીપદને એટલે કે સ્વભાવને પામવાનો છે. અર્થાત્ પુદગલયુક્ત એવાં આપણે પુદગલમુક્ત બનવાનું છે.

પ્રાપ્ત સંયોગોમાં જિનોક્ત ચાર પ્રકારના ત્યાગધર્મની પાલના માટે જિનેશ્વર ભગવંતના નામ, સ્થાપના, દ્રવ્ય, ભગવદભાવનું આલંબન લઈને પરમભાવ એવાં સ્વભાવમાં આવવાનું છે.

ઉપર્યુક્ત ધર્મારાધના કરતાં કરતાં એટલે કે ધર્મપુરુષાર્થ કરતાં વચમાં આવતા અર્થ અને પડાવ એવાં મોક્ષના અંતિમ મુકામે પહોંચવાનું છે અને અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતવીર્ય, અનંતસુખને પામવાનું છે, જ્યાં કળશમાં અનંતસુખ છે તે પણ ભાવસ્વરૂપ છે.

આ માટે પરમ દુ:ખી આપણાં જેવાં પરમાત્મસ્વરૂપ સંસારી જીવોની સેવા કરવારૂપ કર્મયોગની પાંખ અને પરમસુખી એવાં પરમાત્માની ભક્તિરૂપ ભક્તિયોગની પાંખ, પ્રજ્ઞાશક્તિથી પસારી સાધનાના વિહંગમ માર્ગે ઉડ્ડયન કરી મોક્ષને આંબવાનો છે.

દુનિયા આખી ફરીએ પણ ઘરે આવીએ ત્યારે ઠરીએ! દુનિયા આખીમાં ફરવા છતાં ઘર ભૂલાતું નથી. તેમ ચૌદ રાજલોકરૂપ બ્રહ્માંડ આખામાં રખડીએ છતાં આત્મા–આત્મઘર ભૂલાતું નથી. પરિભ્રમણ અને પરિવર્તનનો અંત આણી આપણે ઘરે જઇએ તો ઠરીએ, તે માટે પણ મોક્ષ મેળવવાનો છે. પરદેશ બહુ ફર્યા. પરદેશમાં આપણું કોણ? હવે તો આપણે દેશ ચાલીએ!

આપણે સહુ કોઈ સર્વથા સર્વદા દુ:ખથી મુક્ત થઈ વાંછીત સંપૂર્ણ શુદ્ધ, સ્વાધીન, શાશ્વત, સર્વોચ્ચ સુખને પ્રાપ્ત કરી આપણા મૌલિક સચ્ચિદાનંદ સ્વરૂપમાં રમીએ! જોકે એ પ્રાપ્તિ આ કાળે આ ક્ષેત્રમાં શક્ય નથી. પરંતુ એને મેળવી આપનાર સમ્યક્ત્વ જે વર્તમાનકાળે આ ક્ષેત્રમાં મળી શકે એમ છે, તે તો આપણે સહુ મેળવીએ જ એવી અભ્યર્થના!

✱✱✱

**સંકલન : સૂર્યવદન ઠાકોરદાસ ઝવેરી**
૫૦૧–એ, જાડે એપાર્ટમેન્ટ, શંકર લેન, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ–૬૭.

# જૈન પારિભાષિક શબ્દકોશ

ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(ગતાંકથી આગળ)

| | | | |
|---|---|---|---|
| ૨૪૭. ઋજુ | સરળ | सरल | Straight, Linear, Plain |
| ૨૪૮. ઋજુગતિ | સરળ, સીધું ગમન | सरल-सीधा गमन | Straight motion |
| ૨૪૯. ઋષિ | ઋષિ, સંત, ઋદ્ધિવંત સંત | ऋषि, संत, ऋद्धियुक्त संत | Saint with miraculous Power |
| ૨૫૦. પુદ્ગલ | અજીવ પદાર્થ, પરમાણુ | अजीव पदार्थ, परमाणु | Matter, Mattergy |
| ૨૫૧. પૃથ્વી | પૃથ્વી, જગત | पृथ्वी, जगत | Earth |
| ૨૫૨. પૃથ્વીકાય | પૃથ્વીકાય | पृथ्वीकाय | Earth body |
| ૨૫૩. પ્રણિધાન | ધ્યાન, એકાગ્રતા, તલ્લીનતા, | ध्यान, एकाग्रता, लीनता | Reflective meditation |
| ૨૫૪. પ્રત્યક્ષ | ઈન્દ્રિય-મનોજન્ય જ્ઞાન, સાક્ષાત્ જ્ઞાન | इन्द्रिय-मनोजन्य ज्ञान, साक्षात् ज्ञान ज्ञान | Direct perception, Perceptual, cognition |
| ૨૫૫. પ્રત્યુત્પન્ન | તરત ઉત્પન્ન મતિ વાળો, શીઘ્રબુદ્ધિ | शीघ्रबुद्धि, तुरंत उत्पन्न मतिवाला | Instantaneous |
| ૨૫૬. પ્રમા | પ્રમા, જ્ઞાન, પ્રમાણથી ઉત્પન્ન થયેલું જ્ઞાન | प्रमा, ज्ञान, प्रमाण से उत्पन्न ज्ञान | Determination |
| ૨૫૭. પ્રમાણ | પ્રમા-જ્ઞાનને ઉત્પન્ન કરનાર પ્રત્યક્ષાદિ, સાધ્યને સાધનાર | प्रमा, ज्ञान को उत्पन्न करने वाले प्रत्यक्षादि, साध्य को सिद्ध करने वाले | Organ of knowledge, Instrument of valid cognition |
| ૨૫૮. પ્રમાણાભાસ | મિથ્યા પ્રમાણ, પ્રમાણનો આભાસ | मिथ्याप्रमाण, प्रमाण का आभास | Pseudo-organ of knowledge validity |
| ૨૫૯. પ્રમાતા | જ્ઞાતા, પ્રમાણ દ્વારા જ્ઞાન પ્રાપ્તકરનાર | ज्ञाता प्रमाण के द्वारा ज्ञान प्राप्त करनेवाला | knower, subjet of knowledge |

## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક વિનંતિ

સુજ્ઞશ્રી,

સાદર પ્રણામ,

આપશ્રી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રન/આજીવન સભ્ય અથવા સભ્ય કે શુભેચ્છક છો. આપને 'પ્રબુદ્ધ જીવન' નિયમિત મળતું હશે. આપના સહકાર માટે અમે આપના આભારી છીએ.

'પ્રબુદ્ધ જીવન'ના ફેબ્રુઆરી ૨૦૦૬ના અંકમાં આ સામયિકના ઉજ્જવળ ઈતિહાસની ઝલક દર્શાવી હતી અને આ સામયિકને આર્થિક રીતે સક્ષમ કરવા ગ્રાહક યોજના પ્રસ્તુત કરી હતી, જે આ અંકમાં પણ પ્રગટ કરી છે.

ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન નીધિ'ના શીર્ષક નીચે કાયમી ફંડ માટે સમાજ સમક્ષ વિનંતિ પણ કરી છે.

આ જ્ઞાનયજ્ઞમાં અમે જણાવેલ કોઈ પણ યોજનામાં આપ સહભાગી થાવ એવી અમારી વિનંતિ છે.

**આ માટે, આપ પાછળ છાપેલું ફોર્મ ભરી, પાના નંબર ૨ પર દર્શાવેલી જે આપને યોજના અનુકૂળ લાગે એનો ઉલ્લેખ કરી આ ફોર્મ અમને પરત કરવા વિનંતિ.**

આપનો ચેક/ડ્રાફ્ટ 'SHREE MUMBAI JAIN YUVAK SANGH' ના નામે મોકલવા વિનંતિ.

આજીવન ગ્રાહક લવાજમ ભરનાર તેમજ 'પ્રબુદ્ધ જીવન નીધિ કાયમી ફંડ'માં ફાળો આપનારને આવકવેરાની કલમ 80-G અન્વયે કરમુક્ત છે, તે અંગેનું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

આપની શુભેચ્છા અમારી સાથે સર્વદા રહેશે જ. જે આ જ્ઞાનયાત્રા માટે અમને પ્રેરક બની રહેશે. ધન્યવાદ, આભાર.

☐ મેનેજર

| | | | |
|---|---|---|---|
| ૨૬૦. પ્રમિતિ | જ્ઞાન, યથાર્થ જ્ઞાન | ज्ञान, यथार्थज्ञान | Authenic knowledge |
| ૨૬૧. પ્રમેય | પ્રમા યોગ્ય પદાર્થ | प्रमा योग्य पदार्थ | Object of knowledge |
| ૨૬૨. પ્રમોદ | આનંદ, ખુશી | आनन्द, खुशी | Gladness, joy, pleasure |
| ૨૬૩. પ્રવચન | ઉપદેશ, પરમાત્માની વાણી આગમ, શાસન | उपदेश, परमात्मा की वाणी, आगम, शासन | Sermons, scriptures, teachings |
| ૨૬૪. પ્રવચન ભક્તિ | શાસનભક્તિ, શ્રુતભક્તિ | शासनभक्ति, श्रुतभक्ति | Scriptural devotion |
| ૨૬૫. પ્રવ્રજ્યા | દીક્ષા, સર્વસ્વનો ત્યાગ, સંયમ | दीक्षा, सर्वस्व का त्याग, संयम | Ordination, Renunciation, Initiation |
| ૨૬૬. પ્રશમ | શાંત, સમતાયુક્ત | शांत, समतायुक्त | Spiritual Calmness |
| ૨૬૭. પ્રાણ | પ્રાણ | प्राण | Bio-energy, vital airs, |
| ૨૬૮. પ્રામાણ્ય | પ્રમાણભૂત જ્ઞાન | प्रमाणभूत ज्ञान | Validity |
| ૨૬૯. રતિ | ભૌતિક પદાર્થો પ્રત્યેનો આનંદ | भौतिक पदार्थों के प्रति आनंद | Pleasure in sense, activity, liking |
| ૨૭૦. રત્નત્રય | સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્ર રુપી ત્રણ મોક્ષપ્રાપક તત્ત્વો | सम्यक् दर्शन, ज्ञान, चारित्र स्वरूपी तीन मोक्षप्राप्त करानेवाले तत्त्व | Three Jewels, Gem-trio |
| ૨૭૧. રુક્ષ | લુખ્ખુ | रुक्ष | Coarse, Rough, Negatively Charged |
| ૨૭૨. રુચિ | રુચિ, શ્રદ્ધા | ऋचि, श्रद्धा | Predilection, Belief |
| ૨૭૩. રુજ | રોગી | रोगी | Illness |
| ૨૭૪. રૂઢ | પરંપરાવાદી, કટ્ટરવાદી | परंपरावादी कट्टरपंथी | Traditional, conventional |
| ૨૭૫. રૂપ | રૂપ, સ્વરૂપ, રંગ, સૌંદર્ય, સુંદરતા | रुप, स्वरुप, रंग, सौंदर्य, सुंदरता | Colour, Form, Sensual Object, Body aggregale, Quality,Beauty |

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(ક્રમશઃ)


પ્રતિશ્રી,

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

૩૩, મહમ્મદી મિનાર, ૧૪ મી ખેતવાડી,

એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦૦૦૪.

ફોન : ૦૨૨-૨૩૮૨૦૨૯૬.

આપનો વિનંતિ પત્ર મળ્યો.

અમોને આપના 'પ્રબુદ્ધ જીવન'ના વાર્ષિક/ત્રિવાર્ષિક/પંચવર્ષીય/આજીવન ગ્રાહક/કન્યા કરિયાવર ગ્રાહક થવાની ઈચ્છા છે.

'પ્રબુદ્ધ જીવન નીધિ' કાયમી ફંડમાં અનુદાન આપવાની અમારી ભાવના છે.

આ સાથે ચેક/ડ્રાફ્ટ રૂા. .................................. ચેક/ડ્રાફ્ટ નંબર .................................. તારીખ ........................

બેંક .................................................. શાખા .................................. ગામ .................................. નો સ્વીકારી

નીચેના સરનામે રસીદ મોકલવા વિનંતિ. ધન્યવાદ.

નામ અને સરનામું : ..............................................................................

..............................................................................

લિ...................................

# પર્યુષણ વ્યાખ્યાનમાળા – ૨૦૦૬

## આર્થિક સહયોગ : સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સોમવાર, તા. ૨૧–૮–૨૦૦૬ થી ગુરુવાર તા. ૨૮–૮–૨૦૦૬ સુધી એમ આઠ દિવસની વ્યાખ્યાનસભાઓ, પાટકર હૉલ, ન્યૂ મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦ ૦૨૦ મધ્યે યોજવામાં આવી છે. આ આઠેય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન ડૉ. ધનવંત ટી. શાહ શોભાવશે. દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૮–૩૦ થી ૯–૧૫ અને ૯–૩૦ થી ૧૦–૧૫ એમ રોજ બે વ્યાખ્યાન રહેશે. વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે :

| દિવસ | તારીખ | વ્યાખ્યાતાનું નામ | વિષય |
|---|---|---|---|
| સોમવાર | ૨૧–૮–૨૦૦૬ | ડૉ. પ્રીતિ શાહ | જૈન ધર્મની ક્રિયાઓમાં વિજ્ઞાન |
| | | પૂજ્ય નારાયણભાઈ દેસાઈ | હિંસાની આંધી વચ્ચે અહિંસાનો દીવો |
| મંગળવાર | ૨૨–૮–૨૦૦૬ | ડૉ. કલા શાહ | આત્મા |
| | | પ.પૂ.શ્રી પુલક સાગરજી મહારાજ | ભગવાન મહાવીર અને તેમનું ચિંતન |
| બુધવાર | ૨૩–૮–૨૦૦૬ | શ્રીમતી-શૈલજા ચેતનભાઈ શાહ | અસ્તેય વ્રત |
| | | પૂ. નિરંજન રમણલાલ શાસ્ત્રી ઉમરેઠવાળા | સર્વ ધર્મોમાં કર્મોનો સમન્વય |
| ગુરૂવાર | ૨૪-૮-૨૦૦૬ | પ્રા. ચંદ્રિકાબહેન વી. પંચાલી | ભેદ વિજ્ઞાનથી આત્મ સિદ્ધિ |
| | | ડૉ. રાકેશભાઈ ઝવેરી | ધર્મ પ્રવૃત્તિ લક્ષ્યાર્થે કરવી |
| શુક્રવાર | ૨૫–૮–૨૦૦૬ | ડૉ. અભય દોશી | જૈન ધર્મ અને પર્યાવરણ |
| | | પ્રા. તારાબહેન ૨. શાહ | અષ્ટ પ્રતિહાર્ય |
| શનિવાર | ૨૬–૮–૨૦૦૬ | શ્રી બી. એચ. આંટિયા | જરથોસ્તી ધર્મની મહત્તા |
| | | શ્રી કુન્દનભાઈ વ્યાસ | આધુનિક મિડિયા અને શબ્દ ધર્મ |
| રવિવાર | ૨૭–૮–૨૦૦૬ | શ્રી ભાગ્યેશ જહા | ધર્મ અને આધુનિકતા |
| | | ડૉ. ગુણવંત શાહ | હિંસાથી ઘેરાયેલી અહિંસા |
| સોમવાર | ૨૮–૮–૨૦૦૬ | ડૉ. નલિની મડગાંવકર | અભંગ |
| | | ડૉ. નરેશ વેદ | ક્ષમાપનાઃ જૈન ધર્મ અને અન્ય ધર્મોમાં |

વ્યાખ્યાનની શરૂઆતમાં દરરોજ સવારે ૭–૩૦ થી ૮–૨૫ પ્રાર્થના અને ભજનો રહેશે. તે રજૂ કરશે અનુક્રમે (૧)કુમાર ગૌતમ કામત, (૨) શ્રી શૈલેશ મહેતા,(૩) શ્રીમતી શર્મિલા શાહ, (૪) શ્રી નિતિન સોનાવાલા, (૫) શ્રીમતી ચંદ્રાબહેન કોઠારી, (૬) શ્રી નિર્મળ શાહ, (૭) શ્રીમતિ અલકા શાહ અને (૮) કુમારી ગાયત્રી કામત.

૧૫મી ઑગસ્ટ બિરલા માતુશ્રી સવારે ૯–૩૦ વાગે ભજનિક–શ્રીમતી અલકા શાહ

**આ વ્યાખ્યાનનો લાભ લેવા સંઘના સર્વ શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે**

**ચંદ્રકાન્ત દીપચંદ શાહ**
ઉપપ્રમુખ

**ભૂપેન્દ્ર ડી. જવેરી**
કોષાધ્યક્ષ

**રસિકલાલ લહેરચંદ શાહ**
પ્રમુખ

**નિરુબેન એસ. શાહ**
મંત્રી

**વર્ષાબહેન રજ્જુભાઈ શાહ**
સહમંત્રી

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 ● Regd. No. MH / MR / SOUTH-146 / 2006-08



## પંથે પંથે પાથેય...

# એક અહિંસા-દષ્ટા વર્ષા

□ ડૉ. એમ. બી. ભમગરા

ત્રેવીસ વર્ષ પહેલાંની વાત છે, જ્યારે મને પહેલી વાર આંખમાં ઝાંખપ વર્તાઈ; થોડે દૂરની વ્યક્તિઓ અને વસ્તુઓ પણ ધૂંધળી, અસ્પષ્ટ જણાવા લાગી. મરીન ડ્રાઈવ પર નજીક જ રહેતા આંખના ડૉક્ટર સાહેબ અશોક શ્રોફને બતાવ્યું; એમણે મોતિયાબિંદુનું નિદાન કર્યું, અને ઓપરેશન કરાવવાની સલાહ આપી. પરંતુ ચશ્મા પહેરવા માત્રથી જ દૂરનાં દૃશ્યો, માણસો, વગેરે સાફ દેખાતાં હોવાને કારણે મેં શસ્ત્રક્રિયા ન કરાવી. શ્રોફ સાહેબ પાસે ત્યાર પછી અનેક વેળા આંખો તપાસાવેલી. મારું મન વાંચી લઈને એમણે દરેક વેળા કહ્યું હતું કે મોતિયામાં કોઈ કુદરતી ઉપચાર, હોમિયોપેથીક કે આયુર્વેદિક ટીપાં કારગત લાગતાં નથી. સપ્રેમ પરંતુ ભારપૂર્વક એ મને આ બાબત ચેતવતા રહેતા. વર્ષો વીતતાં ગયાં; ગોપાણી સાહેબથી ચશ્મા મેળવતા રહી, બે દાયકા આમ ને આમ વિતાવ્યા.

ગત વર્ષ પેટનાં અલ્સર જેવી ભારે પીડાદાયક માંદગી ચાર–પાંચ મહિના સુધી ઘર કરી ગઈ. ગેસ્ટ્રોસ્કોપી કરાવ્યા વિના જ મેં આ તકલીફનું નિદાન 'હેલીકોબેક્ટર પાઈલોરી' કરેલું. નિર્દોષ આહાર, વનસ્પતિ ઔષધ, હોમીઓપેથીક ગોળીઓ ઉપરાંત પેટ પર તડકો, માટી, પાણી–પોતાં વગેરે કુદરતી ઉપચારો કરતા રહેતાં તથા કપોલ સેનેટોરીઅમના નિષ્ણાત એક્યુપ્રેશરીસ્ટોની ટ્રીટમેન્ટ થકી એમાંથી પણ મુક્તિ મળી, પરંતુ ત્યાર પછી આંખની ઝાંખપ થોડી વધી હોય એવું લાગ્યું. આધ્યાત્મિક વૃત્તિના ચક્ષુરોગ નિષ્ણાત ડૉ. કુલિન કોઠારી પાસે આંખ તપાસાવવાનો આગ્રહ અનેક મિત્રોનો રહ્યો, તેથી ત્રણ મહિના પહેલાં (એપ્રિલ ૨૦૦૬) એમની ક્લિનીકમાં પહોંચી ગયો. તપાસમાં મોતિયાબિંદુ તો બન્ને આંખમાં જણાયું જ; ઉપરાંત ઝામર (ગ્લોકોમા) પણ જણાયું! કોઠારી સાહેબે અમુક ટીપાં લખી આપ્યાં, જે રોજ નિયમિત નાખવાનાં હતાં; ત્રણ સપ્તાહ પછી ઓપરેશન માટે આવવાનું નક્કી કરાયું. બીજે દિવસે એક પ્રેમાળ મિત્રે આગ્રહ કર્યો કે એમનાં ભાણેજ પણ ચક્ષુરોગ નિષ્ણાત હતાં તેમને પણ મારે આંખો બતાવવી. એ ડૉક્ટર બેન નિષિતા અગરવાલ, જસ્લો હિન્દુજા હૉસ્પિટલમાં સેવા આપે છે, તેમણે પણ પાકી તપાસને અંતે કુલિનભાઇના સૂચનોને જ ૧૦૦ ટકા અનુમોદન આપ્યું, અને ઓપરેશન કરાવવા સિવાય કોઈ ચારો ન હતો એવું ભારપૂર્વક કહ્યું.

ફરમાવવામાં આવેલી દવાની નાનકડી શીશી ખરીદી એ ખોલવા પહેલાં એનાં કારટનમાંથી નીકળેલાં અતિ–લાંબાં માહિતીપત્રક તરફ મારું ધ્યાન ગયું. કાળજીપૂર્વક એ પત્રિકાનો અભ્યાસ કરતાં જણાયું કે આ ટીપાંના ઘણા બધા અખતરાઓ ઉંદર, ગીનીપીગ્સ, સસલાં અને વાનરો પર કરાયા હતા! પ્રાણીઓ પર ક્રુરતાભર્યા પ્રયોગો કરીને શોધાયેલી દવા હું કઈ રીતે વાપરી શકું તેની મુંઝવણમાં બે–ત્રણ દિવસ ટીપાં નાંખ્યા વિના જ વિતી ગયા. તે દરમ્યાન એક વેળા ફોન પર એક સ્નેહી જૈન બેન સાથે અન્ય સંદર્ભમાં વાતચીત કરતાં મેં પેલાં ટીપાંની અને પ્રાણીઓ પર અખતરા કરીને–'વિવિસેક્શન' દ્વારા–તેની શોધ થયાની વાત કરી. આ બેને 'જૈનોલોજી'માં Ph.D. કરેલ છે, અને આયુર્વેદમાં પણ સારી જાણકારી ધરાવે છે. મેડિકલ રિસર્ચ લેબોરેટરીઝમાં પ્રાણીઓ પર આચરવામાં આવતી હિંસાથી એ સુપેરે પરિચિત છે. ડૉક્ટરી સંશોધનમાં પ્રવર્તતી વ્યાપક હિંસા પ્રત્યે જૈન સમાજમાં જે ઉદાસીનતા અને ઉપેક્ષા સેવાય છે તે અંગે અફસોસ જાહેર કરતાં આ બેને જે વેધક ટીકા કરી તે આજીવન યાદ રહી જાય એવી હતી: 'ન જાણે કેટલાં પ્રાણીઓને આપણે અંધાપો આપતાં હોઈશું, ફક્ત એક માનવીને અંધાપાથી બચાવવા કાજે! ન જાણે કેટલા જીવોના પ્રાણની આહુતિ આપણે આપતાં હોઈશું, એક માનવીના 'હાર્ટ–ફેઇલ્યોર'ને અટકાવી તેને 'હાર્ટ–સક્સેસ' અપાવવા કાજે!'

આ હૃદય–સ્પર્શી ટકોર મારે માટે પર્યાપ્ત હતી; અવઢણમાં રહેવાનું મારે કોઈ કારણ નહોતું. નિર્ણય લેવાઈ ગયો તે દિનથી: 'નથી ટીપાં નાખવાં! નથી સર્જરી કરાવવી!' દૃષ્ટિ મળી ગઈ છે એ સુરત–નિવાસી વર્ષાબહેન ગાંધીની કૃપાથી! આંતઃચક્ષુના મોતિયાબિંદુની વગર છરીએ સર્જરી થઈ ગઈ છે.

***

૧૯, રવિ સોસાયટી, રાયવુડ,
લોનાવલા–૪૧૦ ૪૦૧.
(મહારાષ્ટ્ર)

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant C. Shah.

✶✶✶ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ✶✶✶

# પ્રબુદ્ધ જીવન

છૂટક નકલ રૂા. ૧૦/-    તા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૦૬    વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-

## જિન-વચન

### ભાષા

जा य सच्चा अवत्तव्वा सच्चामोसा य जा मुसा ।
जा या बुद्धेहिं णाइन्ना न तं भासेज्ज पण्णवं ।।

–दसवेकालिक–७-२

જે ભાષા સત્ય હોવા છતાં બોલવા જેવી ન હોય, જે ભાષા સત્ય અને અસત્યના મિશ્રણવાળી હોય, જે ભાષા અસત્ય હોય અને જે ભાષા જ્ઞાનીઓએ વર્જ્ય ગણી હોય તેવી ભાષા પ્રજ્ઞાવાન સાધકે બોલવી નહિ.

जो भाषा सत्य हो किंतु अवक्तव्य हो, जो सत्य और असत्य के मिश्रणवाली हो, जो असत्य हो और जो भाषा बुद्धों द्वारा वर्ज्य हो वैसी भाषा प्रज्ञावान साधक न बोले ।

A wise man should not use such a language that is true but not worth speaking, is a mixture of truth and untruth, is untrue and that has been disapproved by the enlightened persons.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन' માંથી)

# આચમન

## મારી માને ગમશે ?

તે વખતે હું અગિયારેક વરસનો હોઈશ. એક દિવસ હું રસ્તા પરથી પસાર થતો હતો એવામાં એક ફકીરબાબા સામેથી આવ્યા. તેમણે મને ઉંચકી લીધો અને મારી આંખમાં આંખ મિલાવીને બે ઘડી તે જોઈ રહ્યા. પછી મને નીચે મૂકી ફરીથી તેમણે મને ઉપાડી લીધો અને એ જ પ્રમાણે નિહાળીને પાછો નીચે મૂક્યો. આમ એમણે ત્રણેક વાર કર્યું.

પછી ફકીરબાબાએ કહ્યું, 'બચ્ચા, એક વાત હમેશાં યાદ રાખજે. જ્યારે તું કંઈ પણ કરે, બોલે, વિચારે ત્યારે તારા દિલને એક સવાલ પૂછજે કે–મારી માને આ ગમશે ?' એટલું કહીને ફકીરબાબા ચાલ્યા ગયા. એ પછી મેં એમને ક્યારેય જોયા નથી. પણ એમની શીખામણ મારા દિલમાં જડાઈ ગઈ છે. ત્યારથી મને એક જ ટેવ પડી ગઈ છે કે કંઈ પણ હું કરું, બોલું અથવા વિચારું ત્યારે મારી આંખ સામે સવાલ ખડો થઈ જાય છે કે–'મારી માને આ ગમશે કે નહિ ?'

આ શીખામણથી હું ઘણા દોષમાંથી બચી ગયો છું. માને હમેશાં નજર સામે રાખવાની મને ટેવ પડી ગઈ છે. તેથી કંઈ પણ અનિષ્ટ વિચારતાં, બોલતાં કે કરતાં મને સંકોચ થઈ આવે છે અને એ કુવિચાર, કુવચન કે કુકર્મના દોષોમાંથી હું બચી જાઉં છું.

□ ગુરુદયાલ મલ્લિક

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | સાહિત્ય કલારત્ન આચાર્ય વિજય યશોદેવ સૂરીશ્વરજી મહારાજ સાહેબ : બહુમુખી પ્રતિભાવંતનું બહુમૂલ્ય લેખનકાર્ય | ડૉ. રમણલાલ ચી. શાહ | ૩ |
| (૨) | ધર્મ પ્રવૃત્તિ લક્ષાર્થે કરવી | ડૉ. રાકેશભાઈ ઝવેરી | ૬ |
| (૩) | હિંસાથી ઘેરાયેલી અહિંસા | ડૉ. ગુણવંત શાહ | ૮ |
| (૪) | ડૉ. રમણભાઈ શાહના સાત ગ્રંથો અને વ્યાખ્યાન સી.ડી.નો લોકાર્પણ વિધિ સંપન્ન | શ્રી કેતન જાની | ૯ |
| (૫) | ડૉ. રમણલાલ ચી. શાહ સાહિત્ય સૌરભ-ગ્રંથ પ્રકાશન સમારંભ એક ધન્ય દૃશ્ય | પ્રો. કાન્તિ પટેલ | ૧૧ |
| (૬) | 'હળવી પળોમાં...' | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૧૪ |
| (૭) | જૈન પારિભાષિક શબ્દો | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૧૭ |
| (૮) | ગ્રામ સ્વરાજ સંઘ–નીલપર (કચ્છ) : આર્થિક સહાય કરવા માટે નોંધાયેલ રકમની યાદી | — | ૧૯ |
| (૯) | સંઘ માટે આર્થિક સહાયમાં નોંધાયેલ રકમ, 'પ્રબુદ્ધ જીવન' નીધિ, 'પ્રબુદ્ધ જીવન' આજીવન સભ્યો તથા અન્ય ફંડોમાં નોંધાયેલ રકમની યાદી | — | ૨૧-૨૨ |
| (૯) | ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ | ડૉ. ધનવંત શાહ | ૨૪ |


## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

| | ભારતમાં | પરદેશ |
|---|---|---|
| ૧ વર્ષનું લવાજમ | રૂા. ૧૨૫/– | U.S.$ 9-00 |
| ૩ વર્ષનું લવાજમ | રૂા. ૩૫૦/– | U.S.$ 26-00 |
| ૫ વર્ષનું લવાજમ | રૂા. ૫૫૦/– | U.S.$ 40-00 |
| આજીવન લવાજમ | રૂા. ૨૫૦૦/– | U.S.$ 112-00 |
| કન્યા કરિયાવર આજીવન લવાજમ | રૂા. ૨૦૦૦/– | U.S.$ 100-00 |

ક્યારેય પણ જાXખ ન લેવાની 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ હોઈ એના ગ્રાહકો અને શુભેચ્છકો તેમ જ દાતાઓ જ આ સત્ત્વશીલ સામયિકને જીવંત રાખી શકશે. (૭૭ વર્ષની અવિરત સેવા છે મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રોની) ગુજરાતી ભાષાના સામયિકો જીવશે તો જ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કાર સંસ્કૃતિ જીવંત રહેશે.

જૈન ધર્મ અને સર્વ ધર્મના ચિંતનો આવા સામયિકોથી જ વર્તમાન અને ભવિષ્યની પેઢીના હૃદયમાં રોપાતા જશે.

પુનિત પુત્રી તો 'દુહિતા' અને 'દેહલી દીપક' છે; એટલે બન્ને દિશા અને બન્ને ઘરને અજવાળે એવો ઘરના ઉંમરાનો એ દીપક છે. લગ્નમાં આપણે લાખો રૂા.નો ખર્ચ કરીએ છીએ, લાખોના કરિયાવર અને ઘરના સંસ્કાર સાથે પુત્રીને વિદાય આપીએ છીએ તો કરિયાવરમાં 'પ્રબુદ્ધ જીવન' ન આપી શકીએ ? પુત્રીના જીવનમાં એ સદાય જીવંત રહેશે. પથદર્શક બનશે. સુજ્ઞેષુ કિં બહુના...?

* ચેક 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'ના નામે મોકલશો. કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.

* આજીવન ગ્રાહક લવાજમ ભરનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્ત છે એવું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે. □ મેનેજર

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/

● વર્ષ : (૫૦) + ૧૭ ● ● અંક : ૯ ● ● તા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૦૬ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : ધનવંત તિ. શાહ

## સાહિત્ય કલારત્ન આચાર્ય વિજય યશોદેવ સૂરીશ્વરજી મહારાજ સાહેબ બહુમુખી પ્રતિભાવંતનું બહુમૂલ્ય લેખન કાર્ય

☐ ડૉ. રમણલાલ ચી. શાહ

*(ગુજરાતના ડભોઈ ગામે તા. ૭-૧-૧૯૧૬માં (વિ. સં. ૧૯૭૨, પોષ સુદ ૨ના) પિતા નાથાલાલ વીરચંદના પરિવારમાં માતા રાધિકાબેનના કુખે સંસારી નામ જીવનલાલ નામથી જન્મ ધારણ કરનાર બુધવાર તા. ૩૦-૮-૨૦૦૬ના બપોરે ૨-૫૮ના ૯૨ વર્ષની દીર્ઘ વયે પ. પૂ. આચાર્ય શ્રી વિજય યશોદેવ સૂરીશ્વરજી મહારાજ સાહેબે દેહત્યાગ કર્યો. કાળધર્મ પામ્યા.*

*દીક્ષા ભાવ તો એઓશ્રીને આઠ વર્ષની ઊંમરે જ પ્રગટ થયો હતો, પરંતુ દીક્ષાનો યોગ પ્રાપ્ત થયો વિ. સં. ૧૯૮૯ વૈશાખ, સુદી ૩, કદંબગિરિ પાલિતાણામાં, અને વડી દીક્ષા વિ. સં. ૧૯૮૯, જેઠ વદ ૧૧, મહુવા (સૌરાષ્ટ્ર)માં, ૧૭ વર્ષની ઉંમરે. એટલે ૭૫ વર્ષનો અતિદીર્ઘ દીક્ષા કાળ. જે પ્રવર્તમાન યુગમાં ભાગ્યે જ કોઈ આચાર્યશ્રીનો હશે.*

*આટલા સુદીર્ઘ દીક્ષા કાળ દરમિયાન એઓશ્રી સાહિત્યકલા રત્ન (વિ: સં. ૨૦૨૬-મુંબઈ), સાહિત્ય સમ્રાટ (વિ. સં. ૨૦૫૧-મુંબઈ) અને રાષ્ટ્ર સંત (વિ. સં. ૨૦૫૧-મુંબઈ)ના બિરુદથી નવાજાયા.*

*પ. પૂ. શ્રી મોહનસૂરીશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા પ્રાપ્ત થઈ. યુગ દિવાકર આચાર્ય ભગવંત પ. પૂ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી એઓશ્રીના ગુરુસ્થાને બિરાજમાન.*

*પૂ. આચાર્ય શ્રી વિજય યશોદેવ સૂરીશ્વરજી મ.સા.ના વિતરાગ પરિવારમાં ૪૪ સાધુ ભગવંતોમાં ૬ આચાર્ય ભગવંતો અને ૨૧૫ પૂ. સાધ્વીશ્રીજી.*

*પદ્માવતી માતાના પરમ ભક્ત આ મેધાવી આચાર્યશ્રીએ વર્તમાન કાળમાં અનેક જૈન ગ્રંથોની રચના કરી. જૈન કળા અને સ્થાપત્ય અને જૈન શાસન ક્ષેત્રે એઓશ્રીનું અમૂલ્ય પ્રદાન છે.*

*આવા આ મહાત્મા વિશે શ્રદ્ધાંજલિ શબ્દો લખવા માટે હું ખૂબ જ વામન છું, શબ્દોની માંડણી કરતાં જ કાલિદાસના રઘુવંશનો શ્લોક યાદ આવી જાય છે.*

क्व च सूर्यप्रभवो वंशः क्व च अल्प विषया मतिः ।
तितीर्षुः दुस्तरं मोहात् उडुपेनास्मि सागरम् ।।

–રઘુવંશ : મહાકવિ કાલીદાસ

*અર્થ : આ સૂર્યવંશ ક્યાં અને અલ્પબુદ્ધિવાળો હું ક્યાં ? હું તો મોહવશ થઇને દુષ્કર એવા સાગરને નાનકડી હોડીથી તરવાની ઈચ્છા રાખીને બેઠો છું.*

*મારાથી આવી ચેષ્ટા કઈ રીતે થાય ? આજે પૂ. રમણભાઈનું સ્મરણ થાય છે અને એઓશ્રીની ખોટ વિશેષ લાગે છે. આજે એઓ આપણા વચ્ચે હોત તો પૂ. આચાર્યશ્રી વિશે સુદીર્ઘ અને હૃદયસ્પર્શી લેખ આપણને પ્રાપ્ત થયો હોત અને પૂજ્યશ્રીના ભક્તો અને 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો ધન્ય થઈ ગયા હોત.*

*પરંતુ પૂ. રમણભાઈનું સાહિત્ય સર્જન વિશાળ છે, શોધતા શોધતા પૂજ્યશ્રી વિશેનો રમણભાઈએ લખેલો લેખ મળી ગયો.*

*પૂ. આચાર્ય વિજય યશોદેવ સૂરીશ્વરજીએ અનેક ગ્રંથોનું સર્જન કર્યું ત્યારે એ ગ્રંથોમાં એઓશ્રીએ પ્રસ્તાવનાઓ લખી હતી, તેમ જ અન્ય વિદ્વાન સર્જકોના સર્જન ગ્રંથને એઓશ્રીની પ્રસ્તાવનાઓનો લાભ મળ્યો હતો.*

*આ સર્વ પ્રસ્તાવનાઓનો ૮૧૯ પાનાનો ૮૨ પ્રસ્તાવનાનો ગ્રંથ ૨૦૦૬માં જ પ્રકાશિત થયો; ત્યારે એ ગ્રંથમાં પૂ. રમણભાઈએ એ પ્રસ્તાવનાઓ ઉપર પ્રસ્તાવના એક-બે વર્ષ પહેલાં લખી હતી. એ લેખ અહીં પ્રસ્તુત કરતા ગૌરવ અનુભવું છું.*

*પૂજ્યશ્રી સાથે મારો પણ લગભગ ચાલીસેક વર્ષથી સંપર્ક. મને નિકટ બેસાડીને સાહિત્ય-કલા વિશેની ઘણી વાતો કરી હતી. એ પવિત્ર સ્મરણો મારા આત્મામાં અવિસ્મરણિય રીતે ચિર સ્થાઈ રહેશે એ મારા જીવનની ધન્ય પળો હતી.*

*એ મહાત્માને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી પૂ. રમણભાઈને વંદન કરી આ લેખ આપ સર્વેના કર કમળમાં મૂકતા આનંદ અનુભવું છું*

*–ધનવંત)*

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી યશોદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબ (પૂર્વનામ મુનિશ્રી યશોવિજયજી)ના 'પ્રસ્તાવના સંગ્રહ' નામના આ **ગ્રંથશિરોમણિ**ને આવકારતાં હું અત્યંત હર્ષ અનુભવું છું. પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ પોતાના દીર્ઘ જીવનકાળ દરમિયાન લખેલી ભિન્ન ભિન્ન ગ્રંથોની સિત્તેરથી વધુ પ્રસ્તાવનાઓનો આ સંગ્રહ છે. આઠસો પાનાંનો આ દળદાર ગ્રંથ રૂપરંગાદિ કલેવરની દૃષ્ટિએ નૂતન છે, પણ એમાં આપવામાં આવેલી સામગ્રી જૂની પણ મૂલ્યવાન અને સાચવવા જેવી છે. કાળ વીતતાં આ ગ્રંથનું કલેવર જૂનું થશે, પણ એમાં આપેલી સત્ત્વશીલ સામગ્રી તો નવા જેવી જ અને મૂલ્યવાન રહેશે.

પૂજ્ય આચાર્ય ભગવંતે આ પુસ્તકની સંક્ષિપ્ત પ્રસ્તાવના લખવાનું મને કહ્યું તે ગમ્યું છે તે એટલા માટે કે એમનો પહેલવહેલો પરિચય મને પ્રસ્તાવનાના નિમિત્તે જ થયો હતો. ઉપાધ્યાય શ્રી યશોવિજયના 'જંબૂસ્વામી રાસ'ના મારા સંપાદન માટે વિ. સં. ૧૯૧૭ (ઇ. સ.૧૯૬૧)માં એમણે પુરોવચન લખી આપ્યું હતું. એ વર્ષોમાં મહારાજશ્રીએ 'ઉપાધ્યાય શ્રી યશોવિજય સ્મૃતિગ્રંથ' તૈયાર કર્યો હતો અને શ્રી યશોવિજયજીની કૃતિઓનું સંપાદન-પ્રકાશન તેઓ કરતા અને કરાવતા હતા. વસ્તુતઃ 'જંબૂસ્વામી રાસ'નું સંપાદન કાર્ય એમની ભલામણથી જ સૂરતના શેઠ નગીનભાઈ મંછુભાઈ સાહિત્યોદ્ધાર ફંડ તરફથી મને સોંપવામાં આવ્યું હતું અને તે માટે પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે સ્વહસ્તે લખેલી 'જંબૂસ્વામી રાસ'ની હસ્તપ્રત એમણે મને મેળવી આપી હતી.

આ ગ્રંથમાં પહેલી પ્રસ્તાવના ઈ. સ. ૧૯૩૯ની છે અને છેલ્લી પ્રસ્તાવના ઇ. સ. ૨૦૦૦ની છે. એકસઠ વર્ષના ગાળામાં, પોતાના સંખ્યાબંધ સ્વતંત્ર ગ્રંથોના લેખન-પ્રકાશનની સાથે, પ્રસ્તાવનાઓનું આટલું બધું વિપુલ લેખનકાર્ય થઈ શક્યું એ પોતાના આરાધ્ય દેવીઓ-માતા સરસ્વતી દેવી અને માતા પદ્માવતી દેવીની કૃપા વગર ન થઈ શકે. જીવનની ઉત્તરાવસ્થામાં શક્તિઓ જ્યારે ક્ષીણ થવા લાગે ત્યારે તો આશ્ચર્ય થાય કે આટલું બધું લેખનકાર્ય શું પોતે કર્યું હશે! આજે એવું લખવું હોય તો ન લખાય. પૂજ્ય આચાર્ય ભગવંતે બાલ્યવયમાં દીક્ષા લીધી ત્યારથી જ એમના ગુરુ ભગવંતો પ. પૂ. શ્રી મોહનસૂરીશ્વરજી, પ. પૂ. શ્રી પ્રતાપસૂરીશ્વરજી અને પ. પૂ. શ્રી ધર્મસૂરીશ્વરજીની સતત કૃપા મળતી રહી હતી. એથી જ એમની બહુમુખી પ્રતિભાનું યશોજ્જવલ ઘડતર થયું હતું.

પૂ. મહારાજશ્રીની પ્રતિભા બહુમુખી છે. એમની બહુશ્રુતતાનાં દર્શન જેમ એમના ગ્રંથોમાં નિહાળી શકાય છે તેમ એમની પ્રસ્તાવનાઓમાં પણ નિહાળી શકાય છે. એમનો જીવ કવિનો-સર્જકનો છે અને પ્રતિભા વિદ્વાન તત્ત્વજ્ઞ સમીક્ષકની છે. દીક્ષા લીધી તે પૂર્વે બાલ્યાવસ્થામાં તેઓ અચ્છા નૃત્યકાર હતા અને જિનમંદિરમાં રાત્રિભાવનામાં સરસ નૃત્ય કરતા. વિવિધ વાજિંત્રો વગાડતાં એમને આવડતું. રાગ-રાગિણીના-શાસ્ત્રીય સંગીતના તેઓ જાણકાર છે. દીક્ષા પૂર્વે અને પશ્ચાત્ સ્તવનાદિ કાવ્યકૃતિઓની એમણે રચના કરી છે. એમણે નાટકો-સંવાદો લખ્યા છે અને ભજવ્યા છે. દીક્ષા પછી તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે, ભાષાસાહિત્યના ક્ષેત્રે એમના ગુરુ ભગવંતોએ એમને પ્રવેશ કરાવ્યો. એથી સંસ્કૃત, પ્રાકૃત ભાષા, વ્યાકરણ, કોશ ઇત્યાદિમાં એમણે પ્રભુત્વ મેળવ્યું. પ. પૂ. શ્રી મોહનસૂરીશ્વરજી મહારાજે એમને બૃહત્ સંગ્રહણીની ગાથાઓ કંઠસ્થ કરવાની પ્રેરણા કરી હતી. આગમોના અભ્યાસ ઉપરાંત પૂર્વાચાર્યોના સમર્થ ગ્રંથોનું અધ્યયન પણ એમણે કર્યું છે. જૈન ઇતિહાસ અને ભાષાવિજ્ઞાનના તેઓ અભ્યાસી છે. જૂની જૈન દેવનાગરી લિપિમાં લખાયેલી હસ્તપ્રતો તેઓ સરળતાથી વાંચી શકે છે. શિલ્પકલા અને ચિત્રકલામાં એમનું પ્રભુત્વ, એમની મૌલિક સૂઝ અત્યંત પ્રશંસાપાત્ર છે. આમ બાહ્ય કલાઓના તેઓ જેમ મર્મજ્ઞ છે તેમ એમની આંતરિક સાધના પણ ઊંડી છે. મંત્રવિજ્ઞાન, યંત્રસાધના, ધ્યાન, ઇત્યાદિના તેઓ માત્ર અભ્યાસી જ નહિ, આરાધક છે. માતા શ્રી પદ્માવતીજીના તેઓ પરમ ભક્ત, પરમ કૃપાપાત્ર છે. આમ પૂજ્ય આચાર્ય ભગવંતની પ્રતિભા અનોખી છે. આજે ૮૮ વર્ષની ઉંમરે પણ તેમની સાધના ચાલુ જ છે.

પૂજ્ય મહારાજશ્રીએ નાની વયે દીક્ષા લીધી હતી અને પ્રારંભથી જ એમને તત્ત્વજ્ઞાનના ગહન વિષયોમાં રુચિ પ્રગટ થઈ હતી અને તે સમજવા માટેની બૌદ્ધિક તીક્ષ્ણતા પણ એમનામાં હતી. એટલે એમનું લેખનકાર્ય એટલું વહેલું શરૂ થઈ ગયું હતું. વળી તેઓ પોતાના ગુરુ ભગવંતોને લેખનકાર્ય-સ્વાધ્યાયાદિમાં સહાય કરતા રહ્યા હતા; ગ્રંથોમાંથી સંદર્ભો મેળવી આપવા, નકલ કરવી ઇત્યાદિ કાર્ય તેઓ કરતા. એટલે જ છ-સાત દાયકા પહેલાંના કોઈ કોઈ ગ્રંથોમાં 'વિદ્વાન બાલમુનિ યશોવિજય' એવો ઉલ્લેખ જોવા મળે છે. એ સમયના ભાવનગરના ખ્યાતનામ શ્રાવક લેખક અને શાસ્ત્રજ્ઞ શ્રી કુંવરજી આણંદજી એમની પ્રતિભાથી આકર્ષાયા હતા અને એમણે પણ પોતાના કોઈક ગ્રંથોમાં 'બાલમુનિ' માટે પ્રશંસાના ઉદ્ગારો કાઢ્યા છે. આમ નાની ઉંમરથી જ મહારાજશ્રીની એક સિદ્ધહસ્ત લેખક તરીકે જૈન-જૈનેતર સાહિત્યજગતમાં ખ્યાતિ પ્રસરી ગઈ હતી. એટલે કેટલાયે લેખકો પોતાના ગ્રંથની પ્રસ્તાવના મહારાજશ્રી પાસે લખાવવા ઝંખે એ સ્વાભાવિક છે.

પ્રસ્તાવનાઓ વિવિધ પ્રકારની હોય છે અને તે પણ લેખકે પોતે પોતાના ગ્રંથ માટે લખેલી અથવા લેખકે બીજા પાસે લખાવેલી હોય છે. પ્રાસ્તાવિક નિવેદન, આશીર્વચન ઇત્યાદિ પ્રકારની સંક્ષિપ્ત પ્રસ્તાવનાઓ ઘણી વાર માત્ર ઔપચારિકતા પૂરતી જ હોય છે. જિજ્ઞાસુ વાચક એવી પ્રસ્તાવના ન વાંચે તો પણ એને ખાસ કશું ગુમાવવાનું હોતું નથી. કેટલાક ગ્રંથોની અભ્યાસપૂર્ણ માહિતીસભર પ્રસ્તાવના લેખકે કે સંપાદકે પોતે લખેલી હોય છે. અથવા એ વિષયના સમર્થ વિદ્વાન પાસે ઉપોદ્ઘાતરૂપે લખાવેલી હોય છે. એવી વિસ્તૃત પ્રસ્તાવના નવો પ્રકાશ પાડનારી, ગ્રંથને સમજવા માટે ચાવીરૂપ હોય છે. આંગ્લ લેખક બર્નાર્ડ શૉએ પોતાનાં નાટકોની પ્રસ્તાવના પોતે જ લખી છે. ક્યારેક તો નાટક કરતાં પ્રસ્તાવના મોટી બની છે, જાણે માથા કરતાં પાઘડી મોટી. પરંતુ એ પ્રસ્તાવના વાંચ્યા પછી એમનાં નાટકોનું રહસ્યોદ્ઘાટન વધુ સુંદર થાય છે. કેટલીક આવી પ્રસ્તાવનાઓ મૂળ કૃતિ વાંચતાં પહેલાં વાંચવા જેવી હોય છે. કેટલીક

પ્રસ્તાવના પછીથી વાંચવા જેવી હોય છે અને કેટલીક વિશિષ્ટ કૃતિની વિશિષ્ટ પ્રસ્તાવના તો પહેલાં અને પછી એમ બે વાર વાંચવા જેવી હોય છે. આવી પ્રસ્તાવનાઓ પૂરક, પ્રેરક અને પ્રકાશક હોય છે. કોઇકને પ્રશ્ન થાય કે જો પ્રસ્તાવના વાંચવી અનિવાર્ય જ હોય તો તે જુદી આપવાને બદલે મૂળ કૃતિમાં જ કેમ ઉમેરી દેવાતી નથી? એનું કારણ એ છે કે બંનેનાં સ્વરૂપ અને આશય ભિન્નભિન્ન હોય છે.

પૂ. મહારાજશ્રીની આ પ્રસ્તાવનાઓમાં અપાર વૈવિધ્ય જોવા મળે છે. કેટલીક પ્રસ્તાવના પોતાના જ ગ્રંથ માટે લખાયેલી છે, તો કેટલીક અન્યના ગ્રંથ માટે લખાયેલી છે; કેટલીક સુદીર્ઘ છે તો કેટલીક સંક્ષિપ્ત છે. અન્યના ગ્રંથ માટે પ્રસ્તાવના લખવાનું કામ નાજુક અને અઘરું છે. વળી એ માટે પોતાની સજ્જતા હોવી પણ જરૂરી છે. પૂ. મહારાજશ્રીમાં આપણને એવી સજ્જતા અને યોગ્યતા એમ બંને જોવા મળશે.

ધીરજ, ખંત અને ચીવટ એ પૂ. મહારાજશ્રીની પ્રકૃતિનાં મુખ્ય લક્ષણો છે. ઉતાવળે કાચું કામ કરવામાં તેઓ માનતા નથી. એ રીતે એમનો આશાવાદ જબરો છે. કુદરતે પણ એમની એ ભાવનાને માન આપ્યું છે. આશરે પંચાવન વર્ષની ઉંમરે એમને હર્પિસનો રોગ થયો અને તે મસ્તકના ભાગમાં નીકળ્યો હતો. એથી એમની ચિત્તશક્તિ ઉપર કંઈક અસર થઈ. પરિણામે કામ કરવાનો ઉત્સાહ પહેલાં જેવો ન રહે, તો પણ આ ત્રણ દાયકાથી અધિક સમયમાં લેખન-સંશોધનનું જે સંગીન કાર્ય એમણે કર્યું છે તે આશ્ચર્યમુગ્ધ કરી દે એવું છે.

આ પ્રસ્તાવનાઓમાં ઝીણવટ અને ચોકસાઈ એ મહારાજશ્રીના લખાણના બે મહત્ત્વનાં લક્ષણો તરત નજરે પડે એવાં છે. એમણે આપેલી પાદટીપો તે તે વિષય પર કેટલો બધો પ્રકાશ પાથરે છે! પોતાની એવી તલસ્પર્શી જાણકારી સિવાય આટલી બધી પાદટીપો આપી શકાય નહિ. કેટલીક વિગતો હોય નાની, પણ ઐતિહાસિક દૃષ્ટિએ એનું મૂલ્ય બહુ મોટું હોય છે.

પૂ. મહારાજશ્રીની લેખન શૈલીની એક લાક્ષણિકતા એ છે કે લખાણમાં વચ્ચે વચ્ચે પેટાશીર્ષકો આપવાં. એથી વાચકને સરળતા રહે છે. ક્યારેક વાચકનું ધ્યાન ખેંચવા માટે જરૂરી મુદ્દો પણ પેટા શીર્ષક રૂપે આપવામાં આવ્યો છે. આવા પેટાશીર્ષકો લેખકને પક્ષે પણ બહુ ઉપયોગી નીવડે છે, કારણ કે એથી કોઈ મહત્ત્વનો મુદ્દો રહી જતો નથી. વળી આ પ્રસ્તાવનાઓમાં પૂ. મહારાજશ્રીએ પોતાના અંગત અનુભવોની વાતો પણ જરૂર લાગી ત્યાં વણી લીધી છે. આવી વાતો ભવિષ્યના ઇતિહાસકાર માટે, તાળો મેળવવામાં બહુ ઉપયોગી થઈ પડે એવી હોય છે.

આ પ્રસ્તાવનાઓમાં લેખનકાળની દૃષ્ટિએ સૌથી પહેલી, સૌથી મોટી અને સૌમાં સમર્થ પ્રસ્તાવના તે 'બૃહત્સંગ્રહણી'ની છે. એવું જ સામર્થ્ય 'ઋષિમંડલ સ્તોત્ર', 'સિદ્ધચક્ર', 'ઉવસગ્ગહરં સ્તોત્ર', 'પ્રતિક્રમણ', 'નવકારમંત્ર' ઇત્યાદિ વિષયોની પ્રસ્તાવનાઓમાં પણ જોવા મળે છે.

પૂ. મહારાજશ્રીનાં આ યશસ્વી કાર્યોની જેમ અન્ય ક્ષેત્રનું એવું જ યશસ્વી કાર્ય તે ભગવાન મહાવીરનાં ચિત્રસંપુટનું કાર્ય છે. આ ગ્રંથમાં એની લેખનસામગ્રીમાં તો ઝીણવટભરી દૃષ્ટિની સાથે ચિત્રકલા માટેની એમની સૂક્ષ્મ સૂઝની પણ પ્રતીતિ થાય છે. આ ચિત્રોમાં જે નાનીમોટી વિગતો છે તે શાસ્ત્રીય આધારયુક્ત છે અને ચિત્રો પણ મનોહર, ચિત્તાકર્ષક થયાં છે. આવાં ચિત્રોનો સંપુટ જૈન સાહિત્ય-કલાના ઇતિહાસમાં પહેલી જ વાર એમનાં હાથે થયો અને ચારેબાજુથી, દેશ-પરદેશથી એને અત્યંત સુંદર આવકાર મળ્યો છે તે એટલે સુધી બીજા કેટલાકે પોતાના ચિત્રસંપુટમાં, કોઈપણ ઋણસ્વીકાર વિના, આમાંના કેટલાંક ચિત્રોનો બેઠો ઉપયોગ કર્યો છે કે થોડા ફેરફાર સાથે નકલ કરી છે. હવે તો કૉમ્પ્યુટર આવતાં કેટલીયે પત્રિકાઓ, કેલેન્ડરો ઇત્યાદિમાં એમણે તૈયાર કરાવેલાં આ ચિત્રોનો જ પરંપરાએ ઉપયોગ ચાલુ થઈ ગયો છે. જૈન સમાજની કલાદૃષ્ટિને સંમાર્જવામાં પૂ. મહારાજશ્રીનું યોગદાન ઘણું મોટું રહ્યું છે. જેમ ચિત્રકલામાં તેમ શિલ્પકલામાં, મૂર્તિવિધાનમાં પણ એમણે શાસ્ત્રીય આધાર સાથે નવપ્રસ્થાનો કર્યાં છે અને જૈન મૂર્તિકલાને વધુ રમણીય અને પ્રભાવક બનાવી છે. મુંબઈમાં વાલકેશ્વરમાં બાબુ અમીચંદના દેરાસરમાં માતાજી શ્રી પદ્માવતી દેવીની પ્રતિમા એનો ઉત્કૃષ્ટ નમૂનો છે.

સંશોધન-સંપાદનના ક્ષેત્રે પૂ. મહારાજશ્રીનું એક મહત્ત્વનું યોગદાન તે ઉપાધ્યાય શ્રી યશોવિજયજીની અપ્રકાશિત કૃતિઓને વિદ્વદ્ભોગ્ય પ્રસ્તાવના સાથે પ્રકાશિત કરવાનું છે. ઉપાધ્યાયજી મહારાજના જીવન અને કવનનો પ્રભાવ એમના લેખનકાર્ય ઉપર ઘણો બધો રહ્યો છે એ આ પ્રસ્તાવનાઓ વાંચતાં તરત જણાશે.

કાલચક્ર જેમ જેમ ફરતું જાય તેમ તેમ વર્તમાન સાહિત્ય જૂનું થતું જાય, ભુલાતું જાય અને નવું નવું સાહિત્ય પ્રકાશમાં આવતું જાય. પાંચ-સાત દાયકામાં તો કેટલાયે ગ્રંથો જૂના અને જર્જરિત થઈ જાય છે. એ ગ્રંથો સાથે એની કિંમતી પ્રસ્તાવના પણ કાલગ્રસ્ત કે દુર્લભ બની જાય છે. એટલા માટે જ એવા ગ્રંથોમાંની ઉપયોગી સામગ્રીનું પુનઃપ્રકાશન થાય તો ભાવિ પેઢીને એથી લાભ થાય. લેખકને પોતાને પણ એ સદ્યસંદર્ભ તરીકે કામ લાગે છે. એટલા માટે જ પૂ. મહારાજશ્રીના આ 'પ્રસ્તાવના સંગ્રહ'ની ઉપયોગિતા રહેવાની.

આવું ભગીરથ કાર્ય એકલે હાથે થાય નહિ. એમાં વળી પૂ. મહારાજશ્રી કેટલાંક વર્ષથી અશક્ત છે. એટલે જ આટલા બધા ગ્રંથોમાંથી પ્રસ્તાવનાનું લખાણ જુદું તારવવું, પ્રેસકોપી તૈયાર કરવી, પ્રૂફ વાંચવાં ઇત્યાદિ કઠિન કાર્ય કરવા માટે પં. પૂ. શ્રી વાચસ્પતિજી મહારાજ, પ. પૂ. શ્રી જયભદ્રવિજયજી મહારાજ તથા સાધ્વી શ્રી પુષ્પયશાશ્રીજી તથા તેઓના શિષ્યા પ. પૂ. સાધ્વીજી શ્રી પુનિત યશાશ્રીજીએ ઘણો જ પરિશ્રમ ઉઠાવ્યો છે. તેઓ સર્વે ખૂબ ધન્યવાદને પાત્ર છે.

પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી યશોદેવ સૂરીશ્વરજી મહારાજ સાહેબનો 'પ્રસ્તાવના-સંગ્રહ' નામનો આ ગ્રંથ અનેકને માટે પ્રેરણારૂપ અને માર્ગદર્શક બની રહેશે એ નિઃસંશય છે.

***

# ધર્મ પ્રવૃત્તિ લક્ષાર્થે કરવી

□ ડૉ. રાકેશભાઈ ઝવેરી

(૧)

જિનમત નિશ્ચય-વ્યવહાર ઉભય સંમિલિત મત છે. નિશ્ચય અને વ્યવહાર જિનમતના સત્યના સિક્કાની બે બાજુઓ છે. જિનમતની નિશ્ચય અને વ્યવહારની વાતોમાંથી-સત્યના સિક્કાની બે બાજુઓમાંથી-એક જ માન્ય કરવી અને બીજીને સાવ વખોડી નાખવી તે યોગ્ય નથી. મોક્ષમાર્ગે જેમ એકલો વ્યવહાર ન ચાલે, તેમ એકલો નિશ્ચય પણ ન ચાલે. નિશ્ચયના લક્ષ સાથે જીવ ભૂમિકાનુસાર વ્યવહારનું પાલન કરે તો તે સ્વરૂપમાં પ્રસ્થાપિત થાય.

ક્રિયાની નિરર્થકતા બતાવવા માટે એકાંત નિશ્ચયવાદીઓ એવી દલીલ કરે છે કે જીવે ભવભ્રમણ કરતાં અનંતા ઓઘા લીધા અને અનંતી મુહપત્તિઓ પડિલેહી. જો એ બધાં ઓઘા અને મુહપત્તિઓનો ઢગલો કરવામાં આવે તો મેરુપર્વત જેવડો મોટો ઢગ થાય. અનંતી વાર સાધુ થયો, અનંતી વાર આચાર્યપદ પર પણ આરૂઢ થયો, સાધુવેષની ધર્મક્રિયાઓના કારણે અનંતી વાર નવમા ગ્રૈવેયકમાં દૈવી સુખો ભોગવી આવ્યો; પરંતુ તેનો મોક્ષ થયો નહીં. પ્રતિક્રમણાદિ ક્રિયાઓ તો તેણે અનંતી વાર કરી છતાં પણ તેનો નિસ્તાર થયો નહીં, માટે ધર્મક્રિયાઓ આત્માના અનંત જ્ઞાનાદિ ગુણો પ્રગટાવવામાં લેશમાત્ર સહાયક નથી.

જો ધર્મક્રિયાઓ મોક્ષપ્રાપ્તિમાં સહાયક થતી હોય તો અભવ્ય જીવો પણ એ ક્રિયાઓ અનંતી વાર કરે છે. છતાં તેમને મોક્ષપ્રાપ્તિ કેમ થતી નથી? પ્રતિક્રમણાદિ નહીં કરનાર મરુદેવી માતા આદિ એકમાત્ર આત્માની શુદ્ધ વિચારણાથી તરી ગયા છે અને સંખ્યાત્, અસંખ્યાત અને અનંત ભવ સુધી કર્મક્રિયા કરનારા અભવ્ય જીવો હજી પણ સંસારમાં આથડી રહ્યા છે. આનો ફલિતાર્થ એ છે કે ધર્મક્રિયાના અભાવમાં જીવો મુક્તિ પામ્યા છે અને ધર્મક્રિયા કરવા છતાં હજુ સુધી અનંતા જીવો મોક્ષે ગયા નથી. એથી નિશ્ચિત થાય છે કે ધર્મક્રિયા આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરવામાં લેશમાત્ર પણ કારણ નથી. જેમ તંતુ (તાંતણા)ના અભાવમાં ઘટ બને છે અને તંતુના સદ્‌ભાવમાં પણ ઘટ બની શકતો નથી, તેથી ઘટ માટે તંતુ કારણ નથી; તેમ ધર્મક્રિયાના સદ્‌ભાવમાં આત્મસિદ્ધિ ન થાય તો ધર્મક્રિયાને મુક્તિનું કારણ કહેવાય નહીં. આજ સુધી જે જે આત્માઓ મોક્ષે ગયા, વર્તમાનમાં જઈ રહ્યા છે અને ભવિષ્યમાં જશે; તે સર્વમાંથી એક પણ એવો આત્મા નથી કે જેણે પોતાના શુદ્ધ સ્વરૂપની વિચારણા ન કરી હોય. મોક્ષે જનાર દરેક જીવે આત્માના શુદ્ધ સ્વરૂપની વિચારણાથી મુક્તિ પ્રાપ્ત કરી છે, વર્તમાનમાં પણ તેમ જ પ્રાપ્ત કરે છે અને ભવિષ્યમાં પણ શુદ્ધાત્માની વિચારણાથી જ પ્રાપ્ત કરશે. એથી સિદ્ધ થાય છે કે ધર્મક્રિયાઓ મુક્તિનો માર્ગ નથી, પણ આત્માના શુદ્ધ સ્વરૂપની વિચારણા એ જ મુક્તિનો માર્ગ છે.

આ દલીલનું સમાધાન આ પ્રમાણે છે-જૈન દર્શનમાં ભાવધર્મની પ્રાપ્તિ બહુ જ દુર્લભ બતાવી છે. અનંત કાળથી આત્મા એક ગતિમાંથી બીજી ગતિમાં આથડી રહ્યો છે, તેનું કારણ છે ભાવધર્મની પ્રાપ્તિનો અભાવ. આ ભાવધર્મ સમ્યગ્દર્શન, દેશવિરતિ, સર્વવિરતિ આદિ સ્વરૂપ છે. અહીં એક વાત ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે સમ્યક્ત્વ આદિ પરિણામસ્વરૂપ છે, પ્રવૃત્તિસ્વરૂપ નથી. જેઓ જિનપૂજા, ગુરુવંદન, વ્રત, પચ્ચક્‌ખાણ આદિ કરણી કરી પોતાને સમ્યક્ત્વી, દેશવિરતિધર કે સર્વવિરતિધર માને છે, તેમની માન્યતા ખોટી છે: કારણકે જિનપૂજાદિ કરણી સ્વયં સમ્યક્ત્વાદિ સ્વરૂપ નથી, પરંતુ સમ્યક્ત્વાદિને લાવનારી કે ટકાવનારી કરણી છે. ભાવધર્મને પામવા માટે કે પામેલા હોય તો તે ટકાવી રાખવા માટે ધર્માનુષ્ઠાનોની આવશ્યકતા રહે છે. એકાંત નિશ્ચયવાદી કહે છે કે સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિરૂપ ધર્મ પામવા માટે માત્ર આત્માના શુદ્ધ સ્વરૂપની વિચારણા જ કરવી જોઈએ. ધર્મક્રિયાઓ કરવાની કંઈ આવશ્યકતા છે જ નહીં. તેમનું માનવું છે કે ક્રિયા કર્યા વિના ભાવની પ્રાપ્તિ સંભવે છે, તેથી તેઓ ક્રિયાનો નિષેધ કરે છે; પણ જિનમતમાં ક્રિયાની આવશ્યકતાનો અસંદિગ્ધ સ્વીકાર કરવામાં આવ્યો છે.

જૈન દર્શનમાં ધર્મક્રિયાના દ્રવ્ય અને ભાવ એવા બે ભેદ પાડ્યા છે. તેમાં દ્રવ્યક્રિયાને ભાવક્રિયામાં કારણભૂત ગણવામાં આવે છે. આનો અર્થ એમ નથી કે જેટલી દ્રવ્યક્રિયાઓ હોય તે બધી ભાવક્રિયામાં કારણભૂત હોય જ. સ્વરૂપના લક્ષે, જિનાજ્ઞા અનુસાર થતી દ્રવ્યક્રિયા જ ભાવક્રિયામાં કારણભૂત બને છે. આવી દ્રવ્યક્રિયાઓને શાસ્ત્રોમાં પ્રધાનભૂત દ્રવ્યક્રિયા કહી છે. જ્યાં સ્વરૂપનું લક્ષ ન હોય, મોક્ષની ઈચ્છા ન હોય તેવી દ્રવ્યક્રિયા ભાવક્રિયામાં કારણભૂત બની શકતી નથી. ઐહિક સુખના પ્રલોભનથી, નરકાદિના ભયથી, લોકસંજ્ઞાએ, ઓઘસંજ્ઞાએ થતી આવી દ્રવ્યક્રિયાઓને અપ્રધાનભૂત દ્રવ્યક્રિયા કહેવાય છે.

અચરમાવર્ત કાળમાં પ્રવર્તમાન જીવને જિનેશ્વરદેવ પ્રત્યે સાચું બહુમાન આવતું નથી અને તે જીવને સંસારની અભિલાષા પણ તીવ્ર હોય છે, તેથી અચરમાવર્ત કાળમાં થતી દ્રવ્યક્રિયા ભાવક્રિયામાં કારણભૂત બનતી નથી. અચરમાવર્ત કાળમાં રહેલા જીવને સંસારનું સુખ જ સદા પ્રિય હોય છે. ઐહિક સુખ વિનાના મોક્ષની વાત પણ તેને સાંભળવી ગમતી નથી. ધર્મક્રિયાઓ કરવાથી સંસારનાં સુખો પ્રાપ્ત થાય છે અને પરલોકમાં સ્વર્ગાદિ સુખોનો વૈભવ પ્રાપ્ત થાય છે એવી વાત સાંભળીને તે ધર્મક્રિયાઓ કરવા તૈયાર થઈ જાય છે. આવો જીવ સાધુપણાનું કષ્ટ પણ વેઠી લેવા સજ્જ થાય છે. દુ:ખથી છૂટવાના

અને સાંસારિક સુખને પામવાના લક્ષથી કરાયેલી આવી સાધુક્રિયાઓ મોક્ષપદની પ્રાપ્તિ કરાવતી નથી. સ્વરૂપના લક્ષ વિનાની એ અનંતી શુભ ક્રિયાઓ દેવગતિના સુખનો અનુભવ કરાવીને પણ સંસારમાં જ રખડાવે છે. સ્વરૂપ પામવાની તીવ્ર ઝંખના સહિત ધર્મક્રિયા થાય તો જ તે ભાવધર્મનું કારણ બને છે. તેથી એમ ફલિત થાય છે કે માત્ર બાહ્ય ક્રિયાથી તરાય નહિ, તરવા માટે મોક્ષનું–શુદ્ધ સ્વરૂપનું લક્ષ હોવું આવશ્યક છે. દ્રવ્યક્રિયા એ બહિરંગ ધર્મ છે અને તેની સફળતા અંતરંગ આશય ઉપર અવલંબે છે. જો અંતરંગ લક્ષ મોક્ષપ્રાપ્તિનું ન હોય તો માત્ર બહિરંગ ક્રિયાથી મોક્ષ પ્રાપ્ત થાય નહીં.

ભવચક્રમાં આ જીવે અનંત વાર ક્રિયાઓ કરી છતાં તે તર્યો નહીં. તેનો અર્થ એમ નથી કરવાનો કે ક્રિયા નિરર્થક છે. સાચા લક્ષ્ય વિના કરેલી ક્રિયાનું મોક્ષાર્થે નિષ્ફળપણું છે એમ સમજવાનું છે. સારી વસ્તુનો પણ જો યોગ્ય રીતે ઉપયોગ ન થાય તો તેનાથી લાભ થતો નથી અને કેટલીક વાર લાભ થવાને બદલે નુકસાન થાય છે, પણ તેથી કંઈ એમ નથી કહેવાતું કે સારી વસ્તુ દ્વારા નુકસાન થયું છે. જેમ કે ઘી શરીરને લાભકારી છે–પુષ્ટિ આપે છે, પણ એને સો વાર ફીણીને જો ખાવામાં આવે તો જીવ મરી જાય; તેથી કંઈ ઘીથી મરણ થાય છે એમ કહેવાતું નથી. ઘી ખાનારે સમજવું જોઈએ કે સો વાર ફીણેલું ઘી ઝેર બની જાય છે અને એ રીતે ઝેર બનેલું તે ઘી પ્રાણઘાતક બને છે, માટે ઘી ઝેર ન બની જાય એની કાળજી રાખવી જોઈએ. એ જ રીતે ધર્મક્રિયાઓ અમૃત સમાન જ છે, પરંતુ સંસારલક્ષે આચરેલ ધર્મક્રિયાઓ ઝેરરૂપ–વિષાનુષ્ઠાનરૂપ બને છે અને તેવી ક્રિયાઓથી આત્માનો નિસ્તાર થતો નથી.

મૂઠથી પકડવાની તલવારને જો કોઈ ધારવાળી જગ્યાએથી પકડે તો તીક્ષ્ણ ધારથી તેના આંગળા કપાય, પણ તેમાં તલવારનો દોષ નથી, પકડનારનો દોષ છે; તેમ સંસારની અભિલાષાથી કરાયેલી ધર્મક્રિયાઓથી મોક્ષપ્રાપ્તિ ન થાય તેમાં દોષ ધર્મ–ક્રિયાનો નથી, પરંતુ તેનો અવળો ઉપયોગ કરનાર વ્યક્તિનો છે. અભવ્ય જીવો અનંત ધર્મક્રિયાઓ કરીને પણ મોક્ષ પામતા નથી, તેથી ધર્મક્રિયાઓ નિરર્થક છે એમ કહેવું ખોટું છે; પરંતુ સંસારભાવે થયેલી ધર્મક્રિયાઓથી મોક્ષપ્રાપ્તિ નથી એમ કહેવું યોગ્ય છે. ક્રિયાઓ જિનાજ્ઞા અનુસાર સ્વરૂપલક્ષે થાય તો તે અવશ્ય મોક્ષફળ આપે છે.

અભવ્ય જીવને સ્વરૂપનું લક્ષ ક્યારે પણ બંધાતું નથી, તેથી લક્ષ વગરની તેની ક્રિયા નિષ્ફળ નીવડે છે. દૂધપાકના લક્ષ વિના જો કંદોઈ દૂધ હલાવ્યા કરે તો માવો બની જાય, તેમ મોક્ષના લક્ષ વિના જો જીવ અનેક ધર્મક્રિયાઓ કરે તો દેવલોકરૂપ માવો પ્રાપ્ત થાય છે, પણ મોક્ષરૂપ દૂધપાક પ્રાપ્ત થતો નથી. જો કંદોઈ એમ કહે કે દૂધપાકના લક્ષના અભાવે દૂધપાક પ્રાપ્ત થયો નહીં, તેથી હવે માત્ર દૂધપાકનો લક્ષ રાખીશ અને હલાવવાની ક્રિયા નહીં કરું; તો શું દૂધપાક બનશે ? દૂધપાકનું માત્ર લક્ષ કરવાથી તો કદી દૂધપાક પણ નહીં બને અને માવો પણ નહીં થાય! પૂર્વે દૂધપાકનું લક્ષ રાખ્યા વિના ફક્ત દૂધ હલાવવાથી માવો થઈ ગયો હતો. માત્ર એ ખૂટતું લક્ષ જ ઉમેરી દેવું જોઈએ, જેથી દૂધપાક પ્રાપ્ત થાય. એમાં દૂધ હલાવવાની ક્રિયાનો નિષેધ કરવો અનુચિત છે.

એકાંત નિશ્ચયવાદીને તપ–ત્યાગ પ્રત્યે અભાવ હોવાથી બે–ચાર શાસ્ત્રોક્ત દૃષ્ટાંતો ટાંકીને પોતાને ન ગમતી ક્રિયાઓની, તપ–ત્યાગની પ્રવૃત્તિઓને નિરર્થક બતાવે છે. જો કે શાસ્ત્રોમાં મરુદેવી માતા આદિનાં દૃષ્ટાંતો અપવાદરૂપે જણાવ્યાં છે, પરંતુ એનું અવલંબન લઈ ધર્મક્રિયાઓનું ખંડન કરનાર જીવની સમજણ મિથ્યા છે. કોઈ માણસને ઉકરડામાંથી મોતી મળી જાય, તેથી એમ નિયમ ન બાંધી શકાય કે મોતી જોઈતું હોય તેણે ઉકરડો ફેંદવો જોઈએ; તેમ કોઈ જીવ ઉત્સર્ગમાર્ગને બદલે અપવાદમાર્ગે મોક્ષ પામ્યો હોય તો તેનું અવલંબન લઈને કે તેને નિયમ ગણીને કોઈ રાજમાર્ગ છોડી કેડીમાર્ગે ચાલે અને તેનામાં તેવી યોગ્યતા ન હોય તો તે તેના ગંતવ્ય સ્થાને પહોંચી શકે નહીં. વળી, જેઓ અપવાદમાર્ગે મોક્ષ પામ્યા હોય છે, તેમનો લક્ષ તો ઉત્સર્ગ–માર્ગનો જ હોય છે અને તેથી જ તેમનો માર્ગ ઉન્માર્ગ ન બનતાં મોક્ષમાર્ગ બને છે.

ચક્રવર્તી ભરત, રાજર્ષિ પૃથ્વીચંદ્ર, શ્રેષ્ઠીપુત્ર ગુણસાગર વગેરેને ગૃહત્યાગ વિના જ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું એ વાત સંપૂર્ણ રીતે શાસ્ત્રીય છે, છતાં એવું તો કદાચિત્ અને કોઈકને જ બને. આખી અવસર્પિણીમાં એવાં ઉદાહરણ કેટલાં ? એટલે એ માર્ગ રાજમાર્ગ ન ગણાય. વળી, ઉપરોક્ત દૃષ્ટાંતોમાં કોઇને પણ તપ–ત્યાગની ભાવનાનો અભાવ ન હતો, તેઓ સર્વ ગૃહવાસના ભોગવિલાસથી પીડા અનુભવતા હતા અને સર્વસંગપરિત્યાગની ભાવનાવાળા હતા.

અનંતા આત્માઓ બાહ્યાભ્યંતર સંગત્યાગરૂપ વિરતિના રાજમાર્ગેથી પસાર થઈને મોક્ષપદ પામ્યા છે. જ્યારે આંગળીના વેઢે ગણી શકાય તેટલા જૂજ આત્માઓ બાહ્ય સંગ ત્યાગ્યા વિના, રાગભાવને ટાળીને મુક્તિપદ પામ્યા છે; અને અનંતાનંત આત્માઓ ધર્મશ્રવણ કરીને પણ બાહ્ય સંગ ન ત્યાગવાના કારણે રાગભાવ ટાળી ન શક્યા અને તેથી તેઓ સંસારમાં રખડે છે. કેવળી ભગવંતોની નજર સામે આ પરિસ્થિતિ હોવાથી તેમણે મુક્તિના માર્ગ તરીકે બાહ્યાભ્યંતર સંગત્યાગરૂપ વિરતિમાર્ગને–પ્રતિજ્ઞાપૂર્વક કરેલા સાવદ્ય વ્યાપારના ત્યાગને રાજમાર્ગ કહ્યો છે.

રાજર્ષિ પ્રસન્નચંદ્રે સાધુવેષ છતાં સાતમી નરકના દળિયાં લીધાં, તે રાજર્ષિને બીજી જ પળે કેવળજ્ઞાન શાથી થયું એ વાત પ્રત્યે લક્ષ આપવાની જરૂર છે. માથેથી મુગટ ઉપાડવા માટે મસ્તકે હાથ ફેરવ્યો અને તે જ વખતે કેશલોચવાળા માથાનો સ્પર્શ થયો, પશ્ચાતાપ થયો, શુકલધ્યાનની શ્રેણીએ ચઢ્યા અને કેવળજ્ઞાન પ્રગટ્યું. રાજાના વેષમાં હોત તો લોચ કરેલું માથું ન હોત અને તેથી તેમને સાચો લક્ષ પણ ન આવત અને કેવળજ્ઞાન પણ પ્રગટ ન થાત. આમ, બાહ્ય ત્યાગ

ભાવશુદ્ધિમાં સહાયક નીવડે છે, તેથી બાહ્ય ત્યાગ આવશ્યક છે.

વસ્તુંસ્થિતિ આમ હોવા છતાં કેટલાક ભોગરુચિ જીવડાઓ એમ કહે છે કે બાહ્ય સંગ ત્યાગ્યા વિના પણ ભરત વગેરે મુક્તિપદ પામ્યા છે, માટે મહાવ્રતપ્રતિજ્ઞારૂપ સર્વવિરતિ કે અણુવ્રતપ્રતિજ્ઞારૂપ દેશવિરતિની શી જરૂર છે? સંસારમાં રહીને પણ જો રાગનો નાશ થઈ શકે છે તો તેમ જ કેમ ન કરવું?' આવા અભિપ્રાયો અંતરમાં પડેલી ભોગલાલસાના કારણે જ ઉચ્ચારવામાં આવે છે. અનેક બાહ્ય સંગીઓમાંથી બે-પાંચને મુક્તિ મળી. બાકીના બધા ડૂબી ગયા, છતાં એ બે-પાંચનો-એ ભવ્યાત્માઓનો દાખલો લઈને, પાત્રતા વિનાના અનેક જીવો ડૂબી ગયા અને અનેક ડૂબે છે એ તરફ લક્ષ ન આપતાં, સંસારમાં રહીને તરવાની વાતો તેઓ કરે છે! ભલે અનેક જીવો ઝેર ખાઈને મર્યા, પણ બે-પાંચ તો બચ્યા છે-એમ ખોટી રીતે દાખલો લઈને કોઈ ઝેર ખાવા તૈયાર થાય છે? તેથી આત્માર્થી જીવે તો દૃઢ નિશ્ચય કરવો કે સ્વરૂપલક્ષે ધર્મક્રિયાઓ કરવી-તપ, ત્યાગ, સંયમાદિ સ્વરૂપલક્ષે કરવાં એ જિનાજ્ઞા છે. (ક્રમશઃ)

✱✱✱

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૨૪-૮-૨૦૦૬ના આપેલું પ્રવચન)

૮૦૨, મંજુ એપાર્ટમેન્ટ, નારાયણ દાભોલકર રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૬.

# હિંસાથી ઘેરાયેલી અહિંસા

□ ડૉ. ગુણવંત શાહ

આજની દુનિયા આતંકવાદના જ્વાળામુખીના જડબા પર બેઠેલી છે. લોકો વાતવાતમાં કહે છે કે હિંસાના આવા ભયાનક માહોલમાં મહાવીર અને ગાંધીજીએ પ્રબોધેલી અહિંસા અપ્રસ્તુત બકવાસ જેવી છે. તર્કની દૃષ્ટિએ આ વાત બિલકુલ ટકી શકે તેમ નથી. અંધારું પ્રગાઢ હોય ત્યારે કોઈ પ્રકાશનો મહિમા કરે, તો તે અપ્રસ્તુત ગણાય? અજ્ઞાનથી છલકાતા સમાજમાં કોઈ જ્ઞાનની આવશ્યકતા પર ભાર મૂકે તો તે બકવાસ ગણાય? ભ્રષ્ટાચારથી ખદબદતા રાજકારણમાં કોઈ શાણો આદમી સાધનશુદ્ધિનું મહત્ત્વ સમજાવે તો તે અપ્રસ્તુત ગણાય? નિરક્ષર લોકો સમક્ષ કોઈ અક્ષરજ્ઞાન જરૂરી છે એવી વાત કરે, તો તે અપ્રસ્તુત બકવાસ ગણાય? હિંસાની બોલબાલા વધી પડે ત્યારે અહિંસાની વાત સૌથી વધારે પ્રસ્તુત ગણાય. ગંદકી વધી પડે ત્યારે સ્વચ્છતાનો આગ્રહ તર્કયુક્ત ગણાવો જોઈએ.

જૈન પરંપરા તરફથી દુનિયાને સુંદર શબ્દ મળ્યો: 'પ્રતિક્રમણ'. પ્રતિક્રમણ એટલે પાછા ફરવું. બૌદ્ધ પરંપરામાં પ્રતિક્રમણ એટલે કબૂલાત. મનુષ્યે સતત પોતાના અસલ 'સ્વ' તરફ પાછા ફરવાનું છે. પૂજ્ય રવિશંકર મહારાજ કહેતા કે મોઢું ફેરવવાની જરૂર છે. મીરાંએ ભજનમાં ગાયું: 'ઉલટ ભઈ મોરે નયનનકી.' અંગ્રેજીમાં એને ગ્રાન્ડ રિટર્નિંગ (ભવ્ય પુનરાગમન) કહી શકાય. સંત અમિતાભ કહે છે કે: 'જીવનનું લક્ષ્ય મહાવીરના ભક્ત બનવાનું નથી, પરંતુ મહાવીર બનવાનું છે.' માણસે ક્યાંથી પાછા ફરવાનું છે? નાનકના પ્રશ્નમાં જવાબ મળે છે: 'જૂઠે જગમેં દિલ લલચા કર અસલ વતન ક્યોં છોડ દિયા?' પ્રતિક્રમણ એટલે આપણા અસલ વતન ભણી પાછા વળવાની સાધના.

માણસે સતત વિભાવ તરફથી સ્વભાવ તરફ, દેહભાવ તરફથી આત્મભાવ તરફ, મહોરા તરફથી ચહેરા તરફ, જનત્વ તરફથી જિનત્વ તરફ, વ્યક્તિત્વ તરફથી અસ્તિત્વ તરફ, મનુષ્યત્વ તરફથી મહાવીરત્વ તરફ, બિકમિંગ તરફથી બીઈંગ તરફ, મન તરફથી માંહ્યલા તરફ, પરધર્મ તરફથી સ્વધર્મ તરફ અને સ્થૂળ તરફથી સૂક્ષ્મ તરફ પાછા વળવાનું છે. સાધુતા આખરે શું છે? સાધુતા એટલે મનુષ્યતાનો મહોત્સવ. સાધુતા એટલે મનુષ્યતાના કેક પરનું ભવ્ય આઇસિંગ! એ સાધુતા સ્મિતવિહોણી ન હોઈ શકે. મનુષ્યની ભીતર ઊગેલો આનંદવૈભવ સ્મિત દ્વારા પ્રગટ થાય છે. સ્મિતવિહોણા સાધુથી બચવા જેવું છે. મનુષ્યનું સહજ સ્મિત જળવાય તેવો સમાજ રચવામાં મળેલી નિષ્ફળતાના વિકરાળ કોલાહલને લોકો યુદ્ધ કહે છે. અશાંતિથી ત્રાસેલી દુનિયામાં શાંતિની વાત અપ્રસ્તુત હોઈ શકે? વિજયાલક્ષ્મી પંડિત કહે છે: 'શાંતિ માટે જેટલો પરસેવો પાડીશું તેટલું લોહી યુદ્ધમાં ઓછું રેડાશે.'

આજે અહિંસા ચારે તરફ આતંક ફેલાવતી હિંસાથી ઘેરાયેલી છે. તમે કોઈ જૈન આતંકવાદીની કલ્પના કરી શકો છો? જૈન પરંપરા તો અહિંસાને પરમ ધર્મ માને છે. જો સમગ્ર વિશ્વમાં મહાવીર ભગવાનનો સંદેશ પહોંચી જાય તો અહિંસાનું પર્યાવરણ રચાય. જે દેશમાં અહિંસાનું પર્યાવરણ હોય ત્યાં પુત્ર પોતાના પિતાને અગ્નિદાહ આપે છે. જે દેશમાં હિંસાની બોલબાલા હોય ત્યાં પિતા પોતાના પુત્રને અગ્નિદાહ આપે છે. મહાન વિજ્ઞાની આઈન્સ્ટાઈન હિંસાના કલ્ચરમાં પોષણ પામતી લશ્કરશાહી અંગે શું કહે? કાન સરવા કરીને આઈન્સ્ટાઈનના શબ્દો સાંભળો: 'જે લોકો સંગીતના તાલ પર માર્ચ કરે છે, એમને ભૂલમાં મગજ આપી દેવામાં આવ્યું હોય છે. એમને માટે તો કરોડરજ્જુ જ પૂરતી છે. દેશભક્તિ, યુદ્ધકૌશલ્ય, અક્કલ વિના છૂટતી ગોળીઓની રમઝટ-આ બધું માનવીય સંસ્કૃતિ માટે ઘોર અપમાન ગણાય. આ બધું મને તો એટલું ખૂંચે છે કે જો મારે કોઈ દિવસ આવું કરવાનું આવે તો તેમ કરવાને બદલે મારાં ચીથરાં ઊડી જાય એ હું વધારે પસંદ કરું. હું એવું સ્પષ્ટ માનું છું કે

યુદ્ધમાં જેનો પણ જાન લેવામાં આવે તે એક પ્રકારનું ખૂન જ છે.'

આઈન્સ્ટાઈનની વાતમાં તથ્ય હોવા છતાં આપણને એ તથ્યની પ્રશંસા કરવાનો કોઈ અધિકાર નથી. આતંકવાદનો સામનો આપણે અહિંસાથી કરી શકીએ? અહિંસા અને કાયરતા વચ્ચે કોઈ મેળ ન હોઈ શકે. આ બાબતે મહાવીર અને ગાંધી પૂરેપૂરા સ્પષ્ટ છે. વાઘની સામે ઊભેલી બકરી થરથર કાંપી શકે, અહિંસા ન પાળી શકે. અહિંસાની પૂર્વશરત અભય છે. ભગવાન મહાવીરે મેઘકુમારને ઉપદેશ આપ્યો ત્યારે એક વાત પર ભાર મૂક્યો હતો: અભય વિનાની અહિંસા, એ અહિંસા નથી. ગાંધીજીએ પણ કાયરતા અને હિંસા વચ્ચેની પસંદગીમાં હિંસાને કાયરતા કરતાં સારી ગણાવેલી. કૃષ્ણે ગીતાના સોળમા અધ્યાયમાં દૈવી સંપત્તિના પ્રથમ લક્ષણ તરીકે અભયનો મહિમા કર્યો છે. જે અહિંસામાં વીરત્વ નથી હોતું તે અહિંસામાં કોઈ તેજ નથી હોતું. કાયરતાની કૂખે જન્મેલી અહિંસા આતંકવાદનો સામનો ન કરી શકે. કોઈ પણ આતંકવાદી પર તમે કદી કાયરતાનો આક્ષેપ નહીં મૂકી શકો. મૃત્યુનો ભય વળોટી ગયા વિના કોઈ આદમી માનવબૉમ્બ બનવા તૈયાર ન થઈ શકે. આતંકવાદનો ચહેરો આજે દુનિયાને થથરાવે છે. ઘેટાંઓના સમાજ તરફ વરુઓ ઝટ આકર્ષાય છે. કાયરતાને કારણે ભયથી થથરતી પ્રજા કદી પણ અહિંસાનો જયઘોષ ન કરી શકે. મહાવીરે કે ગાંધીએ અહિંસાનો સ્વીકાર અભયસિદ્ધિના શિખર પર ઊભા રહીને કર્યો હતો. આપણી વાત જુદી છે. દુકાનના ગલ્લા પર બેઠેલો વેપારી ગ્રાહકને છેતરે ત્યારે હિંસા આચરતો હોય છે. પાણીને ગાળી ગાળીને પીનારો બિઝનેસમેન લોહી ગાળ્યા વિના પીએ છે. આચાર્ય મહાપ્રજ્ઞ વારંવાર કહેતા રહ્યા છે કે, 'અપરિગ્રહની ઉપાસના કર્યા વિના અહિંસાની ઉપાસના શક્ય નથી.' ક્યારેક દુકાનના ગલ્લા પર બેઠેલો 'ગલ્લાદ' ક્રૂર ગણાતા જલ્લાદ જેટલો જ ક્રૂર હોય છે.

દેરાસરમાં બંદિની બનેલી અહિંસાને હવે બજારના ચોકમાં આસનસ્થ કરવી પડશે. આપણને મોંઘાંદાટ અને અત્યાધુનિક બૉમ્બર વિમાનો કેમ જોઈએ છે? જેમના પર વર્ષોથી બૉમ્બમારો થઈ રહ્યો છે તે નિર્દોષ લોકો શું જૂનાં બૉમ્બર વિમાનોથી કંટાળી ગયા છે? પોતાના સિદ્ધાંતો માટે લડવું, એ પોતાના સિદ્ધાંતો પ્રમાણે જીવવા કરતાં વધુ સહેલું છે. નિર્વીર્ય કાયરતાનો પ્રદેશ વટાવ્યા વિના આપણે અહિંસાની ઉપાસના ન કરી શકીએ. એમ કરવું એ તો છલના ગણાશે. ભગવાન મહાવીરની અહિંસા અભયસિદ્ધિના છોડ પર ઊગેલા દિવ્ય પુષ્પ જેવી હતી. તેઓ સામે ચાલીને (દૃષ્ટિ પડે તોય ઝેર ચડે તેવા) ચંડકૌશિક નાગ પાસે પહોંચી ગયા. આપણી તથાકથિત અહિંસાના પાયામાં કાયરતા રહેલી છે. આવી સગવડિયા અહિંસા ભગવાન મહાવીરને માન્ય નથી. જો મૂંગાં પશુપક્ષીઓ બોલી શકતા હોત તો એમણે માનવજાતને આતંકવાદી જનજાતિ તરીકે ઓળખાવી હોત. કતલખાનાંની દીવાલો પારદર્શક હોત તો માંસાહારનું પ્રમાણ ખાસું ઘટી ગયું હોત. જીવનની નાની નાની બાબતોમાં આજે પ્રતિક્રમણની જરૂર છે. આપણે સૌએ આપણા અસલ 'સ્વ' તરફ પાછા ફરવાનું છે. આજની બધી પીડા અતિક્રમણમાંથી પેદા થયેલી છે. અતિક્રમણ છોડીને પ્રતિક્રમણ તરફ વળવું એ જ તરણોપાય છે.

નોબેલ પારિતોષિક વિજેતા (૧૯૨૬) એરિસ્ટાઈડ બ્રીઆંડ કહે છે: 'જે પેન વડે શાંતિકરાર લખવામાં આવે છે, તે પેન એ જ ધાતુની બનેલી હોય છે, જે ધાતુની બંદૂક બનેલી હોય છે.' ✱✱✱

તા. ૨૭-૮-૨૦૦૬ના પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપેલું પ્રવચન

'ટહુકો'-વિનાયક સોસાયટી,
પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૦૨૦.

# ડૉ. રમણભાઈ શાહના સાત ગ્રંથો અને વ્યાખ્યાન સી.ડી.નો લોકાર્પણ વિધિ સંપન્ન

□ કેતન જાની

જૈન ધર્મના પ્રકાંડ પંડિત, 'પ્રબુદ્ધ જીવન'ના પૂર્વ તંત્રી, વિશ્વ-પ્રવાસી અને સાહિત્યકાર ડૉ. રમણભાઈ શાહના વિશાળ સાહિત્ય સર્જનમાંથી ચૂંટેલા લેખોનો સંગ્રહ ધરાવતા સાત ગ્રંથો તેમ જ એઓશ્રીના અત્યાર સુધીના પ્રવચનોની સી.ડી.ના લોકાર્પણ માટે મુંબઈ જૈન યુવક સંઘે ૧૫મી ઑગસ્ટે જૈન સમાજના શ્રેષ્ઠી અને દાનવીર શ્રી દીપચંદ ગાર્ડીના અધ્યક્ષપદે એક સમારોહ યોજ્યો હતો. સ્વાતંત્ર્યદિનની રજા અને વરસાદના માહોલ છતાં બિરલા માતુશ્રી સભાગૃહ ખીચોખીચ ભરાઈ ગયો હતો.

આ સમારોહમાં ડૉ. હસુ યાજ્ઞિક સંપાદિત 'જૈન ધર્મ દર્શન', ડૉ. જિતેન્દ્ર બી. શાહ સંપાદિત 'જૈન આચાર દર્શન', ડૉ. પ્રવીણ દરજી સંપાદિત 'ચરિત્ર દર્શન', ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ સંપાદિત 'સાહિત્ય દર્શન' તેમ જ પ્રા. જશવંત શેખડીવાળા સંપાદિત 'પ્રવાસદર્શન' અને 'સાંપ્રત સમાજદર્શન'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. 'શ્રુત ઉપાસક-ડૉ. રમણલાલ ચી. શાહ' પુસ્તકનું સંપાદન પ્રા. કાંતિ પટેલે નીરુબહેન શાહ, ઉષાબહેન શાહ અને પુષ્પાબહેન પરીખની મદદથી કર્યું છે. આ સમારંભમાં ડૉ. રમણલાલ શાહની બહુમુખી પ્રતિભાનું દર્શન કરાવતી ટૂંકી ફિલ્મ દર્શાવવામાં આવી હતી.

અધ્યક્ષસ્થાનેથી શ્રી દીપચંદ ગાર્ડીએ જણાવ્યું હતું કે આજના ભૌતિકવાદના યુગમાં ડૉ. રમણભાઈ શાહ જેવા ગુણવાન ગુરુ ભાગ્યવાન શિષ્યોને જ મળે. વર્તમાન સમયમાં જે વ્યક્તિ ઉદ્યોગોમાં

ખૂબ જ નાણાં રળે અને જેના શેર ખૂબ જ ઝડપથી વેચાય એ મોટો માણસ ગણાય છે. ભૌતિકવાદના જમાનામાં જ્ઞાનની સાથે ધર્મના સંસ્કાર આપે એવા આદર્શ ગુરુ મળવા ખૂબ જ અઘરી વાત છે. પ્રત્યેક સફળ માણસની પાછળ સ્ત્રી હોય છે. તે પ્રકારે તારાબહેન હંમેશા ડૉ. રમણભાઈની પડખે રહ્યાં છે અને સાથ-સહકાર આપ્યો છે. ડૉ. રમણભાઈ અને પ્રો. તારાબહેન એકમેકને પૂરક બની રહ્યા હતા.

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇએ જણાવ્યું હતું કે જ્યારે જ્ઞાન, શીલ અને પ્રજ્ઞાને શ્રાવક બનવાનું મન થાય ત્યારે તે પૃથ્વી ઉપર ડૉ. રમણભાઈના રૂપમાં અવતરે છે. આજના તક ઝડપી લેવાના જમાનામાં ડૉ. રમણભાઇએ પોતાના બધાં પુસ્તકોના કોપીરાઈટ જતા કર્યા એ બાબત તેમની મહાનતા દર્શાવે છે. ઓછામાં ઓછા પરિગ્રહની ભાવના ધરાવતા ડૉ. રમણભાઈના સાત ગ્રંથોનું નામ સાહિત્ય સૌરભને બદલે સાહિત્યસાધના રાખવાનું ઉચિત લેખાત. તેનું કારણ તેમાં ભાષા નહીં ભાવ છે અને આત્માના સાચુકલા અવાજનો રણકાર છે. તેમના પુસ્તકો સાધક સાથેના સંવાદ જેવા લાગે.

ધરમપુરના રાજચંદ્ર આશ્રમના ડૉ. રાકેશ ઝવેરીએ જણાવ્યું હતું કે ડૉ. રમણભાઈમાં ભરપૂર વિદ્વતા સાથે આશ્ચર્યજનક સરળતા હતી. સારા વક્તાની સાથે તેઓ સારા શ્રોતા હતા. તેઓ આદર માંગતા નહોતા પણ આપોઆપ મળતો હતો. તેઓ જિનેશ્વરના પૂજક હતા અને તેઓ ઉપર મા સરસ્વતીની કૃપા હતી. તેઓ વિદ્યાર્થીઓ પર પોતાના મંતવ્યો લાદતા નહીં પણ પ્રશ્નો કરતા હતા અને પ્રયોગો સૂચવતા હતા. વિનોદવૃત્તિ અને હાજરજવાબીના ગુણો તેઓમાં હતા.

સમારંભ અને ગ્રંથોના સંયોજક અને 'સંઘ'ના મંત્રી તેમજ 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ડૉ ધનવંત શાહે જણાવ્યું હતું કે ડૉ. રમણભાઈ શિષ્યોમાં શ્રદ્ધા જન્માવતા હતા. મારા કૉલેજકાળમાં તેઓ ભાષા શાસ્ત્રનું ચોથું પેપર ભણાવતા હતા. તે વિષય અઘરો ગણાતો પરંતુ તેઓ વિદ્યાર્થીઓમાં તે શીખવા માટેની શ્રદ્ધા અને આત્મવિશ્વાસ પેદા કરતા હતા. આ સમારંભમાં આપણે ડૉ. રમણભાઈ નિમિત્તે શબ્દપૂજા અને ગુણભક્તિ કરવા એકત્રિત થયાં છીએ. તેમના ચૂંટેલા લેખોનો સંગ્રહ પ્રગટ કરવા તેમની હયાતીમાં પ્રયત્ન થયો પણ તેના માટે તેમણે ખૂબ મથામણ પછી સંમતિ આપી હતી.. પોતાના પુસ્તકોના કોપીરાઈટનો હક્ક સમગ્ર વાંચકોનો છે એવો નિર્ણય પણ ડૉ. રમણભાઈનો મહાન ગુણ દર્શાવે છે. જ્ઞાનની સાથોસાથ જ્ઞાનમય જીવન પણ અતિશય મહત્ત્વનું છે.

૮૦૦ નેત્રયજ્ઞો દ્વારા અઢી લાખ લોકોને દૃષ્ટિ પ્રાપ્ત કરાવવામાં સહાયરૂપ થનારા ડૉ. રમણીકલાલ દોશીએ જણાવ્યું હતું કે ડૉ. રમણભાઈ સ્થૂળ દેહસ્વરૂપે આજે આપણી વચ્ચે હયાત નથી પણ તેમના વિચારો અને અક્ષરદેહે તેઓ આપણી વચ્ચે છે.

સાયલા સ્થિત રાજચંદ્ર આશ્રમના શ્રી નલિનભાઈ કોઠારીએ જણાવ્યું હતું કે ડૉ. રમણભાઈ શાહનું 'જ્ઞાનસાર' ગ્રંથનું કાર્ય શ્રાવકો માટે ઉપકાર સમાન છે. આ ગ્રંથોમાં પૂ. યશોવિજયજી મહારાજના જૈન તત્ત્વ દર્શનનો નિચોડ આવે છે. તેના લગભગ ૧૨૦૦ જેટલા શ્લોકોનું કામ ડૉ. રમણભાઈએ ખૂબ જ ચીવટપૂર્વક પૂર્ણ કર્યું હતું.

જૈન તત્ત્વના વિદ્વાન ડૉ. સાગરમલ જૈને જણાવ્યું હતું કે ડૉ. રમણભાઈએ જૈન ધર્મ અને સાહિત્યની સેવા કરી છે. તેઓ આજે સ્થૂળ દેહે નથી પણ અક્ષરદેહે હયાત છે. તેઓ હંમેશાં પોતાની એટલે કે 'સ્વ'ની શોધમાં રહ્યા. 'હું કોણ છું ?' એ પ્રશ્નનો ઉત્તર તેમણે જૈન ધર્મની ફિલસૂફી વડે શોધવાનો પ્રયત્ન કર્યો. આપણે બધા બહિર્મુખ છીએ. વ્યક્તિને માનનારા ઘણાં હોય છે પણ તેને જાણનારા ઓછા હોય છે. ડૉ. રમણભાઈના જીવનથી સમાજ લાભાન્વીત થયો છે.

જાણીતા ઉદ્યોગપતિ સુશ્રાવક શ્રી સી. કે. મહેતાએ કહ્યું કે 'આયંબિલ ઓળીનું ઉજવણું કરવા ટાણે મહારાજ સાહેબે મને જ્ઞાનીઓની સેવા કરવાનો આદેશ આપ્યો હતો. ડૉ. રમણભાઈને મળ્યો નથી પણ તેમના પુસ્તકો વાંચ્યા છે. તેમને રૂબરૂ મળી ન શકાયું તેનો મને રંજ છે.'

'સંઘ'ના પ્રમુખ શ્રી રસિકભાઈ શાહે જણાવ્યું હતું કે રાજા માત્ર સ્વદેશે પૂજાય છે પણ ડૉ. રમણભાઈ જેવાં વિદ્વાનો સર્વત્ર પૂજાય છે. ઓળખ માટે એવું કહી શકાય કે તેઓ વડોદરા પાસેના પાદરા ગામે જન્મ્યા હતા પણ વાસ્તવમાં ડૉ. રમણભાઈના પ્રવાસવર્ણનોએ લોકોને ફરતા કર્યા છે એમ કહેવામાં અતિશયોક્તિ નહી લેખાય.

'સંઘ'ના ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ શાહે સંસ્થાની પ્રવૃત્તિઓની માહિતી આપતાં જણાવ્યું હતું કે પર્યુષણ વ્યાખ્યાનમાળાના માધ્યમથી અત્યાર સુધીમાં ગુજરાતના અંતરિયાળ વિસ્તારોમાં કાર્યરત સંસ્થાઓને આશરે ત્રણ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. ચાલુ વર્ષે કચ્છમાંની ગ્રામ સ્વરાજ સંસ્થા પર પસંદગી ઉતારવામાં આવી છે. સંસ્થા જરૂરિયાતમંદોને અનાજ વિતરણ, શિષ્યવૃત્તિ અને તબીબી સહાય જેવી પ્રવૃત્તિઓ ચલાવે છે.

ડૉ. રમણભાઈને સદૈવ મદદરૂપ થયેલા તેમના પત્ની અને ઋષિપત્ની તુલ્ય પ્રા. તારાબહેનને 'સંઘ' તરફથી પન્નાલાલ છેડાએ સન્માનપત્ર અર્પણ કર્યું હતું. ડૉ. ધનવંત શાહે કહ્યું હતું કે આ માત્ર સન્માન નથી પણ આદર્શ દાંપત્યનું પૂજન છે. શ્રી સી. કે. મહેતા તરફથી આ પુસ્તકોના પ્રકાશન તેમજ અન્ય જ્ઞાન પ્રવૃત્તિ માટે ૧૧ લાખ રૂપિયા જેવી માતબર રકમનું દાન પ્રાપ્ત થયું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. ધનવંત શાહ અને શૈલજાબહેન શાહે કર્યું હતું. અમેરિકામાં રહેતા ડૉ. રમણભાઈના પૌત્ર આર્ચિત શાહે પોતાના દાદા ડૉ. રમણભાઈના સંસ્મરણો રજૂ કર્યા હતા.

સાતે ગ્રંથો અને પ્રવચનોની સી.ડી.નું એક સાથે, એક જ પળે, આઠ મહાનુભાવોના વરદ્ હસ્તે પ્રકાશન થયું એ 'પળ' ખરેખર જ 'ભવ્યાતિત' હતી! આ દૃશ્ય એક ધન્ય ક્ષણ હતી!

પ્રકાશન સમારંભના દિવસે જ આ ગ્રંથોના ૩૫૦ સેટ જિજ્ઞાસુઓએ ખરીદ્યા, આ પણ જૈન જગતની એક વિરલ ઘટના બની રહી. આ માટે એ સર્વે જિજ્ઞાસુઓ અને શ્રોતાઓ અભિનંદનના અધિકારી છે.

***

# ડૉ. રમણલાલ ચી. શાહ સાહિત્ય સૌરભ-ગ્રંથ પ્રકાશન સમારંભ એક ધન્ય દૃશ્ય

□ પ્રો. કાન્તિ પટેલ

પ્રિય ધનવંતભાઈ અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સર્વે સભ્યો,

નમસ્તે-મિચ્છામિ દુક્કડમ્

મેં તમને કાર્યક્રમ પછી જણાવ્યું હતું તેમ પુસ્તક પ્રકાશન સમારંભ વિશેના મારા પ્રતિભાવો દીર્ઘ પત્ર રૂપે લખી મોકલવા છે. ઉપરોક્ત કાર્યક્રમમાં કોઈ ને કોઈ વિશિષ્ટતા હતી જે મને સ્પર્શી ગઈ. આ વિશે મેં મિત્રોમાં વાત પણ કરી. વળી લાગ્યું કે વધારે લોકોએ આ કાર્યક્રમની સફળતા વિશે જાણવું જોઇએ.

મેં પૂજ્ય તારા બહેનને પણ લખ્યું છે કે, '૧૫ ઓગસ્ટ-૨૦૦૬ ના કાર્યક્રમને તમામ રીતે સફળ અને અદ્વિતીય કહી શકાય. કોઈ પુસ્તક પ્રકાશનના સમારોહમાં મેં આવો માહોલ તથા શ્રોતાઓની તેમજ વક્તાઓની આવી નિષ્ઠા નથી જોઈ. પૂ. રમણભાઈ પ્રત્યેનો આદરભાવ તથા સ્નેહભાવ ત્યાં છલકાતો હતો.'

તમને યોગ્ય લાગે તો આ સાથેનો પત્ર 'પ્રબુદ્ધ જીવન'માં છાપશો.

તમો સહુ કુશળ હશો. અસ્તુ

કાન્તિભાઈના સ્નેહ

xxx

કાંદિવલી, મુંબઈ

તા. ૨૯-૮-૨૦૦૬

પ્રિય શ્રી ધનવંતભાઈ તથા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સર્વે સભ્યો,

આ દિવસોની તમારી વ્યસ્તતાને ધ્યાનમાં લઈને હું તમને ફોન કરી ખેલલ નથી પહોંચાડવા માગતો. પર્યુષણના દિવસોમાં કોઈ પણ જૈન ધર્મોપાસના અને આત્મોન્નિતિની વૃત્તિ-પ્રવૃત્તિમાં વ્યસ્ત હોય છે. પર્વોમાં સર્વોપરિ આ પર્વ સર્વના ક્ષેમકલ્યાણની પ્રાર્થનાનું પર્વ છે. આત્મશોધ અને આત્મશુદ્ધિના સંકલ્પનું પર્વ છે. તમે તમારી દિનચર્યાનો અધિક હિસ્સો આ પુણ્યસ્મૃતિમાં ગાળો. બાકીનો વખત જૈન પર્યુષણ વ્યાખ્યાનમાળાના વિચાર અને આયોજનમાં. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી છેલ્લા પંચોતેર વર્ષથી સાતત્યપૂર્વક યોજાતી આ વ્યાખ્યાનમાળા એ ખરેખર તો એક અનોખો જ્ઞાનયજ્ઞ છે. તમે સર્વે આ વિરલ જ્ઞાનયજ્ઞના યજમાન બનીને અન્યોને શ્રુત ઉપાસના તરફ પ્રતિબદ્ધ કરતા રહ્યા છો. 'પ્રબુદ્ધ જીવન'ના છેલ્લા અંકમાં તમે આ વ્યાખ્યાનમાળાનો રસિક અને રોમાંચક ઇતિહાસ આપીને એના સત્ત્વ તથા તત્ત્વનો ખ્યાલ કરાવ્યો છે. આ અદ્ભુત, અનુપમ સાંસ્કૃતિક ધરોહરનું વહન કરવાનું તમારે માથે આવ્યું છે. યોગ્ય રીતે જ તમારી પસંદગી થઈ છે. 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા બંને તમારા થકી વધારે દીપ્તિમાન થશે એ વિશે બેમત હોઈ જ ન શકે. પૂ. રમણભાઈએ પોતાના અનુગામી તરીકે તમારી વરણી કરી એમાં જરૂર કોઈ દૈવી સંકેત હશે. તમારી ક્ષમતાને તેમણે પૂરેપૂરી જાણી અને પ્રમાણી લીધી હતી.

સંવત્સરી નિમિત્તે તમારી તથા સહુ સ્નેહીજનોની મન, વચન અને કાયાથી ક્ષમાપના ચાહું છું.

આ પત્ર લખવાનું પ્રયોજન તે સ્વાતંત્ર્યદિને, તમે સર્વેએ યોજેલા ડૉ. રમણલાલ ચી. શાહ 'સાહિત્ય સૌરભ'ના સાત ગ્રંથો અને એઓશ્રીના પ્રવચનોની સીડીનો પ્રકાશન સમારંભ છે. આ સાત ગ્રંથોમાંથી એક ગ્રંથના સંપાદક તરીકે તમે મને પણ આ સમારંભમાં હાજર રહેવા સ્નેહભર્યું નિમંત્રણ આપ્યું હતું. પંદરમી ઓગસ્ટના રોજ સવારે નવ વાગ્યે, ન્યૂ મરીન લાઈન્સ સ્થિત બિરલા માતુશ્રી સભાગૃહમાં પહોંચવાનું મને અઘરું લાગ્યું હતું. તે દિવસે ટ્રાફિક ઓછો હોવા છતાં કાર રસ્તે કાંદિવલીથી ચર્ચગેટ પહોંચતા પૂરો એક કલાક લાગ્યો હતો. મારા જેવા તો અનેક દૂર દૂરના પરામાંથી પુસ્તક વિમોચનના એ કાર્યક્રમમાં આવ્યા હશે.

ધનવંતભાઈ, મુંબઈમાં પુસ્તક વિમોચનના કાર્યક્રમની કંઈ નવાઈ નથી. છેલ્લા વર્ષોમાં એ એક સામાન્ય વાત બની છે. પ્રત્યેક સપ્તાહે કોઈ ને કોઈ પુસ્તકનું વિમોચન થતું જ રહે છે. અગાઉ લેખકો-પ્રકાશકો એ વાતને એટલું મહત્ત્વ નહોતા આપતા. પુસ્તક પોતાના સત્ત્વ થકી જ પ્રસ્થાપિત થાય એવો દૃઢ વિશ્વાસ ઉભય પક્ષે પ્રવર્તતો હતો. આજે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. માધ્યમોના પ્રબળ વર્ચસ્વ તથા ગળાકાપ સ્પર્ધાના આ યુગમાં ગ્રાહકો સુધી પહોંચવા માટે પ્રબળ પુરુષાર્થ કરવો પડે છે. ચીજવસ્તુના ઉત્પાદન સાથે એના વેચાણ-વિતરણ માટે વિવિધ તરકીબો કામે લગાડવી પડે છે. પુસ્તકો પણ તેનાથી બાકાત નથી રહ્યાં. પ્રકાશન નિમિત્તે નાના મોટા વિવિધ પ્રકારના કાર્યક્રમો નાના મોટા સભાગૃહોમાં યોજાતા રહે છે. વધુ શ્રોતાઓને આકર્ષવા માટે Star Attraction તરીકે કોઈ કહેવાતી મહાન હસ્તીને નિમંત્રવામાં આવે છે. વધુમાં વિમોચન બાદ ગીત-સંગીતનો, નાટયાત્મક રજૂઆતનો તથા એવા વિધવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. આ બધાંની સવળી અસર પુસ્તકોના વેચાણ પર થતી હશે કે નહિ એ ચર્ચાનો વિષય છે. લોકપ્રિય વક્તાને સાંભળવા તથા ગીત-સંગીત-નાટ્યકૃતિને માણવા આવેલા શ્રોતાઓમાંથી ખરેખરા પુસ્તકપ્રેમીઓ કેટલા એનો હિસાબ લગાવવો મુશ્કેલ છે. તેમ છતાં આયોજકોને પક્ષે આ પ્રકારના સમારંભો પ્રચાર-પ્રસાર માટે અનિવાર્ય બની રહે છે. વધુમાં તેનો ખર્ચ લેખક-પ્રકાશક નહીં પણ ત્રીજી ત્રાહિત વ્યક્તિ ઉઠાવતી હોય છે.

આ પ્રમાણે દામ આપીને નામ કમાઈ લેવા તત્પર શુભેચ્છકોની ક્યારેય ખોટ નથી હોતી. આ બધી તરકીબો રચીને તથા મોટી જાહેરાતો છપાવીને પણ શ્રોતાઓ સભાગૃહ છલકાવી દે એવું કવચિત જ બને છે. અને તેમ થાય તો પણ પુસ્તકોના વેચાણ પર તેની સવળી અસર પડી હોય, એવું પણ જોવામાં આવતું નથી. અલબત્ત, આમાં અપવાદ હોઈ શકે.

ધનવંતભાઈ, પુસ્તકોના લોકાર્પણના આ કાર્યક્રમો વિશે અત્રે લખવાનું પ્રયોજન એ જ કે શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો ઉપરોક્ત કાર્યક્રમ સામાન્ય રીતે મુંબઈમાં તેમજ અન્યત્ર એ પ્રકારના યોજાતા કાર્યક્રમોથી સાવ અલગ હતો. કોઈ એક લેખકના સાત ગ્રંથો એક સાથે પ્રકાશિત થતા હોય એ એક જવલ્લે જ જોવા મળે તેવી ઘટના છે. વધુમાં એ પુસ્તકો પ્રકાશિત કરનાર કોઈ ધંધાદારી પ્રકાશન સંસ્થા નહીં પણ એક સામાજિક સંસ્થા હોય. એક નહીં પણ અનેક જ્ઞાનીઓ, વિદ્વાનો અને સામાજિક કાર્યકરો વગેરે આ પ્રકાશન સમારંભમાં મહેમાન તરીકે પધાર્યા હતા. કાર્યક્રમને આરંભે પંદરમી ઑગસ્ટ હોઈ રાષ્ટ્રગીત જન ગણ મન પછી પ્રાર્થનારૂપે ભક્તિ-સંગીત રજૂ થયું હતું. સ્વ. રમણભાઈ શાહના જીવન-કવન વિશે એક સુંદર ફિલ્મ પણ રજૂ થઈ હતી, તેમ છતાં દશ્ય-શ્રાવ્યનું એવું કોઈ આકર્ષણ નહોતું જેના થકી શ્રોતાઓની અમુક હાજરીની ધરપત રાખી શકાય. બીજું, આ કાર્યક્રમ નિમંત્રિતો માટે જ હતો. છાપાંઓમાં તેની કોઈ જાહેરાતો છાપી નહોતી. 'વહેલો તે પહેલો'ના ધોરણે નિમંત્રણપત્રો વહેંચવામાં આવ્યા નહોતા. તમે તો શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો તથા 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકો તથા વાચકો તથા અન્ય શુભેચ્છકોને નિમંત્રણપત્રો મોકલાવ્યા હશે. બીજું આ કાર્યક્રમ જાહેર રજાને દિવસે સાંજે નહીં પણ સવારે રાખ્યો હતો. સામાન્ય રીતે વધારે શ્રોતાઓની અપેક્ષાએ આ પ્રકારના કાર્યક્રમો શનિવારે મોડી સાંજે, જાણીતા સભાગૃહોમાં યોજાતા હોય છે.

હું ઘરેથી નીકળ્યો ત્યારે એવી અપેક્ષા સાથે નીકળ્યો કે માંડ બસો-ત્રણસોની હાજરી હશે. વિદ્વદ્વર્ય સ્વ. રમણભાઈના વિદ્વતાપૂર્ણ પ્રકાશનોમાં રસ લેનારા કેટલા ?

ધનવંતભાઈ, નવ વાગ્યે બિરલા માતુશ્રી સભાગૃહ પર પહોંચ્યા ત્યારે બહાર લગાવેલા કાઉન્ટરો પર રમણભાઈના પુસ્તકો જોવા-લેવા-ઓર્ડર આપવા માટે પડાપડી કરતા પુસ્તપ્રેમીઓને જોઈ કોઈ સ્વપ્ન જોતો હોઉં એવું લાગ્યું. મારે તેમનાં પુસ્તકો પર એક નજર નાંખવી હતી, પણ જે રીતે ત્યાં તે જોવા માટે (ભાઈઓ ઓછા અને બહેનો વધારે) ઉત્સુક વ્યક્તિઓ હાજર હતી તે જોઈ મેં નક્કી કર્યું કે કાર્યક્રમને અંતે હું પુસ્તકો જોઇશ. પણ ખરેખર તો ત્યારે પણ તે શક્ય નહિ બન્યું. દોઢ વાગ્યે જ્યારે કાર્યક્રમ પૂરો થયો ત્યારે ભોજનનો વખત થયો હોવા છતાં રસિક શ્રોતાઓ પુસ્તકોની ખરીદીમાં વ્યસ્ત હતા!

કાર્યક્રમની શરૂઆત તમે નિમંત્રણપત્રમાં લખ્યા મુજબ બરાબર સાડા નવે કરી. રંગમંચની સુચારુ સજાવટ ધ્યાન ખેંચે તેવી હતી. વચ્ચે ગાયકવૃંદ માટે જગ્યા રાખીને બંને બાજુએ ઊભા કરેલા પોડિયમનો ઉપયોગ તમે અને બહેન શૈલજા શાહ ઔચિત્યપૂર્વક કરતા રહ્યા. સ્વાતંત્ર્યદિન હોવાથી કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રગીતથી થાય એ યથાયોગ્ય ગણાય. તે પછી અલકાબેન શાહે તેમના સાથીઓ જોડે રજૂ કરેલા પ્રાર્થનાં-ભજનો ભાવ અને સંવેદના જગાડવા સક્ષમ હતા. તેમાં પણ છેલ્લે તેમણે રજૂ કરેલી કરસન માણેકની રચના 'જીવન અંજલિ થાજો' એ જાણે, જેમના માનમાં આ સમારંભ યોજાયો હતો તે પૂ. રમણભાઈના સાર્થક જીવનનો પડઘો પાડતી હતી. પ્રાર્થના-ભજનો દ્વારા ઉચિત વાતાવરણ રચાયું. પણ જેને ખરેખર take of કહી શકાય, જેના થકી શ્રોતાઓ-પ્રેક્ષકો વિષયના હાર્દમાં પ્રવેશે તે હતી ડૉ. રાકેશભાઈ ઝવેરીની પ્રેરણાથી શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ-ધરમપુર દ્વારા તૈયાર થયેલી. સ્વ. રમણભાઈ વિશેની દસ્તાવેજી ફિલ્મ. 'ડૉ. રમણલાલ ચી. શાહ વ્યક્તિ અને શબ્દ', એ શીર્ષકથી તૈયાર થયેલી આ ફિલ્મ દશ્ય-શ્રાવ્ય કળાનો કસ કાઢીને બનાવેલી હતી. આ ફિલ્મ તૈયાર કરનારાઓએ ક્યાંય પોતાના નામ જણાવ્યા નહોતા, તેમનું કામ જ બોલતું હતું. અદ્યતન ઉપકર્ણો-ટેકનિક તથા કલાદષ્ટિનો ઉચિત ઉપયોગ કરીને તેમાં ધાર્યું નિશાન સિદ્ધ થતું અનુભવાતું હતું. અલ્પ સામગ્રી છતાં ફિલ્મ બનાવનારાઓએ રમણભાઈના મેઘધનુષી વ્યક્તિત્વને પરદા પર સાકાર કરી બતાવ્યું હતું. રમણભાઈના ભાતીગળ જીવનની વિવિધતા તથા સૌંદર્યમયતાને સાત રંગોના રૂપક દ્વારા આ ફિલ્મમાં જીવંત બનાવવામાં આવી હતી. ફિલ્મની સર્જકતાને લીધે જ ઉપસ્થિત શ્રોતાવૃંદ તેમના પ્રિય રમણભાઈને નજીકથી જાણી શક્યા હતા.

પુસ્તક વિમોચનના વિધિ માટે તેની સાથે સંકળાયેલી વ્યક્તિઓને માટે મંચવ્યવસ્થા કરવા પડદો થોડો વખત બંધ રખાયો, પણ તે વખતે પાર્શ્વભૂમાંથી રમણભાઈના પર્યુષણ પર્વ નિમિત્તે અપાયેલા વક્તવ્યની સી.ડી. મૂકીને રમણભાઈના શબ્દોનો લાભ અપાયો. સાત ગ્રંથો અને પ્રવચનોની સી.ડી.ના લોકાર્પણ માટે બહુ જ ઉચિત રીતે તમે રમણભાઈના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલા પી.એચડી.ના સૌથી પહેલાં અને સૌથી છેલ્લા બે વિદ્યાર્થીઓ ડૉ. સરયુબહેન મહેતા અને ડૉ. રાકેશભાઈ ઝવેરી-જૈન સમાજની અત્યંત સન્માનીય અને સમર્થ વ્યક્તિઓને પસંદ કરી તમે બધાંએ સમારંભને વિશેષ ગૌરવપ્રદ બનાવ્યો. પોતાના વિદ્યાગુરુના ગ્રંથનું શિષ્યો લોકાર્પણ કરે એ અનોખી આનંદપ્રદ ઘટના છે. ડૉ. સાગરમલ જૈન, બનારસ યુનિવર્સિટીના નિવૃત્ત કુલપતિ અને બધાં જ સંપ્રદાયને સન્માનીય અને અનેક પૂ. સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકાના ગુરુ, આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર વિદ્યાપુરુષ છે. એ જ રીતે પદ્મશ્રીની ઉપાધિ પ્રાપ્ત કરી સમસ્ત ગુજરાતને ગૌરવ અપાવનાર દેશ-વિદેશમાં

વ્યાખ્યાનો દ્વારા જૈન ધર્મનો પ્રસાર કરનાર પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ, સાચા વૈષ્ણવ અને શ્રાવકજન કરુણાના ક્ષેત્રે અભૂતપૂર્વ કાર્ય કરનાર આંખના ડૉ. પૂ. રમણીકલાલ દોશી, જૈન સમાજમાં દાનના અને કરુણાના ક્ષેત્રે દાનની ગંગા વહાવનાર પૂ. દીપચંદભાઈ ગાર્ડી અને સુશ્રાવક સી. કે. મહેતા સાહેબ અને ધર્મ ક્ષેત્રે સાધક, સાયલા શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમના પૂ. ભાઈશ્રી નલિનભાઈ કોઠારી, તેમજ રમણભાઈ માટે અંતરની લાગણી વહાવનાર સાધુ મહાનુભાવો પધાર્યા. આ સર્વ મહાનુભાવોને મંચ ઉપર એક સાથે જોવા એ એક લહાવો હતો. ઉપરાંત દાદાજી રમણભાઈના વ્હાલસોયા પૌત્ર ચિ. અર્ચિતે તો પોતાના વક્તવ્યથી સર્વને અભિભૂત કરી દીધા.

રમણભાઈના સાત પુસ્તકોના વિમોચન માટે સાત વ્યક્તિઓ પસંદ કરાઈ હતી, આ સાત મહાનુભાવોને ઉચિત રીતે જ ધનવંતભાઈ તમે 'સપ્તર્ષિ' તરીકે ઓળખાવ્યા હતા. તેમાં સંત મહાત્મા તથા વિદ્વદ્‌વર્યો તથા શ્રેષ્ઠીઓ પણ હતા. સ્વ. રમણભાઈના વ્યક્તિત્વ તથા કૃતિત્વને નજીકથી જાણનારી આ વ્યક્તિઓએ પોતપોતાના વક્તવ્યો થકી પોતાનો તે માટેનો અધિકાર સિદ્ધ કર્યો હતો. તમામે તમામ વક્તાઓએ પ્રમાણભાન જાળવીને પ્રસંગોચિત સુંદર વક્તવ્યો આપ્યા. દરેકના વક્તવ્યનું કેન્દ્ર હતું, રમણભાઈ. સભામાં ઉપસ્થિત તમામ લોકોને સ્વ. રમણભાઈનો પ્રત્યક્ષ તથા પરોક્ષ પરિચય હતો જ. તેથી જ તેઓ આ કાર્યક્રમમાં પધાર્યા હતા. તેમ છતાં પ્રત્યેક વક્તાએ જે કંઈ વાતો કહી તે દ્વારા પરિચિત રમણભાઈનું કોઈ ને કોઈ અજાણ્યું પાસું ઊઘડતું હતું, જે દ્વારા તેમના સભર વ્યક્તિત્વનો સહુને ખ્યાલ આવી શકે.

આ મહાનુભાવોએ રમણભાઈના સપ્તરંગી વ્યક્તિત્વમાંથી કોઈ ને કોઈ રંગ પ્રગટ કરી આપ્યો. ધનવંતભાઈ, તમે આ વક્તાઓના વક્તવ્યો ધ્વનિમુદ્રિત કર્યા જ હશે જેનો લાભ 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો તથા રમણભાઈના ચાહકોને ક્યારેક તો મળશે જ. હું અત્રે પ્રત્યેક વક્તાના વક્તવ્યનો સાર આપવાની ચેષ્ટામાં નથી પડતો. આટલું મોટું આયોજન હોય તથા આટલા બધાં બોલનારાઓ હોય ત્યારે છેલ્લે સમયની તાણ વરતાય એ પણ સ્વાભાવિક છે. તેથી છેવટના વક્તાઓને સમય ઓછો મળ્યો તથા પૂ. તારાબેન શાહને બોલવાનો જ અવકાશ ન મળ્યો એ વાત ખટકે એવી છે. તેમ છતાં સમગ્ર કાર્યક્રમનો વિચાર-વિભાવ તથા તેનું આયોજન સો ટકા સફળ રહ્યા એ વાતમાં કોઈ અસંમત નહીં થાય.

તમે મને સ્ટેજ ઉપર બેસાડ્યો હતો તેથી હું સ્પષ્ટપણે જોઈ શક્યો કે સભાગૃહની કોઈ ખુરશી ખાલી નહોતી અને ઘણા ભાઈબહેનોને ઊભા ઊભા કાર્યક્રમ નિહાળવો પડ્યો હતો. અને બધા જ શ્રોતાઓ છેવટ સુધી બેઠા રહ્યા હતા. એટલે કે સાડા નવથી દોઢ, ચાર કલાક તેમણે કાર્યક્રમની મજા માણી હતી. મેં અહીં 'મજા માણી હતી' શબ્દોનો પ્રયોગ જાણી જોઇને કર્યો છે. કારણ અહીં ઉપસ્થિતિ પ્રત્યેક શ્રોતા સ્વેચ્છાથી પોતાના આદરણીય રમણભાઈને ભાવાંજલિ આપવા આવ્યો હતો. ઘણાં બધાં શ્રોતાઓ બહારગામથી પણ આવ્યાં હતાં. સંખ્યાબંધ પુસ્તકો લખીને સંખ્યાબંધ કાર્યક્રમો યોજનારાઓમાંથી કોઈ પણ જો આ સમારંભમાં ઉપસ્થિત રહ્યું હોત તો તે જોઈ-જાણી શક્યું હોત કે લેખક અને ભાવકનો હૃદયગત સંબંધ છે. કોઈ લેખક વાચકના દિલમાં વસી ગયો હોય તો તેને માટે કંઈ પણ વેઠવા તૈયાર હોય છે. તેને કોઈ પ્રલોભનની જરૂર પડતી નથી.

પૂ. રમણભાઈએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ તરીકે તથા પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રમુખ તથા 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે દાયકાઓથી પૂર્ણ સમર્પિત તથા દૃષ્ટિસંપન્ન નેતૃત્વ સ્વીકારીને પુરોગામીઓની પરંપરા તથા અપેક્ષાઓને અનુરૂપ વાતાવરણ રચ્યું હતું તેનું સુફળ ૧૫ ઓગસ્ટના ઉપરોક્ત કાર્યક્રમમાં જોઈ શકાતું હતું. અન્યથા વ્યસ્ત અહીં ઉપસ્થિત તમામ ભાઈ-બહેનો તત્ત્વ અને સત્ત્વ પ્રત્યેની પોતાની પ્રીતિ તથા પ્રતિબદ્ધતા પ્રગટ કરવા આવ્યા હતા. એટલે કે સત્ત્વશીલ વાંચન પ્રત્યેની તેમની નિષ્ઠા તેમાં જોવા મળતી હતી. રસ અને રુચિને કેળવાતા વર્ષો લાગે છે. 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા થકી તમે બધાંએ તમારો એક વાચકવર્ગ તૈયાર કર્યો છે. સામાજિક તથા ધાર્મિક સંસ્થાઓ તો ઠીક આપણી પ્રકાશન સંસ્થાઓ તથા સાહિત્યિક સંસ્થાઓ પણ તેમ કરી શકી નથી.

વિપરિત પરિબળોની વચ્ચે અનોખો જ્ઞાનયજ્ઞ યોજી તમે સર્વેએ પ્રજ્વલિત કરેલી જ્યોત હંમેશાં દીપ્તિમાન રહેશે એ વાતમાં લગીરે શંકા નથી.

તમારી તથા સહુની ક્ષેમકુશળતાની પ્રાર્થના સાથે.

કાન્તિ પટેલના સાદર પ્રણામ

* * *

૩૦૪, મધુવન, મહાત્મા ગાંધી રોડ, કાલા હનુમાન મંદિર પાસે, કાંદિવલી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૬૭.


## સંઘનાં પ્રકાશનો

**સંઘ તરફથી નીચેનાં પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં છે :**

| | | | |
|---|---|---|---|
| (૧) | પાસપોર્ટની પાંખે-૩ | રમણલાલ ચી. શાહ | રૂા. ૨૦૦-૦૦ |
| (૨) | ગૂર્જર ફાગુસાહિત્ય | ,, | રૂા. ૧૦૦-૦૦ |
| (૩) | વીરપ્રભુનાં વચનો | ,, | રૂા. ૧૦૦-૦૦ |
| (૪) | સાંપ્રત સહચિંતન ભાગ-૧૫ | ,, | રૂા. ૮૦-૦૦ |
| (૫) | જિન તત્વ ભાગ-૮ | ,, | રૂા. ૫૦-૦૦ |
| (૬) | આપણા તીર્થંકરો | તારાબહેન ર. શાહ | રૂા. ૧૦૦-૦૦ |
| (૭) | જૈન ધર્મનાં પુષ્પગુચ્છ | ડૉ.બિપિનચંદ્ર હી. કાપડિયા અને ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૧૦૦-૦૦ |
| (૮) | સંસ્કૃત નાટકોની કથા ભાગ ૧ | પ્રો. તારાબહેન ર. શાહ | રૂા. ૧૦૦-૦૦ |
| (૯) | ડૉ. રમણલાલ ચી. શાહ સાહિત્ય સૌરભ-ગ્રંથ ૧ થી ૭ | | રૂા. ૧૮૫૦-૦૦ |

# 'હળવી પળોમાં...'

□ ડૉ. રણજિત પટેલ

થોડાક દિવસ પહેલાં મારા વાંચવામાં એક અંગ્રેજી પુસ્તક આવ્યું. પુસ્તકનું નામ છેઃ 'Thousand days with Rajaji'. લેખકનું નામ ચોક્કસ ખબર નથી પણ એસ.કે. બેનરજી જેવું છે જે રાજાજી જ્યારે સ્વતંત્ર ભારતના ગવર્નર જનરલ હતા ત્યારના તેમના મિલિટરી સેક્રેટરી હતા. આ પુસ્તકમાં એક એવો પ્રસંગ આવે છે કે જે વાંચીને મને બંનેય પક્ષ માટે અહોભાવ ને અઢળક આનંદ થયો.

પ્રસંગ એવો છે કે ગવર્નર જનરલ સાહેબનો રસાલો એક સમારંભમાં જઈ રહ્યો હતો. વચ્ચે રેલ્વે-ફાટક આવે. ગાડી આવવાનો સમય હતો એટલે ફાટક પર જે કર્મચારીની ફરજ હતી તેણે રેલ્વે ફાટક બંધ કરી દીધેલ. ગવર્નર જનરલ સાહેબને સમયની કટોકટી હતી એટલે એમના સેક્રેટરીએ ફાટક પરના ક્રમચારીને ફાટક ખોલી દેવાનું કહ્યું. કર્મચારીએ સ્પષ્ટ કહી દીધું કે ગાડી છૂટી ગઈ છે, મારાથી ફાટક ખોલી શકાશે નહીં. સેક્રેટરીએ ઘણો બધો આગ્રહ કર્યો પણ ફાટકનો ઝાંપો ન ખૂલ્યો તે ન જ ખૂલ્યો. ગાડી પસાર થઈ ગઈ એટલે ઝાંપો ખૂલી ગયો. ગવર્નર જનરલ રાજાજી આ કર્મચારીની ફરજ નિષ્ઠા, કર્તવ્યનિષ્ઠા પર એટલા બધા પ્રસન્ન થયા કે જે તે ખાતાને એને 'પ્રમોશન' આપવાની ખાસ ભલામણ કરી.

આવો જ બીજો કિસ્સો જહોન કેનેથ ગાલબ્રીથનો વાંચવામાં આવ્યો. ગાલબ્રીથ યુ.એસ. એમ્બેસેડર હતા. વડા પ્રધાન જવાહરલાલના અંગત મિત્ર હતા. ભારતના શુભેચ્છક હતા. વિશ્વના મોટા અર્થશાસ્ત્રી હતા. સને ૧૯૯૧માં ભારતે એમને પદ્મવિભૂષણનો એવોર્ડ આપી સન્માન્યા હતા. આ કિસ્સો બન્યો ત્યારે અમેરિકાના પ્રમુખ લિંડન જ્હોન્સન હતા.

ગાલબ્રીથ આરામ કરતા હતા. એમની સેક્રેટરીને કડક સૂચના આપવામાં આવેલી કે કોઇનો પણ ફોન આવે તો મને જગાડશો નહીં. તાકડે બન્યું એવું કે પ્રેસિડેન્ટ સાહેબને કોઈ બાબતમાં ગાલબ્રીથની સલાહની જરૂર જણાઈ એટલે ફોન કર્યો. સેક્રેટરીએ જણાવ્યું કે સાહેબ આરામ ફરમાવે છે. પ્રેસિડેન્ટે કહ્યું કે હું અમેરિકાનો પ્રેસિડેન્ટ ખૂદ બોલી રહ્યો છું. સેક્રેટરીએ કહ્યું: 'મિસ્ટર પ્રેસિડેન્ટ `I work for him, not for you.' આ ડ્યૂટી, કર્તવ્યપાલન, આ લોકશાહી.

ગાલબ્રીથ સાહેબ ઊઠ્યા એટલે પ્રેસિડેન્ટ સાહેબે બીજી વાત કરવાને બદલે આનંદવિભોર બની આમ કહ્યું: `Tell that woman, I want her here in the White House.' 'આ કર્તવ્યનિષ્ઠા ને આ કદરદાની. રાષ્ટ્રીય ચારિત્ર્યનો આ યક્ષ-પ્રશ્ન છે. કર્તવ્યની આવી ભાવના આપણામાં ક્યારે આવશે ?

(૨)

આ ઘટના ચરોતરના બે ગામના પટેલોની છે. એક ગામના સુખી ઘરનો પટેલ યુવક મેટ્રીકમાં ભણે. આજથી અર્ધી સદી પૂર્વે, અંગ્રેજી સાતમા ધોરણને મેટ્રીક કહેતા. અને બીજા ગામની સુખી ઘરની પટેલ દીકરી પણ મેટ્રીકમાં ભણે. દીકરીના બાપને પેલો મેટ્રીકમાં ભણતો છોકરો ખૂબ ગમી ગયેલો-દીકરીના બાપે એને જમાઈ બનાવવા ખૂબ પ્રયત્ન કર્યા પણ છોકરાનો બાપ દાદ ન દે. દીકરીના બાપે એક એવો નુસ્ખો અજમાવ્યો કે આપણી કલ્પનામાં ન આવે. દીકરીના બાપના એક ખાસ સ્નેહી યુનિવર્સિટીમાં સીનિયર લેક્ચરર ને મેટ્રીકની પરીક્ષામાં અમુક વિષયમાં પેપર સેટર અને હેડ મોડરેટર પણ. ત્યારે બધા વિષયના અધ્યક્ષો અને મોડરેટરોને પરીક્ષા ચાલે ને પરિણામ આપી દેવાય ત્યાં સુધી પૂનામાં રહેવું પડતું. દીકરીના બાપના ભાઇબંધ ભારે ખટપટિયા ને વગદાર પણ. એમણે બે-ત્રણ વિષયના ચીફ મોડરેટરો સાથે ગાઢ સંબંધ કેળવ્યો ને એ લોકોને વિશ્વાસમાં લઇ એવું નક્કી કર્યું કે મેટ્રીકની પરીક્ષામાં બેસનાર પેલા છોકરાને એક-બે સાલ સુધી નાપાસ કરવો જેથી એ છોકરાનું અવમૂલ્યન થાય અને લગ્ન માટે સંમતિ આપે. આ કેવડો મોટો ગુનો ગણાય અને અ-માનવીય વ્યવહાર પણ...છોકરો તેજસ્વી હતો પણ એને બે વાર નિષ્ફળતા મળી એટલે એણે ભણવાનું જ માંડી વાળ્યું અને આખરે નોન-મેટ્રીક છોકરા સાથે પેલી મેટ્રીક પાસ છોકરી રંગેચંગે પરણી ગઈ.

આવો જ એક બીજો કિસ્સો. બે છોકરીઓ એક જ છોકરાને ચાહે. બેમાંની એક ચબરાક છોકરી પરીક્ષકનું સરનામું મેળવી ધૃષ્ટતાપૂર્વક એને ઘરે પહોંચી ગઈ અને પરીક્ષકને નફ્ફટાઇથી કહ્યું, 'તમો આ નંબરવાળી છોકરીને નાપાસ કરો તો તમો માગો તેટલી રકમ આપું:'

પ્રથમ તો પરીક્ષકને એ છોકરીને ધમકાવીને કાઢી મૂકવાનો વિચાર આવ્યો પણ પછી આ કોયડાનું રહસ્ય જાણવા એમણે સિફ્તથી એ છોકરીને કહ્યું: 'લોકો પાસ કરાવવા માટે સાચી ખોટી ભલામણો લઇને આવે છે જ્યારે તું અમુક નંબરવાળી છોકરીને નાપાસ કરાવવાની ભલામણ લઇને કેમ આવી છે ?' તો કહે : 'મારા કરતાં, એક છોકરો, મારી બહેનપણીને વધુ પ્રેમ કરે છે જો આમ ને આમ ચાલે તો કૉલેજમાં એ લોકો વધુ નજીક આવે ને હું રહી જાઉં એને બદલે જો મારી બહેનપણી (?) નાપાસ થાય તો કૉલેજમાં આવી ન શકે ને હું એ છોકરાને મારો બનાવી શકું.' પરીક્ષકે આવો વિશ્વાસઘાત કરવા બદલ એને ધમકાવીને કાઢી મૂકી. આ બંને ઘટનાઓ સો ટકા

નહીં પણ સવાસો ટકા સાચી છે.

(૩)

આ કિસ્સો સને ૧૯૫૩નો છે જ્યારે હું નડિયાદની સી. બી. પટેલ આર્ટસ ઈન્સ્ટીટ્યુટ અને જે.જે.કૉલેજ ઓફ સાયન્સમાં ગુજરાતીનો પ્રોફેસર ને અધ્યક્ષ હતો. બી.એ.ના એક પટેલ વિદ્યાર્થીએ એક પેપરમાં જે તે વિષયને લગતું લખવાને બદલે તત્કાલીન પ્રચલિત સિનેમાનાં લગભગ વીસેક ગીતો લખેલાં ! ને ઉત્તરવહીને અંતે પરીક્ષકને કૃપાદૃષ્ટિ દાખવવાની યાચના કરેલી. ઉત્તરવહીઓ તપાસી રહ્યા બાદ મેં એ બિરાદરને બોલાવીને એની તેજ સ્મરણશક્તિ માટે ધન્યવાદ આપ્યા, કેમ જે એ બધાં ગીતો નખશિખ શુદ્ધ હતાં પણ મેં જ્યારે એને પૂછ્યું કે ગુજરાતી સાહિત્યના ઇતિહાસને બદલે તેં સિનેમાનાં આ ગીતો કેમ લખ્યાં છે ? તો એણે ત્રણ કારણો કહ્યાં...પ્રથમ, મેં વાંચ્યું જ નથી, બીજું, કેટલાક પરીક્ષકો શું લખ્યું છે તે જોતા નથી પણ કેટલું લાંબુ લખ્યું છે તે જોઇને ગુણ મૂકે છે ને ત્રીજું મારે ઉપાધિ લઇને શું કરવાનું ? આમે ય હું આફ્રિકા જનાર છું ત્યાં અમારો ધંધો છે. એના બીજા કારણમાં કંઈક તથ્ય હતું. એક યુનિવર્સિટીમાં, એલએલ.બી.ની પરીક્ષા માટેના જ્યુરીસ્પ્રુડન્સના પેપરમાં પરીક્ષાર્થીએ વિષયને બદલે શેક્સપિયરના મરચન્ટ ઓફ વેનિસ નાટકનો પ્લોટ આલેખેલો ને છતાંય એ પ્રશ્નમાં એને સારા માર્ક્સ મળેલા !

(૪)

એક મોટી એન્જિનિયરીંગ કંપનીના જનરલ મેનેજર સાહેબ મારા પરમ મિત્ર. આમ તો વયમાં મારાથી પંદર વર્ષ મોટા. વયમાં ને પદમાં મોટા-પણ મારી સાથે સમોવડિયાનો વ્યવહાર રાખે. હું ૬૦ વર્ષે નિવૃત્ત થયો, તેઓ પંચોતેર વર્ષે, એકવાર મારે ઘરે આવીને કહે: 'અલ્યા અનામી ! આપણે બંનેય રીટાયર થયા. તું તો તારી ડોશીનું ડાચું જોઇનેય દા'ડા કાઢીશ, પણ મારા દા'ડા કેમના જશે ? મારા એ મિત્ર માંડ પિસ્તાલીસે વિધુર થયેલા ને દીકરાની વહુ સારી રીતે સાચવતી હતી. પણ આખી જિન્દગી દરરોજ બાર-પંદર કલાક કામ કર્યું હોય તે આવી પડેલી નિવૃત્તિમાં શું કરે ? મેં મજાકમાં કહ્યું: 'જો ડોશીનું ડાચું જોઇને જ દા'ડા જતા હોય તો હું તમારે માટે એવી કંઈક ગોઠવણ કરું. સ્હેજ ઉશ્કેરાઈ જઇને કહે: 'અલ્યા ! આ ઉંમરે તું મને ગધેડે બેસાડવા માગે છે ? ધોળામાં ધૂળ નાખવી છે ?' પછી મેં કહ્યું: 'જો સમય ન જતો હોય તો ગીતા વાંચો.' ગીતાનું નામ સાંભળતાં જ કહે: 'મેલ દેવતા ત્હારી ગીતામાં. મને એ દીઠી ગમતી નથી.' મેં કહ્યું: 'કાકા ! ગીતા જેવા પવિત્ર ધર્મગ્રંથ માટે આવું ન બોલાય.!' એટલે એ શાન્ત રહ્યા.

એકવાર હું ગંભીર રીતે માંદો પડ્યો. મેનેજર સાહેબ મને જોવા આવ્યા. એમની રમુજી પ્રકૃતિ પ્રમાણે કહે: 'અલ્યા અનામી ! હવે તો તું જવાનો. ત્હારી શોકસભા પણ થવાની. મારે એમાં કંઈક બોલવું પડવાનું. એક કામ કર, મારે શું બોલવું તે લખી આપીને પછી જા.' દશ બાર દિવસમાં હું તો સાજો થઈ ગયો પણ એ વાતને માંડ એક માસ વિત્યો હશે ત્યાં સાંજના બાથરૂમમાં જતાં તેઓ ગબડી પડ્યા, નસ તૂટી ગઈ ને માંડ પાંચ-દશ મિનિટમાં પ્રાણ પંખેરું ઊડી ગયું. એમની શોકસભા સૂરજબા હૉલમાં રાખેલી. મારે બોલવાનું થયું. મારું પ્રથમ વાક્ય હતું: 'વિધિની કેવી ક્રૂર વક્રતા છે કે કાકા મારી શોકસભામાં બોલનાર હતા, તેને બદલે મારે એમની શોકસભામાં બોલવું પડે છે.'

(૫)

આ અમારા રાવજીકાકા એ પણ અદ્ભુત 'કેરેક્ટર' છે. નજીકના કે દૂરના-કોઇને પણ ત્યાં અવસાન થાય એટલે રાવજીકાકા ત્યાં પહોંચી જવાના ને તત્ત્વજ્ઞાનની સુફિયાણી ભાષામાં આશ્વાસન આપવાના: જુઓ ભઇલા ! આ સંસાર અસાર છે. પાણીના પરપોટા જેવું જીવન ક્ષણ-ભંગુર છે. દેહ મરે છે, આત્મા તો અમર છે. સાચી વાત તો એ છે કે આ મર્ત્યજીવન જ વિકૃતિ છે. જીવાત્માની સાચી પ્રકૃતિ તો મૃત્યુ જ છે. વિકૃતિનો શોક હોય, પ્રકૃતિનો તો હર્ષ હોવો જોઇએ. આત્મા પરમાત્મામાં વિલીન થઈ ગયો એના જેવું રૂડું શું ? વગેરે વગેરે.

થોડાક સમય બાદ રાવજીકાકાનાં શારદાબેન ગયાં ! ને રાવજીકાકાના સંયમના બધા જ બંધ તૂટી ગયા. ન્હાના બાળકની જેમ પોકે પોકે રડે. જે લોકોને રાવજી કાકાના આશ્વાસનનો અવસર સાંપડેલો તે બધા જ રાવજીકાકાના શબ્દોમાં આશ્વાસન આપે પણ રાવજીકાકાની પોકો બંધ ન થાય. કોઇકે કહ્યું પણ ખરું કે રાવજીકાકા 'તમો અમને આશ્વાસન આપનાર ને આજે તમારી આ દશા !' તો રાવજીકાકા કહે: 'ભઇલા ! એ વખતે તો તારી ઘરવાળી મરી ગઈ હતી. મારી શારદા તો અખોવન હતી...પણ આજે તો શારદા જતાં, હું લૂંટાઈ ગયો, પાયમાલ થઈ ગયો...મારા પર આખું આકાશ તૂટી પડ્યું છે !

(૬)

મારા એક અધિકારી મિત્રનું વજન પ્રમાણમાં ખૂબ ઓછું ! માત્ર ૧૦૨ કીલો ! એકવાર તેઓ મારે ઘરે પધારેલા. એમને જોઈને મારા પિતાજી કહે: 'અરેરે. આ દેહને ઉચકતાં એ જીવને કેટલું બધું કષ્ટ પડતું હશે ?' આ મારા અધિકારી મિત્ર એકવાર એમને સાસરે ગયેલા. સ્ટેશનેથી ઉતરી ઘોડાગાડી કરવા ગયા. ઘોડાગાડીવાળાને પૂછ્યું: 'આવવું છે દાંડિયા બજાર ?' પ્રથમ તો ઘોડાગાડીવાળો એમની પ્રચંડ દેહયષ્ટિને જોઇ જ રહ્યો. પછી કહે: 'આવો સાહેબ ! મારો આ ઘોડો તમને જોઈ ન જાય એ રીતે ચૂપકીથી છાનામાના અંદર બેસી જાવ.'

અમારા ગામમાં એક પારસી સજ્જન દીનશા. એ વળી આ અધિકારીથી રજ માત્ર ઉતરે એવા નહીં. આગગાડીમાં એમને આડા કરીને બેસાડો તો બેસે. મોટરમાં એમને બેસવાનું થાય તો સ્વેચ્છાપૂર્વક એ બે ટીકીટ કપાવે. દીનશા અમારા ગામનો ભીમસેન. કોઈપણ જાડિયાને 'દીનશા' કહેવાનો. જાડિયાનું ઉપનામ દીનશા! રડતા બાળકને માતા કહે: 'સૂઈ જા નહીંતર હમણાં દીનશા આવશે.' આ

અધિકારી મિત્ર અને દીનશાને હું સારી પેઠે ઓળખું. દીનશા નથી, ૧૦૨ કીલોવાળા અધિકારી મિત્ર ૧૦૦ના થશે જુલાઈ-૧૫ તારીખે. મેં ખાસ એ જોયું છે કે મોટાભાગના જાડિયા, વિનોદી હોય છે. શું સ્ત્રી કે શું પુરુષ. વજનને વિનોદ સાથે જોડવા જાઉં તો જ્યોતીન્દ્ર દવે મને ખોટો પાડે.

(૭)

મારા નાના દીકરાને એને સાસરી જવાનું હતું-મહેસાણા. મૈ સાણા...જ્યાંના લોકો બધા જ શાણા હોય છે! દીકરો એની બેગ તૈયાર કરતો હતો એટલે દીકરાનાં લક્ષણ જાણનારી માતાએ સહજ પૂછ્યું: 'બેટા! સંભારી કરીને બધાં જ કપડાં લીધાં ને?' દીકરો કહે: 'બા! તું મને હજી ન્હાનો કીકો સમજે છે તે આવી નાખી દેવા જેવી બાબતોમાં સૂચના આપે છે? બધું જ ઓ.કે. છે. જરાપણ ચિંતા કરતી નહીં.'

દીકરો સાસરી ભેગો થઈ ગયો. સ્નાન કર્યા બાદ લેંઘાની જરૂર પડી. બેગ ફંફોળી તો તેમાંથી લેંઘા કે પાટલુનને બદલે બે ચણિયા નીકળ્યા. લેંઘાનાં નાડાં જોઈ 'ન્હાનો કીકો' ભરમાયો! અહીં સ્નાન કર્યા બાદ એની મા ચણિયા માટે કબાટ ફંફોળે. 'નાખી દેવા જેવી નજીવી બાબતો પણ કેટલીકવાર કેવી રમુજી, કફોડી સ્થિતિ સર્જે છે તેનું આ જીવતું જાગતું દૃષ્ટાંત છે.

(૮)

મારા બે મિત્રો વાળ કપાવવા (હેર કટ) માટે ગયા. તે સમયે 'હેર કટ'નો દર રૂપિયા પાંચનો હતો. એક મિત્રના વાળ 'નોર્મલ' હતા જ્યારે બીજા મિત્રના વાળ 'એબ-નોર્મલ'-ખાસ્સો બરડો ઢંકાય એવડા મોટા હતા-ને ગાઢા પણ. નોર્મલ વાળવાળા મિત્રને તો ખુરશીમાં બેસાડી દીધા ને કેશકર્તનકલાનું કામ શરૂ કરી દીધું પણ પેલા 'એબ-નોર્મલ'વાળા ભાઈને કારીગરે કહ્યું: 'તમારા વાળનો ને ખર્ચનો 'એસ્ટીમેટ' કઢાવવો પડશે. 'એસ્ટીમેટ? શેનો એસ્ટીમેટ?' ઉશ્કેરાઈને તેઓ બોલ્યા એટલે કારીગરે કહ્યું: 'આમ તો અમારો રેટ રૂપિયા પાંચ જ છે પણ તમારા હેર કટના રૂપિયા પચ્ચીસ પડશે.' નોર્મલ કરતાં પાંચ ઘણો વધારે ભાવ! ઘરે આવીને તેમણે મિત્ર પાસે 'નોર્મલ' કરાવી દીધા ને પછી પાંચ રૂપિયામાં કપાવી આવ્યા.

(૯)

મારા એક મિત્ર પોરબંદરની મહિલા કૉલેજમાં સંસ્કૃતના અધ્યાપક ને સંસ્કૃતના સારા કવિ પણ. એમની દીકરી અમારી મ. સા યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્રની અધ્યાપિકા. પ્રોફેસર સાહેબે જિન્દગીભર આવળ બાવળ ને લીંબડાનાં દાતણ જ કરેલાં. કાંગડી ગુરુકુળમાં રહીને ભણેલા, કદી ટુથપેસ્ટનો ઉપયોગ કરેલો નહીં. એકવાર તેઓ વડોદરે આવ્યા. વડોદરાના શ્રી કિસનસિંહ ચાવડાના બંગલે ઉતરેલા. સવારે 'ટુથબ્રશ' માટે માગણી કરી તો ભાઈ ચાવડાએ એમને બાથરૂમમાં બે ટ્યૂબ હતી તે બતાવી. જિન્દગીમાં પહેલીવાર 'ટ્યૂબ' જોઈ એટલે વાંચ્યા વિના એમણે તો હજામત માટેની ટ્યૂબનો બ્રશ પર પ્રયોગ કર્યો ને દંતમંજન શરૂ કર્યું તો મોંમાંથી સાબુનું ફીણ નીકળ્યું. પ્રોફેસર ચાવડાને કહે: 'કિસનસિંહજી! તમારે ત્યાં દાંત માટેની ટ્યૂબમાંથી સાબુનું ફીણ કેમ નીકળે છે?' ચાવડાએ પ્રત્યક્ષ પદાર્થપાઠ આપી તેમને સત્યનું અભિજ્ઞાન કરાવ્યું!

(૧૦)

હું કાંઈ આ પોરબંદરવાળા પ્રોફેસર કરતાં રજ માત્ર કમ નથી. અમારી મ. સ. યુનિ.માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના કેટલાક અધિકારીઓ આવેલાં. એમના માનમાં મોટો ભોજન સમારંભ રાખેલો. જે તે વિભાગોના અધ્યક્ષોને આમંત્રણ હતું. ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે મારે જવાનું હતું. નાટ્ય-સંગીત ફેકલ્ટીના ડીન પ્રો. ચંદ્રવદન મહેતાની પાસે હું બેઠેલો. થાળીઓમાં અનેક વસ્તુઓ હતી. એમાં એક વાટકીમાં કૈંક પ્રવાહી હતું. જમતાં જમતાં હું મહેતા સાહેબની થાળીમાં ને પડોસીની થાળીમાં જોયા કરું કે એ લોકો પેલા પ્રવાહીવાળી વાટકીમાં હાથ નાખે છે કે નહીં! જમી રહ્યા બાદ મેં મહેતા સાહેબને પૂછ્યું: 'ચંદ્રવદનભાઈ, આપણી થાળીમાં એક વાટકી એવી હતી જેમાં કૈંક પ્રવાહી હતું! તમોએ એનો તો ઉપયોગ કર્યો જ નહીં?' મને કહે: 'હે મૂરખના જામ! એ ખાદ્યપેય હતું જ નહીં. એ તો લીંબુનું પાણી હતું. ઘીતેલવાળા ચીકણા હાથને સ્વચ્છ કરવા માટેનું.' મારી મૂર્ખાઈ પર મહેતા સાહેબ જે હસ્યા છે! એમની સાથે હસવામાં હું પણ ભળેલો. જ્ઞાનને સીમા હોય છે, અજ્ઞાન અસીમ હોય છે.

(૧૧)

એકવાર પોષ મહિનાની ઠંડીમાં તસ્કરોએ અમારી સોસાયટીમાં એવો આતંક મચાવ્યો કે સવાર પડતાં તો સાત આઠ બંગલામાં બૂમાબૂમ થઈ ગઈ. લીલાબહેન કહે 'મારા સસરાનો સોનાનાં બટનવાળો રેશમી ઝભ્ભો ગયો' તો શાંતા બહેન કહે 'મારી બાથરૂમમાંની બધી જ ડોલો ગુમ થઈ ગઈ.' તો તારાબહેન કહે: 'રાતે નવ વાગે નોકરે વાસણો સાફ કરીને લૉબીમાં મૂકેલાં તેમાનું એક્કેય ન મળે.' તો કુસુમબહેન કહે: 'અમારું ફટફટિયુ ન મળે' તો કમુબહેન કહે: 'રાત્રે દશ વાગે થાકેલા પાકેલા મારા દીકરા દુકાનેથી આવેલા ને દિવસભરનો રૂપિયા ૭૨૦૦/-'નો વકરો થયેલો. એ થેલી ટેબલ પર મૂકેલી. સળીયાની કરામતથી તસ્કરો એ તફડાવી ગયા.' મેં તપાસ કરી તો ખાદીના મારા બે ઝભ્ભા ખીટીએથી ગૂમ! પણ પછી ચોકડીમાં આવીને જોયું તો ફેંદાયેલી સ્થિતિમાં તે પડેલા દીઠા. સોનાનાં બટન ખાદીના ઝભ્ભામાં ક્યાંથી હોય? ને ગજવામાં પરચુરણ પણ ન મળે. અમારી પાણીની ટાંકી બાજુ જોયું તો લુગડાંની ખાસ્સી મોટી પોટલી હતી. બે દિવસ માલિકની રાહ જોઈ-કોઈ ન આવ્યું એટલે ગરીબોને આપી દીધાં.

***

૨૨/૨, અરુણોદય સોસાયટી,
અલકાપુરી, વડોદરા-૭.

# જૈન પારિભાષિક શબ્દકોશ

ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(ગતાંકથી આગળ)

| | | | |
|---|---|---|---|
| ૨૭૬. રૂપસદ | રૂપમદનો મદ, રૂપનો અહંકાર | स्वरुप का मद/अहंकार | Beauty Puff |
| ૨૭૭. સકષાય | કષાય યુક્ત, કષાય સહિત | कषाय युक्त, कषाय सहित | With passions, Passioned |
| ૨૭૮. સકામ | ઇચ્છાપૂર્વક | इच्छापूर्वक | Voluntary, motivated |
| ૨૭૯. સચિતઅહાર | સજીવ આહાર | सजीव आहार | Green/raw vegetable, food |
| ૨૮૦. સચિત્ત,સજીવ | સજીવ, જીવયુક્ત | सजीव जीव युक्त | Living matter, Vegetable life |
| ૨૮૧. સત્ત્વ | સત્ પણુ, પદાર્થ | सत्व, पदार्थ | Animate matter |
| ૨૮૨. સદા મુક્ત | હંમેશા મુક્ત, સિદ્ધ | सदा मुक्त, सिद्ध | Ever free from bondage |
| ૨૮૩. સમકાલીન | સમકાળે થયેલ | समानकाल में हुए | Co-eval, Contemporary<br>Dining together |
| ૨૮૪. સમદૃષ્ટિ | રાગદ્વેષ રહિત અભિગમ | रागद्वेश रहित अभिगम | Trance, absolute/determinate equanimity |
| ૨૮૫. સમ્યક્ | સાચું, સત્ય | सत्य | Rational, Right, True |
| ૨૮૬. સમાધિ | મનની શાંત અવસ્થા | मन की शांत अवस्था/मन की पराकाष्ठा | Ecstasy, Trance, absolute, meditation |
| ૨૮૭. સમાધિ મરણ | સમતાપૂર્વક મૃત્ય | समतापूर्वक मृत्यु | Death whiele in meditation |
| ૨૮૮. સમ્યક્ ક્રિયા | સાચી ક્રિયા | सत्यक्रिया | Righteous activity |
| ૨૮૯. સમ્યક્ ચારિત્ર | સમ્યક્ આવરણ | सम्यक् आचरण | Right Conduct |
| ૨૯૦. સમ્યક્ જ્ઞાન | તાત્ત્વિક જ્ઞાન, સાચું જ્ઞાન | तात्त्विक ज्ञान, सत्वज्ञान | Right knowledge |
| ૨૯૧. સમ્યક્ દર્શન | સમ્યક શ્રદ્ધા, રૂચિ | सम्यक् श्रद्धा, रुचि | Right Faith, Right view, inclination, insight |

## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક વિનંતિ

સુજ્ઞશ્રી,

સાદર પ્રણામ,

આપશ્રી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રન/આજીવન સભ્ય અથવા સભ્ય કે શુભેચ્છક છો. આપને 'પ્રબુદ્ધ જીવન' નિયમતિ મળતું હશે. આપના સહકાર માટે અમે આપના આભારી છીએ.

'પ્રબુદ્ધ જીવન'ના ફેબ્રુઆરી ૨૦૦૬ના અંકમાં આ સામયિકના ઉજ્જવળ ઈતિહાસની ઝલક દર્શાવી હતી અને આ સામયિકને આર્થિક રીતે સક્ષમ કરવા ગ્રાહક યોજના પ્રસ્તુત કરી હતી, જે આ અંકમાં પણ પ્રગટ કરી છે.

ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન નીધિ'ના શીર્ષક નીચે કાયમી ફંડ માટે સમાજ સમક્ષ વિનંતિ પણ કરી છે.

આ જ્ઞાનયજ્ઞમાં અમે જણાવેલ કોઈ પણ યોજનામાં આપ સહભાગી થાવ એવી અમારી વિનંતિ છે.

**આ માટે, આપ પાછળ છાપેલું ફોર્મ ભરી, પાના નંબર ૨ પર દર્શાવેલી જે આપને યોજના અનુકૂળ લાગે એનો ઉલ્લેખ કરી આ ફોર્મ અમને પરત કરવા વિનંતિ.**

આપનો ચેક/ડ્રાફ્ટ 'SHREE MUMBAI JAIN YUVAK SANGH' ના નામે મોકલવા વિનંતિ.

આજીવન ગ્રાહક લવાજમ ભરનાર તેમજ 'પ્રબુદ્ધ જીવન નીધિ કાયમી ફંડ'માં ફાળો આપનારને આવકવેરાની કલમ 80-G અન્વયે કરમુક્ત છે, તે અંગેનું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

આપની શુભેચ્છા અમારી સાથે સર્વદા રહેશે જ. જે આ જ્ઞાનયાત્રા માટે અમને પ્રેરક બની રહેશે. ધન્યવાદ, આભાર.

☐ મેનેજર

| | | | |
|---|---|---|---|
| ૨૯૨. સમ્યક્ દૃષ્ટિ | સમ્યક્ત સમકિત, સમ્યક્ દર્શન | सम्यकत्व, समकित, सम्यक् दर्शन | Right faithed |
| ૨૯૩. સલ્લેખના | ઈચ્છામૃત્યુ, સંથારો, અણશન | इच्छा मृत्यु, संथारा, अणशन | Holy death, voluntary death, ritual death by gradual fasting |
| ૨૯૪. સાકારજ્ઞાન | વિકલ્પ મુક્ત જ્ઞાન, સવિકલ્પજ્ઞાન | विकल्प युक्त ज्ञान, सविकल्प ज्ञान | Determinate Knowledge |
| ૨૯૫. સાગારધર્મ | શ્રાવક ધર્મ, ગૃહસ્થ આચાર | श्रावक धर्म, गृहस्थ आचार | Householders religion |
| ૨૯૬. સાધક | સાધના કરનાર | साधना करनेवाला | Aspirant, Practitioner |
| ૨૯૭. સાધકતમ | મુખ્ય કારણ, સાધન | मुख्य करण | Most effective |
| ૨૯૮. સાધન/લિંગ | હેતુ, કારણ | हेतु, कारण | Prabands, reason, Causem device |
| ૨૯૯. સાધના | સાધના | साधना | Practices (for Spiritual development) |
| ૩૦૦. સાધારણગુણ | સાધારણ ગુણ, સામાન્ય ગુણ | साधारण गुण, सामान्य गुण | middle term, Instrument |
| ૩૦૧. સાધારણ વનસ્પતિ | અનેક જીવવાળી વનસ્પતિ | अनेक जीव को धारण करने वाली वनस्पति | General Common body Common plant, General Plant |
| ૩૦૨. સાધારણ શરીર | અનેક જીવોનું એક શરીર | अनेक जीवों का एक शरीर | General Property, Common Property |
| ૩૦૩. સાધુ | સાધુ, મુનિ, ત્યાગી, સંત | साधु, मुनि, त्यागी, संत | Monk, Mendicant, ascetic |
| ૩૦૪. સાધ્ય | સિદ્ધ કરવા યોગ્ય | सिद्ध करने योग्य | Conclusion, Prabandum |
| ૩૦૫. સાધ્વી | સાધ્વી | साध्वी | Nun, Female Saints |
| ૩૦૬. સામાચાર | સાધુ, સાધ્વીના આચાર | साधु–साध्वी–आचार | Ascetic Conduct |
| ૩૦૭. સામાચારી | સાધુ, સાધ્વીના આચાર | साधु–साध्वी–आचार | Monastic conduct/discipline |
| ૩૦૮. સામાન્ય | સામાન્ય | सामान्य | Generak quality, Universal, Universal entity |

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(ક્રમશ:)

પ્રતિશ્રી,

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

૩૩, મહમ્મદી મિનાર, ૧૪ મી ખેતવાડી,

એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ–૪૦૦૦૦૪.

ફોન : ૦૨૨–૨૩૮૨૦૨૯૬.

આપનો વિનંતિ પત્ર મળ્યો.

અમોને આપના 'પ્રબુદ્ધ જીવન'ના વાર્ષિક/ત્રિવાર્ષિક/પંચવર્ષીય/આજીવન ગ્રાહક/કન્યા કરિયાવર ગ્રાહક થવાની ઈચ્છા છે.

'પ્રબુદ્ધ જીવન નીધિ' કાયમી ફંડમાં અનુદાન આપવાની અમારી ભાવના છે.

આ સાથે ચેક/ડ્રાફ્ટ રૂા. .................................. ચેક/ડ્રાફ્ટ નંબર ................................................ તારીખ .......................

બેંક ........................................................ શાખા .......................................... ગામ ......................................નો સ્વીકારી

નીચેના સરનામે રસીદ મોકલવા વિનંતિ. ધન્યવાદ.

નામ અને સરનામું : ..........................................................................................

..........................................................................................

લિ......................................

# ગ્રામ સ્વરાજ સંઘ–નીલપર, કચ્છ

## (આર્થિક સહાય કરવા માટે નોંધાયેલી રકમની યાદી)

સંઘના ઉપક્રમે પર્યુષણ વ્યાખ્યાનમાળા–૨૦૦૬ દરમિયાન ગ્રામ સ્વરાજ આશ્રમ–નીલપર–કચ્છને આર્થિક સહાય કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. અમને જણાવતાં આનંદ થાય છે કે આશરે ઓગણીસ લાખથી વધુ માતબર રકમ નોંધાઈ છે. એ માટે દાતાઓના અમે ઋણી છીએ. યાદી નીચે મુજબ છે.

૧,૦૦,૦૦૦ શ્રી બિપિનચંદ્ર કાનજીભાઈ જૈન
૧,૦૦,૦૦૦ શ્રી પીયૂષભાઈ શાંતિલાલ કોઠારી અને શ્રીમતી ચંદ્રાબહેન કોઠારી
૧,૦૦,૦૦૦ શ્રી કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે: શ્રી કાંતિલાલ નારણદાસ શાહ
૫૧,૦૦૦ શ્રી કાકુલાલ છગનલાલ મહેતા
૫૧,૦૦૦ મે. અમર સન્સ (બ્રીચ કેન્ડી) હસ્તે શ્રી શામજીભાઈ વોરા
૫૧,૦૦૦ મે. નવનીત પ્રકાશન હસ્તે શ્રી ડુંગરશીભાઈ ગાલા
૫૦,૦૦૦ મે. એન્કર ઈન્ડસ્ટ્રીઝ હસ્તે સર્વશ્રી દામજીભાઈ અને જાધવજીભાઈ
૫૧,૦૦૦ શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ
૫૧,૦૦૦ મે. કોનવેસ્ટ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
૫૧,૦૦૦ શ્રી માતુશ્રી રતનબાઈ ચેરિટી ટ્રસ્ટ
૫૧,૦૦૦ શ્રી કંચનબેન પરીખ
૫૧,૦૦૦ શ્રી પ્રવીણભાઈ શાંતિલાલ કોઠારી
૩૦,૦૦૦ શ્રી પ્રવીણભાઈ અને ઉષાબેન શાહ
૩૦,૦૦૦ શ્રીમતી દયાબહેન ગીરજાશંકર શેઠ ટ્રસ્ટ
૨૫,૦૦૦ એક આત્માર્થ
૨૫,૦૦૦ શ્રી અમીચંદ આર. શાહ
૨૫,૦૦૦ મે. ન્યોટરીક ઈન્ફોમેટીક પ્રા. લિ.
૨૧,૦૦૦ શ્રી કાશીબેન સંઘરાજકા અને ડાહીબેન મોદી ફાઉન્ડેશન
૧૫,૦૦૦ શ્રી દિપીકાબહેન પંકજભાઈ શાહ
૧૫,૦૦૦ શ્રી ભણશાલી ટ્રસ્ટ
૧૨,૦૦૦ શ્રી કેશરબહેન હીરજીભાઈ શાહ–ભૂજ, કચ્છ
૧૧,૨૫૦ શ્રી પ્રમોદચંદ્ર સોમચંદ શાહ પરિવાર
૧૧,૧૧૧ સ્વ. રાકેશ ખુશાલચંદ ગડાના સ્મરણાર્થે હસ્તે શ્રી ખુશાલચંદ સોજપાર ગડા
૧૧,૦૦૦ શ્રી શર્મીબેન પ્રવીણભાઈ ભણશાલી
૧૧,૦૦૦ મે. છેડા જ્વેલ્સ હસ્તે શ્રી પન્નાલાલભાઈ છેડા
૧૧,૦૦૦ શ્રી તરલાબેન જયંતભાઈ છેડા (પ્રિન્સ પ્લાસ્ટીક)
૧૧,૦૦૦ મે. કાન્તિ કરમશી એન્ડ કું. વેલ્યુઅર્સ પ્રા. લી.
૧૧,૦૦૦ શ્રી અભિષેક અનિસ કોઠારી
૧૧,૦૦૦ શ્રી દોસ્તી ટ્રસ્ટ હસ્તે શ્રી કિશનભાઈ ગોરડિયા
૧૦,૦૦૦ શ્રી શશિકાંત મણિલાલ મહેતા
૧૦,૦૦૦ શ્રી વસંતલાલ કાંતિલાલ શાહ
૧૦,૦૦૦ શ્રી પ્રવીણભાઈ અશ્વિન મહેતા
૧૦,૦૦૦ શ્રી આશિતા એન્ડ કાંતિલાલ કેશવલાલ શેઠ ચેરિટી ટ્રસ્ટ
૧૦,૦૦૦ સ્વ. એરવડ હોરમસજી પેસ્તનજી આંટીઆ અને મિસીસ દીનામાઈ હોરમસજી આંટીઆ ટ્રસ્ટ હસ્તે શ્રી બી.એચ. આંટીઆ
૯,૦૦૦ પ્રો. તારાબેન રમણલાલ શાહ
૯,૦૦૦ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ તથા શ્રીમતી રસીલાબહેન રસિકલાલ શાહ
૯,૦૦૦ શ્રી ચંદ્રકાંતભાઈ દીપચંદ શાહ
૯,૦૦૦ ડૉ. ધનવંતભાઈ તિલકરાય શાહ
૯,૦૦૦ શ્રી નીરુબહેન સુબોધભાઈ શાહ
૯,૦૦૦ શ્રી વર્ષાબહેન અને ડૉ. રાજુભાઈ એન. શાહ
૯,૦૦૦ સ્વ. જ્યોત્સના ભૂપેન્દ્ર જવેરીના સ્મરણાર્થે હસ્તે શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી
૯,૦૦૦ શ્રી દિલીપ મહેન્દ્રભાઈ શાહ
૯,૦૦૦ શ્રી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ
૯,૦૦૦ શ્રી રમાબેન જયસુખલાલ વોરા
૯,૦૦૦ શ્રી ચંદ્રકાંતભાઈ ધુડાભાઈ ગાંધી
૯,૦૦૦ શ્રી યશોમતીબહેન શાહ
૯,૦૦૦ શ્રી રમણિકલાલ ભોગીલાલ શાહ
૯,૦૦૦ શ્રી દિપ્તી નિતિનભાઈ સોનાવાલા
૯,૦૦૦ શ્રી દિલીપભાઈ વિરેન્દ્રભાઈ કાકાબળિયા પરિવાર
૯,૦૦૦ શ્રી શાંતિલાલ મંગળજી મહેતા પરિવાર
૯,૦૦૦ શ્રી રાજીવ નગીનદાસ પદમશી શેઠ
૯,૦૦૦ શ્રી માતુશ્રી પાનચીબાઈ ખીમજી પાસુ હસ્તે ઝવેરબેન જે. કે. શાહ
૯,૦૦૦ શ્રી ગુલાબભાઈ કરમચંદ શાહ
૯,૦૦૦ શ્રી ઠાકોરલાલ કેશવલાલ મહેતા ટ્રસ્ટ
૯,૦૦૦ મે. નોવા પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી. હસ્તે શ્રી મહેશભાઈ શ્રોફ
૯,૦૦૦ મે. વીસ્પર ઈન્ડસ્ટ્રીઝ હસ્તે શ્રી સુરેશભાઈ ચોકસી
૯,૦૦૦ શ્રી એ. પી. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ
૬,૦૦૦ શ્રી ગાંગજીભાઈ પોપટલાલ શેઠિયા ફેમિલી ચેરિટેબલ ટ્રસ્ટ
૬,૦૦૦ શ્રી તારાબેન મોહનલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે શ્રી પુષ્પાબેન પરીખ
૬,૦૦૦ શ્રી અરુણાબેન અજિતભાઈ ચોકસી
૬,૦૦૦ શ્રી સુચીત અશ્વિન દોશી
૬,૦૦૦ શ્રી પ્રકાશભાઈ ડી. શાહ
૬,૦૦૦ શ્રી મહેતા બહેનો
૬,૦૦૦ શ્રી તરુણાબેન વિપિનભાઈ શાહ
૬,૦૦૦ શ્રી ધીરજલાલ એમ. અજમેરા
૬,૦૦૦ શ્રી દિપાલી સંજયભાઈ મહેતા
૬,૦૦૦ શ્રી પ્રવીણભાઈ કે. શાહ
૬,૦૦૦ શ્રી ગુણવંતભાઈ પી. શાહ
૬,૦૦૦ શ્રી રશ્મિભાઈ પી. શાહ
૬,૦૦૦ સ્વ. ભાનુબહેન હસમુખલાલ શાહના સ્મરણાર્થે હસ્તે શ્રી હસમુખભાઈ જી. શાહ
૬,૦૦૦ શ્રી એક ભાઈ
૬,૦૦૦ શ્રી ધનેશભાઈ રસિકલાલ શાહ (કોલસાવાળા)

૬,૦૦૦ શ્રી પુષ્પાબહેન ભણશાલી
૬,૦૦૦ શ્રી મણિબેન ગોવિંદજી હીરજી હરિયા ફાઉન્ડેશન
૬,૦૦૦ શ્રી રતિલાલ ઓધવજી ગોહિલ ચેરિટેબલ ટ્રસ્ટ
૬,૦૦૦ શ્રી સાકરબેન પ્રેમજી ચેરિટેબલ ટ્રસ્ટ
૫,૦૦૧ શ્રી અંજન ડુંગરવાલા
૫,૦૦૦ શ્રી બાબુભાઈ ચંપકલાલ તોલાટ
૫,૦૦૦ શ્રી નિર્મળાબેન બાબુભાઈ તોલાટ
૫,૦૦૦ શ્રી વિનોદભાઈ જે. મહેતા
૫,૦૦૦ શ્રી પાનબાઈ શીવજી ઘેલાભાઈ
૫,૦૦૦ શ્રી પ્રબોધભાઈ કોઠારી
૫,૦૦૦ શ્રી સુશીલાબેન કે. મહેતા
૫,૦૦૦ શ્રી મંજુલાબેન આર. શાહ
૫,૦૦૦ શ્રી દેવાંગભાઈ નગરશેઠ
૫,૦૦૦ શ્રી જયંતીલાલ ચુનીલાલ
૫,૦૦૦ શ્રી શૈલાબેન પરીખ
૫,૦૦૦ શ્રી દેવકુરબેન જેસંગ રાંભિયા
૫,૦૦૦ શ્રી વીક્ટર ફરનાન્ડીસ
૫,૦૦૦ એક ભાઈ તરફથી
૫,૦૦૦ શ્રી રેશ્મા યુ. શાહ
૫,૦૦૦ શ્રી રાજેશ એમ. ગડા
૫,૦૦૦ શ્રી કાનજી કોરશી ચેરિટેબલ ટ્રસ્ટ
૪,૦૦૦ શ્રી પ્રેમજી શીવજી
૪,૦૦૦ શ્રી હેમલતાબેન પ્રેમજીભાઈ
૩,૫૦૦ મે. અમોલ ફાઈનાન્સીઅલ સરવીસીસ પ્રા. લી.
૩,૫૦૦ શ્રી ભાઈચંદ મેહતા ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે શ્રી જશવંત બી. મહેતા
૩,૧૦૦ શ્રી કેતન જે. શાહ હસ્તે–શ્રી જયંતીલાલ કે. શાહ
૩,૧૦૦ સ્વ. રમાબેન જે. શાહના સ્મરણાર્થે હસ્તેઃ શ્રી જયંતીલાલ એફ. શાહ
૩,૦૦૧ સ્વ. લીલાબેન નગીનદાસ શાહના સ્મરણાર્થે હસ્તેઃ શ્રી વિનોદભાઈ
૩,૦૦૧ શ્રી રાજેશભાઈ પુંજાલાલ ચોકસી
૩,૦૦૦ શ્રી વસુબેન સી. ભણશાલી
૩,૦૦૦ શ્રી કલાવતીબહેન શાંતિલાલ મહેતા
૩,૦૦૦ શ્રી કે. પી. શાહ
૩,૦૦૦ મે. ત્રિશલા ઈલેક્ટ્રોનીક્સ
૩,૦૦૦ શ્રી અલકાબેન કિરણભાઈ શાહ
૩,૦૦૦ શ્રી ખેતસી નથુભાઈ શાહ
૩,૦૦૦ શ્રી વીરમતી ખેતશી શાહ
૩,૦૦૦ શ્રી જયવંતીબેન જોરમલ મહેતા
૩,૦૦૦ શ્રીરાજેશભાઈ નેનશીભાઈ વીરા
૩,૦૦૦ શ્રી રમેશચંદ્ર જે. શાહ
૩,૦૦૦ ડૉ. કે. કે. શાહ
૩,૦૦૦ શ્રી મણિબેન વીજપાર નીસર
૩,૦૦૦ શ્રી વીજપાર સામત નીસર
૩,૦૦૦ શ્રી સુરેશભાઈ પરિવાર
૩,૦૦૦ શ્રી ચંદ્રકાંત ખંડેરિયા
૩,૦૦૦ ડૉ. બીના ચોકસી
૩,૦૦૦ શ્રી વિજયભાઈ કે. શાહ
૩,૦૦૦ શ્રી વસંતલાલ નાગરદાસ સંઘવી
૩,૦૦૦ શ્રી અંબાલાલ એચ. જૈન
૩,૦૦૦ શ્રી નિરંજન હરગોવનદાસ ભણશાલી
૩,૦૦૦ શ્રી મનિષા ધીરેન ભણશાલી
૩,૦૦૦ શ્રી રસીલાબેન જવેરી
૩,૦૦૦ મે. ગુલાબદાસ એન્ડ કું.
૩,૦૦૦ શ્રી મિનાક્ષી વસંતલાલ સંઘવી
૩,૦૦૦ મે. ફ્રેન્ડલી પ્રિન્ટર્સ હસ્તે શ્રી ભરતભાઈ મામણિયા
૩,૦૦૦ શ્રી વનલીલા મુકુંદભાઈ વોરા
૩,૦૦૦ શ્રી ભગવતીબેન પી. સોનાવાલા
૩,૦૦૦ શ્રી મધુબેન તલસાણીયા
૩,૦૦૦ શ્રી પ્રવિણભાઈ જે. શાહ
૩,૦૦૦ સ્વ. જેશુમતીબેન હસમુખલાલ કુવાડિયાના સ્મરણાર્થે હસ્તેઃ ડૉ. હેમંત એચ. કુવાડિયા
૩,૦૦૦ શ્રી રક્ષાબેન એચ. કુવાડિયા
૩,૦૦૦ ડૉ. હસમુખલાલ ચીમનલાલ કુવાડિયા
૩,૦૦૦ ડૉ. હેમંત એચ. કુવાડિયા
૩,૦૦૦ શ્રી લીનાબેન શાહ
૩,૦૦૦ શ્રી જીતુભાઈ દલાલ
૩,૦૦૦ શ્રી ચંદુલાલ ગાંગજી ફેમવાલા
૩,૦૦૦ શ્રી પાવલોવા સુનિલ શાહ
૩,૦૦૦ શ્રી કેશવલાલ કિલાચંદ ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ શાહ બળવંતરાય હરીલાલ કોબિયાકવાળા
૩,૦૦૦ શ્રી ખેતશી ખેમજી નાગડા
૩,૦૦૦ શ્રી પંકજભાઈ પ્રીતમલાલ શાહ
૩,૦૦૦ શ્રી જે. સી. સંઘવી અને યુ. જે. સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી રીટાબેન શાહ
૩,૦૦૦ શ્રી શારદાબેન બાબુભાઈ શાહ
૩,૦૦૦ શ્રી પ્રદીપભાઈ શાહ
૩,૦૦૦ શ્રી સુજાતા જયેશ ગાંધી
૩,૦૦૦ શ્રી નિલાબેન ચંદ્રકાંતભાઈ શાહ
૩,૦૦૦ મે. એચ. ડી. ઈન્ડસ્ટ્રીઝ
૩,૦૦૦ શ્રી અજીતભાઈ આર. ચોકસી
૩,૦૦૦ સ્વ. ગંગાબેન હીરજીભાઈ ભદ્રેશાના સ્મરણાર્થે
૩,૦૦૦ શ્રી સરોજબેન ડી. ઘાટલિયા
૩,૦૦૧ શ્રી ભારતીબેન ભુપેન્દ્રભાઈ શાહ
૩,૦૦૦ શ્રી સાધના ટ્રસ્ટ
૩,૦૦૦ સ્વ. ચંદનબેન કાંતિલાલ પારેખના સ્મરણાર્થે હસ્તેઃ આકાર આર્ટ્સ
૩,૦૦૦ શ્રી સરોજીની શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી રસિકલાલ છોટાલાલ શાહ હસ્તેઃ શરદ રસિકલાલ શાહ
૩,૦૦૦ સ્વ. સરસ્વતીબેન રસિકલાલ શાહના સ્મરણાર્થે શ્રી શરદભાઈ રસિકલાલ શાહ
૩,૦૦૦ સ્વ. બાબુભાઈ છોટાલાલ શાહના સ્મરણાર્થે શ્રી હંસાબેન બાબુભાઈ શાહ
૩,૦૦૦ સ્વ. ભોગીલાલ સુખલાલ શાહના સ્મરણાર્થે શ્રી લતાબેન શરદભાઈ શાહ
૩,૦૦૦ મે. રમણીકલાલ એસ. ગોસલિયા એન્ડ કું.
૩,૦૦૦ શ્રી મણીબેન ધરમશી શાહ
૩,૦૦૦ શ્રી બાબુભાઈ ચુનીલાલ ચોકસી–અમદાવાદ
૩,૦૦૦ શ્રી ઉન્નતી લેડીઝ કલબ
૩,૦૦૦ શ્રી સુરજબેન પ્રતાપ
૩,૦૦૦ શ્રી ચંદ્રકુમાર ગણપતલાલ ઝવેરી
૩,૦૦૦ શ્રી ધવલભાઈ રાકેશભાઈ મહેતા
૩,૦૦૦ શ્રી હર્ષાબેન ભરતભાઈ ડગલી
૩,૦૦૦ શ્રી મહેન્દ્રભાઈ અમૃતલાલ શાહ
૩,૦૦૦ શ્રી પ્રેમકુમારી દેવચંદ ધાલા
૩,૦૦૦ મે. અવની ઈન્ટરપ્રાઇઝ
૩,૦૦૦ શ્રી રમણીકલાલ ઉમેદચંદ શાહ
૩,૦૦૦ શ્રી મંજુલા રમણીકલાલ શાહ
૩,૦૦૦ શ્રી વિનોદચંદ્ર હરિલાલ મહેતા
૩,૦૦૦ શ્રી કરિશ્મા સાગર પરીખ
૩,૦૦૦ શ્રી રુચિતા પુલીન શાહ
૩,૦૦૦ શ્રી મહેશભાઈ કે. મહેતા
૩,૦૦૦ સ્વ. નર્મદાબેન એમ. શેઠના સ્મરણાર્થે હસ્તેઃ શેઠ બ્રધર્સ
૩,૦૦૦ શ્રી કેયુર શાહ

૩,૦૦૦ મે. જે. કે. ફાઉન્ડેશન
૩,૦૦૦ શ્રી વનલીલા નટુલાલ મહેતા
૩,૦૦૦ શ્રી નરેન્દ્રભાઈ કાંતિલાલ શાહ
૩,૦૦૦ શ્રી શાહ રાયચંદ કોરશી
૩,૦૦૦ શ્રી વકીલ ઉમેદચંદ બેચરદાસ ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી અર્ચનાબેન કે. શાહ
૩,૦૦૦ શ્રી જવલબેન રામચંદ શાહ
૩,૦૦૦ મે. જતિન એન્ટરપ્રાઈઝ
૩,૦૦૦ શ્રી વી. નવીન હસ્તેઃ વિનયચંદ્ર ઉમેદચંદ્ર શાહ
૩,૦૦૦ શ્રી જીતેન્દ્ર દસોંડી
૩,૦૦૦ શ્રી એક ભાઈ તરફથી
૩,૦૦૦ શ્રી બેન તરફથી
૩,૦૦૦ શ્રી એક બેન તરફથી
૩,૦૦૦ શ્રી એક ભાઈ તરફથી
૩,૦૦૦ શ્રી કાંતિલાલ શરદ કે. શેઠ
૩,૦૦૦ શ્રી કાંતિલાલ એ. શાહ
૩,૦૦૦ શ્રી વીણાબેન જવાહરભાઈ કોરડિયા
૩,૦૦૦ શ્રી મીનાબેન એમ. શાહ
૩,૦૦૦ શ્રી ચંચલબેન આનંદલાલ સઘવી
૩,૦૦૦ શ્રી નીનાદ શાહ
૩,૦૦૦ શ્રી યતીન શાહ
૩,૦૦૦ શ્રી માતુશ્રી મંજુલાબેન નેમચંદ છેડાના સ્મરણાર્થે હસ્તેઃ તરૂણ ઉદય અરૂણ નેમચંદ છેડા
૩,૦૦૦ શ્રી ખીમજી શીવજી રામણીયા
૩,૦૦૦ શ્રી પ્રતિમા ચક્રવર્તી
૩,૦૦૦ શ્રી એક ભાઈ તરફથી
૩,૦૦૦ શ્રી કુનાલ મહેન્દ્રભાઈ સંઘવી
૩,૦૦૦ શ્રી એક ભાઈ તરફથી
૩,૦૦૦ સ્વ. મહેન્દ્રભાઈ રસિકલાલ શાહ કોલસાવાળા
૩,૦૦૦ શ્રી નવિનચંદ્ર નાનાલાલ ઝવેરી
૩,૦૦૦ શ્રી સૌરભ પરીખ
૩,૦૦૦ શ્રી ઉર્મિશ એ. શાહ
૩,૦૦૦ શ્રી એક ભાઈ તરફથી
૩,૦૦૦ ડૉ. ધીરેન્દ્રકુમાર વરજીવનદાસ શાહ
૩,૦૦૦ ડૉ. પ્રવિણાબેન ધીરેન્દ્રકુમાર શાહ
૩,૦૦૦ શ્રી કે. એન્ડ જી. આર. માલદે ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી અંજલી પારેખ
૩,૦૦૦ સ્વ. સોનક પરેશભાઈ ચૌધરી
૩,૦૦૦ શ્રી તુષાર મુકેશ રાઠોડ
૩,૦૦૦ શ્રી ભારતી ગજેન્દ્ર કપાસી
૩,૦૦૦ શ્રી ભારતીબેન હેમંતભાઈ મજુમદાર
૩,૦૦૦ શ્રી પુષ્પાબેન વી. ઘાલા
૩,૦૦૦ ડૉ. અમુલભાઈ શાહ
૩,૦૦૦ શ્રી સોનલ પારેખ
૩,૦૦૦ શ્રી સંતોકબા જેઠાલાલ દેસાઈ ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી નીના એન. શાહ
૩,૦૦૦ શ્રી જશવંતી પ્રવીણચંદ્ર વોરા ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી ઇન્દુબેન એન્ડ હરકિશન ઉદાણી ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ
૩,૦૦૦ શ્રી ધનરાજભાઈ શાહ
૩,૦૦૦ શ્રી રાજુલબેન શાહ
૩,૦૦૦ શ્રી જયંતીલાલ જીવણલાલ શેઠ–HUF
૩,૦૦૦ શ્રી ભૂપતરાય જીવણલાલ શેઠ
૩,૦૦૦ શ્રી શાંતિલાલ કા. દોશીના સ્મરણાર્થે હસ્તે શ્રી પ્રકાશભાઈ શાં. દોશી
૩,૦૦૦ શ્રી સરલાબેન શાંતિલાલ દોશીના સ્મરણાર્થે હસ્તે શ્રી પ્રકાશભાઈ શાં. દોશી
૨,૫૦૦ શ્રી સંજય સુરેશ મહેતા
૨,૦૦૧ શ્રી આર. એ. સંઘવી
૨,૦૦૦ શ્રી સંજયભાઈ શાહ
૨,૦૦૦ મે. કેપ્સ ઈન્ટરનેશનલ
૨,૦૦૦ શ્રી જયાબેન કે. વીરા
૧,૫૦૦ શ્રી આશ્વિન નગીનદાસ દોશી
૧,૦૦૦ શ્રી હસમુભાઈ એમ. શાહ
૧,૦૦૧ શ્રી ભૂપેન્દ્રભાઈ એચ. શાહ
૧,૦૦૦ એક ભાઈ તરફથી
૧,૦૦૦ શ્રી સમીર સતીશભાઈ દોશી
૧,૦૦૦ શ્રી મુક્તાબેન કિશોરકાંત શાહ
૧,૦૦૦ શ્રી મનિષા વંદન શાહ
૧,૦૦૦ શ્રી શૈલેષકુમાર કાજી
૧,૦૦૧ શ્રી વાલજી ડુંગરશી ઘાલા
૧,૦૦૦ શ્રી ઉપેન્દ્ર એચ. શેઠ
૧,૦૦૦ શ્રી ઉષા રમેશભાઈ ઝવેરી
૨,૭૪૧ એક હજારથી ઓછી રકમનો સરવાળો

# સંઘ માટે નોંધાયેલી રકમની યાદી

વધતાં જતાં ખર્ચ અને ઘટતાં જતાં વ્યાજના દરને કારણે સંઘને પોતાના વહીવટી ખર્ચને પહોંચી વળવા માટે આર્થિક સહાયની આવશ્યકતા ઊભી થઈ છે, તે માટે દાતાઓને પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન અપીલ કરવામાં આવતા ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો છે. એ માટે સર્વ દાતાઓના અમે ઋણી છીએ. યાદી નીચે મુજબ છે.

૧,૨૫,૦૦૦ શ્રી દીપચંદભાઈ ગાર્ડી (ડૉ. રમણભાઈ ચી. શાહ ગ્રંથ પ્રકાશન)
૧,૨૫,૦૦૦ શ્રી દીપચંદભાઈ ગાર્ડી (જનરલ ફંડ)
૧૧,૦૦૦ શ્રી માતુશ્રી રતનબાઈ ચેરિટી ટ્રસ્ટ
૬,૦૦૦ શ્રી શાહ પરિવાર
૫,૦૦૦ શ્રી તારાબહેન રમણલાલ શાહ
૫,૦૦૦ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ તથા શ્રીમતી રસીલાબહેન રસિકલાલ શાહ
૫,૦૦૦ શ્રી ચંદ્રકાંતભાઈ દીપચંદ શાહ
૫,૦૦૦ ડૉ. ધનવંતભાઈ તિલકરાય શાહ
૫,૦૦૦ શ્રી નીરૂબહેન સુબોધભાઈ શાહ
૫,૦૦૦ સ્વ. જ્યોત્સના ભૂપેન્દ્ર જવેરીના સ્મરણાર્થે હસ્તે શ્રી ભૂપેન્દ્રભાઈ ડાહ્યાભાઈ જવેરી
૫,૦૦૦ શ્રી ચંદ્રકાંતભાઈ ધુડાભાઈ ગાંધી
૫,૦૦૦ શ્રી યશોમતીબહેન શાહ
૫,૦૦૦ શ્રી રમાબહેન જયસુખભાઈ વોરા
૫,૦૦૦ શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ
૫,૦૦૦ શ્રી કુસુમબેન નરેન્દ્રભાઈ ભાઉ
૫,૦૦૦ શ્રી ગાંગજીભાઈ પોપટલાલ શેઠિયા ફેમિલી ચેરિટેબલ ટ્રસ્ટ
૫,૦૦૦ શ્રી દિલીપભાઈ મહેન્દ્રભાઈ શાહ

૫,૦૦૦ શ્રી વંદનાબેન રશ્મિભાઈ શાહ
૫,૦૦૦ શ્રી કે. એમ. સોનાવાલા ચેરિટેબલ ટ્રસ્ટ
૫,૦૦૦ શ્રી બાબુભાઈ ચંપકલાલ તોલટ
૫,૦૦૦ શ્રી શાંતીલાલ મંગળજી મહેતા
૫,૦૦૦ શ્રી કુસુમબેન જવેરી
૫,૦૦૦ શ્રી વસંતલાલ કાંતિલાલ શાહ
૫,૦૦૦ શ્રી અમીચંદ આર. શાહ
૫,૦૦૦ શ્રી શૈલાબેન પરીખ
૩,૫૦૦ શ્રી મુક્તાબેન લાભુભાઈ સંઘવી
૩,૦૦૦ શ્રી તારાબેન મોહનલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે પુષ્પાબેન પરીખ
૩,૦૦૦ સ્વ. જશુમતીબેન હસમુખલાલ કુવાડિયાના સ્મરણાર્થે હસ્તેઃ ડૉ. હેમંતભાઈ એચ. કુવાડિયા
૩,૦૦૦ શ્રી એ. આર. ચોકસી
૩,૦૦૦ શ્રી રસીલાબેન પારેખ
૩,૦૦૦ મે. નોવા પ્લાસ્ટીક પ્રા. લિ. હસ્તેઃ શ્રી મહેશભાઈ શ્રોફ
૩,૦૦૦ શ્રી એક બેન
૩,૦૦૦ શ્રી એક ભાઈ
૩,૦૦૦ શ્રી આશિતા એન્ડ શ્રી કાંતિલાલ કેશવલાલ શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી કાંતિ કરમસી એન્ડ કું. વેલ્યુઅર્સ પ્રા. લિ.
૨,૫૦૦ શ્રી કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૨,૦૦૦ શ્રી વસુબેન સી. ભણશાલી
૨,૦૦૦ શ્રી ફ્રેન્ડલી ટાઇપસેટર
૨,૦૦૦ શ્રી કલાવતીબેન શાંતિલાલ મહેતા
૨,૦૦૦ શ્રી શર્મીબેન પ્રવીણભાઈ ભણશાલી
૨,૦૦૦ શ્રી ઉષાબેન પ્રવીણભાઈ શાહ
૨,૦૦૦ શ્રી કુમુદબેન એ. પટવા
૨,૦૦૦ શ્રી ભગવતીબેન સી. સોનાવાલા
૨,૦૦૦ શ્રી પ્રકાશભાઈ ડી. શાહ
૨,૦૦૦ શ્રી ઉર્મિલાબેન નગીનદાસ શેઠ
૨,૦૦૦ મે. જે. કે. ફાઉન્ડેશન
૨,૦૦૦ શ્રી એ. પી. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ
૧,૧૦૦ શ્રી પ્રેમકુમાર દેવચંદ ગાલા
૧,૦૦૧ સ્વ. વિજયાબેન અને સ્વ. દુર્લભજીભાઈ પરીખના સ્મરણાર્થે હસ્તેઃ શ્રી રમેશભાઈ પરીખ
૧,૦૦૦ શ્રી ચંદ્રકાંત બી. નરસિંગપુરા
૧,૦૦૦ શ્રી નિતિનભાઈ કાંતિલાલ સોનાવાલા
૧,૦૦૦ મે. ત્રિશલા ઇલેક્ટ્રોનિક્સ
૧,૦૦૦ શ્રી અશ્વિનભાઈ નગીનદાસ દોશી
૧,૦૦૦ શ્રી શારદાબેન બાબુલાલ શાહ
૧,૦૦૦ શ્રી વીણાબેન જવાહરભાઈ કોરડિયા
૧,૦૦૦ શ્રી રમીલાબેન મહાસુખભાઈ શાહ
૧,૦૦૦ શ્રી કેશવલાલ કિલાચંદ ચેરિટેબલ ટ્રસ્ટ
૧,૦૦૦ શ્રી ઠાકોરલાલ કેશવલાલ મહેતા ટ્રસ્ટ
૧,૦૦૦ શ્રી રસિકલાલ એન. વોરા
૧,૦૦૦ શ્રી જયંતીલાલ ચુનીલાલ
૧,૦૦૦ શ્રી મીનાબેન કિરણ ગાંધી
૧,૦૦૦ શ્રી મિનેશ શાહ પરિવાર
૩૨૫૨ એક હજારથી ઓછાનો સરવાળો

***

## પ્રબુદ્ધ જીવન નીધિ કાયમી ફંડ

૭,૪૦,૨૦૬ જાન્યુઆરી ૨૦૦૬ થી જૂન ૨૦૦૬ સુધી આવેલી રકમ

**તા. ૧-૭-૨૦૦૬ થી તા. ૧૫-૯-૨૦૦૬ સુધીમાં આવેલ રકમની યાદી**

૧,૦૦,૦૦૦ શ્રી બિપિનચંદ્ર કાનજીભાઈ જૈન–મુંબઈ
૫૧,૦૦૦ શ્રી કાકુલાલ છગનલાલ મહેતા, મુંબઈ
૧૧,૦૦૦ શ્રી જે.એસ.પટેલ–મુંબઈ
૫,૦૦૧ શ્રી જ્યોતિ ટ્રસ્ટ–મુંબઈ
૫૦૦૦ શ્રી રસિકલાલ ટી. મહેતા–મુંબઈ
૫૦૦૦ શ્રી બાબુભાઈ સી. તોલાટ–મુંબઈ
૩,૦૦૦ શ્રી વર્ષાબહેન કે. દેસાઈ (શાહ)–મુંબઈ
૨,૫૦૦ શ્રી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ–મુંબઈ
૧,૮૦૦ શ્રી પ્રબોધભાઈ એસ. શાહ–મુંબઈ
૧,૦૦૦ શ્રી લાલજી દેવરાજ દેપાર ગોસરાણી ચેરિટેબલ ટ્રસ્ટ–જામનગર
૧,૦૦૦ શ્રી વીણાબેન જવાહરભાઈ કોરડિયા
૫૦૧ એક સદ્‌ગૃહસ્થ
૫૦૦ શ્રી શીવજી મુળજી શાહ–મુંબઈ
૫૦૦ શ્રી પ્રવિણા સી. ઘડિયાળી–મુંબઈ
૫૦૦ શ્રી શાંતિલાલ સંઘવી, અમદાવાદ

૯,૨૮,૫૦૮ કુલ ફાળો

## પ્રબુદ્ધ જીવન આજીવન સભ્ય

૨૫૦૦ શ્રી કે. આર. મોદી–મુંબઈ
૨૫૦૦ શ્રી જયંતીભાઈ એફ. શાહ–મુંબઈ
૨૫૦૦ શ્રી સોનલ નગરશેઠ–મુંબઈ
૨૦૦૦ શ્રી બાબુભાઈ કે. શાહ–વલસાડ (શ્રીમતી સંગીતા કે. શાહ–પુત્રી માટે)

## શ્રી કિશોર ટિંબડિયા કેળવણી ફંડ

૧૧,૦૦૦ શ્રી અતુલ કે. ટિંબડિયા
૫,૦૦૦ શ્રી જ્યોતકુમાર શાહ
૫,૦૦૦ શ્રી મંજુલાબહેન ડી. શાહ

## શ્રી જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ

૫૧,૦૦૦ શ્રી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ
૧૧,૦૦૦ શ્રી અતુલ કે. ટિંબડિયા

## શ્રી પ્રેમળ જ્યોતિ કાયમી ફંડ

૨૫,૦૦૦ શ્રી પીયૂષભાઈ શાંતિલાલ કોઠારી અને શ્રીમતી ચંદાબહેન કોઠારી

# પ્રગટ થઈ ચૂક્યાં છે

## ડૉ. રમણલાલ ચી. શાહ

## સાહિત્ય સૌરભ ગ્રંથ ૧ થી ૭ તથા પ્રવચનોની સી. ડી.

| ગ્રંથ | શીર્ષક | કિંમત રૂા. |
|---|---|---|
| ગ્રંથ-૧ | જૈન ધર્મ દર્શન | ૨૨૦/- |
| ગ્રંથ-૨ | જૈન આચાર દર્શન | ૨૪૦/- |
| ગ્રંથ-૩ | ચરિત્ર દર્શન | ૨૨૦/- |
| ગ્રંથ-૪ | સાહિત્ય દર્શન | ૩૨૦/- |
| ગ્રંથ-૫ | પ્રવાસ દર્શન | ૨૬૦/- |
| ગ્રંથ-૬ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦/- |
| ગ્રંથ-૭ | શ્રુત ઉપાસક-ડૉ. રમણલાલ ચી. શાહ | ૩૨૦/- |
| | ૧ સેટ (૭ પુસ્તકો)ની કિંમત | ૧૮૫૦/- |

## ગ્રંથનું રાહત દરે વેચાણ

- ૧ પુસ્તક લેનારને ૨૦% ઓછા ભાવે મળશે.
- ૧ સેટ (૭ પુસ્તકો) લેનારને ૩૦% ઓછા ભાવે મળશે.
- ૧૦ સેટથી વધુ પુસ્તકો લેનારને ૪૦% ઓછા ભાવે મળશે.
- ૫૦ સેટથી વધુ પુસ્તકો લેનારને ૫૦% ઓછા ભાવે મળશે.

૧૫ ઑગસ્ટ-૨૦૦૬ના ઉપરોક્ત ગ્રંથના પ્રકાશન સમારંભમાં ૩૫૦ સેટ જિજ્ઞાસુઓએ ખરીદ્યા છે. એ સર્વેનો આભાર અને અભિનંદન.

હવે માત્ર ૧૫૦ સેટ જ અમારી પાસે ઉપલબ્ધ છે. જિજ્ઞાસુઓને લાભ લેવા વિનંતી.

ત્રિશલા ઇલેક્ટ્રોનિક્સ દ્વારા નિર્મિત ડૉ. રમણલાલ ચી. શાહના ૨૮ પ્રવચનોની સી.ડી. રૂા. ૪૦૦
(શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ધરમપુરમાં આપેલા પ્રવચનો સાથે.)

☐ મેનેજર

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 ● Regd. No. MH / MR / SOUTH-146 / 2006-08



## પંથે પંથે પાથેય...

# ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ

ચર્ચગેટ સ્ટેશનના બી રોડ ઉપર, સિડનહામ-કૉલેજની સામે મુંબઈ યુનિવર્સિટીની ઈન્ટરનેશનલ હૉસ્ટેલ. ગ્રેજ્યુએટ પછીના ભારત તેમજ પરદેશના વિદ્યાર્થીઓ માટે અભ્યાસ માટે રહેવાનું એ સ્થળ. પૂરેપૂરા ગાંધવાદી અને આદર્શ પ્રાધ્યાપક અર્થશાસ્ત્રના વિશ્વવિખ્યાત તજજ્ઞ એવા ડૉ. ડી. ટી. લાકડાવાળાં અમારા રેક્ટર. ધીમું બોલે, ઓછું બોલે, અને બોલે ત્યારે સ્મિત સાથે હળવેથી મર્માળુ બોલે.

સમાજ શાસ્ત્રમાં એમ.એ.નો અભ્યાસ કરતો કાશ્મીરનો એક તેજસ્વી વિદ્યાર્થી, નામ ભીમ સન્મોત્રા. અમે એને ભીમ કાશ્મીરા કહેતા, મંચસ્થ થયેલા મારા નાટકનો એ દિગ્દર્શક એટલે મારી સાથે નીકટતા વધુ. હિંદી ભાષી પણ ગુજરાતી ભાષાનો પૂરો જાણકાર. આજે તો એ કેનેડામાં ટેલિવિઝન ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત છે.

વિચારધારા એની સામ્યવાદ તરફ વિશેષ. દલીલોમાં એને કોઈ ન પહોંચે. અમે એને કહીએ કે તું કલાકાર કરતા કલેક્ટર કે વકીલ થઈશ તો ઝળકી ઊઠીશ..

અમારી પાડોશમાં વિખ્યાત ધારાશાસ્ત્રી રજની પટેલ રહે. એક વખત એમને ત્યાં મોટી પાર્ટી યોજાઈ, એમાં અભિનેત્રી નૂતન અને ડૉ. ચારી જેવા અનેક મહાનુભાવો પધારેલા. પાર્ટી પૂરી થઈ અને બધાંએ 'મૂડ'માં રસ્તા ઉપર ધમાલ કરી. ત્યારે પરીક્ષાના દિવસો. આપણા ભીમનો રૂમ એ તરફ. એનું મગજ ફટક્યું અને લઈ આવ્યો પોલીસને. કોઈની તમા ન રાખે એવો એ.

ભીમનો હાથ હંમેશાં તંગીમાં રહે. એ ખર્ચાળ તો હતો જ નહિ, પણ આવકનું એક માત્ર સાધન, મુંબઈની ચોપાટી ઉપરની મરીના મોડર્ન સ્કૂલમાં નોકરી કરે તે જ. સવારે ૭ થી ૧૨, પછી બપોરે કૉલેજ અને સાંજે ઈતર પ્રવૃત્તિ. મુંબઈ આવ્યો ત્યારે શરૂઆતમાં હૉસ્ટેલમાં એડમીશન મળતા મોડું થયું એટલે પૂરા બે અઠવાડિયા દરિયા કિનારાના બાંકડા ઉપર સૂતો હતો.

સ્કૂલના પગારમાંથી એને હૉસ્ટેલની ખાવા-રહેવાની ફી, હાથ ખર્ચ, કપડાં અને યુનિવર્સિટીની ફી ભરવાની.

અમારી હૉસ્ટેલમાં સવારે ચા-નાસ્તો પોણા સાત વાગે તૈયાર થાય. ભીમની સ્કૂલનો સમય સાડા સાતનો. ત્યાર એક રૂપિયો પચીસ પૈસામાં અમને ભરપેટ નાસ્તો મળે, આગલી રાતનો ઉપવાસ હોય તો પેટ સંતોષકારક રીતે ભરાઈ જાય એટલો. અમારો ભીમ એ પંક્તિનો!!

એક સવારે ભીમે મારા રૂમનો દરવાજો ખખડાવ્યો કહે કે મને કુપન આપ. મેં કહ્યું, 'ઊંઘમાં છું, તું જા, હું નીચે આપી દઈશ.' એ બીજા વિદ્યાર્થી પાસે ગયો, કારણ કે એને ખબર હતી કે નીચે કેન્ટિનવાળો વધુ પડતો 'કડક' હતો. એ કુપન ઉધાર રાખે જ નહિ. 'નિયમ એટલે નિયમ'નો એ દુરાગ્રહી. ભીમને બીજા વિદ્યાર્થી પાસેથી પણ કુપન ન મળી. આગલી રાતની ભૂખ, સ્કૂલે જવાનું મોડું થાય, મગજ ફાટફાટ થયું. એ નીચે આવ્યો અને કેન્ટિનવાળાને વિનંતિ સાથે કહ્યું: 'જો મારી પાસે માત્ર બસના જ પૈસા છે, હું મોડો પહોચીશ તો મારો પગાર કપાઈ જશે, મને નાસ્તો આપ, કુપન કાલે સવારે આપી દઇશ.'

પેલો કહે ના, 'નિયમ એટલે નિયમ...' અને ભીમનું રૌદ્ર સ્વરૂપ!! 'ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે'...એવું એનું સ્વરૂપ. કાઉન્ટર પાસે ગયો. ખાલી પ્લેટોનો ઢગલો પડ્યો હતો. કેન્ટિન મેનને મરાય નહિ એટલી સેન્સ તો હતી, એટલે એને ભાષા દ્વારા જે કહેવું હતું તે ગુસ્સામાં કહ્યું અને પેલી પ્લેટોનો ઢગલો ઊંચક્યો અને જોસથી બધી પ્લેટો જમીન ઉપર પછાડી. બધી પ્લેટોના ચૂરેચૂરા થઈ ગયા. કાઉન્ટર ઉપર કેળાંની થોકડી પડી હતી એમાંથી ચાર-પાંચ કેળાં લઈ એ જ રૌદ્ર સ્વરૂપે બહાર નીકળી જઈ બસ પકડી લીધી.

હૉસ્ટેલમાં તો હો હા મચી ગઈ. કેન્ટિનમેન દોડ્યો ડૉ. લાકડાવાળા સાહેબ પાસે, ફરિયાદો થઈ, અને તરત જ નોટિસ બોર્ડ ઉપર સૂચના મૂકાઈ, 'આજે રાત્રે આઠ વાગે ભીમ રેક્ટર ડૉ. લાકડાવાળાને મળે.'

બપોરે ભીમ આવ્યો. અમે બધાંએ કહ્યું, આ નોટિસ જો. તારો સામ્યવાદ કામે નહિ લાગે. ચાલ તારા બિસ્તરા-પોટલાં તૈયાર કરીએ. મજાક-મશ્કરી વધ્યા. પણ ભીમ સ્વસ્થ હતો. સવારના ક્રોધની એક રેખા પણ એના મુખ ઉપર જોવા ન મળે.

આઠ વાગ્યા...ઉપર પાંચમે માળે ઑફિસ. અમે બધાં બહાર ઊભા ઊભા ભીમની મશ્કરીમાં મશગુલ, પણ ભીતરથી વેદના. શું થશે? ભીમ ક્યાં જશે? આપણે શું કરી શકીશું?

ભીમ અંદર ગયો. ડૉ. લાકડાવાળાએ ભીમને આવકાર્યો. તુટેલી પ્લેટના ટુકડા બતાવ્યા. 'આ તારું પરાક્રમ છે?' ભીમે કાંઈ ઉત્તર ન આપ્યો. 'શું શિક્ષા કરું?' ડૉ. લાકડવાળા બોલ્યા. ભીમ અનુત્તર.

ઊભા થતાં થતાં ડૉ. લાકડાવાળાએ એ જ સ્મિતથી કહ્યું,

'Yes Mr. Bhim Sonmotra, I know what is Hunger...' અને વાંકા હોઠે ઉમેર્યું, 'But Rule is Rule' અને તરત જ ડૉ. લાકડાવાળા ઑફિસની બહાર નીકળી બાજુમાં પોતાના ઘરમાં જતાં રહ્યાં.

અંદર ભીમ, બહાર અમે....

વાતાવરણમાં સ્તબ્ધતા.

ભીમ બહાર આવ્યો. એની આંખમાં કોઈ પશ્ચાતાપ ન હતો. ન કળી શકાય એવી વેદનાની રેખાઓ હતી. મંથન હતું. અશબ્દ ચર્ચા-ચિંતનોના વમળો હતા. એ પોતાની રૂમમાં ગયો. ઢગલાબંધ પુસ્તકો પોતાની બેગમાં ભર્યા, દરવાજો બંધ કર્યો.

સવારે અમે બધાં ઊઠ્યા. નાસ્તા માટે કેન્ટિન તરફ જવા માટે પગ ઉપડતા ન હતા. દાદરાની સામે જ નોટિસ બોર્ડ હતું. અમારી ધ્રુજતી આંખો નોટિસ બોર્ડ ઉપર સ્થિર થઈ, શું લખ્યું હતું?

ભીમને બે વર્ષ માટે હૉસ્ટેલમાં રહેવા-જમવા માટે ફ્રી શીપ મળી હતી.

'Yes I know what is Hunger...and now rule has been ruled out. Hence forth canteen Boy will not insist for coupon before taking brakefast, lunch and dinner.

□ ડૉ. ધનવંત શાહ
એફ/૭૬, વિનસ એપાર્ટમેન્ટ,
વરલી સી ફેસ, મુંબઈ-૪૦૦ ૦૧૮.

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant C. Shah.

*** શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ***

# પ્રબુદ્ધ જીવન

છૂટક નકલ રૂા. ૧૦/- તા. ૧૬ ઑક્ટોબર, ૨૦૦૬ વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-

## જિન-વચન

### ત્યાગી

वत्थगंधमलंकारं इत्थीओ सयणाणि य ।
अच्छंदा जे न भुंजंति न से चाइ त्ति वुच्चइ ।।

–दसवैकालिक– २-२

જેઓ વસ્ત્ર, સુગંધી પદાર્થો, અલંકારો, સ્ત્રી તથા શયનઆસનાદિનો ઉપભોગ સંજોગવશાત્ કરી શકતા નથી તેઓ ત્યાગી કહેવાતા નથી.

वस्त्र, गंध, अलंकार, स्त्री और शयन-आसनों का उपभोग, जो संजोग के कारण नहीं करता वह त्यागी नहीं कहलाता ।

He who is not able to enjoy clothes, cosmetics, ornaments, women and beds, because the circumstances do not permit him, is not called a renouncer.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી).

# આચમન

## તમારા હાથમાં જ છે...

ચીન દેશના તત્ત્વચિંતક કન્ફ્યુશ્યશના આશ્રમમાં અનેક છાત્રો અભ્યાસ કરવા આવતા. આશ્રમ છોડીને જતી વખતે તેઓ ગુરુને એક અંતિમ પ્રશ્ન પૂછતા, જેનું યથોચિત સમાધાન ગુરુ કરી આપે, એવી ત્યાંની પરંપરા હતી.

એક વિદ્યાર્થી ખૂબ જ હોંશિયાર અને ચપળ હતો.

તેણે ગુરુજીને ગૂંચવવાનું નક્કી કર્યું, અંતિમ પ્રશ્ન પૂછવા જતી વખતે તેણે એક પક્ષીને પોતાના બે હાથની વચ્ચે પકડ્યું

તેનો પ્રશ્ન હતો, 'મારા હાથમાંનું પક્ષી જીવતું છે, કે મરેલું છે?'

સંભવિત બંને જવાબો ખોટા પડવાની શક્યતા એણે પોતાના હાથમાં રાખી. ગુરુ સમજી ગયા કે જો હું પક્ષીને જીવતું કહીશ તો એ દબાવીને મારી નાખશે અને જો મરેલું કહીશ તો હાથ ખુલ્લા કરીને ઉડાડી મૂકશે.

ગુરુ પણ આખરે ગુરુ જ હતા. એમણે બહુ માર્મિક જવાબ આપ્યો. તેમણે કહ્યું કે અર્થાત્ તારા પ્રશ્નનો જવાબ તારા હાથમાં છે. (તું ધારીશ તો પક્ષી જીવતું રહેશે, તું ધારીશ તો મરી જશે.)

ઉપરોક્ત કથા ખૂબ જ માર્મિક તેમજ સૂચક છે. કન્ફ્યુશ્યસે આપેલો જવાબ સાર્વત્રિક તેમજ સનાતન છે. આપણને મૂંઝવતા બધા જ પ્રશ્નો નો જવાબ આપણા હાથમાં જ છે. તેથી જ તો આપણા ઋષિમુનિઓએ સવારનાં ઊઠતાવેંત જ કર દર્શન (હસ્ત દર્શન) કરવાનો સૌને આદેશ આપ્યો છે. ✱✱✱

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | નૂતન વર્ષાભિનંદન | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | ધર્મ પ્રવૃત્તિ લક્ષાર્થે કરવી | ડૉ. રાકેશભાઈ ઝવેરી | ૫ |
| (૩) | આધુનિક મીડિયા અને શબ્દધર્મ | શ્રી કુન્દન વ્યાસ | ૧૧ |
| (૪) | સર્વ ધર્મોમાં કર્મોનો સમન્વય | બ્રહ્મર્ષિરત્ન પૂ. શ્રી નિરંજનશાસ્ત્રી ઉમરેઠવાળા | ૧૪ |
| (૫) | જૈન પારિભાષિક શબ્દો | ડૉ. જિતેન્દ્ર બી..શાહ | ૧૭ |
| (૬) | મન અને અન્ન | શ્રીમતી ગીતા જૈન | ૨૦ |



## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

| | ભારતમાં | પરદેશ |
|---|---|---|
| ૧ વર્ષનું લવાજમ | રૂા. ૧૨૫/- | U.S.$ 9-00 |
| ૩ વર્ષનું લવાજમ | રૂા. ૩૫૦/- | U.S.$ 26-00 |
| ૫ વર્ષનું લવાજમ | રૂા. ૫૫૦/- | U.S.$ 40-00 |
| આજીવન લવાજમ | રૂા. ૨૫૦૦/- | U.S.$ 112-00 |
| કન્યા કરિયાવર આજીવન લવાજમ | રૂા. ૨૦૦૦/- | U.S.$ 100-00 |

ક્યારેય પણ જાXખ ન લેવાની 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ હોઈ એના ગ્રાહકો અને શુભેચ્છકો તેમ જ દાતાઓ જ આ સત્ત્વશીલ સામયિકને જીવંત રાખી શકશે. (૭૭ વર્ષની અવિરત સેવા છે મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રોની) ગુજરાતી ભાષાના સામયિકો જીવશે તો જ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કાર સંસ્કૃતિ જીવંત રહેશે.

જૈન ધર્મ અને સર્વ ધર્મના ચિંતનો આવા સામયિકોથી જ વર્તમાન અને ભવિષ્યની પેઢીના હૃદયમાં રોપાતા જશે.

પુનિત પુત્રી તો 'દુહિતા' અને 'દેહલી દીપક' છે; એટલે બન્ને દિશા અને બન્ને ઘરને અજવાળે એવો ઘરના ઉંબરાનો એ દીપક છે. લગ્નમાં આપણે લાખો રૂા.નો ખર્ચ કરીએ છીએ, લાખોના કરિયાવર અને ઘરના સંસ્કાર સાથે પુત્રીને વિદાય આપીએ છીએ તો કરિયાવરમાં 'પ્રબુદ્ધ જીવન' ન આપી શકીએ ? પુત્રીના જીવનમાં એ સદાય જીવંત રહેશે. પથદર્શક બનશે. સુજ્ઞેષુ કિં બહુના...?

* ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો. કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.
* આજીવન ગ્રાહક લવાજમ ભરનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્ત છે એવું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

☐ મેનેજર

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/

● વર્ષ : (૫૦) + ૧૭ ● ● અંક : ૧૦ ● ● તા. ૧૬ ઓક્ટોબર, ૨૦૦૬ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : ધનવંત તિ. શાહ

## નૂતન વર્ષાભિનંદન

'પ્રબુદ્ધ જીવન'ના જિજ્ઞાસુ ભાવકોને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અગણિત શુભેચ્છા પાઠવે છે. શુભ સંગ અને શુભ વાચન દ્વારા આપનું જીવન પ્રબુદ્ધ બનો, અને આપને ઋતંભરા પ્રજ્ઞા પ્રાપ્ત થાવ એવી પરમ તત્ત્વને અમારી પ્રાર્થના!

તા. ૨૨-૧૦-૨૦૦૬ના દીપાવલીના દિવસે વીર સંવત ૨૫૩૨ વિદાય લેશે અને ૨૫૩૩નાં નૂતન પ્રભાતનું પહેલું સૂર્ય કિરણ પ્રગટશે.

ઈસુની સાલથી જૈનો ૫૨૬ વર્ષ આગળ છે. આ પ્રમાણે જ વિક્રમ સંવત ૨૦૬૨ વિદાય લેશે અને વિક્રમ સંવત ૨૦૬૩નું પ્રભાત ઉગશે. અહીં પણ હિંદુજનો ઈસુથી ૫૬ વર્ષ આગળ છે. આપણામાંથી કેટલાને યાદ હશે આ વીર અને વિક્રમ સંવત?

સર્વ પ્રથમ આપણે તો આપણી નવી પેઢીને આ બે સંવત, વીર સંવત અને વિક્રમ સંવતને યાદ કરાવીએ, આ બે સંવતો યાદ રાખે એવી શીખ આપીએ, નહિ તો અંગ્રેજી માધ્યમથી શિક્ષણ પામેલા આપણા સંતાનો પચાસ વર્ષ પછી તો આ બન્ને સંવતોને યાદ જ નહિ કરશે અને આપણી સંસ્કૃતિ અને ધર્મ ખોવાતા જશે.

આસો વદ અમાસ દીપાવલિનો દિવસ એટલે ભગવાન મહાવીર નિર્વાણ દિન. આ દિવસે રાત્રે બાર વાગ્યા પહેલાં...

શ્રી મહાવીર સ્વામી સર્વજ્ઞાય નમ:

અને રાત્રે બરોબર બાર વાગે...

શ્રી મહાવીર સ્વામી પારંગતાય નમ:

આ સ્મરણ મંત્રનો જાપ કરવો આવશ્યક છે.

ભગવાન મહાવીર સ્વામીના નિર્વાણ પછી વહેલી સવારે ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. એટલે નૂતન વર્ષના પરોઢે :

શ્રી ગૌતમ સ્વામી ગણધરાય નમ:

શ્રી ગૌતમ સ્વામી સર્વજ્ઞાય નમ:

આ સ્મરણ મંત્રનો જાપ કરી નૂતન વર્ષના પ્રથમ દિવસે ગૌતમ સ્વામીના રાસનું શ્રવણ-વાંચન અને કારતક સુદ પાંચમે જ્ઞાનપૂજા કરવી એ શ્રુત આજ્ઞા છે.

उत्सव प्रिया खलु मनुष्या: માનવીને ઉત્સવ પ્રિય છે. ઉત્સવો ન હોય તો જીવન રસ વિહીન બની જાય. ઉત્સવના દિવસોમાં એક વાતાવરણ રચાય છે. આનંદ અને ભક્તિ, શ્રદ્ધા અને આશા ઉલ્લાસ અને ઉત્સાહ. આ બધાંથી તન-મનમાં નવી નવી ઊર્જાનું પ્રાગટ્ય થાય છે.

પચાસેક વર્ષ પહેલાં જ નજર કરો. દશેરાને દિવસે કાગદીને ત્યાં જોઈતા હિસાબ-વહિ-ચોપડાંની વિગત લખાવવા જવાનું, ધન તેરસને દિવસે ગાદી પાથરી પેઢીને કંકુથી પૂજવાનું, માથે ટોપી પહેરી ખૂબ જ આદરપૂર્વક કાગદીને ત્યાંથી લાલ કપડાંમાં પોઢાવીને એ ચોપડાં લઈ આવવા. ચોપડા કોણ લેવા જાય એ પણ નક્કી થાય, જે ચોપડાં લઈ આવે એને બક્ષીસ અપાય. પછી આ ચોપડાં લક્ષ્મી મા પાસે મૂકાય. બસ આ દિવસથી વેપાર લગભગ નહિવત્. ઘરમાં તાવડી ચૂલે ન ચડે, માત્ર ઘારી-ઘુઘરા, મઠિયા, લાપસી વગેરે મિષ્ઠાનનું જ ભોજન, તે છેક ભાઈ બીજ સુધી. કાળી ચૌદસે ઘરમાં દહીંવડા ખાસ થાય. કકળાટને ઘરની બહાર કાઢી વર્તુળ કરીને મૂકવા જવાય, કકળાટ-કંકાસને કાઢીએ એવું નહિ, એને આદરપૂર્વક બહાર મૂકવા જવાનો! ઘરમાં સાફસૂફી અને તાંબા, પિત્તળ અને કાંસાના વાસણો ચકચકીત કરી ઘરમાં હારબંધ ગોઠવાય. આંગણે કોડિયાના દીવા મુકાય અને સાથિયા રંગોળીની કલાત્મક રચના થાય. અને એ અધિકાર તો ઘરની લક્ષ્મીનો જ.

દિવાળીને દિવસે ચોપડા પૂજનનું દૃશ્ય એવું રમણિય કે આખા વરસ દરમિયાન સ્મરણમાં રહે, જીવનભર સ્મરણમાં રહે. આરાધ્ય દેવો-દેવી માં, મા લક્ષ્મી, એમ વિવિધ છબીઓની હારમાળ ગોઠવાય,

પૂજાપો મૂકાય, ઢગલા બંધ ચોપડાં મૂકાય, એ કંકુવર્ણા ચોપડામાં, 'કુબેરનો ભંડાર ભરાજો, ગૌતમ સ્વામીની લબ્ધિ હજો...' વગેરે ઘણું ઘણું લખાય. એક સાથે કુટુંબીજનો અને પેઢીના કાર્યકરો આ બધું લખવા બેસે, અંદર સાથિયા થાય. શ્રી...શ્રી ૧૧...ની હારમાળા લખાય, પછી એ ખુલ્લાં ચોપડાં આરાધ્ય દેવો અને મા લક્ષ્મી પાસે મુકાય, એમાં કંકુ, ગુલાલ, સોપારી, પાન, પૂજાપો બધું ઘણું બધું ભભરાવાય. બસ, આ દશ્ય જ અદ્ભુત !! આરતી થાય, અને અબજોપતિ શેઠ પણ આ દિવસે પૂજા કરાવનાર બ્રાહ્મણ-મહારાજને પગે લાગી આશીર્વાદ પ્રાપ્ત કરે. પછી તો એક બીજાને પગે લાગવાની પરંપરા શરૂ થાય. ભાવ, નમ્રતા, આનંદ અને ઉત્સાહનું કોઈ અનેરું દશ્ય રચાય!

હવે કૉમ્પ્યુટર આવી ગયું. હિસાબી વર્ષ દિવાળીની જગ્યાએ માર્ચ થયું, એટલે આ બધું કેટલું સચવાયું ? કેટલું સચવાશે ?

થોડું આગળ ચાલીએ. નવ વર્ષમાં પ્રભાતે શુકનનું મીઠું, ચપટી મીઠું, એ સબરસને વેચવા આંગણે 'મીઠું લ્યો' કહેતો 'કોઈ' આવે. સવારના સૂર્યોદય પહેલાં સહકુટુંબે માંગલિક સાંભળવા જવાનું પછી ઘરમાં મેવા-મીઠાઈની થાળી તૈયાર થાય, ઘરના દિવાન ખંડમાં એ ગોઠવાય અને આવન-જાવન ચાલુ થાય. 'પેલો' કેમ ન આવ્યો ? ચિંતા કરે, મનમાં માઠું પણ લગાડે. કુટુંબના સૌથી નાના વર્ગનું તો આવી જ બને. અનેક ઘરોમાં વડિલોને પગે લાગવા જવાનું, એનો એ ક્રમ તો રાત્રિ સુધી ચાલે. વિચારે કે જલ્દી મોટા થઈ જઈએ એટલે આ દોડાદોડી મટે !! વડીલો નવી નોટો મંગાવી રાખે અને પ્રણાલિકા પ્રમાણે રકમ અપાય, નાના-મોટા પાસે અપેક્ષા રાખે જ. એ અપેક્ષામાં દેનાર-લેનારને અનેરો આનંદ!!

કર્મચારી ગણને પણ બક્ષીસ મળ્યાનો વિશેષ આનંદ.

સંયુક્ત કુટુંબના આ અજબ ગજબના સંસ્કાર અને સંસ્કૃતિ! ઘણું બધું દશ્યમાન થાય છે અને ઘણું બધું લખી શકાય. એ ઉત્સવ અને ઉત્સાહનો આ તો એક માત્ર અંશ!!

હવે તો આ દિવસોમાં લગભગ બધાં બહારગામ. પહેલાં તો દિવાળીએ બધાં ભેગા થાય જ. કુટુંબ મેળો રચાય!

શું એ બધું સારું ન હતું ? તો પછી આપણે કેમ એ બધું ભૂલવા લાગ્યા છીએ ?

કૉમ્પ્યુટર કે આધુનિક ઉપકરણોને આ માટે દોષ દેવાની જરાય જરૂર નથી. આપણી આ પરંપરા, આ સંસ્કાર, આ સંસ્કૃતિનું જતન કરવાની આ ઉપકરણોએ ક્યાં ના પાડી છે ? એ બધાં તો એમાં ઉપયોગી થાય એવાં છે.

વાસ્તવમાં તો આપણા જીવનની દોડ આ માટે જવાબદાર છે. આપણે કયા 'સુખ'ની પાછળ દોડાદોડ કરીએ છીએ ? અને કયા 'સુખ'ને ભોગે ? 'સુખ'ની આપણી વ્યાખ્યા જ 'સગવડતા' માટે છે, 'વધુ' સગવડતા માટે છે. આભાસી કીર્તિ-'જશ' માટે છે ! આપણે શ્વાસ ખાવા થોડું થોભીએ તો ક્યાંક ક્યારેક અટકવાનું મન થશે અને નવાં વળાંકે જવાની ઈચ્છા જરૂર થશે જ.

નૂતન વર્ષના પ્રથમ દિવસે તો આપણા વિતેલા દિવસોને યાદ કરીએ. આપણી ભૂલોનું પુનરાવર્તન ન થાય એનો સંકલ્પ કરીએ. આનંદની પળો યાદ કરીએ. એની સુગંધમાં ગુણાકારો થાય એવી પરમાત્માને પ્રાર્થના કરીએ. જે જે અશુભ અને વેદનામય થયું છે એને પણ કાળની ઈચ્છા સમજી સમતા ભાવ કેળવીએ.

વેદનાભર્યા ભૂતકાળને આપણે ભૂંસી શકતા નથી જ. તો એને ભૂલી જવાની પ્રજ્ઞા કેળવીએ એ જ જીવન વિકાસ છે. ભૌતિક વિકાસની ક્ષણભંગુરતા નક્કી છે જ, પણ આંતરિક વિકાસની ચેતના તો શાશ્વત છે. ઋતંભરા પ્રજ્ઞા તરફ ગતિ આ આંતરિક વિકાસ જ આપણને કરાવશે.

આપનું નવું વર્ષ અનેક આંતરિક સિદ્ધિઓથી ભર્યુંભર્યું બનો એવી શુભેચ્છા પાઠવી તત્ત્વચિંતક થૉરોના શબ્દો સાથે આપના અંતરમાં બિરાજમાન આત્માને નત મસ્તકે પ્રણામ કરું છું.

'થોડી વસ્તુઓથી સંતુષ્ટ રહેવું, વૈભવ ફેશનને બદલે સુંદરતા અને સુઘડતા પસંદ કરવી; સન્માનને ઝંખવાને બદલે (માનને) યોગ્ય અને પાત્ર બનવું, અને સંપત્તિવાન નહિ પણ સમૃદ્ધ બનવું. સખત પરિશ્રમ (ઊંડો અભ્યાસ) કરવો. શાંત ચિત્તે વિચારવું, મૃદુ રીતે વાત કરવી, નિખાલસપણે વર્તવું; તારાઓ, પંખીઓ, બાળકો અને સાધુજનોનાં હૃદયગાન ખુલ્લા દિલથી સાંભળવા; બધું આનંદથી ખમી લેવું, હિંમતથી કરવું; અવસરની રાહ જોવી. ટૂંકમાં સામાન્યતામાં અણકથી અને અભાનપણે રહેલી આધ્યાત્મિકતાને પ્રકટવા દેવી,-આ મારી જીવનભાવના છે.'

□ **ધનવંત શાહ**

***

## સંઘનાં પ્રકાશનો

**સંઘ તરફથી નીચેનાં પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં છે :**

| | | | |
|---|---|---|---|
| (૧) | પાસપોર્ટની પાંખે-૩ | રમણલાલ ચી. શાહ | રૂા. ૨૦૦-૦૦ |
| (૨) | ગૂર્જર ફાગુસાહિત્ય | ,, | રૂા. ૧૦૦-૦૦ |
| (૩) | વીરપ્રભુનાં વચનો | ,, | રૂા. ૧૦૦-૦૦ |
| (૪) | સાંપ્રત સહચિંતન ભાગ-૧૫ | ,, | રૂા. ૮૦-૦૦ |
| (૫) | જિન તત્વ ભાગ-૮ | ,, | રૂા. ૫૦-૦૦ |
| (૬) | આપણા તીર્થંકરો | તારાબહેન ર. શાહ | રૂા. ૧૦૦-૦૦ |
| (૭) | જૈન ધર્મનાં પુષ્પગુચ્છ | ડૉ.બિપિનચંદ્ર હી. કાપડિયા અને ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૧૦૦-૦૦ |
| (૮) | સંસ્કૃત નાટકોની કથા **ભાગ ૧** | પ્રો. તારાબહેન ર. શાહ | રૂા. ૧૦૦-૦૦ |
| (૯) | ડૉ. રમણલાલ ચી. શાહ સાહિત્ય સૌરભ-ગ્રંથ ૧ થી ૭ | | રૂા. ૧૮૫૦-૦૦ |

# ધર્મ પ્રવૃત્તિ લક્ષાર્થે કરવી

☐ ડૉ. રાકેશભાઈ ઝવેરી

(૨ : આગળના અંકથી આગળ)

જિનમત નિશ્ચય–વ્યવહાર ઉભય સંમિલિત મત છે. નિશ્ચય અને વ્યવહાર જિનમતના સત્યના સિક્કાની બે બાજુઓ છે. જિનમતની નિશ્ચય અને વ્યવહારની–સત્યના સિક્કાની બે બાજુઓમાંથી–એક જ માન્ય કરવી અને બીજીને સાવ વખોડી નાખવી તે યોગ્ય નથી. મોક્ષમાર્ગે જેમ એકલો વ્યવહાર ન ચાલે, તેમ એકલો નિશ્ચય પણ ન ચાલે. નિશ્ચયના લક્ષ સાથે જીવ ભૂમિકાનુસાર વ્યવહારનું પાલન કરે તો તે સ્વરૂપમાં પ્રસ્થાપિત થાય.

નિશ્ચયનય એ પ્રમાણનો અંશમાત્ર હોવા છતાં, નિશ્ચયનયનાં વચનોને એકાંતે પકડવામાં આવે અને વ્યવહારનયનાં મંતવ્યોનો નિષેધ કરવામાં આવે તો જિનમતથી વિરુદ્ધ માન્યતા, પ્રવર્તના અને પ્રરૂપણા થાય છે. આ તથ્યને સમજવું અત્યંત આવશ્યક હોવાથી એકાંત નિશ્ચયવાદીની કેટલીક માન્યતા અને જિનમત દ્વારા તેનું સમાધાન અહીં સંક્ષેપમાં જોઈએ–

(૧) ક્રિયાની નિરર્થકતા બતાવવા માટે એકાંત નિશ્ચયવાદીઓ એવી દલીલ કરે છે કે જીવે ભવભ્રમણ કરતાં અનંતા ઓઘા લીધા અને અનંતી મુહપત્તિઓ પડિલેહી. જો એ બધાં ઓઘા અને મુહપત્તિઓનો ઢગલો કરવામાં આવે તો મેરુપર્વત જેવડો મોટો ઢગ થાય. અનંતી વાર સાધુ થયો, અનંતી વાર આચાર્યપદ પર પણ આરૂઢ થયો. સાધુવેષની ધર્મક્રિયાઓના કારણે અનંતી વાર નવમા ગ્રૈવેયકમાં દૈવી સુખો ભોગવી આવ્યો; પરંતુ તેનો મોક્ષ થયો નહીં. પ્રતિક્રમણાદિ ક્રિયાઓ તો તેણે અનંતી વાર કરી છતાં પણ તેનો નિસ્તાર થયો નહીં, માટે ધર્મક્રિયાઓ આત્માના અનંત જ્ઞાનાદિ ગુણો પ્રગટાવવામાં લેશમાત્ર સહાયક નથી.

જો ધર્મક્રિયાઓ મોક્ષપ્રાપ્તિમાં સહાયક થતી હોય તો અભવ્ય જીવો પણ એ ક્રિયાઓ અનંતી વાર કરે છે, છતાં તેમને મોક્ષપ્રાપ્તિ કેમ થતી નથી? પ્રતિક્રમણાદિ નહીં કરનાર મરુદેવી માતા આદિ એકમાત્ર આત્માની શુદ્ધ વિચારણાથી તરી ગયા છે અને સંખ્યાત, અસંખ્યાત અને અનંત ભવ સુધી ધર્મક્રિયા કરનારા અભવ્ય જીવો હજી પણ સંસારમાં આથડી રહ્યા છે. આનો ફલિતાર્થ એ છે કે ધર્મક્રિયાના અભાવમાં જીવો મુક્તિ પામ્યા છે અને ધર્મક્રિયા કરવા છતાં હજુ સુધી અનંતા જીવો મોક્ષે ગયા નથી. એથી નિશ્ચિત થાય છે કે ધર્મક્રિયા આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરવામાં લેશમાત્ર પણ કારણ નથી. જેમ તંતુ (તાંતણાના) અભાવમાં ઘટ બને છે અને તંતુના સદ્ભાવમાં પણ ઘટ બની શકતો નથી, તેથી ઘટ માટે તંતુ કારણ નથી; તમ ધર્મ–ક્રિયાના અભાવમાં આત્મસિદ્ધિ થાય તથા ધર્મક્રિયાના સદ્ભાવમાં આત્મસિદ્ધિ ન થાય તો ધર્મક્રિયાને મુક્તિનું કારણ કહેવાય નહીં. આજ સુધી જે જે આત્માઓ મોક્ષે ગયા, વર્તમાનમાં જઈ રહ્યા છે અને ભવિષ્યમાં જશે; તે સર્વમાંથી એક પણ એવો આત્મા નથી કે જેણે પોતાના શુદ્ધ સ્વરૂપની વિચારણા ન કરી હોય. મોક્ષે જનાર દરેક જીવે આત્માના શુદ્ધ સ્વરૂપની વિચારણાથી જ મુક્તિ પ્રાપ્ત કરી છે, વર્તમાનમાં પણ તેમ જ પ્રાપ્ત કરે છે અને ભવિષ્યમાં પણ શુદ્ધાત્માની વિચારણાથી જ પ્રાપ્ત કરશે. એથી સિદ્ધ થાય છે કે ધર્મક્રિયાઓ મુક્તિનો માર્ગ નથી, પણ આત્માના શુદ્ધ સ્વરૂપની વિચારણા એ જ મુક્તિનો માર્ગ છે.

આ દલીલનું સમાધાન આ પ્રમાણે છે–જૈન દર્શનમાં ભાવધર્મની પ્રાપ્તિ બહુ જ દુર્લભ બતાવી છે. અનંત કાળથી આત્મા એક ગતિમાંથી બીજી ગતિમાં આથડી રહ્યો છે, તેનું કારણ છે ભાવધર્મની પ્રાપ્તિનો અભાવ. આ ભાવધર્મ સમ્યગ્દર્શન, દેશવિરતિ, સર્વવિરતિ આદિ સ્વરૂપ છે. અહીં એક વાત ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે સમ્યક્ત્વ આદિ પરિણામસ્વરૂપ છે, પ્રવૃત્તિસ્વરૂપ નથી. જેઓ જિનપૂજા, ગુરુવંદન, વ્રત, પચ્ચક્ખાણ આદિ કરણી કરી પોતાને સમ્યક્ત્વી, દેશવિરતિધર કે સર્વવિરતિધર માને છે, તેમની માન્યતા ખોટી છે; કારણકે જિનપૂજાદિ કરણી સ્વયં સમ્યક્ત્વાદિ સ્વરૂપ નથી, પરંતુ સમ્યક્ત્વાદિને લાવનારી કે ટકાવનારી કરણી છે. ભાવધર્મને પામવા માટે કે પામેલા હોય તો તે ટકાવી રાખવા માટે ધર્માનુષ્ઠાનોની આવશ્યકતા રહે છે. એકાંત નિશ્ચયવાદી કહે છે કે સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિરૂપ ધર્મ પામવા માટે માત્ર આત્માના શુદ્ધ સ્વરૂપની વિચારણા જ કરવી જોઈએ. ધર્મક્રિયાઓ કરવાની કંઈ આવશ્યકતા છે જ નહીં. તેમનું માનવું છે કે ક્રિયા કર્યા વિના ભાવની પ્રાપ્તિ સંભવે છે, તેથી તેઓ ક્રિયાનો નિષેધ કરે છે; પણ જિનમતમાં ક્રિયાની આવશ્યકતાનો અસંદિગ્ધ સ્વીકાર કરવામાં આવ્યો છે.

જૈન દર્શનમાં ધર્મક્રિયાના દ્રવ્ય અને ભાવ એવા બે ભેદ પાડ્યા છે, તેમાં દ્રવ્યક્રિયાને ભાવક્રિયામાં કારણભૂત ગણવામાં આવે છે. આનો અર્થ એમ નથી કે જેટલી દ્રવ્યક્રિયાઓ હોય તે બધી ભાવક્રિયામાં કારણભૂત હોય જ. સ્વરૂપના લક્ષે, જિનાજ્ઞા અનુસાર થતી દ્રવ્યક્રિયા જ ભાવક્રિયામાં કારણભૂત બને છે. આવી દ્રવ્યક્રિયાઓને શાસ્ત્રોમાં પ્રધાનભૂત દ્રવ્યક્રિયા કહી છે. જ્યાં સ્વરૂપનું લક્ષ ન હોય, મોક્ષની ઇચ્છા ન હોય તેવી દ્રવ્યક્રિયા ભાવક્રિયામાં કારણભૂત બની શકતી નથી. ઐહિક સુખના પ્રલોભનથી, નરકાદિના ભયથી, લોકસંજ્ઞાએ, ઓઘસંજ્ઞાએ થતી આવી દ્રવ્યક્રિયાઓને અપ્રધાનભૂત દ્રવ્યક્રિયા કહેવાય છે.

અચરમાવર્ત કાળમાં પ્રવર્તમાન જીવને જિનેશ્વરદેવ પ્રત્યે સાચું બહુમાન આવતું નથી અને તે જીવને સંસારની અભિલાષા પણ તીવ્ર હોય છે, તેથી અચરમાવર્ત કાળમાં થતી દ્રવ્યક્રિયા ભાવક્રિયામાં કારણભૂત બનતી નથી. અચરમાવર્ત કાળમાં રહેલા જીવને સંસારનું સુખ જ સદા પ્રિય હોય છે. ઐહિક સુખ વિનાના મોક્ષની વાત પણ તેને સાંભળવી ગમતી નથી. ધર્મક્રિયાઓ કરવાથી સંસારનાં સુખો પ્રાપ્ત થાય છે અને પરલોકમાં સ્વર્ગાદિ સુખોનો વૈભવ પ્રાપ્ત થાય છે એવી વાત સાંભળીને તે ધર્મક્રિયાઓ કરવા તૈયાર થઈ જાય છે. આવો જીવ સાધુપણાનું કષ્ટ પણ વેઠી લેવા સજ્જ થાય છે. દુ:ખથી છૂટવાના અને સાંસારિક સુખને પામવાના લક્ષથી કરાયેલી સાધુક્રિયાઓ મોક્ષપદની પ્રાપ્તિ કરાવતી નથી. સ્વરૂપના લક્ષ વિનાની એ અનંતી શુભ ક્રિયાઓ દેવ ગતિના સુખનો અનુભવ કરાવીને પણ સંસારમાં જ રખડાવે છે. સ્વરૂપ પામવાની તીવ્ર ઝંખના સહિત ધર્મક્રિયા થાય તો જ તે ભાવધર્મનું કારણ બને છે. તેથી એમ ફલિત થાય છે કે માત્ર બાહ્ય ક્રિયાથી તરાય નહિ, તરવા માટે મોક્ષનું-શુદ્ધ સ્વરૂપનું લક્ષ હોવું આવશ્યક છે. દ્રવ્યક્રિયા એ બહિરંગ ધર્મ છે અને તેની સફળતા અંતરંગ આશય ઉપર અવલંબે છે. જો અંતરંગ લક્ષ મોક્ષપ્રાપ્તિનું ન હોય તો માત્ર બહિરંગ મોક્ષ પ્રાપ્ત થાય નહીં.

ભવચક્રમાં આ જીવે અનંત વાર ક્રિયાઓ કરી છતાં તે તર્યો નહીં. તેનો અર્થ એમ નથી કરવાનો કે ક્રિયા નિરર્થક છે. સાચા લક્ષ્ય વિના કરેલી ક્રિયાનું મોક્ષાર્થે નિષ્ફળપણું છે એમ સમજવાનું છે. સારી વસ્તુનો પણ જો યોગ્ય રીતે ઉપયોગ ન થાય તો તેનાથી લાભ થતો નથી અને કેટલીક વાર લાભ થવાને બદલે નુકસાન થાય છે. પણ તેથી કંઈ એમ નથી કહેવાતું કે સારી વસ્તુ દ્વારા નુકસાન થયું છે. જેમ કે ઘી શરીરને લાભકારી છે-પુષ્ટિ આપે છે, પણ એને સો વાર ફીણીને જો ખાવામાં આવે તો જીવ મરી જાય: તેથી કંઈ ઘીથી મરણ થાય છે એમ કહેવાતું નથી. ઘી ખાનારે સમજવું જોઈએ કે સો વાર ફીણેલું ઘી ઝેર બની જાય છે અને એ રીતે ઝેર બનેલું તે ઘી પ્રાણઘાતક બને છે. માટે ઘી ઝેર ન બની જાય એની કાળજી રાખવી જોઈએ. એ જ રીતે ધર્મક્રિયાઓ અમૃત સમાન જ છે. પરંતુ સંસારલક્ષે આચરેલ ધર્મક્રિયાઓ ઝેરરૂપ-વિષાનુષ્ઠાનરૂપ બને છે અને તેવી ક્રિયાઓથી આત્માનો નિસ્તાર થતો નથી.

મૂઠથી પકડવાની તલવારને જો કોઈ ધારવાલી જગ્યાએથી પકડે તો તીક્ષ્ણ ધારથી તેના આંગળા કપાય, પણ તેમાં તલવારનો દોષ નથી, પકડનારનો દોષ છે; તેમ સંસારની અભિલાષાથી કરાયેલી ધર્મક્રિયાઓથી મોક્ષપ્રાપ્તિ ન થાય તેમાં દોષ ધર્મ-ક્રિયાનો નથી, પરંતુ તેનો અવળો ઉપયોગ કરનાર વ્યક્તિનો છે. અભવ્ય જીવો અનંત ધર્મક્રિયાઓ કરીને પણ મોક્ષ પામતા નથી, તેથી ધર્મક્રિયાઓ નિરર્થક છે એમ કહેવું ખોટું છે; પરંતુ સંસારભાવે થયેલી ધર્મક્રિયાઓથી મોક્ષપ્રાપ્તિ નથી તેમ કહેવું યોગ્ય છે. ક્રિયાઓ જિનાજ્ઞા અનુસાર સ્વરૂપલક્ષે થાય તો તે અવશ્ય મોક્ષફળ આપે છે.

અભવ્ય જીવને સ્વરૂપનું લક્ષ ક્યારે પણ બંધાતું નથી, તેથી લક્ષ વગરની તેની ક્રિયા નિષ્ફળ નીવડે છે. દૂધપાકના લક્ષ વિના જો કંદોઈ દૂધ હલાવ્યા કરે તો માવો બની જાય, તેમ મોક્ષના લક્ષ વિના જો જીવ અનેક ધર્મક્રિયાઓ કરે તો દેવલોકરૂપ માવો પ્રાપ્ત થાય છે, પણ મોક્ષરૂપ દૂધપાક પ્રાપ્ત થતો નથી. જો કંદોઈ એમ કહે કે દૂધપાકના લક્ષના અભાવે દૂધપાક પ્રાપ્ત થયો નહીં, તેથી હવે માત્ર દૂધપાકનો લક્ષ રાખીશ અને હલાવવાની ક્રિયા નહીં કરું; તો શું દૂધપાક બનશે ? દૂધપાકનું માત્ર લક્ષ કરવાથી તો કદી દૂધપાક પણ નહીં બને અને માવો પણ નહીં થાય! પૂર્વે દૂધપાકનું લક્ષ રાખ્યા વિના ફક્ત દૂધ હલાવવાથી માવો થઈ ગયો હતો. માત્ર એ ખૂટતું લક્ષ જ ઉમેરી દેવું જોઈએ, જેથી દૂધપાક પ્રાપ્ત થાય. એમાં દૂધ હલાવવાની ક્રિયાનો નિષેધ કરવો અનુચિત છે.

એકાંત નિશ્ચયવાદીને તપ-ત્યાગ પ્રત્યે અભાવ હોવાથી બે-ચાર શાસ્ત્રોક્ત દૃષ્ટાંતો ટાંકીને પોતાને ન ગમતી ક્રિયાઓની, તપ-ત્યાગની પ્રવૃત્તિઓને નિરર્થક બતાવે છે. જોકે શાસ્ત્રોમાં મરુદેવી માતા આદિનાં દૃષ્ટાંતો અપવાદરૂપે જણાવ્યાં છે, પરંતુ એનું અવલંબન લઈ ધર્મક્રિયાઓનું ખંડન કરનાર જીવની સમજણ મિથ્યા છે. કોઈ માણસને ઉકરડામાંથી મોતી મળી જાય, તેથી એમ નિયમ ન બાંધી શકાય કે મોતી જોઈતું હોય તેણે ઉકરડો ફેંદવો જોઈએ; તેમ કોઈ જીવ ઉત્સર્ગમાર્ગને બદલે અપવાદમાર્ગે મોક્ષ પામ્યો હોય તો તેનું અવલંબન લઈને કે નિયમ ગણીને કોઈ રાજમાર્ગ છોડી કેડીમાર્ગે ચાલે અને તેનામાં તેવી યોગ્યતા ન હોય તો તે તેના ગંતવ્ય સ્થાને પહોંચી શકે નહીં. વળી, જેઓ અપવાદમાર્ગે મોક્ષ પામ્યા હોય છે તેમનો લક્ષ તો ઉત્સર્ગ-માર્ગનો જ હોય છે અને તેથી જ તેમનો માર્ગ ઉન્માર્ગ ન બનતાં મોક્ષમાર્ગ બને છે.

ચક્રવર્તી ભરત, રાજર્ષિ પૃથ્વીચંદ્ર, શ્રેષ્ઠીપુત્ર ગુણસાગર વગેરેને ગૃહત્યાગ વિના જ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું એ વાત સંપૂર્ણ રીતે શાસ્ત્રીય છે, છતાં એવું તો કદાચિત્ અને કોઈકને જ બને. આખી અવસર્પિણીમાં એવાં ઉદાહરણ કેટલાં ? એટલે એ માર્ગ રાજમાર્ગ ન ગણાય. વળી, ઉપરોક્ત દૃષ્ટાંતોમાં કોઈને પણ તપ-ત્યાગની ભાવનાનો અભાવ ન હતો, તેઓ સર્વ ગૃહવાસના ભોગવિલાસથી પીડા અનુભવતા હતા અને સર્વસંગપરિત્યાગની ભાવનાવાળા હતા.

અનંતા આત્માઓ બાહ્યાભ્યંતર સંગત્યાગરૂપ વિરતિના રાજમાર્ગેથી પસાર થઇને મોક્ષપદ પામ્યા છે, જ્યારે આંગળીના વેઢે ગણી શકાય તેટલા જૂજ આત્માઓ બાહ્ય સંગ ત્યાગ્યા વિના, રાગભાવને ટાળીને મુક્તિપદ પામ્યા છે; અને અનંતાનંત આત્માઓ ધર્મશ્રવણ કરીને પણ બાહ્ય સંગ ન ત્યાગવાના કારણે રાગભાવ ટાળી ન શક્યા અને તેથી તેઓ સંસારમાં રખડે છે. કેવળી ભગવંતોની નજર સામે આ પરિસ્થિતિ હોવાથી તેમણે મુક્તિના માર્ગ તરીકે

બાહ્યાભ્યંતર સંગત્યાગરૂપ વિરતિમાર્ગને–પ્રતિજ્ઞાપૂર્વક કરેલા સાવદ્ય વ્યાપારના ત્યાગને રાજમાર્ગ કહ્યો છે.

રાજર્ષિ પ્રસન્નચંદ્રે સાધુવેષ છતાં સાતમી નરકના દળિયાં લીધાં, તે રાજર્ષિને બીજી જ પળે કેવળજ્ઞાન શાથી થયું એ વાત પ્રત્યે લક્ષ આપવાની જરૂર છે. માથેથી મુગટ ઉપાડવા માટે મસ્તકે હાથ ફેરવ્યો અને તે જ વખતે કેશલોચવાળા માથાનો સ્પર્શ થયો, પશ્ચાતાપ થયો, શુકલધ્યાનની શ્રેણીએ ચઢ્યા અને કેવળજ્ઞાન પ્રગટ્યું. રાજાના વેષમાં હોત તો લોચ કરેલું માથું ન હોત અને તેથી તેમને સાચો લક્ષ પણ ન આવત અને કેવળજ્ઞાન પણ પ્રગટ ન થાત. આમ, બાહ્ય ત્યાગ ભાવશુદ્ધિમાં સહાયક નીવડે છે. તેથી બાહ્ય ત્યાગ આવશ્યક છે.

વસ્તુસ્થિતિ આમ હોવા છતાં કેટલાક ભોગરુચિ જીવડાઓ એમ કહે છે કે બાહ્ય સંગ ત્યાગ્યા વિના પણ ભરત વગેરે મુક્તિપદ પામ્યા છે, માટે મહાવ્રતપ્રતિજ્ઞારૂપ સર્વવિરતિ કે અણુવ્રતપ્રતિજ્ઞારૂપ દેશવિરતિની શી જરૂર છે? સંસારમાં રહીને પણ જો રાગનો નાશ થઈ શકે છે તો તેમ જ કેમ ન કરવું? આવા અભિપ્રાયો અંતરમાં પડેલી ભોગલાલસાના કારણે જ ઉચ્ચારવામાં આવે છે. અનેક બાહ્ય સંગીઓમાંથી બે–પાંચને મુક્તિ મળી, બાકીના બધા ડૂબી ગયા, છતાં એ બે–પાંચનો–એ ભવ્યાત્માઓનો દાખલો લઈને, પાત્રતા વિનાના અનેક જીવો ડૂબી ગયા અને અનેક ડૂબે છે એ તરફ લક્ષ ન આપતાં, સંસારમાં રહીને તરવાની વાતો તેઓ કરે છે! ભલે અનેક જીવો ઝેર ખાઈને મર્યા, પણ બે–પાંચ તો બચ્યા છે-એમ ખોટી રીતે દાખલો લઈને કોઈ ઝેર ખાવા તૈયાર થાય છે? તેથી આત્માર્થી જીવે તો દઢ નિશ્ચય કરવો કે સ્વરૂપલક્ષે ધર્મક્રિયાઓ કરવી–તપ, ત્યાગ, સંયમાદિ સ્વરૂપલક્ષે કરવાં એ જિનાજ્ઞા છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ કહે છે–

'ચરિત ભણિ બહુલોકમાંજી, ભરતાદિકનાં જેહ;
લોપે શુભ વ્યવહારનેજી, બોધિ હણે નિજ તેહ.
બહુ દલ દીસે જીવનાંજી, વ્યવહારે શિવયોગ;
છીંડી તાકે પાધરોજી, છોડી પંથ અયોગ.'[૧]

(૨) એકાંત નિશ્ચયવાદીઓ એવી દલીલ પણ કરે છે કે શુભ ક્રિયાઓ શુભ ભાવની જનેતા છે અને શુભ ભાવ હેય છે, એટલે શુભ ક્રિયાઓ પણ હેય છે.

જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણાદિ શુભ ક્રિયાઓથી શુભ ભાવ ઉત્પન્ન થાય છે અને એ શુભ ભાવ આત્મગુણોને પ્રગટ કરવામાં લેશમાત્ર પણ સહાયક નથી, તેનાથી આત્માની વિભાવદશા લેશમાત્ર પણ ટળી શકતી નથી. તે માત્ર બંધનું જ કારણ બને છે. શુભ ભાવના કારણે પુણ્યબંધ થાય છે. અને તે પુણ્યબંધ જીવને સંસારમાં રઝળાવે છે. પુણ્યબંધ પણ પાપબંધની માફક હેય છે, માટે પુણ્યબંધમાં કારણભૂત એવી દાનાદિ સઘળી ક્રિયાઓ છોડવા યોગ્ય છે. જે ક્રિયાઓ કર્મબંધનું કારણ છે તે આત્મહિતકારી કેવી રીતે હોઈ શકે? જપ, તપ, શીલ, સંયમ, પૂજા, ભક્તિ, સેવા આદિ સર્વ ધાર્મિક ક્રિયાઓ તજવા યોગ્ય છે.

આત્માના ત્રણ ભાવ છે. શુદ્ધ ભાવ, શુભ ભાવ અને અશુભ ભાવ. પહેલો ભાવ ઉપાદેય છે અને પછીના બે ભાવ હેય છે. પહેલો ભાવ એ આત્માની સ્વાભાવિક સ્થિતિ છે અને બાકીના બે ભાવ આત્માની વૈભાવિક સ્થિતિ છે. પિતા, પુત્ર, પરિવાર આદિ ઉપરનો રાગ તે અશુભ રાગ છે અને દેવ, ગુરુ ઉપરનો રાગ તેમ જ મહાવ્રત આદિ ધર્મ ઉપરનો રાગ તે શુભ રાગ છે. અશુભ રાગ જેમ આત્માને નુકસાન કરનાર છે, તેમ શુભ રાગ પણ આત્મા માટે ઝેરસ્વરૂપ છે. જેમ અશુભ રાગ આત્માના શુદ્ધ સ્વરૂપ પ્રગટાવવામાં લેશમાત્ર પણ સહાયક નથી, તેમ શુભ રાગ પણ આત્માના શુદ્ધ સ્વરૂપને–પ્રગટાવવામાં લેશમાત્ર પણ સહાયક નથી. ભોગાદિ ક્રિયાથી થતા અશુભ ભાવથી જેમ કોઈ આત્મલાભ નથી થતો, તેમ દેવપૂજા આદિથી થતા શુભ ભાવથી પણ કોઈ આત્મલાભ નથી થતો. જેઓ એમ માને છે કે દેવ, ગુરુ અને ધર્મ ઉપરનો રાગ એ આત્માના અનંત જ્ઞાનાદિ ગુણો પ્રગટ કરવામાં કારણભૂત છે તેઓ મહામિથ્યાત્વી છે અને આત્માના સચ્ચિદાનંદસ્વરૂપની અવગણના કરનારા છે. જેઓ આત્મપ્રાપ્તિ અર્થે શુભ રાગમાં જોડાવા દેવ–ગુરુનું અવલંબન લે છે, તેઓ ભૂલ કરે છે; કારણકે દેવ–ગુરુ પ્રત્યેના શુભ રાગથી આત્માનું સ્વરૂપ પ્રગટે એવું માનવું એ જ ભયંકર મિથ્યાત્વ છે, માટે દેવપૂજા આદિ શુભ ક્રિયાઓ કરવા યોગ્ય નથી એમ તેમનું કહેવું છે.

આ દલીલનો ઉત્તર આ પ્રમાણે છે–જિનપૂજા, ગુરુવંદન, પ્રતિક્રમણાદિ પુણ્યબંધનાં કારણ છે એ વાત નિસંદેહ છે. પૂજા, ઉપવાસ, વ્રતાદિ જે શુભ ક્રિયા છે તેનાથી શુભ પરિણામ ઉત્પન્ન થાય છે અને પુણ્યકર્મ નીપજે છે. શુભાશુભ વિકારરહિત જે શુદ્ધ પરિણામ છે, તેનાથી જ સંવર–નિર્જરા થાય છે. શુભ ક્રિયાઓ પુણ્યબંધનું કારણ હોવા છતાં પણ એ ક્રિયાઓ આત્માની વિભાવદશાને ટાળવામાં સહાયક નથી એમ કહેવું યોગ્ય નથી. મનુષ્યદેહનો યોગ, દેવ–ગુરુ–શાસ્ત્રનો યોગ વગેરે વિભાવદશાને ટાળવામાં સહાયક છે અને તે યોગ ધર્મક્રિયાથી ઉપાર્જન થયેલાં પુણ્યના કારણે મળે છે.

જ્ઞાનીઓએ માત્ર પુણ્યબંધના હેતુએ થતી ધર્મક્રિયાને સંસારવર્ધક ગણી છે; જ્યારે આત્મલક્ષે થતી ધર્મક્રિયાઓથી જે શુભ ભાવ થાય છે, તેનાથી બંધાતું પુણ્યાનુબંધી પુણ્ય સંસારવર્ધક નથી થતું, પરંતુ તે વિભાવદશા ટાળવામાં સહાયક થાય છે. સ્વરૂપના લક્ષે જિનાજ્ઞા અનુસાર થતી ધર્મક્રિયાઓથી બંધાતું પુણ્યાનુબંધી પુણ્ય એરંડિયા જેવું છે. પેટમાં ખૂબ મળ બાઝી ગયો હોય તે કાઢવા માટે એરંડિયું પીવામાં આવે છે. જો કોઈ એમ સલાહ આપે કે પેટમાં આટલો કચરો તો ભર્યો છે એમાં નવો ક્યાં નાખો છો? તો જેમ સલાહ

આપનારો તે માણસ મૂર્ખ ઠરે છે, તેમ પુણ્યાનુબંધી પુણ્યને સર્વથા હેય કહેવું તે અયથાર્થ છે. પેટના તમામ કચરાને કાઢવાનું સામર્થ્ય એરંડિયામાં છે અને એ એરંડિયાને કાઢવા માટે નવા કોઈ દ્રવ્યની જરૂર પડતી નથી, તે તો સ્વયંમેવ નીકળી જાય છે. મળ નીકળી ગયા પછી જેમ એરંડિયું આપોઆપ નીકળી જાય છે, તેમ સ્વરૂપના લક્ષે થતી ધર્મક્રિયાઓથી ઉત્પન્ન થતું પુણ્ય, પાપના નાશમાં સહાયક થાય છે અને જ્યારે પાપ સર્વાંશે ક્ષય પામે છે ત્યારે પુણ્ય પણ પલાયન થઈ જાય છે. અલબત્ત, માત્ર પુણ્યબંધનો જ લક્ષ હોવો, પુણ્યથી જ કૃતકૃત્યતા માનવી એ અવશ્ય મિથ્યાત્વ છે. પુણ્યબંધના લક્ષે થતી ધર્મક્રિયાઓ તે વિષક્રિયા છે અને પાપાનુબંધી પુણ્યનું કારણ થતું હોવાથી તે હેય છે. સ્વરૂપલક્ષે થતી ધર્મક્રિયાઓથી બંધાતું પુણ્યાનુબંધી પુણ્ય વિભાવદશા ટાળવામાં સહાયક થાય છે. તેથી જ શાસ્ત્રોમાં ઠેર ઠેર પુણ્યબંધની ઇચ્છાનો નાશ કરવાનું કહ્યું છે, કશે પણ પાપકર્મના નાશની જેમ પુણ્યને નાશ કરવાનું કહ્યું નથી.

યદ્યપિ જૈન દર્શનમાં પુણ્ય અને પાપ ઉભયના ક્ષયથી મુક્તિની પ્રાપ્તિ છે એમ કહ્યું છે, તથાપિ એ ખ્યાલમાં રાખવું ખૂબ જ અગત્યનું છે કે કાર્યના સિદ્ધિકાળમાં જે વસ્તુ હેય ગણાય છે, તે વસ્તુ કાર્યના સાધકકાળમાં નિયમા હેય જ હોય એવું એકાંતે નથી. જેમ કોઈ માણસને કાંટો વાગ્યો હોય ત્યારે તેને કાઢવા માટે સોયની આવશ્યકતા રહે છે. જોકે જેમ કાંટો હેય છે, તેમ કાંટો નીકળી ગયા પછી સોય પણ હેય જ છે. એ જ રીતે શ્રદ્ધાનમાં તો એમ જ રાખવું કે પુણ્ય પણ હેય જ છે. પાપરૂપી કાંટો જ્યાં સુધી આત્મામાં ભોંકાયેલો છે ત્યાં સુધી પુણ્યરૂપી સોયની જરૂર પડે છે, તેથી શુભ ક્રિયાઓ શુભ ભાવનું કારણ હોવાથી કર્મબંધનું કારણ છે એમ કહી તેનો સર્વથા નિષેધ કરવા યોગ્ય નથી. શુભ ક્રિયાઓ અશુભ ભાવની નિવૃત્તિ અને શુદ્ધ ભાવની પ્રાપ્તિમાં સહાયક હોવાથી તેનો નિષેધ કરવા યોગ્ય નથી.

શુદ્ધોપયોગમાં સ્થિત નથી થવાતું ત્યાં સુધી સ્વરૂપમાં અવિચળ સ્થિરતાનું લક્ષ રાખી શુભ ક્રિયાઓ કરવાની છે. ક્રિયાઓને ચાર પ્રકારમાં વિભાજિત કરી શકાય છે–

૧) અશુભ આસ્રવને આશ્રિત એવી ભોગાભિલાષા સહિત તથા ભોગાદિમાં રમણતારૂપ અશુભ ક્રિયા.

૨) શુભ આસ્રવની અંતર્ગત ભોગાભિલાષા સહિત શુભ ક્રિયા.

૩) શુભ આસ્રવની અંતર્ગત ભોગાભિલાષાથી નિરપેક્ષ કેવળ સ્વરૂપશાંતિની અભિલાષા સહિતની શુભ ક્રિયા.

૪) સાક્ષાત્ શાંતિના વેદન સહિત સ્વરૂપતન્મયતારૂપ શુદ્ધ ક્રિયા.

પહેલી ક્રિયાને અશુભ કે પાપ કહેવામાં આવે છે. બીજી ક્રિયાને પાપાનુબંધી પુણ્યરૂપ શુભ ક્રિયા કહેવામાં આવે છે. ત્રીજી ક્રિયાને પુણ્યાનુબંધી પુણ્યરૂપ શુભ ક્રિયા કહેવામાં આવે છે. ચોથી ક્રિયા શુદ્ધ છે. આ ચાર ક્રિયાઓમાંથી મોક્ષમાર્ગની દૃષ્ટિએ કઈ ક્રિયા હિતાવહ છે તેનું મૂલ્યાંકન કરવું આવશ્યક છે. પ્રથમની પાપક્રિયા તીવ્ર અશાંતિરૂપ છે. ત્યાં ભોગાભિલાષાની સાથે ભોગવવાની વ્યગ્રતાનું સ્પષ્ટ વેદન હોય છે. તે સર્વથા હેય છે. બીજી ક્રિયામાં ભોગાભિલાષા સંબંધી રાગ–દ્વેષાદિ છે, તેથી તે પણ હેય છે. ત્રીજી ક્રિયામાં ભોગાભિલાષાનો તેમ જ ભોગની વ્યગ્રતાનો અભાવ છે. તે ક્રિયા મોક્ષાભિલાષા સહિત થતી હોવાથી અને આત્મપ્રાપ્તિમાં સહાયક થતી હોવાથી કથંચિત્ ઉપાદેય છે. જોકે તે પુણ્યબંધનું કારણ હોવાથી કથંચિત્ હેય પણ છે. ચોથી ક્રિયામાં સર્વથા શાંતિ છે. તે પૂર્ણ શાંતિરૂપ હોવાથી પૂર્ણપણે ઉપાદેય છે. તે કોઈ પણ પ્રકારે આસ્રવરૂપ નથી, પણ સંવર-નિર્જરારૂપ છે, તેથી તે સર્વથા ઉપાદેય છે. જ્યાં સુધી આ ક્રિયા નથી થતી, અર્થાત્ શુદ્ધ ભાવની પ્રાપ્તિ નથી થતી, ત્યાં સુધી ત્રીજા પ્રકારની ક્રિયા, અર્થાત્ સ્વરૂપલક્ષે શુભ ક્રિયાઓ કરવી પ્રયોજનભૂત છે.

અહીં એક વાત સ્પષ્ટ છે કે અશુભ ભાવ તીવ્ર કષાય છે અને શુભ ભાવ મંદ કષાય છે, તેથી તે બન્ને હેય છે. શુભ ભાવને પણ કષાયની કક્ષામાં જ મૂકવામાં આવે છે. ભલે તે રાગને પ્રશસ્ત વિશેષણ લગાડવામાં આવે તો પણ તે કષાયની કક્ષામાં જ આવે છે. પિત્તળને પ્રશસ્ત વિશેષણ લગાડીને તેને 'પ્રશસ્ત પિત્તળ' એમ કહેવામાં આવે તેથી કાંઈ તે સુવર્ણની જાતમાં તો ન જ આવે. તેમ શુભ ભાવના રાગને પ્રશસ્ત વિશેષણ લગાડવામાં આવે તો તેથી કાંઈ તે અકષાયી શુદ્ધ ભાવની જાતમાં નથી આવી જતો. શુભ ભાવ પણ કષાય જ છે અને તેથી તે હેય જ છે. જો શુભ ભાવને ઉપાદેય માનવામાં આવે તો કષાય કરવાનું જ શ્રદ્ધાન રહે, માટે શુદ્ધ ભાવની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી અશુભ ભાવ ટાળી શુભ ભાવનો પુરુષાર્થ કરવો જોઈએ અને શ્રદ્ધાનમાં તો શુભ ભાવને હેય જ માનવો જોઈએ. શુભ ભાવથી પણ આગળ વધીને કષાય વગરનો શુદ્ધ ચૈતન્યભાવ પ્રગટ કરવો જોઈએ.

કોઈ જીવ અશુભ ભાવ છોડીને ભાવ કરે તો જ્ઞાનીપુરુષો તેને તેમ કરવાની ના નથી કહેતા. અશુભ ટાળીને શુભમાં અટકી રહેવાની, તેમાં જ સંતોષાઈ જવાની તેઓ ના કહે છે. કેટલાક જીવો અશુભ ભાવને હેય જાણે છે અને શુભ ભાવને ઉપાદેય માની તેમાં અટકી રહે છે; પરંતુ એનાથી આત્મકલ્યાણ નથી થતું, ધર્મ નથી થતો. તે દેવ ગતિનો માર્ગ છે, મોક્ષનો માર્ગ નથી. તેથી મોક્ષમાર્ગે પ્રયાણ કરવા માટે જીવે અશુભને ટાળી શુભમાં અટકવું ન જોઈએ, પરંતુ શુભને પણ ટાળી જ શુદ્ધ ભાવ પ્રગટાવવો જોઈએ.

સાધક અવસ્થાની પ્રથમ ભૂમિકામાં શુદ્ધ સ્વરૂપના લક્ષે આરંભાતી ધર્મક્રિયાઓથી અશુભ ભાવ ટળે છે અને તે જીવ શુભ ભાવમાં આવે છે. મોક્ષમાર્ગની સાચી સમજણ હોવાથી તે શુભ ભાવમાં કૃતકૃત્યતા માનતો નથી, પણ શુદ્ધ ભાવમાં સ્થિર થવાના પુરુષાર્થમાં જ લાગેલો રહે છે. તેને કક્ષાનુસાર શુભ ભાવ થાય જ છે. સાધકદશામાં ભૂમિકા અનુસાર શુભ ભાવો આવ્યા વિના રહેતા નથી, પણ તેમાં તે સંતોષાઈ

જતો નથી અને આગળ વધી શુદ્ધ ભાવ પ્રગટાવે છે.

સાધકને શ્રદ્ધાનમાં શુભ અને અશુભ બન્ને ભાવ હેય હોય છે. અને માત્ર શુદ્ધ ભાવ જ ઉપાદેય હોય છે, છતાં પણ તે શુભ ભાવમાં કારણભૂત એવી ધર્મક્રિયાઓનો ક્યારે પણ નિષેધ કરતો નથી. તે જાણે છે કે જો શુભ ભાવના કારણરૂપ ધર્મક્રિયાઓ નહીં કરું તો શુદ્ધ ભાવ તો પ્રાપ્ત નહીં થાય, કિંતુ શુભ ભાવ પણ પ્રાપ્ત નહીં થાય; કેવળ અશુભ ભાવમાં જ રમમાણ રહેવાશે.

શુદ્ધોપયોગની સાક્ષાત્ પ્રાપ્તિ થઈ નથી એવો જીવ જો શુભોપયોગરૂપ વ્યવહાર છોડી દે અને અશુભોપયોગમાં જ સ્વચ્છંદે પ્રવર્તે, તો તે નરક–નિગોદાદિ ગતિને પ્રાપ્ત થઈ સંસારમાં જ ભ્રમણ કરે. માટે શુભ ક્રિયાઓનો નિષેધ ન કરવો જોઈએ. શુદ્ધોપયોગની પ્રાપ્તિ માટે શુભ ક્રિયાઓનું યથાયોગ્ય સેવન કરવું જરૂરી છે. મોક્ષ–માર્ગની સાધના માટે વ્રત, શીલ, સંયમ, દયા, જપ, તપ, પૂજન આદિનું અવલંબન આવશ્યક છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ લખે છે–

'અવર કહે પૂજાદિક ઠામે, પુણ્યબંધ છે શુભ પરિણામે;
ધર્મ ઇહાં કોઈ નવિ દીસે, જિમ વ્રતપરિણામે ચિત હીંસે.
નિશ્ચયધર્મ ન તેણે જાણ્યો, જે શૈલેશી અંતે વખાણ્યો;
ધર્મ અધર્મ તણો ક્ષયકારી, શિવસુખ દે જે ભવજલતારી.
તસ સાધન તું જે જે દેખે, નિજ નિજ ગુણઠાણાને લેખે;
તેહ ધરમ વ્યવહારે જાણો, કારજ કારણ એક પ્રમાણો.'

(ઉપાધ્યાય શ્રી યશોવિજયજી રચિત 'સવાસો ગાથાનું સ્તવન', ઢાળ ૧૦, કડી ૧૦૫–૧૦૭)

આચાર્યશ્રી કુંદકુંદદેવ 'પ્રવચનસાર' ગ્રંથમાં સંયમના મૂળ ગુણોનું પ્રતિપાદન કરતાં કહે છે કે પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, પાંચ ઇન્દ્રિયનો નિરોધ, કેશનો લોચ, છ આવશ્યક, દિગંબર અવસ્થા, સ્નાનરહિત રહેવું, ભૂમિ ઉપર શયન કરવું, દાંત સાફ નહીં કરવા, ઊભા ઊભા ભોજન કરવું અને એક વાર ભોજન કરવું; શ્રમણોના આ ૨૮ મૂળ ગુણો વીતરાગદેવે કહેલા છે. આ ગુણોમાં પ્રમાદી બનનાર મુનિના સંયમનો છેદ કરવો અને પુનઃ તેને સંયમમાં સ્થાપન કરવો.[1]

૧. જુઓ : આચાર્યશ્રી કુંદકુંદદેવકૃત, 'પ્રવચનસાર', ગાથા ૨૦૮, ૨૦૯

'वदसमिदिंदियरोधो लोचावस्सयमचेलमण्हाणं ।
खिदिसयणमदंतवणं ठिदिभोयणमेगभत्तं च ।।
एदे खलु मूलगुणा समणाणं जिणवरेहिंपण्णात्ता ।
तेसु पमत्तो समणो छेदोवट्ठावगो होदि ।।

'પ્રવચનસાર'ની ઉપરોક્ત ગાથાની ટીકામાં આચાર્યશ્રી અમૃતચંદ્રદેવ ફરમાવે છે કે યદ્યપિ આત્મા શુદ્ધ નિર્વિકલ્પ એવા સામાયિકનો અર્થી હોય, છતાં એ સામાયિક જ્યાં સુધી ન આવે ત્યાં સુધી ઉપર બતાવેલા સવિકલ્પ સામાયિકના ગુણો તેણે બરાબર પાળવા જરૂરી છે. એ ગુણોમાંથી એક પણ ગુણ જો ન પાળે તો તે સાધુપણામાંથી ભ્રષ્ટ થાય છે અને તેને પુનઃ ચારિત્રમાં સ્થાપન કરવામાં આવે છે.

વળી, એ જ ગ્રંથમાં બીજા સ્થળે આચાર્યશ્રી કુંદકુંદદેવ ફરમાવે છે કે નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા સાધુઓ એક વાર ઊણોદરી, પ્રાસુક અને નિર્દોષ આહાર કરવો. તે આહાર પણ દિવસે, રસગૃદ્ધિ વગરનો મધુ–માંસાદિ અભક્ષ્ય પદાર્થો વિનાનો હોવો જોઈએ.[2]

(૨. જુઓ : એજન, ગાથા ૨૨૯
'एक्कं खलु तं भत्तं अप्पडिपुण्णोदरं जहालद्धं ।
चरणं भिक्खेण दिवा ण रसावेक्खं ण मधुमंसं ।।')

આચાર્યશ્રી કુંદકુંદદેવે 'સમયસાર' ગ્રંથમાં શુદ્ધ નયની અપેક્ષાએ દેહ અને આત્માને ભિન્ન સમજાવ્યા છે, પરંતુ તેઓ જ 'પ્રવચનસાર'માં મુનિપણામાં સંયમ આચરણની કેટલી જરૂરિયાત છે તે પણ સમજાવે છે. અદંતધોવન કે એકભક્ત જેવી ક્રિયાઓને શુભ ભાવની કે દેહની ક્રિયા તરીકે જણાવી અનાચરણીય કહેતા નથી. તેઓ બાહ્ય આચારના કડક પાલન ઉપર પણ ઘણો ભાર મૂકે છે.

આચાર્યશ્રી જો લખવા ધારત તો લખી શકત કે મુનિએ એક વાર નિર્દોષ, પ્રાસુક એષણીય વાપરવું એવો કોઈ નિયમ જરૂરી નથી, કેમ કે દેહ અને આત્મા એ આત્યંતિક ભિન્ન વસ્તુ છે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે દેહના ગુણો છે, જ્યારે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્ય વગેરે આત્માના ગુણો છે. ખાવું એ દેહનો ધર્મ છે. અણાહારીપણું એ આત્માનો ધર્મ છે. શરીરના ધર્મો જ્યારે આત્માના ધર્મો નથી થતા અને આત્માના ધર્મો શરીરના ધર્મો નથી થતા, તો પછી એક વાર જ ખાવું એવો આગ્રહ શા માટે ? દેહ અનેક વાર ખાય એમાં આત્માનો અણાહારી ધર્મ જરા પણ નાશ પામતો નથી. જડ જડની ક્રિયા કરે છે. ચેતન તો અલિપ્ત છે. દેહ આત્માથી પર છે, દેહ કોઈ પણ ક્રિયા કરતો હોય તેમાં આત્મા એ ક્રિયા પોતાની માને જ શા માટે ? ખાવાની ક્રિયા તો મુનિનો દેહ કરે છે, આત્મા નથી કરતો; પછી મુનિનો આત્મા ખાવાની ક્રિયાને પોતાની માને જ શા માટે ? આવું કાંઈ નહીં લખતાં મુનિ માટે બાહ્ય આચારનો ભાર મૂક્યો છે અને એક પણ આચારમાં જો પ્રમાદ કરે તો ચારિત્રથી ભ્રષ્ટ થાય છે એમ બતાવ્યું છે. એ જ સૂચવે છે કે સ્વરૂપલક્ષે બાહ્ય આચાર, ક્રિયા વગેરે કરવી તે જ્ઞાનીઓને સમ્મત છે. અધિક આહારથી કે રસવાળો આહાર લેવાથી વિકાર ઉત્પન્ન થાય છે અને તેથી કામાદિ વાસનાઓ જન્મે છે. જેના પરિણામે આત્માનું ક્રમે કરીને પતન થાય છે. ચિત્તવૃત્તિ ચૈતન્યમાં સ્થિર ન થતાં વિષયોમાં દોડવા લાગે છે. માટે શુભ ક્રિયાઓ કરવી આવશ્યક છે. આચાર્યશ્રી કુંદકુંદદેવનાં તથા ઉપાધ્યાય શ્રી યશોવિજયજીનાં ઉપરોક્ત કથનોથી સ્પષ્ટ થાય

છે કે નિશ્ચયપૂર્વકનો વ્યવહાર પાળવો એ આત્માર્થીનું કર્તવ્ય છે.

એકાંત નિશ્ચયવાદીનું માનવું એમ છે કે શુભ ક્રિયાથી પુણ્યબંધ થાય છે, જે સંસારમાં જીવને રઝળાવે છે. તેમને એટલું જ પૂછવું રહ્યું કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું જ નથી એમ જ જો તે માનતો હોય તો કઈ રીતે કહી શકે કે ધર્મક્રિયા પુણ્ય બંધાવે છે અને પુણ્ય જીવને સંસારમાં રઝળાવે છે. શું જડ એવું પુણ્ય ચેતન એવા આત્માને રઝળાવી શકે ? જડ એવું આકાશ જેમ આત્માથી આત્યંતિક અને એકાંતિક ભિન્ન હોવાથી ચેતનદ્રવ્યને રઝળાવી શકતું નથી, તેવી રીતે પુણ્ય પણ ચેતન–દ્રવ્યથી ભિન્ન હોવાથી તેને કઈ રીતે રઝળાવી શકે ?

(૩) એકાંત નિશ્ચયવાદી એવી દલીલ પણ કરે છે કે ભાવ જ જીવોના બંધ–મોક્ષનું કારણ છે તો પછી શરીર દ્વારા થતી બાહ્ય ક્રિયાઓની શી આવશ્યકતા છે ? ભાવ શુદ્ધ રાખવાનો જ પ્રયત્ન કરવો, બાહ્ય ક્રિયાઓની આવશ્યકતા નથી. ભાવ શુદ્ધ રાખવાનો જ ઉદ્યમ કરવો જોઈએ, ક્રિયાઓ કરવાથી કોઈ લાભ નથી. તેમના મત પ્રમાણે ખાવા–પીવામાં ભક્ષ્યાભક્ષ્યનો વિવેક કે ધર્મક્રિયાઓની કંઈ જરૂર નથી. માત્ર ભાવ શુદ્ધ રાખવાની જરૂર છે.

આ દલીલનો ઉત્તર આ પ્રમાણે છે-ભાવ બંધ-મોક્ષનું કારણ હોવાથી ભાવશુદ્ધિને મોક્ષનું અમોઘ કારણ માનવામાં વિરોધ છે જ નહીં. પરંતુ ભાવશુદ્ધિ કાંઈ એકાએક પ્રાપ્ત થઈ જતી નથી. અનાદિ કાળના વિપરીત અભ્યાસના કારણે જે અશુભ સંસ્કારો અંકિત થયેલા છે તે આપોઆપ અને સહેલાઈથી નિર્મૂળ થતા નથી. તેને નિર્મૂળ કરવાનો અભ્યાસ અત્યંત જરૂરી છે. તે માટે મનને શુભ ક્રિયામાં જોડવું ઘટે છે. મનને શુભ ક્રિયામાં જોડવાથી બે કાર્ય થાય છે–અશુભ ભાવમાંથી નિવૃત્તિ અને શુભ ભાવમાં પ્રવૃત્તિ. અશુભ સંસ્કારોનું પોષણ ન થાય અને શુભ સંસ્કારોનું રોપણ થાય તે માટે શુભ ક્રિયા ખૂબ ઉપકારી નીવડે છે. વારંવાર અશુભ નિમિત્તોથી દૂર રહેવાનો તથા શુભ નિમિત્તોમાં રહેવાનો અભ્યાસ કરવાથી ભાવશુદ્ધિ થાય છે, માટે શુભક્રિયાત્મક વ્યવહાર અત્યંત આવશ્યક છે.

હોમિયોપથીના ડૉક્ટર દર્દના ઇલાજ માટે મીઠી સાકરની ગોળી જેવી દવા આપે છે. હોમિયોપથીમાં દવાઓ એટલે જુદા જુદા પ્રકારનાં તે ટિંક્ચરો દર્દીને સીધાં આપી શકાય નહીં. એટલા માટે તેને ઝીલનાર કોઈ માધ્યમની જરૂર પડે છે. એ માધ્યમ તે જ સાકરની ગોળી. સાકરની ગોળી ટિંક્ચરને ઝીલે છે. અહીં મૂલ્ય તો ટિંક્ચરનું જ છે. સાકરની ગોળી તો માત્ર એક માધ્યમ છે, પણ એના વિના મૂલ્યવાન ટિંક્ચર ગ્રહણ થઈ શકે તેમ નથી. એ દૃષ્ટિએ સાકરની ગોળીનું પણ મૂલ્ય જરા પણ ઓછું નથી. આમ મુખ્યતાની દૃષ્ટિએ ટિંક્ચર મૂલ્યવાન છે, જ્યારે માધ્યમની દૃષ્ટિએ સાકર મૂલ્યવાન છે. તેવી રીતે મુખ્યતાની દૃષ્ટિએ ભાવશુદ્ધિ મૂલ્યવાન છે, જ્યારે માધ્યમની દૃષ્ટિએ શુભ ક્રિયાઓ મૂલ્યવાન છે. ભાવશુદ્ધિની જ પ્રધાનતા છે, પરંતુ તે અર્થે શુભ ક્રિયાઓ આવશ્યક છે. જ્ઞાનીઓ પરિણામોની શુદ્ધિ માટે શુભ ક્રિયાઓનો ઉપદેશ કરે છે. નિશ્ચયના લક્ષપૂર્વક શુભ ક્રિયાઓનો અભ્યાસ કરતાં પરિણામો સુધરે છે. નિશ્ચયદૃષ્ટિપૂર્વકનો સદ્વ્યવહાર સેવતાં, ક્રમે કરીને ભાવશુદ્ધિ થતાં મોક્ષની પ્રાપ્તિ થાય છે, તેથી જ્ઞાનીઓ પરિણામોની શુદ્ધિ માટે શુભ ક્રિયાઓનો ઉપદેશ કરે છે.

***

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૨૪–૮–૨૦૦૬ના આપેલું પ્રવચન)

૮૦૨, મંજુ એપાર્ટમેન્ટ, નારાયણ દાભોલકર રોડ,
મુંબઈ–૪૦૦ ૦૦૬.

## ગ્રામ સ્વરાજ સંઘ–નીલપર, કચ્છ

### નોંધાયેલ વધુ રકમોની યાદી

| | |
|---|---|
| ૧૯,૪૮,૪૨૦/- | આગળની રકમનો સરવાળો |
| ૧૧,૦૦૦/- | શ્રી ભોગીલાલ લહેરચંદ ફાઉન્ડેશન |
| ૧૦,૦૦૦/- | શ્રી કેશવજી રૂપસી શાહ તેમના ધર્મપત્ની સ્વ. મુક્તાબેન શાહના સ્મરણાર્થે |
| ૯,૦૦૦/- | ઈન્દુબહેન ઉમેદભાઈ દોશી |
| ૩,૧૦૦/- | શ્રી જે. કે. શાહ એન્ડ ફ્રેન્ડસ |
| ૩,૦૦૦/- | શ્રી નિતિન એમ. ઝવેરી–કલકત્તા |
| ૩,૦૦૦/- | શ્રી સાકરબેન પ્રેમજી ગાલા |
| ૩,૦૦૦/- | શ્રી ભાનુબેન રમેશભાઈ મહેતા |
| ૩,૦૦૦/- | શ્રી બીનાબહેન અનિલકુમાર મહેતા |
| ૩,૦૦૦/- | શ્રી ઝલકબેન રાકેશભાઈ શાહ |
| ૩,૦૦૦/- | મે. મહાવીર ઓલ્ડ પેપર માર્ટ હસ્તે–શ્રી રમેશભાઈ એસ. નીસાર |
| ૩,૦૦૦/- | શ્રી વીરલ અરવિંદ ધરમશી લુખી |
| ૩,૦૦૦/- | શ્રી ઓજસ અરવિંદ ધરમશી લુખી |
| ૨,૦૦૦/- | શ્રી નયના હિતેન્દ્ર કુરીઆ |
| ૨૦,૦૭,૪૨૦/- | આજ સુધી કુલ |

### પ્રબુદ્ધજીવન નીધિ ફંડ

| | |
|---|---|
| ૯૨૮૫૦૮/- | આગળની રકમનો સરવાળો |
| ૧૦,૦૦૦/- | શ્રી કલાવતી હસમુખલાલ વોરા ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૯૩૮૫૦૮/- | કુલ આજ સુધી |

### પ્રબુદ્ધજીવન આજીવન સભ્ય

| | |
|---|---|
| ૨,૫૦૦/- | પ્રો. જશવંતભાઈ શેખડીવાળા |

### શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આજીવન સભ્ય

| | |
|---|---|
| ૫,૦૦૦/- | શ્રી રવીન્દ્ર મણિલાલ સંઘવી |

# આધુનિક મીડિયા અને શબ્દધર્મ

**□ શ્રી કુન્દન વ્યાસ**

ભારતીય પત્રકારત્વ આજે સંક્રમણકાળમાં છે. પત્રકાર ત્રિભેટે ઊભો છે એમ કહી શકાય. ગ્લોબલાઈઝેશનના આ યુગમાં **માર્કેટ ફોર્સીઝની બોલબાલા** છે. બજારવાદે બાકીના તમામ વાદ–સમાજવાદ–સામ્યવાદને શિકસ્ત આપી છે. આ બજારવાદ મૂડીવાદનું એક શસ્ત્ર છે. બજારવાદને કારણે **સ્પર્ધા–ગળાંકાપ** સ્પર્ધા થઈ રહી છે. ટેક્નૉલૉજીના ક્ષેત્રમાં **સંદેશવ્યવહારમાં અજબની ક્રાન્તિ આવી છે અને તેનો સૌથી વધુ લાભ મળ્યો છે સમાચાર ક્ષેત્રને**. આ લાભ જે સૌથી વધુ મેળવે તે બજારવાદના જંગમાં જીતે તેવી સ્થિતિ છે.

આજે સમાચાર મેળવવાનાં માધ્યમ ઘણાં છે, પણ મુખ્યત્વે **પ્રિન્ટ અને ઈલેકટ્રૉનિક મીડિયા** છે. શબ્દ લખાય છે અને વંચાય છે. ઈલેકટ્રૉનિક મીડિયામાં બોલાય છે, સંભળાય છે અને વંચાય પણ છે. સમાચાર માધ્યમના આ વ્યાપ અને વિકાસથી સમાજને લાભ પણ થાય છે અને નુકસાન પણ. વિશેષ કરીને અત્યાર સુધી સ્વતંત્ર અખબારને–પત્રકારને લોકશાહીના ચોથા સ્તંભની ઉપમા આપવામાં આવતી હતી. **અન્ય ત્રણ સ્તંભોની દશા અને આપણા દેશની અવદશા** આપણે જાણીએ છીએ. ચોથા સ્તંભ–સમાચારના શબ્દની દશા કેવી છે ? પત્રકાર તેનો ધર્મ કેવી રીતે બજાવે છે ? હકીકતમાં સમાજમાં જે સાર્વત્રિક પતન થઈ રહ્યું છે તેની અસર પત્રકારત્વ પર પડે તે સ્વાભાવિક છે અને આ ટેક્નૉલૉજીના વિકાસ સાથે **નીતિમત્તાનું ધોવાણ** થતું જાય છે. આ માટે મુખ્યત્વે 'બજારવાદ' જવાબદાર છે. બજારવાદની અસર હેઠળ અખબારો વેચાણ વધારવા માટે અને ઇલેકટ્રૉનિક મીડિયા એમના દર્શકોની સંખ્યા વધારવા માટે જે સ્પર્ધા કરી રહ્યાં છે તેમાં સત્યને ઝાઝું મહત્ત્વ આપવાની ચિંતા રહેતી નથી. સમાચારને બદલે **મનોરંજન 'કેન્દ્ર'માં રહે છે**. એક સમય હતો જ્યારે સમાચાર વાંચીને લોકો ગામના ચોરેચૌટે ચર્ચા કરતા. શાસક વર્ગથી માંડીને સમાજની ગતિવિધિ અને કામગીરી–જવાબદારીની ચર્ચા થતી. **લોકશાહીમાં લોકોનું યોગદાન–આવી રીતે ભાગીદારી હતી**. લોકો દેશ અને દુનિયાની બાબતોથી માહિતગાર હતા. આજે પ્રિન્ટ અને ઇલેકટ્રૉનિક મીડિયામાં સનસનાટી અને મનોરંજન મુખ્ય છે અને તેટલા અંશે આપણા સમાજની નવી પેઢીની 'લોકશાહીમાં ભાગીદારીની ટકાવારી' ઘટતી જાય છે. અમેરિકામાં ભલે આમ ચાલતું હોય, ભારતમાં આપણે ચેતી જવાની જરૂર છે. માધ્યમોનો પ્રથમ ધર્મ છે–**સબકો ખબર દે–ઔર સબકી ખબર લે.**

પણ આજે ખબર આપનારાં માધ્યમોની 'ખબર' લેવાનો સમય છે. આજે મીડિયા પોતાનો ધર્મ ચૂકે છે ત્યારે અમારા માટે **આત્મપરીક્ષણ કરવાનો સમય છે**. બજારવાદમાં સ્પર્ધા હોય અને આર્થિક રીતે ટકી રહેવાનો પડકાર પણ હોય. પરિણામે **સ્ટિંગ ઑપરેશન શરૂ** થયાં, પણ પત્રકારે **માખીની** જેમ ઉકરડા–ગંદકી પર જ બેસવાને બદલે **મધમાખીની જેમ** ફૂલ પર બેસીને જરૂર જણાય ત્યાં અને ત્યારે ડંખ મારવાની ફરજ બજાવવાની છે–અખબારી આઝાદી–ફ્રીડમ ઑફ ધ પ્રેસની ચર્ચા અને વિવાદ જૂનાં થઈ ગયાં છે. હકીકતમાં only fair press can be free press. કોઈ કાયદો અને બંધારણ આઝાદીની ગેરન્ટી આપી શકે નહીં. સાચી ગેરન્ટી તો અખબાર–મીડિયાની **પ્રતિષ્ઠા અને વિશ્વસનીયતા છે.**

આજે ટીવીની ચૅનલોમાં 'સ્ટિંગ ઑપરેશનો'ની બોલબાલા છે–તેહલકા પછી દુર્યોધન અને દુઃશાસનોની એન્ટ્રી થાય છે. શાસન અને સમાજનાં દૂષણો પકડવા માટે આવાં ઑપરેશનો આવકાર્ય છે. **છેક ૧૮૮૭માં એક મહિલા પત્રકાર નેલી બ્લાએ** પાગલ હોવાનો અભિનય કરીને ન્યૂ યોર્કના પાગલખાનામાં પ્રવેશ મેળવી ત્યાંની દુર્દશા પર પ્રકાશ પાડ્યો. પરિણામે કાનૂની સુધારા થયા. **શિકાગોમાં ચૂંટણી–મતદાનની ગેરરીતિઓ** ઉઘાડી પાડવા માટે છૂપાવેશમાં કામ કરનારા રિપોર્ટરને **પુલિત્ઝર પારિતોષિક** મળ્યું. આમ સમાજના હિત ખાતર 'ગુપ્તચર' અથવા 'જાસૂસ'ની જેમ કામ થાય તે ઇચ્છનીય છે, પણ આમાં **આચારસંહિતાનાં** ત્રણ શરતો–**નિયમો** પાળવાં **જોઈએ. આવાં ઑપરેશન સમાજના સીધા હિતમાં હોય. બીજું, કોઈના વ્યક્તિગત ખાનગી જીવનમાં દખલ કર્યાથી સંબંધિત વ્યક્તિને નુકસાન થાય તેના કરતાં સમાજને વધુ લાભ થવો જોઈએ અને ત્રીજું, સરળતાથી માહિતી મળી શકતી હોય ત્યાં આવાં જાસૂસી ઑપરેશનનો આશરો લેવો જોઈએ નહીં.**

તાજેતરમાં જસ્ટિસ પાઠક–રિપોર્ટ–નટવરસિંહ અંગેનો–ટીવી પર પ્રથમ પ્રકાશિત થયો અને વડા પ્રધાનની સલામતીમાં મોટાં ગાબડાં હોવાની વાત પણ ટીવી ચૅનલે જાહેર કરી. આની સામે વાંધો લઈ શકાય નહીં, પણ આ સ્પર્ધાના યુગમાં ખાનગી ઑપરેટરોની મદદ લઈને આઉટસોર્સિંગ થાય છે ત્યારે સાવધાની રાખવી જોઈએ–કારણકે આવી મેળવાયેલી માહિતીનો દુરુપયોગ પણ થઈ શકે છે.

ઇલેકટ્રોનિક મીડિયા અને પ્રિન્ટ મીડિયા વચ્ચે સ્પર્ધા થઈ રહી છે અને તેમાં **સમાચારના અતિરેક થાય છે. રાહુલ મહાજનનો કેસ કેટલા દિવસ ચાલ્યો ?** અને પત્રકારો જાણે તબીબી ક્ષેત્રના નિષ્ણાત હોય તે રીતે વિશ્લેષણ કરતા હોય ત્યારે શું કહેવું ? કેટલાંક વર્ષ પહેલાં આગ્રામાં મુશર્રફ–વાજપેયજીની શિખર મંત્રણા ચાલતી હતી ત્યારે

ટીવી રિપોર્ટર રસ્તે ચાલતા કોઈ પણ માણસને પકડીને પૂછે—આપકો ક્યા લગતા હૈ—અંદર ક્યા હો રહા હૈ?—ત્યારે શું કહેવું?

અને આ સંદર્ભમાં **૨૪ કલાકની ન્યૂસ ચેનલો જરૂરી છે** કે કેમ તે સવાલ ઊઠે છે. સમાચારમાં ભારતના વિવિધ પ્રદેશોને આવરી લેવાય તે જરૂરી છે. પણ ૨૪ કલાક દીવા બાળવા માટે **પરચૂરણ મનોરંજન પીરસવું પડે છે. આની અસર અખબારો પર પણ પડી છે અને તેથી જ એવી ટીકા થઈ રહી છે કે સિનેમાની જેમ અખબારોને પણ U/A રેટિંગ આપવાં જોઈએ.**

સ્પર્ધાને કારણે આજે અખબારો સમાચાર આપવાને બદલે **સમાચાર વેચી પણ રહ્યાં છે!** ઘરવખરી—**પ્લાસ્ટિકની બાલદીથી માંડીને મોટરકારની ઑફર થાય છે**—ફેલાવા વધારવા માટે, લંડન ફાઈનાન્શિયલ ટાઈમ્સે તો તેના વાચકોને **'ઐતિહાસિક ભારત—તાજમહાલ સહિત—ના પ્રવાસની ઑફર કરી હતી!** ૩૦૦ પાઉન્ડ બચાવવાની ઑફર, આ ઉપરથી ખ્યાલ આવશે કે સ્પર્ધા કેવી ચાલે છે!

ભૂતકાળમાં—કટોકટીની સ્થિતિ વખતે અખબારો પર સેન્સરશિપ લાદવામાં આવી હતી. રાજીવ ગાંધી પણ આવી જ સત્તા મેળવવા માગતા હતા, પણ પ્રચંડ વિરોધ ઊઠ્યો હતો. અત્યારે બે બાબતનો વિવાદ શરૂ થયો છેઃ એક, તો માહિતી મેળવવાનો અધિકાર **રાઈટ ટૂ ઈન્ફર્મેશન અને બીજો વિવાદ છે—ઇલેક્ટ્રૉનિક મીડિયા પર અંકુશ મૂકવાના પ્રસ્તાવનો.** માહિતી મેળવવાનો અધિકાર જનતાને અપાયા પછી તેમાં કાપ મુકાયો. સરકારી ફાઈલોમાં જે **નોટિંગ—નોંધ હોય** તેની માહિતી નહીં અપાય. શા માટે? ખરી માહિતી તો આવી નોંધમાં જ હોય છે. ભૂતકાળમાં—**પોંડિચેરી લાઈસન્સનું કૌભાંડ લોકસભામાં ખૂબ ચગ્યું હતું.** લલિત નારાયણ મિશ્ર ઇન્દિરાજીની કૅબિનેટમાં વ્યાપાર પ્રધાન હતા. મોરારજીભાઈ વિપક્ષી નેતા હતા. એમણે સત્યાગ્રહ પર ઊતરવાની ધમકી આપી ત્યારે સ્પીકરની ચેમ્બરમાં બંધબારણે ફાઈલો બતાવવામાં આવી હતી. હવે માહિતીના અધિકારમાંથી 'નોંધ' શા માટે બાકાત રખાય? આ વિવાદ ગંભીર બન્યો છે. આ અબાધિત અધિકાર જનતાના હાથમાં આપ્યા પછી સરકારે પારદર્શક રહેવું જ પડશે.

બીજો વિવાદ છે—**ટીવીના પડદા પર અંકુશ મૂકવાનો.** સિનેમા—ફિલ્મ માટે સેન્સર બોર્ડ છે, પણ ટીવીની ચૅનલો મનફાવે તેવા પ્રોગ્રામ બતાવે છે. **અમેરિકામાં શિષ્ટાચાર—ડિસન્સી—નો લોપ થાય, ભંગ થાય તેના પર અંકુશ મૂકતા ખરડાને પ્રમુખે મંજૂરી આપી છે. બ્રિટનમાં જંક ફૂડની જાહેરખબરો રાત્રે નવ વાગ્યા પછી અપાય** છે—ટીવી ચૅનલો પર જાહેરખબરોનું પ્રમાણ એક કલાકમાં માત્ર **૧૦ થી ૧૨ મિનિટનું** હોય છે. આપણે ત્યાં હવે ટીવી પર શિષ્ટાચારનો લોપ થાય નહીં તે માટે પગલાં લેવાઈ રહ્યાં છે.

પણ ઈલેક્ટ્રૉનિક મીડિયા અંગેના—બ્રોડકાસ્ટિંગ સર્વિસીઝ રેગ્યુલેશન બિલ અંગે મોટો વિવાદ અને વિરોધ થયો છે.

પ્રસાર માધ્યમોની તાકાત અને પ્રભાવની એ હકીકત પરથી પ્રતીતિ થવા પામે છે કે તેમને ચોથી જાગીર તરીકે ઓળખવામાં આવે છે. અન્ય ત્રણ સરકાર, ન્યાયતંત્ર અને વહીવટી તંત્ર છે. **'માધ્યમ' શબ્દનો અર્થ ત્રણે સ્તંભ અને સામાન્ય પ્રજાને 'જોડનારી કડી'નો થાય છે.** માહિતી માધ્યમ અને લોકતંત્ર એકબીજા પર નિર્ભર છે. સ્વતંત્ર પ્રસાર માધ્યમોની ગેરહાજરીમાં લોકતંત્ર જીવિત રહી નહીં શકે. એ જ પ્રમાણે લોકતંત્રના ટેકા વિના પ્રસાર માધ્યમનું અસ્તિત્વ પણ સંભવિત નથી, પરંતુ યાદ રહે કે અન્ય ત્રણ સ્તંભોથી વિપરીત, પ્રસાર માધ્યમ મહદ્ અંશે નિયમોની બેડીથી મુક્ત છે અને તેથી **સમાજ પ્રત્યે તેમની જવાબદારી અનેકગણી વધી જાય છે.**

પ્રસાર માધ્યમો અને તેમની ભૂમિકા મહદ અંશે વિવાદનું કેન્દ્ર બની રહ્યાં છે. પ્રસાર માધ્યમોની એકનિષ્ઠતા અને ઔચિત્ય અંગે વાદવિવાદ શરૂ થયો છે. આજે સમાચાર જાણવાની ઉત્કંઠા, જે કંઈ નવું જણાય તેને શોધી કાઢવાની લાલસા વધી રહી છે. તેથી વિભિન્ન પ્રસાર માધ્યમો અર્થાત્ અખબારો, ટેલિવિઝન સમાચાર ચૅનલો અને ઈન્ટરનેટની વેબસાઈટો વચ્ચે ગળાંકાપ સ્પર્ધા સર્જાઈ છે. આમાં ઈન્ટરનેટની વેબસાઈટો વિશ્વભરમાં સમાચાર પ્રસારિત કરવામાં સૌથી વધુ ઝડપી છે. અતિ ઝડપે, વધુમાં વધુ અને લોકોને **ચોંકાવનારા સમાચાર આપવાની સ્પર્ધા** અનેકવાર **સત્યને ભોગે થાય છે**, જેથી પ્રસાર માધ્યમોની વિશ્વસનીયતા ઘટી છે. પ્રસાર માધ્યમોની આધારશીલા વિશ્વસનીયતા છે, પરંતુ કમનસીબે હાલ તે દાવ પર લાગી છે.

જેઓ એવું માને છે કે **નૈતિકતા અને પત્રકારત્વને એકબીજાં સાથે કશી નિસબત નથી,** તેઓ એવું જાણીને આશ્ચર્ય થવા નહીં પામે કે, તાજેતરમાં અમેરિકામાં હાથ ધરાયેલા ગૅલપ **સર્વેક્ષણમાં** પ્રતિસાદ આપનારાઓએ એવું મંતવ્ય દર્શાવ્યું હતું કે વ્યવસાયી પ્રામાણિકતાને લાગેવળગે છે ત્યાં સુધી ટેલિવિઝન અને અખબારોના સંવાદદાતાઓ મોટર મિકેનિકોથી માત્ર એક શ્રેણી નીચે છે. ૨૧ વ્યવસાયની યાદીમાં નર્સોને વ્યવસાયી પ્રામાણિકતાની ગણતરીએ ટોચનું સ્થાન મળ્યું, ત્યારબાદના ક્રમમાં **શિક્ષકો, ચિકિત્સકો અને લશ્કરી અધિકારીઓ હતા. પત્રકારોના ક્રમ તો બહુ પાછળ હતો.** વિશ્વસનીયતાની ગણતરીએ તેઓ માત્ર વિજ્ઞાપન વિશ્વના લોકો તથા કાર સૅલ્સમેનોથી બહેતર જણાયા.

માધ્યમોની વાસ્તવિક ભૂમિકા પ્રજાને માહિતી પહોંચાડવાની, કેળવવાની અને દિશા અર્પવાની અને જાગ્રત કરવાની છે, પરંતુ હવે લાંબા અરસાથી **મનોરંજનને પ્રસાર માધ્યમોના ધ્યાનનું કેન્દ્ર તથા** મહત્ત્વની કામગીરીનું સ્વરૂપ માનવામાં આવી રહ્યું છે.

તાજામાં તાજા સમાચાર જાણવાની સદા અંતવિહોણી તરસને છીપાવવા અખબારોની સાથોસાથ ૨૪ કલાકની ન્યૂસ ચૅનલો પણ મેદાનમાં છે. અને આવી **પચાસથી વધુ ચૅનલ કતારમાં ઊભી છે.** ભારતમાં ન્યૂસ ચૅનલોની ભરમાર છે, પરંતુ ભારતીય પ્રેક્ષકો તેની સાથે કેટલા પ્રમાણમાં સંકળાયેલા છે ? બીબીસી વર્લ્ડ દ્વારા કરાયેલા એક અભ્યાસ અનુસાર ભારતીય પ્રેક્ષકો માત્ર જાણકારી મેળવવા ખાતર સમાચાર સાંભળે છે અને માત્ર **૩૨ ટકા લોકો જ સમાચારમાં વધુ રુચિ ધરાવે છે.** માત્ર ૧૧ ટકા લોકો તેમના માટે પ્રાસંગિક હોય એવા જ સમાચાર સાંભળે છે. દશ ટકા લોકો સમાચાર ચૅનલો પ્રત્યે ઉદાસીનતા દાખવે છે. સમાચાર ચૅનલ સાંભળનારાઓમાં ૭૦ ટકા પુરુષો હોય છે.

**વિદેશી માધ્યમો સાથે કરાર અને તેમની સાથે ઇક્વિટી ભાગીદારીની** પ્રવૃત્તિ પણ વધી રહી છે. બેશક, આ વૈશ્વિક પ્રવૃત્તિ છે અને તેને અટકાવી નહીં શકાય, પરંતુ ભારતીય પ્રસાર માધ્યમોએ હંમેશાં સજાગ રહેવું પડશે અને એવી તકેદારી રાખવી પડશે કે **વૈશ્વિકીકરણની વેદી પર રાષ્ટ્રીય હિતોને બલિ ચઢાવાય નહીં.** આપણે એવું ભૂલવું ન જોઈએ કે ઇરાક પર આક્રમણના સમયે અમેરિકન ચૅનલોએ રાષ્ટ્રીય હિતોને સર્વોચ્ચ મહત્ત્વ આપ્યું. તેઓ પોતાની વ્યવસાયી માનસિકતા માટે કુખ્યાત છે, પરંતુ તે સમયે તેમણે વિજ્ઞાપન વડે થતી કમાણી સુદ્ધાંની પરવા કરી નહીં. આનું નાનું ઉદાહરણ **સમાચાર બુલેટિનો વચ્ચે વિજ્ઞાપન માટે બ્રેક આપવાની પ્રથાને ત્યજવાનો છે.** આ દષ્ટિકોણની ભારતીય માધ્યમો સાથે તુલના કરો, જેમણે સમાચાર પ્રસારણની વચ્ચે રંગીન મનોરંજક વ્યવસાયી બ્રેક આપવામાં કોઈ સંકોચ અનુભવ્યો નહીં. ભલે પછી સમાચાર કારગિલ યુદ્ધના હોય કે ગુજરાતના ભૂકંપના અથવા સુનામીની તબાહીના.

વીતેલા યુગમાં પત્રકારત્વનો મૂળ સિદ્ધાંત હતો કે 'તથ્ય પાવન છે અને ટિપ્પણ સ્વતંત્ર છે', પરંતુ પ્રસાર માધ્યમોમાં આ વાત હવે મહત્ત્વ નથી ધરાવતી. હવે જમાનો 'ટેલિવિઝન યુદ્ધ', 'પડદા પર રમખાણ' અને 'જીવંત આતંકવાદી હુમલા'નો છે, તેમાં અખબારો પાછળ પડી જાય છે.

પત્રકારત્વની એવી જવાબદારી છે કે **રાષ્ટ્રને મજબૂત કરવામાં તે મદદ કરે. સામાજિક ન્યાયને પ્રોત્સાહિત કરવા અને બંધારણના ઉદ્દેશોનો અમલ કરવાની સાથોસાથ સમાનતા, સ્થિરતા અને શાંતિ, પ્રગતિ તથા સુખાકારીનો સંદેશ સમાજના લોકો સુધી પહોંચતો કરે. મીડિયા એક મધ્યસ્થની ભૂમિકા નિભાવે છે.** કઈ માહિતી પ્રજા માટે આવશ્યક અથવા બિનઆવશ્યક છે, માહિતી અને સમાચાર આપવાના નિર્ણયની સાથે તે પ્રજાને કેળવીને, પ્રેરિત કરીને મનોરંજનની સાથોસાથ સમાજ-કલ્યાણના સમાચારોથી પ્રજાને વાકેફ કરાવી પોતાની જવાબદારી નિભાવે છે.

આરએનઆઈના અહેવાલ અનુસાર તમામ પ્રકારનાં અખબાર તથા સમકાલીન સામયિકોની સંખ્યા ૫૧ હજાર ૯૬૦ છે. આ તમામનો કુલ ફેલાવો ૧૧ કરોડ બાવન લાખ છે. તેમાં સૌથી વધુ વાચક હિન્દી અખબારો અને સામયિકોના છે, જેમની સંખ્યા ૪ કરોડ ૭૦ લાખ છે. અંગ્રેજી અખબારોનો વાચક વર્ગ બે કરોડ ૩૧ લાખ છે. જ્યારે મલયાલમ અખબારોના વાચકોની સંખ્યા ૭૨ લાખ છે. આમાંથી ૬૪.૧૯ ટકા વાચક લઘુ અને મધ્યમ અખબારોના છે, જ્યારે ૩૫.૮ ટકા મોટાં અખબારો વાંચે છે.

ભાષાના આધારે વિચારીએ તો ૧૦૧ ભાષા અને બોલીમાં અખબારો પ્રગટ થતાં હતાં. તેમાં અંગ્રેજીની સાથે ૧૮ પ્રાદેશિક ભાષા છે, જ્યારે અન્ય ભાષાનાં ૮૨ અખબાર પણ છે. તેમાં અમુક વિદેશી ભાષાઓ પણ સામેલ છે. હિન્દી ભાષાનાં અખબાર અને સામયિકની સંખ્યા સૌથી વધુ ૨૧ હજાર છે. જ્યારે મરાઠી અને ઉર્દૂ પ્રત્યેકની ૨૧૦૦ છે, જ્યારે ગુજરાતીની ૨૨૦૦, તમિળની ૨૧૦૦, કન્નડની ૧૮૧૬, મલયાલમની ૧૫૦૦ અને તેલુગુની ૧૩૦૦ છે.

**વાચકો અને પ્રેક્ષકો પ્રસાર માધ્યમ વિશે પોતાનું મંતવ્ય બદલે તે પૂર્વે પ્રસાર માધ્યમોએ વિશ્વસનીયતા અને જવાબદારી વધારવી પડશે.** સમાચાર બહેતર રીતે રજૂ કરાય એ મહત્ત્વનું છે, પરંતુ તેનો આધાર વિશ્વસનીયતા હોવી જોઈએ. નાની મુસાફરી માટે નાના માર્ગ અને દરેક કામ માટે ટૂંકો દૃષ્ટિકોણ ઠીક હોઈ શકે, પરંતુ લાંબી મંજિલ સુધી પહોંચવા માટે પ્રસાર માધ્યમે આદર હાંસલ કરવો પડશે. ભારતમાં પ્રસાર માધ્યમો માટે આ કસોટીનો સમય છે. વહીવટી તંત્ર, વિધાનમંડળો તથા ન્યાયતંત્રની સાથોસાથ પ્રજા અને સામાજિક મૂલ્યો પ્રત્યે કર્તવ્યનિષ્ઠ પત્રકારત્વની આવશ્યકતા છે. વ્યક્તિગત અને રાજનૈતિક હિતો ખાતર થઈ રહેલા પત્રકારત્વથી તેની વિશ્વસનીયતા ઘટી છે, જે શુભ સંકેત નથી. ✱✱✱

શ્રી કુન્દન વ્યાસ, 'જન્મ ભૂમિ', ઘોઘા સ્ટ્રીટ-ફોર્ટ, મુંબઈ.
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૨૬-૮-૨૦૦૬ના પ્રસ્તુત કરેલું પ્રવચન.

## 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકો-વાચકોને વિનંતિ

(૧) 'પ્રબુદ્ધ જીવન' ના વહીવટી કારણો માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયને નામે અલગ પત્ર લખવા વિનંતિ.
(૨) 'પ્રબુદ્ધ જીવન'ની વાચન સામગ્રી માટે તંત્રીને સંબોધીને અલગ પત્ર લખવો.

એક પત્રમાં બન્ને સ્પષ્ટતા સાથે ન પૂછાવવા વિનંતિ.

-મેનેજર

# સર્વ ધર્મોમાં કર્મોનો સમન્વય

☐ વ્યાખ્યાતા : બ્રહ્મર્ષિરત્ન પૂ. શ્રી નિરંજનશાસ્ત્રી ઉમરેઠવાળા

પરબ્રહ્મ પરમાત્માથી છૂટો પડેલો તેનો અંશ તેનું નામ આત્મા. આ આત્મા કર્મના યોગથી શરીરમાં પ્રવેશે છે અને શરીર સાથે માના ઉદરથી તે જગતમાં આવે છે જેને જન્મ થવો કહેવાય છે. જન્મની સાથે જ એક મૃત્યુ શબ્દ પણ જોડાયેલો છે. આ ઘટમાળ આર્યાવર્તના ઋષિમુનિઓથી અજાણ નથી. આજે વિદ્યાર્થીઓને કયા વિષયનું જ્ઞાન કઈ ઉંમરે આપવું એ ચર્ચાનો વિષય છે. જ્યારે આપણા સુસંસ્કૃત પૂર્વજોએ દરેક વિષયનું જ્ઞાન મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ વિશ્લેષણપૂર્વક વાતવાતમાં અને સરળતાથી તે જ્ઞાન આપ્યું હતું. મહર્ષિ કપિલે તો પોતાની માતા દેવહુતિ સાથે જ્ઞાનગોષ્ઠી આદરી ત્યારે ગુજરાતના આજના સિદ્ધપુરના સરસ્વતીને કાંઠે અનેકવિધ શાસ્ત્ર ચર્ચા કરતાં જીવાત્મા જગતમાં આવે છે ત્યારથી સ્થિતિ–માતા–પિતાના–પતિ–પત્નીના શાસ્ત્રોક્ત સમાગમે ગર્ભાધાન થવું ત્યાંથી જન્મ સુધીની અને ઔરસ બાળકના જન્મ સુધીની સ્થિતિનું સુસંસ્કૃત વર્ણન બતાવ્યું છે.

માતા પિતાના માધ્યમથી જગતમાં આવતો જીવ બાળક નામની સંજ્ઞા પ્રાપ્ત કરે છે. બાળક સ્ત્રી અથવા પુરૂષ જાતિનું હોય છે.

નાના બાળકના સ્વજનો એમ ઇચ્છે છે કે આ બાળક સુખી થાય. જીવાત્મા સુખને આનંદ માને છે. આપણે સાધનમાં સુખ બોળીએ છીએ પરંતુ સાધનથી મળતા સુખની મર્યાદાઓ હોય છે તે મર્યાદાથી આગળનું સુખ સાધન ન આપી શકે. ક્યારેક સાધનો સુખને બદલે દુઃખ પણ આપી જાય છે. જેમ કેઃ વિજળી બરાબર ઉપયોગ આપે તો લાઈટ, પંખો, ફ્રીઝ, ટીવી, કપડાં ધોવાનું વોશિંગ મશીનનું સુખ આવે પણ જો કરન્ટ લીક થાય– શોર્ટ સરકીટ થાય તો તે સાધન જીવલેણ પણ બની શકે, સુખદ ને બદલે દુઃખદ બને.

જગતમાં આ જ કર્મ છે. જન્મ લેનાર બાળકના શરીરને જોઈએ તો કોઈનું શરીર અતિ સુંદર તો કોઈનું શરીર માત્ર સુંદર, તો કોઈનું શરીર કદરૂપું લાગે, આમ કેમ? એક જ માતા પિતાના સંતાનોને–ભાઈ બહેનોને જોઈએ તો શરીરની–સૌન્દર્યની–સ્વભાવની અને શીલની વિષમતાઓ જોવા મળે છે. શું પરમાત્માને ત્યાં શરીરનિર્માણના સાધનમાં કોઈ કમી છે? કોઈ વસ્તુ–પદાર્થ ઓછાં છે?

નહિ–જે જીવાત્મા પોતાના **પૂર્વજન્મનું જેવું ભાથું લઈને આવ્યો છે તેવું તેનું શરીર છે.**

અષ્ટાવક્ર ઋષિ તેનો પુરાવો. માતા સુજાતા અને પિતા કહોડ ઋષિનો એ પુત્ર. અષ્ટાવક્ર ગીતા આપનાર. ભારતીય વેદાન્તમાં અષ્ટાવક્ર ગીતાનું ઘણું મોટું ગૌરવ છે.

શાસ્ત્રમાં બત્રીસ લક્ષણો પુરુષ શ્રેષ્ઠ માન્યો છે. ગીતાજીમાં 'અદ્વેષ્ટાઃ સર્વ ભૂતાનાં, મૈત્રઃકરુણ એવચ' કહ્યા છે. જૈન શાસ્ત્રોમાં ગુણની દૃષ્ટિએ (૧) નખ, (૨) હાથ, (૩) પગ અને (૪) જીભથી લઈને નાભિ સુધી ૩૬ લક્ષણ છે. શરીરનાં અંગોની દૃષ્ટિએ (૧) છત્ર, (૨) કમળ, (૩) રથથી લઈને મોર સુધીનાં લક્ષણો છે.

નાયક નાયિકાઓનાં શરીરનાં લક્ષણ ચાર–નાયિકાઓ (૧) પદ્મિની, (૨) હસ્તીની, (૩) ચિત્રિણી અને શંખિની. નાયકોમાં (૧) નાયક, (૨) ઉપનાયક, (૩) લલિત, (૪) ધીર લલિત, (૫) ધીરોદ્ધત વગેરે લક્ષણો છે.

કેટલાંક લોકો પાણી માગે તો દૂધ હાજર થાય અને કેટલાકને પાણી જોઈએ તો તેને માટે પણ રાહ જોવી પડે. આ પણ કર્મનાં ફળ છે.

સૃષ્ટિનો કોઈ સમ્પ્રદાય એવો નથી જે કર્મને અને કર્મના ફળને ન માનતો હોય.

માત્ર એક નાસ્તિક મત એમ કહે છે કે–

''ત્રયો વેદસ્ય કર્તારઃ ધૂર્તાઃ ભાંડાઃ નિશાચરાઃ''

કોઈ એમ કહે છે કે 'ઋણં કૃત્વા ધૃતં પિબેત ભસ્મી ભૂતસ્ય દેહસ્ય પુનરાગમનં કુતઃ' કોઈ એમ કહે છે 'માતૃયોનિં' પરિત્યજ્ય વિહરેત સર્વયોનિષુ'.

આવો પણ એક વિચાર કરનાર વર્ગ છે.

સૃષ્ટિમાં ઈષ્ટદેવને પ્રાપ્ત કરવાનાં ત્રણ સાધન છે–ત્રણ માર્ગ છે. (૧) કર્મ, (૨) જ્ઞાન અને (૩) ભક્તિ-જગતનો કોઈ પણ સમ્પ્રદાય એવો નથી જે કર્મમાં માનતો ન હોય–પછી તે (૧) સનાતન વૈદિક સમ્પ્રદાય, (૨) જૈન સમ્પ્રદાય, (૩) બૌદ્ધ સમ્પ્રદાય, (૪) ઈસુનો સમ્પ્રદાય અને (૫) ઈસ્લામ.

સમ્પ્રદાય તે છે જેની પાસે દાર્શનિક સિદ્ધાંતો છે. માર્ગ–પંથ તે છે જેણે જ્યાંથી જે સારું લાગ્યું તે સ્વીકાર્યું અને આચરણમાં મૂક્યું. જેમ કે કબીર, દાદુ, સાંઈબાબા વગેરે.

સનાતન સમ્પ્રદાય મૂળ એક જ પછી તેમાંથી જુદા જુદા મતો–સિદ્ધાન્તો અનેક મહાપુરુષોએ આપ્યા જેમ કેઃ– આદ્યગુરૂ શ્રી શંકરાચાર્યજી, પ્રતિવાદી શ્રી રામાનુજાચાર્યજી, શ્રી નિમ્બાર્કાચાર્યજી, શ્રી મધ્વાચાર્યજી અને આચાર્યોની ગણનામાં છેલ્લા આચાર્ય સનાતન સમ્પ્રદાયમાં શ્રી વલ્લભાચાર્યજી થયા. તેમના વેદાન્ત મતોને (૧) કેવલાદ્વૈત, (૨) વિશિષ્ટાદ્વૈત, (૩) દ્વૈતવાદ, (૪) અચિન્ત્ય ભેદાભેદવાદ અને (૫) શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ. આવાં નામ આપ્યાં છે.

કર્મ કર્યું તો ફળ મળવું જ જોઈએ. જેને આજની પરિભાષામાં ન્યાય કહી શકાય.

વાલ્મીકિ રામાયણમાં એક પ્રસંગ છેઃ

રામને ત્યાં નિત્યનું કામ નિત્ય થતું, પેન્ડીંગમાં કંઈ નહિ. રામે એક દિવસ પૂછ્યું, લક્ષ્મણ આજે કોઈ મુલાકાતી–લક્ષ્મણેઃ– પ્રભુ એક કૂતરો મળવા ઈચ્છે છે. આશ્ચર્ય સાથે રામે તેને બોલાવ્યો, કારણ પૂછ્યું, કેમ આવ્યો છે. કૂતરોઃ–ન્યાય માટે. રામ : ક્યાં અન્યાય થયો? કૂતરો : સરયૂના કાંઠે એક ઋષિએ મને માર્યો. રામે ઋષિને

દરબારમાં બોલાવ્યા-વાત પૂછી. ઋષિ : હું સ્નાન કરી પૂજાનું જળ લઇને જતો હતો. આ કૂતરો બાજુમાં ચાલતો હતો. મને શંકા થઈ કે અડકશે તો મારે ફરી સ્નાન કરવું પડશે. આથી માર્યો. રામેઃ શંકા માત્રથી માર્યો ? આની સજા ભોગવવી પડશે. ઋષિઃ સજા આપો. રામે તે કૂતરાને કહ્યું તું સજા આપ. આનાકાની પછી કૂતરાએ કહ્યું કે આ ઋષિને કોઈ મઠના મહંત બનાવો. રામે પૂછ્યું.આ તે કેવો ન્યાય. કૂતરાએ કહ્યું, પૂર્વાવતાર હું એક મોટા મઠનો મહંત હતો-ખૂબ સેવા થતી. મેં મારું કલ્યાણ ન સાધ્યું. શિષ્યો સેવકોનું કલ્યાણ ક્યાંથી થાય ? હું બીજા જન્મમાં કૂતરો થયો છું. આ ઋષિ પણ મારી જેમ બને અને તેમને પણ કોઈ મારે.

બીજો પ્રસંગ છેઃ

એક વખત કાળપુરુષ બ્રાહ્મણનું રૂપ લઈને રામજીને વિનંતિ કરવા આવ્યો. બ્રાહ્મણે કહ્યું, રામ મારે આપની સાથે એકાન્તમાં થોડી વાત કરવી છે. વિનંતિ એટલી કે આપણે જે ઓરડામાં વાત કરીએ તેનો દરવાજો આપણે બંધ રાખવાનો અને જો કોઈ તેને ખોલીને અંદર આવે તો તેને દેહાંત દંડ આપવો.

અનાયાસે દુર્વાસાજી પધાર્યા-લક્ષ્મણે કહ્યું કે, એક ચર્ચા ચાલે છે એ થઈ જાય એટલે પહેલું કામ આપની મુલાકાત કરાવી દઉં. દુર્વાસા ન માન્યા. અયોધ્યા બાળવાની ધમકી આપી. લક્ષ્મણે વિવેક વાપર્યો કે અયોધ્યા બળે તે કરતાં હું બળીશ. દરવાજો ખોલ્યો, અંદર પ્રવેશ કર્યો તો સામેથી રામ અને કાળપુરુષ-બ્રાહ્મણ વાત પતાવીને આવતા હતા. બ્રાહ્મણે કહ્યું, 'રામજી આપણી શરત પ્રમાણે આપ લક્ષ્મણને સજા આપજો. ગુસ્સો કરી રામે લક્ષ્મણને ઠપકો આપ્યો. રાજસભામાં કેસ આવ્યો.

બે પક્ષો થયા. એક પક્ષે કહ્યું કે લક્ષ્મણે માત્ર ઔપચારિક ગુનો કર્યો છે તેથી સજા ન થવી જોઈએ. બીજો પક્ષ કહેતો કે ગુનો ગુનો જ છે માટે નક્કી થયેલી શરત પ્રમાણે સજા થવી જ જોઈએ.

વશિષ્ટ મહર્ષિએ ન્યાય આપ્યો કે લક્ષ્મણને સજા થવી જ જોઈએ અને સજા રાજા રામે જ આપવી જોઈએ. સભામાં રામે દુઃખ સાથે લક્ષ્મણને દેહાંત દંડની સજા આપી. લક્ષ્મણ રાજી થયા. સરયૂમાં જઈને વિલિન થયા.

રાજા દશરથ અને શ્રવણના પ્રસંગથી શ્રીરામના વિયોગમાં મૃત્યુ થવું.

રામના વનવાસ વખતે સીતા કહે છે-મને ખબર છે કે મારા પ્રારબ્ધમાં વનવાસ છે. નાનપણમાં મેં એક વખત આ વાત સાંભળી છે. કર્મફળ ભોગવી લેવા દો નહિ તો આગળ ભોગવવું પડશે.

અનધિકારનું કંઈ લેવું નહિં.

ઈ. સ. ૧૯૧૯માં વિશ્વવિખ્યાત એન્જિનિયર સર શ્રી એમ. વિશ્વેશ્વરૈયા અમેરિકા શિકાગોમાં હતા. અમેરિકાના પ્રસિદ્ધ આર્કિટેક શ્રી નિકોલસ તેમને સો ડૉલરની ફી નક્કી કરી એક કામ આપ્યું. કામ થઈ ગયું-કવરમાં ૧૫૦ ડૉલર હતા. તેમાંથી શ્રી વિશ્વેશ્વરૈયાએ ૫૦ ડોલર પાછા આપ્યા.

(પાંચ નદીઓની ચેનલની યોજના તેમણે બતાવી હતી પણ નહેરુજી નહિ માનેલા અને પરિણામ દર વર્ષે આપણે જોઈએ છીએ.)

કરુણા રાખો પ્રભુ સારું ફળ આપશે.

(૧) પ્રયાગરાજ-અલ્હાબાદમાં સૂર્યકાન્ત ત્રિપાઠીજી-નિરાલાજી દુઃખી માણસને રસ્તે જોયો, ઘરમાં લાવ્યા-ખવડાવ્યું. રોકડ રકમ આપી વિદાય કર્યો. મને આજે આ કામનો અતિ આનંદ છે.

(૨) રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રબાબુએ ડ્રાઈવરને ગાડી લઈને મોકલ્યો તો નિરાલાજીએ કહ્યું, મને રાષ્ટ્રપતિનું કામ નથી તેમને મારું કામ હોય તો મારે ઘેર મળવા આવી શકે છે-કોઈ કવિ કહે છેઃ-

'કાર્ય કરનારને પરવા હોય શી અંજામની ?
રોજ ઉપવન સેંકડો ફૂલો ખિલાવી જાય છે !'

જૈન મતમાં-જૈન સમ્પ્રદાયમાં કર્મના અવાન્તર ભેદ-જીવ દ્વારા કર્મ થાય છે.

A જીવ મૌલિક સ્વરૂપ B અને જીવ વિકૃત સ્વરૂપ. જીવાત્મા શુદ્ધ છે. પરંતુ તે કર્માણુઓથી દબાયેલો છે. જીવ અરૂપ છતાં (૧) આયુષ્યકર્મ, (૨) નામકર્મ, (૩) ગતિથી, (૪) શરીરથી અને (૫) જાતિ મળવાથી તે રૂપવાળો થયેલો છે.

અંતરાય કર્મને કારણે (લીધે) કૃપણતા, દરિદ્રતા, પરાધીનતા અને દુર્બલતાને લીધે જીવાત્માના અનંત ગુણો દબાઈ ગયા છે.

-અવાન્તર કર્મભેદની ઓળખાણ તેના ૮ ભેદ છે. જેમ કે-

(૧) જ્ઞાનાવરણ- (A) મતિજ્ઞાન, (B) શ્રુતજ્ઞાન વગેરે.

(૨) દર્શનાવરણ ચાર ભેદ છેઃ (A) ચક્ષુદર્શનાવરણ (૨) અચક્ષુદર્શનાવરણ (C) અવધિદર્શનાવરણ અને (૪) કેવલ દર્શનાવરણ.

(૩) મોહનીય-બે ભેદ છે. (૧) દર્શન મોહનીય, (૨) ચરિત્ર મોહનીય.

(૪) અંતરાયકર્મ-તેના પાંચ ભેદ છે-(૧) દાનાંતરાય, (૨) લાભાંતરાય, (૩) ભોગાંતરાય, (૪) ઉપભોગન્તરાય અને (૫) વીર્યાન્તરાય.

(૫) વેદનીય-બે ભેદ (૧) શાતા વેદનીય, (૨) અશાતા વેદનીય

(૬) આયુષ્ય-ચાર ભેદ જીવની સાથે ચીટકી રહેનારું કર્મ છે.

(૭) ગોત્રકર્મ-બે ભેદ છે (૧) ઉચ્ચ ગોત્ર, (૨) નીચ ગોત્ર.

(૮) નામકર્મ-

કર્મના અન્ય ભેદમાં-(૧) ઘાતીકર્મ અને બીજું (૨) અઘાતીકર્મ.

લેશ્યાકર્મના છ ભેદ છે :

(૧) કૃષ્ણ, (૨) નીલ, (૩) કાપોત, (૪) તેજો, (૫) પદ્મ અને (૬) શુકલ (તેની વ્યાખ્યા આ પ્રમાણે છે.)

જેમ કે-(૧) કૃષ્ણલેશ્યા-ફળ માટે વૃક્ષને મૂળમાંથી છેદવું.

(૨) નીલલેશ્યા-જેમ કે દા. ત. મોટી ડાળીનો છેદ.

(૩) કાપોતલેશ્યા-નાની ડાળીનો છેદ.

(૪) તેજોલેશ્યા-વૃક્ષ ઉપરથી ગુચ્છાનો છેદ

(૫) પદ્મલેશ્યા-વૃક્ષ ઉપરથી ફળને ચૂંટવું.

(૬) શુકલલેશ્યા-વૃક્ષ ઉપરથી નીચે પડેલાં ફળ ખાવાં.

એક ટેક હોવો જોઇએ કે મારું માથું દરેકને ન નમે. યોગ્યને જ

નમે. મારા આરાધ્ય ઈષ્ટદેવને–ગુરુદેવને જ નમે.

જેમ તુલસીદાસજી–તુલસી મસ્તક તબ નમે આપ મને દર્શન આપો. ધનુષ્ય બાણ લીયો હાથ. જેમ મીરાંબાઈ–મારો તો ગિરિધર ગોપાલ–સાસરાની પરંપરામાં શક્તિની ઉપાસના હતી પણ મીરાંએ કહ્યું કે–'વિના ગિરિધરં દેવં ન નમસ્યે.'

જૈન ઇતિહાસમાં :

પાટણ નરેશ જયસિંહના કાળમાં પાટણના અતિ વિચક્ષણ મહા અમાત્ય શાન્તુ મહેતા હતા. તેજોદ્વેષીઓએ જયસિંહની કાનભંભેરણી કરી, અને આમેય મોટાઓના કાન ખુલ્લાં હોય અને આંખો બંધ હોય છે. પરિણામે એક દિવસ પાટણની રાજ્યસભામાં શાન્ત, સુશીલ, સત્યચિરિત્રશીલ રાજ્યના અભ્યુદયને વરેલા સન્નિષ્ઠ સમર્પિત મહા અમાત્ય શાન્તુ મહેતાનું રાજા જયસિંહ દ્વારા અપમાન થયું.

તેઓ રાજ્ય છોડી સ્વમાનપૂર્વક ઉજ્જૈન ગયા. માલવ નરેશને ખબર મળી તેમને–મહેતાને રાજ્યસભામાં બોલાવ્યા. મહેતાજી સભામાં ગયા પણ માલવનરેશને માથું ન નમાવ્યું. રાજાને આશ્ચર્ય થયું. મસ્તક ન નમાવવાનું કારણ મહેતાજીએ કહ્યું કે–માલવનરેશ મારું મસ્તક તો ઈષ્ટદેવના ચરણોમાં, મારા ગુરુદેવ મહાપ્રભાવક શ્રી દેવસૂરીજી અને સુવિહિત મુનિઓના ચરણમાં પ્રેમથી જ નમે. માલવનરેશને પણ ખ્યાલ આવી ગયો કે આ વ્યક્તિ સાચે જ સન્માનિત છે.

પાટણમાં જયસિંહને પસ્તાવો થયો. પોતાની ભૂલ સમજાઈ. સેવકોને ઉજ્જૈન મોકલ્યા. મહા અમાત્યને સસન્માન પાટણ પાછા લઈ આવો. સેવકોએ ઉજ્જૈન આવી વિનંતિ કરતા 'વીતરાગ ભય ક્રોધ' આ મહા અમાત્ય શ્રી શાન્તુ મહેતાજી માલવનરેશની સંમતિ લઈ પાટણ પાછા આવવા નીકળ્યા.

માર્ગમાં તબિયત બગડી. ઔષધોપચાર ન ફળ્યો અને આહડમાં શ્રી શાન્તુ મહેતા અરિહંતશરણ થયા. સમાચાર જાણી રાજા રડી પડ્યા.

બૌદ્ધ મતમાં કર્મનો મહિમા છે. તેઓ સર્વ ક્ષણિકં ક્ષણિકં કહે છે અને તેમના મતે પ્રતિ ક્ષણ આત્મા બદલાતો રહે છે. અંગુલીમલ જેવા હિંસક માણસને પણ અહિંસામાં લાવી મૂકે છે.

ઈસુના મતેઃ–

મારી પાસે આવો, હું તમને મુક્ત કરીશ. જુડાસ જેવો અત્યંત વિશ્વસનીય શિષ્ય અને સેવક અંતિમ સમયમાં ઇસુનો વિશ્વાસઘાત કરે છે. અને વધસ્તંભ ઉપર છે ત્યારે પ્રભુને કહે છે કે પ્રભુ તેમને માફ કરજો, કારણ તે જાણતા જ નથી કે તેઓ શું કરે છે. કર્માકર્મને આ રીતે સમજીને તેને મુલવે છે.

**જૈન સમ્પ્રદાય**

કર્મના ફળને ભાગ્યનું નામ પણ સ્વીકારે છે. કચ્છ ભદ્રેસરના વિશ્વવિખ્યાત શાહ સોદાગર.. શેઠશ્રી જગડુ શાહ–વ્યાપાર–વહાણવટું, એક વખત હરીમજ દ્વિપ પહોંચવાનું હતું. મુનિમજી માલસામાનના વહાણ લઈને પહોંચ્યા. વખાર ભાડે રાખી. બાજુમાં જ સિંહલ દ્વિપના શ્રી સમરશેઠની વખાર, તે તેમના મુનિમ સંભાળે. બન્નેનો વ્યાપાર સુંદર ચાલતો. લાભદાયી હતો.

બન્નેની વખારની વચ્ચે એક મોટો પથ્થર બન્ને પક્ષ વાપરતા તેનો ઝઘડો થયો. સમાધાન ન થયું, રાજા પાસે ફરિયાદ ગઈ. રાજાએ કહ્યું, બન્નેમાંથી કોઈ દાવો રજૂ ન કરી શક્યા. રાજાએ ન્યાય આપતાં કહ્યું કે જે વધારે ધન આપે તે લઈ જાય. બીટ શરૂ થઈ. એક હજાર ટાંક, બે હજાર, ત્રણ હજાર ટાંક ઉપર જગડુશાના મુનિમે ખરીદ્યો.

નાવમાં–વહાણમાં મૂકીને ભદ્રેસર લાવ્યા. શેઠને વાત કરી. શેઠે શાબાશી આપી, શબ્દ પહેલો ધન પછી.

એક દિવસ એક મુનિવર ભિક્ષા લેવા આવ્યા. પથ્થર પારખી ચાલ્યા ગયા. જગડુશાહે તોડાવ્યો તો અંદરથી કીંમતી રત્નો નીકળ્યાં. ન્યાલ થઈ ગયાં. તે ધનથી વિ. સં. ૧૩૧૫, ૧૩૧૬ અને ૧૩૧૭માં દુષ્કાળ વખતે ઠેરઠેર અનાજના કોઠારો ખોલાવ્યા હતા.

મીણનો વ્યાપાર–મીણની ઇંટમાં સોનાની ઇંટો નીકળી તેનો પણ સમાજના શ્રેયમાં સેવા દ્વારા સદ ઉપયોગ કર્યો હતો.

કર્મસૃષ્ટિના દરેક સમ્પ્રદાયમાં–

પ્રભુ પ્રાપ્તિના ૩ સાધન :

ભક્તિ, જ્ઞાન અને કર્મ. ત્રણે એકબીજાનાં પૂરક છે. એક સાધનની પ્રધાનતા હોય ત્યારે બીજાં બે ગૌણ બને.

(૧) જ્ઞાન માટે –જ્ઞાનનિષ્ઠા

નહિ જ્ઞાનેન સદશં પવિત્ર મિહ વિદ્યતે । ગીતાજી

જ્ઞાનાગ્નિઃ સર્વ કર્માણિ ભસ્મસાત્ કરુ તે ર્જુન ।

રાજા જનક સર્વજ્ઞતા ।।

(૨) ભક્તિ માટે –ભક્તિનિષ્ઠા

ભક્તિમાન મે પ્રિયો નરઃ ।। યો મદ્ ભક્તઃ સમેપ્રિયઃ ।।

ભજ સેવાયાં–કૃષ્ણ પ્રણામિ ન પુન ર્ભવાય પ્રભુઃ પ્રસીદતિ ।।

(૩) કર્મ માટે : –કર્મનિષ્ઠા કર્મ; સત્કર્મ, દુષ્કર્મ

સત્કર્મના ફળ રૂપે

તે તં ભુકત્વા સ્વર્ગ લોકં વિશાલં,

ક્ષીણે પુણ્યે મર્ત્ય લોકં દિશન્તિ ।।

ન : હિ કશ્ચિત્ત ક્ષણમપિ જાતુ તિષ્ઠત્ય કર્મ કૃત ।।

–કર્મ મનમાં આકાર લે પછી મૂર્ત ક્રિયા બને છે.

–અકર્મણ્યતા જીવના સ્વભાવમાં નથી.

કર્મના પ્રકાર :

(૧) કાયેન (૨) વાચા (૩) મનસા (૪) ઈન્દ્રિયૈ (૫) બુધ્યા (૬) આત્મના (૭) પ્રકૃતેઃ (૮) સ્વભાવાત્

મિચ્છામિ દુક્કડમ્

મિથ્યા મે દુષ્કૃતમ્ ।।

ઇતિ શમ્

મહેરબાં હો કે બુલાલો મુઝે જબ તુમ ચાહો,

મૈ ગુજરા હુઆ વક્ત નહિ જો જા કે આ ન સકું.

✱✱✱

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૨૩–૮–૨૦૦૬ના પ્રસ્તુત કરેલું પ્રવચન.

૧, દેવકૃપા, ૧લે માળે, સીટી બૅંકની સામે,
એસ. વી. રોડ, બોરીવલી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૯૨

દરબારમાં બોલાવ્યા-વાત પૂછી. ઋષિ : હું સ્નાન કરી પૂજાનું જળ લઇને જતો હતો. આ કૂતરો બાજુમાં ચાલતો હતો. મને શંકા થઈ કે અડકશે તો મારે ફરી સ્નાન કરવું પડશે. આથી માર્યો. રામેઃ શંકા માત્રથી માર્યો ? આની સજા ભોગવવી પડશે. ઋષિઃ સજા આપો. રામે તે કૂતરાને કહ્યું તું સજા આપ. આનાકાની પછી કૂતરાએ કહ્યું કે આ ઋષિને કોઈ મઠના મહંત બનાવો. રામે પૂછ્યું આ તે કેવો ન્યાય. કૂતરાએ કહ્યું, પૂર્વાવતાર હું એક મોટા મઠનો મહંત હતો-ખૂબ સેવા થતી. મેં મારું કલ્યાણ ન સાધ્યું. શિષ્યો સેવકોનું કલ્યાણ ક્યાંથી થાય ? હું બીજાં જન્મમાં કૂતરો થયો છું. આ ઋષિ પણ મારી જેમ બને અને તેમને પણ કોઈ મારે.

બીજો પ્રસંગ છે:

એક વખત કાળપુરુષ બ્રાહ્મણનું રૂપ લઈને રામજીને વિનંતિ કરવા આવ્યો. બ્રાહ્મણે કહ્યું, રામ મારે આપની સાથે એકાન્તમાં થોડી વાત કરવી છે. વિનંતિ એટલી કે આપણે જે ઓરડામાં વાત કરીએ તેનો દરવાજો આપણે બંધ રાખવાનો અને જો કોઈ તેને ખોલીને અંદર આવે તો તેને દેહાંત દંડ આપવો.

અનાયાસે દુર્વાસાજી પધાર્યા-લક્ષ્મણે કહ્યું કે, એક ચર્ચા ચાલે છે એ થઈ જાય એટલે પહેલું કામ આપની મુલાકાત કરાવી દઉં. દુર્વાસા ન માન્યા. અયોધ્યા બાળવાની ધમકી આપી. લક્ષ્મણે વિવેક વાપર્યો કે અયોધ્યા બળે તે કરતાં હું બળીશ. દરવાજો ખોલ્યો, અંદર પ્રવેશ કર્યો તો સામેથી રામ અને કાળપુરુષ-બ્રાહ્મણ વાત પતાવીને આવતા હતા. બ્રાહ્મણે કહ્યું, 'રામજી આપણી શરત પ્રમાણે આપ લક્ષ્મણને સજા આપજો. ગુસ્સો કરી રામે લક્ષ્મણને ઠપકો આપ્યો. રાજસભામાં કેસ આવ્યો.

બે પક્ષો થયા. એક પક્ષે કહ્યું કે લક્ષ્મણે માત્ર ઔપચારિક ગુનો કર્યો છે તેથી સજા ન થવી જોઈએ. બીજો પક્ષ કહેતો કે ગુનો ગુનો જ છે માટે નક્કી થયેલી શરત પ્રમાણે સજા થવી જ જોઈએ.

વશિષ્ટ મહર્ષિએ ન્યાય આપ્યો કે લક્ષ્મણને સજા થવી જ જોઈએ અને સજા રાજા રામે જ આપવી જોઈએ. સભામાં રામે દુઃખ સાથે લક્ષ્મણને દેહાંત દંડની સજા આપી. લક્ષ્મણ રાજી થયા. સરયૂમાં જઈને વિલિન થયા.

રાજા દશરથ અને શ્રવણના પ્રસંગથી શ્રીરામના વિયોગમાં મૃત્યુ થવું.

રામના વનવાસ વખતે સીતા કહે છે-મને ખબર છે કે મારા પ્રારબ્ધમાં વનવાસ છે. નાનપણમાં મેં એક વખત આ વાત સાંભળી છે. કર્મફળ ભોગવી લેવા દો નહિ તો આગળ ભોગવવું પડશે.

અનધિકારનું કંઈ લેવું નહિં.

ઈ. સ. ૧૯૧૯માં વિશ્વવિખ્યાત એંન્જિનિયર સર શ્રી એમ. વિશ્વેશ્વરૈયા અમેરિકા શિકાગોમાં હતા. અમેરિકાના પ્રસિદ્ધ આર્કિટેક શ્રી નિકોલસ તેમને સો ડૉલરની ફી નક્કી કરી એક કામ આપ્યું. કામ થઈ ગયું-કવરમાં ૧૫૦ ડૉલર હતા. તેમાંથી શ્રી વિશ્વેશ્વરૈયાએ ૫૦ ડોલર પાછા આપ્યા.

(પાંચ નદીઓની ચેનલની યોજના તેમણે બતાવી હતી પણ નહેરુજી નહિ માનેલા અને પરિણામ દર વર્ષે આપણે જોઈએ છીએ.)

કરુણા રાખો પ્રભુ સારું ફળ આપશે.

(૧) પ્રયાગરાજ-અલ્હાબાદમાં સૂર્યકાન્ત ત્રિપાઠીજી-નિરાલાજી દુઃખી માણસને રસ્તે જોયો, ઘરમાં લાવ્યા-ખવડાવ્યું. રોકડ રકમ આપી વિદાય કર્યો. મને આજે આ કામનો અતિ આનંદ છે.

(૨) રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રબાબુએ ડ્રાઈવરને ગાડી લઈને મોકલ્યો તો નિરાલાજીએ કહ્યું, મને રાષ્ટ્રપતિનું કામ નથી તેમને મારું કામ હોય તો મારે ઘેર મળવા આવી શકે છે-કોઈ કવિ કહે છેઃ-

'કાર્ય કરનારને પરવા હોય શી અંજામની ?
રોજ ઉપવન સેંકડો ફૂલો ખિલાવી જાય છે !'

જૈન મતમાં-જૈન સમ્પ્રદાયમાં કર્મના અવાન્તર ભેદ-જીવ દ્વારા કર્મ થાય છે.

A જીવ મૌલિક સ્વરૂપ B અને જીવ વિકૃત સ્વરૂપ. જીવાત્મા શુદ્ધ છે. પરંતુ તે કર્માણુઓથી દબાયેલો છે. જીવ અરૂપ છતાં (૧) આયુષ્યકર્મ, (૨) નામકર્મ, (૩) ગતિથી, (૪) શરીરથી અને (૫) જાતિ મળવાથી તે રૂપવાળો થયેલો છે.

અંતરાય કર્મને કારણે (લીધે) કૃપણતા, દરિદ્રતા, પરાધીનતા અને દુર્બલતાને લીધે જીવાત્માના અનંત ગુણો દબાઈ ગયા છે.

-અવાન્તર કર્મભેદની ઓળખાણ તેના ૮ ભેદ છે. જેમ કે-

(૧) જ્ઞાનાવરણ- (A) મતિજ્ઞાન, (B) શ્રુતજ્ઞાન વગેરે.

(૨) દર્શનાવરણ ચાર ભેદ છે: (A) ચક્ષુદર્શનાવરણ (૨) અચક્ષુદર્શનાવરણ (C) અવધિદર્શનાવરણ અને (૪) કેવલ દર્શનાવરણ.

(૩) મોહનીય-બે ભેદ છે. (૧) દર્શન મોહનીય, (૨) ચરિત્ર મોહનીય.

(૪) અંતરાયકર્મ-તેના પાંચ ભેદ છે-(૧) દાનાંતરાય, (૨) લાભાંતરાય, (૩) ભોગાંતરાય, (૪) ઉપભોગન્તરાય અને (૫) વીર્યાન્તરાય.

(૫) વેદનીય-બે ભેદ (૧) શાતા વેદનીય, (૨) અશાતા વેદનીય

(૬) આયુષ્ય-ચાર ભેદ જીવની સાથે ચીટકી રહેનારું કર્મ છે.

(૭) ગોત્રકર્મ-બે ભેદ છે (૧) ઉચ્ચ ગોત્ર, (૨) નીચ ગોત્ર.

(૮) નામકર્મ-

કર્મના અન્ય ભેદમાં-(૧) ઘાતીકર્મ અને બીજું (૨) અઘાતીકર્મ.

લેશ્યાકર્મના છ ભેદ છે :

(૧) કૃષ્ણ, (૨) નીલ, (૩) કાપોત, (૪) તેજો, (૫) પદ્મ અને (૬) શુકલ (તેની વ્યાખ્યા આ પ્રમાણે છે.)

જેમ કે-(૧) કૃષ્ણલેશ્યા-ફળ માટે વૃક્ષને મૂળમાંથી છેદવું.

(૨) નીલલેશ્યા-જેમ કે દા. ત. મોટી ડાળીનો છેદ.

(૩) કાપોતલેશ્યા-નાની ડાળીનો છેદ.

(૪) તેજોલેશ્યા-વૃક્ષ ઉપરથી ગુચ્છાનો છેદ

(૫) પદ્મલેશ્યા-વૃક્ષ ઉપરથી ફળને ચૂંટવું.

(૬) શુકલલેશ્યા-વૃક્ષ ઉપરથી નીચે પડેલાં ફળ ખાવાં.

એક ટેક હોવો જોઇએ કે મારું માથું દરેકને ન નમે. યોગ્યને જ

નમે. મારા આરાધ્ય ઈષ્ટદેવને–ગુરુદેવને જ નમે.

જેમ તુલસીદાસજી–તુલસી મસ્તક તબ નમે આપ મને દર્શન આપો. ધનુષ્ય બાણ લીયો હાથ. જેમ મીરાંબાઈ–મારો તો ગિરિધર ગોપાલ–સાસરાની પરંપરામાં શક્તિની ઉપાસના હતી પણ મીરાંએ કહ્યું કે–'વિના ગિરિધરં દેવં ન નમસ્યે.'

જૈન ઇતિહાસમાં :

પાટણ નરેશ જયસિંહના કાળમાં પાટણના અતિ વિચક્ષણ મહા અમાત્ય શાન્તુ મહેતા હતા. તેજોદ્વેષીઓએ જયસિંહની કાનભંભેરણી કરી, અને આમેય મોટાઓના કાન ખુલ્લાં હોય અને આંખો બંધ હોય છે. પરિણામે એક દિવસ પાટણની રાજ્યસભામાં શાન્ત, સુશીલ, સત્યચરિત્રશીલ રાજ્યના અભ્યુદયને વરેલા સન્નિષ્ઠ સમર્પિત મહા અમાત્ય શાન્તુ મહેતાનું રાજા જયસિંહ દ્વારા અપમાન થયું.

તેઓ રાજ્ય છોડી સ્વમાનપૂર્વક ઉજ્જૈન ગયા. માલવ નરેશને ખબર મળી તેમને–મહેતાને રાજ્યસભામાં બોલાવ્યા. મહેતાજી સભામાં ગયા પણ માલવનરેશને માથું ન નમાવ્યું. રાજાને આશ્ચર્ય થયું. મસ્તક ન નમાવવાનું કારણ મહેતાજીએ કહ્યું કે–માલવનરેશ મારું મસ્તક તો ઈષ્ટદેવના ચરણોમાં, મારા ગુરુદેવ મહાપ્રભાવક શ્રી દેવસૂરીજી અને સુવિહિત મુનિઓના ચરણમાં પ્રેમથી જ નમે. માલવનરેશને પણ ખ્યાલ આવી ગયો કે આ વ્યક્તિ સાચે જ સન્માનિત છે.

પાટણમાં જયસિંહને પસ્તાવો થયો. પોતાની ભૂલ સમજાઈ. સેવકોને ઉજ્જૈન મોકલ્યા. મહા અમાત્યને સસન્માન પાટણ પાછા લઈ આવો. સેવકોએ ઉજ્જૈન આવી વિનંતિ કરતા 'વીતરાગ ભય ક્રોધ' આ મહા અમાત્ય શ્રી શાન્તુ મહેતાજી માલવનરેશની સંમતિ લઈ પાટણ પાછા આવવા નીકળ્યા.

માર્ગમાં તબિયત બગડી. ઔષધોપચાર ન ફળ્યો અને આહડમાં શ્રી શાન્તુ મહેતા અરિહંતશરણ થયા. સમાચાર જાણી રાજા રડી પડ્યા.

બૌદ્ધ મતમાં કર્મનો મહિમા છે. તેઓ સર્વં ક્ષણિકં ક્ષણિકં કહે છે અને તેમના મતે પ્રતિ ક્ષણ આત્મા બદલાતો રહે છે. અંગુલીમલ જેવા હિંસક માણસને પણ અહિંસામાં લાવી મૂકે છે.

ઈસુના મતેઃ–

મારી પાસે આવો, હું તમને મુક્ત કરીશ. જુડાસ જેવો અત્યંત વિશ્વસનીય શિષ્ય અને સેવક અંતિમ સમયમાં ઇસુનો વિશ્વાસઘાત કરે છે. અને વધસ્તંભ ઉપર છે ત્યારે પ્રભુને કહે છે કે પ્રભુ તેમને માફ કરજો, કારણ તે જાણતા જ નથી કે તેઓ શું કરે છે. કર્માકર્મને આ રીતે સમજીને તેને મુલવે છે.

**જૈન સમ્પ્રદાય**

કર્મના ફળને ભાગ્યનું નામ પણ સ્વીકારે છે. કચ્છ ભદ્રેસરના વિશ્વવિખ્યાત શાહ સોદાગર.. શેઠશ્રી જગડુ શાહ–વ્યાપાર–વહાણવટું, એક વખત હરીમજ દ્વિપ પહોંચવાનું હતું. મુનિમજી માલસામાનના વહાણ લઈને પહોંચ્યા. વખાર ભાડે રાખી. બાજુમાં જ સિંહલ દ્વિપના શ્રી સમરશેઠની વખાર, તે તેમના મુનિમ સંભાળે. બન્નેનો વ્યાપાર સુંદર ચાલતો. લાભદાયી હતો.

બન્નેની વખારની વચ્ચે એક મોટો પથ્થર બન્ને પક્ષ વાપરતા તેનો ઝઘડો થયો. સમાધાન ન થયું, રાજા પાસે ફરિયાદ ગઈ. રાજાએ કહ્યું, બન્નેમાંથી કોઈ દાવો રજૂ ન કરી શક્યા. રાજાએ ન્યાય આપતાં કહ્યું કે જે વધારે ધન આપે તે લઈ જાય. બીટ શરૂ થઈ. એક હજાર ટાંક, બે હજાર, ત્રણ હજાર ટાંક ઉપર જગડુશાના મુનિમે ખરીદ્યો.

નાવમાં–વહાણમાં મૂકીને ભદ્રેસર લાવ્યા. શેઠને વાત કરી. શેઠે શાબાશી આપી, શબ્દ પહેલો ધન પછી.

એક દિવસ એક મુનિવર ભિક્ષા લેવા આવ્યા. પથ્થર પારખી ચાલ્યા ગયા. જગડુશાહે તોડાવ્યો તો અંદરથી કીંમતી રત્નો નીકળ્યાં. ન્યાલ થઈ ગયાં. તે ધનથી વિ. સં. ૧૩૧૫, ૧૩૧૬ અને ૧૩૧૭માં દુષ્કાળ વખતે ઠેરઠેર અનાજના કોઠારો ખોલાવ્યા હતા.

મીણનો વ્યાપાર–મીણની ઇંટમાં સોનાની ઇંટો નીકળી તેનો પણ સમાજના શ્રેયમાં સેવા દ્વારા સદ ઉપયોગ કર્યો હતો.

કર્મસૃષ્ટિના દરેક સમ્પ્રદાયમાં–

પ્રભુ પ્રાપ્તિના ૩ સાધન :

ભક્તિ, જ્ઞાન અને કર્મ. ત્રણે એકબીજાનાં પૂરક છે. એક સાધનની પ્રધાનતા હોય ત્યારે બીજાં બે ગૌણ બને.

(૧) જ્ઞાન માટે –જ્ઞાનનિષ્ઠા

નહિ જ્ઞાનેન સદશં પવિત્ર મિહ વિદ્યતે । ગીતાજી

જ્ઞાનાગ્નિઃ સર્વ કર્માણિ ભસ્મસાત્ કરુ તે ર્જુન ।

રાજા જનક સર્વજ્ઞતા ।।

(૨) ભક્તિ માટે –ભક્તિનિષ્ઠા

ભક્તિમાન મે પ્રિયો નરઃ ।। યો મદ્ ભક્તઃ સમેપ્રિયઃ ।।

ભજ સેવાયાં–કૃષ્ણ પ્રણામિ ન પુન ર્ભવાય પ્રભુઃ પ્રસીદતિ ।।

(૩) કર્મ માટે : –કર્મનિષ્ઠા કર્મ; સત્કર્મ, દુષ્કર્મ

સત્કર્મના ફળ રૂપે

તે તં ભુકત્વા સ્વર્ગ લોકં વિશાલં,

ક્ષીણે પુણ્યે મર્ત્ય લોકં દિશન્તિ ।।

ન : હિ કશ્ચિત્ત ક્ષણમપિ જાતુ તિષ્ઠત્ય કર્મ કૃત ।।

–કર્મ મનમાં આકાર લે પછી મૂર્ત ક્રિયા બને છે.

–અકર્મણ્યતા જીવના સ્વભાવમાં નથી.

કર્મના પ્રકાર :

(૧) કાયેન (૨) વાચા (૩) મનસા (૪) ઈન્દ્રિયૈ (૫) બુધ્યા (૬) આત્મના (૭) પ્રકૃતેઃ (૮) સ્વભાવાત્

મિચ્છામિ દુક્કડમ્

મિથ્યા મે દુષ્કૃતમ્ ।।

ઇતિ શમ્

મહેરબાં હો કે બુલાલો મુઝે જબ તુમ ચાહો,

મૈ ગુજરા હુઆ વક્ત નહિ જો જા કે આ ન સકું.

***

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૨૩–૮–૨૦૦૬ના પ્રસ્તુત કરેલું પ્રવચન.

૧, દેવકૃપા, ૧લે માળે, સીટી બૅંકની સામે,
એસ. વી. રોડ, બોરીવલી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૯૨

# જૈન પારિભાષિક શબ્દકોશ

ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(ગતાંકથી આગળ)

| | | | |
|---|---|---|---|
| ૩૦૯ અકષાય | જેનામાં ક્રોધ, માન, માયા, લોભાદિ કષાય ન હોય તે, અગિયારમા આદિ આગળના ગુણસ્થાનવાળા. | जिन में क्रोध, मान, माया, लोभ आदि कषाय न होवे, ग्यारहवें आदि आगे के गुणस्थानवाले. | Devoid of passion, |
| ૩૧૦ અકામનિર્જરા | પરાધીનપણે અથવા દેખાદેખીથી અહિતકર પ્રવૃત્તિનો કે આહારાદિનો ત્યાગ, સમજ વગર કરવામાં આવતા તપ-ત્યાગાદિ. | पराधीनता से अथवा गतानुगतिकता से अहितकर प्रवृत्ति का या आहारादि का त्याग, समझरहित किए जानेवाले तप–त्यागादि. | Refraining from evil acts out of compulsion. |
| ૩૧૧ અકાલમૃત્યુ | અપર્વતનીય આયુષ્યવાળા જીવનું શસ્ત્ર આદિ કોઈ નિમિત્તથી નિપજતું મૃત્યુ. | अपर्वतनीय आयुष्यवाले, जीव का शस्त्रादि कोई भी निमित्त से हुआ मृत्यु. | Untimely death. |
| ૩૧૨ આક્ષિપ્રગાહી | વિલંબથી જાણતા અવગ્રહાદિ મતિજ્ઞાન, મતિજ્ઞાનનો એક પ્રકાર. | विलम्ब से जाननेवाले, अवग्रहादि मतिज्ञान, मतिज्ञान का एक प्रकार. | Aksipra grasping, Those that cog-zine it slowly, |
| ૩૧૩ અગારી | અણુવ્રતધારી ગૃહસ્થ, શ્રાવક, અહિંસાદિ વ્રતોને સંપૂર્ણપણે સ્વીકારવા સમર્થ ન હોય છતાં ત્યાગવૃત્તિવાળો હોય તેવો અલ્પાંશે વ્રતધારી શ્રાવક. | अणुव्रतधारी गृहस्थ, श्रावक, अहिंसादि व्रतों को सम्पूर्ण रुपेण स्वीकार करने में असमर्थ होते हुए त्यागवृत्तिवाला अल्पांश व्रतधारी श्रावक. | Householder, Who stands associated with a house. |
| ૩૧૪ અગુરુલઘુ (નામકર્મ) | જેના ઉદયથી શરીર ગુરુ કે લઘુ પરિણામ ન પામતા અગુરુલઘુરૂપે પરિણમે તે નામકર્મ. | जिसके उदय से गुरु या लघु रुप में परिणत न होकर अगुरुलघुरुप में परिणत हो वैसा नामकर्म. | Neither heavy nor light-a quality of namakarm. |
| ૩૧૫ અંગ (શ્રુત) | તીર્થંકરો દ્વારા પ્રકાશિત જ્ઞાનને એમના પરમ શ્રુતજ્ઞાનની સાક્ષાત્ શિષ્ય ગણધરોએ ગ્રહણ | तीर्थंकरो के द्वारा उपदिष्ट ज्ञान को उनके परम श्रुतज्ञानी साक्षात् शिष्य गणधरों ने ग्रहण करके | Twelve basic scriptural texts. |

## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક વિનંતિ

સુજ્ઞશ્રી,

સાદર પ્રણામ,

આપશ્રી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રન/આજીવન સભ્ય અથવા સભ્ય કે શુભેચ્છક છો. આપને 'પ્રબુદ્ધ જીવન' નિયમતિ મળતું હશે. આપના સહકાર માટે અમે આપના આભારી છીએ.

'પ્રબુદ્ધ જીવન'ના ફેબ્રુઆરી ૨૦૦૬ના અંકમાં આ સામયિકના ઉજ્જવળ ઈતિહાસની ઝલક દર્શાવી હતી અને આ સામયિકને આર્થિક રીતે સક્ષમ કરવા ગ્રાહક યોજના પ્રસ્તુત કરી હતી, જે આ અંકમાં પણ પ્રગટ કરી છે.

ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન નીધિ'ના શીર્ષક નીચે કાયમી ફંડ માટે સમાજ સમક્ષ વિનંતિ પણ કરી છે.

આ જ્ઞાનયજ્ઞમાં અમે જણાવેલ કોઈ પણ યોજનામાં આપ સહભાગી થાવ એવી અમારી વિનંતિ છે.

**આ માટે, <u>આપ પાછળ છાપેલું ફોર્મ ભરી, પાના નંબર ૨ પર દર્શાવેલી</u> જે આપને યોજના અનુકૂળ લાગે એનો ઉલ્લેખ કરી આ ફોર્મ અમને પરત કરવા વિનંતિ.**

આપનો ચેક/ડ્રાફ્ટ 'SHREE MUMBAI JAIN YUVAK SANGH' ના નામે મોકલવા વિનંતિ.

આજીવન ગ્રાહક લવાજમ ભરનાર તેમજ 'પ્રબુદ્ધ જીવન નીધિ કાયમી ફંડ'માં ફાળો આપનારને આવકવેરાની કલમ 80-G અન્વયે કરમુક્ત છે, તે અંગેનું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

આપની શુભેચ્છા અમારી સાથે સર્વદા રહેશે જ. જે આ જ્ઞાનયાત્રા માટે અમને પ્રેરક બની રહેશે. ધન્યવાદ, આભાર.

☐મેનેજર

| | | | |
|---|---|---|---|
| | કરી, એ જ્ઞાનને દ્વાદશાંગી રૂપે સૂત્રબદ્ધ કર્યું તે અંગઆગમ, વર્તમાનકાળે પ્રસિદ્ધ આચારાંગાદિ ૧૧ અંગ આગમો. | द्वादशांगी के रुप में सूत्रबद्ध किया वे, आचारांगादि 11 अंगआगम. | |
| ૩૧૬ અંગપ્રવિષ્ટ (શ્રુત) | ગણધરો દ્વારા સૂત્રબદ્ધ કરેલા આચારાંગાદિ આગમગ્રંથો. | गणधरों के सूत्रबद्ध किए गए आचारांगादि आगमग्रंथ. | Scriptural texts icludes in the class of Anga texts. |
| ૩૧૭ અંગબાહ્ય | સમયના દોષથી બુદ્ધિ, બળ અને આયુષ્ય ઘટતાં જોઈ સર્વસાધારણના હિત માટે અંગાગમમાંથી ભિન્ન ભિન્ન વિષયો ઉપર ગણધર પછીના શુદ્ધ બુદ્ધિ આચાર્યોએ જે શાસ્ત્રો રચ્યા તે જેના રચયિતા ગણધર સિવાય અન્ય આચાર્યો હોય તે. | समय के दोष से बुद्धि, बल एवं आयुष्य लुप्त हो रही शक्ति को देख कर सर्वसाधारण के हित के लिए अंगआगम में से भिन्न भिन्न विषयों पर गणधरों के बाद, शुद्ध बुद्धि आचार्यों के द्वारा रचित शास्त्रग्रंथ, गणधर भगवंतो के अतिरिक्त अन्य आचार्यों द्वारा रचित शास्त्रग्रंथ. | Scriptural texts excluded from the class of anga texts. |
| ૩૧૮ અંગોપાંગ (નામકર્મ) | શરીરગત અંગો અને ઉપાંગોનું નિમિત્ત નામકર્મ તે અંગોપાંગ નામકર્મ. | शरीरगत अंग एवं उपांगो के निमित्त नामकर्म अंगोपांगपामकर्म. | The karma which causes the having of the bodily parts and sub parts. |
| ૩૧૯ અચક્ષુદર્શન | નેત્ર સિવાય બીજી કોઈપણ ઈન્દ્રિય અથવા મનથી થતો સામાન્ય બોધ. | नेत्र के अतिरिक्त अन्य किसी भी इन्द्रिय अथवा मन से होनेवाला सामान्य बोध. | That cognition of something merely generic which is had through a non-visual sense organs. |
| ૩૨૦ અચક્ષુદર્શનાવરણ | નેત્ર સિવાય અન્ય ઈન્દ્રિયો અને મનથી થતા સામાન્ય બોધને અટકાવનારૂં કર્મ, દર્શનાવરણીય કર્મની એક પ્રકૃતિ. | नेत्र के अलावा अन्य इन्द्रियों से एवं मन के द्वारा होनेवाले सामान्य बोध को आवृत्त/रोकनेवाला कर्म/ दर्शनावरणीय कर्म की एक प्रकृति. | The act of preventing normal perception by sense organs except by eyes. |

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(ક્રમશઃ)


પ્રતિશ્રી,

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

૩૩, મહમ્મદી મિનાર, ૧૪ મી ખેતવાડી,

એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦૦૦૪.

ફોન : ૦૨૨-૨૩૮૨૦૨૯૬.

આપનો વિનંતિ પત્ર મળ્યો.

અમોને આપના 'પ્રબુદ્ધ જીવન'ના વાર્ષિક/ત્રિવાર્ષિક/પંચવર્ષીય/આજીવન ગ્રાહક/કન્યા કરિયાવર ગ્રાહક થવાની ઈચ્છા છે.

'પ્રબુદ્ધ જીવન નીધિ' કાયમી ફંડમાં અનુદાન આપવાની અમારી ભાવના છે.

આ સાથે ચેક/ડ્રાફ્ટ રૂા. ............................... ચેક/ડ્રાફ્ટ નંબર ............................... તારીખ ....................

બેંક ............................... શાખા ............................... ગામ ............................... નો સ્વીકારી

નીચેના સરનામે રસીદ મોકલવા વિનંતિ. ધન્યવાદ.

નામ અને સરનામું : ...............................................................

...............................................................

લિ.................................

## પંથે પંથે પાથેય...

અનુસંધાન પૃષ્ટ છેલ્લાથી ચાલુ

લીલાધરભાઈ અને પૂ. બાપાના કમ્પાઉન્ડર જેવા કાનાભાઈ, આમ પાંચ જણ નીકળી પડીએ. ક્યાં જવાનું છે એ નક્કી ન હોય. આશ્રમના દરવાજેથી બહાર નીકળીએ એટલે પૂ. બાપા સૂચન કરે, એમ ગાડી વળે.

આ પ્રવાસ દરમ્યાન, ભાવનગર નરેશ શ્રી કૃષ્ણકુમારજીને એમના ખેતરમાં મેં ટ્રેક્ટર ચલાવતા જોયાં છે. વલ્લભીપુર ઠાકોરને વિદ્યાર્થીઓ સાથે વોલીબોલ રમતાં જોયાં છે, કેટલાંકની સાલિયાણાની રકમની વેદના પણ સાંભળી છે. એક નાનકડા ઠાકોરને તો સાલિયાણામાં માસિક રૂા. ૬૪ મળતા પણ સંભળ્યાં, એમની એ વેદનાની વાતો તો ફરી ક્યારેક.

આમ જ એક વખત અમે લાઠી જઈ ચડ્યા. અમારા પહોંચવાની ખબર આગળથી પૂ. બાપા ક્યારેય ન આપે. સાચા અર્થમાં અતિથિની જેમ અમે પહોંચી જઈએ અને બધાંને આશ્ચર્યમાં મૂકી દઈએ, પણ એ ઓચિંતા જવાથી એ બધાંના મોં ઉપર જે આનંદની ઝલકો જોઈ છે, એમાં સૌરાષ્ટ્રની આતિથ્ય ભાવનાના, પરોણાગતના પરમ દર્શન મેં કર્યા છે.' (આજે તો 'એપોઈન્ટમેન્ટ' વગર મળવા જવું એટલે અશિષ્ટાચાર!)

'અમે લાઠી પહોંચ્યાં, લગભગ સવારે નવ વાગ્યે. તરત જ લાઠી ઠાકોરના ભત્રીજા અને આંતરરાષ્ટ્રીય વિખ્યાત ચિત્રકાર કુમાર મંગળસિંહજી અમારું આતિથ્ય કરવા દોડી આવ્યાં. પછી તો ઠાકોર સાહેબ, અને કવિ કલાપી, અને બીજી ઘણી બધી વાતો થતી રહી. કલાપીજીનું ઘર, બેઠક, પુસ્તકો–બધું જોયું. ત્રણ પ્રકારનાં મહેલ બનાવેલા, એકમાં પ્રવેશો તો મૌર્યયુગ લાગે, બીજામાં મોગલ-યુગ અને ત્રીજો અદ્યતન, અંગ્રેજી ઢબનો. હવે તો આ બધું ક્યાં ગયું એ તો લાઠી-વાસીઓ જ જાણે' (રાજકીય નેતા હોય તો સ્મારકો બનીને સચવાય! આ તો કવિ!)

'બપોરના સમયે અમે બધાં જમવા બેઠાં. પૂ. બાપા પણ અમારી સાથે જ બેસે. બાજોઠ મંડાઈ. રાજવી ઘરનાં બધાં સભ્યો બેઠાં; સ્ત્રી વર્ગ સિવાય. મને એમ કે એ બધાં ઓઝલમાં રહેતા હશે, પણ...થોડીવારે અંદરથી પીરસવા માટે સ્ત્રી વર્ગ આવ્યો. એમના બા, પત્ની, પુત્રી !!! મને આશ્ચર્ય થયું, અહીં પીરસનાર નોકર નહીં ?

જમતા જમતા એમની પત્ની બા પનીબા એ રોટલો–કઢી કઈ રીતે બનાવ્યાં, કેમ ઘડ્યાં, વગેરે વગેરે રસોઈની ઝીણી ઝીણી વાતો કરી, એથી જાણી શકાયું કે આ રસોઈ તો ઘરના બધાં સ્ત્રી સભ્યોએ મળીને જ બનાવી છે–મારા માટે તો આ બીજું મોટું આશ્ચર્ય ! હું પૂ. કારાણી સાહેબની બાજુમાં બેઠો હતો. મેં ધીરે રહીને પૂછ્યું, 'અહીં પણ સાલિયાણું ઓછું મળતું લાગે છે, એટલે; આ રાજવી સ્ત્રીઓએ હાથે રસોઈ કરવી પડે છે, બહુ દુઃખ થાય નહિ ?'

મારી આ ગુસપુસનો અણસારો મંગળ-સિંહજી અને એમના પત્નીને આવી ગયો. એ સંવેદનશીલ કલાકાર મારા મનના ભાવને પામી ગયા. પાછા એ ગૌરવભર્યા રાજવી કુંવર! એટલે મારા મનમાં આ વાતને લઈને વિદાય થાઉં તો એમને માટે અને એમના રાજવીકુટુંબ માટે સારું ન કહેવાય. કારણ કે મેં માની લીધું હતું એ આ રાજવી કુટુંબની વાસ્તવિકતા ન હતી.

કુમાર મંગળ સિંહજીએ પૂ. બાપાને કહ્યું, 'બાપા, તમારી શિખામણ અમારા ઘરનાં બધાં સ્ત્રી સભ્યોએ માની છે, અને અમને એનો આનંદ પણ છે.'

તરત જ પૂ. બાપા બોલ્યાં: 'સરસ...'

મને થયું શી શિખામણ? મારાથી અચાનક, અજાણતા જ પૂછાઈ ગયું. 'બાપા, શી શિખામણ?' મને થયું કે અવિવેક તો થઈ ગયો છે પણ શું થાય? (કિશોર વયની અધિરતા, જિજ્ઞાસા આગળ લાચાર!)

તરત જ મંગળસિંહજીએ વાત અને તક પકડીને કહ્યું–'પૂ. બાપા ચારેક વર્ષ પહેલાં અહીં પધાર્યા ત્યારે એઓશ્રીએ અમારા સ્ત્રી સભ્યોને કહેલું. તમે બધી સાહેબી ભોગવો, પણ રસોઈ તો નોકરો પાસે ન કરાવો. જાતે રસોઈ કરો. એમાં આનંદ પરોવો. અન્ન અમૃત થઈ જશે. લોટને મસળતા, તમારા આંગણા-માંથી પ્રેમ વહે છે એ પણ ભોજનમાં ઉમેરાશે, અવતરશે. રસોયાના તન–મનની ચોખાઈ ક્યાં તમે તપાસવાના છો? એ બીડી પીને કણક બાંધશે અને શાક સુધારશે. એના મનનો પગારનો અસંતોષ કે અંગત દુઃખ પણ, આ ભોજનમાં અવશ્ય પ્રવેશશે.ભોજન અમૃત તો જ બને, જો એમાં રસોઈ કરતી વખતે વાત્સલ્ય અને પ્રેમભાવ ભળે તો–અને એ પરિવારજનો સિવાય બીજે ક્યાં ઉદ્ભવે ? બસ, પૂ. બાપાની આ શિખામણ પછી અમારા ઘરના સ્ત્રી સભ્યો જ રસોઈ બનાવે, અને પીરસે પણ જાતે, અને ક્યારેક સાથે જમવું હોય, તો ટેબલ ઉપર તપેલા મૂકીને, બધાં સમૂહ ભોજન કરીએ. આ યોજનાથી અમારા ઘરના સર્વે પ્રસન્ન છે.'

'અને રસોઈમાં લાગે કેટલો સમય ? માત્ર કલાક–દોઢ કલાક!' મંગળસિંહજીના પત્નીએ ટાપસી પૂરી.

'આમ તો દોઢ કલાક તમે ટાપટીપમાં જ વેડફો ને ? એના કરતાં આ સરસ!' મંગળ-સિંહજીએ એમ કહીને હળવાશ વેરી દીધી.

આ પછી પૂ. બાપા સાથે ઘણાં રજવાડામાં જમવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું, અને ઘણી જગ્યાએ લગભગ આ યોજના જોઈ. એમાંય વલ્લભીપુર ઠાકોરને ત્યાં આરોગેલી માટીના ઠામમાં બનાવેલી ખીચડી અને સ્ત્રી સભ્યોએ કમંડળથી પીરસેલું ઘી તો હજીય જીભ પર મઘમઘે છે.

મને ખ્યાલ છે, અમારા આશ્રમમાં પૂ. બાપા સ્વયંપાકનો એક દિવસ યોજતા. તે દિવસે આશ્રમના બધાં કર્મચારીઓને રજા–આખો આશ્રમ અમારે સાફ કરવાનો અને રસોઈ પણ અમારા બધાંએ જ બનાવવાની. એ દિવસની અમે કાચી–પાકી બનાવેલી રસોઈ, અન્ય દિવસોએ રસોયાએ બનાવેલા પકવાન કરતા મીઠી લાગતી. એ મીઠાશ–એ આનંદ આજે ય અનુભવાય છે. આ યોજના પાછળ પૂ. બાપાને આ જ સિદ્ધાંત શીખ-વવાની ઈચ્છા હશે ને!'

આ આખો પ્રસંગ જ સ્વયં સ્પષ્ટ હોઈ હું શું વધુ ચંચુપાત કરું ? અસ્તુ!

☐ ગીતા જૈન

૧૨, હીરા ભવન, કુણાલ જૈન ચોક, વી. પી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૮૦.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 ● Regd. No. MH / MR / SOUTH-146 / 2006-08


# પંથે પંથે પાથેય...

## મન અને અન્ન

*(યુવાન પુત્ર કુણાલની સ્મૃતિમાં 'કુણાલ ચૈતન્ય વૃક્ષ' એ શીર્ષકથી પોતાની એક વ્યક્તિ સંસ્થાને પૈડા ઉપર દોડાવતા 'સ્વયં સ્વસ્થ બનો' અને 'વિશ્વ મૈત્રી'નો ધ્વજ દંડ લઈ પુત્રવત્ દીપક સાથે ભારતના તેર રાજ્યોના નાના-મોટા ગામડાં અને શહેરમાં માત્ર સ્કૂટર ઉપર પ્રવાસ કરી ગીતા જૈને જેલના કેદીઓ, જૈન સાધ્વીશ્રીજીઓ, કિશોર-કિશોરીઓ તેમજ અપંગ અને વૃદ્ધોને નિઃશુલ્ક યોગાભ્યાસ અને કુદરતી ઉપચારની તાલીમ અને જ્ઞાન આપ્યું છે અને જન સામાન્ય સુધી આ જ્ઞાનને વહેંચ્યું છે.*

*આવા યોગ અને કુદરતી ઉપચારના નિષ્ણાત આ ગીતાબેનને મેં ફોન ઉપર 'પંથે પંથે પાથેય' માટે પોતાના પ્રવાસ દરમિયાન કેદીઓ તેમજ અન્યો સાથે થયેલાં માનવતાની મ્હેંક જેવા સત્ય અનુભવો-પ્રસંગો લખી મોકલવા વિનંતિ કરી તો પહેલો જ પ્રસંગ મેં કહેલો તે જ એમણે મને મોકલી આપ્યો! એ અહીં પ્રગટ કરતાં મને અવઢવ-સંકોચ થયો, મેં એમને મારી મૂંઝવણ કહી તો મીઠો ગુસ્સો કરતાં ફોન ઉપર મને કહ્યું, 'પંથે પંથે પાથેય' શીર્ષક તો મારું છે; તમે મારી સંમતિ વગર એ લઈ લીધું એટલે આવી 'મૂંઝવણ'ની શિક્ષા તમને કરું છું.'*

*એમની વાત તો સાચી, આ શીર્ષકથી એઓ વરસોથી દૈનિકો અને સામયિકોમાં લેખો-પ્રસંગો લખે છે. ચાલો, મને તો ત્રણ લાભ થયા. આ નિમિત્તે એમની સંમતિ પણ મળી ગઈ, મારો ભાર પણ હળવો થઈ ગયો અને પ્ર. જી.ના વાચકો પાસે એક પ્રસંગ પહોંચ્યો. –ધ.)*

દર મહિને અમે, જૂના જોગી જેવા, મિત્રો અચૂક મળીએ. વર્ષોનો સાથ-સંબંધ હોવા છતાં સૌ પોતપોતાનાં વ્યવસાયમાં અને કામમાં ખૂબ વ્યસ્ત હોવાથી મળવાની તાલાવેલી હોવા છતાં મળી નહોતું શકાતું. આથી આવી સૌ-મિલનની વ્યવસ્થા નક્કી કરી લીધી હતી, જેથી સૌ એક સાથે મળી શકીએ, ભોજન કરીએ, પોતપોતાનાં અનુભવોની વહેંચણી કરીએ અને એક મહિના માટે 'પાથેય' પ્રાપ્ત કરી લઈએ.

આવા જ એક દિવસનાં મિલનની વાત... અલક મલકની વાતો થઈ રહી હતી. ત્યાં જ એક સખી બોલી–મને સંબોધીને–થોડાં મશ્કરીનાં, ઉપહાસનાં સ્વરે જ તો! 'આને સવારે ૭ વાગ્યે ફોન કરીએ તો બેન બા, રસોડામાં મશગુલ હોય. સવાર સવારમાં રસોઈ કરવાની શું જરૂર? 'બ્રેક ફાસ્ટ'ના સમયે રસોઈ કરીને 'લંચ' વખતે ઠંડું ખાવું?! થોડી બપોરની રસોઈ મોડી કરે તો કેમ?'

એની વાત એની રીતે સાચી હતી. પણ, હું પણ મારી રીતે સાચી હોઈ મેં કહ્યું, 'જો તારે કોઈ કામકાજ-વ્યવસાય નથી. ફક્ત રસોઈ કરી એક વાગ્યે આવતા પતિને જમાડવાના–ઉપરાંત ઉપરનું બધું કામ કરવા માટે બે બે નોકરો, એટલે તું અગિયાર વાગ્યે રસોઈ કરે તો પણ ચાલે–મારી પરિસ્થિતિ જુદી છે. આઠ વાગતાં જ ફોન શરૂ થાય. એ ઉપરાંત નવ વાગ્યાથી કોઈ મળવા આવે, અથવા પત્રોત્તર વગેરેનું કામ હોય. આવા વખતે સ્વાભાવિકપણે મન અશાંત, તો ક્યારેક અસ્વસ્થ તો ક્યારેક ચીડ, ગુસ્સામાં પણ હોય, કે તાણયુક્ત હોય, અથવા અનેક કાર્યોની યોગ્ય વહેંચણીનાં વિચારોમાં હોય–હું આવા મનથી રસોઈ કરવાનું પસંદ ન કરૂં. આવો ખોરાક માનવીને સ્વસ્થતા ન આપી શકે–એ ઝેર સમાન બનવા લાગે. જેટલા પ્રમાણમાં મન અસ્વસ્થ હોય એટલા પ્રમાણમાં રસોઈની પૌષ્ટિકતા ઘટે એવું હું માનું છું. આથી જ વહેલી રસોઈ કરી લઉં. અને હવે તો 'લંચ' સમયે ગરમ ખોરાક જ મળે એવા કેટલાયે ઉપકરણો મળે છે. હાં, પાછું જમીને બહાર જવાનું હોય ને!'

હું તો મારી વાત કરતી રહી, અને અમારા મિત્ર ડૉ. ધનવંત શાહ અતીતમાં સરકી ગયા...અને એમણે જે પ્રસંગ કહ્યો તે જાણે તાદૃશ્ય બની રહ્યો. 'પ્રબુદ્ધ જીવન'ના વાંચક મિત્રોને પણ આ પ્રસંગની સચ્ચાઈ સ્પર્શશે માનીને એમનાં જ શબ્દોમાં રજૂ કરુ છું.

'સોનગઢ જૈન આશ્રમમાં હું અભ્યાસ કરતો હતો ત્યારે બે વેકેશનમાંથી એક, દિવાળીના વેકેશનમાં હું મારા ઘરે જવાનું ટાળતો હતો, અને આશ્રમમાં જ રહેતો હતો જેથી ઇતર સાહિત્યનું વાંચન થઈ શકે તેમ જ અભ્યાસની પણ પૂર્વ તૈયારી થઈ શકે. આ ઉપરાંત મુખ્ય લાલચ રહેતી આશ્રમના અધિષ્ઠાતા પ. પૂ. મુનિરાજશ્રી કલ્યાણચંદ્રજી બાપા અને અમારા સુપ્રિન્ટેન્ડેન્ટ પૂ. દુલેરાય કારાણીની સેવા-સત્સંગનો લાભ!

આ દિવસો દરમિયાન પૂ. કલ્યાણચંદ્રજી બાપા સૌરાષ્ટ્રના રાજવી ઘરોની મુલાકાત લેવાનો કાર્યક્રમ અચૂક બનાવે, અને આશ્રમમાં હું એક માત્ર વિદ્યાર્થી રજા દરમ્યાન રહ્યો હોવાથી મને પણ સાથે લઈ લે.

આ રાજવી ઘરોની મુલાકાતનો હેતુ એ સર્વેનો સંપર્ક કરવો, એમને સત્સંગનો લાભ આપવો, અને પોતાના આયુર્વેદ જ્ઞાનથી એ સર્વેને તેમજ એ ગામના અન્યોને ઉપયોગી થવું એટલું જ. કોઇપણ પ્રકારનું દાન આશ્રમ માટે એઓ આ મુલાકાત વખતે ન જ સ્વીકારે.'

(હેતુ અને કામની સેળભેળ નહીં ને! જ્ઞાની, વિદ્વાન વ્યક્તિઓ પ્રમાણભાન અને વિવેક મર્યાદાનો કેટલો ઉદાત્ત ખ્યાલ રાખે!)

'આ હેતુથી પૂ. કલ્યાણચંદ્રજી બાપા, પૂ. દુલેરાય કારાણી, હું, ગાડીના ડ્રાઈવર શ્રી

(વધુ માટે જુઓ પાનું ૧૯)

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant C. Shah.

✳✳✳ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ✳✳✳

# પ્રબુદ્ધ જીવન

છૂટક નકલ રૂા. ૧૦/- તા. ૧૬ નવેમ્બર, ૨૦૦૬ વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-

## જિન-વચન

### ભોગોનો ત્યાગ

जे य कंते पिए भोए लद्धे विप्पिट्ठि कुव्वई ।
साहीणे चयई भोए से हु चाइ त्ति वुच्चई ।।

–दसवैकालिक–२-३

સરસ અને પ્રિય ભોગો ઉપલબ્ધ હોવા છતાં તેના તરફથી જે પીઠ ફેરવી લે છે અને સ્વાધીનતાપૂર્વક ભોગોનો ત્યાગ કરે છે તે જ ત્યાગી કહેવાય છે.

मनोहर और प्रिय भोग उपलब्ध होने पर भी जो उनकी ओर से पीठ फेर लेता है और स्वाधीनतापूर्वक भोगों को छोड़ता है वही त्यागी कहलाता है ।

He, who has turned his back on all the available pleasing and dear objects of enjoyment and has voluntarily renounced them is a true renouncer.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી).

# આચમન

## લાચારીની સમજ

*એક શેઠના ઘરમાં ઘણા વર્ષોથી એક બાઈ નોકર કામ કરતી હતી અને કુટુંબના સભ્ય જેવી બની ગઈ હતી. બાઈ વિશ્વાસપાત્ર અને પ્રામાણિક ગણાતી હતી. ઘરનાં સૌ એના વિશ્વાસે ઘર ખુલ્લું મૂકીને બહાર જતા અચકાતા નહિ. એકવાર આમ ઘરનાં બધાં બહાર ગયાં હતાં ને આ બાઈ ઘરમાં એકલી જ હતી. શેઠ એ દિવસે પેઢીએથી થોડા વહેલા ઘરે આવ્યા. પણ ઘરમાં પ્રવેશતાં શેઠે જોયું કે બાઈ એમની ખીંટીએ લટકતા જૂના કોટના ખીસ્સામાંથી પૈસા કાઢતી હતી. શેઠને થયું કે બાઈ જો પોતાને જોઈ જાશે તો એને આઘાત લાગશે. પોતે પણ એના ખોળામાં ઉછરીને મોટા થયેલા એવી બાઈને ભોંઠા ન પડવું પડે તે માટે શેઠ બારણેથી જ પાછા ફરી ગયા–નોકર બાઈને અણસારો પણ ન આવે એટલી સિફતથી.*

*પાછળથી પોતાના મિત્રને આ વાત કરતાં શેઠે કહેલું : 'કેટલી મોટી લાચારી આવી પડી હશે ત્યારે એવી પ્રામાણિક બાઈને ચોરી કરવાની દાનત થઈ હશે! એની એક એવી નાની સરખી ભૂલ માટે એના આખા જીવન પર કાંઈ ડાઘ પડવા દેવાય ?!!'*

✱ ✱ ✱

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | 'અધ્યાત્મ પળે...' – પ્રજ્ઞત્વમાંથી પ્રગટેલી સ્વ આત્માનુભૂતિ | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | શીલ પ્રજ્ઞાનો સમન્વય | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૯ |
| (૩) | શ્રીમદ્‌ના મુમુક્ષુઓમાં આજસુધી કેમ કોઈ 'સર્વસંગ પરિત્યાગી નહિ ?' | શ્રી મલુકચંદ રતિલાલ શાહ | ૧૦ |
| (૪) | જરથોસ્તી ધર્મના મૂળભૂત સિદ્ધાંતો | શ્રી બી. એચ. આંટિયા | ૧૧ |
| (૫) | સલોકો કાવ્ય-રચનાનો પરિચય | ડૉ. કવિન શાહ | ૧૩ |
| (૬) | આઢારમો જૈન સાહિત્ય સમારોહ | ડૉ. કલાબેન શાહ | ૧૫ |
| (૭) | જૈન પારિભાષિક શબ્દો | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૧૭ |
| (૮) | માણસાઈ ભીંજવી રહી છે... (પંથે પંથે પાથેય...) | શ્રી મનસુખલાલ ઉપાધ્યાય | ૨૦ |


## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

| | ભારતમાં | પરદેશ |
|---|---|---|
| ૧ વર્ષનું લવાજમ | રૂા. ૧૨૫/– | U.S.$ 9-00 |
| ૩ વર્ષનું લવાજમ | રૂા. ૩૫૦/– | U.S.$ 26-00 |
| ૫ વર્ષનું લવાજમ | રૂા. ૫૫૦/– | U.S.$ 40-00 |
| આજીવન લવાજમ | રૂા. ૨૫૦૦/– | U.S.$ 112-00 |
| કન્યા કરિયાવર આજીવન લવાજમ | રૂા. ૨૦૦૦/– | U.S.$ 100-00 |

ક્યારેય પણ જાXખ ન લેવાની 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ હોઈ એના ગ્રાહકો અને શુભેચ્છકો તેમ જ દાતાઓ જ આ સત્ત્વશીલ સામયિકને જીવંત રાખી શકશે. (૭૭ વર્ષની અવિરત સેવા છે મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રોની) ગુજરાતી ભાષાના સામયિકો જીવશે તો જ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કાર સંસ્કૃતિ જીવંત રહેશે.

જૈન ધર્મ અને સર્વ ધર્મના ચિંતનો આવા સામયિકોથી જ વર્તમાન અને ભવિષ્યની પેઢીના હૃદયમાં રોપાતા જશે.

પુનિત પુત્રી તો 'દુહિતા' અને 'દેહલી દીપક' છે ; એટલે બન્ને દિશા અને બન્ને ઘરને અજવાળે એવો ઘરના ઉંમરાનો એ દીપક છે. લગ્નમાં આપણે લાખો રૂા.નો ખર્ચ કરીએ છીએ, લાખોના કરિયાવર અને ઘરના સંસ્કાર સાથે પુત્રીને વિદાય આપીએ છીએ તો કરિયાવરમાં 'પ્રબુદ્ધ જીવન' ન આપી શકીએ ? પુત્રીના જીવનમાં એ સદાય જીવંત રહેશે. પથદર્શક બનશે. સુજ્ઞેષુ કિં બહુના...?

☛ ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.

☛ આજીવન ગ્રાહક લવાજમ ભરનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્ત છે એવું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

☐ મેનેજર

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/

● વર્ષ : (૫૦) + ૧૭ ● ● અંક : ૧૧ ● ● તા. ૧૬નવેમ્બર, ૨૦૦૬ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : ધનવંત તિ. શાહ

## 'અધ્યાત્મ પળે...'

## પ્રજ્ઞત્વમાંથી પ્રગટેલી સ્વ આત્માનુભૂતિ

દશેક માસ પહેલાં વડોદરા જવાનું થયું, ત્યારે મનમાં દૃઢ નિર્ણય કર્યો હતો કે આ વખતે તો પૂ. આર્યા ડૉ. તરૂલતાબાઈ મહાસતીજીના દર્શનાર્થે જવું જ અને જ્ઞાન ગોષ્ટિ કરવી. નીકળતા પહેલાં મિત્ર ગુણવંત બરવાળિયાને ફોન કરી બધી વિગત પૂછી લીધી. પૂ. તરૂલતાશ્રીજીનો પરિચય મને ભાઈ બરવાળિયાએ જ લગભગ પચીસેક વર્ષ પહેલાં કરાવ્યો હતો. ત્યારે પૂ. આર્યાશ્રી તરૂલતાશ્રી આનંદ ઘનજી, કબીર, બનારસીદાસ અને શ્રીમદ્ રાજચંદ્ર ઉપર શોધનિબંધ લખી રહ્યાં હતાં, જે મારા રસનો વિષય. અમારું મળવાનું નિમિત્ત આ જ્ઞાન યાત્રા. પછી તો એઓશ્રી મુંબઈ, બેંગલોર, મદ્રાસ કે ઈગતપુરી જ્યાં જ્યાં હોય ત્યાં દર્શને જવાનું થતું અને મને એમના જ્ઞાનનો અમૂલ્ય લાભ મળતો. ખૂબ જ પરિશ્રમપૂર્વક અને ઊંડા સંશોધનથી એઓશ્રીએ એ મહાનિબંધ લખ્યો છે. અને એઓશ્રીને પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત થઈ છે, પણ જ્યારે જ્યારે એ ગ્રંથ છપાવીને પ્રગટ કરવાનો આગ્રહ કરું ત્યારે મારો આગ્રહ એઓશ્રીને 'ઉપાધિ' લાગે. પ્રાપ્તિ થયા પછી 'પ્રાપ્ત'થી અળગા થઈ જવું એ જ સાચા સાધકની ભૂમિકા છે. હવે હંમેશાં હું મિત્ર બરવાળિયાને એ જ્ઞાન ગ્રંથના પ્રકાશન માટે આગ્રહ કર્યા કરું છું; જેથી જૈન સમાજ એ જ્ઞાનથી લાભાન્વિત થાય.

લગભગ ઢળતી બપોરે કલ્પતરુ અધ્યાત્મ કેન્દ્ર-મીયાગામ, કરજણ પહોંચ્યો. આશ્ચર્ય અને આનંદના ભાવ તથા મીઠા ઠપકા સાથે આર્યા પૂ. તરૂલતા મહાસતીજીએ મને આવકાર્યો અને અમે જ્ઞાન ગોષ્ટિ આરંભી. મેં પૂ. બાપજી લલિતાબાઈ મહાસતીજીના દર્શનની ઈચ્છા વ્યક્ત કરી ત્યાં જ તળપદી કાઠિયાવાડી ધ્વનિમાં પાછળથી વહાલ ભર્યો ટહુકો સંભળાયો,

'ઓહો! આજે ઘણાં દિવસે ભૂલ્યા પડ્યા કોઈ !!'

પૂ. બાપજીના આ ઉપાલંભના શબ્દો મારા માટે તો આત્મીયતાનો અમૂલ્ય ઉપહાર હતો. ઊભા થઈ મેં એઓશ્રીને વંદના કરી અને એમની સામે જોઈ જ રહ્યો, જોઈ જ રહ્યો! મારા આશ્ચર્યને એઓ કળી ગયા, સમતા અને વ્હાલથી કહ્યું :

'શરીર છે, ચાલ્યા કરે, જેટલી શરીરની વેદના ભોગવો એટલો કર્મનો જથ્થો ઓછો થાય. અને અમારે તો શરીરના આ 'બહાર'ના સાથે લડવાનું અને 'અંદર'ના સાથે પણ લડવાનું! બહારના માટે તો બહારથી દવા મળે. અંદરની 'દવા' તો અંદરથી જ પ્રાપ્ત કરવાની!'

એઓશ્રીના સમતા ભાવને હું મનોમન કોટિ કોટિ વંદન કરતો રહ્યો. મારા મનના અનેક આશ્ચર્યોનું સમાધાન થાય એવું એઓશ્રી ઈચ્છતા હતા અને આર્યા પૂ. તરૂલતાશ્રીને એઓશ્રીના વચનોનું પુસ્તક 'અધ્યાત્મ પળે...' મને આપવા કહ્યું. (પૂ. લલિતાબાઈ મહાસતીજી–પૂ. બાપજી–ના અમૃત મહોત્સવ પ્રસંગે કલ્પતરૂ સાધના કેન્દ્ર–મુંબઈ દ્વારા ૨૦૦૪માં પ્રકાશિત ગ્રંથ) પૂજ્યશ્રીએ એ ગ્રંથ મને આપ્યો અને ઔપચારિક વાતો કરી. સાધક બીનાબહેનના હાથે ભાવપૂર્વક ભોજન લઈ આત્મભોજન માટે આર્યા ડૉ. તરૂલતાબાઈ મહાસતીજી સંપાદિત એ અમૂલ્ય ગ્રંથ 'અધ્યાત્મ પળે...' સાથે મેં વિદાય લીધી.

પ્રવાસ દરમિયાન ગ્રંથ વાંચવાની અદમ્ય ઈચ્છા થઈ, પાના ફેરવતો ગયો. જેમ જેમ શબ્દો–વાક્યો પસાર થતાં ગયાં તેમ તેમ તેજસ્વી આંતર મનના દર્શન થતાં ગયા. ગ્રંથને નિરાંતે વાંચવાનો નિર્ણય કર્યો. અને અવકાશે ધીરે ધીરે એ વાચન યાત્રા કરતાં કરતાં વરસ પસાર થઈ ગયું, ગ્રંથ વાચનના પ્રદેશમાંથી બહાર આવતાં જણાયું કે મારા આંતર મનમાં કેટલા બધાં પરિવર્તનો થઈ ગયા છે ? કેટલી બધી સમસ્યાઓનું મને સમાધાન સાંપડ્યું છે !

આ વિદુષી સતી રત્ના બા. બ્ર. અધ્યાત્મયોગિની, સાધકોના

શ્રદ્ધાપાત્ર ગરૂણીદેવી જેઓ સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મહારાજ અને વિદુષી મહાસતી મોતીબાઈના શિષ્યા અને જેમની પ્રત્યેક પળ જ અધ્યાત્મ પળ છે, એવા આ પૂ. લલિતાબાઈ મહાસતીજી ગોંડલ ગચ્છનું અમોલ રત્ન છે. સાધ્વી સમાજનું ગૌરવ છે.

સત્તર વર્ષની યુવાન વયે જ મહાસતીજી પૂ. મોતીબાઈના સંસર્ગથી મનમાં વૈરાગ્ય ભાવ જાગ્યો. દીક્ષા સંમતિ માટે અનેક કૌટુંબિક અંતરાયો આવ્યાં. એમાં એક અંતરાય તો સંપ્રદાય ભેદનો આવ્યો પણ આ અંતરાયને પણ એઓશ્રીએ પોતાની બુદ્ધિની તેજસ્વીતાથી મહાત કર્યો.

એઓશ્રીના પિતાશ્રી ત્રિભોવનભાઈ દોશીની પરંપરા લીંબડી સંપ્રદાયની અને એઓશ્રીને દીક્ષા ગ્રહણ કરવી હતી ગોંડલ સંપ્રદાયમાં. લીંબડીના સંઘે અનુમતી ન આપી ત્યારે એઓશ્રીએ કોઈ બળવો ન કર્યો. પણ લીંબડી સંઘને વિનમ્ર ભાવે એટલું જ કહ્યું કે, 'ભલે આપ સર્વે મારા વડીલ અને હિતેચ્છુઓ છો, એટલે આપની આજ્ઞા હું નહિ ઉથાપું પણ મારી એક શરત છે જે આપે સ્વીકારવી પડશે. શરત એ કે આપ લીંબડી સંપ્રદાયવાળા કાયદો કરો કે તમારી દીકરી હવેથી ગોંડલ સંપ્રદાયમાં દેવી નહિ અને ગોંડલ સંપ્રદાયની દીકરી લેવી નહિ. આપને આ મંજૂર હોય તો મને આપની આજ્ઞા મંજૂર.'

એઓશ્રીના આ ઉત્તરથી પૂ. નાનચંદ્રજી મહારાજ અતિ પ્રસન્ન થયા અને ગોંડલ સંપ્રદાયમાં દીક્ષા લેવાની સંમતિ અને આશીર્વાદ આપ્યા અને વૈરાગ્ય-જ્ઞાનની વિકટ અને ભવ્ય યાત્રાનો પ્રારંભ થયો.

પૂ. લલિતાબાઈ મહાસતીજી પૂ. બાપજીના જીવન વિશે ઘણું ઘણું લખવું છે, લખી શકાય, પણ અત્યારે અહીં અવકાશ નથી. પણ એઓશ્રીના બાહ્ય-આંતર જીવનનું જીવનચરિત્ર લખવાના ભાવ તો જાગ્યા છે જ. કાળની જેવી ઈચ્છા! ડૉ. તરુલતાબાઈ અને ડૉ. જશુબાઈ મહાસતીજી સાંભળો છો ને? પછી ભલેને પૂ. બાપજી આપણને ઠપકો આપતા કહે કે–

'તમે લોકોએ આ શું માંડ્યું છે? ...આપણી પાસે કેટલા બધાંના જીવન ચરિત્રો છે? કેટલાં વાંચ્યા ને કેટલાં જીવનમાં ઊતાર્યા?...સમાજના કેટલા પૈસા બગાડવાના?...આવું બધું થશે તો મારું ભલુ કેટલું?...મને લાગે છે મારું તો અહિત જ થઈ રહ્યું છે...જે માન કષાયને માટે વર્ષોથી વિચારી રહ્યાં છીએ, યથાશક્તિ પ્રયત્ન કરી રહ્યાં છીએ તે હજુ મસ દેતું નથી, ત્યાં તેને પોષણ આપવાની પ્રક્રિયા કેમ કરાય? હું કાંઈ વિતરાગ નથી કે મને કાંઈ થાય જ નહિ...' (આ ગ્રંથમાં પ્રગટ થયેલા પૂ. બાપજીના પત્રમાંથી) સંતાનો તો વડીલો પાસે લાડ કરી ધાર્યું કરાવે જ ને? પ્રેમ અને રાગનો ભેદ જ્ઞાનીજન ક્યાં નથી સમજતા? અને ઉત્તમને પામ્યા પછી એ ઉત્તમને જનહિતાર્થે વહેંચવું, એ પ્રત્યેકની ફરજ બની રહે છે. ઋણ ચૂકવવાનો એ અવસર છે. મિત્ર બરવાળિયા આ ગ્રંથ માટે યથાર્થ લખે છે કે 'જેમને એઓશ્રીનો પ્રત્યક્ષ યોગ નથી સાંપડ્યો તેઓ માટે આ ગ્રંથ પથદર્શક બની રહેશે...' આ રીતે સમાજને ઉત્તમ જીવનચરિત્ર આપીને પથદર્શકના શુભ કર્મનો લ્હાવો શા માટે ન લેવો?

'અધ્યાત્મની પળે...' ગ્રંથ પાંચ ભાગમાં વહેંચાયેલો છે. ધ્યાન, વાંચણી, ચિંતન, કાવ્ય અને પત્ર વિભાગ.

પૂ. બાપજીએ આ બધું લખાણ કોઈ વ્યવસ્થિત આયોજનથી નથી લખ્યું, જ્યારે જ્યારે સમય મળ્યો ત્યારે મૌન અને ધ્યાનની મુદ્રા અવસ્થા સ્વીકારી લીધી અને ત્યારે જે કાગળ હાથવગો લાગ્યો એમાં વિચાર ટપકાવી લીધો, અને એ બધી ચબરખીઓ ગમે ત્યાં મૂકી દીધી! એટલે અહીં જે વિચારો, જે ચિંતન છે એ સંપૂર્ણ સ્વ આત્માનુભૂતિ છે, એટલે જ એ આપણા આત્માને સ્પર્શી જાય છે. જે પ્રગટ્યું છે એ સત્ય છે, માત્ર સત્ય છે. સમાધાનકારી અને આનંદમૂલક સત્ય છે.

આપણે ત્યાં યોગ ઉપર તો થોકબંધ લખાયું છે પરંતુ 'ધ્યાન' ઉપર એટલું બધું લખાયું નથી, કારણ કે ધ્યાન એ ગ્રંથોના પરિશિલની નિપજ નથી, આત્માનુભવનું એ ઝરણું છે, કહો કે સૂર્યોદયનું એ પ્રથમ કિરણ છે. કોઈ અદૃશ્ય અવાજનું અવતરણ છે. ગુહ્યતમ અનુભૂતિનો આવિષ્કાર છે.

ચિંતન અને પત્ર વિભાગ તો આપણને પૂ. બાપજી સાથે આત્મીય સંવાદ કરાવી આપણા અનેક પ્રશ્નોનું આપોઆપ સમાધાન કરાવી દે છે.

આંતર સાધના, શાસ્ત્રોનો અભ્યાસ, કર્મગ્રંથ ૧-૪ નો અનુવાદ, પત્ર લેખન, યુવાનો અને સાધકો માટે શિબિરો, વિહારમાં કન્નડ અને તમિલ ભાષાનો અભ્યાસ, શિષ્યાઓને યુનિવર્સિટીનું શિક્ષણ અને એ માટેનું માર્ગદર્શન આપવું અને અનુકૂળતા કરી આપવી અને એ સર્વેને એમ.એ. તેમજ પીએચ.ડી.ની ઉપાધિ સુધી પહોંચાડવાનું પ્રોત્સાહન, સાધ્વી જીવનના નિયમોનું પૂર્ણતઃ પાલન અને શ્રાવક-શ્રાવિકાઓને ધર્માનુરાગ તરફ ગતિ કરાવી એ સર્વેના પ્રશ્નોનું સમાધાન, આ બધું જ કરતાં કરતાં અવકાશ મળતા ધ્યાનસ્થ અવસ્થા પ્રાપ્ત કરી જે સ્પંદનો પ્રાપ્ત થયા એ અહીં આપણા માટે ઉજાગર કરી વિદ્વાન સંપાદકે શ્રવણની કાવડની જેમ આપણી પાસે આ ગ્રંથ દ્વારા પહોંચાડ્યા છે, એ માટે વિદુષી સંપાદિકાને વંદન કરી ઋણ સ્વીકાર સાથે એમાંના કેટલાંક અંશો વીણી વીણીને આપની પાસે અહીં પ્રસ્તુત કરું છું.

પૂ. બાપજીના વચનો:-

''આપણી હજુ યોગની પ્રવૃત્તિ છે. યોગની સાધના પૂરી થયા પછી એકલો ઉપયોગ કામ કરશે. હું સ્થિર છું, મને શાન્તિ અનુભવાય છે, મને આનંદ આવે છે.

આ મનની સમાધિ અને આત્માની સમાધિ પ્રાપ્ત કરવા માટે માર્ગાનુસારીના પાંત્રીસ ગુણથી યુક્ત પાત્ર જોઈશે. તેવું પાત્ર નિર્વિકલ્પ સમાધિને અનુભવે છે. નિર્વિકલ્પ સમાધિ વગર આત્માનો અનુભવ થાય નહીં, સ્વાનુભવ વગર સમકિત નથી અને સમકિત વગર મોક્ષ નથી. માટે સમકિત પ્રાપ્ત કરવી જ જોઈએ.

પેલા વિકલ્પોને ટાળવા સંકલ્પ કર. એટલે કે અશુભ વિચારોને

છોડી શુભ વિચાર કર. પછી તત્ત્વોનો વિચાર કર. તત્ત્વોનો વિચાર કર્યા પછી, તેનું જાણપણું થયા પછી તેનું ચિંતવન કર. ચિંતવન કરતાં કરતાં મનને તત્ત્વ ચિંતનની એકાગ્રતાની તાલીમ આપવી. એકાગ્રતાની શરૂઆત એક સેકન્ડથી ભલે થાય, પરંતુ એકાગ્રતાને કેળવવી અને બરાબર ઉપયોગ રાખવો કે મારા મનની એકાગ્રતા કેટલી ટકે છે.

આમ મનની એકાગ્રતાની ટેવ પડે અને તે એકાગ્રતામાં જોજે કે કેટલી સમાધિ અને કેટલો આનંદ અનુભવાય છે. આવી મનની સમાધિ પ્રાપ્ત થયા પછી મનની એકાગ્રતા અર્થાત્ ઉપયોગની પૂરી એકાગ્રતા આવતાં, નિર્વિકલ્પ સમાધિનો અનુભવ થશે.

આંખ ખોલીને જોયું તો મારી સાથે વાત કરનાર કોઈ નથી. અને મેં આ બધી વાતો કોની સાથે કરી? હું સુતી નથી, બેઠી છું એટલે સ્વપ્ન નથી, પરંતુ કોઈ દિવ્ય પુરુષનો, મહાન પુરુષનો અવાજ છે. આમ તો થયું. પણ ફરી વિચાર આવ્યો કે બોલનાર મને દેખાય કેમ નહીં? ફરી મનથી સમાધાન કર્યું કે હે જીવ મહાન પુરુષના દર્શન કરવા માટે મહાન બનવું જોઈશે. માટે આવા વિચારોમાં રોકાઈને સોનેરી સમય ન ગુમાવતા તેના કહેવા પ્રમાણે પ્રયોગની શરૂઆત કરી દે.

વંદન શ્રીમંધર ભગવાનને, તેમનું સદેહે બિરાજે છે એવું સ્મરણ, સાધક દશાની સિદ્ધિને પામેલાનું સ્મરણ કરવાથી, આપણને સાધનામાં પ્રેરણા રૂપે પ્રકાશ અને પરમાણુ મળે છે. માટે પરમાણુની માગણી કરવી, કારણ કે જેનું સ્મરણ કરીએ તેના પરમાણુ મળે તેવો એક નિયમ છે.

ધ્યાનમાં પ્રવેશ અને પ્રગતિ અર્થે બે અંગો અતિ મહત્ત્વના છે. સમત્વની કેળવણી અને ચિત્તની એકાગ્રતા અથવા સાક્ષી ભાવ.

મુક્તિમાર્ગના પ્રવાસીએ સમગ્ર જગતના પ્રાણીઓ પ્રત્યે આત્મીયતાનો ભાવ વિકસાવવો કે આત્મતુલ્યવૃત્તિ કેળવવી આવશ્યક છે. પોતાના સંપર્કમાં આવતા જીવોમાં વિલસી રહેલ ચૈતન્ય અંશને જ જોવાની દૃષ્ટિ કેળવાઈ હોય તો આ સુલભ બને.

ચૈતન્ય અંશને જોવાની દૃષ્ટિ ખુલતા, જગતમાં બનતી વિચિત્ર ઘટનાઓથી કે પોતાના સંપર્કમાં આવતી વ્યક્તિઓની ગમે તેવી વિલક્ષણ ચિત્ત વૃત્તિ કે પ્રવૃત્તિથી સાધકના ચિત્તમાં ક્ષોભ ઉત્પન્ન થતો નથી.

ભોગ પ્રવૃત્તિ અતિ નિયંત્રિત હોય અને અન્યની સારી માઠી પ્રવૃત્તિ પ્રત્યે ઉદાસીનતા પણ કેળવાઈ ગઈ હોય તે છતાં અનિશ્ચિત ભાવિની ભીતિ સાધકના ચિત્તમાંથી હઠી નહીં હોય તો ભાવિનો વિચાર તેના ચિતને ક્ષુબ્ધ રાખશે. નિજના શુદ્ધ ચૈતન્ય તરફ દૃષ્ટિ ગઈ જ નહીં હોય અને દેહમાં જ 'હું' બુદ્ધિ રહી તો હંમેશાં ધાસ્તી રહેવાની જ.

ધ્યાનનું પણ ધ્યાન કરો.

ધ્યાન પરમાત્મા સાથે જોડાય તો આધ્યાત્મિક થશે. ભૌતિક સાથે જોડાય તો વૈજ્ઞાનિક થશે. અને વિકલ્પની સાથે જોડાય તો માનસિક થશે. કર્મ અને ધ્યાન બંને શક્તિ છે. આપણે ચૈતસિક શક્તિઓથી પર છીએ. આ ભિન્નતા પણ અનુભવાવી જોઈએ.

ચિત્ત ક્યાં ક્યાં જાય છે એવી સાક્ષીત્વની ભૂમિકારૂપ નકશો, ભૂગોળ ખ્યાલમાં આવ્યા પછી નિરોધની પ્રક્રિયા સધાશે.

શ્રદ્ધા આધાર બને છે બીજાના અનુભવના આધારે અને શ્રદ્ધા શિખર બને છે પોતાના અનુભવના આધારે. બંનેમાં માન્યતા તો હોય જ છે.

સત્ય શબ્દમાં નહીં સ્વમાં છે. કોઈ તંત્રથી બંધાવું નહીં, સર્વ તંત્રથી મુક્ત થાવ.

'હું', 'હું' માં સમાઈ ગયો.

શ્વાસ માટે ; પ્રથમ દિવસે અભ્યાસ કરવા માટે આઠ સેકન્ડ શ્વાસ લેવામાં અને આઠ સેકન્ડ (નિશ્વાસ) શ્વાસ છોડવામાં લગાવે એટલે એક મિનિટમાં કુલ ચાર શ્વાસોશ્વાસ થાય.

આમ કરવાથી એવું લાગશે કે અંદર કોઈ જાગી રહ્યું છે, જાગી ગયું છે. સ્મરણમાં નહિ અનુકરણમાં આવે એવી ભાવના ભાવું છું.

પણ શરીરમાં અહં બુદ્ધિ કરી તે ભૂલ જ્ઞાનીને પણ ક્ષમ્ય નથી.

સમાધિ એટલે ધ્યાનની ઉચ્ચ દશા. આ વાતથી એવું સમજવાનું છે કે ધ્યાનાવસ્થામાં ધ્યાન, ધ્યેય અને ધ્યાતા એ ત્રણેય જુદા જુદા લાગે છે, પરંતુ સમાધિમાં માત્ર ધ્યેય જ શેષ રહે છે. અર્થાત્ ધ્યાન, ધ્યાતા ને ધ્યેય એકરૂપ થઈ જાય છે ને લાગે છે.

ધ્યાનમાં ઉપરોક્ત ત્રણેયનું ભાન રહે છે. પણ સમાધિમાં ફક્ત ધ્યેયનું જ ભાન રહે છે.

સર્વ સિદ્ધિનું મૂળ કારણ સમ્યક્દર્શન છે અને સમ્યક્દર્શનનું મૂળ કારણ તત્ત્વનિર્ણય છે. તેથી જ જ્ઞાનીઓએ તત્ત્વનિર્ણય કરવાનું સૂચન કર્યું છે. જે જીવ ગુરુનો ઉપદેશ મળવા છતાં તત્ત્વનિર્ણય નથી કરતો અને વિષય કષાયના કાર્યોમાં જ મગ્ન રહે છે તેને અશુભયોગિ મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. મેળવેલ માહિતીને જો આત્માનુભવનું સાધન ન બનાવાય તો તે જાણકારી પુસ્તકીયું જ્ઞાન ગણાશે. જાણવાનું ગુરુ કે શાસ્ત્રો પાસેથી પરંતુ જોવાનું પોતામાં છે.

કે જેમાં રોગાદિ થયા છે તે 'હું' નથી પણ તેને જાણવાવાળો 'હું' છું. તે ન તો ઘરડો થયો ન તેનું મરણ થયું. અર્થાત્ હું તો જાણવાવાળો છું અને અવસ્થાઓ તો શરીરની થાય છે એમ નિર્ણય થયો.

અંદર પરમાત્મા બેઠો છે. તેની સાક્ષીએ પોતાના ભાવોનો સ્વીકાર કરો. સ્વીકાર એ બહુ મોટી વાત છે. પહેલા મનોમન સ્વીકાર કરતા શીખવું. મનોમન સ્વીકાર કરશું તો બીજાની સામે સ્વીકાર થશે ને અભિમાન ઓગળશે.

જો તમારી સાધક દૃષ્ટિ હશે અને અંદર દૃષ્ટિ કરશો તો સ્ટેઈજ પર મોહનીયની કોઈ ને કોઈ એક પ્રકૃતિ ભાગ ભજવતી હશે. ક્રોધ ભોળિયો છે તેથી સ્ટેઈજ પર જલ્દી આવે છે. બીજા ત્રણ કષાઓ (માન, માયા, લોભ) પાકા છે. તેથી તે પડદા પાછળ રહે છે અને ક્રોધને આગળ કરે છે.

બીજાને સુધારવાનો તારો અધિકાર કેટલો? તારી જાત માટે તું જે ધારે તે કરી શકે એમ છે. અધિકારવૃત્તિ તારા પર રાખ બીજા માટે

અધિકારવૃત્તિ ન જ જોઈએ, એ હોય તો તે ખોટું છે. બીજાની ચિંતા કરતી તું એમ ને એમ ચાલી જઈશ. અરસપરસ અનુકૂળ થવાય તો જ પ્રેમથી રહેવાય.

આપણે ઝાઝીવાર નહી ૨૪ કલાકમાં ૨૪ વખત તો આત્માને યાદ કરો. આત્મા છે એટલું યાદ કરો તોય ઘણી વાત છે. આટલા વરસ પાણીમાં ગયા એમ લાગે એ સારામાં સારું લક્ષણ છે.

પોતાના દોષોને દૂર કરવા માટેનો ઉપાય એ છે કે તેના પ્રતિપક્ષી સદ્‌ગુણોને શોધી કાઢવા, પછી નિર્ણયાત્મક વિચાર કરી, શ્રદ્ધા અને આગ્રહપૂર્વક તે સદ્‌ગુણને જીવનમાં પ્રગટ કરવા, તે પ્રમાણે વર્તન કરવું. આથી વિચારબળ વધે છે, તે પણ એક મહાન તપશ્ચર્યા છે.

જીવન આખું આદતથી બનેલું છે. મનની અંદર લોભ રહે વધારે ખાવાનો, એ આપણા એકાસણાના માર્ક કાપી નાંખે છે. માઈનસ ઝાઝા મળે. ખબર પડે તો સુધારો કરી શકીએ, એ આપણા હાથની વાત છે. તપ કરીએ અને એ વખતે આસક્તિનું નિરીક્ષણ ન થાય તો તે તપ ન કહેવાય. જાણીએ છતાં ન છૂટે, એ જ્ઞાન નથી.

ખરાબ વિચાર આવે કે તરત જ મનને કહો અરર! આ વિચાર મને શોભે? બહાર જવાનું હોય ત્યારે ખરાબ કપડા પહેર્યા હોય તો વિચારો છો કે આ નહીં શોભે, બીજા શું વિચારશે? તો આમાં પણ એ જ દૃષ્ટિ કેળવો.

વસ્તુ ખોવાય ને શોધવી એ બરાબર છે, પણ દુઃખ થાય તો સમજવું કે એ વસ્તુનો મોહ છે, રાગ છે.

પોતાના અહંને ઓગાળવા માટે અન્યના ગુણોને જોવા, આનામાં આ ગુણ છે, આનામાં આ ગુણ છે. તે મારામાં નથી તો અહં શેનો કરું? આપણે આપણા અહંકારને ઓળખી શકતા નથી અને એટલે જ આપણે એમ કહીએ છીએ કે મારામાં શું એવી વિશેષતા છે કે હું અહંકાર કરું? ખરેખર તો મારામાં અહંકાર તો છે પણ તેને હું પકડી શકતી નથી.

કોઈ વ્યક્તિ પ્રત્યે રાગ થાય છે, પણ અનુકૂળતાના કારણે જ થાય છે. કારણ કે તે વ્યક્તિ પાસે આપણી અપેક્ષા પૂરી થાય છે. જો તે અપેક્ષા પૂરી ન કરે તો આપણો રાગ તૂટવા માંડે છે.

જીવ જે કર્મો ભોગવે છે તે પોતાના જ કરેલા છે. કર્મોનો ઉદય એટલે ગુનાની શિક્ષા. આપણે આપણા ગુનાની શિક્ષા ભોગવતા હોઈએ ત્યારે કોઈ આપણા ભાવ પૂછે, ખબર લે, સેવા કરે, સહયોગ દે તે તેઓની સજ્જનતા છે. નહીં તો ગુનેગારને મદદ કોણ કરે?

એક વાત શીખી જાવ. દરેક સ્થિતિ, પરિસ્થિતિને ઉદયરૂપ જાણી લો. સ્થિતિ પૂરી થતાં જતી રહેશે.

કોઈપણ પ્રસંગ બને ત્યારે તરત જ ન વિચારવું, ન બોલવું. ફક્ત બે મિનિટ મૌન અને બે ડગલા પાછળ જઈ ખામોશ થઈ વિચારવું.

બુદ્ધિ, મન, ઉપયોગને છૂટા પાડવાની જરૂર છે.

બીજાની ટીકા કરવાથી એનો દુર્ગુણ આપણામાં આવી જાય.

અજ્ઞાની ઉદયમાં અફસોસ કરે ત્યારે નવા કર્મ બાંધે. બીમારી જેવું કોઈ ઉપકારી નથી. વેદનીયનો તીવ્ર ઉદય હોય ત્યારે મોહનીયનો ઉદય ગૌણ બની જાય છે.

પુણ્યના યોગથી જ્ઞાની મળે, પુણ્યનો ઉદય તમને સત્ પુરુષના ખોળામાં બેસાડી દે છે.

જે ઉદયમાં આવ્યું છે તે ક્ષય થવા માટે જ આવ્યું છે. તેથી ઉદય વખતે જ્ઞાનીને આનંદ થાય છે. તે વિચારે છે કે આટલા કર્મો ઓછા થયા. જે ખતમ જ થઈ રહ્યું છે તેમાં રોવું શું? આનંદ મનાવો. મહાપુરુષો એટલા માટે આનંદમાં રહે છે. આપણે દુઃખી દુઃખી થઈ રહ્યાં છીએ. તેઓ ખુશ-ખુશ.

બીજાના દોષો પ્રત્યે સહિષ્ણુ અને સ્વના દોષો પ્રત્યે જાગૃતિ હોય તેવો જીવ હંમેશાં સમાધિભાવમાં રહે છે.

ભાવની જ કિંમત છે. અને ભાવ જ મોક્ષ આપે છે. દાન દેનાર ઉપર લેનાર ઉપકાર કરે છે, કારણ કે તમારે જે વાવવું છે, તેનું તે ખેતર છે.

ઝઘડો કરીને પછી ધ્યાનમાં બેસે તો ધ્યાન કેવું થાય? માટે વ્યવહાર ઉજળો રાખો.

મારો ઉદય થયો છે માટે ગુસ્સો અંદર આવ્યો છે. અને તેમાં જે વચનો બહાર આવશે તે સળગતા કોલસા જેવા નીકળશે, એટલે હમણાં તો નથી જ બોલવું. પણ તે ગુસ્સાને જોયા કરો, તો ઉદય શાંત થઈ જશે અને બીજા અગ્નિથી બચી જશે.

કર્મો મારે જ ભોગવવાના છે. પછી આજ ભોગવું કે કાલ ભોગવું, શક્તિ હોય તો અત્યારે જ ભોગવી લ્યો. જેથી વ્યાજ ન ચડે.

કઈ જાતના વિચારો કઈ રીતે શમે તે સાધકને ખ્યાલ હોવો જોઈએ.

અધ્યાત્મ વિકાસની અંદર યથાપ્રવૃત્તિકરણ બહુ જરૂરી છે. અનુભૂતિ સમયે ગુરુ પણ ન જોઈએ. નિમિત્ત માટે ગુરુની જરૂર છે. જેવો અનુભૂતિમાંથી બહાર આવે ને પાછું તરત ગુરુનું શરણ જરૂરી છે.

કોઈ ગૃહસ્થી મહાન સાધક છે. જો એના પ્રત્યે ભક્તિ ન જાગે તો તેમાં પણ સાધુતાનો અહમ્ આડો આવે છે. ભલે એને વંદન-પૂજા નથી કરવી પણ મનની અંદર તો અહોભાવ આવવો જ જોઈએ. એનું મહત્ત્વ વધારી શકીએ નહીં, એ વેષનું અભિમાન છે. સાધુપણાનું ગૌરવ ને અભિમાન જુદી ચીજ છે. આપણામાં ઘણા ખોટા અભિમાન છે.

ભક્તિ કર્યા પછી કે ભક્તિ ચાલુ હોય ત્યારે જે આનંદ આવે છે તેને પણ સાક્ષીભાવે જુઓ. આનંદના ઉછાળામાં કર્તા બુદ્ધિ ન રાખો. મારો સ્વભાવ રસ લેવાનો નથી.

આપણા હૃદયને પવિત્ર અને સાફ નહીં કરીએ. રાગ-દ્વેષવાળું હશે તો વીતરાગી પ્રભુ કેમ પધારશે? વીતરાગ જેવા પ્રભુને પધારવા માટે વીતરાગી હૃદય તૈયાર કરવું પડશે.

જીવનમાં જે કાંઈ થાય છે તે વખતે કાર્યને ન જુઓ. કારણ સુધી

જાવ. આનાથી ક્લિષ્ટતા ઓછી થશે.

જીવ શરીર છોડીને જાય છે, પણ વૃત્તિ લઈને જ જાય છે.

હે જીવ! તું કોઈના સુખના ભોગે સુખ કે સત્તા ઈચ્છીશ નહીં. કોઈના સ્વાર્થના ભોગે સગવડ કે માન પોષણાની ઈચ્છા કરીશ નહીં.

આ આંખ ઉંચી ઉઠે છે તો ગુસ્સો દેખાય છે.
તિરછી બને તો લુચ્ચાઈ બતાવી જાય છે.
નીચી ઢળે તો લજ્જા બની જાય છે.
કોમળ બને તો દયા બતાવી જાય છે.
ને સ્થિર બને તો ધ્યાન લાગી જાય છે.
ખુલ્લી રહે તો દુનિયા દેખતી ચાલે છે.
અર્ધ ખુલ્લી રહે તો ધ્યાન મુદ્રા પેખતી આવે છે.
બંધ થઈ જાય તો નિદ્રામાં પોઢેલી લાગે છે.
આંખની ચમક, ચાલાકીનું દર્શન કરાવે છે.
આંખની લાલાશ કષાયનું દર્શન કરાવે છે.
આંખની ફીકાશ ને પીળાશ રોગનું દર્શન કરાવે છે.
આંખની ઝાંખપ શોકનું દર્શન કરાવે છે.

સર્વ વસ્તુ, વ્યક્તિ અને વાસના, વિષય, વૃત્તિઓ, ઈચ્છાઓ વિગેરે બધું જ અનિત્ય છે : તેના ઉપર મોહ કે પ્રેમ કરવા લાયક છે જ નહીં.

આત્મા મોહી ન બને ને દેહ એશઆરામી ન બને, એ જ સાધનાનો હેતુ છે. દેહ તે હું નથી અને મારો નથી. એ વાત સતત ઉપયોગમાં રાખવી.

સામી વ્યક્તિનું મન એવું પ્રવાહી નથી કે આપણી પસંદગીના ઢાંચામાં ગોઠવાઈ જાય. બે વ્યક્તિ કેવી છે, એના આધારે સંબંધ બંધાતો કે તુટતો નથી. પરંતુ બે વ્યક્તિ એકબીજાને કેવી મળે છે એના આધારે સંબંધ બંધાય છે અને તૂટે છે. ભૂતકાળને નજર સામે રાખ્યા કરશો તો ઝઘડા ઉભા રહેશે, ભવિષ્યને નજર સામે રાખશો તો જરૂર સમાધાન કરવાનું મન થશે.

હે પ્રભુ! મેં જગતને જેટલો પ્રેમ કર્યો, એટલો જ પ્રેમ જો મેં તારે માટે કર્યો હોત, તો મારું કામ થઈ જાત. જગત માટે જે કર્યું તેમાં મેં મારા મોહથી કર્યું, રાગથી કર્યું, સર્વ શક્તિ સમય વેડફી નાંખ્યો. તેના કરતાં તારામાં મારી સર્વ શક્તિ જો વાપરી હોત તો મારું કામ થઈ જાત.

હે ભગવાન! ઉત્થાન આપે તો દિવા જેવું આપજે અને પતન થાય તો વાદળા જેવું કે ઉપર જતાં કે નીચે જતાં કોઈનું કલ્યાણ થાય તેમ કરજે.

એક દૃષ્ટિથી જોતા એમ લાગ છે કે સાધક ક્યારેય સુખી ન હોય. તેના અંતરમાં કાયમ વૃત્તિઓ, વિચારો ને કર્મો સાથેનું યુદ્ધ ચાલુ જ હોય.

સાધકનું જીવન યુદ્ધના સૈનિક જેવું જ હોય છે. તે વૃત્તિ અને પ્રકૃતિ સાથે લડતો જ હોય છે.

પહેલી સાધના એ છે કે તું તને ઓળખ, યા ઓળખવાની કોશીષ કર. આપણે જો આપણને ઓળખવાની ખૂબ ખૂબ કોશીષ કરશું તો ઘણા ટાઈમે પણ આ ધોખાને ઓરતા ઓછા થશે. તું જ તને નથી ઓળખતો એનું શું? એનો ઓરતો કોઈ દિ કર્યો છે?

જીવનું ૯૯ વાર ધાર્યું થયું હોય અને એક વાર ન થાય, તો ૯૯ વાર જે થયું હોય તે નહીં, પણ એકવાર જે નથી થયું તે યાદ રહે છે, અને તેનો જ ખટકો રહે છે. કારણ કે તેમાં પોતાનું માન ઘવાણું હોય છે. પોષણ કરતાં પણ જ્યાં ઘા પડ્યો હોય ત્યાં વેદના હોય. જ્યાં વેદના હોય ત્યાં ચિત્ત વધારે ટકે છે અને તેનું સ્મરણ વધારે રહે છે.

જેમ સર્વ દૈહિક સંયોગ અને અન્ય પરિસ્થિતિ ચંચળ છે, તેમ મનુષ્યના મનોભાવો પણ સ્થિર નથી હોઈ શકતા; એટલે જ સંબંધોમાં તિરાડ પડે છે, કથળે છે, તૂટે છે. તું નથી કોઈના તનમાંથી નીકળતા પ્રાણને રોકી શકતો કે નથી કોઈના બદલાતા મનોભાવને રોકી શકતો.

આજ ભલે એ સત્યનો સ્વીકાર ન કરે, આગળ જતા કરશે. સમયના સથવારે છોડી દો, જ્યારે એનો આત્મા યોગ્યતાને પ્રાપ્ત કરશે ત્યારે આપોઆપ સત્ય સ્વીકારશે.

કે 'મોક્ષ મૂલમ્ ગુરુ કૃપા' ગુરુની કૃપા એ મોક્ષનું મૂળ છે. વિનય એ ધર્મનું મૂળ છે. વિવેક એ કાર્યનું મૂળ છે અને શ્રદ્ધા એ સિદ્ધિનું મૂળ છે, ત્યારે અવિનય ને અવિવેક જીવનના શૂળ છે. અવિનીત અને અવિવેકી ન તો જીવનની મોજ માણી શકે કે ન બીજાને માણવા દે.

## પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ સ્થાને

ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ પ્રા. બકુલ ત્રિપાઠીના અચાનક અવસાનથી ખાલી પડેલા આ સર્વોચ્ચ સ્થાને પરિષદની મધ્યસ્થ સમિતિએ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈને સર્વ સંમતિથી બિરાજાવ્યા છે.

પ્રખર વિદ્વાન, જૈન ધર્મના ઊંડા અભ્યાસી, મંત્રમુગ્ધ વક્તા, અને કુશળ વહિવટકર્તા ડૉ. કુમારપાળથી દેશ-વિદેશનો સમગ્ર જૈન સમાજ પરિચિત અને તેમનો ચાહક છે.

ગુજરાતી સાહિત્યની આ સર્વોચ્ચ સંસ્થાના પ્રમુખસ્થાન માટે મધ્યસ્થ સમિતિએ આવા દૃષ્ટા વિદ્વાનને પ્રમુખસ્થાને બિરાજાવ્યા એ માટે એ સમિતિને અભિનંદન. ગુજરાતી સાહિત્ય પરિષદના ઉજળા ભવિષ્યના આ એંધાણ છે.

ડૉ. કુમારપાળ દેસાઈને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને 'પ્ર. જી.' અભિનંદન પાઠવી શુભેચ્છા વ્યક્ત કરે છે.

–તંત્રી

એક માણસ ગરજ સ્વાર્થ વિગેરે કારણોથી, નમ્રતા– સરળતા–પ્રેમ–નિર્દોષતા–સેવા વિગેરે જે ગુણો બતાવે તેમાં, અને જે સહજ પ્રાકૃતિક અથવા સમજણ–સાધનાથી જે ગુણ પ્રગટ થાય, તે બન્નેમાં ઘણો જ ફરક હોય છે. અને એ ફરક સંગ પ્રસંગે પાંગરે અને પરખાય.

આપણે જ્યારે સ્વ–દોષ દર્શન કરશું, ત્યારે પહેલાં તો સ્થુલ જ પકડશે. ભલે સ્થુલ પકડાય તો પણ તેને પકડતાં શીખવું, ગુસ્સાને શબ્દ દ્વારા કે કાયા દ્વારા દબાવ્યા વગર, મનથી જ તેને કાઢવાની કળા જોઈએ.

કષાય આવે છે તેની મનમાં અશાન્તિ છે. પણ તે વચનમાં તો ન જ આવવો જોઇએ. જ્યારે બહુ ગુસ્સો આવે ત્યારે ગુસ્સાને કહો, કે તારે મને બાળવો હોય તો બાળી નાખ પણ હું તને વચન દ્વારા પ્રગટ નહીં જ કરું.

જ્ઞાનીઓ ગમે તેવા ઉદયમાં અકળાતા નથી, તેનું કારણ એ છે કે તેઓને આત્માનું અને કર્મોનું બન્નેનું જ્ઞાન હોય છે. પરંતુ તકલીફ એ વાતની છે કે અજ્ઞાની જીવ ઉદયગત કર્મોને ભોગવે છે તેના કરતાં બાંધે વધારે, જેના કારણે જીવનો આરો નથી આવતો ને સંસાર ચક્રમાં ફર્યા જ કરે છે. કારણમાં સમતાનો, સહન શક્તિનો અભાવ અને આર્તધ્યાનનો પ્રભાવ. આવા કારણોની તો હારમાળ ચાલ્યા જ કરે છે. એટલે બંધ અને ઉદયની ચેઈન પણ જોડાયેલી જ રહે છે.

આવું અંતર નિરીક્ષણ થતું રહે તો ભવિષ્યમાં ક્યારેક ઉત્થાનની આશા રાખી શકાય. આપણી વૃત્તિ અને ભાવોને જ આપણે જોતા શીખી જઈએ તે પણ એક સાધના જ છે. કારણ કે તેથી જીવની જાગૃતિ વધે છે. પોતાનામાં કેટલી ખામીઓ છે ; તેનો ખ્યાલ આવતા પુરુષાર્થ પણ કેટલો કરવો બાકી છે, તે પણ ખ્યાલ આવી જાય

જો કે ચેતના ત્રણ પ્રકારની છે. કર્મ ચેતના, કર્મફલ ચેતના અને જ્ઞાન ચેતના. આ ત્રણેય ચેતનાને ઓળખી, નિરખી અને પછી જ્ઞાન ચેતનામાં લીન થવાય તો ખરેખર ધર્મ ધ્યાન જીવને પ્રાપ્ત થયું ગણાય.

એક આ પણ સિદ્ધાંત યાદ રાખવો, કે જે કર્મ ઉદયમાં આવે છે તે ક્ષય થવા માટે જ આવે છે. પરંતુ જીવ તે સમયે સમતાના અભાવે કર્મો ભોગવે તેના કરતા પણ ક્યારેક નવા કર્મો વધારે બાંધી લેતો હોય છે. માટે જ જ્ઞાનીઓ નવા બંધથી ચેતતા રહેવા ઉપદેશ આપે છે.

ઉત્તમા અધ્યાત્મ ચિંતા, મોહ ચિંતાય મધ્યમા,

અધમા કામ ચિંતાય, પર ચિંતા અધમાધમ.

જીવે કરેલા કર્મો તેને કોઈ પણ સ્થિતિમાં ભોગવવા જ પડે છે. તેનું જ્ઞાન તો છે જ, અને રહે. જ્ઞાન ઘણું જ હોવા છતાં જીવની સહન શક્તિ મર્યાદિત હોય છે અને મોહ રાગધર્મ વિગેરે અમર્યાદિત હોય છે. ઉદય એ ન જોવે કે આ જ્ઞાની છે કે અજ્ઞાની? ઉદય શ્રદ્ધા કે સમજણની પેતર રાખે નહીં, જો એમ હોત તો મહાવીર સ્વામીને કર્મો ઉદયમાં આવત જ નહીં. તેમની પાસે ચાર જ્ઞાન હતા અને તેઓ તીર્થંકર થવાનાં હતાં, પણ કરમને કોઈની શરમ નથી આવતી.

ઈર્ષાની આગને જ્ઞાનરૂપી પાણીથી શાંત કરી દઈએ તો જ કંઈક આત્મ સમાધિ પ્રાપ્ત કરી શકશું. બાકી તો ઘણી સંવત્સરી ગઈ અને ઘણી હજીય જશે પણ કામ કાંઈ ન થશે.

જેમ આ હૃદયમાં રાગ–પ્રેમ અને લાગણીના તરંગો ઊભા થાય છે તેમ તેનું પોષણ ન થાય ત્યારે તે જ ભાવ દ્વેષનું, ઈર્ષાનું રૂપ ધારણ કરે છે.

જીવાત્માએ અનાદિથી આજ સુધી ઉદય આવેલા કર્મોને ભોગવ્યા નથી એમ તો કહી શકાય તેવું નથી, છતાં કર્મોનો અંત આવ્યો નથી તેનું કારણ એ છે કે જેટલું ભોગવ્યા તેટલા કે તેનાથી પણ વધારે બાંધી લીધા છે. શ્રીમદ્જીએ લખ્યું છે કે તું નવા કર્મો બાંધવાના બંધ કરી દે, જુનાની ચિંતા ન કર, મારા ઉપર છોડી દે. જ્ઞાનીઓને આ વાત બરાબર સમજાણી હોય છે, એટલે જ દુ:ખને બદલે આનંદ હોય છે તે એમ સમજે છે અને માને છે કે જેટલા ઉદયમાં આવે છે એટલા સત્તાના સ્ટોકમાંથી ઓછા થાય છે અને હું કર્મોના કરજથી મુક્ત થાવ છું. તે હળવાશ અનુભવે છે.

આવા જ્ઞાનીની જ્ઞાનની વાતો સો ટકા વિચારશું ત્યારે માંડ તેમાંથી અમુક ટકા આચરણમાં મૂકી શકીશું. એટલે વિચારવું–ભાવના ભાવવવી ને પ્રાર્થના કરવી. આમાં નિરાશ કે હતાશ થવાની જરૂર નથી. કોઈક વાત વિચારવા છતાં ન થાય, ઈચ્છવા છતાં ન થાય. ઉદયની ધારા અને જ્ઞાનની ધારા અલગ હોય છે તે વાત ભૂલવી જોઈએ નહીં.''

ઉપરના વચનો તો માત્ર થોડું આચમન છે. પૂરો ગ્રંથ વાંચીએ ત્યારે પૂ. બાપજીએ સર્જનની એ ક્ષણોનો અનુભવ જે સ્થાન ઉપર બિરાજીને કર્યો હશે એ સ્થાનના પરમાણુનો આપણને પરોક્ષ અનુભવ થયા વિના રહેતો નથી. અહીં ઘૂંટાયેલું અને પછી ઘટ્ટ થયેલું સત્ય છે. આંતર મનને ખોદતા જે શોધાયું તેનું પ્રગટીકરણ છે.

પૂ. લલિતાબાઈ મહાસતીજી બાપજીની આ 'ચિંતન ધારા' અને વિદ્વાન સંપાદક આર્યા ડૉ. તરૂલતાબાઈ મહાસતીજીની 'ભક્તિધારા'નો અહીં 'પવિત્ર સમન્વય' છે.

આ 'અધ્યાત્મની પળે...' ગ્રંથનું જે આચમન કરશે એ સર્વની પ્રત્યેક પળ ચિરંજીવ હૃદયસ્થ બની રહેશે જ.

જે જે પળોએ આ ગ્રંથમાં પ્રસ્તુત થયેલા ચિંતનનો જન્મ થયો, એ સર્વ પળોને સર્વ પ્રથમ પ્રણામ, એ પવિત્ર સ્થાન અને સ્થળને નમન, અને જેના દ્વારા આ ચિંતન આપણને પ્રાપ્ત થયું એ સર્જક પૂ. બાપજીને તો 'અનેક શ: પ્રણિપાત:'

એ પરમાણુઓનો સર્વને અનુભવ થાય અને એ સર્વે વાચકના આંતરમનની સત્ય આનંદ યાત્રાનો પ્રારંભ અને પ્રગતિ થાવ એવી મહાકાલને પ્રાર્થના.

☐ **ધનવંત શાહ**

# શીલ-પ્રજ્ઞાનો સમન્વય

□ ડૉ. રણજિત એમ. પટેલ (अनामी)

*તા. ૨૪ ઑક્ટોબર-૨૦૦૬ના ડૉ. પૂ. રમણભાઈની પ્રથમપુણ્યતિથિ. એક વર્ષ પાણીની જેમ વહી ગયું. પૂ. સાહેબને આપણે વિવિધ કાર્યોથી સતત સ્મરણમાં સ્થિર કર્યા અને એઓ સ્થિર જ રહે એવું એઓશ્રીનું પ્રજ્ઞાવંત અને શિલવંત જીવન હતું.*

*શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને 'પ્રબુદ્ધ જીવન' એઓશ્રીનું સ્મરણ કરી, નિત્ય આશીર્વાદ અને પ્રેરણાની વિનંતિ કરી એઓશ્રીને વંદન કરે છે.આ નિમિત્તે એઓશ્રીના અંતરંગ પરમ આત્મીય મિત્ર પૂ. શ્રી રણજિતભાઈ એમ. પટેલ-(अनामी) ના આ શબ્દો આપની સમક્ષ પ્રસ્તુત કરતા હૃદય પુલકિત થાય છે અને પરમાત્માનો ઉપકાર માનીએ છીએ કે આવા શ્રુત પ્રજ્ઞાવાન, શીલવંતા શ્રુત પુરુષનો સહવાસ અમને પ્રાપ્ત થયો...ધ.)*

લગભગ સાડા ત્રણ દાયકાની શિક્ષણ-ક્ષેત્રની મારી કામગીરી બાદ, ત્રણેક દાયકાની નિવૃત્તિમાં મને સતત પ્રવૃત્ત રાખનાર ત્રણ શિષ્ટ-પ્રખ્યાત સામયિકોના મારા તંત્રી-મિત્રો તે સ્વ. ડૉ. રમણભાઈ ચી. શાહ, (તંત્રી: 'પ્રબુદ્ધ જીવન') સ્વ. ડૉ. દિલાવરસિંહજી જાડેજા (તંત્રી: 'અખંડ આનંદ') અને સ્વ. ડૉ. રમણલાલ જેઠાલાલ જોષી (તંત્રી: 'ઉદ્દેશ'). ડૉ. રમણલાલ જોષી તો છ દાયકા પૂર્વેના મારા તેજસ્વી વિદ્યાર્થી. આ ત્રણેય મિત્રો શક્તિમાં મારાથી મોટા પણ વયમાં તો ઠીક ઠીક નાના. એ ત્રણેયના અણધાર્યા ઉપરાઉપરી અવસાનને હું મારા આયુષ્યના ઈતિહાસનું એક કરુણમાં કરુણ પ્રકરણ સમજું છું. આ ત્રણેય સાથેનો મારો સંબંધ અર્ધી-સદી પુરાણો પણ પ્રગાઢમાં પ્રગાઢ આત્મીયતા સધાઈ તે તો સ્વ. ડૉ. રમણભાઈ શાહ સાથે. એમનું મરણોત્તર પ્રકાશન-'વંદનીય હૃદયસ્પર્શ' મને 'અર્પણ' કર્યું છે તેમાં મને આ આત્મીયતાનું દર્શન થાય છે.

મારા દીર્ઘાયુષ્ય દરમિયાન હું સેંકડો નહીં પણ હજ્જારો સજ્જનોના સંસર્ગમાં આવ્યો છું. એમાંના કેટલાક તો પ્રજ્ઞા-પ્રતિભાની ગુણસંપદામાં અવ્વલ દરજ્જાના હોય પણ શીલની બાબતમાં સાવ શિથિલ હોય. એમાંના કેટલાંક તો 'ઈવિલ જીનિયસ' પણ હોય! કેટલાક શીલની બાબતમાં નિષ્કંલક હોય પણ પ્રજ્ઞાની બાબતમાં પ્રમાણમાં મંદ હોય. મારી પ્રકૃતિ તેજસ્વી પ્રજ્ઞા ને શિથિલ શીલ કરતાં શુદ્ધ શીલ અને મંદ પ્રજ્ઞાને વધુ પસંદ કરે! પ્રજ્ઞા અને શીલના સમન્વયની તો વાત જ નિરાળી! આવી કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓના સંસર્ગમાં આવવાનું મને સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે તેમાંના કેટલાકનો નામોલ્લેખ કરું તો પ્રો. વિ. ર. ત્રિવેદી, પ્રો. અ. મ. રાવળ, પ્રો. ફિરોજ કાવસજી દાવર, પ્રો. ઉમાશંકર જોષી, પ્રો. ચી. ના. પટેલ વગેરે. સ્વ. ડૉ. રમણભાઈનો હું આ યાદીમાં સમાસ કરું છું. પ્રજ્ઞા અને શીલનો સમન્વય એ સુવર્ણમાં સુગંધ ભળ્યા જેવો યોગ છે. એ વિરલ યોગ છે એટલે એનું મહત્ત્વ પણ ઘણું મોટું છે. વિધાતાના દાન કરતાં જીવનભરની કપરી સાધનાનું એ સુફળ છે. તપ, ત્યાગ, તિતિક્ષા વિના એ સિદ્ધ થતું નથી.

ઉત્તરાધ્યયનમાં કહ્યું છે :-

'નાણેણ ય જાણઈ ભાવે દંસણેણ ય સદ્ધ હે ।<br>
ચરિત્તેણ ન ગિણ્હાઈ તવેણ પરિસુજ્જઈ ।।

મતલબ કે મનુષ્ય જ્ઞાનથી પદાર્થ જાણે છે, દર્શનથી તેના ઉપર શ્રદ્ધા રાખે છે, ચારિત્રથી નિગ્રહ કરે છે અને તપથી પરિશુદ્ધ થાય છે. આવાં જ્ઞાન-દર્શન-ચારિત્ર ને તપ સ્વ. રમણભાઈનાં ઠીક ઠીક પ્રમાણમાં હતાં. વિચાર, વાણી ને વ્યવહારની એકવાક્યતા પણ અદ્ભુત. એમણે જમાવેલી 'ગુડવીલ' પરમાનંદ પ્રગટાવે એવી. જીવન ખુલ્લી કિતાબ જેવું ને વ્યવહાર-જીવનના ચોપડા બધા ચોક્ખા. એમણે વાવેલાં સત્કર્મનાં બીજ કાળની કઠણ ભૂમિમાં પણ કોળ્યા વિના રહેનાર નથી.

'ઉત્તરાધ્યયન'ની અમોઘ વાણી પ્રમાણે :-

નાણં ચ દંસણં ચેવ ચરિત્તં ચ તવો તહા ।<br>
એયં મગ્ગમણુપ્પત્તા જીવા ગચ્છંતિ સોગ્ગઈં ।।

જ્ઞાન, દર્શન ચારિત્ર અને તપના માર્ગને અનુસરનારા જીવોની સુગતિ થાય છે. સ્વ. રમણભાઈની સુગતિ કાજે સ્વપ્ને પણ શંકા સેવી શકાય તેમ નથી.

* * *

૨૨/૨, અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા-૭.

## ગુજરાતી વિશ્વકોશ

સંઘના સંનિષ્ઠ કાર્યકર શ્રી પ્રવીણભાઈ શાહ તરફથી વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશિત 'ગુજરાતી વિશ્વકોશ'ના ૨૧ ગ્રંથોનો સેટ સંઘને ભેટ મળ્યો છે. આ ગ્રંથો સંઘના કાર્યાલયમાં પ્રાપ્ત છે. જે જિજ્ઞાસુઓને એ ગ્રંથો વાંચવા માટે લઈ જવા હોય તેઓશ્રીએ કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતિ. —મેનેજર

## 'પ્રબુદ્ધ જીવન'ના વિદ્વાન લેખકોને વિનંતિ

નવા સર્જન-ચિંતનને પ્રોત્સાહન મળે એ હેતુથી જે લેખો અન્યત્ર પ્રગટ થઈ ગયા હોય એ લેખોને ખાસ અપવાદ સિવાય 'પ્ર.જી.'માં ફરી પ્રગટ ન કરવાનો સિદ્ધાંત પ્રારંભથી જ સ્વીકારાયો છે. એટલે અન્યત્ર પ્રગટ થયેલા લેખો 'પ્ર. જી.' માટે ન મોકલવા સર્વ વિદ્વાનોને અમારી નમ્ર વિનંતિ છે. —તંત્રી

# શ્રીમદ્‌ના મુમુક્ષુઓમાં આજસુધી કેમ કોઈ 'સર્વસંગ પરિત્યાગી નહિ ?'

□ શ્રી મલૂકચંદ રતિલાલ શાહ

શ્રીમદ્ રાજચંદ્રજીએ 'અસંગ' દશા કે 'સર્વસંગ પરિત્યાગ' સાધ્ય કરવા અપીલ કરતા નીચેના જેવા અનેક તત્ત્વવિધાનો તેમના ગ્રંથમાં રજૂ કર્યા છે.

(૧) સર્વશાસ્ત્રો કેવળ ત્અસંગ થવા અર્થે કહ્યા છે.
(૨) યૌવનનો સર્વસંગ પરિત્યાગ મહત ફળને આપનારો છે.
(૩) જ્યાં જ્યાં જીવ મારાપણું કરે છે ત્યાં ત્યાં તેની ભૂલ છે, તે ટાળવા સારુ સકળ શાસ્ત્રો કહ્યા છે.
(૪) અણુ માત્ર પરદ્રવ્ય પ્રત્યે રાગ વર્તે છે ત્યાં સુધી સ્વીકાર વૃત્તિ નથી જ.
(૫) હું એક છું, અસંગ છું, સર્વ પર ભાવથી રહિત છું.

સવાલ એ થાય છે કે શ્રીમદ્‌જીની આવી વારંવારની શીખ છતાં તેમના ભક્તો કે અનુરાગીઓમાંથી આજસુધીમાં કોઈ સર્વસંગ પરિત્યાગી–અસંગ નિર્ગ્રંથ મુનિ થયાનું કોઈ ઉદાહરણ કેમ જોવા મળતું નથી?

આનો ખુલાસો સમજતા પૂર્વે આનુષંગિક વિસ્તૃત વિચારણા કરવી જરૂરી છે.

સર્વપ્રથમ 'સર્વસંગ પરિત્યાગ' કે 'અસંગ' શબ્દની વ્યાખ્યા કે અર્થ સમજી લઈએ. આવી અસંગ કે સર્વસંગ પરિત્યાગવાળી વ્યક્તિ બાહ્ય રીતે પણ પંચ મહાવ્રતધારી મુનિવેશમાં હોય અને આંતરિક રીતે પણ મહાવ્રતના આચાર સાથે વીતરાગ દશાવાળી, સ્થિતપ્રજ્ઞ, નિર્મોહી, નિઃસ્પૃહ જીવન જીવનારી હોય. આમ બન્ને અંતરબાહ્ય દશા થયે તેને સર્વસંગ પરિત્યાગી કહી શકાય. ઓછામાં ઓછું આવી બન્ને પ્રકારની ત્યાગશ્રેણી માટે જીવને બહુમાન વર્તે ત્યારે જ આવી સર્વસંગ પરિત્યાગ દશા પ્રગટાવવા પુરુષાર્થી બની શકે. જો બેમાંથી કોઈ એક દશા માટે આદરભાવ ન હોય તો સર્વસંગ પરિત્યાગી–અસંગ–ન જ બની શકાય એ સ્પષ્ટ છે.

જેમણે આ સર્વસંગ પરિત્યાગની વારંવાર શીખ આપી છે તેવા ખુદ શ્રીમદ્‌જીના જીવનમાં ગૃહસ્થ દશાના ઉદયને કારણે (આસક્તિને કારણે નહિ) 'સર્વસંગ પરિત્યાગ' બની શકેલો નહીં. આમ છતાં ટૂંક સમયમાં જ–૩૬ની ઉંમરે સર્વસંગ પરિત્યાગ કરવાનો દૃઢ સંકલ્પ તેમણે કરેલો. પરંતુ અફસોસ! આયુષ્ય બળ ઓછું પડ્યું, તેત્રીશની વયે જ તેમનું દેહાવસાન થઈ ગયું.

જોકે જીવનમાં અંતર–બાહ્ય બન્ને ત્યાગ જરૂરી છે પરંતુ તેમાં જીવના અંતરંગ ત્યાગનું જ મુખ્યપણું છે. આવું સમજી શકનાર મુમુક્ષુઓ, શ્રીમદ્‌ના ગૃહસ્થવેશને લક્ષમાં નહિ લેતા, તેમની અંતરંગ ત્યાગ દશાને પ્રદાન કરીને, શ્રીમદ્‌જીને તિર્થંકરની કક્ષાની વિભૂતિ તરીકે જોઈને, તેમને જ પોતાના સદગુરુ તરીકે હૃદયમાં સ્થાપીને તેમના પૂજારી બનેલા અને આજસુધી તેમ બનતું રહ્યું છે.

અહીં સુધી તો બધું બરાબર હતું પણ અપવાદો બાદ કરતાં શ્રીમદ્ ભક્તોની આ સાથે એક ભૂલ એ થઈ કે તેઓ બાહ્યથી મુનિવેશધારી પણ અંતરંગમાં રાગદ્વેષ જનિત કષાયોવાળા શિથિલ મુનિગણ પ્રત્યે વિનયગુણ ચુકીને તેમની અવહેલના કરતા થઈ ગયા. આમ બનવાનું એક કારણ એવું પણ હતું કે આવા મુનિગણ આત્મજ્ઞાની પણ ગૃહસ્થવેશી હોવાથી રાજચંદ્રજી પ્રત્યે અનાદરભાવ વ્યક્ત કરતા હતા. અહીં એ નોંધ જરૂરી છે કે શ્રીમદ્‌જીના જીવનકાળ દરમ્યાન મુનિગણે શ્રીમદ્‌જીની અવહેલના કરેલી પણ તેમના દેહોત્સર્ગ પછી શ્રીમદ્‌જીની 'મહાન વિભૂતિ' તરીકેની યશ, કીર્તિ દિન પ્રતિદિન વિસ્તરતી જ જઈને તેમના ભક્તો વધતા જ ગયા છે અને મુનિગણ પણ તેમની ટીકાને સ્થાને, તેમને 'આત્મજ્ઞાની' પુરુષ સમજી વિનમ્રભાવે તેમને અતિ અતિ આદર અર્પતો થયો છે. આજે તો એમ લાગે છે કે ભાવિમાં પણ શ્રીમદ્ વધુ વિસ્તરતા જઈને, એ રીતે અક્ષય કીર્તિને પ્રાપ્ત કરશે. જો કે ખૂદ શ્રીમદે તો પોતાના ગ્રંથમાં કીર્તિને પોતાની વિષ્ટા જેવી તુચ્છ ગણી છે. એવાને જ 'અક્ષય કીર્તિ' પ્રાપ્ત થાય ને! તેથી તેનાં પ્રત્યાઘાતરૂપે શ્રીમદ્‌ના ભક્તો પણ એવા શિથિલ મુનિ જગત પ્રત્યે વંદનાદિનો અપૂરતો વિનય કરતાં થઈ ગયા. તેથી ઊલટું ગૃહસ્થ પણ શ્રીમદ્‌ના ગ્રંથનો સ્વાધ્યાય કરાવનાર મુમુક્ષુ વ્યક્તિને ખૂબ ભક્તિપૂર્વક વંદના–બહુમાન કરતા થઈ ગયા જે આજે પણ ચાલુ છે.

આમ શ્રીમદ્‌ના અનુયાયીઓની વ્યવહારિક ભૂલ એ થઈ કે ગૃહસ્થવેશી શ્રીમદ્‌ને પૂજ્ય ગણી શકે પણ મુનિવેશધારી પ્રત્યે પુજ્યભાવ તો ઠીક પણ વંદનાદિનો યથાર્થ વિવેક પણ તેમણે છોડી દીધો.

શ્રીમદ્‌ના અનુરાગીએ પોતાના પરમગુરુ શ્રીમદ્‌ની શીખ મુજબ 'સર્વસંગ પરિત્યાગ'વાળું જીવન બનાવવા અંતરંગ ત્યાગ ઉપરાંત બાહ્યત્યાગવાળી મુનિ દિક્ષા–મુનિવેશમાં–પણ આવવું જોઈએ. તો બીજી બાજુ તેઓ મુનિઓ–શ્રમણ સંસ્થા તરફ પૂરતો આદર પણ ન દર્શાવી શકતા હોય તો મુનિદિક્ષા લે કોની પાસે?

આમ શ્રીમદ્‌પંથી માટે બાહ્ય દિક્ષાનો–મુનિવેશધારી બનવાનો દરવાજો જ બંધ થઈ જાય છે. તેથી એ 'સર્વસંગ પરિત્યાગ'ની કક્ષામાં કેવી રીતે આવી શકે?

આથી શ્રીમદ્‌ના અનુરાગીઓમાંથી આજસુધી કોઈ સર્વસંગ પરિત્યાગી બન્યાની ઘટના બની નથી અને એ ભૂલ નહિ સુધરે ત્યાં સુધી એ શક્ય જ નહિ બને એમ લાગે છે. છતાં અપવાદરૂપે પણ કોઈ વિરલ શ્રીમદ્ ભક્ત ભાવિમાં 'સર્વસંગ પરિત્યાગી' બનીને, શ્રીમદ્‌ની 'અસંગ'ની બનવાની શીખને, સંપૂર્ણ આત્મસાત કરીને, આચારમાં અમલી બનાવે એવી શાસન દેવને પ્રાર્થના કરીએ!

***

૩/૮, વર્ધમાન કૃપા સોસાયટી,
સોલા રોડ, અમદાવાદ–૩૮૦૦૬૧

# જરથોસ્તી ધર્મના મૂળભૂત સિદ્ધાંતો

□ શ્રી બી. એચ. આંટિયા

**(૧) દુનિયાનો સૌથી જૂનો ધર્મ : (૬૦૦૦ વર્ષ જૂનો)**

રાજ્યો અને શહેરો નાશ થયા. રાજકીય વિચારો બદલાયા. સંસ્કૃતિઓ નાશ પામી. પણ ધર્મના સિદ્ધાંતો આજ સુધી ટકયા છે. મહાન વિદ્વાન Victor Hugo ના કહેવા પ્રમાણે જરથોસ્તી ધર્મના પ્રભાવ બીજા ધર્મો પર પડ્યા. (Judaism & Christainity). જરથોસ્તી શબ્દનો અર્થ–સોનેરી પ્રકાશ કે સોનેરી તારા થાય. જરથોસ્તી ધર્મએ એના જમાના અને પછીના આવનારા જમાનામાં આધ્યાત્મિક પ્રકાશ ફેલાવ્યો.

**(૨) જરથોસ્ત સાહેબના સિદ્ધાંતો**

જરથોસ્ત સાહેબના સિદ્ધાંતો તેમણે રચેલા ગાથામાંથી મળે છે. જેમ હિંદુભાઈઓનું ધાર્મિક પુસ્તક ગીતા છે. તે પ્રમાણે જરથોસ્તી માટે ગાથા છે

(A) જરથોસ્ત સાહેબ જન્મ્યા ત્યારે લોકો જાદુ અને મૃગાદેવીની પૂજા કરતા હતા. તેથી જરથોસ્ત સાહેબે ગાથામાં શીખવ્યું કે ફક્ત એક જ ખુદામાં માનવું. અને એનું નામ પાડ્યું અહુરા મજદા એટલે ડહાપણના સૂત્રધાર. જરથોસ્તી ધર્મ પ્રમાણે દુનિયાને ચલાવનાર, નિભાવનાર, પાલનહાર, રક્ષણ કરનાર અને તેનો નાશ કરનાર પણ ખુદા છે. જરથોસ્તી ધર્મ પ્રમાણે ખુદા બધું જાણે છે. અને તેઓ બધે હાજર છે. એક ખુદામાં માનવું એ જરથોસ્તી ધર્મનો પહેલો સિદ્ધાંત છે.

(B) બીજો અને અગત્યનો સિદ્ધાંત એ અશોઈ છે. અશોઈ એટલે ફક્ત પવિત્ર જ નહીં પણ સચ્ચાઈ, સંયમ અને ઈન્સાફ છે. જે અશોઈનું પાલન કરે છે તે ખુદાને પહોંચે છે.

(C) જરથોસ્તી ધર્મ મહેનત અને મજૂરીને ઘણું વજન આપે છે. જરથોસ્ત સાહેબના વખતના ઈરાનીઓની કફોડી સ્થિતિ જોઈને સખત મહેનતથી જીવન જીવવું જરૂરી બન્યું. અને તેથી જરથોસ્તી ધર્મ ખેતીવાડી અને મહેનતને જરૂરી ગણે છે. વંદીદાદ (૩–૩૦–૩૧) જરથોસ્ત સાહેબ સવાલ પૂછે છે કે, જરથોસ્તી ધર્મ કેમ ખીલે છે? એનો જવાબ એ છે કે જે ખેતી કરે છે તે અશોઈનું પાલન કરે છે.

(D) જરથોસ્તી ધર્મના સિદ્ધાંતો પ્રમાણે દરેક માનવીનું ભવિષ્ય એના કાર્યો પર રચાય છે. સુખ કે દુઃખ માનવીના વિચારો, વચનો અને કાર્યો પર આધાર રાખે છે અને એ આધારે માનવીને મળે છે. ટૂંકમાં જરથોસ્તી ધર્મનું શિક્ષણ છે કે તમે જેવું વાવશો તેવું લણશો. આ સિદ્ધાંતને ધ્યાનમાં રાખી, જરથોસ્તી ધર્મ દરેક માનવીને મહાન અને સમાજને ઉપયોગી કામ કરતા શીખવે છે. ભલાને ભલું, બુરાને બુરું.

(E) જરથોસ્તી ધર્મની બીજી ખૂબી એ છે કે માનવીને દુનિયામાં રહીને દુનિયાને આબાદ બનાવવા કહે છે અને એક બાળકને નાનપણથી એની ફરજો જે બજાવવાની છે તેની કેળવણી આપે છે. દા. ત. એક બાળકને એના મા–બાપ અને શિક્ષકો તરફની ફરજો પર ભાર મુકાવવામાં આવે છે અને માનવી મોટો થાય ત્યારે એ ફરજો ચારગણી વધી જાય છે. એ ફરજો એની કુટુંબ તરફ, ઘણી બધી એના છોકરાઓ તરફ, એના શેઠ તરફ અને સમાજ તરફ હોય છે. તેથી વંદીદાદે કહ્યું છે કે જે માનવી પોતાની ફરજો નહીં બજાવે તે ફરજનો ચોર ગણાવામાં આવશે. જરથોસ્તી કુટુંબી જીવન પસંદ કરે છે કે તેથી દાદાર હોરમજદ જરથોસ્ત સાહેબને કહે છે કે હું કુંવારા કરતાં બાળબચ્ચાંવાળાને વધુ પસંદ કરું છું.

(F) જરથોસ્તી ધર્મ પ્રમાણે દુનિયા અને દુનિયાની દરેક વસ્તુ પ્રગતિ કરે છે. જરથોસ્તી ધર્મ પ્રમાણે દુનિયાની પ્રગતિના છ તબક્કા છે અને છેલ્લા તબક્કે માનવી આવે છે તેની પહેલાં ઝાડ–પાન, પ્રાણી, ધરતી, પાણી, આકાશ અને પ્રગતિના તબક્કામાં માનવી છેવટે આવે છે. માનવી પોતાની અક્કલ હોંશિયારીથી બાકીના પાંચ તત્ત્વોની સારી રીતે વ્યવસ્થા કરી શકે છે. જરથોસ્તી ધર્મના સિદ્ધાંત પ્રમાણે દુનિયા પ્રગતિ તરફ આગળ વધે છે.

(G) જરથોસ્તી ધર્મ કહે છે કે દુનિયામાં બે શક્તિઓ છે. (ભલી અને બુરી). સ્પેનતા અને અંગ્રે મેઇન્યુ એ બે શક્તિઓ વચ્ચે હંમેશાં ઝગડા ચાલ્યા કરે છે. અને આખરમાં માનવીની ભલી શક્તિ જ બૂરી શક્તિ પર વિજય મેળવી, સારા કાર્યો કરી અંતે દુનિયા અને પોતાના આત્માનું કલ્યાણ કરે છે. દા. ત.૨૦મી સદીમાં માનવીઓએ ટેલીફોન, Fax, Computer અને Internetની શોધ કરી જેથી દુનિયા એક નાના ગામડા જેવી થઈ ગઈ છે અને ચંદ્ર પર પહોંચ્યા જેવી અદ્ભુત સિદ્ધિઓ પણ મેળવી. જે કામના ૨૦૦ થી ૩૦૦ વર્ષ પહેલા મહિનાઓ લાગતાં હતાં તે માત્ર એક મિનિટમાં થવા લાગ્યાં. એવી મહાન સિદ્ધિઓ માનવીએ ૨૦મી સદીમાં પ્રાપ્ત કરી પણ એની સાથે બૂરી શક્તિનું પણ સંશોધન થયું અને એકબીજાને હરાવવાની અને થોડા કલાકમાં દુનિયાનો નાશ થાય એવી બુરી શક્તિની પણ શોધ થઈ. દુનિયા ભલાઈ અને બુરાઈથી ભરેલી છે. ૩૦૦૦ વર્ષ પહેલાનો જરથોસ્તી ધર્મ કહે છે કે તમે તમારી ફરજ સમજો અને તમને જે વ્યાજબી લાગે તે અપનાવજો. ભલાઈનો રસ્તો અપનાવશે તેનું પોતાનું અને બીજાં સૌનું ભલું થશે. અને તે વૈકુંઠ પામશે. અને જો બુરાઈ તરફ જશો તો નરક પામશો. જરથોસ્ત સાહેબે ગાથામાં આ બે શર્તો ઉપર વાત કરી છે. અને એમના પછીના ધર્મો દા. ત. ઈસાઈ

અને જચુડા ધર્મે અપનાવી છે.

**(૩) એક સંપૂર્ણ નૈતિક ધર્મ છે :**

જરથોસ્તી ધર્મ માનવીને નૈતિક રીતે જીવતા શીખવે છે. જરથોસ્તી ધર્મ માનવીને પવિત્ર અને પરોપકારી બનવા માટે શીખવે છે કે જેથી એ પ્રગતિ પામે; અને દુનિયામાં પવિત્ર બનવા જરથોસ્તી ધર્મ ત્રણ મુખ્ય શિખામણો આપે છે. હુ:ખત, હુ:ખ્ત, હુવરશ્તા-સારા વિચારો, સારા વચનો અને સારા કાર્યો. જરથોસ્તી ધર્મ મનની શક્તિ પર ખાસ ભાર મૂકે છે; કારણ કે મનના વશથી માનવી એની જીંદગીનું કોઈ પણ શિખર કબજે કરી શકે છે. મન એના વિચારોથી બહેરાત કે દોજખ પામે છે. વંદીદાદ એટલે બુરાઈની સામેનો કાયદો છે. ૨૦મી સદીના કોઈપણ સંસ્કૃતિ પામેલા દેશના કાયદામાં જે લખેલું છે તે જરથોસ્ત ધર્મના ૩૦૦૦ વર્ષ જૂના વંદીદાદમાં કહેલું છે. જેમકે ખૂન, ચોરી, માલનું વજન કરવામાં ગોટાળો, ખોટા વચનો આપવા, કોઈની બદગોઈ કરવી, લાંચ લેવી, કામદારોના પગાર નહીં ચુકવવા, જૂઠું બોલવું, કોઈના પૈસા ખાઈ જવા, ગેરઅહેવાલ કરવો અથવા સંસ્થાના પૈસા ગેરવ્યાજબી રીતે વાપરવા. આ બધી વાતો વંદીદાદમાં નોંધાયેલ છે.

ધર્મની નજરે નીચે જણાવેલા કર્મો પણ એક ગુનો છે. દા. ત. એક બૈરી પોતાના ધણીને તરછોડે અથવા એક બાપ પોતાની ઓલાદને પોતાના છોકરા તરીકે કબુલ નહીં રાખે અથવા એક રાજા પોતાની રૈયત પર ક્રુરતા બતાવે, લાલચ, અદેખાઈ, રાખે-આ રીતે જોતા વંદીદાદ એક સંપૂર્ણ નૈતિક કાયદો છે. વધુમાં જરથોસ્તી ધર્મ પ્રાણી પર દયા રાખવા શીખવે છે. અને કૂતરાઓને ભૂખ્યા રાખવા કે મારવા એ ગુનો છે. આ રીતે Society for prevention to Animalsના ધ્યેયોને આ ધર્મે ૩૦૦૦ વર્ષ પૂર્વે અપનાવ્યા છે.

**(૪) જરથોસ્ત એક પર્યાવરણના હિમાયતી :**

૨૦મી સદીમાં ગ્રામ પંચાયત કે પશ્ચિમના દેશો પર્યાવરણ અને પ્રદૂષણ પર ભાર મૂકે છે; ત્યારે આપણા પૂજ્ય પયગમ્બર જરથોસ્ત સાહેબ ૩૦૦૦ વર્ષ પૂર્વે કુદરતી તત્ત્વો જેવાં કે પાણી, હવા, આકાશને સાચવી રાખવા અને તેને માન સાથે પૂજવાનું શીખવ્યું છે. ગ્રીકના ફિલસુફો જેવા કે હીરો દોતસ, સ્ટોલે, પલુગરદે લખ્યું છે કે જરથોસ્તીઓ સૂરજ, આકાશ, પાણી, જમીન, હવા અને અગ્નિની આરાધના કરતા હતા અને પાણીમાં નહાતા ન હતા, થૂંકતા ન હતા કે કપડા ધોતા ન હતા. એ જ રીતે ચેપી રોગથી દૂર રહેવાના કાયદાઓ વંદીદાદમાં હજારો વર્ષ પહેલા લખ્યા છે કે એક માણસનાં મરણ પશ્ચાત પાંચ કલાકમાં એના શરીરમાંથી રોગો બહાર આવે છે. અને તેથી મરેલા માણસના શરીરને જો હાથ લગાડે તો સ્નાન કરવું જોઈએ. આ જ સિદ્ધાંત વીસમી સદીમાં પણ અપનાવ્યો છે કે જે માનવી પીળીયોના દેશમાંથી આવે છે, જેવા કે આફ્રિકાના દેશમાંથી આવે છે અને એની પાસે પ્રમાણ પણ નહીં હોય તો ૯ દિવસ જુદો રાખવામાં આવે છે. જરથોસ્તી ધર્મ અશોઈ પર રચાયો છે. તેની મહત્ત્વતા નીચેની લીટીઓમાંથી માલુમ પડશે.

જો તમારા જીવનમાં સચ્ચાઈ હશે, તો તમારી વર્તણૂક સારી બનશે.

જો તમારી વર્તણૂક સારી હશે તો તમારા ઘરમાં સલાહસંપ વધશે.

જો તમારા ઘરમાં સલાહસંપ હશે તો દેશમાં શિસ્ત આવશે અને જો તમારા દેશમાં શિસ્ત હશે તો વિશ્વમાં શાંતિ આવશે!

તથાસ્તુ! ***

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાના તા. ૨૬-૮-૨૦૦૬ આપેલ પ્રવચન)

૭૨, ઓશિયન વ્યુ, ૬૬, ડુમેયને રોડ,
કોલાબા-મુંબઈ-૪૦૦ ૦૦૫.

**'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકો-વાચકોને વિનંતિ**

(૧) 'પ્રબુદ્ધ જીવન' ના વહીવટી કારણો માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયને નામે અલગ પત્ર લખવા વિનંતિ.

(૨) 'પ્રબુદ્ધ જીવન'ની વાચન સામગ્રી માટે તંત્રીને સંબોધીને અલગ પત્ર લખવો.

એક પત્રમાં બન્ને સ્પષ્ટતા સાથે ન પૂછાવવા વિનંતિ. -મેનેજર

## ચેક અર્પણ સમારંભ

**ગ્રામ સ્વરાજ સંઘ-સોનટેકરી નીલપર (કચ્છ)**

સંઘ દ્વારા ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન ઉપરની સંસ્થા માટે એકત્રિત થયેલા આશરે રૂા. વીસ લાખનો ચેક એ સંસ્થાને અર્પણ કરવા સંઘના કાર્યકરો તેમ જ અન્ય દાતા અને શુભેચ્છકો તા. ૧૨ જાન્યુ. ૨૦૦૭ના એ સંસ્થાએ યોજેલ સમારંભમાં ઉપસ્થિત રહેશે.

મુંબઈથી ગુરુવાર તા. ૧૧-૧-૨૦૦૭ ના રવાના થઈ કચ્છ સામખિયાળી સ્ટેશને ઉતરી ઉપરની સંસ્થામાં તા. ૧૨-૧-૨૦૦૭ના સર્વે ઉપસ્થિત રહ્યાં પછી ચાર દિવસના 'કચ્છ દર્શન'ના કાર્યક્રમનું આયોજન કરેલ છે. કચ્છથી તા. ૧૫-૧-૨૦૦૭ના રવાના થઈ મંગળવાર તા. ૧૬-૧-૨૦૦૭ના સવારે મુંબઈ પહોંચાશે.

આ પ્રવાસમાં સર્વેને સ્વખર્ચ આવવાનું રહેશે.

જે શુભેચ્છકોએ આ પ્રવાસમાં જોડાવવું હોય એઓશ્રીને પોતાનું નામ સંઘને તા. ૨૫-૧૧-૨૦૦૬ પહેલાં સંઘની ઑફિસમાં જણાવવા વિનંતિ. જેથી ટિકિટની વ્યવસ્થા કરી શકાય.

-મેનેજર

# સલોકો કાવ્ય-રચનાનો પરિચય

☐ ડૉ. કવિન શાહ

સંસ્કૃત ભાષાના શ્લોક શબ્દ ઉપરથી અપભ્રંશ શબ્દ 'સલોકો' રચાયો છે. સલોકો એટલે ચાર ચરણની લઘુ કાવ્ય રચના. સંસ્કૃત ભાષામાં અનુષ્ટુપ છંદ એ શ્લોક રચનાના દૃષ્ટાંત રૂપ છે. પ્રાચીન સાહિત્યનો પ્રારંભ શ્લોક રચનાથી થયો છે. વાલ્મીકિનું રામાયણ મા નિષાદ...શ્લોકથી પ્રારંભ થયું છે. સલોકો એટલે વ્યક્તિની પ્રશંસા કરતી કાવ્ય રચના. તેમાં અભિવ્યક્તિની વિશિષ્ટતા રહેલી છે. ધર્મગ્રંથોમાં 'પુણ્ય શ્લોક' શબ્દ પ્રયોગ થયેલો જોવા મળે છે.

पुण्य श्लोको नलो राजा पुण्य श्लोको युधिष्ठिर
पुण्य श्लोको य वैर्दमी पुण्यश्लोको जनार्दन:

આ શ્લોકમાં પુણ્ય શ્લોક તરીકે પ્રશંસનીય નળરાજા, યુધિષ્ઠિર, સીતા અને જનાર્દનનો ઉલ્લેખ થયો છે.

સલોકો એ કાવ્ય રચના છે એટલે કાવ્ય રચનાના માધ્યમથી પ્રશંસા કરવી ગુણગાન ગાવાં એવો અર્થ પણ રહેલો છે. श्लोक–श्लोको–श्लोकयति–આ સંદર્ભથી ઉપરોક્ત માહિતી જાણવા મળે છે.

વાલ્મીકિ રામાયણ વિશે કહેવાય છે કે–
श्लोक: श्लोकत्वमा गत: ।

શ્લોક વિષે સામાજિક સંદર્ભ પણ વિચારવા જેવો છે. લગ્ન પ્રસંગે વરકન્યા પક્ષમાં સામ–સામી બોલાતી પંક્તિઓ માટે સલોકો શબ્દ પ્રયોગ થાય છે. વિમલ પ્રબંધ કાવ્યમાં કવિએ લાવણ્ય સમયે આ પ્રણાલિકાનો ઉલ્લેખ કર્યો છે. અપકીર્તિ–અવયવના અર્થમાં પણ 'સલોકો' શબ્દ પ્રયોગ કરવામાં આવે છે. વિમલ મંત્રીશ્વર લગ્નના માંડવે આવી પહોંચે છે ત્યારે શ્લોકો ગાવામાં આવે છે એટલે વિવાહ વિધિના એક ભાગ રૂપે સલોકોનો ઉપયોગ થાય છે. જૈન સમાજમાં લગ્ન પ્રસંગે નેમજીના સલોકો ગાવાનો રિવાજ હતો. આજે આ રિવાજ લુપ્ત થઈ ગયો છે.

જૈન સાહિત્યમાં સલોકો પ્રકારની રચનાઓ ૧૮મી સદીથી પ્રાપ્ત થાય છે. સલોકોનું વિષય વસ્તુ પરંપરાગત એટલે જૈન ધર્મના તીર્થંકરો, મહાપુરુષો, તીર્થો, સાધુચરિત, દુર્ગુણ ત્યાગ કરવા માટેના ઉપદેશાત્મક સલોકો રચાયા છે. તીર્થંકર વિષય સલોકોમાં આદિનાથ સલોકો, પાર્શ્વનાથ સલોકો કવિ દોલત,કવિ ગોપાલ, કવિ વિજાત વિમલના, ઋષભદેવના સલોકોકવિ જિનહર્ષ, શાંતિનાથ સલોકો મણિવિજય, નેમનાથના સલોકો કવિ જિનહર્ષ, ઉદયરત્ન, વિજાત વિમલ, દેવચંદ, મોતી માલુ વગેરેના પ્રાપ્ત થાય છે. તીર્થ મહિમા ગાતા સલોકો અષ્ટાપદ સલોકો કવિ વિજાત વિમલ, કેસરિયાજી રો સલોકોકવિ ઉત્તમચંદ, શંખેશ્વરકા સલોકો કવિ ઉદયરત્ન અને કવિ દેવવિજય, સિદ્ધાચલના સલોકો સંઘવી પ્રભજી–ભ્રમર વિજય, જેસલમેર ચઢતી દસા રો સલોકો અજ્ઞાતકવિ, ગુરુ મહિમા ગાતા સલોકોમાં પાર્શ્વચંદ્રસૂરિ સલોકો કવિ મેઘરાજ, વિજયલક્ષ્મીસૂરિ સલોકો કવિ જિણંદસાગર, હીરવિજયસૂરિ સલોકો કવિ વિદ્યાધરના પ્રાપ્ત થાય છે. વ્યક્તિ વિશેષ સલોકોમાં ભરત-બાહુબલી સલોકો ઉદયરત્ન, મેઘકુમારના સલોકો કવિ મહાનંદન, શાલિભદ્ર સલકો ઋષિ ખોડાદાસ, ઉદયરત્નના મળે છે. મેઘકુમાર સલોકો–કવિ મહાનંદન, વિમલ મંત્રી સલોકો–કવિ વિજાત વિમલના પ્રાપ્ત થાય છે. પ્રકીર્ણ સલોકોમાં વિવેકવિલાસ સલોકો કવિ દેવચંદ, સરસ્વતી રો સલોકો ક્રોધ, માન, માયા, લોભના સલોકો સજ્ઝાય સંગ્રહમાંથી પ્રાપ્ત થાય છે. ઉપરોક્ત સલોકોની કૃતિઓ ઉપરથી આ પ્રકારની કાવ્ય કૃતિઓ જૈન સાહિત્યની વિવિધતા દર્શાવે છે.

મધ્યકાલીન જૈન સાહિત્યમાં રાસ, પ્રબંધ, ફાગુવેલિ, વિવાહલો જેવી કાવ્ય કૃતિઓ ચરિત્રાત્મક નિરૂપણવાળી છે. તેની સરખામણીમાં સલોકોની રચના પણ ચરિત્રાત્મક છે પણ પ્રસંગોનું વર્ણન નથી. મિતાક્ષરી ઉલ્લેખ થયો છે. જૈન સાહિત્યમાં વ્યક્તિલક્ષી કૃતિઓ ચરિત્રાત્મક છે અને જીવન જીવ્યાનું સત્ય દર્શન કરાવીને વાચકોને અનન્ય પ્રેરણા આપે છે.

ધાર્મિક આચાર સંહિતા માત્ર આદર્શો જ નથી પણ ધર્મ પુરુષાર્થથી આદર્શો સિદ્ધ થઈ શકે છે એમ આ પ્રકારની કૃતિઓમાંથી નિષ્કર્ષ પ્રાપ્ત થાય છે.

અત્રે દૃષ્ટાંતરૂપે સલોકોની વિગતવાર માહિતી નીચે પ્રમાણે છે :

કવિ દેવચંદ્રના નેમનાથના સલોકોની રચના ૮૨ ગાથામાં થઈ છે. આ રચના સં. ૧૯૦૦ની છે. તેમાં નેમનાથ ભગવાનનો ચરિત્રાત્મક ઉલ્લેખ કેન્દ્ર સ્થાને છે.

સલોકોની રચના મધ્યકાલીન કાવ્ય પરંપરાનુસાર સરસ્વતી, ગુરુ અને દેવની વંદનાથી કરીને વસ્તુ નિર્દેશ કરવામાં આવે છે. ઉદાહરણ જોઇએ તો–

સરસ્વતી માતા હું તુમ પાય લાગું,
દેવગુરુ તાણી આજ્ઞા માંગું,
જિહ્વાગ્રે તું બેસજે આઈ,
વાણી તણું તું કરજે સવાઈ. ।।૧।।

આ સલોકોમાં લગ્નના પ્રસંગનું વૈવિધ્યસભર અને આકર્ષક નિરૂપણ થયું છે તેમાં શૃંગાર રસની સ્થિતિ ભાવવાહી બની રહે છે. વેશભૂષા, આભૂષણો, નેમકુમારને લગ્ન કરવા માટે રાણી સત્યભામાની પ્રલોભનયુક્ત વાણી વગેરે સલોકોની કાવ્યકૃતિના આભૂષણ રૂપ સ્થાન ધરાવે છે.

નેમકુમારને જલક્રીડા દ્વારા પરણવાની ઈચ્છા જાગૃત કરવા માટે લક્ષ્મીજી, સત્યભામા, રૂક્મણી વગેરે રાણીઓ એકત્ર

થઈને લલચાવે છે.

કવિના શબ્દો છે.

ચાલો પટરાણી સહવે સાજે,
ચાલો દેવરિયા ન્હાવાને કાજે,
જળક્રીડા કરતાં બોલ્યા રૂક્ષ્મણી,
દેવરીયા પરણો છબીલી રાણી. ।।૨૦।।

વાંઢા નવ રહીએ દેવર નગીના,
લાવો દેરાણી રંગના ભીના,
નારી વિના તો દુ:ખ છે ઘાટું,
કોણ રાખશે બાર ઉઘાડું. ।।૨૧।।

પરણ્યા વિના તો કેમ જ ચાલે,
કરી લટકો ઘરમાં કોણ માલે
ચૂલો ફુંક થો પાણીને ગળશો,
વેલા મોડા તો ભોજન કરશો. ।।૨૨।।

વાસણ ઉપર તો નહિ આવે તેજ
કોણ પાથરશે તમારી સેજ
પ્રભાતે લુખો ખાખરો ખાશો,
દેવતા લેવા સાંજરે થશો. ।।૨૪।।

મોટાના છોરૂં નાનેથી વરીયા,
મારું કહ્યું તો માનો દેવરીયા,
ત્યારે સતભામા બોલ્યાં ત્યાં વાણ
સાંભળો દેવરીયા ચતુર સુજાણ. ।।૨૬।।

ભાભીનો ભરોશો નાશીને જાશે,
પરણ્યા વિના કોણ પોતાની થાશે,
પહેરી ઓઢીને આંગણે ફરશે,
ઝાઝાં વાનાં તો તમને કરશે. ।।૨૭।।

નેમકુમારને પરણવા માટે પ્રલોભન યુક્ત વચનોની સાથે રાધારાણી તે સંબંધમાં કેટલાક વિચારો દર્શાવે છે તેનું ઉદાહરણ જોઇએ તો–

ત્યારે રાધિકા આઘેરા આવી,
બોલ્યાં વચન તો મોઢું મલકાવી.
શી શી વાતો રે કરો છો સખી,
નારી પરણવી રમત નથી.
કાયર પુરુષનું નથી એ કામ,
વાપરવા જોઈએ ઝાઝેરો દામ. ।।૩૨।।

કવિએ વસ્ત્રાભૂષણની માહિતી આપતાં નીચે પ્રમાણે જણાવ્યું છે.

ઝાંઝર નુપૂર ને ઝીણી જવમાળા,
અણઘટ વીછુઆ ઘાટે રૂપાળા,
પગ પાંને ઝાઝી ઘુંઘરીઓ જોઇએ.
મ્હોટે સાંકળે ઘુઘરા જોઇએ. ।।૩૩।।

સોના ચુડલો ઘુઘરાનો ઘાટ
છલ્લા અંગુઠી અરિસા ઠાઠ,
ઘુઘરી પોંચી ને વાંક સોનેરી,
ચંદન સૂડીની શોભા ભલેરી. ।।૩૪।।

બાંટ ચુંદડીઓ કસબી સોહિએ,
દશરા દિવાળી પહેરવા જોઈએ,
મોઘાં મૂલનાં કમળાં કહેવાય,
એવડું નેમથી પૂરું કેમ થાય. ।।૩૮।।

કવિએ સમકાલીન સમાજની પ્રણાલિકાનુસાર આ માહિતી આપી છે. નેમકુમારનો વૈભવ તો અત્રે જે સૂચી આપી છે તેથી વધુમાં વધુ આપવા માટે શક્તિ સંપન્ન છે.

બત્રીશ હજાર નારી છે જહને
એકનો પાડ ચડશે તેહને
માટે હૃદયથી ફીકર ટાળો,
કાકાજી કેરૂ ઘર અજવાળો. ।।૪૧।।

એવું સાંભળી નેમ ત્યાં હસિયા,
ભાભીના બોલ હૃદયમાં વસિયા,
ત્યાં તો કૃષ્ણને દીધી વધાઈ
નિશ્ચે પરણશો તમારો ભાઈ,

નેમકુમારનું 'સ્મિત' લગ્નની સંમતિ જાણીને ઉગ્રસેન રાજાની રાજકુંવરી રાજિમતી સાથે વિવાહ કરી લગ્નની તૈયારી કરવામાં આવી.

'પીઠી ચોળે ને માનિની ગાય,
ધવળ મંગળ અતિ વરતાયા,
તરીયાં તોરણ બાંધ્યાં છે બહાર,
મળી ગાય છે સોહાગણ નાર. ।।૪૪।।

આ સલોકોમાં પરંપરાગત રીતે મધ્યકાલીન શૈલીને અનુરૂપ નેમકુમારના લગ્નની જાનનું વર્ણન થયું છે. પશુઓના પોકારથી નેમકુમાર રથ પાછો વાળીને ગિરનાર જાય છે તેનું નિરૂપણ કરીને રાજુલના વિલાપનો પ્રસંગ પણ સ્થાન પામ્યો છે; એટલે ભૌતિક વિવાહમાંથી આધ્યાત્મિક વિવાહનું નિરૂપણ કરીને આ સલોકો વસ્તુ અને કળાની દૃષ્ટિએ ઉત્તમ રચના થઈ છે. મહાજનની પ્રેરણાથી સલોકો રચ્યા છે. કવિના શબ્દો છે.

મહાજનના ભાવ થકી મેં દીધા.
વાંચી સલોકો સારો જશ લીધો,
રચના સમય વિષે જોઈએ તો
સંવત ઓગણીસ શ્રાવણ માસ
વદિ પાંચમનો દિવસ ખાસ.'
વાર શુક્ર ને ચોઘડિયું સારું
પ્રસન્ન થયું મનડું મારૂં.

કવિ દેવચંદ રચિત આ સલોકો ઉદાહરણ રૂપે અત્રે નોંધ કરી છે. મધ્યકાલીન પદ્ય રચનાઓ મોટે ભાગે એક યા બીજી રીતે ચરિત્રાત્મક છે. કાવ્ય પ્રકારની દૃષ્ટિએ જુદી હોવા છતાં તેના અંતર્ગત ચરિત્રાત્મક અંશો સ્પષ્ટપણે નિહાળી શકાય છે. ચરિત્રમાં સત્યનો અંશ કેન્દ્ર સ્થાને છે અને જીવન જીવ્યાનો અને નરભવ સફળ કર્યાનું સાક્ષાત્ દૃષ્ટાંત છે. ✱✱✱

૧૦૩–સી, બિલ્ડીંગ,
જીવન જ્યોત એપાર્ટમેન્ટ,
વખારીયા બંદર રોડ,
બીલીમોરા–૩૯૬ ૩૨૧.

# અઢારમો જૈન સાહિત્ય સમારોહ

☐ ડૉ. કલા શાહ

જૈન સાહિત્ય સમારોહ એટલે ડૉ. રમણભાઈ શાહનું સ્વપ્ન. તેઓએ શરૂ કરેલ એક સાહિત્ય અને સાંસ્કૃતિક પરંપરા. જૈન સાહિત્ય સમારોહનું આયોજન કરવા માટે ડૉ. રમણભાઈ શાહ પાસે કેટલાંક ઉદ્દેશો હતા.

પ્રથમ અને સ્પષ્ટ ઉદ્દેશ એ હતો કે જૈન ધર્મ, સાહિત્ય અને તત્ત્વજ્ઞાનના સંશોધનના કાર્યને વેગ મળે. તે ઉપરાંત અભ્યાસીઓને પ્રોત્સાહન આપવાનો ઉદ્દેશ પણ છે જ. વિદેશોમાં જૈન સાહિત્યનો પ્રચાર, પ્રસાર થાય, સંશોધન અને તુલનાત્મક અભ્યાસ વધે, જ્ઞાનની ઉપાસના અને ધર્મ તથા તત્ત્વદર્શનની પ્રવૃત્તિને વેગ મળે તથા જૈન સાહિત્ય સમારોહને આંતર-ભારતીય અને આંતર-રાષ્ટ્રીય સ્તરે મૂકવાનો અભિગમ છે. જૈન જૈનેતર વિદ્વાનો પરસ્પર વિચાર-વિનિમય કરે અને જૈન સાહિત્યને નવા અભિગમો પ્રાપ્ત થાય. લોકોમાં જૈન સાહિત્ય માટે અભિરૂચિ વધે અને પૂર્વસૂરિઓએ રચેલા ગ્રંથોના સ્વાધ્યાય થાય. જૈન સાહિત્ય સમારોહની પ્રવૃત્તિ સ્વયંપણે વિકસિત પ્રવૃત્તિ છે.

ડૉ. રમણભાઈ શાહે શરૂ કરેલી ત્રીસ વર્ષથી ચાલી આવતી આ પરંપરામાં એક વધુ મણકો પરોવાયો.

જૈન સાહિત્ય સમારોહનું આયોજન શ્રી મહાવીર જૈન વિદ્યાલય-મુંબઈ દ્વારા થાય છે. ત્રીસ વર્ષ દરમ્યાન મુંબઈ, કચ્છ, પાલિતાણા, પાટણ, પાલનપુર, સુરત, સોનગઢ, ખંભાત, સમેત શિખરજી વગેરેમાં વિવિધ સ્થળોએ જૈન સાહિત્ય સમારોહ આયોજાયા છે.

આ વર્ષે એટલે કે ઈ. સ. ૨૦૦૬ના સપ્ટેમ્બર મહિનાની તા. ૭, ૮ અને ૯ના રોજ ગુજરાત-સૌરાષ્ટ્રની સાંસ્કૃતિક નગરી ભાવનગર મુકામે આ સમારોહ યોજાયો.

તેની ભૂમિકા આ પ્રમાણે છે : પ. પૂ. ડૉ. રમણભાઈનો સ્વર્ગવાસ થયો અને તેમના શિષ્યો ડૉ. કલાબેન, ડૉ. હંસાબેન, ડૉ. ઉત્પલા મોદી વગેરેએ વિચાર કર્યો કે પરમગુરુ ડૉ. રમણભાઈના સ્મરણાર્થે જૈન સાહિત્ય સમારોહનું આયોજન થતું રહે તો તેમને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ આપી શકાય. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી સમક્ષ વિચાર પ્રગટ કર્યો. મહાવીર જૈન વિદ્યાલયમાં મિટિંગ મળી અને ચક્રો ગતિમાન થયા અને યોજના સાકાર થઈ અને ડૉ. ધનવંતભાઈ શાહને જૈન સાહિત્ય સમારોહનું સુકાન સોંપાયું.

જૈન સાહિત્ય સમારોહના પ્રણેતા પૂજ્ય ડૉ. રમણભાઈ શાહના સ્મરણાર્થે અઢારમો જૈન સાહિત્ય સમારોહ ભાવનગર મુકામે યોજવાનું નક્કી થયું. અને તેના આયોજન અર્થે શ્રીમતી હીરાલક્ષ્મી નવનીતલાલ શાહ પરિવાર (આશાપુરા ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ)નું આતિથ્ય અને સૌજન્ય પ્રાપ્ત થયા.

પત્રવ્યવહાર શરૂ થયા, વિદ્વાનોના નામો આવ્યા, ટિકિટો બુક થઈ ગઈ અને તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૨૦૦૬ના રોજ અનંત ચૌદશના તહેવારના દિવસે મુંબઈના વિદ્વાનો ટ્રાફિકની ચિંતા કરતાં કરતાં સમય કરતાં વહેલાં બાન્દ્રા સ્ટેશને પહોંચ્યાં અને સફર શરૂ થઈ. ટ્રેઈને મુંબઈની સરહદ છોડી ન છોડી ત્યાં તો મેઘરાજાની મહેરબાની વરસવા લાગી. મુશળધાર હેલી વચ્ચે ટ્રેઈન વહેલી સવારે ૬-૧૫ વાગે અમદાવાદ સ્ટેશન પહોંચી અને નક્કી કર્યા મુજબ પ્રીતિબેન પાસેથી ગરમાગરમ ફાફડા-જલેબી લીધા અને સવારે સાડા સાત વાગે નવકારશી થયા બાદ બધાં વિદ્વાનો-મિત્રો એકબીજાના સાન્નિધ્યમાં ચા અને ફાફડા-જલેબીની લિજ્જત માણતાં માણતાં અને અંતાક્ષરીનો આનંદ અનુભવતા બપોરે સાડા બાર વાગે ભાવનગર પહોંચ્યા.

૭મી સપ્ટેમ્બરે વિદ્વાનોના આતિથ્ય સત્કાર માટે આવેલા યજમાનો બધાંને ગાડીઓમાં બેસાડી ઉતારે લાવ્યા. નક્કી કર્યા મુજબ બધાં થોડી વારમાં તૈયાર થઈ બપોરનું સ્વાદિષ્ટ ભોજન કરી થોડોક આરામ કર્યા બાદ ભાવનગરના (વાતાનુકૂલિત) મહાવીર ઑડિટોરિયમમાં પહોંચ્યા. અને અઢારમા જૈન સાહિત્ય સમારોહની પ્રથમ બેઠક જે પ. પૂ. ડૉ. રમણભાઈને સમર્પિત હતી તેનો પ્રારંભ થયો.

સંગીતના મધુર સૂરો ગૂંજ્યા. અતિથિ વિદ્વાનોએ બેઠકો ગ્રહણ કરી. વિદ્વાનો અને યજમાનોએ સ્ટેજ પર આસન ગ્રહણ કર્યા. સમારોહના ઉદ્ઘાટન સમારંભની પ્રથમ બેઠકમાં યજમાન શ્રી નવનીતલાલ શાહે સૌનું સ્વાગત કર્યું. નરેન્દ્રભાઈએ સર્વ અતિથિઓને પુષ્પગુચ્છ અર્પણ કર્યાં. શ્રી મહાવીર જૈન વિદ્યાલય વતી શ્રી હિમંતભાઈ ગાંધીએ સૌનું સ્વાગત કર્યું.

ઉદ્ઘાટન બેઠકના અધ્યક્ષ ડૉ. બળવંત જાની તથા અન્ય વિદ્વાનોએ મંગળદીપ પ્રકટાવ્યો. અને સમગ્ર સાહિત્ય સમારોહના સંચાલક ડૉ. ધનવંતભાઈ શાહે સંચારદોર પોતાના હાથમાં લીધો. અધ્યક્ષશ્રી તથા અન્ય વક્તાઓમાં ડૉ. બળવંત જાની, ડૉ. કુમારપાળ દેસાઈ, પૂ. તારાબેન, ડૉ. કલાબેન શાહ તથા ડૉ. હંસાબેનનો પરિચય કરાવ્યો.

સમારંભના અતિથિવિશેષ તરીકે પધારેલ ભાવનગરના કલેક્ટર સાહેબે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે વર્તમાન સમયમાં યુવાનો વાંચતા થાય અને સંસ્કારો પ્રાપ્ત કરે એ બહુ જરૂરી છે. સાહિત્ય આજના પરિપ્રેક્ષ્યમાં રચાવું જોઈએ. જૈન સાહિત્ય પ્રજાના હૃદય સુધી પહોંચે એવી રચનાઓ થવી જોઈએ. શુભેચ્છાઓ વ્યક્ત કરી સમારોહના આયોજકો અને સ્પોન્સર શ્રી નવનીતભાઈને અભિનંદન

આપ્યા હતા.

માનનીય શ્રી નવનીતભાઈ શાહે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે ભાવનગરવાસીઓ માટે આ જૈન સાહિત્ય સમારોહ એક ઉત્સવ છે. તેમણે ભાવનગરનો સંક્ષિપ્ત ઇતિહાસ આપી કેળવણીના ક્ષેત્રે ભાવનગરની વિશિષ્ટ વ્યક્તિઓનો પરિચય આપ્યો હતો. તે ઉપરાંત તેમણે જણાવ્યું કે વર્તમાન યુગમાં ચોતરફ હિંસાનું સામ્રાજ્ય ફેલાયું છે ત્યારે જૈન સાહિત્યકારોની જવાબદારી વધી છે અને જૈન સાહિત્ય અને ધર્મના વિદ્વાનોને જૈન તત્ત્વદર્શનનો પ્રચાર-પ્રસાર કરવાનો અનુરોધ કર્યો હતો.

ડૉ. ધનવંતભાઈ શાહે પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં જણાવ્યું કે આ સમારોહ આચાર્ય ભગવંત પ. પૂ. પ્રદ્યુમ્નસૂરિશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં યોજાઈ રહ્યો છે તે આપણું સૌનું સદ્‌ભાગ્ય છે. પાલિતાણા મુકામે પ. પૂ. સાહિત્ય કલારત્ન આચાર્ય વિજય યશોદેવસૂરિશ્વરજી મહારાજની નિશ્રામાં પાંચમો જૈન સાહિત્ય સમારોહ યોજાયો હતો તે વાતનું સ્મરણ કરી. પ. પૂ. વિજય યશોદેવસૂરિશ્વરજી મહારાજ કાળધર્મ પામ્યા તેમને શ્રદ્ધાંજલિ આપી હતી અને સૌએ બે મિનિટ મૌન પાળ્યું હતું.

ત્યાર બાદ ડૉ. ધનવંત શાહે આ જૈન સાહિત્ય સમારોહની ભૂમિકા સમજાવતાં કહ્યું હતું કે આ સમારોહની વિશિષ્ટતા એ છે કે દરેક જગ્યાએથી આમંત્રણ મળી જ જાય છે. કચ્છ અને ભાવનગર બે સ્થળોનું આમંત્રણ હતું. પરંતુ પોતે ભાવનગરના વતની હોવાથી આ સંસ્કારનગરીમાં યોજાય એ સદ્‌ભાગ્ય ગણાય. નવનીતભાઈ તથા શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો સહકાર તથા આયોજનની તૈયારી પ્રાપ્ત થતા સાથે સાથે મનુભાઈ શેઠનું મનોબળ પ્રાપ્ત થયું તેથી આ સમારોહ ભાવનગરમાં આયોજી શક્યા. સ્વ. મનુભાઈ શેઠના આત્માને શ્રદ્ધાંજલિ આપી હતી. પૂ. તારાબેન, ડૉ. જીતુભાઈ, ડૉ. કુમારપાળભાઈ તથા ડૉ. બળવંતભાઈ જાનીને આવકાર આપ્યો હતો અને ડૉ. બળવંત જાનીને સમારંભની બેઠકનું પ્રમુખપદ સ્વીકારવા વિનંતી કરી હતી. ડૉ. બળવંતભાઈ જાનીનો પરિચય કરાવતાં તેમણે તેમની સાથેની મૈત્રીનો પરિચય કરાવ્યો. ઉત્તર ગુજરાત (પાટણ) યુનિવર્સિટીને કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય નામ અપાવવા માટે ઉપકુલપતિ તરીકે ડૉ. બળવંત જાનીએ અથાગ મહેનત કરી હતી તે વાતનું સ્મરણ કર્યું હતું.

ઈ. સ. ૧૯૭૭ પહેલાં જૈન સાહિત્યનો એક વિભાગ ગુજરાતી સાહિત્ય પરિષદમાં રહેતો હતો તે બંધ થયો તેથી ડૉ. રમણભાઈએ જૈન સાહિત્ય સમારોહ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના નેજા હેઠળ યોજવાનું નક્કી કર્યું. ડૉ. રમણભાઈએ ચાલુ કરેલ જૈન સાહિત્ય સમારોહની ફલશ્રુતિ એ છે કે અનેક વિદ્વાનો તૈયાર થયા. જૈન સાહિત્યનો વધુ ને વધુ અભ્યાસ થવા લાગ્યો અને શિક્ષિત વર્ગમાં જૈન સાહિત્ય પ્રત્યેની અભિરૂચિ વધવા લાગી.

જૈન સાહિત્ય સમારોહની આ બેઠકના ચાર વક્તાઓ હતા-૧. પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ-'સ્વજન અને સાહિત્યકાર રમણભાઈ', ૨. ડૉ. કલાબેન શાહ-'ગુરુજન રમણભાઈ', ૩. ડૉ. હંસાબેન શાહ-'ગુરુજન રમણભાઈ', ૪. પૂ. તારાબેન શાહ-'પતિ રમણભાઈ'.

આ બેઠક ડૉ. રમણભાઈ શાહને શ્રદ્ધાંજલિ આપવા માટેની બેઠક હતી.

સૌ પ્રથમ ડૉ. કુમારપાળ દેસાઈએ ડૉ. રમણભાઈને શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું હતું કે રમણભાઈ હંમેશાં પ્રણામ કરવા યોગ્ય હતા. રમણભાઈનું સ્મરણ સ્મૃતિદાયક છે.

ડૉ. કુમારપાળભાઈએ આ પ્રસંગે મોતીચંદ ગીરધરલાલ તથા અન્ય ભાવનગર નિવાસીઓએ જેણે મહાવીર જૈન વિદ્યાલયની સેવા કરી છે તેમને યાદ કર્યા હતાં. સ્વ.મનુભાઈ શેઠને હનુમાન સાથે સરખાવ્યા હતા.

તેમણે કહ્યું કે રમણભાઈની સાહિત્યિક પ્રતિભાને સૌપ્રથમ યશોદેવ ગ્રંથમાળાએ પારખી હતી. ઈ. સ. ૧૯૮૪માં 'ધર્મસૂરિચંદ્ર સુવર્ણચંદ્રક' આપ્યો હતો તેનું સ્મરણ કર્યું હતું. રમણભાઈની વિશેષતા બતાવતાં કહ્યું કે રમણભાઈએ 'અમારા જેવા વિદ્વાનોનો ઉછેર કર્યો છે. રમણભાઈએ દરેક ક્ષેત્રે પોતાની શ્રાવક તરીકે એક છાપ ઊભી કરી હતી. જીવનની પારાવાર મુશ્કેલીઓ, કૉલેજ અને કૌટુંબિક જીવનની જવાબદારીઓ વચ્ચે તેમણે રાત-રાતના જાગીને પી.એચ.ડી.નું કાર્ય કર્યું હતું. તેઓ સામાયિક કરે, પૂજા કરે, દેરાસર જાય, આમ શ્રાવકપણું એમના જીવનમાં સાદ્યંત જોવા મળે છે.'

રમણભાઈની પ્રવાસકથાઓ વિશે જણાવતાં કુમારપાળભાઈએ કહ્યું કે રમણભાઈ પહેલાં બધી ભૌગોલિક માહિતી મેળવે, નોંધ કરે અને ત્યારબાદ પ્રસંગોનું હૃદયસ્પર્શી આલેખન કરે. જ્યારે અન્ય લોકો પરદેશની પ્રશંસા કરે અને આપણાં દેશની ખામીઓ બતાવે ત્યારે રમણભાઈ આપણાં દેશ વિશે કહેતાં 'જેમ ત્યાં સારું છે તેમ અહીં પણ ઘણું બધું સારું છે.-વાત્સલ્ય, પરગજુપણું, સહિષ્ણુતા વગેરે ગુણો બીજે જોવા મળતા નથી.' કુમારપાળભાઈએ વિશેષમાં કહ્યું કે 'રમણભાઈના પ્રવાસગ્રંથોને ગુજરાતી સાહિત્યમાં સ્થાન મળવું જોઈએ.'

ભારતીય દર્શનોમાં રમણભાઈનું 'જિનતત્ત્વ' અજોડ પુસ્તક છે. આ પુસ્તકમાં તેમણે સ્વચ્છ દર્શન રજૂ કર્યું છે. રમણભાઈના સાહિત્યનું ઊંડું અવગાહન થવું જોઈએ.'

રમણભાઈની સમતાની દૃષ્ટિ સરસ હતી. રમણભાઈ સહજ મળે તેને જ સ્વીકારતા, તેઓ ક્યારેય કોઈપણ વસ્તુની પાછળ દોડતા નહિ. તેમણે ૧૯૭૪માં આફ્રિકામાં જઈને જૈન ધર્મની વાતો ત્યાંના લોકોને સમજાવી. ત્યારે તેઓ અતિ પ્રસન્ન થયા. લંડનમાં પણ દલીલો કરનારને તેઓ શાંતિથી સમજાવતા.

(વધુ હવે પછી)

# જૈન પારિભાષિક શબ્દકોશ

ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(ગતાંકથી આગળ)

| | | | |
|---|---|---|---|
| ૩૨૧ અચૌર્યવ્રત | માલિકની પરવાનગી વગર કશું લેવું, પરાયી વસ્તુ માલિકની સંમતિ વગર ન લેવાનું વ્રત. | मालिक की परवानगी के बिना कुछ भी ग्रहण न करने का व्रत, पराई वस्तु मालिक की संमत्ति के बिना न लेने का व्रत. | The vow of non-theft. |
| ૩૨૨ અનશન | મર્યાદિત સમય માટે અથવા જીવનના અંત સુધી સર્વે પ્રકારના આહારનો ત્યાગ કરવો તે અનશન. તેમાં પહેલું ઇત્વરિક અને બીજું યાવત્કથિક કહેવાય છે. | मर्यादित समय के लिए अथवा जीवन के अंत तक सभी प्रकार के आहार का त्याग करना, पहले प्रकार को इत्वरिक एवं दूसरे प्रकार को यावत्कथिक कहा जाता है. | a complete giving up of food |
| ૩૨૩ અનાચાર | શાસ્ત્રમાં વર્ણિત તમામ પ્રકારના અતિચાર–દોષો ઇરાદાપૂર્વક અને વક્રતાથી સેવવામાં આવે તો તે વ્રતના ખંડનરૂપ હોઈ અનાચાર છે. | शास्त्र में वर्णित सभी प्रकार के अतिचार–दोषों का इरादापूर्वक एवं वक्रता से सेवन किया जाय तो वे व्रत के खंडन स्वरूप होने के कारण उसे अनाचार कहा जाता है. | misconduct |
| ૩૨૪ અનાદર | આદરરહિત, સામાયિક વ્રતનો અતિચાર–સામાયિકમાં ઉત્સાહ | आदररहित. सामायिक व्रत का अतिचार दोष–सामायिक में | feeling of disregard |

## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક વિનંતિ

સુજ્ઞશ્રી,

સાદર પ્રણામ,

આપશ્રી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રન/આજીવન સભ્ય અથવા સભ્ય કે શુભેચ્છક છો. આપને 'પ્રબુદ્ધ જીવન' નિયમતિ મળતું હશે. આપના સહકાર માટે અમે આપના આભારી છીએ.

'પ્રબુદ્ધ જીવન'ના ફેબ્રુઆરી ૨૦૦૬ના અંકમાં આ સામયિકના ઉજ્જવળ ઈતિહાસની ઝલક દર્શાવી હતી અને આ સામયિકને આર્થિક રીતે સક્ષમ કરવા ગ્રાહક યોજના પ્રસ્તુત કરી હતી, જે આ અંકમાં પણ પ્રગટ કરી છે.

ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન નીધિ'ના શીર્ષક નીચે કાયમી ફંડ માટે સમાજ સમક્ષ વિનંતિ પણ કરી છે.

આ જ્ઞાનયજ્ઞમાં અમે જણાવેલ કોઈ પણ યોજનામાં આપ સહભાગી થાવ એવી અમારી વિનંતિ છે.

**આ માટે, આપ પાછળ છાપેલું ફોર્મ ભરી, પાના નંબર ૨ પર દર્શાવેલી જે આપને યોજના અનુકૂળ લાગે એનો ઉલ્લેખ કરી આ ફોર્મ અમને પરત કરવા વિનંતિ.**

આપનો ચેક/ડ્રાફ્ટ `SHREE MUMBAI JAIN YUVAK SANGH' ના નામે મોકલવા વિનંતિ.

આજીવન ગ્રાહક લવાજમ ભરનાર તેમજ 'પ્રબુદ્ધ જીવન નીધિ કાયમી ફંડ'માં ફાળો આપનારને આવકવેરાની કલમ 80-G અન્વયે કરમુક્ત છે, તે અંગેનું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

આપની શુભેચ્છા અમારી સાથે સર્વદા રહેશે જ. જે આ જ્ઞાનયાત્રા માટે અમને પ્રેરક બની રહેશે. ધન્યવાદ, આભાર.

□ મેનેજર

| | | | |
|---|---|---|---|
| | ન રાખવો, અર્થાત્ વખત થયા છતાં પ્રવૃત્ત ન થવું અથવા જેમ તેમ પ્રવૃત્તિ કરવી. | उत्साह का अभाव, सामायिक का समय होने पर भी प्रवृत्त न होना या अविधि से प्रवृत्ति करना. | |
| ૩૨૫ અનાદિ | જેના કાળની પૂર્વકોટિ–શરૂઆત જાણી ન શકાય તે અનાદિ. | जिसके काल की पूर्वकोटि–प्रारंभ अज्ञात हो वह अनादि. | That without a beginning compassion |
| ૩૨૬ અનુકંપા | દુ:ખી પ્રાણીઓનું દુ:ખ દૂર કરવાની ઈચ્છા, દયા, કરુણા. | दु:खी प्राणीओं के दु:ख दूर करने की इच्छा, दया, करुणा. | The vow of non-theftcompassion |
| ૩૨૭ અનૃત | અસત્ય, અસત્ કહેવું તે, અસત્ ચિંતવવું, અસત્ બોલવું, અસત્ આચરવું આદિ. | असत्य, असत् बोलना, असत् चिंतन, असत् कथन, असत् आचरण. | to speak what is false or improper |
| ૩૨૮ અન્નપાન નિરોધ | અહિંસા વ્રતનો અતિચાર, કોઈના ખાનપાનમાં અટકાયત કરવી તે. | अहिंसा व्रत का अतिचार दोष, किसी के खान–पान में (भोजनादि में) रुकावट डालना. | denying food and drink |
| ૩૨૯ અપ્રવિચાર | વૈષયિક સુખભોગથી રહિત, કામલાલસા રહિત. | वैषयिक सुखभोग से रहित कामलालसा से रहित. | one immune from sexual enjoyment |
| ૩૩૦ અપ્રાપ્યકારી | ગ્રાહ્ય વિષયો સાથે સંયુક્ત થયા વગર જ તેનું ગ્રહણ થાય તે. જૈન દર્શનમાં નેત્ર અને મન અપ્રાપ્યકારી મનાયા છે. દૂરદૂર રહેલાં વૃક્ષ, પર્વત આદિને નેત્ર ગ્રહણ કરે છે. તેમ જ મન સદૂ–વર્તી વસ્તુનું પણ ચિંતન કરે છે. | ग्राह्य विषयों के साथ संयुक्त हुए बिना ही जिसका ग्रहण होता हो, जैनदर्शन में नेत्र एवं मन अप्राप्य-कारी माने गए हैं. दूरदूर रहे हुए वृक्ष, पर्वत आदि को नेत्र–चक्षु ग्रहण करते हैं. और मन सुदूरवर्ती पदार्थों का चिंतन करता है. | active-without coming in contact |

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(ક્રમશ:)

પ્રતિશ્રી,

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

૩૩, મહમ્મદી મિનાર, ૧૪ મી ખેતવાડી,

એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ–૪૦૦૦૦૪.

ફોન : ૦૨૨–૨૩૮૨૦૨૯૬.

આપનો વિનંતિ પત્ર મળ્યો.

અમોને આપના 'પ્રબુદ્ધ જીવન'ના વાર્ષિક/ત્રિવાર્ષિક/પંચવર્ષીય/આજીવન ગ્રાહક/કન્યા કરિયાવર ગ્રાહક થવાની ઈચ્છા છે.

'પ્રબુદ્ધ જીવન નીધિ' કાયમી ફંડમાં અનુદાન આપવાની અમારી ભાવના છે.

આ સાથે ચેક/ડ્રાફ્ટ રૂા. .................................ચેક/ડ્રાફ્ટ નંબર ..................................................તારીખ ........................

બેંક ..........................................................શાખા ..........................................ગામ .......................................નો સ્વીકારી

નીચેના સરનામે રસીદ મોકલવા વિનંતિ. ધન્યવાદ.

નામ અને સરનામું : ..........................................................................................

..........................................................................................

લિ...................................

# આત્મસિદ્ધિ શાસ્ત્ર

(આજથી ૧૧૦ વર્ષ પહેલાં વિક્રમ સંવત ૧૯૫૨ના આસો વદ એકમની અપૂર્વ એવી શુભ પળોમાં માત્ર દોઢ બે કલાકની અવધિમાં જ પરમવંદનીય પ. પૂ. શ્રીમદ્ રાજચંદ્રના સ્વાત્માનુભવ અને શાસ્ત્રોના ચયન થકી સર્વ ધર્મ માન્ય અને સર્વોપકારક તેમ જ સમગ્ર જીવોના ઉદ્ધાર અર્થે પ. પૂ. પંડિત સુખલાલજીએ જેને 'આત્મોપનિષદ્' કહ્યું છે એવું અને ચૌદ પૂર્વોના સાર જેવું, જેના શ્રવણ માત્રથી પૂણ્યબંધ પ્રાપ્ત થાય, એવું ૧૪૨ ગાથાનું આ 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'નું ગંગા સમ પાવન ઝરણું એ મહામાનવના આત્મામાંથી પ્રગટ્યું.

જેમાં શબ્દાંડબર કે વાગ્વિલાસ નથી પણ સરળ સૂત્રાત્મ શૈલીથી જે ઓપે છે, જિજ્ઞાસુને સત્ય અને સમાધાન પાસે લઈ જતું એવું આ 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' ગુજરાતી ભાષાનો હિમાલય છે, અમર કૃતિ છે. ગીર્વાણ ગિરા ગુજરાતી ભાષા આ ૧૪૨ ગાથાના દીર્ઘ કાવ્યથી પરમ ધન્ય બની છે.

આ અપૂર્વ કૃતિ વિશે સાધક ડૉ. રાકેશભાઈ ઝવેરી તેમ જ અન્ય સાધક મહામાનવોએ ઊંડું અને સૂક્ષ્મ ચિંતન કર્યું છે. એટલે એ વિશે અહીં લખવાનો અભિગમ્ નથી કે નથી અધિકાર.

ગુજરાતી ભાષાની આ અમર કૃતિને અન્ય છ ભાષામાં, સંસ્કૃત, હિન્દી, મરાઠી, બંગાળી, કન્નડ અને અંગ્રેજીમાં અધિકારી વિદ્વદ્જન પાસે અવતરણ કરાવવી અને ઊંડા અધ્યયન સાથે એનું પુસ્તક રૂપે પ્રગટ કરવું એ એક ભગીરથ કાર્ય છે. આવો અનુપમ પુરુષાર્થ વિદ્વાન સાધક પ્રા. પ્રતાપભાઈ ટોલિયા અને એમના ધર્મપત્ની સુમિત્રાબેન ટોલિયાએ કર્યો અને પરિણામે સન ૨૦૦૧ માં વર્ધમાન ભારતી ઈન્ટર નેશનલ ફાઉન્ડેશન-બેંગલોર દ્વારા પ્રકાશિત ૨૦૦ પાનાંનો ધ્યાનાર્ષક 'સપ્તભાષી આત્મસિદ્ધિ' ગ્રંથ જૈન સમાજને પ્રાપ્ત થયો. ગુજરાતી ભાષા અને જૈનશાસનની આ દંપતીની આ અજોડ સેવા છે! અભિનંદન!

વર્તમાન સમયમાં આપણા સંતાનોની શિક્ષણ ભાષા બહુધા અંગ્રેજી છે. ગુજરાતી ભાષા ભુંસાશે તો નહિ જ, પણ ભૂલાતી તો જાય છે. આ વાસ્તવિકતા છે! એટલે આ પેઢીમાં જૈન ધર્મના સંસ્કારો અને ચિંતનને જીવંત અને ધબકતા રાખવા હશે તો આપણા સાહિત્યને વહેલી તકે અંગ્રેજી ભાષામાં ઢાળવું પડશે જ.

આ વિચારને કેન્દ્રમાં રાખી 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની અનુક્રમે કેટલીક ગાથાઓ દર મહિને એ 'સપ્તભાષી આત્મસિદ્ધિ'માંથી સંપાદકોના ઋણ સ્વીકાર સાથે 'પ્રબુદ્ધ જીવન'ના જિજ્ઞાસુ વાચકો સમક્ષ પ્રસ્તુત કરવાનો અભિગમ સેવ્યો છે.

આપ ગુજરાતી ભાષામાં આ ગાથા વાંચો, ચિંતન કરો અને નવી પેઢીને અંગ્રેજીમાં સમજાવો એ સભ્યર્થના.

અહીં મૂળ ગુજરાતી ગાથા સાથે સંસ્કૃત, હિન્દી અને અંગ્રેજી અનુવાદો આપ્યાં છે, જેનું સમશ્લોકી ભાષાંતર પૂ. વિદ્વાન સાધક મહાનુભાવો અનુક્રમે પંડિત બેચરદાસ દોશી, યો. યુ. શ્રી સહજાનંદઘનજી અને બ્ર. ગોવર્ધનદાસજીએ કર્યું છે. એ સર્વને નમન... ધ.)

(૧)

**જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો, દુ:ખ અનંત,**
**સમજાવ્યું તે પદ નમું-શ્રી સદ્ગુરૂ ભગવંત. ૧**

संस्कृत यत्स्वरुपमविज्ञाय प्राप्तं दु:खमनन्तकम् ।
तत्पदं ज्ञापितं येन तस्मै सद्गुरवे नमः ।।1।।

हिन्दी मंगलः
जो स्वरुप समझे बिना, पायो दुःख अनंत ।
समझायो तत्पद नमूं, श्री सद्गुरु भगवंत ।।1।।

अंग्रेजी As real self I never knew,
So suffered I eternal pain;
I bow to Him my master true,
Who preached and broke eternal chain. 1

(૨)

**વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ,**
**વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય. ૨.**

संस्कृत वर्तमाने कलौ प्रायो मोक्षमार्गस्य लुप्तता ।
सोऽत्रातो भाष्यते स्पष्टमात्मार्थीनां विचारणे ।।2।।

हिन्दी पीठिका :
इस काले इस क्षेत्र में, लुप्तप्राय शिव-राह ।
समझ हेतु आत्मार्थी को, कहूँ अगोप्य प्रवाह ।।2।।

अंग्रेजी In this degrading Age, who knows-
Salvation-way, mostly unknown;
For seekers true, this Gospel shows,
Unhidden as their fingers own. 2

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 ● Regd. No. MH / MR / SOUTH-146 / 2006-08



## પંથે પંથે પાથેય...

### માણસાઈ ભીંજવી રહી છે!

૧૯૬૫ની સાલ. મારી સૌથી નાની બહેન ચિ. નિર્મળાના લગ્ન નક્કી કર્યાં તથા સાથે સાથે મારા પુત્ર ચિ. રાજેશના યજ્ઞોપવિત સંસ્કારનું આયોજન પણ કર્યું.

મારા માતા પિતા હયાત હતાં. પિતા છેલ્લા ઓગણીસ વરસથી પથારીવશ હતા. એમણે ૪૨ વરસની ઉંમરે પગની અપંગતા અનુભવવાની શરૂ કરી. ઘરમાં હું એકનો એક પુત્ર. બે બહેનો તો પરણાવી દીધી હતી. ઘરનો વ્યવહાર મારે સંભાળવો પડતો હતો. શિક્ષક તરીકેની નોકરી કરતો એટલે દેશમાં માતા પિતાને દર મહિને રૂા. ૪૦૦ જેટલી રકમ મોકલાવવી પડતી. એટલે મારે ટ્યુશનનો સહારો લેવો પડતો હતો. સારા સારા કુટુંબોમાં ખાનગી ટ્યુશન દ્વારા મારી આવકને અને આવેલા ખર્ચને પહોંચી વળતો.

પણ જ્યારે જ્યારે ઘરમાં કોઈ પણ સારો માઠો પ્રસંગ આવે ત્યારે ખર્ચની માત્રા વધી પડતી. એ માટે ઊછીના રૂપિયા લઈને અવસરોને આટોપવા પડતા. આમ મુંબઈનો ખર્ચ અને મારા લાઠીનો (કવિ કલાપીનું ગામ) ખર્ચ પણ નીકળતો. દેવું નહોતું. મારા ચાર સંતાનોમાં ત્રણના અભ્યાસનો ખર્ચ પણ મારા ઉપર હતો. છતાંય ઘરમાં ક્યાંય અમને કોઈને આર્થિક ઊણપ નડી નહોતી. હા, અવસર આવે ત્યારે ખર્ચને પહોંચી વળવા માનસિક પરિતાપ વધી પડતો.

મારા પિતાજી હરિલાલભાઈ જીવનભર દવા બજારમાં નોકરી કરી ક્ષય રોગમાં ભેળાઈ ગયા હતા. છતાંય એમણે કદીય કોઈની સામે હાથ લાંબો કર્યો ન હતો. અમને બચપણમાં એટલે ભાઈ-બહેનોને ઊછેરવામાં કચાશ રાખી ન હતી. એમની એ ભાવનાને મેં પણ મારા આચરણમાં ગૂંથી લીધી હતી. હાથ લાંબો કરવો-ઊછીના રૂપિયા લેવા અને સામેની વ્યક્તિને ન અપાય ત્યારે જે નીચાજોણું થાય એથી તો મોત સારું કહેવાય' પણ મારા જીવનમાં એવી પળ ક્યારેય આવી ન હતી.

બહેન નિર્મળાના (આજ સ્વર્ગસ્થ છે) લગ્ન લેવાઈ ગયા. ટ્યુશન કરતો તે વાલીઓને વાત કરી અને એમાંના કેટલાકે હર્ષભેર આખા વરસની રકમ આપી પણ ખરી. પણ એક વ્યક્તિએ ખરેખર મને જીવનમાં નવી દૃષ્ટિના દર્શન કરાવ્યા. મારા અંતરના આંગણે એ સ્મરણ આજ પણ અકબંધ છે. એ સ્મરણે મારા અંતરના અરીસાને સદાય સ્વચ્છ રાખ્યો છે!

સ્વ. સુંદરજીભાઈ કારિયા-લોહાણા-સારા વેપારી. એમની પુત્રી શકુંતલાને તથા એમના પુત્ર સુરેન્દ્રને હું ઘેર ભણાવતો. સુંદરજીભાઈના પુત્રોનો મારી પ્રત્યેનો અનન્ય ભાવ. મારે બહેનોના લગ્ન માટે રૂપિયા માગવાની વાત કેમ કરવી? મનમાં મંથન, હૈયે ઉચાટ! દ્વિધા પાર વગરની. માનો કે માગણી કરીએ ને ના પાડે તો?

લગ્નની તિથિ-તારીખ નજીક આવી રહી હતી. છેવટે મેં નિશ્ચય કર્યો અને એક દિવસ શ્રી સુંદરજીભાઈને હૈયું ખોલીને મારી વાત કરી અને મેં રૂપિયા ૧૦૦૦/- ની માગણી કરી. એ સમયના હજાર રૂપિયા આજે લાખની પાણ ગણાય. મેં હળવેકથી ટ્યુશન પૂરું કર્યા પછી એમની સાથે ડરતા ડરતા વાત કરી.

'મુરબ્બી, મેં મારી બહેનના લગ્ન નક્કી કર્યા છે અને એકાદ મહિનામાં થઈ જશે. સાથે સાથે મારા મોટા પુત્રની જનોઈ પણ રાખી છે. આપ મને રૂા. ૧૦૦૦/- આપશો અને મારા ટ્યુશનના પગારમાંથી કાપી લેજો.'

'સારું નિયાણી-દીકરીના લગન લીધા છે. તમારે રૂા. ૧૦૦૦/- જોઈએ છે. સાહેબ, સાચું કહું તમને બહુ સમજણ નથી.'

મેં પૂછી નાખ્યું: 'શાની સમજણ કહો છો મુરબ્બી?'

એમણે પૂછ્યું : 'દીકરી કે બહેનના લગ્ન હજાર રૂપિયામાં થાય ખરાં?'

'સાદાઈથી કરવાના છે.' મેં નમ્રતાથી ઉત્તર આપ્યો.

'સાહેબ, ગમે તેટલી સાદાઈ રાખો તો પણ, દીકરીના લગ્નમાં રૂપિયા હજાર તો ચટણી ગણાય.'

મને મનમાં થયું કે મેં એમની પાસે રૂપિયા માગી મોટી ભૂલ કરી છે. પણ હવે થાય શું? છતાંય મેં સમજાવ્યું: 'મુરબ્બી, મારે તો રૂપિયા ૧૦૦૦/- લાખ રૂપિયાની ગરજ સારશે.'

'ભલા ભાઈ હજી પણ તમે અંધારામાં ગોથાં ખાઓ છો. રૂપિયા ૧૦૦૦/-થી કંઈ નહિ વળે.' એમણે જરા ભારે અવાજમાં કહ્યું.

મેં કહ્યું: 'મુરબ્બી બીજેથી પણ થોડી વ્યવસ્થા કરી લઈશ.' એમ કહી હું ઊભો થયો અને એમણે માનપૂર્વક મારો હાથ પકડી પાછો બેસાડ્યો.

હું બેઠો. એમણે મને સમજાવ્યું: 'સાહેબ રૂપિયા તો મારે તમને આપવાના છે. એટલે એ માટે ચિંતા કરશો નહિ. મારી દૃષ્ટિએ આટલા રૂપિયા ઓછા પડશે.' તેઓ ઊભા થયા. મને રૂપિયા ૧૫૦૦/- આપ્યા અને પછી તેઓ હળવેથી બોલ્યા:

'જુઓ, હું ક્યાંય લગ્નમાં જતો નથી. તમારે ત્યાં હાજરી નહિ આપું. આ રૂપિયા ૧૫૦૦/- રાખો. અને જરૂર પડે તો મારા મોટા દીકરા હરિલાલને કે મને જણાવજો. લગ્નને દિવસે લગ્ન સ્થળે હું વધારે રૂપિયા મારી સાથે રાખીશ અને તમને મળીશ. કોઈ પણ જાતની ચિંતા ન કરશો. લગ્નમાં કે જનોઈના અવસરમાં કચાશ રાખશો નહિ. હું બેઠો છું. વળી મને રૂપિયા પાછા આપવાની બાબતને મનમાં ધરશો નહિ. પ્રસંગ સારી રીતે પાર પાડજો. અને જ્યાં જ્યાં મારી જરૂર હોય ત્યાં હું તમારી પડખે ઊભો રહીશ.' અને શ્રી સુંદરજીભાઈએ મારે ખભે હાથ મૂકીને મને અનોખું પીઠબળ પૂરું પાડ્યું.

અને એ રૂપિયા ૧૫૦૦/- એ અમારા અવસરને અવનવી રીતે મંગળ બનાવી દીધો.

માણસાઈના મંદિર ચણાતા નથી. માણસાઈ તો મનની-આતમની-હૈયાની ગરવાઈ છે! શ્રી સુંદરજીભાઈની માણસાઈ આજ પણ અમને નેહથી ભીંજવી રહી છે!

□ **મનસુખલાલ ઉપાધ્યાય**
૧૩-એ, આશીર્વાદ, પ્લોટ નં. ૩૫૩-બી-૧૪,
વલ્લભબાગ રોડ, (એક્સ્ટેન્શન),
સાઈબાબા મંદિરની સામેની ગલી,
ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૭૭.
ફોન નં. : (ઘર) ૨૫૦૬૯૧૨૫

* * *

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

*** શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ***

# પ્રબુદ્ધ જીવન

છૂટક નકલ રૂા. ૧૦/- તા. ૧૬ ડિસેમ્બર, ૨૦૦૬ વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-

## જિન-વચન

### નિર્ગ્રન્થ મુનિઓ

सव्वे जीवा वि इच्छंति जीविउं न मरिज्जिउं ।
तम्हा पाणिवहं घोरं निग्गंथा वज्जयंति णं ।।

–दसवैकालिक–९-१०

સર્વ જીવો જીવવા ઇચ્છે છે. કોઈ જીવને મરવું ગમતું નથી. એટલા માટે નિર્ગ્રન્થ મુનિઓ ભયંકર પ્રાણીવધનો પરિત્યાગ કરે છે.

सभी जीव जीना चाहते हैं, मरना नहीं । इस लिए निर्ग्रन्थ मुनि घोर प्राणीवध का परित्याग करते हैं ।

All living beings desire to live. Nobody likes to die. Therefore self-restraining persons refrain from the great sin of killing living beings.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી).

# આચમન

## પ્રેરણા

*સારાં સારાં પુસ્તકો વસાવતો રહેજે,*

*દરેક બાબતમાં ઉત્તમતાનો આગ્રહ રાખજે, તેની કિંમત ચૂકવવા તૈયાર રહેજે.*

*તંદુરસ્તી એને મેળે જળવાઈ રહેવાની છે એમ ન માનતો.*

*સતત સુંદર નીરખજે. એ નાનું ફૂલ પણ હોઈ શકે.*

*જે થોડુંક પણ તારાથી થાય તે કરજે. ઘસાઈ જજે, કટાઈ ન જતો*

*હાર કે જીતમાં ખેલદિલી બતાવજે.*

*પ્રશંસા જાહેરમાં, ટીકા ખાનગીમાં.*

*લોકોની સારપ લેજે-જાતમાં પરિવર્તનમાં આંક ઓછો,*

*બીજાના પરિવર્તનમાં આંક વધુ ન આંકવો.*

*ક્યારે મૂંગા રહેવું, ક્યારે બોલવું તેનો ખ્યાલ રાખજે.*

*ગંદકી સામે જંગ માંડજે.*

*દરેક શ્રમિક સાથે સન્માનથી વર્તજે. નાના હોય તો પણ.*

*બીજાની સફળતા માટે ઉત્સાહ, સન્માનથી વર્તજે. ભલે નજીવું હોય.*

*એવી રીતે જીવજે કે તારા બાળકો જ્યારે પણ ઈમાનદારીનો, નિષ્ઠાનો અને પ્રમાણિકતાનો વિચાર કરે ત્યારે એ તને સાંભરે.*

**☐ જેક્સન બ્રાઉન**
**(અનુ. મહેન્દ્ર મેઘાણી)**

***

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | માણસ માટે બધું છે, પણ માણસ માટે માણસ ક્યાં ? | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | ધૃતરાષ્ટ્ર | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૫ |
| (૩) | વક્તૃત્વ કળા | શ્રી પન્નાલાલ કે છેડા | ૯ |
| (૪) | શ્રી ચિદાનંદ રચિત 'અવધૂ નિરપક્ષ વિરલા કોઈ' | શ્રી સુમનભાઈ એમ. શાહ | ૧૧ |
| (૫) | જિન ધર્મની પ્રાચીનતા અને વિકાસ | શ્રી જશવંત મહેતા | ૧૨ |
| (૬) | અઢારમો જૈન સાહિત્ય સમારોહ | ડૉ. કલાબેન શાહ | ૧૩ |
| (૫) | જૈન પારિભાષિક શબ્દો | ડૉ. જિતેન્દ્ર બી..શાહ | ૧૭ |
| (૬) | પૈસા કરતાં આશીર્વાદની તાકાત ઊંચી છે | શ્રી મનસુખલાલ ઉપાધ્યાય | ૨૦ |


## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

| | ભારતમાં | પરદેશ |
|---|---|---|
| **૧ વર્ષનું લવાજમ** | **રૂા. ૧૨૫/–** | U.S.$ 9-00 |
| **૩ વર્ષનું લવાજમ** | **રૂા. ૩૫૦/–** | U.S.$ 26-00 |
| **૫ વર્ષનું લવાજમ** | **રૂા. ૫૫૦/–** | U.S.$ 40-00 |
| **આજીવન લવાજમ** | **રૂા. ૨૫૦૦/–** | U.S.$ 112-00 |
| **કન્યા કરિયાવર આજીવન લવાજમ** | **રૂા. ૨૦૦૦/–** | U.S.$ 100-00 |

ક્યારેય પણ જાXખ ન લેવાની 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ હોઈ એના ગ્રાહકો અને શુભેચ્છકો તેમ જ દાતાઓ જ આ સત્ત્વશીલ સામયિકને જીવંત રાખી શકશે. (૭૭ વર્ષની અવિરત સેવા છે મુંબઈ જૈન યુવક સંઘનાં મુખપત્રોની) ગુજરાતી ભાષાના સામયિકો જીવશે તો જ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કાર સંસ્કૃતિ જીવંત રહેશે.

જૈન ધર્મ અને સર્વ ધર્મના ચિંતનો આવા સામયિકોથી જ વર્તમાન અને ભવિષ્યની પેઢીના હૃદયમાં રોપાતા જશે.

પુનિત પુત્રી તો 'દુહિતા' અને 'દેહલી દીપક' છે; એટલે બન્ને દિશા અને બન્ને ઘરને અજવાળે એવો ઘરના ઉંમરાનો એ દીપક છે. લગ્નમાં આપણે લાખો રૂા.નો ખર્ચ કરીએ છીએ, લાખોના કરિયાવર અને ઘરના સંસ્કાર સાથે પુત્રીને વિદાય આપીએ છીએ તો કરિયાવરમાં 'પ્રબુદ્ધ જીવન' ન આપી શકીએ ? પુત્રીના જીવનમાં એ સદાય જીવંત રહેશે. પથદર્શક બનશે. સુજ્ઞેષુ કિં બહુના...?

* ચેક '**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**'ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.

* આજીવન ગ્રાહક લવાજમ ભરનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્ત છે એવું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

**☐ મેનેજર**

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/
● વર્ષ : (૫૦) + ૧૭ ● ● અંક : ૧૨ ● ● તા. ૧૬ ડિસેમ્બર, ૨૦૦૬ ● ● ૩ ●
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●
તંત્રી : ધનવંત તિ. શાહ

## માણસ માટે બધું છે, પણ માણસ માટે માણસ ક્યાં ?

હમણાં પંદરેક દિવસ માટે ભૌતિક રીતે સમૃદ્ધ દેશ અમેરિકા જવાનું થયું. એ ધરતી ઉપર પગ મૂકતાં જ એ દેશની ચોંકી જવાય એવી સમૃદ્ધિ નજરે દેખાઈ. બસ એ દેશ એક માનવ દેહનું જ સર્જન નથી કરી શક્યો; અચરજ પમાડે એવું બધું જ એણે સર્જ્યું છે. આ બધું જોઈને તરત જ આપણા દેશ સાથે સરખામણી કરવાનું મન થઈ જાય. આપણી પાસે બુદ્ધિબળ અને પુરુષાર્થબળ ક્યાં નથી? છતાં આઝાદીના સાઈઠ વર્ષ પછી પણ જીવન જરૂરિયાતની ચીજો માટે પણ આપણા દેશના ખૂણાનો માણસ વલખાં મારે છે! ભારતમાં કેટલા ધનિકો ક્યા નંબરે છે એના આંકડા છપાય છે. શેરબજારના ઊંચા જતા ઈન્ડેક્સથી આપણે પોરસાઈએ છીએ પણ ગરીબી કે બેકારી કેટલી ઓછી થઈ એના નિયમિત આંકડા મિડિયા મિત્રો છાપે છે? ઉપલબ્ધ પણ છે? ભૌગોલિક આઝાદી તો આવી પણ અંગ્રેજો જે વહીવટી અને શૈક્ષણિક માળખું મૂકી ગયા એમાં આપણે કેટલો મૌલિક ફેરફાર કર્યો?

પરદેશ જતાં બુદ્ધિધનનો દર વરસે વધારો થતો જાય છે. ત્યાંના થોડાંક યુવાન બૌદ્ધિકોને મેં આનું કારણ પૂછ્યું? એક જ ઉત્તર : 'અમને ભારતમાં તક નથી મળતી, અમારી કદર નથી થતી.' બે ચાર મોટા ઉદ્યોગપતિને પૂછ્યું, 'ભારતમાં ઉદ્યોગ કેમ સ્થાપતા નથી?' એક જ અને સાચો ઉત્તર : 'ભારતના વહીવટી ભ્રષ્ટાચારથી અમે થાક્યાં છીએ. ઈન્સ્પેક્ટર રાજમાં અમારા પુરુષાર્થની કમાણી ધોવાઈ જાય છે, મુખ્યમંત્રીઓનો કાફલો અમારી ભારત પ્રત્યેની લાગણીને છંછેડે છે. ભાવનામાં ધકેલે છે. પણ પછી અંતે તો ભ્રષ્ટાચારી વહીવટકારોને હવાલે જ અમને છોડી દે છે. હવે તો આ વહીવટકારો પણ રાજ્યનેતાઓને ગાંઠતા નથી. રોકડું પરખાવી દે છે કે આ બધાં તો બે-પાંચ વર્ષ માટે છે. કાલે સત્તા ઉપર એ નહિ હોય ત્યારે પોતાનું કામ કઢાવવા એ બધાં અમારી પાસે જ આવવાનાં!' ભારતમાં મત મેળવવા લેબર કૉર્ટ છે; પણ હડતાલ અને ઓછા ઉત્પાદનને કારણે માલિકોને થતા નુકસાન માટે ખાસ કૉર્ટ છે? આવા અનેક કારણો આપણી સમક્ષ મૂકી દે છે. તો બીજી બાજુ અનેક મલ્ટીનેશનલ કંપનીઓને ભારતમાં ખૂબ જ મોટું માર્કેટ દેખાયું છે. અને અહીં ધામા નાખવા માંડી છે. આ વાસ્તવિકતા ખૂબ જ ઊંડું સંશોધન માંગી લે છે. આપણે ક્યાંક આર્થિક પરતંત્રતાની બેડીમાં જકડાઈ રહ્યાં નથી ને?

જે યુવા બુદ્ધિધન ત્યાં જાય છે, એ સર્વેએ પોતાની પ્રગતિનો ગ્રાફ પણ તૈયાર કરી રાખ્યો હોય છે; ત્યાં જવું, ભણવું, કમાવવું, પહેલાં ગ્રીનકાર્ડ અને પછી નાગરિકત્વ પ્રાપ્ત કરવું, ભારતમાંનાં પોતાના પરિવારજનોને પોતાની કમાણીનો હિસ્સો નિયમિત મોકલતા રહેવું, આ રીતે પરિશ્રમિક હુંડિયામણનો આંક દર વર્ષે વધતો જ જાય છે. અને વધી રહેલા આવા હુંડિયામણથી આપણા રાજકીય અર્થશાસ્ત્રીઓ ખુશખુશાલ છે! આ એક તબક્કો પૂરો થાય એટલે એક પછી એક કુટુંબીજનોને ત્યાં બોલાવવા અને સ્થિર કરવા અથવા ત્યાંના બધાં લાભો લઈ ઉત્તર અવસ્થામાં ભારતની ભૂમિ ઉપર આવી નિરાંતે જીવવું, મરવું. શરીરિક રીતે પરદેશમાં રહેવું; ભાવનાત્મક અને આર્થિક રીતે પોતાના વતનને વફાદાર રહેવું. પોતાના વતનના સંસ્કાર અને સંસ્કૃતિનું આ કુટુંબો જે રીતે જતન કરે છે એ જોઈને તો આપણું હૃદય એ સર્વે પ્રત્યે માનથી ઝૂકી જાય. ત્યાં મંદિર છે. સત્સંગ છે. પાઠશાળા છે. પોતાના સંતાનોને ભારતીય સંસ્કાર અને ભારતીય ભાષા આપવા માટેની ખાસ પદ્ધતિ અને કાર્યક્રમો છે. આ

બધું છે તે છતાંય ઝૂરાપો દેખાયો જ.

એક કુટુંબમાં જવાનું થયું. એની બાર વર્ષની પુત્રીને મેં પૂછ્યું : 'તમે ઘરમાં કોણ કોણ ?' અમેરિકન અંગ્રેજી ધ્વનિમાં કહે: 'મી, મોમ, ડેડી અને રિંકુ.' મેં પૂછ્યું : 'રિંકુ તારો ભાઈ ?' તો કહે : 'નો નો. મારું ટેડી બેર (કપડાંનું રમકડું).' અને એણે મને ઢગલાબંધ ટેડી બેર બતાવ્યા, જુદી જુદી મુદ્રાના ટેડી બેર ?! પરદેશમાં આ ટેડી બેર નો ઉદ્યોગ ગજબનો છે !! દરેક સ્ટોરમાં જાત જાતના આ ટેડી બેર મળે, ત્યાં સુધી કે બાળક જે આકારના માગે તે આકારનાં એ ખાલી રમકડામાં તમારી સામે જ સ્ટફ–રૂ–ભરી દે. મનગમતું સંગીત ભરી દે. હૃદયના આકારનું એક પ્રતીક તમારી સામે જ અંદર મૂકે. એનું નામકરણ પણ કરાવે; તરત જ એનું બર્થ સર્ટિફિકેટ પણ આપી દે. અને બાળક રાજી રાજી !! બસ પછી બાળક એની સાથે વાતો કરે અને જીવંત માની એ નિર્જીવ રમકડાં સાથે રમ્યા જ કરે, વાતો કરે !! પોતાની જવાબદારી ન વધારવાની તકેદારી રાખતા દંપતી પોતાના આનંદ માટે એક જ સંતાન કરે; પણ એ સંતાનના મનની વેદના સમજવાનો વિચાર જ નહિ ?!

માત્ર અમેરિકા જ નહિ, પણ અન્ય દેશોમાં જ્યારે જ્યારે જવાનું થયું છે ત્યારે એક નિરીક્ષણ તારવ્યું છે. એક-બે કે પાંચ દાયકા પહેલાં જે વિચારો–રિવાજો લઈને એ બધાં ભારતથી ગયાં હતાં; જે સામાજિક અને માનસિકતા હતી એ તો એ બધાએ ત્યાંની ત્યાં અને એવી જ રાખી છે !! એક પરિવારને મેં પૂછ્યું: 'તમને બધાંને લેટેસ્ટ ગાડી, ફેશન, ઉપકરણો, વૈજ્ઞાનિક સિદ્ધિ–આ બધું ખબર છે; પણ લેટેસ્ટ 'થોટ'ની ખબર છે ?' મારા આ પ્રશ્નનો ઉત્તર મને ક્યાંથી ન મળ્યો. ત્યાં બધાં પરદેશીઓ એક ચક્કરમાં ફસાયા છે; કેમ પૈસા કમાવવા ? સવારે સાતથી સાંજે સાત સુધી સતત મજુરી કરવી, સમય મળે ત્યારે ક્યાં શું 'ફ્રી' મળે છે અને કેટલું ડિસ્કાઉન્ટ મળે છે એમાં જ વ્યસ્ત રહેવું.રોજ અસલામતીની ચિંતા સાથે નોકરીએ જવું, કઈ પળે નોકરીમાંથી પાણિચું મળી જાય એ કહેવાય નહિ, બસ કામનું રિઝલ્ટ આપો. સતત ટેન્શનમાં પતિ–પત્ની અને પરિવાર કામ કરો. કારણ કે હપ્તા સમયસર ચૂકવવાના છે.ત્યાં તમને બધું જ ઉધાર મળી જાય. પછી ચૂકવવા માટે દોડો જ દોડો ! ક્રેડિટ કાર્ડ અને ઉધારની ગજબની માયાજાળ ! હવે અહીં પણ પરદેશી બેંકોએ પગપેસારો કર્યો છે. ચેતવા જેવું ખરું ! દેશ અને સંસ્કાર–સંસ્કૃતિ યાદ આવે એટલે ભારતમાંથી પંડિતો, પૂજારીઓ, કલાકારો અને એ બધાંને ડોલરો આપી બોલાવી લેવા; બસ આગળ મૌલિક વિચારવાનો કે વાંચવાનો સમય જ ક્યાં ?

હું જે પરિવારમાં ઉતર્યો હતો એ મારા નાનાભાઈને કહ્યું : 'થોડો સમય છે તો અહીં આપણે કેટલાંકને મળીએ તો ?' તો એણે કહ્યું તમને પરિચિત હોય એને જ મળો, બીજાને મળવા જશો તો એ સમજશે કે તમે કોઈ ફંડ-ફાળા માટે આવ્યા છો; એટલે તમને એ ટાળશે ! મારો એવો કોઈ આશય ન હતો એટલે એ ઇચ્છા ઉપર મેં પડદો પાડી દીધો !

અહીં બાળક જન્મે, થોડું મોટું થાય એટલે પારંપરિક રિવાજો અને સંસ્કારોમાં ધકેલી દેવું, આદત બની જાય એટલી હદે એ બધાં વિચારોને મૂળમાં જડી દેવાનાં ! પછી એ પેઢી પોતાના સ્વતંત્ર વિચારો ક્યારે કરવાની ? સ્વચિંતન કે આત્મ અનુભૂતિનો અવકાશ જ ક્યાં ? એ માટે મનોભૂમિ જ ક્યાં ? આવી પરિસ્થિતિનું નિર્માણ હવે તો અહીં પણ થઈ ચૂક્યું છે. પરિશ્રમ અને પુરુષાર્થને ભોગે સંસ્કાર, સાધના અને ભક્તિના રંગે યુવા ધનને કેટલી હદે રંગી નાખ્યું છે એનો વિચાર કરવો રહ્યો.

લૉસ એન્જલિસમાં જૈન મંદિર જોયું. એ સ્થાનકમાં નિષ્ઠાથી પોતાની સેવા આપી રહેલા માનદ્ કાર્યકરોનું નિરીક્ષણ કરતાં એ સર્વે પ્રત્યે મન નમ્યું. એ સર્વે વાસ્તવમાં ખૂબ જ મોટી હસ્તિ, પણ અહીં જે ભાવથી કાર્ય કરી રહ્યાં હતા એ આશ્ચર્યજનક ! પાંચ વર્ષનો એક બાળક પૂજાનાં કપડાં પહેરી પિતાની આંગળીએ આવ્યો, જિન પ્રતિમાની પૂજા કરી, એ દૃશ્ય તો અંતર અને આંખોને ઠારે એવું. આ સ્થાને ભવિષ્યમાં એંશી કરોડને ખર્ચે ભવ્ય જિનાલયનું નિર્માણ થશે ત્યારે એ કેવું ભવ્યાતિત હશે ! એ મંગળ ઘડી અતિ દિવ્ય હશે. ત્યાં જ જૈન સાહિત્ય અને કેસેટોથી છલોછલ ભરેલી લાયબ્રેરી જોઈ, મન આનંદવિભોર બની ગયું. પ્રવેશદ્વાર પાસે જ સો વર્ષ જૂનું લાસ વેગાસથી પ્રાપ્ત કરેલું અતિ સુંદર નકશીકામવાળું લાકડાનું જિન મંદિર જોયું અને ચિત્તતંત્ર હચમચી ગયું ! આ મંદિર વિશે ક્યારેક સંશોધનાત્મક વિગત લખવાનો ભાવ છે.

એડિસનમાં ઢોસા અને ભેળ પણ ખાધા. બહેન હિના સાથે એક બપોરે ત્યાંની પબ્લિક લાયબ્રેરીમાં ગયો. ભારતના અને ત્યાંના ગુજરાતી વર્તમાન પત્રો અને સામયિકો વાંચ્યા. પુસ્તકો ફેંદતાં મુંબઈ-અમદાવાદમાં પાંચેક વર્ષથી શોધતો હતો એ મારું પ્રિય પુસ્તક 'યોગવશિષ્ટ' ઉપરની ટીકાના બે સામયિકો મળી ગયા !! મારો બધો થાક ઉતરી ગયો. કડકડતી ઠંડીમાં ગરમાવો આવી ગયો !

એકરોમાં પથરાયેલી હોલીવુડ નગરી જોઈ. માનવ અને પ્રાણીઓના અદ્ભુત પરાક્રમો જોયા. વિજ્ઞાનનો ચમત્કાર અને ભવ્ય ભૌતિક સમૃદ્ધિ !

ઇન્દ્રનગરી જેવા અદ્ભુત લાસ વેગાસના કેસિનોમાં ફરતાં ફરતાં ૬૦ વર્ષના વૃદ્ધને અને ૮૦ વર્ષની વૃદ્ધાને જૂદે જૂદે ખૂણે બેસી એકલા એકલા કલાકો સુધી જુગાર રમતા જોયા !

ડિસ્ટન્સ, ડોલર અને ડાયવર્સના એ દેશમાં માનવી માટે ભૌતિક બધું છે. માત્ર માનવી માટે હુંફાળો માનવી નથી !

☐ ધનવંત શાહ

# ધૃતરાષ્ટ્ર

□ ડૉ. રણજિત એમ. પટેલ (अनामी)

આશરે દશ બાર સાલનો હતો ત્યારે અમારા ગામમાં (ડભોડા–જિ. ગાંધીનગર) હું રામલીલા જોવા ગયેલો. એ વાતને આજે લગભગ સિત્યોતેર વર્ષ થયાં. મહાભારતનો વીર અભિમન્યુ ઉત્તરાને પરણ્યો છે ને યુદ્ધમાં જવા તત્પર થયો છે ત્યારે માતા એને રાખડી બાંધે છે...! 'માતા સુભદ્રા બાંધે વીરને અમ્મર રાખડી રે' એવું ગીત ગવાય છે પણ યુદ્ધભૂમિમાં પ્રસ્થાન કરતા વીર પતિને એની પત્ની ઉત્તરા આ પ્રમાણે કહે છેઃ 'મને મારીને રથડા ખેલ, બાલારાજા રે.' આજે, લગભગ નેવું વર્ષે મૂળ મહાભારત વાંચું છું ને એમાં ગુરુ દ્રોણાચાર્યે રચેલા સપ્તકોઠા ભેદીને ધનુર્ધારી અર્જુનનો એ મહારથી પુત્ર કૌરવ સેનાને તિતરબિતર કરી નાખે છે, રથ, ગજ, પાયદળને ત્રાહિમામ પોકરાવે છે એવા સમાચાર સંજય જ્યારે અંધ રાજા ધૃતરાષ્ટ્રને સંભળાવે છે ત્યારે ધૃતરાષ્ટ્ર કહે છેઃ

'દ્વૈધી ભવતિ મે ચિત્તં હ્રિયા તુષ્ટ્યા ચ સંજય ।
મમ પુત્રસ્ય યત્ સૈન્યં સૌભદ્રઃ સમવારયત્ ।।'

(દ્રોણ–૩૯/૧)

હે સંજય! મારા પુત્ર દુર્યોધનની મોટી સેનાને વીર બાળક સુભદ્રાકુમાર અભિમન્યુએ છિન્નભિન્ન કરી દીધી એ સમાચાર સાંભળી **મારું હૃદય લજ્જા અને આનંદથી દ્વિધા ભાવમાં પડી જાય છે.** શું મહાકવિની અનુભૂતિ ને અભિવ્યક્તિ છે! આ એક જ શ્લોકમાં ત્રણ ચિત્રોને ઉઠાવ મળ્યો છે. એક તો દુર્યોધનની વિરાટ સેના, બીજું 'બાલારાજા'નું અદ્ભુત પરાક્રમ ને ત્રીજું મહારાજા ધૃતરાષ્ટ્રનું મૂળભૂત ને યથાર્થ વ્યક્તિત્વ–નિરૂપણ. આમેય 'મામકાઃ'ના માયા–આવરણમાં દ્વિ–અંધ ધૃતરાષ્ટ્ર સારાસારનો વિવેક યોગ્ય સમયે કરી શકતો નથી ને કુળ વિનાશના કારણરૂપ બને છે; પણ આ એક જ શ્લોકમાં એના ચિત્તનો દ્વૈધી ભાવ જે રીતે નિરૂપાયો છે તેમાં ત્રણ વસ્તુઓ જોવા મળે છે.એક તો દુર્યોધનની તિતરબિતર થતી સેનાથી એ લજ્જા ભાવ અનુભવે છે...આવડી મોટી સેના! ને છતાં યે આવી કરુણ સ્થિતિ! બીજું, આનંદથી એનું અંતર હરખાય છે. કારણ કે ભલે અભિમન્યુ દુર્યોધનની સેનાને છિન્નભિન્ન કરી નાખે પણ આખરે વીર અભિમન્યુ પણ છે તો કુરુવંશનો બાળ મહારથી ને! એ વાતે એનું ગૌરવ પોષાય છે ને ત્રીજું ભલે એ અંધ રહ્યો પણ સીધી રીતે યુદ્ધમાં ભાગ લઈ શકતો નથી પણ છે તો સાચો વીર ક્ષત્રિય...એટલે એ વીર અભિમન્યુના ક્ષાત્રવટની નિરપેક્ષ ભાવે કદર કરે છે–ને સહજભાવે બોલી જવાય છેઃ **'મારું હૃદય લજ્જા અને આનંદથી દ્વિધાભાવમાં પડી જાય છે.'**

આવો જ બીજો એક પ્રસંગ, આદિ પર્વના સંભવ પર્વમાં આવે છે જ્યાં ગુરુ દ્રોણાચાર્યે કૌરવ, પાંડવ કુમારોની અસ્ત્ર શસ્ત્ર–પરીક્ષા–કૌશલનો સમારંભ યોજ્યો છે ને સમારંભના વિશિષ્ટ પ્રેક્ષકો સમક્ષ ગુરુ દ્રોણાચાર્ય એમના કૌરવ પાંડવ શિષ્યોનો પરિચય આપે છે. કુન્તામાતાના ત્રણ પુત્રનો પરિચય આપતાં ગુરુ દ્રોણાચાર્ય અર્જુન સંબંધે કહે છેઃ 'આ કુંતીનો તેજસ્વી પુત્ર છે. એ એનો વચેટ દીકરો છે. એ દેવરાજ ઇંદ્રનું સંતાન છે.' એષ પુત્રો મહેન્દ્રસ્ય. એ કુરુવંશનો રક્ષક છે. અસ્ત્રવિદ્યામાં એ સર્વથી શ્રેષ્ઠ છે. ધર્માત્મા ને શીલવાનોમાં પણ એ શ્રેષ્ઠ છે. શીલ ને જ્ઞાનનો એ સર્વોત્તમ નિધિ છે. 'શીલજ્ઞાન નિધિ પરઃ' દ્રોણના આ શબ્દો સાંભળી, દર્શકોએ તુમુલ ધ્વનિ દ્વારા પોતાનો અઢળક આનંદ વ્યક્ત કર્યો ત્યારે 'કુન્ત્યાઃ પ્રસવસંયુક્તૈરસૈઃ ક્લિન્નમુરોઽભવત્' આવી વાતો સાંભળીને કુન્તાના સ્તનોમાંથી માતૃત્વની અભિવ્યક્તિ રૂપે દૂધ અને આંખોમાંથી સ્નેહાશ્રુ વહેવા લાગ્યાં! એ દુગ્ધ મિશ્રિત આંસુઓથી કુન્તીદેવીના વક્ષઃસ્થલ ભીંજાઈ ગયા. પ્રેક્ષકો–દર્શકોની આ સભામાં અંધ મહારાજા ધૃતરાષ્ટ્ર પણ છે. ગુરુ દ્રોણાચાર્યના અર્જુન વિષયક આ અભિપ્રાય પરત્વે ધૃતરાષ્ટ્રનો શો પ્રતિભાવ છે તે જોઈએઃ

વિદૂરને તે કહે છેઃ–

ધન્યોઽસ્મ્યનુગૃહીતોઽસ્મિ રક્ષિતોઽસ્મિ મહામતે ।
પૃથારણિ સમુદભૂતૈસ્ત્રિભિઃ પાણ્ડવ વહ્નિભિઃ ।।

હે મહામતિ વિદુર! કુન્તીરૂપી અરણિથી પ્રગટ થયેલ આ ત્રણ પાંડવરૂપી અગ્નિથી હું ધન્ય થઈ ગયો. આ ત્રણે દ્વારા હું સર્વથા અનુગ્રહીત ને સુરક્ષિત છું.

મામકાઃના માયાઆવરણથી મુક્ત ધૃતરાષ્ટ્રને જાણે કે દિવ્યચક્ષુ પ્રાપ્ત થયાં હોય એવી આ ઉક્તિ લાગતી નથી? કુન્તીરૂપી અરણિથી પાંડવરૂપી અગ્નિની ઉત્પત્તિથી હાલ પૂરતા તો ધૃતરાષ્ટ્ર ધન્યતા અનુભવે છે, પોતાની જાતને અનુગ્રહીત સમજે છે પણ ભાવિમાં એ સુરક્ષિત રહેવાના છે કે કેમ તે તો મહાભારત વાંચનારે સૌ કોઈ જાણે છે. અગ્નિના આ પ્રતીકને આપણે ત્રણવાર અનુભવીએ છીએ. એક તો ખાંડવવન દહન પ્રસંગે, બીજે લાક્ષાગ્રહ દહન પ્રસંગે ને ત્રીજે, કુરુ ક્ષેત્રના યુદ્ધમાં...જે અગ્નિ દાવાનળ બની કૌરવ–પાંડવ પક્ષે માંડ દશેકને જીવતા રાખી સર્વભક્ષી બની જાય છે. આમેય અગ્નિ એ ક્રોધ ને વૈરનું પ્રતીક છે. એ પાવક પણ છે ને દાહક પણ. કૃષ્ણની સહાયથી અર્જુન, ઈન્દ્રના સક્રિય વિરોધ છતાં ખાંડવવન દહન તો કરે છે પણ જીવનને અંતે અર્જુનની માતા કુન્તી જ વનદવમાં ભસ્મીભૂત થઈ જાય છે એ Irony of Fate કેટલી તો કરુણ છે! અને કુન્તાએ ત્રણ પાંડવરૂપી અગ્નિ પ્રગટાવ્યા એમણે કેવાં પરાક્રમ કર્યા તે કોણ નથી જાણતું?

એક માત્ર વિદુર સિવાય બધા જ કૌરવો માને છે કે પાંડવો કુન્તા સમેત લાક્ષાગૃહમાં ખલાસ થઈ ગયા છે. અજ્ઞાત બ્રાહ્મણ વેશે તેઓ એક ચક્રા નગરીમાં કુંભારને ઘરે રહે છે. ત્યાંથી તેઓ પાંચાલ નગરી જાય છે. દ્રૌપદી સ્વયંવરમાં દ્રુપદરાજાની સ્વયંવરની શરતો પૂર્ણ કરીને અર્જુન દ્રૌપદીને પામે છે. દ્રુપદરાજાની મૈત્રી દૃઢ કરે છે. સ્વયંવરમાંથી

નિરાશ થઈને કર્ણ, દુર્યોધન વગેરે હસ્તિનાપુર પાછા ફરે છે. અજ્ઞાત બ્રાહ્મણરૂપે કુંભારને ઘરે રહેલા પાંડવો જ છે ને તેઓ સ્વયંવરમાં સફળ થયા છે એવું અભિજ્ઞાન કૌરવોને થાય છે એટલે દુર્યોધન, કર્ણ વગેરે પાંડવોના વિનાશનો વિચાર કરવા ધૃતરાષ્ટ્ર પાસે આવે છે. સ્વયંવરમાં શું થયું તેની ધૃતરાષ્ટ્રને ખબર નથી. દુર્યોધન–કર્ણ ખબર આપે તે પહેલાં વિદુરે ધૃતરાષ્ટ્રને કહ્યું: 'મહારાજ! આપણું અહોભાગ્ય છે કે કૌરવવંશની વૃદ્ધિ–અભિવૃદ્ધિ થઈ રહી છે. વર્ધન્ત ઇતિ વિસ્મિતઃ । વિદુરની ઉક્તિમાં બે અર્થ છે. એક તો પાંડવો લાક્ષાગૃહમાં મર્યા નથી ને બીજું પત્ની રૂપે તેઓ દ્રૌપદીને પામ્યા છે. એ અર્થમાં કૌરવવંશની વૃદ્ધિ, પણ ધૂર્તરાજ ધૃતરાષ્ટ્ર સમજ્યો કે સ્વયંવરમાં દુર્યોધન વિજયી થયો છે એટલે બે વાર ધન્યભાગ્ય! ધન્યભાગ્ય! બોલ્યો ને તેય દુર્યોધન–કર્ણની ઉપસ્થિતિમાં. એ પછી વિદુર નિજ ભવને જાય છે. જતાં જતાં સ્વયંવરમાં કૌરવોનો નહીં પણ પાંડવોનો વિજય થયો છે એવો ઘટસ્ફોટ કરે છે. તોય બે વાર 'ધન્ય ભાગ્ય! ધન્ય ભાગ્ય!' બોલે છે. વિદુરના ગયા બાદ દુર્યોધન ને કર્ણ, ધૃતરાષ્ટ્રને ઉધડા લે છે કે તમે કેવો બફાટ કર્યો છે! ત્યારે એ ધૂર્તરાજ કહે છે : એ તો મેં, વિદુરજી મારો અસલ મનોભાવ જાણી ન જાય એટલા માટે કૃતક વ્યવહાર કરેલો; બાકી તમારી યોજનામાં મારો સાથ–સહકાર રહેશે.' વિદુરજી સમક્ષ જ્યારે ધૃતરાષ્ટ્ર અહોભાગ્ય ! અહોભાગ્ય ! બોલ્યા ત્યારે વિદુરજીએ ધૃતરાષ્ટ્રને કરડાકીમાં કહ્યું: મહારાજ ! સો સો વર્ષ તક તમારી બુદ્ધિ આવી જ રહો' નિત્યં ભવતુ તે બુદ્ધિ રેષા રાજચ્છતં સમાઃ। ધૃતરાષ્ટ્રનું ચરિત્ર સપાટ (ફ્લેટ) નથી, રાઉન્ડ–સંકુલ છે...પરિવર્તનશીલ છે...નહીંતર દુર્યોધન–કર્ણ સમક્ષ એમ ન બોલે: 'વિવેકતું નાહમિચ્છામિ ત્વાકારં વિદુરં પ્રતિ!' 'બેટા! હું મારી આકૃતિથી વિદુરના મન પર મારા અસલી ભાવો પ્રગટ કરવા માગતો નહોતો.' અભિમન્યુ ને કુન્તાની પ્રશસ્તિ કરનારો આ છે ધૃતરાષ્ટ્ર!

દુર્યોધન દુર્મતિ ને દુષ્ટ છે પણ એની દુર્મતિ ને દુષ્ટતા સરળ ને પારદર્શક છે જ્યારે ધૃતરાષ્ટ્ર કુટીલ, સંકુલ ને મીંઢો છે. આદિ પર્વમાં (૧:૧૧૦–૧૧૧) વ્યાસજીએ કૌરવ–પાડવોના મુખ્ય મુખ્ય મહારથીઓને સાધન્ત રૂપક દ્વારા નિરૂપ્યા છે. તેમાં એ સર્વનાં વ્યક્તિત્વનાં વ્યાવર્તક લક્ષણો મોટે ભાગે વ્યક્ત થયાં છેઃ–

'દુર્યોધન એક ક્રોધમય મહાવૃક્ષ છે; તેનું થડ કર્ણ છે. શાખા–સમૂહ શકુનિ છે. દુઃશાસન પરિપુષ્ટ પુષ્પ અને ફળ છે અને મૂર્ખ રાજા ધૃતરાષ્ટ્ર તેનું મૂળ છે.'

એની તુલના–વિરોધમાં:

'યુધિષ્ઠિર એક ધર્મમય મહાવૃક્ષ છે; તેનું થડ અર્જુન છે, શાખા–સમૂહ ભીમસેન છે, માદ્રીના બે પુત્રો પરિપુષ્ટ પુષ્પ અને ફળ છે, અને કૃષ્ણરૂપી બ્રહ્મ અને બ્રાહ્મણો તેનું મૂળ છે.'

વ્યાસજી ધૃતરાષ્ટ્રને 'મૂર્ખ' અને દુર્યોધન રૂપી ક્રોધમય મહાવૃક્ષનું મૂળ કહે છે પણ મને વ્યાસજીનો પૂર્વાર્ધ ચિંત્ય લાગે છે, ઉત્તરાર્ધ સર્વથા સત્ય. ધૃતરાષ્ટ્ર મૂર્ખ નથી પણ ધૂર્ત છે. એનામાં એક સાથે ત્રણ વૃત્તિઓ કામ કરે છે. એક તો દુષ્ટ–દુર્મતિ દુર્યોધન પ્રત્યે વધુ પડતો અંધ પુત્ર–પ્રેમ, બીજું, ઉપર ઉપરથી પાંડુ ને પાંડવો પ્રત્યે કૃતક સમભાવ પણ અંદરખાનેથી આખું રાજ્ય પડાવી લેવાની ગુપ્ત સુપ્ત લિપ્સા ને ત્રીજી યોજના પ્રમાણે ઇપ્સિત પરિણામ ન આવે તો સઘળો દોષ નિયતિને ચોપડે જમા કરી–કરાવી દેવાની પ્રારબ્ધવાદી મનોવૃત્તિ. આવી વ્યક્તિને 'મૂર્ખ' શી રીતે કહી શકાય? મને લાગે છે કે ધૃતરાષ્ટ્ર જો જન્માંન્ધ ન હોત તો એ પણ કૌરવપક્ષે રહી, ભીષ્મની જેમ પાંડવો વિરુદ્ધ યુદ્ધમાં ભાગ લેત. ભીષ્મ–દ્રોણ અર્થ–દાસ હોવાને કારણે, ધૃતરાષ્ટ્ર 'સગા લોહી'ને કારણે. મને લાગે છે કે સમગ્ર માનવ જાતિમાં વ્યક્ત કે અવ્યક્ત રૂપે ક્યાંક ને ક્યાંક આ ધૃતરાષ્ટ્ર–વૃત્તિ રહેલી જ છે.

કુરુ–પાંડવો ને યાદવોનો અનુક્રમે વિનાશ થાય છે બે વ્યસનોને કારણે...એક દ્યુતક્રીડા ને બીજું મદિરા પાન. યુધિષ્ઠિર જેવા ધર્મરાજ, એકવાર નહીં પણ બબ્બેવાર દ્યુતક્રીડામાં પરાજિત થાય છે ને વનવાસ વેઠવો પડે છે. દ્યુતક્રીડામાં ધર્મરાજ ધનદોલત કે રાજ્ય જ દાવમાં નથી લગાવતા પણ સતી દ્રૌપદીને હોડમાં હારી જાય છે, ત્યારે હદ થાય છે. પ્રથમ દ્યુતક્રીડા વખતે, ભીષ્મ, દ્રોણ, વિદુરને કહે છે કે ભલે રમતા...આર્યોની એ રમત છે ને સામેથી આમંત્રણ રૂપી પડકાર આવે એનો અ–સ્વીકાર કરવો એ સાચા ક્ષત્રિયને માટે નાનમ સમાન છે, અને જો દ્યુતક્રીડા વખતે કૈંક અન્યાય થશે તો આપણે છીએ ને 'મતલબ કે પ્રથમ દ્યુતક્રીડાના મૂળમાં ધૂર્ત ધૃતરાષ્ટ્ર જ છે. દ્યુતક્રીડા ખેલાય છે ત્યારે એ જ વારંવાર પૂછે છેઃ 'હેં! કોણ હાર્યું? કોણ જીત્યું? ત્યારે એની કુતૂહલભરી પૃચ્છામાં કૌરવો જીતે ને પાંડવો હારે...એવો અર્થ–ધ્વનિ સ્પષ્ટ રૂપે સંભળાય છે. દ્યુતક્રીડા ખેલનમાં કપટ નિષ્ણાંત શકુનિને કારણે બબ્બેવાર પાંડવો હારી જાય છે. વનવાસ વેઠવો પડે છે. દ્રૌપદીનું ભરી સભામાં અપમાન થાય છે ત્યારે બીજા પાંડવો ધર્મરાજની જેમ મૌન રહે છે પણ સદ્યમન્યુ વૃકોદર–ભીમ–પ્રતિજ્ઞા કરે છે...સો એ સો કૌરવોને મારી નાખવાની ને દુઃશાસનનું રક્ત પીવાની... ત્યારે કોઈનાથી ન બીતો ધૃતરાષ્ટ્ર કેવળ ભીમથી ડરી જાય છે...એ સ્વયં સંજયને કહે છેઃ–

'જાગર્મિ રાત્રયઃ સર્વા દીર્ઘમુષ્ણચ્ચ નિઃશ્વસન્ ।
ભીતો વૃકોદરાત્ તાત સિંહાત્ પશુરિવાપરઃ ।।
(ઉદ્યોગપર્વ–૫૧/૩)

હે સંજય! સિંહથી ભયભીત થયેલાં પશુઓની જેમ ભીમથી ભયભીત થયેલો હું રાતભર ઊના લાંબા શ્વાસ લઈ જાગતો પડ્યો રહું છું. ધૃતરાષ્ટ્રનો આ ભય ભીમે સાચો પાડ્યો, પ્રતિજ્ઞા પાળીને. વિવેકશક્તિ હોવા છતાં, અંધ પુત્રપ્રેમ ને રાજસત્તાના લોભને કારણે તે ભીષ્મ–દ્રોણ–વિદુરની સલાહને અવગણીને મૂઢ ને વિવેકહીન બની જાય છે. એને જ્યારે જ્યારે પરાભવ વેઠવો પડે છે ને પોતાના પાસા પોબાર પડતા નથી ત્યારે ત્યારે એ દૈવને દોષ દે છે, પોતાના દુષ્કર્મને નહીં. વિદુર જ્યારે દ્યુતક્રીડાનો વિરોધ કરે છે ત્યારે ધૃતરાષ્ટ્ર કહે છેઃ 'વિદુર! દૈવે આ દ્યુતક્રીડાનું નિર્માણ કર્યું છે...એથી આપણે

કશું જ કરી શકીએ નહીં. દ્યુતક્રીડાની નિંદા કરવાની પણ આવશ્યકતા નથી કારણ કે હું આ બાબતમાં દૈવને જ બલવાન સમજું છું. એની સમજ ને માન્યતા પ્રમાણે જે કંઈ અનિષ્ટ થાય છે તે દૈવ-બળે જ થાય છે અને જ્યારે કાર્ય પોતાની ધારણા પ્રમાણે થાય ત્યારે યશને એના ચોપડામાં જમા પક્ષે મૂકે છે! ભીષ્મ-દ્રોણ-વિદુરને પક્ષે રહી એણે જો શરૂઆતથી જ દુર્યોધનને અંકુશમાં રાખ્યો હોત તો કૌરવ-પાંડવ વિનાશક મહાભારત થયું જ ન હોત. કુટુંબ કલેશ ટાળવા એ જ્યારે પાંડવોને અર્ધું રાજ્ય આપી ખાંડવપ્રસ્થમાં મોકલે છે ત્યારે એનો વિવેક જોવા મળે છે...વળી એ જ્યારે દિવ્યદૃષ્ટિ દ્વારા ભગવાન કૃષ્ણનું માહાત્મ્ય જાણે છે ત્યારે પણ આપણને ધૃતરાષ્ટ્ર માટે માન થાય છે પણ દુર્યોધનને કોઈપણ ઉપાયે સમજાવવામાં નિષ્ફળ જાય છે ત્યારે એની દયા આવે છે. દુર્યોધનનો પાંડવ દ્વેષ તો સ્પષ્ટ ને ઉઘાડો છે જ્યારે ધૃતરાષ્ટ્રનો ગોપિત ને પરોક્ષ છે. દુર્યોધનને સુખશાંતિ ને કુટુંબપ્રેમ કરતાં ક્ષત્રિયોચિત સત્તા ને વિજયમાં રસ છે. મહાભારતમાંથી વસ્તુ લઈને કવિવર રવીન્દ્ર ટાગોરે 'ગાંધારીનું આવેદન' નામે પદ્ય-રૂપક લખ્યું છે. જેમાંથી ધૃતરાષ્ટ્ર-ગાંધારીને દુર્યોધનની વિચાર શૈલી જોવા-જાણવા મળે છે.

ધૃતરાષ્ટ્ર : અરે દુરાશય, તારું અભીષ્ટ સિદ્ધ થયું કે?

દુર્યોધન: હું જય પામ્યો છું.

ધૃતરાષ્ટ્ર : હવે સુખી થયો ને?

દુર્યોધન : હું વિજયી થયો છું.

ધૃતરાષ્ટ્ર : હે દુર્મતિ! અખંડ રાજ્ય જીત્યા છતાં પણ તને સુખ ક્યાં છે?

દુર્યોધન : મહારાજ, મેં સુખ ઇચ્છ્યું નહોતું, જય, જય જ ઈચ્છ્યો હતો અને આજે હું વિજયી થયો છું, ક્ષુદ્ર સુખથી ક્ષત્રિયની ક્ષુધા શમતી નથી.'

ધૃતરાષ્ટ્ર : કપટ દ્યૂતથી જીતીને તું તેને જય કહે છે, લજ્જાહીન, અહંકારી!

દુર્યોધન : પિતા, જેનું જે બળ તે તેનું અસ્ત્ર, યુદ્ધમાં તે તેનો આધાર. યુદ્ધનું તો એકમાત્ર લક્ષ્ય જયલાભ હોય છે.

દલીલમાં તે સંજય-વિદુર ભીષ્મ પિતામહને દૂર કાઢી મૂકવા કહે છે ત્યારે:-

ધૃતરાષ્ટ્ર : હાય, અભિમાની વત્સ! મિત્રોનાં સુકઠોર નિંદાવચનો સાંભળીને મારો પિતૃસ્નેહ લગારે ઓછો થયો હોત તો તો કલ્યાણ થાત. મારામાં એટલો બધો સ્નેહ છે કે મેં અધર્મમાં સાથ આપ્યો છે, હું જ્ઞાન ખોઈ બેઠો છું, તારો સર્વનાશ કરવા બેઠો છું. સતી ગાંધારી પણ જ્યારે ધૃતરાષ્ટ્રને દુર્યોધનનો ત્યાગ કરવા કહે છે ત્યારે ધૃતરાષ્ટ્ર કહે છે:

ધૃતરાષ્ટ્ર : હે ગાંધારી! હે રાજમાતા! આ પ્રાર્થના દારુણ છે...ધર્મનું લંઘન કરનારને ધર્મ સજા કરશે, હું પિતા છું.

ગાંધારી: ગર્ભભાર-જર્જરિતા હું માતા નથી?

ધૃતરાષ્ટ્ર : તેનો ત્યાગ કરું તો પછી રાખું શું?

ગાંધારી : તમારો ધર્મ.

ધૃતરાષ્ટ્ર : ધર્મ તને શું આપવાનો છે?...હાય, પ્રિયે! ધર્મને વશ થઈને દ્યૂતમાં બંધાયેલા પાંડવોનું લૂંટાઈ ગયેલું રાજ્ય મેં એકવાર પાછું આપ્યું હતું, પણ બીજી જ ક્ષણે પિતૃ સ્નેહ મારા કાનમાં સો સો વાર ગુંજન કરવા લાગ્યો. 'અરે! આ શું કર્યું? એકી વખતે ધર્મ અને અધર્મની બે હોડી ઉપર પગ રાખીને કોઈ બચતું નથી...દ્યૂતની છલનાથી મેં તેમને (પાંડવોને) લાંબા વનવાસે મોકલ્યા. હાય ધર્મ! હાય રે સ્વભાવ-બળ, સંસારનો મર્મ કોણ સમજે એમ છે?' તો આ છે ધૃતરાષ્ટ્ર! ધર્મ-અધર્મ હું જાણું છું પણ ધર્મમાં પ્રવૃત્ત થઈ શકતો નથી, અધર્મથી નિવૃત્ત રહી શકતો નથી એમ જ્યારે દુર્યોધન કહે છે ત્યારે એનામાં પણ બાપના ગુણ વારસામાંઉતર્યા છે. વનવાસ જતાં દ્રૌપદી સતી ગાંધારીને મળવા આવે છે ત્યારે આશ્વાસન રૂપે અસહાયવાણી ઉચ્ચારે છે:-

ગાંધારી : ધૂળમાં રોળાયેલી સુવર્ણલતા! ઓ મારી દીકરી! ઓ મારી રાહુગ્રસ્ત ચંદ્રલેખા! એકવાર માથું ઊંચું કર, મારા બોલ સાંભળ:-જેણે તારી અવમાનના કરી છે તેનું અપમાન જગતમાં કાયમ રહેશે, તેનું કલંક અક્ષય બનશે. કાયરતાને હાથે થયેલી સતીની લાંછનારૂપી તારા અપમાનનો રાશિ જગતની બધી કુલાંગનાઓએ વહેંચી લીધો છે, જા, બેટા!'

કુરુવંશીય સભામાં જ્યારે એકવાર રાજસ્વલા દ્રૌપદીને ખેંચી લાવવામાં આવે છે ત્યારે ધૃતરાષ્ટ્ર મંદ-દુષ્ટ-બુદ્ધિ દુર્યોધનનો ફિટકાર કરે છે ને સાંત્વના દેતાં દ્રૌપદીને કહે છે:-

'વરં વૃણીષ્વ પાંચાલિ મતો યદ ભિવાચ્છસિ ।
વધૂનાં હિ વિશિષ્ટા મે ત્વં ધર્મપરમા સતી ।।

(સભાપર્વ-૭૧/૨૭)

વહુ દ્રૌપદી! તું મારી સર્વ કુલવધૂઓમાં સર્વશ્રેષ્ઠ અને ધર્મપરાયણ સતી છે, તારી ઈચ્છા હોય તે વરદાન માગ.

દ્રોણ પર્વમાં, મોહવશ દુર્યોધન, કૃષ્ણ-અર્જુનની મહત્તાને પિછાની શક્યા નથી એમ કહી એ બેની સ્તુતિ કરતાં કહે છે:-

અર્જુનઃ કેશવસ્યાત્મા કૃષ્ણોઽપ્યાત્મા કિરીટિનઃ ।
અર્જુને વિજયો નિત્યં કૃષ્ણે કીર્તિશ્ચ શાશ્વતી ।।

મહાભારત યુદ્ધની સમાપ્તિ બાદ, યુધિષ્ઠિરના રાજ્યશાસનમાં થોડાંક વર્ષો હસ્તિનાપુરમાં વિતાવી અંતે કુન્તા-સમેત વનમાં જઈ ભગવદ્ભક્તિમાં પોતાનું જીવન વ્યતીત કરે છે.

વાંક એકલા ધૃતરાષ્ટ્રનો જ શા માટે કાઢવો? મહાભારતનાં મોટા ભાગનાં મુખ્ય પાત્રો પણ ક્યાંક ને ક્યાંક ધર્મચ્યૂત થયાં જ છે. દુર્યોધન તો વિનિપાતના મૂળમાં છે જ પણ ભીષ્મ, દ્રોણ, ગાંધારી પણ ક્યાં સંપૂર્ણ ધર્મિષ્ઠ છે? અરે ! કુન્તી, વિદુર જેવાં ઉચ્ચ નીતિમત્તાવાળાં પાત્રો પણ આ ઝંઝાવાતમાં રોળાઈ ગયાં.

આવાં બધાં ઉચ્ચ કક્ષાનાં પાત્રોના કરુણ વિનિપાત માટે પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની વિચારસરણી જાણવા જેવી છે. તેઓના મતે આ કરુણતા અમુક વ્યક્તિઓની જ નથી, પણ સામુદાયિક માનવની,

સામાજિક માનવની છે. સામૂહિક વ્યુત્ક્રાન્તિમાં વ્યક્તિનાં સુખદુ:ખનો કશો જ હિસાબ નથી. વ્યક્તિઓને તો કેવળ કર્તવ્ય કર્યાનો સંતોષ મળે તો મળે. સામુદાયિક સંઘર્ષમાં કેવળ ધર્મ અને કેવળ અધર્મ, કેવળ સત્ય અને કેવળ અસત્ય સામસામાં આવતાં નથી. અસત્ય, અન્યાય અને પાપના પ્રત્યાઘાતો સામે પક્ષે પણ અસત્ય, અન્યાય અને પાપ રૂપે ઓછે વત્તે અંશે પ્રગટે છે. વળી એક વ્યક્તિ ધર્મસ્થિર અને ધૃતવ્રત હોય પણ તેમના સાથીઓનું શું ? એક અધમ બુદ્ધિના પાપે આખું વહાણ ડૂબે. આપણે સામૂહિક એકમ તરીકે વર્તીએ તો વ્યક્તિનાં જય-પરાજયની કે સુખદુ:ખની ગણતરી નિરવકાશ છે. પરાજયમાં પણ વ્યક્તિનું જીવન-સાફલ્ય હોય, વિજયમાં પણ વ્યક્તિની વિફલતા હોય.

જુદી જુદી વ્યક્તિઓનાં સુખદુ:ખને બદલે લોકસંગ્રહની દૃષ્ટિથી જોઈએ તો કદાચ ઐતિહાસિક ઉત્થાનોનું રહસ્ય જડે ખરું; પણ તેમાંય ટૂંકા કાળની દૃષ્ટિથી નહીં ચાલે. સમગ્ર સર્જનની સહેતુકતા જાણ્યા વિના આ રહસ્ય જાણવું શક્ય નથી. અને એ સારુ વિશ્વનિયંતાની હસ્તી અને તેના કલ્યાણમય નિયમનમાં ગાઢ શ્રદ્ધા અનિવાર્ય છે!

મહાકાવ્યમાં કે કોઈ પણ સ્વતંત્ર, મૌલિક સાહિત્યકૃતિમાં સર્જક સ્પષ્ટપણે પોતાનાં ઇંગિતો સ્પષ્ટ કરતો નથી. એની પાસે એવી અપેક્ષા રખાય પણ નહીં. સર્જક કોયડો ઉકેલતો હોતો નથી, સહૃદય ભાવકોને ભિન્નભિન્ન દૃષ્ટિબિંદુઓ તરફ અભિમુખ કરે છે ને વાચ્યાર્થ કરતાં વિશેષ તો લક્ષ્યાર્થથી વિચારતો કરી મૂકે છે. ધૃતરાષ્ટ્રને પણ એ રીતે સમજવાની સજ્જતા કેળવવી જોઈએ.

ગદ્યમાં વિસ્તૃત ઓળખ કર્યા બાદ, પદ્યમાં સંક્ષિપ્ત ઓળખ કરવી હોય તો:

જન્માન્ધ ને પુત્ર-પ્રેમાન્ધ બેઉ:
કુટુંબના કલેશનું મૂળ તું જ.
આચાર્ય, વિદુરજી-ભીષ્મ-બોધ
ગ્રહી, ન ડામ્યો ક-પૂતર સવેળ
એથી જ સરજ્યું કુરુક્ષેત્ર ભીષણ.

પરોક્ષ રૂપે પ્રીત પાંડુ-પુત્ર,
પ્રત્યક્ષ રૂપે કુરુકુળ-પ્રેરક,
ના કોઈનો તારક, સર્વ મારક.

વિવેકની વાત, વિચારવામાં-
સદૈવ રે! દૈવનું ભૂત ધૂણ્યું!
ન બુદ્ધિ કે કર્મની વાત કેન્દ્રમાં
નિર્ણિત સૌ નિયતિનું જ માનવું,

નિવૃત્તિ-પ્રવૃત્તિ, અધર્મ-ધર્મ
પ્રમાણી ના ત્હેં ઋત-રીતિ-કર્મ.

***

૨૨/૨, અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા-૩૯૦૦૦૭.


## પ્રગટ થઈ ચૂક્યાં છે
## ડૉ. રમણલાલ ચી. શાહ
## સાહિત્ય સૌરભ ગ્રંથ ૧ થી ૭ તથા પ્રવચનોની સી. ડી.

| ગ્રંથ | શીર્ષક | કિંમત રૂા. |
|---|---|---|
| ગ્રંથ-૧ | જૈન ધર્મ દર્શન | ૨૨૦/- |
| ગ્રંથ-૨ | જૈન આચાર દર્શન | ૨૪૦/- |
| ગ્રંથ-૩ | ચરિત્ર દર્શન | ૨૨૦/- |
| ગ્રંથ-૪ | સાહિત્ય દર્શન | ૩૨૦/- |
| ગ્રંથ-૫ | પ્રવાસ દર્શન | ૨૬૦/- |
| ગ્રંથ-૬ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦/- |
| ગ્રંથ-૭ | શ્રુત ઉપાસક-ડૉ. રમણલાલ ચી. શાહ | ૩૨૦/- |
| | ૧ સેટ (૭ પુસ્તકો)ની કિંમત | ૧૮૫૦/- |

### ગ્રંથનું રાહત દરે વેચાણ

- ૧ પુસ્તક લેનારને ૨૦% ઓછા ભાવે મળશે.
- ૧ સેટ (૭ પુસ્તકો) લેનારને ૩૦% ઓછા ભાવે મળશે.
- ૧૦ સેટથી વધુ પુસ્તકો લેનારને ૪૦% ઓછા ભાવે મળશે.
- ૫૦ સેટથી વધુ પુસ્તકો લેનારને ૫૦% ઓછા ભાવે મળશે.

૧૫ ઑગસ્ટ-૨૦૦૬ના ઉપરોક્ત ગ્રંથના પ્રકાશન સમારંભમાં ૩૫૦ સેટ જિજ્ઞાસુઓએ ખરીધ્યા છે. એ સર્વેનો આભાર અને અભિનંદન. હવે માત્ર ૧૫૦ સેટ જ અમારી પાસે ઉપલબ્ધ છે. જિજ્ઞાસુઓને લાભ લેવા વિનંતી.

ત્રિશલા ઇલેક્ટ્રોનિક્સ દ્વારા નિર્મિત ડૉ. રમણલાલ ચી. શાહના ૨૮ પ્રવચનોની સી.ડી. રૂા. ૪૦૦ (શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ધરમપુરમાં આપેલા પ્રવચનો સાથે.)

☐ મેનેજર

# વક્તૃત્વ કળા

□ પન્નાલાલ કે. છેડા

વક્તૃત્વ કળા એ વરદાન છે. ઘણાં જણ ઈચ્છતાં હોય છે કે, સભા અને બહોળા સમૂહની સમક્ષ પોતાના વિચારો વ્યક્ત કરે. બહુ ઓછાં માણસો આ ઈચ્છા પૂર્ણ કરી શકતાં હોય છે. મોટા ભાગની વ્યક્તિઓ, પોતે જે જાણતાં હોય છે તે વિચારોને પૂર્ણપણે અભિવ્યક્ત કરવામાં નિષ્ફળ જતાં હોય છે. જાણવું અને પોતે જે જાણતાં હોય તેને શ્રેષ્ઠ રીતે અભિવ્યક્ત કરવું એ બન્ને જુદી જુદી વાત છે.

પ્રવચન, વ્યાખ્યાન યા ભાષણ આપવું એ એક કલા છે. આ કલા, સાધના-અભ્યાસ અને સાતત્ય માંગે છે. અભ્યાસથી કોઈપણ કાર્ય યા કલામાં નિપુણતા વધે છે, એમાં નિખાર આવે છે. વક્તૃત્વ કળા વચન શક્તિ પર આધારિત છે. ભગવાન મહાવીર દ્વારા પ્રરૂપિત ત્રિયોગમાં એક વચન યોગ છે. શ્રેષ્ઠ વક્તા બનવા માટે કેટલીક મહત્ત્વની વાતો સમજી લેવી જોઈએ.

**સારા વક્તાઓને ધ્યાનપૂર્વક સાંભળવા :**

જે વ્યક્તિઓ પોતાની વક્તૃત્વ કળાનો વિકાસ કરવા ઈચ્છતી હોય તેમણે સારા પ્રવચનકારો-વક્તાઓને આરંભથી અંત સુધી ધ્યાનપૂર્વક સાંભળવા જોઈએ. વક્તવ્યનો આરંભ, વિષય વસ્તુનું પ્રતિપાદન, શબ્દો કે વાક્યોનો ચઢાવ-ઉતાર, ચહેરાના હાવભાવ, ખાસ કરીને શ્રોતાઓના સમૂહને આવરી લેતી દૃષ્ટિ વગેરે અનેક વિગતો ધ્યાનથી સાંભળીને ગ્રહણ કરવા યોગ્ય હોય છે. આવી સમર્થ વ્યક્તિઓને માત્ર સાંભળવા ખાતર નહિ પણ દિલચસ્પી લઈને ગંભીરતાપૂર્વક સાંભળે, તેને આદર્શ માની તેનું અનુકરણ કરી પોતે પણ એ સ્થિતિએ પહોંચે તેવો દઢ નિશ્ચય કરે તો એ વ્યક્તિ પોતાની વક્તૃત્વ શક્તિને જરૂર એક નવો આયામ આપી શકે.

**અસરકારક સંબોધન :**

કોઈપણ પ્રવચન કે ભાષણની શરૂઆત સામાન્ય રીતે સંબોધનથી થતી હોય છે. ઘણીવાર મંગળાચરણથી એનો આરંભ થતો હોય છે. મંગળાચરણથી થતાં સંબોધનનો એક વિશિષ્ઠ પ્રભાવ પડે છે. સંબોધન એવું હોવું જોઈએ કે, વક્તા પોતાની સામે બેઠેલાં જુદી જુદી કક્ષાના પ્રેક્ષકોના મનને જકડી લે, સહુના માનસપટ પર છવાઈ જાય. શિકાગોની વિશ્વધર્મ પરિષદમાં સ્વામી વિવેકાનંદે ખૂબ જ આત્મીય ગણાય એવાં સન્માનજનક ઉદ્‌બોધન સાથે પોતાના વક્તવ્યનો પ્રારંભ કર્યો હતો એ દૃષ્ટાંત અત્યંત સુપ્રસિદ્ધ છે.

**વિષયની સંપૂર્ણ જાણકારી :**

વક્તા જે વિષય પર બોલવા ઈચ્છે તે વિષયની પૂરેપૂરી જાણકારી એની પાસે હોવી જોઈએ. બોલવા ઈચ્છતાં મુદ્દાની ટાંચણ એક ચબરખીમાં લખી વક્તા પોતાની નજર સામે રાખે તો વિષયાંતર થવાની શક્યતા ઘટી જાય છે. ઘણી વખત આવી તૈયારીના અભાવમાં વિષયાંતર થાય. ગાડી આડે પાટે ઉતરી જાય અને લક્ષ્યાંક તરફ જવાને બદલે જે ખરેખર બોલવાનું છે તે ચૂકી જાય ત્યારે વક્તવ્ય અસંબંધ બની જાય. આવાં હેતુવિહિન વક્તવ્યથી શ્રોતાઓ અંદરોઅંદર વાતો શરૂ કરે. એમનો રસ ઉડી જાય અને છેવટે શ્રોતાઓ વક્તાને નિષ્ફળ ગયાનું પ્રમાણપત્ર આપે. સામાજિક સમારંભોમાં આવી ઘટનાઓથી ઘણીવાર વક્તા હાસ્યાસ્પદ બની જતાં હોય છે.

**પ્રભાવશીલ વક્તવ્ય :**

વક્તૃત્વ કળામાં આ એક અત્યંત અગત્યનો મુદ્દો છે. બોલાયેલો પ્રત્યેક શબ્દ બોલનારની પ્રાણશક્તિ, તેની વચનશક્તિનું એક અંગભૂત પ્રમાણ છે. આ શક્તિ વધુ ને વધુ ઉર્જાવાન અને પ્રભાવશાળી બને તે માટેની પહેલી શરત છે સદાચાર. આચારશૂન્ય વ્યક્તિના વિચાર કે વચનમાં પ્રભાવ નથી હોતો. નૈષ્ઠિક આચરણ અને અનુભવોની કસોટીમાંથી પાર ઉતરનાર વ્યક્તિ જ્યારે પોતાનું વક્તવ્ય આપે ત્યારે તેનું વચન, પ્રવચન બની જાય છે. શીલ તેવી શૈલી એમ કહીએ તેવી રીતે આવી પ્રભાવક વ્યક્તિઓનું કથન તેના વ્યક્તિત્વનું દર્પણ બની જાય છે.

આવી વચન શક્તિનો વિકાસ, ચિંતન-મનન અને મૌનની સાધના દ્વારા થતો હોય છે. ધર્મની મૂળભૂત સાધના સાથે જોડાયેલો આ એક ગહન વિષય છે. ભાષા સમિતિ અને વચન ગુપ્તિના અનુપાલનથી વચન યોગની શક્તિ પ્રાપ્ત થાય છે. સંતો અને મહાપુરુષોની સાધારણ વાતો પણ અસાધારણ બની તેમના અનુભવમાં આવનારની આત્મજ્યોતમાં નવી ઊર્જા અને પ્રાણશક્તિ પૂરે છે.

**શબ્દ સામર્થ્ય :**

સમર્થ વ્યાખ્યાતા માટે શબ્દ સામર્થ્યનો ગુણ હોવો જરૂરી છે. શબ્દ ભંડોળ, શબ્દને યોગ્ય ઠેકાણે વ્યક્ત કરવાનું કૌશલ્ય, ભાષાનું જ્ઞાન વગેરે ગુણો દ્વારા વક્તા શ્રોતાઓ પર છવાઈ જાય. કોઈપણ આયાસ વિના સ્ફુરિત થતાં શબ્દો સામેની વ્યક્તિ પર ઊંડી અસર પાડે છે. અલબત્ત, એક વાતનો ખ્યાલ હોવો જોઈએ કે સાંભળનાર શ્રોતા વર્ગની ગ્રહણ શક્તિ કેવી છે. આમજનતા સમક્ષ બોલતી વેળાએ પાંડિત્યપૂર્ણ શબ્દ પ્રવાહ અસરકારક બનવાને બદલે માત્ર શબ્દોનો વ્યાયામ બની જાય છે. ઘણીવાર એકસૂત્રતાને કારણે કાર્યક્રમ શુષ્કતાને પામે છે. આવા સમયે વિદ્વાન લેખકો અને મહાપુરુષોની ઉક્તિઓ, સૂત્રો કે વિષયને અનુરૂપ કવિની કાવ્ય પંક્તિઓ વિષય પ્રવાહ સાથે જોડાઈ જાય તો વક્તવ્ય વિશેષ રસપૂર્ણ અને સહાયક બની શકે છે. એવી જ રીતે ઉદાહરણો, રૂપકો, દૃષ્ટાંત કે ઘટના પ્રસંગ પણ પ્રવચનનો પ્રભાવ બની શકે છે. આ બધું જ વિષયના સમર્થનમાં વિવેકપૂર્ણ રીતે થવું ઘટે.

પુનરુક્તિ વક્તવ્યકળાનો દોષ છે. વક્તવ્યના આરંભે જે વિચાર રજૂ કરવામાં આવ્યો હોય તેના રસપ્રદ પ્રવાહમાં જ્યારે શ્રોતાઓ

તણાઈ જાય ત્યારે કદાચ વિષય પર ભાર મૂકવા પુનરુકિત થાય તો જરૂર પ્રશંસાપાત્ર બને અન્યથા એ વક્તાની ત્રુટિમાં ગણાઈ જાય.

શ્રોતાઓની આંખ સાથે આંખ પરોવીને બોલનાર અનુભવી વક્તાએ, સામે બેઠેલી વ્યક્તિઓના ચહેરાના હાવભાવ જોઈને જ સમજી જવું જોઈએ કે, પ્રેક્ષકો તેના વક્તવ્યમાં લીન છે કે કંટાળ્યાં છે. ઘણીવાર એવું બને છે કે કુશળ વક્તા શબ્દ શક્તિના સામર્થ્યે પ્રેક્ષકોની વાહ વાહ મેળવે ત્યારે વિદ્વાન વક્તા એમાં નિષ્ફળતા પામતાં હોય છે. વાતાવરણને સમજવાની કુશળતા આમાં મોટો ભાગ ભજવે છે.

**અધ્યયન :**

કુશળ વક્તા માટે અધ્યયનશીલતા હોવી અનિવાર્ય છે. સ્વાધ્યાય કે અધ્યયન દ્વારા અનુભવ અને જ્ઞાનની માત્રા વધે છે. અધ્યયનશીલ વ્યક્તિ કોઈ પણ સમયે, કોઈ પણ વિષય પર બોલી શકે છે. અભ્યાસુ વ્યક્તિ પોતાની તર્કબુદ્ધિ દ્વારા વિષયની ચારેકોર ફરી વળે છે. વક્તૃત્વના અન્ય ગુણો ધરાવતો વક્તા પોતાના વાક્પ્રવાહમાં સામેની વ્યક્તિ પર અદભૂત વશીકરણ કરી શકે છે. આમ અધ્યયન, તર્કસંગત વક્તવ્યની આધારશિલા બની રહે છે.

**આત્મવિશ્વાસ :**

વિષયનો ઊંડો અભ્યાસ હોય, જાણકારી હોય, શબ્દોનું સામર્થ્ય હોય પણ, નાના મોટા સમૂહમાં બોલવા માટે આત્મવિશ્વાસ ન હોય તો સામે બેઠેલાં શ્રોતાઓને જોઈ પગ કંપવા માંડે, શબ્દો ભૂલાઈ જાય, હૈયે હોય પણ હોઠે ન ચડે ત્યારે ગેંગેં ફેંફેં થતાં વક્તાની મુંઝવણ શ્રોતાઓ પારખી જાય. આવા સમયે સામાજિક પ્રસિદ્ધિ ધરાવતાં વક્તાની હાલત પણ કફોડી બની જાય. ઘણીવાર આત્મવિશ્વાસ ધરાવતી વ્યક્તિ વક્તૃત્વ શક્તિના અન્ય ગુણોને આધારે મેદાન મારી જાય, તેની ડંફાસોને પણ સામેની વ્યક્તિ સાચી માની લે. મનોરંજનની સભાઓમાં હાકોટા પાડતાં ને દેકારો દેતાં આવા કુશળ વક્તાઓ બહુધા વ્યવસાયિક પ્રસિદ્ધિ મેળવી લેતાં હોય છે.

**સમયનો વિવેક :**

આજના શહેરી વાતાવરણમાં જ્યાં પ્રત્યેક વ્યક્તિને સમયનો અભાવ હોય, સમયની પાબંદી હોય, એક જ સભામાં ઘણાં બધાં વક્તા બોલવાના હોય ત્યારે હોંશિયાર વક્તા વિષયને સ્પર્શીને બોલે, વાત ફંટાઈ ન જાય તેની કાળજી લે, સંબોધનથી માંડી સમાપન સુધીમાં તેને મળેલાં નિર્ધારિત સમયમાં પોતાની વાત કે વિચારને લાઘવતાથી રજૂ કરે. લયબદ્ધતા જાળવે અને ઓછામાં ઓછાં શબ્દોમાં પોતાની વાત રજૂ કરે એ વક્તા અસરકારક બની શકે છે.

શ્રોતાઓમાં ગણગણાટ થતો હોય, લોકો સભાગૃહમાં આવજાવ કરે, કારણ વિના તાળીઓ પડે ત્યારે વક્તવ્યનું ઔચિત્ય ખોરવાઈ જતું જણાય. સુજ્ઞ વક્તાઓ આવા સમયને પારખી, પોતાનું વક્તવ્ય ટૂંકાવી નાખે છે એટલું જ નહિ, વિષયના ઉપસંહારમાં ચમત્કૃતિ આણે તો ફરી શ્રોતાઓ સજાગ બનીને એ જ વક્તવ્યને જરૂર માણી શકે. ટૂંકમાં પ્રખર વક્તા પોતાના વિષયનું અનુસંધાન જાળવી શબ્દનો વ્યાપાર કરે.

**પ્રભાવશાળી સમાપન :**

અસરકારક સંબોધનની જેમ વક્તવ્યનું સમાપન પણ અગત્યનું છે. નિયત સમયમાં કેન્દ્રિત થયેલાં વિષય પરની વાત પૂર્ણ કરી એની સમાપ્તિ કરવી એ પણ એક કળા છે. સમાપનની એક શરત છે કે, પ્રારંભથી કરેલાં સમગ્ર વિષયનું આલેખન ખંડિત ન રહેતાં પૂર્ણપણે ખીલેલાં કમળની જેમ વિકસીત બની શ્રોતાઓની લાગણીના તંતુઓ સાથે એવી રીતે જોડાઈ જવું જોઈએ કે સમયના પ્રવાહની સાથે શ્રોતાઓના ચહેરા પર ઉત્કંઠા અને આનંદની લહેર છવાઈ જાય. આરંભની લયબદ્ધતા વક્તવ્યના આરોહ અવરોહની સાથે સહજ રીતે વિલય પામવી જોઈએ.

ઘણીવાર વક્તા પોતાના વક્તવ્યના સમર્થનમાં દૃષ્ટાંતો અને વિચારો રજૂ કરે પણ સમયસર એને સમેટી ન શકે એટલે વક્તવ્ય અધૂરું લાગે. સપ્તાહો સુધી ચાલતી કથાઓ કે ચાતુર્માસમાં કથાકારો કે સંતો ધર્મસભામાં પ્રવચન આપતાં જુદી જુદી આડકથાઓને ગુંથી ધીરે ધીરે નિયત, વિષય તરફ આગળ વધી કથાની પૂર્ણાહૂતિ એ વિષયના મર્મને ખૂબ કુશળતાપૂર્વક રજૂ કરી પ્રવચનને સમેટી લેતાં હોય છે. આવી સભાઓમાં શ્રોતાઓના ભક્તિભાવ અને લાગણીને કારણે વક્તૃત્વકળાની બધી જ શરતો અનિવાર્ય નથી હોતી.

લાગણી અભિવ્યક્ત કરવામાં વક્તાનો અવાજ ઘણીવાર અસરકારક બને છે. ક્યારેક વિદ્વતા સાથે મધુર અવાજનો મેળ ન હોય તેમ છતાં શ્રોતાઓ વક્તાના અવાજ કરતાં વક્તવ્યમાં રહેલાં ઊંડાણને જુએ છે. અલબત્ત, રેડિયો કે ટીવી જેવા માધ્યમો અને મુશાયરા કે સંગીત સંધ્યા જેવા કાર્યક્રમોમાં અવાજની માદકતા દ્વારા પ્રવકતા નબળી ક્ષણોને સુધારી લે છે; એમાંય જ્યારે પ્રવકતા, મધુર અવાજની સાથે વિષયનું ઊંડું જ્ઞાન અને સમયોચિત હાવભાવ ધરાવતાં હોય ત્યારે કાર્યક્રમની સફળતા પર ચાર ચાંદ લાગી જતાં હોય છે.

વ્યક્તિત્વના વિકાસ માટે આવી વક્તૃત્વ કળા ખૂબ જ અગત્યની છે. પ્રભાવશાળી વક્તાનું વક્તવ્ય, કલમ અને વાણી તલવારની ધારથી યે વિશેષ તીક્ષ્ણ બની આમજનતાના હૈયામાં સોંસરવી પ્રવેશી જાય ત્યારે ઘણીવાર સામાજિક અને રાજકીય ક્રાંતિઓના બીજ જાણ્યે અજાણ્યે વવાઈ જતાં હોય છે. વાગ્મિતા અને સરસ્વતીનું આ મિલન જવલ્લે જ પ્રાપ્ત થતું હોય છે.

વક્તૃત્વ કળા એ સાધના છે. ક્યાં, ક્યારે, કેટલું અને કઈ રીતે બોલવું એનું જ્ઞાન જેને છે તેનું વક્તવ્ય પ્રેરક, પ્રાણવાન અને પ્રભાવશાળી બને. મહાકવિ દંડીના શબ્દોમાં કહીએ તો 'વાણી એ તો જ્યોત છે, તેનાથી જ્ઞાતમાંથી અજ્ઞાતમાં જઈ શકાય છે, વાણી ન હોય તો બધે જ અંધારું હોય. પરા, પશ્યંતિ, મધ્યમા અને વૈખરી એવા વાણીના ચારે ય રૂપને આત્મસાત કરી, પ્રભાવપૂર્ણ રીતે રજૂ કરી શકે તે જ સાચો વક્તા. ✱✱✱

છેડા જ્વેલરી માર્ટ, ૪૦/૪૨, ધનજી સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦ ૦૦૩.

# શ્રી ચિદાનંદજી રચિત 'અવધૂ નિરપક્ષ વિરલા કોઈ'

☐ સુમનભાઈ એમ. શાહ

પ્રવર્તમાન દુષમકાળમાં વીતરાગ ભગવંત પ્રણીત સાધુપણું આંતર-બાહ્યદશામાં ધરાવનાર મહાત્માની અછત વર્તાય છે. જેઓને સ્યાદ્વાદ રગેરગે વર્તે છે, જેઓ પક્ષપાત રહિત છે અને જેઓના મન-વચન-કાયાદિ યોગ માત્ર સંયમના હેતુથી વર્તે છે, એવા સાધુપુરુષની દશા કેવી હોવી ઘટે અથવા તેઓમાં કેવા ગુણો પ્રગટપણે વર્તે તેનો સામાન્ય પરિચય પ્રસ્તુત પદના રચયિતા શ્રી ચિદાનંદજીએ પ્રકાશિત કરેલ છે. હવે પદનો ગાથાવાર ભાવાર્થ જોઈએ.

**અવધૂ નિરપક્ષ વિરલા કોઈ, દેખ્યા જગ સહુ જોઈ. અવધૂ**
**સમરસ ભાવ ભલા ચિત્ત જાકે, થાપ ઉથાપ ન હોઈ;**
**અવિનાશી કે ઘર કી બાતેં, જાનેંગે નર સોઈ.**
**અવધૂ નિરપક્ષ વિરલા કોઈ...૧**

વર્તમાન કાળમાં નિઃસ્પૃહી અને પક્ષપાત રહિત સાધુપુરુષ જગતમાં જડવા અતિ દુર્લભ જણાય છે. અથવા કોઈ અવધૂત અને નિરાળા સંતપુરુષ વિરલ હોય છે. આવા સત્પુરુષનું અંતરંગ સમતારસથી ભરપૂર હોય છે. તેઓની ચિત્તવૃત્તિઓ શુદ્ધ ઉપયોગમય અને ધ્યેયલક્ષી હોય છે. તેઓ પોતાના દૃષ્ટિબિંદુ કે મંતવ્યના મંડનમાં કે અન્ય મતના ખંડનમાં પડતા નથી. આવા પુરુષો મધ્યસ્થ ભાવે રહે છે અને તર્ક-વિતર્કથી અળગા રહે છે. તેઓ પ્રતિકૂળ સંજોગો કે અનુપયોગી પ્રસંગોમાં તટસ્થતા જાળવી રાખે છે. આવા જ્ઞાની પુરુષો પરમાત્માના શુદ્ધ સ્વરૂપને યથાર્થપણે જાણી શકે છે, અને તેઓના સંપર્કમાં આવતા ભવ્યજનોના આત્મકલ્યાણમાં ઉપયોગી નીવડે છે. જે આત્માર્થીને આવા સત્પુરુષનો મેળાપ થાય છે, તેને સહજપણે શ્રદ્ધા ઉત્પન્ન થાય છે.

**રાયરંકમેં ભેદ ન જાને, કનક ઉપલ સમ લેખે;**
**નારી નાગણી કો નહીં પરિચય, તો શિવ મંદિર દેખે.**
**અવધૂ નિરપક્ષ વિરલા કોઈ...૨**

જ્ઞાનીપુરુષ પોતાના સંસર્ગમાં આવતા સઘળા ભક્તજનો પ્રત્યે ભેદભાવ રહિત હિતોપદેશ આપે છે, અથવા તેઓના સાન્નિધ્યમાં આવતા સર્વજનો પ્રત્યે સરખી કરુણાદૃષ્ટિ રાખી આત્મકલ્યાણમાં ઉપયોગી નીવડે છે. રાજા કે રંક અથવા તવંગર કે ગરીબ વચ્ચે જ્ઞાનીપુરુષ ભેદભાવ રાખતા નથી. તેમ જ સોનું કે પત્થરને સમાન લેખવે છે એટલે સુવર્ણને જોઈ લલચાતા નથી કે સામાન્ય ગણાતી વસ્તુઓ પ્રત્યે તેઓને તિરસ્કાર હોતો નથી. સત્પુરુષો વિષયાસક્તિ કે વિકાર કરનારી વ્યક્તિઓનો પરિચય ટાળે છે. અથવા સંજોગવશાત્ વિષય-વિકાર કરનારી વ્યક્તિઓનો પરિચય ટાળી શકાય નહીં તો સત્પુરુષો તેઓ પ્રત્યે અદ્વેષપણે ઉદાસીન ભાવે રહે છે. આવા સત્પુરુષો કે જ્ઞાનીપુરુષો આત્માના અનુસાશનમાં રહી સંયમી જીવન વ્યતીત કરતાં મુક્તિમાર્ગના અધિકારી નીવડે છે.

**નિંદા સ્તુતિ શ્રવણ સુણીને, હર્ષ શોક નવિ આણે;**
**તે જગમેં જોગીસર પૂરા, નિત્ય ચઢતે ગુણઠાણે.**
**અવધૂ નિરપક્ષ વિરલા કોઈ...૩**

કોઈ ભક્તજન સત્પુરુષ કે જ્ઞાની પુરુષની પ્રશંસા કે સ્તુતિ કરે તો તેનાથી સાધુપુરુષને કોઈપણ પ્રકારનો હર્ષ કે આવી વ્યક્તિ પરત્વે રાગ થતો નથી. એવી જ રીતે કોઈ વિરોધી મંતવ્ય ધરાવનાર વ્યક્તિ સાધુપુરુષની નિંદા કરે તો તે અંગે તેઓને શોક કે દ્વેષ થતો નથી. ટૂંકમાં લૌકિક માન્યતા મુજબ હર્ષ કે શોકના પ્રસંગો વખતે સત્પુરુષ કે જ્ઞાનીપુરુષ તેને ઉદયકર્મના સંજોગો ગણી તેનો રાગદ્વેષ રહિત સમતાભાવે નિકાલ કરે છે અથવા તેમાં ઉદાસીનતા સેવે છે. સાધુપુરુષની આંતર-બાહ્ય દશામાં આવી નિરપક્ષ વર્તના હોવાથી તેઓને નવાં કર્મબંધ થતાં નથી અને ઉદયકર્મ સંવરપૂર્વક નિર્જરે છે. જ્ઞાનીપુરુષની આંતરિક વર્તના તો માત્ર પોતાના શુદ્ધ જ્ઞાન-દર્શનાદિ આત્મિક સ્વરૂપમાં જે વર્તે છે. આવી દશા પામેલા સત્પુરુષ સાચા અર્થમાં યોગીશ્વર કહી શકાય કારણ કે તેઓ ગુણશ્રેણિમાં ઉત્તરોત્તર ચઢતા પરિણામો પામે છે. આવા સાધુપુરુષ પોતાનું અને અન્યનું આત્મકલ્યાણ સાધી શકે છે.

**ચંદ્ર સમાન સૌમ્યતા જાકી, સાયર જેમ ગંભીરા;**
**અપ્રમત્ત ભારંડપરે નિત્ય, સુર ગિરિસમ શુચિધીરા.**
**અવધૂ નિરપક્ષ વિરલા કોઈ...૪**

આત્મસ્વભાવની સ્થિરતારૂપ ચારિત્ર્યધર્મમાં પ્રમાદરહિત પ્રવર્તમાનનું યથાર્થ સાધુપણું કેવું હોવું ઘટે તેનું વર્ણન પ્રસ્તુત ગાથામાં થયેલ છે, જે નીચે મુજબ છે.

**સૌમ્યતા :** ચંદ્રથી પણ અધિક ઉજ્જવળતા, નિર્મળતા અને શીતળતા. આવા સાધુના સાન્નિધ્યમાં આવતા ભક્તજનો પરમ શાંતિનો અનુભવ થાય છે.

**અપ્રમત્તતા :** ભારંડ પક્ષી જેમ પ્રમાદરહિત, નિત્ય પ્રવૃત્તિમય, રહે છે એવી રીતે સત્પુરુષ મનુષ્યગતિના અવતરણને સાર્થક કરવા ધ્યેયલક્ષી પ્રવૃત્તિ કરે છે, જેથી તે આત્મકલ્યાણ સાધી શકે.

**ગંભીરતા :** જેમ સાગર ધીરગંભીર હોય છે અને સઘળું પોતાની અંદર સમાવી દે છે એવી રીતે સત્પુરુષ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ ધીરતા રાખી ચલાયમાન થતા નથી.

**સુરગિરિસમ :** જેમ મેરુપર્વત પવિત્ર, શાશ્વત અને અડોલ હોય છે એવી રીતે સાધુપુરુષ પોતાના ધ્યેયમાં કે સાધ્યદૃષ્ટિમાં અચળ હોય છે (અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં).

**શુચીધીરા :** સાચા સાધુપુરુષ પોતાને જે આત્માનુભવ વર્તે છે

એના આધારે તેઓના સાન્નિધ્યમાં આવનાર અન્ય ભવ્યજીવોને હિતશિક્ષા કે બોધ આપે છે, જે કલ્યાણકારી નીવડે છે.

**પંકજ નામ ધરાય પંકશું, રહત કમળ જિમ ન્યારા;**
**ચિદાનંદ ઇશ્યા જન ઉત્તમ, સો સાહિબ કા પ્યારા.**
**અવધૂ નિરપક્ષ વિરલા કોઈ...૫**

ચિદાનંદજી પ્રસ્તુત ગાથામાં જ્ઞાનીપુરુષ કે સત્પુરુષની નિર્મળતા કેવી હોવી ઘટે તેનું સામાન્ય દૃષ્ટાંત આપે છે.

કમળનું ફૂલ તળાવમાં કાદવ-કીચડમાંથી ઊગી પાણીની સપાટી ઉપર ખીલે છે. કમળનું ફૂલ પાણીમાં રહેવા છતાં પાણીથી અળગું રહે છે. એવી રીતે જ્ઞાનીપુરુષ કે સત્પુરુષ ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ જળકમળવત્ રહી લેપાયમાન થતા નથી. એટલે તેઓ નિર્મળ અને નિર્દોષદશાને પામેલા હોય છે અને વ્યવહારમાં અશુદ્ધતા ફેલાયેલી હોવા છતાંય તેઓ નિર્લેપભાવે સંયમયાત્રા નિર્વહે છે. આવા સાધુપુરુષ જ પરમાત્મદશાને પામવાના અધિકારી નીવડે છે અને તેઓ આત્માર્થી ભવ્યજનોના આત્મકલ્યાણમાં ઉપયોગી નીવડે છે.

✱✱✱

૫૬૩, આનંદવન સોસાયટી,
ન્યૂ સામા રોડ,વડોદરા-૩૯૦ ૦૦૧

# જિન ધર્મની પ્રાચીનતા અને વિકાસ

□ જશવંત મહેતા

સ્વ. શ્રી નેમચંદ ગાલા લિખીત 'જિનધર્મની પ્રાચીનતા અને વિકાસ' લેખમાં (પ્રબુદ્ધ જીવન તા. ૧૬ જુન ૨૦૦૬ના અંકમાં) બૌદ્ધ ધર્મ અને ગૌતમ બુદ્ધનો ઉલ્લેખ કર્યો છે. લેખમાં ગૌતમ બુદ્ધને મહાવીર પ્રભુથી ઉંમરમાં મોટા હોવાનો ઉલ્લેખ કર્યો છે અને ગૌતમ બુદ્ધે કરેલ તપસ્યા વખતે મહાવીર સ્વામીનો જન્મ પણ નહોતો થયો તેમ જણાવ્યું છે. હકીકતમાં મહાવીર સ્વામીનો જન્મ ગૌતમ બુદ્ધ કરતાં ૩૬ વર્ષ પહેલાં થયો હતો. મહાવીર સ્વામી ઈ. સ. પૂર્વે ૫૯૯માં જન્મ્યા હતા અને ઈ. સ. પૂર્વે ૫૨૭માં નિર્વાણ પામ્યાં હતાં, જ્યારે ગૌતમ બુદ્ધ ઈ. સ. પૂર્વે ૫૬૩માં જન્મ્યા હતા અને ઈ. સ. પૂર્વે ૪૮૩માં નિર્વાણ પામ્યાં હતા. એટલે કે ગૌતમ બુદ્ધના જન્મ વખતે મહાવીર સ્વામીની ઉંમર ૩૬ વર્ષની હતી અને મહાવીર સ્વામીના નિર્વાણ વખતે ગૌતમ બુદ્ધની ઉંમર ૪૩ વર્ષની હતી.

સ્વ. શ્રી રમણભાઈ શાહનો બૌદ્ધ ધર્મનો પણ ઘણો ઊંડો અભ્યાસ હતો. મારે તેમની સાથે થયેલા વાર્તાલાપમાં જ્યારે ભગવાન બુદ્ધ અને ભગવાન મહાવીરનું મિલન થયું હતું કે નહીં તે વિષે ચર્ચા થઈ હતી ત્યારે તેમનું માનવું હતું કે ભગવાન બુદ્ધ શરૂઆતમાં ભગવાન મહાવીરને મળવા આતુર હતા. ગૌતમ બુદ્ધે પણ સંસારનો ત્યાગ કર્યા પછી આકરી તપસ્યા કરી હતી પણ પાછળથી તેમનાં વિચારોમાં પરિવર્તન આવ્યું અને તેઓને મધ્યમ માર્ગ વધારે યોગ્ય લાગ્યો અને ત્યારે તેઓએ મહાવીર સ્વામીને મળવાનો વિચાર પડતો મૂક્યો. નિ:શંક રીતે જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મમાં ઘણું સામ્ય છે. જૈન ધર્મમાં અહિંસા ઉપર વધારે ભાર મૂકવામાં આવ્યો છે, જ્યારે બૌદ્ધ ધર્મમાં કરૂણાને પ્રાધાન્ય આપ્યું છે. હકીકતમાં બન્નેનો સમન્વય જરૂરી છે. બન્નેને એકબીજાના પૂરક કહી શકાય. ભગવાન મહાવીર અને ગૌતમ બુદ્ધની કર્મભૂમિ બિહાર અને તેની આસપાસનો વિસ્તાર હતો.

જીવદયાનો ઉપદેશ બૌદ્ધ ધર્મમાં પણ છે. બૌદ્ધ ધર્મમાં વ્યાપક માંસાહાર વિષે પણ મારે સ્વ. શ્રી રમણભાઈ સાથે ચર્ચા થઈ હતી. (બેય ધર્મના ઉપદેશમાં ઘણું સામ્ય હોવા છતાં આહારમાં જૈન ધર્મમાં ચુસ્ત રીતે શાકાહાર અપનાવ્યો છે, જ્યારે બૌદ્ધ ધર્મમાં શાકાહારી લોકોની સંખ્યા બહુ જ જૂજ છે.). તેઓના મત મુજબ બૌદ્ધ ધર્મના અનુયાયીઓ શાકાહારી હતા, પણ ધર્મપ્રચાર માટે થાઈલેંડ, શ્રીલંકા, જાપાન વગેરે દેશોમાં, કે જ્યાં માંસાહાર ખોરાકનું મહત્ત્વનું અંગ હતું; ત્યાં જીવહિંસા ન થાય તે દૃષ્ટિએ મરેલાં પ્રાણીઓનું માંસ ખાવાની છૂટ આપી હતી. પણ વખત જતાં આ બધું ભૂલાઈ ગયું અને લોકો જીવતા પ્રાણીની હિંસા ફરીથી મોટે પાયે કરતાં થઈ ગયા.

ઈતિહાસમાં ભગવાન પાર્શ્વનાથનો ઉલ્લેખ મળે છે, પણ પાર્શ્વનાથ પૂર્વેના તીર્થંકરોની કોઈ ચોક્કસ તારીખો પ્રાપ્ત નથી થતી. હકીકતમાં રામાયણ તથા મહાભારતની કોઈ ચોક્કસ તારીખો પ્રાપ્ત નથી થતી, એથી ભગવાન નેમિનાથ જેનો ઉલ્લેખ મહાભારતમાં છે તેની ચોક્કસ તારીખ પ્રાપ્ત થતી નથી.

શ્રી કૈલાસચંદ જૈને, જેઓ જૈન ઇતિહાસના જાણીતા અભ્યાસી છે, તેમણે તેમના પુસ્તકમાં ભગવાન મહાવીરના સમય વિષે અંગ્રેજીમાં પુસ્તક લખેલ છે. તેમના મતે બૌદ્ધ ધર્મના સાહિત્યમાં ભગવાન મહાવીર સ્વામી અને ભગવાન પાર્શ્વનાથનો ઉલ્લેખ છે. પાર્શ્વનાથ ઈ. સ. પૂર્વે ૯મી સદીમાં જન્મ્યાં હતા. હકીકતમાં તેમના પુસ્તકમાં જણાવ્યા મુજબ ભગવાન મહાવીર અને ભગવાન પાર્શ્વનાથના અનુયાયીઓમાં શરૂઆતમાં ઘર્ષણ પણ થયેલું ;પાછળથી બંન્ને પંથો વચ્ચે સમજુતી સધાઈ એમ કહેવાય છે.

આ પુસ્તકમાંથી extract રજૂ કરું છું.

'The existence of Parsva's order in Mahavira's time is proved by the reported disputes between the followers of Parsva and those of Mahavira. The followers of Parsva who did not fully recognize Mahavira as their spiritual guide, existed during Mahavira's life-time. A sort of compromise was effected between the two sections of the Jaina Church.'

'LORD MAHAVIR & HIS TIMES - ' (Lala S. L. Jain Research Series)

✱✱✱

બી-૧૪૫/૧૪૬, મિત્તલ ટાવર, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧.

# અઢારમો જૈન સાહિત્ય સમારોહ

☐ ડૉ. કલા શાહ

(૨) (ગતાંકથી ચાલુ)

વૃદ્ધાવસ્થામાં માણસો અનેક પ્રકારની ફરિયાદો કરતા જોવા મળે છે. પણ રમણભાઈની ખૂબી એ હતી કે તેઓ એન.સી.સી.ના મેજર હતા. તેથી તેઓ વીસ-પચ્ચીસ માઈલ સહેલાઈથી ચાલતા. કુમારપાળભાઈએ રમણભાઈ અને તારાબેનને શીવ-પાર્વતી સાથે સરખાવ્યા હતા.

રમણભાઈએ પોતાના પુસ્તકોના કોપીરાઈટ સમર્પિત કરી દીધા હતા તે તેમની વિશેષતા ગણાય. રમણભાઈના મનમાં કેટલીક વાતોનું સતત દુઃખ હતું અને તે એ કે જૈન સમાજના પંડિતોએ જૈન બની કામ કરવું જોઈએ. શહેરોમાં સંશોધન કેન્દ્રો હોવા જોઈએ. જ્યાં જૈન ધર્મના બધાં પુસ્તકો મળતાં હોય. જૈન પુસ્તકોનું પ્રદર્શન થવું જોઈએ. અને જો આપણે સૌ આટલું કરી શકીએ તો રમણભાઈને સાચી શ્રદ્ધાંજલિ આપી ગણાય.

ડૉ. કલાબેને રમણભાઈ સાથેના વિદ્યાર્થી તરીકેના સંસ્મરણોને યાદ કરતાં કહ્યું હતું કે 'મારું સદ્ભાગ્ય છે કે મારી વૈખરી વાણીનો સદુપયોગ અમારા પરમગુરુ ડૉ. રમણભાઈના સંસ્મરણોને યાદ કરવા માટે કરવાનો છે.

ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વરા
ગુરુ સાક્ષાત્ પર બ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરુવે નમઃ
સંત કબીરના શબ્દોમાં કહું તો-
ગુરુ ગોવિંદ દોનો ખડે કાકો લાગું પાય
બલિહારી ગુરુ આપકી ગોવિંદ દિયો બતાય.

ડૉ. રમણભાઈ માટે ઉપરના શબ્દો તદ્દન સાચા પડ્યા હતા. તેઓ અમારા માટે માત્ર પીએચ.ડી.ના માર્ગદર્શક ગાઈડ જ ન હતા. તેમણે મારા જેવા કેટલાંય વિદ્યાર્થીઓને જૈન ધર્મનું, ધર્મના આચરણનું જ્ઞાન અને ભાન કરાવ્યું હતું.

ભારતીય સંસ્કૃતિમાં ગુરુ માહાત્મ્ય વિશે અનેક ગ્રંથો લખાયા છે. અને જૈન ધર્મમાં ગુરુ પરંપરાનું અનોખું મહત્ત્વ છે. પ્રભુ મહાવીર અને ગૌતમ સ્વામીથી શરૂ કરીને આજ દિન સુધી આ પરંપરા ચાલુ રહી છે. જૈન સાહિત્યની મોટા ભાગની કૃતિઓમાં ગુરુનું, પાટપરંપરાનું અને ગચ્છ વગેરેનું આલેખન જોવા મળે છે. ડૉ. રમણભાઈ એમ.એ.ના વર્ગમાં મધ્યકાલીન જૈન કૃતિઓ રસ પડે એવી રીતે ભણાવતા. પીએચ.ડી.ના સંશોધનકાર્ય વખતે રમણભાઈના સહજ, સરળ, તટસ્થ તથા વિદ્વતાપૂર્ણ વ્યક્તિત્વનો પરિચય મળ્યો. ઉપરાંત આ પ્રસંગે કલાબેને રમણભાઈની પી.એચ.ડી.ના માર્ગદર્શક તરીકેની વિશેષતાઓ બતાવી હતી. માર્ગદર્શક તરીકે વિદ્યાર્થી પાસે તેઓ મૌલિક દૃષ્ટિકોણ તથા સખત મહેનતની અપેક્ષા રાખતા. તેઓ વિષયની છણાવટ સુવ્યવસ્થિત રીતે કરતા. વિદ્યાર્થી પોતાના લખાણમાં ખંડનાત્મક નહિ પણ મંડનાત્મક દૃષ્ટિકોણ રાખે તેમ જણાવતા. તેઓ શિક્ષક તરીકે શિસ્ત અને નિયમિતતાના આગ્રહી હતા. રમણભાઈની શિક્ષક તરીકેની વિશેષતા એ હતી કે તેઓ વર્ગના દરેકે દરેક (૧૫૦) વિદ્યાર્થીઓને નામથી જ બોલાવતા. આ વાત તેમની તીવ્ર યાદશક્તિની પ્રતીતિ કરાવે છે.

રમણભાઈ માત્ર શિક્ષક કે માર્ગદર્શક ન રહેતા અમારા સ્વજન બની રહેતા. તેઓ શૈક્ષણિક અને કૌટુંબિક પ્રસંગોમાં હાજરી આપી અમારું ગૌરવ વધારતાં. રમણભાઈ પોતાના સમન્વયકારી સ્વભાવને કારણે મુંબઈ યુનિવર્સિટીના જૂની અને નવી પેઢીના શિક્ષકોને એક સૂત્રે બાંધી રાખતા. રમણભાઈના વ્યક્તિત્વનો ખાસ ગુણ તેમનો સંયમગુણ હતો. તેમની વાણીમાં, પહેરવેશમાં અને કરણીમાં ક્યાંય ક્યારેય આડંબર જોવા મળ્યો નથી. સર્વત્ર સંયમ અને સાદગીની પ્રતીતિ તેઓ કરાવતા.

રમણભાઈ સાથેની છેલ્લી મુલાકાતને યાદ કરતા કલાબેને કહ્યું કે 'મુલુંડના ઘેર એમને મળવા ગઈ ત્યારે એમણે પોતાની બીમારીનો જરા સરખો પણ અહેસાસ થવા દીધો નહિ. અમારી સાથે દોઢેક કલાક વાતો કરી. અને જ્યારે તેમણે અમને પુસ્તકો ભેટ આપ્યા તે સમયનું તેમનું નિરાભિમાની વ્યક્તિ ચિત્ર આ પળે પણ તાદૃશ્ય થાય છે.

સાહિત્ય સમારોહની પ્રેરણામૂર્તિ ડૉ. રમણભાઈ શાહ આજે પણ અક્ષરદેહે આપણી સૌની વચ્ચે છે. ગુરુજન તરીકે-એક અનોખા અને અદકા શિક્ષક-માનવ તરીકે તેઓ સદાકાળ જીવંત રહેશે.

ડૉ. રમણભાઈ શાહે મુંબઈ યુનિવર્સિટીમાં લગભગ ૧૯ વિદ્યાર્થીઓને પીએચ.ડી. કરાવી છે. તેથી ડૉ. કલાબેન શાહે પોતાના ગુરુજન ડૉ. રમણભાઈ શાહના નામની એક સ્કોલરશિપનું, જૈન સાહિત્યમાં સંશોધન કાર્ય માટે, આયોજન કરવાનો પ્રસ્તાવ આ બેઠકમાં રજૂ કર્યો હતો જે બધાંએ તાળીઓના ગડગડાટ વચ્ચે વધાવી લીધો હતો.

પ્રા. પૂ. તારાબેને પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે જે રીતે એક દીવામાંથી બીજો દીવો પ્રગટે છે અને બીજામાંથી ત્રીજો દીવો પ્રગટે છે એ જ રીતે અનેક દીવાઓ પ્રગટતા જાય છે પણ તેથી પહેલા દીવાનું મહત્ત્વ જરાય ઓછું થતું નથી. દીવાઓ જ્ઞાનના પ્રતીક છે. અહીં પણ આપણે જ્ઞાનનો દીપક પ્રગટાવ્યો છે. રમણભાઈએ પ્રથમ જૈન સાહિત્ય સમારોહ શરૂ કર્યો પછી એ સમારોહ ચાલતા જ રહ્યા અને આજે અઢારમો સાહિત્ય સમારોહ રમણભાઈને સમર્પિત છે એ આનંદ અને સંતોષની વાત છે.

પોતાના પતિ વિશે જાહેરમાં બોલવું એ સ્ત્રીઓને માટે મુશ્કેલ હોય છે. પરંતુ હું રમણભાઈ વિશે-મારા પતિ વિશે બોલ્યા જ કરું છું. ઘણું કહી શકાય એમ પણ છે. અને બોલવાની-કહેવાની શક્તિ પણ છે. ઘણું કહેવાયું છે અને ઘણું કહેવાનું છે. રમણભાઈ મહાવીર જૈન વિદ્યાલય સાથે સંકળાયેલા હતા. આગમ સમિતિના સભ્ય હતા.

તારાબેને વધુમાં કહ્યું કે મારે પુરુષાર્થ કરવો છે. મારામાં પુરુષાર્થ કરવાની શક્તિ પણ છે. મારે ઉત્કર્ષ કરવો છે. હરિવરને મારે યાદ રાખવા જોઇએ. હરિ જેવા મારા વર રમણભાઈ શાહ–એમનો આધાર હરપળે મને મળે છે. કોઈ અદૃશ્ય તત્વ મને મદદ કરે છે. રમણભાઈની વિશેષતાઓને યાદ કરતા તારાબેને કહ્યું કે–રમણભાઈ જીવનની અમૂલ્ય પળોને ક્યારેય ગુમાવતા નહિ. તેઓ માનતા કે નાના મોટા સન્માનો લેવા નહિ અને બહુ વક્તવ્યો કરવા નહિ. જ્યારે ઘણાં કામો કરવાના હોય ત્યારે કેટલાંક ચોક્કસ કામો કરવા અને બીજા કેટલાંક કામો છોડી દેવા. પોતે આ રીતે જીવનનું ઘડતર કર્યું.

જેમને જૈન ધર્મ સમજવો હોય તેમને રમણભાઈએ લખેલ પુસ્તકો વાંચવા. રમણભાઈનો સૌથી મોટો ગુણ સમતાગુણ હતો. બીજું કોઈ આગળ વધે એ જાણી તેઓ બહુ ખુશ થતા. માણસ પ્રસન્નચિત્ત હોય તે ઘણું લખી શકે. રમણભાઈએ ઘણું લખ્યું. રમણભાઈને યાત્રાનો ઘણો શોખ હતો. તેમણે બાહ્ય યાત્રાઓ–પ્રવાસો ઘણી કરી અને આંતરયાત્રા પણ કરી. જીવનમાં એક પળ પણ તેમણે વ્યર્થ જવા દીધી નથી. તેથી જ તેઓ આગળ વધી શક્યા. તેઓ સદેહે અત્યારે નથી પણ મને હરપળે તેમની પ્રતીતિ થાય છે. ઘણી વાતો મનમાં ઘોળાયા કરે ત્યારે કોઈક મદદ કરી રહ્યું છે એવું મને લાગ્યા કરે છે.

રમણભાઈએ ઘણું બધું છોડ્યું પણ જૈન સાહિત્ય સમારોહ અને વ્યાખ્યાનમાળા છોડ્યા નહિ.

તારાબેનના વક્તવ્યમાં પતિ રમણભાઈ પ્રત્યેનો આદરભાવ ભક્તિભાવ રૂપે પ્રકટ થયો હતો.

ડૉ. હંસાબેન શાહે રમણભાઈ સાથેના જૈન સાહિત્ય સમારોહ સમયે રમણભાઈએ પોતાને કેટલા પ્રોત્સાહિત કર્યા એ સ્મરણો યાદ કરી પૂ. રમણભાઈ પ્રત્યે ભાવ વંદના કરી હતી.આ પ્રસંગે ડૉ. કલાબેન શાહ અને ડૉ. હંસાબેન શાહ સંપાદિત શ્રી મહાવીર જૈન વિદ્યાલય પ્રકાશિત બે પુસ્તકો 'જૈન સાહિત્ય સમારોહ–ગુચ્છ–૯' (૧૭ મા જૈન સાહિત્ય સમારોહમાં પ્રાપ્ત થયેલા સંશોધન લેખો) અને '૧ થી ૧૦ જૈન સાહિત્ય સમારોહના અહેવાલો'–એ બે પુસ્તકનું લોકાર્પણ અધ્યક્ષ શ્રી બળવંત જાનીના વરદ્ હસ્તે થયું હતું.

ડૉ. બળવંતભાઈ જાનીએ અધ્યક્ષપદેથી જૈન કથા સાહિત્યની વિશેષતાઓ વિશે વક્તવ્ય આપ્યું હતું. અંતમાં ડૉ. રમણભાઈ શાહને સમર્પિત બેઠકની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

**તા. ૮ મી સપ્ટેમ્બર**

**પ્રથમ બેઠક**

બીજા દિવસે એટલે કે તા. ૮મી સપ્ટેમ્બરે સવારની સાડા નવ વાગ્યાની બેઠક પ. પૂ. આચાર્ય પ્રદ્યુમ્નસૂરિશ્વરજીની નિશ્રામાં–ઉપાશ્રયમાં મળી હતી. ગુરુદેવે ગંભીર અને સરળ શૈલીમાં આગમ વાચના કરી શ્રોતાઓને આગમ વિષય માહિતી આપી હતી.

આ બેઠકના અધ્યક્ષપદેથી વિદ્વાન ડૉ. જીતુભાઈ શાહે 'જૈન યોગ'નો સવિસ્તર પરિચય તેમની શાંત–સરળ અને વિદ્વતપૂર્ણ બાનીમાં રજૂ કર્યો હતો. અન્ય વિદ્વાનોએ 'જૈન દૃષ્ટિએ યોગ' એ વિષયના વિવિધ પાસાઓ પોતપોતાના નિબંધોમાં અભ્યાસપૂર્ણ રીતે રજૂ કર્યા હતા. તે નીચે પ્રમાણે છે:

**'જૈન યોગ–આધ્યાત્મિક વિકાસક્રમ'**

**ડૉ. હંસાબેન શાહ**

ડૉ. હંસાબેને આ વિષયના પોતાના નિબંધમાં જણાવ્યું કે ભારતના યોગીમુનિઓએ યોગસાધના દ્વારા અંર્તદૃષ્ટિ માટે અને સર્વાતંભાવિ ઉન્મેષ માટે અપેક્ષિત બળ પ્રાપ્ત કર્યું હતું. યોગનું બીજું નામ અધ્યાત્મ માર્ગ અથવા અધ્યાત્મ વિદ્યા છે.

વેદાંતમાં આધ્યાત્મિક બતાવતાં યોગસૂત્ર, ભાષ્યા યોગવસિષ્ઠનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે યોગ સૂત્ર ભાષ્યમાં ચિત્તની પાંચ અવસ્થાઓ તથા યોગવસિષ્ઠમાં સાત અવસ્થાઓ બતાવવામાં આવી છે અને જ્ઞાનની સાત અવસ્થાઓ સમજાવી છે. હઠયોગ વિશેના સુપ્રસિદ્ધ ગ્રંથો જેવા કે હઠયોગ, પ્રદિપિકા, શિવસંહિતા, ઘરેંડસંહિતા, ગોરક્ષશતક વગેરેનો ઉલ્લેખ કરી તેમાં બાહ્ય યોગોનું પ્રચૂર માત્રામાં વર્ણન છે તે જણાવ્યું હતું.

બૌદ્ધ દર્શનમાં આધ્યાત્મિક વિકાસની વાત કરતાં તેમણે સ્થવિરવાદની છ અવસ્થાઓ અને મહાયાન અનુસાર દશ અવસ્થાઓ સમજાવી હતી. બુદ્ધ પ્રણિત આધ્યાત્મિક વિકાસમાં એકાગ્રતાની સાથે સાથે અહમ્ મમત્વનો ત્યાગ કહ્યો છે. બૌદ્ધોએ હઠયોગનો નિષેધ કર્યો છે.

આજીવક દર્શનમાં આધ્યાત્મિક વિકાસ સમજાવતા આજીવક સંસ્થાના સંસ્થાપક ગોશાલકે બતાવેલા માનવ વિકાસ માટેના આઠ ભેદો 'અષ્ટ પુરુષ ભોમિયા'નો ઉલ્લેખ કર્યો હતો.

જૈન દર્શનમાં આધ્યાત્મિક વિકાસ સમજાવતાં તેમણે કહ્યું કે વર્ષો સુધી મૌન ધારણ કરીને આત્મચિંતન દ્વારા પ્રભુ મહાવીરે યોગાભ્યાસમાં જીવન વીતાવ્યું તેમના શિષ્યોએ પણ એ જ માર્ગ અપનાવ્યો.

જૈન આગમમાં યોગનો અર્થ સમજાવતાં તેમણે કહ્યું કે 'યોગનો અર્થ ધ્યાન' છે. નિર્યુક્તિ, તત્ત્વાર્થ સૂત્ર, ધ્યાનશતક વગેરેમાં ધ્યાનનું વર્ણન છે. આચાર્ય હરિભદ્રસૂરિએ બતાવેલ યોગ માર્ગનો ઉલ્લેખ પણ તેમણે કર્યો. આ હરિભદ્રસૂરિએ તત્કાલીન પરિસ્થિતિ અને લોકરૂચિ અનુસાર નવી પરિભાષા આપીને જૈન સાહિત્યમાં નવા યુગનો પ્રારંભ કર્યો. તેમણે 'યોગદૃષ્ટિ સમુચ્ચય' અને 'યોગપિંશિકા'માં આધ્યાત્મિક વિકાસનું આલેખન કર્યું છે. હેમચંદ્રાચાર્ય કૃત 'યોગશાસ્ત્ર'માં પતંજલિ કૃત આઠ યોગનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. ઉપાધ્યાય યશોવિજયજીએ 'અધ્યાત્મસાર' અને 'અધ્યાત્મોપનિષદ'માં સટીક બત્રીસ બત્રીસિયા યોગ સમજાવ્યાં છે. અન્ય ધર્મોના મતોની જેમ જૈન મતમાં વિકાસની જુદી જુદી અવસ્થાઓ–ચૌદ અધ્યાત્મ અવસ્થાઓ, ચૌદ ગુણસ્થાનક ને નામે પ્રસિદ્ધ તેનું વર્ણન આપ્યું છે.

અંતમાં તેમણે જણાવ્યું કે બધાં જ દર્શનોનો વિચાર કરતાં જણાય છે કે અંતિમ સાધ્ય શાશ્વત સુખ નથી. મુક્તિમાં શાશ્વત સુખ છે અને તે દુઃખની આત્યંતિક નિવૃત્તિ દ્વારા જ શક્ય છે. મોક્ષ મળવાથી દુઃખની આત્યંતિક નિવૃત્તિ થાય છે.

આમ તેમણે અન્ય ધર્મો સાથે તુલના કરી જૈન ધર્મના ચૌદ

ગુણસ્થાનકને આધ્યાત્મિક વિકાસનો ક્રમ સમજાવ્યો.

**'જૈન દર્શનમાં યોગવિચાર'**

**ડૉ. ઉત્પલા મોદી**

યોગ શબ્દ પ્રાચીન કાળથી વપરાય છે. મન, વચન અને કાયાની પ્રવૃત્તિને જીવના યોગ રૂપે ઓળખવામાં આવે છે. મન, વચન અને કાયાના યોગનો નિરોધ અને શુભ પ્રશસ્ત મન, વચન, કાય યોગનું પ્રવર્તન અનિવાર્યા પતંજલિ ચિત્તવૃત્તિના નિરોધ ને યોગ કહે છે. ઉપાધ્યાય યશોવિજયજીએ ક્લિષ્ટ ચિત્તવૃત્તિઓનો નિરોધ બતાવ્યો છે.

જૈન દર્શનમાં આગમ સાહિત્યમાં અનંત શક્તિ સંપન્ન માન્યો છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત સુખ અને અનંત શક્તિ–આ ચાર અનંત આત્મામાં સમાયેલા છે. જ્યાં સુધી આત્મામાં એકાગ્રતા ન આવે ત્યાં સુધી સ્વસ્વરૂપનું જ્ઞાન થતું નથી. આત્મજ્યોતિ પ્રગટ કરવા માટે મન, વચન અને કાયાના યોગમાં એકરૂપતા એકાગ્રતા અને સ્થિરતા લાવવાની આવશ્યકતા સમજાવી હતી. આધ્યાત્મિક સાધનામાં યોગસાધનાનું મહત્ત્વનું સ્થાન અને પ્રથમ સ્થાન છે 'યોગ' શબ્દની વ્યુત્પત્તિ આપી યોગના અન્ય અર્થો તથા પતંજલિ હરિભદ્રસૂરિ વગેરેના યોગવિષય મંતવ્યો રજૂ કર્યા હતા.

જૈન દર્શનમાં યોગની વાત કરતાં તેમણે કહ્યું હતું કે જૈન દર્શને 'ત્રિવિધ યોગ' કહ્યો છે. શુદ્ધ શ્રદ્ધા, શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ક્રિયાની સાધના દ્વારા મોક્ષ પ્રાપ્તિ થાય છે. આ ત્રિવિધ યોગને રત્નત્રયી અને મોક્ષમાર્ગ કહેવાય છે. મનને વિકારોમાંથી હઠાવી આત્મ સ્વરૂપમાં સ્થિત થવું તે યોગ. આગમોમાં મન, વચન અને કાયાના યોગને શરીરયોગ કહેવાય છે. જૈન પરંપરામાં યોગને સ્થાને 'સંવર' શબ્દ વપરાયો છે. 'સંવર' જૈન પરંપરાનો પારિભાષિક શબ્દ છે. યોગનો આધ્યાત્મિક અર્થ સમજાવતાં તેમણે ભગવાન મહાવીરે અને પાર્શ્વનાથે આશ્રવને રોકવાની વાત કહી છે તે અને પતંજલિએ 'ચંચળચિત્તવૃત્તિ'ને રોકવાની વાત કરી છે તેનો ઉલ્લેખ કર્યો. આત્માનું શુભ યોગમાં પરિણમન થવું તે આશ્રવ છે. આશ્રવના બે પ્રકાર–સકષાય અને અકષાય આશ્રવ. બન્નેમાં કર્મનો પ્રવાહ જરૂર આવે છે પણ બંધ સકષાય યોગના આશ્રવથી થાય છે. આશ્રવ અથવા ચિત્તવૃત્તિનો નિરોધ એટલે આત્માને વિકાર રહિત બનાવવો. જે સાધનાથી આત્માનો પરમાત્મા સાથે સંયોગ થાય તે યોગ સાધના છે અને જેનું તેમાં વર્ણન થયું છે તે યોગશાસ્ત્ર કહેવાય છે. ચમત્કારો અથવા ભૌતિકપ્રાપ્તિ માટે યોગસાધન ન કરવી જોઇએ.

જૈન દર્શનમાં મન, વચન અને કાયાની એક વાક્યતાને 'યોગ' કહેવામાં આવે છે. જૈન દર્શનમાં યોગા પ્રણાલિકાનો આધાર કેવળ આંતરિક વિકાસ પર છે. બહારના સાધનોને તે ગૌણ સ્વરૂપ માને છે. જૈન દર્શન ચિત્તવૃત્તિનો નિરોધ કરીને વિરમતું નથી પરંતુ ચિત્તવૃત્તિના મૂળભૂત કારણોનો નાશ કરી આત્મસ્વરૂપની પૂર્ણતાએ પહોંચવાનું કહે છે. આંતરિક વિકાસમાં ઉપયોગી ન હોય તેને જૈન દર્શન માન્ય રાખતું નથી. જૈન દૃષ્ટિએ યોગમાં કેવળ આત્મકલ્યાણ જ અભિષ્ટ છે.

**જૈન યોગ પરંપરા અને પાતંજલ યોગસૂત્ર એક ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં**

**ડૉ. જવાહર પી. શાહ**

આ નિબંધમાં લેખકે 'યોગ' શબ્દની વ્યાખ્યા આપી જૈનાગમોમાં 'યોગ' શબ્દ 'ધ્યાન'ના અર્થમાં પ્રયુક્ત થયો છે તે જણાવ્યું. આગમોમાં ધ્યાનનું લક્ષણ તેના ભેદો–પ્રભેદો અને આલંબનનું વર્ણન આપવામાં આવ્યું છે.

જૈન સાધુઓના દૈનિક ક્રમમાં પાંચ યમ નિયમ યોગ તથા અષ્ટ પ્રવચન માત્ર એટલે મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ તથા પાંચ સમિતિ દ્વારા શુદ્ધ ધર્મનો સમુદ્રભાવ સમજાવ્યો છે. તત્ત્વાર્થ સૂત્ર અને ધ્યાનશતક જેવા ગ્રંથોનો ઉલ્લેખ કર્યો છે.

વેદ, ઉપનિષદ, સાંખ્ય વગેરે દર્શનોએ તત્ત્વજ્ઞાન સાથે મોક્ષપ્રાપ્તિ માટેના સાધન તરીકે યોગનો નિર્દેશ કર્યો છે. અન્ય દર્શનકારોએ પતંજલિને સન્માન્ય ગણ્યા છે. ગીતામાં ભક્તિ, કર્મ અને જ્ઞાન યોગનો મહિમા બતાવ્યો છે. હઠ યોગની શાખા કેવી રીતે અસ્તિત્વમાં આવી તેનું વર્ણન લેખકે કર્યું છે. યોગવિષયક ગ્રંથોમાં 'પાતંજલ યોગસૂત્ર' એક વિશિષ્ટ ગ્રંથ છે. તેમાં ચાર પાદ અને ૧૯૫ સૂત્રો છે. આ ગ્રંથ ઉપર વ્યાસભાષ્ય અને વાચસ્પતિ મિશ્ર કૃત ટીકા મળે છે.

જૈન દર્શન સાથે 'યોગદર્શન'નો વિચાર કરીએ તો તેમાં ઘણું સામ્ય છે. ઈશ્વર તત્ત્વ વિશેનું કથન જૈન દર્શન સંમત 'કેવલી' તત્ત્વ સાથે ઘણું મળતું આવે છે. વૈદિક સાહિત્યમાં 'યોગવસિષ્ઠ' જેવા ગ્રંથો હઠયોગને અગ્રાહ્ય ગણે છે. તો જૈન યોગ સાહિત્યમાં હઠયોગને સ્થાન જ નથી.

ઉપાધ્યાય યશોવિજયજીએ 'પાતંજલ યોગસૂત્રો' પરની વૃત્તિને ૨૭ સૂત્રોના બે કાર્યો કર્યા છે.

૧. જૈન અને સાંખ્ય દર્શન વચ્ચેનો ભેદ સ્પષ્ટ કર્યો છે.

૨. આ બે દર્શનો વચ્ચે–જ્યાં માત્ર પરિભાષાનો જ ભેદ છે ત્યાં તેમણે સમન્વય કર્યો છે.

શુભચંદ્રના 'જ્ઞાનાર્ણવ'માં પ્રાણાયમનું નિરૂપણ ૧૦૦ શ્લોકોમાં છે જ્યારે હેમચંદ્રાચાર્ય યોગશાસ્ત્રમાં પ્રાણાયમ નિરૂપયોગી માને છે. ઉપાધ્યાય યશોવિજયજીએ પોતાના ગ્રંથોમાં 'પાતંજલ યોગસૂત્ર'માંના કેટલાંક મુદ્દાઓ પર બત્રીસીઓ રચી છે. આચાર્ય હરિભદ્રસૂરિએ 'પાતંજલ યોગ દર્શન'માંથી આઠ યોગાંગનું વર્ણન પોતાના યોગદૃષ્ટિ વિષયક ગ્રંથમાં આઠ ભૂમિકાઓમાં ઢાળ્યું છે અને તેને ચૌદ ગુણસ્થાનક સાથે સાંકળી લીધી છે.

**જૈન દર્શનમાં ધ્યાનયોગ**

**ડૉ. કવિન શાહ**

જૈન તત્ત્વજ્ઞાન અને જૈન દર્શન તથા જૈન સાહિત્યના ઊંડા અભ્યાસી ડૉ. કવિન શાહે પોતાના નિબંધમાં યોગવિષયક મુદ્દાઓને ઊંડાણ અને વિસ્તારપૂર્વક સુવ્યવસ્થિત રીતે રજૂ કર્યા છે. સૌપ્રથમ યોગની વિવિધ વ્યાખ્યાઓ આપી તેમણે કહ્યું કે–'યોગ એટલે આત્માને મોક્ષ સાથે જોડવાની વિશેષ પ્રકારની પ્રક્રિયા.' 'યોગ એટલે આત્મલક્ષી ધર્મપ્રવૃત્તિ.' કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે કહ્યું છે 'યોગ એ મોક્ષ પ્રાપ્તિનું મૂળભૂત સાધન છે.'

યોગના પ્રકારો–જ્ઞાનયોગ, ભક્તિયોગ, કર્મયોગ અને દર્શન, ચારિત્ર અને ધ્યાનયોગ તથા મંત્રયોગ અને હઠયોગ વગેરે છે. ધ્યાનયોગ એટલે ચિત્તની એકાગ્રતા. જગતના બાહ્ય પદાર્થોમાંથી મનને પાછું વાળીને આત્મા સાથે તેનું જોડાણ કરવું એટલે ધ્યાન..

હેમચંદ્રાચાર્ય ઉપાધ્યાય યશોવિજયજી વગેરેના યોગવિષયક વિચારો જણાવીને તેની પરિયુક્ત માટે જૈન કથાઓમાંથી મરૂદેવી માતા, દૃઢ પ્રહરી અને ચિલાની પુત્ર વગેરેના દૃષ્ટાંતો લેખકે આપ્યા છે.

પ્રાચીન આગમગ્રંથોમાં ધ્યાન-અનુપ્રેક્ષા સાધન વિશેના સંદર્ભો પ્રાપ્ત થાય છે. લેખકે ધ્યાનના ચાર પ્રકારો શ્રી સમણ સુત્તના દૃષ્ટાંતો દ્વારા દર્શાવ્યા છે. અનુપ્રેક્ષા એ ધ્યાનની એક પ્રક્રિયા છે. બાર અનુપ્રેક્ષાઓનું અને પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ, આલોચના તથા સમાધિનું વારંવાર ચિંતન મનન કરતાં રહેવું 'કાયોત્સર્ગ' એ ધ્યાનની વિશિષ્ટ યૌગિક સ્થિતિ છે.યોગની મુદ્રાઓમાં કાયોત્સર્ગની મુદ્રાઓનો સમાવેશ થયો છે. તીર્થંકર ભગવંતો પણ પોતાની સાધનામાં તેનો ઉપયોગ કરીને નિર્વાણપદને પામ્યો. આત્માને જન્મ, જરા અને મૃત્યુના વિષચક્રમાંથી મુક્તિ મેળવવા માટે યોગસાધના આવશ્યક છે.

યોગસાધના કરવાના સ્થાન વિશે યોગશાસ્ત્રમાં કહ્યું છે કે 'યોગીએ તીર્થંકરની દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણની ભૂમિમાં બેસીને ધ્યાન કરવું જોઈએ. સાધક લાંબા સમય સુધી ચિત્તને સ્વસ્થ રાખી સમાધિમાં રહી શકે તે આસન યોગ્ય આસન જાણવું.

લેખકે ધ્યાનના ચાર પ્રકાર આર્ત, રૌદ્ર, ધર્મ અને શુકલ ધ્યાન વિશે વિસ્તારપૂર્વક સમજણ આપી છે.

અર્વાચીન કાળના યોગના સાધક તરીકે યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરજી, પ. પૂ. કલાપૂર્ણસૂરિ, આ. કેસરસૂરિ, શ્રીમદ્ રાજચંદ્ર, અવધૂ આનંદઘનજી, ઉપાધ્યાય યશોવિજયજી, દેવચંદ્રજી, ચિદાનંદજી વગેરેનો ઉલ્લેખ કર્યો છે.

**જૈન યોગ**

**વસંતભાઈ ખોખાણી**

વર્તમાન સમયમાં પશ્ચિમી જગતમાં યોગ તરફનું આકર્ષણ વધતું જાય છે. ભૌતિક સંપત્તિથી ત્રસ્ત બનેલો માનવ આજે શાંતિની શોધમાં ભટકી રહ્યો છે. યોગવિષયક ભ્રામક માન્યતાઓનો ઉલ્લેખ કરીને લેખક કહે છે યોગમાર્ગ એ ભારતીય પરંપરાનું મહત્ત્વનું દર્શન છે. યોગ સંસાર વિરક્તિ અને મોક્ષપ્રાપ્તિના પંથ છે. અહીં લેખકે મુખ્ય દાર્શનિકો પતંજલિ, હેમચંદ્રાચાર્ય, હરિભદ્ર, શુભચંદ્ર વગેરેનો ઉલ્લેખ કરી જૈન પરંપરામાં સંવર તેમ જ નિર્જરાનું સ્વરૂપ તે યોગ છે એમ સમજાવ્યું છે.

ઉપાધ્યાય યશોવિજયજીએ આપેલ યોગની સંકલિત સંક્ષેપ અને અર્થપૂર્ણ વ્યાખ્યા આપીને મોક્ષના લક્ષ માટે કરેલ કોઈપણ ધાર્મિક ક્રિયાને યોગ ગણી શકાય એમ લેખક જણાવે છે.

જૈન પરંપરામાં માનસિક, વાચિક અને કાયાની પ્રવૃત્તિઓને યોગ કહેવામાં આવે છે.

નિજ સ્વરૂપની પ્રાપ્તિ એટલે 'આત્મિસિદ્ધિ'. જૈન યોગમાં અસંખ્ય ભેદો અને પ્રકારો તથા ભૂમિકાઓ વર્ણવ્યા છે. તે માટે ચૌદ ગુણસ્થાનક ચેતનાના ઉર્ધ્વારોહણનો ક્રમિક વિકાસ સાંકળી લેવામાં આવ્યો છે.

(વધુ આવતા અંકે)

## વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા સોમવાર તા. ૮-૧-૨૦૦૭ના રોજ સાંજના ૬-૦૦ કલાકે **મારવાડી વિદ્યાલય** હાઈસ્કૂલ, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪ ખાતે મળશે જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વાર્ષિક સભાની મિનિટ્સનું વાંચન અને બહાલી.

(૨) ગત વર્ષ ૨૦૦૫-૦૬ના સંઘ તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના વૃત્તાંત તથા ઑડિટેડ થયેલા હિસાબો મંજૂર કરવા.

(૩) સને ૨૦૦૬-૦૭ ની સાલ માટે સંઘના પદાધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી.

(૪) સને ૨૦૦૬-૦૭ ની સાલ માટે સંઘ તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના અંદાજી બજેટને મંજૂરી આપવી.

(૫) સને ૨૦૦૬-૦૭ ની સાલ માટે સંઘ તેમ જ વાચનાલય અને પુસ્તકાલયના ઑડિટર્સની નિમણૂક કરવી તથા વાચનાલય-પુસ્તકાલયની ભાવિ પ્રવૃત્તિઓ અંગે વિચારણા કરી નિર્ણય કરવો.

(૬) પ્રમુખશ્રીની મંજૂરીથી અન્ય રજૂઆત.

ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં જણાવવાનું કે સંઘ તેમ જ વાચનાલય અને પુસ્તકાલયના ઑડિટ થયેલા હિસાબો સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે. તા. ૧-૧-૨૦૦૭ થી તા. ૫-૧-૨૦૦૭ સુધીના દિવસોમાં બપોરના ૩ થી ૬ સુધીમાં સંઘના કાર્યાલયમાં કોઈપણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે. કોઈને આ સામાન્ય સભામાં હિસાબો અંગે પ્રશ્ન પૂછવાની ઈચ્છા હોય તો વાર્ષિક સામાન્ય સભાના બે દિવસ અગાઉ લેખિત મોકલવા તેઓને વિનંતી.

જે સભ્યોને ઑડિટ કરેલા હિસાબોની નકલ જોઇએ તો તેમની લેખિત અરજી મતાં નકલ મોકલવામાં આવશે. વાર્ષિક સામાન્ય સભામાં સર્વ સભ્યોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**કાર્યાલયનું નવું સરનામું :**
૩૩, મહંમદી મીનાર, ભોંયતળિયે,
૧૪ મી ખેતવાડી, A.B.C.
ટ્રાન્સપોર્ટની બાજુમાં,
મુંબઈ-૪૦૦૦૦૪.

**નિરુબહેન એસ. શાહ**
**ડૉ. ધનવંત ટી. શાહ**
મંત્રીઓ

# જૈન પારિભાષિક શબ્દકોશ

ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(ગતાંકથી આગળ)

| | | | |
|---|---|---|---|
| ૩૩૧ અજ્ઞાન | મિથ્યાદૃષ્ટિના મતિ, શ્રુત અને અવધિ એ ત્રણે જ્ઞાનાત્મક પર્યાયો અજ્ઞાન સ્વરૂપ છે.<br>સંસારાભિમુખ આત્માઓનું જ્ઞાન ગમે તેટલું વિશાળ અને સ્પષ્ટ હોવા છતાં તે સમભાવનું પોષક ન હોવાથી જેટલા પરિમાણમાં સાંસારિક વાસનાનું પોષક હોય છે એટલા પરિમાણમાં અજ્ઞાન કહેવાય છે.<br>અજ્ઞાન ત્રણ પ્રકારના છે. મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન, વિભંગ અજ્ઞાન | मिथ्यादृष्टि के मति, श्रुत और अवधि ये तीन ज्ञानात्मक पर्याय अज्ञान स्वरुप है ।<br>संसाराभिमुख आत्माओं का ज्ञान चाहे कितना विशाल व स्पष्ट हो फीर भी वह समभाव का पोषक न होने से जितने परिमाण में सांसारिक वासनाओं का पोषक हो उतने परिमाण में वह अज्ञान कहलायेगा।<br>अज्ञान तीन प्रकार के हैं—मति अज्ञान, श्रुत अज्ञान, विभंग अज्ञान. | False-congnition, Mati, Shruta and avadhi these three are the form of false cognition-tchnically called ajanta.<br>the congnition belonging to the person dircted towards a wordky life, who so ever extensive and lucid it might be from the worldly standpoint, is to be called ajnana precisely to the extent it tends to buttress not the sense of impartially but the worldly cravings. |
| ૩૩૨ અજ્ઞાન (પરિષહ) | વિશિષ્ટ શાસ્ત્ર જ્ઞાનના અભાવમાં આત્મા અવમાનના ન રાખવી. (સ્વીકારેલ ધર્મમાર્ગમાં ટકી રહેવા અને કર્મબંધનોને ખંખેરી નાંખવા માટે જે જે સ્થિતિ સમભાવપૂર્વક સહન કરવી ઘટે તે પરિષહ કહેવાય.) | विशिष्ट ज्ञान के अभाव में आत्मा की अवमानना न रखना (स्वीकार किये हुए धर्ममार्ग में स्थिर रहने हेतु एवं कर्म बंधनो के नष्ट करने हेतु जो जो स्थिति समभावपूर्वक सहन की जाय उसे परिषह कहते है ।) | ignorance<br>Not to feel arrognat at one's special knowledge of scriptural tects and not to despise oneself when not in possession of such knowledge-that is called parisaha related to jnana or knowledge (alternatively, parisaha related to ajanta or |

## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક વિનંતિ

સુજ્ઞશ્રી,

સાદર પ્રણામ,

આપશ્રી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રન/આજીવન સભ્ય અથવા સભ્ય કે શુભેચ્છક છો. આપને 'પ્રબુદ્ધ જીવન' નિયમતિ મળતું હશે. આપના સહકાર માટે અમે આપના આભારી છીએ.

'પ્રબુદ્ધ જીવન'ના ફેબ્રુઆરી ૨૦૦૬ના અંકમાં આ સામયિકના ઉજ્જવળ ઈતિહાસની ઝલક દર્શાવી હતી અને આ સામયિકને આર્થિક રીતે સક્ષમ કરવા ગ્રાહક યોજના પ્રસ્તુત કરી હતી, જે આ અંકમાં પણ પ્રગટ કરી છે.

ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન નીધિ'ના શીર્ષક નીચે કાયમી ફંડ માટે સમાજ સમક્ષ વિનંતિ પણ કરી છે.

આ જ્ઞાનયજ્ઞમાં અમે જણાવેલ કોઈ પણ યોજનામાં આપ સહભાગી થાવ એવી અમારી વિનંતિ છે.

**આ માટે, <u>આપ પાછળ છાપેલું ફોર્મ ભરી, પાના નંબર ૨ પર દર્શાવેલી</u> જે આપને યોજના અનુકૂળ લાગે એનો ઉલ્લેખ કરી આ ફોર્મ અમને પરત કરવા વિનંતિ.**

આપનો ચેક/ડ્રાફ્ટ 'SHREE MUMBAI JAIN YUVAK SANGH' ના નામે મોકલવા વિનંતિ.

આજીવન ગ્રાહક લવાજમ ભરનાર તેમજ 'પ્રબુદ્ધ જીવન નીધિ કાયમી ફંડ'માં ફાળો આપનારને આવકવેરાની કલમ 80-G અન્વયે કરમુક્ત છે, તે અંગેનું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

આપની શુભેચ્છા અમારી સાથે સર્વદા રહેશે જ. જે આ જ્ઞાનયાત્રા માટે અમને પ્રેરક બની રહેશે. ધન્યવાદ, આભાર.

☐મેનેજર.

| | | | |
|---|---|---|---|
| | | | ignorance). So as to remain steady in the path of religiosdity that has been adopted and so as to annihilate the accumulated karmic bondages whatever contigencies are to be put up with a sense of equanimity- those are called parisaha. |
| ૩૩૩ અણુવ્રત | અલ્પાંશે વિરતિ તે અણુવ્રત, જે ગૃહસ્થ અહિંસા આદિ વ્રતોને સંપૂર્ણપણે સ્વીકારવા સમર્થ ન હોય અને છતાં ત્યાગવૃત્તિવાળો હોય, તે ગૃહસ્થ મર્યાદામાં રહીને પોતાની ત્યાગવૃત્તિ પ્રમાણે એ વ્રતો અલ્પાંશે સ્વીકારે છે. આવા વ્રતોનું અલ્પાંશે સ્વીકારવું તે અણુવ્રત. | अल्पांश विरते को अणुव्रत कहते है, जो गृहस्थ अहिंसा आदि व्रतों को सम्पूर्ण रुप से स्वीकारने में समर्थन न हो तथापि त्यागवृत्ति वाला हो वह गृहस्थ मर्यादा में रहकर अपनी त्यागवृत्ति के अनुसार अहिंसा आदि व्रतों का अल्पांश स्वीकार करता है । ऐसे व्रतों के अल्पांश की स्वीकृति अणुव्रत कहलाती है। | Parital rennunciation or monir-scale vow. |
| ૩૩૪ અતિચાર | જે જાતની ભૂલોથી કોઈપણ સ્વીકારેલો ગુણ મલિન થાય અને ધીરે ધીરે હ્રાસ પામી ચાલ્યો જાય તેવી ભૂલો-સ્ખલનો-દોષોને અતિચાર કહેવાય, જે ભૂલ-દોષ અસાવધાનપણે સેવાય તેને અતિચાર કહેવાય. | जिस प्रकार के दोष से स्वीकृत गुण मलिन होता है और धीरे धीरे गुणों को नष्ट करनेवाला दोष अतिचार कहलाता है, जिसका असावधानी के कारण आचरण होता हो उसे अतिचार कहते है। | a failure of conduct |

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(ક્રમશઃ)


પ્રતિશ્રી,

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

૩૩, મહમ્મદી મિનાર, ૧૪ મી ખેતવાડી,

એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦૦૦૪.

ફોન : ૦૨૨-૨૩૮૨૦૨૯૬.

આપનો વિનંતિ પત્ર મળ્યો.

અમોને આપના 'પ્રબુદ્ધ જીવન'ના વાર્ષિક/ત્રિવાર્ષિક/પંચવર્ષીય/આજીવન ગ્રાહક/કન્યા કરિયાવર ગ્રાહક થવાની ઈચ્છા છે.

'પ્રબુદ્ધ જીવન નીધિ' કાયમી ફંડમાં અનુદાન આપવાની અમારી ભાવના છે.

આ સાથે ચેક/ડ્રાફ્ટ રૂ. ........................................ચેક/ડ્રાફ્ટ નંબર ................................................ તારીખ ........................

બેંક ........................................................શાખા ........................................ગામ ........................................નો સ્વીકારી

નીચેના સરનામે રસીદ મોકલવા વિનંતિ. ધન્યવાદ.

નામ અને સરનામું : ................................................................................................

................................................................................................

લિ....................................

# આત્મસિદ્ધિ શાસ્ત્ર

(આગળના અંકથી આગળ)

(૩)

કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ; માને
મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ. ૩

संस्कृत केचित् क्रियाजडा जाताः केचिद् ज्ञानजडा जनाः ।
मन्वते मोक्षमार्गं तं दृष्ट्वाऽनुकम्पते मनः ।।3।।

हिन्दी कई क्रियाजड हो रहे, शुष्कज्ञानी कितनेक ।
मोक्षमार्ग के नाम पै, करुणा उपजत देख ।।3।।

अंग्रेजी Some follow rites forgetting self,
Some learned fools believe freedom;
Mislead are both, none knows the self,
Merciful state, I feel for them. 3

(૪)

બાહ્ય ક્રિયામાં રાચતા, અંતર્ભેદ ન કાંઈ;
જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંઈ. ૪.

संस्कृत बाह्यक्रियासमासक्ता विवेकविकला नराः ।
ज्ञानमार्गं निषेधन्तस्तेऽत्र क्रियाजडा मताः ।।4।।

हिन्दी बाह्य–क्रिया में मगन हैं, अंतर्भेद न लेश ।
ज्ञान–मार्ग ठुकराते हैं, यही क्रियाजड क्लेश ।।4।।

अंग्रेजी The first are stuck in outward deeds,
With heart unturned, they save and serve;
But prohibit they knowledge-seeds,
Believing old as gold preserve. 4

(૫)

બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણીમાંહી;
વર્તે મોહાવેશમાં, શુષ્કજ્ઞાની તે આંહી. ૫

संस्कृत 'कल्पितौबन्ध-मोक्षौ स्तः' इति वाग् यस्य केवलम्।
चरितं मोहनापूर्णं तेऽत्र ज्ञानजडा जनाः ।।5।।

हिन्दी 'बंध मोक्ष है कल्पना,' कथनी कथने सूर ।
करणी मोहवेश मय, शुष्कज्ञानी वे कूर ।।5।।

अंग्रेजी No bondage, freedom new or old,
The other preach, in words, the soul;
Attachement all in acts behold,
So word-wise they get not the goal. 5

(૬)

વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન;
તેમ જ આતમજ્ઞાનની, પ્રાપ્તિતણાં નિદાન. ૬

संस्कृत वैराग्यादि तदाऽवन्ध्यं यद्यात्मज्ञानयोगयुक् ।
तथैव हेतुस्तच्चैव विवेकज्ञानप्राप्तये ।।6।।

हिन्दी वैराग्यादि सफल तब, जो सह आतमज्ञान ।
अथवा आतमज्ञान की, प्राप्ति हेतु परधान ।।6।।

अंग्रेजी Unattachment and all fruitful,
If you have knowledge of the soul;
Of self-knowledge they are the tool,
The real knowledge is the goal. 6

(૭)

ત્યાગ, વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજભાન.

संस्कृत यस्य चित्ते न त्यागादि न हि स ज्ञानवान् भवेत् ।
ये तु त्यागादिसंसक्ता निजतां विस्मरन्ति ते ।।7।।

हिन्दी त्याग विराग न चित्त में, होत न ताको ज्ञान ।
अटके त्याग विराग में, सो भी भूले भान ।।7।।

अंग्रेजी And if the heart contains no merits,
The real knowledge cannot shine;
If only satisfied, with merits,
They prove the block to knowledge fine.7

(૮)

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ. ૮

संस्कृत यद् यत्र वर्तते योग्यं तद् ज्ञेयं तत्र योगतः ।
तत् तथैव समाचर्यमेतदात्मार्थिलक्षणम् ।।8।।

हिन्दी जहां जहां जो योग्य है, आत्म-ज्ञान त्यागादि ।
साधनपूर्ति प्रवर्तना, आत्मार्थी अप्रमादि ।।8।।

अंग्रेजी Whatever, wherever is fit,
The seeker understands and acts;
Without this virtue, count unfit,
For seekership of the facts. 8

(પ્રા. પ્રતાપકુમાર ટોલિયા અને સુમિત્રા ટોલિયા સંપાદિત 'સપ્તભાષી આત્મસિદ્ધિ'માંથી)

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 • Regd. No. MH / MR / SOUTH-146 / 2006-08



# પંથે પંથે પાથેય...

## પૈસા કરતાં આશીર્વાદની તાકાત ઊંચી છે!

મારી બહેન નિર્મળા ઘનશ્યામ ત્રિવેદી રાજકોટ જંક્શન પાસે રહે. અઠવાડિયું રોકાવા માટે ગયા હતા.

મારી સાથે મારી પત્ની જ્યોતિ પણ ખરી. અમે વિચાર્યું કે જૂનાગઢ ફરી આવીએ. રાજકોટથી બસ જાય અથવા ટેક્સી પણ જાય. અમે બનેવીને પૂછ્યું જો એ આવતા હોય તો. એને ઑફિસમાં કામ હતું એટલે એમણે ના પાડી.

હું, મારી બહેન અને મારી પત્ની બીજે દિવસે બપોરે નીકળી ગયા. એ પહેલાં મારા જમાઈ જિતેન્દ્રકુમાર ટી. પંડ્યાએ આર.એફ. ઓ.ની પાસે જૂનાગઢ કે સાસણગીર માટે ગેસ્ટ હાઉસમાં રહેવા માટે ત્યાંના ફોરેસ્ટ ઑફિસર ઉપર ચીઠ્ઠી લીધી. એણે ગેસ્ટ હાઉસ સંભાળતા સૈયદભાઈ ઉપર ચીઠ્ઠી આપી. મનમાં ધરપત ખરી કે સાસણ-ગીરમાં રહેવાની વ્યવસ્થા થઈ જશે એટલે ગીરના સિંહને પ્રત્યક્ષ નિહાળવાનો અનન્ય લ્હાવો મળશે. અમે રાજકોટથી બપોરે નીકળી ગયા.

દોઢ બે કલાકની મુસાફરી કરી અમે સીધા સાસણગીર પહોંચ્યા. બસ સ્ટેન્ડથી ઊતરી ગેસ્ટ હાઉસ પર પહોંચ્યા.

ગેસ્ટ હાઉસમાં ઑફિસમાં સૈયદભાઈને જિતુભાઈની ચિઠ્ઠી બતાવી. પણ સૈયદભાઈએ કટાણું મોઢું કરી અમને ચોખ્ખી ના પાડી. બપોરના ૪-૩૦ કલાકનો સમય હતો. અમે ત્રણેય અજાણ્યા. ક્યાં જવું એની વિમાસણ. સૈયદભાઈને કાલાવાલા કર્યા પણ તે ટસના મસ ન થયા. એમણે અમને કહ્યું: 'આજે સરકારી ભાઈઓ આવવાના છે. રાત રોકાવાના છે માટે હવે વ્યવસ્થા નહિ થઈ શકે.'

અમારા ત્રણેયના મોઢા વિલાઈ ગયા. અજાણી ભૂમિ, કોઈનું માર્ગદર્શન નહિ; પણ પછી અમે મન મનાવી બાજુમાં ગિરના સિંહદર્શન માટે ઉપડતી સફારીમાં જે પાંચ કલાકે ઉપડવાની હતી તેની ટિકિટ માટે વિચાર કર્યો.

ટિકિટ બારીએ પહોંચી મેં ત્રણ ટિકિટની માંગણી કરી. ટિકિટ આપનારે નનૈયો ભણ્યો. પાંચ વાગ્યાની છેલ્લી સફારી છે તે ભરાઈ ગઈ છે. ઊભા ઊભા સફારીમાં અમે જઈશું અને બેઠેલાં મુસાફરોને કોઈ પણ પ્રકારની હાડમારી નહિ ભોગવવી પડે એવી નમ્રતાથી વિનંતિ કરી. પણ સરકારી કારોબાર. સરકારી માણસ, સરકારી મિજાજ તથા તોછડાઈ ભરપૂર વ્યવહાર એ દિવસે મેં મારી જિંદગીમાં પહેલી વાર માણ્યો. અમારા ત્રણેયના અંતર તો વલોવાઈ ગયા હતા. મારી શ્રીમતી અને બહેન પેલા ટિકિટ આપનાર ભાઈને અમે મુંબઈથી આવ્યા છીએ અને ફરીથી અવાશે કે નહિ એ બધીય વાત જણાવી. પણ સરકારી મશિનરીમાં માણસાઈ નથી એમ હું નથી કહેતો પણ ગેસ્ટ હાઉસમાં જગ્યા ન મળી. ઉપરાંત સફારી દ્વારા ગિરના સિંહદર્શન પર પણ પાણી ફરી વળ્યું. અમે ત્રણેયે ફરીથી રાજકોટ જવાનો વિચાર કરી લીધો.

પણ સફારીના ચાલક ડ્રાઈવર મારી પાસે આવ્યા. એણે ટિકિટ ઑફિસ ઉપર અમારી રકઝક, કાલાવાલા, વિનંતિ તથા અમારા ઓશિયાળા-પણાનો ભાવ એણે બાજુમાં ઊભા રહી નજરે નિહાળ્યો હતો.

'ભાઈ, ચિંતા ન કરો. આ સફારી ઊભી છે તેમાં અંદર બેસી જાઓ, હું જ અંદર બેઠેલાને સિંહદર્શન માટે લઈ જવાનો છું.' ગોળમટોળ ચહેરો–રૂઆબદાર આંખો, મોટી ભરાવદાર મૂછ, મજબૂત બાંધો, ગોરો વાન, આંખો ઉપર ચશ્મા-જાજરમાન વ્યક્તિ લાગી.

'ભાઈ, તમારી લાગણી માટે આભાર. પણ વગર ટિકિટે અમે સફારીમાં બેસીએ એ સારું ન કહેવાય.' મેં નમ્રતાથી એને વાત કરી.

'તમને અહીં કોઈએ દાદ ન આપી. મને થયું હું જ તમને લઈ જાઉં તો? એટલે મેં તમને કહ્યું છે.' ભાઈએ હસતા ચહેરે વાત કરી.

'ના, ભૈ ના. નકામા તમને અમારા અંગે સાંભળવું પડે...' મેં કહ્યું.

'ભાઈ, જરા શાંતિથી સાંભળો. તમારી પરિસ્થિતિ હું સમજી ગયો છું. હવે તમે બેસી જાઓ સફારીમાં. બાજુમાં કે વચ્ચે ઊભા રહેજો. ક્યાંય બેસશો નહિ.'

'ભાઈ અમે ડખો થાય તેનાથી ડરીએ છીએ.'

'અરે, ભડ જેવો આ જાડેજા તમારી પડખે છે પછી મૂંઝાવાની શી જરૂર છે?'

મેં આનાકાની ચાલુ રાખી. મારી બહેને અને પત્નીએ જાડેજાભાઈને સમજાવ્યા. પણ ક્ષત્રિય લોહી.મક્કમતા એના અંતરે જડાયેલી. અને એમણે છેવટે કહ્યું: 'જુઓ, હવે તમે સફારી બેસવાની ના પાડો તો તમને મારા સમ છે. હું પણ આ સાથે રહેલી તમારી બેન અને પત્નીનો ભાઈ છું. હવે મારું વેણ ઊથાપશો મા!'

અને અમે સફારીમાં અંદર દાખલ થયા અને જાડેજા ભાઈ ડ્રાઈવરની જગ્યાએ બેઠા. પણ અંદર બેઠેલા બધાય કાળો કકળાટ કરતા, અમને ડરાવતા–ઊતરી જાઓ, એમ બૂમ મારતા રહ્યા ત્યાં જાડેજાભાઈએ પોતાની બેઠકની પાછળ કાચની ડોકાબારી ખોલીને કહ્યું: 'મારા મે'માન છે. સિંહદર્શન કરવું હોય તો મે'માનને જાકારો દેશો તો હું આ બસ ચલાવીશ નહિ અને તમે સિંહદર્શન કરી શકશો નહિ.'

હું કંઈક કહેવા જતો હતો ત્યાં જાડેજાભાઈએ મને ચૂપ રહેવાની સંજ્ઞા કરી અને અમારી સફારી બસ હળવે હળવે ગિરના જંગલમાં સિંહદર્શન માટે હાલતી થઈ.

યોગ્ય સ્થાનકે સફારી ઊભી રહી. અમે પહેલાં ઊતરી ગયા. બધાય દર્શકો પોતે પોતાની રીતે સિંહદર્શન માટે ઉપડી ગયા.

જાડેજાભાઈએ અમને ત્રણેયને બાજુમાં બોલાવ્યા. 'જુઓ ભાઈ, બહેનો ગભરાશો નહિ. આપણે ત્યાં માણહને માણહ ઓળખી શકતો નથી. નહિતર આવું ના બને. હવે ચાલો મારી સાથે હું તમને સાચોસાચ ગિરના સિંહદર્શન નજીકથી કરાવીશ. પછી તમે નિરાંતે ફરજો. તમે સફારીમાં નહિ આવો ત્યાં સુધી સફારી ઉપડશે નહિ.'

અને અમે ચારેય જણા ઉપડ્યા, દસેક મિનિટ ચાલ્યા હોઈશું, ત્યાં સામે સિંહ–વનરાજનું કુટુંબ નિરાંતે અમને જોતું બેઠું રહ્યું. અને પછી લગભગ છ વાગ્યા સુધીમાં બધાય સફારીમાં બેસી ગયા, અમે પણ અંદર પહેલાંની જેમ ઊભા રહેતા ગોઠવાઈ ગયા.

ફરીથી જે જગ્યાથી સફારી ઊપડી હતી ત્યાં આવી ગઈ અને અમે ઊતરી ગયા. બેઠેલાંઓ વિખરાઈ ગયા. જાડેજાભાઈ અમારી પાસે આવ્યા. મેં રૂપિયા ૧૦૦/–ની નોટ એમના સંતાનો માટે કંઈક લઈ જવા આપવા માંડી. જાડેજાભાઈ બોલી ઊઠ્યા: 'તમે મારા મે'માન છો. મે'માન પાસે સાચો કે કાઠિયાવાડી એક પૈસો ન લે, વળી તમે બ્રાહ્મણ છો એટલે પાછા પૂજનીય. બસ, મને આશીર્વાદ આપો. કારણ પૈસાની તાકાત કરતાં આશીર્વાદની તાકાત ઘણી ઊંચી છે. એની તોલે કંઈ ના આવી શકે.' એમ કહી એ ત્યાંથી સડસડાટ ચાલ્યા ગયા.

અમે તો અંતર ભરીને જાડેજાભાઈને મનોમન નમી પડ્યા. ભાંગ્યોનો ભેરુ અને ભૂલેલાનો ભોમિયો બને એ જણ જરૂર સૌને અંતરે કાયમનું આસન જમાવે છે. સાચો ખાનદાન અને ખુદ્દાર કોણ? ગેસ્ટ હાઉસના સૈયદભાઈ–સફારીની ટિકિટ આપનાર કે પછી અમને વિના મૂલ્યે સફારીમાં બેસાડી સિંહદર્શન કરાવનાર જાડેજાભાઈ?

વીસ વરસ પહેલાનો અવસર તો અમારા ત્રણેયના હૈયે આસન જમાવીને બેઠો છે. જો કે મારી બહેન નિર્મળાનો તો સ્વર્ગવાસ પણ થઈ ગયો છે.

☐ મનસુખલાલ ઉપાધ્યાય

૧૩-એ, આશીર્વાદ, પ્લોટ નં. ૩૫૩-બી, ૧૫, વલ્લભબાગ રોડ, (એક્સટેન્શન), સાંઈબાબા મંદિરની સામેની ગલી, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ–૪૦૦૦૭૭. ફોન : (ઘર) ૨૫૦૬૯૧૨૫.

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add.: 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.